
# પ્રવચનસાર પ્રવચન

## ભાગ ૩



ૐ

નમઃ સિદ્ધેભ્યઃ

# પ્રવચનસાર પ્રવચન

(ભાગ–૩)

(શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી પ્રવચનસાર
પરમાગમ ઉપર અધ્યાત્મયુગપ્રવર્તક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
ઈ.સ. ૧૯૬૮-૬૯ની સાલના શબ્દશઃ સળંગ પ્રવચનો)
(ગાથા-૭૪ થી ૯૬)

પ્રકાશક
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

સહપ્રકાશક
શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ
મુંબઈ

| વિક્રમ સંવત | વીર સંવત | ઈ. સન |
|---|---|---|
| ૨૦૭૯ | ૨૫૪૯ | 2023 |


**પ્રકાશન**

તા. ૨૧-૨-૨૦૨૩, ફાગણ સુદ-૨,

સુવર્ણપુરી સ્થિત શ્રી સીમંધરસ્વામી જિનાલય, ૮૩મો પ્રતિષ્ઠાદિન

**પ્રાપ્તિ સ્થાન**

૧. શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,

સોનગઢ (સૌરાષ્ટ્ર)-૩૬૪૨૫૦. ફોન-૦૨૮૪૬-૨૪૪૩૩૪

૨. શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ

૩૦૨, કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વી. એલ. મહેતા માર્ગ,

વિલે પાર્લા (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૬

ફોન-(૦૨૨) ૨૬૧૩૦૮૨૦, ૨૬૧૦૪૯૧૨, ૬૨૩૬૯૦૪૬

www.vitragvani.com, email-info@vitragvani.com

**ટાઈપ સેટિંગ**

**પૂજા ઈમ્પ્રેશન્સ**

ભાવનગર

મો. ૯૭૨૫૨૫૧૧૩૧

સહજ ચિદાનંદ.

## પ્રકાશકીય નિવેદન

મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી,
મંગલં કુંદકુંદાર્યો, જૈન ધર્મોસ્તુ મંગલં.

ઉપરોક્ત મંગલાચરણમાં શાસનનાયક મહાવીરસ્વામી બાદ શ્રી ગૌતમ ગણધરને નમસ્કાર કરી જેમને ત્રીજા નંબરે નમસ્કાર કરવામાં આવે છે એવા ભરતના સમર્થ આચાર્ય શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ વર્તમાન જૈનશાસનના શાસનસ્તંભ છે, જેમણે મૂળ મોક્ષમાર્ગને શાસ્ત્રમાં જીવંત રાખી અનેકાનેક ભવ્ય જીવો પર અસીમ ઉપકાર કર્યો છે. સાંપ્રત જૈનસમાજ શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવથી સુચારુરૂપે પરિચીત છે જ. તેમ છતાં તેમના પ્રત્યેની ભક્તિથી પ્રેરાઈને તેઓશ્રી પ્રત્યે ઉપકાર વ્યક્ત કર્યા વિના રહી શકાતું નથી. શ્રીમદ્ ભગવત્ કુંદકુંદઆચાર્યદેવ પ્રણીત પંચ પરમાગમોમાં 'પ્રવચનસાર' શાસ્ત્ર 'દ્વિતીય શ્રુતસ્કંધ'નાં સર્વોત્કૃષ્ટ આગમોમાંનું એક છે. ભગવાન કુંદકુંદાચાર્યના મહિમા દર્શાવતાં અનેક શિલાલેખો આજે પણ મોજૂદ છે. તેમનાં લખેલાં શાસ્ત્રો સાક્ષાત્ ગણધરદેવનાં વચનો જેટલાં જ પ્રમાણભૂત મનાય છે.

મહાવિદેહક્ષેત્રમાં વિદ્યમાન ત્રિલોકનાથ વીતરાગ સર્વજ્ઞ પરમદેવાધિદેવ શ્રી સીમંધર ભગવાનની પ્રત્યક્ષ દિવ્ય દેશના સાંભળી ભરતમાં આવીને ભગવાન કુંદકુંદાચાર્યદેવે અનેક શાસ્ત્રોની રચના કરી છે. જિનશાસનના અનેક મુખ્ય સિદ્ધાંતોનાં બીજ આ 'પ્રવચનસાર' શાસ્ત્રમાં રહેલાં છે. અતઃ આ 'પ્રવચનસાર' ગ્રંથ છે એ ભગવાન શ્રી સીમંધરસ્વામીના દિવ્ય સંદેશા જ છે. ત્રણ વિભાગમાં વિભાજીત થયેલ આ ગ્રંથમાં વસ્તુ સ્વરૂપને સમજાવતાં મૂળભૂત સિદ્ધાંતોનું પ્રતિપાદન થયેલ છે, જે મુમુક્ષુજીવને મહામિથ્યાત્વરૂપી અંધકારને નષ્ટ કરવા માટે દિવ્ય પ્રકાશ સમાન જ છે.

મહા મિથ્યાત્વથી પ્રભાવિત આ દુષમકાળમાં આવા સર્વોત્કૃષ્ટ પરમાગમોનાં સિદ્ધાંતો સમજવાનું અજ્ઞાનીજીવોનું ક્યાં સામર્થ્ય હતું? પરંતુ ભરતક્ષેત્રના અહોભાગ્યે તથા ભવ્યજીવોને તારવા, આ મિથ્યાત્વના ઘોર તિમિરને નષ્ટ કરવા એક દિવ્ય પ્રકાશ થયો! એ છે કહાન ગુરુદેવ!! પૂજ્ય ગુરુદેવશ્રી આ કાળનાં એક અજોડ રત્ન છે! જેમણે સ્વયંની જ્ઞાનપ્રભા દ્વારા ગૂઢ પરમાગમોના રહસ્યોને ઉકેલ્યા. જેમનાં ઘરમાં આગમો ઉપલબ્ધ હતાં તેમને પણ આગમો ઉકેલવાની શક્તિ નહોતી, એવા આ દુષમકાળમાં પૂજ્ય ગુરુદેવશ્રીના પરમ પ્રભાવના યોગે ઘરે-ઘરે મૂળભૂત પરમાગમોનાં સ્વાધ્યાયની પ્રણાલિકા શરૂ થઈ. દ્રવ્ય, ગુણ, પર્યાય, ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય, નિશ્ચય-વ્યવહાર, ઉપાદાન-નિમિત્ત ઈત્યાદિ અનેકાનેક વસ્તુસ્વરૂપને સ્પષ્ટ કરતાં સિદ્ધાંતોનો પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રકાશ કર્યો. પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનાં વચનાનુસાર 'પૂજ્ય ગુરુદેવશ્રી આ કાળનો એક અચંબો જ છે. પૂજ્ય ગુરુદેવશ્રીને શ્રુતની લબ્ધિ હતી. પંચમકાળે નિરંતર અમૃતઝરતી ગુરુદેવની વાણી ભગવાનનો વિરહ ભુલાવે છે.' ઈત્યાદિ અનેકાનેક બહુમાનસૂચક વાક્યો પૂજ્ય ગુરુદેવશ્રીની અસાધારણ

પ્રતિભાને વ્યક્ત કરે છે. એવાં ભવોદધિતારણહાર, નિષ્કારણ કરુણાશીલ, અધ્યાત્મમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રીએ અનેક મૂળ પરમાગમો ઉપર પ્રવચનો આપી દિવ્ય અમૃતધારા વરસાવી છે.

પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોને અક્ષરશઃ પ્રકાશિત કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થવું એ આ મનુષ્યજીવનનો અમૂલ્ય આનંદસભર અવસર છે. પ્રસ્તુત ગ્રંથમાં શ્રી પ્રવચનસાર પરમાગમ ઉપર, ઈ.સ. ૧૯૬૮-૬૯માં ચાલેલ પ્રવચનોને અક્ષરશઃ પ્રકાશિત કરવામાં આવેલ છે. તૃતીય ભાગમાં જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપનની ૭૪ થી ૯૬ ગાથા સુધી ચાલેલા ૨૯ પ્રવચનોને સમાવિષ્ટ કરવામાં આવેલ છે.


પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્ય દેશનાને ઓડિયો ટેપમાં ઉતારવાનું મહાન કાર્ય શરૂ કરનાર શ્રી નવનીતભાઈ ઝવેરીનો આ પ્રસંગે આભાર વ્યક્ત કરીએ છીએ. તેમજ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ આ ઉમદા કાર્યને અવિરત ધારાએ ચાલુ રાખ્યું અને સાચવી રાખ્યું, તે બદલ તેમના આભારી છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્ય દેશનાની જાળવણી સી.ડી., ડી.વી.ડી., વેબ સાઈટ (**www.vitragvani.com**), **vitragvani app, vitragvani YouTube channel** જેવા સાધનો વડે શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, વિલે પાર્લા, મુંબઈ દ્વારા કરવામાં આવેલ છે. આ કાર્ય પાછળ ટ્રસ્ટની એવી ભાવના છે કે વર્તમાનના આધુનિક સાધનો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા સમજાવેલ તત્ત્વજ્ઞાનનો બહોળો લાભ સામાન્યજન લે કે જેથી આ વાણી શાશ્વત જળવાઈ રહે. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યેક પ્રવચનો અક્ષરશઃ ગ્રંથારૂઢ થાય તેવી ભાવનાના ફળસ્વરૂપે આ પ્રવચનો પ્રકાશિત કરવામાં આવી રહ્યા છે. પ્રસ્તુત ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રી તથા તદ્ભક્ત પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના કરકમળમાં સાદર સમર્પિત કરીએ છીએ.

સર્વ પ્રવચનોને સાંભળીને ગ્રંથારૂઢ કરવામાં ચીવટતા રાખવામાં આવેલ છે. વાક્યરચનાને પૂર્ણ કરવા અર્થે ક્યાંક ક્યાંક કૌંસ કરવામાં આવેલ છે. આ પ્રવચનો સાંભળી અને ગ્રંથારૂઢ કરવાનું કાર્ય પૂજા ઈમ્પ્રેશન્સ દ્વારા કરવામાં આવેલ છે. પ્રવચનોને તપાસવાનું કાર્ય શ્રી સુધીરભાઈ શાહ, સુરત તથા શ્રી અતુલભાઈ જૈન, મલાડ દ્વારા કરવામાં આવેલ છે. આ પ્રસંગે ટ્રસ્ટ તેમના પ્રત્યે આભાર વ્યક્ત કરે છે. જિનવાણી પ્રકાશનનું કાર્ય ગંભીર તથા જવાબદારીપૂર્ણ હોવાથી અત્યંત જાગૃતિપૂર્વક તથા ઉપયોગપૂર્વક કરવામાં આવેલ છે. તેમ છતાં પ્રકાશનકાર્યમાં પ્રમાદવશ કે અજાગૃતિવશ કોઈ ભૂલ રહી ગઈ હોય તો ત્રિકાળવર્તી વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે ક્ષમા યાચીએ છીએ. ટ્રસ્ટ, મુમુક્ષુગણને વિનંતી કરે છે કે અશુદ્ધિઓ ટ્રસ્ટને પાઠવે જેથી તે આગળની આવૃત્તિમાં સુધારી શકાય. આ પ્રવચનો www.vitragvani.com ઉપર ઉપલબ્ધ છે.

પાઠકવર્ગ આ પ્રવચનોનો અવશ્ય લાભ લઈ આત્મકલ્યાણને સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. ઈતિ શિવમ્.

ટ્રસ્ટીગણ
શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,
વિલે પાર્લા, મુંબઈ



ભગવાનશ્રી કુંદકુંદાચાર્ય દેવ



અધ્યાત્મયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી

# અધ્યાત્મયુગસર્જક પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો સંક્ષિપ્ત જીવન પરિચય

ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના 'ઉમરાળા' ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી વણિક પરિવારના શ્રેષ્ઠીવર્ય શ્રી મોતીચંદભાઈના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, (તા. ૨૧-૪-૧૮૯૦) રવિવારે વહેલી સવારે આ બાળ મહાત્માનો જન્મ થયો.

જે સમયે આ બાળ મહાત્મા ધરતી પર પધાર્યા, તે સમયે જૈનોના જીવનનો શ્વાસ અંધશ્રદ્ધા, પાખંડ અને શુષ્ક ક્રિયાકાંડમાં જ રૂંધાઈ રહ્યો હતો. કોઈક સ્થળે આધ્યાત્મિક ચિંતન ચાલતું હતું, પણ તેમાં અધ્યાત્મ નહોતું. એવા એ અંધકારમય કળિકાળમાં આ તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થાય છે. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાય છે.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું. સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં. જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતા બાર લીટીના કાવ્યની રચના કરે છે : 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ...'

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કરે છે. સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કરે છે

અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે. પછી ૨૪ વર્ષની વયે (વિ. સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયની દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટે છે. તીક્ષ્ણ બુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના શોધક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતાંબર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી. કર્મ છે તો વિકાર થાય છે ને? જો કે પૂજ્ય ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં. છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓ દઢતાપૂર્વક સિંહગર્જના કરે છે ‘જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.’

વિ. સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના જિનશાસન-ઉદ્ધારનો અને હજારો મુમુક્ષુઓના મહાન પુણ્યોદય સૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બને છે.

૩૨ વર્ષની ઉંમરે, વિધિની કોઈ ધન્ય પળે શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ દામનગરમાં દામોદર શેઠ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના હસ્તકમળમાં આવે છે અને આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્‌ગાર નીકળે છે : ‘શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.’ એનું અધ્યયન અને ચિંતન કરતાં અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાય છે. આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પરમ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિ નિજ ઘર દેખે છે. ત્યારબાદ વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલા રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ ‘મોક્ષમાર્ગ પ્રકાશક’ ગ્રંથ પૂ. ગુરુદેવશ્રીને આપ્યો. જે વાંચતા, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં તેઓ તેના વાંચનમાં એવા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું ગમતું નહીં. ત્યારબાદ શ્રી પ્રવચનસાર, અષ્ટપાહુડ, દ્રવ્યસંગ્રહ, સમ્યગ્જ્ઞાન દીપિકા, વગેરે દિગંબર શાસ્ત્રોના અભ્યાસથી ૧૩ વર્ષ સુધી ખૂબ જ જ્ઞાનની પ્રગાઢતા બાદ તેઓશ્રીને નિઃશંક નિર્ણય થઈ જાય છે કે દિગંબર જૈનધર્મ જ મૂળ માર્ગ છે અને તે જ સત્ ધર્મ છે. તેથી અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેશ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડે છે. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કરે છે.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી ‘સ્ટાર ઑફ ઇન્ડિયા’ નામના એકાંત મકાનમાં મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ. સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે સંપ્રદાયના ચિહ્ન મુહપત્તીનો ત્યાગ કરે છે અને જાહેર કરે છે : ‘હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈન ધર્મનો શ્રાવક છું.’ સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્‌ભુત પરાક્રમી

કાર્ય કર્યું.

'સ્ટાર ઑફ ઇન્ડિયા'માં ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખુબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી જૈન સ્વાધ્યાય મંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ. સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાય મંદિર' જીવન-પર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યા, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી છે. પ્રવચનસાર, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યા છે.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્‌ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને ભાઈશ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદષ્ટિને કારણે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા ઈ.સ.૧૯૫૯ થી ૧૯૮૦ સુધી નિયમિત રીતે ટેપમાં ઉતારી લેવામાં આવી હતી. જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. આ મંગલ વાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે. તેથી એટલું તો નક્કી છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમ કાળના અંત સુધી આ દિવ્યવાણી જ ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ. સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક આધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્‌ગુરુ પ્રવચન પ્રસાદ' સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્યવિહારી મહાપુરુષની મંગળવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતાંબર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણપૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે..! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો-મુનિવરોના તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોને પુસ્તક રૂપે છપાવવાનું કાર્ય વિ. સં. ૧૯૯૯ (ઈ.સ. ૧૯૪૩)થી શરૂ થયું. આ સત્‌-સાહિત્ય દ્વારા

વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાન ગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

દસલક્ષણ પર્યુષણ પર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલા તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી છે. આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણ પર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ. સં. ૧૯૯૭ (ઈ. સ. ૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ. સં. ૨૦૦૩ના શ્રાવણ માસથી શરૂ કરવામાં આવેલ છે.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ નૂતન દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગળ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતાં. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બને છે અને બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિ થાય છે, જેમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહે છે. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

ઈ. સ. ૧૯૪૧ થી ઈ. સ. ૧૯૮૦ દરમ્યાન સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારત દેશના અનેક શહેરોમાં તથા વિદેશમાં (નાઈરોબીમાં) એમ કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગળ પ્રતિષ્ઠા, આ વીતરાગમાર્ગ પ્રવર્તક સત્પુરુષના પવિત્ર કરકમળ દ્વારા થઈ.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષની મંગળકારી જન્મજયંતી ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫મા હિરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી જડિત એક આઠસો પાનાનો દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવિ તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન ગૃહમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા મુંબઈમાં દેશભરના હજારો ભક્તોની હાજરીમાં અર્પણ થયો.

શ્રી સમ્મેદશીખરજીની યાત્રા નિમિત્તે ઈ. સ. ૧૯૫૭ તથા ઈ. સ. ૧૯૬૭માં એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગળ વિહાર કર્યો. તે જ રીતે ઈ. સ. ૧૯૫૯ અને ઈ. સ. ૧૯૬૪માં એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર કર્યો. આ મંગળ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યા અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની

દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. આ સત્પુરુષને અનેક સ્થાનોથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઈ. સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થ કાળનો જ અનુભવ થતો.

વિ. સં. ૨૦૩૭ના કારતક વદ ૭, (તા. ૨૮-૧૧-૧૯૮૦) શુક્રવારના રોજ, આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ પરમાત્મતત્ત્વમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રથી સ્વર્ગપુરી તરફ પ્રયાણ કર્યું. તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરી અધ્યાત્મયુગનું સર્જન કરતાં ગયાં.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતા. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખુબ જ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

આ વિદેહ દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર છે; પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય, તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહેતા. ભાવલિંગી મુનિઓના તેઓ દાસાનુદાસ હતા.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઈત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે, તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

સમગ્ર જીવન દરમ્યાન આ ગુણવંતા જ્ઞાનીપુરુષે બહુ જ અલ્પ લખ્યું છે, કેમકે તેઓશ્રીને તો તીર્થંકરની વાણી જેવો યોગ હતો. તેમની અમૃતમય મંગળવાણીનો પ્રભાવ જ એવો હતો

કે સાંભળનાર તેનું રસપાન કરતાં થાકતા જ નહિ. દિવ્યભાવશ્રુત જ્ઞાનધારી આ પુરાણપુરુષે પોતે જ પરમાગમના આ સારભૂત સિદ્ધાંતો લખાવ્યા છે :

૧. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ, સ્પર્શે નહિ.

૨. દરેક દ્રવ્યની દરેક પર્યાય ક્રમબદ્ધ જ થાય છે.

૩. ઉત્પાદ, ઉત્પાદથી છે, વ્યયથી કે ધ્રુવથી નથી.

૪. ઉત્પાદ પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે.

૫. પર્યાયના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે.

૬. ભાવશક્તિના કારણે પર્યાય હોય જ છે, કરવી પડતી નથી.

૭. ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

૮. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે.

૯. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પાડવા તે અન્યવશપણું છે.

૧૦. ધ્રુવનું આલંબન, પણ વેદન નહિ, અને પર્યાયનું વેદન, પણ આલંબન નહિ.

આ અધ્યાત્મયુગસર્જક મહાપુરુષે પ્રકાશેલ સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન સ્તંભ શ્રી કહાન ગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

સત્પુરુષનો પ્રભાવના ઉદય જયવંત વર્તો!

# અનુક્રમણિકા



| પ્રવચન નં. | તારીખ | શ્લોક/ગાથા | પૃ.સં. |
|---|---|---|---|
| ૦૬૦ | ૦૮–૧૧–૧૯૬૮ | ગાથા–૭૪–૭૫ | ૦૦૧ |
| ૦૬૧ | ૦૯–૧૧–૧૯૦૦ | ગાથા–૭૫–૭૬ | ૦૧૭ |
| ૦૬૨ | ૧૦–૧૧–૧૯૬૮ | ગાથા–૭૬–૭૭ | ૦૩૩ |
| ૦૬૩ | ૧૧–૧૧–૧૯૬૮ | ગાથા–૭૭–૭૮ | ૦૪૮ |
| ૦૬૪ | ૧૨–૧૧–૧૯૬૮ | ગાથા–૭૯–૮૦ | ૦૬૨ |
| ૦૬૫ | ૧૩–૧૧–૧૯૬૮ | ગાથા–૮૦ | ૦૭૫ |
| ૦૬૬ | ૧૪–૧૧–૧૯૬૮ | ગાથા–૮૦ | ૦૯૦ |
| ૦૬૮ | ૧૬–૧૧–૧૯૬૮ | ગાથા–૮૧–૮૨ | ૧૦૬ |
| ૦૬૯ | ૧૭–૧૧–૧૯૬૮ | ગાથા–૮૨ | ૧૨૩ |
| ૦૭૦ | ૧૮–૧૧–૧૯૬૮ | ગાથા–૮૩ | ૧૩૯ |
| ૦૭૧ | ૧૯–૧૧–૧૯૬૮ | ગાથા–૮૪–૮૫ | ૧૫૪ |
| ૦૭૨ | ૨૦–૧૧–૧૯૬૮ | ગાથા–૮૫–૮૬ | ૧૬૯ |
| ૦૭૩ | ૨૧–૧૧–૧૯૬૮ | ગાથા–૮૬–૮૭ | ૧૮૩ |
| ૦૭૪ | ૨૨–૧૧–૧૯૬૮ | ગાથા–૮૭ | ૧૯૬ |
| ૦૭૫ | ૨૩–૧૧–૧૯૬૮ | ગાથા–૮૭–૮૮ | ૨૧૧ |
| ૦૭૬ | ૨૪–૧૧–૧૯૬૮ | ગાથા–૮૮–૮૯ | ૨૨૬ |
| ૦૭૭ | ૨૬–૧૧–૧૯૬૮ | ગાથા–૯૦ | ૨૪૦ |
| ૦૮૨ | ૦૧–૧૨–૧૯૬૮ | ગાથા–૯૩ | ૨૫૩ |
| ૦૮૩ | ૦૨–૧૨–૧૯૬૮ | ગાથા–૯૩ | ૨૬૮ |
| ૦૮૪ | ૦૩–૧૨–૧૯૬૮ | ગાથા–૯૪ | ૨૮૫ |
| ૦૮૫ | ૦૪–૧૨–૧૯૬૮ | ગાથા–૯૪ | ૩૦૧ |

| | | | |
|---|---|---|---|
| ૦૮૬ | ૦૫–૧૨–૧૯૬૮ | ગાથા–૯૪–૯૫ | ૩૧૬ |
| ૦૮૭ | ૦૬–૧૨–૧૯૬૮ | ગાથા–૯૫ | ૩૩૦ |
| ૦૮૮ | ૦૭–૧૨–૧૯૬૮ | ગાથા–૯૫ | ૩૪૪ |
| ૦૮૯ | ૦૮–૧૨–૧૯૬૮ | ગાથા–૯૫ | ૩૬૦ |
| ૦૯૦ | ૦૯–૧૨–૧૯૬૮ | ગાથા–૯૫ | ૩૭૬ |
| ૦૯૧ | ૧૦–૧૨–૧૯૬૮ | ગાથા–૯૫–૯૬ | ૩૯૦ |
| ૦૯૨ | ૧૧–૧૨–૧૯૬૮ | ગાથા–૯૬ | ૪૦૬ |
| ૦૯૩ | ૧૨–૧૨–૧૯૬૮ | ગાથા–૯૬ | ૪૨૩ |

ૐ

वीतरागाय नमः

# પ્રવચનસાર પ્રવચન

(ભાગ-૩)

(શ્રીમદ્‌ ભગવત્‌ કુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી પ્રવચનસાર પરમાગમ ઉપર અધ્યાત્મયુગપ્રવર્તક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ઈ.સ. ૧૯૬૮ની સાલના અક્ષરશઃ પ્રવચનો)

**કારતક વદ ૩, શુક્રવાર, તા. ૮.૧૧.૧૯૬૮**
**ગાથા-૭૪-૭૫, પ્રવચન-૬૦**

...એમાં શુભ ઉપયોગનું ફળ. શું કહે છે? કે આત્મા જે છે એ તો જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્ય શુદ્ધ આત્મસ્વભાવ છે એનો. એનાથી વિરુદ્ધ અશુભભાવ કે શુભભાવ બેય દુઃખના કારણ છે એમ સિદ્ધ કરે છે. કેમકે જ્ઞાનતત્ત્વ સ્વભાવ છે એનાથી વિરુદ્ધ ભાવ છે. તો કોઈ કહે કે ભાઈ, શુભ ઉપયોગ તો સારો છે કે નહિ? શુભરાગ-પ્રશસ્ત રાગ-કષાયની મંદતાનો શુભ ઉપયોગ. તો કહે છે કે શુભ ઉપયોગ વર્તમાન પણ રાગ છે તે દુઃખ છે અને એના ફળ તરીકે પુણ્ય બંધાય અને પુણ્યના ફળ તરીકે સામગ્રી મળે એમાં એને તૃષ્ણાનું ઘર છે ઈ. પુણ્ય તૃષ્ણાનું સ્થાન છે. તૃષ્ણા જ એમાં ઊભી થાય છે. સમજાણું કાંઈ? એ કહે છે જુઓ!

**'હવે, એ રીતે સ્વીકારવામાં આવેલા પુણ્યો દુઃખના બીજના હેતુ છે...'** જે શુભભાવથી પુણ્ય બંધાય અને પુણ્યબંધ તરીકેના ફળ તરીકે જ્યારે સામગ્રી આવે ત્યારે તેના તરફની એને તૃષ્ણા જ જાગે છે. એ પુણ્ય તૃષ્ણાનું જ ઘર છે. સમજાણું કાંઈ? એટલે તૃષ્ણાનું એટલે દુઃખનું જ બીજ છે ઈ. શુભભાવ છે એ તો દુઃખરૂપ છે, પુણ્ય શુભભાવ છે માટે રાગ છે. અશુભ છે એ તો પાપ છે, એ તો દુઃખરૂપ છે જ. પણ ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય વસ્તુ જ્ઞાનસ્વરૂપ છે એ ચૈતન્ય, એની પરિણતિ એટલે અવસ્થા તો શુદ્ધ હોવી જોઈએ, પુણ્ય-પાપના ભાવ વિનાની હોવી જોઈએ. એ એની પરિણતિ અથવા એનું કાર્ય

અને એ એનો ધર્મ. પણ એ શુદ્ધ સ્વભાવથી વિરુદ્ધ અશુભભાવ તો દુઃખદાયક છે... એ અશુભભાવ આપદાનો આપનાર છે, શુભભાવ સંપદાનો આપનાર છે, આ ધૂળની. ભગવાનજીભાઈ!

મુમુક્ષુ :- આપનાર છે.

ઉત્તર :- આપનાર એટલે શું? આ ધૂળ ઢગલા આવે કીધું ને. પણ એને ભોગવવામાં તૃષ્ણા છે.

મુમુક્ષુ :- દાન આપે એમાં તૃષ્ણા ક્યાં આવી?

ઉત્તર :- દાનમાં પણ તૃષ્ણા (છે), રાગ છે કે નહિ? રાગ છે કે નહિ અંદર ભેગો? આ મારું છે એમ માને તો વળી મિથ્યાત્વ છે. પૈસા મારા છે એમ માને છે એ તો મિથ્યાદૃષ્ટિ છે. પુણ્યનું ફળ આવે સંયોગ ઢગલા. કીધું ને એકવાર. અહીં (સંવત) ૧૯૮૩માં આવ્યા હતા જ્યારે પહેલા. ૮૩ની સાલ છે. અહીંયા આવ્યા હતા. ચારિત્રવિજય હતા ને. પહેલા ભાવનગર જતા નહોતા ગયા. આ હીરાભાઈના મકાનમાં ઉતરેલા. હીરાભાઈની સામે છે ને દુકાન ત્યાં ઉતરેલા. અમે નહોતા ગયા. પછી એણે કહેવરાવ્યું કે કાનજી મુનિ અહીં આવ્યા મારે ત્યાં આવ્યા નહિ. હું તો વૃદ્ધ માણસ છું, આમ-તેમ. પછી વળતા અહીં વળાના ઉતારે ઉતર્યા. વળા છે ને આ? લીંબડો છે ત્યાં ઉતરેલા. આ વળાનો ઉતારો. પછી ત્યાં ગયા હતા. એણે પૂછ્યું, ૮૩ની વાત છે. પુણ્યનું સ્વરૂપ શું? મહારાજ! એમ પૂછ્યું. એ તો બહુ મીઠી ભાષાવાળા હતા. ગયા તો ઊભા થઈ ગયા. મહારાજ! પુણ્યનું ફળ શું? કીધું, પુણ્યનું ફળ આ ઢગલા મળે ઈ બહારમાં. ભોગવે? ભોગવે એ પુણ્યનું ફળ નહિ? કીધું, ભોગવે પાપ. સમજાણું કાંઈ? એમ કે પુણ્યના ફળ આપણે ભોગવીએ તો એ પુણ્યના ફળ કહેવાય. ભોગવે શું? પુણ્ય એટલે શુભભાવ, એનાથી પુણ્ય બંધાણું હોય એને લઈને આ શરીર ઠીક મળે, પૈસા, આબરૂ, કીર્તિ, બાયડી, છોકરા, ધૂળધમાહા આ બહારનો સંયોગ અને એ પુણ્યના ફળ તરીકે એની તૃષ્ણા વધે. તૃષ્ણા એ દુઃખનું ઘર છે અને એ પુણ્ય એ જ દુઃખનું ઘર અને તૃષ્ણાનું સ્થાન છે કે આ કરું... આ કરું... આ કરું... લાંબી લાંબી તૃષ્ણા (ઉઠે). ભગવાનજીભાઈ!

મુમુક્ષુ :- લાળ.

ઉત્તર :- લાળ વધતી જ જાય. આનું આ કરું, પછી આનું આમ કરું, આનું આમ કરું. પૈસા પુણ્ય ફળતા જાય એમ એને તૃષ્ણા વધતી જાય. આનું આ કરું, પછી આ કરું, મિલ કરું, પછી આમ કરું, ધૂળ કરું. ચંદ્રકાંતભાઈ!

એમ કહે છે કે ભાઈ! આત્મા તો ચિદાનંદ શુદ્ધ ચૈતન્યમૂર્તિ વીતરાગ પરમેશ્વરે કેવળજ્ઞાનીએ જોયો. અને એ પ્રમાણે શુદ્ધ આત્મા છે એની શ્રદ્ધા, જ્ઞાન અને એની રમણતા કરે એ તો ધર્મ છે અને એ તો શુભભાવ છે. એ તો એનું સ્વરૂપ છે અને એ મોક્ષનો માર્ગ છે,

પણ એનાથી વિપરીત શુભભાવ કરે, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો શુભભાવ એ પણ પુણ્યબંધનું કારણ છે. અને એ બંધના ફળ તરીકે સામગ્રી મળે એમાં તૃષ્ણા વધે. એટલે શુભભાવ એ આદરણીય છે નહિ એમ સિદ્ધ કરે છે. કહો, બરાબર હશે?

મુમુક્ષુ :- ઘણાં લોકોને લાભ થાય ને કારખાનાથી.

ઉત્તર :- કોને? ધૂળેય લાભ થતો નથી. કોને લાભ થાય? અભિમાની માને છે. અમારે લઈને આમ થાય, અમે ઘણાંને નભાવીએ. એમ કે મિલ હોય તો ઘણાં હજારોને નભાવીએ, ઢીંકણું. કોને? ધૂળને નભાવે? સાંભળને. એ તો પુણ્યનો એને સંયોગ હોય પુણ્યનો યોગ હોય તો આવે. તને તૃષ્ણા છે માટે તું આ નભાવવાની વાત કરે છે. તૃષ્ણા છે, દુઃખનું બીજ છે. પુણ્ય તૃષ્ણાનું ઘર છે એમ કહે છે.

**'પુણ્યો દુઃખના બીજના હેતુ છે...'** દુઃખનું બીજ કોણ? તૃષ્ણા. એ પુણ્ય તૃષ્ણાનું કારણ છે. છગનભાઈ! બરાબર છે એ? બે-પાંચ છોકરા હોય ને એમાં પાંચ-પચ્ચીસ લાખ રૂપિયા થાય, પાંચ-દશ-વીસ લાખ. ઠેકાણે પાડો, આનું આમ કરો, આનું આમ કરો. આની ઉઘરાણી આમ કરો. ૫૦-૫૦ (હજાર), લાખ-લાખ રૂપિયા દઈને ભાગીદાર રાખો. આઠ આનાનું વ્યાજ લઈએ, અડધો ભાગ લઈએ. આઠ આના મારો, આઠ આના તારો, ઉપર વ્યાજ અમારું. આ તો પહેલાની વાત છે હોં! અત્યારે ટકો, દોઢ ટકો વ્યાજ લે છે. સમજાણું કાંઈ? લ્યો! એક જણાએ ત્રણ ટકાનું વ્યાજ લીધું. .. તે સલવાઈ ગયા રૂપિયા. તે લેવા ગયા છે. સમજાણું કાંઈ? સોએ ત્રણ ટકા. કેટલા થયા? ૩૬ રૂપિયા થયા ને બાર મહિને. ૧૦૦ રૂપિયે ૩૬. બાર મહિને ૩૬. ભારે. પછી ઓલો ઘાલે જ ને. આહા..હા..! કહો, એ તૃષ્ણા કેટલી તૃષ્ણા.

એ પુણ્ય જેમ ફાલે એમ તૃષ્ણા વધતી જાય છે. એમાં ક્યાંય સુખ છે નહિ. એ દુઃખનું તૃષ્ણા ઘર છે કહે છે. પુણ્ય. સમજાણું? એ તો પછી કહેશે. એ પછી તૃષ્ણા એની વધતી જાય. જેમ જેમ વૃદ્ધ થતો જાય એ તૃષ્ણાના બીજ વાવ્યા હોય એ ફાલે. પછી મરતા આ કરજો, એ તમે આમ કરજો, મારી પાછળ આ કરજો, તારી પાસે આ રાખજો. ધૂળેય નહિ, સાંભળને હવે. સમજાણું કાંઈ? ચાર છોકરા પણ જુઓ આ વહેંચી લેજો. આ ઘર નાનાને આપજો. નાનો નાનો છે હજી. એટલે ફલાણું સારું ઘર નવું કરીને એને આપજો, મોટાને આ આપજો. એ તૃષ્ણા હોળી. જાવું છે તારે ક્યાંક, હવે આ શું કરવા માંડ્યું પણ આ? ચંદ્રકાંતભાઈ! બધી વાતું બધી. દુકાન આ ફલાણી છે એ ચોકમાં સરખી છે. નાનો હજી બહુ મોટો નથી માટે એને એ આપજો એક. છોટાભાઈ! કીધું કે નહિ? મનસુખને દુકાન આપજો પહેલી. બીજા ત્રણ કરતા એને આપજો પહેલી, નાનો છે એટલે. ખીમચંદભાઈ! કીધું નહિ તમારા બાપે? એ બધું એમ જ થાય. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કીધું હતું?

ઉત્તર :- હા કીધું હતું એને. એને કીધું હતું. કહો, એ ૭૪ છે ગાથા જુઓ. મૂળ ગાથા, ૭૪ ગાથા મૂળ.

**जदि संति हि पुण्णाणि य परिणामसमुब्भवाणि विविहाणि।**
**जणयंति विसयतण्हं जीवाणं देवदंताणं।।७४।।**

નીચે એનું હરિગીત.

**પરિણામજન્ય અનેકવિધ જો પુણ્યનું અસ્તિત્વ છે,**
**તો પુણ્ય એ દેવાન્ત જીવને વિષયતૃષ્ણોદ્ભવ કરે. ૭૪.**

ભાષા જુઓ! આહા..હા..! જુઓ! ભગવાન આચાર્ય મહારાજ એ ફરમાવે છે કે ભાઈ! શુભભાવ જે થાય એ પણ પુણ્ય છે અને એના ફળ તરીકે સામગ્રીમાં એની તૃષ્ણા વધી જાય છે, દુઃખનું સ્થાન છે. એ શુભભાવ એ કાંઈ આત્માને હિતકર નથી એમ સિદ્ધ કરે છે. આહા..હા..! હિતકર તો ભગવાન આનંદ અને જ્ઞાનની મૂર્તિ છે એનો ઉપયોગ, એનો ઉપયોગ—એનો વેપાર શુદ્ધ કરવો એ હિતકર છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**અન્વયાર્થ :- (પૂર્વોક્ત રીતે) જો (શુભોપયોગરૂપ) પરિણામથી ઊપજતાં...**' શુભ ઉપયોગ. દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા, દાન વગેરેના ભાવ—એ બધા શુભ ઉપયોગ છે. શુભ ઉપયોગથી '**ઊપજતાં વિવિધ પુણ્યો...**' સંસ્કૃતમાં નાખ્યું છે '**स्वकीयानन्तभेदेन बहुविधानिं**' છે ને? કારણ કે પુણ્યના અનેક પ્રકાર. કો'કને ઇન્દ્રિયો અનુકૂળ મળે, કો'કને ઇન્દ્રિય એક ન હોય અને બીજું મળે, કો'કને ઇન્દ્રિયો ઠીક નહિ અને પૈસા મળે, કો'કને પૈસા મળે તો બાયડી ઠીક ન હોય, એને પૈસા ન હોય તો બાયડી ઠીક મળે. કેટલા પુણ્યના પ્રકાર છે, અનંત પ્રકાર પુણ્યના અનંત. આહા..હા..! એવી વિવિધ સામગ્રીનું કારણ અનંત પુણ્ય છે. કોઈકને કંઈક પ્રકાર, કોઈકને કંઈક પ્રકાર, કોઈકને કંઈક પ્રકાર. સમજાણું?

'**विविधानी पुण्यानि**' વિવિધ પુણ્યો. વિવિધ એટલે અનેક અનંત પ્રકારના પુણ્ય. સંસ્કૃતમાં છે જયસેનાચાર્યની (ટીકામાં). એ વિદ્યમાન છે. છે પુણ્ય, કહે છે. અમે કહીએ છીએ કે છે. સમજાણું? પણ '**देवतान्तानां जीवानां**' '**તો તેઓ દેવો સુધીના જીવોને...**' સાધારણ મનુષ્યની શું વાત? પણ એ દેવો સુધીના જીવોને. દેવાન્ત સુધી. '**વિષયતૃષ્ણા ઉત્પન્ન કરે છે.**' એ તો બહારની તૃષ્ણા ઉત્પન્ન કરે છે. આ મેળવવું, આ કરું, આ વ્યવસ્થા કરું, આનું આમ નાખું. બે-પાંચ કરોડ આવે તો પચાસ લાખ અહીં નાખું, પચાસ લાખ અહીં નાખું ને ધૂળ લાખ અહીં નાખું. હોળી સળગ્યા જ કરે, કહે છે. ભગવાનજીભાઈ! એમ છે કે નહિ? અનુભવમાં આવે છે કે નહિ? એક આફ્રિકામાં નાખવું, એક અહીં થાનમાં નાખવું. થાન નહિ, શું કહેવાય? થાણા. એય..! ચંદ્રકાંતભાઈ! આ તો દાખલો. બીજા ઘણા આમના છોકરાને લ્યોને, જુઓ. વળી ત્યાં નાખ્યું, શું કહેવાય ઈ? સ્વિત્ઝર્લેન્ડ. એક વળી અહીં નાખવું છે મુંબઈમાં. બે કરોડ રૂપિયા થયા તો થોડાક ત્યાં નાખો, થોડા અહીં નાખો ધૂળના.

હેરાન-હેરાન છે. આહા..હા..!

'**વિવિધ પુણ્યો વિદ્યમાન છે,...**' કહે છે અમે ક્યાં ના પાડીએ છીએ? પણ એ પુણ્યો વિષયતૃષ્ણાને ઉત્પન્ન કરનારા છે. આહા..હા..! એમ કરીને ઓલો શુભ ઉપયોગ છે તે હિતકર નથી એમ સિદ્ધ કરવું છે.

'**ટીકા :- જો એ રીતે શુભોપયોગપરિણામથી...**' જુઓ! શુભ ઉપયોગ પરિણામથી. પરિણામ પોતાના શુભ થયા છે. '**જેમની ઉત્પત્તિ થાય છે એવાં અનેક પ્રકારનાં પુણ્યો વિદ્યમાન છે...**' પુણ્ય છે. શુભભાવ હતો તો પુણ્ય બંધાણું અને એના ફળ તરીકે પુણ્ય હોય છે. '**એમ સ્વીકારવામાં આવે છે, તો તેઓ (તે પુણ્યો) દેવો સુધીના સમસ્ત સંસારીઓને...**' દેવ સુધીના. મનુષ્ય, રાંકા, ભિખારી, સાધારણ તો ઠીક, પણ દેવ સુધીના '**સંસારીઓને વિષયતૃષ્ણા અવશ્યમેવ ઉત્પન્ન કરે છે (એમ પણ સ્વીકારવું જોઈએ.)**' એમ કહે છે. પુણ્ય છે એમ સ્વીકારવું જોઈએ એમ બે વાત. પુણ્ય છે એમ સ્વીકારવું જોઈએ. પુણ્ય છે. પણ એની સાથે પુણ્ય તૃષ્ણાનું ઘર છે એ પણ સ્વીકારવું જોઈએ. એમ પણ સ્વીકારવું પડે છે.

'**સમસ્ત સંસારીઓને...**' જુઓ! આખા સમસ્ત લીધાને જે અજ્ઞાની છે. સમજાણું? જેમાં શુભ ઉપયોગનો, અહીં તો સાધ્ય જ ઇન્દ્રિયના સુખ કીધા છે. શુદ્ધ ઉપયોગ જે આત્માનો છે એ અતીન્દ્રિય સુખ સાધ્ય છે ત્યાં. ભગવાન આત્મા શુભ-અશુભ પરિણામથી રહિત શુદ્ધ ચૈતન્યનો ઉપયોગ જે શુદ્ધ નિર્મળ પરિણામ છે એ અતીન્દ્રિય સુખ સાધ્ય છે અને શુભ પરિણામનું સુખ ઇન્દ્રિયસુખ સાધ્ય છે. એનાથી ઇન્દ્રિયના સુખો કલ્પે એ મળશે. પણ એ તો વિષય તૃષ્ણાના ઘર છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**(એમ પણ સ્વીકારવું પડે છે.)**' એટલે વિષય સર્વ સંસારી જીવોને વિષયતૃષ્ણા, વિષય એટલે પરની તૃષ્ણા, ઇચ્છા, ઇચ્છા, ઇચ્છા '**અવશ્યમેવ ઉત્પન્ન કરે છે...**' એમ. પર તરફની ઇચ્છા એમ. વિષય એટલે પર તરફની. '**ખરેખર તૃષ્ણા વિના, જેમ જળોને દૂષિત લોહીમાં તેમ,...**' જળો હોય છે ને જળો? ગુમડામાં લોહી હોયને લોહી બગડેલું એ જળો લોહી ચૂસે. એ જેમ જળોને તૃષ્ણા છે તો મેલું લોહી ચૂસે. મરવા સુધી ચૂસે. '**ખરેખર તૃષ્ણા વિના, જેમ જળોને દૂષિત લોહીમાં તેમ, સમસ્ત સંસારીઓને વિષયોમાં પ્રવૃત્તિ ન જોવામાં આવે.**' જળોને લોહી ચૂસવામાં જેમ પ્રવૃત્તિ જોવામાં આવે છે, એમ સંસારીને પુણ્યમાં તૃષ્ણા જોવામાં આવે છે. વિષયોમાં પ્રવૃત્તિ આ.. આ.. આ.. આ... આ... જેમ જેમ સાધન મળ્યા એમ એમ એને સામગ્રીમાં આમ કરું... આમ કરું... આમ કરું. હોળી એકલી સળગે જાય. સમજાણું કાંઈ?

'**વિષયોમાં પ્રવૃત્તિ ન જોવામાં આવે.**' જુઓ! તૃષ્ણા ન હોય તો. કીધું ને? ખરેખર તૃષ્ણા વિના, એમ. તૃષ્ણા ન હોય તો, જેમ જળો જેમ દૂષિત લોહીને પીવે છે. તૃષ્ણા

ન હોય તો એમ પીવે નહિ, માટે તૃષ્ણા છે. એમ આ તૃષ્ણા ન હોય તો સંસારીને વિષયોમાં પ્રવૃત્તિ જોવામાં આવે નહિ. આમ કરો, આટલા નોકર રાખો, બુદ્ધિવાળા રાખો, મોટા યુરોપિયન રાખો. મોટા કારખાના કરે. બબ્બે હજાર પગારદારના યુરોપિયન. પાંચ-પાંચ હજાર પગાર, દશ-દશ હજારનો પગાર. હા મોટા ગોરા. છે ને. દશ-દશ, વીસ-વીસ હજારના યુરોપિયન બોલાવે લ્યો. અહીં આપણે બોલાવ્યા હતા બબ્બે હજારના પગારવાળા, આપણો તમારો નહિ? ગોંડલ. ભાઈ કેવળચંદ. કારખાના માટે. ગોરા બબ્બે હજારના મહિને અહીં ગોંડલ બોલાવ્યા હતા લ્યો! મગજવાળા કામ કરે, બોલાવો એને. પછી એમાં વળી એક તો એવો નીકળ્યો, વળી ખોટો નીકળ્યો એવા અનેક પ્રકારે (પ્રસંગ ભજે). પણ તૃષ્ણા વધે જાય પૈસા વધે એમ. સગવડતા વધે, દીકરા વધે, આઠ આઠ દીકરા હોય મોટા. સમજાય છે? પંજાદાર પાંચ પાંચ હાથના ઊંચા, નિરોગી અને પૈસા, આબરૂ, કીર્તિ, આમ કરો. દીકરા આમ કરો. એકને નાખો મુંબઈમાં, એકને નાખો રાજકોટમાં, એકને મૂકો વિલાયતમાં અને એકને રાખો પંજાબમાં. ચારે કોર ફરી વળે દિશા. કહો, સમજાણું કાંઈ? તૃષ્ણા છે બાપા! એ શુભ ઉપયોગના ફળમાં પુણ્ય ફળશે, તૃષ્ણા વધશે એમ કહે છે. આહા..હા..! બરાબર છે કે નહિ? પ્રત્યક્ષ.

આનું આ કારખાનુ કરજો હોં. અત્યારે કારખાના કેટલા બધા. જ્યાં જુઓ ત્યાં કારખાના જ કારખાના. પચ્ચીસ હજાર, પચાસ હજાર થયા કે ફટ કારખાના નાખવાનો વિચાર થાય. આપણે આ કારખાનું કરો, આપણા આ કારખાનું કરો. ઓહો..હો..! હજી તો આ કરતો હતો, રોટલા ખાતો હતો એમાં પચ્ચીસ હજાર વધ્યા (તો કહે), આપણે કારખાનું નાખો. નાનું નાખો લોઢાનું, ફલાણું કરો, ઢીંકણું. પચાસ લાખ, કરોડ, બે કરોડ થાય તો વધારે. મોટા ઓલા દુગલ-બુગલ મોટો છે ને કો'ક. એ તો વળી કેટલા કરોડ, એને મોટી તૃષ્ણા. સેવા કરે શું કરે છે ઈ? મુંબઈમાં મોટા ખેલા કરે... આખા મુંબઈની તજ તાબે રાખે. તજ-તજ, લવીંગ, મરી (એનો) ખેલો કરે. થાય છે કે નહિ? એઈ..! આખા મુંબઈનો હોં! આખા દેશનો. ત્યાંથી બધો માલ જાયને. એકલા તજનો એક ફેરી ખેલો કરેલો. આ તજ નથી આવતા? બસ, પોતે ભાવ કરે એ થાય અને ભાવ વધારવા હોય તો વધારે. આખા મુંબઈમાં. આરે, આ હોળી. આ શુભ ઉપયોગના ફળમાં સાધન મળ્યા એને, લ્યો. સમજાણું કાંઈ? થાય છે કે નહિ? કાળીદાસભાઈ!

તજના, મરીના. મરીના-મરીના. મરીના ખેલા, મરવાના ખેલા કરે છે એ બધાય. તેલના એ તો બધા કરે. ગોળના, ફલાણાના, ઢીંકણાના, બદામના, પિસ્તાના, કેસરના ખેલા કરે. ઓલો ભાઈ હતો ને આપણો આ સર હુકમચંદ. એ સટ્ટાનો ભાવ ફલાણો એ ભાવ વધારે તો થાય અને ઘટાડે એવું આખા મુંબઈમાં. સર હુકમચંદ. એને એમ થઈ જાય કે ઓહો..હો..! શું છે પણ આ? એ બધા પૂર્વના શુભભાવ એના બંધાયેલા પુણ્ય એમાં સામગ્રી આ બધી તૃષ્ણાના ઘર છે. એ ઊંડે કૂવે ઉતરે છો એમ કહે છે. આહા..હા..! સમજ્યાને? શુભભાવ

થયો માટે ઠીક થયું. કહે છે, ઊંડે કૂવે ઉતર્યો એના ફળમાં. જો તો ખરો. અંદરમાં જાવું એ નથી પણ આમ ઊંડો ઉતરતો જા છો. આહા..હા..! જુઓને કેવી તે સ્થિતિ છે! સમજાણું?

**'પરંતુ તે તો જોવામાં આવે છે.'** જળો લોહી પીતા દેખવામાં આવે છે અને પૈસાવાળા, આ સામગ્રીવાળા તૃષ્ણામાં દેખવામાં આવે છે. શાંતિ જ ન મળે એને. લાકડા નાખે અગ્નિમાં એટલી અગ્નિ સળગતી જ જાય. ત્યાં બાપાને હતું આવું રાજકોટમાં? અહીં તો કેટલા વધ્યું તે આમ કરો, આનું આમ કરો, એક સંચો અહીં નાખો, પિત્તળના લટકાવો. વાત તો સાચી છે કે નહિ? એ પુણ્યના ફળ તૃષ્ણા ઉત્પન્ન કરશે એમ કહે છે. શાંતિ ઉત્પન્ન નહિ કરે. આહા..હા..! જુઓને કેટલી રીતે સિદ્ધ કરે છે! ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ છે એ તો, સિદ્ધ સ્વરૂપ છે. એની શ્રદ્ધા, જ્ઞાન અને એની રમણતા એ શુદ્ધભાવ છે. એ આત્માને હિતકર છે. એ સિદ્ધ કરવા આ વાત કરે છે હોં! શુભ ઉપયોગ હેય છે. કેમકે અહિતકર છે, દુઃખનું કારણ છે, પુણ્યનું કારણ છે, પુણ્યના ફળ તે તૃષ્ણાનું ઘર છે. એમ સિદ્ધ કરે છે. સમજાણું?

**'માટે પુણ્યોનું તૃષ્ણાયતનપણું અબાધિત જ હો...'** ભાષા દેખો! એ પુણ્યના ફળ અને એ પુણ્ય એનું તૃષ્ણાયતન—તૃષ્ણનું આયતન. આયતન એટલે ઘર. એ પુણ્ય તૃષ્ણાનું ઘર છે. ઇચ્છાનું ઘર ઉત્પન્ન તૃષ્ણા... તૃષ્ણા... તૃષ્ણા. તૃપ્તિ ન મળે એને, તૃપ્તિ જ ન મળે ક્યાંય. **'(અર્થાત્ પુણ્યો તૃષ્ણાના ઘર-રહેઠાણ-છે એમ અવિરોધપણે સિદ્ધ થાય છે).'** કહો, બરાબર છે કે નહિ આ? કાળીદાસભાઈ! પાંચ-પચાસ હજાર હતા ત્યાં સુધી આવું હતું? પણ જ્યાં બે લાખ, પાંચ લાખ વધ્યા તે આ સંચો કરો, પછી આનું આ કરો, એક છોકરાને અહીં બેસાડો, એક છોકરાને અહીં બેસાડો ઝાઝા હોય એને. એકને કાપડની દુકાને બેસાડો અને એકને ફલાણી દુકાને બેસાડો. એકને... આહા..હા..! શું છે પણ આ? તારે જાવું છે ક્યાં? તારે જાવું છે (નિજ) ઘરમાં, એને ઠેકાણે આ પરઘરમાં તૃષ્ણામાં ઊંડો-ઊંડો ઉતરતો જા. બાપુ! એ શુભ પુણ્યના ફળ એવા છે. માટે પુણ્યભાવ આદરણીય નથી. આહા..હા..! બધા તો સુખી માને (કે) આ તો સુખી છીએ. લ્યો એમ માને. હમણા અમે ચારે કોરથી સુખી છીએ. દીકરા-દીકરીઓ સુખી. હોળી (સળગે છે).

મુમુક્ષુ :- ખાવાની પણ ફુરસદ નથી.

ઉત્તર :- ફુરસદ ક્ષણેય ન હોય. સગોવ્હાલો બેસવા આવ્યો હોય, બાપ આવ્યો હોય તો વાત કરવાનો વખત ન હોય. હા, હા, અમારે ત્યાં કુંવરજીભાઈને દુકાને એવું ચાલતું હોય કે સગો આવ્યો હોય તો હમણા નહિ. સાંજે આપણે ખાવા વખતે વાત કરશું. હવે ઈ તો સાધારણ દુકાન. આ તો મોટી જેને દુકાન હોય બબ્બે કરોડ, ત્રણ-ત્રણ કરોડ, પાંચ-પાંચ કરોડ રૂપિયા, ૨૦-૨૦, ૨૫-૫૦ લાખની પેદાશ હોય, નવરા ન મળે નવરા. સમજાણું કાંઈ? હમણા બાપા વખત નથી. જુઓ, આ બધા ગ્રાહકો છે ને. વાતચીત આપણે ખાવા વખતે બેય બેસશું અને ખાતા ખાતા વાત કરશું. ખાતા ખાતા વખત મળે ત્યારે વાતું કરશું.

ખાવા વખતે આવજો જાવ. ખાવા વખતે વાતું કરે થોડી થોડી. ખાવા વખતે નિરાંત ન મળે. ઓલું (ફોનની) ઘંટડી વાગી હોય તો ઊભો થઈ જાય ત્યાંથી.

આ તો અમે ત્યાં મુંબઈ જોયેલું ઘણા વર્ષ પહેલા એક ફેરી. દુકાનથી માલ લેવા ગયેલા. ઘણાં વર્ષની વાત છે. ૬૦-૬૭ની વાત હશે, સંવત્ ૧૯૬૬. અમારા ગામ પાલેજ ગામનો ત્યાં હતો મગન શેઠ. ત્યાં આડતિયા તરીકે એટલે ત્યાં ઉતરેલા અમે. ઘણાં વર્ષની વાત છે આ તો ૬૦ વર્ષની. પછી એને ઓલા ખાતા હતા ને આહાર. માલ તો બપોરે લેવા જાશું. ત્યાં વેચાય ખજુર ને ચોખા. ત્યાં ઊઠ્યા. શું છે? શું કરવા ઉઠ્યા? પણ ખાવ તો ખરા. શેના માટે રળો છો, કીધું, તમે આ? જેના માટે રોટલા માટે રળો છો અને રોટલા ખાવાના હખ નથી તમને? હું અને કુંવરજીભાઈ બે હતા. આ તો ઘણા વર્ષની વાત છે હોં!

મુમુક્ષુ :- ત્યાં શું પાયખાનામાં રાખવું પડે.

ઉત્તર :- પાયખાનામાં રાખવું પડે. હોળી સળગે છે. આ પૈસાવાળા સુખી છે કે દુઃખી? આ તો ખાવા બેઠો હતો અને બહાર હતું. પણ એ ૬૬-૬૭ની વાત છે. બહાર ઓલી ટોકરી વાગી ત્યાં ઊભો થઈ ગયો. ત્રણ રોટલી ખાતો હતો. મગન શેઠ હતા મગનલાલ. રૂપાળું પાતળું શરીર. પણ શું છે? કીધું આ તમે શું કરો છો? આ આના માટે રળો છો અને ખાવામાં સખ નથી? ઈ કહે, અમારે તો બધું મુંબઈમાં તો આવું જ છે ભાઈ! ભીખાભાઈ!

મુમુક્ષુ :- હવે આજ કેટલું આગળ વધ્યું હશે મુંબઈ.

ઉત્તર :- એનાથી તો મહાતૃષ્ણા વધી ગઈ અત્યારે તો. તે દિ' તો આ તો ૬૬-૬૭ની વાત છે. સંવત્ ૧૯૬૬. અત્યારે તો મોટી હોળી સળગતી જાય છે. છે સખ ત્યાં ક્યાંય?

મુમુક્ષુ :- થાણામાં બહુ વસ્તી ઓછી છે.

ઉત્તર :- થાણામાં પણ ત્યાં હોળી પૈસાની તૃષ્ણા છે બધી.

'**તૃષ્ણોના-ઘર-રહેઠાણ છે.**' એ પુણ્યો તૃષ્ણા એટલે ઈચ્છાનું રહેઠાણ છે. ત્યાં તો ઈચ્છા જ ઉત્પન્ન થશે. ઈચ્છા એ તૃષ્ણા અને એ દુઃખનું ઘર. આહા..હા..! જુઓ! આચાર્ય મહારાજ કઈ રીતે શુભભાવને હેય બતાવવા માટે તેના ફળમાં પણ શુભના ફળમાં તૃષ્ણાનું ઘર બતાવી રહ્યા છે. ત્યાં સંતોષ છે?

'**ભાવાર્થ :- ૭૩મી ગાથામાં કહ્યું હતું તેમ અનેક પ્રકારનાં પુણ્યો વિદ્યમાન છે,...**' પુણ્ય છે તો ખરા, જુઓને કેટલા પુણ્ય! માણસને, એવા બુદ્ધિ વિનાના હોય, સાધારણ હોય, પણ પૂર્વના પુણ્યને લઈને કરોડો પેદા કરતા હોય લ્યો! બુદ્ધિવાળા પડ્યા રહેતા હોય. બુદ્ધિના ખાં હોય. ખાં બુદ્ધિના હોય એ ૨૦૦ રૂપિયા પેદા ન કરે, મહિને પાંચસો ન કરે. અને સમજવા જેવા હોય બુદ્ધિના કોથળા-બુદ્ધિના બારદાન પાંચ-પાંચ લાખ પેદા કરે મહિને. એ તે શું છે? પૂર્વના પુણ્યને લઈને છે. માટે પુણ્ય છે ખરું કહે છે. પુણ્ય

છે ખરું. બરાબર છે કે નહિ? વીરચંદભાઈ! પુણ્ય છે ખરું. અને દેખાય છે ને. બુદ્ધિના કોથળા-બારદાન હોય, પણ પાંચ-પાંચ લાખ પેદા કરે અને બુદ્ધિના ખાં હોય એને મહિને બસ્સો પેદા કરવા (પરસેવા ઉતરતા હોય). અમારે ખાનગી બહુ કાગળ આવે લ્યો. આજે બે કાગળ કો'કના આવ્યા છે. મહારાજ! અમે દુઃખી છીએ. એક હજાર રૂપિયા મોકલજો. અહીં જાણે પૈસા બહુ હશે. હું શીખ છું. શીખની બાઈ છું, મારે બહુ દુઃખ છે, મારો ધણી આમ થઈ ગયો, છોકરા આવા છે. લ્યો આવા કાગળ આવે. અહીં તે નવરા હશે? એક હજાર રૂપિયા મોકલો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, તમારી પાસે ફંડ ઘણા છે એમ લખ્યું છે. ઘણાં મોટા મોટા શેઠિયા છે માટે (મોકલો). અરે..! આ ધંધા હશે અહીં? દુનિયાને તે ક્યાં લખું છું કાગળ એની પણ ખબર નથી. આહા..હા..! ઘણાં કાગળ આવે છે હોં. એક બીજો કાગળ શું હતો? આજે બે હતા ને? બે હતા ને? નથી તમને કોને આપ્યા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો કીધો એક. બીજો કોકનો હતો ને. શું હતું એમાં? એ પૈસા મગાવે. બે કાગળ આવ્યા હતા. ઈ એને ખબર નથી. રતિભાઈ ભોળા માણસ છે. એને ખબર નથી. ઘરના બૈરા જાણે કહે છે.

**'ભાવાર્થ :- ૭૩મી ગાથામાં કહ્યું તેમ અનેક પ્રકારના પુણ્યો વિદ્યમાન છે,...'** બે કાગળ આપ્યા હતા. મેં એને આપ્યા હતા. ચીમનભાઈ હતાને? ચીમનભાઈ ક્યાં ગયા? નહોતો એક કાગળ બીજો હતો કો'કનો. એમાં શું હતું? ખબર નથી એને. કહે છે, પુણ્ય હો, કોણે ના પાડી? એ શુભભાવ હોય છે. કષાયની મંદતા, દયા, દાન, ભક્તિ, શુભ છે. એનું ફળ પુણ્ય બંધાય છે અને એનું ફળ હોય છે. અમે પુણ્યની ના ક્યાં પાડી? પણ એ પુણ્ય છે તૃષ્ણાનું ઘર. સમજાણું કાંઈ? આહા..હા..!

વળી આજે એ બોલ આવ્યા છે લખાણ. એ શુભભાવ છે પણ શુદ્ધનું સાધન છે. તો સમન્વય થાય. સમન્વય કરો હવે કહે છે. એ આજે આવ્યું પાછું. અને નિમિત્ત ઉપાદાનમાં અતિશયતા ઊપજાવે છે. એટલી એમાં વિશેષ વિલક્ષણતા છે. અને નિયત-અનિયત બેય છે. હોળી તો આ બધી વાત પાંચની છે બધે. ક્રમબદ્ધ, ઉપાદાન, નિમિત્ત, નિશ્ચય, વ્યવહાર. આજે લખાણ આવ્યું છે, જૈન ગેજેટ. આહા..હા..! અરે..! ભગવાન! તને ખબર નથી ભાઈ! તારી અવસ્થા તારાથી થાય તેમાં બીજા નિમિત્ત હો, પણ એ કરે શું તને? એમ બીજી ચીજ પણ બીજી ચીજની પર્યાયમાં પરિણમે એમાં તું કર શું એને? સ્વતંત્ર અવસ્થા તેની થાય છે. સમજાણું? બાબુભાઈમાં આવ્યું હતું વળી. ત્યાં સહારનપુરમાં. એનું આવ્યું હતું. જવાબ આપી શક્યા નહિ, ફલાણું કર્યું નહિ, ઢીંકણું નહિ. લખાણ જ અહીંનું બધું ઘણું.

કહે છે કે **'અનેક પ્રકારના પુણ્યો વિદ્યમાન છે,...'** જુઓ! કસાઈ હોય. જુઓને વાંદરાના કસાઈ નહોતા? રૂપાની ખુરશીએ બેસે, રૂપાની ખુરશી. કસાઈ. અને બિચારા દયાવાળા જીવ હોય પણ ખાવા પણ મળતું ન હોય. એ તો પૂર્વના પુણ્યને લઈને વસ્તુ હોય છે. એ પુણ્ય છે. કોણે ના પાડી? પણ એ પુણ્ય છે તૃષ્ણાના ઘર. **'તો ભલે હો. તેઓ સુખના સાધન નથી...'** લ્યો! એ પુણ્ય સુખના સાધન નથી **'પણ દુઃખના બીજરૂપ તૃષ્ણાનાં જ સાધન છે.'** આહા..હા..! શાંતિ ભગવાન આત્મામાં છે બાપુ, કહે છે. તૃષ્ણા ટાળી, શુભાશુભ પરિણામ રહિત એવો ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદ પ્રભુ ભગવાન પરમાત્મા તીર્થંકરે જોયો એવો આત્મા, એની અંદર નજર કરતા શાંતિ વળે એવું છે. બાકી શુભ પરિણામમાં શાંતિ નથી અને અશુભમાં નથી અને બાહ્ય સામગ્રીમાં પણ નથી.

**'હવે, પુણ્યમાં દુઃખના બીજનો વિજય જાહેર કરે છે...'** એનો વિજય છે કહે છે. એ પુણ્યમાં દુઃખના તૃષ્ણાનો વિજય (છે). **'(અર્થાત્ પુણ્યમાં તૃષ્ણાબીજ દુઃખવૃક્ષરૂપે વૃદ્ધિ પામે છે—'** જોયું આ! એ તૃષ્ણા દુઃખરૂપે વૃદ્ધિ પામે છે. જેમ જેમ પચ્ચીસ વર્ષનો, ત્રીસ વર્ષનો, ચાલીસ વર્ષનો થાય એમ વૃદ્ધિ પામે. ઝાડ ફાલે એને. ભીખાભાઈ! જે ઝાડ વાવ્યું હોય એ ફાલે. **'પુણ્યમાં તૃષ્ણાબીજ દુઃખવૃક્ષરૂપે...'** તૃષ્ણાનું બીજ એ દુઃખવૃક્ષરૂપે વૃદ્ધિ પામે છે. **'ફાલે છે એમ જાહેર કરે છે) :—'** આહા..હા..! ૭૫.

ते पुण उदिण्णतण्हा दुहिदा तण्हाहिं विसयसोक्खाणि।
इच्छंति अणुभवंति य आमरणं दुक्खसंतत्ता।।७५।।

**તે ઉદિતતૃષ્ણ જીવો, દુઃખિત તૃષ્ણાથી, વિષયિક સુખને**
**ઈચ્છે અને આમરણ દુઃખસંતપ્ત તેને ભોગવે. ૭૫.**

ઓહો..હો..! **'અન્વયાર્થ :- વળી, જેમને તૃષ્ણા ઉદિત છે...'** કીધું ને, પુણ્ય તૃષ્ણાનું ઘર છે. હવે એ તૃષ્ણા જેને ઉદિત છે **'એવા તે જીવો તૃષ્ણાઓ વડે દુઃખી વર્તતા થકા,...'** કહો, એ દુઃખી છે. એ બધા કરોડોપતિ, અબજોપતિ બિચારા ભિખારી દુઃખી છે એમ કહે છે. ભારે વાત! દુનિયા કહે સુખી, જ્ઞાની કહે દુઃખી. જુઓ! **'તૃષ્ણા ઉદિત છે એવા તે જીવો તૃષ્ણાઓ વડે દુઃખી વર્તતા થકા,...'** જોયું! સંયોગ ભલે અનુકૂળ હો, સમજાય છે કાંઈ? પણ તૃષ્ણા વડે દુઃખી વર્તતા થકા **'મરણપર્યંત...'** આહા..હા..! છેલ્લી ઘડી સુધી પણ સખ ન હોય એને. એ આમ કરી આવજે.. આમ કરી આવજે.. એક જણો મરવાની તૈયારી. દીકરાને કહે કે આટલો સિંધુના દાણાનું ઓલું જા જઈ આવ. તાર કરી આવ, સ્ટેશને તાર કરી આવ. એ તાર કરીને જ્યાં આવે ત્યાં અહીં ન મળે. બાપા ઉપડી ગયા લઈને મમતા, જાવ ઓલા ભવે. આટલી તે પણ ક્યાં સુધી? શરીર જીર્ણ થઈ ગયેલું, મરવાની તૈયારી, ડોક્ટરો કહે ઊભા થાશો નહિ હોં હવે આમાં ઊભા થવાનું નથી. પણ કહે એક આટલા .. એક તાર કરી આવ. હવે શું કરવું એનું? સમજાય છે?

એને દીકરો એમ કહે કે બાપા! પણ આ મરવાની તૈયારી, આ શું કરો છો તમે આ? પણ જે બીજ રોપ્યા હોય એ ફાલે. જે જાતનું બીજ વાવ્યું હોય એ ફાલેને ઝાડ? પુણ્યના ફળમાં તૃષ્ણા હતી તો તૃષ્ણા વાવી છે. મરણમાં તૃષ્ણા ઘરડી થઈ. ઘરડી એટલે વધી. આમ જીર્ણ થઈ એમ નહિ. તૃષ્ણા ઘરડી થતી જ નથી. આવે છે ને એક શ્લોક? સમજાણું કાંઈ?

ઓહોહો..! **'મરણપર્યંત વિષયસુખોને ઇચ્છે છે...'** આમ કરજો... આમ કરજો... આમ કરજો. મરતા ખ્યાલ આવે કે હવે નહિ નભું. ડૉક્ટરે ના પાડી છે વૈદે કે આ ન ખાવું. તો બાયડીને કહે, ખાનગી થોડા ભજીયા કરી દે, પછી થાવું હોય તે થાશે. થોડુંક તો કર. લાવ ખાઈ લઈએ. એમાંથી શું થયું? જાય મરે. ઇચ્છા... ઇચ્છા... ઇચ્છા... રસની ઇચ્છા, રૂપની ઇચ્છા, ગંધની ઇચ્છા, સ્પર્શની ઇચ્છા, ભોગની ઇચ્છા એવી અને વેપાર આદિ ધંધાની ઇચ્છા તૃષ્ણા ફાલે. મરતા પછી આ કરો ને આ કરો ને આ કરો. હવે રહેવા દો બાપા! અત્યારે રહેવા દો. અને જો કાંઈક વાત કરે કદાચિત... સમજાય છે? તો તૃષ્ણામાં એને ઘેરાઈ ગયેલો, સૂઝ ન પડે શું કહું છું ઈ.

**'દુઃખથી સંતપ્ત થયા થકા...'** ઓહો..હો..! ભગવાન આત્મા તો ઇચ્છા વિનાની ચીજ છે એનું તો ભાન નથી. સમ્યગ્દર્શન શું ચીજ છે એની ખબર નથી. અને સમ્યગ્દર્શનનું ધ્યેય તો ચિદાનંદ આત્મા ધ્રુવ એ છે. એ શ્રદ્ધાનું ભાન નથી. પછી વિષય તૃષ્ણા ફાલે. આમ કરજો, આમ કરજો. હવે મરતા કહે, મારો દાડો આમ કરતા જાજો. પણ તું ક્યાં હવે રહેવાનો છો? એ બાર દિ'એ કરજો. ઉજવણું કરજો, ઉજળો દાડો. ઉજળો સમજાણું? ખાંડનો. ગોળનો પછી ખાંડનો. બ્રાહ્મણ આવે તો રૂપિયો-રૂપિયો આપજો. તે દિ' હોં! અત્યારે તો રૂપિયાની કિંમત વધારે. ૮૦-૮૧ની વાત છે. ..ભાઈ! એવું હતું તે દિ'. ઉજળો દાડો કરજો. પણ એલા દાડો એટલે દિવસ કરે છે ને. પણ તારે મરીને ક્યાંક જાવું છે અને આ શું ફાલ્યું તને? પણ માળે આબરૂ પ્રમાણે મર્યો જાણે ને લોકો. મર્યો પણ માળો માણીને મર્યો એમ. કહેતો ગયો, ઓછામાં ઓછા દશ હજાર તો ખરચજો. સમજાય છે ને? આપણી પાસે પાંચ લાખની મૂડી છે અને પાછળ આટલું તો હું ખર્ચવાનું કહેતો જાઉ છું. શું પણ હવે હોળી, તારે જાવું છે ક્યાંક અને આ શું? પણ તૃષ્ણાના બીજ વાવ્યા હતા ને, ફાલ્યા એ. ત્યાં એમાં ને એમાં તૃષ્ણા. આમ કરજો... આમ કરજો.. આમ કુ... જાય ઢોરમાં. એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિયમાં ઊપજે કીડા-કાગડે. આહા..હા..! આ દશા. લ્યો આ પુણ્યના ફળ તરીકે મળ્યા એની દશાઓ આ છે એમ કહે છે.

મુમુક્ષુ :- મળ્યું એનું કરવું શું?

ઉત્તર :- ક્યાં મળ્યું હતું? એ તો ત્યાં પડ્યું છે. મળ્યું છે ક્યાં પડ્યું છે. દૃષ્ટિ હટાવ કે હું આત્મા રાગ વિનાનો, પુણ્ય વિનાનો, પર વિનાનો મારી ચીજ ભિન્ન છે. એ દૃષ્ટિ કર તો તારી તૃષ્ણા મટે. એ વિના તૃષ્ણા મટે એવું નથી. આહા..હા..! પંચમ આરાના

ધનાઢ્યો કેવા છે એનું વર્ણન કર્યું છે ભાઈએ બહુ, રત્નકરંડ શ્રાવકાચારમાં. આપણે એકવાર વંચાવ્યું, થોડું વાંચ્યું હતું. પંચમ આરાના ધનાઢ્યો કેવા છે? એ સારું ચિતરણ આપ્યું છે. વૈભવના અભિમાનીઓ, રળવાના અભિમાનીઓ, કાંઈક મળ્યું હોય તો સાધારણ માણસને (એમ કહે), તમને શું આવડે ઈ? એ તો અમને આવડે. ઓહો..હો..! એ.. ચંદ્રકાંતભાઈ! માથાના ફરેલા. એ નાખતા, વાળતા, લેતા અમને આવડે. તમે શું બુદ્ધિ વિનાના હવે, રળતા આવડે નહિ. બસ્સો રૂપિયા તો એં... એં... થઈ જાય. અહીં તો દશ-દશ હજાર રૂપિયા મહિને દિ' દિ'ના રળીએ. આવા વર્તમાન પંચમકાળના પુણ્યના ધનાઢ્યોના અભિમાન છે કહે છે. કાળીદાસભાઈ! જે વાત હોય એનો બરાબર ચિતાર તો આપવો જોઈએને એને. આહા..હા..! એક તો પાપ કરતો જાય છે અને પૂર્વનું પુણ્ય ફળતું જાય છે એમાં તૃષ્ણા વધતી જાય છે. કહો, સમજાણું?

'**(-દુઃખદાહને નહિ સહી શકતા થકા) તેમને ભોગવે છે.**' તૃષ્ણા... તૃષ્ણા.. તૃષ્ણા. આ ખાવું, આ પીવું, આ લઉં. સારા મકાન, બારી-બારણા આવા, હવા આવી. આ જૂનું મકાન થઈ ગયું છે. પૈસા અછતને અછતમ કેમ ગોઠે? છતને અછત ગોઠે? આ બંગલો કરો, આમાં જરી એકાંત બહાર નીકળવું જોઈએ. શું કહેવાય? છજું. કે જે પાણી-બાણી આવે તો અહીં ન રહે અને એ ઝટ બારીમાં આવે નહિ. આઠ હાથનું છજું કાઢો પત્થરનું. શું કહેવાય આ તમારી? સિમેન્ટ. સિમેન્ટ કોંક્રીટ કરીને કરે છે ને આખું. અહીં બારીમાં પાણી આવી જાય તો છેટે રાખો. હવામાં બારી ઉઘાડી હોય તો આમ ઠીક પડે. બધું દેખાય. શું છે પણ આ?

**મુમુક્ષુ :-** ...

ઉત્તર :- આ તૃષ્ણાની વ્યવસ્થા છે કહે છે. આ શુભ પરિણામમાં પુણ્ય બંધાય એના ફળમાં તૃષ્ણા વધે છે એમ કહે છે અહીં. શુભ વધ્યું એમાં આત્મા ક્યાં વધ્યો? એમ કહે છે. આહા..હા..!

'**ટીકા :- વળી, જેમને તૃષ્ણા ઉદિત છે...**' તૃષ્ણા જેને ઉદય પામી છે તૃષ્ણા. આત્મા તો છે નહિ ત્યાં, આત્માનું તો ભાન છે નહિ. '**એવા તે દેવપર્યંત...**' દેવ સુધીના, કહે છે. રાગથી માંડીને દેવ સુધી. '**દેવપર્યંત સમસ્ત સંસારીઓ, તૃષ્ણા દુઃખનું બીજ હોવાને લીધે...**' એ તૃષ્ણા છે એ દુઃખનું બીજડું હોવાને લીધે. '**પુણ્યજનિત તૃષ્ણાઓ વડે...**' પુણ્યથી ઉત્પન્ન થતી ઈચ્છાઓ વડે '**અત્યંત દુઃખી વર્તતા થકા,...**' જુઓ! આ ભગવાન આત્મા આનંદમૂર્તિ છે એનાથી વિરુદ્ધ શુભભાવ થાય તો એના ફળ તરીકે આ તૃષ્ણા વધશે એમ કહે છે. માટે શુભભાવ પણ હેય છે. આહા..હા..! અરે..! જગતને કઠણ બેસવું. એમાં ધર્મ માન્યો હોય લ્યો બધોય. એને એમ કહે કે આ તો શુભભાવ છે, આ તો પુણ્ય છે, એના ફળમાં તો ધૂળ મળશે કે આવું થાશે અને એ તૃષ્ણાને વધારશે. દુઃખ..

ગળે ઉતરવું ભારે. અને પર ઉપર કોઈપણ એવું પ્રરૂપ્યું હોય તો ઓલાને ગરી ગયું હોય બહુ સારી રીતે. પાંચ લાખ, દશ લાખ ખર્ચ્યા તમે. પચ્ચીસ લાખમાં દશ લાખ ખર્ચ્યા. તમારા પુણ્ય કેટલા! ઓહો..હો..! અને એ પુણ્ય ફાટશે તો પછી ધર્મ થશે. પુણ્ય કરતા કરતા ફાટે પુણ્ય તો ધર્મ થાય. પુણ્ય ફાટે? પુણ્ય તો રાગ છે. રાગના ફળમાં જડ બંધાય અને જડના ફળમાં સામગ્રી મળે. ફાટે તો આત્મા મળતો હશે ત્યાં?

કહે છે, '**તૃષ્ણા દુઃખનું બીજ હોવાને લીધે પુણ્યજનિત તૃષ્ણાઓ...**' દેખો! પુણ્યજનિત તૃષ્ણા કીધું હવે. સમજ્યાને? પુણ્ય છે અને એમાં તૃષ્ણા ઉત્પન્ન થઈ એમ. '**અત્યંત દુઃખી વર્તતા થકા, મૃગતૃષ્ણામાંથી જળની માફક વિષયોમાંથી સુખોને ઈચ્છે છે...**' કહો, '**જેમ ઝાંઝવામાંથી જળ પ્રાપ્ત થતું નથી તેમ ઈન્દ્રિયવિષયોમાંથી સુખ પ્રાપ્ત થતું નથી.**' બધી સરખાઈ હોય તો સુખી કહેવાય કે નહિ? છોકરા સારા, દીકરી સારી, પૈસા, મકાન (સારા). અરે..! ઘરે ઢોર આવે એ સારું આવે પુણ્યાશાળી. લ્યો! મકાન હોય તો સારા. લેવા જાય તો મકાન પણ સારા મળે.

મુમુક્ષુ :- સામા દેવા આવે.

ઉત્તર :- સામા દેવા આવે. લ્યો આ મકાન ભાઈ તાજું છે હોં, ૨૫ વર્ષનું કરેલું. .. નથી. ૬૦ હજારનું બનેલું છે પણ તમને જુઓ આપવા માગીએ છીએ, ૫૫ હજાર આપો. પાકું હોય આમ. શું કહે છે આ? પ્લાસ્ટિક. પ્લાસ્ટર પાકું મજબૂત આમ મારીને દે છે ને. નક્કર છે કે પોલું છે. નીકળે નક્કર. પુણ્યનું કારણ છે ને. તૃષ્ણા વધે. જુઓ! મકાન પણ અમને મળ્યા કેવા!

મુમુક્ષુ :— ડહાપણ છે ને.

ઉત્તર :— ધૂળેય ડહાપણ નથી તારું એમ કહે છે. સમજાણું કાંઈ? એ તો પુણ્યને યોગે એવી સામગ્રી હોય છે. એમાં તને તૃષ્ણા વધી જાય છે. જુઓને અમને લેતા કેવું આવડે! મકાન લેતા અમને આવડે, તમને તો આવડે નહિ. પોલું ભમ જેવું હતું. પ્લાસ્ટર કાચું. અંદર સર્પ રહેતા હતા એવા મકાન તમને મળ્યા અને અમારે તો પ્લાસ્ટર પાક્કા. જીવાત રહે નહિ કોઈ દિ'. એની પોર હોય એને. આ મૂર્ખાઈનું ડહાપણ છે બધું, સાંભળને.

કહે છે, એ '**મૃગતૃષ્ણામાંથી જળની માફક...**' ઝાંઝવામાંથી જળ પ્રાપ્ત થતું નથી એમ '**વિષયોમાંથી સુખને ઈચ્છે છે...**' પણ સુખ ત્યાં છે નહિ. એ પૈસા, બાયડી, છોકરા, કુટુંબ ને ધૂળ ધમાહા, ઈન્દ્રપદ મળ્યા. દુઃખ... દુઃખ... દુઃખ... દુઃખ... તૃષ્ણા... તૃષ્ણા... તૃષ્ણા... દુઃખી, દુઃખની જ્વાળાએ સળગે છે કહે છે. દુનિયા એને સુખી અજ્ઞાનીઓ કહે છે. આ શેની વાતું ચાલે છે આ? પુણ્ય અને પુણ્યના ફળ કેવા છે. શુભ ઉપયોગ. આહા..હા..! બાપુ! શુભભાવ છે એ તો રાગ છે, શુભરાગ છે. એનાથી બંધ થાય, એનાથી ફળ બહાર આ મળે, એમાંથી તૃષ્ણા વધશે તને.

મુમુક્ષુ :- પણ નરકમાં તો ન જાવું પડે.

ઉત્તર :- અરે..! એના ફળમાં તૃષ્ણા હજી વધી જાય (એટલે) નરકમાં જાય હેઠો. પુણ્યના ફળ તરીકે હોં, આ બાહ્ય સામગ્રી મળ્યા પછી. સમજાણું કાંઈ?

**'વિષયોમાંથી સુખોને ઈચ્છે છે અને તે દુઃખસંતાપના વેગને નહિ સહી શકવાથી...'** દેખો! દુઃખદાહ, દુઃખની બળતરા, પીડા. ધંધો કરવા દેવા ન જાય તો બળે બળતરા. કારણ કે ૨૫-૨૫ વર્ષથી ધંધા કર્યા હોય, ૩૦-૩૦ વર્ષથી હોળી સળગી હોય. દુકાને જવા નહિ દો તો મરીશ એમ કહે. દુકાને લઈ જાવ. શું છે પણ આ હોળી? એ.. છગનભાઈ! પક્ષઘાત થયો હોય અડધો, તો કહે ખુરશીમાં બેસાડીને લઈ જાવ. એવી તૃષ્ણા-તૃષ્ણા. આહા..હા..! ભગવાન આત્મા આનંદકંદ સ્વરૂપ છે તેના તો ભાન નથી એને. પોતાની જાતની તો ખબર નથી અને કજાતની તૃષ્ણામાં દોરાઈ ગયો, દુઃખી... દુઃખી... દુઃખી છો. સમજાણું કાંઈ?

**'તે દુઃખસંતાપના વેગને...'** દેખો! દુઃખ સંતાપનો વેગ આવે એને. જોર આ ઉભરો જેમ દૂધમાં આવે ને, એમ એને તૃષ્ણાનો વેગ આવે. આમ કરું... આમ કરું... આમ કરું. શું છે પણ આ? હું જીવીશ ત્યાં સુધી મારું કામ કરીશ અને તમને કરાવીશ. ત્યાં સુધી સખ આવવા દઉં નહિ. એમ કહે લ્યો. આહા..હા..! એઈ..! દુકાને આવવાની ના પાડે છે છોકરાઓ કે બીજા. દુકાને બાપુ શું કરવા વહેલા આવો છો? હું વહેલો આવીશ છ વાગે, પાંચ વાગે અને બધાને ઉઠાડીને કામ કરીશ. આહા..હા..! જુઓ તૃષ્ણા ફાટી. દુઃખી બિચારા દુઃખી છે, ઈ કહે છે. આહા..હા..!

એ **'દુઃખસંતાપના વેગને નહિ સહી શકવાથી વિષયોને...'** શબ્દ, રૂપ, રસ આબરૂ માટે. આબરૂ પણ વિષય છે ને. નાક રાખવા માટે મરી જાય બિચારા. આબરૂ રાખવા ખેંચાઈને મરે તૃષ્ણામાં. **'ક્યાં સુધી? વિનાશ (-મરણ) પામે ત્યાં સુધી.'** મરે ત્યાં સુધી. મરવાની છેલ્લી ઘડી સુધી પણ એને તૃષ્ણા મટે નહિ. આ દુઃખી બિચારા મરીને ચાર ગતિમાં પુણ્યના ફળ તરીકે મળ્યું, જાશે હેઠે. કહો, શુભભાવ કર્યો હતો એમાં ફળ આ મળ્યું અને એમાં તૃષ્ણા વધી ને જાશે હેઠે અધોગતિ. આહા..હા..! જ્યાંથી પાછું માણસપણું મળવું મુશ્કેલ છે. એવી વાત છે ભાઈ!

માટે કહે છે કે આવું મનુષ્યપણું મળ્યું ભાઈ! તારું સ્વરૂપ આનંદ છે, શુદ્ધ છે એની દૃષ્ટિ કર, તને તૃષ્ણા ઘટી જશે. તારી રુચિ સ્વભાવ ઉપર રહેશે. પુણ્ય પરિણામ આવશે પણ એની રુચિ રહેશે નહિ. રુચિ રહેશે નહિ એટલે એ હેયબુદ્ધિએ થશે. એ તને પરતંત્રતા આપશે નહિ. સામગ્રી મળશે, પણ હેયબુદ્ધિએ રહેશે. સમજાણું કાંઈ? આ તો ઉપાદેયબુદ્ધિએ કામ કર્યું છે તો એના ફળ તરીકે ઉપાદેયબુદ્ધિ ત્યાં રહેશે અને હેરાન થાશે મરતા.

**'કોની જેમ? જળોની જેમ.'** કોની પેઠે કહે છે મરણ પામશે? **'જળોની જેમ.'**

આ જળો હોય છે ને જળો. લોહી પી પીને પોઢી થાય. માથામાં હોય છે ને ઓલું લોહી ચૂસે. પોઢી થાય ને પછી ફાટે, મરી જાય. બહુ ફાટે ને પી પીને મરી જાય. એની માફક. **'જેમ જળો, તૃષ્ણા જેનું બીજ છે એવા વિજય પામતા દુઃખાંકુર વડે...'** દેખો! દુઃખના અંકુરનો વિજય છે ત્યાં તો, કહે છે. આહા..હા..! આત્મા તો હારી ગયો છે ત્યાં. ભારે પણ ઓપ આપીને શોભાવ્યું છે. **'વિજય પામતા દુઃખાંકુર વડે...'** એ તો દુઃખના અંકુરનો વિજય છે ત્યાં તો. એ પુણ્યના ફળમાં ધૂળમાં અને શરીર સુંદર ને બધું અનુકૂળતામાં દુઃખના અંકુરનો વિજય છે. એ દુઃખની ઉત્પત્તિનો વિજય છે ત્યાં. આનંદની ઉત્પત્તિનો નાશ છે. આહા..હા..! ઓલો .. પામે. કારણ કે શુભભાવ વખતે જ આત્માના આનંદનો નાશ થયો કહે છે. સમજાણું કાંઈ? શુભભાવ વખતે જ આત્મા આનંદ શુદ્ધ છે એનો અંશે નાશ થયો. એથી એના ફળ તરીકે મળ્યું એમાં પણ દુઃખના અંકુરનો જ વિજય છે. દુઃખના અંકુરો ફાટશે, એની જાહેરાત છે, વિજયપણું એનું છે. તારા આત્માનું ત્યાં વિજયપણું નથી. આહા..હા..!

**'વિજય પામતા દુઃખાંકર વડે ક્રમશઃ આક્રાંત થતી હોવાથી,...'** ઓલી જળો. **'ખરાબ લોહીને ઈચ્છતી અને તેને જ ભોગવતી થકી વિનાશપર્યંત ક્લેશ પામે છે,...'** પહેલી દુઃખી થાય, ફાટે શરીર જળોને, પછી મરી જાય. એમ અજ્ઞાનીઓ **'તેમ આ પુણ્યશાળીઓ પણ...'** દેખો! એ પુણ્યશાળીઓ. ભાષા કેવી કરી જુઓ! પૂર્વના શુભભાવથી મળ્યું પુણ્ય અને એના પુણ્યશાળીઓ એ **'પાપશાળીઓની માફક,...'** અળખા કર્યા. જેમ જળો લોહી પીતા પીતા મરી જાય (ત્યાં) સુધી પીવું છોડે નહિ. એમ અજ્ઞાની પુણ્યના ફળ તરીકે જે સામગ્રી મળી મરતા સુધી પણ તૃષ્ણા મૂકે નહિ. દુઃખનો જાહેર વિજય છે ત્યાં. દુઃખની પ્રસિદ્ધિ છે ત્યાં. આત્માના આનંદનું ખૂન છે ત્યાં એમ કહે છે. આહા..હા..! સમજાણું? માટે શુભભાવ તે હેય છે અને આત્માનો ભાવ શુદ્ધ તે ઉપાદેય છે એમ સિદ્ધ કરવું છે. ભારે આકરું માણસને લાગે. ભાઈ! હવે શુભભાવ કરે છે કાંઈક તો કાંઈક કાંઈક ધર્મનો અંશ હશે કે નહિ?

મુમુક્ષુ :- કરવા દ્યો તો ને.

ઉત્તર :- પણ કરે છે જ ક્યાં? છે તારું. તારું પુણ્ય છે એ તો છે. પણ એમાં તને આત્મા ક્યાં? શાંતિ ક્યાં છે? સમજાણું કાંઈ? કેટલાક કહે, આમ જો પુણ્યના ફળનું આવું કરશો તો પછી બધા છોડી દેશે. કોણ છોડે? સાંભળને! એની પર્યાયમાં જે ભાવ આવવાનો છે એ ક્રમસર આવશે અને અજ્ઞાની એમાં દોરાઈ જશે. અહીં તો દૃષ્ટિ ત્યાં દોરાઈ છે એને છોડીને આત્મા ઉપર દૃષ્ટિ કર એમ કહેવા માગે છે. આહા..હા..! સમજાય છે?

**'પુણ્યશાળીઓ પણ, પાપશાળીઓની માફક,... '** લ્યો ઠીક! શું કહ્યું ત્યાં? **'पुण्यशालिनः पापशालिन इव'** લ્યો! શબ્દ એ પડ્યા છે. **'તૃષ્ણા જેનું બીજ છે એવા**

**વિજય પામતા દુઃખાંકુર વડે...'** તૃષ્ણા... તૃષ્ણા... તૃષ્ણા... તૃષ્ણા... કેટલું વધ્યું! ઓહો..હો..! સમજાણું? દશ-દશ કરોડ, વીસ-વીસ કરોડ રૂપિયા એક આદમી પાસે છે અત્યારે. દશ કરોડ તો પહેલાના હતા. પણ અત્યારે તો હીરા-માણેકના બહુ ભાવ વધી ગયા એટલે દશ કરોડનું કેટલું કહેવું એમ કહે છે. દશ કરોડ તો પહેલાના કહેતા. હીરા-માણેક ઘરે ભર્યા છે બધા હોં. દશ કરોડના પહેલા, ઘણા વર્ષ પહેલાં. એ પણ વેચે નહિ એટલે અત્યારે એની કિંમત કેટલી થઈ ગઈ હશે. ચાલીસ કરોડ કે પચાસ કરોડવાળો.

મુમુક્ષુ :- વેચે જ નહિ.

ઉત્તર :- વેચે જ નહિ ને સામું જોવે નહિ ને. પણ ઘરે એક દરજી બેસાડ્યો હોય કામ કરવા અને ઓલી આવે છે ને ઓલી ગરેડી દોરાની, એ જો બેસાડ્યો હોય અને એ જો ક્યાંક નાખી દીધી હોય તો કહે, લાવો નહિતર એ પૈસા નહિ દઉં. અરે..! ભારે ભાઈ! ઘરે દશ કરોડ તો કે દિ'ના પડ્યા છે હોં! અત્યારે છે એ માણસ અને અત્યારે હીરા-માણેકની બહુ કિંમત વધી ગઈ એટલે કેટલા કરોડો (વધી ગયા). હમણાં જ કહેતા હતા ને ભાઈ. દીપચંદ શેઠિયા કહેતા હતા. એની કિંમત નહિ, એકલા માણેક અને હીરા જ પડ્યા છે ઘરે. દશ કરોડના ઘણા વર્ષના. વાપરે નહિ. પણ સઈ બેસાડ્યો હોય ને એમાં ઘરે કાપડમાં, એ ગરેડી ક્યાં નાખી દીધી? કહો, હવે આવા .. વાતું. બિચારા ભિખારી દુઃખી છે. અને નોકર રાખે એને શીશી થઈ રહી હોય શીશી ખાલી, જો આ જ્યાં વેચાય ત્યાં ત્રણ આના બરાબર લાવજે. શીશીના ત્રણ આના ઉપજશે. હવે તારે આ તે કેટલી તૃષ્ણા પણ? એ શીશી ખાલી પડી હોય ને ખાલી દવાની, એને વેંચી આવજે. નોકર રાખ્યો હોય એને સો કે બસ્સોનો પગાર આપતા હોય, એને કહે ત્રણ આના લાવજે હોં. ઓછા પૈસા લાવીશ નહિ. ભારે ભાઈ! એ આ પુણ્યશાળીઓ પાપશાળીની પેઠે દુઃખી છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

ભગવાન આત્મા, એ શુભ અને અશુભ રાગ વિનાની ચીજ છે એની દૃષ્ટિ અને જ્ઞાન કર તો સુખ છે, ધર્મ છે, બાકી છે નહિ, એમ સિદ્ધ કરે છે. બાકી તું શુભભાવમાં ધર્મ માનતો હો તો મરી જઈશ એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! શુભભાવ તો કરીએ છીએ ને અમે? ધર્મ તો કરીએ છીએ ને? ક્યાં પાપ કર્યું છે? પણ એ શુભભાવ એ પોતે જ આત્માના સ્વભાવથી વિરુદ્ધ છે એ પાપભાવ છે. સાંભળને! નિશ્ચયથી તો એ પાપ છે. સમજાણું કાંઈ? ગળે ઉતરવું આકરું ભારે જગતને. એવી મીઠાશ બહારની ને. અંતરમાં ચીજ કોઈ મહાન વીતરાગમૂર્તિ આનંદકંદ છે, શુદ્ધ સ્વભાવનો એકલો સાગર છે એની તો ખબર નથી. શ્રદ્ધાની ખબર ન મળે, જ્ઞાનની ખબર ન મળે, માહાત્મ્યની ખબર ન મળે અને આચરણની તો ખબર ક્યાંથી હોય? કહો, સમજાણું કાંઈ?

એ **'તૃષ્ણા જેનું બીજ છે એવા વિજય પામતા દુઃખાંકુર વડે ક્રમશઃ આક્રાંત**

**થતા હોવાથી,...'** અરે..! આ ખાઈ શકતો નથી, આ પી શકતો નથી. કેટલા તો ઈંજેક્શન લેવા પડે દરરોજ એને. આહા..હા..! ગોળીના પાર ન મળે. એક તો શેઠિયો એવો હતો મોટી તળાઈ રાખે સાત હાથનું લાંબુ .. સાત હાથની તળાઈ લાંબી. આમ લાંબી હોં. સૂવાની તો ઠીક. અહીંથી અહીં આળોટે તો ઊંઘ ન આવે. આખા ઓરડામાં એક જ હોં. આમથી આમ આળોટે. અને એ પણ પાછું કાંઈક લેવું પડે ઓલી આવે છે તમારે ગોળીયું ઊંઘની. અરે..! પણ ક્યાં સુધી આ ગોળીયું લેશો? મરી જશો તમે. એમ કે વધતા વધતા સાત-આઠ ગોળી થઈ ગઈ છે રાતે સૂતા સૂતા. અને પૈસાવાળા કરોડોપતિ હોય લ્યો! દુઃખી છે બિચારા. અરે..! આ શુભભાવના ફળ તરીકે દુઃખની તૃષ્ણામાં પડ્યા છે. એટલે શુભભાવ આત્માને હિતકર નથી એમ સિદ્ધ કરવું છે. આહા..હા..!

**'તેમને જ ભોગવતા થકા વિનાશપર્યંત (-મરણ પામતાં સુધી) ક્લેશ પામે છે.'** બિચારા કહે છે. એને સુખ છે નહિ. સુખ તો, ભગવાન આત્મા એ પુણ્ય-પાપના રાગ વિનાની ચીજ છે તેની દૃષ્ટિ અને જ્ઞાન કરતાં સુખ છે, બાકી સુખ બીજે ક્યાંય છે નહિ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક વદ ૪, શનિવાર, તા. ૯.૧૧.૧૯૬૮**
**ગાથા-૭૫-૭૬, પ્રવચન-૬૧**

... આ કહીએ છીએને હવે. છેલ્લો શબ્દ એ નથી ને. શું કહે છે એ શબ્દમાં? જુઓ, **'આથી પુણ્યો સુખાભાસ એવા દુઃખનાં જ સાધન છે.'** એટલે શું કહ્યું? કે જે પાપના પરિણામ છે અશુભ, એ તો દુઃખનું સાધન છે જ, પણ પુણ્યના પરિણામ દયા, દાન, ભક્તિ, પૂજા, વ્રત આદિ ક્રિયાનો વિકલ્પ શુભરાગ, દયા-દાનનો શુભરાગ કે ગુણ-ગુણી ભેદનો શુભરાગ એ પણ દુઃખનું જ કારણ છે. કહો, વજુભાઈ! એમ કહે છે.

મુમુક્ષુ :- કઠણ પડે એવું છે.

ઉત્તર :- કઠણ પણ એણે સમજવું પડશેને?

અહીં જુઓ, જેવો શુભભાવ... પૂર્વે અશુભભાવ કર્યો હોય એ પણ ઈન્દ્રિયના વિષયોમાં લક્ષ કરાવીને દુઃખરૂપ જ ભાવ થાય છે. એને પ્રતિકૂળ મળે. અને આ શુભભાવ છે એને ઈન્દ્રિયના વિષયો અનુકૂળ મળે, તો એમાં એના તૃષ્ણાનું બીજ ત્યાં તૃષ્ણા રોપાય છે. આ કરું, આ લઉં, આ લઉં. એટલે શુભના પરિણામનું ફળ પણ દુઃખ જ છે. કહો, સમજાણું

કાંઈ? એ શુભભાવથી કદાચિત્ લક્ષ્મી મળે, શરીરાદિ બહાર મળે, પણ એ પદાર્થમાં તૃષ્ણા જ ઉત્પન્ન કરશે એને. એટલે જેવો અશુભભાવ દુઃખ સાધન છે, એવો શુભભાવ દુઃખનું જ સાધન છે.

મુમુક્ષુ :- કાંઈક એમાં અપવાદ તો રાખો.

ઉત્તર :- જરીએ અપવાદ નથી નિશ્ચયમાં. કહો, છે પણ આમાં શું કહ્યું જુઓને. **'આથી પુણ્યો...'** પુણ્ય એટલે શુભભાવથી ઉત્પન્ન થયેલા બંધ એ **'સુખાભાસ એવા દુઃખના જ સાધન છે.'** સામગ્રી બહાર મળે એમાં એની તૃષ્ણા વળે એ દુઃખનું બીજ છે તૃષ્ણા. ઝીણી વાત છે. સમજાણું કાંઈ? કાંતિભાઈ! એમ કહે છે અહીં. પ્રવચનસાર, કુંદકુંદાચાર્ય, જ્ઞાનતત્ત્વ અધિકાર. એટલે કે આત્મા જ્ઞાનસ્વરૂપ ચિદ્દ્ઘન છે એની દૃષ્ટિ અને એનો શુદ્ધ ઉપયોગ જ આત્માને હિતકર છે. એ સિવાય એના સ્વભાવથી વિરુદ્ધ અશુભભાવ તો દુઃખદાયક છે એ તો સીધી વાત છે, પણ ભક્તિ અને દયા, દાનના વિકલ્પો કે પૂજા આદિનો ભાવ ભગવાનની કે ગુરુની અને નામસ્મરણ આદિનો શુભભાવ કે ગુણ-ગુણી ભેદનો વિકલ્પ એ શુભભાવ પણ અશુભ સમાન દુઃખનું સાધન છે. કહો, શશીભાઈ! એઈ..! ચંદ્રકાંતભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કરે ન કરે એનો પ્રશ્ન છે ક્યાં? એ તો એને આવ્યા વિના રહે નહિ. જ્યાં સુધી પૂર્ણ દશા (ન થાય ત્યાં સુધી) આવે એ જુદી વાત છે, પણ છે એ દુઃખનું સાધન. આત્માના સ્વભાવના સુખનું સાધન નહિ. સમજાણું કાંઈ?

આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે એને અંદરમાં આશ્રય કરવામાં શુભભાવ બિલકુલ સહાય અને મદદગાર નથી એમ અહીં સિદ્ધ કરવું છે. ભગવાનની વાણીમાં ત્રિલોકનાથ પરમાત્માની દિવ્યધ્વનિ, દિવ્યધ્વનિ કહો કે પ્રવચનસાર કહો, પ્ર-વિશેષે વચનો એમાં આ આવ્યું છે અને એ એમ છે કે આત્મા તો જ્ઞાન અને આનંદનો સ્વભાવ એનો છે અને એ સ્વભાવી વસ્તુ ત્રિકાળ છે. એવો સ્વભાવી અને સ્વભાવ એની દૃષ્ટિ કરવી અને એમાં એકાકાર થવું એ દર્શન અને ચારિત્ર એ સુખરૂપ છે, એ ધર્મનું કારણ છે, એ ધર્મનું સાધન છે અને મોક્ષનું એ કારણ છે. સમજાણું કાંઈ?

**'પુણ્યો સુખાભાસ...'** સુખ નથી. એ શુભભાવથી મળેલી સામગ્રી પાંચ, પચાસ લાખ ધૂળ કે શરીર સુંદર કે સ્ત્રીઓ ને એ બધું સુખાભાસ (છે). આમાં ઠીક છે એવો ભાવ સુખાભાસ (છે). સુખ નથી પણ દુઃખ છે એ તો. સમજાય છે કાંઈ? એ શેઠિયા, રાજા, રંક કે મોટા દેવો એ બધા, મળેલી સામગ્રીને ઈચ્છતા (દુઃખ ભોગવે છે). જુઓ, છેલ્લે એમ કહેશે આગળ જુઓ. **'પુણ્યજનિત સામગ્રીને—અવલંબતો હોવાથી, પુણ્યો સુખાભાસ એવા દુઃખનાં જ આલંબન-સાધન છે.'** સમજાણું કાંઈ? આહા..હા..!

ભાવાર્થ હવે એનો. '**જેમને સમસ્તવિકલ્પજાળ રહિત...**' એ શુભ અને અશુભ તો વિકલ્પ છે બેય, રાગ છે, બંધનું કારણ છે, દુઃખના સાધન છે. વીતરાગ માર્ગ એવો છે કે જગતને અંદર સાંભળતા (કઠણ લાગે છે). સમજાણું? અશુભભાવમાં તો શી વાત કરવી? વિષય-વાસના અને વૃત્તિ કામ ક્રોધની એ તો પાપ દુઃખરૂપ, દુઃખનું સાધન છે. એ તો પ્રતિકૂળતાનું વળી સાધન છે. સમજાય છે કાંઈ? પણ આ તો અનુકૂળતાનું સાધન એ દુઃખનું સાધન છે. આહા..હા..! કારણ કે એમાં લક્ષ જશે એટલે તૃષ્ણા થશે ત્યાં તો, આ હો... આ હો.. જુઓને આ પૈસાવાળા બધા દુઃખી-દુઃખી છે બિચારા. સંતોષ નથી ક્યાંય. આ કરો ને આ કરો ને જીન કરું, મિલ કરું, આ કરું, સંચા કરું. સમજ્યાને? શું કહેવાય એ તમારે? ફેક્ટરી કરું, એમાંથી આમ કરાવું. હોળી, તૃષ્ણા પુણ્યના ફળ તરીકે આવ્યું એની તૃષ્ણામાં બળી રહ્યા છે કહે છે. ભગવાનજીભાઈ! દુઃખી છે. એ શુભભાવના ફળ એ દુઃખના સાધન છે. એય..! હિંમતભાઈ! આવો ભારે વીતરાગનો માર્ગ! ભગવાન કહે છે કે અમને પૂજો અને અમારી ભક્તિ કરો અને અમારા મુનિને આહાર દ્યો એ શુભભાવ દુઃખનું સાધન છે. હાય.. હાય.. એ.. વજુભાઈ!

મુમુક્ષુ :- આકુળતા થાય?

ઉત્તર :- આકુળતા છે ને, વિકલ્પ છે ને. અહીં તો વીતરાગમાર્ગ છે ભાઈ! સર્વજ્ઞ આત્મા. સર્વજ્ઞ એટલે વિજ્ઞાનસ્વરૂપ અને નિર્દોષ એટલે કષાયરહિત સ્વભાવ છે. એના સ્વભાવના સાધન પ્રગટવામાં એ શુભરાગ સાધન નથી એમ સિદ્ધ કરવું છે. સમજાય છે? એ આત્માની શાંતિ કે ધર્મ પ્રગટવામાં એ શુભરાગ બિલકુલ સાધન નથી. એ શુભરાગ તો દુઃખનું સાધન એમ આમ ગુંલાટ ખાય છે વાત. અહીં તો સાધન નથી, પણ સુખના સાધન મળશે, તેનું અવલંબન ત્યાં જશે રાગનું એ દુઃખનું સાધન છે, ભાઈ!

મુમુક્ષુ :- દેવ-ગુરુ-શાસ્ત્ર તો મળે ને.

ઉત્તર :- દેવ-ગુરુ-શાસ્ત્ર મળે પણ એ તો પરદ્રવ્ય છે. તેનું લક્ષ જશે એ તો રાગ છે.

મુમુક્ષુ :- ત્યાં જાય તો દુઃખ થાય?

ઉત્તર :- એવી વાત છે, ભાઈ! એવો માર્ગ આકરો ભારે જગતને. આહા..હા..!

ઓલા વળી રજનીશ તો અશુભરાગ, વિષયવાસના... બહુ કોલાહલ ચાલ્યો છે હોં. આ ગુજરાત સમાચારમાં બહુ આવ્યું છે આજ. કો'ક લાવ્યું હતું. બહુ બનાવ્યું છે. ગાંધી-બાંધી બધા હત્યારા હતા. આવા ને આવા. ખૂબ લખ્યું છે. ગાંધીનું, ઓલા નહેરુનું બધાનું આવ્યું છે. બહુ આગળ એકદમ બધે અટક્યો છે. આહા..હા..! તમારે શું કરવું છે? મારે તો બધાને એકસરખું બસ આમ. ફલાણું થાય, સુખી થાય. ગરીબ કોણ? દરિદ્ર નારાયણ એ શબ્દ કેમ વાપર્યો? ગરીબ માણસોને માટે આવી હરકત? ગજબ વાત છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો કો'ક હશે. કો'ક કહે, ખુન કરશે.

અહીં તો ભાઈ! આત્મા પદાર્થ છે-વસ્તુ છે, એ જ્ઞાન અને નિર્દોષ રાગરહિત સ્વભાવ છે. વસ્તુ એવી છે. કારણ કે કોઈ માણસને નિર્દોષતા પ્રગટ કરવી છે અને સદોષતા ટાળવી છે તેનો અર્થ શું થયો? કોઈ હિત કરનારને સદોષતા ટાળવી છે અને નિર્દોષતા પ્રગટ કરવી છે. હવે નિર્દોષતા પ્રગટ કરવી છે એ શું છે? નિર્દોષતા એટલે રાગરહિત નિર્દોષ દશા. હવે નિર્દોષદશા પ્રગટ કરવી છે તો એ નિર્દોષદશા આવશે ક્યાંથી? સદોષદશા જાય, એમાંથી નિર્દોષ દશા આવે? તે સિદ્ધાંત જ, વસ્તુસ્થિતિ જ એવી છે કે નિર્દોષનું સ્થાન તો ભગવાન આત્મા છે. શુદ્ધ આનંદકંદ જ્ઞાનની મૂર્તિ નિર્દોષ પ્રગટ પર્યાયનું સાધન એ છે. સમજાણું કાંઈ? શુભ રાગાદિ સાધન નથી પણ શુભરાગ દુઃખનું સાધન છે એ સિદ્ધ કરવું છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

આવો વીતરાગ માર્ગ છે, ભાઈ! અપૂર્વ માર્ગ છે. સમજાણું કાંઈ? લોકોને સાંભળવા મળતો નથી અને લોકો ત્યાં અટકીને શુભરાગ મને સાધન છે, હળવે હળવે કરતા કરતા એમાં થશે, એ મિથ્યાદૃષ્ટિ એને કષાયની તીવ્રતા છે અભિપ્રાયમાં. એ શુભરાગથી લાભ થશે એવો અભિપ્રાય છે એ તીવ્ર કષાય છે. કારણ કે મિથ્યાત્વ એ તીવ્ર કષાય છે. તીવ્ર કષાય એટલે? આત્માની શાંતિને તીવ્ર ઘાત કરે છે. સમજાણું કાંઈ? આ ચીજ જ આખી સંસારની દશાથી ગુલાંટ ખાય છે આ તો આખી વાત. શાંતિભાઈ! કહો, આવો માર્ગ છે. લ્યો આજે આવ્યું છે. ત્યારે કહે, કરો છો (કેમ)? ભાઈ! કરે કોણ એ તો શુભવિકલ્પ હોય છે, થવા કાળે તેને કારણે થાય છે. શું આત્મા કરી શકે છે મંદિર ને આ બધા બહાર? આહા..હા..!

મુમુક્ષુ :— આ કર્યું ને ભાવનગરનું.

ઉત્તર :— હા, એ માટે તો આ વાત કહીએ છીએ. આ આવ્યા જુઓને કેટલા અથડાય છે. બબ્બે દિ' તો ઉંઘ આવતી નથી. આ પૈસાવાળા માણસ કહેવાય. કહેવાય. આહા..હા..! અને એને ધગશ ઘણી છે બિચારાને, પણ અંદર ઓલા લાવવા ક્યાંથી? આરેરે..! ભારે! કહો, સમજાણું કાંઈ? અહીં તો કહે છે કે એ કાળે જે થવાની ક્રિયા તો બહારની થવા કાળે થશે જ, એનો કર્તા કોઈ બીજો નથી. એઈ..! ક્યાં ગયા ચંદુભાઈ આ છે અમારે મંત્રી છે ને બે ઠેકાણે. ત્યાંના અને અહીંના લ્યો! કર્તા હશે નહિ?

મુમુક્ષુ - ગયા હતાને હમણા જયપુર.

ઉત્તર :- જયપુર જઈ આવ્યા. કોણ કરે? ભગવાન! એક પરમાણુ-રજકણ પણ સ્વતંત્ર દ્રવ્ય છે તેની તે કાળે જે સમયે જે પર્યાય થવાની તે તેનાથી થાય. તે દ્રવ્યથી થાય એમ કહ્યું, પણ એ પર્યાય સ્વતંત્ર થાય તે થાય એમ વાત છે. આહા..હા..! એવો કોઈ માર્ગ છે! એવો વીતરાગી નિર્વિકલ્પ થવાનો માર્ગ છે. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, અરે..! '**જેમને સમસ્તવિકલ્પજાળ રહિત...**' એ પુણ્ય અને પાપની

વિકલ્પજાળ છે એનાથી રહિત '**પરમસમાધિથી ઉત્પન્ન...**' ભગવાન આત્મા શાંત અનાકુળ આનંદથી ઉત્પન્ન થયેલો '**સુખામૃતરૂપ, સર્વ આત્મપ્રદેશે...**' સુખામૃત-સુખરૂપી અમૃત એવો જે સર્વ આત્મપ્રદેશે-અસંખ્ય પ્રદેશે '**પરમ-આહ્‌લાદભૂત સ્વરૂપતૃપ્તિ વર્તતી નથી...**' ઓહો..! ભગવાન આત્મા શાંત અનાકુળરસ વીતરાગસ્વરૂપ સચ્ચિદાનંદ એ જ વસ્તુ છે, એના સન્મુખની સમાધિ, સ્વરૂપની તૃપ્તિ, શાંતિની પ્રાપ્તિ વર્તતી નથી. એવા '**સમસ્ત સંસારી જીવોને નિરંતર વિષયતૃષ્ણા વ્યક્ત કે અવ્યક્તપણે વર્તે જ છે.**' પરપદાર્થની તૃષ્ણા વિકલ્પની જાળ, પરસન્મુખનો ઝુકાવ વ્યક્તપણે કોઈ સ્થૂળપણે હોય કે કોઈ સૂક્ષ્મપણે, પણ એ તૃષ્ણા પર તરફનું વલણ જ એ છે. ભગવાન જ્ઞાનાનંદમૂર્તિ તેનું એનામાં વલણ નથી. સમજાણું કાંઈ?

'**તે તૃષ્ણારૂપી બીજ ક્રમશઃ અંકુરરૂપ થઈ...**' દેખો! શુભભાવથી મળેલી સામગ્રી એના ઉપર તૃષ્ણા ફાટશે. આમ કરું, આમ ગોઠવું, આમ કરું, અહીં કાપડનો વેપાર ને આ ઢીંકણાનો વેપાર ને આ વેપાર. એવી જ અંદર તૃષ્ણા... તૃષ્ણા... તૃષ્ણા... ઓહો..હો..! છોકરા ચાર-પાંચ હોય તો એક છોકરાને અહીં ગોઠવું, એક છોકરાને અહીં ગોઠવું. ચાર દિશાએ વળી જાય. એક રાખું મુંબઈમાં, એક રાખું કલકત્તામાં, એક રાખું મૈસુરમાં, ઢીંકણું. શું છે પણ આ? એ બધા પુણ્યના સાધનમાં તૃષ્ણા ફાટે છે. એ દુઃખના અંકુર ફાલે છે. સમજાણું કાંઈ?

'**તે તૃષ્ણારૂપી બીજ ક્રમશઃ અંકુરરૂપ થઈ દુઃખવૃક્ષરૂપે વૃદ્ધિ પામતાં,...**' એ જ્યાં જેમ જેમ આગળ વધતું જાય તેમ દુઃખ વૃક્ષ ફાલે છે એને, દુઃખ ફાલે છે, એમાં આનંદ કાંઈ પ્રગટતો નથી. શુભભાવ થયો, પુણ્ય બંધાણું એમાં (મળી) સામગ્રી, એમાં તૃષ્ણા આમ ગઈ, વલણ તો આમ છે. આનું આમ કરું ને આનું આમ કરું, વ્યવસ્થા આમ કરું, એક કારખાનું કરું, બે કારખાના કરું, આ છોકરાને અહીં રાખું, આને અહીં રાખું. કહો, દાસ! ભારે વાત!

મુમુક્ષુ :- દુનિયાના બધા કામ મટી જશે.

ઉત્તર :- કોણ મટે? દુનિયાના જડના કામ જડ કર્યા વિના રહેશે? જડ પર્યાય વિનાનું જડ રહેશે? (જડની) પર્યાય તો જડનું કાર્ય છે, એ તો એનાથી થાય છે. આકરું કામ છે ભાઈ!

વીતરાગમાર્ગની એટલે આત્મમાર્ગની, વીતરાગમાર્ગ એટલે આત્મ માર્ગ, ભગવાન આત્મા શુદ્ધ જ્ઞાનાનંદ સ્વરૂપ એની તૃપ્તિની દૃષ્ટિ જેને નથી એ જીવો સંસારની તૃષ્ણાના બીજના અંકુર વૃદ્ધિ પામતા એ ઝાડ ફાલે છે પછી, કહે છે. વૃદ્ધાવસ્થા આગળ આવે, તૃષ્ણા ફાલી જાય એને. આમ કરશું... આમ કર્યું ને આમ કર્યું તો આમ થયું, આમ કર્યું તો આમ થયું. એમાં ૨૫-૨૫ લાખ, ૫૦ લાખ, કરોડ, બે કરોડ જુઓને તમારે. ચંદુભાઈ ને કેવા? કેશુભાઈ. એક મહિનામાં ૫૦ લાખ પેદા કર્યા હતા ખબર છે ને. એક મહિનામાં પચાસ લાખ. શું

છે એને અંદર? ૫૦ લાખ એટલે શું? અને ધૂળ એટલે શું? એ તો પર સામગ્રી છે જગતની ચીજ. તારો ઝુકાવ ત્યાં જાય તો તૃષ્ણાના બીજના અંકુરા ફાટે છે. દુઃખ ફાટે છે ત્યાં. આહા..હા..! જગતની દૃષ્ટિથી, આખી દુનિયાની દૃષ્ટિથી બીજી વાત છે. આ માર્ગ જ છે. આ વિના કોઈને શાંતિ ક્યાંય મળે એવું નથી. ફલાણાનું કરી દઉં, બધાનું થાય તો મને શાંતિ મળે એ ત્રણ કાળમાં વાત નથી. તારામાં શાંતિ પડી છે એની દૃષ્ટિ કર તો શાંતિ મળે. બાકી પુણ્યના-પાપના વિકલ્પથી શાંતિ મળતી નથી, પણ શાંતિ હણાઈ જાય છે. ભોગીભાઈ! એવું કામ છે આકરું.

મુમુક્ષુ :- ભોગીભાઈને બહુ રુચે છે.

ઉત્તર :- એને તો રુચે છે. આ તો ઓલા ભક્તિવાળાને એમ (લાગે કે) ભગવાનની ભક્તિથી જાણે મુક્તિ થઈ જશે. ભગવાનની ભક્તિથી, ગુરુની ભક્તિથી મુક્તિ થશે. હરામ છે (એમ) હોય તો. એ વીતરાગ માર્ગ, વીતરાગ એમ કહે હોં! નહિતર મોઢા સામું કોળિયો કોને ખરાબ લાગે? આ તો વીતરાગ એમ કહે. એમ કહે એ કાંઈ ઘરનું નથી, એ તો સ્વરૂપ જ એવું છે. ભાઈ! તારી જાત છેને ચૈતન્યમૂર્તિ એ તો જ્ઞાન ને આનંદ ને વીતરાગી સ્વભાવનું પૂર છે આત્મા. હવે એને પ્રગટ કરવા માટે રાગ સાધન કેમ હોઈ શકે? શુભ વિકલ્પ હો, હો ભલે પણ એ બાધક છે, વિરોધ કરનાર છે, શાંતિને લૂંટનાર છે, શાંતિનો સાધક નથી. આહા..હા..! આ શ્રદ્ધાને ગળે ઉતારવી. કાંતિભાઈ! વળી પાછા મંદિરો ચાર-ચાર લાખ, સાડા ચાર-ચાર લાખના (બંધાય). હવે એક મુંબઈમાં ચાર મંદિર થાશે. બે થયા અને બે થાશે.

મુમુક્ષુ :- એ એના કારણે થાય છેને.

ઉત્તર :- કોને કારણે થાય? ત્યાં થવાના ઢગલા ઊંચા માટે થાય છે. ચંદ્રકાંતભાઈ અને આ ચીમનભાઈ કરી દે છે ત્યાં? આહા..હા..!

મુમુક્ષુ :— આપની કૃપાથી...

ઉત્તર :— આહા..હા..! કોની પર્યાય ઉપર કૃપા કોની વર્તે? આહા..હા..! એ મારગડા જુદા ભાઈ! એ જન્મ-મરણના અંતના માર્ગ આ તો છે ભાઈ! સમજાય છે કાંઈ? જેમાં ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ પણ દુઃખરૂપ છે કહે છે. આહા..હા..! બીજા વિકલ્પ તો ક્યાં? ભક્તિનો વિકલ્પ દૂર રહી ગયો સ્થૂળ. કારણ કે એ તો પરલક્ષી જાય છે અને દયા, દાનના, વ્રતના, પૂજાના ભાવ પણ એ પુણ્ય છે, શુભભાવ પરલક્ષી છે. પણ અંદરમાં ગુણી આ અને ગુણ આ, ગુણી ભગવાન સ્વભાવવાન અને આ સ્વભાવ, સ્વભાવવાન અને સ્વભાવ, જ્ઞાયકભાવ અને ભાવવાન એમ ભેદ પાડતા પણ વિકલ્પ ઊઠે કહે છે. આહા..હા..! એ વિકલ્પ શુભભાવ છે, એ દુઃખનું સાધન છે. શાંતિભાઈ! શું છે આ? હવે આવા ભુજથી આવ્યા અને વાત આવી સાંભળવી? (મુમુક્ષુ :- એ જ સાંભળવા આવ્યા છે.) કહો, સમજાણું? ઓહો..હો..!

'**એવા સમસ્ત સંસારી...**' '**દુઃખવૃક્ષરૂપે વૃદ્ધિ પામતાં,...**' જુઓ, દુઃખના વૃક્ષરૂપે વૃદ્ધિ પામતા. કહે છે કે બીજનું અંકુર ફાટ્યો કે આમ થયું. પુણ્યના ફળ મળ્યા. આમ.. આમ... એનું વલણ ન્યાં જશે. કે પુણ્યના ફળનું અંદરમાં વલણ જશે? એ તો તૃષ્ણાનું અંકુર ફૂટ્યો એ દુઃખનું વૃક્ષ વધ્યું. સમજાણું કાંઈ? જુઓ, આ ભગવાન કુંદકુંદાચાર્યે બે હજાર વર્ષ પહેલાં કહેલું છે અને અમૃતચંદ્રાચાર્યે ૯૦૦ વર્ષ પહેલાં આ ટીકા કરી. દિગંબર સંત મુનિ વનવાસી હતા નગ્ન. માર્ગ આ છે ભાઈ! તારે શાંતિ જોઈતી હોય અને અશાંતિ ટાળવી હોય તો વસ્તુસ્વરૂપ જે શુદ્ધ ચિદાનંદ છે તેની દૃષ્ટિ કરીને ઠરવું એ એક જ માર્ગ છે. વચ્ચે વિકલ્પ આવે એ નુકસાન કરનાર છે, દુઃખદાયક છે, દુઃખના બીજ છે. તો પછી કરવું શું કરવા? કરવું શું? આવ્યા વિના રહે નહિ. જ્યાં સુધી વીતરાગ નથી ત્યાં સુધી આવ્યા વિના રહે નહિ. છતાં એ દુઃખનું સાધન છે એમ સમજવું જોશે. આહા..હા..!

છે? એમાં છે કે નહિ? જુઓ! '**એ રીતે દુઃખદાહનો વેગ અસહ્ય થતાં,...**' દુઃખદાહનો વેગ. પુણ્યના ફળ તરીકે જે આમ ઢગલા દેખે અને જ્યાં આમ દેખે ત્યાં વેગ અંદર આવે. આમ થાશે, આમ કરશું, આમ કરશું, છોકરાને આમ ગોઠવશું, ફલાણાને આમ ગોઠવશું, જમાઈને સારો રાખશું, જમાઈને આ થોડો ભાગ આપશું. પછી એ હુશિયાર છે તો ભલે આમ કરશે. ઢીંકણું. મારો હોળી સળગ્યા જ કરશે કહે. ચંદ્રકાંતભાઈ! આ તો સંસારની બધી... આહા..હા..! આમ થાશે ને પછી આમ થાશે.

પરમાત્મા પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ એમ ફરમાવે છે કે આત્મામાં થતો શુભ-અશુભભાવ હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના, કામ, ક્રોધ એ તો દુઃખનું સાધન અને વર્તમાન દુઃખરૂપ (છે જ) પણ આત્મામાં થતો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો શુભભાવ એ વર્તમાન દુઃખરૂપ અને દુઃખનું સાધન (છે). રાડ નાખે એવું છે આ. સમજાણું કાંઈ? આહા..હા..! શું કીધું જુઓને. એ દુઃખનો દાહ અસહ્ય થાય છે. શુભભાવ થાય એના ફળ તરીકે આ ઢગલા ધૂળના મળે, પૈસા, શરીર બહારનું, ધૂળ અને એનો વેગ ત્યાં જાય. આમ કરું ને આમ ઠેકાણે પાડું, આમ વધારું ને આમ વધારું. દુઃખી છે પ્રાણી, કહે છે. એ શુભભાવના ફળ તરીકે દુઃખનું સાધન છે. આહા..હા..! ભોગીભાઈ! એ તો વીતરાગ આમ કહે હોં! અજ્ઞાનીને તો સારું ન લાગે. આહા..હા..!

કહે છે, '**માટે જેમને વિષયોમાં પ્રવૃત્તિ જોવામાં આવે છે એવા દેવો સુધીના સમસ્ત સંસારીઓ દુઃખી જ છે.**' દેવ સુધીના. સ્વર્ગના દેવો જેને પુણ્યના ફળ તરીકે મળ્યા, પણ એ પણ બિચારા અસહ્ય દુઃખ સહન કરતા વિષયમાં ઝંપલાય છે પુણ્યના ફળ તરીકે, તો એ પુણ્યના ફળ તરીકે સુખી નથી પણ દુઃખી જ છે. કહો, સમજાણું કાંઈ? છેવટે કહ્યું જુઓ! '**આ રીતે દુઃખભાવ જ પુણ્યોને...**' શું કહે છે? દુઃખભાવ. શું કહે છે? જે શુભભાવથી બહાર ચીજ મળી એનામાં જે તૃષ્ણા આમ જાય છે એ દુઃખભાવ

જાય છે આમ, એ '**દુઃખભાવ જ પુણ્યોને—પુણ્યજનિત સામગ્રીને—અવલંબતો હોવાથી,...**' એ પુણ્યના ફળ તરીકે સામગ્રીને દુઃખભાવ અવલંબે છે. શુભભાવ અવલંબે? સમજાણું કાંઈ આમાં?

'**દુઃખભાવ જ...**' એટલે પુણ્યની સામગ્રી જે મળી, શુભભાવના ફળ તરીકે પુણ્ય બંધાણું અને એની અહીં ધૂળ મળી વગેરે. પાંચ-પચાસ લાખ, પૈસા, આબરૂ, શરીર, કીર્તિ, છોકરા-બોકરા. છોકરા-બોકરા એટલે આ બધા. '**આ રીતે દુઃખભાવ જ પુણ્યોને—પુણ્યજનિત સામગ્રીને...**' એ જે સામગ્રી મળી એને દુઃખભાવ જ એને અવલંબે છે, એનો આશ્રય કરીને લક્ષ ત્યાં જાય છે. સમજાણું કાંઈ? બહુ સરસ વાત છે. આ વીતરાગી માર્ગ એણે શ્રદ્ધવો પડશે, જો જન્મ-મરણના અંત લાવવા હોય તો. નહિતર રખડી મરે ચોર્યાસીના અવતારમાં. સમજાણું કાંઈ? બહુ આ વાત એવી. અનંતકાળ થયા રખડતા. એકેન્દ્રિયના ભવ, બે ઈન્દ્રિયના ભવ, પૃથ્વીના, પાણીના, અગ્નિના, કીડી, કાગડા, કૂતરા અનંતા-અનંતા ભવ કર્યા એ મિથ્યાત્વના ફળ તરીકે છે કહે છે. એ મિથ્યાત્વ એટલે? જે શુભભાવ થાય એમાં મને હિત છે એવો ભાવ તે મિથ્યાત્વભાવ છે. મારા હિતનું સાધન છે; એ દુઃખનું સાધન છે એને હિતનું સાધન માનવું એ મિથ્યા દૃષ્ટિ, મિથ્યા અભિપ્રાય છે. સમજાણું કાંઈ?

ભગવાન સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા ત્રિલોકનાથ પરમેશ્વર આ રીતે ફરમાવે છે. અશુભભાવની તો વાત શું કરવી? હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ, તૃષ્ણા, કામ, ક્રોધ ભાવ એ તો પાપ છે. એનાથી બંધાય પાપ અને એનાથી મળે પ્રતિકૂળતા. એ તો એક કોર રહી, એટલે એ તો દુઃખ જ છે. પણ શુભભાવ એ વિકલ્પ છે, સંયોગી ભાવ છે. શુભભાવ એ સંયોગી ભાવ છે, સ્વભાવભાવ નથી. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, નામસ્મરણ... સમજાય છે કાંઈ? એ બધા ભાવો શુભરાગ છે. આહા..હા..! અને એ શુભરાગનું ફળ પુણ્ય છે. પુણ્યના ફળમાં સામગ્રી ધૂળ મળે છે. એટલે દુઃખનો ભાવ જ એ સામગ્રીને અવલંબે છે. આ મને મળ્યું, આ મને મળ્યું, હું આને લઉં, આને લઉં. કહો, બરાબર હશે આમાં? પૂરેપૂરું? મોહનભાઈ! ક્યાં ગયા મોહનભાઈ નથી હમણાં? ચંદુભાઈના. નથી આવતા? ગયા. સમજાણું કાંઈ? આ રતિભાઈના ભાઈ. રતિભાઈ ડોક્ટર નહોતા? તમે તો ઓળખો, રાજકોટના છો. આહા..હા..!

એ ઓળખવો આત્મા છે. બીજાને તો ઓળખ્યા બહુ, કહે છે. અહીં તો કહે છે કે રાગને પણ ઓળખ્યો નથી તેં. એમ કહે છે. રાગને ઓળખ્યો ત્યારે કહેવાય કે એ દુઃખદાયક છે અને આત્મા આનંદદાયક છે (એમ અનુભવમાં આવે) ત્યારે રાગને ઓળખ્યો કહેવાય. કહો, સમજાણું કાંઈ? એને ઠેકાણે બાયડી, છોકરા આ બધું કહળ્યુ કુટુંબ અમને સુખ આપશે, આ માંદા હશું તો સેવા કરશે અને નાગા ભૂખ્યા ઢાંકશે. ધૂળેય નથી, સાંભળને હવે. ભિખારીની પેઠે, કહે છે, પુણ્યના ફળ મળ્યા એને દુઃખનો ભાવ અવલંબશે. સુખનો ભાવ અવલંબશે? એનું અવલંબન દુઃખનો ભાવ દેશે કે સુખનો ભાવ? તો એ શુભ પરિણામના ફળમાં પુણ્ય

અને પુણ્યના ફળમાં ધૂળ સામગ્રી આ બધી (મળે) એને દુઃખનો ભાવ અવલંબશે. વિકલ્પ છે એ એનું અવલંબન કરે એ દુઃખનો ભાવ છે. આત્માના સુખનો ભાવ ત્યાં અવલંબશે? આહા..હા..! સમજાણું કાંઈ?

**'દુઃખભાવ જ પુણ્યોને...'** એટલે? કે પુણ્યના ફળ તરીકે શુભ તરીકે ચાહે તો બહાર મળે. દુઃખનો ભાવ અવલંબશે. ભારે ગજબ વાત! અને ત્રણ લોકના નાથ મળે પુણ્યથી કહે છે લ્યોને. પણ એનું અવલંબન-લક્ષ જશે રાગ છે. એ દુઃખભાવ છે એનુ અવલંબન ત્યાં જશે. એય..! ભીખાભાઈ! ભોગીભાઈ! એવું કહે છે ભાઈ! આહા..હા..! પચવવું, એને પચાવવું પડશે, બાપુ! આહા..હા..! કહે છે, પુણ્યના ફળ તરીકે કદાચિત્ સમવસરણ મળ્યા, તીર્થંકર મળ્યા, વાણી મળી, પણ એને ભાવ જે અવલંબન છે, તે ભાવ તો દુઃખભાવ છે. એઈ..! એ પહેલા આપણે આવી ગયું છે ઘણું. કારણ કે વિકલ્પ ઊઠશે આના અવલંબનમાં અને વિકલ્પ તો રાગ છે. ચાહે તો શુભ હોય તો રાગ છે અને રાગ છે તે દુઃખભાવ છે. એ સુખભાવ છે? અને અનુકૂળતા મળી બીજી બધી, તો એને અવલંબનારો ભાવ તો દુઃખદાયક છે. ભારે વાત ભાઈ! આમ લક્ષ પર ઉપર જાય એ ભાવ કાંઈ સુખરૂપ હોય? પરાશ્રિત ભાવ તો રાગ છે અને રાગ છે તે દુઃખરૂપ છે. સ્વ-આશ્રિત ભાવ તે સુખરૂપ અને આનંદદાયક છે. આહા..હા..! એને આત્માની મહત્તાનો સ્વીકાર કરાવે છે અને રાગની તુચ્છતાનો તિરસ્કાર કરે છે. સમજાય છે? આ શ્રદ્ધાના બીજ નહિ વાવે એને અનુભવ નહિ થાય અને એને ચારિત્ર નહિ થાય અને એને મુક્તિ નહિ થાય. સમજાણું કાંઈ? એવી વાત છે. એય..! કાંતિભાઈ! નવાવાળાને એવું લાગે કે અરરર..! આ તે કાંઈ... પણ આ લખ્યું છે એમાં શું છે, આ જુઓને. આ ઘરની વાત છે? આ સોનગઢની છે?

મુમુક્ષુ :- ન્યાયથી સિદ્ધ થઈ શકે.

ઉત્તર :- ન્યાયથી પણ જે ભાવ સચ્ચિદાનંદ આત્મા અનાકુળ શાંતરસનો પિંડ પ્રભુ, એમાંથી વૃત્તિનું ઉત્થાન થાય પર તરફનું એ વૃત્તિ દુઃખરૂપ જ છે. ચાહે તો શુભ હો કે અશુભ. કહો, સમજાણું કાંઈ? કેમ હશે આમાં? ભીખાભાઈ!

**'હવે ફરીને પણ પુણ્યજન્ય ઇન્દ્રિયસુખનું ઘણા પ્રકારે દુઃખપણું પ્રકાશે છે :-**-' એક તો આમ ગયું તૃષ્ણા એ અપેક્ષાએ દુઃખ કહ્યું, હવે ઘણા પ્રકારે દુઃખ પ્રકાશે છે. મૂળ ગાથા. કેવું છે પુણ્યનું ફળ? ઇન્દ્રિયનું સુખ? એ બધા ઇન્દ્રિયના સુખ આપે શુભભાવ. કાંઈ અતીન્દ્રિયનું સુખ આપે? વિકલ્પ ઊઠે ચાહે તો દયા, દાન, ભક્તિ, પૂજા, વ્રતાદિનો વિકલ્પ એ અતીન્દ્રિય સુખ આપે? આહા..હા..! ઘણા પ્રકારે. આ બધા બોલ મૂકશે. પાંચ બોલ મૂકશે. ઓલા બધા પંડિતોને બિચારાને એવું લાગે છે આકરું. ભાઈ! એમ આકરું નથી બાપા! એ વસ્તુસ્થિતિ આવી છે હોં! પણ એને ન બેસે શું થાય? એને આમ બહારની મહિમા લાગી છેને. આમ બહારની મહિમા. ચૈતન્યસૃષ્ટિ ભગવાન અંતર પૂર્ણાનંદ પ્રભુ, અરે..!

એની મહિમા ન મળે, એને રાગની મહિમા. અને રાગની મહિમા જ્યાં સુધી રહેશે ત્યાં સુધી પ્રભુ આત્માનો તો અનાદર થશે. સ્વરૂપનો તો અનાદર થશે, એની અશાતના થશે, એનો વિરોધ થશે, એની વિરાધના થશે. સમજાણું કાંઈ? એ માટે ભગવાન કુંદકુંદાચાર્ય શુભભાવને દુઃખના સ્થાન તરીકે, ઘણાં પ્રકારના દુઃખના સ્થાન તરીકે વર્ણન કરે છે. આહા..હા..!

**सपरं बाधासहिदं विच्छिण्णं बंधकारणं विसमं।**
**जं इंदिएहिं लब्धं तं सोक्खं दुक्खमेव तहा।।७६।।**

**પરયુક્ત બાધાસહિત, ખંડિત, બંધકારણ, વિષમ છે;**
**જે ઇન્દ્રિયોથી લબ્ધ તે સુખ એ રીતે દુઃખ જ ખરે. ૭૬.**

એ શુભભાવના ફળમાં ઇન્દ્રિયના સુખો સાધન મળશે, એ દુઃખરૂપ છે એમ વિશેષ સિદ્ધ કરે છે. આહા..હા..!

'**જે ઇન્દ્રિયોથી પ્રાપ્ત થાય છે,...**' ઇન્દ્રિયોનું આમ થાય ને, લક્ષ ત્યાં જાય છે ને? '**તે સુખ પરના સંબંધવાળું,...**' છે. પરના સંબંધવાળું. આત્માના સંબંધવાળું છે? એ વિઘ્નવાળું છે. '**વિચ્છિન્ન,...**' નામ ત્રુટક છે. '**બંધનું કારણ અને વિષમ છે; એ રીતે તે દુઃખ જ છે.**' ઇન્દ્રિયના સુખો તે દુઃખ જ છે અને ઇન્દ્રિયના સુખો તે શુભભાવના ફળ તરીકે મળે છે. માટે ઇન્દ્રિયના સુખ દુઃખરૂપ છે, તેથી શુભભાવ પણ દુઃખરૂપ જ છે. અરેરે..! આમ કરશે તો આમ (થઈ જશે). તો ભગવાન પાસે જા અને કહે આની પાસે. કુંદકુંદાચાર્યને કહે પણ આમ શું કરવા આવું તમે કહ્યું? આ પાંચમા આરાના જીવોને માટે કહે છે કે કો'કને માટે કહે છે? કે અરે! અત્યારના જીવો સાધારણ છે તમે આટલી મોટી વાત ન કરો.

મુમુક્ષુ :- ભગવાનને ખબર નહોતી?

ઉત્તર :- ભગવાનને ખબર નહોતી? આ અમૃતચંદ્રાચાર્યને ખબર નહોતી? આ તો ૯૦૦ વર્ષ પહેલાં તો થયા છે. એ તો આ પ્રસિદ્ધ આ રીતે તાત્પર્યવૃત્તિમાં આમ કહે છે. ભગવાન આમ કહે છે, ભાઈ! વસ્તુનું સ્વરૂપ તો આવું છે પ્રભુ! આહા..હા..!

'**ટીકા :- પરના સંબંધવાળું હોવાથી,...**' એ શુભભાવ તરીકે પુણ્ય બંધાય, પુણ્ય બંધાય એમાં કાંઈ અબંધ પરિણામ તો નથી એ. પુણ્ય બંધાય અને બંધન તરીકેના પાપ કાળે આ બધું મળે બહારની સામગ્રી. એ પરના સંબંધવાળું છે. '**બાધાસહિત હોવાથી...**' વિઘ્ન છે. એમાં અશાતાનો ઉદય આવે તો ફટ દઈને ફરી જાય બધું લ્યો. '**તૂટક...**' છે. ઘડીકમાં આવે પાંચ-દશ વર્ષ અને વળી પાછું (વયું જાય). તડકો-છાયા... તડકો-છાયા... તડકો-છાયા... છે. ઘડીકમાં પાછા અનુકૂળતાના ઢગલા (જાય) અને ગરીબ થઈ જાય. એ તો ત્રુટક છે, કાંઈ એકધારું છે નહિ. એકધારું એક જિંદગીમાં પણ રહે છે?

'**બંધનું કારણ હોવાથી...**' જુઓ! ઇન્દ્રિયનું સુખ છે એ બંધનું કારણ છે. એનું કારણ

જે શુભ હતું એ બંધનું કારણ છે અને એનાથી મળ્યા સુખના સાધનો એ પણ બંધના કારણ છે એમ કહે છે. આહા..હા..! **'અને વિષમ હોવાથી,...'** વિપરીત છે. આત્માના સુખથી તે ભાવ વિપરીત છે. **'પુણ્યજન્ય હોવા છતાં...'** એ પુણ્યથી ઉત્પન્ન થયેલા ઇન્દ્રિયના સુખ હોવા છતાં પણ દુઃખ જ છે. આહા..હા..! આમ કહ્યાગરા છોકરા, કહ્યાગરી બાયડી, કહ્યાગરી છોકરાની વહુરું, પૈસા, ઘરે ઘોડા આવે તો સુંવાળા, ભેંસુ આવે તો સારું દૂધ આપે, ગાયું આવે તો સારા... શું કહેવાય ઓલી? કામધેનુ જેવી. કામધેનુ ગાય નહોતી વઢવાણમાં એક? દાદભાને ત્યાં હતી, ચુનીભાઈને. જ્યારે જોવે ત્યારે દૂધ આપે. કામધેનુ જ્યારે જોઈએ ત્યારે. કાંઈ રહ્યું નહિ. પછી પાછળથી બધો ફેરફાર થઈ ગયો. કામધેનુ ગઈ, બધું ગયું.

મુમુક્ષુ :- કામધેનુ ગઈ પછી ગયું.

ઉત્તર :- એ તો કામધેનુ હતી એ તો પૂર્વનું પુણ્ય હતું એટલી ચીજ હતી, એ ગયું અને પછી ફેરફાર બધો થઈ ગયો. એ તો બહારની ચીજ છે. ચડતી-પડતી છાયા છે. એ કાંઈ એકરૂપ વસ્તુ રહેતી નથી.

**'પુણ્યજન્ય હોવા છતાં...'** એ પુણ્યથી મળેલી સામગ્રી (હોવા) છતાં એ **'દુઃખ જ છે.'** આહા..હા..! સારા દીકરા મળ્યા હોય તો દુઃખ? શું હા? પણ હીરોભાઈ, આહા..હા..! હીરોભાઈ હીરો જાગ્યો છે. એક તો વેપાર પૈસામાં અને વળી પાછા સમજવામાં, મગજમાં એવી રીતે (પાક્યો). છોકરો તો હીરો છે, હૈયાનો હાર છે. પરવસ્તુ? પણ હીરો છેને? આહા..હા..! એકાદ છોકરો હોય તો રાગ આખો ત્યાં ઢોળાયને. બે-ચાર-પાંચ છોકરા હોય તો રાગના કટકા થાય. થોડોક આ લઈ જાય. હવે એક છોકરો તો બધો રાગ ત્યાં જાય. ઘરમાં છોકરા હોય, છોડીયું ઝાઝી હોય. નહિતર બે બાયડી-ભાયડા હોય તો બધો રાગ બાયડીમાં જાય. તો આખો રાગ ત્યાં જાય. કહે છે કે પણ એ રાગ ત્યાં વલણવાળી તારી, પુણ્યના ફળ મળ્યું એ દુઃખ છે. આહા..હા..! આ સાચું કેમ માને? ઓલા કહે હેં!

મુમુક્ષુ :- ગળે ઉતારવું પડશે, સાહેબ!

ઉત્તર :- ઉતારવું પડશે?

**'ઇન્દ્રિયસુખ...'** હવે લ્યે છે. **'(૧) પરના સંબંધવાળું હોતું થકું પરાશ્રયપણાને લીધે...'** પર આશ્રય છે ને એમાં તો? ઇન્દ્રિયસુખમાં કાંઈ સ્વ આનંદનો આશ્રય છે? **'પરાશ્રયપણાને લીધે પરાધીન છે,...'** પરાધીન છે. ઇન્દ્રિય આધીન છે. ઇન્દ્રિયો સરખી હોય, બહાર સાધન હોય, એટલું પરાધીન છે બધું. આંખમાં ફૂટી થાય, આ થઈ જાય, વેલ પડે, એક આંખ આમ થઈ જાય, બીજી આંખ આમ થાય ત્યાં રાડ નાખે. હાય.. હાય.. એક આંખ.. ક્યાં ગયા મગનભાઈ નથી આવ્યા? બપોરે નહિ આવતા હોય. એક આંખમાં.. એવા તડકા નથી હોં કાંઈ. આ આંખે સુકાય એક વેલ અને રગ અને બીજી સુકાઈ ગઈ અને એક સુકાશે ત્યાં હાય.. હાય.. શું થાશે? અહીં બધા એવા ઇન્દ્રિય સાધન

છે. કાનમાં ફાટે પડદા. લ્યો! એઈ..! જઈ આવ્યા કે નહિ હમણા? આંખમાં આમ થાય, માથામાં શૂળ આવે, આ થાય. કહે છે કે ઈન્દ્રિયસુખ પરાધીન છે. આ તો વળી દુઃખ નહિ હોં! આ તો એનાથી અનુકૂળતા થઈ એ પણ પરને આશ્રયે છે એમ કહે છે. આહા..હા..! એમાં કાંઈ આત્મા આશ્રય છે?

'(૨) **'બાધાસહિત' હોતું થકું ખાવાની ઈચ્છા,...'** દેખો! **'પાણી પીવાની ઈચ્છા, મૈથુનની ઈચ્છા ઈત્યાદિ તૃષ્ણાવ્યક્તિઓ (-તૃષ્ણાની પ્રગટતાઓ) સહિત હોવાને લીધે અત્યંત આકુળ છે,...'** આ ખાવાની ઈચ્છા પણ આકુળતા. મળે જોઈતું. આમ કરો, આજે પુડલો આજે કરજો. આજે આ... સમજાણું ને? એવું કરજો. આ ચણાના લોટના શું કરે છે? મરમરી જેવી ફલાણું કરે ને? ખાવા બેસે. તીખા તમતમા તીખા નાખ્યા હોય, મરી નાખ્યા હોય. તારી આશા ત્યાં જાય છે એ દુઃખ છે, સાંભળને!

મુમુક્ષુ :- મજા પડે છેને.

ઉત્તર :- મજા દુઃખની છે. કહો, સમજાણું આમાં?

**'ખાવાની ઈચ્છા,...'** ત્યાં એક લીધું. **'પાણીની પીવાની ઈચ્છા...'** લ્યો પાણી પીવાની ઈચ્છા થાય. મોસંબી લાવો. તો મોસંબી બરફ નાખીને લાવો. તો બરફ નાખીને લાવે. પણ એ ઈચ્છા પોતે દુઃખ છે. અને વિષયની રમવાની **'મૈથુનની ઈચ્છા...'** ભોગની ઈચ્છા રાગ છે, દુઃખ છે. બહુ સ્ત્રી સારી મળી, સાધન સારા મળ્યા, ગરીબડી બાઈ છે હોં. એમ એક જણો કહેતો હતો. આ તો બધા શબ્દો સાંભળીએ. કીધું, પણ આ તમે આવા..? લોકોએ કીધું કે તમારા લક્ષણ ખરાબ છે. પછી મારી પાસે બચાવ કર્યો કે ઘરે બાયડી ગરીબડી મૂકીને હું તે આવું કાંઈ કરું? હશે, કીધું, ભાઈ આપણને ખબર નથી. કહો, સમજાણું કાંઈ? એમ ઓલા વખાણ કરે. ગરીબડી બાઈ છે એને મૂકીને હું કાંઈ પરઘરે જાઉં? મારા અપલક્ષણ લોકો બોલે છે. આપણે ક્યાં જોવા ગયા છીએ, આપણને કાંઈ ખબર નથી. ગમે તેવી સ્ત્રી પોતાની હોય તોપણ, કહે છે, એ સંબંધીનો ઈચ્છાભાવ તે રોગ અને દુઃખ છે. આહા..હા..!

**'ઈચ્છા ઈત્યાદિ તૃષ્ણાવ્યક્તિઓ (-તૃષ્ણાની પ્રગટતાઓ)...'** જુઓ! એ આશા ને તૃષ્ણા ફાટી. એ તૃષ્ણાનો ફાલ ફાટ્યો. કપાસનો ફાલ ફાટે છેને જ્યારે ત્યારે આખું ખેતર ધોળું... ધોળું... ધોળું થઈ જાય. આ ઝીંડવા હોય અને ફાલે ને આમ થાય તો ધોળું થાય. એમ આ પુણ્યના ફળ ફાલ્યા આને. એમાંથી તૃષ્ણા ફાલ થયો કહે છે. બરાબર હશે આ? એ પુણ્યના ફળમાં તૃષ્ણાનો ફાલ ફાટ્યો એમ કહે છે. તમારા છોકરા માટે એમ હશે? ધીરૂભાઈ! આ એમ કહે છે જુઓ. એ તૃષ્ણાનો ફાલ ફાટ્યો, એ પુણ્યના ફળનો ફાલ જ્યાં દેખ્યો ત્યાં તૃષ્ણા ફાટી. આ શુભના ફળ તરીકે આ ધૂળ મળી ત્યાં તૃષ્ણા ફાટી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? કેટલાય શુભભાવને હેય બતાવવા માટે કેટલી વિવિધતાથી તેને

નિંદે છે અથવા એની ઓળખાણ બતાવે છે. બાપુ! એ દુઃખદાયક છે ભાઈ! આનંદસ્વરૂપ તો આત્મા છેને પ્રભુ! આનંદ તો અહીં છેને. એ આનંદ અહીં છે તેને ગોતવો નથી અને તારે શુભરાગમાં અને પરમાં ગોતવો છે. મિથ્યા ભ્રમમાં પડ્યો છો તું, મિથ્યાદૃષ્ટિ છો. આહા..હા..! અશુભભાવ તો દુઃખરૂપ, પણ આ શુભભાવમાં પણ (સંયોગ) મળે ત્યારે તૃષ્ણા ફાટશે. તૃષ્ણા ફાટશે એમ કહે છે. ત્યાં સંતોષ થશે નહિ. તૃષ્ણા ફાટશે અને બીજના અંકુરા ફાટીને દુઃખનું વૃક્ષ ફાલશે. મરી જઈશ. હાય.. હાય.. અરે..! આ ન થયું, અમારું આ ન થયું, મારે આ ન થયું, મારે આટલા પૈસા અહીં નાખવા હતા, મારે આમ કરવું હતું, ધર્માદિ નાખવા હતા એ ન થયું. એ બધી તૃષ્ણામાં મરી જઈશ પછી. સમજાણું કાંઈ? આ તો ફાલે છે, એમ કીધુંને, દુઃખનું ઝાડ?

'(૩) **વિચ્છિન્ન હોતું થકું અશાતાવેદનીયનો ઉદય જેને ચ્યુત કરે છે...**' લ્યો! આહા..હા..! એવી સામગ્રી શાતાના ઉદયને લઈને શુભભાવ થયો અને શાતા બંધાણી, એને લઈને જુઓ તો બધી સામગ્રી (મળી). એમાં અશાતાનો ઉદય આવે. અરે..! ક્ષય રોગ લાગુ પડ્યો! કહેશો નહિ હોં બાયડીને. હમણા પરણ્યા છીએ ત્રણ વર્ષથી. ડોક્ટર કહે, પણ કેન્સર થયું છે. એઈ..! આ બધી થયેલી વાત છે હોં. ઉપરથી નથી કહેતા. કહેશો નહિ હોં, બહાર ન પાડશો. મારું થાવું હોય તો થાશે, પણ બાયડીને ત્રાસ થાશે. ત્રણ વર્ષનું પરણેતર. માંડ દશ લાખ રૂપિયા થયા છે. અને આ રાડ નાખે. મારી તો ભલે ૪૫ વર્ષે મરે. રાડ નાખી જશે, ભાઈસાહેબ બીજાને કહીશ નહિ હોં. ડોક્ટરને કહે, ભાઈ! મને કહેજો. કેન્સર છે ભાઈ! અને આ કેન્સર મટે એવું નથી.

હમણા એક માણસ આવ્યો હતો. આંખનું કેન્સર. લ્યો એ આંખનું કેન્સર. ... રતિભાઈના સાળા વઢવાણવાળા. એક આંખ તો .. હવે? શું કરવું આ? ડોક્ટર કહે, આંખનું કેન્સર છે. એ સાફ કરતા ન થાય તો આંખ કાઢી નાખવી પડશે. એલા! આંખ સારી, આ બધા અનુકૂળ છોકરા ઠીક થયા, ત્યાં અશાતાનો ઉદય આવ્યો અંદરથી. એ ધૂળધાણી અને વા પાણી. હાય.. હાય.. પાણી ફરી ગયા મારા પુણ્યના. અરરર..! અહીં આવ્યું! ત્યાંથી કોણ જાણે ઓલું આંખમાં. આમ હતું ગુમડું. નહિ વઢવાણવાળા? નારણભાઈના દીકરા. હમણા આવ્યા હતાને. આપણે તો સાંભળ્યું નથી. એ કહે, આંખનું કેન્સર ડોક્ટર કહે છે. ત્યાંથી આવીને કહે થોડું થોડું દુઃખતું હતું, આપણને કાંઈ ખ્યાલ નહિ. બહાર આવ્યું ત્યાં કહે કેન્સર છે. પણ આ હવે બધું? કે બધું ઈ. એ બહારની સામગ્રી બાપા! પુણ્યના ફળ તરીકે મળે, એમાં જો અશાતાનો ઉદય આવે તો ધૂળધમાહા હાય.. હાય.. અરે..! ખાધું નહિ, વાપર્યું નહિ, કર્યું નહિ અને આ હવે આવી પડ્યું. હવે બોલવાનું (રહ્યું નહિ). એકને જીભમાં કેન્સર અહીં. કહો, સમજાણું? લોચો કાપી નાખ્યો તોય અંદરથી સરખું ન થયું. ભાઈને થયું હતુંને, સાકરચંદભાઈને. મુનિમ હતાને તમારે, નહિ? દિગંબર. આ બધું સડી ગયું હતું. અમે ગયા

હતા છેલ્લે. બધું સડી ગયું હતું. બોલે નહિ, બોલી શકે નહિ. સડી ગયું હતું. આપણે ત્યાં હતાને, ભોગીભાઈ! નહિ? સાકરચંદભાઈ. અહીં પાલીતાણે દિગંબરના મુનિમ. એને આ બધું સડી ગયું. બોલી શકે નહિ. મરી ગયા પછી. આમ શરીર જુઓ તો સોનાની વીંટી જેવું હતું. સોનાના ઓલા પડે, સમજ્યા? આ પાપના ઉદય આવે ત્યારે સુખમાં ઘા પડે અંદર. હાય.. હાય.. અરેરે! હવે કાંઈ ઉપાય? ઉપાય શું હવે? ત્યાં તું વળગ્યો છો, ત્યાં હવે આવ્યું આ દુઃખ, પ્રતિકૂળતા. બાપા! એમાં ક્યાંય સુખ છે નહિ. એ વિષયો તે દુઃખના કારણ છે. આહા..હા..!

કહો, ઓલો નહોતો આવ્યો હમણા એક ભાઈ! સનાવતવાળોને? જુવાન છોકરો. અહીં કાંઈક થયું. શું વાલો-વાલો કરે છેને કાંઈક? ખરાબ. અહીં રોગ થાય છેને કાંઈક. વાલો વાલો કાંઈ કરતા હતા. એ છોકરાને થયેલો. આવ્યા હતાને હમણા. પછી લઈ ગયા અમેરિકા. મોટો ઊંચામાં ઊંચો ડોક્ટર હોં! મોટો ખર્ચ. મોટો ડોક્ટર, ત્રણ કલાક કામ કર્યું. નવ કલાક બીજા ડોક્ટરે. બાર કલાક ઓપરેશન (ચાલ્યું). અહીં છાતીમાં થાય છે કાંઈક અંદર. બાર કલાકે સારું થયું. ૪૮ કલાકે સારું. ૪૮ કલાકે પેશાબ બંધ થઈ ગયો, ઊડી ગયો. આપણને પુસ્તક ન આપ્યા? શ્રાવકધર્મ. શ્રાવકધર્મ એના છોકરાનું નામ. અમેરિકા મોકલ્યો. કેવું? સોમચરણ. એનો દીકરો જુવાન હોં. ત્યાં અમેરિકામાં મોકલ્યો. મોટા ડોક્ટર. બાર કલાક ઓપરેશન. મોટામાં મોટો ડોક્ટર ત્રણ કલાક રોકાણો. હાય.. હાય.. હવે? એ આવું છે સંસારી સુખ ઈન્દ્રિયનું એમ કહે છે. આહા..હા..! ઈન્દ્રિયમાં કેન્સર થાય, જીભમાં કેન્સર થાય, ગળે કેન્સર થાય, છાતીના કેન્સર. સડે આ સડે. બાપા! આ તો પરમાણુ છે. ભાઈ! ઈન્દ્રિયસુખમાં પણ આવા ઉદય આવે ત્યારે વચ્ચે વિઘ્ન (આવે). બાપુ! એ સુખ આદરવા જેવા નથી. માટે સુખનું કારણ પુણ્ય પણ આદરવા જેવું નથી એમ કહેવું છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ માટે આ બધી વાત આચાર્ય મહારાજ (કહે છે). પ્રવચનસાર વીતરાગમાર્ગનો આ સાર છે. આહા..હા..!

કહે છે, એ '**અશાતાવેદનીયનો ઉદય જેને ચ્યુત કરે છે એવા શાતાવેદનીયના ઉદય વડે પ્રવર્તતું અનુભવવામાં આવતું હોવાને લીધે વિપક્ષની ઉત્પત્તિવાળું છે,...**' પુણ્યના ફળ આવ્યા ત્યારે વિપક્ષ અશાતા ઉદય આવે ત્યાં ધબો નમઃ. શું છે? ઉઠાશે નહિ ખાટલામાંથી. બાર મહિના સુધી પડ્યા રહો, નહિતર હાડકું વધે તો મરી જશો. હેં! દુકાને નહિ (જવાનું)? દુકાન શું, ઉઠીને હેઠે રોટલો ખાવા નહિ બેસાય. સૂતા સૂતા ખાવ, સૂતા સૂતા પીવો. અરરર..! હાય! હાય! એક જણો જોયો હતો હોં લીલીયામાં. લીલીયામાં હતોને ભાઈ. ગયા હતા. ઘણાં વર્ષની વાત છે હોં! (સંવત) ૧૯૮૪ની. સૂતા સૂતા (બધું કરે). ડોક્ટરે કહ્યું છે કે સૂતા સૂતા ખાવ અને સૂતા સૂતા પેશાબ (કરવો). શરીર જુઓ તો નિરોગી લઠ જેવું. લીલીયા. હવે? હાય. હાય.. આ શું થયું? પછી તો કાંઈક સારું થયું હતું.

બાર બાર મહિના સુધી અશાતાના ઉદય આવે તો ઉઠાય નહિ, બેસાય નહિ, સૂતા સૂતા ખાવ ને સૂતા સૂતા વાંચવું. ચોપાનિયા છાપાનો બહુ શોખ હોય પાછો. કહે છે કે ભાઈ! શાતાવેદનીય જે શુભભાવથી બંધાય, એનાથી મળે સામગ્રી, ઇન્દ્રિયના સુખમાં આવશે અશાતા ઉદય, તારું પાણી ફરી જશે બધું. માટે ઇન્દ્રિયસુખ પુણ્યના કારણે મળે એ પુણ્ય આદરણીય છે નહિ. આહા..હા..! ચંદ્રકાંતભાઈ! આ બધું સમજવા જેવી વાત આવે છે હોં આ. અમારે કાલે તપસી કહેતા હતા હોં! ઓહો..! ભારે આવી. રામજીભાઈ તો કહેતા હતા પણ. તપસી! તપસી કહે, વાત ભારે આવી આજ. આ બધું હળવે હળવે કાંઈક ચોખ્ખું તો થાવું જોઈએ ને. આ શુભભાવને માટે શું કરે છે? કેટલી વાત! ભાઈ! રાગ છેને? રાગ છે તે સંયોગીભાવ છે. સંયોગીભાવ સંયોગને આપશે અને સંયોગમાં પણ લક્ષ તારું જતાં દુઃખભાવ ઉત્પન્ન કરશે. બરાબર છે કે નહિ? ભગવાનજીભાઈ! આવી સાચી વાત.

મુમુક્ષુ :- આમ જ બને છેને.

ઉત્તર :- આમ બને છેને પણ, આ તો આપણે... રોજ બને છે. દુનિયાને જોઈએ છીએ. આહા..હા..! કરોડપતિ થયો. હવે? અરે! આહીં કાંઈક પીડા થાય છે હોં, મારાથી સહન થાતું નથી. પણ આ પૈસા છેને હોળી આ બધી. અમારે ગીરધરભાઈ હતાને, ..વાળા. બહુ પૈસા-બૈસા. તે દિ' પાંચ-સાત લાખ ઘણા કહેવાયને તે દિ' તો. ૮૨ની વાત છે હોં. ઘણા વર્ષ થઈ ગયાને. (એટલા) પૈસા, નિરાંતે ખાવું, બંગલામાં મકાન કરાવ્યું. ત્યાં ઉપડ્યું અહીં કાંઈક અંદરથી. વાતગોળો કે એવું (કાંઈક). એવી પીડા... પીડા... પીડા. સામાયિક કરનારા, પોષા કરનારા, પડિક્કમણા બહારની ક્રિયા, વસ્તુની ખબર ન મળે. ટાણા આવ્યા ત્યારે... ભગવાનજીભાઈ વકીલ, ભગવાનભાઈ હતા કચ્છી. ભાઈ! તમે ભગવાનનું નામ લ્યો. ભાઈ! ભગવાનનું નામ અત્યારે યાદ રહેતું નથી. મને, દુઃખનું સમાધાન કરવા જાઉં છું ત્યાં બધું યાદ રહેતું નથી. એટલી પીડા મને છે. પોરબંદર હતું. જીણીબેનને ઓળખો, નહિ? ગીરધરભાઈ. આહા..હા..! એ રસ્તા શેરીમાં મકાન છે. આહા..હા..! ૮૨ની વાત છે હોં! ૧૮ ને ૨૫—૪૩ વર્ષ થયા. સહન થાતું નથી. પણ તમે સામાયિક પોષા કરો. સામાયિક-પોષા તો ઓલી ક્રિયાનો રાગ કર્યો હતો જરી શુભ અને મિથ્યાત્વ તો સાથે હતું કે આ ધર્મ કરીએ છીએ એમ તો માન્યતા હતી ભેગી. મિથ્યાત્વ ગળી ગયું એનું પુણ્ય બધું. શ્રીમદ્ કહે છેને. એની ક્રિયાને અજ્ઞાનરૂપી પાડો ખાઈ ગયો. આવે છેને શ્રીમદ્‌માં. એ તારી ક્રિયાના ફળ અજ્ઞાનરૂપી પાડો ખાઈ ગયો. હવે મરી જાને, મરી ગયો, હવે જીવતો ક્યાં રહ્યો તું આમાં? આહા..હા..! મિથ્યાત્વરૂપી ઝેર ચડ્યા છે તને કે શુભભાવની ક્રિયાને ધર્મ માને છો. ખાઈ ગયો અજ્ઞાન પાડો બધું, હવે રહ્યું નહિ તારી પાસે કાંઈ. આહા..હા..! સમજાણું કાંઈ?

વળી એ '**વિપક્ષની ઉત્પત્તિવાળું છે,...**' એટલે પોતાના શાતાના ઉદયમાં અશાતા એવી આવે કે થઈ રહ્યું. ધબો નમઃ થઈ જાય. '(૪) '**બંધનું કારણ...**'' છે. લ્યો ઇન્દ્રિયના

વિષય તે બંધનું કારણ છે. કહો, બાયડી, છોકરા, કુટુંબ, પૈસા મળ્યા એનું સામું જોશે, લક્ષ કરે તો એકલું પાપબંધનું કારણ છે. ભારે પણ વર્ણન કર્યું છેને. ફક્ત શુભભાવ તે દુઃખરૂપ છે અને દુઃખનું સાધન છે એ સિદ્ધ કરવા આ બધું સ્પષ્ટીકરણ કરે છે. શુભભાવ એ ધર્મ નથી અને ધર્મનું સાધન પણ નથી. આહા..હા..! ધર્મનું સાધન નથી. શાંતિભાઈ! કાંતિભાઈ! ઓલા પક્ષકારને બહુ આકરું લાગે હોં, કે સોનગઢવાળા આમ કહે છે. અરે..! ભાઈ! સોનગઢવાળા આમ કહે છે કે આ ત્રણ લોકના નાથ કહે છે? આહા..હા..!

'**બંધનું કારણ હોતું થકું વિષયોપભોગના માર્ગને લાગેલી (-વળગેલી) રાગાદિ દોષોની સેના...**' આહા..હા..! એ પુણ્યના ફળ તરીકે બહાર મળે અને એમાં જે વિષય-ભોગના માર્ગને લાગેલી. '**રાગાદિ દોષોની સેના...**' રાગ ને દ્વેષ ને ક્લેશ ને આ ને તે. લાગેલી તો રજની રજકણ. ભાઈઓ વહેંચી લ્યો, ઓલો કહે આ કરી લ્યો, એક જણો કહે, આ ૫૫ વર્ષ થયા, રળી રળીને મરી ગયો, નાના ભાઈઓ હવે થયા. ભાગ પાડો સરખો કહે. બાપા હજી છે. હજી આપણે જુદા પડ્યા નથી. પણ હું મરી ગયો (તો), તમે ૨૫ અને ૩૦ વર્ષની ઉંમર. અને હું ૫૫ વર્ષ મરી ગયો, કડ ભાંગી ગઈ હવે. હવે રળવાનું સાધન રહ્યું નહિ. પણ હોય ક્યાંથી? જુદા પડ્યા છીએ? પાડો ભાગ. એય..! કાંતિભાઈ! અમારી પાસે તો બધા ઘણા આવેને. હેં! સરખા ભાગ. પણ હું આ ૩૦-૩૫ વર્ષથી મરું છું અને તમે હજી ૧૦ વર્ષથી આવ્યા છો અહીં દુકાનમાં. અમે આવ્યા ઘડપણે. સરખો ભાગ પાડવો પડશે. એય..! ચંદ્રકાંતભાઈ! આવા ભાઈઓ. વ્હાલા લાગતા હતાને તને? કે આવા ભાઈઓ! માગે. એ ક્યાં તારો બાપ બેઠો હતો? ભાગ ક્યાં પાડ્યા હતા તારા? કે ભાઈ આટલા તારા અને આટલા આના, આટલો ભાગ આનો એમ ભાગ પાડ્યા નથી. બાપના ભાગની મૂડી અને તારી મૂડી બધી ભેગી છે. ભાગ પાડ સરખા. એઈ..!

'**કર્મરજના ઘન પટલનો સંબંધ થતો હોવાને લીધે...**' દેખો! આહા..હા..! 'ચ્યુત કરવું, ખસેડવું, પદભ્રષ્ટ કરવું, શાતાવેદનીયનો ઉદય તેની સ્થિતિ અનુસાર રહીને પછી એ ખસી જાય છે અને અશાતાવેદનીયનો ઉદય આવે છે.' ઓલામાં આવ્યું હતું. અને ઘન પટલ. 'ઘટ્ટ (ઘાટા) થર; ઘણો જથ્થો.' એ કર્મનો જથ્થો મોટો થર બાંધશે કહે છે. એ શુભ પરિણામના ફળ તરીકે શુભભાવ હોય ભક્તિ આદિનો પરની, એનાથી પુણ્ય બંધાય અને એનાથી સામગ્રી મળશે, એમાંથી થોક પાપના બંધાશે. પર ઉપર તારું લક્ષ જાશે, એમાં જ રહેશે. આહા..હા..! માટે તે ઇન્દ્રિયસુખ પરિણામે દુઃખરૂપ છે અને સુખરૂપ નથી. એની થોડી વ્યાખ્યા છે બાકી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક વદ ૫, રવિવાર, તા. ૧૦.૧૧.૧૯૬૮**
**ગાથા-૭૬-૭૭, પ્રવચન-૬૨**

૭૬મી ગાથા. અધિકાર શું ચાલે છે? કે આત્મામાં શુદ્ધ સ્વભાવ જે ત્રિકાળી આનંદ અને જ્ઞાન છે, એનો જે શુદ્ધ ઉપયોગ, એનું શુદ્ધ આચરણ થવું તે મુક્તિનું કારણ છે. કારણ કે એનો સ્વભાવ જ શુદ્ધ ચૈતન્ય અને આનંદ છે. એમાં એની એકાગ્રતાથી શુદ્ધ જ્ઞાન અને શુદ્ધ આનંદ અને... ૮૦મી ગાથા. જ્ઞાનતત્ત્વપ્રજ્ઞાપન, પ્રવચનસાર. શું કહે છે? જુઓ! આમાં આચાર્યે અરિહંતનો આધાર આપ્યો છે. કેમકે આ આત્મા જ્ઞાનતત્ત્વ એટલે જ્ઞાનસ્વભાવ ચૈતન્યપ્રકાશની મૂર્તિ આત્મા છે. એની સાથે અનંતા ગુણો છે આનંદ આદિ, પણ જ્ઞાનતત્ત્વની પ્રધાનતા એમાં છે. એથી જે આત્માને જ્ઞાનનું તત્ત્વ શક્તિરૂપે પૂર્ણ છે અને એની પર્યાયમાં અવસ્થામાં પૂર્ણ પ્રગટ થઈ ગયું એને અરિહંત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

જેને મોહની સેના એટલે અજ્ઞાનને જીતવું હોય તો એનો શું ઉપાય? એ અહીં વર્ણવે છે. અનાદિથી પોતાના સ્વરૂપને ભૂલીને કાં શરીરાદિ મારા અને કાં પુણ્ય-પાપના વિકલ્પો મારા અને કાં પરલક્ષી જે ઇન્દ્રિય સંબંધી જ્ઞાન એ મારું—એવો જે મિથ્યાત્વભાવ એને જીતવાનો ઉપાય શું છે એ આ વર્ણવે છે. એના જીતવાના ઉપાયમાં જેણે જીતી લીધું છે એવા અરિહંતનો દૃષ્ટાંત સિદ્ધાંત મૂકે છે. અરિહંત ભગવાને દ્રવ્ય પોતાનું સ્વરૂપ પૂર્ણ છે, એની શક્તિઓ જ્ઞાનાદિ પૂર્ણ છે શક્તિ અને એનું ધ્યાન કરીને, જેમ સોનાને અગ્નિનો તાપ આપીને સોળવલું કર્યું-થયું, એમ આત્માના અનંત જ્ઞાનસ્વરૂપ જે અંતર વસ્તુ સ્વભાવ એમાં ધ્યાન, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિ ધ્યાનની આંચ આપીને જેને જ્ઞાનતત્ત્વ એટલે સત્ત્વ દશા પૂર્ણ પ્રગટ થઈ ગઈ એવા અરિહંત એને આદર્શ તરીકે અહીંયા સ્વીકાર્યા છે. એ અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને પહેલા જાણવા જોઈએ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એને જાણીને આત્માને જાણવો એમ અહીં લેવું છે. એ તો સવારે કહ્યું હતું. સમજાણું કાંઈ? એને જાણવાનો હેતુ તો પોતાના આત્માને જાણવા માટે, કે એનો આ આત્મા પણ એવો જ છે. કારણ કે એ પણ આત્મા છે અને હું પણ એક આત્મા છું. તો એ આત્માને દ્રવ્ય-ગુણ તો સરખા છે, મારા પણ દ્રવ્ય-ગુણ સરખા. એની પર્યાયમાં પરિપૂર્ણ દશા પ્રગટ થઈ ગઈ છે, એથી તેને લક્ષમાં પહેલું લઈ, પહેલું લક્ષમાં લઈ, પછી આત્મા સાથે એને મેળવે છે એમ કહેવામાં આવે છે. સવારે કહ્યું હતું થોડું, ૧૪૪માં એમ છે કે પહેલા શ્રુતથી જ્ઞાન જાણવું અને જ્ઞાનને પછી આત્મામાં ભેળવવું. પહેલા વિધિ હોય એ

સમજાવે.

આ જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન છેને. આત્માનો સ્વભાવ જ, સ્વભાવ, સ્વ-સ્વ. આત્મા વસ્તુ એનો સ્વ—પોતાનો કાયમ અસલી જ્ઞાનસ્વભાવ અને જે જ્ઞાનસ્વભાવ છે વસ્તુ સત્ત્વ, વસ્તુ સત્ એનું જ્ઞાન સત્ત્વ, એનો ભાવ એ પરિપૂર્ણ છે અને એ પરિપૂર્ણ જેણે વર્તમાન દશામાં પ્રગટ કર્યો એ બીજા જીવને આદર્શ તરીકે લક્ષમાં લેવા જેવું છે. એટલી વાત કરે છે. હિતના કામીને. મિથ્યાત્વરૂપી સેનાને જીતવાના ઉપાય કરનારને આ વાત કરવામાં આવે છે. જેને આ કરવું નથી એને તો છે એ તો અનંતકાળથી... પ્રાણભાઈ! એ તો રખડે છે અને રખડશે એટલે એ તો એમને એમ નિગોદ ને નરક ને કીડા ને કાગડામાં અવતરશે. એની અહીં વાત છે નહિ. સમજાણું કાંઈ? જેણે અરિહંતપણે અવતરવું છે, અવતરવું એટલે ઊપજવું છે, અવતરવું એટલે ઊપજવું, એવી દશાપણે ઊપજવું છે એને મોહની સેના પ્રથમ કેમ જીતાય એની વ્યાખ્યા ચાલે છે. સમજાણું કાંઈ?

આત્માનો શુદ્ધ ઉપયોગ છે એ જ એક સુખનું સાધન છે. આનંદસ્વરૂપ ભગવાન આત્મા અને જ્ઞાનસ્વરૂપ આત્મા એનો અંતર્મુખનો શુદ્ધ વેપાર એ એક જ સુખનું સાધન અને સુખનું કારણ છે. શુભ અને અશુભ પરિણામ બેય દુઃખના સાધન, બરાબર બંધની અપેક્ષાએ દુઃખના સાધન છે. કહો, સમજાણું કાંઈ? કહો, આ પૈસાવાળાને સુખી કહે છે એ મૂર્ખાઓ સુખી કહે છે એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? એય..! હિંમતભાઈ! દુઃખી તો ખરા, દુઃખી તો ખરા.

મુમુક્ષુ :- કહેવા માટે તો સુખી ખરાને?

ઉત્તર :- કહેવા માટે એટલે? દાઝતો હોય એને એમ કહે કે ઠંડું ... ભાષા છે આપણે કાંઈક. દાઝતો હોય તો ઠંડું છે એમ કાંઈક એવી ભાષા છે. લોકમાં ભાષા ભૂલી ગયા, સમજ્યાને? ઈ કાંઈક છે. દાઝે તો આવું છે. આ દીવો ઓલવાય તો કહે છેને? રામ થયો. રામ નહિ એ બીજી ભાષા છે કાંઈક.

મુમુક્ષુ :- દીવો ઠાર્યો.

ઉત્તર :- ઠાર્યો નહિ. એ ભાષા બીજી છે. ઊંધી છે, એનાથી વિપરીત. ઊનીમાં પણ ઊંધી હોય. ... બધું ... ઊંધું છે જગતમાં બધું. હોય બળતરા અને કહે શીતળતા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... કહે. અને આમાં પણ કાંઈક કહે છે. દાઝે તો કહે શીતળ થયું એમ કાંઈક ભાષા છે. જૂની ગુજરાતી ગામઠી ભાષા છે. એવું મગજમાં છે બધું હોં!

કહે છે કે એ પાપ જેમ દુઃખનું સાધન છે એમ પુણ્ય પણ પાપની જેમ જ, એમ. આહા..હા..! ભારે રાડ નાખે છે લોકો. અરે..! શુભભાવ! શુભભાવ તો મોક્ષનો માર્ગ છે. ચોથે, પાંચમે, છઠ્ઠે વ્યવહાર મોક્ષમાર્ગ છે. અહીં કહે છે કે એ પાપના પરિણામ પ્રમાણે

પુણ્યના પરિણામ પણ અથવા પુણ્યભાવ પણ ઓલું બંધન છે ઈ, બેય એક જ દુઃખના સાધન છે.

મુમુક્ષુ :- આ તો અજ્ઞાની છેને. જ્ઞાનીને...

ઉત્તર :- અરે! અહીં એની વાત જ કરે છે અજ્ઞાનીની. પછી તરત વાત કરશે ત્યારે જુઓ! એની પછી કહેશે. જ્ઞાનીની વાત કરશે. એવું જાણીને જુઓ!

'**એ રીતે શુભ અને અશુભ ઉપયોગનું અવિશેષપણું અવધારીને, સમસ્ત રાગદ્વેષના દ્વૈતને દૂર કરતા થકા, અશેષ દુઃખનો ક્ષય કરવાનો મનમાં દૃઢ નિશ્ચય કરી શુદ્ધોપયોગમાં વસે છે...**' ૭૮માં લેશે. આહા..હા..! એય..! ૭૮માં. ૭૭માં લઈને તરત એ લખે છે. અજ્ઞાની માને છે. જ્ઞાની માનતો નથી પણ એનું જે વલણ જાય છે શુભભાવનું એ પણ દુઃખનું જ કારણ છે. અજ્ઞાની સુખનું કારણ માને છે, ધર્મનું સાધક છે, કાંઈક મદદગાર છે (એમ માને છ).

મુમુક્ષુ :- શાસ્ત્રમાં આવે છે.

ઉત્તર :- એ આવે એ નિમિત્તના કથન છે. નિમિત્ત એટલે? એ કાળે વ્યવહારે અનુકૂળ આવું હોય, એમ ગણીને વ્યવહારે સાધનને હેતુ અને કારણ કહેવામાં આવે છે. બિલકુલ કારણ નથી. કહો, સમજાણું કાંઈ? શું કહે છે જુઓને અહીં. '**પુણ્ય પણ, પાપની જેમ,...**' ઓલા બંધનની અપેક્ષાએ છે વાત છે હોં અત્યારે. ઓલા શુભથી પુણ્ય બંધાય, અશુભથી પાપ. તો એ પાપની જેમ પુણ્ય પણ બેય દુઃખના જ સાધન છે.

'**ભાવાર્થ :- ઈન્દ્રિયસુખ દુઃખ જ છે,...**' એ શુભભાવથી બંધાયેલું પુણ્ય અને પુણ્યથી ઈન્દ્રિયના સુખ મળ્યા, પૈસા, બંગલા, સામગ્રી. કહો, સમજાણું કાંઈ? ૪૦-૪૦ લાખના બંગલા, ૩-૩ કરોડના બંગલા લ્યો. મૈસુરમાં છેને એક રાજાને ત્રણ કરોડનો બંગલો. મહારાજને ખાલી કરીને આપી દેવો પડ્યો. સરકારનો છે ત્રણ કરોડનો એક બંગલો. ખાલી પડ્યો છે ખાલી. પ્રવીણભાઈ! મૈસુરમાં છે એક. ત્રણ કરોડ. રાજાનો બંગલો. રાજા.. ખાલી ખમ થઈ ગયો. રાજાને કહે ખાલી કરી નાખો. નહિતર બધી મૂડીમાં ગણાશે. મૂડીનું આપો આમાં. અમુક જાતનો કાંઈક હશેને એનો કર. હોય ઈ તો. મૂડીનો ટેક્સ હોય, બધો હોય એ આપો ભાઈ! કાઢી નાખો ત્યારે ત્રણ કરોડનો બંગલો જાવ. આપી દીધો. સારા માણસ ઉતરશે. લ્યો! કર્યો હશે ત્યારે તો આહા..હા..! પુણ્યના ફળ વાહ! અરે..! એ વખતે, કહે છે, એ પાપ જ હતું તારું. એના તરફ દુઃખભાવ જ એને અવલંબતો, અવલંબતો.

'**ઈન્દ્રિયસુખ દુઃખ જ છે, કારણ કે તે પરાધીન છે, અત્યંત આકુળ છે, વિપક્ષની** (-**વિરોધીની**) **ઉત્પત્તિવાળું છે,...**' શાતાનું ફળ હો ત્યાં સુધી રહે અને અશાતા વચ્ચે આવી તો હાય.. હાય.. કાલે નહોતું કહ્યું? આંખમાં કેન્સર. કહો, હવે. હાય.. હાય.. આ શું? આંખનું કેન્સર! ક્યાંથી આવ્યું? જરી જરી દુઃખતું હતું પણ ડૉક્ટર કહે કેન્સર

છે. હેં! એલા ખાવા-પીવાનું (નિયમિત), આ શરીર નિરોગી બધું સારું અને આ કેન્સર? આંખ કાઢી નાખવી પડશે. ઓપરેશન થાય તો થાય સારું. નહિતર તો કાઢી નાખવી પડશે. લ્યો આવ્યો વચ્ચે વાંધો. બહારની શાતાની ઉત્પત્તિમાં અશાતાનો ઉદય વિઘ્નવાળો છે. ધૂળમાંય નથી ત્યાં, માને છે મૂઢ. આનંદ તારામાં છે એ આનંદની દૃષ્ટિ અને શ્રદ્ધા કર અને જ્ઞાન કર એમ કહે છે. આહા..હા..!

**'પરિણામે દુઃસહ છે અને અત્યંત અસ્થિર છે. આમાંથી એમ ફલિત થયું કે પુણ્ય પણ દુઃખનું જ સાધન છે.'** એ શુભભાવથી બંધાયેલું પુણ્ય એમ કહેવું છે હોં! અને એ પુણ્ય દુઃખનું જ સાધન છે. તો પછી શુભભાવ પણ દુઃખનું જ સાધન છે એમ કહે છે. સમજાણું કાંઈ? હવે એનો સરવાળો કરે છે જુઓ!

**'હવે પુણ્ય અને પાપનું અવિશેષપણું નિશ્ચિત કરતા થકા...'** પુણ્ય અને પાપ બેય સામાન્ય સરખા છે એમ કહે છે. **'(આ વિષયનો) ઉપસંહાર કરે છે :—'** પુણ્ય-પાપના બંધનમાં કાંઈ ફેર નથી. એના ફળમાં ફેર નથી, બંધનમાં ફેર નથી અને એના કારણમાં પણ ફેર નથી.

**ण हि मण्णदि जो एवं णत्थि विसेसो त्ति मूणपावाणं।**
**हिंडदि घोरमपारं संसारं मोहसंछण्णो।।७७।।**
**નહિ માનતો—એ રીત પુણ્યે પાપમાં ન વિશેષ છે,**
**તે મોહથી આચ્છન્ન ઘોર અપાર સંસારે ભમે. ૭૭.**

આહા..હા..! શુભભાવ પણ ફેર છે અશુભભાવથી અને પુણ્યમાં પાપથી કાંઈ ફેર છે એ **'मोहसंछण्णो'** — મિથ્યાત્વથી ઢંકાઈ ગયો છે એમ કહે છે. સમજાણું કાંઈ? એને સ્વરૂપની શુદ્ધતા શું છે અને આ અશુદ્ધતા શું, કાંઈ ભાન નથી. કહો, ભગવાનભાઈ! આ શુભભાવ આ સામાયિક પડિક્કમણું કરો એ શુભવિકલ્પ, આ અપવાસ કર્યો અને આઠ અપવાસ કર્યા અને ધૂળ કરી એ ધૂળ કરી એટલે શુભ વિકલ્પ કર્યો. સમજ્યાને? એ વિકલ્પ, એ કહે છે કે રાગ, પાપના રાગ કરતા આ પુણ્યનો રાગ ઠીક છે અને એના બંધનમાં, પાપબંધન કરતા પુણ્યનો બંધ ઠીક છે અને પાપની પ્રતિકૂળતા કરતા પુણ્યની અનુકૂળતા ઠીક છે એવા જે બે ભાગ પાડે છે તે મિથ્યાદૃષ્ટિ ઘોર સંસારમાં રખડશે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો એણે ઘોરનો અર્થ જ વળી કર્યો છે અંદર જયસનાચાર્યે તો. **'घोरम् अपारं च अभव्यापेक्षया'**. પણ મૂળ તો અભવ્ય એટલે અભવિ. અભવિ છે ને જ્યાં સુધી લાયકાત ન પ્રગટ કરે ત્યાં સુધી. એમ વાત છે. **'हिंडदि'** લ્યો! **'हिंडदि'** તો ગુજરાતી શબ્દ આવે છે. હિંડે છે, હિંડે છે. લ્યો એ ગુજરાતી આવે છે આમાં. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે ગળે ઉતરવું કઠણ. માણસને એવું લાગે લ્યો, કોઈ એકબીજાને, એકબીજાને પ્રાણની

શક્તિ લાગુ પડે. કહો, એનાથી કાંઈ થાય નહિ કહે છે. જુઓ! સાંઈબાબાનો હાથ અડ્યો ત્યાં ઓલાને મટી ગયું. પંડ્યા શું કહેવાય? મનસુખ. હમણા આવ્યા હતા ગોંડલમાં. કેવળચંદના દીકરા આવ્યા હતા અને ઓલો વકીલ છે ને એક? દુર્લભજી વકીલ છે ગોંડલમાં. દુર્લભજી અન્યમતિ બ્રાહ્મણ. શુક્લ. એ ત્યાં ગયા હતા બધા. અહીંયાં આવ્યા હતા. પછી ત્યાંથી વયા ગયા. આવ્યા ને બેઠા હતા. પણ કહે, આમ હાથ લાગે ને આત્મામાં શક્તિ એવી હોય કે હાથ અડે તો મટી જાય લ્યો! ધૂળેય મટે નહિ. ત્યાં મટવાનો હોય પર્યાય મટે ત્યારે આ નિમિત્ત કહેવાય. શક્તિ એવી કે લ્યો, મનસુખને આમ હાથ નહોતો ત્યાં હાથ અડાડ્યો સાંઈબાબાએ તો મટી ગયું. કહો, મટ્યા. ધૂળમાંય મટ્યા નથી. એની મેળાએ. એય..! રતિભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ એ તો એને મટવાની પર્યાય હતી તે મટી છે. એવી વાત છે ભાઈ અહીં તો. એઈ..! મલૂકચંદભાઈ! છૂમંતર કાંઈ લાગુ પડતા નથી. આ છોકરા આવ્યા હતા ને લ્યો એને કરવું હતું. તો શું છૂમંતર લાગુ પડે છે? કહો, સમજાણું કાંઈ? ન્યાલભાઈ.

કહે છે જે કોઈ એમાં ફેર માને '**ઘોર અપાર સંસાર...**' ભાષા કેવી જોયું! આહા..હા..! મિથ્યાત્વ છે એ સંસાર છે મોટો. ભગવાન આત્મા એ જ મોક્ષસ્વરૂપ છે. શુદ્ધ ચિદાનંદ જ્ઞાનાનંદ આત્મા જેનું તત્ત્વ શુદ્ધ અને પવિત્ર છે ... એવો જે ભગવાન એ જ મોક્ષસ્વરૂપ છે અને એનું જ પરિણમન મોક્ષનું સાધન છે. રાગાદિ ભાવ તો સંસાર છે અને એને સુખનું સાધન માને (એ) મિથ્યાત્વરૂપી ઘોર સંસારમાં પડ્યો છે અને એના ફળ તરીકે અનંત નિગોદના ભવ કરે એવી એનામાં તાકાત છે. સમ્યગ્દર્શનમાં અનંતા જન્મ-મરણ ટાળીને એકાદ ભવે મુક્તિ આપે એવી તાકાત છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ચિદાનંદ ભગવાન આત્મા પૂર્ણાનંદ શુદ્ધ વસ્તુ છે એવું અંતર ભાન થતાં એને મોક્ષના ભણકાર વાગે. અલ્પ કાળમાં પૂર્ણ આનંદ પૂર્ણ દશા મળે. ભગવાનને પૂછવા જાવું પડે નહિ. એવી ચીજ છે ઈ. અને એનાથી વિરુદ્ધ એવી ચીજ છે કે જો ક્યાંય પણ પુણ્યને ઠીક માન્યું તો એણે શુભભાવને ઠીક માન્યો, એના કારણને અને પુણ્યના ફળના એણે ઠીક માન્યું. આખું લંગર ખોટું છે એને ઠીક માન્યું. મિથ્યાત્વમાં પડેલો 'મોહથી આછન્ન' શબ્દ છેને જુઓને. '**મોહસંછણ્ણો**' મોહથી ઢંકાઈ ગયો છે. ભગવાન! તને આત્માની ખબર નથી. આહા..હા..! ભાઈ! શુભના ભાવમાં આચ્છાદન તારી દશા થઈ ગઈ. તને પ્રેમ શુભના થયા એના ફળ તરીકે પુણ્ય બંધાણા એના ફળ થયા, એના ફળ તરીકે ધૂળના બહાર મળ્યા એમાં તને રસ લાગી ગયો. સમજાણું કાંઈ? એ પ્રેમમાં તો મિથ્યાત્વભાવ છે એમ કહે છે. દુનિયાથી તો ઘણો ફેર છે. આનું નામ થાય ને આનું આમ થાય, ઢીંકણું થાય. કાંઈ ન થાય બાપુ! આહા..હા..! આમ .. ફરે છે ને કેટલા પૈસા મળ્યા. હવે લાખ-કરોડ પૈસા આવે ને જાય

એમાં આત્માને શું? બહારની ચીજને લઈને... સમજાણું કાંઈ? ઓલો કહે ઓહો..હો..! કરોડો રૂપિયા ભેગા થયા. ઓલો નહોતો આવ્યો પોપ? કરોડો રૂપિયા ખર્ચ થઈ ગયા તે દિ'. સરકારને ને એને. કરોડો રૂપિયા. અને કેટલા લાખો માણસો. કેટલા લાખો કેટલા ભેગા થયા. કહો, ભેટ મળી એની આખી આગબોટ ભરીને લઈ ગયો. શું પણ એનો અર્થ શું? એ આત્માને શું એમાં આવ્યું?

મુમુક્ષુ :- કેટલી બધી મોટપ!

ઉત્તર :- ધૂળમાંય મોટપ નથી. ઈ મોટપ તો વિષ્ટાની મોટપ છે. આહા..હા..! દુનિયા મૂર્ખ છેને. મોટપ એને માને છે. આહા..હા..! આમ થયું ને તેમ થયું. ચાર લાખની મોટર લઈ આવ્યો હતો પછી મોટર અહીં મૂકી ગયા છે. પણ લઈ કેટલું ગયો મમતા સાથે? આહા..હા..! દુનિયા તે પણ ગાંડી છેને, પાગલ છેને. અરે! ભગવાન! તારો અનાદર થાય છેને પ્રભુ! ભગવાન પૂર્ણાનંદ ચૈતન્ય સ્વરૂપ શુદ્ધ છે, અનંત ગુણની ખાણ છે. એમાંથી સિદ્ધનો પ્રસવ થાય એવો તારો ગર્ભ છે. આહા..હા..! એમાંથી પુણ્યનો પ્રસવ થાય એને તું ઠીક માન... આહા..હા..! એ કહે છે મૂળ તો. સમજાણું કાંઈ?

ઘોર સંસાર. ભાષા કેવી છે જુઓ! **'ઘોર અપાર...'** ઘોર અપાર. પાર નહિ આવે, ભાઈ! જ્યાં સુધી મિથ્યાત્વભાવ છે એ પુણ્યને ઠીક માનશે ત્યાં સુધી એને ઘોર સંસારમાં રખડવું પડશે. કહો, ભગવાનભાઈ! અહીં કાલે આવ્યું હતુંને ઓલામાં રજનીશમાં કે દુન્વયી પહેલું જોઈએ પછી અધ્યાત્મ થાય. લ્યો! પહેલી અનુકૂળ સામગ્રી હોય, આ હોય તો ધર્મ થાય. લ્યો ઠીક! અમારે કીરચંદભાઈ હતા એણે પ્રશ્ન કર્યો હતો ૯૦માં, સદરમાં. કીરચંદભાઈ હતાને, વઢવાણ. બહુ સજ્જન માણસ, પણ એ વખતે ગાંધીની લાઈને લૌકિક લાઈન થઈ ગઈ એટલે બહાર... તે દિ' તો આ જાગનાથ પરુંને? જાગનાથ પરું તે દિ' નહોતું, ખેતર ખાલી હતા. ત્યાં દિશાએ જતા હતા, પાછળ છેને. હવે તો ભરાઈ ગયેલું છે. ત્યાં બેસતા. તે દિ' પ્રશ્ન કર્યો ૯૦માં હોં. મહારાજ! તમે વાતું કરો છો આવા ધર્મની, પણ એને રોટલો મળ્યા વિના, એને શાંતિ વિના ધર્મ સાંભળશે શી રીતે? રોટલો પેટમાં પડે, કાંઈક ઠીક હોય તો તમારું સાંભળશે. નહિતર સાંભળશે શી રીતે? પાધરો ધર્મ કરો... ધર્મ કરો... પણ ધર્મ શી રીતે કરવો? કાંઈક શરીર ઠીક હોય, રોટલો ઠીક હોય. બહુ સારી વાત છે કીધું. રોટલો પડ્યા પછી કહે પચ્યો નહિ. માટે પચે નહિ ત્યાં સુધી ન કરવો. હવે એનું શું કરવું? કીધું કહો. પચ્યા પછી કહે પચ્યો ખરો પણ દસ્ત અટક્યો છે. દસ્ત બરાબર સરખો ઉતરતો નથી. વળી દસ્ત જઈ આવ્યો ત્યાં વળી ભૂખ લાગી. વળી પાછા રોટલા (ખાવા)... હવે તારે કે દિ' ધર્મ કરવો છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વખત ક્યાં રહ્યો પણ એમાં? શરીરે ઠીક રહ્યું. પછી માણસો બિચારા કહે

આહા..હા..! વાત તો સાચી મહારાજ હોં! બહાર ખેતરમાં બેઠેલા. મકાન નહોતા. ત્યાં નહેરું છેને એક ઓલીકોરનું. તે દિ' કબુલ કર્યું હતું એણે હોં. હજારો માણસમાં ભાષણ આપતા. સજ્જન માણસ છેને. બ્રહ્મચારી હતા. .. પણ ઘણા વર્ષ સુધી. વાત તો સાચી છે. ભાઈ! આની અનુકૂળતા હોય તો ધર્મ થાય એનો અર્થ શું? એનો અર્થ શું? આહા..હા..! એ અનુકૂળતા હોય કે ન હોય એની સાથે આત્માને સંબંધ શું છે?

મુમુક્ષુ :- અનુકૂળતા ક્યાં છે?

ઉત્તર :- અનુકૂળતા કોને કહેવી? એ તો એની પરમાણુ પર્યાય રોગ(પણે) શરીરમાં હોય. સાતમી નરકના નારકીને રવરવ નરકમાં પડ્યો (હોય એ) સમ્યગ્દર્શન પામે છે લ્યો! શરીરમાં સોળ રોગ. જન્મે ત્યારથી સોળ રોગ. એ ૩૩ સાગરની વ્યાખ્યા સાંભળે તો આહા..હા..! એ પીડા... એ એને ભૂલી જાય અને અંદરમાં જાય છે આનંદમાં. સમજાણું કાંઈ? અંદરમાં ગુલાંટ ખાઈ જાય. વીજળી ઉપરથી પડે અને જેમ ત્રાંબામાં હેઠી ઉતરી જાય, એમ ફટ દઈને અંદરથી ગર્યો અને ઉતર્યો ફટ અંદરમાં. દુઃખને ઠેકાણે દુઃખ પડ્યા રહ્યા બહાર. એ તો ક્યાં અડ્યા જ છે? અડતો પણ નથી. સમજાણું કાંઈ? માટે પહેલું અનુકૂળ હોય તો ધર્મ થાય, તદ્દન માન્યતા મિથ્યાદષ્ટિની છે. સમજાણું કાંઈ? એટલે અનુકૂળતા એટલે પુણ્ય હોય, પુણ્ય બંધાય, શુભભાવ હોય, પુણ્ય બંધાય એનું નામ અનુકૂળતા. એ તો એમ પણ ક્યાં માને? એ તો આપણે બધું નથી કરી શકતા માટે, વ્યવસ્થા નથી આવડતી માટે અનુકૂળતા નથી.

મુમુક્ષુ :- રાજની વ્યવસ્થા.

ઉત્તર :- હા, રાજની વ્યવસ્થા ફલાણા... ધૂળેય નથી કરી શકતો.

અહીં તો કહે છે '**એ રીતે પુણ્ય અને પાપમાં તફાવત નથી...**' ફેર નથી. પુણ્ય-પાપ એટલે બંધનની વ્યાખ્યા છે હોં અત્યારે. પછી શુભાશુભ કહેશે. '**એમ જે નથી માનતો, તે મોહાચ્છાદિત...**' મોહ નામ મિથ્યાત્વ. એ મિથ્યાત્વથી ઢંકાઈ ગયો, ચૈતન્ય ભગવાનનો અનાદર કર્યો એણે. સમજાણું કાંઈ? '**મોહાચ્છાદિત વર્તતો થકો ઘોર અપાર સંસારમાં...**' '**हिंडति**' '**પરિભ્રમણ કરે છે.**' મહાગાથા છે આ હોં! અત્યારના શુભના ધર્મને માનનારા, શુભથી ધર્મ થશે, શુદ્ધનો શુભ સાધક છે.

મુમુક્ષુ :- પરંપરા કારણ છે.

ઉત્તર :- પરંપરા કારણ છે. આ બધી વાતું મિથ્યા ભ્રમની છે. સમજાણું કાંઈ? જેનામાં જે નથી તેને તે સાધન કેમ થાય? આત્મામાં શુભરાગ જ નથી. વસ્તુમાં તો રાગ જ નથી. એવો ભગવાન આત્મા પોતાના સત્યને શોધીને સત્‌નું સાધન તો અંતરમાં પડ્યું છે. એને કાંઈ રાગનું સાધન ગોતવાની જરૂર નથી. એ સાધન છે જ નહિ. આકરું કામ. માણસને આવું હોય તો તો માણસ શુભભાવ છોડી દેશે. કોણ છોડે? ભાઈ! એને કાળે આવ્યા વિના

રહેશે નહિ. એની દૃષ્ટિ ત્યાં છે કે સ્વભાવ ઉપર છે એ જોવાની વાત છે. આવશે નહિ તો આવ્યા વિના રહેશે નહિ. વીતરાગ થઈ ગયો છે? સમજાણું કાંઈ?

'**ટીકા :- એમ પૂર્વોક્ત રીતે, શુભાશુભ ઉપયોગના દ્વૈતની માફક...**' હવે ત્રણ જોડલા કહે છે. '**પૂર્વોક્ત રીતે, શુભાશુભ ઉપયોગના દ્વૈતની માફક...**' શુભ પરિણામ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના અને અશુભ પરિણામ હિંસા, જૂઠું, ચોરીના—એ ઉપયોગના દ્વૈત, એ દ્વૈત પણ રહેતું નથી. બેય એક જ છે, એમાં કાંઈ ફેર નથી. શુભ-અશુભ ઉપયોગ. '**અને સુખ-દુઃખના દ્વૈતની માફક,...**' સુખ-દુઃખ એટલે સંયોગ. એ અનુકૂળ અને પ્રતિકૂળ સંયોગ. પુણ્યના ફળ અનુકૂળ અને પાપના ફળ પ્રતિકૂળ એ સુખ-દુઃખના નિમિત્તનું દ્વૈત એ પણ રહેતું નથી. આ '**પરમાર્થે પુણ્યપાપનું દ્વૈત ટકતું-રહેતું નથી;...**' અને એ પુણ્ય-પાપ... અનુકૂળ-પ્રતિકૂળના કારણ એવા પુણ્ય-પાપના બંધન રજકણો પુણ્ય-પાપ એમાં પણ દ્વૈત રહેતું નથી. સમજાણું કાંઈ? નિયમસારમાં આવે છે એક. છએ બોલ આવે છે. આ જ આવે છે. શું કીધું?

ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ એમાં શુભ અને અશુભભાવ બેય અશુદ્ધ ઉપયોગ એક જ જાત છે, બેમાં કાંઈ ફેર નથી. એ પુણ્ય-પાપમાં અધિકાર આવી ગયો છે કે એ બેય અજ્ઞાનભાવ છે એ તો. શુભ અને અશુભ બેય અજ્ઞાન એટલે જ્ઞાન નહિ. એ જ્ઞાનસ્વરૂપ ચૈતન્યમૂર્તિ છે એવો ભાવ શુભ-અશુભમાં નથી માટે એ બેયને અજ્ઞાન જ કહ્યું છે. સમજાણું કાંઈ? અજ્ઞાન એટલે મિથ્યાત્વ એમ નહિ. અચેતન-જ્ઞાન નહિ. ભગવાન આત્મા ચૈતન્યનો કણિયો છે આખો, તો એમાંથી ચૈતન્ય જાગૃત થવો જોઈએ, એને ઠેકાણે શુભ અને અશુભ થાય એ બેય તો જ્ઞાનસ્વભાવના અભાવરૂપ અજ્ઞાન છે. સમજાણું કાંઈ? અને સુખ-દુઃખ. બહારની અનુકૂળ સામગ્રી. પુણ્યને લઈને સામગ્રી મળી, ચક્રવર્તીનું પદ મળ્યું કે સાતમી નરકના નારકી(પણું) મળ્યું, કહે છે કે બેય સરખા છે. સાતમી નરકના રવરવ નારકીનું સ્થાન મળ્યું અને એકને ચક્રવર્તીનું પદ મળ્યું. ...ભાઈ! બેય સરખા છે કહે છે. એકને શુભભાવ થયો વ્રતનો અને એકને અવ્રતનો અશુભભાવ રહ્યો-થયો, બેય અશુદ્ધ છે માટે સરખા છે. સમજાણું કાંઈ?

ત્રીજું. '**પુણ્ય-પાપનું દ્વૈત ટકતું-રહેતું નથી;...**' એ બંધનમાં પુણ્ય બંધાણું અને એકમાં પાપ, પણ બેય બંધન છે, બેય પરમાણુ છે. એમાં કાંઈ ફેર નથી. '**કારણ કે બન્નેમાં અનાત્મધર્મપણું અવિશેષ અર્થાત્ સમાન છે.**' લ્યો! અનાત્મધર્મ છે. એ પુણ્ય-પાપના રજકણો અનાત્મ છે, આ શુભાશુભભાવ અનાત્મ છે અને એનું ફળ પણ અનાત્મ છે. આહા..હા..! શુભભાવ તે આત્મા છે? એ તો આસ્રવ છે. આસ્રવ છે એટલે આત્મા નહિ, આત્મા નહિ એટલે અનાત્મા. એ પંચ મહાવ્રતના વિકલ્પ તે આત્મા નહિ એમ કહે છે. આહા..હા..! ભારે વાત. આ વાતને પચાવવી...

ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ છેને, એનાથી સ્વભાવથી વિરુદ્ધ જે કાંઈ શુભ અને અશુભ

બેય અનાત્મ ધર્મ છે અને અનાત્મ ધર્મમાં સામાન્યપણું બેયનું છે, વિશેષપણું નથી. એક અશુભ છે તે અનાત્મધર્મ છે અને શુભ છે તે આત્મધર્મ છે, પુણ્ય છે તે આત્મધર્મ છે, પાપ છે તે અનાત્મધર્મ છે, અનુકૂળ સામગ્રી તે આત્માને મદદ કરે અનુકૂળ માટે આત્મધર્મને મદદ કરનાર છે અને ઓલાને જડને મદદ કરનાર છે એમ ફેર છે કાંઈ? (નહિ) બધો અનાત્મધર્મ ત્રણેય. ત્રણેયમાં આત્મા છે નહિ. એ શુભ-અશુભમાં પણ આત્મા નથી, પુણ્યબંધમાં, પાપમાં આત્મા નથી અને એના ફળમાં પણ આત્મા નથી. આહા..હા..! કહો, સમજાણું?

કહે છે કે અહીં તો તૃષા લાગી હોય પાપના ઉદયથી અને એને શાતા ઉદયથી એને ઠંડું-ઠંડુ (પાણી મળે), આમ ચૈત્ર મહિને ધોમ તડકે ગળું સૂકાઈ ગયું હોય એવા ઉદયમાં એને ઠંડુ પાણી મળે મોસંબીનું બરફ નાખેલું. બેય સરખું છે. આહા..હા..! અને એના કારણ તરીકે પુણ્ય-પાપ છે એ બેય સરખા છે. એના કારણ તરીકે શુભાશુભ પરિણામ છે એ બેય સરખા છે. આહા..હા..! ભારે. અરે! આ વીતરાગનો માર્ગ.. સમજાય છે કાંઈ? શ્રીમદ્દે એક ઠેકાણે કહ્યું કે અરે..! આવા વીતરાગના વચનોને હા કોણ પાડશે? સમજાય છે? એવી ભાષા કાંઈક છે, નહિ? કોણ દાદ દેશે? કોણ દાદ દેશે? આવા વીતરાગ માર્ગને કોણ દાદ દેશે? ભાઈ! (જેને) રાગનો માર્ગ સારો લાગતો હોય એને રાગરહિત વીતરાગમાર્ગની દૃષ્ટિ, વીતરાગનું જ્ઞાન અને વીતરાગી પર્યાય (નહિ ગોઠે). કેમકે વસ્તુ પોતે વીતરાગી સ્વરૂપ છે. આત્મા પોતે રાગરહિત એટલે? નિર્દોષ કષાય રહિત, અકષાય સ્વભાવ અને વિજ્ઞાનઘન, બસ, વીતરાગી વિજ્ઞાનઘન સ્વરૂપ છે. એની પર્યાય વીતરાગી વિજ્ઞાન થાય તે ધર્મ છે. એમાં રાગ થાય તે ધર્મ નથી. આવી વીતરાગની આજ્ઞાને કોણ દાદ આપશે? સમજાણું કાંઈ? ભગવાન તો એમ કહે કે અમારી વાણી સાંભળવામાં તારું લક્ષ જાય એ શુભભાવ છે. એ શુભભાવ દુઃખનું કારણ છે. આ તે કોઈ ગજબ વાત છેને! એઈ..! આહા..હા..! એ વીતરાગના આ ન્યાયને કોણ દાદ આપશે? આહા..હા..!

મુમુક્ષુ :- વીતરાગ તો...

ઉત્તર :- હા એને કહે. બાપુ! આહા..હા..!

અરે..! પરમાત્માની વાણી, કહે છે કે એ પણ સંયોગી ચીજ છે. એ પુણ્યને લઈને મળી. હવે એને સાંભળવા કાળે એને શુભભાવ થયો. એ શુભભાવ અને સાંભળવાનું મળ્યું એવું પુણ્ય અને એ સામગ્રી. ઓલું પુણ્ય (બંધાયુ), સામગ્રી, અહીં શુભ થયું—ત્રણેમાં કાંઈ ફેર નથી. એકને અશુભભાવ, એ સાંભળવાનું પ્રતિકૂળ મળ્યું. સમજાય છે કાંઈ? અને પાપને કારણે મળ્યું. ભારે વાત ભાઈ! કહો, આમાં ભગવાન આત્માને એવા શુભાશુભ પરિણામથી કાંઈ ફેર છે બેમાં, પુણ્ય-પાપના બંધનમાં કાંઈ ફેર છે, તફાવત છે અને સંયોગોમાં કાંઈક ફેર તફાવત છે. પાણી મળ્યું તૃષા (લાગી હતી એમાં), ક્ષુધા હડહડતી લાગી પાપના ઉદયથી અને એ ટાણે એને એવા મળે ગળ્યા ઘીમાં તળેલા સાટા. કહે છે કે એ સામગ્રી... ઓલાને

ઊના ઊના ધગધગતા ગોળા પાય નારકી, એ દુઃખની સામગ્રી-બેય એક ન્યાયે સરખી છે કહે છે. આહા..હા..! દેવાનુપ્રિયા! એને તો લાગે છે. બુદ્ધિવાળા માણસ છેને. માર્ગ આ છે એણે નક્કી તો કરવો પડશે. આહા..હા..! અને ન્યાય આ તો ન્યાયથી વાત છે, આમાં કાંઈ... સમજાણું કાંઈ? આહા..હા..!

ભગવાન! ભગ નામ જ્ઞાનલક્ષ્મીવાળો તું છો, શું રાગ લક્ષ્મીવાળો તું છો? રાગ લક્ષ્મી છે? અંધકાર છે, અંધકાર છે. શુભભાવ પણ જડ અને અંધકાર છે. અશુભ જેમ અંધકાર છે, એમ એ પણ અંધકાર છે. બંધન તરીકે પુણ્યના રજકણો શાતા અને અશાતાના રજકણો પણ જડ અને એક જાત છે. ફળ તરીકે આ બંગલા બંગલા મોટા કરોડના બંગલા, ધૂળના બંગલા થઈને ફરે અને હીરા-માણેક ઘરે હોય અને એકમાં નારકીના સાતમી નરકમાં જઈને જ્યાં સૂવાનું પથરણું ન મળે, પાણીનો બિંદુ ન મળે એ સંયોગ, કહે છે કે એ સંયોગ એક જાતના સરખા છે, લે કહે. એઈ..! કામદાર! એઈ..! જયંતિભાઈ! લ્યો આમ છે.

મુમુક્ષુ :- સાવ સાચી વાત છે.

ઉત્તર :- સાવ સાચી વાત છે. ભાઈ! કાંઈક સાધન સરખું હોય તો નિવૃત્તિ લઈને ધર્મ થાય. દીકરો રળનાર એક થયો હોય, કાં દીકરી સારી હોય અને જમાઈ સારા હોય તો ઘરે પાલવે અને પોતાને ધર્મને (માટે) નિવૃત્તિ થાય. લ્યો! સમજાય છે? કાં એક સારો નોકર એવો આવ્યો હોય બરાબર કે પોતાને જવું ન પડે દુકાને અને કામ સરખું ચાલે અને આજીવિકા મળે તો તો એ નિવૃત્તિ લઈ શકે. એઈ..! મલૂકચંદભાઈ! પણ આ ઘરે છોકરા એકેય નહિ, અમારે ઢસરડા કરવા પડે ઉઘરાણીએ જવા માટે, અમારે જાતે કરવી પડે. હવે અમે નિવૃત્તિ ક્યારે લઈએ? એ બેમાં ફેર હશે કે નહિ કાંઈ એમાં? કહે છે. એય..! મલૂકચંદભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જરીએ ફેર નહિ એમ કહે છે અહીં. જો જરીએ ફેર માન્યો તો વિપરીત માન્યતાના ઘેરામાં ગરી ગયો અને સંસારમાં રખડીશ એમ કહે છે. આહા..હા..! તેથી તો આ જરી આનું સ્પષ્ટીકરણ કરવું પડે. વળી પાછું કહે, આ શું હશે આ તે? સાતમી નરકના નારકીનો સંયોગ હોં! અને એક ભગવાનના સમવસરણનો સંયોગ. બે લ્યો. એઈ.. પંડિતજી! બેય સરખા છે કહે છે. સંયોગમાં શું છે? એ તો એક પુણ્યનું ફળ અને એક પાપનું ફળ, બેય સંયોગી ચીજ છે. સંયોગમાં આત્મા તારો ક્યાં આવ્યો? એ અનાત્મા છે. આહા..હા..! અને એના કારણરૂપ પુણ્ય-પાપના બંધ લ્યો તો બેય પરમાણુ છે, અજીવ છે. એમાં તારું ક્યાં આવ્યું? તું ક્યાં આવ્યો? એ અનાત્મા છે. એના કારણરૂપ લ્યો શુભ-અશુભ પરિણામ એ અનાત્મા, અચેતન, જડ છે. એ તું ક્યાં આવ્યો એમાં? કહો, છગનભાઈ! શું કરવું આમાં? પક્ષઘાત થાય તો ધર્મ થાય નહિ, શું કરવું? પક્ષઘાત કાંઈક થોડી અસર હોય તો આમ આમ થઈ જાય. સરખું શરીર હોય, શરીર નિરોગી હોય આમ થાય. સમજાણું કાંઈ? સૂવાના

ઠેકાણા નહિ, બેસવાના ઠેકાણા નહિ, દીકરાના ઠેકાણા નહિ, મકાનના ઠેકાણા નહિ, ખાવા-પીવાના ઠેકાણા નહિ, માથે દેણાના પાર નહિ. સમજાય છે? વાળના જેટલા દેણા. વાળના કટકા કરે એટલા. હવે એને ધર્મ શી રીતે થાય? એય..! ભાઈ! કહે છે કે એ વાત તારી માન્યતાની ખોટી છે. ભાઈ! સમજાણું કાંઈ?

તું બહારમાં જોવે છો ભગવાન! તને બહારમાં ફેર લાગ્યો એ ફેર જ નથી એમ કહે છે. આહા..હા..! કારણ કે વસ્તુ તો ભગવાન અંતર ચિદાનંદ, જ્ઞાનાનંદ મૂર્તિ છે. એને બહારના ફેરે અહીં ફેર તું માન એ વસ્તુમાં ક્યાં છે? આહા..હા..! આહા..હા..! ભારે વાત. માટે પહેલી અનુકૂળતા હોય, કાંઈક ઠીક હોય તો આપણે ધર્મ કરશું. કહે છે, ભાઈ! તારી દૃષ્ટિમાં મોહથી ઢંકાઈ ગયો છે. ભગવાન ઢંકાઈ ગયો છે. ઓહો..હો..! આ જગતથી પણ આખી વાત જ જુદી છે. શ્વાસ લેવાના ઠેકાણા ન હોય. ત્રીજી નરક સુધી નારકી છે લ્યો. પરમાધામી શરીરને આમ કચરડી-મચરડીને ભેગો કરે અને પછી બાંધે લોઢાના સરિયા અને માથે મારે મુગદળ. તો એમાં ક્યાંય ધર્મના સાધનમાં વાંધો આવે છે? એ... રતિભાઈ! અહીં સરિયા નાખ્યા હોય. આખું કોકડું વાળી લોઢાના સરિયે બાંધી (મારે). ભગવાન! તું એમ કહેતો હો કે આ પ્રતિકૂળ સામગ્રી છે માટે અમે ધર્મમાં જઈ નહિ શકીએ એ માન્યતા તારી ખોટી છે. ચંદુભાઈ! આમ સખેના શ્વાસ લેવાતા હોય, શરીર નિરોગી હોય, ખવાતું હોય આમ બરાબર. સમજ્યાને? પડખા ફેરે એક પડખું ફરે ત્યાં તો ઊંઘ આવી જતી હોય. ઓલા તો ઊંઘ આવે નહિ છ-સાત કલાક. આવી શાતાની સામગ્રી હોય તો એને કાંઈક ધર્મમાં ઠીક પડે એ બરાબર હશે કે નહિ? મોહનભાઈ! એ બેના સંયોગમાં તું ફેર માને છે એ તારી દૃષ્ટિમાં મિથ્યાત્વનો ફેર છે મોટો કહે છે. આહા..હા..! એઈ..! 'આવો માર્ગ વીતરાગે ભાખ્યો શ્રી ભગવાન.' સમજાય છે? આહા..હા..! ભાઈ! એનું રહસ્ય સમજવું જોઈએ. ઉપરથી વાત કરતા નથી, આ તો અંતરની વાત છે.

કહે છે કે તારા સ્વભાવના સાધન સિવાય બહારના સાધનમાં ક્યાંય ફેર માન્યો તો મિથ્યાત્વ છે, ભાઈ! કારણ કે બહારના સાધનો કાંઈપણ તારા સ્વરૂપને અકિંચિત્કર છે મદદ દેવામાં. સમજાણું કાંઈ? લોકોને એવું લાગે બહારનું. આમ બેઠો હોય .. ધર્મ કરે, શરીર સરખું હોય. 'શરીર આદ્યં ખલુ ધર્મ સાધનં.' લ્યો! આવે છે કે નહિ? પુરુષાર્થસિદ્ધિમાં લખ્યું છે. 'શરીર આદ્યં ખલુ...' શરીર ઠીક હોય. હવે અહીં શૂળ ચડે તો આ... ડબલ ન્યુમોનિયા અને આ બધા રગે રગ તણાય. આમ જ્યાં કરે ત્યાં શૂળ ચડે અંદર. હવે કહે કે ધર્મ કરો. કહે છે કે એ વખતે (પણ) ધર્મ થાય છે. એ સાધન એને નડે છે એ વાત ત્રણ કાળમાં સાચી નથી, એમ કહે છે અહીં તો. આહા..હા..! ભગવાનજીભાઈ! ભારે વાત!

આ બે પ્રકાર પાડે છે તો પાછા સમજવા જોઈએને બે પ્રકાર? કે પુણ્ય-પાપના ફળમાં અને પુણ્ય-પાપમાં અને એના કારણમાં જરીએ ફેર ક્યાંય માન્યો... આહા..હા..! તફાવત જો

માન્યો... એમ કીધુંને ભાઈ અહીં? તફાવત જુઓ. '**શુભાશુભ ઉપયોગના દ્વૈતની માફક અને સુખ-દુઃખના દ્વૈતની માફક, પરમાર્થે પુણ્ય-પાપનું દ્વૈત ટકતું-રહેતું નથી;...**' બેપણું રહેતું નથી. બધું એકપણું જ છે. આહા..હા..! એ.. ભીખાભાઈ! કહો, આમાં ઓલા ત્રીસ રૂપિયાનો પગાર હતો અને આ સરખો પગાર (થયો), પગાર એટલે નોકરી, એ આ હતું મળ્યું માટે હવે અમને નિરાંતે ધર્મનું સાધન થાશે એ વાત ખોટી છે. આહા..હા..! તું છો કે નહિ? અને છો તો એમાં કોઈ સ્વભાવ પડ્યો છે કે નહિ? અને તારું સાધન તારામાં હશે કે તારામાં સાધન પુણ્ય ને બહાર સામગ્રીમાં હશે? આહા..હા..! સમજાણું કાંઈ?

'**અવિશેષ અર્થાત્ સમાન છે. (પરમાર્થે તો જેમ શુભોપયોગ અને અશુભોપયોગરૂપ દ્વૈત હયાત નથી,...**' બેપણું હયાત નથી. 'હયાત નથી'નો અર્થ કે બેપણું જ નથી. બેય એક જ છે. શુભની હયાતી અને અશુભની હયાતી એવા બે પ્રકારની હયાતી છે જ નહિ, એક જ પ્રકારની હયાતી છે. '**જે સુખ અને દુઃખરૂપ દ્વૈત હયાત નથી,...**' તેમ આ સામગ્રી અનુકૂળ મળી અને આ પ્રતિકૂળ મળી એવા બે પ્રકાર એમાં છે જ નહિ. એક જ પ્રકાર છે. બે પ્રકારની હયાતી માને તો એ ખોટી વાત છે. બે પ્રકારની હયાતી છે જ નહિ. આહા..હા..! શું શૈલી પણ! પ્રવચનસાર છે આ. ભગવાનની વાણીમાં નીકળેલો વીતરાગી સાર. ભાઈ! ક્યાં ખજાને ખોટ તને છે કે તને બહારની જરી અનુકૂળતા હોય તો ઠીક પડે? બાપુ! એ મોટું મિથ્યાત્વ શલ્ય છે. આહા..હા..! કથન તે કથન પણ. દિગંબર સંતોની આ શૈલી! જુઓને કેટલું નાખે છે એમાં! ઓહો..હો..!

એનાથી નિરાળો અને તારાથી તે જુદાં એના બે પ્રકાર પાડ એ વસ્તુમાં છે નહિ. એક જ પ્રકાર—પર. શુભ-અશુભ પરિણામ એ પર, પુણ્ય-પાપ એ પર, ફળ એ પર. હવે પરમાં ક્યાંય આ ઠીક અને અઠીક કર્યું, બાપુ! વસ્તુનું સ્વરૂપ એવું નથી. અને તું જો માનીશ તો મોહથી ઢંકાઈ ગયેલો છો ભાઈ! તને ચૈતન્યની સ્વતંત્રતાનું સાધન નહિ પ્રગટે. સમજાણું કાંઈ? આ ગળે ઉતારવું... આહા..હા..! ત્રિલોકનાથ પરમાત્મા એના ભાવમાં હતું એવું વાણીમાં આવ્યું. વાણી વાણીને કારણે પરિણમી ગઈ છે. સમજાણું કાંઈ? ઓહો..હો..! દિવ્યધ્વનિનો નાદ સાંભળે અને એ શુભભાવ અને એ દિવ્યધ્વનિના કારણમાં પુણ્ય અને એના કારણમાં શુભભાવ અને એ ગાળું દે પરમાધામી મારીને-પ્રહારીને.. પાપી! આવા પાપ કર્યા! માર પ્રહાર અને એવી વાણી પડે. ભગવાન! બેમાં તફાવત નથી હોં કહે છે. અરર..! એઈ..! ચંદુભાઈ! આમ આમ વીતરાગને માનવા, વીતરાગને માનવા... એ વીતરાગની માન્યતા આવી છે. આહા..હા..! કહો, દાસ!

'**(પરમાર્થે તો જેમ શુભોપયોગ અને અશુભોપયોગરૂપ દ્વૈત હયાત નથી, તેમ પુણ્ય અને પાપરૂપ દ્વૈત પણ હયાત નથી;...**' દ્વૈત હયાત નથી એનું હોં! વસ્તુ નથી એમ નહિ, પણ એ બેપણું છે એમ નથી. એ એકપણું જ છે. દ્વૈતપણું હયાત નથી એમ

કહે છે. વસ્તુ નથી એમ નહિ. હો. શુભ-અશુભ ઉપયોગ પણ હો, પુણ્ય-પાપ પણ હોય, પણ બેપણું ત્યાં નથી. ત્યાં બધું એકપણું જ છે. શુદ્ધ સ્વભાવની દૃષ્ટિ અને જ્ઞાન આગળ બધું એકરૂપ જ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી અંતર પરમાં એકપણે (સરખાપણે) દૃષ્ટિ કરવી, એનો અર્થ કે સ્વભાવમાં એકપણે દૃષ્ટિ કરવી એમાં બેપણું એમાં ભાસતું નથી. એ બધું પછી જ્ઞેયરૂપે ભાસે છે. આહા..હા..! સાતમી નરકની રવરવ નરકની પ્રતિકૂળતા અને આમ ધમધોકાર સમવસરણમાં બેઠો હોય, વાણી કાને પડતી હોય, ભવિ જીવ ત્યાં સાંભળે. છતાં કહે છે કે એ પુણ્યનું કારણ ઉદય એટલે મળી સામગ્રી અને શુભભાવ અને એ બધું પુણ્યબંધન અને એનું ફળ, (બેમાં) કાંઈ ફેર નથી હોં! આહા..હા..! ભારે આકરી વાત! કહો, સમજાણું કાંઈ? આ બધા હજી તો મંદિરો કરવા છેને. એ.. દાસ! હજી ભાવનગર કરવું છે, અહીં બે મુંબઈ કરવા છે. ગઢડાને કરવાનું છે. કહે છે. ચોથું આવ્યું. ચાર વાત આવી હતી. નકશો લઈને આવ્યા હતા. આપણું કામ નહિ કીધું ભાઈ ત્યાં. સમજાણું કાંઈ? આપણને કાંઈ એમાં ખબર પણ પડે નહિ. અહીં તમે કહો એ સાંભળી લઈએ, વાંચી લઈએ. આહા..હા..!

શું પણ પ્રભુ કહે છે આ! આ ગાથામાં આખો સાર લઈને મૂકી દીધો છે. જે કોઈ ભગવાન આત્મા શુદ્ધ જ્ઞાનની મૂર્તિ અને આનંદસ્વરૂપ એનો જે વેપાર શુદ્ધ, શુદ્ધનો વેપાર શુદ્ધ, એ તો શુદ્ધ છે, એનો વેપાર શુદ્ધ એ તો સાધન ખરું. એ તો મુક્તિનું સાધન, એ મુક્તિનો ઉપાય. પણ એના સાધન તરીકે શુભને કાંઈક થોડુંક સાધન અને પાપમાં બિલકુલ નહિ એમ કહેતો હો તો બધો ફેર છે કહે છે. બેપણું તેમાં તું માનતો હોય તો બેપણું ટકતું જ નથી, બેપણું ત્યાં હોતું જ નથી, બેપણું સંભવતું જ નથી. આહા..હા..! એઈ..! ભગવાનજીભાઈ! આવી વાત સાંભળવી પણ મુશ્કેલી પડી હશે. આહા..હા..! શું કેટલું સમાડી દીધું છે આમાં!

એ '**પુણ્ય-પાપનું દ્વૈત પણ હયાત નથી;...**' દ્વૈત હયાત નથી હોં! પુણ્ય ને પાપ નથી એમ નહિ. હેં? એમ સામગ્રીમાં બહારની સામગ્રી નથી એમ નહિ, પણ એમાં આ ઠીક અને આ અઠીક એવું તો કાંઈ એમાં છે નહિ, એવું દ્વૈતપણું ટકતું જ નથી. એમ શુભાશુભ પરિણામમાં શુભ ઠીક અને અશુભ અઠીક એવું બેપણું એમાં ટકતું જ નથી. અશુદ્ધ ઉપયોગ જ છે એ, દુઃખરૂપ જ છે. સમજાણું કાંઈ? આ તો સોનગઢવાળા ઘરનું કહે છે. એવા અર્થ કરે. એમ વળી કેટલાક કહે છે. પણ આમાં વાંચ તો ખરો, બાપા! શાંતિથી જો તો ખરો. આ ભાવ એમાં છે કે એ તે કાંઈ કોઈ કલ્પનાના છે? નવરંગભાઈ! આમાં છે કે નહિ ઈ? વિસ્તાર કરીને એવું કરે છે કે ઓલાને ઉડાડી દે છે બધું. અરે! ભગવાન! તું પણ હા પાડીશ તે દિ' તારું કલ્યાણ થાશે, યાદ રાખજે. સમજાણું કાંઈ? ભાઈ! તું છો તો ભગવાન, પણ હવે ભૂલ્યો પડ્યો ભગવાન! ભગવાન ભૂલાની ખડકીએ ચડી ગયો છે. ભગવાન ભૂલાની ખડકી આવે છેને? આત્મારામ. આપણે આત્મારામ છેને એના કુટુંબમાં

ભગવાન ભૂલાની ખડકી છે ત્યાં કલોલમાં. છેને આત્મારામ? આપણે અહીં નથી આવતા કલોલના? ભગવાન ભૂલા એના કુટુંબમાં થઈ ગયા છે એની ખડકીમાં રહે છે એ. આ પણ છે આત્મારામ, ભગવાન ભુલાની ખડકીએ ચડી ગયો. અરે..! પ્રભુ! શું છે તને?

ખરેખર તો શુભ-અશુભભાવ પણ એકરૂપે જ્ઞાનનું જ્ઞેય છે. પુણ્ય-પાપ પણ એકરૂપે જ્ઞાનનું જ્ઞેય છે. અનુકૂળ-પ્રતિકૂળ સામગ્રી પણ એકરૂપે એક જ રૂપે જ્ઞાનનું જ્ઞેય છે. બે પ્રકાર ત્યાં ક્યાં આવ્યા? અહીં બે ને અહીં બે અને અહીં બે એમ આવ્યા ક્યાં? એમ કહે છે. આ અનાત્મ અને અવિશેષ સમાન જ છે એમ કહે છે સમજાણું? 'કારણ કે **પુણ્ય અને પાપ બંને આત્માના ધર્મ નહિ હોવાથી નિશ્ચયથી સમાન જ** છે.)' આ સિદ્ધાંત કહ્યો. પુણ્ય અને પાપના બંધન બેય અનાત્મ વસ્તુ, એના કારણરૂપ શુભ-અશુભ પરિણામ બેય અનાત્મ વસ્તુ. એના ફળ તરીકે આ.. એ તારી આત્માની કોઈ પર્યાયના નથી. દ્રવ્ય, ગુણ તો નથી પણ એ પર્યાય પણ ત્યાં નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

'**આમ હોવા છતાં,...**' આમ હોવા છતાં, વસ્તુ તો આવી છે. '**જે જીવ તે બેમાં-સુવર્ણની અને લોખંડની બેડીની માફક...**' ભાષા દેખો! અરે..! સોનાની બેડી તો કામ આવે. સાથે હોય તો કાંઈક જોઈતી હોય તો કામ આવે એમ કહે છે. એક સોનાનો કંદોરો પહેરી ગયા હોય અને ક્યાંક ખાવાનું ન મળ્યું હોય તો એને વેચીને લેવાય. લોઢાનો કંદોરો પહેર્યો હોય એને દેવાથી કાંઈ મળે? એમ કરીને દાખલા એવા આપે. મરી જવાના દાખલા છે તારા. સમજાણું કાંઈ? એય..! હિંમતભાઈ! આ તો બધી હિંમતવાનની વાતું છે આ. વીર્ય મોળા હોય એને તો આમાં હાય.. હાય.. આવો માર્ગ હશે? ભગવાન! તું બાદશાહ છો ને વીર્યનો. ચૈતન્યના વીર્યનું કામ તો એ છે કે સ્વરૂપની રચના કરે એ કામ છે. પુણ્ય-પાપના પરિણામની રચના કરે એ એનું કામ છે? અને પુણ્ય-પાપના રજકણોને રચે એ એનું કામ છે? અને બહારની આ સામગ્રી રચે ને લાવે એનું એ કામ છે? આહા..હા..! અરે..! પણ ક્ષુધા એવી લાગી હોય કડકડતી. આમ આંખે અંધારા આવતા હોય એવી દશા અને એ ખાય-પીને તૃપ્ત... તૃપ્ત... તૃપ્ત... આમ લાડુ ચુરમાના, તુવેરની દાળ અને પતરવેલિયાના ભજીયા. આહા..હા..! કાંઈ ફેર નહિ? ઓલાને ખાધા પછી કાંઈક અનુકૂળતા છે. એ.. અતુલભાઈ! શું છે આમાં?

અરે..! આમ પૈસા ને કેટલા ... અને કેટલા છોકરા, સંચા, કેટલા કામ હોય, હવે એમાં કાંઈક નિવૃત્તિ લેવાનો પ્રસંગ આવે કે નહિ કાંઈક? આત્માને ધર્મ સાધન માટે નિવૃત્તિ મળે કે નહિ એમાં? બીડીયુંવાળો બિચારો રળતો હોય એને શું કરવું? પહેલા ત્રણ આના મળતા હજારના, હવે બે રૂપિયા થયા હશે. હજાર બીડીયું વાળેને. પણ બે રૂપિયા બિચારાને ઘરના ચાર માણસ હોય તો એ રળે ત્યારે ખાય. એ નવરો થાય કે દિ' ધર્મ કરવા? એ.. ભગવાનજીભાઈ! અહીં કહે છે કે એ બીડીયુંવાળો ત્યાં પ્રતિકૂળતા અને ઓલાને અનુકૂળતા-

બેય એક જાત છે. જો તું બેમાં કાંઈ ફેર માન તો મિથ્યાત્વથી ઢંકાઈ ગયો છે તારો આત્મા. આહા..હા..! એ.. દેવાનુપ્રિયા! સમજાણું કાંઈ? શું પણ કહે છેને. કેટલી વાત નાખે છે! એ તો આ સિદ્ધાંતો મૂક્યા છે. એના બધા દાખલાઓ આપે ત્યારે એનો ખ્યાલ આવે.

મુમુક્ષુ :- વિસ્તાર થાય ત્યારે ખ્યાલ આવે.

ઉત્તર :- ત્યારે ખ્યાલ આવે.

એ તારા સ્વભાવમાં શુભાશુભ પરિણામનું દ્વૈતપણું એમ તું માનતો હો કે આ ઠીક (અને આ અઠીક) એ ટકતું જ નથી. બેય એકરૂપ અજ્ઞાનભાવ, અચેતનભાવ. બંધન અચેતન છે. તારું ચૈતન્ય ત્યાં નથી. સમજાય છે કાંઈ? એટલે એ ત્રણેના બેપણા ટકતા નથી. ત્રણે તો એકરૂપે જ છે. ભગવાન આત્મા જ્ઞાયકરૂપે છે, આ બધું એકરૂપે જ્ઞેય છે. તે તારું જ્ઞાન થતાં તે જ્ઞેયરૂપનું જ્ઞાન એકરૂપે તે તારા જ્ઞાનમાં જ્ઞાન એનું આવી જાય છે. એમાં આ ઠીક છે, અઠીક એવું કોઈ જ્ઞેયમાં નથી અને તારા જ્ઞાનમાં પણ નથી. સમજાણું કાંઈ? ભાઈ! હવે આંખ ન હોય, કાન ન હોય એને શું કરવું ત્યારે? એને એટલી અગવડતા તો ધર્મ પામવા માટે ખરી કે નહિ? એ.. ભગવાનજીભાઈ! લ્યો આ દીકરીને જુઓ! કાને સાંભળે નહિ, આંખે દેખે નહિ. કહો, એટલી ધર્મ પામવામાં પ્રતિકૂળતા નથી નડતર કરતી? ભારે આકરું કામ! કહો, મગનભાઈ! શું કરવું આમાં? એક આંખ સૂકાઈ ને બીજી આંખમાં શું થાશે? આમ આમ થઈ જાય અંદરથી. સામગ્રીમાં કાંઈ ફેર પડતો હશે કે નહિ? ભાઈ! સામગ્રીમાં કાંઈ ફેર માન્યો (તો) વસ્તુની સ્થિતિ એમ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોને? જ્ઞાનીને પણ એવા નિમિત્ત હોય તો શું મળે છે એને? જ્ઞાનીને પણ એવા હોય. સાતમી નરકનું કીધું નહિ? સમ્યગ્દૃષ્ટિ છે. અરે..! ક્ષાયિક સમકિતી આ શ્રેણિક રાજા પહેલી નરકમાં છે. બહારના નિમિત્તો કેવા પ્રતિકૂળ છે. તો શું નડે છે ત્યાં? સમજાણું કાંઈ? ક્ષાયિક સમકિતી છે. સમયે સમયે તીર્થંકરગોત્ર બાંધે છે અત્યારે શ્રેણિક રાજા. હજી પહેલી નરકની વેદના. આ તો આટલી દશ હજારની વેદના, એ તો ચોર્યાસી હજારની સ્થિતિએ છે. પણ એ અંતર અનુભવમાં, દૃષ્ટિમાં આ પ્રતિકૂળતા છે અને આ અનુકૂળતા છે એવું દૃષ્ટિમાં છે નહિ. ચીમનભાઈ! આવું છે. બાપા! આહા..હા..! ભગવાન! તારામાં ભેદ પાડ્યો તો પરમાં તું માનીશ કે આ ઠીક-અઠીક. બાકી ભેદ રહેવા દે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**તે બેમાં—સુવર્ણની અને લોખંડની બેડીની માફક—અહંકારિક તફાવત માનતો થકો,...**' શું કહે છે? અહંકારિક તફાવત. '**પુણ્ય અને પાપમાં તફાવત હોવાનો મત અહંકારજન્ય (-અવિદ્યાજન્ય, અજ્ઞાનજન્ય) છે.**' અહંકારિક તફાવત માને, મફતનો અજ્ઞાનથી તફાવત માને છે. ભાઈ! તને ખબર નથી. એવો '**માનતો થકો...**' પદ શું મળશે એ વિશેષ છે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક વદ ૬, સોમવાર, તા. ૧૧.૧૧.૧૯૬૮**
**ગાથા-૭૭-૭૮, પ્રવચન-૬૩**

૭૭. પ્રવચનસાર, જ્ઞાનતત્ત્વ અધિકાર. અહીં કહે છે કે શુભ અને અશુભભાવ બેય સમાન છે અથવા પુણ્ય અને પાપ બેય સમાન છે અથવા બેય સામગ્રી મળે એ સમાન છે. એમ છતાં જીવ તે બેમાં, સુવર્ણ અને લોખંડની બેડીની માફક... પુણ્યથી પણ બંધન છે અને પાપથી બંધન છે. અબંધસ્વભાવ એમાં નથી. છતાં પુણ્યને સોનાની બેડી, પાપને લોખંડની બેડી '**માફક અહંકારિક તફાવત માનતો થકો,...**' સોનાની બેડી છેને? સોનાની બેડી છેને એ તો ઠીક છે. સોનાના દાગીના પહેરે છેને માણસ? લોઢાની બેડી એ .. પણ સોનાની બેડીમાં ફેર છેને? એમ કહે છે. એમ અશુભભાવથી શુભભાવમાં ફેર છેને? કાંઈક તફાવત છે કે નહિ? એમ જે તફાવત માને છે એ અહંકારિક તફાવત માને છે. અહંકારિક એટલે? અવિદ્યાજન્ય, અજ્ઞાનજન્ય તફાવત માને છે. વાસ્તવિક રીતે તફાવત નથી. અહંકારથી શુભભાવ તે ઠીક, સોનાની બેડીની જેમ અને પાપભાવ તે લોઢાની બેડીની જેમ તફાવત માને છે એ અહંકારિક તફાવત છે. વસ્તુસ્થિતિમાં એમ છે નહિ. સમજાણું કાંઈ?

'**અહમિંદ્રપદાદિ સંપદાઓના કારણભૂત...**' લ્યો! એ તો શુભ ઉપયોગ જે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, નામસ્મરણ એ બધો શુભ ઉપયોગ અહમિંદ્રાદિ સંપદાનું કારણ છે. સમજાણું કાંઈ? આપદા અને સંપદા બે આવ્યું હતુંને? આવ્યું હતું કે નહિ ક્યાંક? પુણ્યની સંપદાવાળા હતુંને એમાં? આપદાવાળો ક્યાં આવ્યો ત્યાં? ત્રીજી લીટી, ઠીક. આપદાવાળો. ઓલાને આપદાવાળા કીધા હતા અને ઓલાને સંપદાવાળા કીધા હતા. એના પુણ્યથી શુભ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, નામસ્મરણ એ ભાવથી દેવ સ્વર્ગાદિની પદવી મળે, એનાથી કાંઈ ધર્મ થાય નહિ. સમજાણું કાંઈ? એવો અજ્ઞાનજન્ય-અવિદ્યાજન્ય-અહંકારિક તફાવત છે. વાસ્તવિક રીતે બેમાં તફાવત નથી.

'**અહમિંદ્રપદાદિ સંપદાઓના કારણભૂત ધર્માનુરાગને...**' દેખો! એ ધર્મનો અનુરાગ, શુભરાગ. છે નામ ધર્મનો અનુરાગ. '**ધર્માનુરાગને અતિ નિર્ભરપણે (-ગાઢપણે) અવલંબે છે,...**' એ શુભભાવને ગાઢપણે એકાકાર થઈને, આ ભાવ મને લાભદાયક છે, શુભભાવ વિકલ્પ (એમ માને છે) '**તે જીવ ખરેખર, જેની ચિત્તભૂમિ ઉપરક્ત હોવાને લીધે...**' જેની ચિત્તભૂમિમાં મલિનતા ચોંટી છે. સમજાણું કાંઈ? '**કર્મોપાધિના નિમિત્તે...**' મેલી છેને ઉપરક્ત એટલે? '**રંગાયેલી-મલિન-વિકૃત હોવાને લીધે.**' ઓહો..હો..! ચૈતન્ય જ્ઞાયકમૂર્તિ ભગવાન નિર્લેપ ભૂમિ છે વસ્તુ એમાં, કહે છે કે આ શુભ ઉપયોગ ઉપરક્ત—મેલ છે મેલ. જ્ઞાનસ્વરૂપમાં એ મેલ છે. સમજાણું કાંઈ? કહો, ભીખાભાઈ! ક્યો મેલ? આ દયા, દાન,

વ્રત, ભક્તિ, પૂજા, નામસ્મરણ, સ્તુતિ, ગાયન, ભગવાનની ભક્તિ, સ્તુતિ, સ્તવન એ બધા શુભ પરિણામ આત્માની ભૂમિકાને મલિન કરનારા છે. ધર્માનુરાગ એટલે ધર્મ એ પુણ્ય, પુણ્યનો ભાવ, શુભભાવ, પુણ્યબંધનનો ભાવ.

'**નિર્ભરપણે અવલંબે છે,...**' અહીં અજ્ઞાનીની વાત આ અપેક્ષાએ લીધી છે. જ્ઞાની એને શુભભાવને નિર્ભરપણે-ગાઢપણે અવલંબતો નથી. આવે છે તેને બંધ તરીકે જાણે છે, પણ આ શુદ્ધને આદરણીય માને છે. તફાવત આ છે. સમજાણું? '**તે જીવ ખરેખર, જેની ચિત્તભૂમિ ઉપરક્ત હોવાને લીધે (-ચિત્તરૂપી ભૂમિ અથવા ભીંત કર્મોપાધિના નિમિત્તે રંગાયેલી—મલિન-વિકૃત હોવાને લીધે) જેણે શુદ્ધોપયોગશક્તિનો તિરસ્કાર કર્યો છે...**' શુદ્ધ સ્વભાવ, એનો જે શુદ્ધ ઉપયોગ એનો એણે તિરસ્કાર કર્યો છે. એટલે કે ઉત્પન્ન થતો નથી. એને શુભ ઉપયોગ ઉત્પન્ન થયો એકલો. સમજાણું કાંઈ? પહેલી સમ્યગ્દર્શન ભૂમિ નિર્મળ હોવી જોઈએ. કેવી? કે એમાં શુભ પરિણામ ઠીક અને અશુભ અઠીક એવું હોય નહિ. સમજાય છે આમાં?

એ આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે. આત્મા જ્ઞાન અને આનંદસ્વરૂપ છે એમાં જેટલો પાપનો ભાવ છે એ પણ મેલ છે અને જેટલો પુણ્યનો ભાવ (છે) એ પણ મેલ છે. બેય મેલ છે અને એમાં આત્માની ચિત્તભૂમિ રંગાય છે વિકૃતભાવે, એમ કહે છે. સમજાણું કાંઈ? એથી એણે શુદ્ધોપયોગ શક્તિ, ભગવાન આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ એનો જે શુદ્ધ વેપાર, સ્વભાવ સન્મુખનો શુદ્ધ વેપાર એનો એણે શુભભાવ કરતાં તિરસ્કાર કર્યો છે. શુદ્ધ ઉપયોગ પ્રગટ કરતો નથી એટલે એનો અર્થ કે તિરસ્કાર કર્યો છે અને શુભ ઉપયોગમાં એકાકાર થઈ ગયો છે. સમજાણું કાંઈ?

રાગમાં જેને રુચિ છે... એક આમાં આજે સારું લખાણ આવ્યું છે થોડું ભાઈનું કૈલાસચંદજીનું સમ્યગ્દર્શનનું. ... ભાઈ! સમ્યગ્દર્શન એ મૂળ ચીજ છે, માટે સમાજમાં જ્ઞાનનો પ્રસાર કરતા હોય એ ધર્મના રક્ષક છે, ભક્ષક નથી. ઓલાએ ભક્ષક લખ્યું છે એની સામે લખ્યું છે. સમાજમાં સાચું જ્ઞાન પ્રચાર કરે એ તો ધર્મના રક્ષક છે. કેમકે જેને રાગની રુચિ છે એ ભગવાનના પૂજનમાં બેઠો છે એની રાગમાં રુચિ છે. પૂજ્ય ભગવાન છે એના ઉપર એને પ્રેમ નથી, એને તો રાગમાં પ્રેમ છે. સમજાણું કાંઈ? જેને આત્માનો સ્વભાવ ચિદાનંદ શુદ્ધ એનાથી વિપરીત શુભરાગ એમાં પણ જેને પ્રીતિ છે એને પૂજ્ય એવો આત્મસ્વભાવ એમાં એને પ્રીતિ નથી. સમજાય છે કાંઈ? એનું પૂજ્યપણું તો રાગમાં જાય છે. વીતરાગ પરમાત્મા પૂજ્ય છે એ પણ ખરેખર જતું નથી. કારણ કે જેને શુભરાગની વિકલ્પની ક્રિયા છે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ શુભરાગની પૂજા કરે છે એ. મલૂકચંદભાઈ! આહા..હા..! એને વીતરાગ સ્વરૂપની પૂજા નથી. એની પૂજ્યબુદ્ધિ વીતરાગ સ્વરૂપમાં નથી, એની પૂજ્યબુદ્ધિ રાગમાં છે. રાગમાં પૂજ્યબુદ્ધિ છે એ જ મિથ્યાબુદ્ધિ છે. કહો, સમજાણું કાંઈ?

કહે છે, એ શુદ્ધ ઉપયોગનો તિરસ્કાર કરે છે. એમ અહીં તો આવ્યુંને જરી? શુભરાગમાં જેને રુચિ છે એ શુદ્ધદેવ ચિદાનંદ સ્વરૂપનો તિરસ્કાર (કરે છે), એનોને એનો શુદ્ધ ઉપયોગનો તિરસ્કાર કરે છે. સમજાણું કાંઈ? જ્ઞાનીને શુભરાગ હોય છે પણ એને હેયબુદ્ધિ છે, એમાં પૂજ્યબુદ્ધિ નથી. પૂજ્યબુદ્ધિ ચૈતન્ય સ્વભાવમાં છે. જ્ઞાયક વીતરાગસ્વરૂપ આત્મા એમાં એની પૂજ્યબુદ્ધિ છે. સમજાણું કાંઈ? ભગવાનને પૂજવા બેઠો હોય, ભક્તિ કરવા બેઠો હોય, સ્તુતિ કરવા બેઠો હોય, પણ જેની રુચિ રાગમાં છે એને રાગમાં જ પૂજ્યબુદ્ધિ પડી છે એની. માણસને દુનિયાની લાઈન આખી દૃષ્ટિફેર છે. સમજાણું?

'**જેણે શુદ્ધોપયોગશક્તિનો તિરસ્કાર કર્યો છે એવો વર્તતો થકો,...**' એમ શુદ્ધ ઉપયોગ જો હોય તો તો મોક્ષનું કારણ છે. પણ શુદ્ધ ઉપયોગનો અભાવ કરી અને શુભ પરિણામ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, નામસ્મરણ, ગુણ-ગુણી વિકલ્પ ભેદ, ભક્તિ કે વ્રત કે ક્રિયા, આ અપવાસ કરવા ને આ કરવું એવો જે શુભ વિકલ્પ એને લઈને એનો શુદ્ધ ઉપયોગ મેલો થઈ ગયો છે. એટલે કે આત્મભૂમિકા મેલી થઈ છે અને શુદ્ધ ઉપયોગનો તિરસ્કાર (કર્યો છે) '**એવો વર્તતો થકો, સંસારપર્યંત...**' એટલે? '**(-જ્યાં સુધી આ સંસારનું અસ્તિત્વ છે ત્યાં સુધી અર્થાત્ સદાને માટે) શારીરિક દુઃખને જ અનુભવે છે.**' દેખો! શુભભાવ કરે, દયા કરે, દાન કરે, ભક્તિ, પૂજા, નામસ્મરણ નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... ૐ... ૐ... ૐ... ૐ... ૐ... ૐ... લ્યો! લાખ-કરોડ વાર ૐ કરે. કહે છે કે એ શુભ ઉપયોગ, સંસારપર્યંત એ શારીરિક દુઃખને અનુભવશે શુભઉપયોગવાળા. છે? શારીરિક સુખને અનુભવશે એમ કીધું એ તો બેને સરખા કરી નાખ્યા છે પહેલા. પછી કહ્યું, નવી સામગ્રી એને દુઃખનો ભાવ એને અવલંબે છે. અહીં તો જુઓ (એમ કહ્યું), '**શારીરિક દુઃખને જ અનુભવે છે.**' ભાષા જુઓ! અને શારીરિક તો સુખ છે ત્યાં. અહમિંદ્રાદિમાં રાજા થાય, પુણ્યના ભાવે મોટા ચક્રવર્તી, બળદેવ (થાય) અને આ સમકિતી થાયને લ્યોને, પણ છતાં એ શુભભાવમાં સમકિતી થાય. સમકિત પહેલું હોય એને શુભભાવ હોયને આવા ચક્રવર્તીને. બીજાને મિથ્યાદૃષ્ટિને એવું હોય નહિ. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિપણામાં શુભભાવ હોય એને આવું અહમિંદ્રપણું હોય. પછી નિદાન કરે તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય. એને હોય. મિથ્યાદૃષ્ટિને ચક્રવર્તીપણું કોઈ દિ' હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? પણ કહે છે કે એ શુભભાવ શારીરિક દુઃખનો અનુભવ આપશે, એમાં આત્માને કાંઈ શાંતિ નથી. ભારે વાત!

'**શારીરિક દુઃખને જ અનુભવે છે.**' લ્યો! છેને અંદર જુઓને. શારીરિક. '**शारीरं**' એમ છે જુઓ! '**शारीरं**' છેને? '**शारीरं**' છેને? શરીર સંબંધીનું. '**शारीरं दुःखमेवानुभवति**'. એ શુભભાવ, શુભરાગ, પુણ્યભાવ, વિકલ્પ શુભની લાગણી એ તો અહમિંદ્રાદિ શારીરિક દુઃખને અનુભવશે એમ કહે છે. ત્યાં અહમિંદ્રનું ઈન્દ્રનું સુખ ભોગવશે એ તો પહેલેથી કહેતા આવ્યા

છે. પાપના પરિણામવાળા જે આપદામાં પડ્યા એ પણ પરના દુઃખભાવને અવલંબે છે અને આ પુણ્યવાળા પણ એવા સંપદામાં એ પુણ્યભાવમાં દુઃખભાવને જ અવલંબે છે અથવા દુઃખનો ભાવ જ એ સામગ્રીને અવલંબે છે. કહો, પુણ્યભાવવાળા પણ શારીરિક સુખને અનુભવે છે એમ નથી. ભારે માર્ગ ભાઈ! દુનિયાથી વિરુદ્ધ આખો. ભાષા શું છે જોયું!

**'શુદ્ધોપયોગશક્તિનો તિરસ્કાર કર્યો છે એવો વર્તતો થકો, સંસારપર્યંત** (-જ્યાં **સુધી આ સંસારનું અસ્તિત્વ છે ત્યાં સુધી અર્થાત્ સદાને માટે) શારીરિક દુઃખને જ અનુભવે છે.'** શરીર સંબંધી. કાંઈ આત્માનું સુખ તો છે નહિ. એટલે શારીરિક સુખ જે કલ્પના છે એ પણ દુઃખ જ છે, પીડા છે. તૃષ્ણાયતન એનું ઘર છે પુણ્ય. એટલે શારીરિક દુઃખને જ એ અનુભવશે સંસારપર્યંત. કહો, સમજાણું કાંઈ?

**ભાવાર્થ :—** જ્યાં સુધી એ ભાવનો પ્રેમ છે ત્યાં સુધી એનું .. એમ કહે છે. **'જેમ સુવર્ણની બેડી અને લોખંડની બેડી બન્ને અવિશેષપણે બાંધવાનું જ કામ કરે છે,...'** સોનાની બેડી અને લોઢાની બેડી બાંધે જ છે. એમાં કાંઈ બાંધવામાં ફેર-તફાવત નથી. સોનાની બેડીમાં તો વજન હોય છે વધારે કાંઈક લોઢા કરતાં પણ. અવિશેષપણે એટલે તફાવત વિના. સોનાની બેડીથી બંધાય અને લોઢાથી બંધાય. **'તેમ પુણ્ય અને પાપ બન્ને અવિશેષપણે બંધન જ છે.'** એ પુણ્ય બંધાય કે પાપ બંધાય બેય સામાન્ય બંધન જ છે. એમાં આત્માને કાંઈ જરીએ લાભ નથી. સમજાણું કાંઈ? અત્યારે તો પુણ્યની બોલબોલા છે લ્યો જ્યાં હોય ત્યાં. સમ્યગ્દર્શન વિના કોઈ વ્રતાદિના પરિણામ કરે તો તેને ધર્મીની છાપ લાગી જાય. લ્યો! આ ધર્મી છે. પૂજા કરે, ભક્તિ કરે, પૂજામાં રોકાય, દાન કરે, સાધુ થાય, વ્રત પાળે, અપવાસ કરે. બસ! થઈ રહ્યું, એ ધર્મની છાપ લાગી ગઈ એને. કહે છે કે એ તો અધર્મ કરે છે, પાપ કરે છે. પુણ્યને પણ ખરેખર પાપ કહેવામાં આવે છે. એ પાપ કરે છે અને માને છે કે અમે ધર્મ કરીએ છીએ અને લોકો એને એ લિબાસમાં બહુમાન આપે છે. કહો, સમજાણું કાંઈ? સમ્યગ્દષ્ટિ ગૃહસ્થાશ્રમમાં હોય તોપણ મોક્ષમાર્ગમાં છે. મિથ્યાદષ્ટિ ત્યાગમાં અણગારમાં પંચ મહાવ્રત પાળતો હોય તોપણ બંધમાર્ગમાં, સંસારમાર્ગમાં છે, રખડવાના માર્ગે છે. સમજાણું કાંઈ? એ જ કહે છે. અવિશેષપણે પુણ્ય અને પાપ બેય સરખા જ છે.

**'જે જીવ પુણ્ય અને પાપનું અવિશેષપણું કદી માનતો નથી,...'** એવું માથે કહ્યું. સંસાર.. કોઈ દિ' માનતો નથી કે પુણ્ય અને પાપ બેય સરખા જ છે અને એના ભાવ તરીકે બેય સરખા (છે). એ ભાવ આમાં નાખશે લ્યો! ૭૮માં ભાવ નાખશે. સમજાણું કાંઈ? **'તેને આ ભયંકર સંસારમાં રઝળવાનો કદી અંત આવતો નથી.'** ભયંકર સંસાર ચોર્યાસીના અવતાર. ચાહે તો નરક હો, બધાને ભયંકર સંસાર કીધો છે અહીં. એ નરકના ભવને, દેવના ભવને, રાજાના ભવને, ચક્રવર્તીના ભવને બધો ભયંકર સંસાર છે. **'ભયંકર સંસારમાં રઝળવાનો કદી અંત આવતો નથી.'** આ ૭૭ ગાથા આવી ચોખ્ખી છે લ્યો! એ કોઈ

શુભ અને અશુભભાવ બેમાં ફેર માને તે અહંકારજન્ય અવિદ્યાથી ફેર માને છે એમ કહ્યું. એના બંધનમાં પુણ્ય અને પાપ બંધાય એમાં પણ ફેર માને (તો) અહંકાર અજ્ઞાનજન્ય ફેર છે. સામગ્રીમાં ફેર માને કે અમને અનુકૂળ તો મળ્યું. બહારમાં અનુકૂળ-પ્રતિકૂળ કોઈ ચીજ છે નહિ. છતાં માને છે એ અજ્ઞાનજન્ય મિથ્યાત્વથી, ઉપાધિથી માને છે. લ્યો! ૭૭ થઈ.

**'હવે, એ રીતે શુભ અને અશુભ ઉપયોગનું અવિશેષપણું અવધારીને,...'** હવે લે છે જુઓ શુદ્ધ ઉપયોગવાળો. **'સમસ્ત રાગદ્વેષના દ્વૈતને દૂર કરતા થકા,...'** એ શુભ અને અશુભ પરિણામ બેય મારા નથી અને મને લાભદાયક નથી એમ બેયને દૂર કરતા થકા **'અશેષ દુઃખનો ક્ષય કરવાનો મનમાં દઢ નિશ્ચય કરી...'** બધા દુઃખનો ક્ષય કરવાનો મનમાં દઢ નિશ્ચય કરીને **'શુદ્ધોપયોગમાં વસે છે...'** એ શુદ્ધ ઉપયોગમાં વસે છે તેની વાત કરે છે હવે. શુદ્ધ ઉપયોગ જ સર્વ દુઃખના ક્ષયનું કારણ છે. પુણ્ય અને પાપ બેય દુઃખનું જ કારણ છે. સમજાણું કાંઈ? ૭૮.

**एवं विदिदत्थो जो दव्वेसु ण रागमेदि दोसं वा।**
**उवओगविसुद्धो सो खवेदि देहुब्भवं दुक्खं।।७८।।**

દેખો! **'देहुब्भवं दुक्खं'** એ બધા ચાર ગતિના દેહથી ઉત્પન્ન થયેલા દુઃખ છે. એમ કહે છે. ચાર ગતિના **'देहुब्भवं दुक्खं'** તેથી ઓલાએ લખ્યુંને ત્યાં શારીરિક દુઃખનું લખ્યું હતું. ઉપોદ્‌ઘાત કરે છે એ શૈલીથી. અમૃતચંદ્રાચાર્યની શૈલી છેને ઈ. નહિતર ત્યાં શારીરિક દુઃખ ક્યાંથી આવ્યું? પણ એ કહે છે કે **'देहुब्भवं दुक्खं'** દેહનું શારીરિક દુઃખ જ છે. આ અહમિંદ્રને પણ શારીરિક દુઃખનું જ સ્વરૂપ છે. ત્યાં દુઃખનો જ અનુભવ છે એમ કહે છે. આ શેઠિયા બધા કરોડોપતિ, અબજોપતિ જે છે એ શારીરિક દુઃખને જ અનુભવે છે. કહો, જયંતિભાઈ! શારીરિક દુઃખ તો વ્યાધિ હોય, કોઈ રોગ હોય, નિર્ધનતા હોય તો તો ઠીક. કોઈ મારતો હોય અને દુઃખ ભોગવતો હોય. અહીં તો કહે છે, ચંદન ચોપડતો હોય શરીર ઉપર. સમજાય છે? માખણ જેવા હાથથી આમ અંદર. તોપણ કહે છે કે એ શારીરિક દુઃખને જ અનુભવે છે. સમજાણું કાંઈ? એ આત્માનું સુખ છે નહિ. એ તો ધૂળ છે પરમાં રાગથી આમ કર્યા કરે છે. હેરાન-હેરાન થાય છે. સમજાણું?

**'हिंडदि घोरमपारं संसारं मोहसंछण्णो'** એમાં નથી ત્યારે આમાં છે. ..માં છેને? શારીરિક. **'देहुब्भवं दुक्खं'** એમ. દેહથી ઉત્પન્ન થતું દુઃખ જ છે બધે. મનુષ્યપણામાં, નારકીપણામાં, પશુપણામાં કે નિગોદપણામાં કે દેવપણામાં. સમજાણું કાંઈ? આત્માથી ઉત્પન્ન થયેલું સુખ ત્યાં છે નહિ. ચાહે તો પુણ્યના ફળમાં જાય કે પાપના ફળમાં જાય, બધા દેહથી ઉત્પન્ન થયેલા દુઃખને જ અનુભવે છે. કહો, ભીખાભાઈ! શું બરાબર પણ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ હવે છોકરા સારા હોય, આમ ભાઈ-ભાઈ કરે અને મકાન મોટા બંગલા

સારા હોય અને માખણ જેવી રોટલી થઈને ખાતો હોય અને આ બધી સગવડતા હોય, ખમ્મા-ખમ્મા કરે અને કહે '**देहुब्भवं दुक्खं**'. આ ભાષા તો જુઓ! આખી ચારેય ગતિના દેહનું દુઃખ અહીંયાં સિદ્ધ કર્યું છે. બરાબર હશે? તમારા છોકરા પણ દુઃખી હશે આ? ભારે ભાષા કરી! જુઓ! ... અમૃતચંદ્રાચાર્યે એનો ઉપોદ્ઘાત કરી નાખ્યો પહેલો. એ બધા દેહના દુઃખના અનુભવ છે. અહીં આવ્યું પાછું, '**देहुब्भवं दुक्खं**'. સમજાણું? કોણ? એ શુભ-અશુભભાવ અને એનું પુણ્ય-પાપનું બંધન અને એનું ફળ એ બધો દુઃખનો જ અનુભવ છે કહે છે. શરીરનો, શારીરિક દુઃખનો અનુભવ હોં પાછું એમ કીધું. માનસિક દુઃખ નહિ. આચાર્યની.. માનસિક દુઃખ,... આ તો શારીરિક દુઃખને જ અનુભવે છે. શરીર તરફના વલણનો ભાવ જે છે એ બધો શારીરિક દુઃખ જ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અશરીરી સંબંધી ભગવાન આત્માનું સુખ એમાં નથી. સચ્ચિદાનંદ પ્રભુ જ્ઞાનસ્વરૂપ આનંદસ્વરૂપ એનું સુખ નથી તે બધા ચાર ગતિના પુણ્ય-પાપના ફળમાં શારીરિક દુઃખ છે એમ સિદ્ધ કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ઓલામાં એમ લખે લ્યો! વ્રત પાળશે, પુણ્ય થાશે ત્યારે છાંયે બેસશે અને ઓલો તડકે છે. નાખે આવું. .. ત્યાં કીધું. સમજાણું? એ તો અપેક્ષાથી વાત ત્યાં કરી, બાકી છે તો બેય દુઃખ જ. સમજાણું કાંઈ? એઈ..! ત્યાં કીધું છે કે નહિ? કીધું છે તો અપેક્ષિત કીધું છે. એમ કે સમ્યગ્દર્શન સહિત અવ્રતભાવ રહેવો એ કરતા વ્રતભાવ હોય તો ત્યાં સ્થિરતા પણ છે અને શુભભાવ છે એમ કહે છે. એ તો ઓલા સ્થિરતા વિશેષ કરાવવા એ વખતે શુભવિકલ્પ હોય છે એ વાત કરે છે અને અવ્રતમાં તો સ્થિરતા નથી અને એકલો અશુભભાવ છે એ શારીરિક દુઃખ છે. એ તડકો છે, ઓલો જરી છાંયો છે એટલી વાત.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ કહે છે, છાયા છેને. પણ છાયાવાળા તો ઓલા શુદ્ધ ઉપયોગમાં લેશે. એ તો તરત જાશે, ઓલો... પાપવાળો. ત્યાં તો ફેર પડાવ્યો. અહીં ફેર નથી એમ કહેવું છે. ત્યાં તો અવ્રતવાળો તડકે બેસીને નરકે જાશે. પણ એ તો મિથ્યાદૃષ્ટિ ત્યાં મૂકે છે. જ્ઞાનીને શુભભાવ આવે, અશુભભાવ હોય પણ અશુભભાવમાં ગતિનું બંધ હોઈ શકતો નથી. એટલો તો ભિન્ન પડી ગયેલો છેને? અશુભભાવમાં એને ગતિનો બંધ પડે જ નહિ. શુભભાવ આવે ત્યારે જ એને ગતિનો બંધ પડે. કારણ કે સમકિતીને પ્રધાનતા શુભભાવમાં છે. છતાં એ શુભભાવ છે શારીરિક દુઃખનું કારણ એમ અહીં સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? ભારે! ૭૮ છેને? ક્યાં આવ્યું?

'देहुब्भवं दुक्खं तप्तलोहपिण्डस्थानीयदेहादुद्भवं अनाकुलत्वलक्षणपारमार्थिकसुखादि-लक्षणं' એમ. 'परमाकुलत्वोत्पादकं लोहपिण्डरहितोहग्निरिव घनघातपरंपरास्थानीयदेहरहितो भूत्वा शारीरं दुःखं क्षयपतीत्यभिप्रायः।।' ઠીક! બે જ વાત લીધી છે. શુભાશુભ પરિણામ

અને પુણ્ય-પાપમાં શારીરિક દુઃખ અને શુદ્ધ ઉપયોગમાં આત્માનું સુખ. સમજાણું કાંઈ? આ કેટલી સ્પષ્ટતા કરી છે! પણ હવે એને વાંચે નહિ, વિચારે નહિ. સમજ્યાને? આટલી ટીકા, આટલા એક એક શબ્દ શુભ પુણ્યને માટે એટલું વર્ણન કરીને છેલ્લે એને દેહનું દુઃખ જ ઉદ્‌ભવશે, એમાં આત્માનું સુખ છે નહિ. આત્માનું સુખ નથી એટલે દેહ દુઃખ એમ જ કહ્યું છે. સમજાણું?

**વિદિતાર્થ એ રીત, રાગદ્વેષ લહે ન જે દ્રવ્યો વિષે;**
**શુદ્ધોપયોગી જીવ તે ક્ષય દેહગત દુઃખનો કરે. ૭૮.**

પાઠમાં છે દ્રવ્ય વિષે. એનું પાછું સ્વપર બે ભાગ પાડ્યા છે. એક કોર દેહગત દુઃખ અને એક કોર આત્માગત સુખ, બસ બે જ વાત. સમજાણું કાંઈ? આત્માનો આનંદ, આત્મા શુદ્ધ ચિદાનંદ મૂર્તિ એની દૃષ્ટિ અને એની સ્થિરતા દ્વારા જ એ આનંદ પ્રગટ થાય. આત્મા શુદ્ધ સ્વરૂપ ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ એનો અનુભવ અને એમાં સ્થિરતારૂપી શુદ્ધ ઉપયોગ એમાંથી આનંદ થાય, એનાથી વિરુદ્ધ શુભાશુભ પરિણામમાંથી દેહનું દુઃખ થાય. આમ બે ભાગલા પાડ્યા છે. સમજાણું કાંઈ? ત્રીજો ભાગ નથી. એમ કીધું, માનસિક દુઃખ ભોગવે છે. એ માનસિક એ શરીરનું દુઃખ છે, એ શરીરનું જ દુઃખ છે. માનસિક એટલે પરવસ્તુ છે, એમાં શું છે? લ્યો! અને એ રીતે માનસિકને શરીરદુઃખમાં નાખી દીધું છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે વાત કરી.

ભગવાન અશરીરી આત્મા શુદ્ધ ચિદાનંદની મૂર્તિ એની શ્રદ્ધા, જ્ઞાન અને અનુભવ શુદ્ધ ઉપયોગ એ આત્માના મોક્ષનું કારણ છે અને જે શુભ ઉપયોગ અને અશુભ ઉપયોગ છે એ બેય દુઃખનું કારણ છે. આ સુખનું કારણ ત્યારે એ દુઃખનું કારણ છે એમ સિદ્ધ કર્યું છે. આત્મા શુદ્ધ ચિદાનંદ મૂર્તિ અખંડાનંદ એનો અંતર દૃષ્ટિ અને અનુભવ એ મોક્ષના સુખનું કારણ છે. એનાથી વિરુદ્ધ જેટલા શુભ અને અશુભભાવ એ બધા શારીરિક દુઃખનું કારણ છે. ભગવાનજીભાઈ! આ પાંચ-પચ્ચીસ કરોડ મળે તો કહે દુઃખી છે એમ કહે છે. એય..! જાધવજીભાઈ! બિચારા દુઃખી છે, ઈ રાંકા છે એમ કહે છે અહીં તો. આહા..હા..! સુખ તો આત્મામાં છે અને એ પરમાં સુખ માને છે એ હેરાનગતિ કરે છે, હેરાન થાય છે બિચારા. આહા..હા..! દૃષ્ટિ જ જુદી આ તો જ્ઞાનીની. સમજાણું કાંઈ?

મિથ્યાદૃષ્ટિ ... એ શારીરિક દુઃખને અનુભવે છે. અને પાપી મિથ્યાદૃષ્ટિ નરકમાં જાય તો શરીર દુઃખને અનુભવ છે. બેય દુઃખના સ્થાનમાં કોઈ ફેર નથી એમ કહે છે અહીં. આહા..હા..! એકલો પ્રભુ આત્મા જ્ઞાનાનંદની મૂર્તિ શુદ્ધ ધ્રુવ ચૈતન્ય એનો અનુભવ ને સ્થિરતા એ એક જ સુખનું કારણ, બાકી કોઈ સુખનું કારણ છે નહિ. આહા..હા..! શુદ્ધ ઉપયોગને સુખનું કારણ ઠરાવ્યુને પહેલું? ત્યાંથી તો ઉપાડી છે વાત. શુદ્ધ ઉપયોગ છે એના ફળ તરીકે મુક્તિ છે. શુદ્ધ ચિદાનંદ પ્રભુ એનો શુદ્ધ અંતર વેપાર-નિર્દોષ આત્મ-વેપાર અંતરની દૃષ્ટિનો

અનુભવ એ એક જ મોક્ષનું કારણ છે. ચાહે તો શુભભાવ હો કે અશુભ એ બંધનું કારણ અને શારીરિક દુઃખનું કારણ છે. બે જ ભાગ પાડ્યા, ત્રીજો ભાગ નથી. વળી આ શારીરિક દુઃખ છે, ઓલાને માનસિક દુઃખ છે ને ઓલાને આત્મિક સુખ છે (એમ ત્રણ ભાગ નથી). સમજાણું કાંઈ? ભારે આકરું લાગે માણસને હોં! નવા સાંભળનારને તો એવું લાગે, આ શું આત્મધર્મ? પણ તારો સંસાર ઉથાપે છે, સાંભળને! આહા..હા..!

એનો અન્વયાર્થ. શબ્દાર્થ છેને એનો? પણ પુણ્યથી શરીર સુંદર મળે, સ્ત્રી મળે, બાયડી મળે, છોકરા મળે, કારખાના સારા થાય, નોકરો સારા મળે અને જ્યાં જાય ત્યાં ખમ્મા-ખમ્મા કરે લ્યો! જુઓ! આ નવનીતભાઈ છે એ ત્યાં ગયા હતા નહિ? વલસાડ? વલસાડમાં? વલસાડ નહિ? ન્યાં છેને નવ-દશ એની હેઠે, શું કહેવાય એ? .. બહુ માણસો. નરમ માણસ બહુને. એને ત્યાં ગયા તો એના નોકરો પગે લાગે. આમ હોં એવી રીતે. કહો. કારખાના ચાલતા હોયને. મોટા મોટા ચાલે છેને અને એના મુખ્ય માણસ હોય અને બીજા માણસ કામ ઘણા કરતા હોય ત્યાં. ... અંદર ગયા તો મને તો પગે લાગે, પણ એને (પણ) પગે લાગે. જુઓ! પુણ્યમાં સુખ છે કે નહિ કાંઈ? એ.. મગનભાઈ!

મુમુક્ષુ :- એ તો બહારની ક્રિયા થઈ...

ઉત્તર :- પણ ઓલા લોકો આમ ખમ્મા-ખમ્મા કરે. આહા..હા..! શેઠિયા. આહા..હા..! બહુ માન લાગે છે આને. નોકરોમાં આનું બહુમાન છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ એની કલ્પના ગઈ છે અંદરમાં એ જ પોતે દુઃખ છે. આહા..હા..! એ કલ્પના કષાય છે. કષાય પોતે દુઃખ છે. એ શારીરિક દુઃખ છે કે આત્મિક દુઃખ છે? આત્માનું દુઃખ હોય? આમ ગુલાંટ ખાઈને વાત કરે છે. સમજાણું કાંઈ?

ચક્રવર્તી મહારાજ આદિ, વાસુદેવ, બળદેવ.. ખમ્મા-ખમ્મા. સોળ હજાર તો દેવ (સેવા કરે). ઓલો બ્રહ્મદત્ત મિથ્યાદષ્ટિ હતો લ્યોને. મિથ્યાદષ્ટિ, છન્નું હજાર સ્ત્રી અને સોળ હજાર દેવ. ખમ્મા અન્નદાતા ખમ્મા. સોળ હજાર દેવ ઊભા થાય જ્યાં આવે ત્યાં. હિટલર આવતો ત્યારે કેટલા થતા નહિ? નથી સાંભળ્યું ઉપરથી ઉતરે ત્યારે? લાખો માણસ તલવાર (સાથે), તલવાર નહિ બંદુક. મીલીટરી નીચે ઊભી હોય બધી. ઉપરથી ઉતરેને ત્યારે. માન આપે ત્યારે. કહો, એમાં ક્યાંય છે કે નહિ આદરમાં સુખ? પાપભાવમાં હડોહડો થાય. આવે તો કહે, અહીં બેસીશ નહિ. ઓલો કૂતરું આવે છેને, જુઓને કૂતરું નથી હટતું? જીવાત પડે છે. બેસવા ન દે એને. કારણ કે બેસે તો ઈયળું પડશે નીચે સડ્યું છે તે. એમ એવો પાપી પ્રાણી હોય તો બેસવા ન દે સરખે. અહીંથી જા, ગંધાય છે. હવે એમાં બેયમાં કાંઈ ફેર છે કે નહિ? ધીરૂભાઈ! ધૂળમાંય ફેર નથી. બહારમાં કરે એમાં તને આત્માને શું થયું? આહા..હા..! કહો, સમજાણું?

આમ ચક્રવર્તી મિથ્યાદૃષ્ટિ બ્રહ્મદત્ત હોં! આમ જ્યાં નીકળે ને, લાખો માણસો આમ હાથ જોડીને (ઊભા હોય). .. લાખો માણસ બે બાજુ. એક બાજુ ચક્રવર્તી અને હાથી નીકળે. તે દિ' ક્યાં મોટર-ફોટર હતી? ચોર્યાશી લાખ ને હાથીનો મોટો હાથી હોય. ચોર્યાશી લાખ હાથી ઘરે. એનો એક મોટો ચક્રવર્તીનો હાથી. ચક્રવર્તી એટલે મોટો હાથી. શું કહેવાય? હસ્તિરત્ન. હાથીમાં રત્ન એટલે ઊંચું. આમ કહેવાય. બહુ હાથી ઊંચો હોય. આમ બેઠો હોય. લાખો માણસ આખા ગામ મોટા હોય ને મોટું રાજ હોય. ... સમજાણું? કહે છે કે દુઃખી છે. અરે.. અરે.. ભારે ભાઈ! એ.. મગનભાઈ! આ ક્યાં એનું માપ શી રીતે કરવું આ?

બાપા! આત્મા આનંદમૂર્તિ છે એમાંથી ખસીને જેટલું પર ઉપર લક્ષ ગયું છે એ બધું દુઃખ જ છે. આહા..હા..! સમજાણું કાંઈ? શ્વેતાંબરમાં એક આવે છે. ધર્મના આરાધક થઈને દેવ જાય સમકિત લઈને. સભા બેઠી હોય લાખો-કરોડો દેવો. ઓલો શાંત થઈને બેઠો હોય. અંદર .. કેટલાક. સાહેબ! કાંઈક બોલોને. કેમ મૌન છો? બોલોને કાંઈક. કાંઈક બે વાત તો ભાષા તો બોલો. આરાધક થઈને જાય એનો આવો આદર હોય. પુણ્ય હોં. એ પુણ્યનું કારણ છે. મિથ્યાદૃષ્ટિ જાય અને દેવમાં ઓલો બોલવા માગે કાંઈ. .. દેવા. એમ ઊભા થઈને બે-ચાર કહે, બોલીશ નહિ કાંઈ. સમજાણું કાંઈ? શું છે આમાં? એઈ..! આહા..હા..! ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો કંદ છે એ તો. એ અતીન્દ્રિય આનંદના સ્વાદ આગળ આ બધું દુઃખ જ છે. આહા..હા..! એમ કહે છે મૂળ તો. સમજાણું કાંઈ?

'**એ રીતે વસ્તુસ્વરૂપ જાણીને...**' એનો અર્થ ૭૮નો. '**એ રીતે વસ્તુસ્વરૂપ જાણીને...**' વસ્તુ એટલે પુણ્ય ને પાપ, બંધનું કારણ એકરૂપ બધું દુઃખનું કારણ છે. '**જે દ્રવ્યો પ્રત્યે...**' દ્રવ્યો શબ્દે પોતે અને પર બેય દ્રવ્ય એમ અર્થમાં લીધું છે. જે પોતા પ્રત્યે પણ હું ઠીક છું એવો વિકલ્પ નહિ અને આ અઠીક એવો બધો રાગ છોડીને. '**રાગ કે દ્વેષને પામતો નથી, તે ઉપયોગવિશુદ્ધ વર્તતો થકો દેહોત્પન્ન દુઃખનો ક્ષય કરે છે.**' સમજાણું કાંઈ? ઓલો દેહદુઃખ ઉત્પન્ન કરે છે, આ દેહ ઉત્પન્ન દુઃખને ક્ષય કરે છે. વાત જ આમ ગુલાંટ ખવરાવી છે. '**દેહોત્પન્ન દુઃખનો ક્ષય કરે છે.**' એનો અર્થ કે ચારેય ગતિના દેહોત્પન્ન દુઃખો તેનો તે સ્વ અને પરના દ્રવ્યની અંદર, પર્યાયો સહિત દ્રવ્ય હોં! રાગ અને દ્વેષ છોડે છે અને સ્વદ્રવ્યનું અવલંબન લે છે તે આ બધા શારીરિક દુઃખોનો ક્ષય કરે છે. સમજાણું કાંઈ? આ કાંઈ ગુપ્ત વાત રાખી છે આ? પણ આમાં છે કે નહિ? એ તો એનો ... એટલે એનું સ્પષ્ટીકરણ ચાલે છે. એમ છે એની વિશેષતા વર્ણન કરીને એનું આ રૂપ છે એમ બતાવાય છે. બાકી એમાં છે કે નહિ? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એમાં છે એ દેખાડ્યું કોણે?

ઉત્તર :- જાણે એને. જાણે એને દેખાડ્યું.

મુમુક્ષુ :- આપે જાણ્યું અને દેખાડ્યું.

ઉત્તર :- જાણે એને દેખાડ્યું એમ મેં કીધું છે.

'**ઉપયોગ શુદ્ધ વર્તતો થકો.**' હવે શુભાશુભ પરિણામથી રહિત છે એમ કહેવું છેને અહીંયાં? ઉપયોગ વિશુદ્ધ કહો કે શુદ્ધ ઉપયોગ કહો. ભગવાન આત્મા...

અહીં જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન છે ને? જ્ઞાનસ્વરૂપ ચૈતન્યપ્રકાશ મૂર્તિ એનો ઉપયોગ એટલે તે સંબંધીનો વેપાર અને આચરણ, શુદ્ધ આચરણ એવો વર્તતો થકો એ બધા દુઃખોને ક્ષય કરી નાખે છે. આત્મિક આનંદને પ્રાપ્ત કરે છે. અહીં વ્યયથી વાત કરી છે. દેહદુઃખનો નાશ કરે છે એટલે કે આત્માના આનંદને પ્રાપ્ત કરે છે. સમજાણું કાંઈ? કારણ કે ઓલા પુણ્ય-પાપને દુઃખનું કારણ બતાવ્યુંને એટલે એને અહીંથી એ કીધું છે. આવા ઉત્પન્ન થતાં જે શુભાશુભભાવ અને એમાંથી દુઃખ શારીરિક આદિ એ બધું દુઃખ છે, બેમાં કાંઈ ફેર નથી. સમજાણું? બેને ફેર માને તો તો મિથ્યાત્વભાવ છે, સ્વરૂપની સ્થિતિને જાણતો નથી. આમ જે સુવિદિતાર્થને જાણનારો વાસ્તવિક આત્માને, પુણ્ય અને પાપ બેય એક જ ચીજ છે, બેમાં ફેર કાંઈ નથી એમ જેણે વસ્તુના સ્વરૂપને પરથી ભિન્ન કરીને જાણ્યું છે એવો જીવ પોતાને પરમાં રાગદ્વેષ કરતો નથી. સમજાય છે કાંઈ? '**તે ઉપયોગવિશુદ્ધ વર્તતો થકો દેહોત્પન્ન દુઃખનો ક્ષય કરે છે.**' દેહથી ઉત્પન્ન દુઃખનો નાશ કરે છે.

'**ટીકા :- જે જીવ શુભ અને અશુભ ભાવોના અવિશેષદર્શનથી...**' જુઓ! આમાં એ આવ્યું. ઓલામાં પુણ્ય-પાપ ત્રણેય જોડલા લીધા હતા. પુણ્ય-પાપનું દ્વૈત ટકતું નથી એ બતાવવાનું હતું. સમજાય છેને? અહીંયાં હવે '**શુભ અને અશુભ ભાવોના અવિશેષદર્શનથી...**' સમજાણું કાંઈ? ઓલામાં એમ હતું, '**विसेसो त्ति पुण्णपावाण**' એમાં એ હતું. એના બંધમાં પુણ્ય બંધાય કે પાપ બંધાય એમાં કાંઈ ફેર નથી. હવે અહીં કહે છે કે શુભ-અશુભ ભાવોમાં વિશેષ નથી. સમજાણું કાંઈ? જે જીવ... વાત એ છે કે અતીન્દ્રિય આનંદ ભગવાન આત્મા પ્રગટ છે. પર્યાયદૃષ્ટિવંતને પર્યાય પ્રગટ દેખાય છે, વસ્તુદૃષ્ટિવંતને વસ્તુ પ્રગટ દેખાય છે. એ વસ્તુની દૃષ્ટિ નથી એથી એ વસ્તુનું માહાત્મ્ય એને આવતું નથી કે હું તે કોણ છું? શું છે આ? કેમકે વસ્તુ છે આખી એની પર્યાય જે છે વર્તમાન, એ પર્યાયનું લક્ષ પર ઉપર જાય છે. સમજાણું કાંઈ? વસ્તુ પર્યાયની પાછળ ધ્રુવ ચિદાનંદસ્વરૂપ આખો પદાર્થ પરમાત્મસ્વરૂપ છે. પરમાત્મા એટલે પરમસ્વરૂપ છે એ ઉપર દૃષ્ટિ જતી નથી એટલે એને વસ્તુ પ્રગટ છે તેમ માહાત્મ્ય આવતું નથી. છે એમ માહાત્મ્ય નથી આવતું એમ કહેવું છે. સમજાણું કાંઈ? આ છે એમ માહાત્મ્ય આવે છે, પણ આ છે એમ માહાત્મ્ય આવતું નથી. સમજાણું કાંઈ? અને એ શુભ-અશુભ પરિણામ પણ વર્તમાન પર્યાય છે ત્યાં એનું માહાત્મ્ય જાય છે. અને વસ્તુ છે એનાથી રહિત અંદર અખંડ આનંદ શુદ્ધ ચૈતન્ય વસ્તુ ધ્રુવ એક એક વસ્તુ એવી હોં, બધા આત્માની એવી અનંત છે. એવો આત્મા જેણે જાણ્યો એને શુભાશુભનું અવિશેષ દર્શન છે.

'(-**સમાનપણાની શ્રદ્ધા**)...' દેખો! બેય સરખા છે. પાછું ઓલામાં કહ્યું.. નાત તો બે એક છે પણ એક જાતની નાત અને એક ચંડાળણીમાં ફેર છે એમ કહ્યું છેને પાછું મોક્ષમાર્ગ પ્રકાશકમાં. એ તો વ્યવહારનો ફેર પાડ્યો છે ત્યાં. કર્યું છે કે નહિ? શુભ-અશુભ.. એ તો અપેક્ષા. એમ કે જાત છે તે જાત સમજાય છેને? નથી આવતા હલકા એક? જાતની જાત નથી સમજતા? આવે છે. એ સ્પર્શી છે, સ્પર્શ્ય છે અને ચંડાળ છે તે અસ્પર્શ્ય છે એમ ત્યાં છે. માટે એ રીતે... એ તો વ્યવહારે ફેર પાડ્યો, પરમાર્થે ફેર છે નહિ.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- તમને. સેવાભાવી કોણ છે? ધૂળ? કોણ સેવા કરે છે કોની? રાગની મંદતા હોય અને સાથે પાછું આ હું કરું છું એ મિથ્યાત્વભાવની સેવા કરે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સામાજિક તો બધે સામાજિક એવા જ હોય છે. સમજાણું? પરની સેવાનો જે ભાવ છે કદાચિત્ કોઈ શુભ, પણ એ ભાવ તે હું છું અને એમાં મને લાભ છે, તે મિથ્યાત્વને પોષે છે. એકલી કષાય-અગ્નિને ઉત્પન્ન કરે છે એમ કહે છે.

'**જે જીવ શુભ અને અશુભ ભાવોના**...' ભાવોના છે અહીં શબ્દ હોં! સામાન્યદર્શનથી એટલે બધી એક જ વસ્તુ છે, ફેર જરીએ નથી. એ વ્યવહારથી ફેર જણાવે છે એ વ્યવહાર કષાયની તીવ્રતા-મંદતા સમ્યગ્દર્શનસહિત હોય છે. અને મંદતામાં જરી મંદ છે એટલું છે. પણ બંધ તો બેયમાં એક જ પ્રકારનો નિશ્ચયથી છે. સમજાણું કાંઈ? નિશ્ચયાભાસમાં એમ લીધું છે સાતમા અધ્યાયમાં. '**વસ્તુસ્વરૂપને સમ્યક્પ્રકારે જાણીને**,...' પુણ્ય અને પાપના કારણરૂપ શુભ-અશુભભાવ બેય સમાન નામ સરખા છે એમ પોતાના આત્માની વસ્તુના સ્વરૂપને બરાબર જાણીને '**સ્વ અને પર એવા બે વિભાગમાં રહેલા**...' જોયું! સ્વ એવો આત્મા દ્રવ્ય-ગુણ-પર્યાયસહિત હોં! પર એવા વિભાગ. '**જે સમસ્ત પર્યાયો સહિત સમગ્ર દ્રવ્યો**...' પોતાની પર્યાય સહિત પોતાનું દ્રવ્ય, બીજાની પર્યાય સહિત પરનું દ્રવ્ય, એમ. પોતાની પર્યાય સહિત સ્વદ્રવ્ય, બીજાની પર્યાય સહિત પરદ્રવ્ય '**એવા બે વિભાગમાં રહેલા જે સમસ્ત પર્યાયો સહિત**...' પર્યાય—અવસ્થા સહિત છે બધાં દ્રવ્યો. એ પણ સિદ્ધ કરે છે ભેગું. આ આત્મા પણ પર્યાય એટલે અવસ્થાસહિત છે, બીજા આત્માઓ અને રજકણો બીજા છે અનંતા એ પણ પર્યાય—અવસ્થા સહિત છે. એવા બે ભાગમાં રહેલા છે. '**સમસ્ત પર્યાયો સહિત સમગ્ર દ્રવ્યો**...' સમસ્ત પર્યાયોસહિત સમગ્ર દ્રવ્યો.

'**તેમના પ્રત્યે રાગ અને દ્વેષને નિરવિશેષપણે છોડે છે**,...' સમજાણું કાંઈ? સ્વદ્રવ્ય પ્રત્યે પણ હું આ છું અને આ છું એવો વિકલ્પ છોડે છે. સમજાણું કાંઈ? હું દ્રવ્ય છું ને હું ગુણ છું ને હું પર્યાય છું એવો જે ભેદરૂપ એ પણ વિકલ્પ છે. સમજાણું? '**સમસ્ત પર્યાયો સહિત**...' સમસ્ત પર્યાયો સહિત '**સમગ્ર દ્રવ્યો તેના પ્રત્યે રાગ અને દ્વેષને**

**નિરવિશેષપણે છોડે છે, તે જીવ એકાંતે, ઉપયોગવિશુદ્ધ હોવાને લીધે...**' એ એકાંતે ઉપયોગવિશુદ્ધ હોવાને લીધે... રાગના વિકલ્પ રહિત, શુભના રાગ રહિત એકાંતે, એક અંત, એક જ શુદ્ધ ઉપયોગનો ધર્મ છે એને લઈને. એકાંતે ઉપયોગ એટલે સર્વથા શુદ્ધ ઉપયોગ એમ એકાંતની વ્યાખ્યા કરી. સર્વથા શુદ્ધ ઉપયોગી. આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ એનો અનુભવ થઈ અને દૃષ્ટિ અને જ્ઞાન થયું, હવે એના તરફનો સર્વથા શુદ્ધ ઉપયોગ, અંતરમાં રમણતાનો શુદ્ધ ઉપયોગ '**હોવાને લીધે જેણે પરદ્રવ્યનું આલંબન છોડ્યું છે...**' પરદ્રવ્યનું લક્ષ જ છોડી દીધું છે. લ્યો! આમાં તો દેવ, ગુરુ અને શાસ્ત્ર ને બધું લક્ષ છોડી દીધું છે. પહેલો સ્વ અને પરનો રાગ-દ્વેષ છોડ્યો છે અને સર્વવિશુદ્ધ ઉપયોગને લઈને પરદ્રવ્યનું પણ આલંબન જેણે છોડ્યું છે. સમજાણું કાંઈ?

'**જેણે પરદ્રવ્યનું આલંબન છોડ્યું છે એવો વર્તતો થકો—**' એવો વર્તતો થકો, પુરુષાર્થથી વર્તે છે એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? શુભ-અશુભભાવ બે સમાન છે એમ વસ્તુના સ્વરૂપને એને એમ જાણીને, આત્મા શુદ્ધ ચૈતન્ય છે એમ વસ્તુના સ્વરૂપને જાણી, જે કોઈ જીવ સ્વ ને પર એવા વિભાગમાં રહેલા પદાર્થોમાં જે રાગ-દ્વેષ છોડે છે. પર્યાયસહિત એવા જે સમસ્ત દ્રવ્યો એના પ્રત્યેનો રાગ-દ્વેષ પોતે અને પરમાં છોડે છે તે એકાંતે સ્વદ્રવ્યનું આલંબન લે છે અને પરદ્રવ્યનું આલંબન છોડે છે. સ્વદ્રવ્યનું આલંબન એટલે એકાંતે શુદ્ધ ઉપયોગ. તે કાળે તેણે પરદ્રવ્યનું આલંબન છોડ્યું છે. '**એવો વર્તતો થકો—લોખંડના ગોળામાંથી લોખંડના સારને...**' લોખંડના સત્ત્વને, લોખંડની ઘનતાને એની કઠીનતાને '**નહિ અનુસરતા અગ્નિ...**' અગ્નિ. એ અગ્નિ બહાર રહે છે એમાં પેસતી નથી. '**અગ્નિની માફક...**' અગ્નિ લોઢાના સારમાં પેસતી નથી.

'**પ્રચંડ ઘણના ઘા સમાન શારીરિક દુઃખનો ક્ષય કરે છે.**' જુઓ! શારીરિક ભાષા (છે). શારીરિક આદિ એમ પણ નથી પાછું. સમજાણું કાંઈ? શારીરિક અને માનસિક બે દુઃખો એમ ભેદ પાડ્યા જ નથી અહીં તો. શું કીધું સમજાણું? ઓલામાં આવ્યું છેને? સ્તુતિમાં નથી આવ્યું એ? 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ. અગ્નિ સહે ઘનઘાત લોહકી સંગતી પાયી.' લોઢાના સારની સંગતી અગ્નિ કરે તો ઘનઘાત સહન કરે. પણ જે અગ્નિ લોહના સારમાં પ્રવેશ કરતી નથી એને ઘણ કોણ મારે? અગ્નિને ઘણ મારે શું કરવા? એમ '**લોખંડના સારને નહિ અનુસરતા અગ્નિની માફક—પ્રચંડ ઘણના ઘા સમાન શારીરિક દુઃખનો ક્ષય કરે છે.**' સમજાણું? '**खवेदि देहुब्भवं दुक्खं उवओगविसुद्धो सो**'

'**(જેમ અગ્નિ લોખંડના ઉષ્ણ ગોળામાંથી લોખંડના સત્ત્વને ધારણ કરતો નથી...**' અગ્નિ લોખંડના ઉષ્ણ ગોળામાંથી લોખંડના સત્ત્વની અંદર એ પેસતી નથી. '**તેથી અગ્નિને પ્રચંડ ઘણના ઘા પડતા નથી, તેમ પરદ્રવ્યને નહિ અવલંબતા...**' તેમ પરદ્રવ્યને નહિ અવલંબતો. પરદ્રવ્યનું અલવંબન કરે તો શુભભાવ આવશે કાં તો અશુભ આવશે. સમજાય

છે કાંઈ? '**પરદ્રવ્યને નહિ અવલંબતા આત્માને શારીરિક દુઃખનું વેદન હોતું નથી.**)' એને આત્માને શારીરિક દુઃખ નથી, આત્માના આનંદનું વેદન હોય છે. કહો, સમજાણું કાંઈ? '**માટે આ જ એક શુદ્ધોપયોગ મારું શરણ છે.**' લ્યો આચાર્ય પોતે (કહે છે), દેખો! સમજાણું? ઉપયોગ વિશુદ્ધો છે ને? તો ઉપયોગ વિશુદ્ધો ..ક્ષય કરે છે માટે ઉપયોગવિશુદ્ધ એ જ મને શરણ છે. શુદ્ધ ઉપયોગ પર્યાય મારું શરણ છે એમ કહે છે. ઓલા શુભ અને અશુભ નહિ એટલે શુદ્ધ ઉપયોગ શરણ છે એમ કહેવામાં આવે છે. બાકી શુદ્ધ ઉપયોગને શરણ છે આત્માનું. સમજાણું કાંઈ? અહીં પર્યાયથી વાત કરવી છેને? શુદ્ધ ઉપયોગ... શુદ્ધ ઉપયોગ.

'**માટે આ જ એક શુદ્ધોપયોગ મારું શરણ છે.**' એ આચાર્ય પોતે વર્તમાન પંચમ કાળના મુનિ એમ કહે છે. કોઈ કહે છે કે શુદ્ધ ઉપયોગ અત્યારે નથી, આ તો શુદ્ધ ઉપયોગ શરણ તો ફક્ત ભવિષ્યમાં થશે એની વાત કરે છે. એમ હશે? સમજાણું કાંઈ? શું કીધું આ? કેટલાક એમ કહે છે કે શુદ્ધ ઉપયોગની અત્યારે ભાવના હોય, શુદ્ધ ઉપયોગ હોય નહિ. ઉપયોગ તો શુદ્ધ જ હોય. ભાવના કહો કે વીતરાગી પર્યાય કહો. એ તો ભાવના શબ્દે ત્યાં શું કલ્પના છે? .. ભાવના છે એમ આવે છે. માટે આચાર્ય કહે છે. દેખો! '**ततो ममायमेवैकः शरणं शुद्धोपयोगः**' મને વર્તમાનમાં શુદ્ધ ઉપયોગ એ શરણ છે કે જેના ફળ તરીકે આત્માનો આનંદ પૂર્ણ પ્રાપ્ત થાય. બાકી બીજાથી મારે કામ નથી. આહા..હા..! કહો, સમજાણું આમાં? શુદ્ધ ઉપયોગ નથી ત્યારે એને અત્યારે શરણ છે એમ કહે? શુદ્ધ ઉપયોગ મને થજો.

મુમુક્ષુ :- ફળ તો ભવિષ્યમાં મળે.

ઉત્તર :- એ જુદી. આ તો વર્તમાનની વાત છે. '**આ જ એક શુદ્ધોપયોગ મારું શરણ છે.**' એમ કહે છે. શરણ થજો એમ નથી. સમજાણું કાંઈ? જુઓ! અમૃતચંદ્રાચાર્ય ખુલાસો કરે છે. શુદ્ધ ઉપયોગ વિશુદ્ધો.. દુઃખ ... એમ કુંદકુંદાચાર્ય કહે છે. તો કુંદકુંદાચાર્ય કહે છે એનો અર્થ? કે શુદ્ધ ઉપયોગ સામ્યભાવને મેં અંગીકાર કર્યો છે. એ શુદ્ધ ઉપયોગથી દેહના દુઃખો નાશ થશે. પહેલું તો એમ કહ્યું હતું કે શુદ્ધ ઉપયોગના ફળ તરીકે મોક્ષમાં સુખ મળશે, આનંદ થાશે, મોક્ષ મળશે એમ કહ્યું હતું. અહીં કહે છે કે શુદ્ધ ઉપયોગના ફળ તરીકે દેહદુઃખનો નાશ થશે. એટલે આનંદની પ્રાપ્તિ થશે. સમજાણું કાંઈ?

'**આ જ...**' પાછું એમ. એકાંત છે દેખો! ભાઈ! કથંચિત્ શુદ્ધ ઉપયોગ શરણ અને કથંચિત્ શુભ ઉપયોગ શરણ. .. શુદ્ધ ઉપયોગ જ શરણ છે. શુભ ઉપયોગ તે શરણ નથી. આહા..હા..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ મને શરણ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? એ તો શુભ ઉપયોગ છે. શુભ ઉપયોગ કાળે પણ શુદ્ધ ઉપયોગ જ આદરણીય છે દૃષ્ટિમાં. સમજાણું કાંઈ? શુભ ઉપયોગ તે કાળે વિકલ્પ છે એટલે (શુદ્ધ ઉપયોગ) નથી, પણ શુદ્ધ

ઉપયોગ જ મને શરણ છે, આ વિકલ્પ મને શરણ નથી. જે ભાવે તીર્થંકરગોત્ર બાંધે એ ભાવ પણ મને શરણ નથી. આહા..હા..! હું તો શુદ્ધ ચૈતન્ય વસ્તુ એનો જે અંતર શુદ્ધ આચરણરૂપ ઉપયોગ, શુદ્ધ આચરણરૂપ ઉપયોગ, શુદ્ધ ઉપયોગ એ, એ જ મને શરણ છે, બીજું કોઈ શરણ છે નહિ. હવે આમાં અરિહંત શરણં... સિદ્ધા શરણં... સાહુ શરણં... એ ક્યાં ગયા? આવે છે કે નહિ? ચત્તારિ મંગલં. આ ચાર શરણ. વળી એકાંતપણું, અનેકાતંપણું ક્યાં ગયું? કે શુદ્ધ જ મને શરણ અને વ્યવહાર વિકલ્પ શરણ નહિ એનું નામ જ અનેકાંત. શુદ્ધ ઉપયોગ મને શરણ અને શુભ ઉપયોગ શરણ નહિ એનું નામ અનેકાંત. દેવ-ગુરુ શરણ નહિ, પણ મારો શુદ્ધ ઉપયોગ શરણ એનું નામ જ અનેકાંત.

મુમુક્ષુ :- એમાં ..

ઉત્તર :- ના, પાડે તો ક્યાં જાય? એમ કહેવું છે. મરવા ટાણે આમ ધ્યાન રાખે? કે ફોટો (ઉપર) ધ્યાન રાખજો, ફોટા ઉપર નજર રાખજો એમ કહે છેને? એ તો શુભ વિકલ્પ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ પ્રશ્ન ક્યાં છે? એ તો રખડે છે ચાર ગતિમાં. સમજાણું કાંઈ? પુણ્યબંધ થાય. પુણ્યબંધથી આ દેવના દુઃખને પામે.

મુમુક્ષુ :- દેવનું શારીરિક દુઃખને પામે.

ઉત્તર :- હા, શારીરિક જ દુઃખ છે ને. એ દુઃખ કીધું. નામ ફેર પાડ્યો નથી. મન અને એ બધું શરીર છેને? બધું .. સમજાણું કાંઈ?

**'માટે આ જ...'** એક તો એકાંત કર્યું. **'એક...'** બે નહિ. શુભ અને શુદ્ધ એમ નહિ. **'શુદ્ધ ઉપયોગ મારું શરણ છે.'** બીજું મારે શરણ છે નહિ. એ શુદ્ધ ઉપયોગ સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક શુદ્ધ ઉપયોગ જ મુક્તિનું કારણ છે એમ અહીંયાં સિદ્ધ કર્યું છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક વદ ૭, મંગળવાર, તા. ૧૨.૧૧.૧૯૬૮**
**ગાથા-૭૯-૮૦, પ્રવચન-૬૪**

૭૯ ગાથા. પ્રવચનસાર, જ્ઞાનતત્ત્વ અધિકાર. શું કહે છે? આચાર્ય મહારાજ આત્માનુભવી છે સમ્યગ્દૃષ્ટિ અને સમ્યગ્દર્શનપૂર્વક જેણે ચારિત્ર અંગીકાર કર્યું છે. ચારિત્ર એટલે સ્વરૂપમાં રમણતા. આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ શુદ્ધ સચ્ચિદાનંદસ્વરૂપ, સિદ્ધસ્વરૂપ આત્મા પરમાનંદ સ્વરૂપ છે એનો અનુભવ કરીને સમ્યગ્દર્શન છે અને એ ઉપરાંત એણે ચારિત્ર એટલે સ્વરૂપમાં રમવાનું, સ્થિર થવું એ ચારિત્ર પણ અંગીકાર કર્યું છે. પણ હવે શુભ ઉપયોગ છે, રાગ હજી વચમાં આવે છે એ હું નહિ છોડું તો મને આત્માની પ્રાપ્તિ નહિ થાય એમ વર્ણવે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળમાંય કરતો નથી. પંચ મહાવ્રતના જે પરિણામ અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય આદિ એ પણ એક શુભ વિકલ્પ અને રાગ છે. એ કાંઈ ચારિત્ર નથી. સમજાણું કાંઈ? શું કીધું?

'**સર્વ સાવદ્યયોગને છોડીને...**' એ શબ્દ આવ્યો છે. કહે છે કે મેં પાપના પરિણામ-સાવદ્ય પરિણામ છોડ્યા. સમજાય છે કાંઈ? '**છોડીને ચારિત્ર અંગીકાર કર્યું...**' મેં સ્વરૂપમાં રમવાનું ચારિત્ર પણ અંગીકાર કર્યું. '**કર્યું હોવા છતાં જો હું શુભોપયોગપરિણતિને વશપણે મોહાદિકનું ઉન્મૂલન ન કરું,...**' પણ કહે છે કે વચમાં જે પંચ મહાવ્રતના અને અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પ જે શુભ આવે છે દયા, અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ, નગ્ન થઉં એવો વિકલ્પ, એવો જે શુભભાવ એને જો વશ થઈને શુભ ઉપયોગ પરિણતિ, શુભરાગની અવસ્થા એવી અવસ્થાને વશ થઈને '**મોહાદિકનું ઉન્મૂલન ન કરું,...**' જો એ રાગાદિ હરખ આદિના પરિણામ, રતિ આદિના પરિણામ એને ઉન્મૂલન નામ મૂળથી નાશ ન કરું. '**જડમૂળથી કાઢી નાખવું તે; નિકંદન.**' સમજાણું કાંઈ? એ મહાવ્રતના પરિણામ મુનિને આવે એ પણ શુભરાગ છે. કહે છે કે એનો જો નાશ ન કરું '**તો મને શુદ્ધ આત્માની પ્રાપ્તિ ક્યાંથી થાય—**' દેખો! આત્મા સમ્યગ્દર્શન પ્રાપ્તિ ઉપરાંત, સ્વરૂપની ચારિત્ર રમણતા ઉપરાંત વચમાં શુભરાગ જે આવે છે છઠ્ઠા ગુણસ્થાનમાં, કહે છે કે શુભ ઉપયોગ પરિણતિને વશ. જો એને તાબે રહું તો મોહાદિકનું ઉન્મૂલન ન કરું. એને તાબે થઉં તો રાગને વશ-નાશ કરી શકું નહિ. '**તો મને શુદ્ધ આત્માની પ્રાપ્તિ ક્યાંથી થાય...**' તો મને શુદ્ધ સ્વરૂપ આનંદમૂર્તિ એની પર્યાયમાં—અવસ્થામાં સિદ્ધપદની પ્રાપ્તિ શુદ્ધ ઉપયોગ વિના કેમ થાય? શુભ ઉપયોગથી થાય નહિ. કહો, સમજાય છે કાંઈ?

'**એમ વિચારી મોહાદિકના ઉન્મૂલન પ્રત્યે...**' એ રાગનો વિકલ્પ જે ઊઠે છે,

આત્મધ્યાન છે, જ્ઞાન છે, ચારિત્ર છે છતાં એ વિકલ્પ જે શુભ છે એને '**ઉન્મૂલન પ્રત્યે સર્વ આરંભથી (-ઉદ્યમથી) કટિબદ્ધ થાય છે.**' સમજાણું કાંઈ? એ શુદ્ધ ઉપયોગ અંદર પ્રગટ કરવા માટે પુરુષાર્થ કરે છે. કહો, આચાર્ય.. દુનિયા તો હજી આત્માના ભાન વિના (માને કે) આ કંઈ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, મહાવ્રતના પરિણામ એ ધર્મ છે અને એ ચારિત્ર છે.

મુમુક્ષુ :- એ સંયમ કહેવાય.

ઉત્તર :- સંયમ કહેવાય એ. ધૂળેય સંયમ ન કહેવાય. અજ્ઞાન છે. સમજાણું કાંઈ?

અહીંયાં તો કહે છે કે આત્મા શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ અનંત આનંદ આદિ ગુણનો પિંડ એવી વસ્તુની અંતર દૃષ્ટિ, અનુભવ થઈને, થયા છતાં, અને સ્વરૂપમાં રમણતાની પરિણતિ પ્રગટ થયા છતાં જો આ શુભ ઉપયોગ જે હજી પંચ મહાવ્રત ને આ એકવાર આહાર કરવો, ઊભા ઊભા આહાર કરવો, છ આવશ્યક, સામાયિક, ચોવિસંથો, વંદન, પ્રતિક્રમણ આદિ સામાયિક કરું ને આ કરું એવો જે વિકલ્પ એને જો ન છોડું તો મને શુદ્ધની પ્રાપ્તિ ન થાય, શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ ન થાય. માટે '**સર્વ આરંભથી કટિબદ્ધ થાય છે.**' દેખો! પુરુષાર્થની ઉગ્રતા સ્વભાવમાં .. શુભભાવને છોડી પોતાના સ્વભાવમાં સન્મુખ થાય છે. એની આ ગાથા છે. કહો, સમજાણું કાંઈ?

જેને હજી આત્મા પુણ્ય-પાપના વિકલ્પથી ભિન્ન ચિદાનંદ સ્વરૂપ છે, સહજાત્મ સ્વરૂપ છે એવું જેને ભાન જ નથી, અનુભવ નથી, દૃષ્ટિ નથી એના વ્રતાદિના પરિણામ તો એકલા પુણ્યવાળા પાપને છોડીને એમ કહે કે અમે પુણ્ય કરીએ છીએ, પણ દૃષ્ટિ તો એના ઉપર છે તો મિથ્યાત્વનો ભાવ છે. સમજાણું કાંઈ? અહીંયાં તો કહે છે, હું... મુનિ છે પોતે દિગંબર સંત. આહા..હા..! સમજાણું કાંઈ? હું આત્મા, પુણ્ય-પાપની વૃત્તિઓ, વિકલ્પોથી રહિત એવી મારી સ્થિતિ-દૃષ્ટિ છે, એ ઉપરાંત સ્વરૂપમાં રમણ કરું એ ચારિત્ર પણ છે છઠ્ઠા ગુણસ્થાનને યોગ્ય. સમજાણું કાંઈ? પણ જે અઠ્યાવીશ મૂળગુણ છે, પંચ મહાવ્રત, સામાયિક, ચોવિસંથો, વંદન, પડિકમણું વિકલ્પ એ તો શુભ પરિણતિ છે, શુભ રાગ છે, એ વ્યભિચાર છે. ભગવાનજીભાઈ! આવશે હમણાં. નીચે અર્થમાં આવશે હજી. એનો ખુલાસો કરશે. આહા..હા..! તે '**સર્વ આરંભથી કટિબદ્ધ થાય છે.**' જુઓ હવે એ ગાથા.

**चत्ता पावारंभं समुट्ठिदो वा सुहम्मि चरियम्हि।**
**ण जहदि जदि मोहादी ण लहदि सो अप्पगं सुद्धं।।७९।।**

છે નીચે, નહિ?

**જીવ છોડી પાપારંભને શુભ ચરિતમાં ઉદ્યત ભલે,**
**જો નવ તજે મોહાદિને તો નવ લહે શુદ્ધાત્મને. ૭૯.**

એનો અન્વયાર્થ-શબ્દાર્થ. '**પાપારંભ છોડીને...**' એ ગૃહસ્થાશ્રમના બાયડી-છોકરા પ્રત્યેના

પાપના પરિણામ છોડ્યા, સાવદ્યયોગના પરિણામ છોડ્યા છતાં '**શુભ ચારિત્રમાં ઉદ્યત હોવા છતાં...**' એ પંચ મહાવ્રતના પરિણામ જે અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્યના પરિણામમાં ઉદ્યત હોવા છતાં '**જો જીવ મોહાદિકને છોડતો નથી,...**' એવા જે શુભભાવને છોડતો નથી. કહો, ભીખાભાઈ! પંચ મહાવ્રતના પરિણામ એ પણ છોડવા જેવા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- .. ઉપાદેય છેને.

ઉત્તર :- ઉપાદેય ત્રણ કાળમાં નથી. શુભભાવને ઉપાદેય માને તે મિથ્યાદૃષ્ટિ છે, મૂઢ છે. કથંચિત્. કથંચિત્ એટલે? કથંચિત્ ધર્મ નથી અને કથંચિત્ પાપ છે. કહો, સમજાણું કાંઈ? જેને પહેલેથી જે કાંઈ શુભરાગ અને શુભયોગ પરિણામ છે, એને જે ધર્મ માને અને ધર્મનું કારણ માને છે એ તો મિથ્યાદૃષ્ટિ અભવિ જેવો જીવ છે. એ તો માથે આવી ગયું છે પહેલું. સમજાણું કાંઈ? આહા..હા..! જગતને ઊંધું મળ્યું છેને. બિચારા ઊંધામાં કચરાઈ ગયા છે. વસ્તુ સત્ય શું છે એને સાંભળવા મળતી નથી. અહીં કહે છે કે પાપારંભને છોડી છતાં જો શુભને ન છોડું તો તે શુદ્ધ આત્માને પામતો નથી. તો શુદ્ધ આત્માની પ્રાપ્તિ એટલે મુક્તિ નામ સિદ્ધિ મને થતી નથી.

'**ટીકા :- જે (જીવ) સમસ્ત સાવદ્યયોગના પ્રત્યાખ્યાનસ્વરૂપ પરમસામાયિક નામના ચારિત્રની પ્રતિજ્ઞા કરીને પણ...**' એમ કહે છે. જે કોઈ આત્મા સાવદ્યયોગ-પાપયોગ, હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ, વાસના એવા પાપના યોગના '**પ્રત્યાખ્યાનસ્વરૂપ પરમસામાયિક નામના ચારિત્રની પ્રતિજ્ઞા કરીને...**' પરમ સમતા ગ્રહણ કરું છું એવી પ્રતિજ્ઞા કરી. '**પણ ધૂર્ત અભિસારિકા સમાન...**' દેખો! એ અમૃતચંદ્રાચાર્યની ટીકા. '**ધૂર્ત અભિસારિકા = સંકેત પ્રમાણે પ્રેમીને મળવા જનારી સ્ત્રી.**' એ શુભભાવને વ્યભિચારી-વેશ્યા જેવું કહ્યું છે. આહા..હા..! છે અંદર? છે કે નહિ પણ અંદર? શુભ પુણ્યના ભાવને-એ પંચ મહાવ્રતના ભાવને, છ આવશ્યક સામાયિક, ચોવિસંથો, વંદન, પડિક્કમણું, પચ્ચખાણ એવા છ આવશ્યકના ભાવને વ્યભિચારી ભાવ કહ્યો છે. આહા..હા..! રાગ છે. ભગવાન આત્મા ચિદાનંદ અનાકુળ આનંદ છે. સમજાણું કાંઈ?

'**ધૂર્ત અભિસારિકા...**' પાછું એમ છે. ધુતારી '**સંકેત પ્રમાણે પ્રેમીને મળવા જનારી સ્ત્રી.**' એમ. એવી સમાન શું? '**શુભોપયોગપરિણતિથી અભિસાર (મિલન) પામતો થકો...**' જુઓ ભાષા! આહા..હા..! ભગવાન આત્મા સત્ શાશ્વત જ્ઞાન અને આનંદ. અહીંયાં જ્ઞાનપ્રજ્ઞાપનનો અધિકાર છેને? એકલો જ્ઞાનસ્વરૂપ ચિદાનંદસ્વરૂપ છે. એની દૃષ્ટિ થઈ, ચારિત્ર પણ થયું, છતાં કહે છે કે શુભ ઉપયોગની પરિણતિને જો હું પામું (તો) ધૂર્તવેશ્યા જેવી પરિણતિ છે એ. મુનિના પંચ મહાવ્રતના પરિણામ... આહા..હા..! રાગ છે એ જૈનશાસન હોય? એ તો રાગ છે. એઈ..! આ લોકો બિચારા વાડામાં બંધાઈને ઊંધું મળ્યું છેને, એ ઘૂંચ્યા કરે અને એમને એમ ચાર ગતિમાં મરી જવાના. આ વસ્તુની હજી દૃષ્ટિની ખબર નથી.

મુમુક્ષુ :- કડકાઈ વાપરી છે.

ઉત્તર :- કડકાઈ વાપરી? ઈ વિના ઓલો ઊંચો ન થાય.

અહીં તો આચાર્ય મહારાજ અમૃતચંદ્રાચાર્ય કુંદકુંદાચાર્યની ગાથાની ટીકા કરનાર. કુંદકુંદાચાર્ય તો બે હજાર વર્ષ પહેલા થયાં. દિગંબર સંત, સનાતન સંત. એના પછી અમૃતચંદ્રાચાર્ય ૯૦૦ વર્ષ અત્યાર પહેલા થયાં હોં! એના પછી હજાર. એ ટીકા કરીને કહે છે કે શુભ ઉપયોગ... પાઠમાં તો આટલું લીધું. '**वा सुहम्मि चरियम्हि समुट्ठिदो**' એટલે '**पावारंभं समुट्ठिदो वा सुहम्मि चरियम्हि। ण जहदि जदि मोहादी ण लहदि सो अप्पगं सुद्धं**' એટલે પાઠ મૂક્યો. એનો અહીં ખુલાસો કર્યો આચાર્યે. આહા..હા..! ભારે વાત ભાઈ! કહે છે કે મેં હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ, વાસના એવા પાપના પરિણામ તો મેં છોડ્યા અને મારા સ્વરૂપની દૃષ્ટિપૂર્વક, સ્વરૂપની સ્થિરતા પણ ત્રણ કષાયના અભાવવાળી થઈ છે. છઠ્ઠે ગુણસ્થાને મુનિને. એમાં આ અઠ્યાવીશ મૂળગુણનો જે રાગ આવે છે એ કેવો છે? ધૂર્ત અભિસારિકા સમાન. ... છે કે નહિ એમાં? ત્યારે ભગવાનજીભાઈએ કીધુંને, આકરું.

'**ધૂર્ત અભિસારિકા સમાન...**' કોણ? શુભ ઉપયોગ પરિણતિ. એ શુભ ઉપયોગની પર્યાય, રાગની મંદતાનો વિકલ્પ. આહા..હા..! ભગવાન આત્મા તો નિર્વિકલ્પ આનંદસ્વરૂપ છે. એની દૃષ્ટિ અને સ્થિરતા હોવા છતાં આવા શુભ ઉપયોગને ધૂતારી વેશ્યા કહે છે. વશ કરી દેશે. આહા..હા..! મહાવ્રતના પરિણામ છે, શું કાંઈ પાપ છે આ? આમ છે, દયા દાન છે.

મુમુક્ષુ :- મૂળગુણ કેમ કીધા?

ઉત્તર :- એને અઠ્યાવીશ મૂળગુણ કીધા, અઠ્યાવીશ મૂળગુણ મુનિના કીધા. તો મૂળગુણ હશે, તો ગુણ હશે તો કીધા કે નહિ? ઠગારી પરિણતિ છે કહે છે ઈ. એ.. વીરચંદભાઈ! ભારે આકરી ભાષા! તે વિના ઊંચો થાતો નથી લ્યો! એવો ચોંટ્યો છેને પુણ્ય... પુણ્ય... પુણ્ય... પુણ્ય... પુણ્ય... પુણ્ય.. પુણ્ય એટલે જાણે શું હશે?

મુમુક્ષુ :- પુણ્ય એટલે ભગવાન.

ઉત્તર :- એનો ભગવાન પુણ્ય. એનો ભગવાન આત્મા નહિ. સમજાણું કાંઈ? આ તો મુનિ છે, ભાન છે છતાં કહે છે, આ શુભ પરિણતિ ઠગી જાય નહિ મને એમ કહે છે. એય..! આહા..હા..!

ભગવાન વીતરાગસ્વરૂપ, ચિદાનંદસ્વરૂપ છે આત્મા તો. નિર્દોષ વીતરાગ આનંદકંદ સચ્ચિદાનંદ પૂર્ણ સ્વરૂપ છે. એવી દૃષ્ટિ થઈ, ચારિત્ર થયું, છતાં કહે છે, એ શુભ ઉપયોગ, શુભ ઉપયોગ પરિણતિ. ભાષા એમ લીધી જોયું! શુભ ઉપયોગની પર્યાય છે એમ કહે છે, પરિણતિ છે. '**ધૂર્ત અભિસારિકા સમાન...**' છે. ધૂતારી દશાની સમાન છે તો ઠગી જાય છે. સારા કપડા પહેરીને બાયડી આવી હોયને સરખા, આમ હોય મહા મુસલમાન કે હલકી. કપડા પહેરીને સરખી બોલતી હોય તો ઠગાવી દે હિન્દુને પણ. એમ કહે છે કે શુભ પરિણતિ

ઠગ છે એક. આહા..હા..! સમજાણું કાંઈ? એ અઠ્યાવીશ મૂળગુણ ઠગારી પરિણતિ છે એમ કહે છે. આહા..હા..! પ્રાણભાઈ! વ્યભિચાર છેને? શુભરાગની સાથે પ્રેમ કરવો અથવા એકાગ્ર થવું એ વ્યભિચાર છે. આહા..હા..! ભગવાન જ્ઞાનસ્વરૂપ ચિદાનંદસ્વરૂપ છે એનું બ્રહ્માનંદ સ્વરૂપ એ બ્રહ્મમાં આનંદમાં લીન થવું એ એનો બ્રહ્મચર્યભાવ છે. બ્રહ્મચર્ય. બ્રહ્મ નામ આનંદમાં ચરવું એ બ્રહ્મચર્યભાવ છે. એને ઠેકાણે કહે છે કે આવા શુભભાવ(ને) અભિસાર પામતો થકો. શું કહે છે?

'**(અર્થાત્ શુભોપયોગપરિણતિના પ્રેમમાં ફસાતો થકો)**...' જુઓ! ભાષા છેને ઓલી? '**સંકેત પ્રમાણે પ્રેમીને મળવા જનારી સ્ત્રી.**' આ ઠેકાણે આવજો. કહેને વ્યભિચારી? એમ આ ઠેકાણે શુભભાવ કહે છે કે જુઓ! શુભભાવમાં આવજો, એમાં તમને લાભ છે. આ લાભ તો માનતો નથી હોં, પણ અસ્થિરતામાં ઠગી જાઈશ નહિ, એમ કહે છે. કહો, આપણે બોલ નાખ્યા હતા એક ફેરી વ્યવહારનયના ઘણા, નહિ? એમાં આ નાખ્યું હતું. છાપામાં આવી ગયા છે, આત્મધર્મમાં આવી ગયા છે. ભાઈ! શાંતિથી સમજવા જેવી વાત છે, ભાઈ! એ શુભ વિકલ્પ છે એ કાંઈ આત્માનું સ્વરૂપ છે? આત્માનો ધર્મ છે? ધર્મ તો આત્મા નિર્દોષ આનંદસ્વરૂપ એ વીતરાગી પરિણતિએ—અરાગ પરિણતિએ પરિણમે તે ધર્મ છે. એમાં શુભ ઉપયોગ છે, શુભ ઉપયોગની પર્યાય છે એ તો ધૂતારી સ્ત્રી જેવી છે. સાધારણ પ્રાણીને તો આ... એને ખબર નથી પોતે...

ભગવાન આત્મા વસ્તુ છેને. આનંદસ્વરૂપ તત્ત્વ છે કે નહિ? તત્ત્વ છે કે નહિ? આમ તત્ત્વનું અસ્તિપણું છે કે નહિ? તો અસ્તિમાં શું શું અસ્તિપણું છે? એમાં તો જ્ઞાન છે, આનંદ છે, શાંતિ છે, વીતરાગતા છે, સ્વચ્છતા છે, પ્રભુતા છે. એવી એનામાં અસ્તિતા છે. એવા અસ્તિત્વ તત્ત્વની પરિણતિ નિર્મળ પ્રગટ કરે એ તો એનો ધર્મ છે. પણ એનામાં નથી એવો વિકલ્પ શુભ ઊભો કરે... આહા..હા..! મુનિને છઠ્ઠે ગુણસ્થાને. આહા..હા..! ગજબ વાત કરે છે! એ વીતરાગી સંતો એ વાત કરે. અજ્ઞાનીને તો ગળે ઉતરવું કઠણ છે. સમજાણું કાંઈ? આહા..હા..! પુણ્યાનુબંધી પુણ્ય કહે છે. સમ્યગ્દૃષ્ટિને શુભભાવ તો વ્યભિચારી સ્ત્રી છે એમ કહે છે. મિથ્યાદૃષ્ટિ જેને પુણ્યનો પ્રેમ છે અને પુણ્યથી ધર્મ થાય એ તો મિથ્યાદૃષ્ટિ, એનું પુણ્ય તો ચાર ગતિમાં રખડવા માટે નરક-નિગોદમાં જાશે એ તો. સમજાણું કાંઈ? શારીરિક દુઃખને ભોગવશે એમ કીધુંને? શારીરિક દુઃખ એટલે ચાર ગતિના દુઃખ. સમજાણું કાંઈ?

કહે છે, '**અભિસાર (-મિલન) પામતો થકો (અર્થાત્ શુભોપયોગપરિણતિના પ્રેમમાં ફસાતો થકો)**...' આ કરું, આ વ્રત પાળું, આ દયા પાળું, આ પૂજા કરું, ભક્તિ કરું એવા શુભ પરિણતિમાં ફસાણો '**તો મોહની સેનાને વશ વર્તવાપણું ખંખેરી નાખતો નથી,...**' કહો, પણ એ શુભ પરિણામ બધી મોહની સેના છે. અરે.. અરે..! ભારે વાત. એ આત્માની સેના નથી. દુશ્મનની સેના છે એમ કહે છે. શુભ વિકલ્પની દુશ્મનની સેના છે. ભગવાનભાઈ!

એ શુભ વિકલ્પ સામાયિક કરું, પોષા કરું, પડિક્કમણા કરું, વિકલ્પ છે એ કહે છે, એ સમ્યગ્દૃષ્ટિ જીવને પણ શુદ્ધતા પરિણતિ કેટલીક નિર્મળ હોવા છતાં એવો વિકલ્પ ઊઠે છે એ ધૂતારી વેશ્યા જેવી પરિણતિ છે, દુશ્મનની પરિણતિ છે. આહા..હા..! સમજાણું કાંઈ? સાધારણને તો એવું લાગે કે આ બધો વ્યવહારનો નાશ થઈ જાય છે. પણ વ્યવહારનો નાશ કર્યા વિના તારી દૃષ્ટિ સાચી થશે નહિ. એકવાર માન તો ખરો હજી કે શુભ પરિણામ એ દુઃખદાયક છે, એ ચાર ગતિના દુઃખને ઊપજાવનારા એ શુભ પરિણામ છે. ક્રમે ક્રમે શારીરિક દુઃખ... દેવમાંથી મરીને પાછો ઢોરમાં જઈશ. સમજાણું કાંઈ?

જેને આ શુભ વિકલ્પ અને અશુભ વિકલ્પ રાગ, એનાથી પાર ભગવાન પૂર્ણાનંદ વીતરાગનો નિર્દોષ પિંડ છે આત્મા, એવો વીતરાગી પિંડ પ્રભુ વીતરાગ પરિણતિને પ્રગટ કરે એ એની પરિણતિ અને ધર્મ છે. કહે છે કે એવી પરિણતિ પ્રગટ કરવા છતાં એ શુભ પરિણામમાં જો પ્રેમમાં ફસાઈને રોકાઈ ગયો તો '**મોહની સેનાને વશ વર્તવાપણું ખંખેરી નાખતો નથી,...**' એ મોહની દુશ્મનની સેના એ શુભરાગ. પંચ મહાવ્રત અને અઠ્યાવીશ મૂળગુણ મોહની દુશ્મનનો પ્રેમ. આહા..હા..! 'વચનામૃત વીતરાગના પરમ શાંત રસમૂળ, ઔષધ જે ભવરોગના પણ કાયરને પ્રતિકૂળ.' કાયરના કાળજા કંપે. અરરરર...! અરરર..! હાય.. હાય.. આ તો ધર્મ વિચ્છેદ ગયો રે વિચ્છેદ ગયો. એના ઘરે. સાંભળ રે સાંભળ! ધર્મ ક્યાં હતો શુભ પરિણામ, સાંભળને. એ તો ઝેર છે શુભ પરિણામ તો. એને અહીંયાં વેશ્યાની ઉપમા આપી અને કહે છે કે મોહની સેનાને વશ વર્તવાપણું ખંખેરી નાખતો. દેખો! પોતાના પુરુષાર્થ દ્વારા એ શુભભાવને છોડતો નથી એમ કહે છે. એમ નથી કીધું કે ત્યાં કર્મનો ઉદય છે એટલે શુભભાવ થાય. આહા..હા..! સમજાણું કાંઈ? મારી પુરુષાર્થની ઊંધાઈને લઈને એ શુભભાવ થાય છે. આહા..હા..!

ભગવાન આત્મા તો નિર્વિકલ્પ ચિદાનંદ સ્વરૂપ છે. એનાથી વિરુદ્ધનો, સમજાય છે? આ આચરણ શુભ, મહાવ્રતના આચરણના પરિણામ. ગૃહસ્થાશ્રમમાં.. એમાં લખ્યું છે જુઓ ઓલામાં. '**चत्ता पावारंभं पूर्वं**' છેને? '**गृहवासादिरूपं पारारम्भं त्यक्त्वा**' એ ગૃહસ્થાશ્રમ છોડ્યો સમકિતસહિત. અંદર જયસેનાચાર્યની ટીકામાં છે. આ બાજુ ૧૩૫ પાને છે. પહેલી લીટી છે. '**चत्ता पावारंभं**' ગૃહસ્થવાસ છોડ્યો, સમકિત સહિત ચારિત્ર અંગીકાર કર્યું, ગૃહસ્થાશ્રમના પાપના વેપાર ધંધાના પરિણામ છોડ્યા. છતાં એને આવા પરિણામ અઠ્યાવીશ મૂળગુણના આવે, જો એને ખંખેરી નાખતો નથી તો '**તે (જીવ), જેને મહા દુઃખસંકટ નિકટ છે...**' આહા..હા..! જુઓ! ભાષા. જુઓ! ટીકા સંસ્કૃત છે. છે કે નહિ એમાં?

'**તે (જીવ), જેને મહા દુઃખસંકટ નિકટ છે...**' અરે..! પણ શુભ પરિણામમાં? પાપના પરિણામ તો છોડ્યા, ગૃહસ્થાશ્રમ છોડ્યા, વેપાર-ધંધાના પરિણામ છોડ્યા, દુકાનના ધંધાના છોડ્યા, પણ એ છોડ્યા પણ ઓલા પુણ્યના પરિણામ જો ન છોડ તો કહે છે

કે '**મહા દુઃખસંકટ નિકટ છે...**' આહા..હા..! જુઓ, અહીં સ્વર્ગમાં જાય તો મહા સંકટદુઃખ નિકટ છે એમ કહે છે. એઈ..! એ શુભ પરિણામથી પુણ્ય બંધાશે અને આમ જાઈશ સ્વર્ગમાં એ મહા દુઃખ સંકટ નિકટ છે એમાં. આહા..હા..! કારણ કે એને ખબર નથી કે શુભ પરિણામમાં તો સ્વર્ગમાં જ જાય. સમકિતી સ્વર્ગમાં જ જાય, બીજે જાય નહિ. એટલે તો પહેલું કહેતા આવ્યા છે (કે) સ્વર્ગમાં પણ દેહનું દુઃખ છે એકલું. એમાં કાંઈ સુખ-બુખ જરીએ છે નહિ. ઈન્દ્રિયના વિષય તરફનો ઝુકાવ અનુકૂળતાનો એ બધો દુઃખભાવ છે. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદમૂર્તિ છે એના તરફનો ઝુકાવ એ સુખભાવ છે. સમજાણું કાંઈ?

'**મહા દુઃખસંકટ નિકટ છે...**' એ મહા દુઃખસંકટ છે. ભાષા જુઓ! મુનિની કેટલી ભાષા છે! કહે છે કે આત્મા વસ્તુની દૃષ્ટિનું ભાન છે, ચારિત્ર પણ છે. સ્વરૂપની રમણતા એ ચારિત્ર હોં! પંચ મહાવ્રત એ ચારિત્ર નથી, એ તો અચારિત્ર છે. કહે છે કે એ પંચ મહાવ્રતના પરિણામ જે અચારિત્ર જે શુભ છે એના ફળ તરીકે મહા દુઃખસંકટ નિકટ છે. દુઃખસંકટ પાછી બે ભાષા. આહા..હા..! છે સંસ્કૃત છે હોં મૂળમાં દેખો! આહા..હા..! સમજાણું? '**किल समासन्नमहादुःखसङ्कटः कथमात्मनमविप्लुतं लभते।**' અરે..! એવો જીવ '**શુદ્ધ (-વિકાર રહિત, નિર્મળ) આત્માને કેમ પામે? (ન જ પામે.)**' આહા..હા..! શુભ પ્રત્યેની હેયબુદ્ધિ બતાવે છે. સમ્યગ્દૃષ્ટિને શુભભાવ આવે, હોય, પણ હેયબુદ્ધિ છે, ઉપાદેયબુદ્ધિ નથી. એનાથી લાભ થાય અને એ ધર્મ છે એ માને તો મિથ્યાદૃષ્ટિ મૂઢ મહાસંકટ નિગોદ આદિના સંકટની નજીક છે ઈ તો. કહો, સમજાણું કાંઈ? આ તો કહે છે, સ્વર્ગના દુઃખરૂપી દુઃખના સંકટની નજીક છે એમ કહે છે લ્યો! જુઓ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સુખી છે ક્યાં પણ? તે વખતના પાંચ ઈન્દ્રિય, ઈન્દ્રાણીઓ, ફલાણા તરફનું લક્ષ જાય છે એ તો પાપ છે, આકુળતા છે. ધૂળમાં સુખ છે? ત્યાં સુખ કે દિ' હતું? સમજાણું કાંઈ? આહા..હા..!

ભગવાન આત્મા શુદ્ધ સચ્ચિદાનંદ પ્રભુ, એની શ્રદ્ધા અને પરિણતિ નિર્મળ હોવા છતાં પૂર્ણ પરિણતિની પ્રાપ્તિ વચ્ચે જે આ વિઘ્ન-શુભરાગનું વિઘ્ન છે એને ન છોડે તો તેને મહાદુઃખ સંકટ નજીક છે. આહા..હા..! શું કહે છે આ? અરે..! સ્વર્ગમાં મહા દુઃખસંકટ છે. .. એ સમ્યક્ દૃષ્ટિ સહિત જાય તોપણ, એમ કહે છે. સમજાય છે કાંઈ? આહા..હા..! આમ નકાર-નકાર કરતા ચાલ્યા જાય છે. અરે..! અમને શુભભાવ ન હો... શુભભાવ ન હો... ખંખેરી નાખીએ. જો ખંખેરી ન નાખ્યો, એ અંતરના સ્વરૂપના અવલંબનના આશ્રયે શુભભાવ ન છોડ્યો તો મહા દુઃખસંકટ નિકટ છે. દેહ છૂટે એટલે સ્વર્ગના દુઃખો છે ત્યાં એમ કહે છે. આહા..હા..! અરે..! એને આત્મા આનંદસ્વરૂપ પ્રભુ છે, એના વિરુદ્ધભાવમાં દુઃખ છે એવું કોઈ દિ' એણે માન્યું નથી. સમજાણું કાંઈ? એને તો આ ધૂળમાં ને વિષયમાં ને પૈસામાં

સુખ છે. મૂઢ છે. મૂઢાઈ ગયો છે તારો આત્મા, ભાઈ! આહા..હા..! તને કાંઈ વિવેક નથી.

અહીં તો કહે છે કે શુભભાવમાં કાંઈક ઠીક છે એ વેશ્યાનો પ્રેમ છે. અને એ જો ન છોડ્યો તો એના ફળ તરીકે મહાસંકટ ઈન્દ્રિયના શરીરના દુઃખરૂપ સ્વર્ગમાં જાવું પડશે. આહા..હા..! સમજાણું કાંઈ? સ્વર્ગના સુખને મહા દુઃખ કીધું છે. આહા..હા..! ..માં તો જાશું ને. ત્યાં પુણ્ય તો ભોગવશું ને? ત્યાંથી રાજા થઈએ. ધૂળેય નથી સાંભળને હવે. ભગવાન અનાકુળ આનંદસ્વરૂપમાંથી નીકળીને વૃત્તિ ઊઠે એ બધું દુઃખરૂપ છે. આહા..હા..! એને ખબર નથી. એણે એની જાતની કોઈ દિ' વાત સાંભળી નથી. આચાર્યને ... એને ખબર છે કે અહીંથી સ્વર્ગમાં જવાશે. અત્યારે કેવળજ્ઞાન તો નથી એટલે શુભભાવનું પુણ્ય તો બંધાઈ જશે પણ એ મહાસંકટ નિકટ છે. આહા..હા..! એમ કરતા જાય છે. આહા..હા..! જુઓ તો ખરા! પોતાની સમાધિ અંતરની શાંતિને ઈચ્છતા, પોતાની શાંતિ અનાકુળ આનંદની ભાવનામાં લીન થવા શુભભાવનું ફળ, કહે છે, મહાસંકટ દુઃખ છે. જો આ ન તૂટ્યું તો મહાસંકટ એવા દુઃખો મળશે. આહા..હા..! અરે..! પણ શુભભાવમાં મહાસંકટ દુઃખ! એના ફળમાં? બાપુ! એ તો કહ્યું હતું કે અશુભ પરિણામ અને શુભ પરિણામ બેય એક જ જાતના છે અને એના ફળ તરીકે પણ એક જ જાત છે, એમાં કાંઈ ફેર નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

સમાજને બિચારાને બીજે રસ્તે ચડાવી દીધા. પોતે ઊંધે રસ્તે અને સમાજને ઊંધે રસ્તે (ચડાવી દીધા) એટલે એનો ક્યાંય આરો આવે નહિ. જન્મ-જરા-મરણના ચોર્યાસીના અવતાર ભાઈ! તારા દુઃખો તો તેં સહ્યા, ભગવાને જોયા. એટલા ચોર્યાસીના અવતાર થયા, પ્રભુ! એ આ કાંઈ કોઈને લઈને નથી. આ તો આત્માના હિતને માટે આ વાત છે. આહા..હા..! આકરું લાગે તોપણ આ છે. સમજવું હોય તો સત્ય તો વસ્તુ આ છે. સમજાણું કાંઈ?

એક તો પરિણામની વ્યાખ્યા કરી અભિસારી ધૂર્ત સમાન, અભિસાર પામતો થકો ભાવ અને એના ફળ તરીકેની આ વ્યાખ્યા કરી. જુઓ તો ખરા! બે વ્યાખ્યા કરીને ભાઈ! વર્તમાન શુભ પરિણામ અભિસારધૂતારા જેવા છે. આહા..હા..! અને એ તને લલચાવી દેશે કે આ ઠીક છે કંઈક. દયા પાળીએ છેને? વ્રતના ભાવ છે ને? આ તો સારું છેને? અશુભ કરતા તો ઠીક છેને? ઠગાઈ જઈશ, મરી જઈશ. અને એના ફળમાં હવે તો આ વાત કરી પાછી. ભારે વાત કરી.

જે જીવ આત્માનું દર્શન પામીને અને વસ્તુની સ્વરૂપરમણતા-ચારિત્રની ત્રણ કષાયના અભાવની પરિણતિ એટલે પર્યાય ચારિત્રની પામવા છતાં જે શુભરાગ જે અભિસારી વેશ્યા સરખી ધૂતારો પરિણતિ છે એને નહિ છોડે તો મહા દુઃખ નજીક છે ભાઈ! આહા..હા..! એ દેહ છૂટશે એટલે એ સ્વર્ગના સુખની કલ્પનાનું દુઃખ તે નજીક છે કહે છે. પ્રાણભાઈ! આહા..હા..! આ પૈસાવાળા સુખી છે એમાં શું હશે? હોળી છે ત્યાં કહે છે. એને ભાન

નથી. ભગવાન આત્મા આનંદને છોડી અને આમાં સુખની કલ્પના (કરે છે), મૂઢ છો. મૂઢાઈ ગયો છે તારો આત્મા ભાઈ! તને ખબર નથી પર્યાયમાં. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે ધર્મી જીવને આત્માનું ભાન થયું અને ધર્મ પ્રગટ્યો છે ચારિત્રરૂપી દશા, એમાં પણ આ શુભ પરિણામના ફળ તરીકે તો મહા સંકટ દુઃખ નજીક છે. આહા..હા..! એ વીતરાગી મુનિ કહે આ હોં! બીજાને તો લલચાવે અને લાલચ આપે, લ્યો એમાંથી આમ થાશે, એ પુણ્ય પરિણામમાંથી સુખ થાશે. પુણ્યાનુબંધી પુણ્ય છે એ. પછી તને મદદ કરશે. ધૂળેય નહિ કરે સાંભળ. મરી જઈશ. સમકિત સહિત પણ ચારિત્રની રમણતા સહિત આવા શુભના પ્રેમમાં જો અટકી ગયો, આસક્તિ, આસક્તિ છેને એટલે રુચિ નહિ, તો તેના ફળ તરીકે મહાસંકટ દુઃખ નજીક છે હોં કહે છે. એ તો તરત આયુષ્ય પૂરું થયું (એટલે) નજીક છે ઈ ફળ. કહો, સમજાણું આમાં? આ દેવની સાહેબી મળે ત્યાં, ઈન્દ્રપદ મળે, ઈન્દ્રાણીઓ કરોડો હોય, એ આહાર પણ હજારો વર્ષે એને આહારની ઈચ્છા થાય. પખવાડિયે પખવાડિયે તો કેટલોક એ શ્વાસ લે, હવે એટલું એટલું (હોય) તોપણ દુઃખ? પણ ભગવાન! તારા અતીન્દ્રિય આનંદમૂર્તિની વિરુદ્ધ કલ્પના એ બધું દુઃખ જ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ.. અમુલખભાઈ! ભારે વાત હોં! આ તો ભાગ્યશાળીને કાને પડે એવું છે. આ તે શું છે આ વાત! વસ્તુનું સ્વરૂપ જ આવું છે ત્રણ કાળ ત્રણ લોકમાં. 'એક હોય ત્રણ કાળમાં પરમારથનો પંથ.' એવો ભગવાન આત્મા વીતરાગમૂર્તિ, દ્રવ્ય વીતરાગ, ગુણ વીતરાગ અને પરિણતિ પર્યાય વીતરાગી તે ધર્મ. એમાં જેટલો રાગ વર્તમાન મહા વ્યભિચાર અને ફળમાં મહાસંકટ દુઃખરૂપી સંકટ. ઓહો..હો..!

હવે આને કેટલા આધાર શાસ્ત્રના જોવે છે? આ શાસ્ત્ર આચાર્યના (છે). શું છે? આ કોના શાસ્ત્ર છે? કુંદકુંદાચાર્ય ભગવાન પાસે ગયા હતા, આઠ દિ' રહ્યા હતા. ત્યાંથી આવીને શાસ્ત્ર રચ્યા. પરમાત્મા બિરાજે છે મહાવિદેહક્ષેત્રમાં સાક્ષાત્ ત્રિલોકનાથ પરમાત્મા. ત્યાંથી આવીને બનાવ્યા એમાં આ કહ્યું એનો ખુલાસો-સ્પષ્ટીકરણ આચાર્ય કરે છે. આહા..હા..! ભાઈ! ભગવાન તો આમ કહેતા હતા. પરમેશ્વરની ઈચ્છા વિનાની વાણીમાં દિવ્યધ્વનિમાં (આમ આવ્યું છે). આ પ્રવચનસાર છેને! પ્રવચન એટલે દિવ્ય, ધ્વનિ એટલે અવાજ. પ્રવચનસાર. એમાં તો આમ આવ્યું છે પ્રભુ! પાછી પોતે પોતાની વાત કરે છે. હું નહિ છોડું તો મને આમ થાશે. બીજાને એમ કહેતા નથી બીજાને માટે. તમે તમારું જાણો. આહા..હા..! સમજાણું કાંઈ? પણ બીજાને એ ગતિ સમજાવે છે કે નહિ? કે ભાઈ! તને પણ આત્માના દર્શનપૂર્વક અને ચારિત્રપૂર્વક જો શુભભાવ આવે ત્યારે એ પણ વ્યભિચારી ભાવ છે, ધ્યાન રાખજે. એનાથી જરીએ લાભ માન તો મિથ્યાદૃષ્ટિ થઈ જઈશ. આહા..હા..! નુકસાનકારક ભાવ એને લાભદાયક માને એ તત્ત્વનો વિરોધભાવ છે, વિપરીત દૃષ્ટિ છે. સમજાણું કાંઈ?

**'મહા દુઃખસંકટ નિકટ છે...'** પાછું દુઃખસંકટ સાધારણ ન કીધું. એલા પણ દેવના

સુખમાં જાશેને શુભ પરિણામમાંથી કે નરકમાં જાશે ઈ? શુભ પરિણામવાળો નિગોદમાં જાશે? પણ કહે છે કે એ સ્વર્ગમાં પણ ત્યાં દુઃખ જ છે. આત્માના આનંદ સિવાયની વૃત્તિ ઊઠે એ બધું દુઃખરૂપ છે. સ્વર્ગમાં જાય કે નરકમાં જાય, બધા પરિણામ જેટલા શુભાશુભ થાય એ બધું દુઃખરૂપ છે. ભીખાભાઈ! ભારે વાત આ. પાછું ભાષા કેટલી છે? **'તે (જીવ), જેને મહા દુઃખસંકટ નિકટ...'** આટલા શબ્દ વાપર્યા. નજીક છે ભાઈ હોં! એ દુઃખના ભાવની નજીકતા તને છે હોં! એ ભવમાં ભવનું દુઃખ એ તને નજીક છે હોં! શુદ્ધભાવની પ્રાપ્તિ શુદ્ધ ઉપયોગની નહિ કરી અને એ શુભને ખંખેર્યો નહિ તો એના ફળ તરીકે મહાસંકટ દુઃખરૂપની નિકટ દશા છે. આહા..હા..! પોતાની આનંદદશા આગળ એ શુભ વિકલ્પને એટલો ઝેર તરીકે સ્વીકારે છે તો એના ફળ તરીકે પણ ઝેરના દુઃખ તરીકે સ્વીકારે છે. સમજાણું કાંઈ?

**'શુદ્ધ આત્માને કેમ પામે?'** એટલે? એ શુભભાવથી શુદ્ધ ઉપલબ્ધિ નામ મુક્તિરૂપી પર્યાય, આત્માની પર્યાય નિર્મળ એ આ શુભભાવથી કેમ પામે? સમજાણું કાંઈ? **'(ન જ પામે.) તેથી મોહની સેના ઉપર વિજય મેળવવા માટે મેં કમર કસી છે.'** જુઓ ભાષા! સંસ્કૃત ટીકા છે. અમૃતચંદ્રાચાર્ય મુનિ દિગંબર સંત વનવાસમાં વસતાં. એમાં આ ટીકા બની ગઈ છે. **'માટે મોહની સેના...'** દેખો! આ મોહની સેના હોં! રાગાદિ. અહીં મિથ્યાત્વ મોહ નથી કાંઈ. આહા..હા..! એ બધી મોહની સેના મિથ્યાત્વ, રાગ, દ્વેષ વિકલ્પ એ બધી મોહની સેના છે. આહા..હા..! મારી સેના નહિ હોં, એ મારી જાત નહિ. એ બધું મોહનું લશ્કર છે. વિકલ્પ છે શુભરાગ એ બધું મોહનું લશ્કર છે. આહા..હા..! માટે એના ઉપર વિજય મેળવવા, એ એનો વિજય મેળવવા **'માટે મેં કમર કસી છે.'** આચાર્ય પોતે કહે છે, કમર કસી છે. હું શુદ્ધ ઉપયોગને પ્રગટ કરવા તૈયાર છું. સમજાણું કાંઈ? આહા..હા..! જુઓ! આ ટીકા વખતે વિકલ્પ તો છે. ટીકાનો વિકલ્પ છે પણ એ શુભરાગ છે, એને છોડવા હું કટીબદ્ધ છું કહે છે. આહા..હા..! છે કે નહિ? પાઠ છે કે નહિ અંદર? પણ વળી એ તો કહે, એ બધા નિશ્ચયના કથન છે, પણ બીજા વ્યવહારના? તો વ્યવહારના આનાથી વિરુદ્ધ હોય? વિરુદ્ધ પણ સાચા અને આ પણ સાચા (એમ) બે સાચા થાય? સમજાણું કાંઈ? વ્યવહારના કથન તો જાણવા માટે છે કે આવું છે... આવું છે... એમ કહે છે.

**'તેથી મોહની સેના ઉપર વિજય મેળવવા માટે મેં કમર કસી છે.'** દેખો! કડ બાંધી છે, નથી આપણે કહેતા? એમ આત્માની કડ પુરુષાર્થની એકાગ્રતા કરવા મેં કડ બાંધી છે. ભગવાન મજબૂત થાય શુદ્ધ ઉપયોગથી એમ મેં કમર કસી છે. આ ચારિત્રવંત પણ શુદ્ધ ઉપયોગની પ્રાપ્તિ માટે કમર કસે છે એમ કહે છે. સમજાણું કાંઈ? એને સમજવું તો પડશે ને કે શું શ્રદ્ધા? શું જ્ઞાન? શું ચારિત્ર? શું દોષ? એનું શું સ્વરૂપ છે એનું તત્ત્વનું જેવું છે એવું એણે જ્ઞાન તો કરવું પડશે કે નહિ? કે આ દશા અમારે નથી પણ તારે સમજવું

છે કે નહિ એ? સમજાણું કાંઈ? લ્યો! એ આવ્યું. હવે ગાથા આવી.

'**હવે, મારે મોહની સેનાને કઈ રીતે જીતવી—**' એ રાગના શુભભાવને મારે કઈ રીતે જીતવો? '**એમ (તેને જીતવાનો) ઉપાય વિચારે છે :—**' ઉપાય વિચારે (છે). એને ક્યાં વિચારવું હતું? એ તો કર્યો છે, પણ આ તો લોકની સાથે વાત કરીને હવે આપણે વિચારીએ છીએ એમ. લ્યો એ શ્લોક આવ્યો ભાઈ! સુખદેવગરજી! એ શ્લોક આવ્યો. હમણાં બોલ્યા હતાને તમે? એ શ્લોક આવ્યો લ્યો તાકડે.

**जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं।**
**सो जाणदि अप्पाणं मोहो खलु जादि तस्स लयं।।८०।।**

અરિહંતની સાથે મેળવે છે કેવળજ્ઞાનીની સાથે આત્માને.

**જે જાણતો અર્હંતને ગુણ, દ્રવ્ય ને પર્યયપણે,**
**તે જીવ જાણે આત્મને, તસુ મોહ પામે લય ખરે. ૮૦.**

આ ણમો અરિહંતાણં... ણમો અરિહંતાણં કરે, પણ અરિહંત કોણ છે અને અરિહંતની પર્યાય શું છે ભગવાન જાણે કોને ખબર હશે લ્યો! સમજાણું કાંઈ? અને એ અરિહંતની પર્યાય કેમ પ્રગટે? ખબરું વિના ણમો અરિહંતાણં... ણમો અરિહંતાણં. પોપટને મરચુ આપીને કહે બોલ પોપટ રામ. એ પોપટને મરચા જેવો રામ છે. એમ આને ણમો અરિહંતાણંનું કાંઈ ભાન નથી કે શું છે અરિહંત અને એની દશા શું એ વસ્તુ? આ કોઈ સંપ્રદાયની વાત નથી. અરિહંત જેણે અજ્ઞાન ને રાગ-દ્વેષને હણીને જેણે વીતરાગને વિજ્ઞાન પૂર્ણ દશા પ્રગટ કરી છે એ આત્માની વસ્તુસ્થિતિ છે એ તો. સમજાણું કાંઈ? એવી આત્મવસ્તુસ્થિતિ જેને પ્રાપ્ત થઈ છે એવા...

**જે જાણતો અર્હંતને ગુણ, દ્રવ્ય ને પર્યયપણે,**
**તે જીવ જાણે આત્મને, તસુ મોહ પામે લય ખરે. ૮૦.**

ક્ષય થાય, જુઓ એમ કહે છે. સમજાણું?

'**અન્વયાર્થ :- જે અર્હંતને...**' અરિહંત ભગવાનના આત્માને '**દ્રવ્યપણે,...**' વસ્તુપણે. એ વસ્તુ શું અરિહંત ભગવાનનો આત્મા? એનો ગુણ શું? અને એની પર્યાય શું? અવસ્થા શું? દશા શું? એ પણે '**જાણે છે, તે (પોતાના) આત્માને જાણે છે...**' કેમકે એનો આત્મા એવો જ આ આત્મા છે. સમજાણું કાંઈ? લ્યો આ તો પહેલે ણમો અરિહંતાણંથી માંડીને આવી વાત. ણમો અરિહંતાણં... ણમો અરિહંતાણં... ગોખીને મરી ગયા બિચારા. 'નવ લાખ જપંતા નરક નિવારે.' આવે છેને? નવ લાખ ગણો તો નરકમાં ન જાય. હવે લાખ ગણ ને કરોડ ગણ તોપણ મિથ્યાત્વ ટાળ્યા વિના અરિહંતના સ્વરૂપને વાસ્તવિક જાણવામાં આવી શકે નહિ. ગણ તો શું? શુભભાવ છે એ તો. સમજાણું કાંઈ? 'એકવાર વંદે જો કોઈ.' સમ્મેદશિખર. 'એકવાર વંદે જો કોઈ નરક પશુ હોય નહિ.' નરક-પશુ ન હોય આ

ભવમાં પછી નરક અને પશુ થાશે, સાંભળને હવે. એઈ..! આ સમ્મેદશિખરની જાત્રાનો ભાવ શુભ છે.

મુમુક્ષુ :- એને વશ થાય તો રખડે.

ઉત્તર :- એને વશ (થાય) તો રખડે, એ વ્યભિચારી ભાવ છે. એના ફળમાં સંકટ– દુઃખ નજીક છે એમ કહે છે. ભારે વાત ભાઈ! રાડ નાખી જાય ઓલા. અહીં નહોતા પ્રકાશ શું કહેવાય દિલ્હીનું? સન્મતિ સંદેશ. રાડ નાખી ગયા ઓલા. ક્યાંક લીધું હશે કોણ જાણે? પણ શુભભાવ છે એ દુઃખદાયક છે વર્તમાન અને એના ફળમાં દુઃખ છે એવું એને ભાસતું નથી. આહા..હા..! એના વર્ણન માટે તો આ ગાથાઓ લીધી છે. શુભભાવ વર્તમાન દુઃખરૂપ છે કેમકે આનંદથી ઊલટો ભાવ છે. મહાવ્રતનો ભાવ એ આનંદથી ઊલટો દુઃખરૂપભાવ છે. એના ફળ તરીકે મહાસંકટ દુઃખ નજીક છે. ભાઈ! નીચે સામાયિક... સ્વભાવ એની અનુભવ દૃષ્ટિ કરીને એમાં ઠરીને અંદર વીતરાગ પરિણતિ પ્રગટ કરવી એનું નામ સામાયિક છે. સામાયિક કાંઈ વાડાની છે? સમજાણું કાંઈ? ...ભાઈ! આ સામાયિક. સામાયિકની વાત લીધી છે આ.

'**અન્વયાર્થ :- જે અર્હંતને દ્રવ્યપણે, ગુણપણે અને પર્યાયપણે જાણે છે, તે (પોતાના) આત્માને જાણે છે...**' એની સાથે મેળવે કે આનો આત્મા આવો અને હું પણ આત્મા છું. સમજાય છે? મારા આત્મામાં પણ એવી પર્યાય અને એવો ગુણ ને દ્રવ્ય હોવો જ જોઈએ. મારું દ્રવ્ય એ અરિહંત જેવું, ગુણ અરિહંત જેવા છે અને અરિહંત જેવી વીતરાગી પર્યાય કેવળજ્ઞાનની નથી તો એને આવી ક્યાંથી? અંતરમાંથી. તો હું પણ અંતરની દૃષ્ટિ કરીને કેવળજ્ઞાનની પર્યાયને પ્રાપ્ત કરું, એવી પ્રતીત થાય એને મોહનો નાશ થાય. એમ કહે છે. સમજાણું કાંઈ?

'**ટીકા :- જે ખરેખર...**' ખરેખર હોં! સાચેસાચ એમ. '**यो हि**' એમ છેને? '**हि**' છેને '**हि**'? જે સાચેસાચ '**અર્હંતને દ્રવ્યપણે,...**' એટલે એની વસ્તુપણે, '**ગુણપણે...**' એટલે એની શક્તિપણે, '**પર્યાયપણે...**' એટલે પ્રગટ અવસ્થાપણે '**જાણે છે...**' જોકે વાસ્તવિક રીતે તો અનંત કાળમાં એણે અરિહંતના દ્રવ્ય ને ગુણ ને પર્યાયને જાણ્યા નથી. અને એને જાણે અને આત્માને જાણ્યા વિના રહે અને મોહનો નાશ ન થાય એમ બને નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એને એમ થાય કે ઓહો..! અરિહંતનો આત્મા લે છે જુઓ! '**તે ખરેખર આત્માને જાણે છે.**' છેને? '**કારણ કે બંનેમાં નિશ્ચયથી તફાવત નથી;...**' ખરેખર તો આત્મા દ્રવ્યે ત્રિકાળ શુદ્ધ, એના ગુણ શુદ્ધ, તો એની પર્યાય પૂર્ણ શુદ્ધ એ આત્મા કહેવાય. પર્યાય પૂર્ણ શુદ્ધ, પૂર્ણ શુદ્ધ. એ અરિહંતને પૂર્ણ શુદ્ધ હોય છે. કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ, અનંત વીતરાગતા. એવા જે દ્રવ્ય, ગુણ ને પર્યાય એને છે એ આત્મા છે. ત્યારે હું પણ એક આત્મા છું, હું પણ એની જાતનો જ, એની નાતનો જ સમાનધર્મી છું. અરિહંતનો સમાનધર્મી, સાધર્મી. લે!

આ..હા..! આવી પર્યાય એને પૂર્ણ! પૂર્ણ આનંદ, પૂર્ણ શાંતિ, ચારિત્ર. સમજાય છે? આવી પૂર્ણ સ્વચ્છતા એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકને જાણે એવી પર્યાયનું સામર્થ્ય, એવી આત્માની સ્થિતિ પર્યાયની, હું પણ એવો જ આત્મા છું તો મારામાં એ પર્યાયની પૂર્ણતા કેમ નથી? એના દ્રવ્ય જેવો હું દ્રવ્ય, એના ગુણ જેવો ગુણ, એની પર્યાય જેવી મારી પર્યાય કેમ નથી? એમ મેળવે ત્યારે એ પર્યાય પ્રગટ કરવા માટે દ્રવ્ય-ગુણમાં એકાકાર થાય. સમજાણું કાંઈ? આહા..હા..!

આ ગાથા ચાલતી હતી ત્યારે .. સ્થિતિ એવી થઈ હતીને. ત્યારે આ ગાથા ચાલતી હતી. (સંવત) ૧૯૯૪ નહિ? પોષ સુદ બીજ. ૯૪. ત્યાં ચાલતી હતી. માંદા હતા ને આ ગાથા ચાલતી હતી. ઓલા ગોંડલના હતા નહિ? ભરવાડ. મૂળચંદ ભરવાડ. બેઠા હતા. ૯૪ના પોષ સુદ બીજની વાત છે. એ પછી .. પહેલા આ .. બેઠા હતા. આ ગાથા ચાલતી હતી ને. પછી એને વધી ગયું. ૧૯૯૪ના પોષ સુદ બીજ. ૬ અને ૨૫, ૩૧ વર્ષ થયા.

જુઓ! આ આત્મા. કહે છે કે જ્યારે એ આત્મા છે અને એ આત્માનો ગુણ એ આત્મા છે એ ચેતન છે. થયું. હવે એનો ગુણ છે એ ચૈતન્ય છે, હવે એની પર્યાય છે તે ચૈતન્યની પૂર્ણ કેવળજ્ઞાનમય છે. ચેતન, ચૈતન્ય અને ચેતેલી પર્યાય નિર્મળ પ્રગટ. આહા..હા..! આવો આત્મા અને હું પણ એવો જ છું. એમ જ્યારે એ પર્યાયની પરિપૂર્ણતાને લક્ષમાં લઈ અને પોતાના દ્રવ્ય સન્મુખ થઈ અને એ પ્રતીત (કરે કે) અરિહંત જેવો છું અને મારામાં પર્યાય અરિહંતની જે છે એ પડી છે અંદર, એની પડી છે અંદર, એ પ્રગટવાની છે. અરિહંતપણે એ મને પડી છે અંદર વર્તમાનમાં. આહા..હા..! દ્રવ્ય-ગુણ છે એ ગુણમાં પણ અરિહંતની પર્યાય અત્યારે પડી છે. એને પ્રગટ છે, અહીં પડી છે. આહા..હા..! સમજાણું કાંઈ? એમ આત્માને જે પ્રતીત કરે એને દર્શનમોહનો આશ્રય રહે નહિ, દર્શનમોહ ટળ્યા વિના રહે નહિ. સમજાણું કાંઈ? ફેર નથી, બે સરખા છે છતાં કેટલો ફેર છે કહે છે. એ વર્ણવે છે.

**'અર્હંતનું સ્વરૂપ,...'** ભગવાન પરમેશ્વર કેવળજ્ઞાની પરમાત્મા. જે કેવળજ્ઞાનની પર્યાય જેના ગુણમાં પડી છે એવી એણે પર્યાય ગુણમાંથી પ્રગટ કરી છે એવા અર્હંતનું સ્વરૂપ, **'એવા અર્હંતનું સ્વરૂપ, છેલ્લા તાપને પામેલા સુવર્ણના સ્વરૂપની માફક,...'** સોનાને અગ્નિ આપે છેને? કુલડીમાં નહિ? કુલડીમાં સોની. અગ્નિ આપતા... આપતા... આપતા... સોળ વલું થઈ જાય ત્યારે પૂરું થઈ ગયું. એમ **'છેલ્લા તાપને પામેલા...'** છેલ્લી અગ્નિ ધ્યાગ્નિ થઈ ગઈ કેવળીને. એ **'સુવર્ણના સ્વરૂપની માફક, પરિસ્પષ્ટ (-સર્વ પ્રકારે સ્પષ્ટ) છે;...'** છેલ્લું સોળવલું સોનું જેમ ચોખ્ખું છે એમ કેવળજ્ઞાનીની પર્યાય સર્વ પ્રકારે પરિસ્પષ્ટ-પરિસ્પષ્ટ છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! એવી કેવળજ્ઞાન ને કેવળદર્શન અને પૂર્ણ આનંદ એની પર્યાય છે એ સ્પષ્ટ પ્રગટ થઈ ગયેલી છે.

**'તેથી તેનું જ્ઞાન થતાં...'** એમ. **'તેથી તેનું જ્ઞાન થતાં...'** સર્વજ્ઞની પર્યાય, જુઓ!

દ્રવ્ય-ગુણ તો સામાન્ય લીધા, પણ પર્યાયની વ્યાખ્યા કરી આ બધી. કારણ કે દ્રવ્ય-ગુણ તો સામાન્ય છે, પણ એને પ્રગટ થઈ છે. અહીંયા દ્રવ્ય-ગુણ સામાન્ય છે. હવે પર્યાયમાં ફેર છે. કેમકે એને, છેલ્લા તાપે ઉતરેલું સોનું સોળવલું છે એમ પાક એનો છેલ્લો થઈ ગયો છે. પર્યાય નિર્મળ પરિસ્પષ્ટ પૂર્ણ થઈ ગઈ કેવળજ્ઞાન, કેવળદર્શન. એમ જેણે મનમાં કળી લીધું છે. સમજાણું કાંઈ? જુઓ! **'તેનું જ્ઞાન થતાં...'** જ્ઞાન થતાંનો અર્થ આ હોં! **'સર્વ આત્માનું જ્ઞાન થાય છે.'** પણ અહીં તો ત્યાંથી પહેલું આવું જ્ઞાન થાય અને આખા આત્મા આવા હોય છે એનું જ્ઞાન થાય. આત્મા જ એવા હોય એમ કહે (છે). સમજાણું કાંઈ? આહા..હા..!

**'સુવર્ણના સ્વરૂપની માફક, પરિસ્પષ્ટ (-સર્વ પ્રકારે સ્પષ્ટ) છે; તેથી તેનું જ્ઞાન થતાં સર્વ આત્માનું જ્ઞાન થાય છે.'** એટલે કે મારો આત્મા પણ આવો જ છે. પરિસ્પષ્ટ પૂર્ણ પર્યાય પ્રગટ કરે એવો જ મારો આત્મા છે. એમ આત્માને અરિહંતની પૂર્ણ પર્યાય સર્વજ્ઞ, સર્વદર્શી, અનંત આનંદ, અનંત બળ-વીર્ય એવી એને ધ્યાન કરતા, ધ્યાગ્નિ કરતાં-કરતાં છેલ્લા તાપેથી ઉતરેલું સોના સમાન જેને પૂર્ણ સ્પષ્ટ થઈ ગયું છે. એવી પર્યાયને અંતરમાં પોતાને સમજતા.. સમજાય છે? એનું જ્ઞાન થતાં સર્વ આત્માનું જ્ઞાન થઈ જાય છે. ખરેખર બધા આત્મા આવા જ છે અને હું પણ એવો જ છું. સમજાણું કાંઈ? એવું ભાન થતાં તેને મિથ્યાત્વનો નાશ થાય છે. એનું વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## કારતક વદ ૮, બુધવાર, તા. ૧૩.૧૧.૧૯૬૮
## ગાથા-૮૦, પ્રવચન-૬૫

આટલું આવી ગયું જુઓ, હવે પછી બીજો પેરેગ્રાફ લઈશું. કે આ ભગવાન આત્મા અરિહંતનું જે દ્રવ્ય છે એ તો ત્રિકાળ રહેનારું અન્વય. અન્વય એટલે છે... છે... છે... છે... છે... છે... એના ગુણો છે એ વસ્તુનું વિશેષણ છે. વસ્તુ વિશેષ્ય છે અને જ્ઞાન, દર્શન આદિ આ આત્મા એનું વિશેષણ છે અને એની અવસ્થા ભિન્ન-ભિન્ન, ભિન્ન-ભિન્ન એ વ્યતિરેક અવસ્થા એટલે એક સમયની અવસ્થા બીજે સમયે રહે નહિ. ભિન્ન-ભિન્ન અવસ્થા, એવું જે દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ, એવું અહીંયાં આત્માનું સ્વરૂપ છે એમ બતાવે છે. આ આત્માને મનથી અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને કળી અને પછી આત્માનું દ્રવ્ય શું છે? કે આ દ્રવ્ય

એ ત્રિકાળ વસ્તુ આ વસ્તુ છે એ છે... છે... છે... છે... છે... છે... એ રહેનાર ત્રિકાળ. એનું વિશેષણ જાણવું-દેખવું, આનંદ આદિ એના વિશેષણો પણ ત્રિકાળ. એની થતી વર્તમાન અવસ્થા એક પછી એક એ એની વ્યતિરેક એટલે ભિન્ન-ભિન્ન દશાઓ, તેને મનથી કળી લઈને. સમજાય છે?

'**હવે એ રીતે ત્રિકાળીકને પણ એક કાળે કળી લેતો...**' બીજો પેરેગ્રાફ. ઝીણી વાત છે. મૂળ વાત અનંતકાળથી એણે આત્માની નિર્દોષ દશા કેમ પ્રગટ થાય અને સદોષતા કેમ ટળે એ વાસ્તવિક વાત એણે જાણી નથી. સમજાય છે કાંઈ? બીજો પેરેગ્રાફ છે ભાઈ! એને બતાવો તો ખરા. ૮૦નો બીજો પેરેગ્રાફ. એ કાંઈ ઓલી નોવેલ નથી કે ઝટ હાથ આવે. ૮૦નો બીજો પેરેગ્રાફ. આ તો નવું પુસ્તક છેને? બસ ત્યારે ૧૩૭મું પાનું. બીજો પેરેગ્રાફ. આ પહેલી વાત કરી ઈ આ કહેવાઈ ગઈ હતી કાલની.

આત્માને... આ વસ્તુ છે દ્રવ્ય. દ્રવ્ય એટલે અન્વય, અન્વય એટલે છે... છે... છે... છે... છે... છે... છે... છે... એ દ્રવ્ય. એનામાં જ્ઞાન-દર્શન આદિ એના વિશેષણ વિશેષણ. વિશેષ્ય એટલે દ્રવ્ય, એના વિશેષણો એટલે ગુણ અને એની ક્રમે ક્રમે ભિન્ન-ભિન્ન થતી અવસ્થાઓ. આ ત્રણરૂપે આત્મા છે. દરેક દ્રવ્ય એ રૂપે જ હોય. એ રીતે અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને કળીને આત્માને ત્રણ પ્રકારે કળે પહેલો હજી તો વિકલ્પથી હોં!

'**હવે એ રીતે ત્રિકાળીને પણ એક કાળે કળી લેતો તે જીવ,...**' બધી પર્યાયનો પિંડ છે આત્મા એવો જે જીવ એને એકરૂપે અંદર જાણતો... હવે એને સમાડે છે. '**જેમ મોતીઓને ઝૂલતા હારમાં સંક્ષેપવામાં આવે છે...**' જુઓ! આ મૂક્યો છેને, હાર કાલે આવ્યો હતો. જુઓ આ હાર છે કે નહિ આ? એના જે આ મોતી છેને એ પર્યાયને સ્થાને છે. પર્યાય એટલે ભિન્ન-ભિન્ન અવસ્થા, ભિન્ન-ભિન્ન અનેક દશા. અનેક દશાને સ્થાને મોતી છે અને દોરાને સ્થાને એના વિશેષણ ગુણો છે કે જે બધે ગુણો આખે વ્યાપ્યા છે—દોરો અને આ હારના સ્થાને દ્રવ્ય. દ્રવ્ય એટલે વસ્તુ. દ્રવ્ય એટલે પદાર્થ છે... છે... છે... હાર છે છે... છે... છે... છે... છે... છે... એમ છેને? અને એનો જે દોરો છે એ એનું વિશેષણ છે એ બધે વ્યાપક છે અને આ મોતી છે એ પર્યાયને સ્થાને છે, દોરો ગુણને સ્થાને છે, હાર દ્રવ્યને સ્થાને છે. સમજાણું કાંઈ?

પાછું એમ લીધું છેને જુઓ! '**ઝૂલતા હારમાં...**' કેમકે આ પરિણમતો છેને? પરિણમે છેને એ? એક ઠેકાણે પડ્યો છે એમ નહિ, એમને એમ (નહિ), આ ઝૂલતો છે. એમ આત્મા એક સમયમાં ત્રણે કાળ પર્યાયનો પિંડ એવો આત્મા એને પહેલા મનથી જાણ્યો. અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાય (જાણ્યા). આ દ્રવ્ય છે ત્રિકાળ રહેનાર વસ્તુ શાશ્વત. એના વિશેષણો જેમ દોરો વિશેષણ છે એમ. જ્ઞાન-દર્શન-આનંદ એ વિશેષણ છે અને ક્ષણે ક્ષણે ભિન્ન-ભિન્ન વર્તતી, થતી અવસ્થાઓ તે પર્યાયો છે. હવે ત્રણનું લક્ષણ જ્યાં સુધી મનથી કળ્યું છે ત્યાં સુધી

હજી એને સમ્યગ્દર્શન નથી, ત્યાં સુધી હજી ધર્મદશા નથી. અહીં સુધી તો હજી મિથ્યાત્વભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવા આત્માને દ્રવ્ય, ગુણ ને પર્યાયના ભેદથી પણ જેણે લક્ષમાં અંદર લીધો ત્યાં સુધી સવિકલ્પ નામ રાગ મિશ્રિત વિચારમાં ઊભો છે, ત્યાં સુધી તેને ધર્મ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? ધર્મ તો નિર્વિકલ્પ શાંતિ અને શ્રદ્ધા, જ્ઞાન પ્રગટે તે ધર્મ કહેવાય છે. ધર્મ એ શાંતિરૂપ પદ છે. તો શાંતિ પ્રગટે ત્યારે આ વિકલ્પનો ભાવ ટળે અને શાંતિ પ્રગટે. ઈ કેમ પ્રગટે?

કે '**જેમ મોતીઓને ઝૂલતા હારમાં સંક્ષેપવામાં આવે છે તેમ ચિદ્દવિવર્તોને...**' આ જ્ઞાનની પર્યાયોને. જુઓ! અહીં ચિદ્દવિવર્તો પર્યાયો લીધી છે એટલી જ્ઞાનની. ભાઈ! રાગાદિ નથી લીધો અહીં. '**ચિદ્દવિવર્તોને...**' પર્યાયને આમ. જાણે... જાણે... જાણે... જાણે... પર્યાય છે અવસ્થા એને '**ચેતનમાં સંક્ષેપીને...**' દ્રવ્યમાં સંક્ષેપવી, એ દ્રવ્યમાં એને સમાડવી. પર્યાય ઉપર લક્ષ ન રાખતા તે પર્યાયને દ્રવ્યમાં સમાડવી. ભારે કામ! એ આ સમ્યગ્દર્શનનો પહેલો ધર્મ પ્રગટ થવામાં આ રીત છે. સમજાણું કાંઈ? બાકી બધી દયા, દાન ને વ્રત, ભક્તિ, પૂજા બધું કરે અને થાય તેમાં રાગની મંદતા પુણ્ય અને એ હું કરું છું એ માન્યતા તે મિથ્યાત્વ છે. રાગનો કર્તા થાય છે માટે. એ મિથ્યાત્વના ભાવમાં અનંત સંસાર રખડવાનો ભાવ છે એ. અનંતા જન્મ-મરણ થવાની શક્તિ મિથ્યાત્વમાં છે. એ મિથ્યાત્વની સેનાને જેણે ટાળવી હોય એનો આ ઉપાય છે. ભગવાન પરમાત્માએ એ ઉપાય કર્યો, કરીને જણાવ્યો કે આ ઉપાય છે, બીજો ઉપાય છે નહિ. મેં જેમ કર્યું, ઈ આગળ આવશે ૮૨માં. અનંતા અરિહંતોએ એમ કર્યું અને એવો ઉપદેશ મુમુક્ષુઓને આપ્યો. એ ૮૨મી ગાથામાં આવશે. અનંત તીર્થંકરો, અનંત અરિહંતો ક્રમે થતાં અનંત અરિહંતોએ પૂર્વના અરિહંતના દ્રવ્ય, ગુણ, પર્યાયને લક્ષમાં લઈ પછી પોતાની પર્યાયને ચૈતન્યમાં આમ લક્ષ ફેરવી નાખ્યું. સમજાણું કાંઈ? પછી બીજો બોલ.

'**(-અંતર્ગત કરીને) તથા વિશેષણવિશેષ્યપણાની વાસનાનું...**' એટલે શું? આત્મા વિશેષ્ય છે, દ્રવ્ય છે અને આ જ્ઞાન ને આનંદ એનું વિશેષણ છે. એવો જે ભેદ છે એ ભેદને પણ અંતર્ધાન કરીને. એ વાસનાનું વલણ કલ્પના અંતર્ધાન કરીને. આ ઝીણી વાત છે જરી. આહા..હા..! એણે કોઈ દિ' એની રીતને સાંભળી નથી. જેમ આ હારના દોરાને... ઓલું અહીં તો પહેલા મોતીને લક્ષમાં ન લેતા, ભિન્ન-ભિન્ન મોતીને લક્ષમાં ન લેતા હારમાં સમાડી દેવું. એ હાર છે બસ હાર. એમ આત્મામાં ક્રમે ક્રમે થતી પર્યાયને ભિન્નમાં લક્ષમાં ન લેતા એ પર્યાય દ્રવ્ય ઉપર લક્ષ કરી દેવું. એક વાત. હજી તો વિચારે છે.

પછી '**વિશેષણવિશેષ્યપણાની...**' ભગવાન આત્મા વિશેષ્ય છે વસ્તુ અને જ્ઞાન દર્શન તેના વિશેષણ ગુણ છે. એને વાસના-વાસના છેને? વલણ, કલ્પના, અભિપ્રાય. અંતર્ધાન '**તિરોધાન; અદશ્ય થવું—અલોપ થઈ જવું તે.**' એક ગુણી આત્મા અને જ્ઞાનગુણ એવો

ભેદનો પણ ભાવ અલોપ થઈ જવો. એકલું અભેદ રહી જવું. સમજાણું કાંઈ? રીત છે આખી અલૌકિક અને મોક્ષના માર્ગને પ્રાપ્ત કરનારી. એણે એ રીત જ કોઈ દિ' લક્ષમાં લીધી નથી. બીજે મરી ગયો કરી કરીને બહારનું. સમજાણું કાંઈ?

**'જેમ ધોળાશને હારમાં અંતર્હિત કરવામાં આવે છે તેમ—'** જુઓ! ધોળાશ એટલે ઓલો દોરો છેને આખો ધોળો? એ ધોળાનું લક્ષ ન લેતા હારમાં સમાડી દેવું કે હાર. બસ. આને હારમાં સમાડી દેવો એક એક પર્યાયને લક્ષમાં ભિન્ન ન રાખવું. આ દોરો જે છે એને હારમાં સમાડી દેવો. દોરો આ અને હાર આ-એમ બે લક્ષમાં ન લેવા. એમ આત્મામાં જુઓ! હવે અહીંયાં આત્મામાં, જેને મિથ્યાત્વનો નાશ... મિથ્યાત્વરૂપી ઝેર છે. રાગ, પુણ્યની ક્રિયા મારી, દયા, દાનના વિકલ્પ મારા, એનો હું કર્તા, આ ઇન્દ્રિયથી જ્ઞાન થતું પરોક્ષ જ્ઞાન એ મારું, એ માન્યતા એ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? એ મિથ્યાત્વના ઝેરને જેણે વમવું હોય એણે શું કરવું એની રીત છે આ. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા અરિહંત થયા તેના દ્રવ્ય—વસ્તુ, એની શક્તિ, એની અવસ્થા તેને લક્ષમાં લેવી. લક્ષમાં લઈને પોતાના આત્માના પણ દ્રવ્ય, ગુણ ને પર્યાય લક્ષમાં લેવા. લઈ અને પોતાની પર્યાય છે તેને અંતર્લક્ષ કરી લેવું અને જે ગુણ છે... એ તો ભેદ પાડીને સમજાવે છે હોં! પણ પર્યાયને અંતર્લક્ષ કરવી અને ગુણને અંતર્લક્ષ એવા બે ભેદ જુદા નથી કાંઈ. એ તો પર્યાયને આમ વાળતા ગુણ પણ અંદર અભેદરૂપે થઈ જાય છે. સમજાણું કાંઈ? ભારે વાત! કહો, પ્રાણભાઈ! આવો ધર્મ છે. અનંત અરિહંતોએ કર્યો, અનંત તીર્થંકરો એ કરીને પાર પામ્યા અને આ વિધિ ભગવાને જણાવી જગતને. સમજાણું કાંઈ?

કહે છે, **'જેમ ધોળાશને...'** આ ધોળું છેને ધોળું? કોણ? દોરો હોં! મોતી નહિ. **'ધોળાશને હારમાં અંતર્હિત...' 'ગુપ્ત; અદૃશ્ય; અલોપ;...' 'કરવામાં આવે છે તેમ-ચૈતન્યને ચેતનમાં જ અંતર્હિત કરીને,...'** લે વળી ઈ શું? ચૈતન્યને, ચૈતન્ય એટલે જ્ઞાન. ચૈતન્ય એટલે જ્ઞાન, ચેતન એટલે દ્રવ્ય. ગોળ એટલે દ્રવ્ય, ગળપણ એટલે ગુણ. એમ ચેતન એટલે દ્રવ્ય વસ્તુ, ચૈતન્ય એટલે એનો ગુણ. એ ગુણ અને આ દ્રવ્ય—બે જુદા લક્ષમાં હતા એને ગુણ ને ગુણીમાં અભેદ કરીને. કહો, સમજાણું આમાં? અપૂર્વ ગાથા છે આ! આગળ આવશે. અનંત તીર્થંકરો, કેવળીઓ, પરમાત્માએ આ વિધિએ પરમાત્મપદ પ્રાપ્ત કર્યું, એવો જ ઉપદેશ આપીને નિર્વાણને પ્રાપ્ત થયા. નમો નમસ્કાર! એમ કહ્યું. આહા..હા..! સમજાણું કાંઈ? આવો ઉપદેશ કર્યો એમ કીધું છેને ૮૨માં? બીજો ઉપદેશ નથી કે આમ (કરજે). આ રીતે અમે કર્યું એ રીતે તું કર. સમજાણું કાંઈ? તારી મુક્તિ થયા વિના ત્રણ કાળમાં નહિ રહે. પહેલાં તો સમ્યગ્દર્શન થાય ત્યાં એ 'મુક્ત જ છું આત્મા' એમ ભાસે. રાગ નહિ, જ્ઞાનની પર્યાય એક પછી એક થાય એ પણ લક્ષ છોડી દઈ અને જે ગુણ છે જ્ઞાનનો એ ગુણ ને દ્રવ્ય બે ભિન્ન લક્ષમાં (રહે) એ નહિ. ગુણ અને પર્યાયનું લક્ષ છોડી દઈ અને

દ્રવ્ય ઉપર દૃષ્ટિ આપતા ત્યાં નિર્વિકલ્પ અનુભવ દૃષ્ટિ થાય, એને સમ્યગ્દર્શન અને ધર્મનું પહેલું સોપાન, પગથિયાનું પહેલું સોપાન એને કહે છે. સમજાણું કાંઈ? ધર્મનું પહેલું પગથિયું. કહો, જગજીવનભાઈ! સંપ્રદાયમાં છે આ? નથી?

શું કહે છે આ જુઓ! કેટલી સ્પષ્ટ વાત છે! સાદી ભાષામાં, ટૂંકામાં ત્રણ લોકનો નાથ જાગે એની વાત કરી દીધી છે. આહા..હા..! ભાઈ! તારે હિત કરવું છેને? આનંદની પ્રાપ્તિ કરવી છેને? તો આનંદની પ્રાપ્તિ એ દશા ક્યાંથી આવશે? ક્યાંય બહારથી આવશે? બહારથી આવે? વસ્તુમાં હોય તો આવે. કૂવામાં હોય તો અવેડામાં આવે. એમ આત્મામાં આનંદસ્વરૂપ ત્રિકાળ ગુણ છે અને એ ગુણનો ધરનાર દ્રવ્ય છે, એને વર્તમાન પર્યાયનું લક્ષ ત્યાં ગુણ અને ભેદ ઉપરથી છોડીને દ્રવ્યમાં લક્ષ કરતાં, તે દ્રવ્યનું પરિણમન થઈને આનંદની અવસ્થાનું પરિણમન થતાં, આ આખો આત્મા આનંદમય છે અને આખો આત્મા શુદ્ધ છે એવી સમ્યગ્દર્શનની પ્રતીતિ થવી એનું નામ દર્શન નામ (એટલે) મિથ્યાત્વને નાશ કરવાનો ઉપાય છે. કહો, કપુરભાઈ! ભારે વાત! આહા..હા..! ઓલા તો કહે, વ્રત પાળો, દયા કરો, અપવાસ કરો, ઓળી કરો, કંદમૂળ છોડો, ચોવિહાર કરો. મરી ગયા એ તો સાંભળ. એ તો બધી ક્રિયાઓ વિકલ્પ છે.

આ તો જ્ઞાનતત્ત્વ આત્મા ચૈતન્યમૂર્તિ છે, જ્ઞાનસ્વરૂપ છે, એમાં વૃત્તિનું ઉત્થાન થાય એ તો રાગ છે. એ કંઈ આત્માની ક્રિયા નથી. કહો, સમજાણું કાંઈ? છે કે નહિ સામે પુસ્તક છે કે નહિ સામે? અને એ પુસ્તકના ક્યા શબ્દનો અર્થ થાય છે એ સામે પડ્યો છે કે નહિ? નામું મીંઢવે (મેળવે) છે કે નહિ માણસ? દીવાળીનું ઓલું દશેરા આવે ત્યારે. વીસ દિ' પહેલા મીંઢવે કે ભાઈ તારામાં આમ છે અને મારામાં આમ છે. શું છે આ? પાંચસો કેમ વધારે નીકળ્યા? મારામાં ઓછા નીકળે છે. મીંઢવે છે કે નહિ આ? એમ આત્માના ન્યાય સાથે આ વાત મેળવે તો ખરો, મીંઢવે તો ખરો. તારી શ્રદ્ધા કેવી છે અને આ શું કહે છે? સમજાણું કાંઈ? આહા..હા..!

**'ચૈતન્યને ચેતનમાં જ અંતર્હિત કરીને,...'** વળી ચૈતન્યને ચેતનમાં એટલે શું હશે જાણે? એ તો પહેલું કહી ગયા છે નહિ? અંદર આવી ગયું છે. સમજાણું કાંઈ? **'ચૈતન્ય એવું જે વિશેષણ...'** આવી ગયું છે, જુઓ બીજી લીટી. **'આ ચેતન છે એવો જે અન્વય તે દ્રવ્ય છે, અન્વયને આશ્રિત રહેલું ચૈતન્ય એવું જે વિશેષણ...'** બીજી લીટીમાં છે. માસ્તર! જેમ સાકર એ દ્રવ્ય અને ગળપણ એ ગુણ. એમ દ્રવ્ય એટલે આત્મા. છે... છે... છે... છે... છે... એનું જ્ઞાન ચૈતન્ય. દ્રવ્ય એટલે ચેતન, ચેતન, એનો ગુણ એ ચૈતન્ય. એ ચૈતન્યનું લક્ષ ભિન્ન ન કરતાં, ચૈતન્યના લક્ષને દ્રવ્ય ચેતન ઉપર લક્ષ કરતાં નિર્વિકલ્પ અનુભવ થાય તેને સમ્યગ્દર્શન કહે છે. કહો, સમજાણું કાંઈ?

**'જેમ કેવળ હારને જાણવામાં આવે છે...'** જુઓ! ઓલો દોરો નહિ, મોતી નહિ.

હાર... હાર... હાર... **'તેમ કેવળ આત્માને જાણતાં,...'** ઓલાની સાથે મેળવ્યું. હારની, મોતીની પર્યાયને ન જોતાં, હારના દોરાના ગુણને ન જોતાં હાર એકલો જોવો. એમ આત્માની ક્રમે ક્રમે થતી અવસ્થાઓને લક્ષમાં ન લેતા એનો ગુણ જે છે જ્ઞાન દર્શન, એવો ગુણી અને એનો ગુણ એ લક્ષમાં ન લેતા ગુણી ઉપર દૃષ્ટિ (કરવી). એકલા હારને જોતાં **'તેમ કેવળ આત્માને જાણતાં,...'** એક આત્મા જ્ઞાયકસ્વરૂપ ત્રિકાળ, જેમાંથી અનંત જ્ઞાન અને અનંત આનંદ પ્રવહે છે, વહે છે, પ્રગટ થાય છે એવો જે ભગવાન આત્મા એને જાણતાં **'કેવળ આત્માને જાણતાં,...'** લ્યો ભાઈ આવ્યું પાછું ઈ. લ્યો ઠીક! એઈ..! સવારે આવ્યું હતું કે નહિ?

મુમુક્ષુ :- એ પ્રથમ આત્માને જાણતા.

ઉત્તર :- એ પ્રથમ ત્યાં પહેલેથી લેવું જોઈએ. ત્યાં જીવ અધિકાર છેને. અહીં જ્ઞાનતત્ત્વમાં જરી વિશેષ ભેદ પાડીને ... વિનાનું લેવું. દૃષ્ટિપ્રધાન કથન છેને ત્યાં. છતાં આગળ પાછળ આવે છે ને કર્તાકર્મમાં એ. પહેલું જ્ઞાન છે એને શ્રુતથી જાણવું, પછી વિકલ્પ તોડીને નિર્વિકલ્પ થાવું. એ તો અપેક્ષા હોય. જે પ્રકારે આવે એમ જાણવું જોઈએ કે નહિ? કહો, સમજાણું આમાં? જુઓ! સાતડો ક્યાં છે? આ તો કેવળ.

**'કેવળ હારને જાણવામાં આવે છે તેમ કેવળ આત્માને જાણતાં,...'** નીચે ખુલાસો કર્યો છેને. **'હાર ખરીદનાર માણસ ખરીદ કરતી વખતે તો હાર, તેની ધોળાશ અને તેનાં મોતી—એ બધાંયની પરીક્ષા કરે છે...'** કરે કે નહિ? હાર કેવો છે? એમાં સોનાનો દોરો છે કે ચાંદીનો દોરો છે કે હીરાનો દોરો છે? એ બધું તપાસે. અને મોતી પણ એક એકની કિંમત કેટલી? આડુઅવળું મોતી બીજું ખોસી ઘાલ્યું હોય એમ નહિ. એક જાતના મોતી છે કે નહિ? વચ્ચે બીજા નાખી દીધા હોય સ્ફટિક જેવા ખોટા. બધી પરીક્ષા કરે છે કે નહિ? હાર, એનો દોરો અને એના મોતી. છેને? બધાયની પરીક્ષા કરે છે.

**'પરંતુ પછી ધોળાશ અને મોતીઓને હારમાં સમાવી દઈને—તેમના પરનું લક્ષ છોડી દઈને કેવળ હારને જાણે છે. જો એમ ન કરે તો હાર પહેર્યાની સ્થિતિમાં પણ ધોળાશ વગેરે વિકલ્પો રહેવાથી હાર પહેર્યાનું સુખ વેદી શકે નહિ.'** શું કહે છે? હારનું સુખ ક્યારે વેદી શકે? કે મોતીની પર્યાયનું લક્ષ છોડી દઈ, ધોળાશનું છોડી દઈ અને હાર, એ હારને પહેરે ત્યારે તેને સુખ થાય કલ્પનાનું. અજ્ઞાનીનું સુખ. અહીં તો સુખની કલ્પનાની વાત છેને? અહીં ક્યાં ધૂળમાં સુખ હતું? એ વખતે પહેરે છે ત્યારે પછી મોતી આવું ને દોરો આવો એમ વિચારે છે? પહેરે ત્યારે વિચારે છે?

એમ કોઈ માલ લેવા જાય લ્યો માલ. ભાવ પૂછે કે શું ભાવે છે? શું ભાવે છે? પછી તોલા લાવો. તોલા માથે છાપવાળા હોય છે કે નહિ શું લાલ? શું કહેવાય એ તાંબાની? પાંચશેરી. સરકારની છાપ છે કે નહિ? બે. અને ત્રીજું ત્રાજવા. ત્રાજવું તોળે. જેની કોર

લે એની કોર હેઠે લાખ-બાખ ચોડી છે કે નહિ શેર-પા શેર? કારણ કે માલ ઓછો આવે. એટલે આની કોર ત્રાજવું તોળાવે સરખું-સરખું. એ તો સરખું તોળાવતા ખોસી ઘાલે, હુશિયાર હોય એ. હા. હા. પહેલું તોળાવે પછી મૂક્યો હોય મીણનો ધોળો. એમ કરીને, આમ કરીને નાખે (એટલે) ઓલો ચોંટી જાય હેઠે. એવું થાય છે આ બધું હોં! માલ ઊંચી ચીજ હોય એમાં. સાધારણ શાકમાં તો શું ત્યાં. ઊંચી ચીજ હોય (એમાં કરે).

નહોતી એક ફેરી વાત કરી? ગોરાની વાત કરી હતી. એક ગોરો આવ્યો ઝવેરાત લેવા. પહેલા તો કઢાવી આમ બધી. કરતા.. કરતા.. ચાલીસ હજારની ચીજ હતી એક એ લઈને, હાથમાં મીણ લઈને આવેલો થોડું. એટલે આમ બેઠો હતો. પાટ હતી એની પાટ ઓલી ઝવેરીની. પાટ નીચે મીણ ચોડી દીધું પહેલું. મીણ ચોડી દીધું. પછી આમ ઓલો શું છે? શું છે? કરતાં કરતાં ત્યાં ચોડી દીધું એની પાટમાં નીચે. ઓલો જોવે કે ભાઈસાહેબ એક મારું મોતી જાય છે ચાલીસ હજારનું. બીજા કોઈ છે નહિ. બોલાવો પોલીસને બોલાવો. પોલીસને બોલાવ્યા. .. મારી પાસે કાંઈ નથી. હતું અહીં ખરું. હવે એ કાંઈ નજર ત્યાં જાય કે અહીં મીણ લાવ્યો હશે? ઓલી પાટ જોડે મીણ ચોડી દીધું. એ તો નીકળી ગયો વયો ગયો. વળી આવ્યો મહિને, બે મહિને. દશ હજાર રૂપિયાનો એક માલ લઈને. અરે..! તમારું તે દિ' ગયું, બહુ મને ખેદ થાય છે. પાછો દશ હજારનો માલ લઈને આવ્યો ઓલું લેવા માટે. ઓલું ચોડ્યું હતુંને ત્યાં? ખીસ્સામાં લઈ જવા. પાટ પડી હતી પાટ. મોટી પાટ હતી અને હેઠે એણે ચોડી દીધું. સાહેબ! મને તમારી બહુ તે દિ' ઓલી થઈ હતી. મને ખેદ થાય છે. તમે દશ હજાર રૂપિયા લ્યો અને એક દશ હજારનું મોતી આપો. એ દશ હજારનું મોતી જ્યાં લેવા જાય છે, આમ આપે ત્યાં નજર ગઈ ત્યાં ઓલું લઈ લીધું પાછું. રૂપિયા ચૂકવી દીધા દશ હજાર, પણ ઓલું ચાલીસ હજારનું લઈને વયો ગયો લ્યો! કહો, સમજાણું કાંઈ? નજર ચૂકવીને લઈ ગયો. એમ પહેલા ત્રાજવાને તોળવે. શું કહેવાય એ? ધડો-ધડો. ત્રાજવાનો ધડો કરાવે અને તોલાનું નક્કી કરાવે અને ભાવનું નક્કી. પછી લીધા પછી ખાવા વખતે તોળતો હશે? પાંચ રૂપિયાનું શેર, ત્રાજવા તોળાવ્યા છે, તોલા સારા છે.

એમ કહે છે કે પહેલો આત્માને, જેમ ઓલા હારની પર્યાયને, ગુણને અને દ્રવ્યને જાણે, તેમ આત્માના પર્યાય—અવસ્થા, ગુણ અને દ્રવ્યને જાણે, પણ એના અનુભવ કરવા વખતે આ પર્યાય ને ગુણ ને દ્રવ્ય એમ ગોખે નહિ, એમ વિકલ્પ કરે નહિ. સમજાણું કાંઈ? તો એને આત્માનો સ્વાદ આવે એમ કહે છે. એ વળી શું હશે? કહો, સમજાણું કાંઈ? સ્વાદ તો કાંઈ જડનો તો અમથોય આવતો નથી. દાળ, ભાત, શાક, રોટલા જડનો સ્વાદ આવે છે આત્માને? એ તો માટી-ધૂળ છે, એ તો રૂપી છે. એનો સ્વાદ જીવને હોય? જીવ તો અરૂપી છે. પણ એનું લક્ષ કરીને 'ઠીક છે' એવો વિકલ્પ ઉઠાવે છે રાગ એ રાગનો સ્વાદ એને આવે છે, ઓલી ચીજનો નહિ. ચીજ તો જડ છે, માટી, ધૂળ છે. જડ છે. એ તો

અરૂપી છે અને એ રૂપી છે. એનો સ્વાદ એને હોય? ઠીક ન પડે તો દ્વેષ થાય અણગમો, એ એનો સ્વાદ આવે છે રાગ અને દ્વેષનો. એ રાગ-દ્વેષના વિકલ્પો છોડી અને દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણ છે એના ભેદનો વિકલ્પ પણ છોડી અંતર દૃષ્ટિ કરે ત્યારે એને રાગ અને કષાયનો સ્વાદ આવતો એ અહીં અકષાયનો સ્વાદ આવે એનું નામ આત્માનો સ્વાદ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? કેમ હશે આમાં? પ્રાણભાઈ! રૂપિયાનો સ્વાદ કેવો હશે? રૂપિયાનો સ્વાદ હોય? એ તો જડ છે, માટી છે. એની હોંશ આવે હરખ રાગ... રાગ... રાગ... એ રાગનો સ્વાદ વેદે.

એમ અહીંયાં જ્યાં સુધી આત્માના દ્રવ્ય અને ગુણ ને પર્યાય ત્રણ ભેદના વિકલ્પની સ્થિતિમાં ઊભો હતો ત્યાં સુધી એને રાગનો સ્વાદ હતો. ત્યાં સુધી એને આત્મા શું એનું ભાન નહોતું. પછી? જુઓ! આ કરવાનું છે એને. એ પર્યાય છે જુઓ! બીજું તો કરી શકતો નથી, બીજાનું કરી શકતો નથી અને બીજાથી લઈ શકતો નથી. બીજાનું કરી શકતો નથી અને બીજાથી લઈ શકતો નથી. કરવાનું પોતાનું આ છે. કાં અજ્ઞાનને અને રાગ-દ્વેષને કરે અને કાં જ્ઞાન અને વીતરાગભાવને કરે. એ સિવાય એ બીજું કાંઈ કરી શકતો નથી. બરાબર હશે આ? ગુલાબભાઈ! આ પુસ્તકો કરે છેને આ બધા તાળીઓ પડાવો છો બધા પાસે. હો.. હા... હો.. હા... મારે ગપ્પા એવાને અંદર ... આહા...! વાહ! વાહ! .. વાહ! લ્યો! મારે ગપ્પા એક આડાઅવળા. આનું આમ શિક્ષણ જોઈએ, એનું આમ જોઈએ અને એનું આમ જોઈએ. સમજાય છે? (ઓલાને એમ થાય), આ..હા..!

મુમુક્ષુ :- ... આપે વાંચ્યું છે?

ઉત્તર :- એમ વાતું કરે, એનો ભાઈ વાત કરતા હતા. વાંચ્યું ક્યાં છે? અને અમથું આવી વાત સાંભળીએ છીએને બીજા પાસે, નહિ બધા ઘણા સભામાં? લાલભાઈ નહોતા કહેતા કેવા? લાલન લાલન. લાલન નહોતા? ૨૦-૨૦ હજાર ત્યાં અમેરિકામાં ૨૦-૨૦ હજાર માણસ. સાત-આઠ રૂપિયા લઈને એ પોતે કરતા. લ્યો! શું કહેવાય ઓલો ડોલર કહેવાય ને સાડા ત્રણ રૂપિયાનો? તે દિ' બે ડોલરનું વ્યાખ્યાન. તે દિ' હોં! ૫૦ વર્ષ, ૬૦ વર્ષ. અમેરિકામાં કરતા. ૨૦ હજાર માણસ ભરાય. ૭-૮ રૂપિયા દઈને વ્યાખ્યાન સાંભળવા આવે. એ લોકોને એમ કે આપણને વાંચવાનો વખત મળે નહિ અને એ વાંચીને કાંઈક સાર થોડામાં કહેશે એટલે આપણને પુસ્તક લેવું મટી જાય અને વાંચવાનો સમય બચી જાય. એમ કરીને ઓલાનું સાંભળવા આવતા. લોકોને એમ હોય, ત્યાં એ લોકો મગજવાળા માણસને. કારણ કે એ ઘણું વાંચ્યું હશે પુસ્તકનું અને પૈસા લઈને વાંચ્યામાંથી જે કાંઈ સાર પ્રયોજન વાત હશે એ મૂકશે. એટલે આપણે તો પુસ્તક લેવા મટ્યા અને એમાંથી સાર કાઢવો મટ્યો. એ બતાવે કે પાંચ રૂપિયા દઈને પણ વ્યાખ્યાન સાંભળવું આપણે એનું. કહો, સમજાણું કાંઈ? એવી અહીં હિન્દુસ્તાનમાં વાત નથી બધી. ત્યાં તો એવી લાઈન એ લોકોને હોય છે.

અહીં આત્માને જાણનારાઓ આ રીતે પોતાનું હિત શું છે માટે સાંભળવા આવવું જોઈએ એમ કહે છે લ્યો! પૈસા-બૈસા દેવા ઈ. સમજાણું કાંઈ? આહા..હા..! એમણે પોતે જાણ્યું છે, અનુભવ્યું છે, ઘણા શાસ્ત્રો જોઈને અને પોતાના ભાવને જોઈને કે આપણે ઘણું જાણવું-વાંચવું મટશે અને તત્ત્વ શું છે એ આપણને મળશે. કહો, સમજાણું કાંઈ આમાં? એ.. ભગવાનજીભાઈ!

જુઓ! **'કેવળ હારને જાણવામાં આવે છે તેમ કેવળ આત્માને જાણતાં, તેની ઉત્તરોત્તર ક્ષણે...'** હવે શું કહે છે જુઓ! ઝીણી વાત તો છેને. મૂળ અપૂર્વ વાત છે. એ અનંત કાળમાં એ સમ્યગ્દર્શન પામવાની રીતની જ એને ખબર નથી. ધર્મની પહેલી અપૂર્વ દશા પામવાની કળાની, રીતની જેને ખબર નથી. સમજાય છે? રીત જાણ્યા વિના કરવા માંડે, શું કરશે? ઓલા શીરા જેવું કરશે. કીધું હતુંને. લુપરી જેવું થાશે. કહો, સમજાણું કાંઈ? **'ઉત્તરોત્તર ક્ષણે કર્તા-કર્મ-ક્રિયાનો વિભાગ ક્ષય પામતો જતો હોવાથી,...'** શું કહે છે હવે? અલૌકિક વાત કરી છે, અલૌકિક વાત લોકોત્તર! ભગવાન આત્મા આ વસ્તુ છે વસ્તુ અનંત શક્તિ—ગુણનું એકરૂપ. ગુણની દૃષ્ટિ છોડી, પર્યાયની દૃષ્ટિ છોડી અને અંતર દૃષ્ટિ થતાં આ આત્મા કર્તા છે, પરિણામી છે, કરનારો છે અને આ દશા થાય તે મારું કાર્ય છે અને અવસ્થા પલટે, પૂર્વની હતી અને પલટે એ ક્રિયા છે. એવા કર્તા, કર્મ અને ક્રિયાનો વિભાગ ભેદ ક્ષય પામી જાય છે. સમજાણું કાંઈ?

જુઓ! પહેલા દ્રવ્ય-ગુણ-પર્યાયનું અભેદ કીધું એની સાથે આ ભેગું છે હોં! ભાઈ! એ જુદું નથી. વળી કર્તા, કર્મ પરિણામ. આ તો એક એને સમજાવે છે. આમ જ્યાં અભેદ થયો ત્યારે આ કર્તા દ્રવ્ય છે, કર્મ આ પરિણામ એનું કાર્ય છે અને આ પરિણતિ એ ત્રણ ભેદ ત્યાં રહેતા નથી, ક્ષય પામી જાય છે. ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? પહેલેથી ઉત્તરોત્તર ક્રમે-ક્રમે ચડતા ત્રણે ભેદનો નાશ થઈ જાય છે. શું કહે છે આ?

ભગવાન આત્મા અરિહંતના દ્રવ્ય એટલે વસ્તુ, એની શક્તિ, અવસ્થાનું લક્ષ લઈ પછી પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાય તેના કેમ છે એમ જાણી, પછી તેની પર્યાય ને ગુણને દ્રવ્યમાં સમાડી નામ લક્ષમાં ભેદ છોડી દઈ એમાં એકાગ્ર થાય છે. એટલે ક્રમે ક્રમે ત્યાં કર્તા હું છું અને આ પરિણામ થાય એ કાર્ય છે અને અવસ્થા થાય ક્રિયા, એવો ભેદ ક્ષણે ક્ષણે નાશ થઈ જાય છે. અભેદનો એકલો અનુભવ રહી જાય છે. આહા..હા..! ભારે વાત ભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના, ના. ઉત્તરોત્તર એટલે ક્રમે-ક્રમે. સમય લાગે છેને. એમ. આ કર્તા છું, કર્મ છું એવો જે ભેદ લક્ષમાં છે એ છૂટી જાય છે.

**'ઉત્તરોત્તર કર્તા-કર્મ-ક્રિયાનો વિભાગ ક્ષય પામતો જતો હોવાથી,...'** ક્રમે-ક્રમે એનો નાશ થઈ જાય છે. સમય છેને. એક એક સમયની ક્રિયાનો નાશ એમ કહે છે. ભગવાન

આત્મા અંતર્મુખ થતાં સમય સમયમાં કર્તા, કર્મની ક્રિયાના ભેદ હતા તેવો જે ભાગ, વિભાગ. હેઠે અર્થ કર્યો છે જુઓ. એવો ભેદનો વિકલ્પ નાશ પામે છે એમ કહ્યું છે જુઓ! છે ભાવાર્થમાં? એ '**પરિણામી-પરિણામ-પરિણતિના ભેદનો વિકલ્પ નાશ પામતો જતો હોવાથી...**' એ તો જેવો દ્રવ્ય-ગુણ-પર્યાયનો ભેદનો વિકલ્પ નાશ પામે, ભેગો આ પણ વિકલ્પ નાશ પામે છે. આહા..હા..! ભારે ભાઈ! આવો ધર્મ તો કઈ જાતનો? ઓલું તો કહે, અમે પોષા કરી નાખીએ લાવો, સામાયિક કરીએ, ચોવિહાર કરીએ આખી જિંદગી લ્યો! ઓલા નહોતા આપણે મનસુખભાઈ? કેટલી આઠ વર્ષની ઉંમરથી ચોવિહાર કરું છું કહે. મનસુખ તારાચંદ શું નામ હતું? મનસુખલાલ તારાચંદ નહિ મૂળીવાળા? આંખના ડોક્ટર નહિ? આ કરોડપતિ. ગુજરી ગયા, નાઈરોબીમાં ગુજરી ગયાને તમારે? નાઈરોબીમાં. એનો છોકરો છે ત્યાં મુંબઈમાં છે મોટો કરોડપતિ. અહીંયાં બે વખત આવ્યા હતા. પંદર પંદર દિ' રહેતા હતા. તે દિ' નાની ઉંમર હતી હોં! ત્યારે પૈસાવાળા કરોડપતિ. તોપણ કહે હું તો આઠ વર્ષની ઉંમરથી ચોવિહાર કરું છું. રાત્રે આહાર-પાણી બિલકુલ નહિ, દરરોજ સામાયિક (કરું).

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ નહિ, હજી તો આ કહું છું, હજી વાત કરું છું. એક મહિનામાં ચાર અપવાસ. અહીં આંખનું ઓપરેશન કર્યું હતું ત્યારે આવ્યા હતાને બેય. શું કહેવાય એ? ડૉક્ટર .. ટિપણીસ મુંબઈનો, એ આવ્યા હતા. એને લઈને આવ્યા હતા. મારા ગુરુ છે ડૉક્ટર એ કરશે. .. બેસે, જોવે. વાત કરતા હતા. કીધું, એમાં ધર્મ શું? માન્યું હશે. અત્યાર સુધી આ કર્યું છે અમે, ચોવિહાર. બાપુ! એ તો પરલક્ષી રાગની મંદતાનો શુભભાવ છે અને એ ધર્મ છે એ માન્યતા મિથ્યાત્વની છે. પછી કહે, હવે મારે નિવૃત્તિ લેવી છે. પણ એમને એમ મરી ગયા. ત્યાં નાઈરોબી ગયા. અહીં કર્યુંને એક કાંપમાં મોટું નહિ? કેટલા લાખનું? વીસ લાખનું. .. પોતે આપ્યા હતા. ઊલમાંથી નીકળીને ચૂલમાં પાછા જાય. આ લોકનું કરતા કરતા વળી કહે પરમાર્થ કરીએ. હવે ક્યાં પરમાર્થ ધૂળમાં હતો? તારું કર્યા વિના કોણ કરતું હતું? સમજાણું કાંઈ? પણ એ આ વાત એમ માને છે એવી માન્યતા છે એમ લેવું ત્યારે. જુઓ! .. મહારાજ! બાપુ! એ ધર્મ નથી.

ધર્મ તો આત્માના સ્વભાવનો અનુભવ થતાં શાંતિ અને શ્રદ્ધા જે નિર્વિકલ્પ દશા પ્રગટ થાય એને ભગવાન ધર્મ કહે છે. અપૂર્વ રીત છે. અનંતકાળમાં આવું કર્યું નથી. સામાયિક, પોષા અને પડિક્કમણા એવા વિકલ્પો છે એ તો રાગના છે. આહા..હા..! આત્માનું સમ્યગ્દર્શન પ્રગટ કર્યા વિના એને સામાયિક અને પૌષધ સાચા હોઈ શકે નહિ. ક્યાં ઠરવું છે કઈ ભૂમિકામાં એની તો ખબર નથી. તો સામાયિક, પોષા તો ઠરવાની રીત છે, અંદર ઠરવાની રીત છે. આ ચીજ અખંડ અભેદ ચીજ છે એની દૃષ્ટિ થયા વિના... સવારમાં આવ્યું હતુંને. શ્રદ્ધામાં એમ કેમ આવે? આમાં જ આચરણ કરવાથી મારું કલ્યાણ થશે. આ સ્વરૂપમાં આચરણ

કરવાથી કલ્યાણ થશે. સમજાણું કાંઈ?

(અહીંયા) કહે છે, એકદમ કર્તા-કર્મ-પરિણતિ. પરિણામી-પરિણામ અને પરિણતિ. પરિણામી-વસ્તુ, પરિણામ એનો પર્યાય, પરિણતિ-પૂર્વ અવસ્થાથી બદલો ખાય તે. એ ત્રણેનો કર્તા-કર્મનો ઉત્તરોત્તર ભેદ ક્ષય થઈ જાય છે. એટલે તે સંબંધીનો વિકલ્પ છે એ નાશ થાય છે. સમજાણું કાંઈ?

'**નિષ્ક્રિય ચિન્માત્ર ભાવને પામે છે;...**' લ્યો! નિષ્ક્રિય એટલે? ભેદ અને રાગની ક્રિયા વિનાનો, રાગનો વિકલ્પ છે એ ક્રિયા વિનાનો. ચિન્માત્ર ક્રિયા. એની પરિણતિ છે પણ ઓલી રાગ વિનાની ક્રિયા એવો ચિન્માત્ર જ્ઞાનસ્વરૂપ, જ્ઞાનપુંજ, જ્ઞાન ભાન વસ્તુ એના ભાવને-ચિન્માત્ર ભાવને, રાગ વિનાનો જ્ઞાનસ્વરૂપ ભાવને અનુભવે છે. આ એનું નામ સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. આહા..હા..! એ ચોથું ગુણસ્થાન હજી આને કહે. શ્રાવકનું પાંચમું તો આ થયા પછી સ્થિરતા અંદર વધે એને પાંચમું (કહેવાય). સાધુ તો એમાંથી ખૂબ અંદર શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... વધી જાય ત્યારે તેને સાધુ કહેવાય. સાધુ કાંઈ લૂગડા ફેરવે અને બહાર બાયડી-છોકરા છોડી દે અને સાધુ છે એમ છે નહિ. સમજાણું કાંઈ?

ગાથા તો બહુ અલૌકિક છે! કહેશે. '**सव्वे वि य अरहंता**' એમ કહેશે. અનાદિ કાળના તીર્થંકરો થતા આવ્યા એણે આ કર્યું છે, એ કહ્યું છે. એ કર્યું હતું, એ કહ્યું હતું એમ આવશે પાઠ ૮૨માં. '**सव्वे वि य अरहंता तेण विधाणेण खविदकम्मंसा**' પછી ઉપદેશ '**किच्चा**' એણે આમ કર્યું હતું એમ કહ્યું હતું. વસ્તુ એક જ પ્રકાર અનાદિથી ચાલી આવે છે. સમજાણું કાંઈ? પરમાત્મા વર્તમાનમાં મહાવિદેહક્ષેત્રમાં શ્રી સીમંધર પરમાત્મા કેવળજ્ઞાની બિરાજમાન છે. એમણે પણ આ વિધિએ કામ કર્યું હતું અને એ વિધિ બતાવી રહ્યા છે. ઉપદેશમાં એ રીત જ કહે છે. સમજાણું કાંઈ?

જુઓ! આ વાત ભાઈ તે દિ' આવી હતી, (સંવત) ૧૯૭૨માં. ભગવાનની વાણીમાં એમ ન આવે કે તારા અનંતા ભવ મેં દીઠા છે માટે.. એ વાણી જ ન હોય કોઈ દિ'. આહા..હા..! ૭૨ની વાત છે, ૭૨ સાલ. કેટલા વર્ષ થયા? ૫૩ થયા. ૭૨ની ફાગણ સુદ અગિયારસ. ચર્ચા મોટી ચાલી. મોટી ચર્ચા હોં! અમારા ગુરુ હતા એ બિચારા ભદ્રિક હતા સંપ્રદાયના. મૂળચંદજી હતા ઈ... કીધું, આ વાત મને કોઈ રીતે બેસતી નથી. તમે કહો છો કે ભવ ઘટે નહિ. ભગવાને દીઠું તે દિ' ભવ ઘટશે. પણ ભગવાને જેને... ભગવાન જેને બેઠા હૃદયમાં એને ભવ હોય નહિ. સમજાય છે કાંઈ? અને ભગવાને એમ કહ્યું ન હોય એમ કીધું હતું. આગમવાણી એવી હોય નહિ એમ કીધું હતું. ભાઈ! એ વાત આ ૮૨માં નીકળી.

આગમવાણી એવી ન હોય. આગમ તો એવું હોય કે અમે જે કર્યું એ પ્રમાણે તું કર, તો ભવ રહે નહિ. ધીરૂભાઈ! સાંભળ્યું હતું કે નહિ તે દિ'? કેટલા વર્ષ થઈ ગયા? ૫૩

થઈ ગયા. પાળિયાદમાં થયું હતું. પાળિયાદ. ૭૨ના ફાગણ મહિને. આમ આગમવાણી હોય આપ્ત-વાણી નહિ. વાણી આવી ન હોય. વાણી એવી હોય...

આ ગજસુકુમાલનો દાખલો આપ્યો હતો. ગજસુકુમાલ પોતે શ્રીકૃષ્ણના ભાઈ. અહીં છે સામે જુઓ. ઓલી પાઘડી મૂકી છેને, વચમાં અગ્નિ મૂકે છે. કીધું જુઓ! સગડી મૂકી અને તે વખતે તે ભવમાં તે વખતે કેવળ પામ્યા. આવી વાણી તમારી છે એવી વાણી આગમની હશે? સર્વજ્ઞ ભગવાન પાસે, નેમિનાથ ભગવાન પાસે સાંભળવા જાય છે. શ્રીકૃષ્ણ જેને ખોળામાં લઈને હાથીને હોદ્દે બેઠા છે અને જેને માટે સ્ત્રીને કન્યા એક બહુ રૂપાળી હતી, એટલે તરત મોકલાવે છે કે આને કામ આવશે. એને ખબર છે કે આ સ્ત્રીને મોકલી છે એના માટે અંતેપુરમાં. ત્યાં ગયા સાંભળ્યું તો... પ્રભુ! ... આપની જો આજ્ઞા હોય તો હું મુનિપણું લેવા માગુ છું. મારી માની આજ્ઞા લઈ આવું. સમજાય છે? .. ભાષા એવી છે. એ ભાષા ક્યાં હતી? એવો પાઠ છે ત્યાં. ... દેવાનુપ્રિયા! પ્રતિબંધ ન કર. ભગવાનની વાણી આવે છે. એમ વ્યવહારે સ્થાપે છેને એ લોકો. એવી વાણી ન હોય. ... હે આત્મા! તમે યથાસુખં, પ્રતિબદ્ધ ન કરશો. જેમ સુખ ઊપજે એમ કરજો. એમ જઈને માતાને કહે છે, માતા! હવે મને ક્યાંય ચેન પડતું નથી. મારા આત્માના આનંદ સિવાય મને ક્યાંય ચેન પડતું નથી. મા! તારે એકવાર રોવું હોય તો રોઈ લે, પણ કોલકરાર કરું છું કે બીજી મા નહિ કરું હવે, જા. એવા અંદરમાં ચડી ગયો છે રાજકુમાર હોં! ગજસુકુમાલ. ગજસુકુમાલ એટલે હાથીનું તાળવું હોય ને પોચું-કુણું અંદરમાં, એવું શરીર. ગજસુકુમાલ. એવી વૈરાગ્યની ધારા ચડી ગઈ. માતા! શ્રીકૃષ્ણની મા એની મા. સગા ભાઈ હતા.

ફરી માતા નહિ કરું બા! એક વાર તું રજા મને દે. મારા આનંદ સિવાય મને ક્યાંય ચેન પડતું નથી. મારો આનંદધામ મારી પાસે છે. એને શોધવા-ખોળવા હું વનમાં ચાલ્યો જાઉં. દીક્ષા થઈને પાછું .. તરત એ લીધું. મહારાજ! પ્રભુ! આપની આજ્ઞા થાય તો દ્વારકાના મહાસ્મશાનમાં હું ચાલ્યો જાઉં. શું કહે છે આ? કીધું. જુઓ તો ખરા. દ્વારકાનું મહાસ્મશાન ત્યાં જાઉં. ગજસુકુમાલ રાજકુમાર. ફાટી ગયો પ્યાલો અંદરથી અંતર ઉતરવાનો. ગયા ને ઓલાએ મૂકી અગ્નિ, ફડાક દઈને કેવળજ્ઞાન પામીને મોક્ષ ગયા. ત્યાં મોક્ષ ગયા. સમજાણું કાંઈ?

આવી વાણી વીતરાગની જુઓ આ. અરિહંતોએ આમ કર્યું અને અરિહંતોએ આમ કહ્યું. ત્રણ કાળના અરિહંતોએ આમ કર્યું અને ત્રણ કાળના અરિહંતો એમ કહે છે. એ કહે છે તે વાણી આગમ છે. એમાં આ કહ્યું. અમારો આત્મા જે પર્યાય કેવળજ્ઞાનને પ્રાપ્ત થયા એ અમે પહેલું સમ્યગ્દર્શન આમ પ્રાપ્ત કર્યું હતું, પછી તે સ્વરૂપમાં રમણતા કરીને કેવળજ્ઞાન થયું. ૮૧માં એ આવશે. રાગ-દ્વેષનો ત્યાગ. આમાં દર્શનનો ત્યાગ-મોહનો ત્યાગ. ૮૧માં રાગ-દ્વેષનો આવશે. ૮૨માંથી આખું પૂર્ણ. સમજાણું કાંઈ? ગજબ શૈલી કરી છે પ્રવચનસારમાં! ભગવાનની વાણીનો સાર છે આ. ત્રિલોકનાથ વીતરાગ દેવ પરમેશ્વર જેની ઉપસ્થિતિમાં ઇન્દ્રોની

હાજરીમાં સમવસરણમાં ભગવાનની દિવ્યધ્વનિ આ નીકળેલી એનો સાર છે. સમજાણું કાંઈ? અરે..! કેમ એને મોટો પુરુષ કેમ હતો? મોટી કેટલી દશા એની. એ દશા પ્રાપ્ત કોણ છે? જગતમાં શું છે? અને એ પ્રાપ્ત મારે થવા લાયક હું છું, એવી પણ જેને ખબર નથી. એ દૃષ્ટિ કેમ દ્રવ્ય ઉપર આપે?

અહીં તો કહે છે કે ઓહો..! ભગવાન કેવળજ્ઞાનીના આત્માની સાથે પોતાનો આત્મા-આત્મા છેને? એ આત્મા છે. બે જાત એક છે. જાત એક છે એમાં અધૂરું ને ફેરફાર હોય કેમ? જાત એક છે. સોળવલું સોનું. એવો સોળવલું થવાને લાયક હું છું. એવું જે દ્રવ્ય ઉપર દૃષ્ટિ આપતાં, પર્યાયનું દ્રવ્યમાં લક્ષ જતાં, પર્યાય અને ગુણનું લક્ષ જતાં અને કર્તા-કર્મ-પરિણામનો પણ વિકલ્પ ટૂટતા.

'**નિષ્ક્રિય ચિન્માત્ર ભાવને પામે છે;...**' ભગવાન આત્મા. નિષ્ક્રિય શબ્દે? એ રાગની ક્રિયા, વિકલ્પની હોં! પરિણતિની ક્રિયા છે. ક્રિયાના ત્રણ પ્રકાર. એક જડની ક્રિયા આમ આમ પલટે તે જડની ક્રિયા, એક રાગની ક્રિયા અને એક સ્વભાવિક ક્રિયા. એ સ્વભાવિક ક્રિયા તો છે. રાગની ક્રિયા વિનાનો, એમ. ચિન્માત્ર ભાવને પામે છે. એ નિષ્ક્રિય શબ્દ એ (અર્થમાં) છે અહીં. ઓલી રાગની ક્રિયા વિનાનો. પોતાને સ્વભાવનું ભાન થઈને પરિણતિ થાય છે એ ક્રિયા તો નિર્મળ છે. પણ ઓલી ભેદની ક્રિયા જે હતી (કે) આ કર્તા આત્મા, એનું આ કાર્ય, આ અવસ્થા, આ પર્યાય, આ ગુણ ને દ્રવ્ય એવા ભેદરૂપ જે વિકલ્પની ક્રિયા રાગની હતી એનાથી છૂટીને નિષ્ક્રિય ચિન્માત્ર ભાવ, જ્ઞાનમાત્ર સ્વભાવ, જ્ઞાનમાત્ર ભાવને અનુભવે છે, પામે છે. સમજાણું કાંઈ? જુઓ! આમાં રાગને પામે છે, પુણ્યને પામે છે, નિમિત્તને પામે છે એમ નથી આવ્યું. એ તો લક્ષ છોડી દીધું છે. આહા..હા..! ભારે આકરું પડે માણસને. એટલે ઓલો સહેલો માર્ગ બતાવે ને ચાલી નીકળે બધા. સહેલો-સહેલો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ માર્ગ એણે જોવો જોઈએને, પૂછવું જોઈએને, નક્કી કરવું જોઈએ કે નહિ? કે આમાં કાંઈક છેતરપિંડી લાગે છે આમાં.

મુમુક્ષુ :- ...ઉપદેશ એ આપે.

ઉત્તર :- ઉપદેશ પણ કેવો ઉપદેશ એ એને જોવું જોઈએ કે નહિ ઓલાને? સમજાણું?

હમારે હીરાજી મહારાજ દાખલો આપતા કે ઓલો પૂનમનો દિવસ હોય શ્રાવણનો, આ શું કહેવાય? બળેવ આદિનો, બળેવ આદિનો. આ કાંઠેથી ઓલે કાંઠે નદી હોયને, એમાં જાય તો અંદર બબ્બે રૂપિયા લે. અને એમાં એક હતો આંધળો છોકરો અને મા અને દીકરો બે. હવે? એને વહાણનો ધંધો. પણ વહાણ તૂટી ગયેલું, ફૂટી ગયેલું બળેવ આવી. હવે શું કરવું? વહાણ તૂટેલું હતું એને સારા રંગબેરંગી કાગળિયા માર્યા. રંગ રોગાન. અને ઓલો બે રૂપિયા કહે અહીંથી. આ કહે કે આઠ આના. બેસવા માંડ્યા હડેડાટ. આખું વહાણ ભરાઈ ગયું,

હજાર-બે હજાર માણસ. પૈસા દઈ ગયા. બાળક એ તો મરી ગયો. અરે..! પણ તારું .. કર. આમ જ્યાં આગળ ચાલ્યા ત્યાં, કાગળિયા દીધેલા રંગરોગાન આમ. વહાણ એના બાપનું જૂનું પડેલું કાણાવાળું એમાં રંગરોગાન કર્યા. એમાં આઘા આવ્યા તો પાણી ભરવા માંડ્યું. એલા આ શું? ઓલીને આંખ નહોતી બિચારીએ ચશ્મા લગાડ્યા હતા. એ જાણે કે દેખતો હશે. આંધળો તો હતો પણ લીલા ચશ્મા લગાડ્યાને એટલે ઓલી જાણે કે દેખતો લાગે છે અને આ આપણને વહાણ.. જ્યાં પાણી ગર્યું ત્યાં ઓલા રાડેરાડ પાડવા માંડ્યા. એલા આ શું? હું આંધળો છું જુઓ! તમે આંધળા? ઓલા બે રૂપિયા લેતા હતા અને આઠ આના... એમ સંઘે તો મને મોક્ષ બતાવી દીધો. માર્ગ બીજો છેને. એટલા છેતરપિંડમાં તમે આવી ગયા? હું તો આંધળો છું તું પણ આંધળો છો. મોહનભાઈ! બતાવનાર આંધળા અને બેસનાર આંધળા. પણ એટલી તને ખબર નથી કે આ બે રૂપિયા લે છે વર્ષોવર્ષના બળેવનાં. મેં આઠ આના કહ્યા અને તમે બેસવા માંડ્યા એટલો પણ વિચાર ન કર્યો? અને વળી વહાણ લાગ્યું સારું આમ. લાલ કાગળ-બાગળ નાખ્યા હશે બસ્સો-પાંચસોના. એમ ધર્મને સોંઘો ઊલટો કરીને બતાવનાર ઉપદેશકો આંધળા જેવા છે. વહાણ તો ઓલાને પસંદ પડ્યું. પસંદ પડ્યું કે નહિ? બેઠા. ચાલવું જોઈએ. ચાલ્યું તો પલળવા માંડ્યા કાગળ અને ગરવા મંડ્યું પાણી. અરે..! પણ હવે? હવે હું ને તમે બધાય (બૂડશું).

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, ઈ આ. હીરાજી મહારાજ દાખલો આપતા એ. સમજાણું કાંઈ? એમ જરી એક અપવાસ કર્યો ને ધર્મ થઈ ગયો, પાંચ સામાયિક કરી અને ધર્મ થઈ ગયો. એલા પણ આવો ધર્મ? અનંતકાળમાં કરતા નથી આવડ્યો? અનંતકાળમાં અનંતવાર મનુષ્ય થયો, અનંતવાર સ્વર્ગમાં ગયો, અનંતવાર પુણ્ય કર્યા, એ વખતે આવું કરતા નથી આવડ્યું? બે અપવાસ કર્યા ને પાંચ અપવાસ કર્યા ને આ કર્યું. ધર્મ થઈ ગયો? બાપુ! ધર્મની રીત જ જુદી છે. તું માને છે એ ધર્મની રીત છે નહિ. સમજાણું કાંઈ?

કહે છે, આવો જે ભગવાન આત્મા અંદર વસ્તુ છે. પરમાત્મા પરમેશ્વર અરિહંત ત્રિલોકનાથ તીર્થંકરે પ્રાપ્ત કર્યો એ તીર્થંકર પરમાત્માની વાણીમાં આ રીત આવી છે. સમજાણું? આ રીતથી બીજી રીત જે કહે એ આંધળા વહાણમાં બેસનારા છે. ભગવાનજીભાઈ! કેમ જગજીવનભાઈ શું છે? આહા..હા..!

'**નિષ્ક્રિય ચિન્માત્ર ભાવને પામે છે;...**' ભગવાન આત્મા અંતરમાં વસ્તુ રાગ ને પુણ્યના વિકલ્પ વિનાની (છે) એવી દ્રવ્યની દૃષ્ટિ થતાં નિષ્ક્રિય નામ રાગની ક્રિયા વિનાનો એકલો જ્ઞાનમાત્ર ભાવને અનુભવે છે, આ એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કહેવાય છે. એની શ્રદ્ધામાં તો લે કે આ માર્ગ સિવાય બીજો માર્ગ નથી. આ જ માર્ગ છે. આમ કરશે તે દિ' કલ્યાણ છે. એ સિવાય બીજો કોઈ રસ્તો નથી. એવી શ્રદ્ધાને પાકી તો કરે.

જ્યાં ત્યાં ડામાડોળ ફર્યાફર કરે છે. આનાથી આમ થાશે, ધૂળથી આમ થાશે. સમજાણું કાંઈ? રખડી મરશે, જાશે અવતાર એળે. આવું મનુષ્યપણું મળ્યું. ઢોરને મળ્યું નથી અને તને મળ્યું પણ જો ન કર્યું તો ઢોરને ન મળ્યું અને તને ન મળ્યું. કાંઈ સાર કર્યો નહિ.

**'અને એ રીતે મણિની જેમ...'** દેખો! **'જેનો નિર્મળ પ્રકાશ અકંપપણે પ્રવર્તે છે...'** જુઓ! ભાષા કેવી વાપરી છે? મણિરત્ન હોય છેને? એમાં પ્રકાશ આમ.. આમ.. આમ થાય તો ખરો. એની ક્રિયા તો છે પણ એના મેલની ક્રિયા નથી. નિર્મળ લાખનો મણિ હોય. ચકચક. ચકચકનું ક્ષેત્ર ફરતું નથી. ક્ષેત્ર ફરતું નથી એટલે જેટલા ક્ષેત્રમાં છે ત્યાં ચમક... ચમક... ચમક... થયા કરે. આમ લાગે કે જાણે ઊંચું નીચું (થાય છે). ઊંચું થાય નહિ કાંઈ ત્યાં. એ ક્ષેત્ર ન ફરે. પણ ચમક... ચમક... ચમક... થાય. એમ આત્મા **'મણિની જેમ જેનો નિર્મળ પ્રકાશ અકંપપણે...'** રાગના કંપ વિનાની, પણ પર્યાયના ચૈતન્યના પ્રકાશનું નૂર તો પ્રકાશે છે. સમજાણું કાંઈ?

પ્રવર્તે છે. નિર્મળ **'મણિની જેમ જેનો નિર્મળ પ્રકાશ...'** ચૈતન્યનો પ્રકાશ જ્ઞાનપુંજ. દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન. શ્રીમદ્ એમ કહ્યું છે અપૂર્વ અવસરમાં.

દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન જો,
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?
ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો.

સમ્યક્ પછી અમે નિર્ગ્રંથ ક્યારે થઈશું એમ ભાવના ભાવે છે. સમજાણું? 'દેહ ભિન્ન કેવળ...' પહેલા એ આવ્યું કેવળ. આવ્યુંને? **'નિષ્ક્રિય ચિન્માત્ર...'** વસ્તુ. **'નિર્મળ પ્રકાશ અકંપપણે પ્રવર્તે છે એવા (ચિન્માત્ર ભાવને પામેલા) જીવને મોહાંધકાર નિરાશ્રયપણાને લીધે...'** જ્યાં ચૈતન્યનો પ્રકાશ પ્રગટ્યો ત્યાં મોહનો અંધકાર રહે શી રીતે? મોહ મિથ્યાત્વ અંધકાર એ નિરાશ્રયપણાને લીધે જરૂર અવશ્યમેવ **'પ્રલય પામે છે.'** કહો, આનો ભાવ સમ્યક્ થતાં મિથ્યાત્વનો ભાવ નાશ થઈ જાય છે. આ પહેલી ચોથા ગુણસ્થાનની સમ્યગ્દર્શનની પ્રાપ્તિની આ રીત. આ રીત સિવાય બીજી રીત કહેતા હોય તો આંધળાના વહાણમાં બેસવા જેવું છે. સમજાણું કાંઈ? એ ઓલો પણ જાશે ભેગો. એ કીધું કે હું પણ મરી જઈશ. એની મા કહી ગયો હતો લે પાંચ હજાર આ. દસ હજાર માણસ બેઠા છે અને અડધે અડધે બેઠા છે. હું તો મરી જઈશ. મારી આજીવિકા કોઈ નહોતી તો મેં આ એક ઉપાય કર્યો. પણ તું તારે ખાજે ને પાંચ હજાર છેને. જા. હું તો મરવાનો. એમ આ કુગુરુ અને ઊંધા ઉલ્ટા કહેનારાઓ આંધળા જેણે તત્ત્વને જાણ્યું નથી અને તત્ત્વને જાણવાની રીતની ખબર નથી, એ ઊંધા પાટા ચડાવીને જે બીજે રસ્તે ચડાવે એ પોતે અને બધા ડૂબવાના છે. સમજાણું કાંઈ? આ રીતે પામે તો આત્માને પામશે, બીજી કોઈ રીત છે નહિ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક વદ ૯, ગુરુવાર, તા. ૧૪.૧૧.૧૯૬૮**
**ગાથા-૮૦, પ્રવચન-૬૬**

વાત કરીને, જુઓને કે આત્મા વસ્તુ છે દ્રવ્ય. એની શક્તિ છે ગુણ એટલે ભાવ દર્શન, જ્ઞાન, ચારિત્ર, આનંદ આદિ. એની અવસ્થા છે વર્તમાન પર્યાય. એ ત્રણને અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાય સાથે પહેલું જ્ઞાન કરી... અરિહંત એટલે પૂર્ણ સ્પષ્ટ પરિસ્પષ્ટ જેની દશા, સર્વજ્ઞને પરમ આનંદરૂપ દશા જેની પૂર્ણ થઈ છે એવા આત્માના દ્રવ્ય, ગુણ ને પર્યાયને મનથી કળી લેતા-જાણતાં (એટલે કે) એવો જ હું આત્મા છે એમ આત્મા સાથે મેળવતાં... આત્મા દ્રવ્ય છે એના જેવું, ગુણ એવો, પર્યાય એના જેવી નથી પણ એના જેવી હોવી જોઈએ. કેમકે હું પણ આત્મા છું. એથી એને પર્યાય એવી પ્રગટ કરવા માટે એક સમયની પર્યાયનું જે લક્ષ છે તેને છોડી, ગુણનું લક્ષ તેને છોડી દ્રવ્યના લક્ષમાં જવું. સમજાણું કાંઈ? ઝીણી વાત છે. આ વસ્તુ છે, માર્ગ આ છે ત્રણ કાળ ત્રણ લોકમાં. જેને સુખી થવું હોય, આત્મા છે તેવો પ્રાપ્ત કરવો હોય અને દુઃખના રઝળવાથી છૂટવું હોય તો આ એક ઉપાય છે. બાકી બીજી વાતું કરે એ બધી અજ્ઞાન અને મિથ્યા શ્રદ્ધાને પોષણ કરે એવી વાતું છે. સમજાણું કાંઈ?

અરિહંતનો પરમાત્માનો આત્મા એ જાતનો આ આત્મા છે. કહો, સમજાણું? છેલ્લું અહીં સુધી આવ્યું જુઓ! '**નિષ્ક્રિય ચિન્માત્ર ભાવને પામે છે;...**' કોણ? કે ભગવાન આત્મા પોતાનો પૂર્ણ શુદ્ધ દ્રવ્ય સ્વભાવ એની દૃષ્ટિ કરતાં, પર્યાય અને ગુણભેદનું લક્ષ છોડીને અભેદ વસ્તુ જે છે તેમાં દૃષ્ટિ કરતાં આત્મા પરિણામી કર્તા, મારું કામ છે આ દશા-અવસ્થા ક્રિયા-એ બધા ભેદોનો ભાવ છોડી દઈને અભેદ ચૈતન્ય ઉપરનો અનુભવ દૃષ્ટિ થતાં નિષ્ક્રિયપણું એટલે રાગ વિનાની જે ચૈતન્યદશા તેને સમ્યગ્દર્શનમાં પ્રાપ્ત થાય છે. આ તો અધ્યાત્મ વાત છે એટલે મહા ગંભીર છે. એ કાંઈ વાર્તા નથી, નોવેલ નથી કે જોડી દઈને કથા કરી દે. આ તો અપૂર્વ આત્મધર્મની પ્રાપ્તિ કેમ થાય અને આત્મા કેમ રઝળે છે એ વાત છે. અનંત કાળનું પરિભ્રમણ સમેટી અને પોતાની દશાને પ્રાપ્ત થાય એ વાત છે આ. સમજાય છે કાંઈ?

તો કહે છે કે વસ્તુ પોતે દ્રવ્ય એટલે છે... છે... છે... છે... છે... એવો પદાર્થ. અને એમાં ગુણો એટલે શક્તિઓ એટલે સ્વભાવો છે... છે... છે... તે એનું વિશેષણ અને એની વર્તમાન દશા, હાલત, અવસ્થા એ પર્યાય. તે ત્રણને અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાય સાથે મેળવી અને પછી પોતાની પર્યાય ને ગુણના ભેદનું લક્ષ છોડી, વસ્તુની દૃષ્ટિ ઉપર એકાકાર થતાં તેને કર્તા-કર્મની ક્રિયાના વિકલ્પો નાશ થઈ જાય છે. પરનો કર્તા તો નહિ. પણ આ હું એક કર્તા છું અને રાગાદિ કે પર્યાય અવસ્થા એ મારું કામ છે એ પણ ભેદનો એક વિકલ્પ

છે. શું કીધું? કે હું એક થનારો, બદલનારો, પરિણમનારો કર્તા અને મારું કાર્ય છે નિર્મળ અવસ્થા અને પરિણતિ નવી અવસ્થા જૂનીથી બદલીને નવી થઈ. એવું ત્રણ પ્રકારનું લક્ષ કરવું એ પણ એક રાગનો વિકલ્પ ભાવ છે. આહા..હા..! એ વિકલ્પનો કર્તા આત્મા અને કાર્ય એ અંતર દૃષ્ટિ થતાં ત્રણ છૂટી જાય છે. સમજાય છે કાંઈ?

છૂટતાં '**નિષ્ક્રિય ચિન્માત્ર ભાવને પામે છે;...**' નિષ્ક્રિય શબ્દે? રાતે એક પ્રશ્ન થયો હતો. રામજીભાઈ નહોતા? નિષ્ક્રિય એટલે ઓલું એક ૩૨૦માં નિષ્ક્રિય આવે છે. સાંભળ્યું? તમે રામજીભાઈ હતા? નહોતા. તમે બે-ચારમાં નહોતા. હતા કે નહિ સામે જાદવજીભાઈ? ૩૨૦ ગાથામાં હતા નહિ હમણા ચાલ્યું એમાં? એ તો ઝીણું છે એ. એ તો બહુ ઝીણામાં ઝીણું. એ નિષ્ક્રિય જુદું અને આ નિષ્ક્રિય જુદું. એ નિષ્ક્રિયમાં તો વસ્તુ જે દ્રવ્ય છે વસ્તુ સદૃશ ધ્રુવ, તેમાં જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય થાય એ પણ સક્રિયપણું છે એ જેમાં નથી એવું નિષ્ક્રિય તે દ્રવ્યની વાત હતી એમાં તો. ઝીણી વાત છે થોડી. એ બધી આવી ગઈ આપણે પાંચ કલાક વ્યાખ્યાન ચાલ્યું હતું. પેલું ચોપાનિયું. સમજાણું? શેઠિયા આવ્યા હતાને જ્યારે, દીપચંદજી શેઠિયા ત્યારે. સમજાણું કે નહિ?

આમ આત્મા વસ્તુ છે અને એની અવસ્થા એટલે પર્યાય એટલે હાલત એટલે દશા. એ હાલત-દશા છે એ સક્રિય છે. ચાહે તો મોક્ષની અવસ્થા થાય એ પણ સક્રિય છે, બદલે છે ઈ. મોક્ષમાર્ગની દશા થાય એ પણ સક્રિય બદલે છે. એ બદલવાની પર્યાય ધ્રુવ વસ્તુ જે દ્રવ્ય છે, એકરૂપ સદૃશ છે એમાં એ પર્યાય નથી. એથી એ સક્રિય નથી, નિષ્ક્રિય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઓલાની વ્યાખ્યા કરી, આની ક્યાં. આ નિષ્ક્રિય બીજી વાત છે. પ્રાણભાઈ! જાત બીજી જાત છે આ તો. એ પાનું વંચાણું રાજકોટ વ્યાખ્યાનમાં. રાજકોટ ઝીણામાં ઝીણા વ્યાખ્યાન માગેને લાલુભાઈ તો. ઝીણામાં ઝીણા માગે. ઝીણામાં ઝીણું. પછી એ ગાથાનું. એક રાત અહીં લાવીને હિંમતભાઈની પાસે ગુજરાતી કરાવ્યું. ત્યાં વ્યાખ્યાન આપ્યા આઠ. અને પછી અહીં હમણાં વાંચ્યું. એ નિષ્ક્રિયની વ્યાખ્યામાં વસ્તુ જે આત્મા છે પદાર્થ એની જે થતી પર્યાય, ચાહે તો રાગની પર્યાય, ચાહે તો સમ્યગ્દર્શનની પર્યાય, ચાહે તો મોક્ષની પર્યાય.... એ એમાં (ચાલતી ગાથામાં) નથી. બીજામાં છે. એ સમયસારની ૩૨૦ ગાથા. એ તો કોઈ દિ' વ્યાખ્યાન થયા નહોતા. એ તો લાલુભાઈએ માગ્યા વળી આ ફેરે. ...માં લાલચંદભાઈ છે ને મોદી, એણે માગ્યા હતા ત્યાં થતા. બે હજાર છપાવ્યા હતા ચોપાનિયા, નહિ? આપણે અહીં છે ચોપાનિયા નવા છપાવ્યા. એ તો બહુ સૂક્ષ્મ. એ તો વિષય એકદમ (સૂક્ષ્મ).

એ નિષ્ક્રિય જે છે એ જુદું, આ નિષ્ક્રિય જુદું. ત્યાં નિષ્ક્રિય જે કીધું હતું એ તો દ્રવ્ય જે વસ્તુ છેને સદૃશ ધ્રુવ, એ ધ્રુવ પોતે પરિણમતું નથી, પર્યાયમાં આવતું નથી. એવું

ત્યાં દ્રવ્યદૃષ્ટિનો—દ્રવ્યની દૃષ્ટિનો વિષય છે એટલે દ્રવ્ય પોતે પર્યાયપણે પરિણમતું નથી, એ પર્યાય એટલે મોક્ષના માર્ગના આનંદનો અનુભવ પણ એ પર્યાય, એ દ્રવ્ય પોતે પર્યાયપણે આવતું જ નથી, પર્યાયપણે થતું જ નથી. એ પર્યાયની સક્રિયતા તે દ્રવ્યમાં છે જ નહિ. ભારે! પ્રાણભાઈ! એ તો અહીં રાતે પ્રશ્ન થયો હતો એટલે થોડું લઈ લીધું હોં. બહુ ઝીણું. આખું તત્ત્વ એવો વિષય છે અંતરનો કે આ તો આ બધું જુદું છે એનાથી શરીર, વાણી, મન તો. એ તો તદ્દન (જુદાં છે). એના કામ એનાથી થાય. એની સાથે આત્માને સંબંધ કાંઈ નથી. પણ આત્મામાં કાયમ રહીને, શક્તિનું તત્ત્વ કાયમ રહીને એની અવસ્થા, હાલત, પર્યાય બદલે છે એ બદલવાની દશા રાગ-દ્વેષ ને મિથ્યાત્વની અવસ્થા (હોય) અને કાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની અવસ્થા અને કાં સિદ્ધની અવસ્થા (હોય) એ પણ એક અવસ્થા છે, પર્યાય છે સીધી. એ ત્રણેય પર્યાયનું સ્વરૂપ દ્રવ્યની અંદર નથી. ધ્રુવ છે. મગનભાઈ! ત્યાં હતા કે નહિ રાજકોટ? પોર પણ નહોતા? અહીં નહોતા? હતાને. યાદ ન રહે આ.

એ નિષ્ક્રિય તો દ્રવ્યસ્વભાવ વસ્તુ વસ્તુ સત્. એકરૂપ સદૃશ્ય રહેવું. જેનું પરિણમવું નથી, પર્યાય નથી. એ દ્રવ્ય પરિણમતું જ નથી. એવા દ્રવ્યને ત્યાં નિષ્ક્રિય કીધું છે. અહીંયાં તો દ્રવ્ય પરિણમે છે એવું પર્યાયદૃષ્ટિથી કથન છે. વસ્તુ પોતે પરિણમે છે એ પરિણમતા રાગ અને રાગની એકતાબુદ્ધિનું જે પરિણમન પર્યાય હતી એ મિથ્યાત્વ હતું, અજ્ઞાન હતું, અંધકાર હતો. એ ટળ્યો. કેમ? કે જ્ઞાયક ચિદાનંદ દ્રવ્યસ્વભાવ ઉપર દૃષ્ટિ જતાં, અભેદ અનુભવ થતાં એ ઓલા મોહ અંધકાર જે હતો એને આશ્રયે રહ્યો નહિ, વ્યય થઈ ગયો, નાશ થઈ ગયો. અને સમ્યગ્દર્શનના પ્રકાશની પર્યાય, જ્ઞાનની પ્રકાશની પર્યાય પ્રગટ થઈ. એ પ્રકાશની પર્યાય એ રાગ વિનાની છે માટે નિષ્ક્રિય કહેવામાં આવ્યું છે. ભારે વાતું. સમજાણું કાંઈ? મોહનભાઈ હતા કે નહિ ત્યારે? બેય વખતે. ઠીક. પૂરામાં નહોતા, આખા પૂરામાં તમે નહોતા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ પૂરામાં નહોતા એમ કહું છું ને. પૂરામાં નહોતા એમ કીધું. પાંચમામાં હતા. સમજાણું કાંઈ? પાછળથી આવ્યા હતા. પહેલા આવ્યા હતા અને પાછળથી નહોતા. પાછળના બે વ્યાખ્યાન વયા ગયા. સમજાણું કાંઈ?

કહે છે, આ નિષ્ક્રિય એટલે? '**નિષ્ક્રિય ચિન્માત્ર ભાવને પામે છે;...**' રાગ વિનાની દશા નિર્મળ અવસ્થારૂપી ચિન્માત્ર આત્મા એને પામે છે '**અને એ રીતે મણિની જેમ જેનો નિર્મળ પ્રકાશ...**' દેખો! મણિરત્ન હોય છેને લાખ-લાખ રૂપિયાનો, કરોડનો એક મણિ હોય. જુઓને આ છેને મોટા મણિ અહીંયાં શેત્રુંજય ભગવાનની ઓલા ઉપર ત્રણ લાખનો મુગટ છે ત્યાં. ત્રણ લાખનો તે દિ' હોં! ઘણા વર્ષ પહેલાં. અત્યારે તો એની કિંમત વધારે. એક-એક મણિ મોટી કિંમતનો. પ્રકાશ-પ્રકાશ. એમ ચૈતન્યપ્રકાશ અરૂપી, જ્ઞાનઘન, સત્, સત્‌નો સત્ત્વ સ્વભાવ એવો નિષ્કંપ મણિની જેમ '**નિર્મળ પ્રકાશ અકંપપણે પ્રવર્તે**

છે એવા તે (ચિન્માત્ર ભાવને પામેલા) **જીવને મોહાંધકાર નિરાશ્રયપણાને લીધે અવશ્યમેવ પ્રલય પામે છે.'** બહુ સિદ્ધાંત ઘણો ઊંચો અને ઘણો રહસ્યવાળો છે. ઓહો..હો..! જગતને આ ચીજ સાંભળવા મળે નહિ. સાંભળવા મળે નહિ તે વિચારવામાં કે દિ' લે? અને એ વિચારમાં લઈને અંતર્મુખ થવાને કે દિ' પ્રયત્ન કરે? સમજાણું કાંઈ? અને એ પ્રયત્ન વિના એના મિથ્યાત્વનો નાશ થાય નહિ અને મિથ્યાત્વના નાશ વિના અનંત જન્મ-મરણ જે મિથ્યાત્વમાં પડ્યા છે એનું પરિભ્રમણ મટે નહિ.

હવે આચાર્ય કહે છે જુઓ. **'જો આમ છે...'** છેને હવે સરવાળો લીધો, છેલ્લી એક લીટી. **'જો આમ છે...'** જો આમ જ વસ્તુની સ્થિતિ છે. એમ છે એમ. **'તો મોહની સેનાને જીતવાનો ઉપાય મેં મેળવ્યો છે.'** પોતાનો અનુભવ કહે છે હવે. વસ્તુ આવી છે એ મેં મેળવી છે. આહા..હા..! શું કહે છે જુઓ! **'જો આમ છે...'** આ રીત જ એની છે અને આ જ પ્રકાર, પામવાનો પ્રકાર છે **'તો મોહની સેનાને જીતવાનો...'** એ અંધકાર મિથ્યાત્વને ટાળવાનો **'ઉપાય મેં મેળવ્યો છે.'** સમજાય છે કાંઈ? કોઈને પૂછવા જાવું પડે એમ નથી, કે હું તે જ્ઞાની થયો કે ધર્મી થયો કે નહિ? એમ કહે છે. કહો, સમજાણું કાંઈ?

ભગવાન આત્મા જ્ઞાનનું પૂર છે, નૂર છે. એમાં એકાગ્ર થતાં જે પ્રકાશનું શુદ્ધ કિરણ નીકળ્યું, આ સર્ચ લાઈટ છેને તમારે હજાર-હજારની નથી થાતી? શું કહેવાય? એને હજાર શું કહેવાય એ? એમાંથી કિરણો નીકળે. છેને ત્યાં જુઓ ગોમ્મટેશ્વર છેને. ત્યાં ૫૭ ફૂટની પ્રતિમા છેને. ઋષભદેવ ભગવાનના પુત્ર બાહુબલીજી. જુઓ તો ચમત્કારી. જોઈ છે કોઈ દિ'? એ અહીં છે. એના ઉપર રાત્રે સર્ચ લાઈટ બે પડે છે, બે આ બાજુ. એવા કિરણો નીકળે ને આમ દેખાય કે ઓહો..હો..! એ તો કિરણ પરમાણુનો પિંડ છે એ તો બધો. આ ચૈતન્યપ્રકાશ એકરૂપ દ્રવ્ય છે વસ્તુ, એના ચૈતન્યનું નૂર પ્રકાશ પૂર છે એની અંતર દૃષ્ટિ જતાં એમાંથી કિરણો જ્ઞાનના-સમ્યગ્જ્ઞાનના પ્રકાશના નિર્મળ પ્રગટ થાય. એવી પર્યાય દ્વારા મોહનો અંધકાર નાશ થાય છે. ત્યાં અંધકાર રહેતો નથી. સમજાણું કાંઈ?

આચાર્ય મહારાજ ૯૦૦ વર્ષ પહેલા અમૃતચંદ્રાચાર્ય થયા. આ એની ટીકા કરનારા આ ટીકાના. મૂળ શ્લોક છે એ કુંદુકુંદાચાર્યનો. એને ૨૦૦૦ વર્ષ થયા. મૂળ ભાવ છે એ અનાદિના, એમાં કહેલા ભાવો છે તે અનાદિના. શ્લોકની રચના ૨૦૦૦ વર્ષ પહેલાં (થઈ). કુંદકુંદાચાર્ય, આ અમૃતચંદ્રાચાર્ય ૯૦૦ વર્ષ પહેલા ટીકાકાર થયા એની આ ટીકા. એ તો પોતે કહે છે પણ એમ બધા ધર્માત્મા કહે છે કે જ્યારે આ રીતે આત્માની પ્રાપ્તિનો ઉપાય છે તો અમે મોહને જીતવાનો ઉપાય પ્રાપ્ત કર્યો છે. કહો, સમજાણું કાંઈ?

**'જો આમ છે તો...'** સંસ્કૃત છે હોં અંદર. **'यद्येव लब्धो मया मोहवाहिनीविजयोपायः।'** છેલ્લો શબ્દ છે સંસ્કૃતમાં. સંસ્કૃત ૮૦ ગાથા. સમજાણું કાંઈ? છે કે નહિ એમાં કાંઈ? સંસ્કૃતમાં

છે? દેખાય છે? એઈ..! ચીમનભાઈ! સંસ્કૃતમાં છે કાંઈ? શું છે? આવડે છે વાંચતા? એ છેલ્લી લીટી એની. **'यद्येव लब्धो मया मोहवाहिनीविजयोपायः।'** આ ક્યાંથી ઓલા પથરા મૂકે એમાં આ કાંઈ સમજાય નહિ કે આ શું કહે છે? **'यद्येव लब्धो मया मोहवाहिनीविजयोपायः।'** **'वाहिनी'** એટલે સેના. સેના ને? જુઓ! છે ચીમનભાઈ? એમાં જુઓ એમાં ઓલા મકાન આમ કરવું ને તેમ કરવું, ફલાણું કરવું એમાં આ સૂઝે એવું નથી. મકાન કોઈ કરી શકતું નથી એમ કહે છે અહીં. આ કરી શકે છે.

મુમુક્ષુ :- અહીં કહે છેને.

ઉત્તર :- અહીં કહે અને વળી ત્યાં કહે છે. ત્રણે કાળે એમ જ છે. મુંબઈમાં હોય તોપણ એ જ છે અને વિલાયતમાં હોય તોપણ એ છે અને સોનગઢમાં હોય તોપણ એ છે, જીથરીમાં હોય તોપણ એ છે. એક પદાર્થ બીજા પદાર્થનું કિંચિત્ ફેરફાર હલવું, તોડવું, ભોગવું, રાખવું કરી શકતો નથી. સ્વતંત્ર ચીજ છે એ વસ્તુ પોતે છે. ટકતી પલટે છે, ટકતી બદલે છે, બદલવું તે તે તત્ત્વનું કાર્ય નામ પર્યાય છે. એને બીજો તે કાર્ય કરી શકે નહિ. સમજાણું કાંઈ? કહો, સમજાણું આમાં? નોવેલ ચોપડી કરી શકતો નથી આત્મા, એમ કહે છે.

મુમુક્ષુ :- .. કરી દે.

ઉત્તર :- ધૂળેય કરે નહિ, અભિમાન કર્યું છે. એ તો પરમાણુની પર્યાય છે. એક એક 'ક' છે એ અનંતા પરમાણુ રજકણનો પોઈન્ટનો એકઠું થઈને એ સ્કંધ થાય છે. સ્કંધ એટલે પિંડ. એવા અનંતા સ્કંધ ભેગા થાય ત્યારે એક 'ક' થાય છે. 'ક' છેને? એ તો ઘણા રજકણનો પિંડનું એ તત્ત્વ છે. એને તોડતા... તોડતા... તોડતા... તોડતા... તોડતા... તોડતા.. કટકા જ્ઞાનથી પણ ભાન કરતા છેલ્લામાં છેલ્લો પોઈન્ટ રહે તેને એક પરમાણુ કહે છે અસ્તિપણે. એવા અનંતા પરમાણુ એકઠા થઈને 'ક' થયો છે. તે પરમાણુની એક 'ક'ની પર્યાય છે.

મુમુક્ષુ :- જીવ હતો તો થયોને?

ઉત્તર :- જીવ જીવમાં રહ્યો. ત્યાં ક્યાં ગરી ગયો હતો?

મુમુક્ષુ :- મડદું ક્યાં બોલે છે?

ઉત્તર :- મડદું કોણ બોલે છે પણ? મડદું પણ નથી બોલતો અને આત્મા પણ બોલતો નથી. ભાષા બોલાય એ જડ છે. કહો, શરીર પણ બોલતું નથી એમ કહે છે અહીં તો. આત્મા બોલતો નથી. રજકણો અંદર બીજા છે ભાષા થવાને એ અવાજ એમાંથી નીકળે છે.

મુમુક્ષુ :- જીભ બોલે છેને જીભ?

ઉત્તર :- જીભ પણ બોલતી નથી. જીભ કોણ બોલે? જીભ તો ઔદારિક શરીર છે. આ ઔદારિક છે અને ઓલી તો ભાષાવર્ગણા છે. સમજાણું કાંઈ? આમાંથી ભાષા નીકળતી હોય તો આ તો સૂકાઈ જાય પાછી. જાડી આવડી છે. ખૂબ બોલે તો ભાષા પાતળી પડી જાય. એ તો અંદર રજકણો ત્યાં ભાષા થવાને યોગ્ય છે એમાં જીભ નિમિત્ત થાય છે.

ભાષાવર્ગણા થવાને યોગ્ય છે એ ભાષા ત્યાં પરમાણુરૂપે થાય છે. જરી ઝીણી વાત છે. ફોટામાં પડે છે. ફોટો પડે છે કે નહિ શરીરનો આનો? આનો પડે છે ત્યાં? બિલકુલ ખોટી વાત છે. આનો પડે તો તો ઓલો હજાર વાર આમ આમ કરે તો અહીંના રજકણ ત્યાં જતા તો સૂકાઈ જાય આત્મા. ત્યાંના રજકણો તે આકૃતિપણે તેની યોગ્યતાથી તે ત્યાં થાય છે. ત્યારે આ શરીરને તેમાં નિમિત્ત કહેવામાં આવે છે. આવી વાત છે. કારણ કે એનું અસ્તિત્વ ત્યાં, આનું અસ્તિત્વ અહીં. આના અસ્તિત્વમાંથી કાંઈ નીકળીને ત્યાં અસ્તિત્વમાં જાય છે?

મુમુક્ષુ :- તો સાયન્સ ખોટું થાય.

ઉત્તર :- સાયન્સ ક્યાં સાચું હતું? બધા ગપ્પા મારેલા છે સાયન્સવાળાએ. કહો, સમજાણું કાંઈ? વસ્તુ ત્યાં રજકણો પડ્યા છે, પરમાણુઓનો જથ્થો પડ્યો છે આખી દુનિયામાં. એમાં એ પ્રકારના રજકણો ત્યાં એ આકૃતિપણે થવાને યોગ્યથી થાય છે. અહીંથી ત્યાં રજકણો જતા નથી. એમ ભાષા આત્મામાંથી આવતી નથી. એમ આ જીભમાંથી આવતી નથી, હોઠમાંથી આવતી નથી. આરે.. ભારે! ત્યાં એ ભાષા થવાને યોગ્ય અહીંયા રજકણો અહીંયા પડ્યા છે એ ભાષારૂપ થઈને અવાજ ઊઠે છે. એનો આત્મા કર્તા નથી, આત્માથી કરાયેલું નથી, આત્માનું કાર્ય નથી.

મુમુક્ષુ :- બધી માન્યતા ફેરવી નાખી.

ઉત્તર :- બધી જૂઠી હોય તો ફેરવવી પડશેને. બધા ખોટા ગપ્પ માર્યા હોય તે. એ.. પ્રાણભાઈ!

મુમુક્ષુ :- ખુલાસા થાય છે.

ઉત્તર :- ખુલાસો થાય છે. તમારા ભાઈના...

મુમુક્ષુ :- બરાબર બોલી શકાય છે.

ઉત્તર :- બોલી બરાબર કોણ બોલી શકે છે? બોલવા જાય તો એં.. એં.. થઈ જાય છે. નથી થાતું? ખબર નથી?

મુમુક્ષુ :- બોલવાની ભાવના હોય તો બોલાય છે.

ઉત્તર :- ભાવના હોય તોપણ અમારે ગટુભાઈ હતા એ ગુજરી ગયા. વૈદ હતા મોટા બહુ હુશિયાર. એં.. એં.. થઈ જતું હતું. બોલવાના ભાવની વ્યવસ્થાથી કેમ બોલવું એનો ખ્યાલ હોય (પણ), ખ્યાલથી બોલાતું નથી. ખ્યાલથી બોલાય તો કોઈ વખતે પણ ભાષામાં ત્રુટ પડવી જોઈએ નહિ. સિદ્ધાંતને અપવાદ ન હોય.

મુમુક્ષુ :- અપવાદને સિદ્ધાંત ન હોય.

ઉત્તર :- પણ એ સિદ્ધાંત અપવાદ વિનાનો સિદ્ધાંત હોય. એ અંગ્રેજી ઠોકતા હશે બધા. અપવાદ એટલે નિંદા, અપવાદ એટલે ખોટું. સિદ્ધાંત એવો કે એકરૂપ વસ્તુનું ત્રિકાળ સત્ છે એ પોતાથી થાય છે એમાં કોઈથી થતું નથી. સમજાણું કાંઈ?

અહીં તો આચાર્ય કહે છે કે પરનું તો અમારે કાંઈ નથી. પણ અહીંયા મોહરૂપી જે અંધકાર હતો, જે રાગનો વિકલ્પ અને ચૈતન્યની પર્યાય-બે એક માનેલી હતી, માન્યતા હતી જે મિથ્યાત્વ જેનું કારણ એ મિથ્યાત્વ, મિથ્યાબુદ્ધિ એ દ્રવ્યસ્વભાવ વસ્તુની અંતર દૃષ્ટિ થતાં સમ્યક્ પ્રકાશ પડતાં તે અંધકારનો વ્યય થઈ જાય છે અને સમ્યક્ પ્રકાશ ઉત્પન્ન થાય છે. ધ્રુવપણું કાયમ રહે છે. વસ્તુનું ધ્રુવપણું છે.

એ આ રીતે છે '**તો મોહની સેનાને જીતવાનો ઉપાય મેં મેળવ્યો છે.**' કહો, સમજાણું? આ જ રીતે છે અને આ રીતે મેળવી શકાય છે. કહો, સમજાણું? આ પંચમ આરાના મુનિ છે નવસો વર્ષ પહેલા થયાં. કેવળજ્ઞાન નહોતું, અવધિજ્ઞાન નહોતું. સમજાણું કાંઈ? મનઃપર્યયજ્ઞાન નહોતું. છતાં અનુભવથી પોતાને ખબર પડે છે કે ઓહો..! આ ચૈતન્યજ્યોત વસ્તુની અંતર એકાગ્ર થતાં જે વેદન શાંતિનું આવ્યું એ મારો અનુભવ એમાં આત્મા અનુભવાય છે. એ મોહના નાશનો ઉપાય મેં મેળવ્યો છે. સમજાણું કાંઈ? અને જેને મોહનો નાશ કરવો હોય તેને આ રીત છે, ઉપાય આ છે, બીજો ઉપાય નથી. એ કહેશે.

**ભાવાર્થ :—** હવે ભાવાર્થ કહે છે. ઓલી તો ટીકા હતી. સંસ્કૃત ટીકાનો અર્થ. હવે એમાંથી ચાલતી ભાષામાં (ભાવાર્થ કહે છે). ઓલી સંસ્કૃત ટીકાનો માર્મિક સંધિવાળો અર્થ હતો. આ હવે ચાલતી ભાષામાં લોકોની ભાષામાં સમજવા એના ભાવને ભાવાર્થમાં કહેવામાં આવે છે. '**અર્હંતભગવાન...**' પરમેશ્વર પરમાત્મા '**અને પોતાનો આત્મા નિશ્ચયથી સમાન છે;...**' આત્મામાં ફેર હોય? એક ઘઉંનો દાણો અને બીજો ઘઉંનો દાણો. દાણામાં ફેર હોય?

મુમુક્ષુ :- ગરીબના સોનામાં અને શાહુકારના સોનામાં ફેર હોય?

ઉત્તર :- સોનામાં ફેર પડતો હશે? ગરીબનું સોનું કાંઈ સોંઘે ભાવે અને શાહુકારનું મોંઘે ભાવે એમ ફેર પડતો હશે? એ તો હમણા પ્રશ્ન કર્યો નહોતો તે દિ'? કીધું, સોનાનો ભાવ ક્યો? એમ પૂછ્યું હતું. સોનાનો ભાવ પૂછયો એમાં તમને ખબર નથી? સોનાનો ભાવ એટલે આ સો-પચાસ કહે એ ભાવ સોનાનો કહેવાય? એ તો કલ્પિત ભાવ છે. સોનાનો ભાવ એટલે સોનામાં પીળાશ, ચીકાશ, વજન, રંગ એ સોનાનો ભાવ છે. પ્રશ્ન કર્યો હતો હમણાં ત્યાં પ્રાણભાઈ! કીધું, સોનાનો ભાવ શું? મહારાજે આ શું પૂછ્યું? એ જાણે કે સોનાના ભાવ પૂછતા લાગે છે કાંઈક. અરે..! એ સોનાનો નહિ. સોનું દ્રવ્ય છે તો એનો ભાવ શું? તો એનો ભાવ રંગ, ગંધ, રસ, સ્પર્શ જે આદિ પીળાશ, ચીકાશ, વજન એ એનો ભાવ છે. અને એની અવસ્થા? કુંડળ, કડા, આદિ એની અવસ્થા નામ પર્યાય છે. વસ્તુનો ભાવ વસ્તુમાં રહે. આ કલ્પ્યો છે દોઢસો રૂપિયાનું તોલો, શું કાંઈક કહે છે? આપણને કાંઈ ખબર નથી. બસ્સોનું કાંઈક કહે છે. આ સોનાનું. ૧૭૦. એ ક્યાં સોનાનો (ભાવ હતો)? પહેલા હતું ૨૫નું તોલો. હવે થયું ૧૭૦. એ ભાવ સોનાનો છે? એ તો લેવડદેવડની વિધિની કલ્પનાનો ભાવ છે. સમજાણું કાંઈ? સોનાનો ભાવ સોનામાં રહે. તો સોનું છે એ ભાવવાન

છે અને એનો ભાવ પીળાશ, ચીકાશ, વજન, સત્ત્વ એનું જે એ એનો ભાવ છે અને એની અવસ્થા થાય એ એની પર્યાય છે. એનો ભાવ એનાથી જુદો રહે? સમજાણું કાંઈ? એ ઉપરથી પૂછીને પછી પૂછ્યું હતું કે ત્યારે આત્માનો ભાવ શું? કીધું આત્માનો ભાવ શું? મોહનભાઈ હતા તમે? અત્યાર સુધી સાંભળે છે તો શું પૂછે છે? આત્માનો ભાવ ઈ. આત્મા ભાવવાન એનો ભાવ જાણવું, દેખવું, આનંદ, શાંતિ, અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ આદિ શક્તિઓ છે તે આત્માનો ભાવ, એ ગુણ. ગુણ કહો કે ભાવ કહો. જે અહીંયા ચૈતન્ય આવ્યું હતું. ચેતન... ચેતન... ચેતન... ચેતન... ચેતન... તે દ્રવ્ય અને એનો ચૈતન્ય જ્ઞાનસ્વભાવભાવ તે એનો ભાવ અને એની એક સમયની અવસ્થા પલટે છે ભિન્ન-ભિન્ન થાય એ અવસ્થા. આહા..હા..! સમજાણું કાંઈ? મૂળ તત્ત્વનો અભ્યાસ જ ઘટી ગયો આખો. બહારના કડાકૂટા રહ્યા. આ કરો ને આ કરો, આ પૂજા કરો, ભક્તિ કરો. ઓલા કહે, દયા કરો ને પોષા કરો. પણ કરનાર શું કરી શકે છે અને શું થાય છે એની ખબર નથી. અજ્ઞાનમાં એને એ અનાદિથી ગાડા હાંક્યા છે.

**'અર્હંતભગવાન અને પોતાનો આત્મા નિશ્ચયથી સમાન છે; વળી અર્હંતભગવાન...'** હવે કેવા છે અર્હંતભગવાન? **'મોહરાગદ્વેષ રહિત હોવાને લીધે...'** મોહ નામ મિથ્યાત્વ અને રાગ-દ્વેષ એટલે અસ્થિરતા. **'રહિત હોવાને લીધે તેમનું સ્વરૂપ અત્યંત સ્પષ્ટ છે,...'** અરિહંતનું સ્વરૂપ અત્યંત પ્રગટ સ્પષ્ટ છે. કેવળજ્ઞાન, કેવળદર્શન, પૂર્ણ આનંદ આદિ અવસ્થા પૂર્ણ થઈ ગઈ છે પરમાત્માને. લોટ છેને ઘઉં. લાખ દાણા છે. કેટલાક દાણા પીસાઈને લોટ થયો, કેટલાક દાણા પીસાણા નથી. પણ પીસાણા નથી એમાં લોટ જેવો ત્યાં થયો એવો લોટ થવાની આનામાં તાકાત છે. બરાબર છે? લાખ ચોખા હોય લ્યોને ચોખા. આ તમારે શું કહેવાય ઊંચા? બાસમતી. એ પાક્યા હોય અને આમ ખાવા જેવા દેખાય. કાચા ચોખા પણ એવા પાકે થાય એવી એનામાં તાકાત છે. એમ ભગવાનનો આત્મા પાકી ગયો છે કેવળજ્ઞાન, આનંદ આદિ પર્યાયમાં. આ આત્મા એના જેવો જ છે, એવો પાક થાય એવો જ આત્મા છે. સમજાણું કાંઈ? ભારે વાત!

**'અર્હંત ભગવાન મોહરાગદ્વેષ રહિત હોવાને લીધે તેમનું સ્વરૂપ અત્યંત સ્પષ્ટ છે,...'** પ્રગટ પૂર્ણ આત્મા વસ્તુ છે એની દશા રાગમાં અટકતી હતી તેને કાઢી અને પૂર્ણ દશા પ્રગટ થઈ એકલા દ્રવ્યની, વસ્તુની એ સ્પષ્ટ પ્રગટ અનંત જ્ઞાન, દર્શન, આનંદ પ્રગટ થયા. **'તેથી જો જીવ દ્રવ્ય-ગુણ-પર્યાયપણે તે (અર્હંતભગવાનના) સ્વરૂપને મન વડે પ્રથમ સમજી લે...'** મનમાં તે અરિહંતના દ્રવ્યને, ગુણને અને એની પર્યાયને મન વડે... મન એટલે વિકલ્પ દ્વારા, મનના સંબંધે, વિકલ્પના રાગના સંબંધે આવા અરિહંતનો પર્યાય આવો હોય પૂર્ણ પ્રગટ એમ જો જાણે, કળી લે, સમજે **'તો 'આ જે આત્મા, આત્મા' એવો એકરૂપ (-કથંચિત્ સદશ્ય) ત્રિકાળી પ્રવાહ...'** કથંચિત્ સદશ્ય. એટલે કે પર્યાયપણે

પરિણમે પણ વસ્તુ તો સદૃશ છે. '**એકરૂપ (-કથંચિત્ સદૃશ) ત્રિકાળી પ્રવાહ...**' ત્રિકાળી પ્રવાહ એટલે? છે... છે... છે... છે... છે... છે... વસ્તુ. વસ્તુ હોય એનો કોઈ કાળે, ગયા કાળે અભાવ ન હોય. જો અભાવ હોય તો આવી ક્યાંથી? છે એનું થવું ન થાય, છે એનું થવું ન થાય, થવું થાય તો એ નવી વસ્તુ થઈ. એ છે વસ્તુ ત્રિકાળી ન રહી. સમજાણું કાંઈ? થવું થાય એ પર્યાય થાય. દ્રવ્ય ને ગુણ થવું ન થાય. એ તો વસ્તુ ત્રિકાળી છે. ભારે વાત! કહો, જાધવજીભાઈ!

જગતના ડહાપણ કર્યા પણ એની પોતાની શું ચીજ છે એનું ડહાપણ કર્યું નહિ. મરી ગયો એમને એમ અનંતકાળમાં. ઓહો..હો..! ભવનું આવ્યું હતું ક્યાંક. આ ભવ કર્યા, ભવ કર્યા. કેટલા ભવો! છે એ વસ્તુ જ્યારે પોતાની વસ્તુની પ્રાપ્તિ ન થઈ એટલે એનું પરમાં જ એનું લક્ષ અને પરમાં એની દૃષ્ટિ છે અને જેની દૃષ્ટિ પર ઉપર છે એ પરપણું એને છૂટશે નહિ. કારણ કે પર મારા છે એવી માન્યતા છે. ભિન્ન-ભિન્ન અવતાર, પરપણાના ભિન્ન-ભિન્ન અવતારમાં તેનું ઉત્પન્ન થવું થશે. પણ પોતાનો આત્મા પુણ્ય-પાપના વિકલ્પ ને પરના સંબંધ વિનાનો એવો સ્વભાવના સંબંધવાળો, એનું ભાન થતાં અજ્ઞાન ટળતા એને ભવ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? ઓહો..હો..!

આત્મા વસ્તુ, આત્મા... આત્મા... આત્મા... સોનું... સોનું... સોનું... સોનું... સોનું... એ દ્રવ્ય અને આત્મા... આત્મા... આત્મા... આત્મા વસ્તુ આત્મા છે, આત્મા છે એ દ્રવ્ય. કથંચિત્ સદૃશ એટલે પરિણમન વિનાનો એમ. '**ત્રિકાળી પ્રવાહ...**' છે. એ તો ત્રિકાળીરૂપ વસ્તુ છે. લ્યો! '**તેનું જે એકરૂપ રહેતું ચૈતન્યરૂપ વિશેષણ તે ગુણ છે...**' શું કહે છે? જેમ સોનું... સોનું... સોનું... સોનું... એ દ્રવ્ય અને એની સાથે પીળાશ ને ચીકાશ કાયમ રહેનારા છે. સોનું કાયમ રહેનારું. સોનું... સોનું... સોનું... સોનું... સોનું... એમ એની પીળાશ, ચીકાશ ને વજન કાયમ રહેનારા છે. એ એનું વિશેષણ, એ એનો ગુણ. એમ આત્મા છે... છે... છે... તે દ્રવ્ય અને એનું વિશેષણ જાણવું, દેખવું, આનંદ, શાંતિ એ એના ગુણો. એ ગુણો પણ ત્રિકાળી દ્રવ્ય સાથે અવિનાભાવ છે. વળી અવિનાભાવ શું કીધું? અવિનાભાવ એટલે ગુણ છે તે દ્રવ્ય વિના ન હોય અને દ્રવ્ય છે તે ગુણ વિના ન હોય. અ-વિના ભાવ, આના વિના આ નહિ અને આના વિના આ નહિ. આહા..હા..! સાકરના ગળપણ વિના સાકર નહિ અને સાકર વિના ગળપણ નહિ એ અવિનાભાવ કહેવાય. સમજાણું કાંઈ? આહા..હા..! આવું બધું ભણવા ક્યાં ગયા હતા? ઓલા વૃદ્ધ માણસ કહે છે. લ્યો! પૂછ્યું હતું એક જણાએ કે ભાઈ! આવું અત્યારે આવી વાત ચાલી છે. રતનલાલને પૂછ્યું. આપણા મા-બાપો ને બધા તો ભગવાનની પૂજા આદિ કરતાં. આવું જ્ઞાન તો હતું નહિ. ઉપાદાનથી થાય, નિમિત્તથી ન થાય અને નિશ્ચયથી થાય અને વ્યવહારથી ન હોય. આવું તો જ્ઞાન નહોતું. એને ધર્મ થાતો હશે કે નહિ? એવો પ્રશ્ન પૂછ્યો. એઈ..! ત્યારે એણે જવાબ આપ્યો

કે કેમ ન થાય? ભગવાન છે એમ જાણે છે કે નહિ? ભગવાન છે એની શ્રદ્ધા છે કે નહિ? માટે એને ધર્મ થાય. ધૂળમાંય ન થાય, સાંભળને. ભગવાન ત્યાં ક્યાં હતા? ભગવાન તો અહીં છે. એ તો ભગવાન ત્યાં રહ્યા. અને આ તો નિક્ષેપ છે. ખરા ભગવાન તો અરિહંત પરમાત્મા છે, આ તો નિક્ષેપ છે. ખરો ભગવાન, ભગવાનને ભગવાન તરીકે જાણનારો તો આ છે અંદર. એ એની અસ્તિ છે એ અસ્તિનું જાણપણું કોણે કર્યું? આ ચૈતન્યે કર્યું. કે આ ચૈતન્ય હું છું એવા એ છે અને એ છે એવો હું છું. એવો એનો જ્ઞાનગુણ... જ્ઞાનગુણ... જ્ઞાનગુણ... જ્ઞાનગુણ... કાયમ રહેનારો હોં! પર્યાય નહિ. એમ મારામાં પણ જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... આનંદ... આનંદ... આનંદ... આનંદ... એમ વસ્તુનું વિશેષણ, વસ્તુનો ભાવ આ ભાવ કહેવાય. આ કલ્પેલો ભાવ વસ્તુનો કહેવાય? અઢી રૂપિયાનું શેર હતું. શું કહેવાય? ઘી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ બધો તે દિ' શું કહેવાય તે દિ' કેવા? અકબર. અકબર બાદશાહના વખતમાં અઢી રૂપિયાનું મણ ઘી હતું. ચાર પૈસાનું શેર. એ હવે આરતીમાં બોલાય તે દિ'નો ભાવ. ચાર પૈસે શેર. હવે અહીં તો દીક્ષામાં માની લ્યોને ૫૫ વર્ષ થયા. દીક્ષામાં તો ૧૯ રૂપિયાનું મણ ઊંચું ઘી ભેંસનું. ઊંચું ઘી ભેંસનું ૧૯ રૂપિયાનું મણ. હવે ૫૫ વર્ષ થયા હજી તો આ માગશર સુદ નોમે ૫૫ થાશે દીક્ષાને. ૫૫. ૧૯૭૦ના માગશર સુદ-૯, રવિવાર. સમજાણું કાંઈ? તે દિ' ૧૯ રૂપિયે મણ. અમારે ખુશાલભાઈ હતા. મોટા ભાઈ હતાને. દીક્ષા નક્કી થઈ ત્યારે ૧૯ રૂપિયા મણ ઘી લીધું હતું, ડબ્બો આખો. ગાડી ઉપર ત્યાં હતા મણિલાલ. નહોતા ઓલા આપણે સુંદરજી હતાને? ૧૯ રૂપિયાનું ભેંસનું ઊંચું હોં! એક મહિનાનું મળે. તાજું ક્યાં લેવા જાવું? એક મહિનાનું. પણ ૧૯ રૂપિયે મણ ઊંચું ભેંસનું ઘી. કહો અત્યારે તમારે કેટલા ગણા થઈ ગયા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કિલો. છ રૂપિયા. અને સાડા ત્રણની સાકર લીધી હતી ખુશાલભાઈએ લ્યો! ભાવનગરથી મગાવી હતી તે કેવી? પતરીની સાકર હોં! પતરી ઊંચી. ભાવ હતો ઈ? સાકરનો ભાવ સાકરમાં હોય કે સાકરનો ભાવ સાડા ત્રણમાં હોય? શેર, ઓલું મણ. એ તો ભાવ કલ્પેલો છે લેવા-દેવા માટે. સાકરનો ભાવ સાકર... સાકર... સાકર... સાકર... એ દ્રવ્ય અને ગળપણ-ગળપણ સફેદાઈ, ગળપણ, સફેદાઈ, ગળપણ એ એનો ભાવ. અને એની અવસ્થા વર્તમાન થવી તે તેની દશા. સમજાણું કાંઈ? વસ્તુનો ભાવ વસ્તુમાં હોય કે વસ્તુનો ભાવ બહારમાં હોય? મેં પૂછ્યું હતું કે ભાઈ, સોનાનો ભાવ શું? મહારાજ સોનાનો ભાવ પૂછે છે. કીધું અમને ખબર નથી. એ ભાવ અમે પૂછતા હશું? અમારે કામ છે? ધીરૂભાઈ! તમારું સોનું જે ચીજ છે એ વસ્તુ છે દ્રવ્ય કહેવાય તત્ત્વ. એનો ભાવ શું? કે જે એની શક્તિ

છે, એનો ગુણ છે, એનો ભાવ પીળાશ, ચીકાશ, વજન એ એનો ભાવ. સમજાય છે કાંઈ? અને એની કુંડળ, કડાની દશા થાય તે તેની અવસ્થા. કુંડળ, કડા, ભિન્ન-ભિન્ન-ભિન્ન અવસ્થા તે અવસ્થા. એમ આત્મા તે દ્રવ્ય છે. જુઓ! આત્મા-આત્મા તે ત્રિકાળી દ્રવ્ય છે. '**તેનું જે એકરૂપ રહેતું ચૈતન્યરૂપ વિશેષણ...**' એકરૂપ રહેતું. સાકરમાં ગળપણ... ગળપણ... ગળપણ.. કાયમ રહે. કે ગળપણમાંથી કાંઈ બીજું થઈ જતું હશે? એમ આત્મામાં જ્ઞાન-દર્શન-આનંદ એકરૂપ ચૈતન્ય રહે. કાયમ રહે ચૈતન્ય.

'**એકરૂપ રહેતું ચૈતન્યરૂપ વિશેષણ તે ગુણ છે...**' આત્મા વિશેષ્ય—દ્રવ્ય, ચૈતન્યગુણ વિશેષણ. સમજાણું કાંઈ? એ તો પદાર્થ વિજ્ઞાન (છે), ભગવાન સર્વજ્ઞે દીઠેલાનું પદાર્થ વિજ્ઞાન છે આ. વીતરાગી વિજ્ઞાન પદાર્થજ્ઞાન છે, ભાઈ! અને ભગવાને કહેલા-ઉપદેશેલા પદાર્થને જાણ્યા વિના અજ્ઞાનીએ કલ્પેલા પદાર્થને જાણતા તો મિથ્યાત્વની પુષ્ટિ થાય છે. સમજાણું કાંઈ? આવશેને આગળ? ... ભગવાનનો ઉપદેશ પામીને પણ જો હું પુરુષાર્થ ન કરું તો .. મેં નાશ કરી નાખ્યો. જિનશાસ્ત્રનો ઉપદેશ મળ્યો તલવારની ધાર જેવો એમ આવશે આગળ. છતાં જો તલવાર મોહ શત્રુ ઉપર ન મારું તો મારું કામ નહિ થાય. હાથમાં તલવાર રહીને ઊભો રહેશે, શત્રુને નહિ મારે તો દુશ્મન નહિ ટળે. એમ ભગવાનનો ઉપદેશ તો મોહને ટાળવાને માટે છે. એ ઉપદેશ પ્રાપ્ત થતાં મોહ ને રાગદ્વેષ ન ટાળે તો કામ નહિ થાય. સમજાણું કાંઈ? એ આવશે ગાથામાં. ૯૨ પહેલા બધી ગાથામાં. બહુ અજબ વાત છે! પ્રવચનસાર શાસ્ત્ર સર્વજ્ઞથી નીકળેલું, સર્વજ્ઞ પ્રવાહનું છે. ત્રિકાળી પ્રવાહ કીધો દ્રવ્ય. વાણી નીકળી પ્રવાહમાં. ૐ ધ્વનિ ઉઠી ઈચ્છા વિના. એક પ્રવાહમાંથી ગણધરો, સંતોએ શાસ્ત્ર રચ્યા. સમજાય છે કાંઈ?

એમાં કહે છે કે આ ત્રિકાળી પ્રવાહરૂપ જે છે તે એનો ગુણ છે '**અને તે પ્રવાહમાં જે ક્ષણવર્તી વ્યતિરેકો...**' સાદી ભાષા કરી. નવી નવી અવસ્થા થાય. જ્ઞાનની અવસ્થા જુઓને અત્યારે જાણે છેને? પછી બીજું જાણે... પછી બીજું જાણે... અવસ્થામાં વિવિધતા થાય છેને? અવસ્થામાં વિવિધતા થાય છેને? જ્ઞાનગુણ એકરૂપ સદૃશ્ય રહે છે. એકરૂપ પ્રવાહ. અને એની અવસ્થામાં વિવિધતા થાય. એટલે થોડું જાણે પછી વધારે જાણે એ બધી અવસ્થા છે. એ અવસ્થા તે વ્યતિરેક એટલે? એકરૂપ રહેનારી નહિ પણ ભિન્ન-ભિન્ન થાય માટે એને વ્યતિરેક ભિન્ન-ભિન્ન કહેવામાં આવી છે. સમજાણું કાંઈ? સમજાણું કાંઈ? એમ કીધું છે. આ શું કહેવા માગે છે એ લક્ષમાં આવે છે ભાવ? એમ.

'**એમ પોતાનો આત્મા પણ દ્રવ્ય-ગુણ-પર્યાયપણે તેને મન વડે ખ્યાલમાં આવે છે.**' જુઓ! જેમ અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને મન વડે કળી લે છે, પછી પોતાના આત્મા વડે આત્માને પણ મન વડે પહેલા કળે છે. પહેલા વિકલ્પ દ્વારા. વિકલ્પ એટલે રાગનો વિકલ્પ છે એ દ્વારા. દ્રવ્ય છે... છે... છે... છે, આ ગુણ જ્ઞાન.. જ્ઞાન.. વિશેષણ પ્રવાહરૂપે છે...

છે, નવી નવી અવસ્થારૂપે વ્યતિરેક એવી પર્યાય પણ છે. એમ મન વડે ત્રણને કળતા ત્યાં વિકલ્પ છે હજી. હજી ત્યાં રાગ મિશ્રિત વિચારમાં ઊભો છે. આંગણે આવ્યો છે, પેઠો નથી અંદર. આહા..હા..! સમજાણું કાંઈ?

**'તેને મન વડે ખ્યાલમાં આવે છે.'** જુઓ! **'એ રીતે ત્રિકાળિક નિજ આત્માને મન વડે ખ્યાલમાં લઈને પછી—જેમ મોતીઓને અને ધોળાશને હારમાં અંતર્ગત કરીને...'** પછી (દાખલો) આપ્યો હતોને ઓલો હાર? મોતીની પર્યાય અને દોરો, બેયમાં હારનું અભેદપણું જોતાં મોતીની પર્યાય અને દોરો બે લક્ષમાં જુદાં રહેતા નથી. હાર... હાર... હાર... હાર... એમ લક્ષમાં લેતાં દોરો અને મોતી, ગુણ અને પર્યાય ભેદ લક્ષમાં રહેતા નથી. એમ દ્રવ્ય વસ્તુ છે અખંડ એની દૃષ્ટિ કરતાં એની પર્યાય અને ગુણના ભેદ લક્ષમાં રહેતા નથી. **'મોતીઓને અને ધોળાશને...'** મોતી પર્યાય, ધોળાશ એનો ગુણ. **'હારમાં અંતર્ગત કરીને કેવળ હારને જાણવામાં આવે છે તેમ—આત્મપર્યાયોને...'** જાણવું-જાણવાની જે અવસ્થા છે તેને અને જાણવું-જાણવું કાયમ રહેનાર ચૈતન્યગુણને **'આત્મામાં જ અંતર્ગર્ભિત કરીને...'** એટલે આત્મામાં લક્ષ કરીને **'કેવળ આત્માને જાણતાં...'** ભગવાન આત્મા એકલો જ્ઞાયકમૂર્તિ (છે) એમ અંતરમાં જાણતાં **'પરિણામી...'** હું કરનારો, **'પરિણામ...'** મારી પર્યાય, **'પરિણતિ...'** મારી ક્રિયા એવા **'ભેદનો વિકલ્પ નાશ પામતો જતો હોવાથી...'** એવા ભેદનો રાગ નાશ પામે છે. **'હોવાથી જીવ નિષ્ક્રિય ચિન્માત્ર ભાવને પામે છે...'** લ્યો! જીવ નિષ્ક્રિય ચિન્માત્ર ભાવને પામે છે. રાગ વિનાનો નિર્મળ ભગવાન આત્મા રાગનો નાશ થતાં. લ્યો! કોઈ કહે કે વળી રાગ તો દસમા ગુણસ્થાન સુધી રહે છે. અહીં રાગ (નાશ થતાં), પણ અહીં રાગની એકતા નાશ થઈ એ ભિન્ન જ થઈ ગયો રાગ. સમજાણું કાંઈ?

ભગવાન ચૈતન્યસ્વરૂપ અનાકુળ આનંદની મૂર્તિ, આનંદ એનો ભાવ અને ભાવવાન વસ્તુ. વસ્તુ પણ કાયમ છે... છે... છે... રહે છે અને એમાં આનંદનું વિશેષણ જે છે એ પણ પ્રવાહરૂપે દ્રવ્યમાં એકસાથે જ રહે છે. પાણી... પાણી... પાણી... એમાં પાણીની ઠંડક... ઠંડક... ઠંડક... ઠંડક... એ પ્રવાહ પાણીના પ્રવાહ સાથે, દ્રવ્યની સાથે જ પ્રવાહ રહે છે. એના તરંગો જે ઊઠે છે એ ભિન્ન-ભિન્ન થાય છે. એ તરંગો એ પર્યાય છે, પાણીના પ્રવાહમાં ઠંડાપણું એનો ભાવ છે, પાણી પોતે દ્રવ્ય છે, સમજાય છે કાંઈ? આહા..હા..! ભારે વાત ભાઈ! એમ આત્મા પોતે દ્રવ્ય છે, એનો જ્ઞાન-દર્શન એનો પ્રવાહરૂપે કાયમ રહેનારો ગુણ છે અને નવી નવી અવસ્થા થાય ક્રમે ક્રમે એ એની પર્યાય છે. એવા ભેદનો વિકલ્પ નાશ થાય છે. ત્રણ પ્રકારનું લક્ષ રહે છે ત્યાં સુધી રાગ છે. ત્યાં સુધી હજી વસ્તુની પ્રાપ્તિ નથી. ઓહો..હો..! હજી તો આ તો પરમાં અટક્યા. આનું કરું, આનું કરી દઉં, આનું કરું એ તો મહા સ્થૂળ મિથ્યાત્વમાં અટક્યા છે. સમજાણું કાંઈ?

પોતાનો આત્મા પરિણામી એટલે બદલનારો અને બદલીને થતી અવસ્થા તે પરિણામ. એ પરિણામ એટલે આ નિશાળે પરિણામ આવે એ પરિણામ નહિ હોં! આ નિશાળે નથી પરિણામ આવતું કે આ પરિણામ છે? અહીં તો એની અવસ્થા-પરિણામ. વસ્તુ છે આખી એ પરિ-સમસ્ત પ્રકારે નમે છે એટલે પર્યાય અવસ્થાપણે પરિણમે છે. એ અવસ્થાપણે થાય છે તેને પરિણામ કહેવામાં આવે છે. પણ પરિણામી અને પરિણામ અને અવસ્થાનું બદલવું પહેલી અવસ્થાથી આ નવી થઈ એ પરિણતિ—ક્રિયા. એ ત્રણેના ભેદનું લક્ષ જ્યાં સુધી છે ત્યાં સુધી રાગના મિશ્રિત વિચારમાં ઊભો છે. ત્યાં સુધી હજી આત્માની પ્રાપ્તિ નથી, ધર્મની પ્રાપ્તિ નથી. કહો, સમજાય છે કે નહિ આમાં? મલૂકચંદભાઈ!

'**જીવ નિષ્ક્રિય ચિન્માત્ર ભાવને પામે છે...**' આ ધર્મ. એકરૂપ ચૈતન્યની દૃષ્ટિ થતાં રાગની ક્રિયા વિનાનો, જ્ઞાનની પરિણતિ અને શુદ્ધ દશાવાળો એ આત્મા પર્યાયમાં પ્રાપ્ત થાય છે. '**જીવ નિષ્ક્રિય ચિન્માત્ર ભાવને પામે છે...**' જુઓ! ચિન્માત્ર ભાવ. '**અને તેથી મોહ...**' મોહ એટલે અંધકાર, અજ્ઞાન '**નિરાશ્રય થયો થકો...**' અજ્ઞાનને આશ્રય રહ્યો નહિ, અહીંયાં આશ્રય જ્યાં આવ્યો ત્યાં અજ્ઞાનને આશ્રયે રહ્યો નહિ. રાગની એકતાબુદ્ધિ હતી તે મિથ્યાત્વ હતું, અજ્ઞાન હતું, અંધકાર હતો. તે અહીં પર્યાય જ્યાં દ્રવ્યમાં ઢળી એટલે એકતા રાગની હતી એવો અંધકાર એને ટળી ગયો અને સ્વભાવની એકતા ઉત્પન્ન થઈ. આહા..હા..!

ગાથાઓ બહુ ઊંચી છે! સાર-સાર સર્વજ્ઞના ગર્ભના પેટ ખોલ્યા છે. આહા..હા..! જગતને સાંભળવા મળે નહિ, જિનેશ્વરના ઉપદેશને. આગળ કહે છેને? તીખી ધાર જેવો ઉપદેશ આવ્યો. મહા ભાગ્યવાન જીવોને, જિનેશ્વર વીતરાગનો ઉપદેશ ભાગ્યવાનને મળે છે. સમજાણું કાંઈ? વાસ્તવિક. આમ તો બધાય કહે છે કે ભગવાન આમ કહે, ભગવાન આમ કહે. નથી બોલતા ત્યારે? શરૂઆતમાં બોલે કે નહિ? 'અહીં કણે જાણવું જોઈએ..' બોલે છે. એય..! ભગવાનભાઈ! એ મોઢા આગળ બેસનારા છે એ બધા. ઓલી સ્તુતિ બોલે છેને સ્તુતિ? અહીં કણે જાણો જે .. ભગવાન મહાવીર.. એણે મા હણો... મા હણો... મા હણો... એવો ઉપદેશ કર્યો. શું મા હણો? અને શું આત્મા? એની કાંઈ ખબર ન મળે. હણશો તો હણાવું પડશે, છેદશો તો છેદાવું પડશે, ભેદશો તો ભેદાવું પડશે. હતું કે નહિ? ખબર છેને. એય..! મોહનભાઈ! તમારે દેરાવાસીમાં ન આવે, સ્થાનકવાસીમાં આવે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા બોલે છેને.

મુમુક્ષુ :- મા હણો.. મા હણો...

ઉત્તર :- હા એ. ... હતાને, નાગનેશમાં. પણ મા હણો એટલે શું? ભગવાનની વાણી એટલે શું? ભગવાને વાણી કરી હતી કે નહિ? ભગવાને કર્યું છે અંદર શું? અને એ વાણીમાં

ભાવ શું આવ્યા? એ આત્માના ભાવ વાણીમાં આવ્યા? કે વાણીના ભાવ વાણીમાં છે? અહીં બોલાય છે તો આ ભાવ વાણીમાં આવતો હશે કે નહિ? કે વાણીમાં આવ્યા વિના ઓલાને સમજાય શું ત્યારે? વાણીનો ભાવ તો વાણીમાં છે, આત્માનો ભાવ આત્મામાં છે. વાણીમાં કહેવાની સ્વપર કહેવાની તાકાત વાણીમાં છે. સાંભળનારને એના જ્ઞાનની યોગ્યતા પ્રમાણે વાણીનું નિમિત્ત થાય, એની યોગ્યતા પ્રમાણે એનું જ્ઞાન થાય, વાણીથી એને જ્ઞાન થતું નથી. સમજાણું કાંઈ? સાંભળનારના અસ્તિત્વમાં જે જ્ઞાનગુણ ત્રિકાળી છે એની વર્તમાન અવસ્થા થાય તેમાં એ જાણે છે એને. વાણીથી નહિ. આ વાત! સમજાણું કાંઈ? વાણીથી જાણે તો વાણી તો એકસરખી આવે છે, જાણનારને એકસરખું જ્ઞાન ત્યાં થવું જોઈએ. એની યોગ્યતા પ્રમાણે ત્યાં જણાય છે તો તેની પર્યાયની યોગ્યતા તેટલું એને જ્ઞાન થાય છે. ન્યાય સમજાય છે કાંઈ?

'**તેથી મોહ (-દર્શનમોહ) નિરાશ્રય થયો થકો વિનાશ પામે છે.**' લ્યો! '**જો આમ છે તો મોહની સેના ઉપર વિજય મેળવવાનો ઉપાય મેં પ્રાપ્ત કર્યો છે—**' આહા..હા..! આ રીત છે એ રીતને મેં પકડીને મોહનો નાશ કર્યો છે એમ કહે છે. સમજાણું કાંઈ?

હવે કહે છે... હવે ૮૦ ગાથા થઈ ગઈ. આહા..હા..! જુઓ તો ખરા આનંદમાં આવીને કહે છે કે અરે..! આવું ચિંતામણિ રત્ન મને મળ્યું! આહા..હા..! જુઓ ભાવ! '**એ રીતે મેં ચિંતામણિ પ્રાપ્ત કર્યો...**' દેખો! ચૈતન્ય ચિંતામણિ ભગવાન જ્ઞાનાનંદનો સાગર. સમજાણું કાંઈ? કોઈ કહે... ઓલા વાણિયાનો દાખલો નહોતો આપ્યો એક ફેરી મોતીનો? મોતી હતું ઊંચું. ૨૦-૨૦ હજારના મોતી થાય છે હોં! ૨૦-૨૦ હજારના મોતી. બહુ ઊંચું મોતી હતું. વાણિયો નીકળ્યો. વાણિયો ગયેલો ઉઘરાણીએ ગામડામાં. પહેલા તો ઉઘરાણીએ જતાં તો રાતે જતાં. બે ગાઉ જાય ને લઈ આવે પાંચ-દશ હજાર. હતું કે નહિ? તમારે ડોસાને હતું કે નહિ? નારણભાઈને. મળ્યો હતો એક ડાકુ, નારણભાઈને. આનો બાપ. પૈસા તે દિ'ના કાંઈક બે હજાર હતા નહિ? ડાકુ મળ્યો તો ઓળખી ગયા નારણ શેઠને. લૂગડાં મેલાં. બોલાવ્યો હશે કે આ નારણશેઠ છે. ખબર ખરી કે નારણશેઠ ગયા છે ગામડામાં પૈસા લેવા. લઈને આવ્યા હશે. પણ આ નારણશેઠે કળા કરી. ... એય..! ભાઈ આઘા રહેજો. આ નહિ, શેઠ નહિ. સમજી ગયો. હુશિયાર માણસને વાણિયા. છોટાભાઈ! આ નારણશેઠ નથી. પૈસા લઈને વયા ગયા ઘરે. કહો, જાણતા કે નહિ એ પહેલા? સમજાણું કાંઈ?

અહીં કહે છે કે આવો આત્મા મેં ચિંતામણિ રત્ન પ્રાપ્ત કર્યું છે. ઓલા પૈસા હતા એ ચોર ન લઈ જાય. ના. ના. એ છે જુઓ! આમાં છે. '**ચિંતામણિ પ્રાપ્ત કર્યો હોવા છતાં પ્રમાદ ચોર છે એમ વિચારી જાગૃત રહે છે :—**' પ્રમાદ ચોર મારો ચિંતામણિ ન લૂંટી જાય એમ કહે છે જુઓ! ત્યાં કળા કરી કે નહિ? એમ આ કળા સ્વરૂપમાં સ્થિર થવાની કળા છે. આહા..હા..! એ પુણ્ય હતા તે રહી ગયા. એ કાંઈ કળા કરી માટે રહ્યા

નથી. એમાં કાંઈ કામ ન કરે. પુણ્ય ન હોય તો ચાલ્યા જાય, લૂંટી જાય, પૈસા પણ જાય. એક જણાને પૈસા ગયા અને લૂગડાં લઈ ગયા. નાગો ઊભો રાખ્યો એકલો. હવે શું કરવું? અહીં લૂંટાણું હતું અહીં, ઘણા વર્ષ પહેલા. બધું લઈ ગયા અને લૂગડાં સારા હતા એ ચોર લઈ ગયા. ઊભો રહ્યો એકલો. કરવું શું? કોક કપડું કાંઈક પહેરે તો ગામમાં જાઉં અહીંથી. શું કહેવાય તમારે? સ્ટેશન. સ્ટેશનથી વચમાં થયું હતું. ઘણા વર્ષની વાત છે. કો'ક નીકળ્યું તો કપડું-બપડું થોડું આપ્યું પહેરીને વયા ગયા. બધું લૂંટી જાય એનું શું કરવું?

અહીં કહે છે કે અરે..! મને ચિંતામણિ મળ્યો. ધ્યાન રાખજો જુઓ, હવે શું કહે છે? ઓહો..હો..! આત્મા ચૈતન્ય ચિંતામણિ. ઓલો પથરો હોય જેને દેવને... ચિંતામણિ કહે છે ને પથરાને? દેવ અધિષ્ઠિત. તો ચિંતવે તે મળે. ચિંતામણિ રત્ન થાય છે. જેના પુણ્ય હોય ને એને ચિંતામણિ રત્ન હોય. પથરો એવો હોયને. પથરો પૂર્વનો એકેન્દ્રિય જીવ હોય અને એની સાથે પૂર્વે અવતાર હોય. પૃથ્વીકાયનો જીવ થાય છે. જીવ છે આ ખાણમાં પથરા. તમારે છે ને. પોરબંદરમાં બહુ પથરા ધોળા. કહેતા હતા ને તમારા દેવીદાસભાઈ અમારે મહારાજ પથરા સુંવાળા અને ધોળા અને અમારા કાળજા પણ એવા છે, કોતરો એમ કોતરી શકાય એવા છે. દેવીદાસભાઈ કહેતા. એ દેવીદાસ એ વખતે કહેતા હતા હોં! આ જાય છે બધે ધોળો પત્થર.

અહીં કહે છે, ઓહો...! અમારો આત્મા ચિંતામણિ. એ પત્થર નહિ. ઓલો પત્થર થાય છે હજાર દેવ સેવા કરે એ ચિંતામણિ. એમાં ચિંતવે તો ધૂળ મળે બહારની, પુણ્ય હોય તો. બહાર પૈસા, દાગીના એ મળે. એમાં કાંઈ આત્મા મળે? આ તો આત્મા સચ્ચિદાનંદ પ્રભુ સત્ શાશ્વત સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યો એવો અંદર અનુભવ્યો. ચિંતામણિ રત્ન અમને પ્રાપ્ત થયું. ઓહો..! એ નિર્વિકલ્પ આનંદની મૂર્તિ આત્મા, જેમાં રાગ નથી, શરીર નથી, સંસાર નથી. એવો મારો આત્મા મને મારા અનુભવમાં, દૃષ્ટિમાં, જ્ઞાનમાં મને પ્રાપ્ત થયો એ મારું ચિંતામણિ રત્ન છે. આહા..હા..!

**'આવું ચિંતામણિ રત્ન પ્રાપ્ત કર્યા હોવા છતાં પ્રમાદ ચોર છે એમ વિચારી જાગૃત રહે છે :—'** પ્રમાદ થઈ ન જાય અને મારી સ્થિરતા અનુભવમાં અસ્થિર ન થઈ જાય એ માટે રાગ-દ્વેષને ટાળવાનો (ઉપાય છે). આ બીજા બોલનો બોલ છે. પહેલા બોલમાં મિથ્યાત્વનો નાશનો બોલ હતો. અજ્ઞાન અંધકાર ટળીને જ્ઞાન થયું એટલો. પણ હવે જે રાગ-દ્વેષ બાકી છે ટાળવા, એટલે રાગ-દ્વેષરૂપી ચોર મારા અનુભવને લૂંટી ન જાય માટે મારે રાગ-દ્વેષથી ભિન્ન મારા સ્વરૂપના અનુભવમાં જાગૃત રહેવું. એ ૮૧ ગાથામાં બીજી વાત છે. ૮૦માં મિથ્યાત્વ મોહના નાશનો ઉપાય કહ્યો, ૮૧માં સમકિત સહિત હવે રાગ-દ્વેષ-મોહનો કેમ નાશ કરવો એ વાત છે. ઓલા નહોતા કહેતા? આવ્યા હતાને કે રાગ-દ્વેષ નાશ કરવો શાસ્ત્રમાં છે, પણ કેમ કરવો એ ઉપાય નથી. બિચારા કહેતા હતા. અહીં આ ઉપાય

છે જુઓ આમાં. ન હોય એમ હોય? રાગ-દ્વેષ નાશ કરવાની વાત છે શાસ્ત્રમાં, પણ રાગ-દ્વેષ કેમ નાશ કરવો?

મુમુક્ષુ :- પહેલેથી તો આવે છે, ૧૧મી ગાથામાં...

ઉત્તર :- પહેલેથી પણ રાગ-દ્વેષ... બીજી ગાથામાં નથી આવતું? '**जीवो चरित्तदंसणणाणठिदो तं हि ससमयं जाण।**' પોતે પોતામાં સ્થિર થાય એટલે રાગ-દ્વેષ ન થાય, એ રાગ-દ્વેષ નાશ કરવાનો ઉપાય છે. રાગ-દ્વેષમાં રહે છે ત્યાં સુધી દોષ છે. સ્વરૂપમાં એકાગ્ર થતાં રાગ-દ્વેષ તૂટી જાય છે એનું નામ વીતરાગતા અને સ્થિરતા નામ ચારિત્ર કહે છે. એ ચારિત્ર પ્રાપ્તની આ ગાથા છે. સમજાણું કાંઈ?

'**મેં ચિંતામણિ પ્રાપ્ત કર્યો...**' આહા..હા..! એ ચૈતન્ય વસ્તુ છે. જેટલી એકાગ્રતા કરું એટલી પ્રાપ્તિ થાય એવી દઢ છે ઈ વસ્તુ. જેટલી એમાં એકાગ્રતા થાય એટલો આનંદ અને શાંતિ પ્રગટ થાય એવો ચિંતામણિ રત્ન આત્મા છે. પૂર્ણ એકાગ્ર થાઉં તો કેવળજ્ઞાન થાય. શક્તિમાં જે પૂર્ણતા છે એમાં જો એકાગ્ર થાઉં તો પૂર્ણ દશા આનંદ થાય. એવો મારો ચૈતન્ય આત્મા ચિંતામણિ રત્ન છે. એ પુણ્ય-પાપનો વ્યવહાર-ફ્યવહાર એને અહીં ટાળવાની વાત ચાલે છે અહીં તો હવે. વ્યવહારથી નિશ્ચય થાશે એ તો નહિ, પણ વ્યવહારનો જે વિકલ્પ ઊઠે છે હજી સમકિત થયા છતાં, ચિંતામણિ પ્રાપ્ત થયા છતાં, હવે એને ટાળવા અનુભવની જાગૃતિ કહેવા માગે છે.

મુમુક્ષુ :- અહીં પ્રમાદને ચોર કીધો.

ઉત્તર :- હા, ચોર છે. શુભભાવ એ ચોર છે લ્યો! ચોર છેને બધા. વ્યવહારરત્નત્રય, દયા, દાન, ભક્તિ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ એ બધા ચોર છે, રાગ છે. મારું સ્વરૂપ તો વીતરાગ છે. સમજાણું કાંઈ? કહો, પંચ મહાવ્રતના પરિણામ એ, કહે છે કે રાગ છે, ચોર છે. આહા..હા..! આ દયા પાળું, કોઈને દુઃખ ન દઉં એ બધી વૃત્તિનું ઉત્થાન છે. ઉત્થાન વૃત્તિ ઉઠે છે તે રાગ છે. કોઈને દુઃખ ન દઉં, કોઈને મારું નહિ, બીજાને સુખ આપું એવો જે વિકલ્પ ઊઠે છે એ તો વિકલ્પ રાગ છે, એ કાંઈ આત્માનું સ્વરૂપ નથી. રાગ છે તે ચોર છે.

મુમુક્ષુ :- શું ચોરી જાતો હશે?

ઉત્તર :- એ ચોરી જાય આત્માની શાંતિ, સ્થિરતા ચોરી જાય છે. આહા..હા..!

'છતાં...' '**છતાં પ્રમાદ ચોર છે એમ વિચારી જાગૃત રહે છે :—**' લ્યો! સમજાણું? લ્યો એ વાત આવશે હવે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**નોંધ :- પ્રવચન-૬૭ ઉપલબ્ધ નથી.**

**કારતક વદ ૧૧, શનિવાર, તા. ૧૬.૧૧.૧૯૬૮**
**ગાથા-૮૧-૮૨, પ્રવચન-૬૮**

૮૧ ગાથા, પ્રવચનસાર. જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન અધિકાર. ૮૦મી ગાથા પૂરી થઈ. હવે એ કહે છે, જુઓ એ શરૂઆત માથે છેને શબ્દ? 'હવે એ રીતે મેં...' શબ્દ છે ઉપર? '**ચિંતામણિ પ્રાપ્ત કર્યો હોવા છતાં પ્રમાદ ચોર છે એમ વિચારી જાગૃત રહે છે :—**' શું કહે છે? એ નીચે આવશે આપણે ગાથા બોલીએ પછી.

जीवो ववगदमोहो उवलद्धो तच्चमप्पणो सम्मं।
जहदि जदि रागदोसे सो अप्पाणं लहदि सुद्धं।।८१।।

એનું હરિગીત.

**જીવ મોહને કરી દૂર, આત્મસ્વરૂપ સમ્યક્ પામીને,**
**જો રાગદ્વેષ પરિહરે તો પામતો શુદ્ધાત્મને. ૮૧.**

હવે માથે લખ્યું એનો અર્થ કરીએ છીએ. '**મેં ચિંતામણિ પ્રાપ્ત કર્યો...**' શું કહે છે? ૮૦મી ગાથામાં એમ કહ્યું કે જેવા અરિહંત પરમાત્મા દ્રવ્ય ને ગુણ ને પર્યાયરૂપે છે. '**जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं।**' એ શ્રીમદ્‌માં પણ એ શ્લોક આવે છે, આ શ્લોક અહીંનો. જે કોઈ આત્મા અરિહંત પરમેશ્વર પરમાત્મા ત્રિલોકનાથ પરમાત્મા તીર્થંકરદેવ, એનું દ્રવ્ય એટલે વસ્તુ ગુણ પર્યાયનો પિંડ, એના ગુણ એટલે ભાવ-સ્વભાવ જ્ઞાન દર્શન આદિ અને એની વર્તમાન પર્યાય એટલે અવસ્થા—એ ત્રણને જે કોઈ આત્મા જાણે, પછી એને આત્મા સાથે મેળવે અંદર કે હું પણ એની જાતનો છું, દ્રવ્ય મારું એવું જ છે, ગુણ પણ મારા એવા જ છે. પર્યાયને અંતરમાં વાળતાં, વર્તમાન પર્યાય એટલે અવસ્થાને અંતરમાં વાળતાં એટલી દ્રવ્યની દૃષ્ટિ નિર્વિકલ્પ અનુભવ, આનંદના સ્વાદમાં જે જ્ઞાન થઈને પ્રતીત થાય તેને સમ્યગ્દર્શન કહે છે. ભોગીલાલભાઈ!

મુમુક્ષુ :- કઠણ પડે છે.

ઉત્તર :- કઠણ છે. વસ્તુ એવી જ છે. જગતે સાંભળી નથી. ચિંતામણિ પ્રાપ્ત કર્યો સમ્યગ્દર્શન. એ ૮૦માં આવી ગયું છે બધું.

અહીં તો હવે સમ્યગ્દર્શન પછી જેટલા ભાવ મુનિને વ્રતના, દયા, દાન, મહાવ્રતના

પરિણામ આવે છે એ પણ ચોર છે, આત્માના અનુભવનો ચોર છે ઈ એમ સિદ્ધ કરવું છે. મહાવ્રતના પરિણામ મુનિના.

મુમુક્ષુ :- સાચા?

ઉત્તર :- સાચા મુનિના. અહીં સમ્યગ્દર્શન પામ્યા પછીની વાત છે. સમ્યગ્દર્શન જેને આત્માનું ભાન જ નથી (એની ક્યાં વાત છે).

આત્મા ચિંતામણિ રત્ન કીધું અહીંયાં. જેવો અરિહંતનો આત્મા એ આત્મા મારી જાતના જ એ આત્મા છે. તો એને પૂર્ણ દશા સર્વજ્ઞપદ પૂર્ણ આનંદ, પૂર્ણ શાંતિ, પૂર્ણ વીર્ય, પૂર્ણ દષ્ટા પ્રગટી. દ્રવ્ય-ગુણ તો મારા જેવા, એના જેવા મારા. હવે પર્યાયમાં એને પૂર્ણ દશા પ્રગટી. તો એ પ્રગટી ક્યાંથી? કે વસ્તુના અંતર દ્રવ્યમાંથી. એ દ્રવ્ય મારું કેવું છે? એમ જ્યારે જ્ઞાની ધર્મી જીવ અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને મનમાં લઈને પછી પોતાનો આત્મા દ્રવ્ય, ગુણ ને પર્યાયે જ્ઞાનમાં-મનમાં વિકલ્પથી કળીને... વિકલ્પથી એટલે રાગ મિશ્રિત વિચારથી કળીને. ત્યાં સુધી હજી સમ્યગ્દર્શન નથી.

મુમુક્ષુ :- પાત્રતા તો છેને.

ઉત્તર :- પાત્રતા અંદર ગયા પછી એને પાત્રતા કહેવાય. ન ગરે ત્યાં ને ત્યાં અટકે તો પાત્રતા પણ ન કહેવાય. સમજાણું કાંઈ? એ તો આપણે આવી ગયું છેને?

સમ્યગ્દર્શન પામીને પણ. એટલે ચિંતામણિ એટલે ચૈતન્ય રત્ન જ્ઞાનાનંદ, સહજાનંદ નિર્વિકલ્પ અનુભવ એને સમ્યગ્દર્શન કહે છે, કે જે સમ્યગ્દર્શનમાં ચિંતામણિ મહારત્ન ભગવાન આત્માના અનુભવમાં આવ્યો. વજુભાઈ! આવી ઝીણી વાત છે જરી. આચાર્ય પોતે કહે છે કે અમને ચિંતામણિ રત્ન પ્રાપ્ત થયું આ રીતે. શી રીતે? કે અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને કળી, લક્ષમાં લઈ વિકલ્પથી હોં રાગથી, પછી આત્માને લક્ષમાં લીધો કે આત્મા અન્વય અન્વય. ઘણો વિસ્તાર આવી ગયો છે. અન્વય એટલે છે... છે... છે... છે... છે... છે... છે... છે... તે દ્રવ્ય અન્વય. અને એનું વિશેષણ એટલે જ્ઞાન, દર્શન, આનંદ એના ગુણો તે વિશેષણ. એ વિશેષ્યના વિશેષણ—દ્રવ્યના ગુણો. અને એની વર્તમાન વ્યતિરેક એટલે ક્ષણે ક્ષણે બદલતી અવસ્થા. એ ત્રણને પહેલું લક્ષમાં લઈ, પછી પર્યાયનું લક્ષ છોડી, ગુણભેદનું લક્ષ છોડી અને દ્રવ્યની અભેદ દૃષ્ટિ કરતાં નિર્વિકલ્પ અનુભવમાં આત્મા આવે, એને સમ્યગ્દષ્ટિ અને એને આત્મા પ્રાપ્ત થયો એમ કહેવામાં આવે છે. ભોગીલાલભાઈ! ભારે ઝીણું! સમજાણું કાંઈ? એ પછીની વાત હવે ૮૧માં ચાલે છે. સમ્યગ્દર્શન પછીની.

કહે છે કે '**મેં ચિંતામણિ રત્ન પ્રાપ્ત કર્યો...**' મારો ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ, શુદ્ધ નિર્વિકલ્પ આનંદકંદ, મારી વર્તમાન પર્યાયદૃષ્ટિ છોડી, રાગદૃષ્ટિ છોડી, નિમિત્તદૃષ્ટિ છોડી, સ્વભાવદૃષ્ટિ અંતર કરી અને નિર્વિકલ્પ નામ રાગમિશ્રિત વિચાર છૂટી એકલી વીતરાગી પર્યાયમાં આત્મા શુદ્ધ ચિદાનંદ છે એમ અનુભવમાં આવ્યો. એટલે આત્માના આનંદનો સ્વાદ

સમ્યગ્દર્શનમાં આવ્યો. ભોગીલાલભાઈ! આ ભોગવવાનું આ આવ્યું. ભોગીલાલભાઈનું નામ પાછું ભોગીલાલ. આહા..હા..!

મુમુક્ષુ :- અત્યાર સુધી શું ભોગવ્યું છે, એ તો રાગ કરે છે.

ઉત્તર :- બીજું શું ભોગવે? જડ તો કાંઈ ભોગવી શકતો નથી આત્મા. જડ તો રૂપી પદાર્થ છે. એને આત્મા ભોગવે? એના પ્રત્યેના અનુકૂળ-પ્રતિકૂળના વિકલ્પ ઉઠાવીને રાગ-દ્વેષને ભોગવે, રાગ-દ્વેષને વેદે. હવે જ્યારે સમ્યગ્દર્શન થયું ત્યારે એ રાગ-દ્વેષના વિકલ્પની વૃત્તિ પણ દૃષ્ટિમાંથી ગઈ, દૃષ્ટિ(ની) પર્યાય વર્તમાન ચાલે એટલો અંશ પણ હું નહિ, ગુણ અને ગુણીનો ભેદ પણ નહિ. ઝીણી વાત છે, ભાઈ! એકલો ચૈતન્યબિંબ જ્ઞાયકમૂર્તિ વસ્તુ છે એવી અંતર દૃષ્ટિ થતાં, અભેદ દૃષ્ટિ થતાં અંતરમાં સમ્યગ્દર્શનની પ્રાપ્તિ, ચિંતામણિ આત્માની સમ્યગ્દર્શનમાં પ્રાપ્તિ થાય છે. સમજાણું કાંઈ?

એટલે આચાર્ય કહે છે કે '**મેં ચિંતામણિ પ્રાપ્ત કર્યો હોવા છતાં પ્રમાદ ચોર છે...**' હવે, મુનિ છેને પોતે? ભાવલિંગી સંત. ત્રણ કષાયનો નાશ થઈ અને અંતર આનંદની દશા ઉભરાઈ ગઈ છે. આનંદસ્વરૂપ ભગવાન નિત્યાનંદ છે એનો સમ્યગ્દર્શનમાં આનંદનો સ્વાદ આવ્યો, પછી સ્વરૂપમાં લીન થતાં ચારિત્રદશામાં અતીન્દ્રિય આનંદનું પ્રચુર સ્વસંવેદન આવ્યું. તો અતીન્દ્રિય આનંદનું પ્રચુર સ્વસંવેદન આવ્યું એનું નામ ચારિત્ર. એવું સમ્યગ્દર્શન પામીને પણ, અને એવું ચારિત્ર પામ્યા છતાં એમાં જે રાગ રહી ગયો છે પંચ મહાવ્રતનો એ સરાગ ચારિત્ર કહેવામાં આવે છે. રાગ તો રાગ છે, પણ ચારિત્રની અપેક્ષાએ ત્યાં રાગ બાકી છે માટે સરાગચારિત્ર કહેવામાં આવે છે. એટલે ચારિત્ર તો વીતરાગી પર્યાય તે છે.

મુમુક્ષુ :- રાગ એ નહિ?

ઉત્તર :- રાગ એ નહિ. પણ હજી રાગ છઠ્ઠે ગુણસ્થાને મુનિને આત્માના આનંદનો અનુભવ ઉપરાંત અનુભવની વૃદ્ધિ, શાંતિની વૃદ્ધિ ઘણી થયા છતાં ચારિત્રદશામાં હજી રાગ પંચ મહાવ્રત આદિનો વિકલ્પ રહી જાય છે, કહે છે કે એ પ્રમાદ છે એ ચોર છે. એય..! ભોગીભાઈ! મારો ચિંતામણિ રત્ન મને પ્રાપ્ત થયું પણ રાગમાં જોડાઈ જાઉં તો મારો અનુભવરૂપ ચિંતામણિ ચોરાઈ જાય છે. આહા..હા..! પહેલી શું ચીજ છે? વસ્તુની સ્થિતિ શું છે? અને એની પ્રાપ્તિનો પ્રકાર શું છે? એવું એણે પહેલું સમજણમાં અને શ્રદ્ધામાં તો લેવું પડશેને? કે એમને એમ અદ્ધરથી સમ્યગ્દર્શન થઈ જશે? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સંઘની સેવા કરે તો?

ઉત્તર :- સંઘનો કોણ સેવા કરતું હતું? એ પોતે હવે માને છે. આ તમને કહે છે સંઘની સેવા કરે. એ તો પોતે ના પાડે છે હવે. ઈ હવે એ તો કહે. ભાઈ! આ હજાર ઘરના, પાંચ-દશ-દશ હજાર માણસની સેવા કરે લ્યો! એની ભૂલ શું કહેવાય? સેવા કોણે કરી? વિકલ્પ હોય તો રાગ છે એ તો.

અહીં તો કહે છે. ૮૦મી ગાથાનો ભાવ લઈને પછી

जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं।
सो जाणदि अप्पाणं मोहो खलु जादि तस्स लयं।।८०।।

તેનો દર્શનમોહ—મિથ્યાત્વમોહ નાશ પામે છે અને સમ્યગ્દર્શન થાય છે એને સમ્યગ્દર્શનની પ્રાપ્તિનું સ્વરૂપ શું? કે દ્રવ્યદૃષ્ટિ થતાં અભેદ ચિંતામણિ નિર્વિકલ્પ અનુભવમાં આવતાં જે ભેદદૃષ્ટિ અને પર્યાયદૃષ્ટિ અને વિકલ્પ ઉપર લક્ષ હતું એ છૂટી ગયું, ત્યારે એને અભેદ દૃષ્ટિ થતાં નિર્વિકલ્પ સમ્યગ્દર્શન, સ્વસંવેદજ્ઞાન અને સ્વરૂપ આચરણના આનંદનો સ્વાદ (આવ્યો) એ દશાને સમ્યગ્દર્શન કહે છે. સમજાણું કાંઈ? કપુરભાઈ! ભારે વાતું ભાઈ! અહીં તો દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરો, સમકિત (છે) જાવ, નવ તત્ત્વની શ્રદ્ધા કરો સમકિત છે. છ દ્રવ્યની (શ્રદ્ધા) ભગવાને કીધી. ના ના. એ ત્રણ કાળમાં નહિ. એ મિથ્યાત્વ છે, સાંભળ. ભેદની શ્રદ્ધા કરવી એ મિથ્યાત્વભાવ છે. આ નવના તત્ત્વના ભેદવાળી શ્રદ્ધા તે નવ તત્ત્વનો અનુભવ તે મિથ્યાત્વ છે. ઝીણી વાત છે.

મુમુક્ષુ :- પાક્કી વાત છે પણ હોં!

ઉત્તર :- પાક્કી ત્રણ કાળમાં ફરે નહિ. એક તત્ત્વ ચિદાનંદ જ્ઞાયકમૂર્તિને અભેદ દૃષ્ટિમાં લઈ અને અનુભવમાં સમ્યગ્દર્શન અને આત્માનો સ્વાદ આવવો એને ભગવાન સમ્યગ્દર્શન કહે છે. વજુભાઈ! વલ્લભભાઈએ તો બહુ એણે ધાર્યું હતું, એને તો બહુ સારું હતું મગજ એનું. વયા ગયા પણ. સ્થિતિ પૂરી થાય એમાં (શું થાય)? કેમ ભોગીભાઈ! ભોગીભાઈને એને લઈને છે. એની લાઈન શ્રદ્ધામાં આ માર્ગ છે અને આ જ રીત છે એમ એને પકડાઈ ગયું હતું. સમજાણું કાંઈ? આ બધા વાતું કરે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરો. શું દેવ પણ? દેવ-ગુરુ-શાસ્ત્ર તો પર છે. પરની શ્રદ્ધામાં તો વિકલ્પ ઊઠે એ તો રાગ છે. નવ તત્ત્વ... જે જીવ છું. જીવ એટલે? આ પર્યાયનો અંશ તે હું જીવ છું, આ રાગ તે આસ્રવ છે, આ શરીર તે અજીવ છે એવા ભેદ ઉપર લક્ષ છે એ તો પર્યાયબુદ્ધિ થઈ. પર્યાયબુદ્ધિનો અનુભવ એ તો મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા જ્ઞાયકમૂર્તિ પૂર્ણાનંદ પ્રભુ. પર્યાયનું લક્ષ તો નહિ, પણ આ આત્મામાં અનંત આનંદ છે અને હું આનંદનો ધરનાર એવો ભેદ-લક્ષ નહિ. એકલો અભેદ ભૂતાર્થ વસ્તુ ત્રિકાળ જ્ઞાયકસ્વરૂપ એનો અનુભવ થતાં આત્માનો સ્વાદ આવે, સ્વસંવેદનજ્ઞાન થાય અને એમાં પ્રતીતિ થાય કે આ શુદ્ધ આત્મા તે હું. સમજાય છે કાંઈ? ભારે સમકિત મોંઘુ! લોકોએ કરી નાખ્યું સોંઘું. ભોગીલાલભાઈ! એમ કહે છે ઘણાં હોં! મોંઘુ-સોંઘુ કર્યું નથી. છે એવું છે ઈ. પણ લોકોને ખ્યાલમાં ન હોય એટલે કાંઈ બીજી ચીજ થઈ જાય?

અહીં આચાર્ય કહે છે, '**મેં ચિંતામણિ પ્રાપ્ત કર્યો...**' કેમકે જેટલો હું આત્મામાં એકાગ્ર થાઉં એટલો મને આનંદ વધે એવો ચિંતામણિ આત્મા છે એમ કહે છે. જેમ ચિંતામણિ

પાસે જેવી ઈચ્છા કરે એટલું મળે. એમ મેં ચિંતામણિ પ્રાપ્ત કર્યો છે. જુઓ! સંસ્કૃતમાં પાઠ છે હોં! **'अथैवं प्राप्तचिन्तामणेरपि मे प्रमादो दस्युरिति जागर्ति–'** **'दस्यु'** એટલે ચોર. ઉપર છે, સંસ્કૃત છે. સંસ્કૃતનો અર્થ છે એ. ઉપરમાં. સમજાણું કાંઈ? આહા..હા..! હવે કહે છે જુઓ! એનો પહેલો શબ્દાર્થ લ્યો

**'અન્વયાર્થ :- જેણે મોહને દૂર કર્યો છે...'** અન્વયાર્થ છેને? શબ્દાર્થ છેને ભાઈ! એ. **'જેણે મોહને...'** એટલે મિથ્યાત્વને **'દૂર કર્યો છે અને આત્માના સમ્યક્ તત્ત્વને (–સાચા સ્વરૂપને) પ્રાપ્ત કર્યું છે...'** છે અન્વયાર્થ? જેણે ભગવાન આત્માને અનુભવીને મિથ્યાત્વ એટલે પર્યાયબુદ્ધિ, રાગબુદ્ધિ, ભેદબુદ્ધિ એનો નાશ કર્યો છે અને જેણે સ્વરૂપ ચૈતન્યમૂર્તિ... જુઓ! **'આત્માના સમ્યક્ તત્ત્વને (–સાચા સ્વરૂપને) પ્રાપ્ત કર્યું છે...'** અંતરમાં પૂર્ણાનંદ અખંડ અભેદ ચૈતન્ય છે એવી દૃષ્ટિમાં ભગવાન આત્માને પ્રાપ્ત કર્યો છે. આનંદના વેદનમાં આત્મા આવો છે એવો પ્રાપ્ત કર્યો છે.

**'એવો જીવ જો રાગદ્વેષને છોડે છે,...'** હજી રાગ-દ્વેષ બાકી છે. રાગ-દ્વેષથી, વિકલ્પથી રહિત એવા સ્વરૂપની અનુભવની દૃષ્ટિ થઈ, છતાં હજી રાગ-દ્વેષ ટળ્યા નથી. જો ટળ્યા હોય તો વીતરાગતા થઈ જાય. એટલે કહે છે કે જે મને હજી પ્રમાદનો વિકલ્પ ઉઠે છે એને જો છોડે છે **'તો તે શુદ્ધ આત્માને પામે છે.'** એટલે ચારિત્ર લે છે હવે. આત્માનો અનુભવ થયો, ચિંતામણિ અખંડાનંદ ભગવાન આનંદસ્વરૂપ હું છું. આનંદના સ્વાદમાં જ્ઞાનનું પ્રત્યક્ષપણું (થયું). મતિ અને શ્રુતજ્ઞાનથી આત્મા પ્રત્યક્ષ થયો ચોથે ગુણસ્થાને. સમજાણું કાંઈ? જે રાગને જાણતું, પરને જાણતું જ્ઞાન એ જ્ઞાને જ્ઞાનના જ્ઞાનને જાણ્યું. જ્ઞાનની પર્યાયે ત્રિકાળી જ્ઞાયકને જાણ્યો. એ પ્રત્યક્ષ જ્ઞાનમાં આત્મા, મતિશ્રુતમાં પ્રત્યક્ષ જ્ઞાનમાં આ આત્મા છે એમ સ્વસંવેદનમાં આવ્યો. વસ્તુ અખંડ અભેદ છે એમ પ્રતીતમાં આવી. આત્મા આનંદસ્વરૂપ (છે). આનંદનો સ્વાદ આવતાં એ આનંદનો અંશ છે એ આખો આનંદમય આત્મા છે એમ પ્રતીતમાં સમ્યગ્દર્શનમાં ચોથા ગુણસ્થાનમાં આ આવે છે. સમજાણું કાંઈ?

હવે **'જો રાગદ્વેષને છોડે છે,...'** કહે છે કે જે ચારિત્રદોષ છે હવે. સમ્યગ્દર્શન થયું. દર્શનદોષ નથી, મિથ્યાભ્રાંતિ નથી, અનુભવ અને આનંદનો સ્વાદ આવ્યો પણ હવે ચારિત્ર નથી. તો ચારિત્રમાં જે કાંઈ રાગ-દ્વેષ બાકી છે, એ જો ન છોડે... ચારિત્ર તો છે. સ્વરૂપનું ચારિત્ર ઉપરાંત, ત્રણ કષાયના અભાવરૂપ મુનિ જેને સાચા સંત કહીએ એને તો અંદર સમ્યગ્દર્શનનો અનુભવનો, આનંદનો સ્વાદ, એ ઉપરાંત ત્રણ કષાયના અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની એના અભાવરૂપ સ્વરૂપની શાંતિ અને આનંદની સ્થિરતા તો હોય છે પણ છઠ્ઠે ગુણસ્થાને પંચ મહાવ્રતના વિકલ્પ જે ઉઠે છે, કહે છે કે એ જો ન છોડું તો મારા ચિંતામણિનો અનુભવ ન થાય. આહા..હા..! સમજાણું કાંઈ? એવા છોડે નહિ તો તે શુદ્ધ આત્માને ન પામે અને અહીં **'શુદ્ધ આત્માને પામે છે.'** એમ લેવું છેને?

વસ્તુ ભગવાન આત્મા પૂર્ણ આનંદસ્વરૂપ ચિંતામણિ પ્રાપ્ત થયો અનુભવમાં, ખાત્રી થઈ કે હું શુદ્ધ આનંદ છું એવો સ્વાદ પણ આવ્યો, પણ હજી રાગ સ્વરૂપની સ્થિરતાનો શુદ્ધ ઉપયોગ નથી. ચારિત્ર છે, સ્વરૂપની રમણતાનું ચારિત્ર છે પણ શુદ્ધ ઉપયોગમાં હજી કચાશ છે. એટલે ઓલો પંચ મહાવ્રતનો મુનિને (વિકલ્પ આવે છે કે), આની આ દયા પાળું, આ વ્રત પાળું, આ વિકલ્પ એવો ભાવ છે એ ચારિત્રનો દોષ છે, એ વિકાર છે, એ પ્રમાદ છે, એ ચોર છે. ભારે આકરું! ભોગીલાલભાઈ! આ બધું સાંભળ્યું જાય એવું નથી કેટલાકથી તો. પકડી રાખ્યું છેને બહારનું. આહા..હા..!

ભાઈ! વીતરાગ માર્ગ તો આવો છે, ભાઈ! સર્વજ્ઞ પરમાત્માએ.. આગળ કહેશે ૮૨માં. અનંતા અરિહંતોએ તેમ કર્યું છે. ૮૨માં કહેશે હવે. તેમ કહ્યું છે. જેમ કર્યું છે તેમ કહ્યું છે. અને તારે પણ એ જ કરવાનું છે અને તેમ જ ઉપદેશમાં કહેવાનું હોય છે. ઝીણી વાત છે, ભાઈ! સમજાણું કાંઈ? આહા..હા..! હજી સમ્યગ્દર્શન કોને કહેવું એનું ભાન ન મળે. ચારિત્ર તો ક્યાં આવ્યા? સમજાણું કાંઈ? અને અહીં તો સમ્યગ્દર્શન પ્રાપ્ત થવા છતાં... જુઓ! ટીકા છેને?

ટીકા :- **'એ રીતે જે ઉપાયનું સ્વરૂપ વર્ણવવામાં આવ્યું...'** એ રીતે ઉપાયનું સ્વરૂપ વર્ણવવામાં આવ્યું. એ શું ઉપાય? આ કીધો એ પહેલો. એ ૮૦માં આવી ગયું છે. **'તે ઉપાય વડે મોહને દૂર કરીને પણ,...'** તે ઉપાય નામ અખંડ આનંદની અંતર દૃષ્ટિ કરી અને અનુભવ કરીને, મોહનો નાશ કરીને પણ. મોહ એટલે દર્શનમોહ. એ ઉપાયનું સ્વરૂપ વર્ણવવામાં આવ્યું. અખંડ અભેદ દૃષ્ટિ કરીને સમ્યગ્દર્શન થયું. એ ઉપાયનું સ્વરૂપ વર્ણવવામાં આવ્યું. એ ઉપાય વડે મોહને દૂર કર્યો. અખંડ અભેદ ચૈતન્યના અનુભવ દ્વારા મિથ્યાત્વનો નાશ કર્યો.

**'સમ્યક્ આત્મતત્ત્વને પામીને પણ,...'** ઉપાય વડે મોહ દૂર કર્યો. વ્યય થયો વ્યય. ઉત્પાદ શું થયો? સમ્યક્ આત્મતત્ત્વની પર્યાયમાં પ્રાપ્તિ થઈ આનંદની. એવું હોવા છતાં પણ **'જો જીવ રાગદ્વેષને નિર્મૂળ કરે છે,...'** જે જીવ પુણ્ય-પાપના વિકલ્પ જે મુનિને છઠ્ઠે ગુણસ્થાને ઉઠે છે પુણ્યના, એને પાપના તો છે જ નહિ. આહા..હા..! અઠ્ઠાવીશ મૂળગુણ મુનિને હોય છે. અચેલપણું, અહિંસાપણું, સત્યપણું, દત્તપણું, બ્રહ્મચર્યપણું એવા પંચ મહાવ્રતનો વિકલ્પ છે. કહે છે કે એ રાગ-દ્વેષના પરિણામ છે. એ જો નિર્મૂળ કરે છે **'તો શુદ્ધ આત્માને અનુભવે છે.'** તો એને સમ્યગ્દર્શનમાં અનુભવ ઉપરાંત જો રાગ-દ્વેષને ટાળે છે તો સ્વરૂપના આનંદનો શુદ્ધ ઉપયોગમાં એને અનુભવ થાય છે અને એ શુદ્ધ ઉપયોગ તે ચારિત્ર છે. સમજાણું કાંઈ?

વીતરાગ માર્ગ છે તે વીતરાગદૃષ્ટિથી ઊભો થયો છે પહેલો. રાગ વિનાની નિર્વિકલ્પ દૃષ્ટિથી આત્માનો અનુભવ થયો. એ વીતરાગદૃષ્ટિ એ સમ્યગ્દર્શન. હવે ઓલા રાગ બાકી

રહ્યા છે હજી એ રાગને ટાળે તો શુદ્ધ ઉપયોગરૂપી વીતરાગચારિત્ર થાય. સરાગ ચારિત્ર એટલે સ્વરૂપની પ્રાપ્તિ, એ ઉપરાંત ચારિત્રમાં ચરવું, રમવું હોવા છતાં શુદ્ધ ઉપયોગની એકતાનું ચારિત્ર ન હોય ત્યાં સુધી તે રાગના કારણે પ્રમાદથી ચૈતન્યનો અનુભવ ચોરાઈ જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ!

કહે છે, '**તો શુદ્ધ આત્માને અનુભવે છે. (પરંતુ) જો ફરી ફરીને તેમને અનુસરે છે—**' જુઓ! અરે..! આત્મા ચિંતામણિનો અનુભવ થયો, દૃષ્ટિમાં ભાન થયું, આત્માનો સ્વાદ આવ્યો, પણ જો ફરીને પાછા રાગમાં જોડાણ થાય તો ચારિત્રદોષથી આત્માનો ચિંતામણિનો જે અનુભવ ઉગ્ર થવો જોઈએ એ ઉગ્ર અનુભવ થતો નથી. સમજાય છે કાંઈ? '**જો ફરી ફરીને તેમને અનુસરે...**' રાગને અનુસરે, એ વિકલ્પને પંચ મહાવ્રતના વિકલ્પને અનુસરે તો '**રાગદ્વેષરૂપે પરિણમે છે...**' એવી વાત છે આ. તમારા નોવેલ-કથાથી આ બીજી જાત છે આ. બીજી જાત છે કે નહિ? એ તો એને ખ્યાલ આવે છે.

મુમુક્ષુ :- આ તો રોજેરોજ બને છે.

ઉત્તર :- બને છે. આ તો વસ્તુ આવી છે. એ તો હવે એને ખ્યાલ આવે છે. આમ તો બુદ્ધિવાળા છે કે નહિ? એઈ..! પ્રાણભાઈ! એને પ્રાણભાઈ એમ કહે હળવે હળવે.. મોટા સાહિત્યકાર છે આ. મોટા નોવેલ બનાવે છે, મોટા હજારો માણસમાં ભાષણ આપે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ સાહિત્ય સમજ્યા વિના સાહિત્યના મીંડા છે. ગુલાબરાય કહેવાય છેને, નવલકથાના બનાવનારા. ઘણા પ્રસિદ્ધ છે. નવલકથા બનાવે ગપ્પની બધી કથાઓ એવી બનાવે ને લોકો રાજી થઈ જાય પણ, લોકો તાળીયું પાડે.

મુમુક્ષુ :- તાળીયું પાડે એમાં પણ જીવને શું આવ્યું?

ઉત્તર :- પણ તાળીયું પાડે તો આત્મા રાજી થાયને. કહો, પ્રાણભાઈ! એ તો એના ભાઈની વાત કરતા હતાને, હળવે હળવે આવશે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આવી હતી તેવી. તે દિ' એવી આવી સવાર-બપોર. અત્યારે આ અને સવારમાં સમયસાર ૧૭ અને ૧૮ ગાથા. સમજાણું કાંઈ?

કહે છે, અરે..! મારો ભગવાન આત્મા મને ભેટ્યો. આહા..હા..! ભોગીભાઈ! કહે છે કે મારો ભગવાન મને ભેટ્યો. હું રાગને અને પુણ્યને મારો માનીને રાગને ભેટો કરતો એ મિથ્યાત્વભાવ હતો. રાગનું કર્તવ્ય મારું છે અને રાગનો ભેટો પુણ્ય, દયા, દાન, વ્રત, વિકલ્પ હોં! એ મારું કર્તવ્ય છે અને એ હું કરું છું એ માન્યતા રાગનો ભેટો અને મિથ્યાત્વનો ભેટો હતો. મેં હવે આત્માનો ભેટો કર્યો એમ કહે છે. આહા..હા..! રાગ વિનાની ચીજ સચ્ચિદાનંદ પ્રભુ શાશ્વત જ્ઞાન અને આનંદનો કંદ એને મેં ભેટ્યો. છતાં એ ભગવાનનો પૂર્ણ અનુભવ

ન થાય અને રાગને જો અનુસરે તો એ અનુભવથી પ્રાપ્તિ થવી જોઈએ એ પ્રાપ્તિ ન થાય. આહા..હા..! સમજાણું કાંઈ? છઠ્ઠે ગુણસ્થાને ભાવલિંગી સંત પોકાર કરે છે આ. છઠ્ઠે ગુણસ્થાને જંગલમાં રહ્યા મુનિ. વનવાસી સંતો હતા આ બધા. આનંદસ્વરૂપને પ્રાપ્ત કરી અને ચારિત્રમાં રમતા હતા. પણ કહે છે કે આ વિકલ્પ ઊઠે છેને પંચ મહાવ્રતનો, આ ભક્તિનો, નામસ્મરણનો એ બધો પ્રમાદરૂપી ચોર છે. ભોગીદાસભાઈ! ભારે આકરું.

મુમુક્ષુ :- અમે ધર્મ માનીએ એને આપ કહો કે...

ઉત્તર :- ધર્મ માને તો મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. ધર્મ કેવો રાગમાં? રાગ તો પોતે અધર્મ છે. સમજાણું કાંઈ? આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ પ્રભુ ચૈતન્યમૂર્તિ છે એ તો. સચ્ચિદાનંદ સત્ નામ શાશ્વત વસ્તુ અને જ્ઞાન અને આનંદનો પિંડ છે. એનાથી વિરુદ્ધ જેટલી વૃત્તિઓ ઉઠે શુભ કે અશુભ બધું ઝેર અને આત્માથી વિરુદ્ધ છે. આહા..હા..! કહે છે... મુનિ પોતે આચાર્ય ણમો લોએ સવ્વ આઈરિયાણંમાં છે આ.

મુમુક્ષુ :- પોતાની જ વાત કરે છે.

ઉત્તર :- પોતાની વાત કરે છે. ણમો લોએ સવ્વ... આ છેને ણમો લોએ સવ્વસાહુણં આવે છે ને? એ ખરેખર તો પાંચેયને લાગુ પડે છે. એ તો અંતદીપક શબ્દ છે. અંત એટલે છેલ્લો શબ્દ છે. ણમો લોએ સવ્વ સાહુણં. બાકી તો બધાને ચારેયને લાગુ પડે છે. ણમો લોએ સવ્વ અરિહંતાણં, ણમો લોએ સવ્વ સિદ્ધાણં. ધવલમાં એવો પાઠ છે ચોખ્ખો. છેલ્લો શબ્દ છે પણ અંતદીપક છે બાકી ચારેયને બધાને લાગુ પડે છે. ણમો લોએ સવ્વ અરિહંતાણં. કારણ કે અરિહંત ભગવાન કોઈ કેવળજ્ઞાન, કોઈ સમુદ્ઘાતમાં હોય, કોઈ એકલા હોય, કોઈ અમુક હોય એ બધા પ્રકારો અરિહંતના એ બધા લોકમાં બિરાજમાન સર્વજ્ઞ પ્રભુ એને નમસ્કાર! ણમો લોએ સવ્વ સિદ્ધાણં. સિદ્ધ ત્યાં બિરાજે છે, કોઈ અહીં સિદ્ધ થયા હોય, અહીં થઈને જાતા હોય હજી એ બધા લોએ સવ્વ સિદ્ધાણંને નમસ્કાર થાય છે. ણમો લોએ સવ્વ આઈરિયાણં. આચાર્યો આત્માના અનુભવમાં, આનંદમાં કેલી કરતા હોય એ કોઈ ધ્યાનમાં મેરુ પર્વત ઉપર ગયા હોય, કોઈ નીચે ગયા હોય, ધ્યાનમાં બેઠા હોય એ બધા ણમો લોએ સવ્વ... આ આવા હોં પણ. નામ ધરાવનારા એ નહિ. ભોગીભાઈને પણ શું કરવું હશે આ? કહો, પ્રમુખ મોટા થયા હોયને.

અહીં કહે છે ણમો લોએ સવ્વ આઈરિયાણં. જે આચાર્યો આત્માના આનંદનો, જ્ઞાનનો અનુભવ કરે છે, આ શ્રદ્ધાનો અનુભવ કરે છે, સ્થિરતાનો અનુભવ કરે છે, વીર્યનો અનુભવ કરે છે અને ઇચ્છાના નિરોધરૂપી ઉગ્ર પુરુષાર્થના આનંદનો અનુભવ કરે છે એ આચાર્ય છે. એ ણમો લોએ જ્યાં જ્યાં હોય ત્યાં. આવા હોં ણમો લોએ એટલે. બીજા પાખંડી વેશધારી, નામ ધરાવે એ નહિ. જેને ગણધરનો નમસ્કાર પોગે તે આચાર્ય. કેમકે ગણધર જ્યારે શાસ્ત્ર રચે ત્યારે આ શબ્દ એના સ્મરણમાં આવે. ણમો લોએ સવ્વ અરિહંતાણં, ણમો લોએ...

જ્યારે શાસ્ત્ર રચના કરે છે (ત્યારે) એ વિકલ્પ ઉઠે છે. ણમો લોએ સવ્વ સિદ્ધાણં, ણમો લોએ સવ્વ આઈરિયાણં, ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયણં, ણમો લોએ સવ્વ સાહુણં. પહેલા બે ઘડી આત્માની સ્થિરતાના રમણતામાં હોય અને આ અબજો વર્ષથી ગણધર થયા હોય, પણ જ્યારે સ્મરણ કરે ત્યારે ણમો લોએ સવ્વ સાહુણં. જે કોઈ આત્માના આનંદના અનુભવમાં રમતા સંતો વીતરાગની દૃષ્ટિ સહિત એવા બધા સંતોને મારો ચરણમાં નમસ્કાર છે. આહા..હા..! જેને ગણધરનો નમસ્કાર પોગે એ સાધુ ને આચાર્ય કેવા હશે! એ.. અમરચંદભાઈ! ભારે વાતું!

પાંચ નોકાર સ્મરણ તો કરેને વિકલ્પ આવે ત્યારે, શાસ્ત્ર રચે ત્યારે. ભગવાનની વાણી નીકળી. ૐ ધ્વનિ છૂટી. પછી ગણધર શાસ્ત્ર રચેને? ત્યારે (શાસ્ત્ર રચે એ પહેલા) પણ પાંચ નોકાર પહેલા આવે કે નહિ? તો ગણધરને ચાર જ્ઞાન અને ચૌદ પૂર્વની રચના અંતર્મુહૂર્તમાં પ્રગટ થઈ. હજારો-લાખો સંતના નાયક. ણમો લોએ સવ્વ સાહુણં. હે સંત! તારા ચરણમાં મારો નમસ્કાર. એ કેવા? કે જેને આત્માના આનંદનો સ્વાદ સમ્યગ્દર્શનમાં આવ્યો છે, એ ઉપરાંત વીતરાગી દશામાં પ્રચુર આનંદની દશા પ્રગટ થઈ છે. અને એને વિકલ્પ ભલે હો, પણ એ વિકલ્પ વંદનીય નથી. પંચ મહાવ્રતનો જે વિકલ્પ છે એ રાગ વંદનીય નથી. વંદનીય તો ઓલી અવિકારી દશા તે વંદનિક છે. સમજાણું કાંઈ? શરીર વંદનીય નથી. આ શરીર નાગું થયું, નગ્ન થયું માટે વંદનિક. શરીર તો જડ છે. એ વંદનિક છે? અંદર રાગ ભાઈ કહે છે આ. રાગ એ વંદનિક છે? પ્રમાદ ચોર આવે છે પંચ મહાવ્રતનો વિકલ્પ એ રાગ છે, એ વંદનિક છે? એ તો કહે છે કે ટાળું તો અનુભવ થાય, રહે તો મારો અનુભવ ચોરાઈ જાય છે. આહા..હા..! 'એવો માર્ગ વીતરાગનો ભાખ્યો શ્રી ભગવાન.' આવો માર્ગ વીતરાગ ભગવાને કહ્યો છે, ભાઈ! સમજાય છે? સમવસરણના મધ્યમાં ભાખ્યો શ્રી સીમંધર ભગવાન. આવો માર્ગ ભગવાને કહ્યો છે. અત્યારે કહે છે ભગવાન. મહાવિદેહક્ષેત્રમાં પરમાત્મા સાક્ષાત્ ત્રિલોકનાથ સીમંધર પ્રભુ બિરાજે છે. આજ રીતે કહે છે. આહા..હા..!

મુમુક્ષુ :- રોજ કહેતા હશે?

ઉત્તર :- રોજ. જ્યારે જ્યારે છ ઘડીની પ્રરૂપણા આવે ત્યારે આખું પૂરું બધું કહે. કેવળજ્ઞાન છેને તો ધ્વનિ ઉઠે તો ૐ ધ્વનિ બધું આવે એમાં. સમજાણું કાંઈ?

કહે છે, મેં તો ઉપાયથી આત્માને પ્રાપ્ત કર્યો. **'પણ, સમ્યક્ આત્મતત્ત્વને પામીને...'** સમ્યક્ આત્મા. સમ્યક્ કેમ કીધું? રાગવાળો અને પુણ્યવાળો આત્મા એમ માન્યો હતો એ તો મિથ્યાત્વ હતું. કારણ કે રાગ છે એ આસ્રવતત્ત્વ છે અને આત્મા એનાથી ભિન્ન છે. પંચ મહાવ્રતનો વિકલ્પ પણ આસ્રવતત્ત્વ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ન સમજે એને... તે દિ' એક ફેરી કહ્યું હતું. દેવચંદજીએ નથી એમની ભાષા ભગવાનની કરી નહોતી?

પ્રભુ તુમ જાણગ રીતિ સૌ જગ દેખતા હો લાલ.
પ્રભુ તુમ જાણગ રીતિ સૌ જગ દેખતા હો લાલ.
નિજ સત્તાએ શુદ્ધ સૌને પેખતા હો લાલ.

ભગવાન આ આત્મા આનંદકંદ છે, પુણ્ય-પાપના વિકલ્પ વિનાનો છે એવો આપે આ આત્માને જોયો છે, એવા અનંતા આત્માને એવા તમે જોયા છે. એમ કહે છે. નિજ સત્તાએ શુદ્ધ સચ્ચિદાનંદ, પૂર્ણાનંદ રાગ અને વિકલ્પથી રહિત એને આપે જોયો છે, એને આત્મા આપે કહ્યો છે. એ આપે જોયો એવો અમે જોઈએ એટલે આપે જોયાની અને અમારી જોવાની એક દૃષ્ટિ થઈ ગઈ. સમજાણું કાંઈ? ભારે! સમજાણું આમાં? આકરું પડે તો થોડું વિચારવા જેવું છે. ...ભાઈ! ન બેસે તો વિચારવા જેવું છે આ. માર્ગ આ છે. સોંઘો-ફોંઘો કોઈ બતાવતા હોય તો એ સોંઘાનું મોંઘું થઈ પડશે. સમજાણું કાંઈ? આહા..હા..!

દાખલો આપ્યો હતોને હમણા ઓલો નહિ? આંધળાનો. હોડીમાં. એક નાવ હતીને નાવ. આ વહાણના ચલાવનારા. એટલે એનો બાપ મરી ગયેલો. તો એક હોડી પડેલી હોડી મોટી. તૂટેલી ફૂટેલી. પછી ડોશી અને દીકરો. દીકરો આંધળો નાની ઉંમરનો. પંદર-વીસ વર્ષનો થયો. હવે એને ખાવાનું કાંઈ ન મળે. સાધન શું કરવું? બળેવનો દિવસ અને અહીં નર્મદાથી ઓલી કોર જાવું. નર્મદા મોટી છે. હવે એમાં વહાણ પોતાનું તૂટેલું પડ્યું. હવે શું કરવું? પછી તૂટેલાને સો-બસ્સો રૂપિયા લઈ, કાગળ-બાગળ ચોડી બરાબર સારું વહાણ બનાવ્યું અને આંખે લગાવ્યા ચશ્મા. એટલે શું કે આંધળો છે એમ ન જાણે. આવ્યા. ઓલા બધા લાખો માણસ સામે જતા હતા. બીજા વહાણવાળા કહે બે રૂપિયા. આ કહે આઠ આના. આવો બેસવું હોય એને આઠ આના. બધા બેઠા. ભોગીલાલભાઈ! વહાણમાં બેઠા. કેવું વહાણ?

મુમુક્ષુ :- તૂટેલું.

ઉત્તર :- પણ કાગળ ચોડેલા સારા હોં! વેશ સારો.

મુમુક્ષુ :- દેખાવ..

ઉત્તર :- હા, ઓલા કરતા દેખાવ સારો. ઓલો બાયડી-છોકરા પહેરે એ કરતાં લૂગડાં બીજા પહેરે. નગ્ન થઈ ગયો. વેશ સારો. એમાં બેઠા. જ્યાં થોડું ચાલ્યું તો કાગળ પલળ્યા. પાણી અંદર આવવા માંડ્યું. અરે..! ભાઈ! આ શું થયું? હું આંધળો છું. તમે આંધળા કેમ થયા? બે રૂપિયા બેસવાના આઠ આના તમને ભાન નથી? ગુલાબરાય! આ બે રૂપિયા મૂકીને આઠ આનામાં (બેસાડું છું તો) કાંઈક આમાં ફેર છે એટલી તમને ખબર નથી? આંધળા તમે છો? એ અમે અને તમે બધા બૂડવાના આમાં. એમ સોંઘા બનાવીને આ વહાણ તૂટલા આપવા છે એને, એમાં બેસાડવા છે. ગુલાબરાય!

ભાઈ! માર્ગ તો આ છે પ્રભુ! અંદર સ્વરૂપ... આચાર્ય તો પોકાર કેટલો (કરે છે), ઓહો..હો..! ગાથા કેવી આવી છે જુઓ! મારો આત્મા સચ્ચિદાનંદ અખંડાનંદ આનંદકંદ

પ્રભુ છે આત્મા એને મેં પ્રાપ્ત કર્યો છે, મેં અનુભવ્યો છે, મારા ભાનમાં એ આવી ગયો છે આત્મા પણ હજી, ચારિત્રપણું સ્વરૂપની રમણતાનું થઈ ગયું છે પણ હજી શુદ્ધ અનુભવનો જે શુદ્ધ ઉપયોગ જે પૂર્ણ જોઈએ સાતમા ગુણસ્થાનની દશા એ મને નથી. એથી આ વિકલ્પ મારો અનુભવ ચોરી લે છે. આહા..હા..! પંચ મહાવ્રતના પરિણામ મને મારા અનુભવમાં સ્થિરતાને લૂંટી લે છે. માટે જાગૃત થઈને મારા સ્વરૂપમાં રહેવું એ જાગૃત થાઉં છું કહે છે. આહા..હા..! આવી વાત તો કાંઈ તમારે ભાષણ-બાષણમાં આવતી ન હોય. દીધે રાખે આડુઅવળું. ઓલા ખુશી થઈ જાય ત્યાં. કેમ ભાઈ? પ્રાણભાઈ! આ તો આત્મરંજનની વાત છે. એવી વાત છે. આહા..હા..!

ભગવાન! તું તો અતીન્દ્રિય અનાકુળ આનંદનો કંદ છોને પ્રભુ! કહે છે કે એવો અમને અનુભવ થયો, આનંદસ્વરૂપ જ છે. આમાં રાગ નથી, પુણ્ય નથી, શરીર નથી, વાણી નથી અને અપૂર્ણ નથી. એ પૂર્ણાનંદ પ્રભુ છે. એવો પ્રાપ્ત કર્યો છતાં.. જુઓ! '**જો જીવ રાગદ્વેષને નિર્મૂળ કરે છે, તો શુદ્ધ આત્માને અનુભવે છે.**' એ પંચ મહાવ્રતનો વિકલ્પ છે એને છોડીને સ્થિર થાય તો આત્માનો અનુભવ ઉગ્રપણે કરે તો એ મુક્તિનું કારણ થાય. '**ફરી ફરીને તેમને અનુસરે છે—રાગદ્વેષરૂપે પરિણમે છે, પ્રમાદ-આધીનપણાને લીધે શુદ્ધાત્મતત્ત્વના અનુભવરૂપ ચિંતામણિ ચોરાઈ જવાથી...**' આહા..હા..! અરે..! ઓલો શુભરાગ પણ ચિંતામણિ અનુભવને રોકનાર છે કહે છે. અનુભવ સમ્યગ્દર્શનનો છે, અમુક ચારિત્રનો પણ છે, પણ શુદ્ધ ઉપયોગરૂપી ચારિત્ર નથી એના માટે પોકાર કરે છે. આવો જે શુભ ઉપયોગ આવી જાય છે વચમાં. અરે..! '**શુદ્ધાત્મતત્ત્વના અનુભવરૂપ...**' પ્રમાદને આધીન થવાથી '**ચિંતામણિ ચોરાઈ જવાથી...**' આહા..હા..! એ.. જયંતિભાઈ! આને તો હજી કાંઈ ભાન પણ ન મળે, શ્રદ્ધા કોને કહેવી? સમ્યગ્દર્શન કોને કહેવું? અને થઈ ગયા ધર્મી. ભારે! સહેલો ધર્મ ભારે. સહેલો એટલે? સહેલો સહેલો એટલે? સેલી... સેલી એટલે રાખ જેવો. આહા..હા..!

ભાઈ! તને ખબર નથી, પ્રભુ! સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્મા વીતરાગ પરમેશ્વરે અનંતા.. આગળ કહેશે ૮૨માં. '**सव्वे वि य अरहंता**' ૮૨માં કહેશે. છેને ૮૨મી ગાથા જુઓ! '**सव्वे वि य अरहंता तेण विधाणेण खविदकम्मंसा।**' અનંતા તીર્થંકરોએ આ વિધિથી કર્મનો નાશ કર્યો છે. બીજી વિધિ છે નહિ. ૮૨મી ગાથા છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાન.. એ કીધું. ૮૨માં એ કહ્યું અને પાછું કીધું છે કે '**किच्चा तधोवदेसं**' ભગવાનની વાણીમાં તો ઉપદેશ પણ એ જ આવ્યો, કે અમે જેમ રાગથી ભિન્ન પાડીને આત્માને અનુભવ્યો અને રાગથી જુદો કરીને શુદ્ધ ઉપયોગ પ્રગટ કર્યો અને શુદ્ધ ઉપયોગથી અમને અરિહંતપદ મળ્યું, એ રીતે તમને ઉપદેશ કર્યો કે તમારે પણ આ કરવાનું છે. આહા..હા..! એ ૮૨મી ગાથામાં છે. '**सव्वे वि य अरहंता**' અનંતકાળથી અરિહંતો થતા આવે છે, મહાવિદેહમાં

બિરાજે છે. 'सव्वे वि य अरहंता' એમ શબ્દ લીધો. સર્વે તીર્થંકરોએ આવો જ અનુભવ સ્વરૂપની દૃષ્ટિનો, રાગથી ભિન્ન ચિંતામણિ પ્રાપ્ત કરી, પછી શુદ્ધ ઉપયોગનો અનુભવ રાગને ટાળીને કર્યો એ શુદ્ધ ઉપયોગના ફળમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. એવા અનંત અરિહંતોએ આ કર્યું. એવો મુખમાંથી વાણીનો ધ્વનિ ઉપદેશ પણ એવો આવ્યો છે. કર્યું એવો આવ્યો. કર્યું એવું કહ્યું, કર્યું એવું કહ્યું. સમજાણું કાંઈ? ભારે લાગે આ કે આ તો મોટી મોટી વાતું. અરે..! ભગવાન! મોટી નથી, તારા ઘરની આ જ છે. પણ હવે એ દિશા જ વિષય જ કોઈ દિ' નથી લીધો લક્ષમાં. સમજાણું કાંઈ?

પોતે કોણ છે અંદર? સચ્ચિદાનંદ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એની એને ખબર નથી અને બહારની કિંમતું, બહારની મહિમા. ઓલા શુભભાવની મહિમા એ મિથ્યાત્વ છે એમ કહે છે અહીં. આહા..હા..! ભગવાન આત્મા પૂર્ણાનંદ શુદ્ધની મહિમા છોડી અને શુભની મહિમા કરે તો મિથ્યાદૃષ્ટિ છે. પણ અહીં કહે છે કે શુદ્ધની મહિમા થયા પછી પણ શુભને આધીન થઈ જાય તોપણ પ્રમાદરૂપી ચોર (દ્વારા) મારો ચિંતામણિ લૂંટાઈ જાય છે. સમજાણું કાંઈ? ભારે પણ આ. આ હા હો ને હરીફાઈના આ કાળમાં આવું! માર્ગ તો આ છે બાપા! ત્રણ કાળ, ત્રણ લોકમાં. 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ.' બીજા બે ને ત્રણ, ચાર આ હોય ને આ હોય એમ હોઈ શકે નહિ. બલુભાઈ! માર્ગ તો આ છે બાપુ! આકરું લાગે એવું જરી છે. અંદર ગળે ઉતરવું કઠણ પડે. બહુ સાંભળ્યું હોયને બીજું. પૂજાઓ કરો, શાંતિયજ્ઞ કરો, સ્નાત્ર કરો. શું કહેવાય એ? આપણને બહુ ખબર નથી. શાંતિસૂત્ર. એય..! ભોગીદાસ! શાંતિસ્નાત્ર કરો. આ કરો તો ભગવાન.. ધૂળેય નહિ થાય સાંભળને. લાખ શાંતિસ્નાત્ર કરે તોપણ અંદર લક્ષ જાય તો શુભવિકલ્પ છે લે! સમજાણું કાંઈ? માર્ગ આ છે. શું કીધું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વિકલ્પ છેને. પણ દોષ છે એ, બંધન છે એ, નુકસાન કરનાર છે એ. ... હજી નક્કી તો કરે. એને હજી મીઠાશ છેને ત્યાં.

અહીં તો કહે છે કે મુનિને પંચ મહાવ્રતના પરિણામ આવે એ મને નુકસાન કરનારા, અનુભવને લૂંટનારા છે. ઓલો તો ક્યાંય મિથ્યાદૃષ્ટિના વિકલ્પની ગણતરી જ ક્યાં છે ત્યાં? અને એ તો ત્યાં માને છે કે આમાં મને ધર્મ થાશે અને આ કરતા કરતા આગળ વધીશ. એ તો મિથ્યાત્વનું પોષણ કરે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આ લક્ષમાં રાખીને બધું કરે.

ઉત્તર :- પણ (આત્મા) લક્ષમાં રાખીને કરવું એ જ લક્ષમાં નથી (તો) મિથ્યાત્વ છે. એની કર્તાબુદ્ધિ એ જ મિથ્યાત્વ છે. આ તો આવી જાય છે એ પણ મારા સ્વરૂપને લૂંટનારા છે એમ કહે છે. આહા..હા..! જ્યાં કર્તૃત્વબુદ્ધિ છે કે હું કરું છું અને મારું કર્તવ્ય છે, ત્યાં તો સ્વભાવનો અનાદર છે અને ત્યાં તો મિથ્યાત્વભાવનું પોષણ છે. સમજાણું કાંઈ? છે

એવી વાતું બાપુ! દુનિયાથી વીતરાગનું માર્ગનું પડખું જુદું છે. આ પડખે ચડવું અને દુનિયાને પડખે રહેવું, બે નહિ બને. એય..! ભોગીદાસભાઈ! એને તો વલ્લભભાઈ કહી ગયા છે ઘણું. ભાઈ! માર્ગ તો આ છે હોં! કેમ? ધીરૂભાઈ! બાપા કહી ગયા છે બહુ. આહા..હા..! માર્ગ તો આ છે બાપા! ત્રણ કાળ ત્રણ લોકમાં. ભગવાન પાસે જાય તો આ છે, સાચા સંતો પાસે જાય તો પણ આ છે, સમકિતી પાસે જાય તો આ માર્ગ છે, બીજી કોઈ માર્ગ છે નહિ. સમજાણું કાંઈ?

આમાં તો આવી ગયું હતું ને, કે આ પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાય છેને (એને) પૂર્ણ અરિહંતની સાથે મેળવે છે. આ દ્રવ્ય પરિપૂર્ણ છે વસ્તુ, ગુણ છે પરિપૂર્ણ અને આ પર્યાય. એ ત્રણ ઉપરનું ભેદ લક્ષ રહે તો પણ વિકલ્પ રાગ છે. એ રાગ પણ આત્માના સમ્યગ્દર્શનને પામવામાં વિઘ્ન કરનાર છે.

મુમુક્ષુ :- પોતાની પર્યાયમાં?

ઉત્તર :- પોતાની પર્યાય પ્રાપ્ત કરવામાં એ રાગ વિઘ્ન કરનાર છે. એ તો આવી ગયું, ૮૦માં ઘણી વાત (આવી ગઈ).

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સમ્યગ્દષ્ટિની. સમ્યગ્દષ્ટિની વાત છે. વીતરાગપદ,... આ તો હવે કરે છે એની વાત છે. હવે તો વીતરાગ પદ (પામવાની) વાત છે. એ તો સમ્યગ્દર્શનની. હજી વિકલ્પ આ દ્રવ્ય ને ગુણ ને પર્યાય એવા ભેદનો વિકલ્પ છે એ પણ નિર્વિકલ્પ સમ્યગ્દર્શનને વિઘ્ન કરનાર છે. એ વિકલ્પના ભેદનું લક્ષ છોડી એકલો ચિદાનંદ અભેદનો અનુભવ કરે એને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. એની તો વાત થઈ ગઈ, આ ઘણી વાત થઈ ગઈ. લોકોને બેસતી નથી. વાત એવી લાગે છે ને. આખું વીતરાગી તત્ત્વ જ ઊંધેકાંધ માર્યું છે લોકોએ. માન્યતામાં અને પ્રરૂપણામાં અને લેખકમાં. ઊંધે-ઊંધે. અને માને કે અમે સારું ને ઠીક કરીએ છીએ. ભોગીલાલભાઈ! ભાઈ! મોટા માણસને પછી ત્યાં ઓલા બહારમાં રહેવું શી રીતે એટલે જરી હળવે-હળવે (કહેવાય). માર્ગ તો આ છે બાપુ!

આત્માનો... શાસ્ત્ર તો એમ કહ્યું આવી ગયું પહેલું ૮૦માં ઘણો વિસ્તાર થઈ ગયો કે અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાય લક્ષમાં લે તોપણ રાગ છે, પુણ્યબંધનું કારણ છે, ધર્મ નહિ, એ ધર્મનું કારણ નહિ. પણ એના જેવો હું છું એવા દ્રવ્ય-ગુણ-પર્યાયના ત્રણ ભેદને મનમાં કળી લે એ રાગ છે. એ તો આવી ગયું છે બધું વિસ્તારથી. એનો (ભેદ) છોડી દઈને, એકલો ચૈતન્ય અખંડ અભેદ એકની એકાગ્રતા, એકના લક્ષ વિના એકાગ્રતા નહિ અને એકાગ્રતામાં એકનું લક્ષ હોય છે, ભેદનું લક્ષ ન હોય. સમજાણું કાંઈ? એને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ અભેદની દૃષ્ટિ થતાં થાય છે. એવું થયા પછીની આ તો વાત છે હવે.

ચિંતામણિ પ્રાપ્ત કર્યો, અભેદદૃષ્ટિનો અનુભવ કર્યો, આ આત્મા ચિંતામણિ મળ્યો, પણ

જો હું રાગમાં દોરાઈ જઈશ શુભ પરિણામમાં, તો એને લપેટ થઈને ભેટવાનો જે શુદ્ધ ઉપયોગનો અનુભવ એ નહિ થાય. આહા..હા..! સમજાણું કાંઈ? એ રાગ છે એ. જુઓ! **'શુદ્ધાત્મતત્ત્વના અનુભવરૂપ ચિંતામણિ ચોરાઈ જવાથી અંતરમાં ખેદ પામે છે.'** આહા..હા..! અરે..! પંચ મહાવ્રતનો વિકલ્પ ઊઠે એ ખેદ છે, દુઃખ છે, આકુળતા છે, રાગ છે, અમૃત સ્વરૂપથી વિરુદ્ધ એ ઝેર છે. 'વચનામૃત વીતરાગના પરમ શાંતરસ મૂળ, ઔષધ જે ભવરોગના પણ કાયરને પ્રતિકૂળ.' આહા..હા..! સાંભળવા કઠણ પડે. ઊભા ન રહે ત્યાં. સમજાણું કાંઈ? ભાઈ! ત્રણ લોકના નાથ વીતરાગ પરમેશ્વર એણે કહ્યું કે અમે આમ વીતરાગપણું પ્રાપ્ત કર્યું છે દૃષ્ટિમાં પહેલા અનુભવથી અને પછી સ્થિરતામાં વીતરાગપણાથી, એ રીતે તું કર તો તને પરમાત્મપદ પ્રાપ્ત થાય, મુક્તિ થાય. તો શુદ્ધ આત્માની પ્રાપ્તિ તને થાય.

**'અંતરમાં ખેદ પામે છે.'** કહે છે. આહા..હા..! ત્રણ કષાયનો નાશ થઈ ચારિત્ર છે હોં! સમ્યગ્દર્શન છે એ ઉપરાંત સ્વરૂપની રમણતા, શાંતિનો ઉભરો આવે છે અંદર. મુનિને શાંતિનો અકષાયભાવનો છઠ્ઠે ગુણસ્થાનને યોગ્ય ઉભરો આવે છે. એમાં પણ જ્યાં વિકલ્પ ઊઠે છે એમાં જો દોરાઈ જાય તો ખેદ થાય છે, ખેદ થાય છે. સ્વરૂપમાં ઠરવું ત્યાં આનંદ વિશેષ હોય છે અને પંચ મહાવ્રતનો વિકલ્પ તે ખેદ છે. આહા..હા..! એ વીતરાગના માર્ગમાં કહેવાય. બીજામાં તો આ વાત સાંખી શકાય નહિ. સમજાણું કાંઈ? **'ચિંતામણિ ચોરાઈ જવાથી અંતરમાં ખેદ પામે છે.'** સ્વરૂપના અનુભવમાં સ્થિરતા ન થતાં ... સાતમા ગુણસ્થાનને યોગ્ય હોં! છઠ્ઠું ગુણસ્થાન તો છે. ચારિત્ર છે, આનંદ છે, પણ આ રાગ છે એ ચિંતામણિનો અનુભવ ચોરાઈ જતાં એ રાગનો ખેદ દુઃખ થાય છે.

**'આથી મારે...'** આથી મારે **'રાગદ્વેષને ટાળવા માટે અત્યંત જાગૃત રહેવું યોગ્ય છે.'** એ વિકલ્પને ટાળવા માટે શુદ્ધ ઉપયોગમાં રહેવું, જાગૃત થવું એ મારે યોગ્ય છે એમ કહે છે. સમજાણું કાંઈ? **'આથી મારે રાગદ્વેષને ટાળવા માટે અત્યંત જાગૃત...'** કેટલાક કહેને કે રાગદ્વેષને કેમ ટાળવા? ટાળવા આમ, કહે છે. અંતર સ્વરૂપમાં જાગૃત થઈને સ્થિર થતાં રાગદ્વેષ ટળે છે. બીજો કોઈ ઉપાય નથી. ભગવાન આત્મા પૂર્ણાનંદ પ્રભુ એનું ભાન થયું સમ્યક્માં, જ્ઞાન થયું, છતાં એમાં ઠરે જ્યારે સ્વરૂપની વિશેષતા ત્યારે તે રાગ-દ્વેષ ટળે છે. રાગ-દ્વેષ ટાળવાની બીજી ક્રિયા હોઈ શકતી નથી. સમજાણું કાંઈ? એનો ભાવાર્થ આવે છે જુઓ! ઓલી કોર છે. ઓલી કોર છેને?

**'ભાવાર્થ :— ૮૦મી ગાથામાં દર્શાવેલા ઉપાયથી દર્શનમોહને દૂર કરીને...'** પહેલી વાત. **'અર્થાત્ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરીને...'** દેખો! ૮૦માં એ કહ્યું હતું. દ્રવ્ય-ગુણ-પર્યાયનું જ્ઞાન કરીને પછી દ્રવ્યની દૃષ્ટિ કરતાં અનુભવ થાય તે સમ્યગ્દર્શન. એવું **'સમ્યગ્દર્શન પ્રાપ્ત કરીને જે જીવ શુદ્ધાત્માનુભૂતિસ્વરૂપ વીતરાગચારિત્રના પ્રતિબંધક...'** શુદ્ધાત્મસ્વરૂપ સાતમા ગુણસ્થાનને યોગ્ય જે ચારિત્રની રમણતા એને પ્રતિબંધ કરનાર રાગ-દ્વેષને છોડે, ઓલો

પ્રમાદ છે છઠ્ઠા ગુણસ્થાનનો એ જો છોડે તો વીતરાગચારિત્ર સાતમું ગુણસ્થાન આવે. સમજાણું કાંઈ? મુનિ તો સાચા હોય છે એને છઠ્ઠું-સાતમું તો ક્ષણે ક્ષણે હજારો વાર આવે. પણ અહીંયા રાગ ઉઠે છેને એને માટે ઉગ્રપણે પુરુષાર્થ કરું તો ટળે અને સ્થિરતા થાય એમ વિશેષ ઉગ્રતા પુરુષાર્થ કરે છે. સાચા મુનિ સંત જેને વીતરાગ મુનિ કહે છે એ મુનિને તો ક્ષણે છઠ્ઠું, આત્માના ભાન સહિત સ્થિરતાનો વિકલ્પ, બીજે ક્ષણે સાતમું આવે છે. એવું એક દિવસમાં હજારો વાર સાતમું-છઠ્ઠું આવે છે. એને ભગવાનના માર્ગમાં સંત અને સાધુ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આમ બોલે ઓલા પચ્ચીસ મિથ્યાત્વ, દશ મિથ્યાત્વ આવે છેને? સાધુને કુસાધુ માને તો મિથ્યાત્વ, કુસાધુને સાધુ માને તો મિથ્યાત્વ. એય..! અમરચંદભાઈ! ગડિયા. જીવને અજીવ માને તો મિથ્યાત્વ, અજીવને જીવ માને તો મિથ્યાત્વ, માર્ગને કુમાર્ગ માને તો મિથ્યાત્વ. ગડિયો (હાંકે જાય), વસ્તુની કાંઈ ખબર નહિ. ગોખણપટ્ટી. ભોગીભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સાતમું ... પ્રશ્ન નથી, સાતમું આવે અને પછી છઠ્ઠું ક્ષણે આવે જ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અહીં તો આપણે પડવાની વાતનો પ્રશ્ન જ નથી. પડવાનો પ્રશ્ન આ ઘરે નથી. ભગવાનના માર્ગમાં એ નથી. ભગવાનનો માર્ગ તો પામ્યો એ આગળ સ્થિરતા થઈને કેવળજ્ઞાન લેવાનો. એ આગળ વધવાનો જ. બીજ ઊગી એ પૂનમ થવાની જ. બીજ ઊગ્યા પછી બીજ વઈ જશે તો?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો અહીં એક જ વાત છે. દ્રવ્ય કે દિ' પડે? તો દ્રવ્યની દૃષ્ટિ થઈ એ કે દિ' પડે? પહેલેથી મોકાણ માંડે કે આમાં પડે તો? પણ પડવાનો પ્રશ્ન જ અહીં નથી. અહીં તો ચડ્યો નીસરણીએ એ ચડે એટલે કેવળજ્ઞાન લીધે છૂટકો. બીજ ઊગી એ ત્રીજ, ચોથ, પાંચમ થઈને પૂનમ થવાની જ, થવાની જ એને વળી. થવાની એમ નહિ, થવાની જ. સમજાણું કાંઈ?

કહે છે, '**૮૦મી ગાથામાં દર્શાવેલા ઉપાયથી...**' દ્રવ્યની દૃષ્ટિ કરીને '**દર્શનમોહને દૂર કરીને...**' જોયું! '**અર્થાત્ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરીને જે જીવ શુદ્ધાત્માનુભૂતિસ્વરૂપ...**' સાતમું ગુણસ્થાન. '**વીતરાગચારિત્રના પ્રતિબંધક રાગદ્વેષને છોડે છે, ફરીફરીને રાગદ્વેષનેભાવને પરિણમતો નથી, તે જ અભેદરત્નત્રયપરિણત જીવ...**' લ્યો! અભેદરત્નત્રય. દર્શન-જ્ઞાનનું અભેદપણું તો થયું હતું, ચારિત્રનું અભેદપણું (થતાં) સ્થિર થયો અંદર. '**અભેદરત્નત્રયપરિણત જીવ શુદ્ધ-બુદ્ધ-એકસ્વભાવ આત્માને પ્રાપ્ત કરે છે–**' શુદ્ધ, જ્ઞાન—બુદ્ધ તત્ત્વનો એકલો રસ. એવા એક સ્વભાવ... શ્રીમદ્‌માં આવે છેને.

શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન સ્વયં જ્યોતિ સુખધામ,
બીજું કહીએ કેટલું કર વિચાર તો પામ.

'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન.' એમાં ત્રણેનો અર્થ જુદો લીધો છે. શુદ્ધ છે તે નિર્મળતાને બતાવે છે, બુદ્ધ છે તે જ્ઞાનપણું બતાવે છે એકલું, ચૈતન્યઘન છે તે અસંખ્ય પ્રદેશને બતાવે છે. અસંખ્ય પ્રદેશ વસ્તુ છે. 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન...' શુદ્ધ નામ પૂર્ણ પવિત્રતા છે, બુદ્ધ નામ જ્ઞાનની પરિપૂર્ણતા છે, જ્ઞાન છે અને ચૈતન્યઘન છે. અસંખ્ય પ્રદેશી ભગવાન આત્મા છે. સ્વયં જ્યોતિ—પોતે પોતાની જ્યોતિ છે. એને જ્યોતિ માટે પરની સહાયની જરૂર નથી. સુખધામ.. અને આનંદનું ધામ એ આત્મા છે. 'સ્વયં જ્યોતિ સુખધામ, બીજું કહીએ કેટલું? કર વિચાર તો પામ.' કીધું એટલે કર ભક્તિ તો પામ અને કર વ્રત પાળ તો પામ એમ નથી કહ્યું ત્યાં.

મુમુક્ષુ :- વિચાર આત્મા કરે?

ઉત્તર :- જ્ઞાનની ક્રિયા છે એ. વિચાર એ આત્માની ક્રિયા છે. ઓલી ભક્તિ ને પૂજા એ રાગ છે, એ આત્માની ક્રિયા નથી, એ તો વિકાર છે. એથી વિચાર કહ્યો છે. કર વિચાર-આત્માના જ્ઞાનસ્વરૂપમાં એકાકાર થા, વિચાર કર તો પામ. બાકી કોઈ પામવાની બીજી રીત છે નહિ.

મુમુક્ષુ :- વિચાર કરી શકે છે, વિચારીને કરી શકે છે.

ઉત્તર :- પણ વિચાર તો એની પર્યાય છે જ્ઞાનની. મતિ-શ્રુતની પર્યાય વિચાર છે. એની પર્યાય પોતાની છેને. રાગ કરી શકે તો મિથ્યાત્વમાં કરે છે, પણ આ તો પર્યાય વિચારની, વિચાર એ જ્ઞાનપર્યાય છે.

મુમુક્ષુ :- વિકારી પર્યાય છે.

ઉત્તર :- એ વિકાર અત્યારે જુદો રાખો. મતિજ્ઞાનની વિચાર એ પર્યાય છે, એ વિચાર કર તો પામ. રાગ કર તો પામ એમ નથી કાંઈ. ભાઈ! ..ભાઈ! આત્મસિદ્ધિ વાંચ્યું છે કે નહિ? થોડું થોડું વાંચ્યું છે ભાઈએ.

મુમુક્ષુ :- થોડું થોડું વાંચ્યું છે.

ઉત્તર :- થોડું ઈ મેં કહ્યું તમારા વતી. તે દિ' કહ્યું હતું મેં હોં ૮૭માં, થોડું વાંચો કીધું ભાઈ! ૮૭માં કહ્યું હતું. થોડું થોડું વાંચેને હંમેશા સ્વાધ્યાય કરે તો એને ખ્યાલ આવે કે ક્યાં હું અટક્યો છું? ક્યાં મારી ભૂલ છે? અને શું હું માનતો હતો? એમ સ્વાધ્યાય જોઈએને. સત્સમાગમ જોઈએ, સ્વાધ્યાય જોઈએ. ભાઈ! આ તો અનંતકાળનો અજાણ્યો માર્ગ છે એને માટે ઘણા પ્રયત્નથી જાણવું જોઈએ. જાગૃત થઈને જાણવું જોઈએ.

**'શુદ્ધ-બુદ્ધ-એકસ્વભાવ આત્માને પ્રાપ્ત થાય છે—મુક્ત થાય છે.'** લ્યો! **'તેથી જીવે સમ્યગ્દર્શન પ્રાપ્ત કરીને પણ,...'** જોયું! હવે આવ્યું. એ આત્મા નિર્વિકલ્પ અનુભવની

પ્રાપ્તિ કર્યા છતાં પણ આ '**સરાગચારિત્રને પામીને પણ,...**' એટલે છઠ્ઠે ગુણસ્થાને રાગ છે પંચ મહાવ્રતનો અને ચારિત્ર તો અંદર ભિન્ન છે, એવી દશા પામીને પણ. એમ કહે છે. સમજાણું કાંઈ? '**રાગદ્વેષના નિવારણ માટે અત્યંત સાવધાન રહેવું યોગ્ય છે.**' આહા..હા..! ભગવાન આત્મામાં ચિંતામણિ રત્નમાં લપેટ થઈ જવું એ જ યોગ્ય છે. વિકલ્પ જે ઊઠે છે એ રાખવા જેવો નથી. અથવા તેને આધારે સ્વરૂપનો ચિંતામણિ લૂંટાય છે તે લૂંટવા ન દેવો, સ્વરૂપમાં જાગૃત રહેવું અનુભવમાં એ કરવા જેવું છે.

'**હવે, આ જ એક (-પૂર્વોક્ત ગાથાઓમાં વર્ણવ્યો તે જ એક), ભગવંતોએ પોતે અનુભવીને દર્શાવેલો...**' છે? એ ૮૨ ગાથા હવે આવી. '**આ એક જ...**' આ એક જ રીત છે, બીજી રીત નથી એમ કહે છે. છે શબ્દ જુઓ આ. આ જ પાછું. એક. '**(-પૂર્વોક્ત ગાથાઓમાં વર્ણવ્યો તે જ એક), ભગવંતોએ પોતે અનુભવીને...**' અનંત તીર્થંકરોએ, અરિહંતોએ અનુભવીને '**દર્શાવેલો...**' અને અનુભવીને કહેલો '**નિઃશ્રેયસનો પારમાર્થિક પંથ છે—**' નિઃશ્રેયસ એટલે મોક્ષ. એનો '**પારમાર્થિક પંથ...**' આ એક જ છે. '**એમ મતિને વ્યવસ્થિત કરે છે :—**' મતિને વ્યવસ્થિત કરે છે. બીજો માર્ગ છે નહિ. આ એક જ માર્ગ છે. સ્વરૂપનો અનુભવ કરવો અને પછી અનુભવની સ્થિરતા કરવી, એમ ભગવાને કર્યું, દર્શાવ્યું, કહ્યું (કે) આ એક જ છે. ત્રણ કાળ ત્રણ લોકમાં વીતરાગદેવનો એક જ માર્ગ છે, બીજો માર્ગ નથી. છે એમાં છેને? ગાથા તો લઈએ જરી સાંભળીને. છે ગાથા? ભાઈ જુઓ ભોગીલાલભાઈ! ૮૨.

'**सव्वे वि य अरहंता**' દેખો! '**सव्वे वि य अरहंता**' સર્વે અરિહંતો. '**तेण विधाणेण खविदकम्मंसा**' તે વિધિ. અનુભવની દૃષ્ટિ કરી અને પછી સ્થિરતા કરવી તે વિધિ. '**खविदकम्मंसा**' '**किच्चा तधोवदेसं**' એ અરિહંતોએ આવો ઉપદેશ કર્યો છે. પોતે કર્યું અને પછી કહ્યું. આહા..હા..! '**किच्चा तधोवदेसं णिव्वादा ते णमो तेसिं।**' પછી નિર્વાણ પામ્યા. ઉપદેશની ક્રિયા થઈ ગઈ પૂરી, વાણીને કાળે વાણી (નીકળી) પછી નિર્વાણને પામ્યા. '**णमो तेसिं**' કહે છે. ઓહો..! ત્રિલોકનાથ પરમાત્માને નમસ્કાર છે! તેં આ કર્યું અને એમ તેં કહ્યું, નમસ્કાર! તારા માર્ગને નમસ્કાર! તને નમસ્કાર! સમજાણું કાંઈ? નીચે છે જુઓ. એનું હરિગીત છેને?

'**અર્હંત સૌ કર્મ તણો કરી નાશ એ જ વિધિ વડે,**' '**અર્હંત સૌ કર્મ તણો...**' સૌ અરિહંતો, અરિહંત થઈ ગયા તે. મહાવિદેહના, ભરતના, ઐરાવતના બધા તીર્થંકરો. '**અર્હંત સૌ કર્મ તણો કરી નાશ એ જ વિધિ વડે, ઉપદેશ પણ એમ જ કરી,...**' ઉપદેશ એ કર્યો હતો. કર્યું હતું કાંઈક અને કીધો ઉપદેશ (બીજો), એમ નથી. '**નિવૃત્ત થયા; નમું તેમને.**' ભગવાન નિર્વાણપદને, પરમાત્મપદને પામ્યા તેને હું નમસ્કાર કરું છું. એનું વિશેષ આવશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક વદ ૧૨, રવિવાર, તા. ૧૭.૧૧.૧૯૬૮**
**ગાથા-૮૨, પ્રવચન-૬૯**

૮૨ ગાથા. જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન, પ્રવચનસાર. શું કહે છે? આ ૮૨ ગાથા.

**सव्वे वि य अरहंता तेण विधाणेण खविदकम्मंसा।**
**किच्चा तधोवदेसं णिव्वादा ते णमो तेसिं।।८२।।**

એનું હરિગીત.

**અર્હંત સૌ કર્મો તણો કરી નાશ એ જ વિધિ વડે,**
**ઉપદેશ પણ એમ જ કરી, નિર્વૃત્ત થયા; નમું તેમને. ૮૨.**

જુઓ! અલૌકિક ગાથા છે.

ટીકા. ૮૦મી ગાથામાં એમ આવ્યું હતું કે પૂર્વે જે અરિહંતો થયા એના દ્રવ્ય, ગુણ અને પર્યાય જાણીને તે આત્માને જાણે કે એનું દ્રવ્ય છે એવું આ દ્રવ્ય છે. એમ અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણીને, પછી આત્માને જાણે એટલે દ્રવ્ય એવું જ છે એમ અંતર દૃષ્ટિમાં લેતા એને આત્મજ્ઞાન અને આત્મદર્શન થાય છે. અને એ વિધિએ દર્શનમોહનો ક્ષય થાય છે પહેલો. સમજાણું કાંઈ? આત્મા અરિહંત જેવો જ હું છું. એ દ્રવ્યે તો એવો છું એમ દૃષ્ટિ થતાં એની વર્તમાન પર્યાયનું લક્ષ દ્રવ્ય ઉપર જાય છે. અને એમાં જતાં તેની નિર્વિકલ્પ પ્રતીતિ, અનુભવ થતાં દર્શનમોહનો એ વિધિએ નાશ થાય છે. અને પછી સ્વરૂપની સ્થિરતા કરતાં રાગ-દ્વેષનો નાશ થઈને વીતરાગચારિત્ર પ્રગટ થાય છે અને વીતરાગચારિત્ર દ્વારા મુક્તિ નામ સિદ્ધપદ પ્રાપ્ત થાય છે. એવા અનંત અરિહંતોએ આ વિધિએ પ્રાપ્ત કર્યું છે. કહો, સમજાય છે કાંઈ? '**सव्वे वि**' એટલે જેટલા અરિહંત થયા અનંતકાળમાં, અનંતકાળ અતીત, અનંત... અનંત... અનંત... અનંત કાળ.

'**ટીકા :— અતીત કાળમાં ક્રમશઃ થઈ ગયેલા...**' ભૂતકાળમાં ક્રમે ક્રમે જે અરિહંત પરમેશ્વર વીતરાગદેવ થયા એ '**સમસ્ત તીર્થંકરભગવંતો,...**' પાઠમાં અરિહંત છે, અર્થમાં તીર્થંકર ભગવાન કહ્યા છે જુઓ! સમજાણું કાંઈ? જેટલા આજ પહેલા ક્રમશઃ... એકસાથે તો ન થાયને બધા? એટલે ક્રમશઃ જે અનંત તીર્થંકરો અનંત કાળમાં પ્રવાહથી થતા આવ્યા છે એણે કર્મનો નાશ કઈ વિધિએ કર્યો એ કહે છે. '**પ્રકારાંતરનો અસંભવ હોવાને લીધે...**' એટલે શું કહે છે? જે માર્ગે અરિહંતોએ, તીર્થંકરોએ કેવળજ્ઞાન લીધું અથવા કર્મનો નાશ કર્યો એ એક જ વિધિ છે. બીજો પ્રકારાંતર નામ અનેરો ભાવ અને અનેરો પ્રકાર મોક્ષના માર્ગને માટે નથી. સમજાય છે કાંઈ? જુઓ! '**અતીત કાળમાં ક્રમશઃ થઈ ગયેલા...**' ગયા કાળમાં ક્રમે ક્રમે થઈ ગયેલા. એમ કરીને અનંત તીર્થંકરો થઈ ગયા એની એને આસ્થા કરાવે છે

કે અનંત તીર્થંકરો (થઈ ગયા). કેમકે જેણે આત્માનો સાધક સ્વભાવ શરૂ કર્યો એની સિદ્ધતા અસંખ્ય સમયમાં થયા વિના રહે નહિ. શું કીધું ઈ સમજાણું કાંઈ? જેણે આત્મા પૂર્ણ દ્રવ્ય અરિહંત જેવો (છે) અને ગુણ એવો (છે) એવું જેણે અંતરમાં લક્ષ કરીને, અનુભવ કરીને દર્શનમોહનો નાશ કર્યો, પછી સ્વરૂપમાં સ્થિરતા થઈને રાગ-દ્વેષનો નાશ કર્યો. એને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. માટે સમ્યગ્દર્શન સાધક પછી અસંખ્ય સમયમાં જ કેવળજ્ઞાન પ્રાપ્ત કરે. સમજાણું કાંઈ? તો એને તો એવા અનંત થઈ ગયા એમ કહે છે. એવા તીર્થંકરો ક્રમશઃ પ્રવાહમાં અનંત તીર્થંકરો થયા. '**અતીત કાળમાં ક્રમશઃ થઈ ગયેલા સમસ્ત તીર્થંકરભગવંતો...**' જુઓ! આ શબ્દ વાપર્યો છે આચાર્યે અમૃચંદ્રાચાર્યે. પાઠમાં '**सव्वे वि य अरहंता**' એમાં સામાન્ય અરિહંત એટલે કેવળજ્ઞાની અને (તીર્થંકર બેય લીધા). આમાં (ટીકામાં) એકલા તીર્થંકરો લીધા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એટલે એ જ કહ્યુંને. આમાં તીર્થંકર એટલે જેનો ઉપદેશ છે. કેવળજ્ઞાની તો એવા કેટલાક હોય કે ઉપદેશ હોય નહિ. શું કીધું? કેવળજ્ઞાન પામનારા કેટલાક એવા હોય કે વાણી ન હોય, ઉપદેશ ન હોય, પણ અહીં તો એવા લીધા છે કે જે તીર્થંકર તીર્થંકરપણું પામ્યા સર્વજ્ઞ અને જેને વાણીનો ઉપદેશ હોય-એવા લીધા છે. સમજાણું આમાં કાંઈ?

આત્મા સર્વજ્ઞસ્વરૂપી પૂર્ણ આનંદ એવો અનુભવ કરીને સમ્યગ્દર્શન પામીને, સ્વરૂપમાં આનંદમાં સ્થિરતા કરી, રાગ-દ્વેષ નાશ કરી કેવળજ્ઞાન પામે એવા તો કેવળી પણ હોઈ શકે છે, સામાન્ય કેવળી. પણ બધા કેવળજ્ઞાનીને ઉપદેશનો યોગ ન હોય વાણીનો. વાણીનો જેને યોગ હોય એ ઉપદેશ આપે. સમજાણું કાંઈ? એટલે તીર્થંકર લીધા છે. તીર્થંકરોને તો વાણીનો યોગ હોય જ. સર્વજ્ઞપદ પ્રાપ્ત થયા છતાં, એને ઈચ્છા નહિ હોવા છતાં, ઉપદેશનું જ્ઞાન પહેલેથી થઈ ગયું છે કે આ વખતે કેવળજ્ઞાન વખતે વાણી નીકળશે. એવા જીવોને અહીં લીધા છે. જે ઉપદેશમાં પૂર્ણ પ્રાપ્ત થયા પછી શું જાણ્યું, શું અનુભવ્યું એ જેના ઉપદેશમાં આવે એવા તીર્થંકરોને લીધા છે.

'**અતીત કાળમાં ક્રમશઃ થઈ ગયેલા...**' ક્રમે-ક્રમે થઈ ગયેલા '**સમસ્ત તીર્થંકરભગવંતો,...**' અનંતા તીર્થંકર પરમાત્મા. આહા..હા..! જુઓ! આ એક ગાથા. '**પ્રકારાંતરનો અસંભવ હોવાને લીધે જેમાં દ્વૈત સંભવતું નથી...**' એટલે? કે જે એણે માર્ગ સાધ્યો એ એક જ પ્રકારનો છે, બીજો માર્ગ નથી. દ્વૈત એટલે બેપણું નહિ. આત્મા તીર્થંકરોએ પૂર્ણ દ્રવ્યની દૃષ્ટિ કરી અને દર્શનમોહનો નાશ કર્યો, સ્વરૂપની સ્થિરતા કરીને રાગ-દ્વેષનો નાશ કર્યો અને કેવળજ્ઞાન પામ્યા, એ વિધિ અનંત તીર્થંકરોએ કરી છે. અને એ સિવાય બીજી રીત ત્રણ કાળમાં બીજો માર્ગ છે નહિ. જુઓ! અહીંયાં કેટલાક કહે છે કે નિશ્ચય મોક્ષમાર્ગ અને વ્યવહાર મોક્ષમાર્ગ બે (માર્ગ છે), તો અહીં ના પાડે છે, બે માર્ગ છે નહિ

એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

જુઓ! **'પ્રકારાંતરનો અસંભવ હોવાને લીધે...'** છેને નીચે? **'અન્ય પ્રકાર. (કર્મક્ષય એક જ પ્રકારથી થાય છે, અન્ય પ્રકારે થતો નથી;...'** નીચે. **'તેથી તે કર્મક્ષયના પ્રકારમાં દ્વૈત અર્થાત્ બે-પણું નથી.)'** એટલે? કોઈ આત્માને અંતર શુદ્ધ ચિદાનંદસ્વરૂપની દૃષ્ટિ અને સ્થિરતા દ્વારા કર્મની નિર્જરા થઈ અને કોઈને દયા, દાન ને વ્રતના ક્રિયા કરવાથી કર્મની નિર્જરા થાય એવા બે પ્રકાર નથી.

મુમુક્ષુ :- એકાંત થઈ ગયું.

ઉત્તર :- એકાંત જ છે, સમ્યક્ એકાંત (છે). સમજાણું કાંઈ?

ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ વસ્તુ, સત્, શાશ્વત સ્વભાવ ત્રિકાળ શાશ્વત. એવા શાશ્વત સ્વભાવમાં દૃષ્ટિ આપીને દર્શનમોહનો નાશ થયો, સ્થિરતા કરીને ચારિત્ર(મોહ) રાગ-દ્વેષનો નાશ થયો, પૂર્ણ કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. આ એક જ રીત (છે). અનંત તીર્થંકરો અત્યારથી પ્રવાહમાં થયા એ અનંત તીર્થંકરોએ આ વિધિએ કર્મનો ક્ષય કર્યો છે. એમાં બે પ્રકાર આવ્યા કે સમકિતની પ્રાપ્તિ સ્વભાવનો આશ્રય થઈને દર્શનમોહનો નાશ થાય છે. કહો, સમજાય છે કાંઈ? દર્શનમોહ એટલે કર્મ અથવા ભ્રાંતિ એનો નાશ સ્વરૂપની અંતર દૃષ્ટિથી થાય છે. એ કર્મનો નાશ(નો) બીજો કોઈ ઉપાય અનંત તીર્થંકરોએ કર્યો નથી અને બીજો પ્રકાર છે નહિ. સમજાણું કાંઈ?

**'એવા આ એક જ પ્રકારથી...'** એક પ્રકારથી **'કર્માંશનો ક્ષય પોતે અનુભવીને,...'** એવા આ જ એક પ્રકારથી. એટલે ૮૦માં અને ૮૧માં કહ્યું ઈ. સમજાણું કાંઈ? સંસ્કૃતમાં છે આમાં ઘણું ૮૨ની ટીકામાં. **'द्रव्यगुणपर्यायैराप्तस्वरूपं विज्ञाय पश्चात्त'** છેને? **'पश्चात्तथाभूते स्वात्मानि स्थित्वा'** જયસેનાચાર્યમાં સંસ્કૃતમાં છે. પહેલા તો એ અરિહંતોએ પૂર્વના અરિહંતોના દ્રવ્ય-ગુણ-પર્યાયનું જ્ઞાન કરેલું અને પછી પોતાના સ્વરૂપમાં ઠરીને દર્શન-મોહનો નાશ કર્યો અને પછી સ્વરૂપમાં ઠરીને ચારિત્રમોહનો નાશ થયો અને કેવળજ્ઞાન પામ્યા. આ એક જ વિધિ. સમજાણું કાંઈ? અત્યારે કહે છેને કેટલાક, કે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાથી પણ ધર્મ થાય, નિર્જરા થાય, વ્રત પાળતા પાળતા, મહાવ્રતને પાળતા પાળતા નિર્જરા થાય. એ બધી વાત અજ્ઞાનીએ કલ્પેલી વાત છે. કહો, સમજાણું કાંઈ? અથવા બીજાને ધર્મ પમાડે ઉપદેશથી તો અહીં નિર્જરા થાય. વાત તદ્દન ખોટી છે ઈ. ઉપદેશ તો વાણી જડની ક્રિયા છે. બીજો સમજે, ન સમજે એને કારણે સમજે છે. એ સમજે માટે અહીં લાભ થાય છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ત્રણ કાળમાં નહિ. એ માટે તો આ વાત ચાલે છે. એક જ પ્રકાર છે. પર સમજે તો એની પર્યાયથી સમજે છે અને એની પર્યાયનો એને લાભ છે. આને લાભ શું છે? કહો, ભગવાનજીભાઈ! પરોપકાર કરેને બહુ પરોપકારી વળી કેટલાક સેવાભાવી બહુ હોય.

બીજાથી કાંઈક મળશે. ધૂળેય મળે એવું નથી સાંભળને. ગુલાબરાય! આવો માર્ગ છે.

મુમુક્ષુ :- એમના આશીર્વાદ મળે.

ઉત્તર :- આશીર્વાદ કોનો મળે? ધૂળનો?

મુમુક્ષુ :- તમારું કલ્યાણ થાવ.

ઉત્તર :- કલ્યાણ થાય તો ભાષામાં કલ્યાણ થાય? ભાષા તો બોલાય કે જાવ તમારું કલ્યાણ થાવ. શું કલ્યાણ થાય એટલે? તમે તમારા દ્રવ્યને આશ્રયે સ્થિરતા કરો તો કલ્યાણ થાવ એમ છે. સમજાણું કાંઈ?

કહે છે, '**આ એક જ પ્રકારથી કર્માંશોનો ક્ષય...**' એમાં બે પ્રકાર લીધા. એક પ્રકારના બે પ્રકાર એટલે? કે સ્વરૂપનો અનુભવ કરીને દર્શનમોહનો નાશ કર્યો, પછી સ્વરૂપની વીતરાગતા પ્રગટ કરીને ચારિત્રદોષનો નાશ કર્યો, એમ આ બે પ્રકાર. બેય પ્રકાર આ રીતે થાય છે. પણ બે પ્રકારમાં પ્રકાર એક જ છે. સમજાણું કાંઈ? ભારે!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કહ્યુંને પહેલા. સ્વરૂપની દૃષ્ટિ કરીને દર્શનભ્રાંતિનો નાશ, સ્વરૂપની સ્થિરતા કરીને રાગ-દ્વેષ ચારિત્રદોષનો નાશ. એ બે થઈને એક જ પ્રકાર સ્વના આશ્રયે નાશ થાય છે. પ્રકાર એક છે. સમજાણું કાંઈ? કહો, જેટલું હોય એટલું વસ્તુસ્વરૂપમાં આવે, એથી વિરુદ્ધ આવે? વિરુદ્ધ હોય તો થોડી છૂટ કહેવાય? ભાઈ! આત્મા છે એને પોણો કહો પોણો, આખો નહિ. તો ઈ છૂટ કહેવાય કે નહિ એટલી? પણ પોણો શેનો? આત્મા પૂર્ણ અખંડ છે વસ્તુ. એક સમયમાં અખંડાનંદ સત્ સ્વરૂપ પોતાનું છે એનો આશ્રય કરવાથી, એમાં દૃષ્ટિ કરવાથી, એમાં એકાગ્ર થવાથી, નિર્વિકલ્પ સમ્યગ્દર્શન થવાથી, ભ્રાંતિ અને દર્શનમોહનો નાશ થાશે. પછી સ્વરૂપમાં સ્થિર થવાથી, આનંદસ્વરૂપ જે દૃષ્ટિમાં આવ્યું એ આનંદમાં આનંદનો અનુભવ કરવાથી, ચરવું એટલે રમવું, એ આનંદમાં રમવાથી અચારિત્ર નામ રાગ-દ્વેષનો નાશ થાય છે. આ એક જ પ્રકારથી. 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ.' કહો, સમજાણું આ? ઓલો કહે, ભગવાન... ભગવાન... ભગવાન... ભગવાન... ભગવાન... નમો અરિહંતાણં... જાપ કરો, જાપ કરો. ૐ... ૐ... ૐ... ૐ... લાખ વાર કર અને ૐ ૐ અનંત વાર કર. એ ૐ ૐ કરવામાં વિકલ્પ છે, રાગ છે, લે. એ રાગથી કર્મનો નાશ જરીએ-અંશ-ન થાય. ભગવાનની ભક્તિ કરતા કરતા કરો. ભક્તિ આ શરીરની એ તો જડની ક્રિયા છે, એમાં રાગ ઊઠે એ વિકલ્પ શુભ છે. એ શુભરાગથી કર્મનો એક પણ અંશનો નાશ થાય, ત્રણ કાળમાં નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

હમણાં જ આવ્યા હતા એક જણ. શ્રીમદ્દે ભક્તિથી લાભ કીધો છેને. કીધું, ભક્તિ એટલે આત્માની ભક્તિ તે લાભ, પરની ભક્તિ તે શુભરાગ. ભગવાન આત્મા પૂર્ણાનંદ સચ્ચિદાનંદ અનાકુળ આનંદનો કંદ છે એનો આશ્રય અને દૃષ્ટિ કરવાથી, સ્થિરતા કરવાથી

આત્માની શાંતિ મળે. પર ઉપર પરદ્રવ્યનું લક્ષ કરતાં વિકલ્પ ઉત્પન્ન થાય, થાય ને થાય. અહીં તો ત્રણ લોકના નાથ હોય, સમવસરણમાં બિરાજતા આ એના ઉપર લક્ષ જઈને ભક્તિ થાય એ શુભરાગ પુણ્ય છે, પુણ્યબંધનું કારણ છે, કર્મના અંશના નાશનું કારણ એ બિલકુલ નથી. કહો, શેઠી! એ પાધરા મુંબઈથી આવ્યા છેને. કહો, સમજાણું આમાં?

જુઓને! મોટી મહા ગાથા છે. '**જેમાં દ્વૈત સંભવતું નથી એવા આ એક જ પ્રકારથી...**' આ જ એક પ્રકાર. આ જ એક પ્રકાર એટલે ૮૦ અને ૮૧માં કહ્યું તે. શુદ્ધ ચિદાનંદ પ્રભુનો આશ્રય કરવાથી સમકિત એટલે પોતાના સ્વરૂપનો ભેટો થાય. સ્વરૂપમાં સ્થિરતાની શાંતિ વેદતા-વેદતા, શાંતિ કરતા-કરતા સ્વરૂપમાં શાંતિ વીતરાગતા કરતા અસ્થિરતાનો નાશ થાય. કર્મના અંશનો નાશ આ જ રીતે અનંત તીર્થંકરોએ કર્યો, અનંત સર્વજ્ઞો અનંત. અનાદિ કાળથી આદિ વિનાનો કાળ આ ત્રણ કાળ ત્રણ લોકમાં, ત્રણ લોકના જાણનાર વિનાનો કોઈ દિ' લોક હોઈ શકે નહિ. શું કીધું વળી ઈ? કોઈ કાળમાં, ત્રણ કાળ અને ત્રણ લોક વસ્તુ છે તેના જાણનારનો અભાવ પણ કોઈ દિ' ન હોય. ત્રણ કાળના જાણનાર અનાદિના છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ કહે છે કે ક્રમશઃ જે અનાદિના તીર્થંકરો થયા એણે પણ આ જ રીતે માર્ગને સેવીને કર્મનો નાશ કર્યો છે. કહો, સમજાય છે કાંઈ? કો'ક કહે ભક્તિ કરવાથી, કો'ક કહે જાત્રા કરવાથી સમ્મેદશિખરની, શેત્રુંજયની ૯૯ જાત્રા કરે તો કર્મક્ષય થાય. રાડ નાખે બિચારા. ઉપર ચડે ને નીચે ઉતરે, બિચારાને મહેનત બહુ પડેને. એને એમ કહીએ કે આમાં ધર્મ નહિ તો અરરર..! હાય.. હાય.. એઈ..! શું બોલ્યા હતા તે દિ'? ૯૫માં. અમે ૯૫માં ગયાને, છેને ઓલી ... ધર્મશાળા. ત્યાં આની કોર ઉતરેલા પહેલાવહેલા ગયેલા ત્યારે. ત્યારે એક લીંબડીવાળો હતો દેરાવાસી. જોડે અહીં રહેતાને. હેઠે ઉતરેલા. મેં કીધું, જુઓ ભાઈ! પૂજા, ભક્તિ તો શુભભાવ છે. ધર્મ નહિ હોં! ૯૫ની વાત છે. આહા..હા..! નહિ... નહિ.. નહિ. ઓલાએ લાકડા ખોસ્યા હોય કે ભગવાનની જાત્રા કરે એને કર્મની નિર્જરા થાય. ધૂળેય ન થાય, સાંભળને. આ ભગવાન અંદર બિરાજે છે પૂર્ણાનંદ એની જાત્રા એટલે ઉપર ચડે અંદરમાં એકાગ્ર થાય તો કર્મની નિર્જરા થાય. એઈ..! છોટુભાઈ! આહા..હા..!

'**એવા આ જ એક પ્રકારથી કર્માંશોનો...**' કર્મના અંશોનો '**ક્ષય પોતે અનુભવીને,...**' નાશ કરીને પૂર્ણાનંદ પ્રાપ્તિ કરીને '**પરમાત્પણાને લીધે...**' '**પરમાપ્ત = પરમ આપ્ત; પરમ વિશ્વાસપાત્ર.**' નીચે છે. '**(તીર્થંકર ભગવંતો સર્વજ્ઞ અને વીતરાગ હોવાથી પરમ આપ્ત છે,...**' વિશ્વાસ કરવા લાયક છે. '**યથાર્થ ઉપદેષ્ટા છે.)**' ત્રણ લોકના નાથ પરમાત્માએ પોતાનું તીર્થંકરપણું, સર્વજ્ઞપણું પ્રાપ્ત કર્યું, એ પોતે આપ્ત પુરુષ છે. જગતના હિતાર્થીઓને હિતને માટે માનવાલાયક છે. હિતાર્થીઓને હિતને માટે માનવાલાયક છે માટે તેને આપ્ત કહેવામાં આવે છે.

**'પરમાત્મપણાને લીધે ભવિષ્યકાળે...'** દેખો હવે. અતીતકાળ તો પહેલા આવી ગયો. પહેલા આવી ગયો હતો. અતીત કાળમાં જે અનંત તીર્થંકરો થયા એણે પણ આ માર્ગ સેવ્યો આ રીતે. **'ભવિષ્યકાળે...'** જેટલા અનંત ભવિષ્યમાં અનંત તીર્થંકરો થશે એ પણ આ જ રીતે અને **'આ વર્તમાનકાળે,...'** વર્તમાનકાળમાં પણ તીર્થંકરો છે, મહાવિદેહક્ષેત્ર આદિ, એ **'અન્ય મુમુક્ષુઓને પણ....'** આ રીતે ત્રણ કાળના તીર્થંકરો મોક્ષનો માર્ગ આ રીતે સાધે છે અને **'અન્ય મુમુક્ષુઓને પણ...'** હવે ઉપદેશની વ્યાખ્યા કરે છે. **'અન્ય મુમુક્ષુઓને પણ...'** ભૂતના તીર્થંકરો, વર્તમાનના અને ભવિષ્યના—બધા ત્રણ કાળના તીર્થંકરો **'એ જ પ્રકારે તેનો ઉપદેશ કરીને,...'** ઉપદેશ આ જ ભગવાનની વાણીમાં આવ્યો. કહો, સમજાણું કાંઈ? ઘણો સિદ્ધાંતને ગોઠવ્યો છે. ઓહો..હો..!

મુમુક્ષુ :- ત્રણે કાળની વાત કરી.

ઉત્તર :- ત્રણે કાળનો ઉપદેશ આવો જ હોય એમ કહ્યું પાછું. ચારેય અનુયોગમાંથી આ તારવી લેવું જોઈએ કે જેમાંથી સ્વ-આશ્રયે દર્શનમોહનો નાશ (થાય) અને વિશેષ ઉગ્ર સ્વ-આશ્રયે ચારિત્રમોહનો નાશ (થાય). આ જ ઉપદેશ ભગવાનનો છે. સમજાણું કાંઈ? શેઠી! આહા..હા..! આવો ઉપદેશ હોય, જુઓ! એમ કીધું હતું તે દિ' હોં! ભાઈ, ૭૨માં. આવો ઉપદેશ. આ તે દિ' ક્યાં ગાથા વાંચી હતી? આ તો અંદરથી જ આવ્યું હતું. ૭૨માં ફાગણ મહિને.

ભગવાનનો ઉપદેશ આ તમે કહો છો એવો હોય આવો? ભગવાનને આપણે જાણીએ અને ભગવાનના જ્ઞાનમાં ત્રણ કાળ ત્રણ લોકમાં જે જાણ્યું એવું થાય, માટે આપણે પણ ભગવાનના જ્ઞાનમાં અનંત ભવ જ્યારે ટળશે ત્યારે ભગવાને જોયું છે ત્યારે આપણે પુરુષાર્થ કરીશું, એવી વાણી ભગવાનની હોય? આવી આગમવાણી હોય? આગમવાણી તો અંદર જેણે સર્વજ્ઞ અને વીતરાગતા પ્રગટ કરી, એણે અલ્પજ્ઞતા અને રાગ ટાળીને સર્વજ્ઞ વીતરાગ થવાય એવો ઉપદેશ એનો હોય, કીધું. એય..! શેઠી! (સંવત) ૧૯૭૨ના ફાગણ મહિનાની વાત છે. ૫૩ વર્ષ થયા. ઉપદેશ શું કરો છો આવો? ભગવાને દીઠું ત્યારે મોક્ષ થશે, અત્યારે નહિ થાય. આપણે પુરુષાર્થ શું કરવો? એવી વાણી હોય ભગવાનની?

કેમ? કેમ? એ કહ્યું હતું ભાઈ! એણે સાધ્યું છે, અંદર સ્વરૂપ સાધ્યું છે અને વિકલ્પ બાકી રહી ગયો છે તો વિકલ્પમાં એમ બંધાઈ જાય કે હું પૂર્ણ થાઉં અને વિકલ્પમાં એમ બંધાઈ જાય કે હું પૂર્ણ થાઉં એટલે ઉપદેશ એવો આવી જાય, એવો નીકળી જાય વાણીમાં, કે બીજાઓને શ્રદ્ધા-જ્ઞાન આમ થાય અને ચારિત્ર આમ થાય અને પૂર્ણ થાય એવો જ ઉપદેશ આવે. ઉપદેશ કરે છે ક્યાં ઈ? આહા..હા..! સમજાણું કાંઈ? શું કીધું એ વળી?

ફરીને. સર્વજ્ઞ તીર્થંકરો સર્વજ્ઞ થયા પહેલા આત્માનું અંતર દર્શન કર્યું શુદ્ધ ચૈતન્યનું, પછી વિકલ્પ બાકી રહ્યો હજી, એ ટાળશે, પણ એ વિકલ્પમાં પણ એમ આવ્યું છે કે હું

પૂર્ણ થાઉં. અથવા વિકલ્પમાં એમ આવ્યું છે કે જીવો ધર્મ પામે, ધર્મ પામે. એવો વિકલ્પ હતો. એ વિકલ્પમાં એને પુણ્ય એવું બંધાઈ ગયું કે એની ધ્વનિમાં બીજાઓ ધર્મ પામે એવી જ વાણી એમાં આવે. સમજાય છે કાંઈ? કપુરભાઈ! કીધું, તમને આગમની શ્રદ્ધા જ નથી, વીતરાગની જ શ્રદ્ધા નથી. દૃષ્ટિમાં જોર મિથ્યાત્વનું છે. શું કહો છો આ?

સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ એનું જેને જ્ઞાન, જેને જ્ઞાનમાં બેઠું, એના ભગવાને અનંતા ભવ દીઠા હોય એ ત્રણકાળમાં હોય નહિ. અને ભગવાનનો એ ઉપદેશ જ ન હોય એવો. વાણી એવી હોય એની કે હું સર્વજ્ઞ અને વીતરાગ થયો, સર્વજ્ઞ-વીતરાગ થવા પહેલા વિકલ્પ (એવો હતો કે) હું સર્વજ્ઞ વીતરાગ થાઉં અથવા વિકલ્પમાં એમ હતું દુનિયા ધર્મ પામે, સ્વરૂપની પ્રાપ્તિ કરીને મોક્ષ જાય એવો વિકલ્પ હતો. તો એ વિકલ્પના પરમાણુમાં એવા પરમાણુ બંધાય કે એની ધ્વનિમાં ઉપદેશ એવો આવે કે સ્વરૂપ તરફ જા અને દૃષ્ટિ થાય, સ્વરૂપ તરફ જા અને સ્થિરતા થાવ. એવો જ એનો ઉપદેશ હોય. ન્યાય સમજાય છે? આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ નહિ. એમ ઉપદેશ હોય જ નહિ વાત. તે દિ' જરી અંદરથી આવ્યું હતુંને. બે વર્ષની દીક્ષા (હતી). બધા ધમાધમ કરે કે દુ'ના. મને અંદર બેસે નહિ. કોઈ રીતે બેસે નહિ અને સમાધાન થાય નહિ. શું કરે છે, કીધું, આ લોકો? ગુરુ બિચારા ભદ્રિક હતા. એણે પક્ષ કર્યો કે વાત સાચી તારી. એ વખતે આ વાત હતી જ નહિને, હતી નહિ આ વાત. એ ભૂલ્યા હતા. ભગવાને દીઠા છે ભવિ-અભવિ. ભગવાને ભવ નથી દીઠા. કીધું એમ નહિ. ભગવાને બધું દીઠું છું. એ તો મારી અનુકૂળ કરવા ગયા, પણ અનુકૂળતા આવડી નહિ. ભગવાને ભવિ-અભવિ દીઠા છે એણે આમાં નાખ્યું. દીઠું છે તો બધું ભગવાને, પણ ભગવાનની વાણીમાં એવું કે વીતરાગ અને સર્વજ્ઞ થયા તો સર્વજ્ઞ વીતરાગ થવાનો જ ઉપદેશ આવે. સમજાણું કાંઈ? એને ભવ રહે એવો ઉપદેશ હોઈ શકે નહિ. આહા..હા..! જેના ઉપદેશમાં રાગ રાખવો એ ઉપદેશ ન આવે એના ઉપદેશમાં, મેં જોયા માટે અનંતા ભવ તને રહેશે એવો ઉપદેશ એનામાં આવે જ નહિ એનો.

મુમુક્ષુ :- જોયા તો હોયને.

ઉત્તર :- જોયા છે છતાં એ જ્ઞાને જોયા એ જ્ઞાન જેને બેસે ત્યારે એને સર્વજ્ઞ બેઠા, ત્યારે એને ભવ હોય જ નહિ. સર્વજ્ઞ છે જગતમાં અને ત્રણ કાળ ત્રણ લોક જોવે છે, એવું જેને અહીં બેઠું, જોવે છે બરાબર છે, પણ એવું એને બેઠું એની દૃષ્ટિ સ્વભાવ ઉપર જાય છે. એટલે એના ભવ હોઈ શકે નહિ. ન્યાય સમજાય છે? એ તો ભગવાને દીઠું, પણ આને શ્રદ્ધામાં આવ્યું છે ઈ? આને શ્રદ્ધામાં આવ્યું છે? કે સર્વજ્ઞ પરમેશ્વર એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જાણે. કૃષ્ણકુમાર હતો આ વખતે. ખબર છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એનો એ અર્થ જ નથી. એમ એનો અર્થ નથી. અહીં તો અર્થ બીજી જાતનો છે. એ વાત છે, મારો ખ્યાલ હતો તમે વ્યાખ્યાનમાં હતા. આ વખતે કર્યો. કીધું અત્યારે સ્પષ્ટીકરણ નથી કરવું. પ્રાણભાઈ! પ્રશ્ન કર્યો હતો ભાઈએ, ખબર નહિ હોય તમને. થોડો કર્યો હતો. ભગવાન ભાળે એમ થાયને? મેં કીધું, હા, એમ થાય. પણ છે શું? ભગવાન ભાળે એમ થાય, પણ ભગવાન જેને હૃદયમાં બેઠા ત્યારે ભગવાન ભાળે એમ થાય એનો નિર્ણય થાય. તો ભગવાન જેને જ્ઞાનમાં બેઠા અહીં એની તો દૃષ્ટિ સમ્યગ્દર્શન થઈ ગઈ. એને સંસાર હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ!

એના આસ્થામાં આવે કે ભગવાન છે અને ભગવાનને દીઠું થાય. પણ અસ્તિ જે ભગવાનની છે એવી અસ્તિ અહીં (પોતામાં) બેસવી જોઈએને? અહીં બેઠા વિના ભગવાને દીઠું નહિ ફરે એ ક્યાંથી આવ્યું એને? ભગવાનની પ્રતીતિ જેને નથી તો ભગવાનની પ્રતીતિ ક્યારે થાય? કે સર્વજ્ઞ પરમેશ્વર એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકને જાણે એવી જેની દશા (છે), એ દશાની પ્રતીત અહીં ક્યારે થાય? કે સર્વજ્ઞ અને વીતરાગ સ્વભાવ જે મારો ત્રિકાળ છે એનો આશ્રય લઈને સર્વજ્ઞ અને સર્વજ્ઞની પ્રતીતિ થાય ત્યારે અનંતા ભવ હોઈ શકે નહિ. ન્યાય સમજાય છે કાંઈ? ભારે વાતું ભાઈ! ભગવાનજીભાઈ! આ બધા વાંધા અમારે ઠેઠથી ઉઠતા જ આવે છે. ૭૧થી ઉઠતા હતા, ૭૨માં આ ઉઠ્યો.

ઓલી ગાથા નીકળી ભાઈ હોં! દશવૈકાલિકની. છઠ્ઠામાં નીકળી. .. ૬૯માં. જે કોઈ એને માટે કરેલું અને ઉદ્દેશિક લે .. એ પ્રાણીના વધને જ અનુમોદે છે. એવો પાઠ છે એમાં. તે દિ' એણે ના પાડી હતીને. એ ગાથા (નીકળી). ૬૯ની વાત છે. શેઠ! સંવત્ ૬૯. મેં એ ગાથા કીધી હતી આઠમામાં, પણ છઠ્ઠામાં નીકળી. ક્યાં ગયા ચેતનજી? જોયું? દશવૈકાલિક હોં! એ ગાથા કીધી હતી મેં. એમને એમ નહોતું કીધું હતું હોં! ... જેને માટે લીધેલું લે, લાવીને અને .. વેચાતું લે, ઉદ્દેશિક લે. .... તે વધને અનુમોદે છે. પ્રાણીના વધને ... જાણે છે. ઉદ્દેશિકનો એવો અર્થ કર્યો ભાઈ! આ તે દિ' પ્રશ્ન હતોને કે આ તમારે માટે મકાન કરે ખુશાલભાઈ અને તમે વાપરો એમાં તમારું અનુમોદન ક્યાં થયું? પાઠમાં તો આવું છે ભાઈ! ઉદ્દેશિક કરેલું વાપરે તો અનુમોદન છે એનું. આ છે ૬૯માં કહ્યું હતું. આ ૪૯મી ગાથા છે. આ જ લીટી કરી છે. ... વધને અનુમોદે છે. એને માટે કરેલું સાધુ જો વાપરે તો એ કરેલાના ભાવને અનુમોદે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ એ તો બીજી ગમે તે રીતે. ઉદ્દેશિક છે, તરત કરશે, બધું આવી ગયું. વેચાતું છે, સામું લઈને લાવ્યા છે એ બધો વધને જ અનુમોદે છે. આખી ગાથા એ છે. આ તો મોટો પ્રશ્ન આવ્યો હતો ૬૯માં. દીક્ષા લીધા પહેલાની વાત છે હોં! કીધું, આ

સાધુ માટે અપાસરા કરીને સાધુ વાપરે. મારો પ્રશ્ન એ હતો તે દિ'. સાધુ માટે કરેલા અપાસરા સાધુ વાપરે, તો મારો પ્રશ્ન છે કે કરવું, કરાવવું અને અનુમોદન મન, વચન અને કાયા, નવ થયા. એ નવમાં ક્યો ભંગ તૂટે? એ વખતે પણ પ્રશ્ન તો થતા. સમજાણું કાંઈ? મન, વચન અને કાયા. મન છે. મનથી કરવું, કરાવવું અને અનુમોદવું, વાણીથી કરવું, કરાવવું અને અનુમોદવું. બે થયું. એ નવ પ્રકાર છે. તો એને માટે કરેલો આહાર કે મકાન વાપરે તો નવમાં ક્યોં ભંગ તૂટે? એ પ્રશ્ન હતો તે દિ'. નવમાં ન તૂટે. આ ગાથા તૈયારી હતી મગજમાં એ વખતે. કીધું આ .. એની સામે લાવેલું વધને જ અનુમોદે છે. સમજાણું કાંઈ?

માર્ગ એવો છે કે જે છે ઈ વીતરાગ નિર્લેપ માર્ગ છે. આહા..હા..! એને માટે કરેલું હોય અને ઈ એમ કહે કે અમને એમાં પાપ નથી, અમે ક્યાં કરાવ્યું છે? પણ તને ખબર નથી કે આ કર્યું છે? આ બે ઘરના માણસ છે અને તમે વહોરવા આવ્યા ત્રણ ને બનાવ્યું છે લાપસી અને લાડવા. અહીં ક્યાં લાપસી ને લાડવા? કે આ પાંચશેર પાણી ઊનું બનાવ્યું આ. એ કે દિ' ન્હાતા હતા અને કે દિ' પાણી એની પાસે હતું? આ દસ શેર પાણી ઊનું બનાવ્યું એ કોને માટે બનાવ્યું? તારા માટે છે. તું લઈશ, ઘાતક છો તું. તું પાપને અનુમોદન કરનારો છો. એય..! ભગવાનભાઈ! સમજાણું કાંઈ? આવા પ્રશ્ન અમારે ત્યાં શેઠ બહુ ચાલતા ઘણાં. શિવલાલજીને કર્યો હતો મેં જોધપુરમાં, મારવાડ. એ તો કહે નહીં, એ તો અપાસરા નહોતા વાપરતાને.

અહીં તો કહે છે, ઓહો..! અનંત તીર્થંકરો થયા, ભવિષ્યમાં પ્રવાહે અનંત ક્રમશઃ થશે, વર્તમાનમાં વીસ આદિ બિરાજમાન છે. જ્યારે જ્યારે હોય એ પ્રમાણે. એ **'અન્ય મુમુક્ષુઓને પણ એ જ માર્ગ ઉપદેશ્યો છે.'** એ વાણીમાં આગમ આ જાતની વાણી આવી છે. સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! મૂળ તત્ત્વની દૃષ્ટિ થવી, વાસ્તવિક પરમાત્માને ઓળખવા એ પણ અપૂર્વ વાત છે. એમ વાણી દ્વારા અને ભાષા દ્વારા એમ કહે કે ભગવાન છે અમે માનીએ (છીએ) એમ નહિ. સમજાણું કાંઈ?

એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક જાણે એવી એક જ્ઞાનની પર્યાયનું હોવાપણું-અસ્તિત્વ, એ અસ્તિત્વની સત્તાનો સ્વીકાર ક્યારે થાય? એ આટલી હયાતીનો સ્વીકાર ક્યારે થાય? કારણ કે એને તો વર્તમાન અલ્પજ્ઞતા છે. અહીં તો અલ્પજ્ઞતા છે અને સ્વીકાર સર્વજ્ઞનો કરવો છે. સર્વજ્ઞની સત્તાવાળા આત્માઓ છે એમ સ્વીકાર કરવો છે. સમજાય છે કાંઈ? એનો સ્વીકાર ક્યારે થાય? કે અલ્પજ્ઞ પર્યાયનું લક્ષ છોડી દઈ અને જેમાંથી સર્વજ્ઞપણું એમને આવ્યું હતું એવા દ્રવ્યમાં દૃષ્ટિ જાય, આ દ્રવ્યમાંથી સર્વજ્ઞપણું આવશે. એવા દ્રવ્ય ઉપર દૃષ્ટિ જઈને સમ્યગ્દર્શન થાય, ત્યારે તેને સર્વજ્ઞ અને વીતરાગની પ્રતીતિ થાય. સમજાણું કાંઈ? આહા..હા..! એને આમ શ્રદ્ધામાં આવવું જોઈએ કે નહિ? કહો, સમજાણું?

કહે છે કે અતીતકાળના તીર્થંકરો, ભવિષ્યકાળના અનંત.. જુઓ હવે ભવિષ્ય એટલે

આદિ-અંત નથી એવા અનંત તીર્થંકરો થશે. આમ આદિ નથી એવા અનંત તીર્થંકરો થઈ ગયા. આદિ છે કાંઈ? કોઈનો આદિ છે? કે ભાઈ પહેલેથી શરૂ થયો, આત્મા નહોતો ને પહેલો શરૂ થયો. એમ હોય કોઈ દિ'? ચીજ છે એની શરૂઆત હોય? છે એની શરૂઆત હોય? અને છે એનો નાશ હોય? છે. ત્રિકાળ છે. છે ત્રિકાળ છે. એટલે ત્રિકાળ છે ત્યારથી અનંતકાળથી એ તીર્થંકરો ભૂતકાળમાં આદિ વિનાના પ્રવાહમાં અનંત થતા આવ્યા છે. ભવિષ્યમાં અનંત પ્રવાહમાં અનંત થશે, વર્તમાનમાં બિરાજમાન જે જે વખતે (જે હોય). અત્યારે વીસ છે, કોઈ વખતે ૧૭૦ હોય, એ વર્તમાનમાં જેટલા તીર્થંકરો બિરાજે છે એ ત્રણ કાળના તીર્થંકરોએ આ વિધિએ માર્ગ સેવ્યો, સેવે છે અને સેવશે અને એ વિધિએ ઉપદેશ કર્યો. સમજાણું? કર્યું એવું કહ્યું. સમજાય છે કાંઈ?

એક માણસે અંતરથી માંસનો ત્યાગ કર્યો છે. એક દાખલો. તો એની વાણીમાં માંસ ખાવાયોગ્ય છે એ વાણી જ નહિ આવે. વાણીનો એ કર્તા નથી, પણ અહીં માંસનો ત્યાગ થયો જ્યાં, એટલે માંસ ખાવાયોગ્ય છે એ વાણી જ ન હોય. એની વાણીમાં માંસ ખાવાયોગ્ય નથી એવી જ વાણી આવે. બરાબર છે? જેને બ્રહ્મચર્ય બેઠું છે અંદર, એની વાણીમાં એમ ન આવે કે વિષય સેવવા લાયક છે, સારું છે. એ આવે જ નહિ. વાણી ક્યાંથી આવે પણ? નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે કે નહિ? એમ જેને વીતરાગતા અને સર્વજ્ઞપણું જેને પ્રગટ્યું છે એની વાણીમાં સદોષતા રાખવી એવું ત્રણ કાળમાં આવી શકે નહિ. આહા..હા..! એની વાણીમાં નિર્દોષતા આમ પ્રગટે અને સદોષતા ટળે એ જ વાત એનામાં આવે. નિર્દોષતા પ્રગટી છે તો નિર્દોષતાની પ્રગટવાની જ વાણી આવે. સમજાય છે કાંઈ? અરે..! પણ શું થાય? આહા..હા..!

મુમુક્ષુ :- એવી જ હોય.

ઉત્તર :- વાણી એવી જ હોય. અંદરમાં માંસનો ત્યાગ દૃષ્ટિમાં છે ભાવમાં અને એમ એને (વાણીમાં) આવે કે માંસ ખાવામાં વાંધો નથી. તો તારા ભાવમાં તો ત્યાગ છે અને વાંધો નથી એ વાણી ક્યાંથી આવી? ભાવમાં ત્યાગ નથી. તને એની રુચિ અને પ્રીતિ છે, માટે આવી વાણી આવે છે. એમ રાગ કરવા જેવો છે એમ કહેનારને રાગની રુચિ છે એને એવી વાણી આવે. જેની રાગની રુચિ ટળીને સ્વરૂપની પૂર્ણ આનંદ અને કેવળજ્ઞાન થયું, એની વાણીમાં સદોષતા રાખવા જેવી છે એવું ત્રણ કાળમાં આવે નહિ. એનો અર્થ એ થયો કે રાગ રાખવા જેવો (છે એમ) એની વાણીમાં આવે નહિ. એની વાણીમાં, વીતરાગતા અને સર્વજ્ઞ થવું કેમ થાય? એ વાણીમાં આવે. સમજાણું કાંઈ? એ ત્યારે એણે આગમને માન્યા કહેવાય કે આગમ આવા હોય. ભાઈ! આહા..હા..! દેવ આવા હોય કે સર્વજ્ઞ અને વીતરાગ, ગુરુ એવા હોય કે સર્વજ્ઞે વીતરાગને સાધનારા, વાણી એવી હોય કે સર્વજ્ઞ અને વીતરાગને બતાવનારી. આહા..હા..! સમજાણું કાંઈ?

હજી દેવ-ગુરુ-શાસ્ત્ર કેવા છે એની ખબર ન મળે, એને આત્માની ખબર ક્યાંથી હોય? તેથી તો અરિહંતને જાણે તો આત્માને જાણે એમ કીધું છે અહીં. અરિહંતને જાણે તો એની વાણીને પણ જાણે કે એની વાણી આવી જ હોય. ગુરુ જાણે તો ગુરુનું જ્ઞાન-દર્શન-ચારિત્ર છે તો એની વાણીમાં જ્ઞાન-દર્શન-ચારિત્રની પ્રાપ્તિની જ વાત આવે. સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વાત એ તો, આ કરે એને મુક્તિ થાય જ એમ આવે. અમે મુક્ત પામ્યા છીએ તો વાણી પણ વિકલ્પમાં પૂર્વે બંધાણી હતી એવી જાતનો વિકલ્પ હતો.

મુમુક્ષુ :- આ કરે એને મુક્તિ થાય, આ કરે એને જ મુક્તિ થાય.

ઉત્તર :- હા, પણ એ આ કરે એને જ થાય એમ કીધુંને? એ તો એનું એ જ કીધુંને? આ કરે, આ પ્રમાણે કરે એને મુક્તિ થાય જ. આ પ્રમાણે કરે અને ન થાય એમ બની શકે નહિ. પણ બીજી રીતે કરે તો થાય એમ એનામાં આવે નહિ. આવે શી રીતે પણ? સમજાણું કાંઈ?

જે કોઈ પ્રરૂપણા જૈનદર્શનના નામે એમ કરે કે વ્યવહાર પણ નિશ્ચયનું કારણ છે, તે વીતરાગની વાણી જ નથી, વીતરાગનું આગમ એ નથી, આગમ એમ કહે જ નહિ. સમજાણું કાંઈ? રાગથી લાભ થાય તો એણે રાગ ટાળીને વીતરાગતા કેમ પ્રગટ કરી? લાભ થાય તો એણે છોડ્યું કેમ? સમજાણું કાંઈ? નવનીતભાઈ! આવો માર્ગ છે. 'આવો માર્ગ વીતરાગનો ભાખ્યો શ્રી ભગવાન.' ભાખ્યો શ્રી ભગવાન. જુઓ! ભગવાન ભાખે છે એમ કહે છે. ત્રણ કાળના તીર્થંકર, મુમુક્ષુઓને પણ-મોક્ષના અભિલાષીઓને પણ આ ઉપદેશ ભગવાને આગમ દ્વારા કર્યો હતો, કરશે, કરે છે. ત્રણે કાળ લીધા. સમજાણું કાંઈ?

દાખલો આમાં આપ્યો છે સાધુનો. રજનીશની મશ્કરી કરી લાગે છે કોઈકે. એમ કે એક સાધુ ટાઢવાળો હતો બહુ. ટાઢ હતી. પછી ભગવાનની મૂર્તિ હતી લાકડાની તો બાળી અગ્નિમાં. એ પણ ભગવાનની મૂર્તિ બાળી બીજી વાત. પૂજારી કહે, આ શું કરે છે? ત્યાં આમ જોવા જાય છે તો રાખને ગોતે છે. શું ગોતે? હાડકા. મરી ગયા પછી હાડકા ગોતેને? ફૂલ. એલા! બે મૂર્ખાઈ તારી. એક તો ભગવાનની મૂર્તિ બાળી અને એમાં હાડકા ગોતે. એમાં હાડકા ક્યાં હતા? આવા પાગલ માનનારા હોય છે કહે છે. સમજાણું કાંઈ? આ તો એણે નાખ્યું છે ગમે તે રીતે. આવો કોણ પાગલ? તો રજનીશ કહે કે હું. એમ નાખ્યું છે. એવું નાખ્યું છે. આજે સંદેશ છે એમ એમાં નાખ્યું છે. એમ નાખ્યું છે. અરે..! પણ એક તો ભગવાનની લાકડા(ની મૂર્તિ) બાળવી અને એમાંથી હાડકા શોધવા. ફૂલ કહે છેને? ત્યાં ક્યાં ફૂલ ક્યાં હતા લાકડા બાળ્યા એમાં? સમજાણું કાંઈ?

એમ આત્માના ભાન વિના ભગવાન કોઈ જ્ઞાની અત્યાર સુધી થયા જ નથી. આને બાળી મૂકો, મૂર્તિને બાળો એમ એ કહે છે ભાઈ. મૂર્તિને બાળો, ખાદીને, ચરખાને બાળો.

શું કરવું છે બાળીને પછી? શું એમાંથી શોધવું છે તારે? ભાઈ! બાળવું-બાળવું રહેવા દે. આત્મામાંથી રાગ-દ્વેષને બાળ, તો એમાંથી નીકળશે આત્મા. બાકી બીજે ક્યાંય આત્મા શોધીશ તો નીકળશે નહિ. ત્યાં એમાંથી નીકળશે? લાકડા બાળ્યા એમાંથી હાડકા નીકળશે? સમજાણું કાંઈ? એમ મૂર્તિને બાળે એમાંથી શુદ્ધતા નીકળશે? ત્યાં શુદ્ધતા જોવા જાય છે એમાંથી નીકળશે શુદ્ધતા? ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદનો પિંડ છે તેની દૃષ્ટિ કરતાં તેમાંથી શુદ્ધતા આવશે, બાકી ક્યાંયથી ત્રણ કાળમાં શુદ્ધતા ધર્મ, શુદ્ધતા કહો કે ધર્મ કહો, ક્યાંયથી આવે એવો નથી. આહા..હા..! ભાઈ! કેવો માર્ગ પૂર્વાપર વિરોધ રહિત. એક વાણીથી તે છેક સુધી એક ધારા એક પ્રકાર.

અહીં તો એ પણ આગમનું પણ લક્ષણ બાંધ્યું ભાઈ! અરિહંતનું લક્ષણ બાંધ્યું એમ આગમનું. આગમનું લક્ષણ એવું હોય વાણીનું કે જેમાં આત્માની વીતરાગતા પ્રગટ થાય, વીતરાગદૃષ્ટિ અને વીતરાગચારિત્ર પ્રગટ થાય એવી એની વાણી હોય. એ વીતરાગદૃષ્ટિ અને વીતરાગચારિત્ર આત્માના આશ્રયે પ્રગટે, બહારથી પ્રગટે નહિ. એવી વાણી તેને આગમ કહીએ, એવી વાણી તેને શાસ્ત્ર, એને ઉપદેશક એને કહીએ, બાકી કુઉપદેશક છે. જેની વાણીમાં રાગ રાખીને આત્માને લાભ થાય (એમ આવે), તો ભગવાને રાગ કેમ ન રાખ્યો? અલ્પજ્ઞતા રાખીને અને અલ્પજ્ઞથી સર્વજ્ઞ થવાય. અલ્પજ્ઞતાથી સર્વજ્ઞ થવાય તો અલ્પજ્ઞ છોડ્યું શું કરવા? અને છોડ્યું ત્યારે કોને આશ્રયે સર્વજ્ઞ થયું? અંતર સ્વરૂપને આશ્રયે સર્વજ્ઞ થયું. અલ્પજ્ઞતા ગયું અને સર્વજ્ઞ થયું. ત્રેસઠ પહોરની તીખાશ ગઈ અને ચોસઠ પહોરી થઈ. તો ત્રેસઠ પહોરમાંથી થઈ છે? અંદરમાં હતી, ચોસઠમાંથી આવી છે. એવો ભગવાન દ્રવ્યસ્વભાવ એની દૃષ્ટિ કરીને સમ્યગ્દર્શન થાય છે મિથ્યાત્વનો નાશ, કર્મના અંશનો, એની સ્થિરતા કરીને ચારિત્રદોષનો નાશ થાય છે. એ ઉપાય ભગવાને કર્યો અને જગતને એ ઉપાય બતાવ્યો. સમજાણું કાંઈ? આહા..હા..!

**'એ જ પ્રકારે તેનો ઉપદેશ કરીને,...'** એ જ પ્રકારે તેનો ઉપદેશ કરીને. આહા..હા..! મોતીભાઈ! સમજાય છે કે નહિ આમાં? **'નિઃશ્રેયસને પ્રાપ્ત થયા છે;...'** જુઓ! શું કીધું? ઓહો..! પ્રભુ! આપે પ્રાપ્ત કર્યું અને પછી વાણી આવી નીકળી ઉપદેશ, ઉપદેશ છૂટી ગયો (અને) મુક્તિ થઈ. પછી મુક્ત થયા. એટલે મુક્ત થનારા વાણીવાળા જ લીધા છે અહીંયા પહેલા. અને જો વાણી ન હોય તો પૂર્ણ સ્વરૂપ પ્રાપ્ત થયું એ દ્વારા એને-જગતને સમજવાનું શું મળે? કોઈ કહે કે ભાઈ પૂર્ણ સ્વરૂપ પ્રાપ્ત થયું પણ પછી વાણી ન હોય. તો એણે જાણ્યું ને જોયું ને થયું એવું જગતને સમજવાનું શેમાં મળે? એટલે પૂર્ણ પ્રાપ્ત થયું એને વાણીવાળા જે તીર્થંકરો છે, જેને વાણી દ્વારા ઉપદેશ આવે એને અહીં લીધા છે. સમજાણું કાંઈ? એ વાણી સહેજે નીકળે છે, કર્તા થઈને નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

એ કીધુંને ભાઈ! વડવામાં પ્રશ્ન થયો હતો ૮૬માં. કુંવરજીભાઈ સાથે. કુંવરજી આણંદજીને?

પરમાણંદના ભાઈ. પરમાણંદના બાપુ. ૮૬ની સાલ વડવામાં ગયા હતા ને જ્યારે ગામમાંથી. ૮૬ની સાલની વાત છે. એમણે પ્રશ્ન કર્યો હતો. મેં કીધું કે જો ભાઈ! આત્માનું સ્વરૂપ જ્યારે પૂર્ણ પ્રાપ્ત થયું અને એ પ્રાપ્ત થયું એવું વાણીમાં જો ન આવે તો જગતને સમજવું શી રીતે? સમજવું શી રીતે? એટલે સમજાવવામાં સર્વજ્ઞ થયા પછી પણ વાણીનો યોગ એને હોય છે. સમજાય છે કાંઈ? છતાં એ વાણીના કર્તા નથી, એ તો સર્વજ્ઞ છે. આહા..! સમજાણું કાંઈ? ભારે ઝીણી વાત ભાઈ! એ અહીં પણ એક ફેરી પરમાણંદભાઈ આવ્યા હતા. ચર્ચા થતાં થતાં (કહે), તમારો માર્ગ શરૂઆત થાય ત્યાં અમારો પૂરો થાય છે. કહ્યું હતુંને? અમારો પૂરો થાય.. કીધું, તમારો પૂરો થયો જ નથી. બિચારા માણસ નરમ છે. વાતચીતમાં ઓલા નથી. પણ આ વસ્તુ.. વાતચીતમાં કોમળતા, નરમ હતા. પણ આ વસ્તુ આખી જુદી, તત્ત્વ બેસે નહિ ત્યાં સુધી... એવી વાત છે. હજી તો કો'કનું કરી દેવું છે અને કો'કથી લેવું છે. પણ અહીં ક્યાં ખજાને ખોટ છે તો ક્યાંકથી લેવું છે? અને બીજા ક્યાં અધૂરા છે કે તું એને દે તો થાય એમાં? એ પણ પૂર્ણ તત્ત્વ છે. સમજાણું કાંઈ? બહુ પણ ગાથામાં સમાડી દીધું છે હોં!

**'सव्वे वि य अरहंता'** આહા..હા..! ત્રણ કાળના તીર્થંકરોએ આ રીતે કર્મના અંશનો નાશ કર્યો, નિર્જરા કરી, અશુદ્ધતા ટળી, શુદ્ધતા પ્રગટ થઈ એવો જ શુદ્ધતાનો ઉપદેશ પરમાત્માની વાણીમાં ઇચ્છા વિના, કર્તા થયા વિના નિમિત્ત-નૈમિત્તિક સંબંધે એવી જ વાણી આવી. સમજાણું કાંઈ? આહા..હા..! એવો માર્ગ કાને પડવા પણ પુણ્ય જોઈએ છે. કહે છે કે **'ઉપદેશ કરીને નિઃશ્રેયસને પ્રાપ્ત થયા છે;...'** એ વાણી પૂરી થઈ, ઉપદેશ આપ્યો, વાણીનો યોગ થયો. પૂર્ણ થઈ ગયું. નિર્વાણને પામ્યા, મોક્ષ પધાર્યા. સમ્યગ્દર્શનની વ્યાખ્યા કરી, સમ્યક્ચારિત્રની કરી, કેવળજ્ઞાનની કરી, ઉપદેશ કર્યો, ઉપદેશ પૂરો થયો ને નિર્વાણ પામ્યા. આહા..હા..! યોગનું કંપન્ન છૂટી ગયું, અયોગી થઈ ગયા. સમજાણું કાંઈ?

**'માટે નિર્વાણનો અન્ય માર્ગ નથી એમ નક્કી થાય છે.'** માટે મોક્ષ-નિર્વાણ એટલે મોક્ષ (એનો) અન્ય માર્ગ નથી, આ એક જ માર્ગ છે. વચ્ચે પુણ્યનો રાગ આવે એ પણ મોક્ષનો માર્ગ છે અને રાગરહિત સ્વભાવનો આશ્રય કરવો એ પણ મોક્ષનો માર્ગ, (એમ) બે માર્ગ છે જ નહિ. એક જ માર્ગ છે. સમજાણું કાંઈ? શ્રીમદ્‌માં આવે છેને કે 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ, પ્રેરે તે પરમાર્થને તે વ્યવહાર સંમત.' એમ આવે છે. એટલે કે પ્રેરે એટલે ત્યાં વિકલ્પ શુભ હોય છે એને નિમિત્ત તરીકે, વ્યવહાર તરીકે કહેવામાં આવે છે. વાસ્તવિક તરીકે એ માર્ગ છે નહિ. સમજાણું કાંઈ?

કળી પોતે છે એ કળી ખીલીને પોતે લાખ પાંખડીવાળું કમળ પોતે થાય છે. સમજાય છે કાંઈ? કળી હોય છેને? લાખ પાંખડીની કળી હોય, ગુલાબ હોય. સેંકડો તો ગુલાબની પાંખડી અત્યારે હોય છે હજારો. એક દિ' સાંભળી હતી. જોવા ગયા હતા. ચીખલી-ચીખલી

ને? ચીખલી. ચીખલીમાં એક મોટું તળાવ છે. ચીખલી છેને ચોખા પાકે ત્યાં, બહુ ચોખા થાય છે. અમે ગયા હતાને, ૧૩ની સાલમાં. ત્યાં એક મોટું હજાર પાંખડીનું કમળ છે. જોવા ગયા ત્યારે નહોતું એવું. શાસ્ત્ર તો લાખ પાંખડીનું ગુલાબ કહે છે. એ ગુલાબની કળી હોય નાની પણ એમાં ખીલવાની શક્તિ, લાખ થવાની શક્તિ હોય છે. સૂર્યના નિમિત્તે નહિ. સૂર્યના નિમિત્તે હોય તો લાકડું ખીલવું જોઈએ. લાકડાની કળી કરે છેને. જુઓ, લાકડાની કળી બનાવે. તો સૂર્ય નિમિત્ત થાય તો ખીલે? પોતાની યોગ્યતાથી ખીલે છે. સમજાણું કાંઈ? એ આત્મામાં જ્ઞાન-દર્શન અને આનંદની શક્તિ પડી છે, એની એકાગ્રતા થતાં પોતાને કારણે કળી ખીલી જાય છે ઈ. કેવળજ્ઞાન અને કેવળદર્શનની પર્યાયને પ્રાપ્ત આત્મા પોતાથી પામી જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'નિર્વાણનો અન્ય (કોઈ) માર્ગ નથી એમ નક્કી થાય છે.'** જોયું! એમ નિશ્ચય થાય છે. **'અથવા, પ્રલાપથી બસ થાઓ;...'** **'અલમ'** હવે કહે છે. છેલ્લો શબ્દ એમ છે. સમજાય છે? **'अलमथवा प्रलपितेन'** **'प्रलपितेन'** **'અથવા, પ્રલાપથી બસ થાઓ;...'** હવે શું વધારે કહીએ? **'મારી મતિ વ્યવસ્થિત થઈ છે.'** આચાર્ય કહે છે કે મારી મતિમાં તો નિશ્ચય અનુભવ થઈ ગયો છે કે આ દશાથી મને કેવળજ્ઞાન થશે. એમાં ક્યાંય શંકાને સ્થાન છે જ નહિ. નિઃસંદેહ અમે આત્માનો આશ્રય લઈને દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કર્યા. ચારિત્ર મુનિ છેને. **'મારી મતિ વ્યવસ્થિત થઈ છે.'** નિઃસંદેહ છે. એમ ભગવાન કેવા હશે? અને મારું સ્વરૂપ કેમ પ્રાપ્ત થાય? પછી કેમ થશે? એ મારામાં કાંઈ રહ્યું જ નથી હવે. મારી મતિ વ્યવસ્થિત થઈ ગઈ છે, વ્યવસ્થિત થઈ ગઈ છે. વિશેષ અવસ્થાની દશા છે એ રીતે મારું મતિજ્ઞાન પરિણમી ગયું છે.

**'ભગવંતોને નમસ્કાર હો.'** છેલ્લો એમ શબ્દ છેને પાઠમાં? **'णमो तेसिं'** ઓહો..! વિકલ્પ ઉઠ્યો તો ભગવાનને નમસ્કાર. આહા..હા..! સર્વજ્ઞ પરમેશ્વર પરમાત્મા એવા ભગવંતોને મારા નમસ્કાર! હું મારા સ્વરૂપમાં નમ્યો છું, ઢળ્યો છું, વળ્યો છું, એથી મારી પૂર્ણ પ્રાપ્તિ થશે, મારી મતિમાં વ્યવસ્થિત થઈ ગયું છે. એ ભગવાન નિર્વાણ પ્રાપ્ત થયા તેને નમસ્કાર. કહો, સમજાણું આમાં? એક ગાથામાં તો કેટલું ભર્યું છે આમાં! હવે એ ગાથાનો અર્થ પૂરો થયો.

ભાવાર્થ. આ છદ્મસ્થ પંચમ આરાના સાધુ છે, ચોથા આરાના નથી. આ ૯૦૦ વર્ષ પહેલાના મુનિ છે. અને એને એમ નિશ્ચય થઈ ગયો છે અંદર કે મારી મતિ વ્યવસ્થિત છે. મારો આત્મા દ્રવ્ય-ગુણ-પર્યાયનો આશ્રય લઈ દર્શન-ચારિત્ર પ્રાપ્ત કર્યું છે અને આ રાગ છે એને સ્વરૂપમાં ઠરીને નાશ કરશું એ મતિમાં હવે કાંઈ સંદેહ, ડામાડોળ રહ્યું નથી. સ્થિર થઈ ગયું છે. કહો, આ પંચમ આરાના ૯૦૦ વર્ષ પહેલાના સાધુ આમ કોલકરાર પોતાને માટે કરે છે. ભગવાનને પૂછીને મારી મતિ વ્યવસ્થિત થશે એમ નથી લખતા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ ભગવાનને પૂછીને કર્યું છે. શામદાસજી! આહા..હા..! કહો, ભગવાનજીભાઈ! ભગવાનને પૂછ્યું મેં, પાંચમા આરામાં જન્મ્યો છું. ભગવાન તો અહીં નથી. ભગવાન તો કેવળી પરમાત્મા ત્યાં બિરાજે છે ત્યાં પૂછે કે મહારાજ! મારી મતિ વ્યવસ્થિત છે કે અવ્યવસ્થિત છે? અવ્યવસ્થિત છે જ તારી, એમ ભગવાન જાણે છે. સમજાણું કાંઈ? આહા..હા..! મારી મતિ વ્યવસ્થિત છે એમ મારું જ્ઞાન-મતિ-બુદ્ધિ વ્યવસ્થિત છે, બુદ્ધિ વ્યવસ્થિત છે. અવ્યવસ્થિત છે નહિ. નિરોગ મતિ થઈ ગઈ છે. નિરોગતા મતિમાં છે, વ્યવસ્થિત છે. શું આ તમારે કહે છેને કાંઈક? અવસ્થાનું શું પૂછે છે શરીરને? સ્વચ્છ. તબિયત સ્વસ્થ છે કે નહિ? સ્વચ્છ છે કે નહિ? સ્વસ્થ. સ્વસ્થ જોઈએ, સ્વચ્છ નહિ. સ્વસ્થ. સ્વસ્થ છે કે નહિ? સ્વસ્થ. સ્વચ્છ એ જુદું, સ્વસ્થ જુદું. સ્વચ્છ એ નિર્મળતા બતાવે છે, સ્વસ્થ પોતાના શરીરનું બતાવે છે. સમજાણું કાંઈ? એમ કહે છે કે સ્વસ્થ અમે છીએ. સ્વચ્છ તો છીએ પણ સ્વસ્થ છીએ. અમારા દ્રવ્ય-ગુણ-પર્યાયમાં અમે નિર્મળ સ્વચ્છ જ છીએ. અમારી મતિમાં અસ્વસ્થપણું રહ્યું નથી. રહ્યું નથી એ પણ નથી લીધું. એ તો વળી નાસ્તિથી. આ તો આ છે, બસ. એ અસ્તિથી એક જ વાત.

ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણ જ્ઞાનનો ધરનાર આનંદકંદ, એનો આશ્રય લઈ દૃષ્ટિ થઈ છે, ચારિત્ર પણ થયું છે, વિકલ્પ જરી છે, પણ અમે એને ટાળીને સ્થિરતા કરશું, મતિમાં સ્થિરતા થઈ ગઈ છે. હવે નહિ થાય અને આમ થાશે કે તેમ થાશે એ કાંઈ રહ્યું નથી. સમજાણું કાંઈ? ભાવાર્થ. બહુ સરસ પણ. ઓહો..હો..! છ લીટીમાં તો કેટલું ભર્યું છે આમાં!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો વળી.. નીકળે છે. દાખલા આપેને એવું થાતું હોય છે. હવે તો ... આવે છે એકલી. આ તો એક ગાથા એક દિ'માં પૂરી નથી થાતી. પહેલા તો હજી શરૂઆત. હવે તો ૩૪ વર્ષ થયા, લોકો હવે સાંભળનારા ઘણાં થઈ ગયા કે નહિ? હવે માખણ-માખણ આવે છે માલ. દાખલા આવે, ઓલું આવે એવું બધું આવે છે. એ તો આવવું હોય ત્યારે આવેને પાછું. કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

'**ભાવાર્થ :- ૮૦ અને ૮૧મી ગાથામાં કહ્યા પ્રમાણે સમ્યગ્દર્શન પ્રાપ્ત કરીને...**' ઈ ૮૦. '**વીતરાગ ચારિત્રના વિરોધી રાગદ્વેષને ટાળવા...**' ઈ ૮૧. '**અર્થાત્...**' હવે એનો સાર કહ્યો. '**નિશ્ચયરત્નત્રયાત્મક શુદ્ધાત્માનુભૂતિમાં લીન થવું...**' નિશ્ચયરત્નત્રય. નિશ્ચય એટલે સ્વ આશ્રયે સમ્યગ્દર્શન, સ્વ આશ્રયે સમ્યગ્જ્ઞાન, સ્વ આશ્રયે સ્વરૂપ રમણતા એ દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ ત્રણ રત્ન. સ્વ આશ્રયે સમ્યગ્દર્શન, સ્વ આશ્રયે સમ્યગ્જ્ઞાન, સ્વ આશ્રયે ચારિત્ર. એ દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ નિશ્ચય એટલે સાચા રત્નત્રય. સાચા

રત્નત્રય સ્વરૂપ શુદ્ધાત્માનુભૂતિમાં—શુદ્ધ આત્માના અનુભવમાં **'લીન થવું તે જ એક મોક્ષમાર્ગ છે;...'** કહો, સમજાણું આમાં?

એ આઠ-આઠ વર્ષના છોકરા કેવળજ્ઞાન પામીને મોક્ષ ગયા છે. એમ સમજોને રાજાના કુંવરો આઠ-આઠ વર્ષના. આહા..હા..! અમે કોણ છીએ? એમ જોતાં પરથી ઉદાસ થઈ ગયા. ઓહો..! પ્રભુ શુદ્ધ ચિદાનંદ વીતરાગમૂર્તિ આત્મા છે. જેમાંથી નિર્દોષતા કાઢવી છે એ નિર્દોષનો પિંડ છે. વીતરાગભાવ કહો કે નિર્દોષ કહો. આવો આત્મા ભાનમાં આવ્યો ઠરવા માટે. માતાને કહે છે, માતા! એકવાર રજા દે મા! તારે રોવું હોય તો રોઈ લે એકવાર પ્રેમથી. ફરી માતા નહિ કરીએ, અમે કોલકરાર કરીએ છીએ જા. બીજી માતા નથી હવે. અમે પૂર્ણ પદને પ્રાપ્ત કર્યે છૂટકો છે. આહા..હા..! આઠ આઠ વર્ષના હોં રાજકુમાર. જેણે ટાઢા-ઊના જોયા નથી એવા સંસારમાં પડ્યા હોય મોટા મહેલમાં. જ્યાં આત્માનું ભાન થયું અને વૈરાગ્ય થઈ ગયો. આહા..હા..! અમારી સંપદા અમારા ઘરમાં છે અને અમને શોધતા ન આવડી? અને અમે એને શોધ્યું બહાર! સમજાણું કાંઈ? લાકડાની મૂર્તિમાં હાડકા ગોતવા માંડ્યો. ત્યાં ક્યાં હાડકા હતા? માણસને બાળે...

મુમુક્ષુ :- ..

ઉત્તર :- નાખ્યું છે આમાં, આમાં નાખ્યું છે. એ જરી મોઢે કીધું, આ શેમાં ઉતાર્યું છે? અને પાછું એમાં રજનીશની કોકે મશ્કરી કરી લાગે છે. રજનીશ કહે છે કે એ હું પાગલ છું. એમ નાખ્યું છે એમાં.

ભાઈ! રાગ-દ્વેષ અને પુણ્ય-પાપમાં શોધવા જાઈશ આત્મા તો ત્યાં મળશે નહિ. એ તો બળેલા લાકડા છે, ત્યાં ક્યાં હાડકા હતા? ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ શુદ્ધ આનંદકંદ પ્રભુ છે ત્યાં શોધવા જઈશ તો કેવળજ્ઞાન અને કેવળદર્શન, સમકિત આદિ મળશે ત્યાં. એવા શુદ્ધ આત્માના અનુભૂતિમાં લીન થવું તે જ એક મોક્ષમાર્ગ છે. એ ચોથા આરાનો એ, પાંચમા આરાનો એ, મહાવિદેહનો એ, ભરતનો એ અને એરાવતનો એ, ભૂતકાળનો એ, વર્તમાનનો એ અને ભવિષ્યનો આ એક જ માર્ગ છે. આહા..હા..! શરીરના બાળક માટે પણ આ માર્ગ, શરીરના વૃદ્ધાવસ્થા માટે પણ આ માર્ગ, સ્ત્રીનો દેહ હોય તોપણ માર્ગ આ, પુરુષનો દેહ હોય તો માર્ગ આ, પશુનો હોય દેહ તો માર્ગ આ. અસંખ્ય પશુ આ માર્ગને સાધે છે. અત્યારે અસંખ્ય પશુઓ છે અઢી દ્વીપ બહાર. સમજાય છે કાંઈ? આહા..હા..!

**'ત્રણે કાળે બીજો કોઈ મોક્ષનો માર્ગ નથી.'** વાંચતા પણ નથી. ભણે છે ઘણું, આર્જિકા છે. એ તો નિશ્ચયની અહીં વાત છે. વ્યવહારની બીજે છે કે નહિ? વ્યવહારની બીજે છે તે સાચી છે? એ તો નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે છે. આ વળી નિમિત્તનું જ્ઞાન કરાવ્યું એ ક્યાંથી આવ્યું? ત્યાંથી આવ્યું સ્વપરપ્રકાશકમાંથી આવ્યું, સાંભળને. આત્મા સ્વપરપ્રકાશકની મૂર્તિ, સ્વપરપ્રકાશકનું ભાન થયું, રાગ બાકી છે એને વ્યવહારથી કહ્યો આ

ઉપચારથી. .. રાગ મોક્ષનો માર્ગ નથી. '**ત્રણે કાળે બીજો કોઈ મોક્ષનો માર્ગ નથી. સમસ્ત અર્હંતભગવંતો એ જ માર્ગે મોક્ષ પામ્યા છે અને અન્ય મુમુક્ષુઓને પણ એ જ માર્ગ ઉપદેશ્યો છે. તે ભગવંતોને નમસ્કાર હો.**' આ ૮૨ ગાથા પૂરી થઈ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક વદ ૧૩, સોમવાર, તા. ૧૮.૧૧.૧૯૬૮**
**ગાથા-૮૩, પ્રવચન-૭૦**

પ્રવચનસાર. જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન અધિકાર. હવે સવળી વાત કરીને અવળી વાત (કહે છે). અનાદિની ઊંધી માન્યતા શું છે એ કહે છે. ૮૩ છેને ૮૩? '**હવે શુદ્ધાત્મલાભનો પરિપંથી...**' શું કહે છે? કે આ આત્મા છે એ વસ્તુ સ્વભાવે શુદ્ધ ચિદાનંદ જ્ઞાનાનંદ સ્વરૂપ છે. જ્ઞાનતત્ત્વ છેને? એટલે જ્ઞાનસ્વભાવ છે એનો. જાણવું એવો એનો સ્વભાવ છે. એમાં આનંદ આદિ સ્વભાવ આવી જાય છે. એવો જે શુદ્ધ આત્મા એના ભાવનો લાભ, એવા શુદ્ધ તત્ત્વનો લાભ, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે આનંદ ને શાંતિ એ શુદ્ધાત્મ તત્ત્વનો લાભ. સમજાણું કાંઈ? આત્મા વસ્તુએ-પદાર્થે શુદ્ધ ચૈતન્ય આનંદસ્વરૂપ છે એનો લાભ. એનો લાભ એટલે? એની શ્રદ્ધા, એનું જ્ઞાન અને શાંતિ એ એનો લાભ. એનો શત્રુ મોહ છે. '**પરિપંથી...**' છેને? 'શત્રુ; વાટપાડુ; લૂંટારો.'

આ દેહ, વાણી છે એ તો જડ છે, પર છે. કર્મ પર છે. અંદર પુણ્ય અને પાપના ભાવ થાય છે, પણ એ પણ એક વિકારી આસ્રવતત્ત્વ (છે). એટલે? ચૈતન્યના શુદ્ધ સ્વભાવ તત્ત્વથી એ ભિન્ન તત્ત્વ છે. અને એ ભિન્ન તત્ત્વથી ભિન્ન સ્વભાવની પ્રાપ્તિ ... એ પુણ્ય-પાપની પ્રાપ્તિ, શરીરની પ્રાપ્તિથી રહિત શુદ્ધ ચિદાનંદ જ્ઞાનમૂર્તિ આત્મા, એની પ્રાપ્તિ... એટલે એનો લાભ. જુઓ! આ લાભ આવ્યો. છેને? શુદ્ધાત્મલાભ. આ વાણિયા લખે છે કે નહિ? લાભ સવાયા એવું લખે છેને દુકાન ઉપર. આગળ લખતા લાભ સવાયા. .. પહેલા લખતા. હમણા કાંઈ નથી લખતા. એ તો લાભ નથી, નુકસાન છે ત્યાં. પરવસ્તુની પ્રાપ્તિ મને થઈ એ માન્યતા જ નુકસાનકારી ભ્રમ અને મિથ્યાત્વભાવ છે. સમજાય છે કાંઈ? કારણ કે એ પરવસ્તુ કાંઈ આત્માની સાથે આવતી નથી, આત્મામાં તન્મય થતી નથી. આ શરીર, આઠ કર્મ, સ્ત્રી, કુટુંબ, પરિવાર એ તો એના થઈને રહ્યા છે, એ ચીજો એની થઈને રહી છે.

આત્માની પર્યાયમાં પણ એ થઈને રહી નથી. શું કહ્યું? આ શરીર, કર્મ આઠ છે અંદર, સ્ત્રી, કુટુંબ, પરિવાર, આબરૂ, દુકાન, મકાન, પૈસો એ બધી ચીજો અજીવ બીજી છે, આત્માથી જુદી છે. તો એ જીવ અને અજીવ પોતાના થઈને પોતામાં રહ્યા છે. એ તત્ત્વો કાંઈ આત્માના થઈને રહ્યા છે, છે એમ?

મુમુક્ષુ :- આત્મા માટે તો છેને?

ઉત્તર :- બિલકુલ નહિ. આત્મા માટે (નહિ). એને માટે, એના થઈને, એના થઈને રહ્યા છે અને એના થઈને જાય છે. નવનીતભાઈ!

આ શરીર છે એ અજીવ થઈને રહ્યું છે કે જીવ થઈને રહ્યું છે? લ્યો કહો. આ શરીર છે આ રજકણો છે, એ રજકણોની આ અવસ્થા છે. એ રજકણ છે વસ્તુ. એનો રંગ, ગંધ, રસ, સ્પર્શ એની શક્તિ-ગુણ અને એની આ લોહી એની વર્તમાન અવસ્થા. તો તે તેના પોતે દ્રવ્ય-ગુણ-પર્યાયપણે થઈને રહ્યા છે? વસ્તુ, શક્તિ ને દશા એના થઈને રહ્યા છે (કે) એ વસ્તુ, શક્તિ ને દશા આત્માના દ્રવ્યપણે, આત્માના ગુણપણે, આત્માની પર્યાયપણે થઈને રહ્યા છે? ન્યાયથી તો સમજવું પડશે કે નહિ? ગુલાબરાય! ક્યાં ગયા તમારા? મુંબઈ? ગયા? ઠીક! કહો, સમજાણું કાંઈ? કહે છે કે એ એના થઈને રહ્યા છે.

અને પુણ્ય-પાપના અંદર શુભ-અશુભ ભાવ થાય છે એ પણ વિકાર થઈને, વિકારપણે, વિકારથી રહ્યા છે. આત્મા એ પણે થઈને રહ્યો નથી ખરેખર વસ્તુ. આત્મા તો એ પુણ્ય-પાપના વિકાર વિના, પર વિના, શુદ્ધ ચૈતન્યના સ્વભાવપણે થઈને રહેલો છે. વસ્તુ તો એ રીતે રહેલી છે. નવનીતભાઈ! છતાં એને પામવા માટે રાગ અને પુણ્યથી ભિન્ન એવો જે શુદ્ધ આત્માનો લાભ એની પ્રાપ્તિ એ તો દર્શન, જ્ઞાન અને ચારિત્રની પ્રાપ્તિમાં એ પ્રાપ્ત છે. પણ એની પ્રાપ્તિમાં વાટપાડુ મિથ્યાત્વભાવ છે. લૂંટારો-ચોર. કહ્યુંને? '**શુદ્ધાત્મલાભનો પરિપંથી...**' નીચે કર્યું. પરિપંથી એટલે '**શત્રુ; વાટપાડુ; લૂંટારો.**' '**જે મોહ તેનો સ્વભાવ...**' એક તો મોહ તેનું સ્વરૂપ, મોહ તેનો સ્વભાવ અને તેના પ્રકાર. એ મોહનો સ્વભાવ શું? અને મોહના પ્રકાર શું? એના ભેદ શું? એ બે વાત આ ગાથામાં વર્ણવી છે. ૮૩ ઉપર છે.

**दव्वादिएसु मूढो भावो जीवस्स हवदि मोहो त्ति।**
**सुब्भदि तेणुच्छण्णो पप्पा रागं व दोसं वा।।८३।।**

નીચે એનું હરિગીત.

**દ્રવ્યાદિકે મૂઢ ભાવ વર્તે જીવને, તે મોહ છે;**
**તે મોહથી આચ્છન્ન રાગી-દ્વેષી થઈ ક્ષોભિત બને. ૮૩.**

એનો અન્વયાર્થ લ્યો પહેલો. '**અન્વયાર્થ :— જીવને દ્રવ્યાદિક વિષે...**' દ્રવ્ય એટલે વસ્તુ, આદિ એટલે એના ગુણ અને એની પર્યાય. જીવ અને જડ વસ્તુ, એની શક્તિ

અને એની દશા. એને '**વિષે જે મૂઢ ભાવ (-દ્રવ્યગુણપર્યાય વિષે જે મૂઢતારૂપ પરિણામ)**...' એટલો ખુલાસો કરશે નીચે. આ તો હજી એની સામાન્ય વ્યાખ્યા ચાલે છે. '**તે મોહ છે;**...' એટલે એ નીચે ખુલાસો કરશે. જે પરદ્રવ્ય છે તે મારું છે, પરગુણ છે તે મારા છે, પરની અવસ્થા તે મારી છે અને મારું દ્રવ્ય-ગુણ-પર્યાય તે પરનું છે એવો જે મિથ્યાત્વ ભાવ આત્માની પ્રાપ્તિના ભાવમાં વાટપાડુ છે, લૂંટારો છે આ ભાવ. સમજાણું કાંઈ? ખુલાસો કરશે. આ તો ઉપરથી વળી..

'**તે મોહ છે; તેનાથી આચ્છાદિત વર્તતો થકો જીવ**...' જે પોતાની ચીજ નથી તેને પોતાની માને અને પોતાની ચીજ છે તેને ભૂલી જાય એવો જે મોહ. મોહ એટલે મિથ્યાત્વભાવ. મિથ્યાત્વભાવ એટલે તત્ત્વથી વિપરીત અભિપ્રાય, તત્ત્વથી ઊલટો અભિપ્રાય. જેવું તત્ત્વ છે, જેવી શક્તિ છે, જેવી દશા છે એને એ રીતે ન માનતા એનાથી ઊલટી રીતે અભિપ્રાય કરવો એનું નામ મોહ. સમજાણું કાંઈ? '**તેનાથી આચ્છાદિત વર્તતો થકો જીવ રાગ અથવા દ્વેષને પામીને**...' આ તો મિથ્યાત્વસહિતની જ વાત છે આમાં.

મુમુક્ષુ :- મિથ્યાત્વની જ...

ઉત્તર :- હા, મિથ્યાત્વ સહિતના જ રાગ-દ્વેષની વાત છે, એકલા રાગ-દ્વેષની અહીં વાત નથી. જુઓને. '**રાગ અથવા દ્વેષને પામીને ક્ષુબ્ધ થાય છે.**'

મુમુક્ષુ :- તેનાથી આ..

ઉત્તર :- હા. '**તેનાથી આચ્છાદિત વર્તતો થકો જીવ રાગ અથવા દ્વેષને પામીને ક્ષુબ્ધ થાય છે.**' હવે એનો અર્થ. આ તો શબ્દાર્થ થયો.

'**ટીકા :— ધતૂરો પીધેલા માણસની માફક,**...' શું કહે છે? જેણે ધતૂરો પીધો હોય એને ધોળી ચીજ પીળી લાગે. ધતૂરો પીધેલો (હોય એને ધોળી) ચીજ હોયને, (એ) પીળી લાગે છે. કમળો થાય છેને આંખમાં કમળો? પીળી થાય કમળો. પછી વળી કમળી થાય પાછી, રોગ આઘો વધી જાય ત્યારે. કમળો પીળો થાય એટલે બધી ધોળી ચીજ પીળી લાગે. ચીજ પીળી નથી, પણ કમળાને લઈને ચીજ પીળી લાગે છે. એમ '**ધતૂરો પીધેલા માણસની માફક, જીવને જે પૂર્વે વર્ણવેલાં દ્રવ્યગુણપર્યાયો વિષે**...' જુઓ! પૂર્વે વર્ણવ્યું કે દ્રવ્ય એ ભગવાન આત્મા ચૈતન્ય છે ચેતન. ચૈતન્ય એટલે જ્ઞાન, દર્શન આદિ એનો સ્વભાવ છે અને નિર્મળ આદિ એની પર્યાય છે. અને આ જડાદિ દ્રવ્ય નામ રજકણો તે દ્રવ્ય છે, તેના રંગ, ગંધ, રસ, સ્પર્શ તે એની કાયમ રહેનારી એની સાથે એની ગુણ-શક્તિ છે અને આ અવસ્થા લીલી, લાલ આદિ થાય એ એની અવસ્થા છે.

એવું '**દ્રવ્યગુણપર્યાયો વિષે તત્ત્વ-અપ્રતિપત્તિલક્ષણ મૂઢ ભાવ**...' નીચે છે જુઓ! '**તત્ત્વની અપ્રાપ્તિ**...' એટલે કે આત્મા જ્ઞાનસ્વરૂપ છે તેની અપ્રાપ્તિ. અને રાગ છું, પર છું એવી પ્રાપ્તિ, એવી માન્યતા એ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? આ બાદશાહની વાત ચાલે

છેને. બાદશાહ ગુણસ્થાન. જે બાદશાહ હોય એનું ચલણી નાણું બધે કબૂલ રાખે. જે રાજા હોય એનું ચલણી નાણું બધા કબુલ કરે. આ બાદશાહી ગુણસ્થાન આખા બધા દુનિયા કબૂલ કરે છે કે મિથ્યાત્વ... મિથ્યાત્વ... મિથ્યાત્વ. શું કીધું? મિથ્યાત્વ બાદશાહી ગુણસ્થાન છે. ગુણસ્થાન એટલે એને વિપરીત શ્રદ્ધા જગતમાં બધે વ્યાપી ગઈ છે બધા જીવોને. અનાદિથી એનું ભાન એને નથી. કહો, સમજાણું આમાં? કહો, ભગવાનજીભાઈ!

આ શરીર આત્માનું નથી છતાં મારું છે એમ માનવું એ મિથ્યાત્વ શુદ્ધાત્મતત્ત્વના લાભમાં લૂંટારો છે. ત્યાં અટકી ગયો છે. શરીરની ક્રિયા મારી, ક્રિયા એટલે અવસ્થા. શરીર રજકણો છે પિંડ એની શક્તિ, વર્ણ, ગંધ છે, એની અવસ્થા આ હાલત જુઓ આ ચાલે આદિ એ અવસ્થા છે. એ અવસ્થા મારી છે અથવા મારાથી થાય છે અથવા મારું અસ્તિત્વ એમાં છે અને એનું અસ્તિત્વ મારામાં છે એવી જે મિથ્યાત્વરૂપી મૂઢ દશા, મોહ એ આત્માની શાંતિનો લૂંટારો છે, વાટપાડુ છે. સમજાણું કાંઈ? ભારે ભાઈ!

દ્રવ્યાદિકના '**વિષે તત્ત્વ-અપ્રત્તિપત્તિલક્ષણ...**' તત્ત્વ જેવું છે તેની તે પ્રકારે પ્રાપ્ત નહિ. તત્ત્વ જેવું છે તેનાથી '**(-અપ્રાપ્તિ, અજ્ઞાન, અસમજણ, અનિર્ણય) જેનું લક્ષણ છે એવો.**' મોહ. કહો, સમજાય છે કાંઈ? એથી શું થાય છે હવે કહે છે. '**તે મોહથી નિજ રૂપ આચ્છાદિત હોવાથી...**' જે પોતાનો જ્ઞાનાનંદ સ્વભાવ, પોતાનું દ્રવ્ય એટલે વસ્તુ અને પોતાનો જ્ઞાનાદિ સ્વભાવ શુદ્ધ એની પ્રાપ્તિ (એટલે) 'એ હું છું' એમ ન માનતા--એમ પ્રાપ્તિ ન કરતા એનાથી ઢંકાઈ ગયો. એ હું નહિ. આ રાગ એ હું. પુણ્યના ભાવ થયા દયા, દાનના વિકલ્પો, વિકૃત, મલિન એ હું એવી વિપરીત માન્યતાથી ઢંકાઈ ગયેલો ભગવાન પરને પોતાનું માનીને પોતાને ભૂલી જાય છે. સમજાણું કાંઈ?

'**આચ્છાદિત હોવાથી...**' ઢંકાઈ ગયો છે કહે છે. છેને? દાખલો આપશેને ઓલામાં હાથીનો. બરાબર છે. હાથી અને હાથણીનો. આચ્છાદિત ઓલો ખાડો નાખે. શું કહે છે? આત્મા જે છે હોવાપણે, સત્‌પણે, સત્તાપણે એ વસ્તુ પોતે છે, આ રજકણો ને પુણ્ય-પાપના રાગથી ભિન્ન અને તેના આનંદ અને જ્ઞાનાદિ એના ગુણો શક્તિ, સ્વભાવ છે, એની પ્રતિપત્તિ, એનું જ્ઞાન અને એનો આદર ન થતાં, એ હું છું એમ પ્રતીત ન કરતાં પોતાના શુદ્ધ દ્રવ્ય અને સ્વભાવથી ભિન્ન, પુણ્ય-પાપના વિકલ્પ મેલ અને શરીર આદિ આ બધી લંગર, લંગર મોટું એ હું અને મારાથી તે એવી માન્યતાથી શુદ્ધ સ્વભાવ ઢંકાઈ ગયો છે. એને શુદ્ધ સ્વભાવ હાથ આવતો નથી. સમજાણું કાંઈ? બહુ આ તો વાત (કઠણ). ત્યારે શું કરવું આ બધું? સમજવું હોય તો બાવો થઈ જાય તો સમજાય. માણસ એમ કહે. એમ કહેતા હતા ને ઓલા તમારે જરીયાના જરીયાના અમૃતલાલ. પ્રશ્નનારદ છેને. તમારા જરીયામાં નથી? અમૃતલાલ. આવ્યા છે, નહિ? શાંતિભાઈના દીકરી આવ્યા છે. કહો, સમજાણું આમાં? ઈ એમ કહેતા. સમજાણું? કે આવું સમજવા જઈએ તો બાવા થાય તો સમજાય. પણ

બાવો જ છો સાંભળને. ક્યાં ગરી ગયું છે તારામાં કોઈ ચીજ?

જે ચીજો છે-તત્ત્વ જગતના છે, તારા સિવાય જુદાં એ તત્ત્વ તેના રૂપે, તેના સ્વરૂપે થઈને રહ્યા છે. તારા સ્વરૂપે થઈને એ રહ્યા નથી. એટલે તું તો એનાથી બાવો જ છો, જુદો જ છો. આહા..હા..! કહો, બરાબર છે? અરે..! એ તો ક્યાંય વાત રહી ગઈ બહાર શરીર, કર્મ. આ તો બધા તત્ત્વો છેને. તે પોતે તત્ત્વ છે તે દ્રવ્ય એટલે વસ્તુરૂપે રહી છે, એની શક્તિરૂપે અને એની વર્તમાન હાલતરૂપે રહ્યા છે. એમાં તું ક્યાં એનારૂપે રહેલો છો કે હવે મારે બાવો થાવું છે? પરથી તો જુદો છો જ. સમજાણું કાંઈ? પણ માન્યો નથી, છે તેવો માન્યો નથી માટે તત્ત્વની અપ્રાપ્તિ છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે આવું મોટું લંગર હશે! મારું નહિ હોય તો આ બધું કોનું આ? શરીર, શરીરને ઓળખનારી બાયડી, શરીરને ઓળખનારા દીકરાઓ. શરીરને ઓળખે છેને. ઈ ક્યાં ઓલો આત્મા કોણ છે ઈ કોણ જોવે છે?

મુમુક્ષુ :- એ તો શરીરને પણ ઓળખતા નથી.

ઉત્તર :- ઓળખે એટલે આવી ચેષ્ટા હોયને શરીરનો આકાર એ મારો બાપ. એ મારો દીકરો એમ માને છે. શરીરનો આવો આકાર ને આવું બોલે ને આવા કંઠની ધ્વનિ, જરી પાતળું આવું ઢીંકણું. એ હાડકાના આકાર ને આકૃતિ ને ગતિની જે સ્થિતિ છે એ છેટેથી આવે છે? એ ઓલાની ગતિથી દેખાય તે ફલાણું. ચાલમાં ફેર હોય છેને? એય..! મલૂકચંદભાઈ! મલૂકચંદભાઈ આવે તો ફેર હોય, લ્યો. હળવે-હળવે આમ જાય. જાડું શરીર હોય તો ચાલમાં ફેર હોય કે નહિ? અને પાતળા શરીરવાળા આપણે આ ભાઈ હતા, ક્યાં ગયા ન્યાલભાઈ? જુઓ. ન્યાલભાઈ છેને ૮૬ વર્ષની ઉંમર. ભુરાભાઈના કાકા. આપણા ભુરાભાઈ, નહિ? ઓલા હમણાં ગયા. આવી ગયા છે ત્યાં ગોઠવીને એમ કહેતા હતા. એમ કો'ક કહેતું હતું. કાલ, પરમ દિ' કો'ક કહેતું હતું. ત્યાં ગોઠવ્યું.. બધા આવી ગયા છે. હવે એને ૮૬ વર્ષની ઉંમર. હાથમાં લાકડી નહિ, ચાલ્યા આવે. પડ્યા રહે ત્યારે હાથની આંગળી ઊંચી પણ ન કરી શકે. જ્યારે ટાઢ વાતી હોય એવી સ્થિતિ થઈ જાય છે એની (કે) એક લૂગડું અહીં પડ્યું હોય તો (ઊંચકી) ન શકે. એવું થઈ જાય છે ઘડીક વાર. વળી પાછા આવે ત્યારે લાકડી વિના એ તો દોડગતિ એવી કરે કે મલૂકચંદભાઈ એક કોર પડ્યા રહે ત્યાં. ત્યારે વળી ચાલની ગતિથી ઓળખાય કે આ જુઓ આ ચાલની ગતિ આની ચેષ્ટા. હાથીની ચેષ્ટા જુઓ આમ મલપતી, ગધેડાની ચેષ્ટા આમ આમ પગ કરે, ઊંટની ચેષ્ટા વળી બે પગ આમ અને બે પગ આડા કંઈક, એમ બધાની ચેષ્ટા છે કે નહિ? એમ શરીરની ચેષ્ટાથી ઓળખે કે આ મારો દીકરો, આ મારો બાપ. ઓલો આત્મા છે એની ક્યાં ખબર છે એને? ક્યાં ભાન છે?

આ દીકરો. એ દીકરો કે દિ' હતો? એ ચીજ જડ છે. આ શરીર છે એ તો જડ

છે, જડની અવસ્થા છે. એ તારો દીકરો ક્યાંથી આવ્યો આમાં? મલૂકચંદભાઈ! શું હશે આ? સમજાણું કાંઈ?

એ અહીં કહે છે, ભાઈ! તારી મણમાં પાંચ શેરીની, આઠ પાંચશેરીની ભૂલ પડી છે. તું છો શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય જ્ઞાનાનંદ. સમજાણું કાંઈ? આજે આવ્યું છે તમારું એઈ..! હરિભાઈ! વાંચ્યું? જૈનસંદેશમાં. ક્યાં આવ્યું છે તમારી પાસે? જોયુંને? અમેરિકામાં ઓલો ભાઈ છે ને આપણો દીપક-દીપક. પુષ્પાબહેનનો દીકરો ત્યાં છે અમેરિકામાં. એણે પ્રશ્ન લખ્યા છે. આમાં જૈનસંદેશમાં આવ્યું છે. અમેરિકામાં સોનગઢના સંતને યાદ કરનાર છે. અહીંનું અધ્યાત્મ તો ત્યાં ગયેલું છે. અને ત્યાંની વાત અહીં આવતી નથી પણ ભરતનું અધ્યાત્મ ભરતક્ષેત્રનું ત્યાં જાય છે. કામાણી નહિ ઓલા? હેમકુંવરબહેનની દીકરીનો દીકરો. હરિલાલ દોશીના દીકરા. પુષ્પાબહેન. એ ત્યાંથી પછી આવ્યું, જૈનસંદેશમાં આવ્યું લ્યો! રાજુલનો આવ્યો છે. રાજુલ ગીતાનો આવ્યો છે એમાં લેખ. છે, આ રાજુલ અને ગીતા પ્રત્યક્ષ છે. એમ આવ્યું છે. જૈનસંદેશમાં આવ્યું છે.

અરે..! હજી તો પુનર્જન્મ છે એના ઠેકાણા ન મળે. ભારે પણ! આત્મા ત્રિકાળ છે એણે ભવ અનંત કર્યા છે. દેખાતું નથી તને? આ જ ભવમાં શરીર પાતળું થઈ જાય, રોગી થઈ જાય, નિરોગી થઈ જાય, કેટલી સ્થિતિ બદલાય છે. પોતે આત્મા તો આત્મા છે. આત્મા ચૈતન્યથી જડ થઈ જાય છે? એમ ફરતાં શરીર પછી બીજું શરીર, એવા અનંતા શરીર થયા છે. તો ભવ તો ફરી ફરીને અનંતા ગયા છે. કેમ? કે પરચીજ પોતાની નથી એને પોતાની માની છે અને પોતાની ચીજ છે તેને ભૂલી ગયો છે. આવા મિથ્યાત્વરૂપી વાટપાડુને લઈને આત્મા લૂંટાઈ ગયો છે. કહો, સમજાણું કાંઈ? કહો, ભગવાનજીભાઈ! પ્લાસ્ટિકનું મોટું શું કહેવાય? કારખાનું થાણામાં છેને મોટું? ફેક્ટરી મોટી પ્લાસ્ટિકની મોટી. ઓહો..હો..! વિશાળ. અમારાથી થાય છે. જોડા એવા થાય, ચંપલ એવા થાય. જોડા અને ચંપલ થાય છેને? લાવ્યા હતાને એક ફેરી? જોયું હતું. જોડા ને ચંપલ. એમ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ એ તો થાય છે. મારાથી થાય છે એમાં ક્યાં આવ્યું? કહે છે. એ તો જગતના પરમાણુઓ સ્કંધનો જથ્થો તેની અવસ્થાને ધારણ કરે છે. તારી અવસ્થા ત્યાં જતી નથી અને તારી અવસ્થાને લઈને એ અવસ્થા થતી નથી. ધીરૂભાઈ! શું હશે આ? ભારે વાતું ભાઈ!

કહે છે, તત્ત્વ-અપ્રત્તિપત્તિ નામ તત્ત્વની અપ્રાપ્તિ એટલે એવો જે મૂઢ ભાવ એટલે વસ્તુસ્વરૂપ ભગવાન આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે તેની અપ્રાપ્તિ અને જડ આદિ પણ જડરૂપે છે એવા પણ જ્ઞાનની અપ્રાપ્તિ, એમ. જડ જડપણે છે, પર આત્મા પરપણે છે એની પણ અપ્રાપ્તિ. એટલે સમજાય છે? એ પર મારા છે અને હું એનો છું એવો જે મૂઢભાવ તે

ખરેખર મોહ, મિથ્યા ભ્રાંતિ છે, મહા અનંત સંસારનું કારણ છે. આહા..હા..! બાયડી, છોકરાને જ્યારે ૨૦-૨૫ વર્ષના જ્યાં ઓળખીતા થઈ ગયા ત્યાં એ થઈ ગયા (મારા). મરે ત્યારે હાય હાય રે... ઓલો ડોક્ટરનો દાખલો નહોતો આપ્યો? ડોક્ટર અમદાવાદમાં હતો. છોકરો મરી ગયો. તો વહુ એની મા છોકરાની બહુ રોવા માંડી. ડોક્ટર હુશિયાર માણસ, એને કહે, હવે શું કરવું કહે. જો આવ્યા છે આ બધા. હવે એને તું રોકીશ તો એટલા બધા માણસ રહી નહિ શકે. તારે બાંધવા દેવો છે કે નહિ ઠાઠડીમાં? ઠાઠડીમાં બાંધવા નહોતી દેતી એની મા. તો આપણે અહીં રાખીએ એક પેટી કરીને. તારે બાળવા નથી દેવો ને? તો પેટી કરીને અહીં રાખીએ. ના, ના, ના. ત્યારે રાખવો પાલવતો નથી, બાળવો નથી. શું કરવું છે તારે? નવનીતભાઈ! મૂઢ છો મફતનો.

એમાં તો એક વધારે દાખલો આપ્યો હતો. એક છોકરો મરી ગયેલો એવો. અને મરીને કાંઈક વૈરાગ્ય યુવાન અવસ્થા. આમ જુઓ તો આહા..હા..! આ સ્થિતિ! આ સ્થિતિ! વૈરાગ્ય થઈ ગયેલો. વૈરાગ્ય થઈને ભૂતડું-બુતડું થયેલો વ્યંતર. અહીં એના મા-બાપ રોવે, ૨૦ વર્ષનો યુવાન મરી ગયો એટલે. પછી આવીને કહે છે, શું કરવા રોવો છો તમે? અરે..! મારો દીકરો (મરી ગયો). કહે, હું છું, હું છું. કહો તો તમને બતાવું મારું રાખેલું, તમારું રાખેલું બતાવું. હવે તમે રોવો છો શું કરવા? એ તમારે ૨૫-૫૦ વર્ષ હું રહેતને તો તમને સંતોષ હતો ને. તો હું રહું. ના ભાઈ! અમને શંકા પડે, તમે ભૂત હોઈ શકો. પણ હું કહું છું કે એ આત્મા છું અને અહીં રહું તમારી પાસે ૨૫ વર્ષ. હવે શરીરને બાળવો પાલવે નહિ, રાખવો પાલવે નહિ, આવ્યો એને રાખવો પાલવે નહિ. શું કરવું છે પણ તારે હવે? મલૂકચંદભાઈ! ઓલો આવ્યો. કહે હું છું, આ ફલાણો, તમારો દીકરો, જુઓ આ હમણા મરી ગયો અને તરત જ ભૂતડું વ્યંતર થયો છું. કાંઈક વૈરાગ્ય મને જરીક થઈ ગયો અને એના પરિણામથી આ વ્યંતર હું થયો છું. હું આ છું. રોવો નહિ તમે. પચાસ વર્ષ રહું અહીં ભેગો ઘરમાં. તમે જ્યારે વૃદ્ધ થઈને મરી જાશો પછી હું વયો જઈશ. ભાઈસાહેબ એ ન પાલવે. આ ભવનો જીવ અહીંને અહીં હોત તો પાલવે. આ ભવનો બીજે ગયો અને ત્યાંથી આવે એ અમને પાલવે એવું નથી. આ જુઓને! આહા..હા..!

એ બાયડી મરીને જો ભૂતડી થઈ હોય અને અત્યારે એવો એને રાગ, એવો રાગ હોય એને. આહા..હા..! તારા વિના મને શું થશે? રોવે બિચારો. તારા વિના, એના વિના અનંતકાળ ગયો તારો સાંભળને હવે. સમજાણું કાંઈ? પણ એ જો ભૂતડી થઈને આવી હોય. લ્યો તમે રોવો નહિ, તમે કહો તો ૨૫-૫૦ વર્ષ રહું, રાંધી ખવરાવું બધું કરું તમે કહો તો. એ ઘરમાં તું રહે તો છોકરાને શંકા પડે, વહેમ પડે, મને પણ શંકા પડે. પણ કહેતા હતાને મારી બાયડી અને આ શું છે પણ ત્યારે? ગુલાબરાય! આ તો સાંભળીને... પણ કહેતો હતો ને તું અમારી બાયડી, મારી અર્ધાંગના, એના વિના ચાલે નહિ, હું મરી જાઉં, કોણ

રાંધશે? ચાલને. રાંધવા આવું, તું કહે એમ કરું, પછી શું છે તારે? એ નહિ. અમારે તો એ જીવ જે રીતે અહીં હતો એ રીતે વયો ગયો, હવે તું એ જીવ ભલે હો. આરે.. આરે..! જુઓને ભ્રમ પણ જગતને.

'**તત્ત્વ-અપ્રતિપત્તિ...**' સમજાણું કાંઈ? એટલે જેવું પોતે છે તત્ત્વ અને જેવું પર હોં, બેય. જે રીતે સ્વ અને પર છે તેની અતત્ત્વ એટલે અપ્રાપ્તિ. પોતાનું સ્વરૂપ શુદ્ધ છે એની અપ્રાપ્તિ અને પરવસ્તુ પરરૂપે છે તેની અપ્રાપ્તિ. પર છે ઈ મારા છે એટલે અપ્રાપ્તિ થઈ. એની પણ અપ્રાપ્તિ. વાસ્તવિક તત્ત્વનું સ્વરૂપ એને ભાન રહ્યું નહિ. '**તે મોહથી નિજ રૂપ આચ્છાદિત હોવાથી આ આત્મા પરદ્રવ્યને સ્વદ્રવ્યપણે,...**' આ શરીર, વાણી, મન, હાડકા જડ, માટી, ધૂળ જગતની ચીજ મારી, આ પૈસા મારા. પાંચ વર્ષ ગાય રાખી હોય ઘરમાં અને પછી વેચી નાખી હોય અને કોકની સાથે ગોવાળ લઈ જતો હોય, નીકળ્યો હોય તો કહે આ મારી ગાય. પાંચ વર્ષે વેચી નાખી હોય, પછી કોઈ સાધન ન કરતા હોય એટલે વેચી નાખી હોય. આ મારી ગાય. પણ ક્યાંથી આવી તારી? એ તો ગાય તો ગાય રૂપે છે. એ તો શરીર શરીરરૂપે છે, એનો આત્મા આત્મારૂપે છે. મારી આવી ક્યાંથી? સમજાણું કાંઈ?

દાખલો આપ્યો હતોને શ્રીમદ્‌નો, ઘણીવાર આપીએ છીએ. સો ઘર છે એક શેરીમાં. સો ઘર. પોતે .. જોવે છે. આહા..હા..! ત્યાં ઓલું ચણેલું એનું પોતે મૂકેલું હોય. આ મારુ. આહા..હા..! હવે આ સો છે એમાં જોનાર તો એક છે. હવે જોનારમાં ત્યાં ભાગ પડતો નથી કે આ મારું અને આ તારું. પણ અંદર વચમાં આવીને કહે, આ મારું. એ આવ્યું ક્યાંથી? બધા જોવાલાયક છે, તું જોનાર છો. જોનારને જોનારને જોવું છે. જણાવાને જણાવનારને પ્રમેયપણે, પ્રમેયપણે જ્ઞેયપણે જણાવે છે. એ સિવાય બીજું કાંઈ છે નહિ. છતાં આ મારું એ કહે છે કે મિથ્યાત્વ મોહ છે, ભ્રમ છે. એને તત્ત્વની પ્રતિપત્તિ નથી. સમજાણું કાંઈ?

એમ ૨૫ છોકરાઓ ઊભો હોય આમ. ખરેખર તો એ તો જ્ઞેય છે. જાણવાલાયક છે. આત્માઓ છે અને શરીર છે, આ જાણનાર છે. વચલો આ મારો. એ મારું ક્યાંથી? જ્ઞેય તરીકેમાં આ મારું અને તારું ત્યાં લખ્યું છે? જ્ઞાન તરીકેમાં આ મારું ને આ તારું એવું જાણવું જ્ઞાનમાં છે? ન્યાય સમજાય છે? જાણનાર જાણે કે આ છે એ રીતે એના રૂપે આ રીતે. એ સિવાય આ મારું અને હું એનો બાપ, આ ક્યાંથી આવ્યું? કહે છે. ભગવાનજીભાઈ! પણ આવું બધું કરવા જાય તો હવે બાયડી પરણાય નહિ, ઘર ચાલે નહિ, વેપાર કરાય નહિ ત્યારે કરવું શું? દુકાન પણ ચાલે નહિ. પણ દુકાન કે દિ' ચાલે છે તારે લઈને? સાંભળ તો ખરો. દુકાનના લાકડા અને દુકાનનો માલ એ તો એના તત્ત્વરૂપે છે. તું તારા તત્ત્વરૂપે છો. તારા તત્ત્વનો અંશ એનામાં ગયો નથી અને એનો અંશ તારામાં આવ્યો નથી. એટલે તારા લઈને દુકાન ચાલે છે એ વાત સાચી નથી. ભારે વાત! ગુલાબભાઈ! આવું છે. આહા..હા..!

શરીરમાં પક્ષઘાત થયો હોય તો શરીર ન ચાલે લ્યો! લાખો-કરોડો રૂપિયા હોય એ પડ્યા રહે. ડોક્ટર કાંઈ કામ કરે નહિ. શરીર ધાર્યા ઈચ્છા પ્રમાણે કાંઈ કરે નહિ. બોલી શકતા નથી ભાઈ એમ કહે. વાચા બંધ છે. વાચા બંધ છે કે આત્મા બંધ છે? વાચા બંધ છે એ તો જડની. વાચા થતી હતી જડથી અને બંધ થયું જડ. આત્મા ક્યાં બંધ થયો છે? આત્મા તો છે જ. સમજાય છે કાંઈ? ભારે વાત ભાઈ! ભારે મોહ પણ જગતનો.

એ મોહને ટાળવા માટે આ વાત સમજાવે છે કે જે ચીજ તારી નથી તેને તેં (તારી) માની અને તું તેનો નથી તે એનો માન્યો, એ મિથ્યાત્વભાવ ઢંકાયેલો પરદ્રવ્યને સ્વદ્રવ્યપણે, '**પરગુણને સ્વગુણપણે...**' લ્યો! પરગુણને સ્વગુણપણે એટલે પુણ્ય-પાપના ભાવ ખરેખર તો પરવસ્તુ વિકાર વિભાવભાવ છે. એ પોતાનો ગુણ નથી. છતાં મારા છે, મારા પુણ્ય, મેં પુણ્ય કર્યા, મેં પુણ્ય કર્યા, મેં પાપ કર્યા, મેં આ કર્યા, એ પરગુણને પોતાપણે માને છે.

'**અને પરપર્યાયોને સ્વપર્યાયપણે...**' એ વિકારી પર્યાય છે, શરીરની અવસ્થા છે. રૂપાળી આવી શરીરની અવસ્થા, લ્યો એ મારી અવસ્થા. આંગળી આવી ગોળ ચકોર અને ફર્સ્ટક્લાસ નાક. સમજાય છે? કોના જેવું? આ ગરુડ જેવું. ગરુડનું જેવું નાક, હરણની જેવી આંખ ચકચકતી, કુંડળ જેવા કાન, મોઢું ચંદ્રમા જેવું, પગ કેળના સ્તંભ જેવા. કોના? મારા. જુઓ! દાંત દાંત કહે છેને. દાડમના ઓલા જેવું કહે છેને. ભાષા બધે લટકાવી છે. સરખા દાંત હોય તો દાડમની કળી જેવા દાંત છે કહે. ઓહો..હો..! વાહ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધોળા હોય ભલે પણ દાડમની કળી જેવા. શું છે પણ હવે? તારા છે એ? આવો ભ્રમ હશે મોટો? છેને પણ, એ તો કહે છે. એ પરપર્યાયને પોતાપણે સમજીને અંગીકાર કરીને. આહા..હા..! આ મિથ્યાત્વભાવ આત્માનો લૂંટારો છે, બીજો કોઈ લૂંટારો નથી. કર્મ પણ લૂંટારો નથી એમ કહે છે અહીં તો. કર્મ લૂંટારો નથી ભાઈ, એમ કીધું અહીં. તારો ભાવ મૂઢભાવ તે લૂંટારો છે. કર્મ લૂંટે છે તને અને કર્મ નુકસાન કરે છે? કર્મ તો પરદ્રવ્ય છે. આહા..હા..! કર્મ મને નુકસાન કરે છે. વાટપાડુ! કર્મને માથે નાખે છે વાત? તારી માન્યતા તને નુકસાન કરે છે એમ નથી માનતા. કર્મ મને નુકસાન કરે છે, કર્મ મને હેરાન કરે છે એમ જે માને છે એ સ્વપર્યાયપણે પરને પોતાની સમજીને અંગીકાર કરે છે. એ રાગ મારો, એ પુણ્ય મારા, એ પુણ્ય ફળ્યા. જુઓ! પૈસા ને છોકરાઓ ફળે એ પુણ્ય અમારા કહેલા ફળ્યા અને આ હાથે કરીએ અને આ હાથે ભોગવીએ અમે. લ્યો, એમ વાતું કરે. હાથે કરતો હશે. જડથી કરવું હશે કાંઈ? એવા પણ... હાથે પૈસા આવ્યા, ઈશ્વર પૈસા આપે, દાનમાં આપીએ. પૈસા તારા હશે તે તું આપ? તારા માટે આવ્યા હતા એ પૈસા ત્યાં? એ તો એના જડની પર્યાય જડને કારણે સ્વતંત્ર રૂપાંતર થઈને એ સ્થાનમાં આવ્યા છે. તારે કારણે નથી આવ્યા એ. એના રૂપ થઈને એને કારણે આવ્યા છે અને તું કહે છે કે

મારા માટે એનું રૂપ લઈને આવ્યા છે. ભ્રાંતિ તને છે ભ્રમ. સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- અનાદિનો અભ્યાસ છેને.

ઉત્તર :- અનાદિનો અભ્યાસ છે. એ ખબર નથી, પાછી એની ખબર પણ નથી કે આ ભૂલ કઈ ક્યા પ્રકારે થઈ છે? ભૂલ ક્યા પ્રકારે થઈ છે એવું જો ભાન થાય તો ભૂલ ટાળવાનો એને અવકાશ રહે. પણ ભૂલ શું છે? કેવા પ્રકારની? એની ભૂલની ખબર નથી. ભૂલના ટાળવાનો ભગવાન એની તો ખબર નથી (પણ) ભૂલ કેવા પ્રકારની કેવી કેટલી મોંઘી આકરી થાય છે એની ખબર નથી એને. સમજાણું કાંઈ?

'**અતિ રૂઢ થયેલા દઢતર સંસ્કારને લીધે...**' જુઓ! આ રીતે પર મારું, પરદ્રવ્ય મારું, પરગુણ મારા, પર અવસ્થા મારી. મારી ભાષા મીઠી એવી છે કે લોકોને સારી લાગે, એમ કહે. એક બાઈ નહોતી ઓલામાં? કોક બાઈ. કોક વાતું કરે એ સાંભળીએ આપણને ક્યાં ખબર છે. ટોકરી વગાડે એવી ભાષા. બુલબુલ. એ તો જડનો અવાજ છે. એને એમ થઈ જાય કે મારો અવાજ મીઠો બહુ કોયલ જેવો. અચ્છા! કોયલ થાવું છે તારે? એવો મીઠો કંઠ દેશી, એની હલક. હલક. 'ભક્તામર પ્રણિત મૌલી મણિ પ્રભાણામ.' આ હલક. સિંહ જેમ ક્રિડિત કરે ને? શાર્દુલવિક્રિડિત. એનું નામ શાર્દુલવિક્રિડિત છે રાગ. શાર્દુલ એટલે સિંહ જેમ ક્રીડા કરતો કરતો મલપતો ચાલે એવી દેશી ક્રીડા કરતી મલપતી ચાલે દેશી. એ કોની? કે મારી. હું એ દેશી કરું છું. બહુ સારી વાત છે. એ તો જડની અવસ્થા છેને? કોને ખબર જડની. હું કરું એમ થાય છેને, જડની શેની? એ જાતનો દેશીની હલક કરવા માગું તે હલક થાય છે. નથી થાતી? આહા..હા..! એ તો જડની અવસ્થા છે, બાપુ! તને ખબર નથી. ભાઈ! તું તો જ્ઞાનસ્વરૂપ છો, એ થાય તેનો જાણનાર છો અને થાય તે તેનાથી થાય તેમ માનનાર છો. થાય તે તેનાથી થાય એમ માનનાર છો. થાય તેનો જાણનાર છો અને થાય તે તેનાથી થાય તેવો જાણનાર છો. આહા..હા..! સમજાણું કાંઈ? એને ઠેકાણે ઊંધું (માને). આહા..હા..! મોઢાના સુંદર આકારને બતાવવા માગે ઘણા. જુઓ ચેષ્ટા મારી આમ છે, તેમ છે. એ અહીં આવી ગયો તું? તું અહીં આવી ગયો આમાં? આ તો જડની છે, આ તો અજીવ છે. આની રાખ થાશે. શું તું ત્યાં રાખ થઈ જઈશ એમાં? સમજાણું કાંઈ?

'**અતિ રૂઢ થયેલો દઢતર સંસ્કાર...**' છેને? બહુ દઢ થઈ ગયેલા સંસ્કાર. એને ખબર નથી કે આ ભૂલ કેવી જાતની કરું છું? કેવા પ્રકારની અને કેટલી આકરી? અને કેટલી વિપરીત? તું જ તત્ત્વ છો કે જગતમાં (બીજા) કોઈ તત્ત્વ છે જગતના? એક જ તું છો? જગતના અનેક તત્ત્વ છે તો અનેક અનેકપણે થઈને રહ્યા છે. અનેક અનેકપણે થઈને રહ્યા છે કે અનેક એકપણે થઈને રહ્યા છે? (એક થઈને રહ્યા હોય તો) અનેક ન કહી શકાય. અનંત આત્માઓ અને અનંત રજકણો એ અનંત અનંતપણે થઈને રહ્યા છે. એ અનંત અનંતપણે ભિન્ન-ભિન્ન થઈને રહ્યા છે. એને ઠેકાણે કહે મારે લઈને આ મારા. અનેક ભિન્ન છે એને મારા (માનીને)

તારા તત્ત્વમાં ખોસી ઘાલ્યા તો અનંતા ભિન્ન તો રહ્યા નહિ. સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ! કેમ હશે આમાં અમુલખભાઈ? આહા..હા..!

બીજી રીતે કહીએ તો પરમાં સુખ છે એવી માન્યતા એ પરને પોતાનું માને છે. સુખ છે આત્મામાં, સુખ છે આત્મામાં. કારણ કે એ પોતે સચ્ચિદાનંદ સ્વરૂપ છે, નિત્યાનંદ સ્વરૂપ છે. એને ઠેકાણે આ રાગમાં સુખ છે, આમાં સુખ છે, આમાં સુખ છે એટલે એ એને પોતાનું માને છે. પણ સુખસ્વરૂપ છે તે ઢાંકી દે છે. પોતામાં સુખસ્વરૂપ છે તેને ઢાંકી મિથ્યાત્વભાવથી આમાં સુખ... આમાં સુખ... આમાં સુખ એમ મિથ્યાત્વભાવને, મૂઢ ભાવને વાટપાડુને સેવે છે. એ વચમાં વાટપાડુ આવેને રસ્તામાં? જાન જોડીને જાતા હોયને, બધાએ દાગીના સરખા પહેર્યા હોય ને ૫૦-૬૦ માણસ હોય ને બાયડીએ લાદ્યા હોય દાગીના બધા સરખા. કારણ કે લગનમાં તો લાદેને? અને એમાં વાટપાડુ આવ્યા હોય પચ્ચીસ જણ વચમાં. હાય.. હાય.. આ દાગીના ન લીધા હોત તો સારું હતું. આ વાટપાડુ છેને નીચે? નીચે અર્થમાં છે કે નહિ ઓલું? એ પરિપંથી એટલે વાટપાડુ. નીચે છે. એ વાટપાડુનો અર્થ થાય છે આ. સમજાણું કાંઈ?

કહે છે, '**અતિ દઢ થયેલા દઢતર સંસ્કારને લીધે પરદ્રવ્યને જ પ્રતિદિન (-હંમેશા) ગ્રહણ કરતો,...**' જુઓ! પરદ્રવ્યને જ હંમેશા ગ્રહણ કરતો એટલે સ્વદ્રવ્યને ભૂલતો, સ્વદ્રવ્યને છોડતો અને પરદ્રવ્ય તે હું એમ માનતો. ગ્રહણ કરતોનો અર્થ માનતો. કાંઈ ગ્રહી પકડી નથી શકતો. આત્મામાં કાંઈ આંગળા નથી તે પકડે આ. સમજાણું કાંઈ? ગ્રહણ શબ્દ છેને? '**પરદ્રવ્યને જ પ્રતિદિન ગ્રહણ કરતો,...**' ગ્રહણ કરતો નામ પરદ્રવ્યને પોતાપણે માનતો. સમજાણું કાંઈ? આહા..હા..! જુઓ! આ મિથ્યાત્વભાવની વ્યાખ્યા. મિથ્યાત્વ... મિથ્યાત્વ... મિથ્યાત્વ... માણસ કહેને, મિથ્યા એટલે વિપરીત માન્યતા, વિપરીત શ્રદ્ધા, જૂઠી શ્રદ્ધા, દુઃખદષ્ટિ, પાપદષ્ટિ, અજ્ઞાનદષ્ટિ, પાખંડદષ્ટિ. જે પર પોતાના નથી અને પોતે તેનો નથી, છતાં પર મારા માનવા અને પોતે એનો માનવો એ મહા વાટપાડુ મિથ્યાત્વભાવ છે. અરે..! રસ્તામાં લૂંટાઈ જાય છે બાપુ! તારું સ્વરૂપ તને ખબર નથી. આહા..હા..! ભારે વાત ભાઈ! આવું ધર્મને માટેનું આવું રૂપ હશે સમજવું? કહે છે કે દયા પાળતો હોય, સામાયિક કરીને બેઠો હોય, પોષા કરીને બેઠો હોય, ભગવાનની ભક્તિ ને ભજન કરતો હોય, પણ એની માન્યતામાં એમ છે કે આ શરીર મારાથી ચાલે છે. તાવકાયં ઠાણેણં. આવે છેને? એય..! ભગવાનભાઈ! તસ્સઉતરી પાઠમાં. તાવકાયં ઠાણેણં. ત્યાં સુધી કાયાને સ્થિર રાખું. જડને સ્થિર રાખું એટલે જડને પોતાનું માન્યું. સમજાણું કાંઈ? મારો અધિકાર એના ઉપર છે. એના અર્થ એ કે મારો અધિકાર જેના ઉપર છે તે ચીજ મારી છે. મારો અધિકાર જેના ઉપર છે તે ચીજ મારી છે. ભગવાન કહે છે કે તારો અધિકાર એના ઉપર નથી, છતાં તું માને છો, મૂઢ-મોહ, વાટપાડુ તેં પકડ્યો છે મોહને. સમજાણું કાંઈ? ભારે વ્યાખ્યા

ભાઈ આ! સવારે પણ ...

ઓલું તો સહેલું, સમજ્યો-બમજ્યો કાંઈ નહિ ને કરને ધર્મ. જાવ એક અપવાસ કરે, પોષો કરે, આઠ અપવાસ કરી નાખ્યા હતા લ્યો પ્રાણભાઈએ તે દિ'. ૮૮ની સાલમાં. ખબર છે? ચોમાસામાં. આઠ અપવાસ કર્યા હતા ભાઈએ. બસ, થઈ રહ્યું જાવ. ઘણાંએ કર્યા છે બીજાએ પણ. તે દિ' પૈસા-બૈસા નહોતા ભાઈ પાસે-નેમિદાસ પાસે. તે દિ' એવું નહોતું. કંચન પણ નહોતું અને ઓલું કંચન પણ નહોતું. બેય નહોતું. ના ના, આ પણ કંચન અને ઓલું પણ કંચન. બેય કંચન છેને. આ કંચન નહોતું અને ઓલું કંચન નહોતું. એકલસુકલ હતા. પછી આ કંચન આવ્યું તો ઓલું કંચન આવ્યું પછી. પણ મારા.. મારા.. અમારી પાસે આવ્યા હતા હોં એ દીક્ષા લેવા. ૯૦ની સાલ. દીક્ષા આપો. નેમિદાસભાઈ કહે. ૪૮ વર્ષની ઉંમર. દીક્ષા અમે કોઈને આપતા નથી ભાઈ! મેં કીધું બ્રહ્મચર્ય લ્યો. તો કહે બ્રહ્મચર્ય ન લઉં. આપો તો દીક્ષા નહિતર તો પછી મારું શું થશે કહેવાય નહિ. થયું એમાં કંચન થઈ અને એમાંથી ઓલું કંચન બહારનું પાંચ-દશ લાખ રૂપિયા. કાંઈ નહોતું હોં તે દિ' તો. આ જુઓને દેખાવ. એ અમારા અને અમે ઈ. અમે રળ્યા હુશિયાર થઈને. જાધવજીભાઈ! મિથ્યાત્વભાવ છે બાપુ! પરવસ્તુને મેળવે કોણ? રળે કોણ? છોડે કોણ? રાખે કોણ? રક્ષા કોણ કરે? તોડે કોણ? ભાંગે કોણ? આહા..હા..! આ સંસાર-નાટક આવું છે. આ તો નાટક ખડું કર્યું છે.

'**(-હંમેશા) ગ્રહણ કરતો,...**' જોયું! હંમેશા એટલે કોઈ સમય પણ આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છું એમ ન ગ્રહણ કરતો, એમ ન જાણતો. સમય સમયમાં... આહા..હા..! એ રાગનો વિકલ્પ તે હું, આ શરીરની ભિન્ન-ભિન્ન અવસ્થા થાય. ત્યારે ભિન્ન-ભિન્ન અવસ્થા એની મેળાએ કાંઈ થાય? શરીર કાંઈ એની મેળાએ ચાલે? હું છું તો ચાલે. અરે..! સાંભળને બાપુ! એ છે તો થાય એની એ દશા. તું છો તો એની દશા થાય? તું છો અંદરમાં, બોલવાની (હોંશ) નહિ રહે. લોકો તો એમ નથી કહેતા? કે આ શ્વાસ તારો સગો નથી એમ નથી કહેતા? છેલ્લે એમ પણ ખ્યાલ આવે. ખ્યાલ હોય તો એને કે શ્વાસ ડુંટીએથી ખસી ગયો. એ નાભિથી શ્વાસે ઘર છોડી દીધું. લેને હેઠે. આ છેલ્લા વખતનો સિદ્ધાંત તે ત્રણે કાળે લાગુ પડે છે, એમ કહે છે. એ બધી ચાલે છે જડને લઈને એમ કહેવું છે અહીં. તારે લઈને નહિ. આ પણ વાત કઈ રીતે બેસે? આ બધા .. નેતાઓ ને જગતને કરી દઉં... કરી દઉં... કરી દઉં... કરી દઉં... એને જે ઘૂંટાઈ ગયું છે. આહા..હા..! ભાઈ! કોણ કર્યા વિના રહ્યા છે કે તું તેનું કર? શું કીધું? જે દ્રવ્ય છે વસ્તુ તે તેના કાર્યની પર્યાય કર્યા વિના રહ્યા છે કે તેની પર્યાય તું કર? આહા..હા..! કરવાનો અધિકાર (એટલે)? કે એ હું છું એનો અર્થ. એ હું છું તો કરી શકું છું એમ માને છે. પરને જ પોતાનું માને છે. આહા..હા..!

અરે..! '**દગ્ધ (-બળી) ઈન્દ્રિયોની રુચિ વશે...**' જુઓ! જરી આચાર્યે શું કહ્યું?

બળી ઇન્દ્રિયોની. બળી એટલે આમ તિરસ્કાર વચન છે. તુચ્છ વસ્તુ આ જડ ઇન્દ્રિયો, આ માટી બળી ગયેલી ઇન્દ્રિયોને વશે, એની રુચિને વશે હોં પાછું. '**અદ્વૈતમાં પણ દ્વૈત પ્રવર્તાવતો,...**' શું કહે છે એ જરી? અદ્વૈતમાં પણ દ્વૈત પ્રવર્તાવતો એટલે શું? પુલનો દાખલો આપશે. પુલનો. પાણીનો પ્રવાહ ચાલ્યો આવેને. પુલનો દાખલો આપશે. જુઓ! '**અતિપ્રચુર જળસમુહના વેગથી પ્રહાર પામતા સેતુબંધની માફક દ્વિધા વિદારિત થતો...**' એટલે શું કહે છે? પુલ હોયને પુલ આમ પાંચ-સાત કાણા પાડેલા. પાણીનું પુર એક વેગે ચાલ્યું આવતું હોય. પુલ આવે ત્યાં કટકા-(ભાગ) પડી જાય પાંચ. એમ ભગવાન ચૈતન્ય પ્રવાહ જાણવું-દેખવું એકરૂપ પ્રવાહ છે અને જગતની ચીજો પણ જ્ઞેયરૂપે એક પ્રવાહ છે, છતાં અજ્ઞાની ઇન્દ્રિયોને વશે થઈ 'આ ઠીક છે અને આ અઠીક છે', એકપણાનું જ્ઞેય છે તેના બે ભાગ પાડી નાખે છે. વાત સમજાય છે કાંઈ?

આ આત્માને માટે આત્મા જ્ઞાયક પ્રવાહનો પિંડ છે અને એ ચીજો બધી ચાહે તો રજકણ હો, આત્મા હો, સિદ્ધ હો, કોઈપણ ચીજ એ બધું જ્ઞાનનું જ્ઞેય છે. એ જ્ઞેય એટલે જણાવાલાયક છે. જણાવાલાયકમાં અદ્વૈતપણું જ જ્ઞેય છે. એ અદ્વૈતપણે એક જ જ્ઞેય હોવા છતાં ઇન્દ્રિયને વશે થયેલો, 'હત ઇન્દ્રિયો'-તિરસ્કાર કરવા લાયક ઇન્દ્રિયો એને વશ થયેલો, 'આ મને ઠીક અને આ મને અઠીક' એવા બે ભાગ જ્ઞેયમાં ન હોવા છતાં મિથ્યાત્વભાવથી પાડે છે. ભાઈ! સમજાય છે આમાં? ન્યાય-લોજિકથી તો વાત ચાલે છે. આહા..હા..! સમજાણું કાંઈ? સાકર સારી અને અફીણ કડવું. શું છે એમાં કાંઈ? સાકરમાં કડવાશમાં છે એમાં? એ તો સાકરની ગળી અવસ્થા, પણ એ એનો પર્યાય ધર્મ છે, કડવો અવસ્થા એ અફીણનો પર્યાય ધર્મ છે. એમાં એ તો જાણવાલાયક જ્ઞેય છે. એમાં આ સારું-નરસું આવ્યું ક્યાંથી? છે ત્યાં સારા-નરસાનું રજીસ્ટર? કહો, સમજાણું કાંઈ?

રૂપાળું શરીર અને કુબડું કાણા પડેલું, જીવડા પડેલું શરીર, મીંદડાનું સડેલું, કૂતરાનું સડેલું શરીર અને સુંદર રૂપાળું સાબુથી ધોયેલું શરીર. બેય જ્ઞેય છે. જ્ઞાનમાં જાણવાલાયક જ્ઞેય છે. એમાં આ ખરાબ અને આ ખરાબ (નહિ) એ આવ્યું ક્યાંથી? કહે છે. તે તારા ભ્રાંતિને વશે ઇન્દ્રિયના તાબે થઈ, જ્ઞેયપણે જાણવું જોઈએ એને ઠેકાણે જ્ઞેયના બે ભાગ મિથ્યાત્વથી તેં પાડી નાખ્યા-આ ઠીક અને આ અઠીક. સમજાણું કાંઈ? નવનીતભાઈ! બહુ વાત પણ...!

પ્રવચનસાર છે આ. આહા..હા..! તારી મૂઢની મોહદશા તો જો, કહે છે. મૂઢને મોહ કહ્યોને? જો તો ખરો મૂઢભાવ તે મોહ. મૂંઝાઈ ગયો છે, મૂઢ થઈ ગયો છે. એ મોહનું શું સ્વરૂપ? કે એકરૂપ ચીજો છે બધી તારાથી ભિન્ન અને તારા જ્ઞાનને જ્ઞેયરૂપે છે એ, પ્રમેયરૂપે છે. પ્ર-વિશેષ, મેય એટલે માપ. એ છે એવું જાણવાલાયક માટે વસ્તુ છે. તું જાણનારો છો. પણ ઇન્દ્રિયને તાબે થઈ, દગ્ધ બળી ગયેલી ઇન્દ્રિયો તિરસ્કાર કરવા લાયક હત્ ઇન્દ્રિયો. હત્ તારા ઓલાને નથી કહેતા માણસ? એમ કહે છેને ભાઈ કાંઈક નહિ? ઓલામાં તિરસ્કાર

આવે છે. હત્ કહેવામાં આવે છે. કૂતરાને હત કહે છે. કૂતરું આવે ત્યારે હત્.. હત્.. કર્યા કરે છે. કૂતરાને હત્ કહીને આમ .. તો કહે હત્. એમ કહે છે નહિ? એમ અહીં કહે છે કે આ ઈન્દ્રિયો હત્ જડ એને તાબે થઈ. ભાવઈન્દ્રિય પણ એ જ છે હોં! એને તાબે થઈ. ખંડ ખંડ ઈન્દ્રિય છેને. એક ઈન્દ્રિયનો અંશ-ઉઘાડ એક વિષયને ભોગવે એવું જે ખંડ ઈન્દ્રિયજ્ઞાન હત્ છે. અણીન્દ્રિય ભગવાન આત્મા છે એને ન જોતાં આવા હત્ ઈન્દ્રિયને વશે થઈ, આ મને ઠીક પડે છે.

માખણ સુંવાળુ લાગે છે. સમજાણું? ગોખરું આકરા લાગે છે. ગોખરું. એ તો જગતની ચીજ છે અને તે ગોખરુંની અવસ્થા છે, માખણ એ પણ પરમાણુની અવસ્થા છે. એમાં આ અવસ્થા ઠીક અને એ અવસ્થા અઠીક એમાં લખી છે? એ તો જ્ઞેય તરીકે છે. સૂક્ષ્મ મિથ્યાત્વનો પાપનો ભાવ કેમ થાય છે એ બતાવે છે. આમ તો બધા કહે અમે ધર્મ કરીએ છીએ. શું ધૂળ કરે ધર્મના ભાન વિના? પદાર્થનું જ્યાં ભાન નથી ત્યાં એને ધર્મનો ઉદ્ભવ થતો નથી. આમાં આવશેને? આવશે ૯૨ ગાથા. ૯૧માં આવશે. ધર્મ ઉદ્ભવ થતો નથી એમ આવશે જુઓ! સમજાણું? આગળ આવશે. ૯૧ છે લ્યો. ૯૧ ગાથા છેને.

**सत्तासंबद्धेदे सविसेसे जो हि णेव सामण्णे।**
**सद्दहदि ण सो समणो तत्तो धम्मो ण संभवदि।।९१।।**

આવા પદાર્થની ભિન્ન-ભિન્ન સ્વરૂપની સ્થિતિ છે એને જે જાણતો નથી, શ્રદ્ધતો નથી એને ધર્મ ઉત્પન્ન થતો નથી. છે ને? ૯૧-૯૧ છે. આ તો બધી ગાથાઓ અમૃતના કુંડ પડ્યા છે. એક... એક... એક ગાથાની લહેરું ચાલે છે. અંગ્રેજીના ઓલા થોથા હોયને. આવડું મોટું એની કેટલી કિંમત હોય લ્યોને. આ કેટલાની કિંમતનું છે? આ પ્રવચનસાર. આ અગિયારે પડ્યું છે. એ અગિયારે પડ્યું છે, અગિયારે આ. સાડા પાંચે આપે છે. આવું અંગ્રેજીનું હોય તો પચાસ રૂપિયાથી ઓછું ન હોય. વળી આવું પૂઠું મજબુત ને પાના ધોળા. પાછા બે ભાગે છાપતા. એ પણ એક જ્ઞેય છે. આહા..હા..! તારું જ્ઞાન તે જ્ઞેયને જાણવાલાયક છે. તે જણાવાલાયક છે અને તું જાણનાર છો. એ સિવાય ત્રીજી ચીજ નાખી 'આ ઠીક અને અઠીક' એ મિથ્યાત્વ ભાવ, મૂઢભાવ તેં કલ્પ્યો છે. આહા..હા..! ભારે વાત ભાઈ! ભગવાનજીભાઈ! આવી ઝીણી વાતું કરીને મિથ્યાત્વ-મિથ્યાત્વ જ્યાં ત્યાં નાખો છો. એ કરતા બિચારાને કરવા દ્યોને. કરે જ છે મિથ્યાત્વને. શું કરવા દે? શું કરે? કોણ અટકાવે છે? આહા..હા..!

જેવું તત્ત્વનું સ્વરૂપ (છે) તે પ્રકારે ન પકડતા, ન જાણતા, અજ્ઞાનપણે એને પકડીને, અજ્ઞાન છે ત્યાં જે કર એમાં તારું અજ્ઞાનપણું જ ઉત્પન્ન થાય છે એમાં. મિથ્યાત્વભાવની જ ઉત્પત્તિ છે. ચાહે તો પુણ્યના ભાવ હો કે ચાહે તો પાપના હો, પણ એ મારા છે એવા ભાવમાં મિથ્યાત્વની જ ઉત્પત્તિ થાય છે. એટલે સત્ સ્વરૂપથી વિરુદ્ધ ભાવની જ

ઉત્પત્તિ થાય છે. એમાં વિરુદ્ધભાવની ઉત્પત્તિમાં ધર્મ ક્યાંથી આવ્યો? આહા..હા..! ભલે એ દયા પાળતો હોય અને આમ એક રોટલી ને દૂધ ખાતો હોય. જાણે કે બહુ સાદો ખોરાક છે, બહુ સાદા કપડા છે. બહુ સારી વાત છે. પણ એ આત્મા અને પર બે જુદા કઈ રીતે તે તેનું તત્ત્વ છે એની ખબર છે? કે એની ખબર નથી. ત્યારે તે મિથ્યાત્વથી સાદો નથી, મિથ્યાત્વથી ભરેલો છે. કહો, ગુલાબભાઈ! આવો આ હિસાબ છે. આહા..હા..!

કહે છે, છેને? ૮૩. અહો..! '**દગ્ધ (-બળી) ઈન્દ્રિયોની રુચિ વશે અદ્વૈતમાં...**' અદ્વૈત એટલે છે ને નીચે જુઓ! '**ઈન્દ્રિયવિષયોમાં-પદાર્થોમાં 'આ સારા અને આ નરસા' એવું દ્વૈત નથી; છતાં ત્યાં પણ મોહાચ્છાદિત જીવ...**' મિથ્યાત્વથી ઢંકાયેલો જીવ. અહીં જ્ઞાનતત્ત્વ છેને? આત્મા જ્ઞાનસ્વરૂપ છે તેનો ન જાણનારો જીવ. '**સારા-નરસારૂપે દ્વૈત ઊભું કરે છે.**' દ્વૈત નથી છતાં દ્વૈત ઊભું કરે છે. જુઓ! આ અદ્વૈત અને દ્વૈત જુદી જાત થઈ આ. ઓલા બધા થઈને અદ્વૈત એની અહીં વાત નથી.

મુમુક્ષુ :- વેદાંતીઓ ...

ઉત્તર :- એ જુદું. અહીં આત્મામાં એકરૂપ છે એ અદ્વૈત અને ગુણ પર્યાય એ બે જુદું. આ જગતના પદાર્થો બધા આત્મા સિવાય એકરૂપ જ્ઞેય છે. એને ઠેકાણે અદ્વૈતમાં દ્વૈત ઊભું કરે છે. આ ઠીક-અઠીક. આ મને સહાયક અને મને આ વિરોધી, આ મારા અનુકૂળ અને આ મારા પ્રતિકૂળ, આ મારા વેરી અને આ મારા સજ્જન, આના મદદથી મને લાભ થાય અને આના મદદથી મને નુકસાન થાય. એવા જ્ઞેયના એક પ્રકારના અદ્વૈતપણામાં બે ભાગ તારા મિથ્યાત્વથી તેં પાડ્યા છે. સમજાણું કાંઈ? આ જુવાનિયાઓને સમજાય છે કે નહિ આ? પૈસા-બૈસામાં કાંઈ નથી હોં. ધૂળમાં બધા હેરાન થઈને દુઃખી થાય છે.

મુમુક્ષુ :- સગવડ તો મળે.

ઉત્તર :- ધૂળેય સગવડ નથી. શેની સગવડ? એ તો વાત ચાલે છે અહીં. પરચીજની સગવડતા એટલે શું? એની વ્યાખ્યા શું? પર ચીજો ઝાઝી એટલે સગવડતા અને થોડી એટલે અગવડતા-એ વ્યાખ્યા ક્યાંથી આવી?

મુમુક્ષુ :- ખરાબ.

ઉત્તર :- ખરાબ એટલે શું? જે જડની જે અવસ્થા તેથી તે અવસ્થા તેનું રૂપ છે એમાં ખરાબ ક્યાંથી કહેવું? વિષ્ટાની પર્યાય જડની અવસ્થા તે એનું રૂપ છે. એમાં ખરાબ ક્યાંથી આવ્યું? ચંદનની અવસ્થા તે સુગંધીની તે વખતે તે ગુણની તે અવસ્થા છે. અવસ્થા તે તેનું રૂપ છે, તે તેની જાત છે અને તે તેના રૂપમાં આવી છે. એમાં સારું ક્યાંથી આવ્યું? કહે છે. બરાબર છે કે નહિ? શ્યામદાસજી! આહા..હા..!

કહે છે, અહો..! '**અદ્વૈતમાં પણ દ્વૈત પ્રવર્તાવતો, રુચિત-અરુચિત વિષયોમાં રાગ-દ્વેષને પામીને,...**' લ્યો! ઠીક! રુચિત એટલે ગમતા અને અરુચિત એટલે અગમતા. ત્યાં

ગમતા અને અગમતા નથી, પણ ગમતા-અગમતાનો ભેદ પાડે છે. એ મિથ્યાત્વને લઈને છે. આહા..હા..! કોની પેઠે? '**અતિપ્રચુર જળસમૂહના વેગથી...**' પાણીનો આમ વેગ ચાલ્યો આવતો હોયને. '**પ્રહાર પામતા સેતુબંધની માફક...**' ફટ અંદર ઓલા આવેને. શું કહેવાય એ? પુલ-પુલ. પુલ બાંધેલો હોય ને ચાર-પાંચ જુઓને. ફટ. પાણી એક પ્રવાહરૂપે ચાલતું હોય તો કટકા પાંચ પ્રકારના, પાંચ કટકા. પાછી ઓલીકોર ભેગી થઈ જાય. એમ જ્ઞાનનો પ્રવાહ જ્ઞાતા-દ્રષ્ટાનો એકરૂપ પ્રવાહ છે અને જ્ઞેય પણ એકરૂપે જણાય એવો છે, પણ આ ઠીક અને અઠીક એવા બે ભાગ પાડી નાખે છે. એ મિથ્યાત્વભાવને લઈને બે ભાગ પડે છે.

'**અત્યંત ક્ષોભ પામે છે. આથી મોહ, રાગ ને દ્વેષ—એ ભેદોને લીધે મોહ ત્રણ પ્રકારનો છે.**' લ્યો! એ પ્રકાર પાડ્યા. ઓલું સ્વરૂપ બતાવ્યું પહેલું, પછી આ પ્રકાર (કહ્યા). પણ એ ત્રણે પ્રકાર એક આ મિથ્યાત્વસહિતના લીધા છે હોં. '**આથી મોહ, રાગ ને દ્વેષ—એ ભેદોને લીધે મોહ ત્રણ પ્રકારનો છે.**' માટે તેને સમજીને તે કાળે તેને ઊપજવા દેવો નહિ અને સ્વભાવનું ભાન કરવું એમ કહેવા માગે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક વદ ૧૪, મંગળવાર, તા. ૧૯.૧૧.૧૯૬૮**
**ગાથા-૮૪-૮૫, પ્રવચન-૭૧**

૮૩ (ગાથા) થઈ. '**હવે, ત્રણ પ્રકારના મોહને અનિષ્ટ કાર્યનું કારણ કહીને...**' અનિષ્ટ કાર્યનું કારણ કહીને... છેને? '(**-ત્રણે પ્રકારના મોહનો) ક્ષય કરવાનું સૂત્ર દ્વારા કહે છે :—**' ૮૪.

मोहेण व रागेण व दोसेण व परिणदस्स जीवस्स।
जायदि विविहो बंधो तम्हा ते संखवइदव्वा।।८४।।
રે મોહરૂપ વા રાગરૂપ વા દ્વેષપરિણત જીવને
વિધવિધ થાયે બંધ, તેથી સર્વ તે ક્ષયયોગ્ય છે. ૮૪.

એનો '**અન્વયાર્થ :- મોહરૂપે, રાગરૂપે અથવા દ્વેષરૂપે પરિણમતા જીવને...**' જુઓ! પોતે પરિણમે છે મિથ્યાત્વપણે, રાગ અને દ્વેષપણે. આ જ્ઞાનતત્ત્વ અધિકાર છેને. જ્ઞાનસ્વભાવ ભગવાન આત્મા એને પોતે ભૂલી અને મોહ એટલે મિથ્યાત્વ અને રાગ ને દ્વેષરૂપે થાય છે, પરિણમે છે, એને '**વિવિધ બંધ થાય છે;...**' અનેક પ્રકારના કર્મબંધનનું બંધન થાય

છે. '**તેથી તેમને (મોહ-રાગ-દ્વેષને) સંપૂર્ણ રીતે ક્ષય કરવાયોગ્ય છે.**' '**संक्षपयितव्याः**' સમ્યક્ પ્રકારે ક્ષય કરવા લાયક છે.

'**ટીકા :- એ રીતે તત્ત્વ-અપ્રતિપત્તિથી...**' આ રીતે તત્ત્વ-અપ્રતિપત્તિથી (અર્થાત્) વસ્તુના સ્વરૂપના અજ્ઞાનને લઈ. આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ છે તેના અજ્ઞાનને લઈ, પુણ્ય-પાપ આદિ પર છે તેના પણ અજ્ઞાનને લઈ. તત્ત્વ-અપ્રતિપત્તિ એટલે તત્ત્વના સ્વરૂપનું અજ્ઞાન. વાસ્તવિક રાગાદિ શું છે? અને ચૈતન્ય શું છે? એના તત્ત્વના (એટલે) એના સ્વરૂપના અજ્ઞાનને લઈને '**બિડાઈ ગયેલા,...**' બિડાઈ ગયેલા. શું? '**મોહરૂપ વા રાગરૂપે વા દ્વેષરૂપે પરિણમતા આ જીવને...**' જીવ બિડાઈ ગયો એમાં. સમજાણું કાંઈ? ભગવાન આત્મા ચૈતન્યબિંબ છે એનો અંતર વિકાસ થવો જોઈએ. એને ઠેકાણે એ તત્ત્વનું અજ્ઞાન અને તત્ત્વનો અજાણ અને તત્ત્વનો અનિર્ણય, એને લઈને એનું પરિણમન વર્તમાન પર્યાયમાં બિડાઈ ગયું, સંકોચાઈ ગયું છે. સમજાણું કાંઈ?

'**બિડાઈ ગયેલા,...**' એવા જીવને, એમ. બિડાઈ ગયેલા એવા જીવને, એમ. સમજાણું? પર્યાયમાં,... દ્રવ્ય-ગુણ તો શક્તિરૂપે જે છે ઈ છે, પણ તેના અજ્ઞાનને લઈને વર્તમાન પર્યાયમાં બિડાઈ ગયેલો જીવ મિથ્યાત્વભાવથી અને રાગ-દ્વેષના ભાવથી... એમ અહીંયા પહેલા ત્રણેને નાખીને પછી '**પરિણમતા આ જીવને...**' ત્રણે નાખીને કહ્યું છે. '**ઘાસના થરથી ઢંકાયેલા ખાડાનો સંગ કરતા હાથીની માફક,...**' એ મોહ માટેનો દાખલો છે. શું કીધું? '**ઘાસના થરથી ઢંકાયેલો ખાડાનો...**' ખાડામાં ઉપર ઘાસ નાખ્યું હોય પોલું-પોલું ઉપર. અંદર ખાડો હોય મોટો. '**ઘાસના થરથી ઢંકાયેલા ખાડાનો સંગ કરતા હાથીની માફક,...**' એ સંગ કરે તો પડે હેઠે ખાડામાં જાય. પોલું ઘાસ હોય ઉપર. જાણે ભરેલું છે ખૂબ. એનો સંગ કરતા ખાડામાં પડે. એ મિથ્યાત્વનો દાખલો છે. એમ પોતાનું સ્વરૂપ શુદ્ધ આનંદઘન છે એને ન જાણતાં, પુણ્ય-પાપ ને શરીરાદિ મારા એવા મિથ્યાત્વરૂપી ખાડામાં પડે છે. સમજાણું કાંઈ? એક વાત.

બીજી રાગની વાત હવે. '**હાથણીરૂપી કૂટણીના ગાત્રમાં આસક્ત હાથીની માફક...**' હાથણી હોય છે શીખવેલી ખોટી. શીખવેલી હાથણી હોય હાથીને પકડવા માટે. એ હાથણી કૂટણી, એ કપટણી છે. હાથીને પકડવા માટે શીખવેલી હાથણી. એના ગાત્ર નામ શરીરમાં '**આસક્ત હાથીની માફક...**' શરીરના આસક્તપણાને લઈને... સમજાણું? અનેક પ્રકારના બંધને પામે છે. ઓલો હાથી બંધને પામે છે, એમ આ જીવ પણ વિશેષ-વિશેષ મિથ્યાત્વભાવને લઈ, આ પુણ્ય હું ને પાપ હું ને શરીર હું ને વાણી હું ને આ ક્રિયા હું. જેને દર્શનશુદ્ધિની ખબર નથી (કે) આત્મા જ્ઞાયક ચિદાનંદ સ્વભાવ પરમાત્મસ્વરૂપ છે, એને તો એ પર્યાયમાં મિથ્યાત્વને લઈને બિડાઈ ગયો છે. ખબર નથી.

એને લઈને અને '**અને હાથણીરૂપી કૂટણીના ગાત્રમાં આસક્ત હાથી...**' જેમ બંધાઈ

જાય છે. હાથી બંધાઈ જાય છે. હાથી ઓલો ખાડામાં પડે છે, હાથણીને લઈને (પકડાય) છે. એમ આત્મા મિથ્યાત્વને લઈને બંધાય છે, ખાડામાં પડે છે અને રાગની આસક્તિને લઈને પકડાય છે.

અને ત્રીજું. '**વિરોધી હસ્તીને દેખતાં ઉશ્કેરાઈને (તેના તરફ) દોડતા હાથીની માફક...**' ત્રીજો દાખલો. હાથીના પાલકોએ એક હાથી પાળ્યો હોય. એને ઓલા હાથીને પકડવા એ વિરોધી હાથીને સામે ઉશ્કેરી મૂકે. એ ઉશ્કેરી મૂકે ત્યાં ઓલો ઉશ્કેરાઈ જાય સામો હાથી. '**વિરોધી હસ્તીને દેખતાં...**' પોતાથી વિરોધી હાથીને દેખતા '**ઉશ્કેરાઈને (તેના તરફ) દોડતા હાથીની માફક...**' એના તરફ દોડતાં વચ્ચે ખાડો આવીને પકડે કાં ઓલા પકડનારા પકડી લે. જુઓ! આ મોહ અને રાગ-દ્વેષના ત્રણ દાખલા. '**નાનાવિધ બંધ થાય છે;...**' એ હાથી જેમ ખાડામાં બંધને પામે છે, હાથી જેમ હાથણીના શરીરની આસક્તિથી બંધનને પામે છે અને હાથી જેમ વિરોધી હાથીને (જોઈને) ઉશ્કેરાઈ જઈને પાછળ દોડતા પકડાઈ જાય છે. બરાબર છે શેઠી? શું કહે છે? કહ્યુંને આ?

મુમુક્ષુ :- એ વાત અમને...

ઉત્તર :- ના ના, એ પ્રમાણે પઢી શકતા નથી.

હાથીને ખાડામાં પાડવા માટે માથે ઘાસ રાખ્યું હોય પોલું અથવા એક પડદો બાંધ્યો હોય આમ સરખો. સમજાય છે? એ હાથી જાય અને પડે ખાડામાં. એ પહેલો મોહ મિથ્યાત્વ. એમ આત્માનું જેને જ્ઞાન નથી એને પુણ્ય-પાપના વિકલ્પો અને પરવસ્તુ મારી છે એવા મિથ્યાત્વના ખાડામાં પડે છે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- હવે ખુલાસો થયો.

ઉત્તર :- એ ઊંડે ખાડામાં જતાં નિગોદમાં જાશે એમ કહે છે. ઈ ખાડો છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અને શીખવેલી કૂટણી, કપટણી હાથણીના શરીરના રાગને લઈને, હાથી તેના શરીરની આસક્તિથી જ્યાં સ્પર્શ કરવા જાય છે, પાછળથી ઓલા પકડનારા એને પકડી લે છે, પકડે અને બંધાઈ જાય છે. એમ રાગને લઈને અજ્ઞાની પરવસ્તુમાં ઈષ્ટપણું માની, પરવસ્તુ ઈષ્ટ નથી છતાં; આ મિથ્યાત્વના બોલ છે ત્રણેય, સમજાણું કાંઈ? ઈષ્ટપણું માની અને પકડાઈ જાય છે. મિથ્યાત્વથી અને રાગથી નવા કર્મને બાંધે છે. અબંધસ્વરૂપ એવો ભગવાન મિથ્યાત્વ ને રાગને લઈને બંધાઈ જાય છે એમ કહે છે. કહો, સમજાણું?

ત્રીજો દાખલો દ્વેષનો છે. દ્વેષ. શીખવેલા હાથીને એને હાથી સામે મૂકતા એ હાથી ઉશ્કેરાઈ જાય છે. આ કોણ? આ કોણ? હુ..હુ.. કરતો આવે છે, એમ ઉશ્કેરાઈને એના ઉપર દ્વેષ કરીને પાછળ જ્યાં જાય છે ત્યાં બીજા હાથીના પકડનારાઓ આને પકડી લે છે. પકડીને બાંધે છે. સમજાણું કાંઈ? જુઓને, મૈસુરમાં વાઘને બિચારા કેવા પકડ્યા છે. ખાવા

આપે નહિ. બહુ ઓલા કરે તો કોરડા મારે. બિચારો ઓલો મોટો વાઘ નહોતો? આપણે ફોટો પાડ્યો છેને. એવો વાઘ મોટો વાઘ હોં! પણ જુઓ તો પેટ મળી ગયેલા, એકલો ફરે છૂટો. કોઈ એને બોલે નહિ. હવે એ વાઘ જંગલના છૂટા, જરીક કાંઈક નીકળે તો ફટ પકડે ને મારે. પકડાઈ ગયેલા પહેલેથી. કોઈ લાલચથી માંસ-બાસ મૂક્યું હોયને એમાં લીધું ને પકડાઈ ગયા હોય અને નાખ્યા હોય પાંજરામાં પછી. માંસ ખાવા આપે છેને, જુઓને આ દીપડાને પકડવા માટે અહીં કરે છેને જુનાગઢમાં. માંસને બાંધે. પાડો બાંધે, પાડો રાખે એક. પછી આ માણસ તો વયા જાય, કાં અંદર મકાન હોય એમાં ગરી જાય. પાડો ખાવા આવે ત્યાં દીપડાને પકડી લે આ લોકો. ઘણા શિકાર કરે. ઓલા પાડાને ખાતો હોય ને ત્યાં અંદરથી શિકાર કરે. જુઓ! પાડાના લોલુપી, માંસના ગૃદ્ધિ મરાઈ જાય પછી.

અહીં વલમભાઈનું થયું હતું ભાઈ. વલમભાઈ છેને જામનગર હતાને વલમ શેઠ. ખાંડના વેપારી મોટા ગૃહસ્થ. એને એક ફેરી લઈ ગયા રણજીતસિંહ જોવા કે ચાલો ચાલો શેઠ સાથે. વેપારી સાથે ગયા. પણ એ ઓલા મકાનમાં સંતાણા અને જાળી નાની પડદો નાખેલો અને ઓલો બાંધેલો પાડો. જુઓ શેઠ આ પાડો છે અહીં. એ હમણા દીપડો આવશે. દીપડો આવ્યો ભડામ દઈને... શેઠ કહે, અમારાથી જોવાય નહિ સાહેબ હોં આ. વલમ શેઠ હતા. અમારાથી જોઈ ન શકાય. અમે તો અહીંથી ચાલ્યા જઈશું. હવે જુઓ તો ખરા, કહે. મકાન હતું, નાની જાળી, સરિયા, પડદો નાખેલો એટલે ઓલો ભાળે નહિ, આ ભાળે અંદરમાંથી કે પાડાને ખાય છે. પછી જાળી ઉઘાડીને મારે. ભગવાનજીભાઈ! આ તમારે જામનગરમાં. પકડાઈ જાય. ઓલા માંસના લોલુપી આમ ખાવામાં રોકાય ને ત્યાં ઓલા મારે. એમ રાગના લોલુપી પરવસ્તુમાં પકડાઈ જાય અને રાગથી પછી બંધનને પામે. આહા..હા..!

માછલાને જુઓને લોટ નાખે કાંટામાં. કાંટાવાળું હોયને કાંટો. એમાં લોટ નાખે. એ તળાવમાં નાખે આમ ત્યાં ઓલું માછલું આવે ખાવા તો ગરી જાય, પકડાય. અહીં ગરી જાય કાંટો, એ ખેંચી લે. મારી નાખે. સમજાણું કાંઈ? અમારે ત્યાં પાલેજમાં તળાવ છેને, પાણી ખૂટી જાય ત્યારે. જુઓને અહીં ખૂટ્યું ત્યારે નહોતા મારી નાખતા માણસો? શું કહેવાય આ? એકલિયાનું બાંધ. છેલ્લે પાણી બહુ થયું હતું, પછી ખૂબ .. માછલા પકડતા એ લોકો. એને ખાવાનું કાંઈક મૂકે તો બધા ભેગા થાય એકદમ-એકદમ ભેગા થાય. પકડે પછી.

એમ રાગના લોલુપી વસ્તુની ગૃદ્ધિ કરીને રાગથી નવા કર્મને બાંધે છે. એમ દ્વેષથી પણ નવા કર્મને બાંધે છે. પ્રતિકૂળ ચીજ દેખી, જેમ ઓલો ઉશ્કેરાઈ જાય હાથી બીજા હાથીને દેખીને, આ પણ ઉશ્કેરાઈ જાય. આ વેરી, આ શત્રુ, ગાળ દેનારો, નિંદા કરનારો, ફલાણું કરનારો, મારી દુકાન સામે માંડીને વીંખી નાખી. દુકાન સામે દુકાન માંડે છેને. અહીં શીખેલો પછી દુકાન માંડે મુનિમ સામો. ઉશ્કેરાઈ ગયો. દ્વેષ કરે, નવા કર્મ બાંધે. કહો, શેઠી! મોરબો માંડ્યો સામે, એમ કહે. એ મોરબો કહેતા હતા. ક્યાં ગયા? નથી ભાઈ? વયા ગયાને

કાલે, નહિ? એ ત્યાં ધનબાદ હતા. શાંતિભાઈ છેને આ મકાન કરનારા. એ ગૃહસ્થ માણસ. સામે એક માણસ હતો એની સામે માંડી. મોરબીવાળો જ હતો. એટલે એ કહે, સામે મોરબો માંડ્યો સામે. ઓલો મોરચો નહિ પણ મોરબો માંડ્યો. ઓલો મોરબીવાળો મોરબો એમ. એમ થાય છેને ઘણાને થાય છે. એવો મુનિમ શીખ્યો હોય દશ, વીસ વર્ષ સરખાઈનું. કાંઈક પૈસા પણ થયા હોય, પાંચ-પચ્ચીસ હજાર ભેગા થાય, પગાર-બગારથી વધીને. માંડો સામે દુકાન. પછી જુઓ સામે શેઠને દ્વેષ આવે અંદર. એ ઉશ્કેરાઈ ગયેલા છે, કહે છે, દ્વેષમાં. ધીરૂભાઈ! થાય છેને એમ? આહા..હા..! એવા દ્વેષથી (ઉશ્કેરાયેલા) હાથીની માફક. ઓલો હાથી અને હાથણી પણ ખાડામાં અનેક પ્રકારના બંધનને પામે છે અને આ પણ મોહ ને રાગદ્વેષથી નવા કર્મને બાંધે છે. સમજાણું કાંઈ?

'**માટે મુમુક્ષુએ...**' મોક્ષના અભિલાષીએ, હિતના કામીએ '**અનિષ્ટ કાર્ય કરનારા...**' આ તો અનિષ્ટ કાર્ય કરનારા છે. નવા બંધનના કરનારા. '**આ મોહ, રાગ અને દ્વેષને બરાબર...**' '**संक्षपयितव्याः**'ની વ્યાખ્યા કરે છે. સંક્ષિપ્ત છેને ઓલામાં? '**संखवइदव्वा**' એટલે '**બરાબર નિર્મૂળ નાશ થાય...**' મોહ અને રાગ-દ્વેષનો મૂળમાંથી નાશ થાય '**એ રીતે ક્ષપાવવાયોગ્ય છે.**' લ્યો! એટલે કે હું જ્ઞાતા-દૃષ્ટા ચૈતન્ય છું એવો નિર્ણય-અનુભવ કરી અને મિથ્યાત્વનો નાશ કરવા લાયક છે અને સ્વરૂપમાં ઠરી, ચારિત્ર રમણતા કરી અને રાગ-દ્વેષને ક્ષપાવવાયોગ્ય છે. હિતના કામીએ આ કરવા જેવું છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

ત્રણના ત્રણ દાખલા આપ્યા. મિથ્યાત્વના, રાગના અને દ્વેષના. મિથ્યાત્વનો ખાડો આપ્યો, રાગમાં કૂટણી હાથીની આસક્તિ કરી અને દ્વેષમાં વેરી હાથીની સામે ઉશ્કેરાઈ ગયેલો વિકાર કહ્યો. આ ઉશ્કેરાઈ જાય છેને દ્વેષમાં? જુઓને, સામો દુશ્મન એવો કોઈ આવે, ઓલો થાય તો ઉશ્કેરાઈ જાય એકદમ. ત્યારે કહે છે કે શું કરવા? બાપુ! તું તો જ્ઞાનસ્વરૂપ છો. એ ક્રિયા થવાની હોય એ થશે. એને તું રોકી શક નહિ. કોના ઉપર દ્વેષ કરવો તારે? કોના ઉપર રાગ કરવો? કે આ મને બહુ છોકરો એવો વ્હાલો લાગે છે, એવો વ્હાલો લાગે છે. એમ કરે કેટલાક, કહે છે. આ છોકરો મને બહુ વ્હાલો. એકનો એક છોકરો હોય ને કોઈ બીજું ન હોય તો રાગ બધો ત્યાં નાખ્યો હોય. એના એ છોકરા જ્યારે સરખાઈ ન રહે, મૂડીમાંથી એક પાઈ પણ ન આપે. નીકળી જા નીકળવું હોય તો. ધીરૂભાઈ! એમ બને છે કે નહિ? કહો, સમજાણું કાંઈ? તમારે તો અનુકૂળ છે બધું બહાર જુદો પડ્યો તોપણ. પણ બીજો. હા. હા. બીજાને એવું હોય. જરી સરખું ન હોય. આ તો તમારે બાપુજી બાપુજી કહીને બધા અનુકૂળથી આવે છે. ત્યાં એવું હોય જુદો કર્યો. જાવ, તમારું શું થાય અમારે કાંઈ નહિ. ચીમનભાઈ! આહા..હા..! અને એ સ્થિતિ છેને. જગતને અનુકૂળતા લાગે ત્યાં સુધી રાગ અને પ્રતિકૂળતા લાગે એટલે દ્વેષ. આહા..હા..! અનુકૂળ-પ્રતિકૂળ તો કોઈ ચીજ

છે જ નહિ. અનુકૂળતા તને માન એ તો મિથ્યાત્વભાવ છે, પ્રતિકૂળતા માન એ પણ મિથ્યાત્વભાવ છે. આહા..હા..! ચીજો તો ઈષ્ટ-અનિષ્ટ વસ્તુમાં છાપ મારી નથી. એની એ ચીજ કોઈ વખતે ઈષ્ટ લાગે અને એની એ ચીજ કોઈ વખતે અનિષ્ટ લાગે. એ તો પોતાને કારણે છે કે એને કારણે છે? કહો.

દાખલો આપ્યો છેને એમાં-મોક્ષમાર્ગપ્રકાશકમાં. સુંવાળું કપડું પાતળું એ ઉનાળામાં સારું લાગે. શિયાળામાં સારું ન લાગે લ્યો. શિયાળામાં જાડી પછેડી સરખાઈની હોય, ત્રણ-ચાર તાણા શું કહેવાય એ? તાર-તાર કહે છેને. 'ચોતારી' એમ બોલોને તમારી ભાષા છે એ. ત્રણ તારી ને ચોતારી હોય છેને. ત્રણતારી અને ચોતારી એટલે મજબુત હોય આમ. એ હવાને રોકી શકે. હવે આવું લૂગડું હોય અને પોષ મહિનાનો વખત હોય સરખાઈનો અને સૂવાનું સ્થાન ન હોય અને હવેલી માથે મળી હોય ખુલ્લી, શું કહેવાય ઈ? અગાસી. એ વખતે આ લૂગડું સારું ન લાગે. એનું એ જ હોય. ઉનાળે સારું લાગે. તો એ સારું-નરસું એમાં ક્યાં છે? બરાબર છે? શેઠી! આહા..હા..!

ઘણી છોડીયું આવી હોયને. પૈસા થોડા હોય અને .. ઘર હોય. એમાં એક વધારે છોડી આવી હોય દશમી તો એવું મનમાં થઈ જાય કે અરે..! હવે આ તો... થાય છે કે નહિ એમ? છોકરો આવે તો ખુશી થઈ જાય. આ મારે બબ્બે હજાર ખરચવા પડશે, ત્રણ-ત્રણ હજાર ખરચવા પડશે, ઘરે વંશ રહેશે નહિ અને આ (આવી). મનમાં બોલે પણ ખરા વેરીયું ક્યાંથી આવી બધી? એને અનુકૂળ લાગે તો રાગ કરે અને પ્રતિકૂળ લાગે તો એના જ ઉપર દ્વેષ કરે.

એ અહીં કહે છે. અરે..! તું મફતનો મોહ અને રાગદ્વેષ કરી અને હાથીની પેઠે બંધનમાં પડે છો. ભાઈ! બંધન છોડ એમ કહે છે. આ જ્ઞાનતત્ત્વ છે તારું એને સંભાળ. સમજાણું કાંઈ? આ જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન છેને. તું તો જાણનાર-દેખનાર છો. જાણનાર-દેખનારને છોડી અને આ મારા અને આ મને ઠીક-અઠીક એવું સ્વરૂપમાં છે નહિ. માટે એવું સ્વરૂપનું જ્ઞાન કરી મોહ અને રાગ-દ્વેષને છોડ તો સુખ થવાનો રસ્તો છે.

'**ભાવાર્થ :- (૧) હાથીને પકડવા માટે ઘાસથી ઢાંકેલો ખાડો બનાવવામાં આવે છે;...**' ઉપર ઘાસ થોડું ઘણું હોય ઉપર. મોટા વાંસડા નાખ્યા હોયને મોટા લાંબા અને ઉપર થોડું નાખ્યું હોય ઘાસ. હોય હેઠે ખાડો. પચાસ હાથનો ઊંડો ખાડો મોટો કરીને માથે વાંસડા નાખ્યા હોય લાંબા-લાંબા. આ પોલા ભમ્મ જેવા નથી આવતા? શું કહેવાય આ? બાંબુ. કોણે કીધું? હા, એ બાંબુ આવે છેને મોટા લાંબા-પોલા. આવડા મોટા જાડા હોય અને પોલા હોય. લાંબા હોય તો આમ નાખીને એમાં ઘાસ નાખે ઉપર થોડા પુળા. ઓલો હાથી આવે, આ તો ઓહો..હો..! પુળા છેને આ ખાય. જ્યાં જાય ત્યાં ધુડ ધુડ કરીને પડે હેઠે ખાડામાં. એમ અજ્ઞાની વસ્તુમાં કાંઈ પ્રીતિ કરવા લાયક નથી છતાં વસ્તુને

દેખીને આ મારી છે અને હું એનો છું એવા મિથ્યાત્વરૂપી ખાડામાં મફતનો પડે છે. આહા..હા..! શું કરે? મારા ઘરે દીકરા આવ્યા, દીકરીયું આવી ભાઈ એને કાંઈક પાળવા તો પડે કે નહિ? આ મિથ્યાત્વભાવ. સમજાણું કાંઈ? બાયડીનો હાથ ઝાલીને પરણ્યા છીએ. હાથ.. હવે એનો કાંઈક નિર્વાહ તો કરવોને. પણ ક્યાં હતો પરણ અને ક્યાં હતી તારી બાયડી? કોઈ નથી. મફતનો શેનો (મારી માને છે)? એમ કહે છે અહીં. સમજાણું કાંઈ? પણ ભ્રમણાને લઈને. આહા..હા..! હવે પડ્યા. આવા બંધનમાં, સ્ત્રીના બંધનમાં પડ્યા. હવે છૂટાય નહિ. એકલા હોત ને સ્વતંત્ર જાત, સ્વતંત્ર ધંધા કરત, ન કરત. પણ હવે તો આ... હાથે કરીને પર નથી તારું, નથી બાયડી તારી, નથી તું એનો. મિથ્યા ભ્રમથી આ મારા માનીને ખાડામાં પડ્યો છો એમ કહે છે. ભગવાનજીભાઈ! જુઓ! દાખલો શું આપ્યો છે?

'(૧) **હાથીને પકડવા માટે ઘાસથી ઢાંકેલો ખાડો બનાવવામાં આવે છે; હાથી ત્યાં ખાડો હોવાના અજ્ઞાનને લીધે...**' ખાડાની ખબર નથી. ખાડાની ખબર નથી એને કે આ ખાડો છે. '**તે ખાડા ઉપર જતાં તેમાં પડે છે અને એ રીતે પકડાઈ જાય છે.**' પછી લોકો મહિનો-બે મહિના સુધી એમાં ન આવે, પકડાઈ જાય પછી માંડ માંડ એમાંથી કાઢે એને. સમજાણું? બહુ ખાડા હોય છેને. પછી એને ખાવાનું ન આપે તો નબળો પડી જાય. પછી મોટો પાટીયા મૂકે પછી લાકડાના હેઠે અને પછી એની માથે ચડાવીને બહાર કાઢે. લાકડા કરાવેને... શું બધું આવે છેને? ઉપર આવે. લાકડા આ દરિયામાં... હાથીને નાખે. પછી લાકડા એને તાણવા હોય ને એની સાથે બાંધે તો લાકડા લઈને બહાર નીકળે તાણીને. એવા મજૂરી કામ કરાવે હાથી પાસે. એમ આવો હાથી જેવો આત્મા મલપતો મહા અનંતબળનો ધણી, કહે છે કે કોઈ ચીજ એની નથી, છતાં એ ચીજ મારી એમ મિથ્યાત્વના ખાડમાં પડીને ત્યાં બંધાઈ જાય છે. આહા..હા..! વટેમાર્ગુ છે, ક્યાંકથી ચાલતો ગતિ કરતો અહીં આવ્યો. અહીં જ્યાં ભેગા કાંઈક થયા તો કહે એ મારા. એના એ શત્રુ હતા પૂર્વે. શેઠી! એ શત્રુ હતા, થઈ ગયા મિત્ર. એ મારા. પણ એ દીકરો તારો વેરી દુશ્મન હતો ત્રીજે ભવે. તારું માથું કાપી નાખ્યું હતું. એ ક્યાં ખબર છે એને? એમ અજ્ઞાનપણે પોતાના સ્વરૂપના ભાન વિના, ઓલાને ખાડાનું અજ્ઞાન છે, આને વસ્તુના સ્વરૂપનું ભાન નથી, અજ્ઞાન છે. ખાડા ઉપર જતાં પકડાઈ જાય છે.

'(૨) **વળી હાથીને પકડવા માટે, શીખવેલી હાથણી મોકલવામાં આવે છે; તેના દેહ પ્રત્યેના રાગમાં ફસાતાં...**' એ દેહ પ્રત્યેના રાગમાં. ગુલ.. ગુલ.. ગુલ.. કરતી આવેને ઓલી .. હાથીનું શરીર એને એવું લાગે, સ્પર્શ કરું હાથીના શરીરનો. પકડાઈ જાય છે. એમાં આ લોકો પકડી લે એને. સાંકળો બાંધી દે પગમાં. સમજાણું? કાં ઉપર એવી રીતે નીકળે કે ઉપરથી નાખે લોઢાના એવા ફડાક અંદર માથે નાખે તો પકડાઈ જાય. સમજાણું? એમ ચીજને કોઈ અનુકૂળ દેખીને રાગનો પ્રેર્યો પકડાઈ જાય છે ત્યાં. ઊંચું માથું કરી શકતો

નથી. માખી બળખામાં આવે, ખાવા જાય, ચીકાશને લઈને ચોંટી જાય. ચીકાશને લઈને ચોંટી જાય. બેય પાંખું ચોંટી જાય. આવી હતી ખાવા, ચોંટી ગઈ પાંખ. હાય.. હાય.. પડી ખાડામાં. એમ અનાદિનો જીવ પોતાનું સ્વરૂપ અને પરના સ્વરૂપના અજ્ઞાનને લઈને પરનું સ્વરૂપ તે મારું છે એમ ભૂલી અને પોતાના સ્વરૂપને ભૂલી, મિથ્યાત્વરૂપી ખાડામાં ચોર્યાસીના અવતારમાં રખડે છે કહે છે. કહો, સમજાણું આમાં?

એમાં શરીર-બરીર સુંદર મળે, રૂષ્ટ-પુષ્ટ સરખું હોય, શરીર આવું હોય. અમારું શરીર ઓહો..હો..! બસ છે કહે છે. ઠીક! વળી કેટલાક કહે કે અમારે ઘરે બાયડી છે એવી બાયડી ક્યાંય નહિ હોય. શેનો પણ તું કરે છે? બાયડી એટલે શું પણ? એનો સ્વભાવ, એની પ્રકૃતિ. ગાણા ગાય બહુ પાછા. શું છે? હવે એ તો આત્મા એનો છે, એનું શરીર જડનું છે. છતાં રાગના પ્રેર્યા ભૂલી જાય છે. હું કોને મારા માનું છું? અમારા ઘરનું માણસ સુંવાળુ બહુ. એમ વળી ઘણાં કહે ખાનગી. સુંવાળુ બહુ. કોઈ દિ' ઊંચે સાદે બોલે નહિ અને કોઈને તરછોડે નહિ. બહુ ઘરમાં અનુકૂળતા છે મારે. રાગને લઈને ચોંટ્યો છો.

અને જેના ઉપર દ્વેષ થયો હોય એનો દોષ જ કાઢ્યા કરે, વિરોધ જ કર્યા કરે. દ્વેષથી ઉશ્કેરાયેલો ... સમજાણું? બીજાની નિંદા, બીજાનું આ.. દ્વેષનો માર્યો ફરે. એની સ્થિતિ એને કારણે છે, એના ઉપર દ્વેષ કરીને તારે શું લાભ છે? દ્વેષથી તો બંધન છે તને. એમાં દોષ આદિ હોય તો એ તો એની જવાબદારી છે. એનાથી કાંઈ તને બંધન નથી. પણ એવા જીવો પ્રત્યે-ધર્મ ન સમજતા હોય, વિરોધ કરતા હોય એની સામે-દ્વેષ કરે. પણ દ્વેષનું કારણ શું? એ તો એની પર્યાયને ગોઠતું નથી તો એ બોલે છે, ભાષા કરે છે. એમાં તને વિરોધ કરવાનું કારણ શું છે? સમજાય છે? 'જામે જિતની બુદ્ધિ હૈ ઈતનો દિયે બતાય, વાંકો બુરો ન માનીએ ઓર કહાં સે લાયે?' બોલે એમ કરે. એને ઠીક પડે. એથી એ વ્યક્તિ પ્રત્યે દ્વેષ કરવો, કહે છે કે દ્વેષથી બંધાઈ જાય છે જીવ. સમજાણું કાંઈ?

'(૩) **હાથીને પકડવાની ત્રીજી રીત એ છે કે...**' એક ઓલો ખાડો, એક હાથણી અને ત્રીજો. '**હાથી સામે પાળેલો બીજો હસ્તી મોકલવામાં આવે છે.**' બીજો. '**અને પેલો હાથી આ શીખવી મોકલેલા હસ્તી સામે લડવા તેની પાછળ દોડતાં પકડનારાઓની જાળમાં ફસાઈ જાય છે—પકડાઈ જાય છે.**' દ્વેષને લઈને પકડાઈ ગયો. મારે તો આટલું કામ કરવું જ. વેરીઓ આટલું કરે છે એટલે મારે તો આટલું કામ કરવું જ. એ દ્વેષમાં પકડાઈ ગયો છે. એ દ્વેષ અને રાગ, મોહ અનિષ્ટ કાર્યના કરનારા છે, માટે દૃષ્ટિ સમી કરી છોડવા જેવા છે. લ્યો એટલા કામી આ છે.

'**ઉપર્યુક્ત રીતે જેમ હાથી (૧) અજ્ઞાનથી,...**' ખાડો. '(૨) **રાગથી...**' પ્રેમથી. '(૩) **દ્વેષથી...**' વિરોધી. '**બંધનને પામે છે, તેમ જીવ (૧) મોહથી, (૨) રાગથી કે (૩) દ્વેષથી અનેક પ્રકારનાં બંધનને પામે છે. માટે મોક્ષાર્થીએ...**' જુઓ! '**મુમુક્ષુએ**'

કહ્યું હતુંને એનો અર્થ કર્યો. '**મોહ-રાગ-દ્વેષનો પૂરેપૂરી રીતે મૂળમાંથી ક્ષય કરવા જોઈએ.**' પણ એ ઓળખે તો ક્ષય કરેને? ઓળખે નહિ તો ક્ષય શું કરવું?

'**હવે, આ રાગદ્વેષમોહને આ લિંગો વડે...**' ચિહ્નો વડે. હવે આ ગાથામાં રાગ, દ્વેષ અને મોહના ચિહ્નો બતાવે છે. ક્યા વડે એને ઓળખવો? મોહને અને રાગ-દ્વેષને ક્યા લક્ષણે ઓળખવો? ક્યા ચિહ્ને ઓળખવો? ક્યા એંધાણે જાણવો? '**(હવેની ગાથામાં કહેવામાં આવતા ચિહ્નો-લક્ષણો વડે) ઓળખીને ઉદ્દ્ભવતાં વેંત જ...**' એનો અર્થ કે ઉદ્દ્ભવતાં વેંત એટલે ઉત્પન્ન થવા દેવા નહિ. ઉદ્દ્ભવતાં વેંત એટલે ઉદ્દ્ભવ્યો છે એ તો કાંઈ નાશ થઈ શકે નહિ. શું કરે કથનપદ્ધતિ! '**ઉદ્દ્ભવતાં વેંત જ મારી નાખવાયોગ્ય છે...**' એ મોહ ને રાગ-દ્વેષને નાશ કરવા લાયક છે અને વ્યય કરવાલાયક છે, ઉત્પન્ન કરવા લાયક છે નહિ. એ ૮૫. જરી ઝીણી વાત છે હોં થોડી.

**अट्ठे अजधागहणं करुणाभावो य तिरियमणुएसु।**
**विसएसु य प्पसंगो मोहस्सेदाणि लिंगाणि।।८५।।**

**અર્થો તણું અયથાગ્રહણ, કરુણા મનુજ-તિર્યંચમાં,**
**વિષયો તણો વળી સંગ,-લિંગો જાણવાં આ મોહનાં. ૮૫.**

એ ત્રણે કરીને મોહ કીધો. ત્રણે કરીને મોહ કીધો છે. એક દર્શનમોહ અને એક ચારિત્રમોહના બે, એમ કરીને ત્રણેય મોહ. હવે એનું લક્ષણ, એનું ચિહ્ન, એનું એંધાણ.

'**અન્વયાર્થ :- પદાર્થનું અયથાગ્રહણ (અર્થાત્ પદાર્થોને જેમ છે તેમ સત્ય સ્વરૂપે ન માનતાં તેમના વિષે અન્યથા સમજણ)...**' એ પુણ્યના પરિણામ દુઃખરૂપ છે એને સુખરૂપ માનવા, આત્મા આનંદરૂપ છે તેને દુઃખરૂપ માનવો, પાપના ભાવ અહિતકર છે તેને હિતકર માનવા, બહારની ચીજો અનુકૂળ-પ્રતિકૂળ નથી છતાં તેને અનુકૂળ-પ્રતિકૂળ માનવી- (એ) તત્ત્વનું અયથાગ્રહણ છે. સાચું તત્ત્વના સ્વરૂપનું એ ગ્રહણ નથી. સમજાણું કાંઈ? '**પદાર્થનું અયથાગ્રહણ...**' અયથા એટલે કે જેવું છે તેવું ગ્રહણ નહિ એમ. છેને? અન્યથા સમજણ... અન્યથા સમજણ. શરીર ઠીક હોય તો ધર્મ થઈ શકે એ અન્યથા સમજણ છે. સમજાય છે? હવા-પાણી સારા હોય બહારના તો શરીર સ્વસ્થ રહે. ખોટી વાત છે? તો શું કરવા હવાફેર કરવા જાતા હશે બધા?

મુમુક્ષુ :- આરોગ્યશાસ્ત્રમાં આવે...

ઉત્તર :- એમાં આવે છે એ જ કહું છું. શું કહેવાય ઓલું? પંચગીની. પંચગીની ને? હવા ખાવા જાય છેને. મહાબળેશ્વર જાય છે. એ શું કરવા? શરીરને સારું રાખવા જાય છે ને. તો એ સારું રાખવાનું એ નિમિત્ત સાધન છે? એનાથી સારું (રહે) છે?

મુમુક્ષુ :- આરામ કરવા જાય.

ઉત્તર :- આરામની વ્યાખ્યા શું? આરામ એટલે? ત્યાં રાગ અને દ્વેષ કરવો એ આરામ

છે? ભારે હવાપાણી ઓહો..હો..! લ્યો! એક જણો ફરતાં-ફરતાં ફૂલ મોટું ફૂલ... એક ફેરી નજરે જોયેલું. આમ નીકળતા હતા ત્યાં ફૂલ હતાને ત્યાં રસીકભાઈના મકાનમાં. આપણા રસીક, નાનાલાલભાઈના ભાણેજ. ત્યાં ફરવા નીકળ્યો તો એક-બે... પછી ઓલું ઘોડાનું છેને ફરવાનું. રેસકોર્સ. આમાં નાખે ફૂલ એટલે સુગંધ આવે સુગંધ. લ્યો. હાથમાં રાખવું એ કરતા. કળી અંદર કળી હોયને. ઓહો..હો...! શરીરને હવા કેટલી આવે અને કેટલી નિરોગતા થાય. પદાર્થનું અયથા ગ્રહણ છે એમ કહે છે.

મુમુક્ષુ :- આરોગ્ય સારું રહે.

ઉત્તર :- આરોગ્ય તે પરને લઈને આરોગ્યતા રહેતી હશે? અને આરોગ્યતા હોય તો શરીરની અવસ્થા એને કારણે, એમાં મને આરોગ્યતા છે એ ક્યાંથી આવ્યું? આહા..હા..! એવું છે. કહો, સમજાણું કાંઈ? આમ કરો તો આમ થાશે, આમ કરો તો આમ થાશે. એ જાણે કે દવાથી મટી જાશે પરનું અને આ દવાથી અહીં મટી જશે. એ પદાર્થનું અયથાગ્રહણ છે એમ કહે છે. પદાર્થની વાસ્તવિકતાની એને ખબર નથી. યથાર્થતાની એને ખબર નથી. ભારે ભાઈ! આરોગ્ય શાસ્ત્ર ને બધાનું શું કરવું આમાં?

મુમુક્ષુ :- ઓલી તો પરીક્ષા દે તો માર્ક મળે.

ઉત્તર :- હા, માર્ક મળે. આયુર્વેદમાં ફલાણો પાસ થયો. એ તો બધા ગાંડાની નિશાળમાં તો ગાંડા જ પાસ કરેને ગાંડાને. આહા..હા..!

'**अर्थे अयथाग्रहणं**' પદાર્થો જડ અને ચૈતન્ય અને એના દ્રવ્ય, ગુણ ને પર્યાય જેવું એનું સ્વરૂપ છે તે રીતે તેના અસ્તિત્વને ન સ્વીકારતો, વિરુદ્ધભાવને સ્વીકારે તે અયથાગ્રહણ તે મિથ્યાત્વનું લક્ષણ છે, તે મિથ્યાત્વનું લક્ષણ છે, વિપરીત માન્યતા મિથ્યાદર્શનનું એ લક્ષણ છે. કહો, હું અહીંયાં અપવાસ કરું તો બીજાને અસર થઈને કાર્ય થાય એ પણ અયથાગ્રહણ છે. સત્યાગ્રહ કરે છે કે નહિ? આપણે અપવાસ કરીએ તો બીજાના પરિણામ સુધરી જાય, ઘરના માણસો બધા સવળા પડી જાય. કેમ હશે આમાં? મોહનભાઈ! સમજાણું કાંઈ? આપણું અનુકરણ કરીને સુધરી જાય. હવે એની પર્યાય એને લઈને સુધરે અને તું કહે કે આ થયું માટે એ સુધરી જાય. પદાર્થની વાસ્તવિકતાની તને ખબર નથી. શેઠી! શું કરવું?

મુમુક્ષુ :- અનુકૂળ...

ઉત્તર :- અનુકૂળ-પ્રતિકૂળ શરીર છે જ નહિ. અનુકૂળ-પ્રતિકૂળ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ. અનુકૂળ માને છે. વસ્તુ તો વસ્તુ છે. વસ્તુ શું અનુકૂળ-પ્રતિકૂળ છે? છાપ છે એમાં?

મુમુક્ષુ :- .. વસ્તુની સુગંધ.

ઉત્તર :- સુગંધ એની પર્યાય જડની. એમાં અનુકૂળ કોને કહેવી? સમજાણું કાંઈ? એ

સુગંધનો માર્યો ભમરો એમાં બિડાઈ જાય છે એના કમળમાં. આમ કમળ સાંજે બિડાવાનું કરે ત્યાં હાથી આવે ખાઈ જાય ભેગો ભમરાને. કહેવું કોને ઠીક આમાં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ એ સુગંધ છે એ સુગંધનો અર્થ શું? એ તો જડની પર્યાય છે. એટલે ઠીક છે મને અથવા એમાં ઠીક છે એ ક્યાં છે? એમાં પણ ઠીક ક્યાં છે? અને અહીં ઠીક છે એવું ક્યાં છે? એ તો જાણવાયોગ્ય છે અને આ જાણનાર છે. ઝીણી વાત છે ભાઈ તત્ત્વની વાત. જે તત્ત્વનું જે રીતે સ્વરૂપ છે તે તત્ત્વનું તે રીતે ન જાણતા વિપરીત માન્યતા (કરવી) તે મિથ્યાત્વનું લક્ષણ છે. સમજાણું કાંઈ? જુઓ! ભગવાનની મૂર્તિ એનાથી મને સમ્યગ્દર્શન થાય, એ પદાર્થનું અયથાગ્રહણ છે.

મુમુક્ષુ :- શાસ્ત્રમાં લખ્યું છે.

ઉત્તર :- એ શાસ્ત્રમાં લખ્યું છે નિમિત્તથી. સમજાણું કાંઈ? ઝીણી વાત છે ભાઈ! અનાદિનો એને વ્યામોહ થઈ ગયો છે. પોતાની ચીજ ભિન્ન છે. જ્ઞાનતત્ત્વ છેને. જાણનાર છું... જાણનાર છું... એ જ યથાગ્રહણ તત્ત્વનું છે. જાણનાર છું તે યથાર્થ તત્ત્વનું ગ્રહણ છે અને બીજી જણાવાયોગ્ય ચીજ છે, બસ એટલું યથાગ્રહણ છે. એના ઠેકાણે આનાથી મને થયું અને મારાથી આને થયું એ અયથાગ્રહણ છે, મિથ્યાત્વનું લક્ષણ છે. કહો, સમજાણું કાંઈ? ઓહો..હો..!

મુમુક્ષુ :- આપ ખુલાસા કરો ત્યારે સમજાય છે.

ઉત્તર :- ભાઈ કહેતા હતાને. પ્રેમચંદભાઈ! આપ જ્યારે દાખલા આપો ત્યારે આકરું પડે છે. આમ ઓઘે ઓઘે સમજાય અયથાગ્રહણ, યથાગ્રહણ, પણ દાખલો આપે ત્યારે કહે આ તો ઉઘાડું પડી જાય છે. કહો, મગનભાઈ! ભારે વાત!

મુમુક્ષુ :- ભગવાનના દર્શન?

ઉત્તર :- ભગવાનકે દર્શનસે શુભભાવ હોતા હૈ અયથાગ્રહણ. અપનેસે ભાવ હોતા હૈ તો ઉસકો નિમિત્ત કહનેમેં આતા હૈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહીં, બિલકુલ નહીં. ઉસસે જો શુભભાવ હો તો ઉસમેં ચીડિયા પણ ઇયલ ખાકર ઉપર બૈઠતી હૈ.

મુમુક્ષુ :- એ ક્યાં સમજે છે...

ઉત્તર :- માટે એમ નથી એમ જાણવું. માટે આની સમજણ છે કે આનાથી થાય એ વાત ખોટી છે. એવી વાત છે ભાઈ, જરી ઝીણી વાત છે. ઉપાદાન-નિમિત્ત આદિના બધાના ખુલાસા છે આમાં. થાય પોતાથી અને માને આનાથી. સમજાણું કાંઈ? શું છે આજે તિથી? આજે રજા છે? લીધી હશે. ઠીક! સમજાણું કે નહિ આમાં?

એક જણો કહે કે જો આપણે ચા પીવી બંધ કરી દઈએ ને તો ઘરના માણસો બધા ચા પીવી બંધ કરી દેશે. બંધ કરે કે ન કરે એ એને કારણે છે. તારે કારણે છે? આગ્રહી છે એ તો બધા. મિથ્યાત્વના આગ્રહી છે એમ કહે છે. એય..! જગુભાઈ! શું હશે? ઘરમાં મોટું માણસ હોય એ અમુક જાતનું કરે તો.. અરે..! માના આચરણ દેખીને છોકરાઓ સારા આચરણ સેવે. જો સુધારવા હોય તો માએ સુધરીને એને સુધારવા, એમ લખે છે લોકો. એ વાત સાચી નથી. એની પર્યાયનું સુધરવું એને લઈને છે. માના આચરણ સુધર્યા માટે એ સુધરે છે એ વાતમાં માલ નથી. આહા..હા..! ભારે વાત ભાઈ! વીતરાગનો માર્ગ જગતથી તદ્દન નિરાળો વીતરાગ માર્ગ છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? જો આમાં આપણે આ દિવસે અહીં નીકળશું તો સામે નુકસાન થાશે અને આ દિવસે નીકળશું તો લાભ થાશે. એ પદાર્થનું અયથાગ્રહણ મિથ્યાત્વનું લક્ષણ છે.

મુમુક્ષુ :- એ તો ભવિષ્યમાં જ્ઞાન કરવાની વાત છે.

ઉત્તર :- ભવિષ્યના જ્ઞાન ક્યાં, એને માન્યતામાં છે.

મુમુક્ષુ :- મુહૂર્ત જોઈને નીકળે.

ઉત્તર :- મુહૂર્ત જોઈને નીકળવું, દહીં ખાઈને નીકળવું, લાપસી ખાઈને નીકળવું. છે કે નહિ એ? લાપસી અને મગ ખાવા. આવે ત્યારે પહેલું દહીં ખાવું. દૂધનું ક્યાંક એવું છે. જાતી વખતે નહિ. આ બધા લોકોનું સાંભળેલું, આપણને ક્યાં ખબર હતી. દૂધ જાતી વખતે નહિ. જાતી વખતે દહીં ખાવું, આવતા વખતે દૂધ ખાવું. ભ્રમણા જુઓ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ એ હેતુ બીજો. એ હેતુ બીજો અને આ તો કહે આપણે દહીં ખાઈને જઈએ તો મંગળિક થયું કહેવાય. આહા..હા..! અને આપણે આવા કામ કરશું તો બીજાના કામ ખોટા અટકી જશે, આપણી એને અસર થશે. એ મિથ્યાત્વના લક્ષણ છે.

મુમુક્ષુ :- અસર તો થાય.

ઉત્તર :- ધૂળેય થાતી નથી. સમજાણું કાંઈ?

'**પદાર્થનું અયથાગ્રહણ...**' એની એટલી વ્યાખ્યા થઈ. બીજું. '**તિર્યંચો-મનુષ્યો પ્રત્યે કરુણાભાવ,...**' એ મિથ્યાત્વનું લક્ષણ છે. આકરી વાત છે આ. કઠણ છે જરી. તિર્યંચ ને મનુષ્યને દુઃખી દેખી એના પ્રત્યે એને કારણે એની કરુણા આવવી એ મિથ્યાત્વનું લક્ષણ છે. એની કરુણાથી શું એના દુઃખ મટે એમ છે? અને એ દુઃખી છે માટે તને કરુણાનો ભાવ આવે છે? પણ એ દુઃખી છે માટે મને કરુણાનો ભાવ આવ્યો. એ મિથ્યાત્વનું લક્ષણ છે. આકરી વાત છે આ જરી. એ.. શેઠી!

મુમુક્ષુ :- પૂરેપૂરી આકરી.

ઉત્તર :- હજી કહીએ છીએને. હળવે... હળવે... હળવે... કહીએ છીએને. ગળે ઉતરતું

જાય એમ કહેવાય છે. નવનીતભાઈ!

મુમુક્ષુ :- એને કારણે મને કરુણા આવી.

ઉત્તર :- એને કારણે મને કરુણા આવી, દુઃખી છે માટે મને કરુણા આવી. બિલકુલ જૂઠી વાત છે. એ તો પરચીજ છે. એને આધારે, એને કારણે મને કરુણાનો ભાવ આવ્યો. એ મિથ્યાત્વનું લક્ષણ છે. પોતાને પર્યાયમાં કમજોરીને લઈને દયાનો ભાવ આવે. એને કારણે નહિ, સ્વભાવને કારણે નહિ, નબળાઈને લઈને (આવે છે) તો એ કરુણાભાવ પુણ્યબંધનું કારણ છે. પણ આને લઈને મને કરુણા આવી એ મિથ્યાત્વબંધનું કારણ છે.

મુમુક્ષુ :- જયપુરમાં આમ ચાલશે?

ઉત્તર :- જયપુરમાં શું બધે ચાલશે. શેઠી! ત્રણ લોકના નાથ તીર્થંકરદેવે આ ખાનગી રાખ્યું છે આ? કેમકે બીજા પ્રાણીના દુઃખ છે એ તો એની દ્વેષદશાનું દુઃખ લાગે છે એને. દ્વેષને લઈને દુઃખ લાગે છે. પ્રતિકૂળ સંયોગ છે માટે દુઃખ છે એમ છે નહિ. એને પ્રતિકૂળ સંયોગ મને ઠીક નથી એમ કરીને દ્વેષને લઈને દુઃખી છે. એ એને લઈને છે અને છતાં એને કહે પ્રતિકૂળ સંયોગ છે માટે બિચારો દુઃખી છે એમ માને છે એ મિથ્યાદૃષ્ટિ છે. અને તે દુઃખી છે માટે મારે કરુણાનો ભાવ આવ્યો, એ દુઃખી છે માટે એના કારણે મને કરુણાનો ભાવ આવ્યો એ વાત તદ્દન જૂઠી છે. એના દુઃખીને કારણે આવે તો સિદ્ધને પણ આવવો જોઈએ. ભગવાનજીભાઈ! ભારે આકરી વાત.

ભાષા શું છે દેખો! '**तिर्यङ्मनुजेषु**' એમ શબ્દ છે. એનો આધાર બતાવે છે. એને આધારે એટલે દુઃખી છે એને કારણે, એને આધારે મને દયાનો ભાવ આવ્યો. એ વાત તદ્દન જૂઠી છે, દર્શનમોહનું લક્ષણ છે, મિથ્યાત્વનું લક્ષણ છે. પોતાને કારણે કમજોરીને લઈને રાગ આવે. સમજાણું કાંઈ? તો એ રાગ પુણ્યબંધનું કારણ છે. આને કારણે મને રાગ આવ્યો, દયાના પરિણામ આવ્યા, (એ) મિથ્યાત્વ બંધનું કારણ છે. ભારે વાતું ભાઈ! આહા..હા..! ટીકામાં આવશે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દુઃખ હોતા હૈ. વહ દુઃખી હોતા હૈ કિ ઉસકે કારણસે દુઃખ હુઆ, મૂઢ હૈ. એ તો જાણવા (યોગ્ય છે). આવશે ટીકામાં. પ્રેક્ષાયોગ્ય છે. જ્ઞાનતત્ત્વ અધિકાર ચાલે છેને. એ દુઃખી છે એમ જાણવાલાયક છે. જાણવાલાયક ઉપરાંત એને દુઃખી છે માટે મને આ રાગ આવે છે કરુણા, એ મિથ્યાત્વ છે.

મુમુક્ષુ :- આકરું કામ છે.

ઉત્તર :- માર્ગનું સ્વરૂપ છે એમ રહેશે. કોઈને કારણે કાંઈ વસ્તુ બદલાઈ જશે? સમજાણું કાંઈ?

'**તિર્યંચ-મનુષ્યો પ્રત્યે...**' નારકી પ્રત્યે તો કાંઈ છે નહિ અહીં, દેવ પ્રત્યે નથી, એટલે

બે લીધા. નારકી અહીં છે નહિ, દેવ અહીં નથી. બે છે તો બેના લીધા. પશુ અને મનુષ્યો દેખીને, આ દુઃખી બિચારા અરેરે..! એને કારણે મને અંદર અનુકંપા ઊઠી. તો અનુકંપાનો રાગ એને આધારે થયો એ વાત તદ્દન ખોટી છે. કપુરભાઈ! ભારે વાતું ભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, વહ કરુણા. અપની પર્યાયમેં કમજોરીસે રાગ આયા વહ કરુણા. અપનેસે આયા હૈ, પરસે નહીં. વહ કરુણામૈત્રી.. ઠીક પ્રશ્ન કર્યો ભાઈ એણે. ત્યાગભાવ આવે છેને ત્યાં? એ કરુણામાં કોમળતા રાગની મંદતાનો ભાવ પોતાને આવ્યું એટલું બસ. એ કરુણા. એનું નામ પુણ્યબંધનું કારણ. ધર્મ તો નહિ. પણ આને કારણે કરુણા આવી એ મિથ્યાત્વનું કારણ, મિથ્યાત્વ બંધનું કારણ છે, દર્શનમોહના બંધનું કારણ છે. શેઠી! એ ત્યાં નથી મળે એવું તમારે મુંબઈમાં. આહા..હા..!

'**તિર્યંચ-મનુષ્યો પ્રત્યે કરુણાભાવ,...**' એ દર્શનમોહના બે ચિહ્ન કીધા. મિથ્યાત્વના લક્ષણ કીધા. મિથ્યાત્વનું ચિહ્ન છે એ તો. સમજાણું કાંઈ? એ વિપરીત માન્યતાનું એ એંધાણ છે કહે છે. આહા..હા..! પંચાસ્તિકાયમાં આવે છેને? ભક્તિનો રાગ જ્ઞાનીને આવે એ પોતાને કારણે. ભક્તિ કરું છું ભગવાનની એમાંથી મને ધર્મ થશે અને એ ભગવાન છેને માટે મને ભક્તિનો ભાવ આવ્યો છે. તદ્દન ખોટી વાત છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બિલકુલ નહિ. પોતાને રાગ છે માટે રાગ આવ્યો છે. ભગવાનને કારણે રાગ આવે તો બધાને રાગ શુભ આવવો જ જોઈએ. સમજાણું કાંઈ? કહો, જાધવજીભાઈ! આમાં કાંઈ કલકત્તે તો આવી વાત આવે એવું નથી. એ તો ગાથા આવે ત્યારે એનો અર્થ થાયને. ત્યાં તો થોડું રહેવું તો અમુક અમુક ભાવ આવે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કહા હી નહીં હૈ ન. બિલકુલ નહીં કહા હૈ. કરુણાકા ભાવ રાગ વહ સમકિતકા કારણ હૈ હી નહીં.

મુમુક્ષુ :- ભગવાનકા (દર્શન)...

ઉત્તર :- બિલકુલ નહીં. વહ તો નિમિત્ત સે. (ભગવાનકા) દર્શનકા કારણ ઉસસે દર્શન હોતા હૈ તો સબકો દર્શન કરકે સમકિત હોના ચાહિયે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વહ તો અપને વિચારમેં વહ લક્ષ કરકે છોડ દિયા લક્ષ. ઔર અપના આશ્રય કરકે સમ્યગ્દર્શન હુઆ તો વહ નિમિત્તસે હુઆ ઐસા કહને મેં આતા હૈ.

મુમુક્ષુ :- .. ભગવાનને દેખીને...

ઉત્તર :- બિલકુલ નહિ. ભગવાનને દેખીને શુભભાવ પણ નહિ. શુભભાવ પણ પોતાને

કારણે છે. એને કારણે થાય તો બધાને શુભભાવ સરખો થવો જોઈએ. કોઈ એને દેખીને દ્વેષ પણ કરે. નથી કહેતા અત્યારે? મૂર્તિને બાળી મૂકો. કહે છેને રજનીશ. ભાઈ કહે છેને? ખાદીને અને ચરખાને બાળો, ભેગી મૂર્તિને બાળો. એમ કહે છે લ્યો ઠીક! સ્વતંત્ર છે અભિપ્રાય બાંધવા.. મિથ્યાત્વનો અભિપ્રાય છે ઈ.

**'તથા વિષયોનો સંગ (અર્થાત્ ઈષ્ટ વિષયો પ્રત્યે પ્રીતિ અને અનિષ્ટ વિષયો પ્રત્યે અપ્રીતિ) આ મોહના લિંગો છે.'** જુઓ! એ પણ મિથ્યાત્વની વાત છે હોં! ઈષ્ટ પદાર્થ દેખીને રાગ, અનિષ્ટ દેખીને દ્વેષ એ રાગ-દ્વેષનું લક્ષણ છે. ઈષ્ટ-અનિષ્ટ કોઈ ચીજ છે નહિ. છતાં અસ્થિરતાના દોષ વર્ણવ્યા છે. ઓલા દર્શનમોહના વર્ણવ્યા છે.

જુઓ! **'ટીકા :- પદાર્થોની અયથાતથપણે પ્રતિપત્તિ વડે...'** વડે શું? દર્શનમોહને ઓળખીને, એમ. **'પદાર્થોની અયથાતથપણે...'** જાણવા વડે. નીચે અર્થ છે. **'પદાર્થોની અયથાતથપણે પ્રતિપત્તિ = પદાર્થો જેવા નથી તેવા તેમને સમજવા અર્થાત્ અન્યથા સ્વરૂપે તેમને અંગીકાર કરવા તે...'** મિથ્યાત્વ-ઊંધી માન્યતાનું લક્ષણ અને એંધાણ છે. છે કે નહિ? બીજી વાત. પ્રતિપત્તિ એટલે એનું જ્ઞાન. અયથાર્થપણે જ્ઞાન, ઊંધું જ્ઞાન. **'અને તિર્યંચ-મનુષ્યો...'** દેખો! જ્ઞાનતત્ત્વ અધિકાર છેને. તો આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે. જગતની ચીજો અનુકૂળ-પ્રતિકૂળ એ બધીને જાણવાલાયક આત્મા છે અને એ તો જણાવાલાયક એક જ (જાત) છે, વચ્ચે કોઈ જણાવાલાયકમાં આ ઠીક અને આ અઠીક એવું કાંઈ છે નહિ.

**'અને તિર્યંચ-મનુષ્યો પ્રેક્ષાયોગ્ય હોવા છતાં...'** જુઓ! નીચે. **'પ્રેક્ષાયોગ્ય = માત્ર પ્રેક્ષકભાવે—દૃષ્ટાજ્ઞાતાપણે—મધ્યસ્થભાવે દેખવાયોગ્ય.'** છે. સમજાણું કાંઈ? જ્ઞાનતત્ત્વ અધિકાર છેને. આત્મા જ્ઞાનસ્વરૂપ છે. એ તિર્યંચ, મનુષ્યોને દુઃખી (દેખી) એ દેખવાલાયક છે, જાણવાલાયક છે, પણ જાણવાલાયક ઉપરાંત એને લઈને મને કરુણા આવી એ મિથ્યાત્વનું લક્ષણ છે. જગતથી ઊંધું ભારે ભાઈ! જયસેનાચાર્યમાં કહ્યું છે, કરુણાનો અભાવ હોય વ્યવહાર.. ચારિત્ર. ચારિત્રનો દોષ છે પણ એના આધારે થયો (એમ માનવું) એ મિથ્યાત્વનો દોષ છે. અભિપ્રાય આ. એને લઈને મને થયું, એમ. મિથ્યાત્વનું લક્ષણ છે એ. એને લઈને થાય તો સર્વજ્ઞ બધું જાણે છે, એને પણ રાગ થવો જોઈએ. એમ છે નહિ. દુઃખી દેખીને વધારે બીજાને ભાવ દ્વેષ થઈને મારવાનો ભાવ થાય લ્યો! મરી જાય ઝટ પછી. એમ પણ થાય છે. નથી થાતું? એને દેખીને થતો હોય તો કરુણાભાવ એને પણ થવો જોઈએ. પણ આ એમ માને છે કે આને દેખીને મને આ આવ્યું. પહેલો કેમ મને દયાનો રાગ નહોતો? એને લઈને મને કરુણા આવી. એને લઈને કરુણા આવી એમ નથી. તારી પર્યાયની નબળાઈને લઈને કરુણા આવી છે તો તો એ ચારિત્રદોષ થયો. પણ એને લઈને કરુણા આવી એ મિથ્યાત્વનો દોષ થયો. સમજાણું કાંઈ? કેમકે વસ્તુનું સ્વરૂપ એવું નથી. એને લઈને કરુણા આવે એવું વસ્તુમાં છે નહિ. કારણ કે વસ્તુ તો જ્ઞાનતત્ત્વ છે. આત્મા હોય એને જાણે.

જુઓ! '**પ્રેક્ષાયોગ્ય = માત્ર પ્રેક્ષકભાવે—દૃષ્ટાજ્ઞાતાપણે—મધ્યસ્થભાવે દેખવાયોગ્ય.**' '**છતાં પણ તેમના પ્રત્યે કારુણ્યબુદ્ધિ...**' એમ છે જોયું! તેમના પ્રત્યે. એને આધારે, એને કારણે. '**કારુણ્યબુદ્ધિ વડે મોહને (ઓળખીને),...**' લ્યો એ મોહ નામ મિથ્યાત્વના લક્ષણ છે. આહા..હા..! કોણ કોનું કરે? અને કોનાથી કોને થાય? કોનાથી કોને થાય? સમજાણું કાંઈ? આપણે સારા કામ કરીએ તો દુનિયામાં એની સુવાસ જઈને બીજા પણ સારા કામ કરે. એમ હશે? બહુ સંકેલવું પડે એવું છે ભાઈ આ તો બહારથી. કારણ કે જગતના પ્રાણીઓ એને અશાતાનો ઉદય હોય (તો) દ્વેષને લઈને દુઃખી છે. દ્વેષને લઈને દુઃખી છે. સંયોગ પ્રતિકૂળ છે માટે દુઃખી નથી. આ કહે કે અરેરે..! બિચારાને આહાર-પાણી નથીને (તેથી) દુઃખી છે. એ મિથ્યાત્વ છે. અને એ દુઃખી છે એટલા કારણે મને કરુણા આવે છે એ મિથ્યાત્વભાવ છે. એ ઓળખીને તેને નાશ કરવા એમ વિશેષ કહેવામાં આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક વદ ૩૦, બુધવાર, તા. ૨૦.૧૧.૧૯૬૮**
**ગાથા-૮૫-૮૬, પ્રવચન-૭૨**

પ્રવચનસાર, જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન. ૮૫મી ગાથા. દર્શનમોહ અને ચારિત્રમોહ .. લક્ષણ શું? પહેલો બોલ તો એમ કહ્યો કે '**પદાર્થોની અયથાતથપણે પ્રતિપત્તિ વડે...**' દર્શનમોહનું લક્ષણ છે. આત્મા જ્ઞાયકસ્વભાવ છે એને રાગવાળો માનવો એ મિથ્યાદર્શનનું લક્ષણ છે. રાગના લક્ષે આત્માને લાભ થાય, સમ્યગ્દર્શન થાય એમ માનવું એ પણ અયથાતથ પદાર્થ છે. એ વસ્તુનું સ્વરૂપ એમ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ ચીજથી સામગ્રી મળતી નથી. સામગ્રી તો એને કારણે આવે છે. પુણ્યથી મળે છે એને, પણ આ પુણ્યના રજકણો (છે) માટે સામગ્રી આવે છે એ વાત પણ ખોટી છે. એ તો એને કારણે સામગ્રી આવે છે. એની પોતાની ઉપાદાનની લાયકાતથી એ સામગ્રી આવે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળેય થતો નથી એનાથી લાભ. શેઠી! ... આઘે લઈ ગયા. મૈંને તો ઐસા કહા કિ પુણ્યકા પરમાણુ હૈ ઉસસે પૈસા મિલતા હૈ વહ ભી મિથ્યા માન્યતા હૈ. પૈસા મળે ક્યાં છે? પૈસા મળે એ માન્યતા જ મિથ્યાત્વ છે. પૈસા શું? પૈસા જડમાં છે. અજીવ ... જીવને અજીવ મળે? આ પૈસાવાળા રહ્યા આપણે. આ મોટા ...ભાઈને પૂછો. ક્યાં છે પૈસા સાથે? મમતા છે ત્યાં, મમતા છે. સમજાય છે કાંઈ? વસ્તુની જે મર્યાદા છે, પદાર્થનું જે સ્વરૂપ સર્વજ્ઞે કહેલું, જોયેલું, જાણેલું છે એનાથી વિરુદ્ધ માને તો મિથ્યાદર્શનનું લક્ષણ છે એ. આ તો હજી પહેલો બોલ છે. બીજો જરી આકરો છે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ એ તો બધું આવ્યુંને. કોઈ તત્ત્વ કોઈ તત્ત્વથી થાય એ તત્ત્વની વિપરીત દૃષ્ટિ છે. પુણ્યના ભાવથી ધર્મ થાય, પુણ્ય પરમાણુ પડ્યા માટે રજકણો એને લઈને આવે છે ખરેખર, એમ અજીવ પણ આ પુણ્યના પરમાણુને લઈને અજીવ આવે છે એ તદ્દન વિપરીત દૃષ્ટિ છે. પુણ્યના રજકણ તો નિમિત્ત છે. કોઈ રજકણ કોઈને કારણે આવે છે?

મુમુક્ષુ :- ભાવ તો થાય છેને.

ઉત્તર :- ભાવને લઈને આવ્યું નથી. પુણ્યના ભાવ તો એને કારણે. રજકણો આવ્યા પુણ્યના બંધન એ રજકણને કારણે આવ્યા છે. શુભભાવ જે થયો એ જીવમાં અને રજકણ આવ્યા એ કર્મના કર્મને કારણે આવ્યા છે. અહીં ભાવ કર્યો માટે રજકણ આવ્યા છે કર્મના એમ પણ નથી.

મુમુક્ષુ :- શુભભાવ...

ઉત્તર :- શુભભાવ .. વહ બાત જૂઠી હૈ. શુભભાવને કારણે; શુભ તો રાગની મંદતાના પરિણામ છે, એ પરિણામને કારણે કર્મના રજકણ જડ અજીવ એને કારણે દબાઈને આવે છે? ભગવાનજીભાઈ! જેમ છે એમ રહેશે. એ જુદો પદાર્થ છે અને આ જુદો પદાર્થ છે. કહો, કપુરભાઈ! અરે..! આ વસ્તુ વસ્તુ જ એવી છે ત્યાં.. અનંત વસ્તુ કહેવી અને અનંતને અનંતપણે ન રાખવી અને એકને કારણે બીજામાં ગોટો વાળવો એ અનંત રહેતું નથી. કહો, સમજાય છે કાંઈ? એમ એ પદાર્થ પરમાં, પૈસામાં, શુભભાવમાં સુખ છે એ માનવું એ મિથ્યાદર્શનનું લક્ષણ છે. સમજાણું કાંઈ? વિપરીત તત્ત્વની માન્યતા એની છે કે આ પૈસામાં, શરીરમાં, બાયડીમાં, ઈન્દ્રાણીને ઈન્દ્રમાં અને (ઈન્દ્રને) ઈન્દ્રાણીમાં, આબરૂમાં મને સુખ છે એ માન્યતા તદ્દન અયથાતથ પદાર્થની માન્યતા છે. કહો, સમજાણું કાંઈ? એની વ્યાખ્યા તો આવશે બધી. નવ તત્ત્વનું જેવું સ્વરૂપ છે એથી વિપરીત માને તે બધું મિથ્યાત્વ...

હવે અહીંયાં બીજા બોલમાં જરી વાંધો છે. કાલે જરી ઓલો આવ્યો છેને. '**તિર્યંચ-મનુષ્યો પ્રેક્ષાયોગ્ય હોવા છતાં પણ તેમના પ્રત્યે કારુણ્યબુદ્ધિ વડે...**' '**તેમના પ્રત્યે કારુણ્યબુદ્ધિ વડે મોહને...**' એ દર્શનમોહનું લક્ષણ. એટલે? તિર્યંચ-મનુષ્યોને દુઃખી દેખી

મમતાથી એની કરુણા કરવી, મમતાથી કરુણા કરવી. આપણે તો એમ લખ્યું છે એમાં ભાવાર્થમાં- તન્મયપણું. 'તન્મયપણે' એટલો શબ્દ છે. તન્મય એટલે આનું હું કરી દઉં, આનું દુઃખ છે હું છોડી દઉં એવી આકુળતા, એવો જે ભાવ કરુણાનો એ મિથ્યાદર્શનના લક્ષણ છે. કહો, સમજાણું કાંઈ? કરુણાના પ્રકાર કહ્યા હતા કાલે રાત્રે. એક કરુણા પર પ્રત્યેની મમતાથી કરુણા કરવી એ દર્શનમોહનું લક્ષણ છે અને એક કરુણા કષાયની મંદતાનો ભાવ એ પુણ્યના પરિણામ છે અને એક કરુણા વીતરાગી કરુણા સર્વજ્ઞ પરમાત્માને અકષાયભાવ તે કરુણા એ વીતરાગી કરુણા છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ કહીએ છીએને આ. અહીંયાં આવ્યું છે દર્શનમોહનું લક્ષણ. આનું કરું, આનું કરું, દયા ભાવમાં આની દયા કરી દઉં અને એને લઈને મને દયાનો ભાવ આવ્યો છે એ દર્શનમોહની દયા છે, કરુણાભાવ દર્શનમોહ છે. સમજાણું કાંઈ? અને પોતાને પુરુષાર્થની મંદતાથી રાગની મંદતાનો શુભભાવ આવે એ કરુણા ચારિત્રદોષની કરુણા છે. બે (થઈ). એક કરુણા વીતરાગને કરુણા કહેવામાં આવે છે. વીતરાગ પરમેશ્વર સર્વજ્ઞદેવ કરુણામય કરુણાસાગર કહેવામાં આવે છે. એ અકષાય કરુણાની અપેક્ષાથી. એક અનુકંપા સમકિતના ચાર લક્ષણમાં આવે છે. શમ, સંવેગ, અનુકંપા અને આસ્થા. એ અનુકંપા અકષાયભાવનો અનંતાનુબંધીનો અભાવ થયો છે. કોઈ પ્રાણીને ધ્વંસ (કરી) મારી નાખું એવા એના પરિણામ હોય નહિ. એવા અકષાય અનંતાનુબંધીના અભાવની કરુણા છે એ અનુકંપા છે. ભગવાનને વીતરાગભાવની કરુણા છે. જ્ઞાનીને કરુણા આવે, પંચાસ્તિકાયમાં કહ્યું છે, દુઃખી દેખીને. અજ્ઞાનીને દુઃખી દેખીને કરુણા આવે એને તન્મયપણે આમ કરી દઉં એવો વેગ એનો ઉત્તેજિત થઈ જાય છે. કરી શકતો નથી પરનું, છતાં ઉત્તેજનમાં એવો (આવે કે) કરી દઉં, આનું કરી દઉં એ દર્શનમોહની કરુણા છે. જ્ઞાનીને કરુણા આવે છે એ દેખીને પંચાસ્તિકાયમાં એમ લીધું છે, અરે..! આ પ્રાણી દુઃખી છે. જન્મ-જરાના દરિયામાં ડૂબેલા છે એમ કરીને એને કરુણાનો વિકલ્પ શુભભાવનો આવે છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અપને મેં દુઃખ નહીં હોતા. એને લઈને દુઃખ મને થાય એ તો મિથ્યાત્વની કરુણા છે. આકરી વાત છે. બે આચાર્યોએ લક્ષણ એ લીધું છે. જુઓને, જયસેનાચાર્યે પણ દર્શનમોહ કીધું છે. બેય જણાએ. અમૃતચંદ્રાચાર્યે અને (જયસેનાચાર્યે). સમજાય છે? આ તો વ્યવહાર કરુણાભાવનો અર્થ ઈ કે સમ્યગ્દષ્ટિને-ધર્મીને ધ્વંસ પરિણામ થયા (કે) આને મારી જ નાખું તેમાં એવો ભાવ ધર્મીને હોય નહિ. એમ કરુણા ... છે, પણ છે એ શુભભાવ. સમજાણું કાંઈ? મમતા કર્યો શબ્દ લીધો છે. ... (કવિ) વૃંદાવન. મમતાથી કરુણા કરે, એમ શબ્દ લીધો છે. મમતાથી સમજ્યાને? એનો શું અર્થ કર્યો છે? 'અયથાર્થ રૂપ પદાર્થકો ગહીકે

નિશ્ચયે શ્રદ્ધા કરવો, .. મનુષ્યમેં મમતા કરકે અપને મનમેં કરુણા ભર દો.' ક્યા હૈ? સેઠી! સુના હી નહીં કભી જયપુરમેં.

અહીં છે જુઓ! 'પ્રેક્ષાયોગ્ય હોવા છતાં...' જ્ઞાનતત્ત્વ અધિકાર છેને. પર પ્રાણીને દુઃખ છે એની દશામાં એ અહીં જાણવાલાયક છે, જ્ઞેય તરીકે જાણવાલાયક છે. જાણવાલાયક ઉપરાંત કરે મમતા, આનું આમ કરી દઉં, હું આમ કરી દઉં, આને દુઃખથી મુક્ત કરાવી દઉં એવો જે કર્તાબુદ્ધિની કરુણા એ મિથ્યાત્વના લક્ષણ છે. ..ભાઈ! .. બે આચાર્યોએ અર્થ કર્યા છે. દર્શનમોહનું લક્ષણ છે. કારણ કે પરવસ્તુમાં... પોતે સહન કરી શકતો નથી, એ દુઃખી પ્રાણીને ભલે દુઃખ હોય, દેખવારૂપ છે, પણ એનું દુઃખ મિટાવી શકે સંયોગથી, સાધનથી, ઉપદેશથી, પૈસા આપીને, દાન આપીને, પૈસા આપી દઉં, અનાજ આપું માટે સુખી થાય એ બુદ્ધિ બધી કરુણા દર્શનમોહની કરુણા છે. કડક છે કે વસ્તુનું સ્વરૂપ એ છે.

બીજામાં કેમ ન નાખ્યું? એમ પ્રશ્ન આવ્યો હતો. સત્ય બોલવામાં ઓલામાં આવેને કે સત્ય બોલવું, ... આમાં એમ કેમ? અહીં તો દુનિયાને પોતાની દયામાં, પોતાને દુઃખ જોઈતું નથી ને એટલે બીજાને દુઃખ દેખીને અંદરથી ધ્રુજી ઉઠે છે. આવે જાણે કરુણા પણ એ બધા દર્શનમોહના લક્ષણ છે અને ભ્રમના લક્ષણ છે. ભ્રમણાના લક્ષણ છે એ. સમજાણું કાંઈ? ... ક્રિયા થાય, શુભભાવ થાય એ એની .. છે બસ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. ક્યાં શુભ રાગ થાય એ. દાન શું છે? પરકા મૈં કરતા હૂં તો મિથ્યાત્વ હૈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કાંઈ કરુણા દાન નહીં હૈ. કરુણાદાન કા અર્થ ક્યા? કષાયકી મંદતા. અપના ઉસકો દિયા હી નહીં ઈતના હુઆ ઉસકો જ્ઞાની જાનતે હૈં. અજ્ઞાની ઉસકા સ્વામી હોતા હૈ તો મિથ્યાત્વ હૈ. કહો, સેઠી! ઠીક આવ્યા છે અત્યારે ઓલા આવી ગયા ત્યાંથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- રોગ હોય, દવા લગાવે, પણ દવાથી રોગ મિટ જાયેગા હી. (ઐસા નહીં માનતે). નહીં, નહીં, કોશિશ નહીં કરતે. વિકલ્પ હોતા હૈ. ક્રિયા કહાં કર સકતે હૈ? દવાકા આના દવા આત્મા લા સકતા હૈ? ઔર દવા મૈંને (લી) તો ઉસકો રોગ મિટ જાતા હૈ? એક દ્રવ્યકી પર્યાય સે દૂસરી પર્યાય મેં ઉત્પાદ હોતા હૈ? ઉસમેં દવા કા ઉત્પાદ હૈ. તો વહાં ઉત્પાદ હૈ નીરોગતા? વિપરીત દૃષ્ટિ હૈ. કીધું ને. જાણવા-દેખવાનો સ્વભાવ ભગવાન આત્માનો છે. અંદર સ્વરૂપમાં ન રહી શકે તો કષાયની મંદતાનો ભાવ આવે, પૃથક્ રાખીને જાણવો એ એનો સ્વભાવ છે. એકમેક કરીને જાણવો એ પણ એનો સ્વભાવ નથી. કહો, ..ભાઈ! સંપ્રદાયમાં તો સાંભળવા.. પદાર્થનું સ્વરૂપ જ એવું છે. ભગવાન નથી દેતા કેવળજ્ઞાની? કેટલા .. લે છે? આવે છે... કેટલા પ્રાણી આ જુઓને .. કેટલા મરી ગયા સુરતમાં. પાણીમાં

નહોતા કહેતા કલેક્ટર? કે પાણીનું પૂર આવતું હતું તો આમ આમ એક એક લોઢે એક એક માણસ દેખાતા હતા મડદું. લોઢ આવે ને. એક લોઢમાં એક એક માણસ-મડદું દેખાતું હતું. એટલા માણસો મરી ગયા. સાત-આઠ હજાર માણસ. એમ કહે છે બધાય. ઢોર તો પચાસ-સાઈઠ હજાર. અત્યારે રાડ પાડે છે. ...એવું લખ્યું છે. ... સમજાણું કાંઈ? .... કર્તા વિકલ્પ કરે, કરે શું? ધૂળ કરે છે?

મુમુક્ષુ :- બાર ભાવના...

ઉત્તર :- બાર ભાવનામાં કરુણા ભાવના હૈ, વિકલ્પ હૈ, શુભભાવ હૈ, ઈતની બાત હૈ. કર્તા કર દું ઐસી બાત નહીં હૈ. ભાવ બસ ઈતના હૈ. કષાયકી મંદતા. અરે..! પ્રાણી દુઃખી છે, ચાર ગતિમાં રખડે છે, બસ એટલું. એવો વિકલ્પ આવ્યો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- લેને-દેને કૌન દેતે હૈ? લેતી-દેતી નહીં હૈ ઉસમેં. એક છોકરો કહેતો હતો .. લેતી-દેતી .. આપણે. ઓલામાં લેતી-દેતી હશે. એ પણ લખ્યું છે અહીં ક્યાંક. બ્રાહ્મણોએ પોકાર કર્યો છે, અમને અન્યાય કર્યો છે. અમને .. નથી. એવું લખ્યું છે જુઓ. એક પૂરતું ભોજન પણ મળ્યું નથી, દક્ષિણા પણ મળી નથી. એવું બધું લખ્યું છે. ... દુનિયામાં તો ઘણું છે. આહા..હા..! શું કરે? શું કહે? સમજાણું કાંઈ?

કરવું, કરવાનો વિકલ્પ આવે એને, પણ ક્રિયા થવી એ કાંઈ પોતાને આધીન છે? કરવા ગયા ... આ મહાજન .. ગયા છે. મરી જાય. મહાજન. .. જુઓ આ પાંચસોનું છે. લાખો માછલા છે એને લઈને નાખું ખાતરમાં. મહાજન .. લઈ લ્યો! કારણ કે ગંધાઈ જશે નહિતર. માછલા લાખો ગંધાઈ જશે. મરીને ગંધાઈ જશે. .. દયા હોય તો લઈ જાવ. પછી મહાજન લોકોએ .. લઈ માછલાને મૂકી આવ્યા. અહીંથી કૂવામાં નાખ્યા. જ્યાં નાખ્યા ત્યાં મરી ગયા. ત્યાં મરી ગયા. શું કરે? એવો ત્રાસ હતો તે દિ'. શું કરવું? અહીંથી .. એ કૂવાના પાણીમાં નાખ્યા મરી ગયા. તરત જ મરી ગયા નાખ્યા ભેગા. છે ને? ખબર છે ને? સાંભળ્યું છે આપણે. ..ની અંદર લ્યો! લાખો માછલા. ખબર નથી માણસને. શું કરે? કોણ કરી શકે? આ .. પરિણામી પર્યાયને કાળે તેને થવું હોય તો થાય. આત્મા એનો કર્તા માને કે મેં કર્યો, (તો) પદાર્થની વિપરીત દૃષ્ટિ છે. સમજાણું કાંઈ? બાકી વસ્તુ તો સત્ છે એમ રહેશે.

મુમુક્ષુ :- વ્યવહાર

ઉત્તર :- ધૂળેય કરાતો નથી. વ્યવહાર બોલાય છે એમ કહો. એ બોલાય છે બોલવાની ભાષા જડની છે. આત્મા કોણ બોલતો હતો? નવનીતભાઈ! ... બરાબર .. ભાઈ નહિ? માર્ગ આ છે (એમ) એણે પહેલો નક્કી તો કરવો પડશે. સમજાણું કાંઈ? દુનિયાની શરમે કે દુનિયાની લાજે કાંઈ જુદું મનાય? વસ્તુ છે એમ રહેશે. સમજાણું કાંઈ? આહા..હા..!

... ધૂળેય બચાવતું નથી. મિથ્યા અહંકાર કરે છે.

મુમુક્ષુ :-

ઉત્તર :- કરના શરીર સે કર સકતે નહીં. નહીં, નહીં, બિલકુલ નહીં. હવે આપતા અમારા મલુકચંદભાઈ ત્યાં સભા ભરીને. ગરીબ માણસો નહિ ત્યાં બિચારા બહુ આવતા. જોવા આવતા. બહુ .. .. મકાન બધા .. તોપણ બિચારા .. અરે..! એ જાતના રજકણો .. હોય છે ત્યારે એને જાણે. .. નિમિત્તમાત્ર, પણ નિમિત્તમાત્ર એટલે સંયોગ... સમજાણું કાંઈ?

ભગવાનને પણ કરુણાસાગર કહ્યા છે લ્યો! કેવળીને. ત્યાં કરુણા કરવા જાતા હશે? મુનિને એ કરુણાનો વિકલ્પ આવે અને તેને .. કરવા જાય. એય..! લ્યો હવે એ બોલ આવ્યો. ક્યાં છે? દ્રવ્યસંગ્રહમાં. છે ને ... પણ કર્તા માનતા નથી. વિકલ્પ આવ્યો અને બહારની ક્રિયા થવાની હોય તો થઈ એમ જાણે છે. શેઠી! એવો પાઠ છે શાસ્ત્રમાં દ્રવ્યસંગ્રહમાં. ... લબ્ધિવાળા હોય, બહુ .. દેખ્યો હોય.. કરુણાનો વિકલ્પ, બસ એટલું. વિકલ્પ આવે છે. ક્રિયા તો એની મેળાએ થવાની હોય. એને આકુળતા નથી કે આનું કરી દઉં, આનું કરી દઉં. ...

મુમુક્ષુ :- નિમિત્ત...

ઉત્તર :- બિલકુલ નહિ. એ લબ્ધિ છે માટે આ કાર્ય થાય છે અને કરવું જોઈએ એમ નથી. એ આકુળતા છે રાગની.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- રાગની આકુળતા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના, ના, એને કાંઈ નથી. કાર્ય તો થાય જ. ત્યાં તો લબ્ધિ છે ને. પણ લબ્ધિ છે કે નહિ એને? થાય જ. છતાં એ મારાથી થાય છે આ એમ માનતા નથી. વાતું ભાઈ જુદી. દુનિયાને પણ આવું ભાન નથી. તેરાપંથી ... મિથ્યાત્વ છે એમ નથી. બીજાનું કરી દઉં છું.. સમજ્યા? એમ આનું મેં કર્યું એ માન્યતા હોય તો મિથ્યાત્વ છે. અનુકંપાનો ભાવ આવે. દ્રવ્યસંગ્રહમાં એ પાઠ છે. તેજસ શરીર અને લબ્ધિ હોય છે એમ પાઠ છે. મિથ્યાત્વીને એવો વિકલ્પ આવે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. શુભરાગ આતા હૈ તો શુભકા કાલ જાનતે હૈં, પરકી ક્રિયા કે .. નહીં. હાથ ઊંચા કર સકતે નહીં. બિલકુલ અપના હાથ હી નહીં ને. અપના ક્યા હાથ હૈ? અપના રાગ હી નહીં તો અપના હાથ કહાં સે આયા? શેઠી! નક્કી કરના પડેગા. હીરા-માણિકના આ બધા પથરા. ... એય..! દેવાનુપ્રિયા! આ અમારા જુવાન માણસ છે ને હા પાડે છે લ્યો. કહો, સમજાણું!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એવો અભ્યાસ કર્યો છે ઘણો.

**'તેમના પ્રત્યે...'** કોના પ્રત્યે? **'તિર્યંચ-મનુષ્યો પ્રેક્ષાયોગ્ય...'** આ જ્ઞાનનો અધિકાર છે કે નહિ? તો આત્મા જ્ઞાનસ્વરૂપ છે તો જાણવા લાયક છે. જેમ સિદ્ધ જાણે એમ આ જાણે. એ સિવાય અતિરેક થઈને આઘું જાય, આનું કરી દઉં, આ હાથનું કરી દઉં, આમ કરી દઉં એ બધી દયાનો ભાવ મિથ્યાત્વના લક્ષણવાળું છે. જાદવજીભાઈ! લ્યો! એ **'કારુણ્યબુદ્ધિ વડે મોહને (ઓળખીને),...'** બેય દર્શનમોહ છે. .. પદાર્થની અપ્રાપ્તિ એટલે ... પ્રાપ્તિ .. અને આ .. ઘણા પ્રકાર આવે છે. .. હવે આ બાકી રહ્યું તો દ્રવ્યસંગ્રહમાં આવે છે. હોય એ જુદી વાત છે. એ કારુણ્યબુદ્ધિ છે એ મિથ્યાત્વ નથી. એ કાલે કહ્યું હતું. એ મિથ્યાત્વ નથી. કરુણાનો વિકલ્પ છે તે મિથ્યાત્વ નથી, પણ હું આને કરી દઉં અને કરવાનો વિકલ્પ છે તે મારું કર્તવ્ય છે એવો ભાવ તેને મિથ્યાત્વ કહેવામાં આવે છે. જુઓ! ઓલામાં વાત લખી છે ને? દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાને મિથ્યાત્વ કહે છે. અરે..! કોને કહીએ? સાંભળને ભગવાન! શું કહે છે તું? દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાના ભાવને રાગ કહે છે. પણ એ રાગને પરમાર્થ-ધર્મ માને તો મિથ્યાત્વ છે. નિશ્ચય ધર્મ માને તો મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બસ ઈતના. બિલકુલ કર સકતે નહીં. શરીર સે, વાણી સે બિલકુલ કર સકતે નહીં. કૌન કરતા હૈ? વહ તો હો જાતા હૈ. નહીં. નહીં. નહીં. અપન-ફપન કુછ નહીં. અપન એટલે આત્મા. અપને એટલે આત્મા. આત્મા એટલે જ્ઞાનાનંદ સ્વરૂપ એ રાગસ્વરૂપ ભી નહીં અપનમેં. તો અપને ક્યા કરે? સમજમેં આયા? વાત એવી છે. ગળે ઉતારવી પડશે. પણ એટલું તો વિચારો. વ્હાલામાં વ્હાલો દીકરો મરતો હોય પચ્ચીસ વર્ષનો. બે વર્ષનું લગન. લીલા સાંઠા જેવી બાઈ. રોતી... રોતી... રોતી... હાય.. હાય.. .. મૂકી ગયો. હાય.. હાય.. અરેરે..! ભાવ બચાવવાનો છે કે મારવાનો છે? એ બાઈ આમ રોવે છે, પોકાર કરે છે. સમજાય છે? ... એ તો શરીર.. રોવે તો રોવે.. ન જઈ શકે. ૫૭ની સાલ વાત છે. મોટા ભાઈ હતા ને. ૨૮ વર્ષની ઉંમર હશે. પાણી લાગી ગયું. બહુ હુશિયાર હતા. આહા..હા..! એકકોર બાઈ રોવે અસાધ્ય થઈ ગયેલા. શું કરી શકે છે? .. રાગ ને દુઃખ વેદે છે. .. હાય.. હાય.. શું કરે પણ? આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- રાગ છે એને. કીધું ને. રાગ છે, પણ એ રાગનો સ્વામી નથી જ્ઞાની અને આ રાગ થયો માટે આ કામ થાય છે એમ માનતો નથી. રાગ તો છે ને. રાગ રાગરૂપે પુણ્યરૂપે છે, આત્મા આત્મારૂપે છે, એ ક્રિયા ક્રિયારૂપે એને કારણે છે. એમ તત્ત્વનું સ્વરૂપ છે. એથી ક્યાંય આઘો જાય એને કાંઈ અતિરેક કરે, લાકડું ગરી જશે. છે મિથ્યાભ્રમનું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોણ પણ નિરપેક્ષ થાય ન થાય. વસ્તુમાં ક્યાં છે એ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પરની ક્રિયા હોતી હૈ, આહારદાન દેનેકી હોતી હૈ. ઉસમેં પુણ્યકી ક્રિયા કહા ને. પાણી દેના, આહાર દેના વહ તો જડકી ક્રિયા. જડકી ક્રિયા હો ચીજમેં, વહાં વિકલ્પ આયા ઈસલિયે હોતી હૈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બિલકુલ નહિ. .. અલગ અલગ છે. વિકલ્પ અલગ છે, આત્મા અલગ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અલગ નામ ભિન્ન છેને અનંત પુણ્યતત્ત્વ અલગ હૈ, જીવતત્ત્વ અલગ હૈ, શરીર તત્ત્વ અલગ હૈ, વાણી તત્ત્વ અલગ હૈ. બધા તત્ત્વ અલગ હૈ. તો એક તત્ત્વ દૂસરા તત્ત્વકો કરે ઐસા માને તો તત્ત્વકી વિપરીત દૃષ્ટિ ઔર કરુણાભાવમેં ભી યહ દૃષ્ટિ હો જાયે તો વહ ભી મિથ્યાત્વભાવ હૈ. સમજાય છે કાંઈ? હજી તો સયાજીરાવનો દીકરો ફતેહસિંહ ત્રણ કરોડની ઊપજ ભાઈ! .. જુવાન છોકરો. ગાદીએ બેઠો હોય ને ત્યાં બેસે. ... પાટવી કુમાર. રતન રોળાણું એમ કરીને ચોપડી આવી છે. રતન રોળાણું સંસારનું. .. બધા ડોક્ટર ઉતાર્યા છે મોટા. ભૂલી ગયા. આહા..હા..! દીકરાનો દીકરો. દીકરાનો દીકરો. ..નો દીકરો હતો. સ્પેશ્યલ ઉતાર્યો ડોક્ટરને મુંબઈથી. એક લાખનો તાલુકો તે દિ'. જ્યાં અહીં આવ્યો ત્યાં મરી ગયો. શું કરે? સાધન શું કરે? એ પર્યાયનું જ્યાં એ જ થવાનું હોય ત્યાં સાધન ડોક્ટર મોટા કરે શું? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ કોના થયા છે? કોઈના થયા નથી. એ તો એની શરીરની પર્યાયને કારણે થયું છે. એ પરને લઈને થયું છે એમાં? ભાઈને ... કોનું કરે? કોણ કરે? દીકરો જુવાન. અહીં આવ્યા હતા. .. થઈ ગયા બહુ .. ભાયાણીનો બેનનો દીકરો છે. બધા રહેતા હતા. ... આવે. ગયા અમેરિકા ગયા. ડોક્ટર મોટા જબ્બર ડોક્ટર. ત્રણ કલાક. મોટો ડોક્ટર ત્રણ. બીજા ડોક્ટર નવ કલાક, બાર કલાક... અડતાલીસ કલાક રહ્યો. .. અડતાલીસ કલાકમાં મરી ગયો. .. શું કરે? રૂપાળો બહુ હુશિયાર. ધોળો ઘોડા જેવો મોટો. શરીર... શું કરે પણ? જેની પર્યાય તે કાળે છૂટવાની એને રાખે કોણ? આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાનજીભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. વિચારવું પડશે. વાત સાચી. આહા..હા..! ચાલે કોણ ને રહે કોણ? ગૃહસ્થ હોય એને વિકલ્પ આવે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મુનિને વિકલ્પ આવે નહિ અને આને વિકલ્પ આવે. આવે એટલું બસ. પણ એનાથી આમ કરી દઉં છું અને કરી શકીશ (એમ માનતો નથી). પણ ભાવ આવ્યો. ક્રિયા એના હાથની અધિકારની છે? શરીરની ક્રિયા થઈ હાથ વળવો એ એના અધિકારની વાત છે? એ જીવના ...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ નિશ્ચયની વ્યાખ્યા શું? વિકલ્પ આવે છે એને કારણે નહિ. એને કારણે વિકલ્પ આવ્યો નથી અને વિકલ્પ આવ્યો માટે આ ક્રિયા હું કરી શકીશ અને એને બચાવી શકીશ એ જ્ઞાનીની માન્યતામાં હોતું નથી. આહા..હા..! વીતરાગનું તત્ત્વ...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ પુરુષાર્થ કરે તે પોતાની પર્યાયમાં કરે કે પરમાં કરે? પોતાના અસ્તિત્વમાં પુરુષાર્થ કરે કે પરના અસ્તિત્વમાં કરે? આ શરીરનું અસ્તિત્વ પર છે, વાણીનું અસ્તિત્વ પર છે, પરનું અસ્તિત્વ પર છે, પોતાના અસ્તિત્વમાં કાંઈ કરે? ઘાલમેલ કે પરમાં કરે? એય..! મોહનભાઈ! આવું છે. .. કરતા નથી. શુભભાવ આવે છે તો વ્યવહારે એનો કાળ છે એમ કહેવામાં આવે છે શુભભાવ. બસ એટલું. પછી આહાર-પાણીનું...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બિલકુલ કરતા નથી. વચનથી કરતા નથી, પગ દાબતા નથી, હાથ હલાવતા નથી કાંઈ કરતા નથી. પરનું કોણ કરે પણ? કોણ કરે? આત્મા કરે છે કે શરીર કરે છે? શરીર કરે છે. એ તો ભિન્ન ચીજ થઈ. વસ્તુ તો આવી છે. ભાવ હોય. એ ભાવ હોય એ મિથ્યાત્વ નથી. ભાવની મર્યાદા શુભરાગની એ મિથ્યાત્વ નથી. એ ભાવ ઉપરાંત આનું કરી દઉં અને આ મારું બરાબર શરીરની ક્રિયાથી એમ કરી દઈશ, આહાર-પાણી બરાબર આપી દઈશ એને સરખા. એ થાય છે એને ક્રિયા એની? એનું કામ બરાબર થઈ જશે. એવી મોહદશા તેને મિથ્યાત્વ કહે છે. કહો, સમજાણું આમાં? દુનિયાથી તો ભાઈ જાત જુદી છે આ. 'વૈષ્ણવજન તો તેને કહીએ પીડ પરાઈ જાણે રે.' આવે છે ને એમાં? એનો અર્થ? વિષ્ણુ એટલે આત્મા વ્યાપક છે. જ્ઞાનતત્ત્વ છે ને. વ્યાપક છે એટલે જેમ છે તેમ જાણે તે જ્ઞાનનું વ્યાપક છે એમ કહે છે. એટલે એ જ્ઞાનમાં જાણે કે આમ થાય છે. જુઓ આ જાણે. પણ ક્રિયાને કરી દઉં, કરાવી દઉં, એની પીડાને મટાવી દઉં એ એનો અધિકાર નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બસ, વાત એ. વિકલ્પથી અધિક ગુંજાઈશ નહિ. કે શરીર હલાવી શકે, વાણી બોલી શકે, આહાર-પાણી દઈ શકે. પરપદાર્થની ક્રિયા કોણ કરે? ચતુરભાઈ! બે થઈ.

'**પદાર્થોની અયથાતથપણે પ્રતિપત્તિ વડે...**' એટલે જાણવું. ખોટું જાણવું એમ. '**અને તિર્યંચ-મનુષ્યો...**'માં મમતા વડે. દેખવા છતાં, પ્રેક્ષાએ જોવાં છતાં મમતા વડે તન્મય થઈને,

અતિરેક થઈને એનું કામ જલ્દી કરી દઉં, નહિતર આમ થશે નહિતર આમ થશે. એવો જે વિકલ્પનો મિથ્યાત્વ મોહ એ દર્શનમોહનું લક્ષણ છે. ત્રીજો બોલ. '**ઈષ્ટ વિષયોની આસક્તિ વડે રાગને (ઓળખીને)...**' ટાળવો એમ કહે છે. અહીં તો ઓળખીને ટાળવો એમ કહે છે. આવો ભાવ હોય એને ઓળખીને ટાળવો. થવા દેવો નહિ. એમ વાત છે. સમજાણું? '**ઈષ્ટ વિષયોની આસક્તિ...**' ઈષ્ટપણું માની આ લાડવો ઈષ્ટ છે, દાળ-ભાત ઈષ્ટ છે, ઉનુ-ઉનુ મને ઈષ્ટ છે, ઠંડું મને ઉના કાળે ઈષ્ટ છે. કપડું મને ઉનાળા કાળે પાતળું તે ઈષ્ટ છે, શિયાળામાં જાડું તે ઈષ્ટ છે—એમ પદાર્થને ઈષ્ટ માનીને રાગ કરવો એ દોષ છે. એને ઓળખીને તરત ટાળવો. સમજાણું કાંઈ?

'**અને અનિષ્ટ વિષયોની અપ્રીતિ વડે દ્વેષને (ઓળખીને)...**' અપ્રીતિ એટલે શરીરમાં રોગ હોય. .. સર્પ કરડતો હોય, વીંછી આવીને કરડતો હોય, પ્રતિકુળ વખતે અપ્રીતિ વડે. '**વિષયોની અપ્રીતિ વડે...**' '**અનિષ્ટ વિષયોની અપ્રીતિ વડે...**' એ વિષયોની અપ્રીતિ વડે '**દ્વેષને (ઓળખીને)...**' આના પ્રત્યે અણગમો એ પણ દ્વેષને કરવો નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અનંતામાં આખો મિથ્યાત્વ સ્થાપવાની વાત થઈ ગઈ.

'**એમ ત્રણ લિંગો વડે (ત્રણ પ્રકારના મોહને) ઓળખીને...**' કહો, સમજાણું કાંઈ? સારામાં સારો વ્હાલો દીકરો હોય તો પ્રીતિ તો થાય ને. એ .. શું છે? એય..! શેઠી! આ મહેન્દ્રભાઈ જુઓ બાપાજી! પિતાજી! પિતાજી! કરતા આવે. પિતાજી સાહેબ! આપે પધારવું પડશે. સોનગઢ આવો. ... ઐસી બાત હૈ. ઈષ્ટ દેખીને આ મારો દીકરો છે .. કે મને બહુ.. ઈષ્ટ દેખીને રાગ કરવો એ અનંતાનુબંધી... ભારે વાત ભાઈ! આ તો પદાર્થ વિજ્ઞાનસ્વરૂપ સર્વજ્ઞે પરમેશ્વરે જોયું તેવું કહ્યું છે. એ સ્વરૂપ બીજે ક્યાંય હોઈ શકે નહિ. પરમાત્મા ત્રિલોકનાથ સમજાણું? એ પરમાત્મા કૃષ્ણ પણ અધ્યાત્મ વિદ્યા લેવા ગુરુ પાસે જતા હતા. પરમાત્માને પણ ગુરુ જોઈએ છે. આપણે પરમાત્મા સાથે પ્રેમ રાખવો જેથી કરીને પરમાત્મા સમકાળે આપણને અનુકૂળ થાય. એમ સ્થાપે કે ભગવાન પરમાત્માને પણ ગુરુ વિના ચાલે નહિ, એને ગુરુ જોઈએ. અધ્યાત્મ વિદ્યા શીખવા માટે. એટલી .. પરમાત્મા તો પોતે આત્મા છે અને અધ્યાત્મ વિદ્યા શીખવા માટે ગુરુ એને હોય છે. એ નિમિત્ત હોય છે, એનું લક્ષ કરે છે ત્યાં સુધી રાગ છે અને સમજવા એ શું કહે છે એ સમજીને પોતા તરફ લક્ષમાં આવે એટલી વાત છે એ. જો ભાઈ! આત્મા ચિદાનંદસ્વરૂપ છે. તેના ઉપર ઝુકાવ કર તને સમ્યક્દર્શન-જ્ઞાન (થશે) એટલું લક્ષ આવ્યું એના તરફ બસ. એ એના તરફથી આવે એમ કહેવું નિમિત્તથી, પણ થાય છે પોતાની યોગ્યતામાં. છતાં પણ તે વખતે પણ તે લક્ષ થયું એ કાંઈ સમ્યગ્દર્શનનું જ્ઞાન નથી. સમજાણું કાંઈ? આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ બિંબ છે એમ અંતર્મુખ થઈને એનું દર્શન અને જ્ઞાન કરે ત્યારે તેને સમકિતી જ્ઞાની-ધર્મી કહેવામાં આવે છે. ઓહો..હો..!

સમજાણું કાંઈ?

કહે છે કે '**એમ ત્રણ લિંગો વડે (ત્રણ પ્રકારના મોહને) ઓળખીને...**' જુઓ! જ્ઞાન કરીને. ખ્યાલ તો આવવો જોઈએ ને, એમ કહે છે. ઓળખીને. એમ કીધું ને? એને ઓળખીને કીધું ભાષા એમ છે. એનો ખ્યાલ કે આ છે એમ એને ખ્યાલ લક્ષમાં આવે. '**એકદમ ઊપજતાં વેંત જ...**' ભાષા પાછી. '**એકદમ ઊપજતાં વેંત જ...**' એનો અર્થ કે સ્વભાવ સન્મુખ થઈને તેને ઊપજવા દેવા નહિ. ઓહો..હો..! ક્યાં માર્ગ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એંધાણ કીધું ને. વિકારના મોહને ચિહ્ન વડે, એંધાણ વડે, ગુણ વડે ઓળખીને. પાછું એને ઓળખીને દેખો! આ વ્યવહાર આ છે ને.

'**એકદમ ઊપજતાં વેંત જ...**' એકદમ એટલે? આવું સ્વરૂપ એનું છે એમ જાણી સ્વભાવ સન્મુખ થઈને ઊપજવા દે નહિ એનું નામ એકદમ ઊપજતાં વેંત નાશ કરે એમ કહેવામાં આવે છે. એ '**ત્રણે પ્રકારનો મોહ હણી નાખવાયોગ્ય છે...**' લ્યો એ પણ વ્યવહારથી વાત છે. એટલે આત્મા આ વસ્તુ આવી છે, એમ જાણીને પછી આત્મા તરફ એનું વલણ કરીને શુદ્ધ શ્રદ્ધાની દૃષ્ટિ અનુભવ કરીને એને ઉત્પન્ન થવા દેવા નહિ એ હણી નાખવાયોગ્ય એમ કહેવામાં આવે છે. એવી પદાર્થની વ્યવસ્થા અને સ્થિતિ છે કે એને સમજવા માટે ઘણો પ્રયત્ન જોઈએ. અરે..! અનંતકાળનો રખડતો પ્રાણી એની દયા એને પોતાને આવવી જોઈએ ને? સમજાણું કાંઈ? મારું શું થાશે? એમ .. ભવિષ્યમાં થવું એ થશે. નક્કી થયેલું છે. એટલે શું? મિથ્યા શ્રદ્ધા, મિથ્યા જ્ઞાન છે ત્યાં સુધી ચોર્યાસીના અવતારમાં રખડવાની રખડપટ્ટી છે. એમાં ... શું થશે? પાણીમાં તણાણો એ પાણીમાં જાશે, દરિયામાં જાશે. એમ મિથ્યા શ્રદ્ધાના વેગે તણાણો ચોર્યાસીના અવતારમાં જાશે. અરે..! એનું શું થશે? મારું શું થશે? સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- મોહના ત્રણ ભેદ છે—દર્શનમોહ, રાગ અને દ્વેષ. પદાર્થોના યથાર્થ સ્વરૂપથી વિપરીત માન્યતા...**' વિપરીત અભિનિવેશ. લ્યો તત્ત્વાર્થશ્રદ્ધાનં સમ્યગ્દર્શનં. વિપરીત અભિનિવેશ. '**તથા તિર્યંચો ને મનુષ્યો પ્રત્યે તન્મયપણે કરુણાભાવ...**' એકદમ આમ કરી દઈશ, કરી દઈશ, કરી દઈશ તમારે જાવ. કેમ પરથી? રાળ (મલમ)ને ચોપડે તો સવારમાં રોગ મટી જશે જાવ. ... છે ને. સવારે તો .. થયું હોય. એ તો પરથી થાવું એને પોતાથી થવું હોય ત્યારે થાય. એનું એટલું જોર અંદરથી આપે કે આનાથી આમ જ થશે એમ છે નહિ. આહા..હા..! ભારે વાત!

મુમુક્ષુ :- એ મિથ્યાભાવ?

ઉત્તર :- મિથ્યાભાવ છે. વ્હાલામાં વ્હાલી સ્ત્રીને મારવાનો ભાવ છે? ભાવ નહોતો તમારે રાખવાનો એનો? શું કરવા ત્યાં રાખી? પણ અહીં રાખતા નથી. લ્યોને એને ..

ભાવ આવે. રોટલા ટીપીને ખાય છે અહીં. .. સરખું હતું તે દિ' ક્યાં અહીંયા? એને ક્યાં ફાવ્યું થાતું હતું ત્યાં? રુચ્યુ નહિ બસ થઈ રહ્યું ત્યારે. બાયડી હોવા છતાં નથી. એકલા રોટલા ઘડવા પડે છે અહીં.

**મુમુક્ષુ** :- આપ તો ના પાડો છો બાયડી હોય નહિ.

ઉત્તર :- આ તો દાખલામાં વાત છે. કે જો તમારા ધાર્યા પ્રમાણે થાય તો સ્ત્રી તમારું કેમ ન માને? સમજાય છે? એ તો એને માનવું હોય તો માને. કાંઈ તમારે લઈને માને છે એ? બરાબર છે ને ચીમનભાઈ! બાયડી-ભાયડા જુદા. બાયડી અહીં રાંધે અને આદમી બીજે રાંધે. બે સગા. આહા..હા..! આપણે ઘરે ત્યાં નહોતું રાણપર. કોણ? માધવજી. માધવજી અંદર રાંધે અને એની વહુ બહાર મોઢા આગળ રાંધે. જુદા છે, કહે, અમે બેય જુદાં. ધણી ધણીયાણી જુદા. પણ જુદા છે ને. જુદા તો જુદા જ રહે એમાં શું છે? આ તો ઘણા દાખલા જોયા છે ને. કે એનું આ કરી દે, એનું આ સમજાવીને આમ કરી દઈશું, આમ કરીને એને ત્યાં બરાબર કાનમાં ફૂંકશું તો આમ થાશે—એ બધી વાત ખોટી છે કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! સમજાવી દેશું-નથી કહેતા? એને અભિમાન હોય (કે) સમજાવી દઈશ. કહીશ. છતાં તું કહીશ એ પણ વાણીની ક્રિયા છે એ ક્યાં મારી ક્રિયા છે? આહા..હા..! ભારે વાતું ભાઈ!

કહે છે કે '**તિર્યંચો ને મનુષ્યો પ્રત્યે તન્મયપણે કરુણાભાવ તે દર્શનોહના ચિહ્ન છે,...**' લ્યો ઠીક! '**ઇષ્ટ વિષયોમાં પ્રીતિ તે રાગનું ચિહ્ન છે...**' ઇષ્ટ વિષયો, પણ ઇષ્ટ વસ્તુ જ ક્યાં છે? અજ્ઞાની માને છે કે આ ઇષ્ટ છે. કોણ ઇષ્ટ હતું? આહા..હા..! સમજાણું? .. નહિ? આ સોનગઢ અને પાલિતાણા વચ્ચે એક ... કહેતા હતા. ... આ સગા ભાઈ એક માના જન્મેલા ભાવ થયો એનો. છતાં ઓલી ક્રિયા થવાની છે એ તો થવાને કારણે થઈ. ભાવથી થઈ નથી. આહા..હા..! મણિભાઈના ખેતર નહિ ઓલીકોર? ન્યાં સૂતો હતો, એક જણે આવીને મારી નાખ્યો. અને બીજો નીચે સૂતો હતો. એ ક્યારે આવીને ઓલાને મારી નાખ્યો. સવારે ઉઠાડે તો મડદું. કોકે મારી નાખ્યો. ક્યારે મારી નાખ્યો મને ખબર પણ નથી. ... જે પર્યાય જે કાળે થાય તેને કોણ કરે? કોણ રાખે? અને કોણ ટાળે? બાપુ! એવી વાત છે. હું આમ કરી દઉં, હું આમ કરી દઉં ... આમ કરી દઉં. ઇષ્ટમાં પ્રીતિ...

'**અનિષ્ટ વિષયોમાં અપ્રીતિ તે દ્વેષનું ચિહ્ન છે.**' જગતમાં કોઈ અનિષ્ટ ચીજ જ નથીને. જ્ઞાનતત્ત્વ ચાલે છે. જ્ઞાનનું જ્ઞેય છે એને ઠેકાણે અનિષ્ટ માને છે. અનંતાનુબંધીનો દ્વેષ હો. '**આ ચિહ્નોથી ત્રણે પ્રકારના મોહને ઓળખીને મુમુક્ષુએ તેનો તત્કાળ નાશ કરવો યોગ્ય છે.**' મોક્ષના અર્થીઓએ હિતાર્થ કે હિતના કારણે આ ત્રણનો નાશ કરવાનો ઉપાય તત્કાળ કરવો. લ્યો! ૮૫ થઈ.

'હવે મોહક્ષય કરવાનો ઉપાયાન્તર (-અન્ય ઉપાય) વિચારે છે :—' દેખો! .. કરું છું. શાસ્ત્ર સાંભળવું એ પણ ઇન્દ્રિયનો વિષય છે, એ પણ ઇન્દ્રિય જ્ઞાન છે, એ પરોક્ષ જ્ઞાન છે. એ કાંઈ આત્માના હિતનું કારણ નથી. ચતુરભાઈ! આમાં પણ તે ઉપાય .. સમ્યગ્દર્શન પામેલ છે. ભાઈ! એય..! .. આવે છે કે નહિ? પ્રથમ ભૂમિકામાં પ્રવેશ કર્યો પણ છે કેવો? કે ભાવજ્ઞાનના આલંબન વડે દઢ કરેલા પરિણામથી, એમ છે. સમ્યગ્દર્શન સ્વરૂપને આશ્રયે પામ્યો છે અને સમ્યગ્જ્ઞાન પણ છે, ભાવ. એ ભાવજ્ઞાનના આલંબન દ્વારા દઢ પરિણામ વડે પછી આ બાહ્ય શાસ્ત્રનો અભ્યાસ કરે છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એ તો પહેલું લીધું છે ભાવજ્ઞાનના આલંબન વડે. ભાવજ્ઞાન છે કે નહિ? તો વ્યવહાર આલંબન ક્યાંથી આવ્યું? છે ને ખ્યાલ છે. એ છેને એટલે એ ઉપાય એટલે આમ આશ્રય કરીને એટલે આમ જ્ઞાન વિશેષ થવું એ એનો ઉપાય બીજો. એક ઉપાય કહ્યો હતો તો બીજો ઉપાયાંતર ક્યાં આવ્યો? છે કે નહિ અંદરમાં એ? કે ભાવ જ્ઞાનના આલંબનની દઢતા વડે કરું. હવે અહીંયા પહેલી ભૂમિકા લીધી .. સમ્યગ્દર્શન થયા પછી પણ જ્ઞાન વિશેષ કરવામાં આવે છે કે નહિ? રત્નકરંડ શ્રાવકાચારમાં નથી આવતું? દર્શન પછી જ્ઞાન અને જ્ઞાન પછી ચારિત્ર. .. નથી? સાથે છે. પણ વિશેષ જ્ઞાનની નિર્મળતા માટે ભાવજ્ઞાનના આલંબનપૂર્વક શાસ્ત્રનો અભ્યાસ એ ઉપાય બીજો છે એમ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અજ્ઞાનીને તત્ત્વની દૃષ્ટિ કરવી. કરે ન કરે, પણ છતાં એના કર્યા પછી આ કરે તો એને શાસ્ત્રનો અભ્યાસ કર્યો એમ વ્યવહારે કહેવામાં આવે છે. એ તો આવી ગયું છે ને પહેલું? પહેલા આ કરવું. ૧૭-૧૮માં આવી ગયું કે નહિ? પહેલા આત્માને જાણવો. પહેલા શાસ્ત્ર જાણવા એ વાત નથી. એ શાસ્ત્રને ભાવજ્ઞાનના આલંબન વડે શાસ્ત્રને જાણે. એ તો માટે પ્રશ્ન કર્યો હતો પાટણીજીએ. ખ્યાલમાં છે. એક ઉપાય આ કર્યો, બીજો ઉપાય એની જાતનો હોય તો ચાલે ને. અરિહંતને જાણે. પણ અરિહંતને જાણે ત્યારે આમ જાણે ને. એમ શાસ્ત્રને જાણે પણ ભાવજ્ઞાન દ્વારા જાણે છે એથી એને બીજો ઉપાય કહેવામાં આવે છે. અંતર વેદનનું વિશેષ... સમજાણું કાંઈ? એવી વાત છે, ભાઈ!

૮૬.

जिणसत्थादो अट्ठे पच्चक्खादीहिं बुज्झदो णियमा।
खीयदि मोहोवचयो तम्हा सत्थं समधिदव्वं।।८६।।

.. આવશે ને. .. આવે છે ને એની પછીની ગાથામાં. ત્યાં પણ જિનશાસ્ત્ર કહ્યું. જિનશાસ્ત્ર આવે છે ને ત્યાં. કેટલામાં આવે છે? 'तम्हा जिणमग्गादो' એ ૯૦માં જુઓ. 'तम्हा जिणमग्गादो' છે ને? 'जिणमग्गादो' જિનના માર્ગ... જિનમાર્ગ દ્વારા. પછી અર્થમાં જિનમાર્ગ દ્વારાનો વિસ્તાર કર્યો. એમ કરે છે ને અંદર? ... 'तम्हा जिणमग्गादो' છે ને પહેલું? ૯૦-

૯૦. એમાં અર્થ જુઓ! '**સર્વ પ્રકારે સ્વ-પરના વિવેકની સિદ્ધિ આગમથી** કરવાયોગ્ય **છે એમ** ઉપસંહાર છે.' જુઓ! મથાળું છે ને પહેલું? મથાળું એનું. એ આગમથી કરવાયોગ્ય કીધું. અહીં '**जिणमग्गादो**' કીધું. સમજાણું કાંઈ? છે ને અંદર. '**स्वपरविवेकसिद्धिरागमतो विधातव्येत्युपसंहरति**' અને પાઠમાં '**जिणमग्गादो**' એમ છે. પણ એ બધું જિનમાર્ગ કહો કે શાસ્ત્ર.. બે એક જાત છે. વીતરાગની દૃષ્ટિના લક્ષે એ એને વિશેષપણે સ્પષ્ટીકરણ હું કરું છું, એમ. અરેરે..! વીતરાગનો માર્ગ પણ.

હરિગીત.

**શાસ્ત્રો વડે પ્રત્યક્ષઆદિથી જાણતો જે અર્થને,**
**તસુ મોહ પામે નાશ નિશ્ચય; શાસ્ત્ર સમધ્યયનીય છે. ૮૬.**

જુઓ! પ્રત્યક્ષઆદિ પહેલું તરત લીધું છે. હવે .. પડશે. પણ શાસ્ત્ર પ્રત્યક્ષ આદિથી. શાસ્ત્રો વડે પણ પ્રત્યક્ષ આદિથી, એમ. શાસ્ત્રો વડે પણ પ્રત્યક્ષ આદિથી. છે?

હવે પાછું ત્યાં આવ્યું. ભાવજ્ઞાનના લક્ષે શાસ્ત્ર અભ્યાસ કરવા યોગ્ય છે એમ વાત છે.

'**અન્વયાર્થ :- જિનશાસ્ત્ર દ્વારા...**' વીતરાગી શાસ્ત્ર દ્વારા. સર્વજ્ઞ ... '**પ્રત્યક્ષાદિ પ્રમાણોથી પદાર્થોને જાણનારને નિયમથી મોહોપચય ક્ષય પામે છે,...**' કહો, મોહનો ઉપચય નામ સંચય-ઢગલો, એ અંતરના સ્વભાવના જ્ઞાનના અવલંબે શાસ્ત્ર અભ્યાસ કરતા તે મોહનો નાશ થાય છે. એમાં વાંધા છે ભાઈ! ઓલો કહે કે શાસ્ત્ર વાંચવાથી સમ્યગ્દર્શન થશે. પરલક્ષીથી અનંતાનુબંધી મોહ ક્ષય થાય? અરે..! ભગવાન! શું થાય? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ત્યારે થાય. ત્યારે એ. ત્યારે મેં શાસ્ત્રનો અભ્યાસ કર્યો છે એમ કહેવામાં આવે છે. આ તો એવું છે. વાદવિવાદનો વિષય નથી. જેને પોતાનું કામ કરવું હોય એનો વિષય છે. વાત એવી છે. કોઈ કહે કે રાગથી થાય. આમાં આ લખ્યું છે ને ઢીંકણું આમ લખ્યું, ફલાણું આમ છે. લખ્યું છે પણ કઈ અપેક્ષાએ છે એ તો સમજ. એકકોર તમે કહો કે શાસ્ત્રથી જ્ઞાન થાય નહિ. શાસ્ત્ર તે શબ્દમાં પર્યાય છે. આવે છે કે નહિ? એ તો જડ છે. એનાથી જ્ઞાન થાતું નથી. અને સાંભળ્યું જ્ઞાન એ પોતાને થયું એ પણ સાચું જ્ઞાન નથી, પરોક્ષ જ્ઞાન છે, પરલક્ષી જ્ઞાન છે.

મુમુક્ષુ :- ઇન્દ્રિય જ્ઞાન છે.

ઉત્તર :- ઇન્દ્રિય પરોક્ષ છે ને. આમ અંદરમાં જાય ત્યારે તેને સાચું જ્ઞાન થાય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આશય પકડવો જોઈએ. વાત એ છે ને. જેને વાદવિવાદ કરવો છે એને પ્રશ્ન નથી. ભગવાન આત્માનું હિત કરવું છે. હિત એટલે શું? (શાસ્ત્ર) નિમિત્ત છે. સમજાણું કાંઈ?

'**જિનશાસ્ત્ર દ્વારા પ્રત્યક્ષાદિ પ્રમાણોથી પદાર્થોને જાણનારને નિયમથી મોહોપચય**

**ક્ષય પામે છે, તેથી શાસ્ત્ર સમ્યક્ પ્રકારે અભ્યાસવાયોગ્ય છે.'** સમ્યક્ શબ્દ પડ્યો છે ને? સમ્યક્ પ્રકારે અભ્યાસવાયોગ્ય છે. સમ્યક્ શબ્દ પડ્યો છે.

'**ટીકા :- દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વભાવે અર્હંતના જ્ઞાન દ્વારા...**' દેખો! દ્રવ્ય-ગુણ-પર્યાય સ્વભાવે અર્હંતના જ્ઞાન દ્વારા '**આત્માનું તે પ્રકારનું જ્ઞાન મોહક્ષયના ઉપાય તરીકે પ્રથમ પ્રતિપાદિત કરવામાં આવ્યું હતું,...**' શું કીધું? એ ભગવાનના દ્રવ્ય-ગુણ-પર્યાય દ્વારા આત્માનું તે પ્રકારનું જ્ઞાન મોહક્ષયના ઉપાય તરીકે પ્રથમ પ્રતિપાદિત કરવામાં આવ્યું છે. પણ એનું જ્ઞાન થયું, પછી પોતાનું જ્ઞાન કરે ત્યારે .. એનો નાશ થાય છે. '**તે ખરેખર આ (નીચે કહેલા) ઉપાયાન્તરની અપેક્ષા રાખે છે. (તે ઉપાયાન્તર શો છે તે કહેવામાં આવે છે :)**' એ બીજો શું છે એની સાથે એ ઉપાય કહેવામાં આવે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર સુદ ૧, ગુરુવાર, તા. ૨૧.૧૧.૧૯૬૮**
**ગાથા-૮૬-૮૭, પ્રવચન-૭૩**

૮૬ ગાથા. જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન, પ્રવચનસાર. '**હવે મોહક્ષય કરવાનો ઉપાયાન્તર (-અન્ય ઉપાય) વિચારે છે :—**' પહેલા એમ કહ્યું હતું કે અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાય, એને જાણી અને પોતાના આત્માને જાણતા તેના મોહનો ક્ષય થાય છે. એ ખરેખર દ્રવ્ય, ગુણ ને પર્યાયને જાણવું એ ... એને અરિહંતનું દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ કેવું છે એ સ્વરૂપને જાણવા પણ શાસ્ત્રની અપેક્ષાએ જાણવાની વાત છે. સમજાણું કાંઈ?

'**જેણે પ્રથમ ભૂમિકામાં ગમન કર્યું છે...**' એટલે શરૂઆત .. ગતિ કરી છે. '**એવા જીવને, જે સર્વજ્ઞોપજ્ઞ હોવાથી...**' લ્યો! સર્વજ્ઞ, સર્વજ્ઞ ... હોવાથી. ભગવાન આત્મામાં વસ્તુના સ્વભાવમાં જે પરિપૂર્ણ... '**સર્વ પ્રકારે અબાધિત છે...**' એક વાત. એ વાણી સર્વ પ્રકારે નિર્દોષ છે. અજ્ઞાનીના કહેલા-સર્વજ્ઞ સિવાયની કહેલી વાણી નિર્દોષ હોઈ શકે નહિ એમ સિદ્ધ કરે છે પહેલું. સમજાણું કાંઈ? અને સર્વજ્ઞ થયા અને એને વાણી ન હોય તો એણે જાણ્યું શું એ બીજાને જાણવાનું કારણ રહેતું નથી. ન્યાય સમજાય છે? આત્માનું પૂર્ણ સ્વરૂપ જાણ્યું, પૂર્ણ સ્વરૂપ જાણ્યું એમાં લોકાલોક પણ એમાં આવી ગયા. એ ભગવાને પૂર્ણ જાણ્યું, એ જાણવામાં .. રહી જાય તો બીજાને જાણવાનું નિમિત્ત તો રહ્યું નહિ કાંઈ. એટલે વાણી એને હોય છે એમ કહે છે. વાણી એને હોય છે. એવા જીવને અહીં લીધા છે તીર્થંકર

આદિને. સમજાણું કાંઈ?

એ સર્વજ્ઞે જાણેલું અને કહ્યું. કહ્યું એવી જે વાણી '**સર્વ પ્રકારે અબાધિત છે એવા શાબ્દ પ્રમાણને...**' નિર્દોષ છે એવા શબ્દપ્રમાણને. જુઓ! અહીં શબ્દપ્રમાણને. '(-**દ્રવ્યશ્રુતપ્રમાણને પ્રાપ્ત કરીને...**' લ્યો એ પ્રમાણ કહ્યું. દ્રવ્યશ્રુત એ પ્રમાણ પોતે છે. ભાઈ! .. છેને. એ પોતાથી દ્રવ્યશ્રુત પ્રમાણ પોતાથી છે. ભગવાનથી કહ્યું એ તો નિમિત્તથી કહ્યું છે. એ દ્રવ્યશ્રુતપ્રમાણ પોતાથી પ્રમાણ છે. સ્વપરપ્રકાશક જે ભગવાન આત્મા... તે વાણી સ્વપર કથક એવું સ્વરૂપ જ દ્રવ્યશ્રુતનું સ્વતઃ છે. સમજાણું કાંઈ?

'**સર્વજ્ઞોપજ્ઞ હોવાથી સર્વ પ્રકારે અબાધિત છે...**' બાધા, વિઘ્ન, વિરોધ વિનાનું છે. એવી ભગવાનની વાણી. '**એવા શાબ્દ પ્રમાણને પ્રાપ્ત કરીને...**' આવા શબ્દ પ્રમાણને પ્રાપ્ત કરી. હવે એટલી જવાબદારી આવી એને જુઓ! કે જે સર્વજ્ઞે કહેલી વાણી છે તે વાણી તેણે પ્રાપ્ત કરવી જોઈએ. સમજાણું કાંઈ? અને સર્વજ્ઞની જે વાણી છે એ સર્વજ્ઞનું સ્વરૂપ બતાવનારી છે અને એનું જે સ્વરૂપ છે એ અલ્પજ્ઞ અને રાગનો અભાવ કરાવનારી નિમિત્ત અને સર્વજ્ઞ અને વીતરાગતા પ્રાપ્ત કરાવવી એની વાણીમાં એ સ્વરૂપ હોય છે. સમજાણું કાંઈ? '**એવા શાબ્દ પ્રમાણને (-દ્રવ્યશ્રુતપ્રમાણને) પ્રાપ્ત કરીને...**' હવે એની એને પરીક્ષા જોશેને પહેલી, કહે છે. સર્વજ્ઞની વાણી છે એ વીતરાગની વાણી છે એ સિવાય અજ્ઞાનીની વાણી જુદી છે એની એણે પરીક્ષા કરવી જોઈએ. ભારે જવાબદારી આવી માથે, પહેલી! સમજાણું કાંઈ?

નહિ જાણેલાઓએ કહ્યું છે. જે વસ્તુ શું છે, .. શું છે, એ નહિ જાણેલાએ કલ્પના કરીને કહ્યું એ વાણી પ્રમાણ છે નહિ. સમજાણું કાંઈ? ... જ્ઞાનીની વાણી. જ્ઞાનીને વાણી હોય છે. એવી વાણી દ્રવ્યશ્રુતપ્રમાણ છે. તે દ્રવ્યશ્રુતપ્રમાણ છે. સાચી વાણી છે ઈ. વસ્તુ વાણી સાચી છે. ભગવાનને લઈને નહિ એમ પાછું. એ દ્રવ્યશ્રુત જ સ્વતઃ પ્રમાણ છે. કારણ કે સર્વજ્ઞ નિમિત્ત છે તો વાણી એવી જ એની અંદર પૂર્વાપર વિરોધ રહિત નિર્દોષ વાણી હોય છે.

'**પ્રાપ્ત કરીને ક્રીડા કરતાં,...**' દેખો! ઓહો..! સર્વજ્ઞની વાણી લક્ષમાં લઈ આ શું કહે છે એ અંતરમાં, વિચારમાં, ઘોલનમાં રમત કરતાં, ક્રીડા કરતાં. સમજાણું કાંઈ? ભગવાને આત્માને દ્રવ્ય કહ્યો છે અનંત ગુણનો પિંડ, ભગવાને એના ચિહ્નો કહ્યા છે, .. સ્વભાવ, ભગવાને એની પર્યાય કીધી છે સાધકમાં અપૂર્ણ અને સિદ્ધમાં પૂર્ણ અને સંસારીમાં .. એને શબ્દપ્રમાણથી જાણી અને ક્રીડા કરતાં. અંદરમાં મનનમાં ક્રીડા-રમત કરતાં, ઘોલન કરતાં. કહો, સમજાણું કાંઈ? '**તેના સંસ્કારથી...**' તેના સંસ્કારથી સાચું જ્ઞાન શબ્દપ્રમાણથી પ્રાપ્ત કરીને તેના સંસ્કારથી '**વિશિષ્ટ સંવેદનશક્તિરૂપ સંપદા...**' ખાસ જ્ઞાનરૂપી સંપદા '**પ્રગટ કરતાં,...**' ભગવાન ચૈતન્ય સંપદા છે ચૈતન્યમૂર્તિ, એના સંસ્કાર પડતાં જ્ઞાનને પ્રગટ કરતાં. જુઓ!

આ ચૈતન્ય સંવેદનશક્તિરૂપ સંપદા. કહો, આ પૈસા-બૈસાની ધૂળની સંપદાની અહીં વાત નથી. દેખો!

'**સંવેદનશક્તિરૂપ સંપદા...**' પોતાના જ્ઞાનરૂપી સંપદા. જ્ઞાનરૂપી લક્ષ્મી, જ્ઞાનરૂપી સંપદા, જ્ઞાનરૂપી વિભૂતિ '**પ્રગટ કરતાં, સહૃદય જનોના હૃદયને આનંદના ઉદ્‌ભેદ દેનારા...**' ભાષા દેખો! '**સહૃદય = ભાવુક; સામાના ભાવોને કે લાગણીને સમજી શકનાર;...**' જ્ઞાની શું કહે છે તે કાળે તે ક્ષેત્રના કેવા ભાવો કઈ રીતે નીકળ્યા છે એવા ભાવને જાણનાર. જે જે અપેક્ષાએ જ્યાં જ્યાં શાસ્ત્રમાં કહ્યું હોય તેના હાર્દને જાણનાર. સમજાણું કાંઈ? '**શાસ્ત્રમાં જે વખતે જે ભાવનો પ્રસંગ હોય તે ભાવને હૃદયમાં ગ્રહનાર; બુધ; પંડિત.**' તે ભાવને જાણનાર, એમ. '**સહૃદય જનોના હૃદયને આનંદના ઉદ્‌ભેદ દેનારા...**' ભાષા કેવી છે જુઓ! અહીં તો પ્રત્યક્ષ જ્ઞાનનું વેદન કરતાં આનંદનું (વેદન) પ્રગટ થયું છે એમ કહે છે. એવું જ્ઞાન. જ્ઞાન એટલે બોલવાનું, જાણવાનું, કહેવાનું એ જ્ઞાન નહિ. સમજાણું કાંઈ?

ભગવાનના જ્ઞાનમાં એ આવ્યું હતું અને એ વાણીમાં એમ આવ્યું હતું. એ વાણીમાં આવ્યું હતું એવું લક્ષ કરીને પછી પ્રત્યક્ષ પ્રમાણ કરે છે. જ્ઞાનનું વેદન જ્ઞાન દ્વારા કરી, જ્ઞાનનું વેદન જ્ઞાન દ્વારા પ્રત્યક્ષ કરી અને પછી અનુમાન કરે છે, પ્રત્યક્ષ કરી અને પછી અનુમાન કરે છે. આ જ્ઞાન આવું પ્રગટ્યું આનંદ ને સમ્યગ્જ્ઞાન, એની પૂર્ણ એકાગ્રતા થાય તો કેવળજ્ઞાન પ્રગટ થાય એમ અનુમાન કરીને પ્રત્યક્ષ અનુમાન કરીને તેને જ્ઞાનની પૂર્ણતાની સિદ્ધિ કરે છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કેવળજ્ઞાન.

જ્યાં જ્ઞાન છે ત્યાં આત્મા છે એવું જે વેદન થયું, ત્યાં આ જ્ઞાન છે તે પરિપૂર્ણ છે અને દ્રવ્ય તે પણ પરિપૂર્ણ છે. તો તેની પર્યાય પણ અનુમાનથી આ પર્યાય પરિપૂર્ણ જ પ્રગટે. એને આશ્રયે થતાં પરિપૂર્ણ જ પ્રગટે, વર્તમાન અપૂર્ણ છે પ્રત્યક્ષમાં, છતાં અનુમાનથી એમ નક્કી કરે કે આ જ્ઞાનમાંથી જ્ઞાન જે આવ્યું એ જ્ઞાન પરિપૂર્ણ અને દ્રવ્ય પરિપૂર્ણ છે તો આનો પરિપૂર્ણ આશ્રય કરવાથી પરિપૂર્ણ દશા પ્રગટ થાય. એવા આનંદના વેદન સહિતનું જ્ઞાન પ્રગટ થયું છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**સહૃદય જનોના હૃદયને આનંદના ઉદ્‌ભેદ દેનારા...**' આહા..હા..! '**સ્ફુરણ; પ્રગટતા; ફણગા; ઝરા; ફુવારા.**' આટલા તો અર્થ કર્યા છે. ફુવારો ફાટ્યો અંદરથી. એ ઝરો-ઝરો. ઝરો નથી કહેતા? આ પાણીનો ઝરો. ..માંથી ઝરા પાણીના ઝરણા આવ્યા. ઉપરથી પાણીના ઝરણા નથી એક ફેરી આપણે? દૂધ પીવા બેઠા અને પાણી ચાલ્યું હતું, ક્યાંથી ક્યાંય ચાલ્યું આવતું હતું ડુંગરામાંથી. રસ્તામાં આવ્યું. ઉપરથી ક્યાંયથી ક્યાંય ડુંગરમાંથી પાણી (આવ્યું), ઉપરથી ક્યાંયથી ઝરા... એમ આ પાણીનો ઝરો છે ભગવાન આત્મા. ક્યા

પાણીનો? જ્ઞાનરૂપી પાણીનો. એ ફુવારો છે. સમજાણું? ભગવાન ચૈતન્યમૂર્તિ છે એની અંતર દૃષ્ટિ કરતાં ફુવારો આત્મા છે તે ફાટે છે. રાગની એકતા હતી ત્યારે ત્યાં સુધી તિજોરીને તાળા હતા, વિકાસની શક્તિને બંધ (હતો). બંધ હતી બંધ વિકાસ શક્તિ. એ જ્યાં પરથી ભિન્ન છે એમ ભાસ્યું ત્યાં તાળા ખુલી ગયા. જ્ઞાનીના તાળા ખુલી ગયા બંધ રહ્યા હતા એ. ફુવારો ફાટ્યો.

કહે છે કે આનંદનો ઉદ્ભેદ દેનારા. આનંદનો ઝરો, આનંદનો ફુવારો, આનંદના ફણગા, આનંદની પ્રગટતા, આનંદનું સ્ફુરણ '**પ્રત્યક્ષ પ્રમાણ વડે...**' દેખો! જુઓને એટલું બધું પ્રત્યક્ષ પ્રમાણ ઉપર જોર આપ્યું છે. સમજાણું કાંઈ? '**પ્રત્યક્ષ પ્રમાણ વડે...**' સીધા જ્ઞાનને જ્ઞાન દ્વારા જાણતાં. ઓહો..હો..! ગૃહસ્થને માટે બીજું અને સાધુને માટે બીજું એમ છે આમાં? એ આત્મા છે અને બેયને સ્વ-આશ્રય કરતા ધર્મ થાય એક જ સિદ્ધાંત છે. આત્મા ગૃહસ્થ છે કે દિ'? ગૃહસ્થ કહો, સાધુની પર્યાયવાળો કહો, એ સાધુ છે એવડો આત્મા છે જ ક્યાં? છ ગુણસ્થાનના ભેદ જ ક્યાં છે વસ્તુમાં? આહા..હા..!

ભગવાન આત્મા જ્ઞાયક ચૈતન્ય જ્યોત ફુવારો છે આખો. કહે છે કે એમાં એકાગ્ર થતાં ફાટ્યો ફુવારો. પ્રત્યક્ષ પ્રમાણમાં. શાસ્ત્રનું જ્ઞાન કહ્યું છે, એનાથી આ થયું એ તો પરંપરાએ વાત કરી છે. સમજાણું કાંઈ? અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયની પરંપરા વાત કરી છે. અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાય જાણ્યા માટે સમ્યગ્જ્ઞાન છે એમ નથી. એમ શાસ્ત્ર જાણ્યા માટે સમ્યગ્જ્ઞાન છે એમ નથી. સમજાણું કાંઈ? એણે કહેલું લક્ષમાં લઈ પછી આત્માનો આશ્રય પ્રત્યક્ષ પ્રમાણથી કરે તો આનંદના ફુવારા ફાટે એવું જે જ્ઞાન, એવા પ્રમાણ વડે. લ્યો! આત્માનો અનુભવ કરે. ઓહો..હો..!

મુમુક્ષુ :- આટલા વિશેષણો...

ઉત્તર :- આટલા બધા વિશેષણ જુઓને કેટલા આપ્યા!

એક તો '**(-દ્રવ્યશ્રુતપ્રમાણે) પ્રાપ્ત કરીને ક્રીડા કરતાં,...**' તેમાં રમત કરતા '**સંસ્કારથી વિશિષ્ટ...**' ખાસ જ્ઞાનશક્તિની '**સંપદા પ્રગટ કરતાં, સહૃદય જનોના હૃદયને આનંદના ઉદ્ભેદ...**' જે ઠેકાણે જે ભાવ કઈ અપેક્ષાએ કહ્યા તેનું ભાન થતાં એકાંતપણું ટળતા આનંદના ફણગા ફૂટે કહે છે, એમ કહે છે. સમજાણું કાંઈ? ચારેય અનુયોગોમાં જે ઠેકાણે કઈ અપેક્ષાએ કહ્યું છે તેનું જ્ઞાન કરતાં, તેના સ્વભાવ તરફનું જ્ઞાન કરતાં આનંદનું જ્ઞાન સ્ફુરે છે. આનંદસહિત જ્ઞાન પ્રગટ થાય છે. આહા..હા..!

એવા '**પ્રત્યક્ષ પ્રમાણ વડે...**' ઓહો..હો..! પહેલું પ્રમાણ આ આપ્યું લ્યો! પહેલું પરોક્ષ નહિ, પહેલું પ્રત્યક્ષ. '**અથવા તેનાથી અવિરુદ્ધ...**' પ્રત્યક્ષથી અવિરુદ્ધ એવો પરોક્ષ. પ્રત્યક્ષ પ્રમાણથી વિરુદ્ધ ન હોય એવું પરોક્ષ. સમજાણું કાંઈ? પ્રત્યક્ષમાં જે વેદન ભાસતું હોય એનાથી અવિરુદ્ધ. ભલે પરોક્ષ હો, પણ એનાથી અવિરુદ્ધ. આ જ્ઞાન છે એ શક્તિએ

પરિપૂર્ણ છે. પ્રગટ થતાં દશા થઈ. એમાં એકાગ્ર થતાં પરિપૂર્ણ થઈ જશે. પરિપૂર્ણ જ વસ્તુ છે. પરિપૂર્ણ પર્યાયમાં થઈ જશે. એવું અવિરુદ્ધ પ્રમાણ વડે. અવિરુદ્ધ. અન્ય-અન્ય '**અન્ય પ્રમાણસમૂહ વડે...**' દેખો! અન્ય પ્રમાણનો સમૂહ કીધો. અનુમાન આદિ. મતિના બોલ આવે છેને? તર્કણા ... આદિ. એવા પ્રમાણના અનેક પ્રકાર વડે '**તત્ત્વતઃ...**' યથાર્થ સ્વરૂપે '**સમસ્ત વસ્તુમાત્રને જાણતાં,...**' દેખો! અહીં તો બધી વસ્તુને જાણતાં. વાસ્તવિક પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાય, વાસ્તવિક બીજા પદાર્થના દ્રવ્ય, ગુણ અને પર્યાય. આ જુઓ દ્રવ્ય-ગુણ-પર્યાય પહેલાં આવ્યા. હજી અહીં દ્રવ્ય-ગુણ-પર્યાયની ખબર ન મળે. તારો ધર્મ પર્યાયમાં થાતો હશે કે દ્રવ્યમાં? એ અમને કાંઈ ખબર નથી. ધર્મ એટલે પર્યાય હશે કે ગુણ હશે કે દ્રવ્ય હશે એ અમને ખબર નથી. શેઠી! એ પહેલાવહેલા આવ્યા ત્યારે પૂછીએ તો તમને ફેં ફેં થઈ જાતું હતું. શું કહેવું એમ કહે છે. તમારો પુણ્ય ધર્મ છે, પુણ્ય ધર્મ છે.. પુણ્યની પર્યાય એ વિકારી હશે કે અવિકારી હશે? કેટલા કાળની મુદ્દતવાળી હશે? ક્યાંથી ઉત્પન્ન થતી હશે? ક્યાં સમાઈ જતી હશે?

મુમુક્ષુ :- ....

ઉત્તર :- એ તો કીધું પહેલું. આ તો જૂના માણસ કહેવાયને શેઠિયા ત્યાંના. જયપુર જૂનું ગામ. કહો, જૈનની જૈનપુરી. લ્યો! ત્યાં વળી આનું મોટું ઘર કહેવાય. ... એમને એમ નહોતા બોલતા. એવું એને થઈ ગયું છે. કહો, સમજાય છે કાંઈ? આહા..હા..!

'**તત્ત્વતઃ સમસ્ત વસ્તુમાત્રને જાણતાં, અતત્ત્વઅભિનિવેષના સંસ્કાર કરનારો...**' લ્યો! સમજાય છે? કાંઈક સંસ્કારમાં ફેર હોય એ નાશ થઈ જાય છે. '**મોહોપચય...**' મોહનો ઉપચય. સમજાણું? '**ક્ષય પામે જ છે.**' ક્ષય પામે જ છે. આહા..હા..! '**માટે મોહનો ક્ષય કરવામાં, પરમ શબ્દબ્રહ્મની ઉપાસનાનો ભાવજ્ઞાનના આલંબન વડે...**' કુંદકુંદાચાર્યની તો શૈલી જ એવી (કે) સ્વ તરફ ઢાળીને જ વાત બધી. સમજાણું કાંઈ? પણ સ્વ ન હોય તો આવ્યું ક્યાંથી પરનું સાચું જ્ઞાન? સમજાણું કાંઈ? '**પરમ શબ્દબ્રહ્મની ઉપાસનાનો...**' દેખો! ઉપાસના-સેવા. એ શબ્દબ્રહ્મની સેવા. ચોખ્ખું તો કરવું જોઈએને આમાં. એનો અર્થ કે વિકલ્પ હોય છે ત્યારે એની સેવા કહેવામાં આવે છે. પણ '**ભાવજ્ઞાનના આલંબન વડે...**' સાથે નિશ્ચય ભેગું હોય તો. એમ કહે છે. સમજાણું કાંઈ?

જો સ્વના આશ્રયનું જ્ઞાન હોય તો આ જ્ઞાન ભગવાનની વાણીની સેવા કરી એવું વિકલ્પથી કહેવામાં આવે છે. સમજાણું આમાં? અટપટી ભાષા છે આ ગાથાની. પંડિતજીએ કહ્યું, મોહના (નાશનો) ઉપાય વળી બીજો? પહેલો એક તો આવી ગયો, વળી બીજો આ? શાસ્ત્રની સેવા કરવી? શાસ્ત્રનું જ્ઞાન એ મોહના નાશનું કારણ? શાસ્ત્રનું જ્ઞાન તો વિકલ્પાત્મક છે, પરસંબંધી છે.

મુમુક્ષુ :- ઇન્દ્રિયજ્ઞાન છે...

ઉત્તર :- છતાં આમાં કહ્યુંને અંદર. આમાં પણ કહ્યું જુઓ! '**तमेवात्मानं परिच्छिनत्ति,**'

જયસેનાચાર્યમાં છેને? છેલ્લી લીટી છે. '**रागादिविकल्परहितमानसप्रत्यक्षेण च**' પ્રત્યક્ષ કરે અંદર. છેલ્લી લીટી છે આ બાજુ ૧૪૮ પાને. '**रागादिविकल्परहितमानसप्रत्यक्षेण च तमेवात्मानं परिच्छिनत्ति, तथैवानुमानेन वा।**' છેલ્લી લીટી છે સંસ્કૃતની. સમજાણું કાંઈ? આ ઠીક .. ટીકાનો છેને કોઈ કોઈ શબ્દ.

મુમુક્ષુ :- માણસ પ્રત્યક્ષ...

ઉત્તર :- એ માણસ પ્રત્યક્ષ.. આત્મપ્રત્યક્ષ. ... માણસ એટલે અંદર જ્ઞાનપ્રત્યક્ષ, માણસ એટલે જ્ઞાનપ્રત્યક્ષ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના, ના. માણસ એટલે જ્ઞાનપ્રત્યક્ષ એમ કહેવું છે અહીં. સમજાણું કાંઈ?

'**ભાવજ્ઞાનના અવલંબન વડે દૃઢ કરેલા પરિણામથી...**' ભાષા જુઓને! ઓહો..હો..! ભગવાન આત્મા જ્ઞાનનું વેદન કરી, જ્ઞાનથી જ્ઞાનને જાણતા, જ્ઞાનના દૃઢ પરિણામથી '**સમ્યક્ પ્રકારે અભ્યાસ કરવો તે ઉપાયાન્તર છે.**' એ પરંપરાનો સમ્યક્ પ્રકારે શાસ્ત્રનો અભ્યાસ કરવો તે એક ઉપાયાન્તર વ્યવહારથી કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં? જુઓ! '**સમ્યક્ પ્રકારે અભ્યાસ કરવો...**' ભાવજ્ઞાનના અવલંબન વડે એ પણ તર્ક. અને એવા પરિણામથી સમ્યક્ પ્રકારે અભ્યાસ કરવો. જે રીતે વસ્તુની સ્થિતિ છે તે રીતે તેનું જ્ઞાન કરવું.

'**(જે પરિણામ ભાવજ્ઞાનના અવલંબન વડે દૃઢીકૃત હોય એવા પરિણામથી દ્રવ્યશ્રુતનો અભ્યાસ કરવો તે મોહક્ષય કરવામાં ઉપાયાન્તર છે.)**' વ્યવહારથી ... છે એમ કહેવામાં આવે છે. નિશ્ચયથી સ્વ પોતાનો ભાવ તે મોહના ક્ષયનું કારણ છે. સમજાણું કાંઈ? વાત તો ઈ છેને. એ તો અહીં સમજાવે છે વ્યવહારથી જ્ઞાન છેને. જ્ઞાનપ્રધાન સ્વપરપ્રકાશક બે વાત જુદી છે. .. શાસ્ત્ર નિમિત્ત છે એમ કીધુંને? સમજાણું કાંઈ? શાસ્ત્રજ્ઞાન તો નવ પૂર્વ ભણ્યો છે, અગિયાર અંગ ભણ્યો છે. ભાવજ્ઞાનના અવલંબન વડે નહોતું.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- દસ પૂર્વ, પણ ભણે તો થાયને, એ તો આત્માના આશ્રયે થાય તો દસ પૂર્વ થાય એમ છે. દસ પૂર્વ ભણ્યેથી થાય છે? એ આત્માનો આશ્રય થાય ત્યારે તેને દસ પૂર્વનું જ્ઞાન થાય. એ આત્માના આશ્રય વિના કોઈને દસ પૂર્વનું જ્ઞાન (થાય નહિ). ભલે ઓછું થાય એ જુદી વાત, પણ દસ પૂર્વનું થાય એને આત્માનો આશ્રય હોય એને જ થાય. પરના આશ્રયવાળાને દસ પૂર્વ ન થાય, નવ પૂર્વ સુધી થાય. સમજાણું કાંઈ? દસ પૂર્વકા જ્ઞાન તો સમ્યગ્દૃષ્ટિ કો કહા હૈ શાસ્ત્રમેં. નવ પૂર્વ કા જ્ઞાન તો મિથ્યાદૃષ્ટિ, સમ્યગ્દૃષ્ટિ દોનોં કો હોતા હૈં. નવ પૂર્વ તક અભી પરાશ્રય હૈ, સ્વ આશ્રય હૈ નહીં. ઔર દસ પૂર્વ કા જિસકો જ્ઞાન હૈ ઉસે સ્વ-આશ્રય હુએ બિના દસ પૂર્વ કા જ્ઞાન હોતા નહીં. સમજાય

છે કાંઈ? બાર અંગનું જ્ઞાન વિકલ્પ કહ્યું નહિ? બાર અંગનું જ્ઞાન વિકલ્પ છે. વસ્તુનો આશ્રય છે, પણ ત્યાં આગળ આવું જ્ઞાન છે એને વિકલ્પ કહેવામાં આવે છે. ભેદનું જ્ઞાન કહેવામાં આવે છે. હોય છેને વસ્તુ હોય છેને. સમજાણું કાંઈ?

અહીં તો અંદરનો આશ્રય લેવો એ વાત છે. લાખ વાતની વાત. ક્રોડ વાતની વાત, અનંત વાતની વાત. એ સ્વનો આશ્રય કર્યે બધું પ્રમાણ વ્યવહાર આદિનું પ્રમાણપણું થાય છે. ત્યારે વ્યવહારને વ્યવહાર કહેવાય, દ્રવ્યશ્રુતથી જ્ઞાન થયું એમ કહેવાય. આ દ્રવ્યશ્રુતથી જ્ઞાન થયું તો મોહનો ઉપચય—નાશ થયો કહેવાય. એ બધું અહીં (સ્વનો આશ્રય) કરે ત્યારે કહેવાય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... દ્રવ્યનો આશ્રય કરે ત્યારે ભૂમિકાએ સમ્યગ્દર્શન (થાય) એ જ કેવળજ્ઞાન પામવાની ભૂમિકા છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ ભૂમિકા સ્વનો આશ્રય કરે એ ભૂમિકા પાધરી સીધી. એમ કહેવાય કે પૂર્વે એની યથાર્થ શ્રદ્ધા વિકલ્પથી બરાબર શ્રદ્ધા હોય તો તેને સાધક તરીકે કહીને અનુભવ તે સાધ્ય એમ કહેવાય. પણ સાધકપણું હતું માટે સાધ્ય આવ્યું છે એમ નહિ.

મુમુક્ષુ :- વ્યવહારે કહેવાયને?

ઉત્તર :- પૂર્વે હતું એટલે કહેવાય. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! પણ એ સાધ્ય પ્રગટ્યું ત્યારે ઓલાને સાધન વ્યવહાર તરીકે કહેવાય. એવી વાત છે.

મુમુક્ષુ :- બાહ્ય સાધન છે.

ઉત્તર :- બાહ્ય સાધન છેને. અંતર સાધન ક્યાં? આહા..હા..! બાહ્ય સામગ્રીમાં .. અંતરમાં પરિપૂર્ણ ભગવાન પડ્યો છે અને તને ખબર નથી. આ તો અનંત કળીએ, અનંતગુણની કળીએ ખીલે એવો ભગવાન છે. ગુલાબની કળી ખીલે તો લાખ કળી ખીલે, આ તો અનંતગુણની પર્યાયે ખીલે એવો ભગવાન છે. એવી ખજાને જ્યાં જાય દૃષ્ટિ અને જે જ્ઞાન થાય તેને સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન થાય અને એનાથી મિથ્યા સંસ્કારનો નાશ થાય. સમજાણું કાંઈ? લ્યો એ દ્રવ્ય-ગુણ-પર્યાયની વાત કરી. હવે દ્રવ્ય-ગુણ-પર્યાય ભગવાને શું કહ્યા છે એની શરૂઆત કરે છે.

ભગવાનના જ્ઞાનમાં સર્વજ્ઞ પરમાત્મા કેવળીના જ્ઞાનમાં આ જગતના દ્રવ્ય અને ગુણ ને પર્યાયનું શું સ્વરૂપ કહ્યું છે એનો વિસ્તાર ૮૭મી ગાથામાં કરે છે.

'**હવે જિનેંદ્રના શબ્દબ્રહ્મમાં...**' દેખો! જિનેન્દ્રના શબ્દબ્રહ્મમાં. જિનેન્દ્રનો શબ્દબ્રહ્મ લખ્યું એ. પણ નિમિત્તથી કથન કરવું છેને. નિમિત્ત હતું તેથી જિનેન્દ્રના શબ્દબ્રહ્મ એમ છે. '**અર્થોની વ્યવસ્થા...**' જગતના પદાર્થની વ્યવસ્થા ભગવાનના જ્ઞાનમાં અને એની વાણીમાં પદાર્થોની વ્યવસ્થા, એની સ્થિતિ, એની મર્યાદા, એનું સ્વરૂપ. '(**-પદાર્થોની સ્થિતિ**) કઈ

રીતે છે તે વિચારે છે :—' કહો, આચાર્યને કાંઈ વિચારવું નથી હોં! પણ ભેગા થઈને વાત કરે છે કે આપણે જોઈએ હવે, ભગવાને જોયું છે એ દ્રવ્ય-ગુણ-પર્યાય શું છે? એ વાત સર્વજ્ઞ સિવાય ક્યાંય હોઈ શકે નહિ. નામેય ક્યાં છે ક્યાંય બીજે દ્રવ્ય, ગુણ ને પર્યાય વીતરાગ સિવાય. કેમકે ત્રણ ન હોય તો જ્યારે પર્યાય... ધર્મ છે એ પર્યાયમાં થાય છે અને નહોતો ને પ્રગટ્યો તે ગુણમાંથી આવે છે અને બધા અનંતા ગુણોનો પિંડ તે દ્રવ્ય છે. આ જ વસ્તુસ્થિતિ છે. આ વસ્તુ સિવાય બીજી કોઈ વાત કરે તો એકેય વાતની કાંઈ ખબર નથી. સમજાણું કાંઈ?

ધર્મ કરનારને ધર્મ પર્યાયમાં નહોતો અને પ્રગટ્યો ત્યારે એનો અર્થ થયો કે બદલતી પર્યાયમાં ધર્મ થાય છે. બદલતી પર્યાયમાં પૂર્વનો વિકારનો અધર્મ નાશ થાય છે, પણ પર્યાય આવી એ ક્યાંથી આવી? શક્તિમાંથી આવી, શક્તિમાંથી આવી. શક્તિમાં હોય એ આવે. એ શક્તિનો ધરનાર કોણ છે? કે દ્રવ્ય. શક્તિ અનંત છે અને દ્રવ્ય એક છે. સમજાણું કાંઈ? દ્રવ્ય એક છે, ગુણ અનંત છે, પર્યાય અનંત છે. આ જ વસ્તુની સ્થિતિ છે. એટલે આ વસ્તુની વ્યવસ્થા સર્વજ્ઞે કહી છે એવી એણે પહેલી જાણવી જોઈએ. કહો, સમજાણું કાંઈ? આમ ભગવાનનું ભજન કરો ને આમ થશે, ઢીંકણું કરો આમ થશે, ઓમ ઓમ કરો. ધૂળેય નહિ થાય સાંભળને કહે છે. જેમાં છે એમાંથી કાઢતો નથી અને રાગમાં છે ઈ પર્યાય? જેની દૃષ્ટિ સ્વઆશ્રયમાં નથી એની દૃષ્ટિ રાગના સંયોગમાં અને પરના ત્યાગમાં પડી છે. રાગ કરું અને પરને છોડું. સમજાય છે? એ તો મિથ્યાત્વભાવ છે. કારણ કે રાગ આત્મામાં નથી અને રાગને ગ્રહું અને પરને છોડું, એ પરને છોડું એટલે? પર તો (મારામાં) છે જ નહિ. છોડુંનો અર્થ થયો કે મેં ગ્રહ્યા છે. સમજાણું કાંઈ? જેને આત્માની પર્યાયનો ભાગ-અવસ્થાને ત્રિકાળ દ્રવ્ય આશ્રય નથી એને તો આ રાગનો સંયોગ થાય છે અને પરનો ત્યાગ છે એ ઉપર બુદ્ધિ છે.

મુમુક્ષુ :- કાંઈ સમજાણું નહિ.

ઉત્તર :- ન સમજાણું? એય..! શેઠી! શું કહ્યું?

વસ્તુ છે એ ત્રિકાળ દ્રવ્ય છે અને ગુણનો પિંડ છે અને પર્યાયનો પણ પિંડ છે, ગુણ પર્યાય. હવે પિંડ છે એમાં વર્તમાન રાગ છે એ જો સ્વ આશ્રયે પર્યાય પ્રગટ ન કરી, સ્વ આશ્રય ન કર્યો તો એની દૃષ્ટિ તો રાગના સંયોગ ને રાગને લઉં, ભેગો કરું અથવા રાગ મારો છે એમ કહ્યું અને આ વસ્તુને છોડું, આ વસ્તુને હું છોડું, અથવા અશુભ રાગને છોડું અને રાગને ગ્રહણ કરું એવી દૃષ્ટિ એ રાગ અને વિકાર ઉપર પડી છે. સમજાણું કાંઈ? અને એ દૃષ્ટિ જ એને ક્ષણે ક્ષણે કામ કર્યા જ કરે. ચાહે તો સાધુ થયો હોય, ચાહે તો બાવો થયો હોય અને જંગલમાં રહેતો હોય, પણ જેને સ્વઆશ્રયે દૃષ્ટિ પ્રગટી નથી તેને પરાશ્રયે રાગનો ત્યાગ અને ગ્રહણ એની બુદ્ધિમાંથી ખસે નહિ. આહા..હા..! સમજાણું આમાં?

એ માટે '**જિનેંદ્રના શબ્દબ્રહ્મમાં અર્થોની વ્યવસ્થા...**' એટલે પદાર્થની વ્યવસ્થા નામ '(**પદાર્થની સ્થિતિ**) કઈ રીતે છે તે વિચારે છે :—' ૮૭.

**दव्वाणि गुणे तेसिं पज्जाया अट्ठसण्णया भणिया।**

**तेसु गुणपज्जयाणं अप्पा दव्व त्ति उवदेसो।।८७।।**

લ્યો! '**तेसिं पज्जाया**' કહ્યું. ઓલું આવ્યુંને? ૯૨માં આવશેને? '**तेसिं पज्जाया**'. આત્મા તે દ્રવ્ય છે. ગુણ-પર્યાયનો પિંડ તે દ્રવ્ય છે. લ્યો આમ વાત છે. સમજાણું?

**દ્રવ્યો, ગુણો ને પર્યયો સૌ 'અર્થ' સંજ્ઞાથી કહ્યાં;**

**ગુણ-પર્યયોનો આતમા છે દ્રવ્ય જિન-ઉપદેશમાં. ૮૭.**

(ગુણ-પર્યાયોનો આત્મા) એટલે સ્વરૂપ. લ્યો! '**त्ति उवदेसो**' છેને? ભગવાન સર્વજ્ઞદેવની વાણીના ઉપદેશમાં '**દ્રવ્યો, ગુણો અને તેમના પર્યાયો...**' ભાષા દેખો! જુઓ! મહાસિદ્ધાંતો છે આ બધા. આહા..હા..! જંગલમાં રહીને મુનિઓને વિકલ્પ આવ્યો અને વાણી રચાઈ ગઈ. ઓહો..હો..! નિવૃત્તિમય જીવન ગાળનારા એને, કહે છે કે આ વિકલ્પ આવ્યો. એને આવ્યો કહેવું એ વ્યવહાર છે. વિકલ્પ આવ્યો તે વખતે તેનું જ્ઞાન પોતા સંબંધીનું આવ્યું. વિકલ્પ સંબંધીનું પોતાનું જ્ઞાન કે આ વિકલ્પ. સમજાણું? એ જ્ઞાનનો પર્યાય વિકલ્પને અડ્યો નથી, એ વિકલ્પ વાણીની પર્યાય રચવામાં અડી નથી, વિકલ્પ અડ્યો નથી અને એ વાણીની પર્યાય વાણીથી થઈ ગઈ છે. કારણ કે વાણી પણ દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વરૂપ છેને? દ્રવ્ય, ગુણ. વાણીનું દ્રવ્ય એટલે ત્રિકાળી અને ગુણ એની શક્તિ અને '**तेसिं पज्जाया**' તેની પર્યાય તે ભાષાની અવસ્થા છે. ભગવાનની પર્યાય નથી. ભાષાની પર્યાય ભગવાનની નથી. એ પરમાણુના દ્રવ્ય-ગુણની પર્યાય છે. સમજાણું કાંઈ?

'**અન્વયાર્થ :- દ્રવ્યો, ગુણો અને તેમના પર્યાયો...**' દ્રવ્ય-ગુણના પર્યાયો. ''**અર્થ' નામથી કહ્યા છે.**' ત્રણેને અર્થ કહ્યો છે. દ્રવ્ય, ગુણ અને પર્યાય અને ચોથો અર્થ એમ ચાર નથી એમ કહે છે. એ તો આવ્યું હતુંને ઓલું? દ્રવ્ય, ગુણ, પર્યાય અને અર્થ ચાર આવ્યા હતા. '**ગુણ-પર્યાયોનો આત્મા દ્રવ્ય છે....**' ગુણ-પર્યાયોનો આત્મા દ્રવ્ય છે. એટલે ગુણ-પર્યાયનું રૂપ તે દ્રવ્ય છે. ગુણ-પર્યાયનો આત્મા તે દ્રવ્ય છે એટલે આત્મા આત્મા એમ નહિ. પરમાણુનો પણ ગુણ-પર્યાયનો આત્મા તે એનું દ્રવ્ય છે એટલે ગુણપર્યાયનું સ્વરૂપ તે દ્રવ્ય છે, ગુણ-પર્યાયનો પિંડ તે દ્રવ્ય છે. સમજાણું કાંઈ? આત્મા શબ્દે ગુણો અને પર્યાયનું સ્વરૂપ. દેખો! આત્માની વ્યાખ્યા કરી. '(**અર્થાત્ ગુણો અને પર્યાયોનું સ્વરૂપ...**' ગુણ-પર્યાયનું '**સત્ત્વ દ્રવ્ય જ છે,...**' ગુણ-પર્યાયનું સત્ત્વ, અસ્તિત્વ તે દ્રવ્ય જ છે. '**તેઓ ભિન્ન વસ્તુ નથી**)' દ્રવ્યથી તેના ગુણ ને પર્યાય તે જુદાં નથી. એ ગુણ-પર્યાયનો પિંડ તે દ્રવ્ય છે. આહા..હા..! '**इति उपदेशः**' '**એમ (જિનેંદ્રનો) ઉપદેશ છે.**' ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા એની વાણીમાં આ આવ્યું છે.

'**ટીકા :- દ્રવ્યો, ગુણો અને પર્યાયોમાં અભિધેયભેદ હોવા છતાં...**' વાચ્યનો ભેદ હોવા છતાં. અભિધેયભેદ—એકનું નામ દ્રવ્ય, એકનું નામ ગુણ અને એકનું નામ પર્યાય. હવે ઝીણી વાત આવશે આ દ્રવ્ય-ગુણ-પર્યાયની આખી. વાર્તારૂપે નહિ આવે આ. દ્રવ્ય, ગુણ અને પર્યાય એ ત્રણેનું વાચ્ય જુદું છે. કારણ કે એકનું નામ દ્રવ્ય, એકનું નામ ગુણ અને એકનું નામ ભાવ. '**છતાં વાચકમાં ભેદ ન રાખીએ...**' '**અભિધેયભેદ હોવા છતાં...**' અભિધાન એટલે નામ. નામનો '**અભેદ વડે તેઓ 'અર્થ' છે...**' ત્રણેને અર્થ કહેવામાં આવે છે. દ્રવ્યને અર્થ કહેવાય, ગુણને અર્થ કહેવાય અને પર્યાયને અર્થ કહેવાય. દ્રવ્ય, ગુણ ને પર્યાય એવા ત્રણ વાચ્ય શબ્દો હોવા છતાં ત્રણને એક નામે કહીએ તો અર્થથી પણ કહી શકાય છે. દ્રવ્યને અર્થ કહેવાય, ગુણને અર્થ કહેવાય અને આ પૈસાને અર્થ કહેવાય. હા, આ પૈસા જે છે એના પરમાણુને અર્થ કહેવાય, એના ગુણને અર્થ કહેવાય અને એની અવસ્થાને અર્થ કહેવાય. ત્રણેને અર્થ કહેવાય. પૈસો એકલો પર્યાયરૂપ છે એને અર્થ કહેવો એમ નહિ એમ કહે છે. પૈસાના જે પરમાણુઓ છે રજકણ એને અર્થ કહેવાય, પછી પરમાણુમાં જે ગુણ છે રંગ, ગંધ એને પણ અર્થ કહેવાય, એની અવસ્થા છે આ રૂપિયાની અવસ્થા થઈને બહાર? કે આ તમારે શું કહેવાય? અત્યારે કાગળિયા છે. નોટ-નોટ એ અવસ્થા છે. એ ત્રણેને અર્થ કહેવામાં આવે છે. ત્રણેને વાચ્યના ભેદ હોવા છતાં વાચક તરીકે એક શબ્દે કહીએ તો ત્રણેને અર્થ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

જુઓ! આ સર્વજ્ઞ પરમેશ્વરે કહેલા તત્ત્વની વ્યવસ્થા. એવી વાત ત્રણ કાળમાં ક્યાંય બીજે હોઈ શકે નહિ. એના સંપ્રદાયમાં પણ એની ખબર ન મળે દ્રવ્ય-ગુણ-પર્યાયની. લ્યો અહીં તો પહેલા દ્રવ્ય, ગુણ ને પર્યાય માંડ્યા અને અરિહંતમાં એ માંડ્યા કે અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે તે આત્માને જાણે. હવે અરિહંતના દ્રવ્ય ને ગુણ ને પર્યાયની જેને ખબર નથી તે શી રીતે જાણે? આ ભગવાન બેસાડ્યા પ્રતિમા એ ભગવાન, જાવ. એના દર્શન કર્યા એ સમકિત. એક જણાને પૂછ્યું દર્શન પડિમા શું? તો કહે, ભગવાનના દર્શન કરવા રોજ એ દર્શન પડિમા. આવા પડિમાધારી. કાંઈ ખબરું ન મળે. ભગવાનના દર્શન કરવા એ દર્શનપડિમા. એ દર્શનપડિમા છે? આત્માનું દર્શન-સમ્યગ્દર્શન થઈ અને જે વિકલ્પ ઉઠ્યો છે કે આ પ્રમાણે મારે બાર વ્રત પાળવા કે વગેરે. એને પહેલી દર્શનપડિમા છે એને આવો વિકલ્પ હોય છે. પાંચમા ગુણસ્થાનની વાત છેને એ? દર્શનપડિમા પાંચમે હોય છે. સમજાણું કાંઈ?

કહે છે, '**(અર્થાત્ દ્રવ્યો, ગુણો અને પર્યાયોમાં વાચ્યનો ભેદ હોવા છતાં...**' એટલે ઓલી વસ્તુનો ભેદ છે. દ્રવ્ય ગુણ-પર્યાયનો પિંડ છે, ગુણ શક્તિ છે, પર્યાય અવસ્થા છે. છતાં '**વાચકમાં ભેદ ન રાખીએ...**' શબ્દના કથનમાં ભેદ ન ગણીએ '**તો 'અર્થ' એવા એક વાચક (-શબ્દ)થી એ ત્રણે ઓળખાય છે).**' સમજાણું કાંઈ? '**તેમાં (એ દ્રવ્યો, ગુણો ને પર્યાયો મધ્યે), જેઓ ગુણોને અને પર્યાયોને પામે—**' લ્યો! જુઓ!

આ સિદ્ધાંત નીકળ્યો અહીંથી. 'જેઓ...' એટલે દ્રવ્ય. **'ગુણોને અને પર્યાયોને પામે-પ્રાપ્ત કરે—પહોંચે છે...'** એને દ્રવ્ય કહીએ. પહેલો એટલો અર્થ કરીએ. સમજાણું કાંઈ? શું કીધું?

'જેઓ...' એટલે દ્રવ્ય. એ પોતાના ગુણ અને પર્યાયને એ પામે. એની પર્યાયને બીજો પમાડે એમ છે નહિ. કહો, સમજાણું આમાં? દ્રવ્ય એને કહીએ ભગવાનનું કહેલું, તીર્થંકર ભગવાને કહેલું દ્રવ્ય આત્મા હો, પરમાણુ હો, ધર્માસ્તિકાય (હો), તે દ્રવ્ય એને કહીએ કે દ્રવ્યના જે ગુણો છે તેને પ્રાપ્ત કરે અને એની પર્યાયને પામે. એના ગુણને પામે એટલે ગુણને રાખે અને પર્યાયને પામે એટલે પર્યાયને રાખે એને દ્રવ્ય કહેવામાં આવે છે. લ્યો! આ વ્યાખ્યા તો બધી ફરી ગઈ. ભગવાનથી અહીં પર્યાય પમાય એમ ના પાડે છે. શું શેઠી! દ્રવ્ય કોને કહીએ? ગુણના પિંડને દ્રવ્ય કહીએ તો ઓલું સાધારણમાં આવે છે. એ અહીં નહિ. અહીં 'અર્થ' શબ્દ છેને આમાં. અર્થમાં બધા અર્થ સમાવી દેવા છેને. એ આત્માનું દ્રવ્ય, પરમાણુનું દ્રવ્ય, ધર્માસ્તિનું દ્રવ્ય, અધર્માસ્તિ અને આકાશ અને કાળ. દ્રવ્ય એટલે વસ્તુ કોને કહીએ? કે એ વસ્તુ પોતાની શક્તિ અને પોતાની અવસ્થાને પામે. બીજાને પામે અને બીજા વડે પામે એને દ્રવ્ય ન કહેવાય. કહો, ભગવાનજીભાઈ!

સમ્યગ્દર્શનની પર્યાય અને શ્રદ્ધા નામનો ગુણ અને આત્મ દ્રવ્ય. એ આત્મદ્રવ્ય એ શ્રદ્ધાગુણને પામે અને એની પર્યાયને એ પામે. કર્મને કારણે એ પર્યાય પામે કે ગુરુને કારણે પામે એમ દ્રવ્યનો સ્વભાવ નથી. કહો, સમજાણું આમાં? ચારિત્રની પર્યાય, એ આત્મા દ્રવ્ય છે અનંતગુણનો પિંડ એ દ્રવ્ય, એનો ચારિત્રગુણ જે ત્રિકાળ શક્તિ છે તેને પામે અને તેની વર્તમાન વીતરાગી અવસ્થા તેને પામે તેને દ્રવ્ય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? લ્યો! અહીં દ્રવ્ય પર્યાયને પામે એને દ્રવ્ય કહીએ. ૩૨૦માં કીધું, દ્રવ્ય પર્યાયને પામતું નથી, પર્યાય પરિણમે છે. એ દૃષ્ટિનો .... શું કીધું?

આ તો એનું દ્રવ્ય એની પર્યાયને પામે છે એટલું કહે છે. નહિતર તો દ્રવ્ય છે તે દ્રવ્ય જ છે, પર્યાય છે તે પર્યાય છે. પર્યાયપણે દ્રવ્યનું સ્વરૂપ નથી. દ્રવ્યનું સ્વરૂપ તો અપરિણામી કૂટસ્થ છે. સમજાણું કાંઈ? હવે એક કોર એ વ્યાખ્યા. ચાલી ગઈને હમણા બહુ ઝીણી. ૩૨૦ ગાથાની વ્યાખ્યા બહુ ઝીણી. રાજકોટ ચાલી હતી. ... સમજાણું? ત્યાં એમ કહ્યું કે દ્રવ્ય એ મોક્ષની પર્યાય અને મોક્ષના માર્ગની પર્યાયપણે કદી થયું જ નથી. નિષ્ક્રિય છે. ...ભાઈ! દ્રવ્ય તો નિષ્ક્રિય છે. વસ્તુ સદૃશ છે. એ મોક્ષના માર્ગપણાપણે પામતું નથી અને મોક્ષની પર્યાયપણે પામતું નથી, બંધના માર્ગપણે અને બંધપણે થતું જ નથી. પર્યાય થાય છે. એ ત્યાં દ્રવ્યનું ધ્રુવપણું, સદૃશપણું દૃષ્ટિનો વિષય એટલો એને બતાવવું છે. અહીંયા દ્રવ્યને જ્ઞાનપ્રમાણથી બતાવવું છે. જ્ઞાનતત્ત્વ અધિકાર છેને આ. સમજાણું કાંઈ? એ દ્રવ્ય પોતાની પર્યાયને પ્રાપ્ત કરે છે, દ્રવ્ય પ્રાપ્ત કરે છે. કહો, છોટાભાઈ! ઓલામાં કહે, દ્રવ્ય

પર્યાયને પ્રાપ્ત કરતું નથી. પર્યાય પર્યાયને પ્રાપ્ત કરે છે. વીતરાગનો માર્ગ! કહો, સમજાણું આમાં?

**'જેઓ ગુણોને અને પર્યાયોને પામે—...'** અથવા ગુણોને અને પર્યાયોને **'પ્રાપ્ત કરે...'** પોતે પ્રાપ્ત કરે. પરથી પ્રાપ્ત કરે અને પરની પર્યાયને પ્રાપ્ત કરાવે એવું દ્રવ્ય-ગુણમાં નથી, એ દ્રવ્ય એવું દ્રવ્ય છે જ નહિ. કોઈપણ દ્રવ્ય પરની પર્યાયને પ્રાપ્ત કરાવે કે પરની પર્યાયથી અહીં પર્યાયની પ્રાપ્તિ થાય એવું કોઈ દ્રવ્યનું સ્વરૂપ છે જ નહિ. જે કોઈ એમ માને કે મારી પર્યાય પરદ્રવ્યને લઈને પમાણી અને પરની પર્યાય મારે લઈને (થઈ), એણે દ્રવ્યનું સ્વરૂપ જાણ્યું નથી. મિથ્યાજ્ઞાન છે, મિથ્યાશ્રદ્ધા છે. ઓહો..હો..! સમજાણું કાંઈ? આ શબ્દ વડે કરીને જ્ઞાનની પર્યાય પ્રાપ્ત થતી નથી એમ કહે છે. અંતરની જ્ઞાનની પર્યાય એ દ્રવ્ય વડે પમાય છે. શું છે? આ તો વાતું મૂળની અલૌકિક છે ભાઈ! આહા..હા..!

પોતે દ્રવે છે. દ્રવતિ ઈતિ દ્રવ્યં. દ્રવતિ પર્યાયને પ્રાપ્ત દ્રવ્ય કરે છે, પામે છે, પહોંચે છે. દ્રવ્ય એ પર્યાયને પહોંચે છે. બીજું પર્યાયને પહોંચે છે? બીજું પણ દ્રવ્ય-ગુણ-પર્યાયવાળું દ્રવ્ય છે. એનું દ્રવ્ય પણ એની પર્યાયને પ્રાપ્ત કરે છે-પહોંચે છે-પામે છે. એના દ્રવ્યની પર્યાય આને પમાડે છે, પ્રાપ્ત કરે છે, પહોંચાવે છે એમ છે નહિ. સમજાણું કાંઈ? કર્મનો ઉદય એ કર્મના દ્રવ્યની પર્યાય છે. તો કર્મના રજકણો છે એ દ્રવ્ય છે એ દ્રવ્ય એની શક્તિને પામે છે અને એની વર્તમાન અવસ્થાને તે દ્રવ્ય પામે છે. એ આત્માને વિકાર પમાડે છે એમ એનામાં છે નહિ. ભગવાન બીજાના જ્ઞાનને પમાડે છે એવું ભગવાનનું દ્રવ્ય નથી એમ કહે છે. ભગવાનનું દ્રવ્ય પોતાના ગુણ-પર્યાયને પામે, પ્રાપ્ત કરે અને પહોંચાડે છે. કહો, સમજાણું કાંઈ? છે કે નહિ? **'પામે—પ્રાપ્ત કરે—પહોંચે છે...'** આહા..હા..! આ આટલા સિદ્ધાંત ભર્યા છે.

દ્રવ્ય પોતાના ગુણ-પર્યાયને પામે. આ એક સિદ્ધાંત ભગવાનનો કહેલો. પરમેશ્વરનો જિનેન્દ્ર શબ્દબ્રહ્મ એમાં આ આવ્યું છે કે દ્રવ્ય એટલે વસ્તુ, પોતાની શક્તિરૂપ ગુણ અને પોતાની અવસ્થારૂપ પર્યાયને પ્રાપ્ત કરે, પહોંચે, પામે. એને દ્રવ્ય કીધું. હવે આમાં પર વડે પર્યાય પમાય એ વાત ઊડી જાય છે. નિમિત્ત વડે પર્યાય થાય એ વાત રહે છે? નિમિત્તપણું ક્યાં ગયું? ઈ એનામાં રહ્યું. નિમિત્ત પણ એક ચીજ છેને? એની અવસ્થા છેને? એ નિમિત્તની અવસ્થાને તેનું દ્રવ્ય પામે છે. તેનું દ્રવ્ય આ આત્માની પર્યાયને કે બીજા દ્રવ્યને પમાડે છે, પહોંચે છે એમ છે નહિ. એ દ્રવ્યનો સ્વભાવ જ એવો નથી એમ કહે છે. આહા..હા..! જૈન વીતરાગે શું કહ્યું ઈ એણે સાંભળ્યું નથી અને સમજ્યો નથી અને ધર્મ થઈ જાય. બીજી ભાષાએ (કહીએ તો) દ્રવ્ય પોતે પામે છે એટલે દ્રવ્યનું લક્ષ કરે તો દ્રવ્યની પર્યાયને પોતે દ્રવ્ય પમાડે છે. સમજાણું કાંઈ?

**'જેઓ...'** એટલે દ્રવ્યો જેટલા અનંતા જગતમાં છે એ બધા **'ગુણોને અને પર્યાયોને પામે—પ્રાપ્ત કરે—પહોંચે છે અથવા જેઓ ગુણો અને પર્યાયો વડે પમાય—'** ભાષા દેખો! એ દ્રવ્ય પણ ગુણ-પર્યાય વડે પમાય, એના ગુણ-પર્યાય વડે એનું લક્ષ થાય. બીજાના

ગુણ-પર્યાય વડે પમાય નહિ. સમજાણું કાંઈ? ભગવાનની વાણી, શાસ્ત્ર એ પરપર્યાય છે. પરપર્યાય વડે (સ્વ)દ્રવ્ય પમાય એમ નથી. ન્યાલભાઈ! આવું તો ત્યાં નહિ હોય. ન્યાં છે? નહિ. ગોટે ગોટા ઊંધા. માસખમણ રાખો તો તમને .. થાશે. ખોટા ગપેગપ. આહા..હા..! શું ચિહ્ન? કેવું એનું સ્વરૂપ છે? અને એ સ્વરૂપની સ્થિતિ શું છે અને એ પામવા માટે એનો પર્યાય એનો આશ્રય લે. સમજાય છે? ત્યારે એ દ્રવ્ય પર્યાય વડે પમાય છે. પર્યાય દ્રવ્ય વડે પમાય છે અને દ્રવ્ય પર્યાય વડે પમાય છે. ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? શાંતિથી સમજવા જેવું છે ભાઈ આ તો. આ કાંઈ સંસારની કેળવણીનું જ્ઞાન નથી આ. પ્રોફેસર બોલી જાય ને અને ધારી લે. આ તો ત્રણ લોકના નાથ મોટા પ્રોફેસર સર્વજ્ઞ. સમજાણું કાંઈ? એમની વાણી શબ્દબ્રહ્મ. જુઓ નામ પાડ્યું છે ને એ? શબ્દબ્રહ્મ. લ્યો! એમ છે ને? શબ્દબ્રહ્મ. કેમકે વાણીમાં સર્વવ્યાપકપણું બધું જણાવે એવો એનો વાણીનો સ્વભાવ છે. જેમ આત્મા પરમબ્રહ્મ બધાને વ્યાપીને બધાને જાણે એવું વ્યાપવાનું સ્વરૂપ છે. જાણવું એવું હોં! એમ શબ્દબ્રહ્મ બધાને જણાવે એવો એનો સ્વભાવ છે. બે બોલમાં શું ફેર પડ્યો પહેલા અને બીજામાં? એય..! મલૂકચંદભાઈ! પહેલા અને બીજામાં શું ફેર પડ્યો?

'**જેઓ ગુણો અને પર્યાયો વડે પમાય...**' અને '**જેઓ ગુણોને અને પર્યાયોને પામે—**' અને '**જેઓ ગુણો અને પર્યાયો વડે પમાય...**' બેમાં શું ફેર પડ્યો? પોતે દ્રવ્ય પોતાની શક્તિને, પર્યાયને પામે છે, પહોંચે છે, પ્રાપ્ત કરે છે અને એ દ્રવ્ય પર્યાય અને ગુણો વડે પમાય છે. બીજા વડે પમાતું (નથી). પોતાની પર્યાય અને ગુણો વડે પમાય છે. સમજાણું કાંઈ? ભારે ઝીણું! હવે તો આ બધો અધિકાર ઝીણો આવશે. કારણ કે ૮૦માંથી ઉપાડ્યું કે ભગવાનના દ્રવ્ય, ગુણ અને પર્યાય. એની પર્યાય એના દ્રવ્યથી પામી છે એ. ભગવાન કેવળજ્ઞાન પોતાના દ્રવ્યથી પામ્યા છે અને એ પર્યાયથી દ્રવ્ય પમાય, એ પર્યાય વડે આ દ્રવ્ય છે એમ પમાય છે.

વાણીની પર્યાય.. વાણી આ, એની પર્યાયને એ વાણીના રજકણો પામે છે અને એ પર્યાય દ્વારા આ પરમાણુના રજકણ છે એમ દ્રવ્ય જણાય છે. પર્યાય દ્વારા આત્મા છે એમ જણાય છે એમ નહિ. આવું નિમિત્ત છે માટે આવી વાણી નીકળી માટે ભગવાન છે એમ નહિ. આહા..હા..! પુદ્‌ગલની પર્યાય પુદ્‌ગલને જણાવે અને પુદ્‌ગલ પોતાની પર્યાયને પ્રાપ્ત કરે છે. સમજાણું કાંઈ? હજી આ દ્રવ્યનું આવું સ્વરૂપ છે. ભગવાને જોયેલા છ દ્રવ્યો જાતિએ, સંખ્યાએ અનંત, એ દ્રવ્યનું સ્વરૂપ એવું ભગવાને જોયું છે અને કહ્યું છે. તે તે દ્રવ્ય પોતાની ગુણ ને પર્યાયને પ્રાપ્ત-પામે છે અને તે પર્યાય-ગુણ દ્વારા દ્રવ્ય પમાય છે. આવું એનું સ્વરૂપ છે. દ્રવ્યનું આવું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? આ રીતે દ્રવ્યનું (સ્વરૂપ) એણે નક્કી કરવું જોઈએ. પછી ગુણ-પર્યાયની વ્યાખ્યા કરશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર સુદ ૨, શુક્રવાર, તા. ૨૨.૧૧.૧૯૬૮**
**ગાથા-૮૭, પ્રવચન-૭૪**

જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન, પ્રવચનસાર. (૮૭ ગાથાની) ટીકાની ચોથી લીટી. હવે દ્રવ્ય કોને કહેવું એની વ્યાખ્યા ચાલે છે. ભગવાને છ દ્રવ્ય જોયા, છ દ્રવ્ય. અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, અસંખ્ય કાળાણુઓ, એક ધર્માસ્તિ, (અધર્માસ્તિ) અને આકાશ. ભગવાનના જ્ઞાનમાં તીર્થંકરના જ્ઞાનમાં છ દ્રવ્ય સંખ્યાએ અનંત, જાતિએ છ (જણાયા). હવે દ્રવ્યનું વાસ્તવિક સ્વરૂપ શું છે? કહે છે. **'જેઓ ગુણોને અને પર્યાયોને પામે—'** જરી સૂક્ષ્મ વાત છે, પણ મહા ગંભીર ભાવ છે. દ્રવ્ય એટલે વસ્તુ એને કહીએ કે જે પોતાની શક્તિને અને પોતાની પર્યાયને પામે. ગુણ એટલે ત્રિકાળી શક્તિ અને પર્યાય એટલે વર્તમાન અવસ્થા. ભગવાન, દ્રવ્ય એને કહે છે કે જે દ્રવ્ય પોતાના ગુણ અને પર્યાયને પામે. એ દ્રવ્ય આત્મા લ્યો તો આત્મા પોતાના ગુણ એટલે જ્ઞાન દર્શન જે શક્તિ ત્રિકાળ અને એની અવસ્થા અથવા રાગાદિ એવા ગુણપર્યાયને પામે. આત્મા પૈસાને પામે, કર્મને પામે, શરીરને પામે એવું આત્મામાં નથી એમ લે છે. આ પછી ક્યાં ગયા બધા વેપાર-ધંધા થાય છે?

મુમુક્ષુ :- એ એનામાં રહે.

ઉત્તર :- એ એનું દ્રવ્ય છે. જુઓ! આ મહા વ્યાખ્યા છે, મહા વ્યાખ્યા. ભગવાન તીર્થંકરદેવે જોયેલું. સર્વજ્ઞથી આવ્યુંને માથે? જિનેન્દ્રના શબ્દબ્રહ્મથી-ભગવાનની વાણીથી દ્રવ્ય-ગુણ-પર્યાયનું શું સ્વરૂપ છે તેને એણે બરાબર જાણવું જોઈએ. તો તેને જ્ઞાનતત્ત્વ યથાર્થ જ્ઞાન કહેવામાં આવે. એટલે જે વસ્તુ છે આ આત્મા, એ પોતાની શક્તિ એટલે જ્ઞાન-દર્શન કાયમના ગુણો, અસલ સ્વભાવ એનો કાયમી અને એની વર્તમાન અવસ્થા પર્યાય એને એ દ્રવ્ય પામે કાં એ દ્રવ્ય એને પહોંચે, કાં એ દ્રવ્ય એને પ્રાપ્ત કરે, કાં એ દ્રવ્ય ગુણ-પર્યાયમાં જાય. બહુ વ્યાખ્યા ટૂંકી અને ઘણી ઊંચી. સમજાણું કાંઈ? કેમકે એને અર્થ કહે છે. ભગવાન દ્રવ્યને—વસ્તુને, એના ગુણને અને એની અવસ્થાને ત્રણેને અર્થ કહે છે. અર્થ એટલે શું? કે પ્રાપ્ત કરવું, પહોંચવું, પામવું, જવું વગેરે-વગેરે.

એટલે આત્મા વસ્તુ છે આ, એ પોતાની શક્તિરૂપ ગુણને અને પર્યાયને પ્રાપ્ત કરે કાં એને પામે કાં એને પહોંચે કાં એમાં જાય. એ દ્રવ્ય બીજાની પર્યાયમાં ન જાય, બીજાને પામે નહિ, બીજાને પ્રાપ્ત કરે નહિ અને બીજાને પહોંચી વળે નહિ. સ્વદ્રવ્ય સિવાય બીજા દ્રવ્યોને કે બીજા ગુણોને અને બીજાની પર્યાયને, સ્વદ્રવ્ય છોડીને બીજાના ગુણને, પર્યાયને પહોંચે નહિ, પ્રાપ્ત કરે નહિ. આ નથી કહેતા આટલા કામને હું પહોંચી વળીશ? શેઠી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એને પણ પહોંચી વળે.

અહીં તો દરેક દ્રવ્યની વ્યાખ્યા છે. જેટલા ભગવાને જોયા, અનંત દ્રવ્ય જોયા. અનંત આત્માઓ, અનંત પરમાણુ. આ અનંતગુણા છેને આ રજકણો? જેટલા આત્મા છે એનાથી અનંતગુણા તો પરમાણુ છે. અસંખ્ય કાળાણુ છે અરૂપી. એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ, એક આકાશ એમ ભગવાને છ (દ્રવ્ય) જોયા છે. સંખ્યાએ અનંત, જાતિએ છ. એ દ્રવ્યનું એવું સ્વરૂપ છે, ભગવાને કહ્યું, એ દ્રવ્ય પોતાના ગુણને અને પોતાની પર્યાયને પામે એવું એ દ્રવ્યનું સ્વરૂપ છે. એ દ્રવ્ય બીજાના ગુણને અને બીજાની પર્યાયને પામે કે બીજાના પર્યાયને એ પમાડે એવો એ દ્રવ્યનો સ્વભાવ નથી. નવનીતભાઈ! સમજાણું કાંઈ આમાં? આ તો મહાસિદ્ધાંત. જેમ ચાર પૈસે શેર તો મણના અઢી. મણના અઢી તો ચાર પૈસે શેર એ કુંચી છે, એમ આ જૈનદર્શનની દ્રવ્ય-ગુણ-પર્યાયની મહા કુંચી છે. કહો, નેમીદાસભાઈ! શું કીધું?

એ દ્રવ્ય જે છે, આપણે અત્યારે આત્મા લ્યો, એ પરમાણુ પણ એમ છે. આ પરમાણુ છેને રજકણ? આ તો પરમાણુ છેને રજકણ? એ રજકણ છે એના ગુણ એટલે એના રંગ, ગંધ, રસ, સ્પર્શને પામે અને એની આ પર્યાય જે આ છે અત્યારે લાલ લોહીની, એ ગુણને પર્યાયને રજકણ પામે, એ રજકણ એના ગુણપર્યાયને પ્રાપ્ત કરે, રજકણ એના ગુણપર્યાયને પહોંચે. રજકણ એના ગુણપર્યાયમાં જાય, પણ પરદ્રવ્યના ગુણપર્યાયમાં એ રજકણ જાય નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! કહો, શેઠી!

મુમુક્ષુ :- પોતાના ઘરમાં ગયોને.

ઉત્તર :- ઘર ક્યાં હતું? ક્યું ઘર? ઘર તો આ છે.

મુમુક્ષુ :- આ બંગલો ઘર.

ઉત્તર :- બંગલો-બંગલો એના ઘરનો રહ્યો, બંગલો કેનો હતો? એય..! નવનીતભાઈ! નવનીતભાઈનો બંગલો છે ઈ? શેઠીનો અહીં દેખાતો નથી, આઘો થોડો છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ નહિ. આ તો જુઓ ભાઈ! વસ્તુનું સ્વરૂપ આવું સર્વજ્ઞ પરમેશ્વર સિવાય ક્યાંય હોઈ શકે નહિ. વીતરાગ પરમાત્માએ કેવળજ્ઞાનથી ત્રણ કાળ ત્રણ લોક જોયા અને એવું કહ્યું. આ તો મહાસિદ્ધાંત છે. સમજાય છે? આ જે ગાથા છે અને એમાં 'અર્થ' શબ્દ જે પડ્યો છે ઓહો..હો..!

હવે આપણે અહીં પરમાણુમાં ઉતારીએ તો એ રજકણ જે એક એક પરમાણુ છે, આ તો ઘણા રજકણનો પિંડ છે, આ તો કાંઈ મૂળ એક ચીજ નથી. કટકા કરતા... કરતા... કરતા... છેલ્લો પરમાણુ એક નાનો અણુ (રહે), એ અણુ જે રજકણ છે એ પોતાના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ જે સાથે રહેલા સહવર્તી ગુણો બધા અનંતા એને એ પહોંચે અને એ

રજકણ એની અવસ્થા કાળી, રાતી, લીલી એને પહોંચે. પણ એ પરમાણુ પોતાની પર્યાયને પહોંચવા માટે બીજા પામે તો આ પામે એમ નથી. સમજાણું કાંઈ? જેમ પાણી ટાઢું છે એ પરમાણુનો પિંડ છે અને એ પરમાણુનો પિંડ એના ગુણને પામે અને એ ટાઢામાંથી ઊની અવસ્થા થઈ, એ અવસ્થાને તે પરમાણુ પામે છે. અગ્નિને કારણે એ પરમાણુમાં ઉષ્ણ અવસ્થા પામે એમ વસ્તુમાં નથી એમ કહે છે. એય..! ન્યાલભાઈ! ભારે!

ભગવાન સર્વજ્ઞના કહેલા દ્રવ્ય-ગુણ-પર્યાય બાપુ! અલૌકિક વાત છે. એ વાત સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવે કેવળજ્ઞાનીએ સાક્ષાત્ જોઈ છે એ વસ્તુ આવી છે એમ યથાર્થ જાણે તો જ્ઞાનતત્ત્વ એનું જ્ઞાન સાચું થાય. સમજાણું કાંઈ? હવે આત્મા લઈએ. આ રજકણની વાત થઈ. જુઓ એ ટાઢુ પાણી ઊનું થયું એ ઊની અવસ્થા છે, પર્યાય છે, એનો સ્પર્શગુણ છે અને એ ગુણનો આધાર દ્રવ્ય છે રજકણ. તો એ દ્રવ્ય જે છે રજકણ એ ગુણને પામે, પહોંચે, પ્રાપ્ત કરે, જાય, હોય અને આ પર્યાયને પામે, પહોંચે એમાં હોય એ, એમાં જાય. સમજાણું? ઓલો ચોથો બોલ રાતે યાદ આવ્યો હતો. કીધું, એક ચોથો બોલ રહી જાય છે. નીચે લખ્યો હતોને. .. વાંચ્યું નહોતું. સમજાણું કાંઈ?

આ દ્રવ્ય એટલે વસ્તુ, એમ આત્મા વસ્તુ. એ પોતે આત્મા પોતામાં જે જ્ઞાન-દર્શન આદિ ગુણો જે અનંત છે, એને પામે, એમાં જાય, એમાં હોય. અને એની વર્તમાન અવસ્થા વિકારી કે અવિકારી એને આ દ્રવ્ય પામે, એને એ દ્રવ્ય પહોંચે, એને એ દ્રવ્ય પ્રાપ્ત કરે અને એ દ્રવ્ય પર્યાયમાં જાય. પણ એ પર્યાય મૂકીને પરદ્રવ્યની પર્યાયમાં જાય કે પરદ્રવ્યની પર્યાયને લઈને અહીં આત્મા અહીં જાય એમ નથી. ભગવાનજીભાઈ! આહા..હા..! કેવો વીતરાગી સિદ્ધાંત! સમજાણું કાંઈ? પછી એમાં ત્રણ બોલ કાઢ્યા હતા. હમણાં કહ્યાં હતાને રાતે કહ્યા હતા. જુઓ! હવે આ તો આમાં ઉતરવાનું છે ને એટલે.

આત્મા દ્રવ્ય એટલે વસ્તુ. હવે એમાં અનંતા ગુણો જ્ઞાન-દર્શન આદિ અને એની અનંતી પર્યાયો વર્તમાન અવસ્થા તેને દ્રવ્ય પ્રાપ્ત કરે, પહોંચે, જાય કે પમાય-પામે. એમાં બે અર્થ થયા. ત્રણ અર્થ થયા ખરેખર તો. એ દ્રવ્ય જે છે એ એની વર્તમાન પર્યાયને પ્રાપ્ત કરે, એની ભૂત-ભવિષ્યની પર્યાયને પ્રાપ્ત કરે એમ નહિ.

મુમુક્ષુ :- વર્તમાન પર્યાયને..

ઉત્તર :- બસ, વર્તમાન પર્યાયને એ દ્રવ્ય પ્રાપ્ત કરે. બીજે સમયે પણ તે દ્રવ્ય વર્તમાન પર્યાયને પ્રાપ્ત કરે, ત્રીજે સમયે પણ તે વર્તમાન પર્યાયને દ્રવ્ય પ્રાપ્ત કરે. એટલે ક્રમસર પણ આવી ગયું. આ પર્યાયનો ક્રમ કહેશે. ક્રમ આવ્યું? અને તે દ્રવ્ય પોતાના પર્યાયને પામે. એનો અર્થ કે એ પર્યાયને પોતે પામે એમાં નિમિત્ત હોય તો પામે પર્યાયને એમ ન રહ્યું. પોતાના દ્રવ્યથી પોતાની પર્યાયને પામે, પછી ચાહે તો મિથ્યાત્વ પર્યાયને, સમ્યગ્દર્શન પર્યાયને, ચારિત્રની પર્યાયને, વીતરાગની પર્યાયને, દુઃખની પર્યાયને એ દ્રવ્ય પોતે પામે. એમાં કોઈ

નિમિત્ત હોય તો પામે (એમ નથી). એ નિમિત્ત પોતે તેની પર્યાયને પામે. નિમિત્ત બીજું દ્રવ્ય છે તે તેની પર્યાયને પામે, પહોંચી વળે. આની પર્યાયને એ પામે નહિ અને આ પર્યાય પામવા માટે એ પામે તો અહીં પમાય એમ નથી એમાં. મોહનભાઈ!

મુમુક્ષુ :- ના પડાય એમ નથી.

ઉત્તર :- ન્યાયથી વસ્તુ છે. બે ને બે ચાર જેવી વસ્તુ છે. ન સાંભળી હોય અને ન સમજાય એટલે કાંઈ વસ્તુ બીજી થઈ જાય? સમજાણું કાંઈ?

એટલે કે જે આત્મા છે એ પોતાના પર્યાયને પામે, બીજે સમયે તે તે પર્યાયને પામે. કારણ કે એક સમયે કાંઈ બધી (પર્યાયને ન પામે), એક ગુણની એક પર્યાયને પામે. એક સમયે બધી પર્યાયને (ન) પામે. એક ગુણની બધી પર્યાયને દ્રવ્ય ન પામે. એક સમયમાં તો એ દ્રવ્ય વર્તમાન પર્યાયને પામે, બીજે સમયે તે દ્રવ્ય વર્તમાન પર્યાયને પામે, ત્રીજે સમયે તે દ્રવ્ય વર્તમાન પર્યાયને પામે. એટલે એ પર્યાયનો ક્રમ થઈ ગયો. એ ક્રમપણે પામે એ જ દ્રવ્યની વ્યવસ્થા છે, વસ્તુની વ્યવસ્થા છે. એક.

બીજું, કે એ પર્યાય પામવામાં પોતે દ્રવ્ય પામે છે તે તે કાળે. એ પામવામાં નિમિત્ત હોય તો પામે છે એમ છે નહિ. એટલે નિમિત્ત હોય તો પામે એ ઊડી ગઈ વાત. ઉપાદાનથી પામે છે. બે. અને ત્રીજું, એ દ્રવ્ય જે વસ્તુ છે અનંતગુણનો પિંડ, એના ગુણ ને પર્યાયને પામે. પર્યાય પર્યાયને પામે, પર્યાય પર્યાય વડે પમાય, પર્યાય પર્યાયને પામે એમ નથી એમાં. છે? નવનીતભાઈ! ઝીણું છે આમાં. વસ્તુ છે આત્મા. તો એ આત્મા વર્તમાન પર્યાયને પામે એમ કીધું. ક્રમ થઈ ગયો. પર્યાય પોતાથી થાય એટલે પરથી ન પામે એમ થઈ ગયું. નિમિત્તથી પામે એમ નહિ, પોતાના દ્રવ્યથી પામે. અને એ પર્યાયમાં નિર્મળ પર્યાય અને વિકારી પર્યાય એકસાથે હોય. તોપણ તે વિકારી પર્યાયથી નિર્મળ પર્યાય પામે એમ નથી એમાં જુઓ! એમ આવ્યું એમાં ક્યાંય? પર્યાય દ્રવ્યને પહોંચે અને કાં દ્રવ્ય પર્યાયને પામે. તો એમાં દ્રવ્ય પર્યાયને પામે અને પર્યાય દ્રવ્યને પહોંચે. આમ. પણ (રાગની) પર્યાય (નિર્મળ) પર્યાયને પહોંચે એમ ન આવ્યું. લોજિકથી ન્યાય બરાબર છેને? વકીલ રાખ્યા છે જોડે જોડે. લોજિકથી, ન્યાયથી વસ્તુ એમ છે કે નહિ?

વસ્તુ છે એની પર્યાયમાં રાગ અને મલિન અવસ્થા (છે) એને પણ એ પામે અને એમાં નિર્મળ અવસ્થા થાય તેને પણ પામે. અને એક સમયે બે હોય, નિર્મળ અવસ્થા અને મલિન અવસ્થા, પણ એ બેયને દ્રવ્ય પામે, પણ એ વિકલ્પ રાગ છે માટે નિર્મળ અવસ્થાને પામે એમ નથી વસ્તુમાં. નવનીતભાઈ! આ પાંચની તકરાર છે ને મોટી. મોટી તકરાર. ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર અને ક્રમબદ્ધ. એના પાનાના પાના તકરાર. એના પાના ખૂટતા નથી લોકોના. અરે..! ભગવાન! શું કરે છે પ્રભુ! શું કરે બાપુ! જેમ હશે તેમ રહેશે. તારા કુતર્કથી કાંઈ ફેરફાર થશે નહિ. આહા..હા..! શેઠી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ફરીને કહીએ છીએ ને. વિશેષ કહીએ છીએ ને. એમ નહિ જવા દઈએ. ખુબ લઢણ કરીએ.

આત્મા છે એ પોતાના ગુણ-પર્યાયને પામે. હવે પર્યાય શબ્દે સમ્યગ્દર્શનની અને ચારિત્રની પર્યાયને પણ દ્રવ્ય પામે. એમ ખરુંને? બીજા દ્રવ્યને લઈને નહિ. ઠીક! હવે એ નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાનની પર્યાયને દ્રવ્ય પામે. એ રાગની પર્યાય તે સમયે છે તેને લઈને અહીં પામે એમ નથી. ફરીને-ફરીને. ધીમેથી. આ તો ભગવાનના દ્રવ્ય-ગુણ-પર્યાયના ખજાનાની વાતું છે. એ વાતું એણે કોઈ દિ' યથાર્થ જ્ઞાન કર્યું નથી. યથાર્થ જ્ઞાન કરે તો એને દર્શન થયા વિના રહે નહિ, શાંતિ મળ્યા વિના રહે નહિ. નવનીતભાઈ! આ તો સમજાય એવું છે. કાંઈ બહુ એવી ભાષા આકરી નથી.

મુમુક્ષુ :- સહેલામાં સહેલી.

ઉત્તર :- બહુ સાદી. ઘણી સાદી ઘણી સહેલું, ઘણું સરળ. ઘણું સાદું, ઘણું સરળ અને ઘણું સરસ. આનંદ.

મુમુક્ષુ :- પ્રત્યેક પર્યાયની સ્વતંત્રતા...

ઉત્તર :- પ્રત્યેક પર્યાયની સ્વતંત્રતા પણ એનો કેમ ન્યાય? કે તે તે દ્રવ્ય તે તે પર્યાયને પામે એમાં પરને લઈને પામે અને પર હોય તો પામે એ રહ્યું નહિ. ખલાસ. બીજા સમયે પણ તે તે દ્રવ્ય તે તે પર્યાયને પામે એટલે આડીઅવળી પૂર્વની પર્યાયને પામે અને ભવિષ્યની પર્યાયને પામે એમ હોઈ શકે નહિ. વર્તમાન તે તે દ્રવ્ય તે તે પર્યાયને પામે. એટલે ક્રમ થઈ ગયો. હવે એ દ્રવ્ય પોતાની પર્યાયને પામે એટલે નિમિત્તને લઈને પામે એ વાત રહી નહિ. બે. ત્રીજું, એ દ્રવ્ય પોતાના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાયને પામે તે જ કાળે રાગ પણ હોય છે સાધકને, પણ એ દ્રવ્ય પોતે નિર્મળ પર્યાયને પામે અને રાગને પામે. તો રાગનું જ્ઞાની જ્ઞાન કરે એને પણ પામે અને રાગ છે એને પણ જાણે. પણ રાગ છે માટે નિર્મળ પર્યાય પામે એ આ ત્રણ બોલમાં એ રીતે નથી આવતું. સમજાણું કાંઈ? કેમ? હીરાલાલજી! સમજાય છે કે નહિ? ભારે ઝીણું ભાઈ!

ધર્મ સમજવા માટે આવું કરવું પડતું હશે? કરી નાખીએ ભાઈ આ પાંચ-પચાસ હજાર ખર્ચી નાખીએ, મંદિર કરી નાખીએ. ના. ના. એમાં કાંઈ ધર્મ નથી, સાંભળ. એમાં થાય તો ઓલો શુભ વિકલ્પ જે છે એને દ્રવ્ય પ્રાપ્ત કરે. મંદિરને પ્રાપ્ત કરી શકે નહિ એમ કહે છે. મંદિરને પમાડી શકે, પામી શકે નહિ. શેઠી! આહા..હા..! એ જીવ જ્યારે મંદિર આદિમાં, પૂજા-ભક્તિમાં હોય ત્યારે ઓલો વિકલ્પ છે શુભ, એને પામે. બસ એટલું. એ વિકલ્પને પામે તો પરને લઈને નહિ. પોતાને લઈને પામે, બસ. વિકલ્પ પુણ્ય છે. હવે એ ધર્મ પામે ત્યારે પણ એ દ્રવ્યને લઈને પામે. વસ્તુ જે છે જ્ઞાયક ત્રિકાળ એની દૃષ્ટિ થતાં તે દ્રવ્ય

નિર્મળ પર્યાયને પામે. તો એ દ્રવ્યને લઈને નિર્મળ પર્યાય પમાણી. ઓલો રાગ હતો, પૂર્વે રાગ હતો માટે અત્યારે આ પર્યાય થઈ એ તો પ્રશ્ન અહીં છે જ નહિ. ભાઈ! પૂર્વે રાગ હતો (એથી) અત્યારે નિશ્ચય થયું એ પ્રશ્ન તો છે જ નહિ. કારણ કે એ દ્રવ્ય તો પર્યાયને પ્રાપ્ત કરે છે. ન્યાય સમજાય છે કાંઈ? આહા..હા..!

ગજબનું સત્‌નું સત્યપણું પ્રસિદ્ધ કર્યું છે. કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય દિગંબર સંતો જંગલમાં રહીને વાસ્તવિક તત્ત્વને પ્રસિદ્ધ મૂક્યું છે. તાત્પર્યવૃત્તિ છેને? આનું નામ શું છે? ટીકા. તત્ત્વપ્રદીપિકા. તત્ત્વને દેખાડનારી દીવી. તત્ત્વને દેખાડનારી દીવી કે તત્ત્વ આવું છે. એ તત્ત્વ એવું છે આત્મા કે પોતાના અનંત ગુણ... વસ્તુ છેને? વસ્તુ તો દ્રવ્ય થયું, પણ વસ્તુના ગુણ શું? કે જ્ઞાન, દર્શન, આનંદ (આદિ) અનંત ગુણો. બસ, એ અનંત ગુણો ત્યાં પમાય, દ્રવ્ય પોતે પામે અને પહોંચી વળે તેમાં. એ અનંતગુણની વર્તમાન અવસ્થા મલિન કે નિર્મળ એને દ્રવ્ય પામે, એ દ્રવ્ય પહોંચી વળે. એનો અર્થ થયો કે એ વિકારી પર્યાયથી વર્તમાન નિર્વિકારી પર્યાય પમાય એમ નહિ અને પૂર્વની વિકારી પર્યાયથી પછીની નિર્વિકારી પમાય એમ પણ ન રહ્યું. ભાઈ! સમજાય છે કાંઈ? આ શુભરાગ હતો માટે પછી સમ્યગ્દર્શન પામે એમ ન રહ્યું. કારણ કે પછી પણ દ્રવ્ય પોતાની પર્યાયને પ્રાપ્ત કરે છે. આ રાગની પર્યાયને લઈને દ્રવ્ય પર્યાયને પ્રાપ્ત કરે છે એમ છે નહિ. સમજાણું આમાં?

દ્રવ્ય જે છે વસ્તુ એ પોતાની પર્યાયને પ્રાપ્ત કરે. એમાં ભલે તે વખતે નિર્મળ અને મલિન બેય પર્યાય હોય, પણ એ દ્રવ્યથી પર્યાય પ્રાપ્ત થાય છે, પરને લઈને નહિ. ઠીક! અને એ દ્રવ્યથી પર્યાય પ્રાપ્ત થાય છે. એટલે વિકલ્પની પર્યાયને લઈને અહીં નિર્વિકલ્પની પર્યાય વર્તમાન પ્રાપ્ત થતી નથી. તેમ ભૂતની વિકલ્પને લઈને પછીની પર્યાયને પ્રાપ્ત થાય એ તો વસ્તુમાં છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, ..ભાઈ! સમજાય છે કે નહિ? ભારે વાત ભાઈ! આહા..હા..! ઘણો સિદ્ધાંત સરળ અને સીધો સત્‌ને પ્રસિદ્ધ કર્યો છે. આમાં વાદને અવકાશ પણ ક્યાં છે?

ભાઈ! તું ક્યાં છો? તારા દ્રવ્ય-ગુણ-પર્યાયમાં છો, તું કાંઈ બીજામાં નથી. હવે તારા દ્રવ્ય-ગુણ-પર્યાય એટલે શું? કે દ્રવ્ય એટલે ગુણ-પર્યાયનો પિંડ. ગુણ એટલે એની શક્તિ-સ્વભાવ. પર્યાય એટલે એની અવસ્થા. આ ત્રણ. હવે એ ગુણ-પર્યાયને પ્રાપ્ત કરવામાં કારણ કોણ? એ તો દ્રવ્ય કીધું. કીધુંને? '**જેઓ ગુણોને અને પર્યાયોને પામે—પ્રાપ્ત કરે——પહોંચે છે...**' આ એટલામાં આ બધી વ્યાખ્યા સમાય છે. ન્યાલભાઈ!

મુમુક્ષુ :- આ બધું યાદ રાખવું ઈ કરતાં...

ઉત્તર :- યાદ ક્યાં રાખવાનું? આ તો વસ્તુનું સ્વરૂપ એવું છે. ભક્તિ એટલે પરની ભક્તિ એ તો વિકલ્પ છે. એ વિકલ્પને પ્રાપ્ત કરે તો એ રાગ છે. હવે ધર્મને પ્રાપ્ત કરે એટલે શું? કે એ પોતે શુદ્ધ દ્રવ્ય જે છે એની દૃષ્ટિ કરતાં એ નિર્મળ પર્યાયને પ્રાપ્ત કરે એ દ્રવ્યને

લઈને દ્રવ્ય પોતે પ્રાપ્ત કરે છે. એ ભગવાનની મૂર્તિને લઈને સમ્યગ્દર્શન પર્યાય પ્રાપ્ત થાય છે એમ છે નહિ. આહા..હા..! ભારે વાત ભાઈ!

ભગવાનની વાણી છે એ કાને પડે છે. દાખલો સમજાય છે? પણ વાણી છે એ તો જડની પર્યાય છે. એ વાણીની પર્યાયને તે પરમાણુ પામે છે. પરમાણુ પામે છે, પરમાણુ પહોંચે છે, પરમાણુ પ્રાપ્ત કરે છે, આત્મા એને પ્રાપ્ત કરતો નથી. આત્મા તે ક્ષણે પોતાની જ્ઞાનગુણની પર્યાયને પ્રાપ્ત કરે છે, એ વાણીને લઈને પ્રાપ્ત કરે છે એમ નથી. આ શબ્દોમાં તો ઘણું ઘણું ભર્યું ઓહો..હો..! જિનેન્દ્ર શબ્દબ્રહ્મમાં, જિનેન્દ્રના શબ્દબ્રહ્મમાં આવેલી તત્ત્વની વ્યવસ્થા. એમ લખ્યું છેને જુઓ.

'**જિનેંદ્રના શબ્દબ્રહ્મમાં અર્થોની વ્યવસ્થા...**' જુઓ એના માથે શબ્દ છેને ઉપર? ૮૭ ઉપર પહેલી લીટી. આ ગાથા છે ને શરૂ થાય એના ઉપર. મોહનભાઈ! બતાવો મહેમાનને જરી. એ ગાથા ઉપર. '**હવે, જિનેંદ્રના શબ્દબ્રહ્મમાં...**' વીતરાગદેવના, જિનેન્દ્ર. જિનના પણ ઈન્દ્ર સર્વજ્ઞદેવ. '**શબ્દબ્રહ્મમાં અર્થોની વ્યવસ્થા (પદાર્થોની સ્થિતિ)...**' પદાર્થોની મર્યાદા, પદાર્થની અવસ્થા '**કઈ રીતે છે તે વિચારે છે :—**' આવી પદાર્થની વ્યવસ્થા છે એમ જિનેન્દ્રના શબ્દબ્રહ્મમાં આવે છે. સમજાણું કાંઈ? ત્રણે એમાં આવી ગયા. આ મોટી તકરારના પ્રશ્નનો ખુલાસો. કેટલી ચર્ચા ખાણિયામાં કરી છે લ્યો! મોટા બે પુસ્તકો આઠ-આઠ રૂપિયાના. વાંચ્યાને ભાઈ? થોડા-થોડા વાંચ્યાને બધા? થોડા-થોડા. આહા..હા..! ભાઈએ તો બહુ વાંચ્યા છે તમારે ... કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે, ભગવાન એની શબ્દબ્રહ્મની વાણીમાં એ આવ્યું કે પદાર્થની સ્થિતિ, પદાર્થનું સ્વરૂપ, પદાર્થની મર્યાદા, પદાર્થની વ્યવસ્થા. એ પ્રત્યેક દ્રવ્ય જે છે એ પોતાની શક્તિ અને તેની પર્યાયમાં છે, તેમાં છે, તેમાં છે, તેને પ્રાપ્ત કરે છે, તેને પામે છે, એમાં જાય છે અને એને પહોંચે છે. સમજાણું કાંઈ? બસ, એક સિદ્ધાંતમાં, એક જ પહેલો સિદ્ધાંત એમાં આખી દુનિયાની વ્યવસ્થા સમાઈ ગઈ બધી. ક્રમબદ્ધની સમાણી, નિમિત્ત વિના થાય પોતાથી એ સમાણું અને વ્યવહારથી નિશ્ચય વર્તમાન થાય એમ પણ નહિ અને વર્તમાન વ્યવહાર પહેલો અને પછી નિશ્ચય એમ પણ નહિ ભાઈ! કારણ કે દ્રવ્ય જ પોતાની પર્યાયને પ્રાપ્ત કરે ત્યાં પૂર્વે વ્યવહાર હતો તો નિશ્ચય પ્રાપ્ત થયો એ વસ્તુની વ્યવસ્થા જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

વસ્તુ પોતે જ્ઞાનાનંદ ભગવાન આત્મા એ દ્રવ્ય વસ્તુ. એ વસ્તુ પોતે એનું લક્ષ થતાં, લક્ષ થતાં પોતે જ દ્રવ્ય વર્તમાન નિર્મળ પર્યાયને પ્રાપ્ત કરે છે. એટલે પૂર્વે રાગ હતો માટે પર્યાય પ્રાપ્ત કરી એ દ્રવ્યનું સ્વરૂપ જ નથી. દ્રવ્ય પોતાની વર્તમાન પર્યાયને પામે એવું દ્રવ્યનું સ્વરૂપ છે. પૂર્વની પર્યાયને લઈને વર્તમાન પર્યાય પામે દ્રવ્ય એવું દ્રવ્યનું સ્વરૂપ નથી, તેમ પૂર્વની પર્યાયને લઈને વર્તમાનમાં નિર્મળ પર્યાય પામે, પર્યાયને લઈને પર્યાય પમાય એવું

પર્યાયનું સ્વરૂપ નથી. એવું પર્યાયનું સ્વરૂપ નથી. શું કીધું સમજાણું કાંઈ?

ભગવાન આત્મા.. આપણે તો અહીં દ્રવ્ય-પર્યાયમાં આખું... વસ્તુ છે એ જ્ઞાનાનંદ સ્વરૂપ ચિદાનંદ ધ્રુવસ્વરૂપ એ દ્રવ્ય. એ દ્રવ્ય એના ગુણને અને એની વર્તમાન અવસ્થાને પામે. આ એક સિદ્ધાંત આખો. હવે એ દ્રવ્ય પોતે પોતાના ગુણ-પર્યાયને પામતા પૂર્વની અવસ્થાને પામ્યો હતો માટે વર્તમાનમાં એ દ્રવ્ય આ પર્યાયને પામે એમ નથી. તેમ વર્તમાન પામતા નિમિત્ત હતું માટે પામે એમ નથી. તેમ તેની પર્યાય એક દ્રવ્યની વર્તમાન પર્યાયને પામે અને બીજી વર્તમાન પર્યાયને તે તે દ્રવ્ય પામે એ ક્રમસર ચાલ્યો જાય છે એની અંદર પ્રવાહ. એવી તત્ત્વની વ્યવસ્થા અને અવસ્થા છે. ભારે ભાઈ! કેટલું સમાડ્યું છે! જુઓ તો ખરા!

કુંદકુંદાચાર્ય દિગંબર મુનિ સંત, સંવત્ ૪૯(માં) જંગલમાં હતા. અને આ અમૃતચંદ્રાચાર્ય ટીકાકાર ૯૦૦ વર્ષ પહેલા એ દિગંબર મુનિ સંત (હતા). આ એક ટૂકડામાં કેટલો સમાવેશ કર્યો છે! સમજાણું કાંઈ? પણ આ જગતના પ્રાણીને બહારનો ભ્રમ અને મોહ એને સૂઝ પડવા દેતું નથી. જ્ઞાનનું વાસ્તવિક સ્વરૂપ છે આ રીતે જાણે તો તેને જ્ઞાનતત્ત્વ કહેવામાં આવે છે. ભાઈ! આ જ્ઞાનતત્ત્વ છેને. ચૈતન્ય જ્ઞાનતત્ત્વ ભગવાન, જ્ઞાનસ્વરૂપ એ પોતાની પર્યાયને જ્ઞાનની નિર્મળ પર્યાયને પોતે પામે છે. એ વખતે રાગ હોય તોપણ એ દ્રવ્ય પોતે પામે છે. એ રાગને લઈને જ્ઞાનની પર્યાય પામે છે એમ નહિ, શબ્દની પર્યાયને લઈને જ્ઞાન પર્યાય પામે છે એમ નહિ, આ પુસ્તકને લઈને પામે છે એમ નહિ. આ ઈન્દ્રિયો છે એ જડ છે એ પણ એની પર્યાયને ઈન્દ્રિયો પામે છે, એ પર્યાય છે માટે દ્રવ્ય જ્ઞાનપર્યાયને પામે છે એવું દ્રવ્યનું સ્વરૂપ નથી. કહો, નેમિદાસભાઈ! ત્યાં વાંચો છો કે નહિ ઘરે? ઠીક. આ રીતે નહિ સમજાતું હોય ત્યાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ માટે તો હા પડાવી હતી. હા પણ શી રીતે ત્યાં રહીને આ સમજાશે? એ કાળ ન હોય તો ન સમજાય એમ ખરુંને? આહા..હા..! કહો, સમજાણું આમાં? આ તો ઘૂંટી ઘૂંટીને ઓલા બદામનું તેલ કાઢવું હોય તો બે ઘસરકા મારીને વળી પાછો ચાલ્યો જાય તો, ઘસરકા મારીને ચાલ્યો જાય તો તેલ નહિ નીકળે એમાંથી. નીકળે? બદામ-બદામ હોયને? વળી ઉઠી જાય પાણી પીવા જાય, આમ કરીને દિશાએ જાય, આમ કરીને વાતું કરવા માંડે. એ તો લઢણ લઢણ નીકળે તો એમાંથી બદામનું તેલ નીકળે. એમ આત્માના દ્રવ્ય-ગુણ-પર્યાયની વાસ્તવિક અવસ્થા વારંવાર મનન કરે તો એને દેખાય. સમજાણું કાંઈ? એને ભાવમાં ભાસન અને પ્રતીત આવવી જોઈએને? એમ કહે, અમે ભગવાન કહે છે એમ માનીએ છીએ. પણ ભગવાને કીધું શું? કઈ રીતે કહ્યું એને સમજ્યા વિના શી રીતે પ્રતીત બેસશે? સમજાણું કાંઈ? ભગવાને કીધું છે કે પર્યાયને દ્રવ્ય પામે, દ્રવ્ય પર્યાયને પામે, દ્રવ્ય પર્યાયને પામે. એટલે શું પણ એનો અર્થ? કહો, સુમેરચંદભાઈ!

'જેઓ **ગુણોને અને પર્યાયોને પામે...**' તેને દ્રવ્ય કહેવામાં આવે છે. જુઓ! '**એવા અર્થો તે દ્રવ્યો છે,...**' છેને છેલ્લે? '**જેઓ ગુણોને અને પર્યાયોને પામે—પ્રાપ્ત કરે- પહોંચે છે અથવા જેઓ ગુણો અને પર્યાય વડે પમાય—**' દેખો! એ દ્રવ્યનું લક્ષ ગુણ અને પર્યાય વડે જાય. પરના નિમિત્તને દ્રવ્યનું લક્ષ જાય અને આ દ્રવ્ય સિદ્ધ થાય એમ છે નહિ. સમજાણું કાંઈ? '**જેઓ...**' એટલે દ્રવ્યો એટલે વસ્તુ. '**ગુણો અને પર્યાયો વડે...**' દેખો! પમાય. ગુણોને પર્યાયોને પામે. અને આમાં 'વડે' શબ્દ કેમ આવ્યો પાછો વધારે? 'વડે' છે ને? ઓલામાં 'વડે' નથી પહેલામાં. પહેલાનું .. છે. 'વડે' જોઈએ? ત્યારે ઓલામાં 'વડે' ન જોઈએ? 'પમાય છે' તો આને પણ કીધું. આના વડે જણાય. પમાય, ઠીક. 'પામે' એમ છેને. પર્યાયોને પામે અને આ પર્યાયો વડે પમાય એમાં ફેર પડ્યો. પ્રાપ્ત કરે, પ્રાપ્ત કરાય અને પહોંચે, પહોંચાય એટલો ફેર પડ્યોને? ફેર પડ્યોને ન્યાયથી? સમજાણું કાંઈ?

જે વસ્તુ છે એ પોતાના ગુણ-પર્યાયને પામે, પહોંચે અને પ્રાપ્ત કરે. એટલું થયું? હવે જુઓ આમાં શબ્દ ફર્યો. '**જેઓ...**' એટલે દ્રવ્ય છે એ '**ગુણો અને પર્યાયો વડે પમાય...**' ઓલામાં પામે હતું, આમાં પમાય. ઓલામાં પ્રાપ્ત કરે એમ હતું, આમાં પ્રાપ્ત કરાય, ઓલામાં પહોંચે હતું, આમાં પહોંચાય. ઠીક છે. સમજાણું કાંઈ? એટલે શું હશે? આ તો માથાકુટ હશે કે સાચી સમજણ હશે? આહા..હા..! આવી માથાકુટ કરતાં ભગવાનની ભક્તિ કરી નાખવી, થઈ રહ્યું લ્યો!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કીધું હતુંને એને. એય..! નેમિદાસભાઈ! ત્યાં લાખ-બે લાખના મંદિર કરાવી નાખો જાવ. અહીં તો કહે છે કે એ મંદિરની પર્યાયને એના પરમાણુ પ્રાપ્ત કરે. અને ગુણ પર્યાય વડે તે દ્રવ્ય લક્ષમાં આવે. એ ગુણ અને પર્યાય વડે એ દ્રવ્ય લક્ષમાં આવે છે. એ ગુણ પર્યાય વડે જોડે કોણ હતો એ લક્ષમાં આવતું નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

વીતરાગનું દ્રવ્યાનુયોગ એટલે તત્ત્વજ્ઞાન અલૌકિક વસ્તુ છે અલૌકિક!! પણ લોકોને અભ્યાસ ન મળે એટલે એને એવું લાગે કે શું છે આ? હવે અમારે ધર્મ કરવો છે. તો ધર્મ કરવો છે કોને? દ્રવ્યને કે બીજાને? તો તું દ્રવ્ય કોણ છો? કે આત્મા. તો તારી ધર્મની પર્યાય દ્રવ્ય વડે પ્રાપ્ત થાય છે. સમજાય છે? અને એ પર્યાય વડે, પર્યાય વડે દ્રવ્ય જણાય છે. 'આ પર્યાય આ દ્રવ્યની છે' એ વડે દ્રવ્ય જણાય છે. પર વડે દ્રવ્ય જણાતું નથી. પર વડે દ્રવ્ય પમાતું નથી, પર્યાય વડે દ્રવ્ય પમાય છે. આહા..હા..! પર્યાય વડે પ્રાપ્ત કરાય છે. એ ગુણ-પર્યાય ભેગા લેવા. એ ગુણ-પર્યાય વડે દ્રવ્યને પહોંચાય છે, ગુણ પર્યાય વડે દ્રવ્યને પહોંચાય છે. પર વડે દ્રવ્યને પહોંચાતું નથી. નથી ભીખાભાઈ. પર વડે નથી પહોંચાતું. ગુરુ ને શાસ્ત્ર ને દેવથી નથી પહોંચાતું એમ કહે છે અહીં. ભગવાન પોતે કહે છે.

ભગવાન એમ કહે છે કે તારા દ્રવ્યને પહોંચવા માટે તારા ગુણ-પર્યાય વડે પહોંચાય છે. અમારાથી તારા દ્રવ્યને પહોંચાતું નથી. આહા..હા..! વીતરાગ પરમાત્માની વાણી અને ભગવાનનું જ્ઞાન આમ છે. ભાઈ! શું થાય પણ? સમજાણું કાંઈ? તીર્થંકરદેવ ત્રિલોકનાથ પરમેશ્વર વીતરાગ એમ કહે છે કે અમે અમારી પર્યાયને પ્રાપ્ત કરીએ, પામીએ, પહોંચીએ છીએ. અમે તમારી પર્યાયને પ્રાપ્ત કરાવનારા નથી. અમે અમારી પર્યાય દ્વારા અમે આને પામીએ છીએ દ્રવ્યને, અમારી પર્યાય દ્વારા તમને પામતા નથી કે અમારા શિષ્યો છે અને આ ગણધરો છે ને આ છે. સમજાણું કાંઈ?

**'જેઓ ગુણો અને પર્યાયો વડે પમાય—પ્રાપ્ત કરાય—પહોંચાય છે...'** પોતાના ગુણ-પર્યાય દ્વારા દ્રવ્યને પહોંચાય છે. પરની પર્યાય દ્વારા દ્રવ્યને પહોંચાતું નથી. પરની પર્યાય દ્વારા ગુણને પણ પહોંચાતું નથી. પોતાના ગુણ-પર્યાયથી દ્રવ્યને પહોંચાય છે. આહા..હા..! **'એવા 'અર્થો' તે દ્રવ્યો છે,...'** આ દ્રવ્યની વ્યાખ્યા છે આ તો. દ્રવ્યની વ્યાખ્યા છેને આ? આ વીતરાગની વિદ્યા, જૈન વિદ્યા. હજી એને પાઠશાળામાં પહેલું આ શીખવવું જોઈએ પહેલેથી. સમજાણું કાંઈ? એને ઠેકાણે બિચારાને કાંઈ ખબર ન મળે. ૬૦-૬૦ વર્ષ થાય તો ખબર ન મળે. દ્રવ્ય-ગુણ એટલે શું? કોણ જાણે શું હશે? સમજાણું કાંઈ? **'એવા 'અર્થો' તે દ્રવ્યો છે,...'** દ્રવ્યને અર્થ કહેવામાં આવે છે એમ કહે છે. ગુણને અર્થ કહેવામાં આવે, પર્યાયને અર્થ કહેવામાં આવે અને દ્રવ્યને પણ અર્થ કહેવામાં આવે છે.

આ જુઓ નીચે છે. **''ऋ' ધાતુમાંથી 'अर्थ' શબ્દ બન્યો છે. 'ऋ' એટલે પામવું, પ્રાપ્ત કરવું, પહોંચવું, જવું. 'अर्थ' એટલે (૧) જે પામે—પ્રાપ્ત કરે—પહોંચે તે, અર્થ. અથવા (૨) જેને પમાય—પ્રાપ્ત કરાય—પહોંચાય તે.'** અર્થ. સમજાણું? બહુ વાત ૮૭મી ગાથા અલૌકિક વસ્તુ છે! એક જ ન્યાય, એક જ સિદ્ધાંતે આખું ભેદજ્ઞાન. આહા..હા..! આ દ્રવ્ય પર્યાયને પ્રાપ્ત કરે, પછી ગુણ-પર્યાયને દ્રવ્ય પ્રાપ્ત થાય એમ. એમ કરીને ગુણ-પર્યાય સિદ્ધ કરવા છે. સમજાણું કાંઈ? અહીં તો હજી દ્રવ્ય સિદ્ધ કરવું છે. જુઓ! હવે ગુણોનું આવશે. **'જેઓ ગુણો અને પર્યાયો વડે પમાય...'** એ કોણ? કે દ્રવ્ય. એમ. એ દ્રવ્યની સિદ્ધિ કરી છે. દ્રવ્ય તે પોતે ગુણ-પર્યાયને પ્રાપ્ત કરે અને ગુણ-પર્યાય વડે દ્રવ્ય પ્રાપ્ત થાય. એ હજી દ્રવ્યની વ્યાખ્યા બેની થઈ અરસ-પરસની. સમજાણું કાંઈ?

હવે ગુણોની વ્યાખ્યા. હવે ગુણને અર્થ કેમ કીધો? ગુણને પણ અર્થ કીધો કેમ? પછી પર્યાયને અર્થ કીધો કેમ? બે જુદા પાડશે. આમાં બધા ભેગા લીધા કે ગુણો અને પર્યાયોને પ્રાપ્ત કરે અને ગુણ અને પર્યાય વડે પમાય. બે ભેગા એકસાથે લીધા. એક એકને જુદા ન પાડ્યા. એ તો બધું ભેગું કરવું છેને. ગુણ પર્યાયને પામે અને ગુણ પર્યાય વડે પમાય. એમ થઈ રહ્યું. હવે ગુણો કોને કહેવા? જેમ કે આત્માના જ્ઞાન-દર્શન આદિ ગુણ હોં ત્રિકાળ રહેનારા. આ પરમાણુમાં રંગ, ગંધ, રસ, સ્પર્શ ત્રિકાળ રહેનારા.

'**જેઓ દ્રવ્યોને આશ્રય તરીકે પામે—**' એ દ્રવ્યોના આધાર તરીકે પમાય. સમજાય છે? 'પામે' એમ છે. પહેલું તો એમ છેને? '**જેઓ દ્રવ્યોને આશ્રય તરીકે પામે—**'ગુણ દ્રવ્યને આશ્રય તરીકે પામે. ગુણો દ્રવ્યના આશ્રય તરીકે પ્રાપ્ત કરે, ગુણો દ્રવ્યને આશ્રય તરીકે પહોંચે એને ગુણ કહીએ. આત્માના જ્ઞાન-દર્શન ગુણો એ દ્રવ્યના આશ્રય તરીકે પહોંચે, પામે. એમ પરમાણુના ગુણો રંગ, ગંધ, રસ એ દ્રવ્યના આશ્રય તરીકે મળે, આશ્રય એટલે આધાર. દ્રવ્યોને આધાર તરીકે પામે, પ્રાપ્ત કરે અને પહોંચે. '**અથવા જેઓ આશ્રયભૂત દ્રવ્યો વડે...**' હવે ગુણો દ્રવ્યો વડે પમાય. એ ગુણો આશ્રયભૂત દ્રવ્યના આધારે પમાય. એ ગુણો દ્રવ્યને આધારે પમાય, દ્રવ્યને આધારે પ્રાપ્ત કરાય અને દ્રવ્યને આધારે પહોંચાય. '**એવા અર્થો તે ગુણો છે,...**' વ્યાખ્યા બધી આપણે ગુણ, પર્યાય અને દ્રવ્યમાં વિશેષ આવી ગઈ. આને ગુણો કહેવામાં આવે છે.

શું કહ્યું ઈ? કે આત્મામાં જ્ઞાન-દર્શન-ચારિત્ર છે એને આશ્રય તરીકે, આધાર તરીકે દ્રવ્ય છે તેથી તે પમાય છે. અને એ જે ગુણો છે તેના વડે, આશ્રયભૂત દ્રવ્યો વડે પમાય છે. આશ્રયભૂત ગુણો ત્યાં એનો આધાર જે દ્રવ્ય તેના વડે પમાય છે. દ્રવ્યોને આશ્રય તરીકે પામે છે અને દ્રવ્યોના આશ્રયભૂત તરીકે પમાય છે એને ગુણ કહેવામાં આવે છે. આ તો ભાષા પણ યાદ રહે નહિ આમાં. બહુ ટૂંકી અને ઘણી સરસ અને ઘણી સરળ. હવે એને કાંઈ...

અરે..! રખડતા આત્માને ચોર્યાસીના અવતારમાં દુઃખી, દુઃખી છે એ. ચાહે તો શેઠિયાના અવતાર હોય, ચાહે તો રાંકાના હોય, ચાહે તો નરકના હોય, ચાહે તો સ્વર્ગના હો. એ દુઃખી છે. આત્માના આનંદની એને પ્રાપ્તિ નથી. એ દુઃખથી મુક્ત થવું હોય એને આવું દ્રવ્ય-ગુણ-પર્યાયનું જ્ઞાન કરવું. દુઃખથી મુક્તની વ્યાખ્યા આવે છે કે નહિ બધી? સમજાણું કાંઈ? આમ કરે તો એને એમ થાય કે મારા ગુણો પરથી મળશે અને પરમાં ગોતું તો મળશે (એમ). નહિ થાય. મારા ગુણો મારા દ્રવ્યમાં ગોતું તો મળશે. સમજાણું કાંઈ?

હવે પર્યાય. વધારે તો દ્રવ્ય અને પર્યાયની વાત છે. ગુણો તો સામાન્ય તરીકે.. નિરાશ્રય ગુણા ગુણા આવે છે ને. દ્રવ્યાશ્રયા ગુણા. દ્રવ્યને આધારે ગુણ છે. દ્રવ્યને આધારે ગુણ મળશે અને ગુણ વડે દ્રવ્ય મળશે. કેમકે એનો આધાર દ્રવ્ય છે. ગુણ વડે દ્રવ્ય પ્રાપ્ય છે. દ્રવ્યો વડે ગુણ મળશે એમ. દ્રવ્યો વડે ગુણ મળશે. દ્રવ્યો વડે ગુણ મળશે. એમાં ગુણ છે તો દ્રવ્યો વડે મળશે. હવે પર્યાય. જુઓ! એ આવ્યું. આમાં આવ્યું. '**જેઓ દ્રવ્યોને ક્રમપરિણામથી પામે—**' શું કહે છે? જે કોઈ આત્મા ને પરમાણુ દ્રવ્ય છે એ ક્રમપરિણામથી પર્યાયને પામે. પર્યાયને ક્રમપરિણામથી પામે, ક્રમપરિણામથી પામે. આત્મા છે એ ક્રમપરિણામથી પર્યાયને પામે, પરમાણુ છે એ ક્રમપરિણામથી પર્યાયને રંગ, ગંધ, રસની પામે. આહા..હા..! હજી પહેલું પામેની વાત છે.

'**જેઓ દ્રવ્યોને...**' પર્યાય હોં! '**ક્રમપરિણામથી પામે...**' દ્રવ્યોને ક્રમપરિણામથી પામે, ક્રમપરિણામથી પ્રાપ્ત કરે અને ક્રમપરિણામથી પહોંચે. '**અથવા જેઓ દ્રવ્યો વડે ક્રમપરિણામથી પમાય...**' એ આત્માથી ક્રમપરિણામથી પર્યાય પમાય. આહા..હા..! દ્રવ્યોને ક્રમપરિણામથી પામે, એ પર્યાય દ્રવ્યોને, પોતે પણ પર્યાય દ્રવ્યોને ક્રમપરિણામથી પામે અને દ્રવ્યો વડે ક્રમપરિણામથી પમાય. ભાષા ભારે ટૂંકી!

મુમુક્ષુ :- હજી ... આવશે.

ઉત્તર :- હા, એ આવે છેને, સોનાનો દાખલો. સોનાનો દાખલો આપીને સિદ્ધ કરશે. અગ્નિ અને લાકડાનો દાખલો આપીને કરશે. બે એક નથી. એક જેવા દેખાય છે. એમ અહીંયા દ્રવ્ય-ગુણ-પર્યાય સ્વતંત્ર પોતાના છે, પરને લઈને નથી. પર પણ તેના દ્રવ્ય-ગુણ-પર્યાયને લઈને છે, આને લઈને એ નથી. ઓહો..હો..! આવી સ્વતંત્ર વસ્તુ, છતાં એટલા વાદ-વિવાદને ગોટા, શાસ્ત્રના આધાર. ત્યાં કહે વ્યવહાર છે ને આ નિમિત્તથી થાય, બે કારણે થાય. એ તો એક બીજી ચીજ છે એવું ત્યાં જણાવ્યું છે. આ રીતે સિદ્ધ કરે ત્યારે બીજી એક ચીજ છે એનું જ્ઞાન કરાવવા એ ચીજ કીધી છે. એને ઠેકાણે એને લઈને થાય તો આ વાત ખોટી પડે. આ ખોટી પડવા ત્યાં નિમિત્તની વાત કરી છે એને? એ વખતે બીજી ચીજ એને અનુકૂળ હોય છે એવું જ્ઞાન કરાવવા બીજી ચીજનું સ્વપરપ્રકાશક જ્ઞાનનો સ્વભાવ છે એમ બતાવ્યું છે. એ પામે છે સ્વપરપ્રકાશકની પર્યાય પોતાને લઈને, નિમિત્તને લઈને નહિ. ત્યારે કહે, એકરૂપ અવસ્થા કેમ નથી? એ તો ક્રમ પરિણામ છે તો એકરૂપ અવસ્થા હોય નહિ દ્રવ્યની. સમજાણું કાંઈ?

'**જેઓ દ્રવ્યોને ક્રમપરિણામથી પામે—**' દેખો! વસ્તુને ક્રમપર્યાયથી દ્રવ્ય પામે, પહોંચે, જાય. '**અથવા જેઓ દ્રવ્યો વડે ક્રમપરિણામથી (ક્રમે થતા પરિણામને લીધે) પમાય—**' દ્રવ્યો વડે ક્રમપરિણામથી પમાય. ક્રમે-ક્રમે પમાય. દ્રવ્યમાં એકસાથે પામવા જાય અનંતા ગુણની પર્યાય તો આવે નહિ. આ તો વસ્તુના, ભગવાનના એકડા છે આ તો. એક થી દશ જેમ મૂળ સંખ્યામાં એકડા છે, પછી અગિયાર, બાર, તેર, લાખ, કરોડ, બધા આંકડા ગણો તો એક અને દશની અંદર હોય. છપ્પન લાખ સત્તાવન હજાર ત્રણસો ને ત્રેપન. પણ એમાં એ દશ આંકડા સિવાય અગિયારમો આંકડો આવ્યો આમાં? આંકડા તો એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ, સાત, આઠ, નવ અને મીંડું. બસ. એમ આ આખી ભગવાને કહેલી જગતની વ્યવસ્થામાં, દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણમાં બધું આવી જાય છે આ. આહા..હા..! સમજાણું કાંઈ? સંખ્યામાં જેમ દશમાં આવી જાય છે, એમ વસ્તુની વ્યવસ્થા ત્રણમાં આવી જાય છે.

અહીં એને ગોતવા જાવું પડે? ધર્મ કરવો તો પરથી થાતો હશે? કહે છે કે ધર્મની પર્યાયને પ્રાપ્ત દ્રવ્ય કરે છે અને ક્રમપરિણામથી દ્રવ્ય પોતે પરિણમે છે. ક્રમપરિણામથી દ્રવ્ય પોતે

પરિણમે છે, કાંઈ દ્રવ્ય-ગુણનું પરિણમન પરને લઈને છે નહિ. એ દ્રવ્ય પોતે ક્રમપરિણામે પરિણમે છે. સમજાણું કાંઈ? એટલે પહેલી પર્યાય આવી હતી અને બીજી પણ એ રૂપે ક્રમે પોતે પરિણમે છે દ્રવ્ય. પરને લઈને છે એમ છે નહિ. ત્યારે ફેર પડે છેને? અમે ઘરે હતા ત્યારે આવું જ્ઞાન નહોતું અને અહીં આવીએ ત્યારે આ જ્ઞાન થાય છે એ ફેર નથી? આને લઈને આવતું નથી? શબ્દને લઈને? ભગવાનજીભાઈ! કહો, ત્યાં મોમ્બાસામાં રહ્યા હોય તો આ જ્ઞાન હોય અત્યારે આવું? એની દુનિયામાં નહિ. અહીં તો બીજું કહેવું છે કે અહીં આવ્યા માટે આ જ્ઞાનની પર્યાય આને લઈને થઈ અને ત્યાં બીજી થઈ હતી એટલે બીજાને લઈને એમ હતું નહિ. ઘણાં એમ કહે છેને, આપણે ત્યાં શું કરવા જઈએ છીએ? બાપુ! એ તો જવાનો યોગ હોય તો જાય, પણ એની પર્યાયને તે દ્રવ્ય ક્રમે પામે છે. એનું ક્રમપરિણમન છે તે દ્રવ્યથી પમાય છે, નિમિત્તથી પમાતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'જેઓ...' એટલે પર્યાયો. '**દ્રવ્યોને ક્રમપરિણામથી પામે—પ્રાપ્ત કરે—પહોંચે છે...**' દ્રવ્યોને પર્યાય હોં! અને '**જેઓ દ્રવ્યો વડે...**' દ્રવ્યો વડે '**ક્રમપરિણામથી પમાય...**' એ પોતાના '**દ્રવ્યો વડે ક્રમપરિણામથી પમાય—પ્રાપ્ત કરાય—પહોંચાય છે એવા અર્થો તે પર્યાયો છે.**' લ્યો! દ્રવ્યને અર્થ સિદ્ધ કર્યો, ગુણને અર્થ સિદ્ધ કર્યો અને પર્યાયને અર્થ સિદ્ધ કર્યો. પચાસ મિનિટ તો થઈ એમાં. આમાં બે લીટી ચાલી. એ દ્રવ્ય અને ગુણમાં વસ્તુ છેને આખી. સમજાણું કાંઈ? આહા..હા..! કહો, શેઠી! ખ્યાલ આવે છે કે નહિ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, પૂછે તો આવવું જોઈએને. તો આ આવ્યું કહેવાય. ભીખાભાઈ કહે, જરી લોચો વળે છે એમ કહે વળી પાછા. સમજાય છે પણ લોચો વળે છે. લોચો વળી જાય? ભીખો છું એમ નામ આવતા કાંઈ લોચો વળી જાય? ભીખો છે એ રાજા છું એમ થઈ જાય છે? આહા..હા..! અરે..! એણે ઘરને જોયું નથી, એણે પરને જોયું નથી. જોવાની કળા જ આવડતી નથી એમ ભગવાન તો કહે છે. આહા..હા..!

ભાઈ! તું તો દ્રવ્યેથી, દ્રવ્યો વડે તારી પર્યાય મળે છે, દ્રવ્યો વડે પમાય છે, દ્રવ્યો વડે પહોંચે છે, દ્રવ્યો વડે પર્યાયમાં જવાય છે. પર વડે પર્યાયમાં જવાતું નથી. આહા..હા..! અરે..! વિકારી પર્યાય પણ દ્રવ્યો વડે પમાય છે એમ કહે છે. એ કર્મના ઉદયને લઈને વિકાર પમાય છે એમ વસ્તુમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? જ્ઞાનાવરણીયને લઈને જ્ઞાન ઢંકાણું. એ તો નિમિત્તનું કથન છે. જ્ઞાનની પર્યાયની હીણી અવસ્થાને દ્રવ્ય પ્રાપ્ત કરે છે. આહા..હા..! બહુ સીધો માર્ગ છે, પણ હવે વાદવિવાદે ચડાવી દીધો છેને. આના આ લખાણ છે. પણ આ બધા લખાણ છે. પણ આ લખાણને છોડીને-ખોટા પાડીને લખાણ ન હોય. સમજાણું કાંઈ?

હવે એનો દાખલો આપે છે. સોનાનો. સોનાનો દાખલો આપીને એ દ્રવ્ય-ગુણ-પર્યાયને સિદ્ધ કરે છે. **'જેમ દ્રવ્યસ્થાનીય (-દ્રવ્ય સમાન, દ્રવ્યના દૃષ્ટાંતરૂપ)...'** દ્રવ્ય એટલે વસ્તુ. વસ્તુ જે છે આત્મા, પરમાણુ આદિ છ દ્રવ્ય એના સ્થાનમાં સુવર્ણ ગણવું અત્યારે. સોનું. એ **'સુવર્ણ પીળાશ વગેરે ગુણોને અને કુંડળ વગેરે પર્યાયોને પામે—'** એ સોનું પીળાશ વગેરે ગુણને, કુંડળ વગેરેને પામે. એ સોનું પોતાની પર્યાયને પ્રાપ્ત કરે અને પહોંચે છે. સોની નહિ. એ કુંડળ અને કડાની પર્યાયને સોનું પ્રાપ્ત કરે, સોની નહિ. સોની તો પરદ્રવ્ય છે.

મુમુક્ષુ :- એ ટીપે ત્યારે થાયને.

ઉત્તર :- ટીપે કોણ? એની ટીપવાની પર્યાયને પ્રાપ્ત થતો એનો પરમાણુ કરે છે એમાં. અહીં જે પર્યાય કુંડળની થાય છે એને દ્રવ્ય પ્રાપ્ત કરે છે, સોનું પ્રાપ્ત કરે છે. સોનું કુંડળની પર્યાયને પ્રાપ્ત કરે છે. ભારે વાત ભાઈ!

મુમુક્ષુ :- શેઠિયા પણ પ્રાપ્ત કરે છે.

ઉત્તર :- ધૂળેય નથી શેઠિયા પ્રાપ્ત કરતા. શેઠિયા ક્યાં ગયા? શેઠ એટલે શું કહેવું? આત્મા શેઠ પણ નથી અને રાંકો પણ નથી. આત્મા તો પોતાના ગુણ-પર્યાયમાં છે. આહા..હા..!

કહો, સોનું સમજાય છે કે નહિ? સોનું છેને? એ પીળાશ-ચીકાશ એના ગુણ છે અને કુંડળ-કડા-વીંટી એની પર્યાય છે. એ પોતે દ્રવ્ય પોતાના ગુણ-પર્યાયને પ્રાપ્ત કરે છે. પણ સોની ને હથોડી વિના કુંડળની પર્યાય થાય? અહીં કહે છે કે સુવર્ણ ન હોય તો ન થાય, ઓલા ન હોય તો થાય. ભારે વાતું આકરી! સોનું દ્રવ્ય છે વસ્તુ. સ્થૂળપણે વર્ણવવું છેને આ તો. એ સોનું છે પીળાશ, ચીકાશ, વજનને પ્રાપ્ત કરે, પહોંચી જાય અને એની કુંડળ અવસ્થાને સોનું પહોંચે. આમ દ્રવ્ય પોતે પહોંચે છે. સોનું પોતે કુંડળની પર્યાયને પ્રાપ્ત કરે છે. એ કુંડળની પર્યાયને... સમજાય છે કાંઈ? પરને લઈને પ્રાપ્ત થતું નથી. તેમ કુંડળની પર્યાય સોનીને પામતું નથી. કુંડળની પર્યાય સોનીને પામતું નથી. સોનીની અવસ્થાને કુંડળની પર્યાય પામતું નથી. કહો, નેમિદાસભાઈ! આહા..હા..! ભારે!

**'સુવર્ણ પીળાશ વગેરે ગુણોને અને કુંડળ વગેરે પર્યાયોને પામે—પ્રાપ્ત કરે—પહોંચે છે અથવા (સુવર્ણ) તેમના વડે (-પીળાશ વગેરે ગુણો અને કુંડળ વગેરે પર્યાયો વડે) પમાય—'** એની પર્યાય વડે આ સોનું છે એમ જણાય. એના ગુણ પર્યાય વડે આ સોનું એમ લક્ષમાં આવે. પમાય-પમાય એટલે પ્રાપ્ત થાય કે આ સોનું છે. એના ગુણ-પર્યાય વડે સોનું પ્રાપ્ત થાય? કે કો'કના વડે સોનું પ્રાપ્ત થાય?

મુમુક્ષુ :- એની ડાબલી વડે.

ઉત્તર :- ડાબલી વડે નહિ અને એના સમજણના જ્ઞાન વડે નહિ. જ્ઞાન એણે કર્યુંને (કે) સોળવલું સોનું છે, માટે એના વડે સોળવલું પમાણું એમ નથી. સોળવલાની પર્યાય દ્રવ્યને પામે છે અને દ્રવ્ય વડે સોળવલાની પર્યાયને પામે છે. સોળવલું સોનું સુવર્ણને બતાવે

છે અને સુવર્ણ સોળવલાની પર્યાયને પ્રાપ્ત થાય છે. આહા..હા..! ભારે! સમજાણું કાંઈ? આવું શું કરવા કીધું હશે ભગવાને? ભાઈ! જેવું દ્રવ્ય છે, જેવો ગુણ છે એવી પર્યાય તારા જ્ઞાનમાં લેવી છે કે નહિ? અને તારું જ્ઞાન સમ્યક્ ન થાય તો તારા જ્ઞાનને શાંતિ આવશે નહિ. મિથ્યાજ્ઞાનમાં દુઃખ રહેશે, પરાધીનતા થશે. વસ્તુની સ્થિતિ છે તેનું જ્ઞાન ન કરે, મિથ્યાજ્ઞાન કરે તો દુઃખ થશે અને મિથ્યાદષ્ટિપણાનું દુઃખ વેદવું પડશે. સમજાણું કાંઈ?

કહે છે, '**સુવર્ણ વડે પમાય...**' સમજાણું? '**પ્રાપ્ત કરાય-પહોંચાય છે તે દ્રવ્યસ્થાનીય સુવર્ણ 'અર્થ' છે,...**' લ્યો! દ્રવ્યના ઠેકાણે તેને સુવર્ણ કહેવામાં આવે છે. '**જેમ પીળાશ વગેરે ગુણો સુવર્ણને આશ્રય તરીકે પામે—**' છે. લ્યો! આ ગુણની વ્યાખ્યા. '**જેમ પીળાશ વગેરે ગુણો સુવર્ણને આશ્રય તરીકે...**' છે. સોનાના આધાર તરીકે છે, સોનાના આધાર તરીકે છે, સોનીના આધાર તરીકે નથી. સોનાના ગુણો સોનાના આધાર તરીકે છે. સોનાના ગુણો સોનીને આધાર તરીકે નથી. '**જેમ પીળાશ વગેરે ગુણો સુવર્ણને આશ્રય તરીકે પામે—પ્રાપ્ત કરે—પહોંચે છે અથવા (તેઓ)...**' એટલે ગુણો '**આશ્રયભૂત સુવર્ણ વડે પમાય—**' એ જેનો આધાર ગુણનો સુવર્ણ છે એ વડે ગુણ જણાય, એ વડે ગુણની હયાતી સિદ્ધ થાય છે. આધારભૂત સુવર્ણને લઈને ગુણની સિદ્ધિ-હયાતી થાય છે. સમજાણું કાંઈ? એ ગુણની હયાતી પરને લઈને સિદ્ધ થતી નથી. '**તેથી પીળાશ વગેરે ગુણો 'અર્થ' છે,...**' એ ગુણની વ્યાખ્યા કરી.

હવે '**જેમ કુંડળ વગેરે પર્યાયો સુવર્ણને ક્રમપરિણામથી પામે—**' શું કહે છે? પર્યાયો સોનાને ક્રમપર્યાયથી પામે. એ કુંડળ, વીંટી વગેરે અવસ્થાઓ સુવર્ણને એટલે દ્રવ્યને ક્રમપરિણામથી પામે. એક સમયની ક્રમ ક્રમ પરિણામથી સોનાને પામે. એકસાથે બધી પર્યાયો થઈને સોનાને પામે એમ નહિ. ગુણો એકસાથે હોય, પર્યાય ક્રમસર હોય. ભારે વાત છે. ઓહો..! '**જેમ કુંડળ વગેરે પર્યાયો સુવર્ણને ક્રમપરિણામથી પામે—પ્રાપ્ત કરે—પહોંચે છે અથવા (તેઓ) સુવર્ણ વડે ક્રમપરિણામથી પમાય—**' સોના વડે એના કુંડળ આદિ પર્યાય પમાય, સોના વડે એની પર્યાયને પમાય. સોની વડે અને હથોડી વડે કુંડળ આદિ પર્યાય પમાય નહિ. આહા..હા..! એ લોટ વડે કરીને રોટલી પમાય એમ કહે છે. અને રોટલીની પર્યાયથી આ લોટ છે એમ સિદ્ધ થાય છે. આ રોટલીની પર્યાય થઈ માટે અહીં સ્ત્રી સિદ્ધ છે, તાવડી સિદ્ધ છે એમ સિદ્ધ થતું નથી. આ તો એક સિદ્ધાંત છેને આખો. આ તો બધા દાખલા છે. સોનાનો દાખલો આપ્યો, એમ એ દાખલો. રાડેરાડ પાડે છે હોં! અરે..! કર્મને લઈને વિકાર થાય હોં! એ ભૂલી જાવ છો. કર્મને લઈને વિકાર ન થાય તો કર્મ સ્વભાવ થઈ જશે. સાંભળને! વિકારની પર્યાયને દ્રવ્ય પ્રાપ્ત કરે અને વિકાર વડે દ્રવ્ય લક્ષમાં આવે, સિદ્ધ થાય. એ વિકાર વડે જડ સિદ્ધ થાય છે? કર્મનો ઉદય સિદ્ધ થાય છે? ભાઈ! શું કીધું? વિકાર છે એનાથી દ્રવ્ય સિદ્ધ થાય છે કે આ દ્રવ્ય જીવ છે. એ વડે કર્મનો ઉદય છે એમ સિદ્ધ થાય છે?

સમજાણું કાંઈ? અને ઉદય છે તે પોતાની પર્યાયને કરે છે, આના વિકારની પર્યાયને એ સિદ્ધ કરે છે? કર્મનો ઉદય છે એ કર્મના ઉદયની સિદ્ધિ દ્રવ્યને લઈને સિદ્ધ છે. એ એની પર્યાય તો એના દ્રવ્યને સિદ્ધ કરે છે કે આ કર્મ રજકણ જડ છે. પણ એ વિકાર છે એવું અહીં સિદ્ધ કરતા નથી. સમજાણું કાંઈ?

'**સુવર્ણ વડે ક્રમપરિણામથી પમાય—**' લ્યો! અથવા સુવર્ણ વડે એમ. '**સુવર્ણ વડે ક્રમપરિણામથી પમાય—પ્રાપ્ત કરાય—પહોંચાય છે તેથી કુંડળ વગેરે પર્યાયો અર્થો છે, તેમ અન્યત્ર પણ છે...**' અન્યત્ર એટલે આ બધા દાખલા જેટલા લોટના છે એ બધા. '**(અર્થાત્ આ દૃષ્ટાંતની માફક સર્વ દ્રવ્ય-ગુણ-પર્યાયોમાં પણ સમજવું).**' એનું વિશેષ આવશે. દાખલામાં આવશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર સુદ ૩, શનિવાર, તા. ૨૩.૧૧.૧૯૬૮**
**ગાથા-૮૭-૮૮, પ્રવચન-૭૫**

૮૭ ગાથા. જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન, પ્રવચનસાર.

'**ભાવાર્થ :— ૮૬મી ગાથામાં કહ્યું હતું કે જિનશાસ્ત્રોનો સમ્યક્ અભ્યાસ...**' જિનશાસ્ત્રોનો સમ્યક્ અભ્યાસ—સાચો અભ્યાસ, '**મોહક્ષયનો ઉપાય છે. અહીં તે જિનશાસ્ત્રોમાં પદાર્થોની શી રીતે વ્યવસ્થા કહી છે તે સંક્ષેપમાં દર્શાવ્યું છે. જિનેન્દ્રદેવે કહ્યું છે કે—**' જે કાંઈ જગતના પદાર્થો છે એ '**દ્રવ્યો, ગુણો અને પર્યાયો એ સિવાય વિશ્વમાં બીજું કાંઈ નથી.**' એટલે શું કહ્યું? જે કાંઈ જગતના પદાર્થો, અનંત આત્માઓ, પરમાણુઓ, કાળાણુ વગેરે એ વસ્તુ દ્રવ્ય, ગુણ અને પર્યાય સિવાય ચોથી ચીજ નથી. વસ્તુમાં ત્રણ પ્રકાર છે. દ્રવ્ય વસ્તુ, એની શક્તિ, એની વર્તમાન દશા. એ સિવાય કોઈ ચીજ ચોથી હોઈ શકે નહિ.

'**દ્રવ્યો, ગુણો અને પર્યાયો એ સિવાય વિશ્વમાં બીજું કાંઈ નથી. વળી એ ત્રણમાં, ગુણો અને પર્યાયોનો આત્મા (-તેમનું સર્વસ્વ) દ્રવ્ય જ છે.**' શું કીધું? વિસ્તારથી આવી ગયું છે કાલે આપણે. કે દ્રવ્ય જે વસ્તુ છે એ જ પોતાના ગુણ-પર્યાયને પ્રાપ્ત કરે છે. સમજાણું કાંઈ? કોઈની પર્યાય કોઈથી પ્રાપ્ત થાય અને કોઈની પર્યાય કો'કને પ્રાપ્ત કરાવે એવું વસ્તુના સ્વરૂપમાં નથી. સમજાણું કાંઈ? કેમકે વસ્તુ ત્રણ ભાગથી સત્‌રૂપે વહેંચાયેલી છે. દ્રવ્ય સત્, ગુણ સત્ અને પર્યાય સત્. એટલે ત્રણ સત્‌પણે છે એટલે એનું

દ્રવ્ય જે છે એ જ એના ગુણને, પર્યાયને પ્રાપ્ત કરે છે અથવા દ્રવ્ય છે તે એની પર્યાયને પામે છે. એ દ્રવ્ય તે એની વર્તમાન અવસ્થાને પામે છે. એની વર્તમાન અવસ્થાને ત્રણ કાળમાં જે ક્ષણે ક્ષણે અવસ્થા જ્યાં જ્યાં થાય તેને તે દ્રવ્ય જ તે પર્યાયને પામે છે. તે પર્યાયને બીજું પમાડે છે કે બીજાની પર્યાયને બીજું પમાડે છે એવું વસ્તુની સ્થિતિમાં નથી. સમજાણું કાંઈ? દાખલા તો કાલે ઘણા અપાઈ ગયા હતા, નહિ?

'**ગુણો અને પર્યાયોનો આત્મા દ્રવ્ય જ છે. આમ હોવાથી...**' શું કહે છે? વસ્તુની શક્તિ અને અવસ્થા તે વસ્તુ જ છે. વસ્તુની શક્તિ આત્મા, એની શક્તિ જ્ઞાન દર્શન, અવસ્થા-હાલત તે દ્રવ્ય જ છે એટલે વસ્તુ જ છે. '**આમ હોવાથી કોઈ દ્રવ્યના ગુણો અને પર્યાયો અન્ય દ્રવ્યના ગુણો અને પર્યાયોરૂપે અંશે પણ થતા નથી,...**' પ્રત્યેક પદાર્થ વર્તમાનમાં પોતાના અંશરૂપી પર્યાયને પોતે પોતાથી પામે છે. કહો, બરાબર છે? '**કોઈ દ્રવ્યના ગુણો અને પર્યાયો અન્ય દ્રવ્યના ગુણો અને પર્યાયોરૂપે અંશે પણ થતા નથી,...**' એટલે કે દ્રવ્ય પોતાની પર્યાયને પામે છે એટલે પોતાના અંશને દ્રવ્ય પામે છે. બીજાના અંશથી અંશ પામે છે કે આ અંશથી બીજાની પર્યાયના અંશને પામે છે એમ નથી. કારણ કે એ પણ એના અંશને પ્રાપ્ત છે, આ પણ એના પોતાના અંશને પ્રાપ્ત છે. એટલે કે દ્રવ્ય પોતે વર્તમાન પર્યાયરૂપી કાર્યને પોતે પ્રાપ્ત કરે છે. દરેક આત્મા અને દરેક પરમાણુ, વર્તમાન પર્યાયરૂપી કાર્યને એ દ્રવ્ય પોતે જ કાર્યને પહોંચી વળે છે. એ કાર્યને પહોંચી વળવામાં બીજા દ્રવ્યની, બીજાના ગુણની, પર્યાયની જરૂર નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હો, તો એ તો નિમિત્ત છે, બીજી ચીજ છે. એથી શું? ભલે હો તો એ એને કારણે છે. બીજી ચીજ પણ એના કાર્યને ઈ પહોંચી વળે છે. આના કાર્યને એ બીજું દ્રવ્ય પહોંચી વળે છે એમ છે નહિ. કહો, સમજાય છે કાંઈ?

આત્મા સમ્યગ્દર્શનની પર્યાયને પ્રાપ્ત કરે એ પોતે દ્રવ્ય પ્રાપ્ત કરે છે. નિમિત્ત છે કર્મનો અભાવ આદિ, એ એને પ્રાપ્ત કરાવતું નથી. તેમ વિકલ્પ છે રાગ એ પણ એને (પ્રાપ્ત કરાવતું નથી). કારણ કે દ્રવ્ય પર્યાયને પ્રાપ્ત કરે છે, પર્યાય પર્યાયને પ્રાપ્ત કરે છે એમ નથી. સમજાણું કાંઈ? ત્રણ કાળના જેટલી વસ્તુ છે એ દ્રવ્ય, ગુણ અને પર્યાયમાં સમાઈ જાય છે. ખલાસ. એના સત્‌નો વિસ્તાર ત્રણમાં છે. સમજાણું કાંઈ? જે કાંઈ ચીજ છે એ દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણમાં સમાયેલી છે. ત્રણ સિવાય ચોથી ચીજ નથી. દ્રવ્ય એટલે વસ્તુ, ગુણ એટલે એનો સ્વભાવભાવ-શક્તિ—ગુણ અને એની હાલત વર્તમાન કાર્ય. બસ, ત્રણમાં એનું પૂરું સત્ સમાઈ જાય છે. કહો, શેઠી! હવે આ ધંધાની પર્યાયને પ્રાપ્ત કોણ કરે? હીરા, માણેકની પર્યાયો આમ થાય એના કાર્યને કોણ પ્રાપ્ત કરે?

મુમુક્ષુ :- હીરો પ્રાપ્ત કરે છે.

ઉત્તર :- હીરો પ્રાપ્ત કરે તો મીઠાલાલ કરે શું અંદર? કહો, સમજાય છે કાંઈ?

જેટલા દ્રવ્યો છે એ ત્રણ પ્રકારમાં સમાયેલા છે. એને ચોથો બોલ હોઈ શકતો નથી. બસ, ત્યારે એ દ્રવ્ય પોતાના ગુણને અને પર્યાયને પ્રાપ્ત કરે તો એ પર્યાય છે એ એની પર્યાયને પણ પ્રાપ્ત કરે એમ નથી એમ કહે છે. એ પર્યાય બીજી પર્યાયને પ્રાપ્ત કરે એમ પણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એક ગુણની પર્યાય...

ઉત્તર :- એક ગુણની પર્યાય એ પર્યાયને, એક ગુણની એક નિર્મળ પર્યાય અને એક મલિન પર્યાય બે પર્યાય છે, તો મલિન પર્યાય નિર્મળ પર્યાયને પ્રાપ્ત કરે એમ છે જ નહિ. સમજાય છે કાંઈ? દ્રવ્ય પર્યાયને પ્રાપ્ત કરે એમાં આખો સિદ્ધાંત છે. અને એ દ્રવ્ય, ગુણ ને પર્યાય ત્રણમાં એનું સત્‌નું સર્વસ્વ સમાપ્ત થઈ જાય છે. સમજાણું કાંઈ? ભગવાન સર્વજ્ઞથી પણ અહીં પર્યાયની પ્રાપ્તિ થાય એમ ના પાડે છે. શેઠી!

મુમુક્ષુ :- આગમથી ..

ઉત્તર :- એ આગમથી કહ્યું એ પરંપરાથી કહ્યું છે. ..થી નથી. આગમથી જાણે અને એ જ્ઞાનની અવસ્થાનું લક્ષ છે અને એ જ્ઞાનમાં એમ કહેવામાં આવ્યું હતું કે તારા દ્રવ્યથી તારી પર્યાય પ્રાપ્ત થાય એમ એમાં જ્ઞાનમાં કહેવામાં આવ્યું હતું. સમજાણું કાંઈ? એમાં એમ કહેવામાં આવ્યું હતું. આગમ શબ્દે ખરેખર તો એના જ્ઞાનનો પર્યાય છે. ઓલું દ્રવ્ય આગમ છે એ નિમિત્ત છે અને નિમિત્તથી પણ અહીં જ્ઞાન થતું નથી અને જ્ઞાન નિમિત્તથી જે પોતાથી પોતાનું થયું એ પણ પર્યાયને દ્રવ્યે પ્રાપ્ત કરી છે. દ્રવ્ય તે પર્યાયને પહોંચી વળ્યું છે. દ્રવ્ય તે પર્યાયને પામે છે, દ્રવ્ય તે પર્યાયમાં ગયું છે. એ પૂર્વનો જ્ઞાનપર્યાય એ પર્યાયમાં આવ્યો નથી. શાસ્ત્રનો પર્યાય તો આવ્યો નથી, પણ શાસ્ત્રના પર્યાયે જે જ્ઞાનનું લક્ષ, જ્ઞાનપણું અંદર આવ્યું એ પણ દ્રવ્યથી આવે ત્યારે એ પર્યાય પણ કામ કરતી નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કહીએ છીએને ફરીને.

વસ્તુ છે ચૈતન્યદ્રવ્ય. એની વર્તમાન પર્યાયમાં શાસ્ત્રનું નિમિત્ત અને જ્ઞાનનો પર્યાય પોતાથી થયો. એ જ્ઞાનનો પર્યાય પણ આમ નિમિત્તના લક્ષે થયેલો છે એ પર્યાય પણ (પર)દ્રવ્યથી પ્રાપ્ત થઈ નથી ખરેખર. સમજાણું કાંઈ? એટલે પર્યાયમાં વિકાર જે દેખાણો એ ખરેખર દ્રવ્યનો ભલે અંશ છે પણ ખરેખર દ્રવ્ય પર્યાયને પ્રાપ્ત કરે ઓલી પર્યાયનું લક્ષ છોડી દઈને. સમજાણું કાંઈ? એ દ્રવ્ય પોતે પોતાની પર્યાયને પ્રાપ્ત કરે, દ્રવ્યમાંથી પર્યાય આવે, દ્રવ્ય પ્રાપ્ત એને કરે. નિમિત્તને પામીને પર્યાય પ્રાપ્ત કરે એવું વસ્તુમાં નથી. સમજાણું કાંઈ? કહ્યુંને, કાલે તો બહુ કહ્યું હતું. પચાસ મિનિટ થઈ હતી.

વસ્તુ છે એ વસ્તુ પોતે ગુણ અને પર્યાયરૂપ છે. થયું? ત્યારે હવે એની પર્યાયને પ્રાપ્ત

કોણ કરે? નિમિત્ત પ્રાપ્ત કરે? નિમિત્ત પણ એ પરમાણુ જે વાણી છેને વાણી વીતરાગની, એ વાણી પણ એની પર્યાયને એ પરમાણુ પ્રાપ્ત કરે છે. એ વાણી-પર્યાય એની પર્યાયને પ્રાપ્ત કરે, આની પર્યાયને પ્રાપ્ત કરતું નથી.

મુમુક્ષુ :- નિમિત્ત હોય તો ખરુંને.

ઉત્તર :- એ હોય ભલે એની સાથે, એને લઈને પ્રાપ્ત થયું નથી. અહીં તો એથી વિશેષ વાત જરી કહેવી છે.

એમાં જે વિકાસ નિમિત્તને લક્ષે થયો એ પણ વાસ્તવિક પર્યાયની પ્રાપ્તિ (બીજા) દ્રવ્યથી નથી. સમજાણું કાંઈ? વાસ્તવિક તો દ્રવ્ય પોતે પર્યાયને પ્રાપ્ત કરે ત્યારે નિર્મળ ને મલિનનો અંશ જે હોય એ પોતે દ્રવ્ય પોતે એને પ્રાપ્ત કરે. એનો અર્થ એ થયો કે જે નિમિત્તથી તો પર્યાય થઈ નથી, પણ વિકલ્પ જે થયો એનાથી તે કાળે નિર્મળની પર્યાય, તે પર્યાયથી પ્રાપ્ત થઈ નથી. દ્રવ્યથી પર્યાય પ્રાપ્ત થઈ છે. સમજાણું કાંઈ? એ પર્યાય ભલે વિકારી પણ દ્રવ્યથી પ્રાપ્ત થઈ, પણ એ સમયે નિર્મળ છે એ પર્યાય વિકલ્પથી પ્રાપ્ત થઈ નથી, દ્રવ્યથી પ્રાપ્ત થઈ છે. કાલે તો કહેવાઈ ગયું છે ઘણું. કહો, સમજાણું? વખત ગયો એટલે ભૂલી જવાય? હીરા, માણેકને બધા કેટલા વર્ષ યાદ રાખે છે? અહીં ભાવનગર ગયા હતા, ફલાણે ગયા હતા, જૂના જાણીતા હતા, મળવા જાવું છે. યાદ રહે છે કે નહિ એનું? સામા હોય તો યાદ રહે એમ કહે છે. કોણ .. દે? આહા..હા..!

કહે છે કે બીજા દ્રવ્યની પર્યાયને તે દ્રવ્ય પ્રાપ્ત કરે છે. ત્યારે આ દ્રવ્યની પર્યાયને આ દ્રવ્ય પ્રાપ્ત કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવું જ્યાં જ્ઞાન સમ્યક્ થાય ત્યારે તો તેનો જ્ઞાનપર્યાય પણ દ્રવ્યથી પ્રાપ્ત થાય છે, દર્શનપર્યાય દ્રવ્યથી પ્રાપ્ત થાય છે, ચારિત્રની પર્યાય પણ દ્રવ્યથી પ્રાપ્ત થાય છે. સમજાય છે કાંઈ? ભાઈ!

મુનિને અથવા ચોથે ગુણસ્થાને દેવ-ગુરુ-શાસ્ત્રનો વિકલ્પ છે એને પણ દ્રવ્ય એને પામે છે. ઠીક! હવે એની સાથે જે સમ્યગ્દર્શનની, જ્ઞાનની પર્યાય છે એ પણ દ્રવ્ય તેને પામે છે. વિકલ્પ તેને પામે છે અને વિકલ્પથી પમાય છે એમ છે નહિ. સમજાણું કાંઈ? એમ ચારિત્રની ભૂમિકામાં વીતરાગી પર્યાય ચારિત્રની થઈ એ દ્રવ્ય તેને પામે છે, દ્રવ્ય તેને પામે છે. એ વખતે પંચ મહાવ્રતના વિકલ્પ ભલે હો, એને પણ દ્રવ્ય પામે છે, પણ પામવા છતાં વિકલ્પની પર્યાય નિર્વિકલ્પ ચારિત્રની પર્યાયને પામે છે એમ નથી. દાસ! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પર્યાયની પ્રાપ્તિમાં પર્યાય કારણ નહીં?

ઉત્તર :- નહિ. લ્યો! ઠીક! નિમિત્ત કારણ તો નહિ, બીજું તો નહિ, પણ એની પૂર્વની પર્યાય કારણ નહિ અને વર્તમાન વિકલ્પ છે એ પણ કારણ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

**'એ ત્રણમાં, ગુણો અને પર્યાયોનો આત્મા (-તેમનું સર્વસ્વ) દ્રવ્ય જ છે.'** એટલે કે એ પર્યાયની પ્રાપ્તિ તો દ્રવ્યથી છે. **'આમ હોવાથી કોઈ દ્રવ્યના ગુણો અને પર્યાયો અન્ય દ્રવ્યના ગુણો અને પર્યાયો રૂપે અંશે પણ થતા નથી,...'** આહા..હા..! સમજાણું કાંઈ? કેવળજ્ઞાનની પર્યાયપણે દ્રવ્ય પામે છે, કેવળજ્ઞાનની પર્યાયપણે દ્રવ્ય પામે છે. પૂર્વનો ચાર જ્ઞાનનો પર્યાય પણ એને લઈને આ પર્યાય પમાતી નથી. સમજાણું કાંઈ? ઉપાદાનમાં એમ કહેવાય કે પૂર્વની પર્યાયનો વ્યય થઈને નવી પર્યાય થાય. ઉપાદાન-ઉપાદેયની. આ તો આવી હતી જ બીજી વાત આ તો. ... ના, પૂર્વની પર્યાયથી ઉપાદેય થયું એમ પણ નહિ. એ તો દ્રવ્ય જ પોતે તે પર્યાયને સીધું પામે છે. દાસ! સમજાણું કાંઈ?

ધીમેથી, ધીરેથી ઓગાળવા જેવું છે. આ તો વસ્તુનું સ્વરૂપ જ એવું છે. સર્વજ્ઞનું પદાર્થ વિજ્ઞાન પાઠ છે આ. સર્વજ્ઞ પરમેશ્વરથી સિદ્ધ થયેલા પાઠનું વિજ્ઞાન. જ્ઞાન છેને? જ્ઞાનતત્ત્વ છે કે નહિ? વિજ્ઞાન પાઠ, પદાર્થનો વિજ્ઞાન પાઠ. નવનીતભાઈ! આહા..હા..! કહે છે કે આમાં ઘણા ગોટા નીકળી ગયા. કાલે ઘણી વાત કરી હતી. પાંચેયનો ગોટો નીકળી ગયો. ક્રમબદ્ધ ખોટું કહે છે એ અહીંથી (નીકળી જાય છે). એ તો દ્રવ્ય પોતાની પર્યાયને તે સમયે પ્રાપ્ત કરે છે અને ક્રમે પર્યાય દ્રવ્યને આશ્રયે પ્રાપ્ત થાય છે. ક્રમે દ્રવ્યને આશ્રયે પર્યાય પ્રાપ્ત થાય છે. પર્યાયનું ક્રમપરિણમન છે એટલે ક્રમબદ્ધ થઈ ગયું. એ દ્રવ્ય પોતાની પર્યાયને પ્રાપ્ત કરે છે એટલે નિમિત્તથી પ્રાપ્ત થાય છે એ ઊડી ગયું. એ પર્યાય દ્રવ્ય પોતે પર્યાયને પ્રાપ્ત કરે છે એટલે વિકલ્પનો પર્યાય છે વ્યવહારનો માટે આ પર્યાય તે કાળે ટકી રહી છે, ટકી રહી છે એટલે પ્રાપ્ત થઈ છે એમ નથી. વ્યવહારથી નિશ્ચય થાય એમ નથી, પૂર્વથી થાય એમ નથી, નિમિત્તથી થાય એમ નથી. કહો, સમજાણું કે નહિ? કાલે તો હતા તમે. યાદ રહ્યું છે કે નહિ આ? હા તો પાડે છે. આહા..હા..!

આ વસ્તુ પોતે દ્રવે છે વર્તમાન. વસ્તુ પોતે દ્રવ્ય છેને? દ્રવતિ ઈતિ દ્રવ્યં. એ દ્રવે છે, વહે છે, પહવે છે, વહે છે. એ પર્યાયને દ્રવ્ય પ્રાપ્ત કરે છે, દ્રવ્ય પર્યાયને પામે છે, એ દ્રવ્ય પૈસાને પામતું નથી.

મુમુક્ષુ :- એ એમાં ક્યાં આવ્યું?

ઉત્તર :- એમાં ક્યાં આવ્યું? નવનીતભાઈ! શું કહેવાય તમારે આ? પાવરહાઉસ. પાવરહાઉસની પર્યાયને, દ્રવ્યની પર્યાય પોતે દ્રવ્ય પોતાની પર્યાયને પામે, એ પર્યાયને આ પામતો નથી. કહો, દાસ! આવો પદાર્થ પાઠ કેવો હશે આ! કહો, ભગવાનજીભાઈ! આહા..હા..! લ્યો આ તાવકાયં ઠાણેંણ કરે છે કે નહિ? કહે છે કે એ શરીરની પર્યાય એ પરમાણુને પરમાણુ તે પર્યાયને પામે છે. આત્મા એમ માને કે મેં આને પામ્યો (એ) મિથ્યાભ્રમ અજ્ઞાન છે.

મુમુક્ષુ :- કાયોત્સર્ગ કર્યો તોપણ?

ઉત્તર :- કાયોત્સર્ગ કોને કહેવો? સિદ્ધાંત તપાસ્યો કે નહિ? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ અંદર રાગરહિતની સ્વરૂપની એકાગ્રતા, કાયા એટલે વિકલ્પ, કાયા એટલે વિકલ્પનો વ્યુત્સર્ગ થઈને આમ નિર્વિકલ્પ દૃષ્ટિ સ્થિરતા થઈ તે કાયોત્સર્ગ. એ કાયોત્સર્ગની પર્યાય દ્રવ્ય એને પામે છે. એ વિકલ્પ છે એને લઈને પામે છે એમ નહિ, આમ શરીર થયું માટે પામે છે એમ નહિ અને આ શરીરની પર્યાયને આત્મા પમાડે છે એમ પણ નહિ. કહો, ભગવાનભાઈ! તાવકાયં ઠાણેણં માણેણં જાણેણં અપ્પાણં વોસરે. ઈચ્છામી પડિક્કમણામાં આવે છે કે નહિ? એઈ..! ગજબ વાત કરી છે! એક જ સિદ્ધાંત. દ્રવ્ય પર્યાયને ગુણને પ્રાપ્ત કરે—પામે. એ દ્રવ્ય પોતાની પર્યાયને પહોંચી વળે છે. ઝટ દઈને કામ પહોંચી વળો, ઝટ દઈને ભેગા થઈને પહોંચી વળો. કહે છે કે એ વાત તદ્દન જૂઠી છે.

મુમુક્ષુ :- એક હાથે તાળી પડે?

ઉત્તર :- એક હાથે નહિ. રજકણની એક પર્યાય રજકણથી થાય છે. વળી હાથની તો ક્યાંય રહી ગઈ. એક રજકણની એક સમયની પર્યાય તે રજકણથી પ્રાપ્ત થાય છે. બીજા રજકણને લઈને પર્યાય પ્રાપ્ત થાય એમ પણ નથી. આહા..! અવાજ જે ઊઠ્યો આમ એ અવાજની પર્યાય પરમાણુ છે તે પર્યાયને પ્રાપ્ત થાય છે, એ પરમાણુ એને પામે છે. આ આમ થયું માટે એ પર્યાયને પામે છે એમ છે નહિ. આ જુદી પર્યાય છે. આ પર્યાય આ થઈ એ તો એના પરમાણુની આમ પર્યાય થઈ, આ પરમાણુની આ થઈ. અવાજની પર્યાય તેના પરમાણુને લઈને એ પર્યાય પ્રાપ્ત થઈ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પૂછે તો ખરા કે નહિ? યે ક્યા ફરમા રહે હૈં ઐસા?

એમ કહ્યું કે આ હાથ છે કે નહિ? આ અવાજ થયો કે નહિ અવાજ? એ અવાજની પર્યાયને તે પરમાણુ જે અવાજ-પર્યાયપણે પરિણમ્યા એ પરમાણુ પર્યાયને પ્રાપ્ત કરે છે- પામે છે. આ પર્યાય આમ થઈ એ આ પરમાણુ એને પામે છે. અવાજની પર્યાયને આ પરમાણુની પર્યાય એને પમાડે છે એમ નથી. ભારે વાત! સમજાણું કાંઈ? બીડી. હવે આપણે બીડી લઈએ એમાં લ્યો! દીવાસળી સળગે છેને? અહીંથી ભડકો (થાય). એ ભડકાની પર્યાય એ પરમાણુ પોતે પર્યાયને પામે છે. એ ભડકો દીવાસળી હતી માટે આ પર્યાયને પામે છે એમ છે નહિ. કહો, આ બીડીનું કહ્યું. દીવાસળીનો ભડકો એ ભડકાની પર્યાયને એ પરમાણુ પ્રાપ્ત કરે છે. અહીં જે ભડકો થયો ઉષ્ણતા એ પરમાણુ તે પર્યાયને પ્રાપ્ત કરે છે. આને લઈને પર્યાય પ્રાપ્ત કરે છે અને આ પર્યાય એને લઈને થઈ છે એમ છે જ નહિ. કહો, જાધવજીભાઈ! ભારે!

આ તો એવો પ્રશ્ન એક ઉઠ્યો હતો કે સર્વજ્ઞ છેને સર્વજ્ઞ? સર્વજ્ઞ. ત્યારે સર્વ થઈ ગયું એનું જ્ઞાન. તો એણે જાણ્યું સર્વ. જાણ્યું સર્વ, એ સર્વ જે છે જેટલા એ જે જ્ઞાનની

પર્યાય પોતાની એને જાણતા એ જણાઈ ગયા, પણ એ સર્વ જેટલા છે એટલા દરેક દ્રવ્ય પોતાની પર્યાયને પામે છે એમ જ્ઞાનમાં એમ એના સર્વ જ્ઞાનમાં આવી ગયું છે. સમજાણું કાંઈ? કહો, સમજાય છે કે નહિ આમાં? શાંતિભાઈ! ભારે ઝીણું ભાઈ આ. આ મંદિરની પર્યાયને એ પોતાના એ પરમાણુ ત્યાં એને પામે છે. દાસ! ભારે! છઠનું ત્યાં થવાનું છે અને બારનું ત્યાં થવાનું છે ઘાટકોપર.

મુમુક્ષુ :- કોણ કરશે?

ઉત્તર :- એ પર્યાય કરશે, એ પરમાણુ કરશે એ પર્યાયને.

મુમુક્ષુ :- છાપામાં છપાણું છે એ...

ઉત્તર :- છાપામાં છપાણું એ પર્યાય પરમાણુની પર્યાય ત્યાં છપાણી હતી પર્યાય. આહા..હા..! ભારે વાત ભાઈ!

મુમુક્ષુ :- અગમ-નિગમની.

ઉત્તર :- અગમ-નિગમની વાત છે? આહા..હા..! વસ્તુ આવી છે. વસ્તુનું સ્વરૂપ.

આ તો પ્રશ્ન એવો મગજમાં ઉઠ્યો હતો સવારમાં કે સર્વજ્ઞ કહો તો કોઈ સર્વજ્ઞ જીવ છે કે નહિ? સર્વજ્ઞપણાનું અસ્તિત્વ કોઈ જીવમાં છે કે નહિ? જો સર્વજ્ઞપણાનું અસ્તિત્વ પર્યાયમાં હોય તો એની શક્તિમાં સર્વજ્ઞપણું હતું. એટલે સિદ્ધ થયું, પર્યાયમાં થયું. હવે સર્વજ્ઞ કીધું ત્યારે તેણે સર્વ જાણ્યું, સર્વ જાણ્યું. તો સર્વ એટલે અનંત, સર્વ એટલે અનંત. એટલું અનંત જાણ્યું. તો અનંતને અનંતપણે રહેલાને અનંત-અનંત પોતાની પર્યાયને પ્રાપ્ત કરે છે એમ સર્વજ્ઞે જાણ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? મૂળ આખા વાંધા સર્વજ્ઞપણામાં. અને સર્વજ્ઞશક્તિનું તત્ત્વ આત્મા છે અને આખા જગતના બધા તત્ત્વો પરિપૂર્ણ ઈશ્વર જ છે. એક એક પરમાણુ અને એક એક આત્મા પરિપૂર્ણ શક્તિવાળો ઈશ્વર છે. પરમાણુ જડેશ્વર છે અને આ ચૈતન્ય-ઈશ્વર છે.

મુમુક્ષુ :- .. સ્વરાજ હૈ.

ઉત્તર :- સ્વતંત્રકા સ્વરાજ હૈ. આહા..હા..! સમજાય છે કાંઈ?

કહે છે.. તેથી ખુલાસો કર્યો કે '**આમ હોવાથી...**' એટલે શું? કે ગુણો અને પર્યાયોનું દ્રવ્ય જ સર્વસ્વ હોવાથી ગુણ અને એની અવસ્થાનું તો સર્વસ્વ એનું દ્રવ્ય છે. બીજાનું દ્રવ્ય એમાં સર્વસ્વ નથી. કોઈપણ પદાર્થના વર્તમાન અંશનું સર્વસ્વ દ્રવ્ય છે. કોઈપણ પદાર્થનું કાયમી ગુણનું અને એની વર્તમાન અવસ્થાનું સર્વસ્વ તો દ્રવ્ય છે. સર્વસ્વ એ છે એટલે હવે એના સિવાય બીજો પદાર્થ આવીને એનું કરી જાય એમ છે ક્યાં?

મુમુક્ષુ :- એનું સર્વસ્વ રહ્યું નહિ.

ઉત્તર :- રહ્યું નહિ. આહા..હા..! સમજાણું? સર્વસ્વ, સર્વજ્ઞાન, સર્વ વસ્તુ. ઓહો..હો..! ગજબ વાત છે. સમજાણું કાંઈ? અસલ વસ્તુ ભેદજ્ઞાન છે. પછી વ્યવહારના ગ્રંથમાં આવે

કે બે કારણથી કાર્ય થાય. એ તો એક બીજું કારણ ખરેખર નથી, પણ છે ઉપચાર આનો કરીને કહેવામાં આવે છે. વસ્તુસ્થિતિ તો આ જ છે. સમજાય છે? તેથી કહ્યું છેને, નિશ્ચય તે વસ્તુ છે, વ્યવહાર તે અન્યથા કથન કરે છે. કેમકે ત્યાં નિમિત્તપણું દેખીને આણે કર્યું એવું બોલવામાં આવે છે. બોલવામાં એવું આવે. વાણીનો વિલાસ છે. આહા..હા..! ભારે ગજબ! અહીં તો એ દુનિયાને કરી દેવું છે. ગ્રામોદ્યોગ. નાના ઉદ્યોગથી નહિ ચાલે, મોટા સંચાના ઉદ્યોગ કરશે તો ઉદ્ધાર થાશે. કહો, નવનીતભાઈ! એઈ..! ગ્રામોદ્યોગ બિચારાના ગરીબ નાના નાના ઉદ્યોગ રાખીને ગરીબ રાખવા છે બધાને? મોટા ઉદ્યોગ કરો તો તવંગર થાય.

મુમુક્ષુ :- મોટા ઉદ્યોગમાં શું વાંધો છે?

ઉત્તર :- કોણ ઉદ્યોગ કરે પરમાં? સંચાને કોણ હલવે? સંચાને લાવે કોણ? ભેગા કરે કોણ? તારો મોટો સંચાનો ઉદ્યોગ કર અંદરથી. નાનો ઉદ્યોગ રહેવા દે, મોટો ઉદ્યોગ કર. જ્ઞાનાનંદમાં એકાગ્ર થવાનો મહા ઉદ્યોગ કર કે જેથી કેવળજ્ઞાન પ્રાપ્ત થાય. સમજાણું કાંઈ? કહો, એઈ..! નેમિદાસભાઈ! શું કર્યું તમે કલકત્તામાં? મંત્રી હતા ને ફલાણું હતું. આ ગોળા માર્યા આડાઅવળા બધા.

શું કહે છે? કે દરેક ગુણ અને પર્યાયનું સ્વરૂપ તો દ્રવ્ય જ છે એનું. બધું દ્રવ્યમાં સમાઈ જાય છે. બીજા દ્રવ્યનો કંઈ આશ્રય કે એની જરૂર નથી. '**આમ હોવાથી કોઈ દ્રવ્યના ગુણો અને પર્યાયો અન્ય દ્રવ્યના ગુણો અને પર્યાયોરૂપે અંશે પણ થતા નથી,...**' સમજાણું કાંઈ? થાય તો વાંધો શું છે પણ? પરદ્રવ્યના અંશરૂપે આ દ્રવ્યનો અંશ થાય (એમાં) વાંધો શું આવે છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ક્યા કરે? એ અંશરૂપે એ પરિણમે છે એમાં આ અંશરૂપે પોતાથી પરિણમે છે. એમાં ઓલા અંશને અહીં કેમ કરવું પડે? એ બીજા દ્રવ્યના અંશને બીજા દ્રવ્યનો અંશ કરે? પોતાના દ્રવ્યના અંશને પોતે કરે, બીજા દ્રવ્યના અંશને (ઈ દ્રવ્ય કરે). અંશ કહો કે પર્યાય કહો કે કાર્ય કહો. કહો, મલૂકચંદભાઈ! સમજાણું કાંઈ? આહા..હા..! એ આવી વાત પણ સાંભળવી બહુ મહા પુણ્યથી મળે છે. એવી વાત છે. આ તો પદાર્થની-વાસ્તવિક તત્ત્વ છે ભાઈ! સમજાણું કાંઈ?

'**સર્વ દ્રવ્યો પોતપોતાના ગુણ-પર્યાયોમાં રહે છે.—**' લ્યો! દરેક વસ્તુ પોતાની શક્તિ અને વર્તમાન પરિણમનમાં રહે છે. '**આવી પદાર્થોની સ્થિતિ...**' આવી પદાર્થોની મર્યાદા '**મોહક્ષયના નિમિત્તભૂત પવિત્ર જિનશાસ્ત્રોમાં કહી છે.**' ભગવાન જિનેન્દ્રના શબ્દબ્રહ્મમાં આ વ્યવસ્થા આવી છે. એવી વ્યવસ્થા ત્રણ કાળના બીજાના શાસ્ત્રોમાં નથી. સર્વજ્ઞ હોય ત્યાં શબ્દબ્રહ્મ હોય. શબ્દબ્રહ્મ શબ્દબ્રહ્મને કારણે હોય. સમજાણું કાંઈ? અહીં

તો બીજું કહેવું છે. પ્રાણી અલ્પજ્ઞ હોય, એની વાણીમાં સર્વજ્ઞપણું સર્વપણાનું આવી શકે જ નહિ. વાસ્તવિકતા આવી શકે નહિ. સમ્યગ્જ્ઞાનનો આશ્રય નથી એને. સમજાણું કાંઈ? એટલે સર્વજ્ઞ એને સર્વ જાણવાની જે પર્યાયને પ્રાપ્ત કરી, બધું જાણવાનો પર્યાય પોતાને જાણતા એમાં જણાઈ ગયું. એટલે કે કોઈપણ દ્રવ્ય કોઈપણ પર્યાયને પ્રાપ્ત કરે એમાં એ આવતું નથી. સૌ સૌને પ્રાપ્ત કરે છે એમ સર્વજ્ઞ જાણે છે. એમ એ દ્રવ્ય પણ પોતે એમ જ થાય છે. પોતાની પર્યાયને પ્રાપ્ત કરે છે. એમ જિનેન્દ્રના શાસ્ત્રમાં એટલે શબ્દબ્રહ્મ, સર્વજ્ઞ પર્યાય જ્યાં પ્રાપ્ત થઈ છે ત્યાં એવો શબ્દબ્રહ્મ છે ત્યાં આ બધાનું લોકાલોકનું જે સ્વરૂપ છે એ શબ્દબ્રહ્મમાં એ જાતનું આવ્યું છે. એ શબ્દબ્રહ્મમાં સ્વપરની વાર્તા કહેવાની તાકાત છે. સર્વજ્ઞ નિમિત્ત, વાણી પોતાથી (થઈ). એ વાણીમાં આવું, સર્વજ્ઞ છે એટલે આ વાણી એને કારણે શબ્દબ્રહ્મમાં સર્વને જાણવાનું આ રીતે એમાં આવ્યું છે. પદાર્થની વ્યવસ્થા. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- શબ્દબ્રહ્મ બ્રહ્મ કીધું.

ઉત્તર :- વ્યાપક કીધુંને.

મુમુક્ષુ :- વહ ઉસકી વજહ સે.

ઉત્તર :- વહ ઉસકી વજહ સે નહીં. અપની વજહ સે. વાણી સબકો કહતી હૈ સ્વપરપ્રકાશક સર્વ કો (કહને કી) ઐસી અપની તાકાત પર્યાયમે વાણીમેં હૈ. ઈસલિયે ઉસકો શબ્દબ્રહ્મ કહનેમેં આયા હૈ. ભગવાન કેવલજ્ઞાની હૈ તો શબ્દબ્રહ્મ કહનેમેં આયા ઐસા ભી નહીં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- માટે નહિ. ઉપચાર નામ ખોટું.

મુમુક્ષુ :- નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હૈ.

ઉત્તર :- વહ દૂસરી બાત. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કા અર્થ પૃથક્-પૃથક્ કાર્ય હૈ. નિમિત્ત-નૈમિત્તિક સંબંધકા અર્થ પૃથક્-પૃથક્ કાર્ય હૈ. કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

**'આવી પદાર્થોની સ્થિતિ મોહક્ષયના નિમિત્તભૂત... '** નિમિત્તભૂત કીધું છેને. જિનશાસ્ત્રમાં ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ એનું જે જ્ઞાન પ્રગટ્યું એને જ વાણીમાં એવું હોય છે. એ સિવાય બીજાની વાણી એવી હોઈ શકે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એ વાણી પોતાને કારણે શબ્દબ્રહ્મ કહેવાય છે. જ્યારે જ્ઞાન પરમબ્રહ્મ છે. કારણ કે બધાને જાણવામાં વ્યાપકરૂપે પોતાની પર્યાયમાં બધું આવી ગયું છે માટે. એમ શબ્દબ્રહ્મ, શબ્દની પોતાની પર્યાયમાં બધાને જણાવાનું, પોતાનું સ્વરૂપ અને પરનું એવું એના પોતાના પર્યાયના સામર્થ્યથી શબ્દબ્રહ્મપણું એને લાગુ પડ્યું છે. કહો, ...ભાઈ! જગતના કામની હોંશુ ચડી ગઈ છે એને.

મુમુક્ષુ :- જગતના ...

ઉત્તર :- આ પરના કામ કરીએ, કરીએ, કરીએ. હોંશ ચડી જાય એમાં તો.

મુમુક્ષુ :- કરી જ ક્યાં શકે છે?

ઉત્તર :- કરી શકે છે ક્યાં? એનો મિથ્યા ભ્રમ છે એ ટળી જાય છે એમાં.

મુમુક્ષુ :- શબ્દબ્રહ્મ મેં ઐસી લાયકાત હૈ.

ઉત્તર :- શબ્દબ્રહ્મ મેં ઐસી લાયકાત હૈ. વહ તો વ્યવહાર હૈ. વહ તો ઠીક હૈ. વહ તો પૂજાના કરવાનો વિકલ્પ ઊઠે છે એ ઉપચારથી નાખી દીધા છે. એ તો વાણી તો વાણી છે. સમજ્યા? પણ વાણીમાં સર્વજ્ઞની વાણી કહેવાય છેને? એથી એને... સમજાય છે? આવ્યું છેને? '**अनन्त धर्णस्तत्त्वं**' (સમયસાર શ્લોક ૨) એમાં આવી ગયું છે. વાણી પણ પૂર્ણ સ્વરૂપ બતાવે છે માટે વાણી પણ વ્યવહારથી પૂજ્ય છે. નિશ્ચયથી પોતે પોતાનો આત્મા છે. કળશમાં આવી ગયું છે. સમજાણું કાંઈ? સર્વજ્ઞ અનુસારીણી વાણી એમાં કહેવામાં આવ્યું છે. એનો અર્થ નિમિત્ત કહ્યું છે. જ્યાં સર્વજ્ઞ છે ત્યાં આવી વાણી એની વાણીને કારણે હોય છે એથી આને અનુસારીણી વાણી કહીને એને પણ પૂજ્ય કહેવામાં આવી છે. વ્યવહારે પૂજ્ય છે, ભગવાન પણ પૂજ્ય વ્યવહારે છે. ત્રણ લોકના નાથ ભગવાન પૂજ્ય છે એ વ્યવહારે પૂજ્ય છે. નિશ્ચયે પૂજ્ય તો પોતાનો આત્મા છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે ભાઈ આ! નીચે એનું આવી ગયું છે. ઓલો સોનાનો દાખલો આપ્યો હતોને? એમાં એ આવી ગયું છે. બસ લ્યો.

હવે ૮૮. '**હવે, એ રીતે મોહક્ષયના ઉપાયભૂત જિનેશ્વરના ઉપદેશની પ્રાપ્તિ થવા છતાં...**' જુઓ! હવે લ્યે છે. ઓહો..! આવો ઉપદેશ મળ્યો, પર્યાયમાં એ જાતનું જ્ઞાન થયું, '**પણ પુરુષાર્થ અર્થક્રિયાકારી છે તેથી પુરુષાર્થ કરે છે :—**' આહા..હા..! સમજાણું કાંઈ? '**એ રીતે મોહક્ષયના ઉપાયભૂત...**' .. ઉપાડ્યું છે. '**જિનેશ્વરના ઉપદેશની પ્રાપ્તિ...**' જિનેશ્વરના ઉપદેશનું જ્ઞાન થયું, લક્ષ આવ્યું (કે) આમ ભગવાન કહે છે. '**પણ પુરુષાર્થ અર્થક્રિયાકારી છે...**' છતાં સ્વભાવ સન્મુખ થવું અને રાગનો નાશ કરવો એ પુરુષાર્થ અર્થક્રિયાકારી છે. આહા..હા..! સમજાણું કાંઈ? અર્થક્રિયાકારી છે. છેને હેઠે. '**પ્રયોજનભૂત ક્રિયાનો (સર્વદુઃખપરિમોક્ષનો) કરનાર.**' લ્યો! એ પુરુષાર્થ છે એ સર્વદુઃખપરિમોક્ષ. પરિ--સમસ્ત પ્રકારે મોક્ષ, સર્વ દુઃખનો સર્વ પ્રકારે છૂટકારો એ પુરુષાર્થથી થાય છે. એ પુરુષાર્થ વળે છે જ્યારે આમ માને ત્યારે એને. એમ કહે છે. પહેલા ક્રમબદ્ધ કહો અને વળી પુરુષાર્થ ક્યાંથી લાવ્યા? એમ કહે છે કેટલાક. પણ પર્યાય પોતે સ્વતઃ પરિણમે છે, પોતાને ક્રમે પરિણમે છે અને દ્રવ્યથી પોતે પરિણમે છે એવો જેને નિર્ણય થયો એનું સ્વ તરફ વલણ થઈને પુરુષાર્થ જ કરશે. સમજાણું કાંઈ? એમ કહે છે. આહા..હા..! પરનું કરી શકતો નથી, પરને લઈને મારામાં થતું નથી. હવે એનું વલણ રહ્યું ક્યાં? વસ્તુના સ્વભાવ તરફ રહ્યું. સ્વભાવ તરફ રહી અને પુરુષાર્થથી જે કામ થાય એમાંથી રાગાદિનો નાશ થઈને વીતરાગતા

પ્રગટ થાય. કહો, સમજાણું કાંઈ?

जो मोहरागदोसे णिहणदि उवलब्भ जोण्हमुवदेसं।
सो सव्वदुक्खमोक्खं पावदि अचिरेण कालेण।।८८।।

**જે પામી જિન-ઉપદેશ હણતો રાગ-દ્વેષ-વિમોહને,**
**તે જીવ પામે અલ્પ કાળે સર્વદુઃખવિમોક્ષને. ૮૮.**

જુઓ! આ ઓલા કહેને લ્યો! ક્રમબદ્ધ માને અને વળી પાછો પુરુષાર્થ અનંત એમાં રહ્યો એમ બેસાડે છે. વસ્તુવિજ્ઞાનસારમાં આવે છેને? વસ્તુવિજ્ઞાનસાર એની પહેલી શરૂઆતમાં આવે છે. વાંચ્યું છે કે નહિ? એઈ..! શું?

મુમુક્ષુ :- વસ્તુવિજ્ઞાનસાર.

ઉત્તર :- હા એમ. એમાં અનંત પુરુષાર્થ છે એમ આવ્યું છે. એની ટીકા કરી એ લોકોએ. વળી એકકોર ક્રમ બાંધે, પણ આ ક્રમ શું કીધું આ? પરિણામ ક્રમસર થાય છે એવો ઉપદેશ સાંભળીને પણ પુરુષાર્થ કરવો એમ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- એ વિના નક્કી કોણ કરે?

ઉત્તર :- નક્કી શી રીતે થશે કે આ ક્રમબદ્ધ આમાં છે? સ્વભાવનો આશ્રય કરીને જ્ઞાતા થાય ત્યારે જ્ઞાનમાં ક્રમબદ્ધનું જ્ઞાન યથાર્થ થાય છે. કર્તાપણું ટળીને ક્રમબદ્ધનું જ્ઞાન યથાર્થ થાય છે. સમજાણું કાંઈ? અજર પ્યાલા છે આ. અન્વયાર્થ લ્યો પહેલા.

**'અન્વયાર્થ :— જે જિનના ઉપદેશને.'** ભાષા દેખો! વીતરાગ પરમેશ્વરના ઉપદેશને. સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ ત્રિલોકનાથ જેનો ઉપદેશ હોય એને. સમજાણું કાંઈ? બીજા કેટલાક કેવળી હોય છે કે જેને ઉપદેશ હોતો નથી. મૌન કેવળી—મૂક કેવળી. કેવળજ્ઞાન થાય (પણ) વાણી ન હોય. કેવળ થયું હોય એટલે વાણી હોય જ એવું કાંઈ નથી. તીર્થંકરને તો વાણી હોય જ. સમજાણું કાંઈ? **'જે જિનના ઉપદેશને પામીને...'** લ્યો, અહીં પામીને આવ્યું પાછું. વળી દ્રવ્ય પર્યાયને પામે, વળી જિનના ઉપેદશને પામીને. એનો અર્થ કે જિન ઉપદેશ શું કહે છે એવું એના જ્ઞાનમાં-ખ્યાલમાં આવે છે. એ આવે છે પોતાથી, પણ એને આમથી આવ્યું નિમિત્તથી એમ કહેવામાં આવ્યું.

**'मोहरागद्वेषान्'** ઓહો..હો..! મિથ્યાત્વ અને રાગ-દ્વેષને હણે છે. દેખો! એ જ્ઞાનમાં જ એમ આવ્યું હતું એમ કહે છે. સ્વભાવ સન્મુખ થા અને પર્યાયનો નાશ ત્યાં વિકારનો થશે, મિથ્યાત્વ અને રાગ-દ્વેષનો નાશ થશે. સ્વભાવ સન્મુખ થા. કારણ કે જેમાંથી પર્યાય આવે છે તે દ્રવ્ય ઉપર દૃષ્ટિ દે. જે પર્યાયને પામે છે એવું દ્રવ્ય તે દ્રવ્ય જો... દ્રવ્ય જો... દ્રવ્ય જો. જ્ઞાયકમૂર્તિ ભગવાન પૂર્ણાનંદનો નાથ સહજાનંદસ્વરૂપ એની દૃષ્ટિ કર તો મોહ ને રાગદ્વેષનો નાશ થશે. સમજાણું કાંઈ? આ શું કહ્યું?

**'જિનના ઉપદેશને પામીને...'** એનો અર્થ એ કે એ ઉપદેશમાં પણ એ આવ્યું હતું

કે તારી પર્યાય તારા દ્રવ્યથી પમાય તેમ આવ્યું હતુંને. એના લક્ષમાં શું આવ્યું? ઉપદેશમાં આવ્યું હતું કે એ ઉપદેશમાં એમ ભગવાને કીધું, વાણીમાં એમ આવ્યું કે તારું દ્રવ્ય તારી પર્યાયને પામે. તારું દ્રવ્ય તારી પર્યાયને પામે એમ આવ્યું હતું. માટે એ લક્ષમાં જે આવ્યું, એમાં પણ એમ આવ્યું હતું કે તારું દ્રવ્ય તારી પર્યાયને પામે. દ્રવ્ય ઉપર દૃષ્ટિ રાખ. સમજાણું કાંઈ?

**'મોહ-રાગ-દ્વેષને હણે છે, તે અલ્પ કાળમાં સર્વ દુઃખથી મુક્ત થાય છે.'** ભાઈ! ક્રમબદ્ધ થાય એમાં વળી અલ્પ કાળ ક્યાં આવ્યો પાછો? **'अचिरेण'** એનો અર્થ કે જે ક્રમબદ્ધ પર્યાય દ્રવ્યથી પરિણમે છે એવું જ એનું સ્વરૂપ છે. એવું જે લક્ષમાં આવ્યું જિનેશ્વરદેવની વાણીમાં, એને જ્યારે આમ દ્રવ્ય ઉપર દૃષ્ટિ આપી ત્યારે તેનો મોહ નાશ થઈ, તે જીવને અલ્પ કાળમાં-થોડા કાળમાં કેવળજ્ઞાન પામશે. એવી જ એની સ્થિતિ છે એમ કહે છે. સમજાણું કાંઈ? થોડા કાળમાં એટલે? જે કાળ છે એનાથી ઓછો એમ કહેવું નથી. અહીં જે આમ થયું એને અલ્પ કાળમાં હવે કેવળજ્ઞાન થશે, એમ. શું કીધું આમાં સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- લાંબો વખત ન હોય.

ઉત્તર :- એને હોય જ નહિ. જે આત્માના જ્ઞાયકસ્વરૂપના પૂર્ણ સ્વરૂપની દૃષ્ટિ થઈ અને મોહ ને રાગદ્વેષ હણાણા. હવે અનંતાનુબંધી આવ્યું. સમજાય છે? એને અલ્પ કાળમાં જ કેવળજ્ઞાન (હોય). અસંખ્ય સમય જોશે હવે કેવળજ્ઞાન માટે. એને અનંતકાળ હોઈ શકે નહિ. એ પણ એના ક્રમમાં જ આવે. પણ એના ક્રમમાં અસંખ્ય થોડા કાળમાં કેવળ આવશે એવું એના ક્રમમાં છે. સમજાણું કાંઈ? ભારે! એમાં કહે છે, તમે અર્થને ફેરવી નાખો છો. અરે..! ભગવાન! બાપુ! અર્થના અર્થ થાય છે. લોકો અર્થના અનર્થ કરે છે. પર્યાય અર્થ છે, પર્યાય અર્થ છે તે દ્રવ્ય અર્થથી પ્રાપ્ત થાય છે. એને ઠેકાણે પરથી પ્રાપ્ત થાય એ અર્થનો અનર્થ કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ધીમે ધીમે વિચારવું જોઈએ, વિચારમાં લેવું જોઈએ. આ કોઈ વાત એવી નથી કે બહારથી બાથ ભીડે અને બહાર આવી જાય. એ અંતરમાં બાથ ભીડવા જેવી છે. આહા..હા..! દ્રવ્ય વસ્તુ ભગવાન આત્મા એ દ્રવ્ય પર્યાયને પ્રાપ્ત કરે એવો જે ઉપદેશ આવ્યો, એવો જે જિનેશ્વરનો ઉપદેશ આવ્યો તો એ પર્યાયને પ્રાપ્ત કરવા એમ લક્ષમાં આવ્યું કે હવે દ્રવ્યથી પર્યાય પ્રાપ્ત થાય તો દ્રવ્ય ઉપર દૃષ્ટિ દેવી. એનું નામ પુરુષાર્થ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ દ્રવ્યમેં દૃષ્ટિ હુઈ ઉસકો અલ્પ સમયમેં કેવલજ્ઞાન પાને કા ક્રમ આ ગયા. એમ. સમજાય છે કાંઈ? કારણ? કે કેવળજ્ઞાનની પર્યાય તો જ્ઞાનગુણમાં પડી જ છે અને એ ગુણનો આખો પિંડ તે દ્રવ્ય છે. કે જે આ પર્યાયને પ્રાપ્ત ગુણ કરે છે કે દ્રવ્ય કરે છે. તો એ પર્યાયને પ્રાપ્ત કરનારું જે દ્રવ્ય છે એ દ્રવ્યની દૃષ્ટિ થઈ એટલે એને અલ્પ કાળમાં

આ પર્યાય વર્તમાન સમ્યગ્દર્શનની પર્યાયને પ્રાપ્ત દ્રવ્યે કર્યું. એને અલ્પ કાળમાં કેવળજ્ઞાનની પર્યાયને પામે એ વસ્તુની સ્થિતિ છે. સમજાય છે કાંઈ? એ વસ્તુની જ એવી મર્યાદા, વ્યવસ્થા છે. આહા..હા..! અરે..! ભગવાન! એ વસ્તુ ચૈતન્યબિંબ છે, જ્ઞાયકસ્વરૂપ દ્રવ્ય છે એ પર્યાયને પ્રાપ્ત કરે છે એવો ઉપદેશ ભગવાનનો મળ્યો, એના ખ્યાલમાં આવ્યું. તો ખ્યાલમાં આવ્યું ત્યારે, એ ખ્યાલમાં આવ્યું ત્યારે એનો પુરુષાર્થ ક્યાં જાય છે? કે દ્રવ્ય ઉપર જાય છે. દ્રવ્ય પર્યાયને પ્રાપ્ત કરે છે. એવી જે દ્રવ્ય ઉપર દૃષ્ટિ થઈ એટલે સમ્યગ્દર્શન આદિની પર્યાય પ્રાપ્ત થઈ. હવે જેની દ્રવ્ય ઉપર દૃષ્ટિ છે એને અલ્પ કાળમાં એના ક્રમમાં કેવળજ્ઞાન આવવાને હવે કાળ જ અલ્પ છે. છે ક્રમબદ્ધ, પણ એને અલ્પ કાળમાં કેવળજ્ઞાન થશે એમ કહે છે અહીંયા.

મુમુક્ષુ :- એનો સંસાર તૂટી જાય છે એમ કહો છોને.

ઉત્તર :- સંસાર તૂટે શું? એ તૂટ્યો એટલે રાગ તૂટ્યો, મિથ્યાત્વ તૂટ્યું એનું નામ અનંત સંસાર તૂટ્યો એમ. બીજુ શું? આહા..હા..! સમજાણું કાંઈ?

**'સર્વ દુઃખથી મુક્ત થાય છે.'** એ અલ્પ કાળમાં સર્વ દુઃખથી મુક્ત થાય છે. કીધુંને જુઓને, એ દુઃખથી મુક્ત થાય છે એમ કીધું અહીં તો. વિકારની પર્યાયથી મુક્ત થાય છે એટલે નિર્વિકારી પર્યાયને પામે છે. અહીં દુઃખથી મુક્ત થાય એમ શબ્દ લીધો છે. દુઃખથી મુક્ત થાય એ તો વ્યય કીધું છે. સમજાણું? પણ જ્યારે આત્મામાં આનંદસ્વરૂપ પૂર્ણાનંદ પ્રભુ એ દ્રવ્ય પોતે પર્યાયને પ્રાપ્ત કરે એવું જ્યાં લક્ષ આવ્યું એટલે પૂર્ણાનંદ દ્રવ્ય છે એની દૃષ્ટિ થતાં તેની પર્યાયમાં જે દુઃખની દશા છે એનો વ્યય થશે અને એ દશાના સ્થાનમાં અલ્પ કાળમાં પરમ આનંદની પર્યાય પ્રાપ્ત થશે. સમજાણું કાંઈ?

ઓહો..! એમ કહે છે જુઓ! **'અતિદીર્ઘ,...'** ઓહો..! અતિદીર્ઘ-લાંબો કાળ સંસાર. **'સદા ઉત્પાતમય સંસારમાર્ગમાં...'** ઉત્પાદ મિથ્યાત્વ અને રાગ-દ્વેષના ઉત્પાતરૂપી ક્લેશનો માર્ગ સંસાર. સમજાણું કાંઈ? એ નરકના દુઃખના ઉત્પાદ, નિગોદના દુઃખના ઉત્પાદ. ઓહો..હો..! દીર્ઘ... દીર્ઘ.. લાંબો... લાંબો... લાંબો સંસાર છે. વિકારની, મિથ્યાત્વની રાગ-દ્વેષની દશા દીર્ઘ કાળથી અને દીર્ઘ ભાવવાળી. **'સદા ઉત્પાતમય સંસારમાર્ગમાં...'** એવો સંસારમાર્ગ છે રખડવાનો. **'કોઈ પણ પ્રકારે...'** કોઈ પણ મહા પોતાની લાયકાતને લઈને **'જિનેશ્વરદેવના આ તીક્ષ્ણ અસિધારા સમાન ઉપદેશને પામીને...'** ભાષા જુઓ! જિનેશ્વરદેવ પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા એનો આ તીક્ષ્ણ—તીખી અસિધારા. જેમ તલવારની ધાર બુઠ્ઠી હોય તો કાપી નહિ શકે. તીખી ધારા. જુઓને અત્યારે હથિયાર એવા થયા છેને, શું કહેવાય? લોઢાના. લોઢા, લોઢા. ડોક્ટર આપણા નવરંગભાઈના, એ ડોક્ટર જોયા છે એને, ન જોયા હોય તો ખ્યાલમાં હોય ને. એવા સુંવાળા ધોળા રૂપાળા જોઈ લ્યો. હથિયાર નવરંગભાઈના રૂપાના, લોઢાના હોં લોઢાના. સ્ટીલ. બહુ પણ ઉજળા. રાખે પાછા કબાટમાં

ધૂળ ન જાય એમ બહાર કાચ રાખે. સમજાણું? એથી અહીંયાં કહ્યું છેને મલાડના ઓલામાં. ઓલા કહે મારે ચોવીસ તીર્થંકર નવા કરવા-આમ કરવું છે. .. ધૂળ-બધે નહિ પૂજાય સરખું. કાચ રાખજો. એ.. ધીરૂભાઈ! આ ધીરૂભાઈ રહ્યા ત્યાં મલાડના. એ કહે છે અમારે વીસ બેસાડવાના છેને ત્યાં? તમારે મલાડમાં મંદિરમાં. આખા આરસપહાણ. એક આરસપહાણ મોટા પત્થર ૨૦ અને અહીં ૨૪ ઘાટકોપરમાં. પૂજશે કોણ? પૂજારી નવરો ન હોય કીધું. ઉપર ઉપર કરે. એના આંગળા હોય વીસ એકના. ચોવીસના હોય કેટલા? એ તો કોણ અહીં આ રગુમાં આમ હોય આમ હોય. એમાં આમ હોય તો કેટલી ધૂળ અહીં પડતી હોય. એ ક્યાં નવરો હતો એટલું સાફ કરવા.

મુમુક્ષુ :- એટલા માટે કાચ.

ઉત્તર :- કીધુંને આ. પછી કહ્યું કે ભાઈ તમારે કરવું હોય તો કાચ આડો રાખવો. ધૂળ બહુ રહે નહિ. કાચ હોયને. એટલે તો ના પાડી હતી. આ લોકોનો ભાવ તો છે નવું કાંઈક કરવું. કાચ આવે છેને, કાચ એવા આવે છે. આ તો કાચ આમાં યાદ આવ્યા, નવરંગભાઈના જુઓ ધોળા પડ્યા છે. એટલે રજ પણ ન જાય અંદર. સમજાય છે?

અહીં તો કહે છે કે જિનેશ્વરદેવની તીક્ષ્ણ અસિધારા. પાણી પાયેલી. જુઓને આ સજૈયા નથી સજવતા? એક ધારા. જરીક આમ વાગી જાય તો. જુઓને આને લોહી નીકળી ગયું છે ને ભાઈને ડૉક્ટરને. શાંતિભાઈના બાપ જીવણલાલ, જેતપુર. નરસિંહભાઈના જમાઈ નહિ? બહુ આમ. ઉપરથી આમ કરતા હતા.. એક જરી આમ અડી ગયું. એ શું કહેવાય? સેપ્ટિક થઈ ગયું. નરસિંહભાઈના જમાઈ. આ શાંતિભાઈ છેને, આંખના ડોક્ટર. એકદમ ખલાસ થઈ ગયા. સેપ્ટિક થઈ ગયું. જરીક આમ એવી ઝીણી પટ્ટીથી આમ કરતા હતા. અહીં થઈ ગયું. આંગળી એક આમ મૂકી ત્યાં તો.. અહીં થઈ ગયું. સેપ્ટિક થઈને ગુજરી ગયા. એવી તીખી ધારા ભગવાનની વાણીનો, કહે છે, ઉપદેશ આવ્યો છે, એવી ધારા સમાન ઉપદેશને પામીને. આહા..હા..! '**પણ જે મોહ-રાગ-દ્વેષ ઉપર અતિ દઢપણે તેનો પ્રહાર કરે છે...**' મોહ-રાગ-દ્વેષ ઉપર અતિ દઢપણે તેનો પ્રહાર કરે છે. જુઓ! આહા..હા..! વાત આમ મોહ ઉપર પ્રહાર કરે છે એમ લે છે. પણ એનો અર્થ એ કે સ્વરૂપ તરફની એકાગ્રતા કરીને દઢતા કરે છે અંદર. સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ મોહ-રાગ-દ્વેષ મારે ટાળવા છે એમ ક્યાં હતું? એ તો પર્યાય ઉપર દૃષ્ટિ છે. છે ત્યારે ટળે નહિ અને ન હોય ત્યારે થયા નથી. સમજ્યાને? એનો અર્થ ઈ કે ટાળે છે એટલે જેમાં મોહ-રાગ-દ્વેષ નથી એવા દ્રવ્યસ્વભાવ ઉપર જોર દઈને પુરુષાર્થ કરીને એકાગ્ર થાય છે, એમ. અને ભગવાનની વાણીમાં એમ આવ્યું છે. સમજાણું કાંઈ?

'**ઉપદેશને પામીને પણ જે મોહ-રાગ-દ્વેષ ઉપર...**' હવે અહીં પોતે કહે છે કે દરેક

પર્યાય પોતાથી પામે. આવી ગયું હતું કે નહિ? ક્રમપરિણામથી આવી ગયું હતું. ક્રમપરિણામથી પામે. દ્રવ્યમાંથી અને દ્રવ્ય પણ ક્રમપરિણામે પરિણમે. આવું હોવા છતાં તે જ્ઞાનમાં આ પુરુષાર્થ સ્વભાવ તરફ ઢળે અને મોહ-રાગ-દ્વેષને ટાળે ત્યારે તે દ્રવ્યની પર્યાયનું જે સ્વરૂપ છે એવું યથાર્થ જ્ઞાનમાં આવ્યું કહેવાય. સમજાણું કાંઈ? અલૌકિક શાસ્ત્ર! અલૌકિક પાઠ!! ઓહો..હો..! દુનિયાની પારની વાત. દુનિયાની પાર થવું છે જેને એ દુનિયાની પારની વાત છે. દુકાન જેને ઉઠાવવી હોય, મોહ અને રાગ-દ્વેષની દુકાન.

મુમુક્ષુ :- તીક્ષ્ણ ધાર છે.

ઉત્તર :- તીક્ષ્ણ ધાર. આહા..હા..!

ભાઈ! તું ભગવાન છોને. અને તારી પર્યાયને પ્રાપ્ત તું થાય છે ને? તો તે દ્રવ્ય પર્યાયને પ્રાપ્ત થાય તો દ્રવ્ય ઉપર દૃષ્ટિ દે. મિથ્યાત્વ ને રાગ-દ્વષનો નાશ જરૂર થશે. સમજાય છે? નાશ થતાં તને કેવળજ્ઞાન અને પૂર્ણાનંદની પ્રાપ્તિ થશે. આહા..હા..! સમજાણું કાંઈ? '**પામીને જે મોહ-રાગ-દ્વેષ ઉપર અતિ દઢપણે...**' આવે છે ને મોક્ષમાર્ગ પ્રકાશકમાં નથી આવતું આ? આ આવે છે બધા શબ્દો, ઘરના નથી મૂક્યા. ઉપદેશ પામે છેને બધા? કે જે પુરુષાર્થ કરે છે એને કામ થાય છે, ન કરે એને ઉપદેશ પામીને પણ થતું નથી. સાતમામાં આવે છે? નવમામાં. પાંચ બોલ લીધા છે ત્યાં. સમજાણું કાંઈ? દાસ! નવમો અધિકાર. ઉપદેશ પામે છે. કાળલબ્ધિ અને ભવિતવ્યતાથી થતું હોય તો અમને ઉપદેશ શું કરવા આપો? અને ઉપશમ કર્મથી થતું હોય તોપણ એને કારણે થાય છે, એને શું કરવા આપો? અને પુરુષાર્થથી થાતું હોય તો ઉપદેશ તો બધા સાંભળે છે. ઉપદેશ સાંભળે તો કેમ કરી શકતા નથી? ભાઈ! ઉપદેશ તો બધા સાંભળે છે, પણ પુરુષાર્થ કરતા નથી માટે પામતા નથી. એનું કાર્ય તો પુરુષાર્થ કરવાનું છે. એના આત્માનું કાર્ય તો પોતાનું એ છે. કાંઈ રાગને ટાળવું, કર્મને ટાળવું (એ એનું કાર્ય નથી). એને પુરુષાર્થ સ્વભાવ તરફ કરવો એ એનું કાર્ય છે. સમજાણું કાંઈ? કર્મને ટાળવું એ કાર્ય છે એનું? કર્મનું ટળવું તો કર્મનું કાર્ય છે. ભવિતવ્ય ને કાળ એ તો પર્યાયમાં થાય છે જ્યારે સ્વભાવનું કાર્ય છે એ કરવાનું કાર્ય છે એમાં કાળ અને ભવિતવ્ય ભાસી જાય છે. જે કાળ સમયે આ થવાનું હતું અને આ ભાવ આ સમયનો હતો. સમજાણું કાંઈ? સમજવું... સમજવું... સમજવું... પણ એ તો સમજણનો પિંડ જ છેને. જ્ઞાનપિંડ છે બીજું શું કરે ઈ?

'**આ તીક્ષ્ણ અસિધારા સમાન ઉપદેશને પામીને પણ જે મોહ-રાગ-દ્વેષ ઉપર...**' મોહ-રાગ-દ્વેષ ઉપર '**અતિ દઢપણે તેનો પ્રહાર કરે છે,...**' ભાષા દેખો! આ મોહ અને રાગ-દ્વેષ ઉપર આમ મારે છે, એમ હશે? એ તો કથનની શૈલી લીધી છે. કહો, સમજાણું કાંઈ? તકરાર કરે કે તમે કરો આનો અર્થ. લ્યો! એમ નહિ, તમે શબ્દમાં શું લખ્યું એમ કહો. ૨૫૪મી ગાથામાં એમ કહ્યું, શુભભાવથી શ્રાવકને મોક્ષ થાય. એ સીધા સીધા અર્થ

કરો. સાંભળને! તને અર્થ કરતા આવડતા નથી. જ્ઞાનીના હાર્દ છે તેને જો. લખાણની શૈલીને ન જો. એમાં કહેવાનો આશય શું છે એને જો.

**'ક્ષિપ્રમેવ...'** **'જલ્દી જ; તરત જ; શીઘ્રમેવ.'** **'સમસ્ત દુઃખથી પરિમુક્ત થાય છે,...'** લ્યો! પ્રહાર કરે છે તે, વાતું કરે છે તે નહિ. સમજાણું કાંઈ? ભગવાન જ્ઞાનસ્વરૂપ પ્રભુ એ વસ્તુ પર્યાય પોતાને પામે છે એટલે એણે દૃષ્ટિ તો દ્રવ્ય ઉપર દેવાની છે. અને દૃષ્ટિ દેતાં મોહ અને મિથ્યાત્વ ઉપર પ્રહાર કર્યો, નાશ કર્યો એમ ઉપચારથી કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ બાજુમાં તીક્ષ્ણ ધારા લગાવતા મોહ અને રાગ-દ્વેષ ઉપર પ્રહાર થયો એમ કહેવામાં આવે છે. વ્યય કર્યો એમ કહેવામાં આવે છે. ખરેખર તો દ્રવ્યના ઓલામાં જતાં ઉત્પાદ થઈ જાય છે. દ્રવ્ય ઉત્પાદને પામે છે, દ્રવ્ય વ્યયને પામે છે? વ્યય થઈ જાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! ઠીક પણ. વ્યયને પામે છે તોપણ એ રીતે પામે છેને? આખો ઉત્પાદ થતાં, પરિણમન થતા વ્યય થઈ જાય છે.

એકદમ **'જલ્દી જ; તરત જ.'** **'સમસ્ત દુઃખથી પરિમુક્ત થાય છે, અન્ય (કોઈ) વ્યાપાર...'** કામનો નથી એમ કહે છે. **'વ્યાપાર સમસ્ત દુઃખથી પરિમુક્ત કરતો નથી;...'** બીજો કોઈ વ્યાપાર. દેહની ક્રિયા, વિકલ્પો, શુભભાવ આદિ વિકલ્પ એ મોહના નાશને માટેનો એ વ્યાપાર નથી. ન્યાલભાઈ! ભારે! ભગવાન... ભગવાન... ભગવાન... ભગવાન... ધ્યાન લગાવી દીધું છે લ્યો! એ ઉપાય નથી. આ ભગવાન-ભગવાન છે આત્મા. ભગવાનજીભાઈ! એ પહેલા ભગવાનજીભાઈ .. આવે ખરા શરમના માર્યા. ખાનદાનમાં કોઈ વિરોધ ન કરે પણ બેસે નહિ અંદર. આવો ઉપાય તે જ એક ઉપાય છે. બીજો વ્યાપાર કામ કરતો નથી. એ દાખલો આપશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર સુદ ૪, રવિવાર, તા. ૨૪.૧૧.૧૯૬૮**
**ગાથા-૮૮-૮૯, પ્રવચન-૭૬**

ગાથા-૮૮. જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન, પ્રવચનસાર. ફરીને એ ટીકા જુઓ ૮૮ની. કહે છે કે **'આ અતિ દીર્ઘ, સદા ઉત્પાતમય સંસારમાર્ગમાં...'** મિથ્યાત્વરૂપી સંસારમાર્ગ મહા

ઉત્પાતમય છે, દુઃખમય છે. **'આ...'** એમ વિદ્યમાનતા બતાવે છે. **'અતિ દીર્ઘ,...'** અનંત કાળનો સંસાર લાંબો **'સદા ઉત્પાતમય...'** જેમાં દુઃખની જ ઉત્પત્તિ મહા છે. એવા **'સંસારમાર્ગમાં કોઈ પણ પ્રકારે જિનેશ્વરદેવના આ તીક્ષ્ણ અસિધારા સમાન ઉપદેશને પામીને...'** એ કાલે આવ્યું હતું. એક કોર એમ કહ્યું કે દ્રવ્ય પર્યાયને પામે. અહીં કહે છે કે ભગવાનના ઉપદેશથી જ્ઞાન પામીને. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- બે પ્રકાર થયા.

ઉત્તર :- બે પ્રકાર નથી, કથની બે પ્રકારની છે. પહેલા તો એમ કહ્યું ૮૭માં કે દ્રવ્ય પર્યાયને પામે છે, દ્રવ્ય પર્યાયને પહોંચે છે, દ્રવ્ય પર્યાયમાં જાય છે, દ્રવ્ય પર્યાયને પ્રાપ્ત કરે છે, દ્રવ્ય પર્યાયપણે પરિણમે છે, પર્યાયનો આધાર દ્રવ્ય એને છે અંદર પરિણમવામાં. પરિણમે છે, આશ્રય કરે છે અથવા પરિણમે છે. ગચ્છતિ. એ દ્રવ્ય પોતે પર્યાયને પામે છે એ સિદ્ધાંત પહેલો કહ્યો. પણ અહીં કહ્યું કે જિનેશ્વરદેવના ઉપદેશનું ત્યાં અપેક્ષિતપણું રહે છે. સમજાય છે કાંઈ?

જેણે સર્વજ્ઞપણું પ્રગટ કર્યું, વીતરાગ વિજ્ઞાનદશા જે પૂર્ણ થઈ જે વાણી નીકળી, એ વાણીના ઉપદેશને પામીને, એમ કહ્યું છે. છે? એવા અસિધારા સમાન. એટલે શું? કે ઉપદેશનું એવું સ્વરૂપ છે કે એના જ્ઞાનમાં સ્વભાવનો આશ્રય કરી અને મિથ્યાત્વ ઉપર પ્રહાર કરે, દુઃખ ઉપર પ્રહાર કરે એવો એનો ઉપદેશ ભગવાનનો છે.

ફરીને. ભગવાનના ઉપદેશમાં **'તીક્ષ્ણ અસિધારા સમાન ઉપદેશ.'** ઉપદેશ જ એવો ભગવાનનો છે કે આત્મા જ્ઞાયક સ્વભાવના સંબંધવાળો પ્રભુ એમાં એકાગ્ર થા તો રાગ અને દ્વેષ કે મિથ્યાત્વ ઉપર પ્રહાર પડતાં તેનો નાશ થઈને તને શુદ્ધની ઉત્પત્તિ થાય. પાઠ તો એવો લીધો છે કે એનો નાશ થાય દુઃખનો એમ લીધું છે. સમજાણું કાંઈ?

**'અસિધારા સમાન ઉપદેશને પામીને...'** પહેલું તો એમ કહ્યું કે દ્રવ્ય પર્યાયને પામીને. અહીં ઉપદેશને પામીને તરત બીજી ગાથામાં લીધું. એનો અર્થ એ કે દ્રવ્ય પોતાની પર્યાયને તો પામે છે પણ એમાં ઉપદેશ, સર્વજ્ઞનો ઉપદેશ તેમાં નિમિત્ત છે. એટલે નિમિત્તને પામીને એમ વ્યવહારથી કહ્યું છે. છતાં એ દ્રવ્ય પર્યાયને પોતાને પામે છે. એ નિમિત્ત છે જિનેશ્વરદેવનો ઉપદેશ. એ પરલક્ષી જ્ઞાન પણ એને પામે છે તો દ્રવ્ય જ, પણ એ પરલક્ષી પર્યાયમાં તાકાત દુઃખનો ક્ષય કરવાની નથી. એ ઉપદેશમાં જ એમ આવ્યું હતું. આ ઉપદેશને પામીને એટલે એમ આવ્યુંને? **'મોહ-રાગ-દ્વેષ ઉપર અતિ દઢપણે પ્રહાર કરે છે...'** એનો અર્થ એ કે જે પર તરફના લક્ષવાળું જ્ઞાન ભલે પામ્યો પોતે, પણ તે પર્યાય વાસ્તવિક દ્રવ્યનું પરિણમન (કરી) વિકારનો નાશ કરે એવું એ પરિણમન નથી. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા... અહીં તો કહ્યું કે જિનેશ્વરનો ઉપદેશ તીખી ધાર જેવો પામીને. કારણ કે વીતરાગતા એના ઉપદેશમાં છે. ભગવાનના ઉપદેશમાં તો વીતરાગ વિજ્ઞાનતા પ્રગટ કરવાનું

છે. વીતરાગ વિજ્ઞાન પ્રગટ કરવામાં એને લક્ષમાં આવ્યું કે આમ કહે છે. સમજાય છે કાંઈ? પણ એ એમાં એમ કહેવાનું છે કે દુઃખ, મિથ્યાત્વ અને રાગ-દ્વેષ દુઃખ છે એનો નાશ કર, નાશ કર. એનો અર્થ કે સ્વભાવનો આશ્રય કર એટલે ઓલો દુઃખનો નાશ થઈ જશે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'પ્રહાર કરે છે તે જ ક્ષિપ્રમેવ સમસ્ત દુઃખથી પરિમુક્ત થાય છે,...'** પ્રહારથી વ્યાખ્યા લીધી છે. આ મિથ્યાત્વ તે દુઃખ છે અતિ દીર્ઘ ઉત્પાત, માટે તેનો નાશ કરું એ કાંઈ પર્યાયના લક્ષે, પર્યાયબુદ્ધિએ નાશ થતો નથી. સમજાણું કાંઈ? પર્યાયમાં મિથ્યાત્વના દુઃખને નાશ કરવાનું સામર્થ્ય દ્રવ્યના લક્ષથી આવે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ એ ઉપદેશનો ખ્યાલ આવ્યો, એ ઉપદેશનો ખ્યાલ-એ જ્ઞાન મિથ્યાત્વને નાશ કરવા માટે એ પર્યાય કામની નથી એમ કહે છે. શેઠી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વહ પરલક્ષી જ્ઞાન હૈ. નિમિત્તકે લક્ષસે અપની પર્યાય કો દ્રવ્યને પ્રાપ્ત કિયા હૈ. નિમિત્તનું સાપેક્ષપણું છે માટે તે જ્ઞાનનો પર્યાય ખરેખર દ્રવ્યનો પર્યાય પરિણમન જે જ્ઞાનનું જોઈએ એ નથી. સમજાય છે કાંઈ? જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન છેને. એ જ્ઞાયકસ્વરૂપ જ્ઞાનભાવ છે એના લક્ષે પરિણમન નથી. પરિણમનમાં એમ આવ્યું ઉપદેશમાં કે વીતરાગ વિજ્ઞાનતા તે મિથ્યાત્વ અને રાગ-દ્વેષને હણનાર છે. સમજાય છે કાંઈ? એ ઉપદેશમાં આવ્યું. પણ એ લક્ષ જ્યાં સુધી ઉપદેશના જ્ઞાન તરફ લક્ષ છે ત્યાં સુધી એને મિથ્યાત્વ અને રાગ-દ્વેષનો નાશ કરવાની એ પર્યાયમાં તાકાત નથી. આહા..હા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પરલક્ષ. હજી તો લક્ષ ત્યાં છે, અહીં લક્ષ નથી. પણ લક્ષમાં એમ કહ્યું હતું (કે) આ ચૈતન્યમૂર્તિ જે જ્ઞાયકસ્વરૂપ છે એવો સ્વભાવભાવ તેની સાથે તારે સંબંધ છે. રાગ અને પર સાથે સંબંધ નથી. એવો સંબંધ કરતા સ્વભાવ સાથે સંબંધ કરતા વિભાવનો-મિથ્યાત્વ અને રાગ-દ્વેષ-મોહનો એણે પ્રહાર કર્યો, એણે નાશ કર્યો એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'ક્ષિપ્રમેવ સમસ્ત દુઃખથી પરિમુક્ત થાય છે,...'** 'શીઘ્ર' એમ છેને? 'અલ્પ કાળે' શબ્દ છેને મૂળ પાઠમાં. અલ્પ કાળ. અલ્પ કાળનો અર્થ કાંઈ ક્રમબદ્ધમાં ફેર પડે છે એમ નથી. પણ જેણે આ રીતે સ્વના આશ્રયની દૃષ્ટિ અને સ્થિરતા કરી એને અલ્પ કાળમાં કેવળજ્ઞાનની પ્રાપ્તિ થવાનો એને કાળ છે. સમજાણું કાંઈ? જેણે ભગવાન આત્મા શુદ્ધભાવ જ્ઞાયક શુદ્ધભાવ સંપન્ન પ્રભુ એ ઉપર જ્યાં આશ્રય અને દૃષ્ટિ થઈ, એથી એને ક્રમના પરિણામમાં અલ્પ કાળ-એને થોડો જ કાળ છે એને કેવળજ્ઞાન લેવાને. સર્વ દુઃખથી મુક્ત થવાને માટે એને

કાળ જ થોડો છે. સમજાણું કાંઈ? એથી ક્રમબદ્ધ ફરી ગયું છે એમ નથી. '**ક્ષિપ્રમેવ સમસ્ત દુઃખથી...**' એટલે હવે એને કાળ જ અલ્પ છે કહે છે, દુઃખથી મુક્ત થવાનો. એવો જ દ્રવ્યના પર્યાયમાં ક્રમ છે. વસ્તુ શુદ્ધ ચૈતન્યવસ્તુ એના આશ્રયથી જે નિર્મળ પર્યાય થાય એ ઉત્પાદ છે અને ઉત્પાદ એ સર્વ દુઃખનો પર્યાયનો વ્યય કરે છે. ઉત્પાદ વ્યય કરે છે એમ અહીંયા કથન કર્યું છે. સમજાણું કાંઈ? પણ એ ઉત્પાદ સ્વને આશ્રયે થાય છે એથી ઉત્પાદ થતાં મિથ્યાત્વ આદિની ઉત્પત્તિ થતી નથી, એણે સર્વ દુઃખનો ક્ષય કર્યો અને રાગનો ક્ષય કર્યો એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**અન્ય (કોઈ) વ્યાપાર સમસ્ત દુઃખથી પરિમુક્ત કરતો નથી;...**' કોઈ દયા, દાન, વ્રત વિકલ્પ જે પરલક્ષી વિકૃત ભાવ છે એ કાંઈ દુઃખથી મુક્ત થવાનો એ ઉપાય નથી એમ કહે છે. સમજાણું કાંઈ? '**અન્ય વ્યાપાર સમસ્ત દુઃખથી પરિમુક્ત કરતો નથી;...**' તો થોડા દુઃખથી તો મુક્ત કરે છે કે નહિ? એનો અર્થ એ છે કે નિશ્ચયનો આશ્રય છે ત્યાં ભલે શુભરાગ હો, તો એનાથી અશુભ ટળે છે થોડું દુઃખ એટલું વ્યવહારથી કહેવામાં આવે છે. પણ સ્વના આશ્રય સિવાય સર્વથા દુઃખથી મુક્ત થવાની કોઈ રીત બીજી છે નહિ. સમજાણું કાંઈ? (અન્ય કોઈ) '**વ્યાપાર સમસ્ત દુઃખથી પરિમુક્ત કરતો નથી;...**' એનો અર્થ એમ થઈ જાય કે થોડો તો દુઃખથી મુક્ત કરે છે. હા. કઈ અપેક્ષાએ? જ્યાં સ્વભાવનો આશ્રય છે એ પૂર્વકનો જ્યાં અંદર શુભવિકલ્પ થયો છે એ તાકાત શુભમાં, અશુભ એટલે થોડું દુઃખ ટાળવાનો એ માર્ગ આવ્યો એમાં, પણ ઓલો નિશ્ચયનો આશ્રય છે એની અપેક્ષાએ. પણ સમસ્ત દુઃખને મુક્ત થવાનો ઉપાય તો એકલો સ્વ આશ્રયભાવ જ છે. સમજાણું કાંઈ? '**અન્ય (કોઈ) વ્યાપાર સમસ્ત દુઃખથી પરિમુક્ત કરતો નથી;...**'

'**હાથમાં તલવારવાળા મનુષ્યની માફક.**' મનુષ્યના હાથમાં તલવાર હોય અને દુશ્મનને ન મારે તો એ તલવારનું ફળ એને આવ્યું નથી. તલવાર હાથમાં રાખે, પણ જે કામ છે એ તો કર્યુ નહિ.

મુમુક્ષુ :- મારે એની તલવાર.

ઉત્તર :- એ મારે તેની એ તો એની કીધીને? મારે તેની તલવાર છે, બાંધે તેની તલવાર નહિ. લોકો કહેને બાંધે એની તલવાર. બાંધે એની તલવાર નહિ, મારે એની તલવાર. ભગત બોલ્યા હતા એક ફેરી. ગોંડલના ભગત. વનમાળી ભગત છેને? એય..! જીતુભાઈ! તમારા ભગતને કેમ છે અત્યારે? તે દિ' બોલ્યા હતા એક ફેરી અહીં. અસ્થિર નહોતું, થોડું અસ્થિર હતું. બહુ અસ્થિર થવાનું નહોતું. એ વખતે બોલી ગયા હતા. મારે એની તલવાર, બાંધે એની નહિ. વાત સાચી. તલવાર તો બાંધી રાખી એણે. શું કરે? મારે એની તલવાર. અહીં એ ભગવાન કહે છે. ઉપદેશ પામીને પ્રહાર કરે તો તે તલવારનું કામ કર્યું કહેવાય છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'(**જેમ મનુષ્યના હાથમાં તીક્ષ્ણ તરવાર હોવા છતાં પણ જો તે મનુષ્ય શત્રુઓ પર અતિ જોરથી તેનો પ્રહાર કરે છે...**' અતિ જોરથી. '**તો જ તે શત્રુસંબંધી દુઃખથી મુક્ત થાય છે, અન્યથા નહિ, તેમ આ અનાદિ સંસારમાં મહાભાગ્યથી...**' દેખો! '**જિનેશ્વરદેવના ઉપદેશરૂપ તીક્ષ્ણ તરવાર...**' એ સિવાયનો ઉપદેશ અજ્ઞાનીઓનો જે છે એ બધો ખોટો છે. આ તો સર્વજ્ઞ છે અને સર્વજ્ઞમાં બધું જાણ્યું, જોયું અને એને વાણી જે સહજપણે જે વાણી આવે, એ જ વાણીમાં એવો ઉપદેશ હોય છે. વાણીમાં, એની પ્રમાણતા વાણીમાં જ એવી હોય છે કે સ્વપર વાર્તા કહેવાની તાકાત (એ વાણીમાં છે). એ સર્વજ્ઞનું નિમિત્ત છે એટલે ત્યાં આગળ વાણીની તાકાત પણ પોતાને કારણે સ્વપર વાર્તા પૂરી કહેવાની તાકાત છે. એવો ઉપદેશ હોય તે નિમિત્ત થાય છે. અજ્ઞાનીઓનો ઉપદેશ નિમિત્ત થતો નથી, એમ કહે છે મૂળ તો. સમજાણું કાંઈ?

'**જિનેશ્વરદેવના ઉપદેશરૂપ તીક્ષ્ણ તરવાર પામવા છતાં પણ જો જીવ મોહ-રાગ-દ્વેષરૂપ શત્રુઓ પર અતિ દઢતાથી તેનો પ્રહાર કરે છે તો જ તે સર્વ દુઃખથી મુક્ત થાય છે, અન્યથા નહિ.**)' ખ્યાલમાં આવ્યું કે ભગવાન આમ કહે છે. એમ કહે છે અહીં. ક્ષયોપશમના જ્ઞાનમાં આવ્યું કે આમ કહે છે. આમ ઢળ તો દુઃખથી મુક્ત થાય એમ કહે છે. પણ એ ઢળે નહિ, વળે નહિ અને લક્ષમાં જે કાંઈ વાત રાખે તો એથી કાંઈ દુઃખથી મુક્ત થાય નહિ એમ કહે છે. સમજાણું કાંઈ? અમને ખબર છે કે આમ થાય, અમને ખબર છે કે આમ થાય. સમજાણું કાંઈ? પણ આ ચોરે બાંધ્યા પોટલા. ખબર છેને. આ ચાલ્યા. ખબર છેને. કે શું ખબર છે તારી હવે? આવે છેને વાત, કથામાં આવે છે. આ ચોર આવ્યા છે. કહે ખબર છે. આ બાંધે છે પોટલા. કહે ખબર છે. પણ જાય છે શું તારી ખબર પણ હોળી આ? આ લઈને ચાલ્યા જાય તો પણ ખબર છે... ખબર છે... ખબર છે. એમ અમને ખબર છે કે દ્રવ્યનો આશ્રય કરવાથી મિથ્યાત્વનો (નાશ) થાય, દ્રવ્યનો આશ્રય કરવાથી રાગ-દ્વેષ(નો નાશ થાય). પણ એ ખબર છે-ખબર છે એમને એમ રાખ્યું પણ અહીં (અંદર) ઉતર્યો તો નહિ. ખબર નથી એને યથાર્થપણે. આહા..હા..! સમજાય છે કાંઈ?

'**માટે જ સર્વ આરંભથી...**' સર્વ પુરુષાર્થથી-સર્વ '(**-યત્નથી**) **મોહનો ક્ષય કરવા માટે...**' આચાર્ય પોતે કહે છે. ઓહો..! '**માટે જ સર્વ આરંભથી (-યત્નથી) મોહનો ક્ષય કરવા માટે...**' જોયું! અહીં તો ઉપશમ-ક્ષુપશમની વાત નહિ, નાશ જ એકલો. '**હું પુરુષાર્થનો આશ્રય કરું છું.**' ભાષા દેખો! હું પુરુષાર્થનો આશ્રય કરું છું. એટલે હું પુરુષાર્થ કરું છું. પુરુષાર્થ પર્યાય છે, એ નિર્વિકારી પુરુષાર્થ એનો ત્યાં આશ્રય નથી, આશ્રય તો દ્રવ્યનો છે. પણ પુરુષાર્થનો આશ્રય એટલે હું પુરુષાર્થ સ્વભાવ તરફ કરું છું, એમ. કથનની શૈલી તો જેમ આવતી હોય એમ આવેને. સમજાય છેને? ટૂંકું કરીને કહેવું અને એના ભાવો બધા

સમાડવા. કહે છે કે મોહનો ક્ષય કરવા માટે હું પુરુષાર્થનો આશ્રય કરું છું. એટલે કે સ્વભાવ તરફના પુરુષાર્થને જગાડીને સ્થિર થાઉં છું એમ કહે છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? લ્યો! આ કરવાનું છે મનુષ્યદેહ પામીને. દેહ પામીને એમ નથી કહ્યું અહીં તો. આ તો વ્યવહારથી. કહો, આવો જિનેશ્વરદેવનો ઉપદેશ પામીને. એમ કહ્યું લ્યોને. આહા..હા..! એ પામીને પણ ખરેખર એ પામ્યો નથી. પામ્યો છે એ પણ પર્યાય દ્રવ્યથી. આ ઉપદેશ હતો એવું જ્ઞાન છે માટે આનાથી પામ્યો એમ કહ્યું. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા જેમાં અનંત અનંત આનંદ અને જ્ઞાનની પુંજી સમાડી છે એવો જે ભગવાન ધ્રુવ ચૈતન્યપ્રભુ એનો આશ્રય કરે એણે પુરુષાર્થનો આશ્રય કર્યો એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? **'માટે જ સર્વ આરંભથી મોહનો ક્ષય કરવા માટે હું...'** હું જુદો પડી જાય છેને બીજા કરતાં? ઓલા કહે છેને બધા એક હોય. હુંનું તો અભિમાન આવી જાય. અરે..! ભગવાન! એ તો પોતાનું અસ્તિત્વ કહે છે. આ મારા અસ્તિત્વમાં રહ્યો હું, મારા અંતર અસ્તિત્વમાં મારો પુરુષાર્થ ગતિ કરે છે એમ કહે છે. સમજાવવું શી રીતે? હું (કહેતા) તો પછી બધા કરતા જુદો પડી જાય છે તો ખંડ-ખંડ થઈ જાય છે. આમ અખંડ છે. સાંભળને. આહા..હા..! ભગવાન આત્મા હું એટલે પોતાના અસ્તિત્વને બતાવે છે. મારા અસ્તિત્વમાં હું પુરુષાર્થ કરીને ઠરું છું. કહો, સમજાણું કાંઈ? જુઓ! આ પુરુષાર્થ કરતાં સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર પામે છે એમ કહે છે. એમને એમ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર પમાય છે એમ છે નહિ. એમ કહે છે. ભાઈ! ક્રમબદ્ધમાં થવાનું હશે ત્યારે થાશે. પણ એ ક્રમબદ્ધમાં પુરુષાર્થ કર ત્યારે એને ક્રમબદ્ધનો નિર્ણય થયો કહેવામાં આવે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોણે કહ્યું હતું ક્રમબદ્ધનું? ક્રમબદ્ધમાં અકર્તાપણું બતાવવા ક્રમબદ્ધની વાત કરી છે. અકર્તાપણું બતાવવા ક્રમબદ્ધની વાત કરી છે. સમજાણું કાંઈ? રાગનું કરવું અને પરનું કરવું એના સ્વરૂપમાં નથી. એ તો જ્ઞાતા-દૃષ્ટા થઈને પોતાના સ્વભાવને કરે એવું એનામાં છે. એ બતાવતા ઓલી વાત ભેગી આવી ગઈ. કહો, સમજાણું?

કહે છે, જુઓ! આચાર્ય પોતાનો ભાવ લઈને વાત કરે છે. ઓહો..હો..! મુનિપણું છે, ચારિત્ર છે, આચાર્યપદ છે. ભાવ-આચાર્ય હોં! જ્ઞાન-દર્શન-ચારિત્ર. પણ કહે છે કે હું તો હજી મારા સ્વભાવ તરફ ઢળવાનો પુરુષાર્થ કરું છું એ મારે કરવા જેવું છે. શુભ વિકલ્પ ટાળીને શુદ્ધ ઉપયોગ પ્રાપ્ત કરવો એ મારો પુરુષાર્થ છે.

**'હવે સ્વ-પરના વિવેકથી (-ભેદજ્ઞાનની) સિદ્ધિથી જ મોહનો ક્ષય થઈ શકે છે...'** લ્યો! પોતા અને પરની ભેદજ્ઞાન અને વિવેકપણાની સિદ્ધિથી મોહ ક્ષય થઈ શકે છે. સ્વ-પરના વિભાગની સિદ્ધિ માટે પ્રયત્ન કરે છે. ભેદજ્ઞાન માટે પણ પ્રયત્ન કરે છે. મારો સ્વભાવ જ્ઞાનસ્વભાવ સાથે સંબંધ છે. મને મારા જ્ઞાનસ્વભાવ સાથે સંબંધ છે, પરના

જ્ઞાનસ્વભાવ સાથે તેના આત્માને સંબંધ છે. પરના ભાવ સાથે જડના ભાવ સાથે તે પરમાણુ જડની સાથે સંબંધ છે. મારા ભાવ સાથે મને સંબંધ છે, એના ભાવ સાથે એને સંબંધ છે. મારા ભાવ સાથે એને કાંઈ સંબંધ છે, બિલકુલ નહિ. અને એના ભાવ સાથે મારે કાંઈ સંબંધ છે, બિલકુલ નહિ. જગતના પદાર્થની પર્યાય સાથે મારે કાંઈ સંબંધ છે એમ બિલકુલ નહિ. એમ મારા ભાવની સાથે મારે સંબંધ (છે), એમાં બીજાના પર્યાયની સાથે મારે સંબંધ છે એમ બિલકુલ નહિ. એ કહે છે જુઓ!

**णाणप्पगमप्पाणं परं च दव्वत्तणाहिसंबद्धं।**
**जाणदि जदि णिच्छयदो जो सो मोहक्खयं कुणदि।।८९।।**
**જે જ્ઞાનરૂપ નિજ આત્મને, પરને વળી નિશ્ચય વડે**
**દ્રવ્યત્વથી સંબદ્ધ જાણે, મોહનો ક્ષય તે કરે. ૮૯.**

'અન્વયાર્થ :- **જે નિશ્ચયથી જ્ઞાનાત્મક એવા પોતાને અને પરને નિજ નિજ દ્રવ્યત્વથી સંબદ્ધ જાણે છે, તે મોહનો ક્ષય કરે છે.'**

'ટીકા :- **જે નિશ્ચયથી પોતાને સ્વકીય ચૈતન્યાત્મક દ્રવ્યથી સંબદ્ધ** (-સંયુક્ત)...' દેખો! મારે તો ચેતનને ચૈતન્ય દ્રવ્યત્વ એટલે ચૈતન્યરૂપ ભાવ સાથે સંબંધ છે. કહો, સમજાણું કાંઈ? મારે ખરેખર પોતાને સ્વકીય ચૈતન્ય. પોતાનો ચૈતન્યસ્વભાવ, ચૈતન્યભાવ, જ્ઞાયકભાવ એવું જે દ્રવ્યત્વ એટલે ભાવ. સ્વકીય ચૈતન્યસ્વરૂપભાવ-દ્રવ્યત્વભાવ એની સાથે મારા દ્રવ્યને સંબંધ છે. શું કીધું સમજાણું કાંઈ? એ દ્રવ્યને દ્રવ્યત્વ સાથે સંબંધ છે એમ કહે છે. સત્‌ને સત્ત્વ સાથે સંબંધ છે. ભાઈ! સત્‌ને સત્ત્વ સાથે સંબંધ છે. દ્રવ્યને દ્રવ્યત્વ સાથે સંબંધ છે. મારું દ્રવ્ય તે ચૈતન્યાત્મક દ્રવ્યત્વ એની સાથે મને સંબંધ છે. શું કીધું સમજાણું કાંઈ? મારું જે સત્ અને એનું સત્ત્વ જે ભાવ, ભાવવાનને ભાવ સાથે સંબંધ છે. ચૈતન્યાત્મક જે દ્રવ્યત્વ જે ભાવ એની સાથે મારા આત્માને સંબંધ છે.

એ કહ્યુંને આ. કહ્યું હતુંને, સોનાના ભાવની વાત નહોતી કરી? સોનાનો ભાવ ક્યો? સોનાને સોનાના ભાવ-ગુણ સાથે સંબંધ છે. ઓલા કલ્પે સો રૂપિયા ને પચ્ચીસ રૂપિયા એની સાથે સંબંધ નથી. કહો, સમજાણું કાંઈ? સોનાને સોનાના ભાવ સાથે સંબંધ છે. ચંદુભાઈ! અહીં પૂછ્યું હતું એકવાર કે સોનાનો ભાવ શું? ત્યારે કોક કહે અમને ખબર નથી. તમને ખબર નથી?

મુમુક્ષુ :- ત્યાં ક્યાં જરૂર હતી?

ઉત્તર :- ના, એ જ જરૂર હતી. પણ સોનાનો ભાવ એનો ભાવને? તમે સો પૈસાનો કલ્પ્યો એ ક્યાં સોનાનો ભાવ છે? સમજાણું કાંઈ? સોનાનો ભાવ શું? ત્યાં તો બધાય મુંઝાઈ ગયા. એની ખબર નથી. સોનાના ભાવની ખબર નથી? સોનું દ્રવ્ય છે એનો ભાવ તો વર્ણ, ગંધ, રસ, સ્પર્શ એ એનો ભાવ છે. એમ અહીં કહે છે જુઓને.

'**સ્વકીય ચૈતન્યાત્મક દ્રવ્ય...**' ભાઈ! એ ભાવ છે. ચૈતન્યાત્મક દ્રવ્યત્વ એટલે ભાવ. એનો ચૈતન્યાત્મક દ્રવ્યત્વ એટલે પૂછ્યું છે કોઈ દિ' આત્માનો ભાવ? એ કહ્યું હતું તે દિ'. એટલે પૂછ્યો છે કોઈ દિ' આત્માનો ભાવ? બીજા ભાવ પૂછ્યા. રૂનું આ થાય, ઢીંકણાનું આ થાય, ઘઉં મોંઘા થઈ ગયા, ફલાણા ભાવ થઈ ગયા, સાકરના મોંઘા (થઈ ગયા). આત્માના ભાવનું પૂછ્યું કોઈ દિ'? એઈ..! ઈ કહે છે જુઓ!

'**જે નિશ્ચયથી પોતાને...**' એટલે દ્રવ્યને. પોતે એટલે દ્રવ્ય-વસ્તુ. એને '**સ્વકીય ચૈતન્યાત્મક દ્રવ્યત્વથી...**' ચૈતન્યસ્વરૂપ ભાવ, ચૈતન્યસ્વરૂપ દ્રવ્યત્વ. દ્રવ્યને ચૈતન્યસ્વરૂપ દ્રવ્યત્વ, ભાવવાનને ચૈતન્યસ્વરૂપ ભાવ એની સાથે સંબંધ છે. સમજાણું કાંઈ? ભારે વાતું! '**ચૈતન્યાત્મક દ્રવ્યત્વ...**' ભાવ એની સાથે દ્રવ્યને સંબંધ છે એવો જે નિર્ણય કરે છે તે પર્યાય છે. સમજાણું કાંઈ? આ ચૈતન્યાત્મક ભાવ એની સાથે દ્રવ્યને સંબંધ છે, ગુણને ગુણી સાથે સંબંધ છે, સત્ત્વને સત્ સાથે સંબંધ છે, દ્રવ્યત્વને દ્રવ્ય સાથે સંબંધ છે, ભાવને ભાવવાન સાથે સંબંધ છે. એવો જે પર્યાય અંતર નિર્ણય કરે છે એ પર્યાયમાં નિર્ણય થાય છે. ભારે વાત! દયા પાળવી, વ્રત પાળવા, પૂજા કરવી એ સહેલું પડે લ્યો. પણ કોની પૂજા? પૂજ્ય તે તું કોણ છો? પૂજવાયોગ્ય પૂજ્ય કોણ છો? દયા પાળવા યોગ્ય તું કોણ છો? રાગનો અભાવ કરીને અહિંસા સ્વભાવ પ્રગટ કરનાર તું કોણ છો? દયા તારી જોઈએ કે પરની? સમજાણું કાંઈ?

કહે છે કે ભગવાન આત્મા જ્ઞાનરૂપ સ્વભાવભાવથી સંબંધ રાખે છે. પાઠમાં એમ આવ્યું ને? '**णाणप्पगमप्पाणं परं च दव्वत्तणाहिसंबद्धं।**' એમ. સમજાણું કાંઈ? '**દ્રવ્યત્વથી સંબદ્ધ (-સંયુક્ત)...**' છે. સહિત છે, સંબંધ છે. ભગવાન આત્મા વસ્તુ છે, એને એનું જ્ઞાનસ્વરૂપ એવો દ્રવ્યત્વભાવ, જ્ઞાનસ્વભાવભાવ, ગુણસ્વભાવભાવ એની સાથે એને સંબંધ છે. એને ખરેખર પર સાથે સંબંધ નથી, તેમ તેને પુણ્ય-પાપના વિકલ્પ સાથે ખરેખર સંબંધ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ભાવ શુદ્ધ સાથે તો સંબંધ ...

ઉત્તર :- ભાવ શુદ્ધ છે એની સાથે સંબંધ છે ત્યાં તો એની પર્યાય નિર્મળ થઈ. આહા..હા..! જ્ઞાનતત્ત્વ અધિકાર છેને. તત્ત્વ એટલે ભાવ. તો ભાવવાન સાથે સંબંધ છે એમ સિદ્ધ કરે છે. જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન છેને. જ્ઞાનભાવ, ચૈતન્યાત્મક ભાવ, ચૈતન્યસ્વરૂપ દ્રવ્યત્વભાવ આ દ્રવ્ય સાથે સંબંધ રાખે છે. વિશેષરૂપ ભાવ સામાન્યરૂપ દ્રવ્ય સાથે સંબંધ રાખે છે. સમજાણું કાંઈ?

અનાદિથી વર્તમાન પર્યાય નિમિત્ત સાથે સંબંધ રાખે અને રાગ સાથે સંબંધ રાખે એ તો વાસ્તવિક તત્ત્વથી વિરુદ્ધ થયું. ભાવ જ્ઞાનસ્વરૂપ ભાવ, જ્ઞાનાત્મકભાવ વસ્તુ સાથે સંબંધ રાખે છે. એવો નિર્ણય થતાં પોતાના પર્યાયમાં સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્રની પર્યાય ઉત્પાદપણે

પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? અને દુઃખનો પર્યાય એટલે મિથ્યાત્વનો પર્યાય, દુઃખ એટલે મિથ્યાત્વ અને રાગ-દ્વેષ એ પર્યાયનો વ્યય થાય છે. સમજાણું કાંઈ? પણ નિમિત્ત સાથે સંબંધ કરતા, એમ નથી સંબંધ (છતાં) પરની સાથે સંબંધ માનતા મિથ્યાત્વ ઉત્પન્ન થાય છે, દુઃખ ઉત્પન્ન થાય છે અને સ્વભાવ, સ્વભાવવાન સાથે સંબંધ રાખે છે (તો) એનો (મિથ્યાત્વનો) અનાદર થઈ જાય છે.

મુમુક્ષુ :- ન સમજાણું.

ઉત્તર :- ન સમજાણું? શેઠી! શું સાંભળ્યું? શું સાંભળ્યું કહ્યું છે. (શું) સમજાણું (એમ) નહિ. એ ઠીક! ખંખેરીને કાઢી નાખ્યું. પણ ધ્યાન રાખ્યું નથી માટે નથી સમજાણુંને? ધ્યાન રાખ્યું નથી માટે સમજાણું નથી?

એમ કહ્યું કે આત્મા વસ્તુ છે, હવે એનો સ્વભાવ હોય કે નહિ? તો સ્વભાવ જ્ઞાનાનંદસ્વરૂપ સ્વભાવ છે દ્રવ્યત્વ એની સાથે એને સંબંધ છે. એમ સંબંધ કરતાં મિથ્યાત્વ આદિનો જે પર્યાય પર્યાયમાં સંબંધ છે તેનો નાશ થઈ જાય છે. તો આમ સંબંધ નહિ કરતાં, નિમિત્ત સાથે સંબંધ જોડતા અને રાગ સાથે સંબંધ જોડતા મિથ્યાત્વની ઉત્પત્તિ થાય અને દુઃખની ઉત્પત્તિ થાય છે. અને આત્માનો અનાદર થાય છે એમ કહ્યું છે અહીંયા. સ્વભાવ સ્વભાવવાન સાથે સંબંધ રાખે છે એમ ન માનતા, સ્વભાવની પર્યાયમાં સ્વભાવ સ્વભાવવાન સાથે સંબંધ (રાખે છે) એમ ન માનતા પર્યાય રાગ સાથે સંબંધ અને નિમિત્ત સાથે સંબંધ રાખે છે તે સ્વભાવ સ્વભાવ સાથે સંબંધ રાખે છે એનો અનાદર કર્યો. સમજાણું કાંઈ? અને રાગ સાથે સંબંધ રાખે છે એમ જ્યાં આવ્યું એ મિથ્યા ભ્રાંતિ ભ્રમ છે, દુઃખ છે. ફલાણા સાથે સંબંધ રાખે છે એ તો વાતેય નથી અહીં તો. છોકરા સાથે સંબંધ રાખે, બાયડી સાથે સંબંધ રાખે. પામેમાં કહ્યું હતું કે ભાઈ પૈસા પામ્યો. પૈસો પામે છે ઈ?

મુમુક્ષુ :- ઉપદેશ પામીને એમ આવ્યું હતું.

ઉત્તર :- ઉપદેશ પામીને કીધું હતું એ તો પરલક્ષી જ્ઞાન છે પોતે દ્રવ્ય પામેલું ઈ, પણ પરલક્ષી છે એમાં નિમિત્ત કોણ હતું એનું જ્ઞાન કરાવવા એ વાત કરી છે. આહા..હા..! એવી વાત છે. આહા..હા..! પામીને (એનો) અર્થ કર્યો હતો કે ભાઈ એક કોર આચાર્ય ૮૭માં આમ કહે છે અને ૮૮માં ઉપલબ્ધિ પામીને કહે છે. વિરુદ્ધ છે? નિશ્ચયથી તો દ્રવ્ય પર્યાયને પામે છે પણ નિમિત્તથી વાત કરી છે. નિમિત્ત પામે એટલે વ્યવહારથી પામે છે એટલે ખરેખર એમ નથી. એમ કહે છે. પરલક્ષી પર્યાય પણ પોતે દ્રવ્ય પામે છે. કાંઈ નિમિત્તથી પામે છે એમ છે નહિ. પણ એ પરલક્ષી પર્યાય એ કાંઈ આત્માનું ખરું સ્વરૂપ નથી અને ખરા સ્વરૂપમાંથી આવેલી નથી. ખરેખર એ પરિણતિ દ્રવ્યની નથી. શાસ્ત્રમાં કહ્યું છે કે અભવિને ચૈતન્યની પરિણતિ જ નથી. એટલે? એને ક્ષયોપશમ જ્ઞાન નથી? અભવિને ક્ષયોપશમ જ્ઞાન નથી? છે. ક્ષયોપશમ જ્ઞાન ન હોય તો પર્યાય ન હોય, પર્યાય ન હોય તો પછી થઈ રહ્યું.

દ્રવ્ય ક્યાંથી આવ્યું? પણ એ પર્યાય ક્ષયોપશમ જ્ઞાન છે એ ચૈતન્યની પરિણતિ નથી. પરલક્ષી અભવિને અગિયાર અંગ ઉઘડે, નવ પૂર્વ ઉઘડે, પણ એ ચૈતન્યની પરિણતિ નહિ. ચૈતન્યની પરિણતિ તો ચૈતન્યને લક્ષે થયેલી જ્ઞાનની દશા તે ચૈતન્યની પરિણતિ. આહા..હા..! ઝીણું તો ઘણું ભાઈ! ચોખ્ખું અને સાચું પણ ઘણું. આહા..હા..! સાચું તો આ જ છે ભાઈ!

એ સત્ ભગવાન આત્મા સત્ સ્વરૂપ એનું સત્ત્વ જે જ્ઞાન, આનંદ આદિ એની સાથે સ્વભાવ, સ્વભાવવાન સાથે સંબંધ રાખે છે એવું જ વસ્તુનું સ્વરૂપ છે. અને તું એ ઉપર સ્વભાવ સ્વભાવવાનનો સંબંધ નથી રાખતો અથવા એની ઉપર નજર નથી અને અહીં પર્યાયમાં રાગ સાથે સંબંધ, નિમિત્ત સાથે સંબંધ રાખે છે અને એવું જે જ્ઞાન (થાય), પછી શાસ્ત્રના નિમિત્તથી થયું ભલે જ્ઞાન... સમજાય છે? પણ એ બધું જ્ઞાન વાસ્તવિક ચૈતન્યની પરિણતિ નથી. આહા..હા..! એટલે? જે નિમિત્તથી જ્ઞાન થયું હતું ... પોતે, પણ એમાં આનંદ આવ્યો નહિ એટલે દ્રવ્યનું જ્ઞાન ન આવ્યું એ. આહા..હા..! એકલા ગુણની પર્યાય આવી એ પર્યાય વાસ્તવિક એના દ્રવ્યની નથી. ભાઈ!

ફરીને. ફરીને કહીએ છીએને. હળવે-હળવે આવે છે. એ ભગવાન આત્મા જે જ્ઞાનના ઉઘાડમાં, કીધુંને શાસ્ત્રનો ઉપદેશ પામ્યો, એ પામ્યો છે એ પામ્યો પર્યાય તો દ્રવ્યે પામી છે એ પણ, દ્રવ્ય જ એને પહોંચી વળે છે પણ એ ખરેખર ચૈતન્યની પરિણતિ નથી. ચૈતન્યની પરિણતિ હોય તો ચેતન, ચૈતન્ય એવું ચૈતન્ય એનો જે સ્વભાવ એમાં તો અનંતા ગુણો આનંદ આદિ આવ્યા છે. એટલે એનું જે પરિણમન હોય તો જ્ઞાનના પરિણમન સાથે આનંદ હોય એ ચૈતન્યની પરિણતિ કહેવાય. આહા..હા..! કેમકે દ્રવ્ય જે છે અનંત ગુણસંપન્ન છે. તો અનંતમાં આનંદ અને શાંતિ આદિ વીતરાગ વિજ્ઞાનઘન એ છે. તો એની પરિણતિ તો વીતરાગી જ્ઞાન અને આનંદ લેતું આવે એ જ્ઞાનને ચૈતન્યની પરિણતિ કહેવામાં આવે છે. એ દ્રવ્યની પરિણતિ કહેવામાં આવે છે. ઓલો એક જ્ઞાનનો ઉઘાડ અંશ ઉઘડ્યો એ દ્રવ્યની પરિણતિ નથી. આહા..હા..! ચંદુભાઈ! આહા..હા..! એમ કહે છે.

ભગવાન! જેટલા સ્વભાવો છે એ સ્વભાવનો સ્વભાવવાન સાથે સંબંધ થયો. કેમ સંબંધ થયો? કે પર્યાયમાં જેટલા ગુણો છે એ બધાયનું નિર્મળ પરિણમન થતું આવે છે. ત્યારે દ્રવ્યનું પરિણમન કહેવાય. અને પરના લક્ષે ઉઘાડ ભલે અગિયાર અંગનો થયો એ દ્રવ્યનું પરિણમન નથી. એ તો પર્યાયમાં રાગાદિની મંદતા થતાં ઉઘાડ થયો એ ખરું દ્રવ્યનું પરિણમન નથી. આહા..હા..! શેઠી! સમજાણું કાંઈ? એ કહે છે અહીંયાં. ભાઈ! ભગવાન આત્માએ તો મહિમાવાળા આનંદ આદિ, જ્ઞાન આદિ સ્વભાવ જે દ્રવ્યત્વ છે, દ્રવ્યત્વ છે એની સાથે દ્રવ્યને સંબંધ છે. એનું દ્રવ્યત્વપણું છે, દ્રવ્યત્વપણું છે, ગુણપણું છે, ભાવપણું છે, સ્વભાવપણું છે એને સ્વભાવવાન સાથે સંબંધ છે. એ સંબંધ જો કરે, છે તો એમ, પણ દૃષ્ટિ ત્યાં કરે તો આખા સ્વભાવનું પરિણમન આનંદ ને જ્ઞાન ને શાંતિ લેતું ગુણનું પરિણમન થાય

તેને ચૈતન્યના દ્રવ્યની પરિણતિ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'જે નિશ્ચયથી પોતાને સ્વકીય...'** ચૈતન્યસ્વરૂપ. ચૈતન્યસ્વરૂપ છે હોં, એ ગુણ છે અહીં. પોતે એટલે ચેતન આત્મા. એને **'સ્વકીય ચૈતન્યાત્મક...'** પોતાના ચૈતન્ય. પોતાના કેમ લીધા? કે બીજાના આત્માને (એના) ચૈતન્યસ્વરૂપ સાથે એ આત્માને સંબંધ છે. બીજાના આત્માને પણ એના ચૈતન્યસ્વરૂપ ભાવ એ ભાવવાન સાથે સંબંધ છે. એટલે પોતાનું સ્વકીય જુદું પાડ્યું. સમજાણું કાંઈ? પોતાનું, પોતાને પોતાનું. એમ. એમ જુઓ નીચે છેને. **'પોતાને પોતાનું...'** **'સ્વીકાય ચૈતન્યાત્મક...'** પોતાને એટલે દ્રવ્યને, પોતાનું એટલે ચૈતન્યાત્મક દ્રવ્યત્વ એની સાથે સંબંધ (છે) **'અને પરને પરકીય યથોચિત દ્રવ્યત્વથી સંબદ્ધ જ જાણે છે,...'** આહા..હા..! જુઓ! **'અને પરને...'** પરને એમાં બે. બીજા આત્માઓ એને પણ એના ચૈતન્યાત્મક દ્રવ્યત્વથી તે દ્રવ્યને સંબંધ છે અને પરમાણુને એના અચેતનત્વ જે ભાવ છે એની સાથે તે દ્રવ્યને સંબંધ છે. અચેતનત્વ ભાવ છે એની સાથે દ્રવ્યને સંબંધ છે. એમ **'પરને પરકીય યથોચિત...'** પારકું. યથોચિત એટલે શું? યથોચિત બે સંભાળવા છે ને? જડ અને ચૈતન્ય. **'યથોચિત = યથાયોગ્ય—ચેતન કે અચેતન. (પુદ્ગલાદિ દ્રવ્યો પરકીય અચેતન દ્રવ્યથી સંયુક્ત છે...'** અને પરમાણુ આદિ, ધર્માસ્તિ આદિ એના અચેતન સ્વભાવ-ગુણથી એને સંબંધ છે. સમજાણું કાંઈ? **'અને અન્ય આત્માઓ પરકીય ચેતન દ્રવ્યત્વથી સંયુક્ત છે.)'** લ્યો! અહીં ચેતન સ્વરૂપ ... સમજાણું? પર આત્માને એનો ચૈતન્ય જે ગુણ છે સ્વભાવ, જે એનું દ્રવ્યત્વ છે એની સાથે એને સંબંધ છે. કહો, સમજાણું કાંઈ?

જુઓ! આ ભેદજ્ઞાન કહે છે. સિદ્ધ ભગવાનને, સિદ્ધ ભગવાનને એના ચૈતન્યાત્મક સ્વભાવથી સંબંધ છે, મારી સાથે એને કાંઈ સંબંધ નથી. એનો સંબંધ મારી સાથે નથી અને મારો સંબંધ એની સાથે નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? પરમાણુમાં આ શરીર રજકણો આદિના કે પાંચ દ્રવ્યના, એનો જે અચેતન સ્વભાવ જે છે એ અચેતન સ્વભાવ સાથે એને સંબંધ છે. એના અચેતન સ્વભાવ સાથે એને સંબંધ છે, મારી સાથે કાંઈ સંબંધ નથી. એને નથી અને મારો સંબંધ એનામાં નથી કાંઈ. આહા..હા..! જુઓને વિશેષ કીધું છે. દ્રવ્ય દ્રવ્ય પર્યાયને પામે છે એટલે પાછી આ વાત લીધી. સમજાણું કાંઈ? આહા..હા..! દ્રવ્ય પર્યાયને પામે છે, તો આ કહે કે વળી એના ગુણોની સાથે એને સંબંધ છે એટલે એ ગુણો સાથે સંબંધવાળો એટલે પર્યાય ત્યાંથી ઊભી કરે છે ઈ. સમજાણું કાંઈ? મારે લઈને ત્યાં પર્યાય થાય છે અને મારી પર્યાય એને લઈને થાય છે એવું કાંઈ છે જ નહિ. સંબંધ જ નથી ને કાંઈ. સર્વસંબંધો નિષેધઃ આવે છે ને. ૨૦૦ કળશ. ઓહો..હો..! કુંદકુંદાચાર્યની ધ્વનિ, ધૂનિ, અવાજ, પોકાર.

ભગવાન તારા સ્વભાવ સાથે સ્વભાવવાનને સંબંધ છે. ગુણ-ગુણી અભેદ છે અને બીજાના

ગુણ જે ચૈતન્યાત્મક સ્વભાવ એની સાથે એને સંબંધ છે. પરમાણુમાં એક એક પરમાણુનો, એક એક પરમાણુનો એના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, અચેતન સ્વભાવરૂપી દ્રવ્યત્વ સાથે તે દ્રવ્યને સંબંધ છે. બીજા પરમાણુમાં અચેતન દ્રવ્યત્વ સાથે પણ બીજા પરમાણુને કાંઈ સંબંધ નથી. ઓહો..હો..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પહલે કહા, દૂસરે જીવકા.. સિદ્ધકા દૃષ્ટાંત દિયા ન? સિદ્ધકા જ્ઞાન, દર્શન, ચારિત્ર ભાવ હોં ભાવ. ભાવ. દ્રવ્યત્વ સ્વભાવ. એ સ્વભાવ સ્વભાવનનો ત્યાં સંબંધ છે. આની સાથે કાંઈ સંબંધ નથી અને આનો ત્યાં સંબંધ નથી. સમજાણું કાંઈ? જુઓ! આ સ્વપરનું ભેદજ્ઞાન. સ્વપરનું એકપણું માન્યું છે એ વાત જૂઠી છે એમ કહે છે. મારે લઈને એમાં થાય અને એને લઈને મારે થાય એ વસ્તુનો સ્વભાવ નથી. આહા..હા..! ઈશ્વરને લઈને મારામાં થાય, ઈશ્વરની કૃપા થાય મારા ઉપર. મારા સ્વભાવનો સંબંધ મારા સ્વભાવવાન સાથે છે. ભગવાન સાથે સંબંધ છે? ભગવાનના ભાવનો સંબંધ એના ભાવવાન સાથે છે, મારી સાથે કાંઈ સંબંધ નથી. એનો સંબંધ અહીં સંબંધ નહિ અને મારો સ્વભાવ ત્યાં જાતો નથી. સમજાણું કાંઈ?

જુઓ! આવો 'માર્ગ વીતરાગનો ભાખ્યો શ્રી ભગવાન.' ધીરેથી, ધીમેથી, એ વસ્તુને લક્ષમાં લેવી જોઈએ. ખ્યાલમાં આવવું જોઈએને. ખ્યાલમાં આવ્યા વિના આ શું? આ શું? આ શું? આ મારા નથી, મારા નથી. શું મારા નથી? કેમ મારા નથી? અને તારું તારામાં છે એ કેમ છે? તારું તારામાં છે એ કેમ છે? અને પરનું તારામાં નથી એ કેમ છે? કે એના ગુણના સ્વભાવ સાથે એના ભાવવાનને સંબંધ છે માટે મારામાં એ નથી. મારા ભાવ સાથે મારા ભાવવાન આત્માને-પોતાને સંબંધ છે. પોતાને પોતાના ભાવથી સંબંધ છે માટે મારે પરભાવથી સંબંધ નથી. સમજાણું કાંઈ? અહીં તો અસ્તિથી પહેલી વાત કરી છે. પછી નાસ્તિથી તો સમજવાની રહી. મારા ભાવને-સ્વભાવને સ્વભાવવાન સાથે સંબંધ છે, એના સ્વભાવને એના સ્વભાવવાન સાથે સંબંધ છે. બસ, એટલી અસ્તિથી વાત કરી છે. એમાંથી નાસ્તિ કાઢી લેવું જોઈએ. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અસલ વસ્તુ કા વીતરાગવિજ્ઞાનઘન કા ભાવ. વીતરાગવિજ્ઞાનભાવ આત્મા સાથે સંબંધ રાખે છે. બીજાના આત્માનો વીતરાગવિજ્ઞાનનો ભાવ પણ એના ભાવવાન દ્રવ્ય સાથે સંબંધ રાખે છે. મારે ને એને કાંઈ સંબંધ નથી. આહા..હા..! દેવ મારા, ગુરુ મારા, શાસ્ત્ર મારા એમ છે નહિ ક્યાંય ભાઈ! તારો ભાવ તારા સાથે સંબંધ હોય, એનો ભાવ તારી સાથે સંબંધ ક્યાંથી આવ્યો?

મુમુક્ષુ :- .. મારા ગુરુ ક્યાં ગયા?

ઉત્તર :- ક્યાંય છે નહિ. ભીખાભાઈને નથી. હવે એટલું સમજાવ્યું અમને એટલા તો કહો અમને. પણ સમજ્યો કોણ? સમજાવ્યું કોણે પોતાને કે આવું આ છે? જે પોતાને સમજાવે છે તે તેનો ગુરુ.

મુમુક્ષુ :- ઈષ્ટોપદેશમાં આવી ગયું છે.

ઉત્તર :- આવે છેને, ઈષ્ટોપદેશમાં આવે છે. પરમાત્મપ્રકાશમાં આવે છે. શ્લોક આવી ગયા છે આપણે. પરમાત્મપ્રકાશમાં (છે), પોતાનો ગુરુ પોતે, પોતાનું તીર્થ પોતે. શ્લોક આવી ગયા છે ત્યાં. બોલ આવી ગયા છે ત્યાં રાજકોટ. સમજાણું કાંઈ? આવ્યું છેને? એ.. દેવશીભાઈ! આહા..હા..!

કહે છે... બે લીટીમાં તો આખું ભેદજ્ઞાન કરી નાખ્યું બધું. જે ખરેખર. ખરેખર છેને? વ્યવહારની ભાષાથી નહિ, વિકલ્પથી નહિ એમ કહે છે. **'પોતાને સ્વકીય ચૈતન્યાત્મક દ્રવ્યત્વથી સંબદ્ધ (સંયુક્ત)...'** માને છે **'અને પરને પરકીય યથોચિત દ્રવ્યત્વથી...'** એટલે જે જે જડને જડના ભાવથી અને ચૈતન્યને ચૈતન્યના ભાવથી **'સંબદ્ધ જ જાણે છે, તે જ (જીવ), સમ્યક્‌પણે સ્વ-પરના વિવેકને જેણે પ્રાપ્ત કર્યો છે...'** લ્યો! એ જીવે સમ્યક્‌પણે માન્યું એટલે સાચાપણે. ખ્યાલમાં આવી છે આ વાત એમ પણ નહિ. એમ કહે છે. જ્ઞાનમાં આવ્યું છે કે આ વસ્તુ આ છે અને આ વસ્તુ આ છે એમ જાણવામાં આવી એ નહિ. આમ જુદું પાડીને જેણે જાણ્યું છે એ સમ્યક્‌પણે જાણ્યું છે એમ કહે છે. સમજાણું કાંઈ?

**'સમ્યક્‌પણે સ્વ-પરના વિવેકને જેણે પ્રાપ્ત કર્યો છે...'** એમ કહે છે. આ રીતે મારો સ્વભાવ મારા સ્વભાવવાન સાથે સંબંધ છે એમ વિવેક પ્રાપ્ત કર્યો છે. પરના સ્વભાવને તેની સાથે સંબંધ છે એમ જ્ઞાનમાં જણાણું છે. **'એવો, સકળ મોહનો ક્ષય કરે છે.'** એવો આત્મા, દેખો! **'વિવેકને જેણે પ્રાપ્ત કર્યો છે...'** એ પર્યાય થઈ ગઈ. સમજાણું કાંઈ? સ્વભાવ ચૈતન્યાત્મક ચૈતન્ય સાથે સંબંધ છે એમ જે નિર્ણય થયો વિવેક એ તો પર્યાય થઈ. આમ સંબંધ થઈને જાણ્યુંને? એ તો પોતાની વિવેકની પર્યાય થઈ. આ સ્વભાવ સ્વભાવવાન સાથે સંબંધ છે. એ કાંઈ સ્વભાવ ગુણ છે એ કાંઈ નિર્ણય કરતો નથી. વિવેકપણું છે એ તો પર્યાયમાં આવે છે કે આ સ્વભાવ સ્વભાવવાન સાથે સંબંધ છે એવી જે પર્યાય વિવેકની એને ભેદજ્ઞાન કહે છે. એવું ભેદજ્ઞાન જેને પ્રાપ્ત થયું છે. કહો, સમજાણું કાંઈ?

**'એવો, સકળ મોહનો ક્ષય કરે છે.'** એ પર તરફના વલણવાળી વૃત્તિઓ છે તેનો તેને નાશ થઈ જાય છે. તે સકળ મોહનો ક્ષય કરે છે. **'માટે સ્વ-પરના વિવેકને માટે હું પ્રયત્નશીલ છું.'** હજી પણ થોડો (રાગ) બાકી છેને, એમ કહે છે. **'માટે સ્વ-પરના વિવેકને માટે હું પ્રયત્નશીલ છું.'** પ્રયત્ન સ્વભાવ મારો થઈ ગયો છે ઈ. એમ કહે છે. આહા..હા..! પ્રયત્નશીલ.

મુમુક્ષુ :- પ્રયત્ન...

ઉત્તર :- હા, વસ્તુ તરફના વલણનો પ્રયત્ન તે જ મારો સ્વભાવ છે, તે જ મારો વિવેક છે, એ જ મારું પરિણમન અને એ જ મારું ભેદજ્ઞાન છે. ઓહો..હો..!

હવે કહે છે કે '**સર્વ પ્રકારે સ્વ-પરના વિવેકની સિદ્ધિ આગમથી કરવાયોગ્ય છે...**' પાઠમાં આગમ મૂક્યું છે ઉપોદ્‌ઘાત તરીકે અને ગાથામાં જિનમાર્ગ મૂક્યો છે. છે? '**जिणमग्गादो**' અને ઉપોદ્‌ઘાતમાં આગમથી સિદ્ધ કર્યું છે. પણ એ જિનમાર્ગનું આગમ જે છે એને જિનમાર્ગ જ કીધો. સમજાય છે? આગમ, જે જિનમાર્ગે આગમથી જે વાત કરી છે એ જિનમાર્ગ છે, જિનમાર્ગ છે. એ જિનમાર્ગથી એટલે આગમમાર્ગથી આગમથી તેનું વસ્તુ સ્વ અને પરનો વાસ્તવિક સંબંધ નથી અને ભિન્ન છે એવું વિવેકજ્ઞાન શાસ્ત્રથી જાણવું. ભગવાનના શાસ્ત્રથી જાણવું. કારણ કે જે સર્વજ્ઞાન થયું, સર્વજ્ઞાન થયું, એ સર્વજ્ઞાન થયું એ પોતાની પર્યાય છે. પૂર્ણ જ્ઞાન થયું. હવે એ જ્ઞાનમાં સર્વ જણાણા વ્યવહાર તરીકેમાં. તો એ સર્વમાં પણ અનંત આવ્યા. અહીં પણ અનંત આવ્યું અને ત્યાં પણ અનંત આવ્યા. અને સર્વ જાણવાનો સ્વભાવ પણ વસ્તુનો હતો તો પ્રગટ્યો. એટલે દ્રવ્ય પણ સ્વસ્વભાવી, પર્યાય સ્વસ્વભાવી પ્રગટી અને વસ્તુ પણ અનંત સર્વ છે. સર્વ એટલે અનંત છે એ પણ એના પ્રતીતમાં, ખ્યાલમાં આવ્યું. સમજાણું કાંઈ? એ આગમથી જણાય છે કહે છે. આગમથી નિમિત્ત છે, પણ એના જ્ઞાનમાં આગમથી જણાય છે કે આ વસ્તુ આ છે, આ આ છે. સમજાણું કાંઈ?

ભાઈએ પ્રશ્ન કર્યો છેને કે આ દ્રવ્ય, ગુણ ને પર્યાયથી અરિહંતને જાણે એ પોતાના આત્માને જાણે તો મોહનો ક્ષય થાય. હવે ઉપાયાંતર બતાવે છે. શાસ્ત્રનું જ્ઞાન પણ ઉપાયાંતર છે, બીજો ઉપાય છે. તો બીજો ઉપાય ક્યાંથી આવ્યો? એ ઉપાય વ્યવહારથી કહ્યો છે. જેમ ઓલો (અરિહંતના) દ્રવ્ય-ગુણ-પર્યાયથી જાણે તો આને જાણે એ પણ વ્યવહારથી પહેલી વાત કરી છે. અને આ પણ જૈનશાસ્ત્રથી આ જાણે એ પણ વ્યવહારથી વાત કરી છે. કારણ કે જ્ઞાનતત્ત્વ અધિકારમાં સ્વપરપ્રકાશની વાત સાથે સાથે ભેગી લ્યે છે. આહા..હા..! એવી વાત છે. સમજાણું કાંઈ?

'**હવે, સર્વ પ્રકારે સ્વ-પરના વિવેકની સિદ્ધિ...**' જુઓ! ભાષા અહીં સર્વ આવ્યું છેને. છેને? સર્વથા શબ્દ છેને ઉપર? '**સર્વ પ્રકારે સ્વ-પરના વિવેકની સિદ્ધિ આગમથી કરવાયોગ્ય છે...**' ભગવાનના માર્ગથી, સર્વજ્ઞના માર્ગથી, સર્વજ્ઞે કહેલો માર્ગ અને સર્વજ્ઞમાં સર્વજ્ઞપણું બધું જણાણું છે અનંતુ, એ અનંતુ અનંતુ અનંતપણે જણાણું છે એટલે અનંતપણે અનંત રહ્યા છે એટલે બધા ભિન્ન-ભિન્ન રહ્યા છે એવું અહીંયાં સર્વજ્ઞના જ્ઞાનમાં પણ અનંતનું જ્ઞાન આવ્યું છે. માટે સર્વજ્ઞના જ્ઞાન પ્રમાણે આ વિવેક કરવા જેવો છે. એ સિદ્ધિ વિવેકની સિદ્ધિ આગમથી કરવા યોગ્ય છે. '**એમ ઉપસંહાર કરે છે :—**' પછી કહેશે લ્યો.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર સુદ ૭, મંગળવાર, તા. ૨૬.૧૧.૧૯૬૮**
**ગાથા-૯૦, પ્રવચન-૭૭**

પ્રવચનસાર. જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન. 'હવે, સર્વ પ્રકારે સ્વ-પરના વિવેકની સિદ્ધિ આગમથી કરવાયોગ્ય છે એમ ઉપસંહાર કરે છે :—'

तम्हा जिणमग्गादो गुणेहिं आदं परं च दव्वेसु।
अभिगच्छदु णिम्मोहं इच्छदि जदि अप्पणो अप्पा।।९०।।
**તેથી યદિ જીવ ઇચ્છતો નિર્મોહતા નિજ આત્મને,**
**જિનમાર્ગથી દ્રવ્યો મહીં જાણો સ્વ-પરને ગુણ વડે. ૯૦.**

'**અન્વયાર્થ :- માટે (સ્વ-પરના વિવેકથી મોહનો ક્ષય કરી શકાતો હોવાથી)...**' શું કહે છે? મિથ્યાત્વ જે મોહ છે તે દુઃખરૂપ, મિથ્યાત્વ મોહ તે દુઃખરૂપ છે. એનો જે ક્ષય કરી શકાતો હોવાથી, સ્વ-પરના વિવેકથી કરી શકાય છે. કહો, સમજાય છે કાંઈ? સ્વ એટલે આત્મા કોણ અને પર એટલે વિકાર આદિ પર કોણ-એનો વિવેક કરે તો સુખની પ્રાપ્તિ થાય અને દુઃખનો નાશ થાય. '**આત્માને પોતાને નિર્મોહપણું ઇચ્છતો હોય, તો...**' આટલી વાત છે. પરના સાવધાનપણાને છોડવાનો કામી હોય તો. આત્મા સિવાય પરમાં સાવધાનપણું એ દુઃખનો પંથ છે, દુઃખનો રસ્તો છે. એટલે દુઃખનો રસ્તો મૂકવા માગતો હોય તો.

'**ઇચ્છતો હોય, તો જિનમાર્ગ...**' એટલે આગમ દ્વારા. જિનમાર્ગમાં જે આગમ કહ્યા છે તે દ્વારા '**ગુણો વડે દ્રવ્યોમાં સ્વ અને પરને જાણો...**' '**अभिगच्छदु**' આત્માનું લક્ષણ જ્ઞાન, એ જ્ઞાન દ્વારા આત્માને જાણો, રાગનું લક્ષણ કલુષતા, મલિનતા તે દ્વારા તેને જાણો, જડનું લક્ષણ જડના તે પ્રકારના ગુણો વડે એને જાણો. '**(અર્થાત્ જિનાગમ દ્વારા વિશેષ ગુણો વડે...**' વિશેષ એટલે ખાસ. બીજા દ્રવ્ય કરતાં તેને પૃથક્ બતાવે તેવા ગુણો દ્વારા. '**અનંત દ્રવ્યોમાંથી...**' અનંતા પદાર્થોની મધ્યમાં છે એમાંથી પોતાના દ્રવ્યને ખાસ વિશેષ ગુણથી જુદો પાડો, બીજાના એના ગુણ દ્વારા એના દ્રવ્યને પોતાથી જુદો પાડો. '**'આ સ્વ છે ને આ પર છે' એમ વિવેક કરો).**' બહુ ટૂંકુ કહ્યું છે.

નિર્મોહ નામ પરમાં સાવધાનપણે એટલે દુઃખની દૃષ્ટિ છોડવા માગતો હોય તો. સમજાણું કાંઈ? આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ છે એના તરફનું સાવધાનપણું એ સુખનો રસ્તો છે. આત્મા સિવાય પુણ્ય, પાપ, શરીર, વાણી, મન પરપદાર્થ છે એમાં સાવધાનીની દૃષ્ટિ આદિ રહે છે એ દુઃખદૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ, દુઃખદૃષ્ટિ છે. સમજાણું? જેને દુઃખદૃષ્ટિથી છૂટવું હોય એટલે પરમાં પરના માહાત્મ્યરૂપી ભાવ મોહ એનાથી છૂટવું હોય તો એણે શાસ્ત્ર દ્વારા સ્વ અને

પરના વિશેષગુણ દ્વારા વિવેક કરો, ભેદજ્ઞાન કરો કે જેથી સુખનો પંથ મળે. સમજાણું કાંઈ? જે શરીર અને રાગમાં દોરાઈ ગયો છે, એ પોતાના જ્ઞાન લક્ષણ દ્વારા પોતામાં દોરાય તે સુખનો પંથ છે. આ રાગ ને શરીરમાં જે દોરાઈ ગયો છે લક્ષથી એ દુઃખનો રસ્તો છે. એનાથી જ્ઞાનલક્ષણ દ્વારા પોતાને જુદો જાણી, પોતામાં વલણ કરવું એ સુખનો રસ્તો છે. કહો, ..ભાઈ! આ પૈસા મેળવવા અને રળવું એ સુખનો રસ્તો નહિ હોય? લોકો માને છે. મરી જાય છે બિચારા એના માટે કરી કરીને. ૪૦-૫૦-૬૦-૧૦૦ વર્ષ. કહે છે કે ભાઈ! ચૈતન્ય આનંદસ્વરૂપ એનું લક્ષણ જ્ઞાન છે. એ લક્ષણ દ્વારા લક્ષને પકડવું એ સુખનો રસ્તો છે. એ સિવાય પોતાના લક્ષણથી પોતાના લક્ષને ન અનુભવતા, જાણતાં, પુણ્ય-પાપના વિકલ્પ અને પરમાં સાવધાની તે બધો દુઃખનો પંથ અને દુઃખનો રસ્તો, રખડવાનો રસ્તો છે. સમજાણું કાંઈ? એ કહે છે જુઓ!

'**ટીકા :- મોહનો ક્ષય કરવા પ્રત્યે પ્રવણ બુદ્ધિવાળા...**' આમ લીધું છે પહેલું. ભગવાન આત્માના સ્વભાવથી વિરુદ્ધભાવ એનાથી પરમાં જે સાવધાનપણું છે એને ક્ષય કરવા પ્રત્યે ઢળેલી, વળેલી, અભિમુખ બુદ્ધિવાળા છે. આ પહેલી જવાબદારી. કહો, સમજાણું કાંઈ? છે એમાં લખાણ છે કે નહિ? '**મોહનો ક્ષય કરવા પ્રત્યે...**' મોહ નામ મિથ્યાત્વભાવ. મિથ્યાત્વભાવ નામ પોતામાં સ્વરૂપ ચિદાનંદના તરફની સાવધાનીનો અભાવ અને વિકાર અને પરમાં સાવધાનીની હયાતી એ મિથ્યાત્વરૂપી મોહભાવ. એને ક્ષય કરવા પ્રત્યે, એનો નાશ કરવા પ્રત્યે પ્રવીણ બુદ્ધિવાળા. પ્રવણ બુદ્ધિવાળા. સમજાણું? '**ક્ષય કરવા પ્રત્યે પ્રવણ બુદ્ધિવાળા...**' '**ઢળતી; અભિમુખ;...**' સન્મુખ. સ્વભાવ તરફ ઢળતી બુદ્ધિમાં રત એવા '**બુધજનો...**' એને બુધજન કહ્યા છે. આહા..હા..! જેની બુદ્ધિ આત્માના શુદ્ધ આનંદસ્વભાવથી વિપરીત પુણ્ય-પાપ ને સંયોગમાં બુદ્ધિ ઢળેલી છે એ બધા અબુધજન છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અપ્રતિબુદ્ધ કહીયે...

ઉત્તર :- એનો એ આ. સવારમાં અપ્રતિબુદ્ધ કહેતા હતા ઈ. અબુધજન છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

ભગવાન આત્મા ચૈતન્યલક્ષણે લક્ષિત આનંદમૂર્તિ પ્રભુ, એના તરફ ઢળતી બુદ્ધિવાળા (છે) એ તો પર તરફના સાવધાનીને ક્ષય કરવાના કામી છે. જે પર તરફના વલણની પુષ્ટિ આપનારી બુદ્ધિ છે એ પરમાં ઢળેલી બુદ્ધિ એ અબુધજનો છે. ચાહે તો છ ખંડના રાજના રાજવી હો કે ચાહે તો મોટા અગિયાર અંગના ભણનારા હો અને દુનિયાના મોટા ડાહ્યાના દિકરા, ડાહ્યાના દિકરા તો ન હોય, પણ ડાહ્યા પોતે હોય લ્યો! ગણાતા હોય લ્યોને. કહો, ભગવાનજીભાઈ! મોટા ડાહ્યા કહેવાતા હોય આમ, લાખો માણસોમાં પૂજનિક હોય. સલામ... સલામ સાહેબ સલામ. બધાને બુદ્ધિ આપતા હોય. આપતા એટલે? સલાહ આપતા હોય સલાહ. આમ કરો ને આમ કરો ને આમ કરો. તમારી વ્યવસ્થા મેળવવા આમ થાશે. ઓહો..હો..!

ભારે બુદ્ધિ. પણ જે બુદ્ધિ ભગવાન આત્મા આનંદસ્વરૂપમાં ઢળતી નથી અને જે બુદ્ધિ રાગ અને પુણ્ય ને બહારમાં ઢળેલી છે, એકાંત ઢળેલી છે એને અહીંયા અબુધજન અને અબુધ માણસ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'મોહના ક્ષય કરવા પ્રત્યે...'** ચાલ્યું આવે છેને દ્રવ્ય-ગુણ-પર્યાયનું ૮૦મી ગાથાથી? **'પ્રવણ બુદ્ધિવાળા બુધજનો આ જગતમાં આગમને વિષે કહેલા...'** ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ પરમાત્મા એના મુખે કહેલા આગમો એને વિષે કહેલા. હવે એ તો એણે નક્કી કરવું પડેને કે આગમ ભગવાનના કહેલા છે કે નહિ? સમજાણું કાંઈ? સર્વજ્ઞ, જેણે સર્વ જાણ્યું છે એવા પરમેશ્વર ત્રણ કાળ ત્રણ લોકનું જ્ઞાન જેને સ્વપરનું પૂરું પ્રગટ્યું છે એવા સર્વજ્ઞ પરમાત્મા એના કહેલા આગમો. એને **'વિષે કહેલા અનંત ગુણોમાંથી...'** અજ્ઞાનીના આગમમાં, શાસ્ત્રમાં આ વાત હોઈ શકે નહિ. સ્વ કોણ? પર કોણ? સ્વનું લક્ષણ શું? સ્વના લક્ષણથી લક્ષ કેમ થાય? પરના લક્ષણથી પરનું જ્ઞાન કેમ થાય? એવા દ્રવ્ય-ગુણ-પર્યાયનું જ્ઞાન સર્વજ્ઞ સિવાય બીજા આગમમાં હોતું નથી. સમજાણું કાંઈ? જુઓ!

આ પહેલેથી આમ કહે છે જુઓ! અમે જે જાણીએ છીએ એમ નથી કહેતા જુઓ! સર્વજ્ઞના આગમમાં કહેલા પદાર્થોને તમે જાણો. કુંદકુંદાચાર્ય પણ એમ કહે છે, **'जिणमग्गादो'**. જિનમાર્ગથી જેણે અજ્ઞાન અને રાગ-દ્વેષને જીત્યા છે અને વીતરાગતા અને વિજ્ઞાનદશા જેની પૂર્ણ પ્રાપ્ત થઈ છે એમના કહેલા શબ્દો એટલે જિનાગમ એના દ્વારા, આ દ્રવ્ય-ગુણની પર્યાયની વ્યાખ્યા છે એ દ્વારા જણાય. સમજાણું કાંઈ? આ વીતરાગના આગમ છે, અને એના (કહેનાર) વીતરાગ છે એમ એણે પહેલો નિર્ણય કરવો પડશે.

આ જગતમાં વીતરાગ સર્વજ્ઞ હોઈ શકે છે. કેમકે આત્મામાં દોષને ટાળતા જે ગુણની દશા રહી જાય છે એ પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ આનંદ થઈ જાય છે એવા જગતમાં આત્માઓ થઈ ગયા છે અને એમણે વાણી દ્વારા જે દ્રવ્ય-ગુણ-પર્યાયની વ્યાખ્યા કરી એને એ દ્વારા જાણો. એમાં તો ત્રણેય આવ્યું. સર્વજ્ઞ વીતરાગ થઈ ગયા એની આસ્થા થઈ, એની વાણીની આસ્થા અને એ વાણીમાં કહેલા દ્રવ્ય-ગુણ-પર્યાયની આસ્થા. દેવ, શાસ્ત્ર અને પદાર્થ. કહો, સમજાણું કાંઈ? કહો, મગનભાઈ! દેવની વ્યાખ્યા પહેલી જાણવી પડશેને? જેણે ત્રણ કાળ ત્રણ લોક જોયા છે. જેને સદોષતા અંશ (પણ) રહી નથી અને નિર્દોષતા પૂર્ણ જ્ઞાન, આનંદ આદિની પૂર્ણ દશા થઈ ગઈ છે. એવા સર્વજ્ઞ વીતરાગ અને એના કહેનારા એ વીતરાગ વાણીએ કહ્યું. એ વાણી .. એના કહેલા છેને આગમ? જિનમાર્ગ કહો કે જિન આગમ કહો એમ લીધું છે. એવા આગમમાં વસ્તુ અને વસ્તુની શક્તિ અને એની અવસ્થા એનું જે વર્ણન એ આગમમાં છે તે પ્રમાણે પહેલા જાણવું. સમજાણું?

**'આગમને વિષે કહેલા અનંત ગુણોમાંથી...'** જુઓ હવે. દરેક પદાર્થના અનંત ગુણ કહ્યા. છેને? **'અનંત ગુણોમાંથી કોઈક ગુણો વડે—'** એમ પાછી લીધી વાત. જુઓ

ભાષા કેટલી એવી છે કે પ્રત્યેક આત્મા અને પ્રત્યેક પરમાણુ આદિના ગુણો તો અનંત છે. જુઓ! આમાં આવ્યું અનંત ગુણો. સમજાણું?

મુમુક્ષુ :- બે-ત્રણ નહિ?

ઉત્તર :- ગુણો અનંત જ હોય, બે-ત્રણ હોય નહિ. બે-ત્રણ શું સંખ્યા અસંખ્ય હોય નહિ. વસ્તુ છે એ મહાપદાર્થ છે, જડ હોય કે ચૈતન્ય. મહાન પદાર્થ ચૈતન્ય છે, પણ વસ્તુ છે એ અનંત ગુણવાળી જ હોય. લ્યો પહેલી આ વાત લીધી. સર્વજ્ઞ લીધા, એની વાણી, એમાં કહેલા એક એક દ્રવ્યના અનંતા ગુણો, એ ગુણોમાંથી... સમજાણું કાંઈ? કેટલું ચાલી ગયું. શેઠિયાને શું થઈ ગયું? કાંઈક કામ હશે. વૃદ્ધાવસ્થા છેને ભાઈ!

'**આ જગતમાં આગમને વિષે...**' એટલે જગતપણું સિદ્ધ કર્યું. એકલો જ આત્મા છે એમ નહિ. આહા..હા..! વળી એમ પણ સિદ્ધ કર્યું કે જેની બુદ્ધિ પર તરફ વળેલી છે એ જીવો નહિ. લ્યો! આત્માના તરફ વળેલી મોહના ક્ષય માટે એવા પ્રવિણ પુરુષોએ અથવા પ્રવણ પુરુષોએ '**આગમને વિષે કહેલા અનંત ગુણોમાંથી...**' એટલે કે આત્મામાં પણ અનંત ગુણ છે, પરમાણુમાં અનંત ગુણ છે, દરેક દ્રવ્યમાં અનંત ગુણ છે. હવે બીજી વાત. '**અનંત ગુણોમાંથી કોઈક ગુણો વડે...**' કોઈક ગુણ એટલે જે ગુણ દ્વારા પરથી ભિન્ન પડી શકે તે ગુણ દ્વારા. કહો, સમજાણું કાંઈ? આત્માના અનંત ગુણો, અસ્તિત્વ, વસ્તુત્વ, જ્ઞાનાદિ છે પણ એના અસ્તિત્વ ગુણથી કાંઈ પરથી જુદો પડે નહિ. એટલે દ્રવ્યને અનંત ગુણવાળું કહ્યું છતાં એના અનંત ગુણમાંથી જે ગુણો વડે પરથી પૃથક્ પડે તે ગુણો દ્વારા. એટલે જ્ઞાનલક્ષણ દ્વારા પૃથક પરથી પડે.

જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન છેને. સમજાણું કાંઈ? આ જાણનાર જાણે છે તે આત્મા. જ્ઞાનના લક્ષણ દ્વારા આત્માને જુદો, રાગથી અને પરથી જુદો પાડે. જેને મોહનો ક્ષય કરવા પ્રત્યે વલણ હોય તેને. આ અનંત ગુણવાળું તત્ત્વ ભગવાને કહ્યું, એમાં એનો વિશેષ ગુણ ખાસ પરથી પૃથક્ કરનાર એ જ્ઞાનગુણ છે. જે જ્ઞાનનો સ્વભાવનો જ્ઞાનગુણનો સંબંધ આત્મા સાથે છે. અસ્તિત્વગુણનો સંબંધ આત્મા સાથે (છે), પણ એવો અસ્તિત્વ ગુણ તો બીજા દ્રવ્યમાં પણ છે. અને આ જ્ઞાનગુણનો સંબંધ આત્મા સાથે અને બીજા આત્માનો પણ જ્ઞાનગુણ એના સાથે. આ ગુણનો સંબંધ જે જ્ઞાન પોતાનું છે તે ગુણનો સંબંધ આત્મા સાથે છે.

જે ગુણો વડે, જે ગુણો વડે એમ. '**કે જે ગુણો અન્ય સાથે યોગ રહિત હોવાથી...**' જે જ્ઞાન, આનંદ આદિ ગુણો પોતાના સંબંધને-યોગને સાધે છે. પરના સંબંધથી રહિત છે. જડ, રાગ, પર આત્માઓ એનાથી રહિત પોતાનો જ્ઞાન ગુણ, આનંદ ગુણ જે ખાસ વિશેષ ગુણ એ અહીં આત્મા સાથે સંબંધ રાખે છે. '**અન્ય સાથે યોગ રહિત...**' એ રાગ સાથે, પુણ્ય સાથે, કર્મ સાથે, શરીર સાથે, પર સાથે સંબંધ નથી. જ્ઞાનનો સંબંધ-સંબંધ એની સાથે નથી. સમજાણું કાંઈ? ઝીણી વાત તો પડેને. કરવી એણે કરવી એવો પુરુષાર્થ કરવો, એને

પહેલી સૂઝાડે છે કે સૂઝ કઈ રીતે કરવી. એ કાંઈ બહારની કોઈ ક્રિયાકાંડથી પ્રાપ્ત થાય એવી ચીજ નથી. સમજાણું? ભાઈએ પ્રશ્ન કર્યો હતો કે આમાં ક્રિયા ક્યાં આવી? કર્યો હતો કોઈએ? શાંતિભાઈ. અમે પણ દિગંબર સંપ્રદાય ... હતા તમે? (કહે) આમાં ક્રિયા ક્યાં આવી? ક્રિયા આવી જ્ઞાનની ક્રિયા. જ્ઞાન તરફ વળે એ જ્ઞાનની ક્રિયા. રાગની વિભાવિક ક્રિયા જડની, જડની અસ્તિત્વાળી જડની ક્રિયા, ક્રિયા તો ક્યાં નથી? ક્રિયા, શેમાં નથી? ક્યાં ન હોય? શેમાં ન હોય? દરેકમાં જ્ઞાનગુણમાં બધામાં ક્રિયા છે.

એ આત્માના અનંત ગુણમાંથી જે ખાસ ગુણો છે જ્ઞાન, આનંદ, શાંતિ વગેરે વીતરાગ. એવા વડે '**—કે જે ગુણો અન્ય સાથે યોગ રહિત...**' એ ગુણો અન્ય સાથે યોગ રહિતની વ્યાખ્યા કરી છે નીચે જુઓ! '**કેટલાક ગુણો અન્ય દ્રવ્યો સાથે સંબંધ રહિત હોવાને લીધે અર્થાત્ અન્ય દ્રવ્યોમાં નહિ હોવાને લીધે અસાધારણ છે...**' જ્ઞાન આદિ. '**અને તેથી વિશેષણભૂત—**' છે. તેથી તે આત્માનું વિશેષણભૂત છે. એનું '**ભિન્નલક્ષણભૂત છે;...**' એમ. એ આત્માનો પરથી જુદા લક્ષણવાળો ગુણ છે. '**તેમના વડે દ્રવ્યોનું ભિન્નપણું નક્કી કરી શકાય છે.**' જ્ઞાનના ગુણ દ્વારા, જાણવાની પર્યાય દ્વારા આ આત્મા તે લક્ષણથી સંબંધ છે, એ લક્ષણનો બીજા દ્રવ્ય સાથે સંબંધ નથી એમ પરથી જ્ઞાનલક્ષણ દ્વારા જુદો પાડી શકાય છે. લ્યો! આ ક્રિયા. ભારે વસ્તુ! સમજાણું કાંઈ?

'**તેમના વડે...**' એટલે '**વિશેષણપણાને પામ્યા છે...**' અથવા '**અસાધારણપણું ધારણ કરીને વિશેષણપણાને પામ્યા છે...**' એમ. ખાસ વિશેષણ એમ. દ્રવ્ય વિશેષ્ય છે, ગુણ એનું વિશેષણ છે. '**વિશેષણપણાને પામ્યા છે તેમના વડે—અનંત દ્રવ્યસંતતિમાં...**' અનંત દ્રવ્યનો સમૂહ ઢગલો પડ્યો છે જગતમાં. સમજાણું કાંઈ? છેને નીચે છે. '**દ્રવ્યપરંપરા; દ્રવ્યસમૂહ.**' અનંત આત્માઓ, અનંત પરમાણુઓ બધો આખો સમૂહ પડ્યો છે. એક પછી એક દ્રવ્ય નજર કરો તો અનંતા દ્રવ્યો, અનંતા આત્માઓ, અનંતા પરમાણુઓ એવા દ્રવ્યના સમૂહમાં '**સ્વ-પરના વિવેકને પામો...**' ઓહો..હો..! આચાર્ય જુઓ કહે છે. એવા વિશેષણ ગુણ દ્વારા અનંત દ્રવ્યના સમૂહમાં સ્વના વિશેષણ દ્વારા સ્વને પામો, પરના વિશેષણ દ્વારા પરને જાણો. પરના વિશેષણ દ્વારા પરને જાણો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જાણો. પામવું, અહીં પામવું કહે છે, બાકી જાણવું જ છે બધે. કહો, સમજાણું કાંઈ?

'**અનંત દ્રવ્યસંતતિમાં સ્વ-પરના વિવેકને પામો...**' એ તો પામો કહેવાય. '**(અર્થાત્ મોહનો ક્ષય કરવા ઇચ્છતા પંડિત જનો...**' લ્યો! ખુલાસો કર્યો. ઓલા બુદ્ધિવાળા કીધાને બુધજનો. એ પર તરફની બુદ્ધિ રાગ, પુણ્ય, વિકલ્પ, શરીર, વાણી, મન એમાં જે બુદ્ધિ ઢળેલી છે તે બધા અજ્ઞાની છે, અબુધજન છે. દુનિયાના ડાહ્યા એ દુનિયાના મૂર્ખ

મોટા છે એમ કહે છે. એ દુનિયાના મૂર્ખ છે એમ કહે છે.

મુમુક્ષુ :- દુનિયાના ડાહ્યા...

ઉત્તર :- દુનિયાના ડાહ્યા દુનિયામાં એ મૂર્ખ છે. શેઠી! દુનિયા એટલે અજ્ઞાનભાવ, એના જે ડાહ્યા એ અજ્ઞાનમાં પડ્યા છે. દુનિયાના ડાહ્યા દુનિયામાં પડ્યા છે. મિથ્યાત્વમાં પડ્યા છે એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બહારમાં ડાહ્યા એમ કહે છે. અહીં મૂર્ખ છે. બહારમાં ડાહ્યા એ ડાહ્યા શું એનો અર્થ? જે તલવાર હાથમાં લઈને ગળું કાપે એ ડાહ્યા શેના? જે બુદ્ધિ ચાર ગતિમાં રખડાવે એ ડાહ્યા શેના? જે બુદ્ધિ નિગોદની દશાને પમાડે એ ડહાપણ શેનું? એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? બહુ ટૂંકામાં ભેદજ્ઞાનની વ્યાખ્યા કરી છે.

કહે છે, '**(અર્થાત્ મોહનો ક્ષય કરવા ઈચ્છતા પંડિત જનો...**' ત્યાં બુદ્ધિવાળા કીધાને બુધજનો? '**આગમમાં કહેલા અનંત ગુણોમાંથી અસાધારણ અને ભિન્નલક્ષણભૂત ગુણો...**' પોતા સિવાય બીજામાં નથી અને બીજા કરતાં પોતાનું એના લક્ષણથી જુદો છે. '**અનંત દ્રવ્ય પરંપરામાં આ સ્વદ્રવ્ય છે...**' એ જ્ઞાન દ્વારા આ સ્વદ્રવ્ય છે, ચૈતન્યના લક્ષણ દ્વારા આ સ્વદ્રવ્ય છે '**અને આ પરદ્રવ્યો છે...**' એટલે પોતાના જ્ઞાનલક્ષણથી ભિન્ન રાગાદિ જે છે એ પરદ્રવ્યો છે. '**એવો વિવેક કરો).**' એવો વિવેક કરો. આહા..હા..! જુઓને આદેશ કર્યો છે અહીં. વિવેક કરો ભાઈ! તું કોણ છો? તારા ક્યા લક્ષણે તું લક્ષિત થઈ શકે? અને બીજા ક્યા લક્ષણે તે પર છે એમ લક્ષિત થઈ શકે? એ રીતે લક્ષણ દ્વારા સ્વ અને પરનો વિવેક કરો. લ્યો આ કરીને ભણીને પણ આ કરવાનું છે કહે છે. ગમે એટલું ભણ્યો હોય, ગમે એટલું જાણ્યું હોય, લૌકિક કે શાસ્ત્ર હોં બેય, પણ આ કરવાનું છે એને. એ ન કરે તો બધું ફોગટ જાય એવું છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મામાં અનંત ગુણો છે એમ દરેકમાં અનંત ગુણો છે. એક વાત સિદ્ધ કરી. એ માંહ્યલા કેટલાક વિશેષણવાળા કે જે ખાસ એના વિશેષ્યના જ વિશેષણ હોય. એવા અસાધારણ અને ભિન્ન લક્ષણવાળા જ્ઞાન, દર્શન અને આનંદ આદિ. આત્માનું લક્ષણ પરથી ભિન્ન બતાવે છે, એવા લક્ષણ દ્વારા આત્માને ઓળખો, એનાથી વિરુદ્ધ પુણ્ય-પાપના વિકાર એ બંધસ્વભાવ લક્ષણવાળા એને એમ ઓળખો, શરીર-વાણી-મનને એના લક્ષણથી એને ઓળખો. એને ભિન્ન પાડીને વિવેક કરો. આ સ્વદ્રવ્ય છે. ભગવાન જ્ઞાનલક્ષણે લક્ષિત તે આ આત્મા છે. જ્ઞાનભાવે લક્ષમાં લેવાતો આ આત્મા તે સ્વદ્રવ્ય છે, એનાથી વિરુદ્ધ લક્ષણથી જાણવામાં આવતા રાગાદિ તે પરદ્રવ્ય છે એમ વિવેક કરો. એનું નામ ધર્મ છે. કહો, સમજાય છે કાંઈ?

'**તે આ પ્રમાણે :—**' હવે તેનું વિશેષ સ્પષ્ટીકરણ કરે છે. '**સત્ અને અકારણ હોવાથી**

**સ્વતઃસિદ્ધ, અંતર્મુખ અને બહિર્મુખ પ્રકાશવાળું હોવાથી સ્વપરનું જ્ઞાયક-એવું જે આ, મારી સાથે સંબંધવાળું,...**' જુઓ! અહીં તો એ લેવું છે એકલું જ્ઞાન. '**મારું ચૈતન્ય તેના વડે—કે જે (ચૈતન્ય) સમાનજાતીય અથવા અસમાનજાતીય અન્યદ્રવ્યને છોડીને મારા આત્મામાં જ વર્તે છે તેના વડે—હું પોતાના આત્માને સકળ ત્રિકાળે ધ્રુવત્વ ધરતું દ્રવ્ય જાણું છું.**' લ્યો! ફરીને. એનો અર્થ હવે. એ તો આખું વાક્ય થયું. પાનું પૂરું થયું ત્યાં પૂરું થયુંને? પાનું થયું ત્યાં પૂરું થયું લ્યો!

સત્ જ્ઞાયક એવું જે આ આત્માનું લક્ષણ. સત્ અકારણ હયાતી ધરાવતું. '**સત્-હયાતીવાળું, સત્તાવાળું, અસ્તિત્વવાળું સત્રૂપ.**' '**અકારણ=જેનું કોઈ કારણ ન હોય એવું; અહેતુક. (ચૈતન્ય સત્ અને અહેતુક હોવાને લીધે પોતાથી જ સિદ્ધ છે.)**' એ ચેતનનું ચૈતન્ય, ચેતનનું ચૈતન્ય લક્ષણ સત્ છે, અહેતુક છે. કોઈ તેનો હેતુ એટલે કરનાર, કર્તા નથી કોઈ એનો ઈશ્વર આદિ. કેવું છે? કે સ્વતઃસિદ્ધ છે. ક્યા કારણે? '**સત્ અને અકારણ હોવાથી...**' હોવાવાળું હોવાથી અને અહેતુક હોવાથી એમ. હોવાવાળું હોવાથી, હયાતીવાળું હોવાથી અને અકારણે હોવાથી. હોવાવાળું હોવાથી અને અકારણિક હોવાથી. કારણ-ફારણ કોઈ છે નહિ. જુઓ! આ સિદ્ધ કરે છે ચેતનનું ચૈતન્ય લક્ષણ. ભગવાન આત્માનું ચૈતન્ય લક્ષણ, જ્ઞાયક લક્ષણ, જ્ઞાન લક્ષણ એ કેવું છે? કે હયાતીવાળું છે, મોજૂદગીવાળું છે, અસ્તિત્વવાળું છે અને અકારણ છે. અસ્તિત્વવાળું છે માટે અકારણિક છે, કોઈ એનું કારણ છે નહિ.

'**સત્ અને અકારણ હોવાથી સ્વતઃસિદ્ધ,...**' છે. ભગવાન આત્મા ચેતન છે એનું ચૈતન્ય લક્ષણ છે એ મોજૂદગી ધરાવે છે અને અકારણિક છે. મોજૂદગી છે માટે કોઈ કારણ એને ન હોય. એટલે? સત્ છે, અહેતુક છે માટે સ્વતઃસિદ્ધ છે એટલે પોતાથી સિદ્ધ છે. સમજાણું કાંઈ? ભગવાન આત્માનું જ્ઞાયક લક્ષણ, જ્ઞાયકસ્વભાવ, ચૈતન્ય લક્ષણ બધું એક જ છે ઈ. '**સત્ અને અકારણ હોવાથી સ્વતઃસિદ્ધ, અંતર્મુખ અને બહિર્મુખ પ્રકાશવાળું હોવાથી સ્વપરનું જ્ઞાયક...**' પોતાને જાણનારું અને બહિર્મુખ પ્રકાશવાળું, પરને પણ જાણનારું છે. ચૈતન્યપ્રકાશ ભગવાનનું લક્ષણ એવું જે ચૈતન્ય એ તો સ્વને પણ જાણનારું છે અને રાગાદિ, પુણ્યાદિ, શરીરાદિને પણ પ્રકાશવાવાળું-અંતર્મુખ અને બહિર્મુખને પ્રકાશવાવાળું તે સત્ અકારણિક સ્વતઃસિદ્ધ હોવાથી જ્ઞાયક સ્વભાવવાળું છે. સત્ અહેતુક સ્વતઃસિદ્ધ છે અને તે જ્ઞાયકલક્ષણ સ્વપરને પ્રકાશવાવાળું હોવાથી સ્વપરપ્રકાશકવાળો જ્ઞાયક છે.

'**એવું જે આ,...**' જુઓ! સ્વપરનું જ્ઞાયક છે અહીં તો .. લીધું. એકલું પરને જાણે તે જ્ઞાન છે ને સ્વને જાણે તે દર્શન છે એમ અહીં નથી લીધું. ગાથાએ ગાથાએ એ તો આવે જ છે અહીં. સ્વપરપ્રકાશક, સ્વપ્રકાશ. લ્યો! જે પરને જાણે તે જ્ઞાન અને સ્વને જાણે તે દર્શન એવું આવે છેને? એ (સંવત) ૨૦૦૬ની સાલમાં કીધું હતુંને, ચુનીલાલ દેસાઈ.

વાંચીને આવ્યા હશે. પણ કઈ અપેક્ષા ત્યાં અને કઈ અપેક્ષા આ છે? ૨૦૦૬ની સાલમાં ખબર છે? નવરંગભાઈ! ૨૦૦૬.

અહીં તો કહે છે કે સ્વ-પરના પ્રકાશવાળું **'અંતર્મુખ અને બહિર્મુખ પ્રકાશવાળું હોવાથી...'** દેખો! ભગવાન ચૈતન્યનું લક્ષણ, ચેતનનું ચૈતન્ય લક્ષણ, જ્ઞાયક લક્ષણ એ સત્ છે, અકારણ હોવાથી સ્વતઃસિદ્ધ છે અને તે અંતરંગ બહિર્ પ્રકાશવાળું હોવાથી જ્ઞાયક છે એમ પાછું જ્ઞાન સિદ્ધ કરવું છેને? સ્વતઃ પરને જાણવાવાળું હોવાથી એ તો જ્ઞાયક ચૈતન્ય લક્ષણ છે એ તો સ્વને જાણે, દ્રવ્યને જાણે, એ ગુણને પોતાને જાણે, એની પર્યાયને જાણે અને રાગને અને પરને બહિર્મુખ આ બહિર્ છે એમ જાણે. બેયને પ્રકાશવાવાળું ચૈતન્યસત્તા લક્ષણ છે. સમજાણું કાંઈ?

**'એવું જે આ, મારી સાથે સંબંધવાળું,...'** એવું જે આ. જાણવાનું લક્ષણ જે છે એવું જે આ સત્ અને અકારણ હોવાથી સ્વતઃસિદ્ધ છે, અંતર અને બહિર્મુખ પ્રકાશવાળું હોવાથી **'એવું જે આ, મારી સાથે સંબંધવાળું,...'** મારી એટલે આત્મા સાથે સંબંધવાળું. જ્ઞાનલક્ષણ આત્મા સાથે સંબંધવાળું છે. **'મારું ચૈતન્ય તેના વડે—'** જુઓ! એ ચૈતન્ય સ્વપરનું જ્ઞાયક એવું જે આ, એમ. ચૈતન્ય સ્વપરનું જ્ઞાયક એવું, એમ. **'તેના વડે—કે જે સમાનજાતીય...'** મારા જેવા અનંત આત્માઓ છે એનાથી પણ ભિન્ન છે મારું આ લક્ષણ. મારી જાતના અનંત આત્માઓ છે, સિદ્ધો છે, કેવળીઓ છે, નિગોદ છે. છતાં આ ચૈતન્ય લક્ષણ, જાણવાનું જે લક્ષણ સત્ અહેતુક સ્વતઃસિદ્ધ અંતર અને બહિર્ પ્રકાશવાળું એવું જ્ઞાન એ મારું ચૈતન્ય, આવું જે ચૈતન્ય તે મારી સાથે સંબંધ રાખે છે.

**'સમાનજાતીય અને અસમાનજાતીયને અન્યદ્રવ્યને છોડીને...'** સમજાણું કાંઈ? ભારે ભાઈ આ ધર્મકથા આવી કેવી! સમજાણું કાંઈ? આ ને આ, આ ને આ. પણ બાપુ! એ જ વસ્તુ છે. ભાઈ! પરથી જુદું પાડવાનું, તારી ચીજ જુદી છે, એના લક્ષણ વડે જુદી પડી શકે છે. એ એનો રસ્તો છે. મોહને ક્ષય કરવાનો આ રસ્તો છે. આ સિવાય બીજો રસ્તો નથી. બીજી ભાષાએ કહીએ તો પર તરફનું સાવધાનપણું દુઃખભાવ છે. એ દુઃખના નાશ કરવાનો આ એક જ ઉપાય છે.

મુમુક્ષુ :- બીજી રીત હોય તો?

ઉત્તર :- બીજી રીત ક્યાંથી હોય? જે રીત હોય એ રીતે હોય કે નહિ?

ભગવાન આત્મા પોતાના સ્વતઃસિદ્ધ લક્ષણથી પોતાના સંબંધવાળું છે, તેનાથી આત્મા જુદો પડે છે, પરના લક્ષણવાળું તે પરનું સ્વરૂપ છે, આ લક્ષણે એ એને પોતે જાણે છે. એ તો પોતામાં રહીને સ્વ ને પરને જાણવાના સ્વભાવવાળું ચૈતન્ય છે. **'તેના વડે—કે જે (ચૈતન્ય) સમાનજાતીય...'** એક જાતના અનંત આત્માઓ છે. દેખો! સમાનજાતીય. સિદ્ધ પણ સમાનજાતીય, નિગોદના જીવ પણ સમાનજાતીય. એમ ખરું કે નહિ? કે સિદ્ધ

સમાનજાતીય અને નિગોદ અસમાનજાતીય? લે! મારી જાતના સમાનજાતીય. સિદ્ધ પણ સમાનજાતીય, નિગોદના જીવ પણ સમાનજાતીય. આહા..હા..! એવા '**અન્યદ્રવ્યને છોડીને...**' એ ચૈતન્ય લક્ષણે લક્ષિત-મારા જાણવાના સ્વભાવથી લક્ષિત એવું દ્રવ્ય, પરને છોડીને. સમાનજાતીય સિદ્ધ ભગવાન હો, કેવળી હો કે નિગોદ હો એને પણ છોડીને. કારણ કે આ લક્ષણ આ લક્ષ્યની સાથે સંબંધ રાખે છે, આ લક્ષણ પરની સાથે સંબંધ રાખતું નથી. સમજાણું કાંઈ?

'**સમાનજાતીય અથવા અસમાનજાતીય અન્યદ્રવ્યને છોડીને...**' એટલે અન્ય દ્રવ્યો સિદ્ધ કર્યા, તે તે દ્રવ્યના અનંત ગુણો સિદ્ધ કર્યા, એનો વિશેષગુણ ચેતનનો ચૈતન્ય પણ સિદ્ધ કર્યો. જુઓને, આ વાત સર્વજ્ઞ સિવાય ક્યાંય હોઈ શકે નહિ. અને તે પર તરફના મોહવાળો દુઃખભાવ છે એને સ્વ તરફના વિવેક દ્વારા તે મોહનો ક્ષય થઈ શકે છે તે પર્યાય સિદ્ધ કરી. સમજાણું કાંઈ?

ભાઈ! આ તો અધ્યાત્મ શાસ્ત્ર છે તો ગૂઢ ભાવ છે. એ કોઈ વાર્તા નથી કે યાદ કરી જાય એકદમ. આવે છેને? સમયસાર ગ્રંથમાં ભાવો બ્રહ્માંડના ભર્યા. સમયસાર હો, પ્રવચનસાર હો. આગમનો સાર, પ્રવચનનો સાર આ છે. આહા..હા..! ભગવાનની વાણીનો આ સાર છે. જગતમાં અનંતા દ્રવ્યો છે એમ ભગવાને જોયા અને વાણીમાં એમ આવ્યું. અનંતા દ્રવ્યોના અનંતા ગુણો છે એ ભગવાને જોયું અને વાણીમાં આવ્યું. એ અનંતા ગુણોમાં જે વિશેષ ગુણ ખાસ બીજાથી જુદો પાડે એવું એક ચૈતન્ય લક્ષણ વિશેષણ તે વિશેષ્યનો સંબંધ રાખે છે. તે ચૈતન્ય લક્ષણ રાગ ને સિદ્ધ ને પરની સાથે સમાનજાતીય સાથે સંબંધ રાખતું નથી તેમ અસમાનજાતીય—જડ અને રાગ સાથે લક્ષણ સંબંધ રાખતું નથી. આહા..હા..!

જુઓને આ પીડામાં પીડાતા હોય ઘાણીઓની જેમ. ડબલ ન્યુમોનિયા. બબ્બે દિ', ત્રણ-ત્રણ દિ' આમ પીડાય. ડોક્ટરો જોવે કે ભાઈ આનો કોઈ બચાવ નથી. આ બધો ... આ દુઃખ શું છે? એ દુઃખ કાંઈ સંયોગી વ્યાધિના છે? પર તરફની સાવધાનીના દુઃખ છે. ... આહા..હા..! શૂળ ચડે છે. અહીંથી આ થાય ને અહીંથી આ થાય. એ શૂળ નથી ભાઈ! એ તો બધી જડની પર્યાય છે અને જડપણું ભિન્ન લક્ષણે ધરતું તત્ત્વ છે. એ તત્ત્વ આત્માને નુકસાન કરે છે એમ નથી. પણ પોતાનો સ્વભાવ ચૈતન્ય લક્ષણે લક્ષિત થઈને સ્વમાં પ્રવિણ બુદ્ધિથી જાવું જોઈએ તે ન જતાં, જે એનામાં નથી એના તરફ વલણબુદ્ધિ કરીને 'આ મને છે' એમ થાય છે એવું એકત્વબુદ્ધિનો ભાવ, સાવધાની એટલે મિથ્યાત્વ મોહ, મોહ કહો કે પરમાં સાવધાની કહો, એ દુઃખરૂપ છે. સમજાણું કાંઈ? શરીરની વ્યાધિ દુઃખરૂપ નથી. એ તો પરમાણુની પર્યાય જગતની છે. પર્યાય જડની પર્યાય કાંઈ દુઃખરૂપ છે? તેમ નિરોગતા શરીરમાં હોય માટે અમે સુખી છીએ એ પણ વ્યાખ્યા જૂઠી છે. શરીરની નિરોગતા એ તો પરમાણુની પર્યાય છે, એથી સુખી છે એ વ્યાખ્યા તદ્દન જૂઠી છે. સુખે શ્વાસ તો

લેવાય છે, આહાર-પાણી તો પચે છે, શરીર તો ઠીક છે. રહેવાને ભલે ઓટલો ન મળે પણ રોટલો તો છે. હવે રોટલો અને ઓટલો હોય તો બહુ સુખી કહેવાય માણસ.

મુમુક્ષુ :- ઓટલાને બદલે બોટલો હોય તો?

ઉત્તર :- બોટલો પણ હોય બહાર દવા-બવા મળે લ્યોને! તરત લાવો. લાવો દવા. ત્યાંથી ઉપાડી આવે ઈસ્પિતાલથી. શ્વાસ લેવાય સરખાઈનો. શું કહેવાય એ? ઓક્સિજન.

મુમુક્ષુ :- રાહત આપે.

ઉત્તર :- શેની રાહત આપે? દુઃખને? ભારે વાત ભાઈ!

અરે..! ભગવાન! કહે છે ભાઈ! તારું જે ચૈતન્ય સ્વતઃસિદ્ધ અહેતુક અંતર પ્રકાશ અને બહારને પ્રકાશવાળું સ્વરૂપ છે. બહારને પોતાનું માને એવું એનું સ્વરૂપ નથી એમ કહે છે. વ્યાધિ અને વ્યાધિમાં થતી દુઃખની પીડા પોતાની આકુળતા, સમજાય છે? એ આત્મામાં છે જ નહિ. એ સ્વપરને જાણનારું તત્ત્વ છે. દુઃખ આદિની પર્યાય, શરીર આદિની પર્યાય એને જાણનારું એ તત્ત્વ છે. આહા..હા..! એને ઠેકાણે એને એમ થાય છે, આમ ઢળેલી બુદ્ધિ નથી સ્વમાં તેથી તેને આ હું છું એમ બુદ્ધિ થાય છે, એ જ એની એકત્વબુદ્ધિનો મિથ્યાત્વ મોહભાવ એને દુઃખ નામ પીડા કરે છે. એ દુઃખી થઈને પીડાય છે બિચારો. આહા..હા..! સમજાય છે કાંઈ? એ નવમી ગ્રૈવેયકનો દેવ, જેને કેટલા પખવાડીયે અમુક જાતનો શ્વાસ લે અને કેટલે હજારો વર્ષે આહાર લે. દુઃખી છે. સ્વરૂપ તરફની સાવધાનીની દૃષ્ટિ નથી અને પર તરફના સાવધાનીનો જે મોહ મિથ્યાત્વ છે એ દુઃખ છે. આહા..હા..! જગતને ક્યાંથી પકડાય? બહારમાં જરીક કાંઈક ઠીક લાગે, શરીર ઠીક હોય, આ ઠીક હોય (તો એમ કહે), અમને હમણાં હવે સરખાઈ છે. અને જો છ મહિના અને બાર મહિના શરીરમાં રોગ રહ્યો, બાયડીમાં રહ્યો, ઓલામાં રહ્યો (તો એમ બોલે), ખાટલો ઉપડતો નથી. એક ખાટલો ઉપડે ત્યાં બીજો પડે, બીજો ઉઠે ત્યાં ત્રીજો પડે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હમણાં ફ્લુમાં તો ઘણા સાથે પડે. ઘરમાં દસ માણસ હોય એમાં ચાર-પાંચ પડ્યા છે ખાટલે. તે શું છે પણ હવે? ખાટલો શું? શરીર શું? રોગ શું? ફ્લુ શું? તું શું? અને આત્મા શું? આહા..હા..! સમજાણું કાંઈ? શેત્રુંજયથી આવી ગયા? શેત્રુંજય ગયા હતા કે નહિ? આવી ગયા લાગે છે. ભાઈ મગનભાઈના દીકરા પ્રાણલાલભાઈ હતાને. સમજાણું કાંઈ?

શું કહે છે આ? ભારે વાત ભાઈ! કહે છે કે ભાઈ! સર્વજ્ઞ પરમેશ્વર છે જગતમાં એના અસ્તિત્વની તને પ્રતીત છે? અને એમણે કહેલા આગમો એને તું જાણે છો? અને એ આગમમાં કહેલા અનંતા દ્રવ્યો છે એમ જાણ્યું છે? અનંતા દ્રવ્યમાં એક દ્રવ્યમાં અનંતા ગુણો છે તને ખ્યાલ છે? અનંતા ગુણોમાં ખાસ વિશેષ ગુણથી આત્મા જુદો પડે એનો તને ખ્યાલ છે?

આહા..હા..! કહો, ભગવાનજીભાઈ! બહારની વાતની બુદ્ધિ મોટી મોટી કાઢે. આનું આમ હોય ને આનું આમ હોય. કહે છે કે મોટા અપંડિત છે. આહા..હા..! ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ એકલો જ્ઞાનનો સાગર આત્મા છે અને જ્ઞાનના લક્ષણે (જણાય એવો છે). જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન છે ને. ચૈતન્ય પ્રજ્ઞા-પ્રજ્ઞાસ્વરૂપ લક્ષણવાળું એ તત્ત્વ છે. એમ ઢળતી બુદ્ધિવાળાએ, અંતર વળતી બુદ્ધિવાળાએ, બુધજનોએ આગમમાં કહેલા દ્રવ્યના અનંત ગુણોમાંથી ખાસ વિશેષ ગુણ દ્વારા આત્માને જુદો પાડી અને પરથી જુદો વિવેક કરવા જેવું છે. તો એ સુખનો પંથ છે અને દુઃખના નાશની રીત છે. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ!

આ જુવાનોને બીજું કરવાનું અને વૃદ્ધોને બીજું કરવાનું એમ કાંઈક હશે? બે-ત્રણ પ્રકાર હશે કે નહિ? શેઠી! વૃદ્ધોને માટે કાંઈક, જુવાનને માટે કાંઈક. વૃદ્ધ ને જુવાન આત્મા નથી, આત્મા તો રાગવાળો નથી વળી વૃદ્ધ-જુવાન ક્યાંથી આવ્યો? અહીં તો એ કહે છે. આહા..હા..! ભગવાન આત્મા તો ચૈતન્યના લક્ષણ દ્વારા લક્ષ થાય તેવું એ સ્વરૂપ છે. અને તે પોતાને અને પરને જાણવાવાળું ચૈતન્ય છે એવું અસ્તિત્વ તે આત્મા છે. પરને, રાગને અને વ્યાધિને મારું માને એવો એનો સ્વભાવ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? ભારે પણ! ઈંજેક્શન આપે ત્યાં અસાધ્ય થઈ જાય લ્યો. એઈ.. નેમિદાસભાઈ! એ શું હશે? ઓલું શું કહેવાય? ઈંજેક્શન. સરખું લાગુ પડ્યું હોય તો ઠીક નહિતર... એ અસાધ્ય કાંઈ પરમાણુને લઈને નથી થયો. પોતાના સુખસ્વભાવની સાવધાની છોડી પરની સાવધાનીમાં એટલો બધો લીન થઈ ગયો કે (પોતાને) ભૂલી ગયો. એ મોહભાવ છે, મિથ્યાત્વભાવ છે તે દુઃખરૂપ ભાવ છે. આહા..હા..!

ભગવાન આત્મા આનંદની મૂર્તિ આત્મા છે. એને આનંદના લક્ષણે લક્ષિત કરીને, વિશેષણ અહીં જ્ઞાન અને આનંદ બે. સમજાણું કાંઈ? જુદો પાડીને, પુણ્ય-પાપના વિકલ્પને, શરીર-વાણીને તેના લક્ષણે તેને જાણીને. તેના લક્ષણે તેને જાણીને, પોતાના જ્ઞાનલક્ષણે, આનંદલક્ષણે પોતાને જાણીને, એવો જે વિવેક કરે એને મોહનો ક્ષય થાય છે. મોહ શબ્દે મિથ્યાત્વની એકતાનું દુઃખ તેનો એને નાશ થાય છે અને સુખની એકતાની પ્રાપ્તિ થાય છે. લ્યો! આ પર તરફના સાવધાનીની બુદ્ધિ છોડી, સ્વ ચિદાનંદ ભગવાનના સ્વ તરફ સન્મુખની બુદ્ધિ કરી અને આત્મામાં એકાકાર થાય એને સુખપણું અને આનંદપણું પ્રગટે છે. લ્યો! એને કેટલા પૈસા હતા માટે સુખી એમ નથી કહેતા આમાં. કેટલી બુદ્ધિ સંસારની ડાહ્યો હતો માટે આ બધી બુદ્ધિથી (સુખી) એ બધી બુદ્ધિ સંસારમાં બુડવાની બુદ્ધિ છે. સમજાણું કાંઈ? આહા..હા..! જેણે પોતાના સ્વરૂપને આનંદ અને જ્ઞાનના લક્ષણે લક્ષિત કરીને પરથી જુદો પાડ્યો અને પર રહી ગયા જુદા, એ દુઃખનો ભાવ પણ રહી ગયો જુદો. આહા..હા..! એઈ..!

ભગવાન આત્મા.. જુઓને કેટલું સમાડ્યું છે! એ '**અન્યદ્રવ્યને છોડીને મારા આત્મામાં જ વર્તે છે તેના વડે—હું...**' જ્ઞાનના લક્ષણ દ્વારા આ આત્મા એ જ્ઞાનના દોરે પકડાતો

આત્મા, જ્ઞાનના દોરે-સંધિએ પકડાતો અંદર આત્મા એ પુણ્ય-પાપના વિકલ્પ, શરીર, વાણીથી પકડાતો નહિ. કારણ કે એ એનું લક્ષણ છે નહિ. ભારે વાત! સમજાણું કાંઈ? એવા મારા આત્મામાં '**હું પોતાના આત્માને...**' દેખો! '**હું પોતાના આત્માને...**' જુઓ! હું એટલે અભિમાન નથી. હું(પણું) ન કરવુ, જગતના બધા સાથે એકતાનો પ્રેમ તૂટી જાય છે, એમ કહે છે કેટલાક. સમન્વય (કરો). સમન્વય કોની સાથે? બધા છે એનું નામ સન્વય. છે એ અપેક્ષાએ સમન્વય. પણ મારા અને એ તારા બે જુદા છે. એમાં હુંપણું પોતાનું છે, તેપણું તેનામાં છે. એ તો વાસ્તવિક સ્વરૂપ છે. (અજ્ઞાની કહે), બધાને એકપણે પ્રેમથી તેને જાણવા એનું નામ સમ્યક્તા છે. (સમ્યક્તા નહિ) મૂઢતા છે. સમજાણું કાંઈ?

કહે છેને, '**હું પોતાના આત્માને...**' દેખો! પોતાના આત્માને. ભગવાનનો આત્મા, નિગોદના આત્મા બધા રહી ગયા જુદાં. '**હું પોતાના આત્માને સકળ ત્રિકાળે ધ્રુવત્વ ધરતું દ્રવ્ય જાણું છું.**' આહા..હા..! જુઓ! સકળ ત્રિકાળે. ત્રણે કાળમાં હું જ્ઞાનલક્ષણે લક્ષિત એવું જે તત્ત્વ ધ્રુવત્વ ધરતું. દેખો! એવા ધ્રુવપણા, જ્ઞાનલક્ષણના ધ્રુવપણાને ધરતું તે '**દ્રવ્ય જાણું છું.**' તે દ્રવ્ય હું છું. ટીકા બહુ સરસ કરી છે. સમજાણું કાંઈ?

આ આત્મદ્રવ્ય—આત્મવસ્તુ, એ ચૈતન્યલક્ષણને ધારતું ધ્રુવ ત્રિકાળી લક્ષણ છે ઈ. એને ધારતો આત્મા ત્રિકાળી દ્રવ્ય હું છું. એમાં પુણ્ય-પાપના રાગ, શરીર, વાણી, મન એના અસ્તિત્વનું મારામાં જાણવાનું છે, પણ એનું અસ્તિત્વ મારામાં નથી. શું કીધું? હું આત્મા છું ચેતન. એનું ચૈતન્ય લક્ષણ સ્વપરપ્રકાશકવાળું એ દ્વારા મારા આત્માને હું ભિન્ન જાણું છું. તો ભિન્ન જાણતા પોતાના જ્ઞાયકસ્વભાવથી આત્માને જાણ્યો અને એ જ્ઞાનમાં પરને પ્રકાશવાનો પ્રકાશ પોતાના અસ્તિત્વમાં છે એને જાણ્યો કે આ પર છે. પરના અસ્તિત્વમાં હું નથી અને પરનું અસ્તિત્વ મારામાં નથી. પરના અસ્તિત્વ સંબંધી મારું અને પરનું જે જ્ઞાન એ મારા સ્વપરપ્રકાશકનું અસ્તિત્વ હું છું, પણ રાગ, પુણ્ય ને શરીરના સંબંધના ભાવવાળો નથી અને એના સંબંધીનું મારું સ્વપરપ્રકાશક જ્ઞાન, સ્વપરપ્રકાશક જ્ઞાન એમાં હું છું. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! ધર્મને માટે બધું આવું સમજવું પડતું હશે? આ સામાયિક કરી નાખે, પોષા કરી નાખે તો ધર્મ નહિ થાતો હોય? એય..! નવલચંદભાઈ! શું હશે તમારે કાલાવાડમાં? પોષા કરી નાખો, સામાયિક કરી નાખો, અપવાસ કરી નાખો. લ્યો! ડોસાને સૂઝે એ વાત. હવે આ તો કાંઈ મોં-માથું સૂઝે નહિ, શું કહે છે આ?

ભગવાન! તારી ચીજ જુદી શું છે અને પર જુદી ચીજ શું છે? એ અનેકને અનેકપણે રાખીને એકમાં અનેકપણું નથી અને અનેક ચીજોમાં હું એક ત્યાં નથી, એમ ભેદ પાડ્યા વિના પોતામાં ઠરવું અને શ્રદ્ધા થઈ શકે નહિ. સમજાણું કાંઈ? ભારે ભાઈ આવી ધર્મની રીત કેવી! આ દેરાસર કરવું, આ કરવું હોય તો સૂઝ પડે. જુઓ ... એકાવન, સો, બસ્સો એકાવન, ઓલા પાંચસો, ઓલા આ .. લ્યો! એમાં સૂઝ પણ પડે કાંઈક થાય છે. અહીં

તો કહે છે, ભગવાન! તારા અસ્તિત્વમાં, તારા હોવાપણામાં, આત્માના ચેતનપણાના હોવાપણામાં ચૈતન્યનું હોવાપણું છે. ચૈતન્યનું ચૈતન્ય એટલે સ્વપરપ્રકાશકનું હોવાપણું છે. એ સ્વપરપ્રકાશકના હોવાપણામાં તું છો. પણ જે પર તેમાં જણાય છે તે પરમાં તું નથી અને એ પર તારા સ્વપરપ્રકાશમાં આવી જતા નથી. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે ઝીણું પડે માણસને. ઓલું તો સોંઘુ સટ્. જૂનાવાળાને તો આ ગળે ઉતરવું કઠણ. એમ હશે કે નહિ? નવલચંદભાઈ! બાપાને આકરું પડે.

મુમુક્ષુ :- બહુ ગભરાય છે.

ઉત્તર :- ગભરાય છે. વાત સાચી. જૂના માણસ છે. આ વાત જ કાને પડતી નહોતી. આ પોષા કરો, ચોવિહાર કરો, આમ ખાવ, અપવાસ કરી નાખો પાંચ. આ તો સમજવા જેવું છે બાપા! આ તો મૂળ ચીજ છે આ. સર્વજ્ઞ પરમેશ્વરથી આગમમાં કહેલી અને વસ્તુનો સ્વભાવ આ જ છે. આહા..હા..! અરે..! એને જાણ્યા વિના, એને ઓળખ્યા વિના એનો ભેટો કેમ થાય? સમજાણું?

કહે છે, અરે..! હું. આ સ્વનું લક્ષણ ભાઈ પહેલું. મારા સિવાયના સમાનજાતીય અનંત આત્માઓ, એમાં પણ મારા ચૈતન્ય લક્ષણથી સંબંધવાળું દ્રવ્ય એ સંબંધ ત્યાં નથી. અને અસમાનજાતીય—પુણ્ય, પાપ, શરીર, વાણી, મન, જડ આ બધા પદાર્થ એમાં પણ આ ચૈતન્ય લક્ષણવાળું જે સંબંધવાળું દ્રવ્ય એ એમાં નથી. માટે તે સમાનજાતીય અને અસમાનજાતીયને છોડીને. સમજાવવું છેને? **'મારા આત્મામાં જ વર્તે છે...'** મારા આત્મામાં જ. એટલે પુણ્ય-પાપના રાગમાં, શરીર, વાણીમાં સ્વપરપ્રકાશકનું ચૈતન્યપણું વર્તતું નથી. સ્વપરના પ્રકાશપણાનું ચૈતન્યપણું મારા દ્રવ્યમાં જ વર્તે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ચેતન એટલે?

ઉત્તર :- એ ચેતન એટલે ચેત આત્મા, એનું ચૈતન્યપણું એટલે સત્ત્વ ગુણ, જાણવું-દેખવું-આનંદ એ જ સ્વપરપ્રકાશકપણું ચેતનનું ચૈતન્યપણું ચેતન સાથે સંબંધ રાખે છે અને એમાં હું છું. મારામાં જણાય ચીજ બીજી એ જણાતી નથી, એ સંબંધીનું જ્ઞાન અને મારા સંબંધી જ્ઞાન જણાય છે. એવા સ્વપરપ્રકાશમાં હું છું. એવા ત્રિકાળ ચૈતન્યને ધરતું આ દ્રવ્ય એ હું છું. પણ રાગને ને પુણ્યને ને શરીરને ધરતું એવું દ્રવ્ય હું નથી. સમજાણું કાંઈ? આ એમ અંતરમાં સ્વપરનો વિવેક કરવો એનું નામ દુઃખના નાશનો ઉપાય છે અને સ્વપરની એકતા માનવી એ દુઃખના પંથે ઊંધે રસ્તે ચડવાની રીત છે. સમજાણું કાંઈ? વિશેષ કહેશે...

**પ્રવચન નં. ૭૮ થી ૮૧માં અવાજ અસ્પષ્ટ હોવાથી લેવામાં આવેલ નથી.**

**માગશર સુદ ૧૨, રવિવાર, તા. ૦૧.૧૨.૧૯૬૮**
**ગાથા-૯૩, પ્રવચન-૮૨**

આ પ્રવચનસાર. બીજો અધિકાર. પહેલી ગાથા. ટીકા. આ શું અધિકાર છે? કે આત્મા જ્ઞાનસંપન્ન આવું સ્વરૂપ છે ચૈતન્યનું એવું જેણે અંતરમાં જ્ઞાનસ્વભાવનું વેદન કરીને જાણ્યું, એને જ્ઞેય તરીકે જાણવાલાયક પદાર્થો કેવા છે એનું સ્વરૂપ કહે છે. ખરેખર આ જ્ઞેય અધિકાર દ્રવ્ય-ગુણ-પર્યાયનો જેવો સર્વજ્ઞ ભગવાને જોયો, એવો કહ્યો એ વિષય સમ્યગ્દર્શનનો જ છે આ. સમ્યગ્દર્શનનો વિષય જે પદાર્થ છે એનું શું સ્વરૂપ છે? સમ્યગ્દર્શનનો વિષય સ્વદ્રવ્ય છે અને પર પણ જ્ઞાનમાં આવતા પર પણ વિષય થાય. એ સ્વદ્રવ્ય અને પરદ્રવ્ય એના ગુણ પર્યાયો અને દ્રવ્ય શું ચીજ છે વાસ્તવિક ભગવાને જોયા તેવા, એને અહીંયા જણાવતા તે પ્રકારનું જો જ્ઞાન એને થાય તો એને મિથ્યાત્વનો અંકુર ઉત્પન્ન થાય નહિ, પરથી ભ્રમાય નહિ. ભગવાનના કહેલા દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ જાણે તો અજ્ઞાનીના કહેલા માર્ગથી અથવા તત્ત્વોથી ભરમાય નહિ. સમજાણું કાંઈ?

‘**ટીકા :— આ વિશ્વમાં...**’ ટીકા. ‘**આ વિશ્વમાં...**’ એટલે આ વિશ્વ એમ કરીને જગત ચૌદ બ્રહ્માંડ છે એને અહીં સિદ્ધ કર્યું છે. સમસ્ત પદાર્થનો સંગ્રહાત્મક ભાવ એને અહીં વિશ્વ કહ્યું વિશ્વ. એમાં ‘**જે કોઈ જાણવામાં આવતો પદાર્થ છે...**’ જ્ઞાનમાં જાણવામાં આવતા જે દ્રવ્યો એટલે પદાર્થો છે ‘**તે આખોય...**’ હવે ઝીણું આવ્યું ત્યાંથી. ‘**તે આખોય...**’ પદાર્થ કેવો છે? આ આત્મા, આ એક-એક પરમાણુ, એમ આકાશ આદિ. ‘**વિસ્તારસામાન્યસમુદાયાત્મક અને આયતસામાન્યસમુદાયાત્મક દ્રવ્યથી રચાયેલો હોવાથી દ્રવ્યમય (-દ્રવ્યસ્વરૂપ) છે.**’ કહો, શાંતિભાઈ આ શબ્દ પણ કોઈ દિ’ કાને નહિ પડ્યા હોય લ્યો! કહો, સમજાણું કાંઈ?

જેમ આ આત્મા છે અને આ એક પરમાણુ પોઈન્ટ રજકણ છે, એ કેવી ચીજ છે એ વસ્તુ એનું હોવાપણું? કે વિસ્તારસામાન્યસમુદાય. એટલે એમાં જે ગુણો જ્ઞાનાદિ છે. આત્મામાં જ્ઞાન, દર્શન, આનંદ આદિ વિસ્તાર—આમ વિસ્તાર પહોળા પહોળાઈમાં રહેલા દ્રવ્યમાં. વસ્તુમાં પહોળાઈમાં... પહોળાઈમાં એકસાથે રહેલા વિસ્તારસામાન્યસમુદાય. એ બધા ગુણના

સમુદાયસ્વરૂપ તે દ્રવ્ય છે. કહો, શેઠી! વિસ્તારસામાન્યસમુદાયાત્મક શું કોઈ દિ' સાંભળ્યું નહિ હોય. સમુદાય આ બધા બહારના સંપ્રદાય માને એ સમુદાય. એ નહિ.

અહીં તો સર્વજ્ઞ પરમાત્માએ જે આત્મા અને આ એક એક રજકણ કેવી ચીજ છે? એને અહીંયાં સિદ્ધ કરે છે કે એક આત્મા... શું કહ્યું? ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે આ જગતમાં જે જ્ઞેયો એટલે જ્ઞાનમાં જાણવાલાયક જે પદાર્થ છે એ કેવા છે એની અહીં સાબિતી સિદ્ધ કરે છે. એ વાત સર્વજ્ઞ સિવાય અજ્ઞાનમાં, અજ્ઞાનીઓમાં, અન્યમતમાં કે કલ્પનાએ કરેલા તત્ત્વમાં આ તત્ત્વ હોતું નથી. સમજાણું કાંઈ? તો કહે છે કે આ આત્મા નામનો જે પદાર્થ છે, એમ આ પરમાણુ નામના રજકણ એક આનો પોઈન્ટ છેલ્લો, એ પદાર્થ છે **'તે આખોય વિસ્તારસામાન્યસમુદાયાત્મક...'** એટલે અનંતા ગુણો છે આત્મામાં આમ. જ્ઞાન-દર્શન-ચારિત્ર વ્યાપક આમ એકસાથે વિસ્તારસામાન્યપણે છે આમ. એકસાથે. એ વિસ્તારસામાન્યસમુદાયસ્વરૂપ તે દ્રવ્ય છે. શેઠી! ભારે ભાઈ!

મુમુક્ષુ :- આમાં કાંઈ સમજાતું નથી એમ કીધું.

ઉત્તર :- ના. ના. શું સમજાતું નથી? આટલા વર્ષથી આવે અને સમજાતું નથી હવે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ આ તો સાદી ભાષાથી કહેવાય છે.

જુઓ! આ લાકડું છેને આ? આ સુખડનું લાકડું. સુખડનું આ લાકડું છે. એક પદાર્થ ગણો અત્યારે. છે તો અનંત રજકણો એ. હવે આ એક વસ્તુ છે એમાં સુંવાળું, સુગંધ, વજન એવી શક્તિઓ એકસાથે આમ પ્રસરેલી છે આમ વિસ્તારપણે. એકસાથે રહેલા છે. સુંવાળું, વજન, સુગંધ એકસાથે રહેલા છે. એને વિસ્તારસામાન્ય કહેવામાં આવે છે. ગુણોનું વિસ્તારપણું છે, એનું સામાન્યપણું એટલે આત્મા એનું એકપણું એને દ્રવ્ય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? વીતરાગ શું કહે છે એની ખબરું ન મળે અને ધર્મ એને કરવો છે. શાંતિભાઈ!

મુમુક્ષુ :- ધર્મ તો કરવો જોઈએને.

ઉત્તર :- ધર્મ પણ ક્યાં થાતો હશે? વસ્તુ કેવી છે એ જાણ્યા વિના ધર્મ ક્યાં થાય એની ખબર વિના ધર્મ ક્યાં કરવો? ધર્મ તો પર્યાયમાં થાય છે. તો પર્યાય એટલે અવસ્થા. હવે એ વસ્તુ કેવી છે? એ વસ્તુનું જ્ઞાન થયા વિના પર્યાયમાં ધર્મની દશા પ્રગટ થાય નહિ. આ સમ્યગ્દર્શનનો વિષય છે. સમજાણું કાંઈ?

કહે છે કે એ આત્મા વસ્તુ છે આખો પદાર્થ. તેમાં જ્ઞાન-દર્શન-આનંદ આદિ આમ એકસાથે વિસ્તારમાં રહેલા, પહોળા-ચૌડા આત્મા એક એમાં અસંખ્ય પ્રદેશ, એ અસંખ્ય પ્રદેશમાં દરેકમાં પહોળા પડ્યા છે. એક પ્રદેશમાં જેમ જ્ઞાન-દર્શન-આનંદ છે એવા બીજામાં, ત્રીજામાં એમ અસંખ્ય પ્રદેશમાં જ્ઞાન-દર્શન આદિ અનંત ગુણો એકસાથે રહેલા છે એ વિસ્તારસામાન્યનું

સ્વરૂપ તે આત્મા છે. સમજાય છે કાંઈ? શાંતિભાઈ! અભ્યાસ ન મળે અને અભ્યાસ કરવાની એની દરકાર ન મળે. એય..! ગિરધરભાઈ! ગિરધરભાઈ આવ્યા છે લ્યો ત્યાંથી. કહો, સમજાણું આમાં?

જેને ધર્મની અવસ્થા પ્રગટ કરવી છે એ અવસ્થા કોનાથી થાય એમ સિદ્ધ કરે છે. કે એ અવસ્થા દ્રવ્ય અને ગુણમાંથી આવશે. દ્રવ્ય અને ગુણમાંથી એ પર્યાય પ્રગટે છે. '**तेहिं पुणो पज्जाया**' ધર્મની પર્યાય એ દ્રવ્ય અને ગુણથી થાય છે. હવે દ્રવ્ય અને ગુણ છે કોણ? સમજાણું કાંઈ? કે દ્રવ્ય એટલે વસ્તુ વિસ્તારસામાન્યસમુદાય. આ અનંતા ગુણો આત્મામાં છે આમ એકસાથે એનો સમુદાયસ્વરૂપ તે દ્રવ્ય છે. ગુણના સમુદાયસ્વરૂપ તે દ્રવ્ય છે. હજી એક ભાગ રહી જાય છે હોં! એકલો આ દ્રવ્ય એમ નહિ. સમજાણું કાંઈ?

'**અને આયતસામાન્યસમુદાયાત્મક દ્રવ્યથી રચાયેલો...**' આયત એટલે એક પછી એક અવસ્થા થાય પર્યાય, દ્રવ્યમાં. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિ આદિ અવસ્થાઓ એ બધી અવસ્થાઓ આયત છે, લાંબી આમ ઊર્ધ્વ. તે તે આત્મામાં એક પછી એક થતી આયત. આયત નામ લાંબી, લાંબી નામ એક પછી એક. એવો આયતસામાન્યસમુદાય. બધી પર્યાયનો સમુદાય. એમાં ગુણનો સમુદાય અને પર્યાયનો સમુદાય તેને દ્રવ્ય કહેવામાં આવે છે. આહા..હા..! કહો, હરજીવનભાઈ! આવું ઝીણું છે ભાઈ! ભગવાનનો માર્ગ લોકોએ ક્યાં... સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વર ત્રિલોકનાથે કહેલો છે આ. આ કોઈ કલ્પનાનો માર્ગ નથી. પણ એને કોઈ વિચારમાં પણ ન આવે. જૈનમાં જન્મ છતાં જૈન પરમેશ્વર શું કહે છે એની ખબર ન મળે. પછી જ્યાં ત્યાં ભ્રમણા થયા વિના રહે નહિ. સમજાણું કાંઈ?

નીચે અર્થ કર્યો છે વિસ્તારસમાન્યસમુદાયનો. જુઓ નીચે નોટ. '**વિસ્તારસામાન્યરૂપ સમુદાય. વિસ્તાર એટલે પહોળાઈ. દ્રવ્યના પહોળાઈ-અપેક્ષાના...**' દ્રવ્યની પહોળાઈની અપેક્ષાએ. દ્રવ્ય પહોળું કેટલું? પહોળું શું હશે? દ્રવ્યમાં પહોળાઈ જે છે ગુણની એ '**(-એક સાથે રહેનારા, સહભાવી)...**' ગુણો એના ભેદો છે એ બધા. એ '**(-વિસ્તારવિશેષોને) ગુણો કહેવામાં આવે છે; જેમ કે જ્ઞાન, દર્શન, ચારિત્ર વગેરે જીવદ્રવ્યના વિસ્તાર-વિશેષો...**' આમ વિસ્તાર-વિશેષ '**અર્થાત્ ગુણો છે. તે વિસ્તાર-વિશેષોમાં રહેલા વિશેષપણાને ગૌણ કરીએ...**' વિશેષપણાને ગૌણ કરીએ કે આ ગુણ, આ ગુણ એમ ગૌણ કરીએ '**તો એ બધામાં એક આત્માપણારૂપ સામાન્યપણું ભાસે છે.**' બધા ગુણોમાં એક આત્માપણું સામાન્યરૂપે ભાસે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આમાં ધર્મ શું કરવો?

ઉત્તર :- ધર્મ દ્રવ્ય, ગુણ ને પર્યાય. આમાં તો '**पज्जयमूढा हि परसमया**' લીધા છે. વસ્તુ દ્રવ્ય શું છે? ગુણ શું છે? એના ભાન વિના એની એક સમયની અવસ્થામાં જે રહે છે, માને છે એ મૂઢ જીવ છે. મિથ્યાદૃષ્ટિ છે, અધર્મી, દુઃખી છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મૂઢ કીધોને, પાછળ કીધો ને. મૂઢ છે, દુઃખી છે. કેમકે આનંદગુણથી સંપન્ન એવો જે આત્મા, આનંદગુણનો વિસ્તાર જેમાં અસંખ્ય પ્રદેશે આનંદ વ્યાપક છે આમ વિસ્તાર. એની સાથે અનંતા ગુણો આમ છે. એવું જે દ્રવ્ય, એના દ્રવ્યના જ્ઞાન વિના એની પર્યાયમાં મૂઢ થઈને રહ્યો છે એ દુઃખી છે. સમજાણું કાંઈ? દુઃખની વ્યાખ્યા, પ્રતિકૂળ સંયોગ એ દુઃખની વ્યાખ્યા નથી. દુઃખની વ્યાખ્યા ભગવાન આત્મા અસંખ્યપ્રદેશી એમાં એક એક પ્રદેશે અનંતા ગુણો. એ અનંતા ગુણો આમ પથરાયેલા છે. એમાં એકસાથે આનંદ પણ ભેગો છે. આપણે આનંદપ્રધાનથી વાત છે. અર્થમાં પણ લખ્યું છેને, જ્ઞાન-દર્શન-ચારિત્ર વગેરે. એ આનંદપ્રધાન આત્મા જે છે એ આત્મામાં આનંદ આમ પથરાયેલો વિસ્તારપણે, પહોળાઈપણે, ચોડાઈપણે આત્મામાં રહેલો છે. અરે..! કહો, ન્યાલભાઈ!

અને '**આયતસામાન્યસમુદાય...**' એનો નીચે અર્થ છે જુઓ. '**આયતસામાન્યસમુદાય= આયતસામાન્યરૂપ સમુદાય.**' આયાતસામાન્યરૂપ સમુદાય. '**આયત એટલે લંબાઈ અર્થાત્ કાળ-અપેક્ષાએ પ્રવાહ.**' એક પછી એક થતી અવસ્થા એટલે પ્રવાહથી આમ પહોળા. '**દ્રવ્યના લંબાઈ-અપેક્ષાના...**' ઓલા દ્રવ્યના પહોળાઈ અપેક્ષાના હતા, આ દ્રવ્યની લંબાઈ અપેક્ષાના. કીધું, આજે આવ્યું છે ઝીણું અને બધા આજે આવે છે કીધું આ. સમજાણું કાંઈ? અરે..! જેને હજી તત્ત્વ શું છે એ જ્ઞાનમાં આવ્યું નથી અને જ્ઞાનમાં આવ્યા વિનાની દૃષ્ટિ ને રુચિ કરશે શી રીતે? અને રુચિ કર્યા વિના સમ્યગ્દર્શન શી રીતે થશે? અને સમ્યગ્દર્શન વિના એમાં રમણતા ચારિત્ર હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? જુઓ!

'**દ્રવ્યના લંબાઈ-અપેક્ષાના (-એક પછી એક પ્રવર્તતા, ક્રમભાવી,...**' અવસ્થા દ્રવ્યમાં. દરેક આત્મા, પરમાણુમાં. '**ભેદોને...**' ઓલામાં એમ કહ્યું હતું, (પહોળાઈ) અપેક્ષાના એકસાથે રહેનારા સહભાવી ભેદોને, આમાં ક્રમભાવી ભેદોને. '**(-આયતવિશેષોને) પર્યાયો કહેવામાં આવે છે. તે ક્રમભાવી પર્યાયોમાં પ્રવર્તતા વિશેષપણાને...**' વિશેષ-આ.. આ.. આ.. એમ વિશેષ ભેદ કાઢી નાખીએ '**તો એક દ્રવ્યપણારૂપ સામાન્યપણું જ ભાસે છે.**' એ વિશેષ પર્યાયનો સમુદાય તે આખું દ્રવ્ય જ છે. ભેદ કાઢી નાખીએ પર્યાયનો કે આ પર્યાય.. આ પર્યાય કાઢી નાખીએ. વિશેષ-વિશેષ પર્યાય અને સામાન્ય-સામાન્ય ગુણ. આ વિસ્તારસામાન્ય ગુણ અને વિશેષ પર્યાય એનો આખો સમુદાય તે દ્રવ્ય કહેવામાં આવે છે. બે થઈને એક દ્રવ્ય છે એમ કહે છે. વિસ્તારસામાન્યસમુદાય અને આયતસામાન્યસમુદાય બે થઈને એક દ્રવ્ય છે. વિસ્તારસામાન્યસમુદાયનું દ્રવ્ય બીજું, આયતસામાન્યસમુદાયનું દ્રવ્ય બીજું એમ બે નથી એમ કહે છે. કહો, પ્રવિણભાઈ!

આવો વસ્તુનો સ્વભાવ આત્માનો છે. એવો એક-એક પરમાણુનો છે. એક પરમાણુ આ પોઈન્ટ છેલ્લો ટૂકડો. એમાં એક પરમાણુમાં, પરમાણુ એટલે દ્રવ્ય. કેમ? કે વિસ્તાર એમાં

વર્ણ, ગંધ, રસ, સ્પર્શ એકસાથે વિસ્તાર એક પ્રદેશમાં પહોળા રહેલા છે ગુણો અને એક પ્રદેશની પર્યાય ક્રમે-ક્રમે થાય છે. એ પહોળા અને ક્રમે પર્યાયનો આખો સમુદાય તેને પરમાણુ દ્રવ્ય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? જાધવજીભાઈ!

દ્રવ્ય, ગુણ અને પર્યાય જે વાસ્તવિક તત્ત્વનો ભાવ. કારણ કે જે ધર્મ કરનાર છે એને ધર્મ કરવો છે એ તો પર્યાય એટલે અવસ્થામાં છે. અવસ્થા તો ક્રમે ક્રમે થાય છે. તો ક્રમે ક્રમે થાય છે શેમાંથી? વસ્તુ ને વસ્તુની શક્તિ-ગુણ એમાંથી થાય છે. એને આશ્રયે અને એને આધારે થાય છે. તો એ દ્રવ્ય-ગુણ કેવા છે? એમ પહેલા સિદ્ધ કરીને પછી પર્યાય સિદ્ધ કરશે. સમજાણું કાંઈ? સંસારની વાત હોય તો ડાહ્યા થઈને બધી વાત પકડે ખોટી. શાંતિભાઈ! ખોટી હોં! આ એને સમજવામાં ત્રિલોકનાથ જિનેન્દ્રદેવ એના શબ્દબ્રહ્મમાં, પરમેશ્વર વીતરાગદેવના શબ્દબ્રહ્મ શબ્દમાં દ્રવ્ય, ગુણ અને પર્યાય, આગળ કહેશે, જે આ વ્યાખ્યા આવી છે એ યથાર્થ નિર્દોષ ને સત્ય અને સાચી છે. જરી વિચાર કરે તો એને બેસી જાય એવી છે. વિચાર કરે તો બેસેને. કાંઈ વિચાર કર્યા વિના બેસે? સંસારનું કામ વિચાર કરે છે તો એને બેસે છેને? સમજાણું કાંઈ?

**'આયાતસામાન્યસમુદાય તે દ્રવ્ય છે.'** એમ. એકલું લંબાઈની પર્યાયનો સમુદાય એકરૂપ તે દ્રવ્ય અને પહોળાઈ ગુણ. ગુણ-પર્યાયનો પિંડ તે દ્રવ્ય છે એમ કહે છે લ્યો! બીજી ભાષાએ. સમજ્યા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એકલું નહિ. એકલો નહિ. ગુણ-પર્યાયનો પિંડ આખો તે દ્રવ્ય છે. ગુણ(નો પિંડ) અને પર્યાયનો પિંડ (એવા) બે દ્રવ્ય નથી. પણ એની ગુણની પર્યાયો (કહેતા) એમાં બધું આવી જાય છે ભેગું. શેઠી! આ પ્રવચનસાર તો તમારા તરફથી છપાણું છે. હિન્દી છે કે શું? એમના તરફથી.. ઠીક. પણ હિન્દી ભાષામાં છપાણું છેને. હવે આમ લઈએ. વાત થઈ રહી છે (પણ) અમને સમજાણી નથી. મીઠા માણસ છેને. આહા..હા..!

અરે..! ભગવાન! તું કેવડો? ક્યાં? કેમ છે? એની પણ એને ખબર ન મળે. પછી જ્યાં-ત્યાં આનું કરી દઉં... આનું કરી દઉં... જગતનું કરી દઉં.. ફલાણું. પણ જગત તે વિશ્વમાં એ પદાર્થ છે કે નહિ જગતના? પરમાણુ અને આત્મા એ જગતની ચીજ છે કે નહિ? તો એ ચીજો પણ એના ગુણ ને પર્યાયનો પિંડ તે દ્રવ્ય છે. હવે એની પર્યાય એના દ્રવ્ય-ગુણમાંથી આવે છે એને તું કરી શું શકે પરમાં? ગીરધરભાઈ! આ કાર્યકર્તાઓ તો બધા ડંફાસ કરતા હશે કે નહિ? આહા..હા..! અરે..! ભગવાન! ભાઈ! તું તારામાં અને તે તેમાં. તેમાં તું નહિ અને તારામાં તે નહિ. હવે તે તારામાં નહિ તેનું તું શું કર? અને તું તેનામાં નહિ તો તું તેને શું કર? તારામાં તે નહિ તો તને તે શું કરે? તું તેનામાં નહિ તો જેનામાં તું નથી એનું તું શું કર? અને તારામાં તે નથી તો તે તારામાં નથી તો તે તને શું કરે?

સમજાય છે કાંઈ? આહા..હા..!

કહે છે, એ '**દ્રવ્યથી રચાયેલો...**' દ્રવ્યથી એટલે ગુણ અને પર્યાયથી રચાયેલું તે દ્રવ્ય તે દ્રવ્ય છે. એમ. છેને? '**समुदायात्मना द्रव्येणाभिनिर्वृत्तत्वाद्द्रव्यमयः**' સંસ્કૃત છેને, ખબર છેને. એને દ્રવ્ય કહીએ, એને વસ્તુ કહીએ. દ્રવતિ ઈતિ દ્રવ્યં. દ્રવે છે પર્યાયને અને ગુણને ત્રિકાળ ટકાવી રાખે છે એને અહીંયાં દ્રવ્ય કહેવામાં આવે છે. અલૌકિક વ્યાખ્યા છે ભાઈ! લોકોએ લક્ષમાં લીધી નથી. આમ તો અગિયાર અંગ ભણી ગયો છે, નવ પૂર્વ પણ ભણી ગયો છે પણ વાસ્તવિક દ્રવ્ય આ, ગુણ આ અને પર્યાય આ એવી એને રુચિમાં લાવ્યો નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

વળી, એ દ્રવ્યની વ્યાખ્યા કરી. આત્મા, પરમાણુઓ, કાળાણુઓ, ધર્માસ્તિ આદિ છ દ્રવ્ય છે ભગવાને જોયેલા. તે દ્રવ્ય કેવું છે? પહોળાઈથી પાથરેલા ગુણોનો સમુદાય છે, લંબાઈની પર્યાયનો સમુદાય એ બધું થઈને એક દ્રવ્ય એક વસ્તુ છે. સમજાણું કાંઈ? હવે એના ગુણની વ્યાખ્યા, એના ગુણની વ્યાખ્યા. ઓલી તો દ્રવ્યની વ્યાખ્યા થઈ.

મુમુક્ષુ :- ધર્મ કેમ થાય એ સમજાવો છો?

ઉત્તર :- હા, ધર્મ થાય એની વાત ચાલે છે. એઈ..! ધર્મ કેમ થાય? ક્યાંથી થાય? ક્યાંથી ઉત્પન્ન થાય? એ વાત ચાલે છે અહીં. હરજીવનભાઈ! આહા..હા..! એ દ્રવ્યમાંથી ધર્મ થાય એમ કહે છે. પણ દ્રવ્ય કોણ છે? કે ગુણ ને પર્યાયનો પિંડ છે. એટલે ત્યાં લક્ષ કરવાથી દ્રવ્યની પર્યાય ધર્મની થાય છે. સમજાણું કાંઈ? પણ હજી ખબર જ ન મળે ક્યાં દ્રવ્ય અને શું છે કાંઈ, અંધાધૂંધી લાગે. એને દ્રવ્યનું શું સ્વરૂપ છે? ગુણનું શું સ્વરૂપ છે? અને પર્યાયનું શું સ્વરૂપ છે? સ્વરૂપની ખબર વિના, એના જ્ઞાન વિના એની શ્રદ્ધા સાચી હોઈ શકે નહિ. અને એના વિના એનું અંતરમાં વલણ, દ્રવ્ય આવું છે ગુણ અને પર્યાયનો પિંડ એમ વલણ અંતરમાં ન જાય. એના ભાવમાં આ દ્રવ્ય આવું છે એવું લક્ષ આવ્યા વિના અંતર વલણ જાય જ નહિ. સમજાણું કાંઈ? એક વ્યાખ્યા થઈ દ્રવ્યની.

'**વળી દ્રવ્યો એક જેમનો આશ્રય છે...**' અનંતા ગુણનો એક દ્રવ્ય આશ્રય છે એમ કહે છે હવે. છેને? '**દ્રવ્યો એક જેમનો આશ્રય છે...**' નીચે છે જુઓ! '**અનંત ગુણોનો આશ્રય એક દ્રવ્ય છે.**' આત્મા એ અનંત ગુણનો આધાર છે. વસ્તુ આત્મા એક એ અનંત ગુણનો આધાર છે. પરમાણુ એક પોઈન્ટ આ રજકણ એ અનંત રંગ, ગંધ આદિ અનંત ગુણનો આશ્રય—આધાર છે. સમજાણું કાંઈ? આરે..આરે..! કહે છે કે '**દ્રવ્યો એક જેમનો આશ્રય છે...**' દ્રવ્ય એક જેમનો આશ્રય '**એવા વિસ્તારવિશેષસ્વરૂપ...**' એવા વિસ્તારવિશેષસ્વરૂપ. જુઓ! સામાન્ય તો દ્રવ્ય થયું. વસ્તુ, એમાં જ્ઞાન, દર્શન, આનંદ આદિ એ વિસ્તારવિશેષસ્વરૂપ ગુણ છે. વિસ્તાર-પહોળા વિશેષ... સામાન્ય દ્રવ્ય છે અને આ વિસ્તારવિશેષસ્વરૂપ તે ગુણ છે. સમજાણું કાંઈ?

જેમ આ લાકડું. કીધું હતુંને પહેલું. દ્રવ્ય એમાં આ સુગંધ આદિ ગુણો અને આ અવસ્થા એક પછી એક થાય. એ બધાનો પિંડ તે દ્રવ્ય છે. થયું. હવે એના આ સુગંધ અને પહોળાઈ, સુંવાળપ એ શક્તિઓ છે. એ એક વસ્તુ દ્રવ્ય એક છે. એને આધારે આ અનંત શક્તિઓ છે. એ શક્તિઓ જે છે વિસ્તારવિશેષસ્વરૂપ તેને ગુણ કહેવામાં આવે છે. શાંતિભાઈએ તો કોઈ દિ' સાંભળ્યું નહિ હોય આટલા વર્ષમાં. ન્યાં કાંઈ આવે નહિ. ત્યાં વાંચે તો સમજાય શું? જાડી બુદ્ધિવાળા. ત્યાં તો અમુક જાતની વાતું આવે. આવી વાત ન થાય ત્યાં. બીજી બીજી વાત આવે. આવી વાત ત્યાં કરવા જાય તો શું સમજે? સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે, ઓલી દ્રવ્યની વસ્તુ આવી છે એમ કીધું. વસ્તુ કોઈપણ પરમાણુ, કોઈપણ આત્મા, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળાણુ એક વસ્તુ, એના ગુણો વિસ્તાર અને એની પર્યાયનો સમુદાય દ્રવ્ય. અને એ વસ્તુ અનંત ગુણનો આશ્રય છે એવા વિસ્તારવિશેષ જેને આશ્રયે રહેલા છે દ્રવ્યને. એ કોણ? કે વિસ્તારવિશેષ ગુણો. જ્ઞાન, દર્શન, આનંદ એ વિસ્તારવિશેષ ગુણો, એનો આધાર એક દ્રવ્ય છે **'એવા વિસ્તારવિશેષસ્વરૂપ ગુણોથી રચાયેલાં...'** ભાષા દેખો! **'એવા વિસ્તારવિશેષસ્વરૂપ ગુણોથી રચાયેલાં (-ગુણોના બનેલા) હોવાથી ગુણાત્મક છે.'** કોણ? દ્રવ્યો. જેમનો આશ્રય છે એવા વિસ્તારવિશેષસ્વરૂપ ગુણોથી રચાયેલું હોવાથી દ્રવ્ય તે ગુણાત્મક છે, દ્રવ્ય તે ગુણસ્વરૂપ છે. સમજાણું કાંઈ? આ તો સિદ્ધાંતિક તત્ત્વોની વાત છે. અહીં તો ગાગરમાં સાગર ભરી દીધી છે. સમજાણું કાંઈ? ચાર પૈસે શેર તો મણના અઢી એ કુંચી છે. પછી એ કુંચી જ્યાં લાગુ પાડો ત્યાં લાગે. એમ આ વસ્તુનું સ્વરૂપ છે દ્રવ્ય, ગુણ અને પર્યાય. જે જે દ્રવ્ય ને ગુણ ને પર્યાયને જુઓ તો આ રીતે એને જોવું જોઈએ. બીજાની પર્યાય એનાથી થાય. એની પર્યાય મારા દ્રવ્યથી થાય (એમ માને) એ મૂઢ છે એમ કહે છે. એમ મારી પર્યાય એટલે કાર્ય પરને કારણેથી થાય તો એના દ્રવ્યનું કાર્ય એનામાં રહ્યું નહિ, એનું કાર્ય આણે કર્યું તો એને દ્રવ્યના કાર્ય વિનાનું એણે માન્યું. એટલે સામાના દ્રવ્યને એની પર્યાય વિનાનું માન્યું. એણે દ્રવ્યને જાણ્યું નથી. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે વાતું ભાઈ! કહો, આ બધા કામ કરી દેને? શાંતિભાઈ!

મુમુક્ષુ :- કોઈ ન કરે.

ઉત્તર :- ન કરી દે? આ ઊભા શું કરવા રાખ્યા છે ત્યાં તમને? વ્યવસ્થા રાખવા માટે રાખ્યા હશે કે નહિ? વ્યવસ્થા રાખવા. આહા..હા..!

ભાઈ! તારું સત્ત્વ જે દ્રવ્ય છે એ તો તારા સત્ત્વ ગુણ... સત્ જે છે સત્. દ્રવ્ય એટલે આત્મા અને પરમાણુ ભિન્ન-ભિન્ન હોં! એ સત્ છે તેના સત્ત્વ અને તેની પર્યાયનો સમુદાય. હવે એ ગુણ છે તેનો આધાર એક દ્રવ્ય. એવા જે વિસ્તાર-વિશેષ ગુણો તે દ્રવ્ય ગુણાત્મક છે, તે દ્રવ્ય ગુણસ્વરૂપે છે. દ્રવ્ય અને ગુણ જુદાં નથી. સમજાણું કાંઈ?

**'એવા વિસ્તારવિશેષસ્વરૂપ ગુણોથી રચાયેલાં...'** કોણ? દ્રવ્ય. એ દ્રવ્યો ગુણાત્મક છે. એ દ્રવ્ય ગુણસ્વરૂપ છે. પહેલું વિસ્તારવિશેષ (અને) આયાતવિશેષનો સમુદાય કીધો. હવે કહે છે કે એ દ્રવ્ય ગુણસ્વરૂપે છે. એ દ્રવ્યની વ્યાખ્યા કરી, હવે એ દ્રવ્ય ગુણસ્વરૂપે છે. આત્મા જ્ઞાન-દર્શન-ચારિત્ર આદિ ગુણસ્વરૂપે છે. પરમાણુ વર્ણ-રંગ-ગંધ-સ્પર્શ આદિ ગુણસ્વરૂપે છે. સમજાણું કાંઈ? એ દ્રવ્યો કીધું. દ્રવ્યો કેવા છે? ગુણાત્મક છે એમ કીધું. પહેલા દ્રવ્યો સાધારણ દ્રવ્ય આવું કીધું. દ્રવ્ય આવું છે. પછી દ્રવ્ય ગુણસ્વરૂપે છે એમ કીધું. સમજાણું કાંઈ? હવે પર્યાયો.

**'વળી પર્યાયો—કે જેઓ આયતવિશેષસ્વરૂપ છે...'** પર્યાયો દરેક દ્રવ્યમાં લંબાઈથી એક પછી એક થતી અવસ્થા તે **'આયતવિશેષસ્વરૂપ છે તેઓ—જેમનાં લક્ષણ (ઉપર) કહેવામાં આવ્યાં...'** કોના? દ્રવ્ય અને ગુણના. પહેલા દ્રવ્ય અને ગુણના લક્ષણ કીધા. એવા જે દ્રવ્ય ગુણથી **'રચાયેલ હોવાથી દ્રવ્યાત્મક પણ છે, ગુણાત્મક પણ છે.'** આ ફેર પાડ્યો એટલો ભાઈ પાઠથી. પાઠમાં એટલું છે કે વસ્તુ જે છે દ્રવ્ય એ ગુણાત્મક છે. અને તે પર્યાય છે તે દ્રવ્ય અને ગુણથી થાય. એટલો પાઠ છે. પર્યાય દ્રવ્ય અને ગુણથી થાય છે એટલું. આચાર્યે વધારે સ્પષ્ટ કરવા એક દ્રવ્યપર્યાય છે અને એ ગુણપર્યાય છે એવા દ્રવ્ય અને ગુણપર્યાયના બે ભેદ પાડ્યા. સમજાણું કાંઈ?

આચાર્યે તો ત્રણ વાત મૂકી. **'अत्थो खलु दव्वमओ'** પદાર્થ તે દ્રવ્યમય છે એની વ્યાખ્યા પહેલી થઈ ગઈ. એ **'दव्वाणि गुणप्पगाणि।'** એ દ્રવ્ય ગુણસ્વરૂપે છે. અને તે પર્યાય **'तेहिं पुणो पज्जाया'** એ દ્રવ્ય અને ગુણથી ઉત્પન્ન થાય તેને પર્યાય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એની વ્યાખ્યા એક દ્રવ્ય અને ગુણની પર્યાય.. એક દ્રવ્ય અને ગુણની પર્યાય આમ હતી, એને ઠેકાણે જરી વ્યાખ્યાનો વિસ્તાર કરતાં, એક દ્રવ્યપર્યાય અને ગુણપર્યાય એવા બે ભેદ જુદા પાડ્યા. સમજાણું કાંઈ? એ દ્રવ્યપર્યાય અને ગુણપર્યાયમાં પાછા સંયોગી દ્રવ્યપર્યાય લેશે. એક દ્રવ્યપર્યાય એમ નહિ. સમજાણું કાંઈ? આ તો ભાઈ વિશેષ જોણે... નહિતર એક દ્રવ્યની વ્યંજનપર્યાય તે દ્રવ્યપર્યાય અને પ્રદેશત્વ ગુણ સિવાય એના બીજા ગુણોની પર્યાય એ દ્રવ્યની અર્થપર્યાય છે. આ બધો અભ્યાસ કરવો પડશે.

પર્યાયના બે ભેદ. વસ્તુ છે એમાં પ્રદેશગુણ છે એથી એની આકૃતિ થાય તેને દ્રવ્ય વ્યંજનપર્યાય કહે છે. દ્રવ્યપર્યાય કહો કે વ્યંજનપર્યાય કહો અને એ દ્રવ્યમાં જે અનંતા ગુણ છે એ સિવાયના—પ્રદેશગુણ સિવાય, એની જે પર્યાય થાય એને અર્થપર્યાય કહો કે ગુણપર્યાય કહો. એમ કહેવામાં આવે છે. હવે એ રીતે અહીં ન લેતા બીજી રીતે લીધું છે અહીંયા. ઓલા એક દ્રવ્યની (એને) આમાં ઘણાં દ્રવ્યની અપેક્ષાએ સમાન અને અસમાન જાતિની દ્રવ્યપર્યાયનું વર્ણન કરે છે. સંસારના જો ચક્રવર્તીના વ્યાજ કાઢવા હોય તો વાણિયો બધું કાઢે અંદરથી. એય..! શાંતિભાઈ! કોઈને પાંચ લાખ ધીર્યા હોય ચાર આના (વ્યાજે), અત્યારે

ગમે તે મોઘું હોય તો આઠ આના કે રૂપિયો હોય લ્યોને, પણ એ વ્યાજ કાઢવું હોય તો એક દિવસનું વ્યાજ કેટલું પાંચ લાખનું? એટલું ચડાવીને બીજા દિ'નું રૂપિયાનું વ્યાજસહિતનું પાછું વ્યાજ. વ્યાજનું વ્યાજ. આ સમજવું હોય તો કહે, નવરાશ નથી, બાપા! વખત નથી. આહા..હા..!

અરે..! ચોર્યાસીના અવતારમાંથી રખડતો એને બંધ કરવો એની દયા નથી એને. સ્વની દયા પોતાની. અરે..! હું ક્યાં રખડું છું? દુઃખીયો થઈ દુઃખના ડુંગરમાં ક્યાં પરિભ્રમણ કરું છું? અને એ પરિભ્રમણ દુઃખનું કેમ મટે? એને આવા દ્રવ્ય-ગુણ-પર્યાયના જ્ઞાન વિના સાચી રુચિ થાય નહિ અને સાચી રુચિ વિના સમ્યગ્દર્શન થાય નહિ, સમ્યગ્દર્શન વિના અનુભવ હોય નહિ અને અનુભવ વિના ચારિત્ર હોય નહિ. આ સમ્યગ્દર્શનનો વિષય લીધો છેને. સમજાણું કાંઈ? આહા..હા..! સમજાણું? ઓલું તો પહેલા દ્રવ્યની વ્યાખ્યા કરી. ગુણ અને પર્યાયનો સમુદાય એ .. હવે ગુણ, એક દ્રવ્યને આશ્રયે રહેલા વિસ્તારવિશેષો, વિસ્તારવિશેષો તે ગુણ છે. ભાષા પણ યાદ રહેવી મુશ્કેલ. કહો, ભગવાનભાઈ! આ સમજ્યા વિના પોષા ને પડિક્કમણા...

મુમુક્ષુ :- ઘણાં કર્યા.

ઉત્તર :- લ્યો! ઘણા કર્યા તમારા વેવાઈ કહે છે લ્યો! એણે ઓછા કર્યા હશે.

મુમુક્ષુ :- ટાઈમ હોય નહિ.

ઉત્તર :- એમ કે એને ટાઈમ ન હોય તો ઓછા કર્યા એમ કહે છે. કહો, સમજાણું આમાં? અરે..! ભગવાન! કોને કહેવો પોષો? અને કોને કહેવી સામાયિક? ભગવાન! તને ખબર નથી. આહા..હા..! પૌષધ એટલે? આત્માની પર્યાયમાં નિર્મળતાનું પોષણ થાય તેને પૌષધ કહીએ. એ નિર્મળતાનું પર્યાયનું પોષણ ક્યાંથી આવે? જે દ્રવ્ય અને ગુણ બેય ત્રિકાળ આનંદકંદ પ્રભુ સચ્ચિદાનંદ આત્મા છે, પિંડ આખો સાગર એનું અંતર લક્ષ કરતા તેને આનંદની પર્યાયની પુષ્ટિ થાય આ એને પૌષધ કહેવામાં આવે છે. બાકી બધાને લાંઘણું કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

એમ સામાયિક—સમ-આય—સમતાનો લાભ ક્યાંથી આવશે? સમતાનો લાભ તો પર્યાય છે. એ પર્યાયનો પ્રવાહ ક્યાંથી આવશે? કે દ્રવ્ય અને ગુણમાંથી પર્યાય આવે છે. તો દ્રવ્ય-ગુણ છે કેવા? કે દ્રવ્ય પોતે વીતરાગી વિજ્ઞાનનો પિંડ છે. દ્રવ્ય પોતે આત્મા વીતરાગી વિજ્ઞાન અને આનંદનો પિંડ છે. અને એનો ગુણ તે આનંદ છે. એ ગુણાત્મક તે દ્રવ્ય છે. આહા..હા..! એ ગુણાત્મક આનંદાત્મક તે દ્રવ્ય છે, આનંદ આત્મા તે આત્મા છે. એવું આનંદાત્મકસ્વરૂપ દ્રવ્ય તેની અંતર દૃષ્ટિ કરતાં પર્યાયમાં જે આનંદની અવસ્થા અતીન્દ્રિયની પ્રગટ થાય આ તેને સામાયિક અને પૌષધ કહેવામાં આવે છે. એય..! મલૂકચંદભાઈ! આ બધા નાના નાના કરતા નહિ? ૮૪માં તો બધા કરતા. ક્યાં ગયા તમારા? મનસુખભાઈ

ને બધા હતા કે નહિ રાણપુરમાં? નાના હતા ને. ૮૪ની સાલની વાત છે. ૧૬ ને ૨૫, ૪૧ વર્ષ થયા. આહા..હા..! બહારની. પણ બાપુ! વસ્તુની ખબર ન મળે અને જીવન જાય છે ચાલ્યા. એ સમય સમયે આયુષ્યને લઈને આવ્યો એ તો ઘટતું જાય છે. એ જાણે કે હું મોટો થતો જાઉં છું, આચાર્ય કહે છે કે એ સમયની મુદ્દત લઈને આવ્યો એ ઘટતી જાય છે બાપા! દેહના છૂટવાના સમીપમાં ચાલ્યો જાય છે. આમ જાય છે, આમ જાય છે. આહા..હા..! સમજાય છે? એમાં આ જો કામ—કાર્ય ન કર્યું (તો પરિભ્રમણ ચાલુ રહેશે).

ભગવાન આત્મા એ ગુણ અને પર્યાયનો સમુદાય સામાન્ય એકરૂપ અને તેને આશ્રયે રહેલા ગુણો તે ગુણ છે અને તે ગુણસ્વરૂપ તે દ્રવ્ય છે. એવી દૃષ્ટિ થયા વિના એને સમ્યગ્દર્શનરૂપી સામાયિક પહેલી, સમ્યગ્દર્શનરૂપી સામાયિક પ્રગટ થાતી નથી. તો પછી સ્વરૂપની સ્થિરતાની સામાયિક તો ક્યાંથી એને હોય? આહા..હા..! સમજાણું કાંઈ? કહો, જગુભાઈ! આ તો બધું ઉથાપાઈ જાય છે કોઈક એમ કહે છે. લ્યો! આ અમે કરીએ છીએ બધું. શું કરે છે? ધૂળ કરે છે સાંભળને. વિકલ્પ ઊઠે આ મેં કર્યું... આ મેં કર્યું... આ મેં કર્યું. મિથ્યાત્વનું અભિમાન છે એમાં તો. રાગનું કર્તાપણું અને પરની અવસ્થા મેં કરી, શરીરને આમ કર્યું.. તાવકાયં ઠાણેણં માણેણં જાણેણં અપ્પાણં વોસરે. તાવકાયં—ત્યાં સુધી આ કાયાને સ્થિર રાખું છું. એ સ્થિર રાખું છું એનો અર્થ? એ દ્રવ્યની પર્યાય તેના ગુણમાંથી, દ્રવ્યમાંથી પર્યાય આવેલી છે આમ સ્થિર થવાની. એને ઠેકાણે કહે, હું પર્યાય આમ સ્થિર કરું છું. એ અજીવની પર્યાયનો સ્વામી થઈ અને અજીવનો કર્તા થાય છે. મિથ્યાદૃષ્ટિની એની પાસે પાખંડની કળા ખીલી છે.

**મુમુક્ષુ :-** ...

**ઉત્તર :-** હા, એના માટે તો કેટલી વાર કરે, જુઓને. આ આત્માને 'આત્મભ્રાંતિ સમ રોગ નહિ.' આવે છેને આત્મસિદ્ધિમાં? એની તો એને ખબર ન મળે.

કહે છે કે, ભગવાન! એકવાર સાંભળીને સમજ તો ખરો કે આ દ્રવ્ય કોને કહેવું? ગુણ કોને કહેવા? એ બે વ્યાખ્યા થઈ. સમજાય છે? ત્રીજી, પર્યાયો કોને કહેવી હવે? '**કે જેઓ આયતવિશેષોસ્વરૂપ...**' આયતવિશેષ. ઓલા વિસ્તારવિશેષ હતા. ગુણ વિસ્તારવિશેષ હતા, આ આયતવિશેષ. એટલે આત્મામાં થતી એક.. એક.. એક.. અવસ્થા ગુણની એક પછી એક આમ લંબાઈ આમ ક્રમે-ક્રમે. આયત એટલે લંબાઈ. વિશેષો એટલે ભેદ છેને એટલા? '**તેઓ—જેમનાં લક્ષણ (ઉપર) કહેવામાં આવ્યાં એવાં દ્રવ્યોથી અને ગુણોથી રચાયેલ હોવાથી...**' દ્રવ્ય અને ગુણથી બનેલી હોવાથી તે પર્યાયને દ્રવ્યસ્વરૂપે અથવા ગુણસ્વરૂપે પણ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? સાદી ભાષામાં આવે છે પણ હવે એને વસ્તુસ્થિતિ છે એને સમજવા માટે પ્રયત્ન ન કરે તો કાંઈ એની મેળાએ સમજાય એવું છે? સમજાણું કાંઈ?

'**એવાં દ્રવ્યોથી તેમ જ ગુણોથી...**' કેવા દ્રવ્યો? '**જેમના લક્ષણ (ઉપર) કહેવામાં આવ્યાં...**' દ્રવ્યના અને ગુણોના. કહેવામાં આવ્યા કે નહિ? દ્રવ્યનું લક્ષણ શું કીધું? ગુણ વિસ્તાર અને લંબાઈ પર્યાય એનો આખો સમુદાય તે દ્રવ્ય કહીએ. હવે ગુણ કોને કહીએ? કે એક દ્રવ્યને આશ્રયે રહેલા વિસ્તારવિશેષો, વિસ્તારવિશેષો તેને ગુણ કહીએ. પર્યાય કોને કહીએ? કે આયતવિશેષો કે દ્રવ્ય ને ગુણથી જે થતી પર્યાય આયતવિશેષો, લંબાઈમાં થતી પર્યાય તેને પર્યાય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**તેમાં, અનેકદ્રવ્યાત્મક એકતાની પ્રતિપત્તિના કારણભૂત દ્રવ્યપર્યાય છે.**' આ વ્યાખ્યા બીજી જાતની છે જરી. પાઠમાં છે એનો વિસ્તાર કરીને આ સમજાવે છે. દ્રવ્યપર્યાય કોને કહીએ? નહિતર દ્રવ્યપર્યાય તો એને કહીએ કે જે વસ્તુ છે આખી એની અવસ્થામાં આકૃતિ—વ્યંજન થાય—આકૃતિ—એને દ્રવ્યપર્યાય કહે છે. અહીં બીજી રીતે વર્ણન કરીને વિસ્તાર સ્પષ્ટ કર્યું છે. કહે છે '**તેમાં, અનેકદ્રવ્યાત્મક એકતાની...**' એટલે શું કહે છે? બે પરમાણુ, ત્રણ પરમાણુ, ચાર પરમાણુ ... આ છેને પરમાણુઓ? અનેક દ્રવ્યસ્વરૂપ. પરમાણુ અનેક અનેક દ્રવ્યસ્વરૂપ છે ને? બે-ચાર આ અનેક દ્રવ્યસ્વરૂપ છે. જુઓ આ આંગળી, આખું શરીર અનેક દ્રવ્યસ્વરૂપ છે. આ ઘણાં પરમાણુસ્વરૂપ છે આંગળી.

'**અનેકદ્રવ્યાત્મક એકતાની પ્રતિપત્તિના કારણભૂત...**' બધું સમાનજાતીયના એકરૂપ છે તેને દ્રવ્યપર્યાય કહેવામાં આવે છે. એ દ્રવ્યપર્યાયના પણ બે ભેદ પાછા. અનેક દ્રવ્યસ્વરૂપ, અનેક પદાર્થસ્વરૂપ એકતાની પ્રતિપત્તિ એટલે એકતાનું જ્ઞાન કરાવનાર, સ્વીકાર કરનાર પ્રાપ્તિ એને દ્રવ્યપર્યાય કહેવામાં આવે છે. '(૧) **સમાનજાતીય અને** (૨) **અસમાનજાતીય.**'

મુમુક્ષુ :- યાદ રાખવાનું...

ઉત્તર :- આમાં શું યાદ રાખવું? આમાં તો થોડી વાત છે. હજારો ઘડિયાળના કાંટા ને ઢીંકણા ને ફીકણા, કાચ-બાચ યાદ નથી રાખતા? મતલબનું બધું યાદ રહે હોં! કરી શકે નહિ કાંઈ મફતનો. સમજાણું કાંઈ?

કહે છે, પર્યાયના બે ભેદ—એક દ્રવ્યપર્યાય અને એક ગુણપર્યાય. દ્રવ્યપર્યાયના બે ભેદ, દ્રવ્યપર્યાયના બે ભેદ—એક સમાનજાતીય, અસમાનજાતીય. એ સમાનજાતીય દ્રવ્યપર્યાય કોને કહીએ? એની વ્યાખ્યા. '**સમાનજાતીય તે—જેવા કે અનેકપુદ્‌ગલાત્મક દ્વિ-અણુક, ત્રિ-અણુક વગેરે;...**' બે પરમાણુ, ત્રણ પરમાણુ કે અનંત પરમાણુનો જથ્થો તે અનેક દ્રવ્યના પરમાણુરૂપ સમાનજાતીય દ્રવ્યપર્યાય કહેવામાં આવે છે. સરખી જાતિના પરમાણુનો સમુદાય તેને અનેક દ્રવ્યપર્યાયાત્મક સમાનજાતીય પર્યાય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! દ્વિ-અણુક, ત્રિ-અણુક વગેરે. વગેરે એટલે અનંતા લઈ લેવા.

'(૨) **અસમાનજાતીય તે—જેવા કે...**' હવે અસમાજાતીય દ્રવ્યપર્યાય. '**જેવા કે જીવપુદ્‌ગલાત્મક,...**' પહેલું એમ લીધું હતુંને? અનેક દ્રવ્યાત્મક લીધું. તેમાં અનેક દ્રવ્યાત્મક

એકતાની પ્રતિપત્તિ. હવે અનેક દ્રવ્યના એકતાની પ્રતિપત્તિના પાછા બે પ્રકાર એમ. એક રજકણોની સમાનજાતીયના અનેક પરમાણુનો જથ્થો તે દ્રવ્યપર્યાય. સમાનજાતીય દ્રવ્યપર્યાય. એક એક જાતિના રજકણોનો જથ્થો તે સમાનજાતીય પર્યાય. અસમાનજાતીય—જીવ અને પુદ્‌ગલ. અંદર ભગવાન આત્મા છે અને આ પરમાણુ છે આ. બેની એક જાતિ ગણીને, એક ક્ષેત્રે રહેલા ગણીને '**જીવપુદ્‌ગલાત્મક દેવ, મનુષ્ય** વગેરે. **ગુણ દ્વારા...**' ગુણ દ્વારા. સમજાય છે? બસ એટલું. '**દેવ, મનુષ્ય વગેરે.**' આ મનુષ્યની પર્યાય તો જડની છે આ. જીવની છે? બેની અસમાન જાત છે. આત્માની જાત અને શરીરની જાત જુદી છે. છતાં બેની અસમાનજાતિ ગણીને તેને દ્રવ્યપર્યાય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? શશીભાઈ! ભારે ઝીણું! એમ કરીને વસ્તુની ભિન્નતા અને વિભાવિકતા બેય વર્ણવે છે.

'**ગુણ દ્વારા આયતની અનેકતાની પ્રતિપત્તિના કારણભૂત ગુણપર્યાય છે.**' એ દ્રવ્યપર્યાયની વ્યાખ્યા કરી. સમાન જાત એટલે ઘણા રજકણોના એક જથ્થાને સમાનજાતીય દ્રવ્યપર્યાય—દ્રવ્યની પર્યાય કહેવામાં આવે છે. અસમાનજાત—આત્મા અને શરીરની. બે ભેગા રહેલા એક ક્ષેત્રે એને કહેવામાં આવે તો અસમાનજાતીય દ્રવ્યપર્યાય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? હવે ગુણપર્યાય. ઓલી દ્રવ્યપર્યાયની વ્યાખ્યા કીધી. હવે ગુણપર્યાય. '**ગુણ દ્વારા આયતની અનેકતાની...**' ગુણ દ્વારા લંબાઈની અનેકતાની '**પ્રતિપત્તિના કારણભૂત ગુણપર્યાય છે. તે પણ દ્વિવિધ છે :**' ગુણપર્યાયના બે ભેદ. પર્યાયના ચાર ભેદ પાડ્યા. શેઠી! તમારે તો બહુ નિવૃત્તિ ઘણો વખત છે.

મુમુક્ષુ :- આવી સમજણ...

ઉત્તર :- પણ વાંચ્યું છે કે નહિ? હું તો એમ પૂછું છું. ઘરે એના ચોપડા જોતા હશે કે એની મેળાએ? કે મહેન્દ્રભાઈની માથે નાખતા હશે પહેલા? હવે તો વળી ઠીક. પહેલા પોતે તપાસે. છોકરા તપાસે એની કરતાં હું તપાસી લઉં અને કેટલું લેણું છે, કેટલું દેણું છે? કેટલી મૂડી છે? ચોપડામાં તપાસી લે. સમજાણું? રાણપુરમાં નહોતું થયું તે દિ' એક ફેરી? (સંવત) ૧૯૮૪માં. નારણભાઈ એનો બાપ કરસનજી. મને કહે, મહારાજ! આ નોકરો ચોપડો તપાસે એ કરતા ઘરના છોકરાઓ તપાસે એ બરાબર છે કે નહિ? કોને પૂછો છો પણ? કીધું. નારણભાઈના બાપ હતાને કરસનજીભાઈ. ભોળા બિચારા. મુસલમાનનો ઓલો તાબુત નીકળે તો ત્યાં નમી જાય. જય નારાયણ. અરેરે..! આવી ભ્રમણા! તાબુત નીકળે ને તાબુત. અને સાકરના પાણી રાખે બે-ચાર મણ પાણી. માણસો નીકળે એને પાય. તાબુત નીકળે તાબુત .. કરતા. ત્યાં તાબુત બહુ ઊંચા થાય છે રાણપુરમાં. થાય છે કે નહિ? ઓલા વચલામાં... પછી નીકળે એટલે બે-ચાર મણ સાકરના પાણી રાખે. નારણભાઈના બાપ. અને પછી પેલા આવે પાધરું સાકરનું પાણી આપે. એ પાછા મને કહે કે, મહારાજ! ... નોકર ને તે દિ' બધું હતું. મૂડી હતી. ૮૦ હજાર રૂપિયા હતા. પછી કહે, આ ચોપડા નોકર જોવે

એ કરતાં ઘરનો દીકરો જોવે, ઘરના માણસ જોવે એ બરાબર છે કે નહિ? કોને પૂછો છો? કીધું. ભોળા હતા. હું ચોપડા જોવાનું કહું ત્યાં? એ.. ધીરૂભાઈ! એવા ભોળા હતાને.

મુમુક્ષુ :- એ તો બાલાજી હનુમાનને માનતા હતાને.

ઉત્તર :- બધાને માને. હનુમાન શું ઓલા શિકોતર શું કહેવાય? બાલાજી. બહાર ટેકરીએ નહિ? એને પગે લાગે. બાલાજીને પગે લાગે. નારણભાઈ પગે લાગવા એક ફેરી ગયો હતો. હું ૧૯૮૪માં બરાબર નીકળ્યો અને નીકળ્યો ને આમ મને દેખીને હેઠે ઉતરી ગયા. એમાં મારે પણ બરાબર આમ જોવું કે ક્યાં ગયા? એને જોવું આમ. પછી ન ગયા. ક્યાં કોની પાસે જાય? બાલાજી કોણ? બાલાજી તો આત્મજ્ઞાન પામે તે સમ્યગ્દષ્ટિ તે બાલાજી આત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ? એના દર્શન કરતો નથી અને કો'કના દર્શનથી અહીં ક્યાં લાભ થવાનો છે? આહા..હા..! સમજાણું કાંઈ?

એ '(૧) **સ્વભાવપર્યાય અને** (૨) **વિભાવપર્યાય.**' પહેલા, ગુણ દ્વારા લંબાઈની અનેકતાનું જ્ઞાન કરાવનાર કારણભૂત ગુણપર્યાય. એ પણ બે પ્રકાર. ચોપડામાં ન મળે, સાંભળવામાં ન મળે. મહાસિદ્ધાંત છે આ તો બાપુ! પરમેશ્વરના, સર્વજ્ઞના કહેલા નિયમોથી શું વસ્તુનું સ્વરૂપ છે કે ત્રિકાળ આ વ્યવસ્થા છે દ્રવ્યની, ગુણની એ વાત છે. આવા દ્રવ્ય-ગુણ-પર્યાયના જ્ઞાન વિના જ આ મૂઢતા એની ટળતી નથી. જ્યાં-ત્યાં કો'ક મળે કાંઈક કહેનાર કે આહા..હા..! ધર્મ બતાવે છે હોં! ચાલો ન્યાં જઈએ. આથડ્યા કરે અને જીવન ચાલ્યા જાય. આ દ્રવ્ય અને ગુણ, પર્યાય સર્વજ્ઞે કહેલું. આગળ કહેશે હોં જુઓ! છેલ્લું કહેશે આગળ. છેલ્લા શબ્દ છેને? ૯૩ છેને?

'**ખરેખર આ, સર્વ પદાર્થોના દ્રવ્યગુણપર્યાયસ્વભાવની પ્રકાશક પારમેશ્વરી** (-**પરમેશ્વરે કહેલી**) **વ્યવસ્થા**...' ૧૬૬ પાને છેલ્લી લીટી. '**આ સર્વ પદાર્થોના દ્રવ્યગુણ**...' તત્ત્વ, સત્ત્વ અને અવસ્થા એની '**પ્રકાશક પારમેશ્વરી** (-**પરમેશ્વરે કહેલી**) **વ્યવસ્થા ભલી-ઉત્તમ-પૂર્ણ-યોગ્ય છે, બીજી કોઈ નહિ;**...' આ સિવાય બીજું કોઈ કહેતા હોય તો એ વસ્તુ તદ્દન જૂઠી છે. સંસ્કૃત છે હોં! '**पारमेश्वरी व्यवस्था साधयसी**' 'ભલી છે' એટલો શબ્દ છે ત્યાં. '**न पुनरितरा**' આ રીતે ભગવાન પરમેશ્વરે દ્રવ્ય-ગુણ-પર્યાય તીર્થંકરદેવે કહ્યા, એ સિવાય બીજી રીતે કોઈ કહે તો એ વાત તદ્દન જૂઠી છે. સમજાણું કાંઈ?

હવે ગુણપર્યાયના બે ભેદ. '(૧) **સ્વભાવપર્યાય અને** (૨) **વિભાવપર્યાય. તેમાં, સમસ્ત દ્રવ્યોને પોતપોતાના અગુરુલઘુગુણ દ્વારા**...' એકે એક ભાષા (જુદી). આત્મામાં અને એક એક પરમાણુમાં અગુરુલઘુગુણને કારણે '**પ્રતિસમય પ્રગટતી ષટ્સ્થાનપતિત**...' છ પ્રકારમાં આવેલી '**હાનિવૃદ્ધિરૂપ અનેકપણાની અનુભૂતિ તે સ્વભાવપર્યાય;**...' છે. દરેક આત્મામાં અને પરમાણુમાં એક અગુરુલઘુગુણને કારણે ષટ્ગુણ એટલે અનંતગુણી વૃદ્ધિ, અસંખ્ય ગુણી વૃદ્ધિ પર્યાયની. સંખ્યગુણી વૃદ્ધિ, અનંતગુણી હાનિ, અસંખ્યગુણી હાનિ,

અનંતગુણી વૃદ્ધિ એની ઘટના, અનંતગુણ હીન, અસંખ્યભાગ હીન, સંખ્યભાગ હીન. એવા છ બોલ છે એ સમય-સમયની દરેક દ્રવ્યમાં એક એક ગુણને કારણે આવી ષટ્‌ગુણ પર્યાય વર્તે છે એને ભગવાન સ્વભાવ પર્યાય કહે છે. એ બહુ સૂક્ષ્મ વાત છે. સમજાણું કાંઈ? કહો, જયંતિભાઈ!

'**સમસ્ત દ્રવ્યોને...**' બધા દ્રવ્યોમાં. '**પોતપોતાના અગુરુલઘુગુણ દ્વારા...**' પાછા પોતપોતાના અઘુરુલઘુગુણ એ ગુણ છે. '**પ્રતિસમય...**' એટલે દરેક સમયે. '**પ્રગટતી...**' એટલે થતી. '**ષટ્‌સ્થાન...**' છ પ્રકારમાં પડતી, છ પ્રકારે થતી હાનિ. છ પ્રકારે હાનિ અને છ પ્રકારે વૃદ્ધિ. '**અનેકપણાની અનભૂતિ...**' બધું અનેકપણાનું જે જ્ઞાન કરવું '**તે સ્વભાવપર્યાય;...**' છે. છ પ્રકારે થાય છે તેને જ્ઞાન કરવું, તેને જાણવું એ સ્વભાવપર્યાય છે. ઓલી અનુભૂતિ તો અનેકપણાની અનુભૂતિ એટલે હોવું. અનેકપણાનું હોવું તે સ્વભાવપર્યાય છે. અનુભૂતિ એટલે જ્ઞાન કરવું અહીં નથી એ વાત. એ ષટ્‌હાનિપણાની અનુભૂતિ. અનુભૂતિ એટલે હોવું. એ છ પ્રકારે હોવું. અનુભૂતિનો અર્થ હોવું. તે સ્વભાવપર્યાય છે. આહા..હા..! આ વિજ્ઞાનપાઠ સર્વજ્ઞનો છે. પદાર્થપાઠ. એ સ્વભાવપર્યાય કીધી.

હવે '**રૂપાદિકને...**' પરમાણુ છેને રજકણ આ. એ બે, ત્રણ, ચાર ભેગા થયેલા હોય એમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શનું રૂપાંતર થવું. વર્ણ, ગંધ, રસ, સ્પર્શનું રૂપાંતર થવું એ વિભાવપર્યાય છે. શું કીધું? આ સાદી ભાષાથી તો કહેવામાં આવે છે. આ રજકણો છેને? એ બે, ત્રણ, ચાર, પચ્ચીસ, પચાસ ભેગા થઈને એમાં રંગ, ગંધ, રસ, સ્પર્શનું પલટવું, સ્કંધોમાં રંગ, ગંધ, રસનું પલટવું તેને વિભાવગુણપર્યાય કહેવામાં આવે છે. એને વિભાવપર્યાય કહેવામાં આવે છે. કારણ કે એક પરમાણુમાં સ્વભાવપર્યાય હોય, પણ ઝાઝા પરમાણુ ભેગા થયા તો વિભાવપર્યાય કહેવામાં આવે છે. વર્ણ, ગંધ, રસનું પલટવું. આ જુઓ! આ વિભાવપર્યાય છે આ. કારણ કે ઘણાં રજકણોનું એકઠા થઈને પલટવાનું થાય છે. જુઓ! '**અનેકપણાની આપત્તિ તે વિભાવપર્યાય.**' છે. આ દેખાય છે તે બધી વિભાવપર્યાય.

મુમુક્ષુ :- એક પરમાણુમાં...

ઉત્તર :- એક પરમાણુમાં વિભાવપર્યાય હોય નહિ, સ્વભાવપર્યાય જ હોય. સમજાણું કાંઈ? ઘણાં વર્ષની વાત છે. ૧૯૭૮ હશે. નાગનેશના સ્મશાનમાં જે ... છેને? એ .. એક કલાક બેઠા હતા ત્યાં આ વિચાર આવ્યો હતો. સ્મશાનમાં .. નથી? સ્મશાનની ઓલી કોર ... એમ લાગે. છેલ્લે બેસીએ. ઓહો..હો..! આ બધું તો વિભાવિક પર્યાય દેખાય છે. મૂળ દ્રવ્ય-ગુણ તો દેખાતા નથી. ગુણ-દ્રવ્ય તો અતીન્દ્રિય છે. એક પરમાણુની પર્યાય પણ અતીન્દ્રિય છે. આત્માના દ્રવ્ય-ગુણ-પર્યાય અતીન્દ્રિય છે. .. આ બધો સમુદાય દેખાય તે વિભાવપર્યાય છે. તેનો તું જાણનાર છો, એનો કરનાર-હરનાર નથી. સમજાણું કાંઈ? એ વિભાવપર્યાય એટલે ઘણાં રજકણો ભેગા થઈને... છેને? રૂપાદિક ફરે. આ શું આનો રંગ? અક્ષર ફરે અક્ષર-

અક્ષર એ આમ આમ ફરે-રૂપાંતર થાય એના વર્ણ એ બધી વિભાવપર્યાય પુદ્‌ગલની કહેવામાં આવે છે. એ વિભાવપર્યાયનું અસ્તિત્વ એ વિભાવ એના જડમાં છે, એનું અસ્તિત્વ તારાથી છે નહિ. એ અક્ષરનું જે થવું એ વિભાવપર્યાય છે. અનંતા રજકણોનું જોડાણ થઈને એ વર્ણ, ગંધ, રસ, સ્પર્શનું પલટવું એને વિભાવપર્યાય કહેવામાં આવે છે. એ એનું સ્વરૂપ છે. એ વિભાવપર્યાયને જીવ કરે અને જીવમાં છે એમ છે નહિ. સમજાણું કાંઈ?

અને '**જ્ઞાનાદિકને...**' આત્મામાં જ્ઞાન, દર્શનમાં કર્મના નિમિત્તના સંયોગમાં જે અવસ્થા થાય, મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન વગેરે એમાં નિમિત્તપણું કર્મનું છે. એવી અહીંયાં પર્યાય થાય કેવળજ્ઞાન સિવાય, ચાર જ્ઞાન, ચક્ષુદર્શન આદિ પર્યાય એ '**સ્વ-પરના કારણે પ્રવર્તતી...**' જ્ઞાન સ્વ ઉપાદાનથી થાય છે અને પરનું નિમિત્ત છે. માટે '**પૂર્વોત્તર અવસ્થામાં થતું...**' પહેલી અને પછી અવસ્થામાં '**જે તારતમ્ય...**' હીનાધિક થાય '**તેને લીધે જોવામાં આવતા સ્વભાવિશેષોરૂપ...**' એ કેવો કીધો એ? સ્વભાવવિશેષોરૂપ. જ્ઞાન મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન એમાં નિમિત્ત છે. ઉપાદાન પોતાનું અને કર્મનું નિમિત્ત છે. એવો '**સ્વભાવવિશેષરૂપ અનેકપણાની આપત્તિ...**' અનેકપણાનું આવી પડવું '**તે વિભાવપર્યાય.**' છે. એ આત્માની મતિજ્ઞાનને સ્વપર કહેવામાં આવે છે. મતિજ્ઞાનની પર્યાય સ્વથી ઉત્પન્ન થઈ છે, નિમિત્ત કર્મનું છે. એ મતિજ્ઞાનને વિભાવપર્યાય કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- તો શું કરવા આવ્યા? નથી સમજ્યા તો આ સમજવા માટે તો આવ્યા છે કે નહિ આ? જે સમજ્યો એ સમજાવવું છે? ન્યાલભાઈ! શું કરવા અહીંયાં આવ્યા છીએ? કંઈ સમજવા સાચું કે ખોટું સમજવું છોડવા અને સાચું સમજવું કરવા આવ્યા છીએ કે શું કરવા? જે સમજ્યા છીએ એ સમજ્યા ... સમજ્યા એ ખોટી વાત. સમજાણું કાંઈ?

પહેલા પછી જે અવસ્થા બદલે છે પરમાણુઓમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ એ સ્કંધમાં હોં! અને આત્મામાં જ્ઞાન-દર્શનને જેમાં નિમિત્તપણું છે કર્મનું એમાં. ઉપાદાન પોતાની પર્યાય મતિજ્ઞાન (અને) નિમિત્ત છે કર્મ, ક્ષયોપશમ કર્મ. એવી પર્યાય પહેલા પછી હીનાધિક થાય છેને? હીણાથી અધિક થાય એવી પર્યાયને વિભાવપર્યાય કહેવામાં આવે છે. ઓહો..હો..! આ તો બોલ ઘણા આવ્યા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, સિદ્ધની એકલી સ્વભાવપર્યાય. સિદ્ધની એકલી સ્વભાવપર્યાય છે. સંસાર એટલે? કેવળજ્ઞાન તે સ્વભાવપર્યાય છે. મતિજ્ઞાન આદિ વિભાવપર્યાય છે. કહો, સમજાણું આમાં?

મુમુક્ષુ :- અગુરુલઘુગુણ...

ઉત્તર :- એ બધાને હોય. એ તો ત્રણ કાળ ત્રણ લોક બધા પદાર્થને. એની સાથે

કાંઈ સંબંધ નથી. એ તો બધા દ્રવ્યને વિભાવિક હોય, સ્વભાવિક હોય. પરમાણુ હોય કે અનંતા પરમાણુ હોય, એક આત્મા કે સંસાર કે નિગોદમાં બધાને અગુરુલઘુપર્યાય સ્વભાવ ષટ્ગુણહાનિ(વૃદ્ધિ) થાય છે એ તો એક જાણવાલાયક છે આગમગમ્યથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ષટ્ગુણહાનિવૃદ્ધિ...

ઉત્તર :- એ ઝીણી વાત છે. એ વાત.. આ પકડાય નહિ તો ઓલી ઝીણી પડે. કહો, એ વાત થઈ ગઈ છે પહેલી ઘણી, અગુરુલઘુગુણના અધિકારે. સમજાણું? એમાં સમય સમયમાં એવું કાંઈક થાય છે ઝીણું ષટ્ગુણહાનિવૃદ્ધિ. બસ, એટલી એક જાણવાની વાત.

આ દ્રવ્ય અને ગુણ, પર્યાયની વ્યાખ્યા થઈ. દ્રવ્ય તે ગુણ અને પર્યાયનો પિંડ, દ્રવ્ય તે ગુણાત્મક સ્વરૂપ, પર્યાય તે દ્રવ્યની પર્યાય અને ગુણની પર્યાય. પર્યાયના બે ભેદ. દ્રવ્યપર્યાયના બે ભેદ. સમાનજાતિ અને અસમાનજાતિ. દ્રવ્યપર્યાય. સમાનજાતિ ઘણા પરમાણુ એકઠા થઈને પર્યાય તે સમાનજાતિ. આત્મા અને શરીરને એકઠા થઈને ગણવામાં આવે તેને અસમાનજાતિ દ્રવ્યપર્યાય. ગુણપર્યાયના બે ભેદ—અગુરુલઘુપર્યાય દરેક દ્રવ્યમાં થાય તે સ્વભાવપર્યાય. અને મતિજ્ઞાન આદિની પર્યાય અને રૂપ આદિની સ્કંધમાં પર્યાય જે થાય એને વિભાવપર્યાય કહેવામાં આવે છે. લ્યો આ ટૂંકામાં બધું પાછું કહ્યું. એને હવે દૃષ્ટાંત કહીને સિદ્ધ કરશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર સુદ ૧૩, સોમવાર, તા. ૦૨.૧૨.૧૯૬૮**
**ગાથા-૯૩, પ્રવચન-૮૩**

૯૩મી ગાથા. પ્રવચનસાર, જ્ઞેયતત્ત્વ અધિકાર. આ આત્મામાં જણાવાયોગ્ય જ્ઞેયો એનું શું સ્વરૂપ છે એની વાત ચાલે છે. પહેલી વાત આવી ગઈ કે દરેક પદાર્થ આત્મા હો કે પરમાણુ હો, વિસ્તારસામાન્ય ગુણરૂપ અને આયાતસામાન્ય પર્યાયરૂપ એનો પિંડ તે દ્રવ્ય છે. એ દ્રવ્ય બીજાની કોઈ પર્યાયમાં જાતું નથી અને બીજાની પર્યાય કરતું નથી એમ કહે છે. એમાં ક્યાં આવ્યું? એ કહ્યુંને? કે દ્રવ્ય જે છે એના ગુણોનો સમુદાય અને પર્યાયનો સમુદાય તે દ્રવ્ય છે. દ્રવ્ય એટલે વસ્તુ. હવે એ વસ્તુ પરના સમુદાય, પર જે પદાર્થ છે એ પણ એના ગુણ અને પર્યાયનો સમુદાય તે દ્રવ્ય છે. એમાં એની પર્યાયને આ ક્યાં કરે અને આની પર્યાય એ ક્યાં કરે? સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ખેંચીને કાઢવા જેવું છે.

ઉત્તર :- ખેંચીને કાઢવા જેવું છે? લે એઈ..! શેઠી!

પણ અહીં તો દ્રવ્ય જ્ઞેય એને કહીએ. દ્રવ્ય એ જ્ઞેય, ગુણ એ જ્ઞેય, પર્યાય જ્ઞેય. હવે દ્રવ્ય જ્ઞેય એને કહીએ, દ્રવ્ય જણાવાયોગ્ય દ્રવ્ય એને કહીએ કે જે દ્રવ્ય પોતાના વિસ્તાર ગુણોનો પિંડ અને આયતસામાન્યનો પિંડ એને દ્રવ્ય કહીએ. હવે એ દ્રવ્ય પોતાના ગુણપર્યાયથી આગળ જઈને કોઈની પર્યાયમાં જાય છે કે કો'કનું કરે? આ કાર્યકર્તાઓ તો કરે કે નહિ પરનું? પણ દેશનું અહિત થતું હોય તો કાંઈ અહિત થવા દેવું?

મુમુક્ષુ :- નહિતર લાનત કહેવાય.

ઉત્તર :- આળસુ કહેવાય એમ કહે છે. શાંતિભાઈ હવે ઠીક છે. ભલે ત્યાં ભળે ખરા ક્યાંક જાય પણ થોડું વ્યવહાર ખાતર. વ્યવહાર ખાતર એમ. મોટા તરીકે બધા ભેગા આંકડા હોય તો ભેગા ચાલે. કહો, સમજાણું આમાં?

જુઓ! હવે દેશ એટલે શું? આપણે દેશ. દેશ એટલે શું? અનંત આત્માઓ અને અનંત રજકણોનો પિંડ તેને દેશ કહે. હવે એમાં પણ એક એક આત્મા અને એક એક પરમાણુ કેવો છે એની વ્યાખ્યા છે આ. સમજાય છે કાંઈ? દેશ છેને આ બધું? તો ઘણા જીવો અને ઘણા રજકણો એનો જથ્થો એને અહીં દેશ કહે. હવે એ દેશની અંદર પણ એક એક આત્મા અને એક એક રજકણ કેવું છે એનું અહીં સ્વરૂપ કહે છે. એક એક આત્મા એના ગુણો જે વિસ્તાર છે એનો પિંડ છે અને આયત લાંબા આમ પ્રવાહકાળની પર્યાયો એનો પિંડ તે દ્રવ્ય છે. એટલે એ એ દ્રવ્ય એના ગુણ અને પર્યાયમાં રહેલ છે. એવું એ જ્ઞેય છે. અને બીજો રજકણ આદિ છે એ પણ એના ગુણમાં અને એની પર્યાયમાં રહેલું તે જ્ઞેય છે. એટલે બીજાની પર્યાયમાં રહે છે, બીજા દેશમાં રહે છે, બીજાના ક્ષેત્રમાં રહે છે એવું દ્રવ્ય છે નહિ. કહો, શેઠી!

વસ્તુ કોને કહીએ? પહેલો સિદ્ધાંત ઊભો કર્યો કે વસ્તુ એને કહીએ કે એમાં વસેલા ગુણ અને એની અવસ્થાઓ એનો સમુદાય તેને વસ્તુ કહીએ. હવે એ વસ્તુ પોતાના ગુણ અને પર્યાયમાં વસેલી છે, કાંઈ પરમાં વસેલી નથી. કહો, ભગવાનજીભાઈ! અને પરવસ્તુ પણ તેના ગુણ અને પર્યાયમાં વસેલી છે. પરવસ્તુ પણ કોઈ પરના ગુણ અને પર્યાયમાં વસે છે એમ છે નહિ. આ તો મૂળ સિદ્ધાંતો છે આખા. એટલે દ્રવ્ય કીધું.

ગુણો. એ દ્રવ્ય જે છે એ ગુણસ્વરૂપ જ છે. દ્રવ્ય જે છે એ આખા સામાન્ય વિસ્તારરૂપ જે ગુણ એ ગુણસ્વરૂપ જ છે. દ્રવ્ય છે તે ગુણસ્વરૂપ છે. થયું.

હવે પર્યાય. પર્યાયના બે પ્રકાર. અહીં પર્યાય અનેક દ્રવ્યની એકતાનું જ્ઞાન કરાવે તેને અહીંયાં (દ્રવ્ય)પર્યાય કહેવામાં આવી છે. તો પર્યાયના બે પ્રકાર. એક (તો) અનેક પરમાણુઓ એકઠા થઈને ગણાય સમાનજાતીય પર્યાય. એને વિભાવિક પર્યાય સમાન જાતીય પરમાણુને દ્રવ્યપર્યાય કહેવામાં આવે છે. હવે એમાં એ સમાનજાતીય ઘણાં રજકણોની વિભાવપર્યાય

એ પર્યાયમાં એ પોતે રહેલું છે. બીજા સમાનજાતિવાળા કે બીજા અસમાનજાતિ પર્યાયમાં એ સમાનજાતિયનો પર્યાય રહેલો નથી. એટલે બીજાનું કરે અને બીજાથી આમાં થાય એવું સમાનજાતિય પરમાણુની સ્થિતિમાં પણ એમ નથી. સમજાણું કાંઈ?

બીજું, અસમાનજાતીય દ્રવ્યપર્યાય. જીવ અને પુદ્‌ગલ બે એક ક્ષેત્રે રહેલા છે એટલે એકપણું વ્યવહારે જણાય એને અહીંયા અસમાનજાતીય દ્રવ્યપર્યાય (કહીએ). જડ જડ છે, ચૈતન્ય ચૈતન્ય છે. બેના સંયોગે અસમાનજાતીય પર્યાય કીધી, પણ એથી કરીને જડની પર્યાય આત્માની પર્યાયમાં આવે અને આત્માની પર્યાયમાં આવે તો સમાનજાતીય-અસમાનજાતીય ભિન્ન રહ્યા નહિ. સમાનજાતીય-અસમાનજાતીય ભિન્ન ક્યારે કહેવાય? અસમાનજાતીય ક્યારે કહેવાય? કે આત્મા આત્મામાં રહેલ છે અને જડ જડમાં રહેલ છે ત્યારે બેને અસમાનજાતીય દ્રવ્યપર્યાય કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં? પછી પર્યાયના બે ભેદ.

મુમુક્ષુ :- અસમાનજાતીય પર્યાય...?

ઉત્તર :- આ શરીર અને જીવ કીધુંને. આ શરીર અને જીવ એક જગ્યાએ છેને. એમ કહેવું કે આ મનુષ્ય છે એ અસમાજાતીય પર્યાય છે. એક જાતિની છે? શરીર અને આત્મા એક છે? એ અસમાનજાતીય પર્યાય છે. પરમાણુ-પરમાણુ આ સમાનજાતીય પર્યાય જુઓ આ સ્કંધમાં. આ સમાનજાતીય. આ આંગળી-આંગળી એ સમાનજાતીય. રજકણે રજકણ એક થાય એ સમાનજાતીય, એક જાત છે. આ (શરીર અને જીવ) અસમાનજાત છે.

હવે (ગુણ)પર્યાયના બે ભેદ. દરેક પદાર્થમાં અગુરુલઘુ નામનો ગુણ છે કે જેથી એના સમય સમયની પર્યાયમાં ષટ્‌ગુણહાનિવૃદ્ધિ થાય છે. એક (વાત). એ પણ પોતાનો સ્વભાવ છે એને લઈને થાય છે પર્યાય. થયું? હવે વિભાવપર્યાય. તો સ્કંધ છે આ રજકણો છે એના રૂપ, ગંધ, રસ, સ્પર્શ જે બદલે છે તેને વિભાવિક પર્યાય કહીએ. તો એ પોતાને કારણે બદલે છે, બીજાને કારણે બદલતા નથી. આ લાડવો વળે છે જુઓ લાડવો આમ. કહે છે કે સમાનજાતીય વિભાવિક પર્યાય લાડવાની છે ઈ. એને બીજો આત્મા એટલે અસમાન એટલે બીજો જાત છે એ સમાનજાતીયની પર્યાય લાડવાને બનાવે એમ છે નહિ.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હાથ કોનો છે પણ? આ તો સમાનજાતીય રજકણનો પિંડ છે. આ સમાનજાતીય જુદો, લાડવાના પરમાણુ સમાનજાતીય જુદા. જુદે જુદા સમાનજાતીય અનંત છે એવા સમાનજાતીય. એટલે આંગળી દ્વારા આ સમાનજાતીય પરમાણુની પર્યાય દ્વારા લાડવાની સમાનજાતીય પર્યાયનું આમ થવું એ વાત ત્રણ કાળમાં સાચી નથી.

કહો, ખાઈ શકું એમ કહો. આ રોટલીનું બટકું આમ પડ્યુંને? એ બટકું કટકો છે એ સમાનજાતીય પરમાણુની પર્યાય છે રજકણોની. એને આ બીજો સમાનજાતીય પરમાણુ એનામાં આવે તો સમાનજાતીય ભિન્ન-ભિન્ન રહેતા નથી. આ પરમાણુ સમાનજાતીય વડે રોટલીનું

બટકું થાય છે એમ નથી. કહો, ગિરધરભાઈ! આ ભૂખ્યા માણસ બિચારા ધર્મ કરી શકે? કાંઈક રોટલા પેટમાં હોય તો ધર્મ કરે. ગરીબ માણસ કરતા હશે? તીર્થંકરો ને રાજાઓ તો સુખી હતા. સુખી હતા તો ધર્મ સુખવાળા કરે. હવે ગરીબ માણસને સવારથી આઠ-આઠ કલાક દશ કલાક બીડીયું વાળવી કાં તકલી કાંતવી, કાં ચરખા કાંતવા, હવે થાકીને સૂવે રાતે કે ધર્મ કરવા બેસે?

મુમુક્ષુ :- ....

ઉત્તર :- એને ક્યાં ભાન છે? પાગલ છે. આવું લખ્યું છે એણે. આહા..હા..! ધર્મ કરનારો તું થયો જ નહિ. ભાન ભૂલેલા આ તો એમ કહે છે. આ કહે કે વળી ધર્મી આવા હતા, સુખી હતા તો ધર્મ કરતા. સંયોગો નહોતો. .. જુઓ! અમેરિકા ત્રણસો વર્ષથી સમૃદ્ધિ સંપદાવાન થયું, પણ આ તો દશ-દશ હજાર વર્ષ સુધી બધી ગરીબાઈ તમારી ટળતી નથી. તો કાંઈક વિચારવું પડશે કે નહિ આ કેમ ટળતું નથી? અને ગરીબાઈ ટળ્યા વિના, નિવૃત્તિ વિના એ ધર્મને વિચાર કેમ કરી શકે? એય..! શેઠી! મૂર્ખ છે મોટો કહે છે. દુઃખ છે, એને સંયોગની પ્રતિકૂળતાનું દુઃખ છે જીવને?

મુમુક્ષુ :- પ્રતિકૂળતા છે ક્યાં?

ઉત્તર :- પણ એણે પ્રતિકૂળતા એ માનેલી છે એ છે? પોતાના સ્વરૂપના આનંદને ભૂલી અને પર મને પ્રતિકૂળ છે કે અનુકૂળ એવી માન્યતા છે એ માન્યતા તેને દુઃખરૂપ છે. અથવા રાગ અને પરની એકતાબુદ્ધિ તે દુઃખરૂપ છે. એ દુઃખરૂપ બુદ્ધિ જેણે કરી તે દુઃખને ટાળે. બીજો ટાળે કોણ પણ એને?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બિચારા લોકોને ખબર ન મળે. બિચારા કહેવા પડેને? ગિરધરભાઈ! કાંઈ ખબર ન મળે. માથે હાંકે એમાં હા. ત્યાં શું કહે છે? તારો બાપનો તું દીકરો. હા. આ દીકરો નહિ, પણ તારો બાપ તારો દીકરો. હા.

અહીં તો એ સિદ્ધાંત છે કે દુઃખી પ્રાણી છે કે સુખી છે? એ દુઃખી છે તો કેમ છે? આત્મા છે એ દુઃખી છે. દુઃખી છે તો કેમ છે? કે એ પોતાના સ્વરૂપમાં આનંદ છે એના અસ્તિત્વનું હોવાપણાનું એને ભાન નથી. એટલે ક્યાંક જાણે મને સુખ હશે એવી માન્યતાથી તે દુઃખી છે. એ દુઃખની વ્યાખ્યા જ આ છે. દુઃખ સંયોગ આવા છે ને આવા છે એ વ્યાખ્યા તદ્દન ખોટી છે. જડને સંયોગ શું? આત્માને સંયોગ હોય એવા. હવે એ સંયોગ કાંઈ દુઃખ-સુખનું કારણ નથી. આનંદમૂર્તિ પ્રભુ આત્મા, સચ્ચિદાનંદ હોવાપણે તત્ત્વ છે એનો આનંદ મારામાં છે એમ ન માનતા, અહીં કાંઈક આનંદ છે અનુકૂળતામાં કે પ્રતિકૂળતાને દૂર કરવામાં, પ્રતિકૂળતાને દૂર કરવામાં, અનુકૂળતાને મેળવવામાં, એ એની ભ્રમણા અજ્ઞાનીની છે. ગિરધરભાઈ! અને તમારે તો ઘણો અનુભવ થઈ ગયો હશે. બધા પડ્યા છોને, ઘણાં

કામમાં પડ્યા છો, પણ ક્યાંય ફાવ્યા નથી સરખાઈના. કેમ આ કોંગ્રેસના ઘણાં કામ કર્યા છેને. છેલ્લે કહે આપણે આમાં કાંઈ થાતું નથી.

મુમુક્ષુ :- ગાંધી બિચારા.

ઉત્તર :- ગાંધી બિચારા શું કરે? એને ભાવ હતો અમુક જાતનો. પરનું કરે તો આ બધું થાય શું કરવા આવું? એનો અમુક વિકલ્પ એનો ભાવ. બાકી એથી કાંઈ પરને સુખી-દુ:ખી જે બહારના સંયોગથી માનવા એ વાત જ ભ્રમ છે.

સુખ છે એ ક્યાંક રહે છે કે નહિ? સુખ છે એવું નામ છે. સુખ છે એવું નામ છે કે નહિ? તો એનો ભાવ સુખ ક્યાંક રહેતો હશે કે નહિ? તો એ સુખ ક્યાં રહેતું હશે? જડમાં છે? રાગમાં છે? પુણ્યમાં છે? એ સુખ તો આત્મામાં છે. તો એ આત્મામાં સુખ છે એની શોધ ન કરતા, રાગ ને પુણ્ય ને બહારના લાવું ને છોડું, મૂકું ને લઉં, મૂકું ને લઉં એમાં રોકાતા એ દુ:ખીપણું ટળતું નથી. સમજાણું કાંઈ? વસ્તુ તો આ છે. દુનિયા માને-ન માને નહિ, માનવું જ પડશે સુખી થવું હોય એને આ. બીજો કોઈ રસ્તો, રસ્તો જ બીજો નથી કોઈ.

એ પ્રશ્ન અમારે થઈ ગયો (સંવત) ૧૯૯૦ની સાલમાં, કીરચંદભાઈની સાથે. કીરચંદભાઈ હતાને. એ ૯૦ની સાલમાં ત્યાં રાજકોટમાં જાગનાથ છે. હવે વધી ગયું બહુ. તે દિ' તો ખાલી હતું. ચોમાસું અમારું હતું ૯૦માં. જાગનાથ ખાલી બધું આખું ક્ષેત્ર ખાલી. ત્યાં જંગલમાં ત્યાં સાથે આવતા. પછી બેઠા હતા એકલા હું અને એ બે. પછી એણે પ્રશ્ન કર્યો હતો લ્યો! ૯૦માં. મહારાજ! તમે ધર્મ ધર્મ કરો છો, પણ ભૂખ્યા ધર્મ શી રીતે થાય? પેટમાં કાંઈક પડે. અંધારા આવે તો ધર્મ કરો. શું છે તમારે? કીધું રોટલા કાંઈક પડે. બહુ સારી વાત છે. રોટલા પડ્યા પછી રોટલા પચે નહિ ત્યાં સુધી ધર્મ ન કરવોને? પચે નહિ ત્યાં સુધી મને પચતું નથી, મને કઠે છે. પચ્યું ને પછી દસ્ત નથી આવતો. હવે મારો દસ્ત સરખો નથી આવતો ત્યાં સુધી ધર્મ ન કરવોને? ન કરવો આવે છેને બધે? પચ્યા પછી દસ્ત થઈ ગયો. હવે ભૂખ લાગી પાછી. હવે ધર્મ કરવો કે દિ' એણે? ગિરધરભાઈ! તે દિ' કહ્યું હતું હોં! ૯૦ની સાલની વાત છે. પછી એ તો ડાહ્યો માણસને. આમ કૂણો હતો અને અહીં શ્રદ્ધા એની. વાત તો સાચી છે. ભૂખ્યા ધર્મ.. સાતમી નરકના નારકીને કણ નથી મળતો, પાણીનો બિંદુ નથી, કણ નથી. એ વસ્તુ છે કે નહિ? પ્રતિકૂળ સંયોગવાળા, પાપના ફળવાળા જીવો જગતમાં છે કે નહિ? જેમ પુણ્યના ફળવાળા સંયોગવાળા છે એમ પાપવાળા છે કે નહિ? કે જેને આહારનો કણ અને પાણી મળતું નથી. સમકિત પામે છે એમાં. સમજાણું કાંઈ? ત્યાં સમકિત નવું પામે છે.

મુમુક્ષુ :- એને તો એ ભૂમિકાનું બળ હશે.

ઉત્તર :- ભૂમિકાનું બળ હશે. ભૂમિકા .. ત્યાં બધા પડ્યા છે. ભૂમિકામાં તો અસંખ્ય

નારકીઓ પડ્યા છે. મિથ્યાદૃષ્ટિ જાય સાતમીએ અને મિથ્યા દૃષ્ટિ લઈને નીકળે છે. વચમાં પામી જાય છે એવો પાઠ શાસ્ત્રમાં છે. ન્યાય છે ત્યાં. બહુ પાપ કરીને જાય એટલે મિથ્યાત્વ લઈને જાય ત્યાં. અને ત્યાં પછી ઓહો..! આ શું? આ શું સ્થિતિ છે? આ દુઃખના ગરકાવમાંથી નીકળવાનો શું કોઈ રસ્તો નહિ હોય? અરે..! આ કેટલો કાળ? એમ વિચાર કરીને પૂર્વે સાંભળેલું હોય એ યાદ આવી જાય છે. આવીને અંદરમાં ઊતરી જાય છે ફડાક દઈને. ઓહો..! આ ચૈતન્યસત્તા હોવાવાળો પદાર્થ, આનંદથી હોવાવાળો પદાર્થ, એની દૃષ્ટિ થતાં રાગથી ભિન્ન પડી પોતાના સ્વરૂપનો અનુભવ થાય છે. એવા દુઃખના ગંજના સંયોગમાં સુખપણું પ્રાપ્ત કરે છે. કારણ કે એ આત્મા પોતે.. અહીં આવ્યું કે નહિ? એનો વિસ્તાર સામાન્ય અને આયત એ ગુણનો પિંડ છે, એ તો વસ્તુ છે. એના ગુણ માટે પરમાં જવું પડે એમ છે નહિ. એની પર્યાય પ્રગટ કરવા માટે પરમાં જવું પડે એમ છે નહિ. નવરંગભાઈ! ન્યાય છે કે નહિ આ? પણ માણસને મૂળ ચીજની ખબર ન મળે અને અદ્ધરથી કલ્પના દોડાવે. કહો, સમજાણું?

એ દ્વિવિધ પર્યાયમાં એમ આવ્યું કે દરેક પદાર્થમાં સ્વભાવિક વસ્તુ છે, સ્વભાવિક પર્યાય એ અગુરુલઘુ અને સિદ્ધને એકલી સ્વભાવિક પર્યાય છે. સંસારી પ્રાણીને સ્વભાવિક અને વિભાવિક બે પર્યાય છે. બે ટૂંકી ભાષા સમજી લ્યો. કાલે કહ્યું હતું કે આત્માના પ્રકારમાં એક આત્મા સિદ્ધ છે એને એકલી સ્વભાવિક પર્યાય (છે). દ્રવ્યપર્યાય હોય કે ગુણપર્યાય બેય પર્યાય એની એકલી સ્વભાવિક પર્યાય. સંસારી જીવના બે પ્રકાર—એક સ્વભાવિક પર્યાય અને વિભાવિક પર્યાય બે એકસાથે હોય છે. અગુરુલઘુને કારણે સ્વભાવિક અવસ્થા અને કર્મના નિમિત્તની અપેક્ષાથી પોતામાં થતી એ વિભાવિક અવસ્થા. એટલે સંસારી પ્રાણીને સ્વભાવિક અને વિભાવિક બે અવસ્થા (હોય છે). સિદ્ધને એક અવસ્થા (હોય છે).

હવે પુદ્‌ગલમાં. પરમાણુમાં એકલી સ્વભાવિક અવસ્થા. સ્કંધમાં સ્વભાવ અને વિભાવ બે અવસ્થા. કેમ? સ્કંધમાં સ્વભાવ ક્યાંથી આવ્યો? સ્વભાવપર્યાય કીધી એમાં. એમ કહ્યું.. પકડાણું નથી, પકડાણું નથી. અહીં કહેવાય છે શું એમ પકડવું. ઓલું પૂર્વનું ધાર્યું હોય એમને એમ વાત કર્યા કરે તો ફેર પડી જાય આખો. આ સ્કંધ છે એમાં સ્વભાવિક-વિભાવિક બે પર્યાય છે. આમાં બે પર્યાય છે. શી રીતે? કીધી હમણાં. એક એક પરમાણુમાં અગુરુલઘુ (ગુણને) લઈને પર્યાય છે એ પર્યાય એમાં છે. અને આ સંયોગી થઈ એટલે વિભાવપર્યાય છે. આહા..હા..! કહો, સમજાય છે કે નહિ આમાં? બહુ આ તો સાદી સીધી ભાષાથી વાત આવે છે. પણ એને મહેનત જ કરવી નથીને. દુનિયામાં ઓલું કરવું હોય તો એટલી બધી મહેનત કરે છે ચોવીસ કલાક.

અહીં કહે છે કે ભગવાન! તારી સ્વભાવિક પર્યાય એટલે... જગતના બધા પદાર્થોને સ્વભાવિક પર્યાય હોય. હવે બાકી રહ્યો કોઈ? સિદ્ધ હોય, નિગોદ હોય, પરમાણુ હોય,

સ્કંધ હોય, ગંધાતા પરમાણુ હોય કે સુગંધી પરમાણુ હોય પણ એને અગુરુલઘુ સ્વભાવની અવસ્થા તો દરેક દ્રવ્યમાં મોજૂદ હોય, હોય ને હોય. કહો, સમજાણું આમાં?

વિભાવમાં એક પરમાણુમાં વિભાવ પર્યાય ન હોય. બે પરમાણુથી માંડી અનંતા પરમાણુમાં સંયોગ છે માટે વિભાવિક પર્યાય છે. સિદ્ધને અગુરુલઘુની સ્વભાવપર્યાય અને બીજી બધી અર્થપર્યાય પણ સ્વભાવિક પર્યાય જ છે. સંસારીને બે પર્યાય. અગુરુલઘુ સ્વભાવની અપેક્ષાએ સ્વભાવ અને બીજી પણ સ્વભાવિક પર્યાય છે અસ્તિત્વ-વસ્તુત્વ આદિની અને બીજી કેટલીક વિકારી પર્યાય પણ છે. તેથી તેને સ્વભાવપર્યાય અને વિભાવપર્યાય બે હોય છે. એને પોતામાં જ્ઞેયમાં હોય છે એમ સિદ્ધ કરવું છે. જ્ઞેય સિદ્ધ કરે છેને. જ્ઞેયમાં આ રીતે છે. પરના જ્ઞેયને લઈને આમાં અને પરના જ્ઞેયને લઈને આમાં એમ છે નહિ. હવે આમાં કરી દઉં દેશનું. શાંતિભાઈ!

મુમુક્ષુ :- નિમિત્ત તો થાયને.

ઉત્તર :- નિમિત્તની વ્યાખ્યા શું? ત્યાં થાય ત્યારે હોય, થાય ત્યારે હોય એનું નામ નિમિત્ત. નિમિત્ત હોયને થાય તો નિમિત્ત ન રહ્યું ઈ તો. થાય ત્યારે હોય એનું નામ નિમિત્ત. તો થયું એ તો પોતાથી થયું. કહો, સમજાણું આમાં? કહો, ગિરધરભાઈ! નિમિત્ત તો થાય કે નહિ? આ કૂવા કરવા, નદી કરવી, આ બાંધકામ કરવા. હુશિયારી થઈને ફલાણું નદીને આમ વાળવી હોય તો બધા ગામને પાણી ઝટ આવ્યું, બુડાડે નહિ, ફલાણું કરવું, એવું તો કરી શકે કે નહિ?

મુમુક્ષુ :- કરી ન શકે પણ નિમિત્ત થાય.

ઉત્તર :- એ જ કહું છું, કરી શકે કે નહિ, એ નિમિત્ત થાય. નિમિત્ત થાય એની વ્યાખ્યા શું? તે તે ટાણે તે પર્યાય થવાનો કાળ એમાં નહોતો (અને) ત્યાં નિમિત્તે કર્યું? તે વખતે એનામાં વિભાવિક પર્યાય થવાનો કાળ નહોતો? વિભાવિક પર્યાય એના જ્ઞેયમાં છે. એ જ્ઞેયમાં વિભાવિક પર્યાય છે કે તારે લઈને વિભાવિક પર્યાય થઈ ત્યાં? ભગવાનજીભાઈ! આ તો વસ્તુનું ભેદજ્ઞાન કરાવ્યું છે આ.

મુમુક્ષુ :- .. હુશિયારી...

ઉત્તર :- હુશિયારો ક્યાં હતો પરમાં? હુશિયારી રહી હુશિયારીમાં.

કહો, એ વાત થઈ. હવે એનું દૃષ્ટાંત આપે છે. દ્રવ્ય, ગુણ અને પર્યાયની વ્યાખ્યા થઈ. કાલે કહેવાણી એની આ વ્યાખ્યા થઈ. '**હવે આ (પૂર્વોક્ત કથન) દૃષ્ટાંતથી દૃઢ કરવામાં આવે છે :—**' '**જેમ...**' જુઓ! દૃષ્ટાંત પણ જરી આકરું છે થોડું. '**આખુંય પટ...**' એટલી વાત લેવી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દાખલો પણ એના પ્રકારનો હોયને.

'**આખુંય પટ...**' પટ. જુઓ આ વસ્ત્ર, વસ્ત્ર. '**અવસ્થાયી એવા વિસ્તાર...**' એટલો શબ્દ ભેળવ્યો છે. ઓલામાં વિસ્તારસામાન્યસમુદાય હતો. એટલો શબ્દ ભેળવ્યો '**અવસ્થાયી એવા વિસ્તારસામાન્યસમુદાય...**' એટલે શું કે આ વસ્ત્ર છે એના જે ગુણ છે કાયમ, આ તો અવસ્થા છે હોં ધોળી તો, અંદર વર્ણ, ગંધ, રસ, સ્પર્શ જે છે એ અવસ્થાયી છે (અર્થાત્) સ્થિર રહેનારા છે. પરમાણુઓ પટના પરમાણુઓ એમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ સ્થિર રહેનારા છે, અવસ્થાયી રહેનારા છે, સ્થિર રહેનારા છે. એ બદલતા નથી. સમજાય છે કાંઈ? ગુણ સ્થિર રહેનારા છે. '**અવસ્થાયી એવા વિસ્તારસામાન્યસમુદાય વડે...**' એક વાત. જુઓ! ભાષા તો ફેરવી. ઓલામાં વિસ્તારસામાન્યસમુદાય હતું. હવે અવસ્થાયી શબ્દ વાપર્યો.

હવે દોડતા. ઓલામાં આયાતસામાન્યસમુદાય હતો. હવે 'દોડતા' એ શબ્દ વિશેષ વાપર્યો. ઓલામાં એમ હતું વિસ્તારવિશેષ આયતવિશેષ બીજામાં. હવે આ ત્રીજો બોલ વધારે નાખ્યો આમાં. શું કહે છે? જુઓ! ધ્યાન રાખો. આ વસ્ત્ર છે કે નહિ? એ વસ્ત્રની અંદરમાં અવસ્થાયી-કાયમ રહેનારા રંગ, ગંધ, રસ, સ્પર્શ એ કાયમ રહેનારા એ વિસ્તાર અવસ્થાયી એવા વિસ્તારસામાન્યસમુદાય વસ્તુ, '**અને દોડતા એવા આયતસામાન્યસમુદાય...**' પર્યાય બદલ્યા કરે છે આમાં. આ વસ્ત્રમાં પણ ઝાંખુ થતું જાય છે, જીર્ણ થતું જાય છે સમયે સમયે હોં! ઘણે કાળે દેખાય છે એ તો ઉપયોગ સ્થૂળ (છે) માટે. ઘણે કાળે થયું પણ એ નાના નાના કાળમાં થયું તો ઘણે કાળે, છેલ્લે કાળે ક્યાંથી આવ્યું? એટલે નાનામાં નાના કાળમાં એમાં જીર્ણતા અથવા જૂનાપણું થાય છે. એ સમય સમયની અવસ્થા જે છે એ દોડતી છે. દોડતી એટલે વિસામા વિનાની. એક સમયમાં જે પર્યાય તે બીજે સમયે બીજી, ત્રીજે સમયે ત્રીજી દોડતી આમ ક્રમસર થાય છે. સમજાણું કાંઈ? ભાષા...

મુમુક્ષુ :- કઠણ વાત છે.

ઉત્તર :- આ તો ઓલો પટનો દાખલો આપીને ઓલા સિદ્ધાંત ઉપર લઈ જવો છે. અવસ્થાયી પરમાણુઓ વિસ્તાર ગુણો અને દોડતી પર્યાયો. દોડતી એટલે? દોડતો માણસ હોય એમાં ક્યાંય વિસામો હોય? જમણો-ડાબો... જમણો-ડાબો... જમણો-ડાબો... ચાલ્યા જ કરે એમને એમ.

મુમુક્ષુ :- થાકે તો વિસામો હોય.

ઉત્તર :- એ થાકે એની અહીં વાત નથી. અહીં તો થાકવું નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

ભાષા કેવી વાપરી જુઓને! પટમાં એક સમયની અવસ્થા, એક 'ક' બોલીએ એમાં અસંખ્ય સમય જાય, એમ એક સમયની અવસ્થા, બીજે સમયે બીજી, ત્રીજે સમયે ત્રીજી. દોડતી, આયત-દોડતી. આમ ઊર્ધ્વ પ્રવાહે પર્યાય એક પછી એક... એક પછી એક થયા જ કરે છે. કોને લઈને? પોતાના વસ્ત્રના પર્યાયધર્મને લઈને. સમજાણું કાંઈ? એ જીર્ણ અને

જૂનું. જીર્ણ અને જૂનું એક સમયમાત્રથી શરૂ થાય છે કહે છે. એક સમયે, બીજે સમયે, ત્રીજે સમયે ક્રમસર દોડતું આયત લંબાઈ એવા પ્રવાહ, '**એવા આયતસામાન્યસમુદાય વડે રચાતું થકું તે-મય જ છે,...**' એટલે તે પટ તે મય છે. તે પટ તેના અવસ્થાયી ગુણરૂપ અને લંબાઈ દોડતા પર્યાયરૂપ તે પટ છે. સમજાણું કાંઈ?

'**આખુંય પટ અવસ્થાયી એવા વિસ્તારસામાન્યસમુદાય વડે અને દોડતા (-વહેતા,...**' વહેતા. પાણીનો પૂર આવે. પૂર એમાં તરંગ... તરંગ... તરંગ... તરંગ... તરંગ... વહેતા ચાલ્યું જાય છે તરંગ. કે ક્યાંય વિસામો હશે તરંગને? વહેતું.. વહેતું... વહેતું.. પ્રવાહ ચાલ્યો જ જાય. એમ પટમાં એક સમયની પર્યાય, બીજા સમયે પ્રવાહ ચાલ્યો જ જાય છે સમયે સમયે. '**એવા આયતસામાન્યસમુદાય વડે રચાતું...**' એટલે થયેલું એમ. રચાતું એટલે થયેલું '**થકું તે-મય જ છે,...**' પટ પટમય જ છે. સમજાણું કાંઈ? આ તો દાખલો છે હજી તો. આહા..હા..!

'**તેમ...**' હજી આ દ્રવ્યની વ્યાખ્યા આપે છે. પટનો દાખલો દઈને દ્રવ્યને સિદ્ધ કરે છે. દ્રવ્ય એટલે વસ્તુ. આત્મા દરેક, દરેક પરમાણુ, ધર્માસ્તિ આદિ. '**તેમ આખોય પદાર્થ 'દ્રવ્ય' નામના...**' એટલું. '**અવસ્થાયી વિસ્તારસામાન્યસમુદાય વડે...**' આત્મા પદાર્થ છે એમાં અવસ્થા એટલે જ્ઞાન-દર્શન-ચારિત્ર-આનંદ ગુણ અવસ્થા એ ત્રિકાળ છે એમાં. કાયમ રહેનારા એકસાથે, એકસાથે. અવસ્થાયી વિસ્તારસામાન્યસમુદાય વડે. એમ પરમાણુ છે આખો પદાર્થ એનો વિસ્તાર સામાન્ય એનો વર્ણ-ગંધ-રસ-સ્પર્શ સ્વરૂપ એના વડે અવસ્થાયી. '**અને દોડતા આયતસામાન્યસમુદાય વડે...**' પટનો જેમ ક્રમે જૂનું જીર્ણ ક્રમે.. ક્રમે.. ક્રમે... એકદમ થાતું. એમ દરેક આત્મા અને પરમાણુમાં સમય સમયનો પ્રવાહ એકદમ દોડતો થાય છે. ક્યાંય અટકતો નથી. વિસામા વિના પર્યાય સમયે સમયે થયા કરે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**રચાતો થકો...**' રચાતો શબ્દ... (અર્થાત્) એવો થયેલો થકો. છે જ એવો એમ. '**દ્રવ્યમય જ છે.**' ભાષા તો કેવી રીતે થવી? એ વસ્તુ જે છે આત્મા (કે) પરમાણુ એમાં અવસ્થાયી ગુણો અને દોડતી પર્યાય, દોડતી પર્યાય અવસ્થા ક્રમે (થતી) એનો સમુદાય તે દ્રવ્ય છે. સમજાણું કાંઈ? બીજાની પર્યાયવાળું આ દ્રવ્ય નહિ, આ પર્યાયવાળું બીજા દ્રવ્યની પર્યાયવાળું નહિ. આહા..હા..! આ સમજે,... કાલે કહ્યું હતું. ઓલું આવ્યું હતુંને મુંબઈ સમાચારમાં. સમજ્યાને? આમાં નાખ્યું છેને ઓલું? કે આ સમજે તો સંપ્રદાયવાળાને પરની દયા પાળું, પાળી શકે, આ ઓઘો આમ લઈ શકે, બીજાને બચાવી શકે એ વાત રહેતી નથી.

મુમુક્ષુ :- દ્રવ્ય-ગુણ-પર્યાયના જ્ઞાનમાં?

ઉત્તર :- દ્રવ્ય-ગુણ-પર્યાયના જ્ઞાનમાં. ભાંગજડ ઊભી (થાય છે). કાલે બતાવ્યું હતુંને.

વંચાવ્યું હતું નહિ કાલે? આમાં છેને, કાલે આમાં પાનું નીકળ્યું હતું. આવ્યું હતુંને ઓલું ૧૭ વર્ષ પહેલાં? વાંચ્યું હતુંને ભાઈ? બતાવ્યું હતું કે નહિ? ભાઈને નથી બતાવ્યું. ૧૭ વર્ષ પહેલાં એક સાકરચંદજી હતા સુરતના શ્વેતાંબર. એમણે ૧૭ વર્ષ પહેલાં,.. જુઓ આમાં છે. જૈનજગત, મુંબઈ સમાચાર. મંગળવાર, તા.૨૮-૮-૫૧. મુંબઈ સમાચારમાં નાખ્યું હતું. મોહનભાઈ! કેટલા વર્ષ થયા? ૧૭ વર્ષ. એ ૨૦૦૮ની સાલ. એ ઊભી થતી નવી ભાંજગડ. ૧૭ વર્ષ પહેલાં લખ્યું છે. ઊભી થતી નવી ભાંજગડમાં દેરાવાસી જૈનોમાં દ્રવ્ય, ગુણ અને પર્યાયની ભાંજગડ ઊભી થતી આવે છે. એનું કારણ સોનગઢના સંત કાનજીસ્વામી છે. અત્યાર સુધી કાંઈ નહોતું, બધું આંધળેઆંધળું કર્યું હતું. મુંબઈ સમાચારમાં છે. સાકરચંદભાઈ સુરતના એક અભ્યાસી હતા શાસ્ત્રના. શ્વેતાંબર દેરાવાસી શ્વેતાંબર. સમજાણું કાંઈ? આ જુઓ આ પડ્યું છે પાનું. હમણાં દેરાવાસી જૈનોમાં દ્રવ્ય, ગુણ અને પર્યાયની... જુઓ! આ દ્રવ્ય-ગુણ-પર્યાયની ભાંજગડ. ઓલા લોકો સમજતા નહોતા ને. કાંતિભાઈ! ભાંજગડ ઊભી થતી જોવામાં આવે છે. કીધું શબ્દ ચોખ્ખો ભાંજગડ કે ભાંજગડ કે ભાંગદડ? ભાંજગડ. આપણે ભાંગજડ કહેવાય છે. પર્યાયની ભાંજગડ ઊભી થતી જોવામાં આવે છે. એનું કારણ સોનગઢના સંત કાનજીસ્વામી છે. એમણે દિગંબર જૈનોના પંચાસ્તિકાય વગેરે આગમો અને સમયસાર વગેરે પરમાગમો વાંચવા શરૂ કર્યા. એ દિગંબર જૈન આગમો ને પરમાગમોમાં મોટે ભાગે દ્રવ્ય-ગુણ-પર્યાયની જ વિચારણા છે. શ્વેતાંબર જૈનોના ૩૨ કે ૪૫, ૩૨ કે ૪૫ આગમોમાં દ્રવ્ય, ગુણ અને પર્યાયને બહુ જ સ્પષ્ટતાથી, પ્રત્યક્ષ રીતે સમજાવેલ નથી. કહો, સમજાણું કાંઈ?

શ્વેતાંબર જૈનોમાં આજથી ૩૦૦ વર્ષ પહેલાં ઉપર થઈ ગયેલા યશોવિજય ઉપાધ્યાયે જે દ્રવ્ય, ગુણ અને પર્યાયનું સવિગત વર્ણન કર્યું. આવું સ્પષ્ટ વર્ણન એમની અગાઉમાં કોઈ આચાર્યે કર્યું નથી. શ્વેતાંબરમાં યશોવિજય પહેલાં, ૩૦૦ વર્ષ પહેલાં. પૂર્વે એક સિદ્ધસેન દિવાકરે સન્મતિ તર્કમાં વર્ણન કર્યું છે. પણ એના ઉપર તો દિગંબરોનો પણ દાવો છે. દિગંબરો કહે છે કે દ્રવ્યના અને ગુણના પર્યાયો જુદા જુદા પણ છે. આવ્યાને? દ્રવ્યપર્યાય જુદી, ગુણપર્યાય જુદી. શ્વેતાંબરો ગુણના જુદા પર્યાયો નહિ સ્વીકારતા દ્રવ્ય અને ગુણનો અભેદ ગણીને માત્ર દ્રવ્યના જ પર્યાય સ્વીકારે છે. આ બાબતમાં સોનગઢના કાનજીસ્વામીનું પ્રચાર કામ ઘણું જોરદાર હોવાથી હમણાં શ્વેતાંબર જૈનોના કોઈ કોઈ પંડિત મુનિવરો પણ દ્રવ્યના પર્યાયની પેઠે, ગુણના પર્યાય જુદા પર્યાય હોય એવું માનવા લાગ્યા છે. લ્યો! ૧૭ વર્ષ. પણ અત્યાર સુધી કાંઈ નહોતું તમારામાં આ? એઈ..! સ્થાનકવાસીમાં તો છે જ નહિ કાંઈ. લ્યો! એ કહેશે.

શ્વેતાંબરના ૪૫ મૂળ સૂત્રોમાં આ વસ્તુનું બહુ સ્પષ્ટીકરણ નહિ હોવાથી, તેમજ ટીકાઓમાં પણ નહિ હોવાથી આ નવી ભાંજગડ ઊભી થતી આવે છે. એમાં છે નહિ અને અહીંથી

સ્પષ્ટીકરણ બહાર આવ્યું. ઓલા પણ વિચારવા માંડ્યાં કે આ શું છે આ તે? આ બાબતમાં સ્થાનકવાસી જૈનો પાસે કોઈ સ્વતંત્ર ગ્રંથ છે જ નહિ. છે જ નહિ ક્યાંય. દ્રવ્ય-ગુણ-પર્યાય આટલા વર્ષ થયા તમારા બાપે નહોતું સાંભળ્યું ત્યાં ફૂલચંદભાઈએ અને હરજીવનભાઈએ.

મુમુક્ષુ :- ફૂલચંદભાઈએ તો આ સાંભળ્યું છે.

ઉત્તર :- એ અહીં આવીને સાંભળ્યું હતું. આ તો ત્યાંની વાત કરું છું. એ તો ત્યાંની વાત કરું છુંને. એ તો અહીં આવ્યા પછીની વાત છે. એ ત્યારે પછી સ્થાનકવાસી ક્યાં રહ્યા હતા.

દેરાવાસી જૈનો પાસે ત્રણ-ચાર ગ્રંથો છે. તેરાપંથમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ટૂકડા કરેલા છે. એમાં તો કહે છે કે એક એક દ્રવ્યમાં અનંતા ગુણો અને એક એક ગુણની અનંતી પર્યાય. શ્વેતાંબર દેરાવાસી જૈન મુનિવરોએ હાલમાં વસ્તુનો અભ્યાસ શરૂ કર્યો છે. હવે શરૂ કર્યો. ૧૭ વર્ષે. અહીં ૩૪ થયા ને. ઓલા ૧૭ વર્ષ પછી. દ્રવ્ય-ગુણ-પર્યાયનું યથાર્થ જ્ઞાન ન થાય ત્યાં સુધી સમકિત ઊગે નહિ. આવું તો યશોવિજયજી ઉપાધ્યાયે દ્રવ્યાનુયોગ તર્કણામાં રત્નાભૂતવિજય મહારાજ વગેરે કહે છે. શ્વેતાંબરોના મૂળ સૂત્રોમાં ઘણી હકીકતો છે. એમાં આ વસ્તુ ઉપર બહુ ભાર મૂક્યો જણાતો નથી. એટલું લે છે. કહો, એય..! નવરંગભાઈ! હવે આ દ્રવ્ય-ગુણ-પર્યાયની આ વ્યાખ્યા ચાલે છે અત્યારે.

જુઓ! શું કહે છે? '**જેમ પટમાં...**' સ્થિર રહેલા ગુણો ને દોડતી પર્યાયવાળું પટ. એમ સ્થિર રહેલા ગુણો અને દોડતી પર્યાયવાળું દ્રવ્ય. કહો, હવે આ તો સાદી ભાષા થઈ. સમજાણું કાંઈ? '**જેમ પટમાં, અવસ્થાયી વિસ્તારસામાન્યસમુદાય કે દોડતો આયતસામાન્યસમુદાય ગુણોથી રચાતો થકો...**' ઈ આખો ગુણ લીધો સામાન્ય. '**ગુણોથી જુદો અપ્રાપ્ત હોવાથી ગુણાત્મક જ છે,...**' દ્રવ્ય તે ગુણસ્વરૂપે છે એમ સિદ્ધ કરવું છે. દરેક દ્રવ્ય તે ગુણસ્વરૂપે છે. સમજાણું કાંઈ? ગુણ વિના દ્રવ્ય હોઈ શકે નહિ. '**તેમ પદાર્થોમાં, અવસ્થાયી વિસ્તારસામાન્યસમુદાય...**' ગુણો '**કે દોડતો આયતસામાન્યસમુદાય-જેનું નામ દ્રવ્ય છે તે—ગુણોથી રચાતો થકો...**' એટલે હોવાથી '**ગુણોથી જુદો અપ્રાપ્ત હોવાથી...**' વસ્તુ તે ગુણસ્વરૂપે છે. પરમાણુ પણ ગુણસ્વરૂપે છે, આત્મા પણ ગુણસ્વરૂપે છે, દરેક દ્રવ્ય ગુણસ્વરૂપ જ છે. એના ગુણો કાંઈ બહારથી આવતા નથી, બહાર રહેતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**વળી...**' એ દ્રવ્યની વાત કરી. હવે ગુણની વાત. '**જેમ અનેકપટાત્મક (-એકથી વધારે વસ્ત્રોના બનેલા) દ્વિપટિક, ત્રિપટિક એવા સમાનજાતીય દ્રવ્યપર્યાય છે,...**' આ પર્યાયની વ્યાખ્યા કરી. દ્રવ્યપર્યાય. અનેકપટ ભેગા હોયને? સુતરાઉ-સુતરાઉ. આ સુતરાઉ નથી પછેડી કરતા બે ત્રણ... શું કહેવાય ઈ? બે..ધારી શું કહે છે? બેતારી સંતારી આ કહે છેને ટૂકડાને. એકધારી સરખા ઓલાવાળી. '**અનેકપટાત્મક (-એકથી વધારે વસ્ત્રોના બનેલા)**

**દ્વિપટિક,...'** બે-ત્રણ પટ **'એવા સમાનજાતીય દ્રવ્યપર્યાય છે,...'** સુતરાઉ. **'તેમ અનેકપુદ્‌ગલાત્મક દ્વિ-અણુક, ત્રિ-અણુક એવા સમાનજાતીય દ્રવ્યપર્યાય છે;...'** ઓલા વસ્ત્રની પેઠે.

હવે બીજી વાત. હવે વિભાવ. **'જેમ અનેક રેશમી અને સુતરાઉ પટોના બનેલા...'** એક રેશમી કટકો અને એક સુતરાઉ કટકો બેનું બનાવે. સમજાણું કાંઈ? બેનું બનાવે છે કેટલાક હોં! શિયાળો હોય તો રેશમી ઉપર ઓઢે અને નીચે સુતરાઉ રાખે. ઉનાળો હોય તો સુતરાઉ ઉપર રાખે અને રેશમી નીચે રાખે. એકના બે પટ હોય. અમારે હીરાજી મહારાજ રાખતા એવા. રેશમી નહિ પણ સુતરાઉ, પણ એક કોર પાતળો કટકો અને એક કોર જાડો કટકો સુતરાઉનો. એટલે ઉનાળો હોય તો પાતળો ઓઢે, ગરમી હોય તો જાડો ઓઢે અને પાતળો નીચે રહે. બે પટનો હોયને. એક પાતળો અને એક જાડો. બેને સાંધીને કરે. સરખા નહિ, આ તો હાથ સરખે રખાય. એટલે ગરમી હોય ત્યારે પાતળો ઓઢે, ઉનાળો હોય તો ઓલો પાતળો નીચે રાખે. તો ઈ એક જાત ન થઈ. **'અનેક રેશમી અને સુતરાઉ પટોના બનેલા દ્વિપટિક, ત્રિપટિક એવા અસમાનજાતીય દ્રવ્યપર્યાય છે,... '**

**'તેમ અનેકજીવપુદ્‌ગલાત્મક...'** જીવ અને પુદ્‌ગલ અનેક થયા. જુદા જુદા છેને આ? અનેકજીવ એટલે જીવ અનેક એમ નહિ. અનેક જીવ અને પુદ્‌ગલ એમ. અનેક જીવ એમ નહિ. અનેક એટલે જીવ અને પુદ્‌ગલ એમ અનેક. **'અનેકજીવપુદ્‌ગલાત્મક દેવ, મનુષ્ય એવા અસમાનજાતીય દ્રવ્યપર્યાય છે.'** લ્યો! આ મનુષ્ય, દેવ આદિ. **'વળી જેમ ક્યારેક પટમાં પોતાના સ્થૂળ અગુરુલઘુ દ્વારા...'** ક્યારેક હોં! કાયમ નહિ એમાં. અને તે પણ **'કાળક્રમે...'** પટમાં તો કાળક્રમે મેલું થાયને? **'અનેક પ્રકારોરૂપે પરિણમવાને લીધે અનેકપણાની પ્રતિપત્તિ...'** એટલે જાણવું **'તે ગુણાત્મક સ્વભાવપર્યાય છે,...'** એ અગુરુલઘુનો ન્યાય આપ્યો.

**'તેમ સમસ્ત દ્રવ્યોમાં પોતપોતાના સૂક્ષ્મ અગુરુલઘુગુણ દ્વારા...'** ઓલામાં સ્થૂળ શબ્દ હતો. **'પ્રતિસમય પ્રગટતી...'** દરેક સમયે. ઓલામાં કોઈ કાળે હતું. **'ષટ્‌સ્થાનપતિત હાનિવૃદ્ધિરૂપ...'** છ પ્રકારની. ઝીણી વાત છે જરી. છ પ્રકારે હાનિ થાય છે અને છ પ્રકારે વૃદ્ધિ થાય છે. એક સમયમાં હોં! એક સમયમાં અનંતગુણ વૃદ્ધિ, અસંખ્યગુણ વૃદ્ધિ, સંખ્યગુણ વૃદ્ધ, અનંતભાગ વૃદ્ધિ, અસંખ્યભાગ વૃદ્ધિ, સંખ્યભાગ વૃદ્ધિ. એમ અનંતભાગ હીણ, અસંખ્યભાગ હીણ, સંખ્યભાગ હીણ એમ અનંતગુણ હીણ, અસંખ્ય(ગુણ) હીણ, સંખ્ય(ગુણ) હીણ. આ છ બોલ છે. ઝીણી વાત છે થોડી. એ છ પ્રકાર એક સમયમાં થાય છે. સમજાણું?

પોતપોતાના સૂક્ષ્મ.. **'અનેકપણાની અનુભૂતિ...'** એટલે જાણે બધું એક છે એવી અનુભૂતિ. છ-છ પ્રકાર છેને? છતાં એક છે. **'તે ગુણાત્મક સ્વભાવપર્યાય છે;...'** દ્રવ્યમાં

અગુરુલઘુની એક સમયમાં છ પ્રકારની અનેક પ્રકારની પર્યાય તે અગુરુલઘુ સ્વભાવપર્યાય છે. જુઓ! આ દ્રવ્ય-ગુણ-પર્યાયના જ્ઞાન વિના સમ્યગ્દર્શન ન થાય એમ આવ્યું. આમાં આવ્યું હતું કે નહિ? મગનભાઈ! સાચા દ્રવ્ય-ગુણ-પર્યાય શું છે એ ન જાણે અને કો'કની પર્યાય કો'ક કરે, કો'કની પર્યાય ક્યાંકથી થાય, વિભાવ પરથી થાય આમ માનીને ભ્રમણા કરે. એને સમ્યગ્દર્શન અને ધર્મ થાય નહિ. સમજાણું કાંઈ? આવો વિસ્તાર સ્પષ્ટ છે જ નહિ બીજે ક્યાંય. શ્વેતાંબર આગમોમાં ૪૫માં તો છે જ નહિ, પણ ટીકાઓમાં પણ આવું નથી. ટીકાઓ તો એ લોકોએ ઘણી છે એ લોકોની. કહ્યુંને એણે? ટીકાઓમાં પણ આવું સ્પષ્ટ નથી. પણ જ્યારથી આ સોનગઢથી શરૂ થયું ત્યારથી આપણામાં ભાંજગડ ઊભી થઈ. નહિતર એમને એમ પડ્યા હતા હહળ્યા વિના. જાધવજીભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભાંજગડનો અર્થ આ મફતના પડ્યા છેને. એ કરતા ચાલતું હતું આપણે ઠીક છે એમ. ભાંજગડ એટલે જે સરખું ચાલતું હોય એમાં વચ્ચે આવ્યું તોફાન. સખળડખળ થયું. એ પંડિત મુનિવરો એમ લખ્યું છેને? પંડિત મુનિવરો પણ હવે ગુણની પર્યાય કેટલાક માનવા લાગ્યા છે. પણ એ વાત હતી જ નહિ ક્યાંય. સત્ય વસ્તુ શું છે? દ્રવ્ય શું? ગુણ શું? પર્યાય શું? સ્વભાવ તે ધર્મ છે, વિભાવ તે અધર્મ છે, પુણ્ય-પાપનો વિકલ્પ તે અધર્મ છે, સ્વભાવ તે ધર્મ છે, તે ધર્મ કોને આશ્રયે થાય છે? એ વાત જ આખી ગોટે ઉઠી હતી આખી. સમજાણું કાંઈ? આ તો સર્વજ્ઞનો પ્રવાહ છે. સમજાણું કાંઈ? એ અહીં કહે છે જુઓ!

**'જેમ પટમાં,...'** હવે વિભાવની વાત ચાલે છે. ઓલી અગુરુ સ્વભાવની હતી. જેમ આ વસ્ત્રમાં. આ રૂ છેને રૂ, જુઓ ધોળું રૂ. એમાં સ્વપરના કારણે. સ્વ પોતાનું કારણ છે. નિમિત્ત મેલનું કે સંયોગનું એને કારણે. ઉપાદાન અને નિમિત્ત, બે. **'પ્રવર્તતી પૂર્વોત્તર...'** પહેલા અને પછીની **'અવસ્થામાં થતા તારતમ્યને...'** એટલે હીનાધિક લીધે **'જોવામાં આવતા સ્વભાવવિશેષોરૂપ...'** છે વિભાવ એને સ્વભાવવિશેષોસ્વરૂપ કહ્યા છે અહીંયાં. **'અનેકપણાની આપત્તિ...'** અનેક પ્રકાર છેને પર્યાય? **'તે ગુણાત્મક વિભાવપર્યાય છે,...'** એ ગુણસ્વરૂપ વિભાવની પર્યાય છે. પટની વાત હોં ઈ.

**'તેમ સમસ્ત દ્રવ્યોમાં,...'** એક એક પરમાણુમાં, એક એક આત્મામાં. **'રૂપાદિકને કે જ્ઞાનાદિકને સ્વ-પરના કારણે...'** આ જ્ઞાન ક્યું? ઓલું મતિજ્ઞાન આદિ. કેવળજ્ઞાનની અહીં વાત નથી. આત્મામાં મતિજ્ઞાન છે એમાં સ્વ અને પરનું નિમિત્ત બે આવે છે. કેવળજ્ઞાનમાં નહિ. અને રૂપમાં પણ પોતાને કારણે રૂપ બદલે છે એમાં સ્કંધનું નિમિત્ત હોય છે. માટે સ્વ-પર કારણે, **'સ્વ-પરના કારણે પ્રવર્તતી પૂર્વોત્તર અવસ્થામાં થતા તારતમ્યને...'** એટલે હીનાધિકને **'લીધે જોવામાં આવતા સ્વભાવવિશેષોરૂપ...'** વિકારના સ્વભાવવિશેષોરૂપ

**'અનેકપણાની આપત્તિ...'** એટલે જાણવું **'તે ગુણાત્મક વિભાવપર્યાય છે.'** બહુ ટૂંકું એકદમ કરેલું છે. લાંબુ લાંબું લાગે ઝીણામાં. આ બધું વિચારવા જેવું છે. આ તો આખું તત્ત્વ .. મુનિઓ, સંતો જંગલમાં રહીને ઓહો..હો..! છઠ્ઠે ગુણસ્થાને ઝૂલતા, ચારિત્રની રમણતાના આનંદમાં (રમનારા) એને આવો એક વિકલ્પ આવ્યો. ઓહો..! જગતના પ્રાણી સાચા દ્રવ્ય-ગુણ-પર્યાયના ભાન વિના એમને એમ રખડે છે. દુઃખી છે બિચારા. સમજાણું કાંઈ? વ્યવહાર-વ્યવહાર દયા એવો જે વિકલ્પ છેને. સ્વદયા તો પોતાની છે. વિકલ્પ ઉત્પન્ન ન થાય અને નિર્વિકલ્પ આનંદની ઉત્પત્તિ થાય એ સાચી દયા. આ વ્યવહારદયા છે. પણ પરને માટે આ એક વિચાર, આવ્યો પોતાને કારણે હોં! નબળાઈ છે ત્યાં સુધી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બિલકુલ નહિ. પોતાને એ જાતનો વિકલ્પ છે. અરે..! પ્રાણી આ જન્મ-મરણના ચોર્યાસીના જળનિધિ, જળનિધિ મોટો દરિયો જળધિ એમાં ડૂબકા ખાય છે બિચારા. આહા..હા..! ચોર્યાસીના અવતારમાં ક્યાં જન્મ? ક્યાં મરણ? ક્યાં ક્યાં? આ દુઃખી છે એવો એક વિકલ્પ પોતાને કાળમાં આવ્યો તો આ શાસ્ત્ર રચાઈ ગયા. સમજાણું કાંઈ?

**'ખરેખર આ, સર્વ પદાર્થોના દ્રવ્યગુણપર્યાયસ્વભાવની પ્રકાશક પારમેશ્વરી (–પરમેશ્વરે કહેલી) વ્યવસ્થા...'** વ્યવસ્થા. આ વ્યવસ્થા. **'ભલી-ઉત્તમ-પૂર્ણ-યોગ્ય છે,...'** આ .. અર્થ છે એકના. આ સિવાય **'બીજી કોઈ નહિ;...'** આ સિવાયથી બીજી કોઈ રીત કહેતા હોય તો દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ એ રીતે છે નહિ. આહા..હા..! અમૃતચંદ્રાચાર્ય પંચમહાવ્રતના વિકલ્પવાળા, સત્યનું સ્વરૂપ તો અંદર રમણતા છે. એમાં આ કહે છે, અરે..! ભાઈ! આવું દ્રવ્ય અને પર્યાયનું સ્વરૂપ સર્વજ્ઞથી કહેલું યથાર્થ છે. પારમેશ્વરી વ્યવસ્થા છે આ, પરમેશ્વરે કહેલી આ વ્યવસ્થા છે. એ ભલી છે. આહા..હા..! ઉત્તમ છે, પૂર્ણ છે. પાછું .. પૂર્ણ છે. વસ્તુ પૂર્ણ (છે) એમાં ફેરફાર નથી. **'બીજી કોઈ નહિ;...'** માટે તેને દ્રવ્ય, ગુણ અને પર્યાયને જાણતાં યથાર્થ પરથી ભિન્ન પડતા, પોતાનો પર્યાય દ્રવ્યને આશ્રયે પ્રગટે એ સમ્યગ્દર્શન પર્યાય જે પ્રગટે એ પરને કારણે નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

હવે સાચું સાંભળવા મળે નહિ, સાચું લક્ષ ક્યાં કરે? અને લક્ષ કર્યા વિના અંદરમાં સ્વભાવ તરફ જાય ક્યારે એ? ચોર્યાસીનો ભવસમુદ્ર અનંત-અનંત ગોથા ખાય છે. દરિયામાં એક માણસ પડી ગયો હોય તો ગોથા ખાય બહાર નીકળવા માટે બિચારો આહા..હા..! આપણા જામનગરનું તળાવ નહિ? રણજીતસિંહ તળાવ. છોટાભાઈના દીકરા ધીરૂભાઈ બિચારા ગયા હતા. આપણા ધ્રાંગધ્રાવાળા ધીરૂભાઈ બિચારા ગયા. ત્યાં ... ગયા હતા. એમાં પાણી પીવા ગયા ત્યાં. એ પાણી પીવા ગયા ત્યાં લપસ્યા. તરતા આવડે નહિ. અમે જોવા ગયા હતા ક્યાંથી પડ્યા ઈ. ત્યાં પથરામાંથી લપસી ગયા. થઈ રહ્યું. આમ ઝાંવા નાખ્યા. પગ

આમને આમ રહી ગયો ઉપર. તરતા આવડે નહિ તો એમને એમ મરી ગયા. એક દરિયાનું એક સાધારણ. ૫૫-૫૨ ફૂટ હતું પાણી. જામનગરનું. જોવા ગયા હતા. બહુ લાંબુ અંદર નહિ. અમે ગયા હતા બે-ચાર ફૂટ ઓછું થઈ ગયેલું. આખો દરિયો સંસાર. આહા..હા..! નાખી નજર ન પડે. અનંત સંસારના ભવો અનંત-અનંત કાળમાં એમાં ડૂબકી મારીને પડ્યો, ભગવાન આત્મા જુદાનું ભાન કરી શકતો નથી. એનો વાસ્તવિક ઉપાય મળ્યા વિના અન્યથા ઉપાય કર્યે એ ઉપાયથી સત્ય ફળ મળે નહિ. સમજાણું કાંઈ?

આમાં કોનું કરે? અને કોને દુઃખી દેખવા? એમ કહે છે. ભાઈ! અને તે દુઃખી છે પ્રાણી, એના પોતાના આનંદસ્વભાવમાં રાગની એકતા અને દ્વેષની એકતા કરીને દુઃખી છે. દુઃખી કોઈ પ્રતિકૂળ સંયોગને લઈને નથી. એટલે એને સુખી થવું હોય તો રાગ અને દ્વેષની એકતા ટાળીને સ્વભાવની એકતા કરવી એ સુખનો ઉપાય (છે). એ સિવાય કોઈ ઉપાય એનો છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ત્રણ કાળ ત્રણ લોકમાં આ સત્યનો સિદ્ધાંત અફર સિદ્ધાંત છે. એને કોઈ ફેરવી શકે નહિ. એવી વાત છે. જગતને મળે નહિ, જગતને દરકાર ન મળે એટલે બિચારા જ્યાં ત્યાં ફાંફાં મારે. સમજાણું? આનું આમ કરી દઈએ તો સુખી થાઉં, આનું આમ કરી દઈએ, અમે એને કરી દઈએ તો અમને પણ કાંઈક ધર્મ થાય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળમાંય ભાગ આવે નહિ, મિથ્યાત્વનો ભાગ આવે. એને કરી દઉં એવી માન્યતા જ મિથ્યાત્વનો ભાગ-ભાગી છે ઈ. દુઃખનો ભાગી છે. મિથ્યાત્વ એ કષાય છે, તીવ્ર કષાય છે. તીવ્ર કષાયની આકુળતાનો ભાગી છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ.' આ ભગવાનની કહેલી દ્રવ્ય વસ્તુ, ગુણ શક્તિ અને અવસ્થા પ્રગટ દશા-એ રીતે ભગવાને આ કીધી એ રીતે વસ્તુની સ્થિતિ છે. એથી ફેરફાર ત્રણ કાળ ત્રણ લોકમાં છે નહિ. સમજાણું?

'કારણ કે ઘણાય (જીવો)...' હવે આવે છે. '**પર્યાયમાત્રને જ અવલંબીને...**' એક સમયની અવસ્થા અથવા શરીરને... દાખલો શરીરનો આપશે ભાઈ! ૯૪માં. પણ એ પર્યાયદૃષ્ટિવાળાની દૃષ્ટિ જ પર ઉપર જાય છે. કારણ કે અંશ ઉપર દૃષ્ટિ છે એની દૃષ્ટિ આમ જાય છે. અંતર દૃષ્ટિ હોય તો દ્રવ્ય ઉપર દૃષ્ટિ જાય. અંશ ઉપર દૃષ્ટિ છે તો લાંબો થાય, આઘી દીર્ઘ થાય તો શરીર ઉપર બહાર ઉપર દૃષ્ટિ જાય છે એની. પર્યાયદૃષ્ટિ બહિરાત્મા છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા અનંત ગુણાત્મક પદાર્થ, એની વર્તમાન અવસ્થા એટલો જ પર્યાયરૂપ એ માને તો એની દૃષ્ટિ જ્યાં પર્યાયનો અંશ છે એ બહાર લક્ષમાં જાય છે એને તો. એને પર ઉપર જોવે છે. પર્યાય દ્રવ્યને જોવે તો તો થઈ રહ્યું. તો તો એને ધર્મ થાય. વર્તમાન પર્યાય દ્રવ્યને જોવે, દ્રવ્યને લક્ષ કરે તો તો સમ્યગ્દર્શન થાય, સુખી થાય. પણ એ પર્યાય પરને જોવે છે તો દુઃખી થાય છે. આહા..હા..! કહો, ન્યાલભાઈ! આવી

વસ્તુ છે જુઓ! આહા..હા..! હવે ઓલા બધા વાડા બાંધીને બેસે કે અમે કહીએ એમ. પણ તું કહે એમ હોય કે ભગવાન કહે એમ હોય? સાંભળને. પરમેશ્વર ત્રિલોકનાથ ત્રિલોકનાથ પરમાત્માએ દ્રવ્ય-ગુણ-પર્યાયની આ વ્યવસ્થા જોઈ છે. જો આ નક્કી કરવા જાય તો પરની દયા પાળી શકીએ એ રહેતું નથી, પરથી મને કાંઈક શુભ થાય એમ રહેતું નથી, મને કો'ક ટેકો આપે તો મારું કામ થાય એ રહેતું નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળ પડતી નથી કોઈને. આહા..હા..!

આવો જ્યાં સ્વતંત્ર... દ્રવ્ય કોને કહીએ એ વ્યાખ્યા તો જુઓ! ગુણસ્વરૂપ અને પર્યાયસ્વરૂપ તે દ્રવ્ય છે. એનું સ્વરૂપ બહારમાં નથી હોતું, એનું સ્વરૂપ ત્યાં છે આમ. દ્રવ્ય કોને કહીએ ફરીને પાછું? કે એ ગુણસ્વરૂપ છે. દ્રવ્ય ગુણસ્વરૂપ છે. પર્યાય કોને કહીએ? કે બે પ્રકારની અવસ્થા છે. એક વિભાવિક અને એક સ્વભાવિક. સ્વભાવિક તો કાયમ છે અને વિભાવિક વિકારની પર્યાય થાય છે ત્યાં સ્વ ઉપાદાન પોતાનું છે, નિમિત્ત એ બીજી ચીજ છે. પરમાણુમાં બીજા સ્કંધનું નિમિત્ત છે. એક એક પરમાણુમાં વિભાવ થવામાં. ઓલા સ્કંધમાં ભેગો છે. સમજાય છે? ભેગા રજકણ. એમાં વિભાવ છે એક પરમાણુમાં. એ પણ પોતાને કારણે ઉપાદાનથી છે. આ બીજો સ્કંધ એને નિમિત્ત છે. એમ આત્મામાં વિભાવ છે મતિજ્ઞાનાદિનો પોતાને કારણે છે. નિમિત્ત છે કર્મનો ઉઘાડ આદિ નિમિત્ત. એમ જો યથાર્થ જાણે તો એની દૃષ્ટિ પર્યાયના અંશની સ્વતંત્રતાથી ખસી... એ પણ સ્વતંત્ર છે એટલું. પણ આવો જ્યારે પર્યાય સ્વતંત્ર છે પરને લઈને નહિ, તો અપ્રગટ એવા જે દ્રવ્ય-ગુણ ત્રિકાળ સ્વતંત્ર છે. એક અંશના સ્વતંત્ર દૃષ્ટિથી ખસી ત્રિકાળ દ્રવ્ય-ગુણની સ્વતંત્ર દૃષ્ટિ ઉપર જતાં તેને સમ્યગ્દર્શન અને ધર્મ થાય છે. આહા..હા..! નવરંગભાઈ! કહો, આમાં સમજાણું કાંઈ?

'**કારણ કે ઘણાય (જીવો)...**' જુઓ! ઘણા જીવો લીધાને? સમ્યગ્દૃષ્ટિ સિવાય. '**પર્યાયમાત્રને જ અવલંબીને...**' એક સમયની અવસ્થાને આધારે અથવા શરીર જોડે સંયોગ છે અસમાનજાતીય એને જ પોતાનું માનીને '**તત્ત્વની અપ્રતિપત્તિ જેનું લક્ષણ છે...**' એ તત્ત્વનું અજ્ઞાન છે જ્યાં. સમજાણું? એવું '**જેનું લક્ષણ છે એવા મોહને પામતા થકા...**' મિથ્યાત્વને પામતા થકા. આ શરીરની પર્યાય મારી, એની ક્રિયા હું કરું, શરીરથી દયા પળે, ઇન્દ્રિયો હોય તો (બરાબર ખબર પડે). જુઓ! નાક હોય તો ગંધ સડેલો પદાર્થ છે કે નહિ જીવને ખબર પડે, આંખ હોય તો રૂપ દેખાય, જીભ હોય તો સારુ બોલી શકાય. સમજાય છે કાંઈ? સાચું બોલી શકાય. કહે છે, એ તત્ત્વની અપ્રતિપત્તિ છે. ભાઈ! એ જડની પર્યાય કોણ બોલે? અને પરના સુગંધ-દુર્ગંધ ને આ જીવ છે માટે એનાથી જ્ઞાન થયું એ ક્યાં છે એમાં? આહા..હા..! ભાઈ! આંખ હોય તો ભગવાન દેખાય. લ્યો! આ ભગવાન આવા છે, તીર્થંકર આવા છે. એ કહે છે કે ભાઈ! એ આંખ હોય તો દેખાય અને એ

હોય તો અહીં થાય, એ હોય તો અહીં પર્યાય થાય એ બધું તત્ત્વની અપ્રતિપત્તિ છે. તત્ત્વનું યથાર્થ જ્ઞાન નથી. ત્યાં છે તો અહીં છે, એ છે તો અહીં છે. અહીં તો અસ્તિત્વની વાત કરે છે જ્ઞેયનું. એ જ્ઞેય છે તો અહીં જ્ઞાનમાં શુભરાગ થાય છે, એ જ્ઞેય છે તો અહીં જ્ઞાનની પર્યાય થાય છે એ બધી તત્ત્વની અપ્રતિપત્તિ છે, તત્ત્વનું વાસ્તવિક જ્ઞાન નથી તેથી તેને મોહ ઉત્પન્ન થાય છે. આહા..હા..!

'**તત્ત્વની અપ્રતિપત્તિ...**' શબ્દ આવ્યો હતોને? ઓલીકોર આવ્યો હતો આપણે જુઓ! પ્રતિપત્તિ આવ્યો છે જુઓ. સમજાણું? પ્રતિપત્તિ એટલે પ્રાપ્તિ. પ્રતિપત્તિ એટલે જ્ઞાન, અપ્રતિપત્તિ એટલે અજ્ઞાન એમ લેવું. એમાં આવ્યું છે જુઓ ૧૬૩માં નીચે. '**પ્રતિપત્તિ= પ્રાપ્તિ; જ્ઞાન; સ્વીકાર.**' આ (અપ્રતિપત્તિ) તત્ત્વનું અજ્ઞાન, તત્ત્વનો અસ્વીકાર. એમ. વાસ્તવિક તત્ત્વનો અસ્વીકાર. એને લઈને '**એવા મોહને...**' મિથ્યાત્વને '**પામતા થકા પરમસમય થાય છે.**' લ્યો! અહીં તો ભાઈ મિથ્યાદૃષ્ટિને પરસમય કીધો. ઓલો એમ કહે પરસમય ચૌદમા સુધી હોય, ફલાણા સુધી (હોય). અરે! ભગવાન! શું કહેવા માગે છો? આહા..હા..! દિલ્હીમાં મોટું ભાષણ આપ્યું. કૈલાસચંદજી બેઠા હતા. ચૌદમા ગુણસ્થાન સુધી પરસમય. સિદ્ધને સ્વસમય હોય. બહુત બઢીયા વ્યાખ્યાન. દુનિયા શું કરે છે? કોને સારું લગાડવા અને શું કરવા... ઓલા નગ્ન ખરાને. અરે..! ભગવાન! શું કરે છે તું? પહેલા સવારમાં પણ કીધું હતું. ત્યારે ઓલાને કહ્યું. આ શું કહે છે? કોઈ અપેક્ષાએ. પણ કઈ અપેક્ષાએ આમાં? અરે..! મારી નાખ્યા.

અહીં તો કહે છે કે મિથ્યાદૃષ્ટિ તે પરસમય છે. પરસમય એટલે? સ્વસમયને અનુભવતો નથી અને પરભાવને પોતાનું માને છે એટલે મિથ્યાદૃષ્ટિ પરસમય છે, પર-આત્મા, અણાત્મા છે, મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? હવે એ સ્વસમય અને પરસમય આ વળી શું હશે?

'**ભાવાર્થ :- પદાર્થ દ્રવ્યસ્વરૂપ છે.**' જુઓ! ટૂંકું કર્યું પાછું. એ દ્રવ્યસ્વરૂપ છે એમાં બે આવ્યું છે આપણે. વિસ્તારસામાન્ય અને આયતસામાન્ય. '**દ્રવ્ય અનંતગુણમય છે.**' એ દ્રવ્ય ગુણાત્મક છે એની વ્યાખ્યા છે આ. '**દ્રવ્યો અને ગુણોથી પર્યાયો થાય છે.**' એ ત્રીજો બોલ છે. '**પર્યાયો બે પ્રકારના છે :**' અહીં ટૂંકામાં પાછું નાખ્યું. '**(૧) દ્રવ્યપર્યાય; (૨) ગુણપર્યાય. તેમાં દ્રવ્યપર્યાયો બે પ્રકારના છે : (૧) સમાનજાતીય—જેમ કે દ્વિ-અણુક, ત્રિ-અણુક વગેરે સ્કંધ; (૨) અસમાનજાતીય—જેમ કે મનુષ્ય, દેવ વગેરે. ગુણપર્યાયો પણ બે પ્રકારના છે : (૧) સ્વભાવપર્યાય—જેમ કે સિદ્ધના ગુણપર્યાયો;...**' સિદ્ધના ગુણપર્યાયો લીધા અહીંયાં. સમજ્યા? બાકી અગુરુલઘુ લેવા. આ તો જયસેનાચાર્યમાં છેને. '**(૨) વિભાવપર્યાય—જેમ કે સ્વપરહેતુક મતિજ્ઞાનપર્યાય.**' મતિજ્ઞાન સ્વથી થયું છે પણ એમાં કર્મનું નિમિત્ત છે. એટલી અપેક્ષા લઈને એને વિભાવપર્યાય

મતિજ્ઞાનને કહેવામાં આવે છે.

**'આવું જિનેન્દ્રભગવાનની વાણીએ દર્શાવેલું...'** આવું જિનેન્દ્ર ભગવાન પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવે વાણીમાં દર્શાવેલું **'સર્વ પદાર્થનું દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વરૂપ જ યથાર્થ છે.'** એ જ યથાર્થ છે. **'જે જીવો દ્રવ્ય-ગુણ-પર્યાયને નહિ જાણતા થકા કેવળ પર્યાયને જ અવલંબે છે...'** ત્રિકાળી સામાન્ય દ્રવ્ય-ગુણને નથી જાણતા-જોતા અને એક સમયની અવસ્થા ઉપર જેની દૃષ્ટિ છે કે શરીર ઉપર દૃષ્ટિ છે. એમ. **'તેઓ નિજસ્વભાવને નહિ જાણતા થકા...'** પોતાનો જ્ઞાનાનંદ ત્રિકાળી આનંદ સ્વભાવને નહિ જાણતા **'પરસમય છે.'** એ મિથ્યાદૃષ્ટિ છે. એ કારણે દુઃખી છે. તો દુઃખી કોઈ બીજા કારણે છે નહિ. વિશેષ વાત આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર સુદ ૧૪, મંગળવાર, તા. ૦૩.૧૨.૧૯૬૮**
**ગાથા-૯૪, પ્રવચન-૮૪**

પ્રવચનસાર. (જ્ઞેયતત્ત્વ-પ્રજ્ઞાપન) અધિકાર. ૯૪ ગાથા. ૯૩મી ગાથામાં દ્રવ્ય, ગુણ અને પર્યાયની વ્યાખ્યા આવી ગઈ. **'હવે આનુષંગિક...'** (એટલે) ૯૩મી ગાથા સાથે સંબંધ રાખવાવાળી **'એવી આ જ સ્વસમય-પરસમયની વ્યવસ્થા (અર્થાત્ સ્વસમય અને પરસમયનો ભેદ) નક્કી કરીને (તે વાતનો) ઉપસંહાર કરે છે :—'**

जे पज्जएसु णिरदा जीवा परसमइग त्ति णिद्दिट्ठा।
आदसहावम्हि ठिदा ते सगसमया मुणेदव्वा।।९४।।

નીચે હરિગીત છે.

**પર્યાયમાં રત જીવ જે તે 'પરસમય' નિર્દિષ્ટ છે;**
**આત્મસ્વભાવે સ્થિત જે તે 'સ્વકસમય' જ્ઞાતવ્ય છે. ૯૪.**

**'અન્વયાર્થ :- જે જીવો પર્યાયોમાં લીન છે...'** પર્યાય શબ્દે અહીંયા અસમાનજાતીય દ્રવ્યપર્યાયને લેશે. આત્મા તો અરૂપી જ્ઞાનઘન ચૈતન્ય છે, એની સાથે આ શરીર જે જડ એ બે અસમાન જાત છે, એક જાત નથી. તે પોતાના દ્રવ્ય-ગુણ સ્વભાવને ભૂલી પર્યાય

દૃષ્ટિવાળો 'અસમાનજાતીય દ્રવ્યપર્યાયની ક્રિયા તે મારી છે, શરીરની ક્રિયા એ મારી છે' (એમ માનતો) એમાં એકાકાર થઈ '**તેમને પરસમય કહેવામાં આવ્યા છે;...**' તેને મિથ્યાદૃષ્ટિ કહેવામાં આવ્યા છે, એને અણાત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

જે કોઈ પોતાના સ્વરૂપની પર્યાયથી દ્રવ્ય-ગુણમાં લીન નથી આત્મસ્વભાવમાં... પછી કહેશે. આત્મસ્વભાવ જ્ઞાનાનંદ ચૈતન્ય છે એમાં સ્થિત હોય તો તો સ્વસમય આત્મા અને ધર્મી થયો કહેવાય. પણ પોતાનો સ્વભાવ જે આત્મસ્વભાવ છે જ્ઞાન ચિદાનંદ સ્વરૂપ એમાં સ્થિત નથી અને આમાં સ્થિત છે. શરીર આદિની ક્રિયામાં એનું લક્ષ કરી આ હું છું, આ ક્રિયા મારી કરું છું, શરીરની ક્રિયા એ મારી છે અથવા અંદર પુણ્ય-પાપના વિકલ્પો થાય છે એની સાથે એકત્વ થઈને એને અનુભવે છે એ પરસમય નામ અણાત્મા છે, તે મિથ્યાદૃષ્ટિ છે. કહો, શેઠી! શું થયું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ પુણ્ય-પાપ વિકલ્પ ઊઠે છે ઈ. દયા, દાન, વ્રતાદિનો વિકલ્પ ક્રિયાકાંડનો જે ઊઠે છેને? શુભ-અશુભ વૃત્તિઓ, શુભ-અશુભ રાગ એ મારી ક્રિયા છે અને એ મારું સ્વરૂપ છે એમ માનીને તેને અનુભવે છે તે મિથ્યાદૃષ્ટિ આત્મા નહિ પણ અનાત્મા છે ઈ.

'**જે જીવો આત્મસ્વભાવમાં સ્થિત છે...**' જે જ્ઞાનાનંદ ચૈતન્યસ્વભાવ વસ્તુ અને વસ્તુનો સ્વભાવ જ્ઞાનાનંદ એમાં સ્થિત છે '**તે સ્વસમય જાણવા.**' તે ધર્મી જાણવો. તે આત્માના શુદ્ધ સ્વરૂપમાં લીન તે આત્મા ખરેખર જાણવો. સમજાય છે કાંઈ? એટલે ટૂંકી વ્યાખ્યા કરી છે આમાં. પછી વિસ્તાર ટીકા કરશે. આ તો શબ્દાર્થ કર્યો.

હવે એની '**ટીકા :- જેઓ જીવપુદ્‌ગલાત્મક અસમાનજાતીય દ્રવ્યપર્યાયનો—**' દેખો! આ આત્મા છે એ સ્વજાત છે અને આ શરીર પુદ્‌ગલસ્વરૂપ જે શરીર છે એ પરસ્વરૂપ છે. આ શરીર આખું. '**જીવપુદ્‌ગલાત્મક અસમાનજાતીય દ્રવ્યપર્યાયનો...**' એક જાત નથી બે. આ તો ભિન્ન છે. અનંતા રજકણનો પિંડ આ તો પરમાણુનો પિંડ છે. પુદ્‌ગલ જડની અવસ્થાવાળું આ શરીર છે, ભગવાન ચૈતન્ય અરૂપી જ્ઞાનઘન છે. એ જીવ અને પુદ્‌ગલ સ્વરૂપ બે ભેગા એક અસમાનજાતીય '**દ્રવ્યપર્યાયનો—કે જે સકળ અવિદ્યાઓનું એક મૂળ છે...**' જુઓ હવે શું કહે છે? જડની પર્યાય શરીરની, આ હું કરું છું અને એ ક્રિયા મારી છે, પરની દયા પાળું છું એ આ શરીર જે થયું એનાથી પર બચ્યો, એ ક્રિયા મારી છે એવી જે ક્રિયાને પોતાની માનનાર એ સકળ અવિદ્યાઓનું એક મૂળ છે. મિથ્યાત્વનું એક મહામૂળ છે. કહો, સમજાય છે કાંઈ?

'**જે સકળ અવિદ્યાઓનું એક મૂળ છે...**' ભગવાન ચૈતન્યમૂર્તિ અરૂપી અનંતગુણસંપન્ન એની પર્યાય નિર્મળ એવો આત્મા અને આ શરીર આદિ પરવસ્તુ શરીર એકસાથે છે. અને એકસાથે આ શરીરની જે ક્રિયા થાય, હલવાનું, ચાલવાનું, બોલવાનું એ ક્રિયાઓ અને અંદરમાં

પુણ્ય-પાપના વિકલ્પ થાય એ મારા છે એવી જે માન્યતા, એ બધી અજ્ઞાનનું મહા મૂળ છે.

જ્ઞાનતત્ત્વ છેને આ. જ્ઞાનતત્ત્વ એવો જે આત્મા સ્વભાવ, જ્ઞાનસ્વરૂપ ચૈતન્યસૂર્ય એના સિવાય અસમાનજાતીય દ્રવ્ય આદિ આ પુદ્ગલ અને આ અસમાનજાતીય પુણ્ય-પાપ પણ ખરેખર તો એની જાત છે નહિ, એ મારા, એ હું અને એ મારા. જયસેનાચાર્યે તો બે અર્થ કર્યા જુઓ! '**मनुष्यादिपर्यायरूपोऽहम**' છેને? પહેલી લીટી છે. ૧૬૯, ૧૬૯ પાને. અને '**मनुष्यादिशरीरं तच्छरीराधारोत्पन्नपञ्चेन्द्रियविषयसुखस्वरूपं च ममेति**' સંસ્કૃત છે. સંસ્કૃત આવડે છેને? સંસ્કૃત નહિ? ત્યારે પ્રોફેસર શેના થયા? સંસ્કૃત ન આવતું હોય અંગ્રેજીમાં? બસ, પ્રોફેસર એમને એમ થઈ જતા હશે? બીજા હશે. ઠીક એમ કરીને બચાવ કર્યો. અંગ્રેજીના પ્રોફેસર. ઠીક. અંગ્રેજીમાં થાય એ સંસ્કૃતવાળા ન થાય? ઠીક. કહો, સમજાણું કાંઈ? અને આ તો સાદી ભાષા સંસ્કૃત જુઓ! આ બાજુ છે. ૧૬૯ પાને વચમાં. વચમાં ઝીણા અક્ષરવાળું છેને ઝીણા. '**तथाहि मनुष्यादिपर्यायरूपोऽहमित्यहङ्कारो भण्यते,..**' આ મનુષ્યશરીર તે હું છું. આત્મસ્વભાવ શુદ્ધ ચિદાનંદ હું છું એમ ન માનતા મનુષ્યશરીર તે હું. ક્યાંક પોતાનું હોવાપણું તો માનવું પડેને? જ્યારે જ્ઞાનાનંદ સ્વભાવ આત્મા છે એવો પોતાની સત્તાનો સત્‌નો સત્‌સ્વભાવ એ ભાસ્યો નહિ, તેથી આ શરીરનો સ્વભાવ તે હું છું એવો અહંકાર અને '**मनुष्यादिशरीरं तच्छरीराधारोत्पन्नपञ्चेन्द्रियविषयसुखस्वरूपं**' એ પાંચ ઈન્દ્રિય સંબંધની કલ્પના મને આ સુખી છું, આ સુખી, પાંચ ઈન્દ્રિય સંબંધીમાં મને ઠીક છે એવી જે સુખબુદ્ધિ, પરમાં સુખબુદ્ધિ, એ મારા છે એ મિથ્યાદૃષ્ટિનું લક્ષણ છે. મિથ્યા નામ જૂઠી બુદ્ધિ છે એની. અસત્યબુદ્ધિ છે, પાપબુદ્ધિ છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા વસ્તુ છે અને જ્ઞાનાનંદ સચ્ચિદાનંદ શુદ્ધસ્વરૂપ વીતરાગ પિંડ આત્મા છે. એમાં સ્થિત ન થતાં અસમાનજાતીય એવું શરીર અને આ હું અને એનાથી ઉત્પન્ન થતાં વિકલ્પો અંદર આ સુખબુદ્ધિ. વિષયોમાં સુખબુદ્ધિ, શબ્દમાં, રૂપમાં, ગંધમાં, રસમાં, સ્પર્શમાં એ શરીરને આધારે ઉત્પન્ન થતું કે આ મને ઠીક છે, આ ભોગમાં મને ઠીક પડે છે, મઝા પડે છે, રૂપ સાંભળવામાં ઠીક પડે છે, આબરૂ મને સાંભળવામાં ઠીક પડે છે એવી જે પંચેન્દ્રિયને આધારે ઉત્પન્ન થતી કલ્પના સુખબુદ્ધિ એ મારી છે, એ હું છું-એને મિથ્યાદૃષ્ટિપણું સકળ અવિદ્યાનું મૂળ એ કહે છે. સમજાણું કાંઈ?

'**જે સકળ અવિદ્યાઓનું એક મૂળ છે...**' આહા..હા..! '**તેનો—આશ્રય કરતા થકા...**' તેનો આશ્રય કરતા થકા અને તેમાં જ બળ ધારણ કરે છે. એમ સાથે લઈ લેવું એમાં. સમજાણું કાંઈ? શું કહે છે? આ તો અધ્યાત્મ શાસ્ત્ર છે. ઘણા અંતરના રહસ્ય ખોલ્યા છે. ભગવાન આત્મા વસ્તુ છેને પોતે. ચૈતન્ય પદાર્થ છે. અસ્તિ છે અને એ અસ્તિ સત્ છે તે અણુત્પન્ન છે અને અવિનાશી છે અને તેથી તેનો સ્વભાવ જ્ઞાનાનંદ પણ અણુત્પન્ન છે અને અવિનાશી છે. એવા આત્માના જ્ઞાનાનંદ સ્વભાવમાં દૃષ્ટિ કરીને સ્થિર ન થતાં એનાથી

વિરુદ્ધ જે અસમાનજાતિ અને પંચેન્દ્રિયના સંબંધે ઉત્પન્ન થતી કલ્પના સુખબુદ્ધિ, એ સુખ મારું, આ હું એનો અથવા એ મારા એવો જે મિથ્યાત્વભાવ એ '**સકળ અવિદ્યાઓનું એક મૂળ છે તેનો—આશ્રય કરતા થતા યથોક્ત આત્મસ્વભાવની સંભાવના કરવાને નપુંસક હોવાથી...**' એટલું વચ્ચે નાખીને આ નાખે છે. જેવો આત્મા જ્ઞાનાનંદ સ્વભાવ છે. શુદ્ધ ચૈતન્યમૂર્તિ એવો આત્મસ્વભાવની સંભાવના. '**સંભાવના=સંચેતન; અનુભવ; માન્યતા; આદર.**' ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવી આનંદસ્વભાવી સ્વભાવવાન એનો આદર ન કરતા એના તરફનું સંચેતન-સમ્યક્ પ્રકારે સ્વરૂપ તરફ ચેતવું, અનુભવવું, માન્યતા એને કરવાને '**નપુંસક હોવાથી...**' ભાષા દેખો!

ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યપિંડ પ્રભુ, વીતરાગી વિજ્ઞાનનો ઘન સર્વજ્ઞ પરમેશ્વરે જોયો, કેવળજ્ઞાની પરમાત્માએ પર્યાયમાં પ્રગટ કર્યો અને એવા આત્મા છે બધા. એવો જે આત્મા, આનંદનું દળ છે એ આત્મા. આનંદ અને જ્ઞાનનું દળ પિંડ છે. એનો અનુભવ અને એની માન્યતા, એનો આદર અને એનો સ્વાશ્રય (કરવું) છોડી દઈને એની સંભાવના કરવાને નપુંસક છે. આહા..હા..! કહો, શેઠી! આહા..હા..! આચાર્યે ક્લીબ, ક્લીબ કહ્યું છેને? ક્લીબ છે. જુઓ! '**क्लीब**' સંસ્કૃત છે. બીજી લીટી છે. ક્લીબ છે, નપુંસક છે, પાવૈયો છે, હીજડો છે. આહા..હા..! શું કહે છે? ભગવાન આત્મા આનંદસ્વભાવી પ્રભુ એનો અનુભવ કરવાને નપુંસક છે અને રાગાદિ ક્રિયા, દયા, દાન, વ્રતાદિની ક્રિયા ને શરીરની ક્રિયા એ પોતાની માનવામાં બળ ધારણ કર્યું. જુઓ! ઓલામાં નપુંસક છે તો અહીં બળ ધારણ કરે, એમ ગુલાંટ ખાય છે વાત. આહા..હા..! સમજાણું કાંઈ?

વસ્તુ છેને આત્મા? પદાર્થ છે અને પદાર્થ છે તે સત્ છે અને સત્ છે તે શાશ્વત છે. અને છે એ શાશ્વત તો એનો સ્વભાવ જ્ઞાન અને આનંદ પણ શાશ્વત છે. એમાં અંતર અનુભવ કરવાને, આદર કરવાને, માન્યતા કરવાને, આ હું છું એવો અનુભવ, માન્યતા બધી એક દશા છે એને કરવાને વીર્ય જેનું નપુંસક છે. આહા..હા..! અને આ શરીરાદિની ક્રિયા અને પુણ્ય-પાપના પરિણામ મારા, જે મહા અવિદ્યા અને અજ્ઞાનનું મૂળ છે એનો આશ્રય કરતા થકાં '**તેમાં જ બળ ધારણ કરે છે...**' પુરુષાર્થની ગતિ ત્યાં જ વાપરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? શરીરની પર્યાયને આમ કરું અને આનું આમ કરું, આને આમ કરું અને એને આશ્રયે થતાં પુણ્ય-પાપના વિકલ્પોમાં બળ વાપરે છે. ખૂબ જોર કરે છે. શુભાશુભ પરિણામમાં જેટલું એનું જોર છે (તેટલું) તેમાં વાપરે છે કહે છે. એ સ્વભાવના પુરુષાર્થને માટે તો નપુંસક છે. સમજાય છે કાંઈ?

સ્વભાવ શુદ્ધ ચૈતન્ય છે. આ જ્ઞાનતત્ત્વ છેને. આ જ્ઞેયતત્ત્વ છે. જ્ઞાનમાં જણાય એવું જ્ઞેયતત્ત્વ છે. તો જ્ઞાનતત્ત્વનું સ્વરૂપ એવું છે કે જે જ્ઞેય છે તેને જાણે. જ્ઞેય છે એને પોતાના માને એવું સ્વરૂપ નથી. તો રાગાદિ, વિકલ્પાદિ, શરીરાદિ જ્ઞેય છે. એ જ્ઞાનનું સ્વરૂપ નથી,

પણ એ જ્ઞેયસ્વરૂપમાં રહેવાને, સ્વરૂપમાં ઠરવાને, અંતર્મુખ થવાને નપુંસક છે. બહિર્મુખ જ્ઞેય જે છે વિકલ્પ પુણ્ય-પાપ અને શરીરની ક્રિયા તેનો આશ્રય કરીને બધું બળ ત્યાં વાપરે છે. કહો, સમજાય છે કાંઈ? કેટલી રીતે ટીકા કરીને તત્ત્વને સ્પષ્ટ કર્યું છે!

યથોક્ત નામ ઉપર કહ્યા તેવા આત્માના સ્વભાવની... આત્મસ્વભાવની વાત છે હોં! એમાં વિકલ્પ અને પુણ્યની વાત નથી. ભગવાન આત્મા જ્ઞાન અને આનંદ જેનો સ્વભાવ. વસ્તુ છેને? અને જેનો સ્વભાવ હોય એ વિકૃત હોઈ શકે નહિ. વિકૃત તો પછી પર્યાયમાં અવસ્થામાં પરલક્ષી થઈને વિકૃત થાય છે. વસ્તુ અને વસ્તુનો સ્વભાવ વિકૃત હોઈ શકે નહિ. કેમકે વિકૃત (હોય) એ ટળી શકે છે અને સ્વભાવ કોઈ દિ' ટળતો નથી. તેથી વિકૃત દશામાં હોય છે, એના વસ્તુ અને વસ્તુના સ્વભાવમાં હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! એવા આત્મસ્વભાવની સંભાવના-એકાગ્રતા, ભાવના નામ પુરુષાર્થની ગતિ ત્યાં કરવી એમાં નપુંસક છે, ત્યાં વીર્ય કામ કરતું નથી. એ ત્યાં ગતિ કરવી એ કામ કરતું નથી. આહા..હા..! જુઓ એક આચાર્યોની કરુણાની બુદ્ધિના શબ્દો! અરે..! ભગવાન! તારા ઘરમાં આવવાને નપુંસક, ત્યાં તારું બળ કામ ન કરે અને તારું બળ રાગ ને પુણ્ય-પાપના પરિણામની ક્રિયામાં, દેહની ક્રિયામાં હું કરું એવા અભિમાનમાં કામ કરે, ભગવાન! તું નપુંસક છો કહે છે. આહા..હા..! કહો, ભગવાનજીભાઈ! મોટા મોટા કામ કરે છેને? આમ કરીએ, શરીરથી આમ કરીએ, ફલાણાથી આમ કરીએ. શરીરના બળમાં પોતાનું બળ માને. આ તો જડની અવસ્થા છે.

મુમુક્ષુ :- શરીરના બળ વગર ..

ઉત્તર :- ધૂળેય થાતું નથી. મૂર્ખાઈનું પ્રદર્શન કરે છે એ. શરીર અનુકૂળ હોય તો આપણે સામા સામેં ઝુંઝી શકીએ, પ્રતિકૂળ કરનારા આવે તો. એનો અર્થ શું ભગવાન? શું છે ભાઈ! શરીરની અવસ્થા એ તો જડની પર્યાય છે. એનાથી પરમાં ઝુંઝવું એમ વસ્તુ જ ક્યાં છે? પોતે ભગવાન આત્મા વિકલ્પની, પુણ્ય-પાપની વૃત્તિઓને છોડી અને પોતાનો સ્વભાવ છે તેમાં અનુભવ દૃષ્ટિ કરે તો તે વાસ્તવિક ધર્મ અને તત્ત્વનો આદર અને જેવું સ્વરૂપ છે તેવો એણે સત્કાર ને આદર અને તે સ્વરૂપમાન્યતાને પામ્યો. સમજાણું કાંઈ? એવા સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન અને અનુભવને પ્રાપ્ત ન કરતા, બળનું બધું પરનો આશ્રય કરીને બળ ત્યાં વાપરે છે. જુઓ! માસ માસખમણના પારણા, મહિના મહિનાના અપવાસ. બળ ત્યાં બધું જોર કરે છે. શેઠી! આ પાંચ-પચ્ચીસ લાખ અમે રળ્યા, અમે આમ બહુ .. કરી, બહુ સાવધાનીથી કર્યું, વ્યવસ્થાથી કામ લીધું ત્યારે આ મળ્યું. શું છે? નપુંસક છો? જાધવજીભાઈ! પૈસામાં ધ્યાન રાખ્યું ત્યારે આ પાંચ-દસ લાખ ભેગા થયા છે. વ્યાજ ઊપજાવતા આવડવા જોઈએ. મૂઢ જેવા બેઠા હોય તો એને આવડે? દુકાને બેસાડો જોઈ. સમજાણું? બોકડા જેવાને. પૈસા-બૈસા ઊપજાવી શકશે? ... ડાહ્યો હોય તો. મૂઢ છો હવે સાંભળને. જડને ઊપજાવે કોણ? અને એમાં વિકલ્પ ઉઠે એનું ત્યાં બળ વાપર તો પાવૈયો છો કહે છે. આહા..હા..! આચાર્ય

તે પણ... એ આવે છેને ભાઈ! સ્વરૂપની રચના રચે તે વીર્ય કહેવાય. એમ આવે છેને? વીર્યની શક્તિનું વર્ણન. એ આત્મ-પ્રસિદ્ધિ આપ્યું છેને એમાં આવશે. વીર્ય એને કહીએ કે સ્વરૂપની રચના કરે. આનંદ જ્ઞાનાનંદ સ્વરૂપની રચનાનું પરિણમન કરે તેને વીર્ય કહીએ. એને વીર્ય કહીએ, એને પુરુષાર્થ કહીએ અને એને પુરુષાર્થી કહીએ. સમજાણું કાંઈ? આહા..હા..!

ભગવાન આત્મા એમાં એક વીર્ય નામનો ગુણ છે આત્મામાં. જેમ જ્ઞાન, આનંદ એવો ગુણ એવો વીર્ય ગુણ છે. એ ગુણનું સ્વરૂપ શું? કે એ ગુણ પોતાના શુદ્ધ સ્વભાવની પરિણતિને રચે એ એનો ગુણ છે. શુદ્ધ સ્વભાવની રચના કરે એ એનો ગુણ છે. રાગની રચના કરવી એ એનો ગુણ નથી, અને પરની રચના કરવી એ તો એની પર્યાયમાં પણ નથી. શરીરની અવસ્થા આમ હલવવી, આમ બરાબર જોર કર્યું, બરાબર બીજાને માર્યા અને બીજાને હરાવ્યા, આપણે જય મેળવ્યો. ઓહો..હો..! ભગવાન! જય તો તારા આત્મા સાથે મેળવવાનો છે કે પર સાથે? આહા..હા..!

ભગવાન પોતે ચૈતન્યમૂર્તિ છેને. એના સ્વભાવમાં—દરબારમાં તો જ્ઞાન અને શાંતિ પડી છે. એમાં પુરુષાર્થ કરીને એનું બળ ત્યાં વાપરતા જે સ્થિરતા અને શાંતિ થાય એનું નામ ધર્મ છે. સમજાણું કાંઈ? એમ ન વાપરતા તેનો આશ્રય-પરનો આશ્રય (કર્યો અને) સ્વનો આશ્રય છોડ્યો અને સ્વમાં એકાગ્ર થવાને નપુંસક (થયો). એમ બે વાત લીધી. સ્વનો આશ્રય નહિ કર્યો અને પરનો આશ્રય કર્યો. એક વાત. પોતાના પુરુષાર્થ કરવા માટે નપુંસક અને પરમાં બળ વાપર્યું. બે વાત આમ થઈ. સ્વનો આશ્રય ન કર્યો અને પરનો આશ્રય કર્યો. સ્વનો પુરુષાર્થ ન કર્યો અને પરમાં પુરુષાર્થ કર્યો. ચાર વાત લીધી. સમજાણું કાંઈ? આહા..હા..!

સ્વભાવનો સાગર ચૈતન્યમૂર્તિ વસ્તુ છેને, પદાર્થ છેને. એક પરમાણુ પણ પદાર્થ છે તેમાંથી વર્ણ-ગંધ આદિની પર્યાય પ્રવહે છે જુઓને આ બધી. આ અવસ્થા શું આત્મા કરે છે? લ્યો! દાળ-ભાતમાંથી આ થઈ જુઓ! એક પરમાણુની પર્યાય. પરમાણુ છે એ પોતે થયા છે એમાં. એ આત્મા કરે છે એને? પરમાણુમાંથી આવે છે. એમ આત્મામાં જ્ઞાન ને આનંદ છે એમાંથી એની પર્યાય આવવી જોઈએ. એની અંતર દૃષ્ટિ કરી અને એની પર્યાય (આવે) એ આત્માની પર્યાય છે. આ શરીરની પર્યાય અને રાગાદિની પર્યાયને પોતાની માની અને પુરુષાર્થ સ્વમાં ખોઈ, સ્વનો આશ્રય છોડી, સ્વનો પુરુષાર્થ છોડી, પરનો આશ્રય કરી પરમાં પુરુષાર્થ ફોરવે છે.

'**(અર્થાત્ તે અસમાનજાતીય દ્રવ્યપર્યાય પ્રત્યે જ જોરવાળા છે),...**' એ જડના જોરવાળા છે એમ કહે છે. જડનું કરી શકવાનો પ્રશ્ન નથી હોં! એમાં એનું બળ વાપરે છે. આમ કરું ને આમ કરું.. આમ કરું... કહો, સમજાણું કાંઈ? આ બધા કારખાના-બારખાના અત્યારે તો બહુ ચાલ્યા છે જુઓને. ગામોગામ નથી કારખાના? એ બધી હુશિયારીથી ચાલતા હશે કે નહિ?

મુમુક્ષુ :- નથી ચાલતું.

ઉત્તર :- નથી ચાલતું? (હુશિયારી) ક્યાંય ચાલતી નથી પરમાં. એ મૂર્ખ છે કહે છે. પરમાં હુશિયારી ચાલે, ક્યાંય પણ પરમાં પુરુષાર્થ ચાલે (એમ માનનાર) તદ્દન મૂઢ છે.

મુમુક્ષુ :- ક્યાંક ચાલે અને ક્યાંક ન ચાલે.

ઉત્તર :- મૂઢ છે એ તો. કાંઈક ચાલે, ન ચાલે એવું હોય? એ બધે ચાલે અને કાં બધે ન ચાલે એમ બે હોય. આત્મામાં બધે ચાલે અને પરમાં જરીએ ચાલે નહિ. પરદ્રવ્ય સ્વતંત્ર વસ્તુ છે કે નહિ આ? અને સ્વતંત્ર છે તો એ દ્રવ્ય છે, વસ્તુ છે અને વસ્તુ વહે દ્રવે છે, દ્રવે છે પર્યાયમાં ક્ષણે ક્ષણે. એમાં એ તો દ્રવ્યની શક્તિ એનું વીર્ય છે, એ પરમાણુનું વીર્ય છે. આત્માનું વીર્ય ત્યાં કામ કરે છે? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ તો સાદી ભાષા. આજ ક્યાં ઓલી એવી છે અત્યારે. શેઠી! અસમાન પોતે જાત એક નથી. સમજાણું?

‘**(અર્થાત્ તે અસમાનજાતીય દ્રવ્યપર્યાય પ્રત્યે જ જોરવાળા છે), તેઓ—જેમને નિરર્ગળ એકાંતદૃષ્ટિ ઊછળે છે...**’ ભાષા જુઓ હવે અહીંયાં આ ખુબી. ‘**તેઓ—જેમને નિરર્ગળ...**’ ‘**અંકુશ વિનાની; બેહદ. (જેઓ મનુષ્યાદિ પર્યાયમાં લીન છે, તેમને બેહદ એકાંતદૃષ્ટિ ઊછળે છે.)**’ એટલે જુઓ શું કીધું? અનેકાંત દૃષ્ટિ તો એને કહીએ કે જે સ્વભાવ તરફ ઢળે અને વિકાર તરફ ન ઢળે. સ્વજાતમાં પુરુષાર્થથી ઢળે અને પરમાં ન ઢળે એ અનેકાંત છે. અને આ રાગમાં ને શરીરની ક્રિયામાં એકાંત ઢળ્યો એ એકાંત દૃષ્ટિ છે કહે છે. મિથ્યા એકાંત મિથ્યાદૃષ્ટિ છે. આ એકાંત દૃષ્ટિ છે. આહા..હા..! શુભ-અશુભ પરિણામ એને કરવા રોકાય છે અને આ સ્વભાવને કરતો નથી એ એકાંત દૃષ્ટિ છે. સ્વભાવના સન્મુખ થઈને સ્વભાવને કરે અને રાગને કરે નહિ એ અનેકાંત દૃષ્ટિ છે. કહો, સમજાણું કાંઈ? સ્વભાવ શુદ્ધ ચૈતન્ય છે તેની દૃષ્ટિ કરે અને રાગમાં દૃષ્ટિ કરે નહિ એનું નામ અનેકાંત દૃષ્ટિ છે. આ પોતાની અસ્તિ થઈ અને પરની નાસ્તિ થઈ. એટલા થોડા શબ્દે કામ નહિ ચાલે, વિસ્તાર કરો એમ કહે છે.

કહ્યુંને, કે ભગવાન આત્મા વસ્તુ છેને. તો એમાં શક્તિઓ વીર્ય, જ્ઞાન આદિ વસેલી છેને. તો એ શક્તિ તરફનું વલણ છે અંતરનું એ તો અનેકાંત દૃષ્ટિ થઈ. સ્વભાવ તરફ છે અને વિભાવ તરફ નથી. સ્વ તરફ છે અને પર તરફ નથી એવો અનેકાંત દૃષ્ટિ એને કહીએ. તો એવું અનેકાંતપણું ન કરતા પુણ્ય-પાપના વિકલ્પ અને શરીરની ક્રિયામાં બળ વાપરે છે એ તદ્દન મિથ્યાદૃષ્ટિ એકાંત છે. આખો આત્મા ભૂલી જાય છે એમ કહે છે.

મુમુક્ષુ :- એમાં એકાંત શું થયું?

ઉત્તર :- એકાંત થઈ ગયુંને? એક જ પક્ષ થઈ ગયો એને. આત્મા તરફનો સ્વભાવ

રહી ગયો. અહીં એકાંતમાં જોડાઈ ગયો. ઓલો તો સ્વભાવમાં આવ્યો અને વિભાવપણે થયો નહિ તો એનું નામ અનેકાંત છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ખતમ હો જાતી હૈ મૂઢ થઈને. મફતનો હીરા-માણેકનું આ કર્યું. મફતનો હેરાન થઈ ગયો એમ કહે છે. નવરંગભાઈ! આહા..હા..! વાણિયા બધા વેપાર આમ કર્યોને આમ કર્યો. કુશળ-કુશળ. પરના કામ કરવાને કુશળ એ માને છે એ, કહે છે કે એ મોટા એકાંત દૃષ્ટિ મૂઢ જીવ છે. આહા..હા..! ભારે વ્યાખ્યા ભાઈ! એ જાતના ઘર ચૈતન્યમૂર્તિ આનંદ સત્ શાશ્વત જ્ઞાનાનંદ છે એમાં પુરુષાર્થ કરતો નથી. જેનો પુરુષાર્થ તેનો પુરુષાર્થ કરતો નથી, જેમાં પુરુષાર્થ છે તેમાં પુરુષાર્થ કરતો નથી. રાગના પુરુષાર્થ શું? ઊંધો પડ્યો એ તો. આહા..હા..! સમજાય છે કાંઈ? આ તત્ત્વને સમજવું મહાપુરુષાર્થ છે. જગતની આખી ચીજોથી ભિન્ન ભગવાન આત્મા છે.

કહે છે, એ નિરર્ગળ. આગળિયો નથી એને. અંકુશ વિના. આગળિયો એટલે અંકુશ નહિ. નિરર્ગળ છેને? અંકુશ વિનાની એકાંત દૃષ્ટિ ઊછળે છે. મિથ્યાદૃષ્ટિ ઉત્પન્ન થાય છે. ભગવાન આત્મા ચૈતન્યસ્વભાવ સહજાનંદની મૂર્તિ પ્રભુ છે. એમાં પુરુષાર્થ કરવાને નપુંસક છે અને એ રાગાદિની ક્રિયા અને પુણ્યાદિની ક્રિયામાં બળ—જોર વાપરે છે. જે મનુષ્યવ્યવહાર છે એ બધો. એ મનુષ્યવ્યવહાર છે, આત્મવ્યવહાર નહિ. સમજાણું કાંઈ?

'**એવા—આ હું મનુષ્ય જ છું,...**' લ્યો! હું તો આ મનુષ્ય જ છું, આ મનુષ્ય હું છું. '**મારું જ આ મનુષ્યશરીર છે...**' એમ લીધું છે આમાં. ઓલામાં સુખબુદ્ધિ મારી એમ લીધું હતું. '**આ હું...**' આ શરીરની પર્યાય તે હું. અને '**મારું જ આ મનુષ્યશરીર છે...**' હું એ અને એ મારું એમ છે. '**એમ અહંકાર-મમકાર વડે...**' હુંપણું અને મારાપણું. જુઓ આની વ્યાખ્યા આ ઠેકાણે આ છે. સમજાણું કાંઈ? '**અહંકાર-મમકાર વડે ઠગાતા થકા,...**' ઠગાય છે એ. જે એનું નથી તેને માને છે અને જે પોતાનું છે તેને માનતો નથી. ઠગાણો છે. ભગવાન જ્ઞાનાનંદસ્વરૂપ છે તેનાથી ઠગાઈ ગયો. જે નથી પોતાનું એને પોતાનું માને છે. કહો, સમજાણું?

'**અહંકાર-મમકાર વડે ઠગાતા થકા,...**' જુઓ! આમાં કર્મ વડે ઠગાતા થકા એમ નથી આમાં. કે કર્મનું જોર આવ્યું માટે ઠગાય છે એમ નથી. આહા..હા..! હું આ જે એ નથી અને એ મારા મારામાં આવતા નથી, છતાં એ હું એ મારા, શરીરની અવસ્થાની ક્રિયા બરાબર ધારું તે પ્રમાણે વાળું, મારી ધારણા હોય, જુઓ ઈચ્છા હોય કે મારે શરીરને આમ લાવવું છે તો એમ જ લાવું. કહો, એમ થઈ જાય છેને એને? આંગળી છે, આમ કરવી છે તો એમ જ કરી શકાય, આમ કરવી હોય તો એમ જ કરી શકાય. આહા..હા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- બોલી શકાતું નથી એમ કહે છે અહીં. ધ્યાન રાખીને બોલાતું નથી. ધ્યાન એની પર્યાયમાં, બોલવું એ શરીરની પર્યાયમાં. આમ આમ રોટલી કરે લ્યો! આ ફટ ફટ દાળ, ભાત.. આ પર્યાય તો જડની થાય છે. આત્માની ઈચ્છાને અનુસારે નથી. પણ એ માને છે કે એ હું છું, એ મારા છે તો હું કરી શકું છુંને? એ મારા છે તેમ થાયને?

મુમુક્ષુ :- દેખાય છે.

ઉત્તર :- ધૂળેય દેખાતું નથી. માને છે મૂઢ. આમ.. થઈ જાય કેટલાકને ખબર છે? શિયાળામાં અને આ વૃદ્ધાવસ્થામાં કાંઈક શરીર નબળું હોય તો આમ ઠરડાઈ જાય છે. થઈ રહ્યું ઠરડાઈ જાય ત્યારે એ ક્યાં એની ક્રિયા થઈ. એની ઈચ્છા નહોતી ઠરડાવાની. એ તો આમ કરે તો આમ ઠરડાઈ જાય ઠંડા પાણીમાં.

મુમુક્ષુ :- એ તો અપવાદ છે.

ઉત્તર :- અપવાદ એટલે દોષ. સિદ્ધાંત એને કહીએ કે ત્રણે કાળમાં તે કરી શકે. કોઈ કાળે તે ન કરી શકે એવું હોઈ શકે નહિ. સિદ્ધાંત અને નિયમ કોને કહીએ? હર સમયે જે કરવા માગે તે કરી શકે એનું નામ સિદ્ધાંત. તો કોઈ સમયે આ નથી કરી શકતો તો એનો અર્થ કે કોઈ કાળે પણ કરી શકતો નથી. કહો, જાધવજીભાઈ! થાય છે કે નહિ એમ? ઠંડી બહુ હવા લાગી હોય અને ઉઘાડું રહ્યું હોય, પછી આ મોજા-બોજા નાખે આંગળામાં ને ઢીકણામાં ફીકણામાં. છેને? આંગળાના મોજા થાય છે. ગરમ નાખેને. તોપણ એમાં બહુ ઠંડી આવે તો હા.. હા.. થઈ જાય. અને ઘરડું શરીર થઈ જાય એટલે ઠરડાઈ જાય. આ શું કહેવાય? પગમાં ખાલી ચડી જાય ઊભા થતાં. એ હમણા નહિ ચલાય. હમણા નહિ ચલાય તો પહેલું ચાલતો હતો એ તું નહિ અને રોકાણો એ તું નહિ. શરીરની અવસ્થા રહી તારાથી એમ નહિ અને ચાલતી હતી તારાથી એમ નહિ. કહો, ગોટલા ચડે છેને ગોટલા? નવરંગભાઈ! પાતળા શરીરવાળાને બહુ ગોટલા ચડે. ગોટલા કડક થઈ જાય. એવું અંદર નડે. હોય છેને આ શું કહેવાય? કોલેરા. કોલેરામાં ગોટલા એવા ચડે. એક કોર ઝાડા અને એક કોર ગોટલા. અને એ ગોટલાની એવી પીડા લાગે, અહીં અમથી સાધારણ થાય તો સરખું.. અને એના ગોટલા ઉપર ગોટલા, ગોટલા ઉપર ગોટલા. ઓહો..હો..! રાડે રાડ. એક કોર ઝાડા અને એક કોર આ. કોણ કરે છે? ભાવ છેને એને રોકવાનો કે....નો?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળ. માંસ ખાય ને પચી જાય છે અને મોસંબી ખાય એને પચતું નથી. એની ક્યાં ક્રિયા છે એ? આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- લેક્ચર જડની પર્યાય છે. હું કરું છું એ મૂઢ છે એમ કહે છે અહીં. લેક્ચર કોની ભાષા છે? એ તો જડની અવસ્થા છે. એ જડની અવસ્થા મેં કરી અને એ મારા.

મારા માટે વ્યવસ્થાપૂર્વક થાય છે. એમ.

મુમુક્ષુ :- જડને ખબર છે કે કેમ બોલવું?

ઉત્તર :- જડને ખબર નથી? બરાબર ખબર એટલે જ્ઞાન નથી એનામાં, પણ સ્વપર વાર્તા કહેવાની શક્તિ નથી એમાં? ભાષામાં સ્વપર કહેવાની શક્તિ છે. ખબર નથી. જ્ઞાન જો હોય તો બધા તત્ત્વ જ્ઞાનવાળા કહેવાય. તો કોઈ જડતત્ત્વ હોઈ શકે નહિ. ભાષામાં-પરમાણુઓમાં સ્વપર કહેવાની શક્તિ છે. જાણવાની શક્તિ નહિ. જાણવાની આત્મામાં છે. સ્વ-પરને જાણવાની શક્તિ આત્મામાં, સ્વ-પર કહેવાની શક્તિ ભાષામાં.

મુમુક્ષુ :- જાણનાર..

ઉત્તર :- હા, બસ એ જ કહે છે લ્યો! જાણનારો ભાષાનું કામ લઈ લે. મૂઢ છો કહે છે. પણ હતું કે દિ' એનું?

મુમુક્ષુ :- પોતાનો અધિકાર...

ઉત્તર :- અધિકાર પોતાના સ્વરૂપમાં અધિકાર હોય કે પરમાં એનો અધિકાર હોય? કહો, સમજાણું કાંઈ? ઉપદેશ આપીએ તો આપણને ધર્મનો લાભ થાય. એમ માનનારા જૈનમાં છે. ઉપદેશથી આપણને લાભ થાય. કોઈને પરાણે ન કહેવું કે આની હિંસા ન કરીશ કે આમ... પણ ઉપદેશ દેવો કે ભાઈ આમ ન હોય, આમ હોય. એ ઉપદેશ દઈએ તો આપણને નિર્જરા થાય. અજ્ઞાન થાય સાંભળને! એ તો વાણી જડની પર્યાય છે. આહા..હા..! કોનાથી લાભ થાય છે? કહાં સે હોતા હૈ? પરસે લાભ હોતા હૈ યા અપને કો હોતા હૈ? કહાં સે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોઈ નહિ. ઉસકી પર્યાયસે લાભ ઉસકો હોતા હૈ, ભાષા સે નહિ. આહા..હા..!

જેના હોવાપણામાં પોતે નથી એના હોવાપણાનો અધિકાર કરે, રાખે, કહે છે કે ભાઈ! તારું વીર્ય હણાઈ ગયું છે તારે માટે. અહીં તારો આશ્રય પરમાં અને બધું બળ તારું ત્યાં વપરાય છે, ભાઈ! ત્યાં તો તારી દશા હીણી થઈ જાય છે. તારા આત્માની દશામાં હિંસા થાય છે. આહા..હા..! ચૈતન્ય જાગૃત જ્યોત જ્ઞાતા-દૃષ્ટા એને કામમાં લઉં, આ બધી ચીજો અનુકૂળ છે માટે એને કામમાં લઉં એ માન્યતા મૂઢ છે માન્યતા. તારા જીવને હણી નાખે છે ચૈતન્યની દશામાં.

મુમુક્ષુ :- એનું નામ હિંસા?

ઉત્તર :- એનું નામ હિંસા છે. પરની હિંસા કોણ કરી શકે છે? પરનું તો આયુષ્ય હોય તે પ્રમાણે જીવે અને આયુષ્ય ન હોય તો દેહ છૂટી જાય, એમ. મરે કોણ? આત્મા મરે? શરીર મરે? વસ્તુ છે એ મરે? મરે એટલે નાશ થાય. વસ્તુ તો છે. રૂપાંતર થાય. રૂપાંતર થવું તો સૌને પોતાને કારણે રૂપાંતર છે. બીજો કહે કે હું રૂપાંતર મારા કામમાં લઉં છું એને. કહે છે કે તારું બળ બધું મિથ્યાત્વમાં વપરાય છે. એમ કહે છે. કહો, સમજાણું કાંઈ?

**'એમ અહંકાર-મમકાર વડે ઠગાતા થકા,...'** આ તો કહે છે. આહા..હા..! શરીરની અવસ્થા હું કામમા લઉં છું એને. એ મારા છે તો કામમાં આવેને ભાઈ! મારા એ તો કામમાં આવેને. મારા હોય તો કામમાં આવેને. ધૂળેય તારા નથી, સાંભળને! સગાવ્હાલા હોયને સરખા. ભાઈ આપણા છે તે આપણને કામ કોઈ દિ' આવે. એમ કહે છે. ...ભાઈ! નવરા વાતું કરવા બેસેને જ્યારે બાયું આવી હોય ત્યારે. ભાઈ! આપણા છે એ તો આપણા કોક દિ' કામ આવે. ધૂળેય તારા નથી, સાંભળને. તારું તો અહીં તારી પાસે છે. એય..! છગનભાઈ!

મુમુક્ષુ :- ....

ઉત્તર :- એ તો ઉપદેશ સે સમજતે નહીં ઐસા કહતે હૈ યહાં. ઉસકી પર્યાય સે વહ સમજતે હૈં. ઐસા કહતે હૈં યહાં. ઉપદેશ સે સમજે તો ઉપદેશ તો એક પ્રકારકા હૈ, તો સબકો સમાન બુદ્ધિ ઉત્પન્ન હોની ચાહિયે. ભિન્ન-ભિન્ન ઉત્પન્ન હોતી હૈ. ભાષાકે કારણ હો તો એકસમાન ઉત્પન્ન હોની ચાહિયે. ત્યાં ત્યાં તેની યોગ્યતા પ્રમાણે સમજણની પર્યાય તેને કારણે તેમાંથી થાય છે, ભાષામાંથી નહિ. ન્યાય સમજાય છે કે નહિ આમાં? ભાષા તો જડ છે. જડમાંથી જ્ઞાન ત્યાં નીતરતું હશે? જ્ઞાનનો પર્યાય જડમાં ગરી જતો હશે અહીંથી? આ જ્ઞાન અવસ્થા, અસ્તિ તો અહીં છે જ્ઞાનની પોતામાં છે. ત્યાં ભાષામાં આવી જતો હશે જ્ઞાનનો ભાવ? જડનો ભાવ જડમાં, આત્માનો ભાવ આત્મામાં. એને ઠેકાણે આ ભાવમાં હું કામ કરી શકું વ્યવસ્થિત. કામ આવે, ભાઈ ભાષા સરખી હોય તો કામ આવે, શરીર સરખું હોય તો કામ આવે. મૂઢ છો, કહે છે, કામ આવે તે.

મુમુક્ષુ :- જમાવટ.

ઉત્તર :- આ જમાવટ કહતે હૈં ન. પણ જામે કોણ જમાવે?

જે ચીજ સ્વથી પર છે, પરનું હોવાપણું અને હોવાપણાનું બદલવું પરથી પરમાં થાય. એને ઠેકાણે જે પોતાના નથી એને પોતે બદલાવા માગે છે એને પરને પોતાનું માને છે અને એ મારા છે એમ મમતા કરે છે. મિથ્યા ભ્રમ કરે છે એમ કહે છે. આહા..હા..! આ દાખલો નથી કહેતા? આ ભાષા જુઓને. બોલે છે આમ આમ થઈ જાય છે. ઉઠતા વખતે ખબર નથી? ટેકો અહીં દઈ દેવો પડે છે. એ જડની પર્યાય છે. એ શું તમારી છે?

મુમુક્ષુ :- તો કોની છે?

ઉત્તર :- જડની છે આ તો. આ કેમ ચાલવું કેમ થવું એ તો જડની અવસ્થા છે. આત્માની પર્યાય આત્માના અસ્તિત્વમાંથી આ પર્યાય થાય છે? એના અસ્તિત્વથી એ તો થાય છે. સત્ અસ્તિત્વ એનું છે એ તો. એના અસ્તિત્વનું દ્રવ્ય, એના ગુણ અને એની પર્યાય તેના અસ્તિત્વથી છે. એને ઠેકાણે આના અસ્તિત્વથી આ પર્યાય છે અને એ પર્યાય મારી છે, મૂઢ છો. પરનો આશ્રય કરીને બળ ત્યાં વાપરે છો. કહો, સમજાણું કાંઈ? દુનિયાથી જુદી જાતની વાત છે ભાઈ! આપણે ભેગા થઈને મંડળી કરો, પછી આપણે યુવકમંડળ

સ્થાપો, પછી આમ કરો, પછી કાયદા કરો. ધૂળેય કરતો નથી પરનું, સાંભળને! સમજાણું કાંઈ? એ ઠગાય છે કહે છે. આહા..હા..! જે એનામાં નથી એને કરવા માગે છે એ ઠગાય છે. સમજાણું કાંઈ?

**'અવિચલિતચેતનાવિલાસમાત્ર આત્મવ્યવહારથી ચ્યુત થઈને,... '** જુઓ ભાષા! ભગવાન આત્મા અવિચલિતચેતનાવિલાસ. ભગવાન આત્મા ચેતનાસ્વરૂપ છે. ચેતનનું ચેતનાસ્વરૂપ. ચેતન આત્મા એનું ચેતના એટલે જાણવું-દેખવું, એનો જે વિલાસ, એમાં જે રમણતા, એ ચેતનાનો વિલાસ છે. એવો આત્મવ્યવહાર, એનું નામ આત્મવ્યવહાર છે. દેહની ક્રિયા એ આત્મવ્યવહાર નહિ. દયા, દાનના પરિણામ ભક્તિ, પૂજા, વ્રતના એ પણ આત્મવ્યવહાર નહિ. સમજાણું કાંઈ? વિચારમાં નાખી દે એવું છે આ. કોઈ દિ' એણે સ્વતત્ત્વ શું કરે છે અને કેટલું એનું સામર્થ્ય પોતામાં છે એની ખબર નથી. એ પરમાં પણ સામર્થ્ય એની ક્રિયા કરવાનું પરનું સામર્થ્ય છે. આ અવિચળ નાખી દીધું અહીં જુઓ પાછું અસમાનજાતીય શરીર છે ને? એમ નાખીને પાછું ઓલું પુણ્ય-પાપનો વિકલ્પ પણ એનો વ્યવહાર નથી એ નાખી દીધું. આહા..હા..! દયા, દાન, વ્રત, અપવાસ કરું, આ કરું એવો વિકલ્પ ઊઠે છેને, એ વિકલ્પ આત્મવ્યવહાર નહિ. એ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ રાગ, પંચ મહાવ્રતના પરિણામનો, દયા, દાનનો, અહિંસાનો રાગ એ આત્મવ્યવહાર નહિ. એ અણાત્માનો વ્યવહાર છે. આસ્રવનો વ્યવહાર એ અણાત્માનો છે. આત્મવ્યવહાર એને કહીએ કે જ્ઞાનાનંદસ્વરૂપ દ્રવ્ય વસ્તુ અને એનો જે ગુણ આનંદ જ્ઞાન, એમાં એકાગ્ર થઈને ચેતનાનો વિલાસ, જાણવું-દેખવું, આનંદ જે એ ચેતનાનો વિલાસ, એ આત્મપર્યાય, એ આત્મનો વ્યવહાર, એ આત્માની પર્યાયદશા છે. એ ધર્મ છે. ભારે વાત ભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ જ્ઞાનાનંદ, જાણવું, દેખવું, આનંદ થવો અનંતગુણની પર્યાય નિર્મળ અંદરમાં થવી એ ચેતનાનો વિલાસ તે આત્માનો વ્યવહાર છે. પુણ્ય દયા, દાન અને વ્રતના વિકલ્પ એ આત્માનો વ્યવહાર નહિ, એમ કહે છે અહીં તો. આહા..હા..! જુઓ! આ જ્ઞેય છે. એ રાગાદિ પરજ્ઞેય છે. શરીરાદિ પરજ્ઞેય છે. દયા, દાનનો વિકલ્પ ઊઠે છે વૃત્તિ એ પરજ્ઞેય છે. એ આત્માનો વ્યવહાર પણ નહિ. એનું દ્રવ્ય નહિ, એનો ગુણ નહિ, એની પર્યાય નહિ એમ કહે છે અહીં તો. એની જાતમાંથી નીકળતી ચિદાનંદ જ્ઞાતા-દૃષ્ટા અને આનંદની પર્યાય પ્રગટે તે આત્મવ્યવહાર છે. વસ્તુ નિશ્ચય ત્રિકાળ છે, નિર્મળ પર્યાય તે તેનો ભેદરૂપી વ્યવહાર છે. સમજાણું કાંઈ? વ્યવહાર સુધારો, વ્યવહાર સુધારો. ક્યો વ્યવહાર સુધારવો છે તારે? સમજાણું કાંઈ? આત્માની પર્યાયમાં મલિનતા જે છે તેનું લક્ષ છોડી દઈ અને સ્વભાવનો આશ્રય કરી અને નિર્મળ પર્યાય પ્રગટ કરે એનો વ્યવહાર સુધર્યો.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ચિદાનંદ સ્વરૂપ કહ્યુંને. જ્ઞાન ને આનંદ સ્વભાવ વસ્તુ એમાં એકાગ્ર થઈને એ નિર્મળ પર્યાયનું પ્રગટ થવું તે આત્માનો વ્યવહાર, તે આત્માનો પર્યાય, તે આત્માની પર્યાય. દયા, દાનના વિકલ્પો આત્માનો વ્યવહાર અને આત્માની પર્યાય નહિ. જે જાતનો ભાવ અને દ્રવ્ય છે તે જાતની પર્યાય તે આત્માનો વ્યવહાર.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભેદ એ વ્યવહાર. અભેદ ત્રિકાળ વસ્તુ છે એની પર્યાય પ્રગટ થઈ એ વ્યવહાર. એની જાતમાં હોય એ આવેને. પુણ્ય-પાપના વિકલ્પ અને દયા, દાનની વૃત્તિના વિકલ્પ એ આત્મામાં ક્યાં છે? એના ગુણમાં નથી, દ્રવ્યમાં નથી. પર્યાયમાં ઊભા કરે છે નવા. નવા કરે એ એની ખરી પર્યાય નથી. ભારે ઝીણું! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ અજ્ઞાનમાં પોતાના પર્યાયમાં ઉત્પન્ન થાય. જ્ઞાનના ભાનમાં એ પર્યાય એની ઉત્પન્ન થતી નથી. થાય તેનું એ જ્ઞાન કરે એ જ્ઞાનની પર્યાય એની છે.

ફરીને. ભાઈ! વિકલ્પ થયો ક્યાં? કે થાય છે, હોય છે. હોય છે તે પરજ્ઞેય છે ખરેખર. જ્ઞાનસ્વરૂપી ભગવાન પોતાના દ્રવ્યમાં જ્ઞાન, ગુણમાં જ્ઞાન અને રાગ થયો તેનું તેને અડ્યા વિના પોતાના સ્પર્શથી, પોતામાં રહીને એ સંબંધીનું પોતાના જ્ઞાનની પર્યાય થવી એ એનો વ્યવહાર છે. વિકલ્પ છે એ પર છે. બહુ ઝીણું. લોકોને બિચારાને ચડાવી દીધા, એ.. આમ કરવું ને તેમ કરવું ને ફલાણું કરવું. ધર્મી છીએ અમે, પણ ધર્મી એવા અમે નથી કે દેશનું અહિત થતું હોય તો અમે ત્યાં ન પડીએ. લે ઠીક! પાગલ છે કે નહિ મોટા? એ.. શેઠી! આકરી વાત બહુ હોં! દુનિયાનું-પરનું હિત કરી દેશે. અહિત તો એણે જીવે પોતે કર્યું છે અંદર પર્યાયમાં. પોતાનો સ્વભાવ સંભાળ્યા વિના આ મને જોઈએ ને આ મને જોઈએ તો ઠીક પડે એ અહિતની બુદ્ધિ તો એણે ઊભી કરી છે. એ અહિતની બુદ્ધિ ઊભી એણે કરી તો અહિત તો એનાથી એને થાય. એનું અહિત બીજો આત્મા કેમ ટાળી શકે? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આપણે એક વ્યક્તિની વાત કરીએ, સમાજની વાત નહિ.

ઉત્તર :- એક વ્યક્તિનું એ સમાજમાં. જે એક વ્યક્તિમાં થાય તે બધો થઈને ઝાઝા કરે એ સમાજ. ભારે વાત ભાઈ! એક વ્યક્તિને પોતાને જે ભાવે અહિત થતું હોય, એ રીતે બધાને થાય તે સમાજનું અહિત છે એની પર્યાયમાં. શું કીધું સમજાણું કાંઈ? વસ્તુ જે છે ભગવાન આત્મા સત્ શાશ્વત જ્ઞાન ને આનંદનો કંદ પ્રભુ વસ્તુ. હવે એનામાં એની દૃષ્ટિ ન કરતા આ અસમાનજાતીય શરીરની પર્યાય હું કરું અને રાગાદિ હું એવી જે અહિત બુદ્ધિ ઉત્પન્ન કરી છે એ જીવને અહિત છે. એકને અને ઘણાને. અને જે હિત છે એ એને લક્ષ છોડી દઈ જ્ઞાન સ્વભાવના આનંદની દૃષ્ટિ કરીને આનંદ પર્યાય પ્રગટ કરવી એ આત્મા

અહિતનો નાશ અને હિતની ઉત્પત્તિ છે. એ તો એ જીવ પોતે કરી શકે. બીજો શું કરી શકે એને? સમજાણું કાંઈ?

આ રોટલા ન મળે માટે અહિત અને રોટલા મળે તો હિત. મૂઢ છે. રોટલો ન મળે એની સાથે શું સંબંધ છે? સુખી હોયને, એ બધા.. સુખી એની વ્યાખ્યા શું? દુઃખી છે. સુખની વ્યાખ્યા શું? અનુકૂળતા પદાર્થ એ સુખ છે? એ તો એમાં અજ્ઞાની કલ્પનાથી માને છે કે હું સુખી છું. એ તો કલ્પના છે મિથ્યા ભ્રમની. સુખ તો આત્મામાં છે. આનંદમૂર્તિ પ્રભુ છે. એ આનંદમાં દૃષ્ટિ કરીને આનંદની પર્યાયનું પ્રગટ કરવું એ સુખી છે. બાકી બધા નિર્ધનો, સધનો (દુઃખી છે). ઓલો કહે, જુઓ! અમેરિકામાં ત્રણસો-ત્રણસો વર્ષથી સમૃદ્ધિ અને સંપદાવાળા છે, સુખી છે. ધૂળમાંય સુખી નથી. પૂછવા તો જા એને. હોળી સળગે છે ત્યાં. શેઠી! કેટલી તો ગોળીયું લેવી પડે છે સૂવા માટે ઊંઘ આવે એની. કામ હોય... સમજ્યા છેને? ચોવીસ કલાકનું... કામ ત્યાં હોય અઠ્યાવીશ કલાકનું, અડતાલીસ કલાકનું (અને) ચોવીસ કલાકે ઉકેલવું હોય. એવા ઠેકાણા વિનાના. વિકલ્પની જાળમાં ગૂંચાઈ ગયા છે બિચારા. મૂઢ થઈને દુઃખી છે. મોટા સાત માળે બેઠા હોય ને આમ હિંચકતો હોય તો દુઃખી છે. ભગવાન આત્મા આનંદમૂર્તિનો જ્યાં આશ્રય લીધો નથી અને રાગ અને નિમિત્તનો આશ્રય લઈને વિકાર ઉત્પન્ન કરે એ પ્રાણી દુઃખી છે. એ દુઃખથી દઝાઈ ગયેલા છે. આહા..હા..! સમજાય છે કાંઈ? ભારે વ્યાખ્યા ભાઈ! દુનિયાથી આ જુદી જાતની વાત છે ભાઈ! આ તો સર્વજ્ઞના પેટની વાત છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ છે. સગવડતા રાખીએ, અત્યારે છોકરાઓને પાલવીએ, સરખા રાખીએ તો વૃદ્ધાવસ્થાએ આપણી સેવા કરે. મૂઢ છો? આહા..હા..! ધીરૂભાઈ! બધાને સરખા રાખીએ તો પછી આપણે ખાટલે પડ્યા હોય ને ઉં..ઉં.. કરતા હોઈએ, ચાલ્યા જતા હોય તો એ સેવા કરે. શેની સેવા? તારી સેવા તું કર કે તારી સેવા એ કરે? તારી સેવા રાગથી ભિન્ન પડીને સ્વરૂપની દૃષ્ટિ કરીને ઠરવું એ તારી સેવા. રાગમાં ઠરવું એ પણ તું સેવા તારી તને તું કરે છો. સાંભળને. ભારે! સમજાય છે કે નહિ? આ તો બધી દુનિયાથી ઊંધી વાત છે.

મુમુક્ષુ :- અનાદિથી ઠગાઈ રહ્યો છે.

ઉત્તર :- અનાદિથી ઠગાય છે. આવ્યું નહોતું? ઠગાય છે... ઠગાય છે... ઠગાય છે. પોતાની લક્ષ્મીને દુઃખી કરે છે. ઠગાઈ જાય છે, વેચાઈ જાય છે. આહા..હા..! અરે..! ભગવાન! જુઓને જ્ઞેય અધિકાર છે. આ જ્ઞાનનું જ્ઞેય છે એમ કહે છે. જ્ઞાન અધિકાર જાણવું. આ એના જ્ઞેયો છે રાગાદિ. પરજ્ઞેય હોં! સ્વજ્ઞેય નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- સ્વમાં ઠરવું એ જ્ઞાન બાકી અજ્ઞાન.

ઉત્તર :- રાગને પોતાનો માનવો અને એમાં લાભ (માનવો) બધું મિથ્યાત્વ અને અજ્ઞાન

અને દુઃખી. સ્વસ્વરૂપમાં એકાગ્રતા થઈને સ્થિરતા (થવી) એ જ્ઞાન ને એ આનંદ અને એ સ્વપણું અને સ્વપરપણું એ સુખી. બાકી બધા દુઃખી.

મુમુક્ષુ :- સાત સાત પેઢીથી સુખી છે.

ઉત્તર :- કોણ સુખો હતો સાત પેઢીએ? એકેય પેઢી સુખી જોઈ નથી અત્યાર સુધી. નારણશેઠ સુખી હતા? પછી આ છોટાભાઈ સુખી હતા? મૂઢ લોકો કહેતા હતા. એક ભાવસાર કહેતો હતો કે ઓહો..હો..! નારણશેઠ તો કરોડપતિ. ઓલો ભુદર નહોતો ભુદર? અહીં આવતાને, કેટલીક વાર. નારણશેઠ એમના બાપ કરોડપતિ. મૂડી ૩૫ હજારની હશે. વળી આ છોકરા થઈ ગયા લાખોપતિ અને એના છોકરા થયા કરોડોપતિ. એમ વાતું કરે છે લોકો.

મુમુક્ષુ :- .. સાચું પડ્યુંને.

ઉત્તર :- એમ ક્યાં કહ્યું હતું? ઓલો તો સાધારણ માણસ અને ૩૫ હજારની મૂડી. ૫૦ અહીંયા આપે, ૨૫ અહીંયા આપે. પછી કેટલા ગામમાં પાથર્યા હતા. આહા..હા..! એનો ગજ કેટલો હોય લાંબો? ઓલો ભુદર ભુદર. છોટાભાઈ! ઓલો નહિ ભુદર શું નામ? હા, એ. એ કહેતો હતો, અહીં પહેલા આવતો હતો. ઓહો..! નારણશેઠ તો બાપા કરોડપતિ. એક ફેરી વાંકાનેરથી ગરાસિયાનું ગામ છે બે-અઢી ગાઉ માથે ઊંચે ત્યાં ગયા હતા. વનેચંદ શેઠને એમ કહેતા હતા. ભાઈ વનેચંદ શેઠ કરોડપતિ. મને ખબર છે કેટલી મૂડી છે. મકાન ઘરના અને કાંઈક દશ હજાર રૂપિયાનું વ્યાજ આવતું. ...

મુમુક્ષુ :- ..

ઉત્તર :- બસ, આજીવિકા .. ૭૦ રૂપિયા કે એમ વ્યાજ આવતું. ગરાસિયા કહે કે ઓહો..હો..! વનેચંદ શેઠ. આવ્યા હતા દર્શન કરવા આવ્યા હતા. ગામ ... વાંકાનેર. થાનથી આ બાજુ આવતા. ઊંચે ટેકરે ગરાસિયાનું. ત્યાં ગયા હતા. વનેચંદ શેઠ કરોડપતિ. કીધું, આને કરોડના આંકડાની ખબર નથી લાગતી. કોને કહેવાય કરોડ. એને બિચારાને લાખ રૂપિયા પણ નહોતા. એક મોટો ડેલો હતો, મેડી ઘરની અને આબરૂ મોટી. વાંકાનેર. વનેચંદ શેઠ. લોકોને કરોડ કોને કહેવા એની ખબર ન મળે. સમજાણું કાંઈ?

અહીં તો કરોડ અનંત ગુણનો ધણી, સંપદાનો ધણી તું છો ભાઈ. તારી સંપદાને સંખ્યા લાગુ પડતી નથી. અનંત-બેહદ જ્ઞાન, બેહદ આનંદ, બેહદ શાંતિ, બેહદ વીર્ય બધું બેહદ. એક એક શક્તિની અપરિમિતતાથી ભરેલો ભગવાન એનો આખો કંદ ભગવાન, એની એકાગ્રતા થવી, સ્વ-આશ્રય થવો, સ્વનો અનુભવ કરવો, સ્વની માન્યતા કરવી, સ્વનો આદર કરવો, સ્વનું ... અનુભવવું એ સંપદાવાળો અને એ ગૃહસ્થ છે. બાકી બધા ભિખારી છે એમ કહે છે. અહીં તો મૂઢ કહે છે જુઓને.

**'આત્મવ્યવહારથી ચ્યુત થઈને,...'** આવો આત્મવ્યવહાર જોઈએ. ચેતનાવિલાસ. એવો **'ચ્યુત થઈને, જેમાં સમસ્ત ક્રિયાકલાપને છાતી-સરસો ભેટવામાં આવે છે...'** છોકરો

નાનો હોય અને પછી આમ ભેટે છેને. આહા..હા..! મારો દીકરો. કહે છે કે પુણ્યની ક્રિયા, દયા-દાનની ક્રિયાનો વિકલ્પ આમ છાતી સાથે-આત્મા સાથે ભેટે છે, એકાગ્ર કરે છે કે આ મારી.. આ મારી. મૂઢ છો. સમજાણું કાંઈ? સમસ્ત ક્રિયાકલાપ. દયા ને દાન ને ભક્તિ ને વ્રત ને પૂજા ને અપવાસ ને આ વિકલ્પ જે છેને એ ક્રિયા છે બધી. એ પોતાના જ્ઞાનરૂપી છાતી સાથે એક કરે છે, એક કરે છે. મૂઢ છો કહે છે.

કહે છે જુઓ! '**સમસ્ત ક્રિયાકલાપ...**' ક્રિયાનો સમૂહ. આખો ચોવીસ કલાકમાં બિચારો હેરાન. આ જુઓ ઉપધાનવાળા કેટલા હેરાન થાય છે જુઓને. ઉપધાન તપ કરનારા. એય..! ચેતનજી! એ તો આપણને કાંઈ ખબર નહિ. આખો દિ' બિચારા .. નાખે. નહિ? આટલી માળા ગણવી. ૨૦ માળા ગણવી પડે, ખમાસણા. એક હાથમાં ઓલું નાખીને ચાલ્યા આવે ભગવાન પાસે અને કાયોત્સર્ગ. એ વિકલ્પ છે, બાપુ! એ વિકલ્પ ને રાગ છે. એ રાગની ક્રિયા એની સાથે છાતી (સરસો) ભેટે છે કે આ અમારી ક્રિયા. મૂઢ છો કહે છે. જાધવજીભાઈ! છે એમાં જુઓ! '**સમસ્ત ક્રિયાકલાપને છાતી-સરસો ભેટવામાં આવે છે એવા મનુષ્યવ્યવહારનો...**' એ મનુષ્યનો વ્યવહાર છે, જડનો વ્યવહાર છે, ચૈતન્યનો નહિ એમ કહે છે. આહા..હા..! પરજ્ઞેય છેને, આત્મજ્ઞેય ત્યાં ક્યાં આવ્યું? અપવાસ કર્યા છે, આ મેં કર્યું છે. એ તો વિકલ્પની જાળ છે. એ નિર્વિકલ્પ ભગવાન આત્મા વીતરાગમૂર્તિ આત્મા એને છાતીએ ભેટે છે આ મારું.. આ મારું. મૂઢ છો. મિથ્યાત્વનું સેવન કરે છો એ અનાત્મા છો કહે છે. ભારે આકરું. અત્યારના ક્રિયાકાંડીઓને તો રાડ નાખી દે એવું છે. એય..!

'**મનુષ્યવ્યવહારનો આશ્રય કરીને રાગી અને દ્વેષી થતા થકા...**' એ તો રાગ અને દ્વેષ કરે છે. આત્માનું ભાન છે નહિ. '**પરદ્રવ્યરૂપ કર્મ સાથે...**' જોયું! એ રાગ પરદ્રવ્યસ્વરૂપ કાર્ય છે. સંગત એટલે મેળાપ કર્યો—જોડાણ (કરવાને) '**લીધે ખરેખર પરસમય છે...**' છેને આઠમું? પર સાથે એકપણાની માન્યતા વડે જોડાણ તે પરસમય એટલે મિથ્યાદૃષ્ટિ છે. એટલે પર આત્મા છે, સ્વ આત્મા નથી. પરસમય છે અને '**પરસમયરૂપે પરિણમે છે.**' મિથ્યાત્વપણે પરિણમે છે, જૂઠી બુદ્ધિએ પરિણમે છે. આત્માના સ્વરૂપપણે પરિણમતો નથી. તેને અધર્મી અને અજ્ઞાની કહેવામાં આવે છે. હવે એ વાત કરશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર સુદ ૧૫, બુધવાર, તા. ૦૪.૧૨.૧૯૬૮**
**ગાથા-૯૪, પ્રવચન-૮૫**

૯૪ ગાથા. જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન, પ્રવચનસાર. પહેલો ભાગ કહેવાણો. પહેલો ભાગ શું કહ્યો? કે જે કોઈ આ આત્માનો સ્વભાવ શુદ્ધ ચૈતન્ય અંતર્મુખ આનંદ છે એના તરફ દૃષ્ટિ અને અનુભવ નહિ કરતાં, પોતાનું પરમ પરમાત્મ પ્રભુત્વસ્વરૂપ અંતર આત્મસ્વભાવમાં છે. એને અંતર ન શોધતા એટલે તે ઉપર અનુભવ ન કરતાં, આ મનુષ્યનું શરીર એની ક્રિયા મારી છે અને અંદર પુણ્ય-પાપના વિકલ્પો દયા, દાન, વ્રત, ભક્તિના થાય એ પણ મારા છે એમ જે માનીને અહંકાર ને મમકાર કરે છે એ આત્મવ્યવહારથી ચ્યુત છે. એ આત્માના વર્તનથી એ ચ્યુત છે. દેહની ક્રિયા તો ઠીક જડ છે, પણ અંદર શુભ-અશુભ વિકલ્પો જે પુણ્ય-પાપના (થાય) એ પણ આત્માનું વર્તન અને આત્માનો વ્યવહાર અને આત્માનું કાર્ય નથી. સમજાણું કાંઈ?

**'આત્મવ્યવહારથી ચ્યુત થઈને, જેમાં સમસ્ત ક્રિયાકલાપને છાતી-સરસો ભેટવામાં આવે છે...'** એ પુણ્યની ક્રિયાઓ જે દયા, દાન, વ્રત, ભક્તિ આદિ (એને) છાતી સરસો ભેટે-એકમેક કરે છે. વસ્તુ જ્ઞાતા ચિદાનંદ પ્રભુત્વ સ્વભાવ એની સાથે વિકલ્પો જે વ્યવહારના એને એકમેક કરે છે તે મિથ્યાદૃષ્ટિ પરસમય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એ આત્મવ્યવહાર જ નથી, આત્મવેપાર જ નથી. પુણ્યના પરિણામનો વેપાર એ આત્મવેપાર જ નથી. શેઠી! શું કરવું? આ પુણ્ય પરિણામ આત્માનો વ્યવહાર નથી. કેમકે આત્મામાં જે ચીજ હોય તેના વ્યવહાર પરિણામ તેને આત્મવ્યવહાર કહીએ. આત્મામાં તો આનંદ ને જ્ઞાન ને શાંતિ પૂર્ણ ભરેલી છે. એનો અંતર્મુખમાં વેપાર કરતા જે શુદ્ધ પરિણમન થાય, તે આત્મવર્તન કહેવાય, તે આત્માનું વર્તન, એણે આત્માનું વર્તન કર્યું. સમજાણું કાંઈ? એણે આત્માનો વેપાર કર્યો અથવા આત્માનું કાર્ય કર્યું લ્યો!

આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્યસ્વભાવ પરમ પ્રભુ પોતે જ છે. પોતાના દર્શન કરીને, આત્મદર્શન કરીને જે શુદ્ધતાના અંશો પ્રગટ થાય તે તેની પર્યાય—અવસ્થા, તે આત્માનું વર્તન ને વ્યવહાર ને કાર્ય કહેવામાં આવે છે. એનાથી ભ્રષ્ટ થઈને એકલી દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામમાં એકાકાર થઈ એ મારા છે એમ માને છે એ મનુષ્યનો વ્યવહાર કરનારા છે, આત્માનો નહિ. ચાર ગતિમાં રખડવાનો વ્યવહાર કરનારા છે એમ કહે છે. નવરંગભાઈ! છે એમાં ઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ છે કે નહિ એમાં? જુઓને શું કીધું આ?

**'આત્મવ્યવહારથી ચ્યુત થઈને,...' 'અવિચલતિચેતનાવિલાસમાત્ર આત્મ-વ્યવહારથી...'** ચેતના ભગવાન આત્મા એકલો વીતરાગી સ્વભાવ, ચૈતન્યસ્વભાવ ચૈતન્ય એનો વિલાસ, એની એકાગ્રતાની રમત, વર્તન એનાથી ભ્રષ્ટ થઈ અને એ વિકલ્પના કાર્યને પોતાનું માની અને એમાં રોકાય છે એ અણાત્મા છે, એ મિથ્યાદષ્ટિ પરસમય છે. એ આત્માના ઘરને એણે જોયું નથી. કહો, સમજાણું આમાં? એ **'રાગી અને દ્વેષી થતા થકા...'** જુઓને છેને? **'પરદ્રવ્યરૂપ કર્મ સાથે સંગતપણાને લીધે...'** મેળાપ કર્યો એણે. વિકલ્પ છે, વૃત્તિ ઉઠે છે એની સાથે એકપણું કર્યું. સંગત થયો, જોડાણ થયું. ભગવાન આત્મા પોતાની પર્યાયથી પોતાના ત્રિકાળ સ્વભાવ સાથે સંગત-મેળાપ થવો જોઈએ, એને ઠેકાણે રાગની સાથે મેળાપ કર્યો એ અણાત્મા પરસમય છે. સમજાણું કાંઈ?

**'ખરેખર પરમસમય થાય છે અર્થાત્ પરસમયરૂપે પરિણમે છે.'** એ. લ્યો! આ મિથ્યાપણે મિથ્યાદર્શનપણે થવું આ એ વાત અહીં છે. કેટલાક કહે છેને કે પરસમયપણું ફલાણે હોય ને સ્વસમય અહીં હોય, સ્વસમય બારમા સુધી હોય. અહીં તો મિથ્યાદષ્ટિને પરમસમય અને સમ્યગ્દષ્ટિને સ્વસમય (કહ્યા છે). ભલે સાધુપદથી લે વાત તોપણ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આવી જાય છે, અંદર આવી જ જાય. મુખ્ય તો અહીંથી વાત. પણ સાધુ પોતે છેને (તેથી) સાધુથી વાત કરે છે. ઓહો..હો..! પોતાના અંતર્મુખમાં ન જોતા, જ્યાં મહાનિધાન ચૈતન્ય સ્વભાવનું પડ્યું છે એવા નિધાનને અંતર ન જોતાં બહાર ગોતવા-શોધવા જાય છે. સમજાણું કાંઈ? જાણે સમ્મેદશિખરથી ભગવાન મળશે, શેત્રુંજયથી મળશે.

મુમુક્ષુ :- સોનગઢથી તો મળેને.

ઉત્તર :- સોનગઢથી મળશે અને સોનગઢના દેરાસરમાંથી મળશે એમ ગોતવા જાય છે તે, કહે છે કે મૂર્ખ છે એમ કહે છે. એય..! નવરંગભાઈ! એમ કહે છે અહીં.

સ્વભાવને શોધતા અંદર અસ્થિરતા રહે, વિકલ્પ હોય, એ જુદી વાત છે, પણ એ પોતે આત્મવર્તન અને આત્મવ્યવહારનો વેપાર નથી. પરજ્ઞેયનો વેપાર (છે). અહીં તો શુદ્ધ સદ્ભૂત વ્યવહાર નિર્મળ પર્યાય એને એનો વ્યવહાર ગણ્યો છે. ઓલો સદ્ભૂત વિકલ્પ છે એને પરમાં નાખ્યો છે. પરવસ્તુ પરજ્ઞેય છે એ તો. જાણેલો પ્રયોજનવાન કીધો છેને એટલે એ શૈલી પાછી લીધી. એ પરજ્ઞેય તરીકે જાણ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? આત્મા ચેતન વસ્તુ ચૈતન્ય-નિધાન સ્વભાવ જેનો, એકલો જ્ઞાતા-દૃષ્ટાનો નિધાન સ્વભાવ એનો સ્વભાવનો આશ્રય છોડી, રાગનો અને નિમિત્તનો આશ્રય કરતા થકા પોતાનું વીર્ય ત્યાં વાપરે છે અને પોતાનું વીર્ય અંતર વાપરવામાં નપુંસક છે. આહા..હા..! એને અહીંયાં મિથ્યાદષ્ટિ પરસમય અણાત્મા પરજ્ઞેયમાં એકત્વ થયો એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આ વળી આ બધું શું પાછું આ મુંબઈ થાશેને આ. એય..! હિંમતભાઈ! બે મંદિરો ને બધું મોટું.

મુમુક્ષુ :— ... કરશે.

ઉત્તર :— થાશે કીધું. રતિભાઈ આવ્યા ઈ કહેતા હતા કે ત્યાં ઉત્સાહ બહુ છે મુંબઈ. ત્યાં અંદર આવ્યા હતા દર્શન કરવા. ઉત્સાહ બહુ છે. મુંબઈવાળાને ઉત્સાહ ઘણો છે. પૈસા વાપરવાનો હોય, આ ઓલું હોય. અહીં તો કહે છે કે એ હો વિકલ્પ, પણ વિકલ્પથી પૃથક્ ચૈતન્ય છે એની દૃષ્ટિ અને એકાગ્રતા થવી એ આત્માનું વર્તન ને વ્યવહાર ને પરિણામ કહેવામાં આવે છે. ભગવાનજીભાઈ! ભારે વાત ભાઈ! એ હો તો એ પરજ્ઞેય તરીકે જાણવાલાયક છે. એવી વાત છે.

બહારથી દેખાવમાં આત્મા નથી દેખાતો. બહારના દેખાવમાં આત્મા દેખાતો નથી એમ કહે છે. અંદરના દેખાવથી આત્મા દેખાય છે. ચૈતન્ય જ્ઞાનલીલાથી ભરેલો, આનંદના સ્વભાવથી ભરેલો આત્મા એની નજર નાખતા આત્મદર્શન ને આત્મજ્ઞાન ને આત્મભાન થાય એ એનો વ્યવહાર ને વર્તન છે. ઓલું વર્તન વિકલ્પ હોય વચ્ચે વ્યવહાર આવે છે એ જાણવાલાયક છે, પણ આદરવાલાયક નથી. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? એ.. નવરંગભાઈ! તો પછી આ મોટા મોટા સાડા ચાર લાખના મંદિરો (થાય), કેટલા ખર્ચ કરશે. ભાઈ! એ કોણ કરે છે? એ તો જડની સંયોગી પદાર્થની અવસ્થામાં એનો સ્વકાળ હોય છે ત્યારે ત્યાં થાય છે. સમજાણું કાંઈ? કોઈ માણસનો આત્મા ત્યાં છે એ આત્મા એને બનાવે છે? એ આત્માનું કાર્ય નથી.

મુમુક્ષુ :- આત્માને લાભનું કારણ છે?

ઉત્તર :- આત્માનું કાર્ય નથી એટલે આત્માને લાભનું કારણ નથી. એ તો વસ્તુ પરનું કાર્ય છે. એમાં શુભભાવ હોય છે એ પણ ખરેખર તો આત્માનું કાર્ય નથી, અહીં તો એ સિદ્ધ કરવું છે. આહા..હા..! હોય છે એ ભૂમિકા પ્રમાણે પણ એ ભૂમિકા પ્રમાણે હોય છે તેને જાણવાલાયક ગણીને પરજ્ઞેય ગણવાલાયક છે. શેઠી!

મુમુક્ષુ :- સ્વજ્ઞેય પરજ્ઞેય...

ઉત્તર :- આ જ્ઞેય અધિકાર છે. વાત એવી છે. આ તો અલૌકિક પંથ છે.

નિજાત્માનો સ્વભાવ એકલો અખંડાનંદ દરિયો ભર્યો છે. ભગવાન પોતે જ ભગવાન થઈ શકે છે. પોતે ભગવાનસ્વરૂપ છે એ ભગવાનસ્વરૂપે પર્યાયમાં થઈ શકે છે. પરને કારણે, વિકલ્પને કારણે, નિમિત્તને કારણે, ભગવાનને કારણે, મંદિરને કારણે નહિ એમ કહે છે. એ.. નવરંગભાઈ! ભારે ભાઈ!

'**અને જેઓ,...**' હવે સવળું લે છે. '**અસંકીર્ણ દ્રવ્ય-ગુણ-પર્યાયો વડે સુસ્થિત એવા ભગવાન આત્માના સ્વભાવનો—**' જુઓ! ભાષા શું છે? '**અસંકીર્ણ=ભેળસેળ નહિ એવા; સ્પષ્ટપણે ભિન્ન. (ભગવાન આત્મસ્વભાવ સ્પષ્ટ-ભિન્ન દ્રવ્ય-ગુણ-પર્યાયો વડે સુસ્થિત છે.)**' એમ કહે છે અહીં તો હજી. આહા..હા..! દ્રવ્ય, ગુણ અને પર્યાય

નિર્મળપણે સુસ્થિત છે. એવા ભગવાન આત્માના સ્વભાવનો **'કે જે સકળ વિદ્યાઓનું એક મૂળ છે...'** એ કેવળજ્ઞાનાદિ મહાવિદ્યાનું એ મૂળ છે. આહા..હા..! બધી વિદ્યાઓ. જુઓ! આ વિદ્યાઓ દુનિયામાં કહે છેને? આ કેળવણીની વિદ્યા ને આ ફલાણાની વિદ્યા, આ સંસ્કૃત ભણવાની વિદ્યા. એ વિદ્યા નહિ. આહા..હા..! અહીં તો મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન, કેવળજ્ઞાન એવી જે વિદ્યા, એ બધામાં કેવળજ્ઞાનની વિદ્યા વધારે. અવધિ, મનઃપર્યયનું અહીં કામ નથી. મહા એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક પર્યાયમાં ઝળકે એવી જે કેવળજ્ઞાનરૂપી વિદ્યા એને પ્રગટ કરવાનું મૂળિયું ભગવાન આત્માનો સ્વભાવ છે. એ આત્મસ્વભાવ દ્રવ્ય-ગુણ અને પર્યાયથી સુસ્થિત છે. એટલે અહીં તો પર્યાયથી સુસ્થિત છે એમ કીધું છે. સમજાણું કાંઈ? વિકલ્પાદિ ન લેવા. એ સિવાય પર્યાય છેને બધી ઘણી?

દ્રવ્ય, ગુણ અને પર્યાયથી આત્મસ્વભાવ સુસ્થિત છે. સુ-બરાબર સ્થિત છે. ભગવાન આત્મા દ્રવ્યે વસ્તુ, ગુણે શક્તિઓ અને પર્યાય નિર્મળ સુસ્થિત એવો ભગવાન આત્મા. ભાષા જુઓને! ઓલાને રુચતું નથી. ભગવાન આત્મા! ભગવાન આત્મા! બાપુ! ભગવાન આત્મા ભગવાન જ છે, ભાઈ! તને ખબર નથી. પર્યાયમાં ભગવાન થાય એ દ્રવ્યમાં ભગવાન ન હોય તો પર્યાયમાં થાશે ક્યાંથી? શું બહારથી આવે એવું છે કાંઈ? આહા..હા..! સમજાણું કાંઈ? એવો એ આત્મા પામર નથી કે જે વિકલ્પને આશ્રયે પરમાત્મપદ પ્રગટ કરી શકે એવો એ પામર નથી. એ તો પોતાના સ્વભાવને આશ્રયે પ્રગટ કરી શકે એવો એ પ્રભુ છે. બહુ વાત! લોકોને આ વ્યવહારની રુચિવાળાને એવું લાગે. ભાઈ! વસ્તુ તો આ છે. મરી જા ક્રિયાકાંડ કરીને, લાખો-કરોડો રૂપિયા ખર્ચીને અને અપવાસ કરી કરીને. દયા, દાન ને વ્રતના વિકલ્પ કરે એ બધો વિકલ્પ એ આત્મસ્વરૂપ નથી અને આત્મ વેપારને કારણ, આત્મવર્તનને કારણ નથી. આહા..હા..!

**'જેઓ,...'** એટલે કોઈપણ બીજા આત્માઓ. ઓલા ઉંધાથી સવળા હવે. **'અસંકીર્ણ...'** અ-નહિ સંકીર્ણ. જેમાં પર સાથે કાંઈ ભેળસેળ નથી. એવું **'દ્રવ્ય-ગુણ-પર્યાયો વડે સુસ્થિત એવા ભગવાન આત્માના સ્વભાવનો—કે જે સકળ વિદ્યાઓનું એક મૂળ છે...'** ઓહો..હો..! ચૈતન્યચમત્કાર કેવળજ્ઞાન આદિ વિદ્યાનું એ મૂળ છે. એ મૂળ છે. ત્યાંથી પ્રગટ થાય છે. આત્મસ્વભાવનો આશ્રય કરવાથી કેવળજ્ઞાનાદિ વિદ્યા પ્રગટ થાય છે. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, ચૌદ પૂર્વ આદિ એ બધો એનો આશ્રય કરવાથી પ્રગટ થાય છે. એમ કહે છે. વિકલ્પથી અને શ્રવણ કરવાથી કાંઈ પ્રગટ થાય છે એવો એ નથી એમ કહે છે. એય..! સમજાણું કાંઈ? **'આત્માના સ્વભાવનો—કે જે સકળ વિદ્યાઓનું...'** સકળ વિદ્યા એટલે આ અજ્ઞાનની વિદ્યાની વાત અહીં નથી. એ વિદ્યા જ નથી. કહો, સમજાણું કાંઈ? હુશિયાર કહેવાયને આ વકીલાત અને આ બહારના આ ઝવેરાત ને એની બુદ્ધિઓ. એ બુદ્ધિ વિદ્યા જ નથી. એ તો અવિદ્યા છે. આહા..હા..!

ભગવાન આત્મામાં વિદ્યમાન વસ્તુ જે ત્રિકાળ એનો આશ્રય કરતા વિદ્યમાન વસ્તુનું મૂળિયું એ છે. વિકલ્પ ને નિમિત્ત અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની વિદ્યા અને કેવળજ્ઞાનની વિદ્યાને પ્રગટ કરવાનું એ મૂળ છે જ નહિ. આહા..હા..! વ્યવહારરત્નત્રયનો વિકલ્પ પણ વિદ્યાનું-સમ્યક્ વિદ્યાનું, સાચી વિદ્યાનું મૂળ નથી. આહા..હા..! ભગવાન પરિપૂર્ણ પ્રભુ પોતે છે આત્મસ્વભાવ, એનો આશ્રય એ સકળ વિદ્યાનું મૂળિયું છે. આહા..હા..! હવે એને એની મોટપ બેસે નહિ અને પામરતા કરીને પ્રભુતા પ્રગટ (થાય) ઈ એને બેસે. કહો, સમજાય છે? સંભળાય છેને રતિભાઈ? એવો આ ભગવાન વીતરાગનો માર્ગ છે આ. ભગવાન વીતરાગ પોતે હોં! આહા..હા..! જાણે કે પ્રભુ? તું ભગવાન આત્મા. નહિ.

મુમુક્ષુ :- આજ હોય?

ઉત્તર :- આજ હોય? આજ શું ત્રણે કાળે હોય. આત્મા ભગવાન જ છે પરિપૂર્ણ પરમાત્મા પોતે ત્રણે કાળ બધા ભગવાન આત્માઓ છે. એવી અંતર લક્ષ્મીસંપન્ન પરમાત્મા પોતે એનો આશ્રય કરવાથી સકળ વિદ્યાનું મૂળિયું એ છે. કોઈ વિકલ્પ, વ્યવહાર, નિમિત્ત એ કાંઈ વિદ્યાનું મૂળિયું નથી. આહા..હા..! તારી મોટપને પ્રગટ કરવામાં તારી મોટપ તારામાં પડી છે. સમજાણું કાંઈ?

'**સકળ વિદ્યાનું એક મૂળ...**' પાછું એમ. બીજું પણ એક મૂળ છે એમ નહિ. આ એક જ મૂળ છે. ભગવાન આત્મા પૂર્ણ આનંદકંદ પ્રભુ, એનો આશ્રય કરવો એ જ સકળ વિદ્યા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, શાંતિ, શુક્લધ્યાન કે કેવળજ્ઞાન બધી વિદ્યાનું એક જ મૂળ છે. '**તેનો—આશ્રય કરીને...**' તેનો આશ્રય કરીને. ભગવાન ચૈતન્યસ્વભાવ વસ્તુ એનું આલંબન લઈને, એનો આશ્રય કરીને '**યથોક્ત આત્મસ્વભાવની સંભાવનામાં સમર્થ...**' યથોક્ત એટલે જેવો કહ્યો એવો પરમાત્મા એની ભાવના કરવામાં સમર્થ. કહો, સમજાણું? '**આત્મસ્વભાવની સંભાવનામાં...**' એની એકાગ્રતા ભાવના કરવામાં, '**સમર્થ હોવાને લીધે પર્યાયમાત્ર પ્રત્યેનું બળ (જોર) દૂર કરીને...**' ઓલામાં જોર હતું. '**પર્યાયમાત્ર પ્રત્યેનું બળ...**' વિકલ્પનું બળ જ દૂર કરીને. નિમિત્ત નહિ, વિકલ્પ છે એનું બળ દૂર કરીને. મનુષ્યની શરીરથી આ કાંઈક પર્યાય થાય છે, એનાથી ધર્મ (થાય). હવે એ રાડ પાડે છે, જુઓ! કે સચેત શરીરથી ધર્મ થાય. મનુષ્યની ક્રિયા એ જડ નથી. એમાં ચેતન છે ત્યાં સુધી તેને સચેત ક્રિયા કહેવામાં આવે છે. ભારે ગજબ કરે છે. આ તો પૃથક્ જડની અવસ્થા સમયે સમયે થાય છે, પણ અંદર વિકલ્પ ઊઠે તેને અહીંયા અચેતન સ્વભાવ, આત્માનો સ્વભાવ નથી એમ કહેવું છે. આહા..હા..! ભારે વાત! માર્ગ એવો છે.

'**પર્યાયમાત્ર પ્રત્યેનું...**' પર્યાયમાત્ર પ્રત્યેનું '**બળ દૂર કરીને...**' એટલે તેનાથી રુચિ અને આશ્રય છોડી દઈને. '**આત્માના સ્વભાવમાં જ સ્થિતિ કરે છે...**' ભગવાન આત્મા જ્ઞાન ને દર્શન ને આનંદના પરિપૂર્ણ, પરિપૂર્ણ સ્વભાવથી ભરેલો એનો અંતર આશ્રય કરે

છે. એનો આશ્રય એટલે આધાર લે છે. અથવા '(**-લીન થાય છે**),...' 'સ્થિતિ કરે' છેને? '**તેઓ—જેમણે સહજ-ખીલેલી અનેકાંતદષ્ટિ વડે...**' દેખો! આ અનેકાંતદષ્ટિ. આનો આશ્રય કરે છે તેને અનેકાંતદષ્ટિ કહે છે. વળી રાગનો પણ આશ્રય કરવો અને આનો પણ આશ્રય કરવો એનું નામ અનેકાંતદષ્ટિ નથી. શું થાય? કોની સાથે ચર્ચા કરે? સ્યાદ્વાદ છે. નહિતર એકાંત થઈ જાય છે. અરે..! ભગવાન! એકાંત તો એને કહીએ કે રાગથી લાભ માને એને એકાંત કહીએ. પણ સ્વભાવથી લાભ માને અને રાગથી ન માને એને અનેકાંત કહે છે. આવું અનેકાંતનું સ્વરૂપ. અહીં તો હજી બહારની પ્રવૃત્તિમાં ધમાધમ અને હો..હા..ને હરિફાઈ એમાંથી ધર્મ થાય, કલ્યાણ થાય. બાપુ! ગતિ હારી જઈશ ભાઈ! અને આ ગતિ હારી અને એની એ બીજી જાતની ગતિમાં અવતરીશ પાછો. એમાં કાંઈ ગતિ રહિત થવાનો એ ઉપાય નથી. આહા..હા..!

'**જેમણે સહજ-ખીલેલી અનેકાંતદષ્ટિ વડે...**' દેખો! સહજ ખીલેલી. ભગવાન આનંદ અને જ્ઞાનસ્વરૂપી ધ્રુવ એનો જ્યાં આશ્રય લીધો તે સ્વભાવે ખીલેલી અનેકાંતદષ્ટિ. ભાષા શું છે? '**જેમણે સહજ-ખીલેલી અનેકાંતદષ્ટિ...**' એમ. ખીલેલી અનેકાંતદષ્ટિ. આહા..હા..! ભગવાન જ્ઞાનાનંદ સ્વભાવ એનો આશ્રય કરતા સહજ ખીલેલી અનેકાંતદષ્ટિ એટલે? જ્ઞાનાનંદ સ્વભાવ પ્રગટ થયો અને રાગનો ભાવ પ્રગટ થયો નહિ. બહુ સૂક્ષ્મ વાત એવી છેને. છે એના ઘરની અને થઈ શકે એવું આ જ છે. પણ હવે એને આ જાતની શૈલી સાંભળી ન હોય, અભ્યાસ કર્યો ન હોય અને પોતાનું માહાત્મ્ય છે એ જોયું અને સાંભળ્યું જ નથી એણે.

આવો જે ભગવાન આત્મા તે '**જેમણે...**' એમ છેને? '**સહજ-ખીલેલી અનેકાંતદષ્ટિ વડે...**' એમ. '**સમસ્ત એકાંતદષ્ટિના પરિગ્રહના આગ્રહો પ્રક્ષીણ કર્યા છે...**' એમ. સ્વીકાર, અંગીકાર છોડ્યો છે. એટલે શું કીધું? ચૈતન્યનો પિંડ ચેતના-નિધાન આત્મા જે છે એનો આશ્રય કર્યો છે તેથી અનેકાંતદષ્ટિ ખીલી ગઈ છે. રાગ એમાં ભેળો આવતો નથી. એકલો સ્વભાવ આવે છે અને રાગ આવતો નથી એવી અનેકાંતદષ્ટિ સહજ ખીલી ગઈ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

પરમેશ્વર થવાના ઉપાય છે આ. પોતે જ પરમેશ્વર છે. જૈનદર્શન આત્માને જ ભગવાન પૂરો કહે છે. એક એક આત્મા ભગવાન પૂરેપૂરો પરમાત્મા છે. એવા આત્માનો આશ્રય કરતાં, લીન થતાં. જુઓને! સ્થિતિ કરે છેને? '**સ્થિતિ કરે છે (—લીન થાય છે), તેઓ-જેમણે સહજ-ખીલેલી અનેકાંતદષ્ટિ...**' એમ. આમ સ્વભાવમાં સ્થિત કરે છે તેથી અનેકાંતદષ્ટિ ખીલી ગઈ છે. સ્વભાવ ખીલે છે અને રાગ ખીલતો નથી. એ અનેકાંતદષ્ટિ ખીલી ગઈ છે. આહા..હા..! આત્માના સ્વભાવમાં સ્થિતિ કરે છે એટલે કે પુણ્યના વ્યવહારના વિકલ્પમાં જેની સ્થિતિ છૂટી ગઈ છે. એને સ્વભાવ શુદ્ધ ચૈતન્યના દળમાં એકાગ્ર થઈને

સ્થિતિ કરી છે '**તેઓ—જેમણે સહજ-ખીલેલી અનેકાંતદૃષ્ટિ વડે સમસ્ત એકાંતદૃષ્ટિના...**' દેખો! અનેકાંતદૃષ્ટિ વડે બધાય એકાંતદૃષ્ટિનો આગ્રહ, સ્વીકાર, અંગીકાર છોડી દીધો છે. '**પ્રક્ષીણ કર્યા છે...**' '**આગ્રહો પ્રક્ષીણ કર્યા છે...**' એકાંતદૃષ્ટિનો નાશ કર્યો છે. એકાંત એ કે રાગથી લાભ માને અને સ્વભાવથી નહિ એ એકાંતદૃષ્ટિ છે. આત્માના સ્વભાવથી વિરુદ્ધ વિભાવથી આત્માને લાભ માને એ અનાત્માથી આત્માને લાભ માને, અણાત્માની અસ્તિથી આત્માની અસ્તિ ખીલે (એમ માને) એ જ એકાંતદૃષ્ટિ છે. સમજાણું કાંઈ?

ભગવાન જ્ઞાન આનંદસ્વભાવથી, એમાં લીન થવાથી સહજ ખીલેલી અનેકાંતદૃષ્ટિ વડે, જેને બધા એકાંતદૃષ્ટિ (કે) વિકલ્પથી લાભ થાય, પુણ્યથી લાભ થાય, વ્યવહારથી લાભ થાય, નિમિત્તથી લાભ થાય, આ નિમિત્ત આવું હોય તો લાભ થાય, આ સાંભળીએ તો લાભ થાય એવો જે એકાંત પક્ષનો જે આગ્રહ છે એ બધો છૂટી ગયો છે. સમજાણું કાંઈ? પરજ્ઞેયથી સ્વજ્ઞેયને લાભ થાય એ જ એકાંતદૃષ્ટિ છે. સ્વજ્ઞેયથી સ્વજ્ઞેયને લાભ થાય અને પરજ્ઞેયથી લાભ ન થાય એનું નામ અનેકાંતદૃષ્ટિ છે. આ માણસને આવું ન પકડાયને પછી ઓલું સહેલુંસટ છેને, જાવ કરી રાખો. મંદિર બનવા દો. શાંતિસ્તોત્ર. શું કહેવાય? સ્નાત્ર. બનાવો. એય..! ..ભાઈ! શું કહેવાય એ? સ્નાત્ર કહેવાય છેને? સિદ્ધચક્ર અને શાંતિ સ્નાત્ર એમ આવે છેને? આહા..હા..! શાંતિ સ્નાત્ર તો અહીં થાય એમ છે. શાંતિને સાફ કર, અશાંતિને ધોઈ નાખ. સમજાણું કાંઈ?

ભગવાન ચિદાનંદસ્વરૂપ એમાં યા હોમ કરીને સ્થિર થા. એથી સહજ સ્વભાવની અનેકાંતદૃષ્ટિ વડે એકાંતદૃષ્ટિનો આગ્રહ સ્વીકાર છોડી દીધો. એટલે પ્રક્ષીણ કર્યો છે. અહીં તો એ જ કીધું ભાઈ! નાશ કરી નાખ્યો છે. આહા..હા..! આ તો ધીરાનું કામ છે ભાઈ! આ કોઈ ઉતાવળીયા થઈને, ઝટ દઈને ખાઈ લેવું છે બહારનું? એય ખાઈ ક્યાં શકે છે? પણ એ માને છેને. આ ખાઈ લીધું લ્યો. એ બે મિનિટમાં ખાઈ લ્યો, આ મોટર ઊભી છે. બે-ચાર બટકા મોટા-મોટા લઈને અને દાળ લઈને મોઢું ધોઈને આ બેસી ગયા. એઈ..! ભાઈ! આ ભગવાન આત્માનો સબડકો લેવો (એ) અલૌકિક છે. એ આનંદસ્વરૂપ ભગવાન આત્મા છે. એનો સ્વાદ લેવો અને આનો સ્વાદ ન લેવો એ અનેકાંતદૃષ્ટિ છે એમ કહે છે. સમજાણું કાંઈ? મોંઘુ કહો તોપણ એ, સરળ કહો તો એ અને સહજ કહો તો એ અને છે કહો તો એ.

મુમુક્ષુ :- સહજથી થાય એ સોંઘુ.

ઉત્તર :- એ સોંઘુ. એ પ્રાપ્તિ આ રીતે થાય છે, બીજી રીતે થાતી નથી.

'**જેમણે...**' એટલે આત્માએ આવું કરનારે '**સહજ-ખીલેલી અનેકાંતદૃષ્ટિ...**' જુઓ! જ્ઞાનાનંદ કિરણ ખીલતા જાય છે શાંતિના. એ શાંતિ ખીલે છે અને અશાંતિનો આગ્રહ હતો કે આનાથી થાય એ વાત નાશ કરી છે. '**એવા—મનુષ્યાદિ ગતિઓમાં...**' એવી મનુષ્ય આદિ ગતિમાં '**અને તે ગતિઓના શરીરોમાં...**' લ્યો અહીં લાંબુ લીધું બધું જોયું! ઓલામાં

એટલું લીધું હતું. અસમાનજાતીય દ્રવ્યપર્યાય સમુચ્ચય. એમાં અહીં વિસ્તાર કર્યો મનુષ્યજાતિનો. સમજાણું? આ હું મનુષ્ય જ છું, મારું જ આ મનુષ્યશરીર (છે) એટલું જ લીધું હતું ઓલામાં. આ હું મનુષ્ય જ છું અને મારું જ આ મનુષ્યશરીર એમ અહંકાર-મમકાર વડે, એમ હતું સંસ્કૃત ટીકામાં. પહેલામાં એક મનુષ્ય હતું. અસમાનજાતીય સામાન્ય નાખ્યું હતું, પણ પાછું ખુલાસો એ કર્યો છે કે '**આ હું મનુષ્ય જ છું અને મારું જ આ મનુષ્યશરીર છે. એમ અહંકાર-મમકાર વડે ઠગાતા થકા.**' કારણ કે મૂળ તો અહીં મનુષ્યપણામાં છેને એની વાત એટલે. સમજાણું કાંઈ?

અહીં જેણે શુદ્ધતા પ્રગટ કરી એથી '**મનુષ્યાદિ ગતિઓમાં અને તે ગતિઓના શરીરોમાં અહંકાર-મમકાર નહિ કરતાં...**' હું મનુષ્ય છું માટે આ આત્મા સાધી શકે છે, એ હું મનુષ્ય છું. હું મનુષ્ય નથી, હું મનુષ્ય નથી. ઓહો..! મનુષ્યગતિ હું નથી. ગતિ તો વિકૃતભાવ છે. એમાં આત્મા છે? આહા..હા..! લોકો રાડ પાડે હોં બિચારા, એવા રાડ પાડે છે. આહા..હા..! પણ ભગવાન આ જો તો ખરો! ધીરો થઈને સ્વાધ્યાય તો કર તું. પણ સ્વાધ્યાય કર શાંતિથી, આ શું પોકારે છે જો તો ખરો. એ આત્માનો પોકાર છે એ જ પોકાર વાણીમાં છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્માના સ્વભાવનું શુદ્ધ ચૈતન્ય પરમાત્માનું અંદર શરણ લીધું, કહે છે કે અનેકાંતદૃષ્ટિ ખીલતા મનુષ્ય આદિ ગતિ અને ગતિઓના શરીર એમ બેય લીધા. ગતિ અને શરીર. આ ઔદારિક શરીર છે તો ભાઈ સાધન થાય. શરીર આદ્યં ખલુ ધર્મસાધનં. સચેત શરીરથી ધર્મ થાય. એ પ્રશ્ન પહેલો ઓલામાં છે, ખાણિયા ચર્ચામાં. ચાલે છેને. એનું એ કહે છે બહારમાં હજી. હજી એ ખાણિયા ચર્ચાનો સાર કાઢવો છે પાછો. ગ્રંથ આવવાનો છે. કો'ક છે ને સભા.. શું દરિયાનો? એમાંથી .. તત્ત્વજ્ઞાન મીમાંસા, સોનગઢથી વિરુદ્ધનું અને આ ખાણિયા ચર્ચાનો સાર. ભગવાન! શું કરીશ તું? આહા..હા..! પરથી લાભ મનાવવો છે એ વાત તારે ચર્ચવી છેને? વાત ઈ કાઢવી છેને તારે? શરીર સારું હોય તો ધર્મ થાય, રાગ વિકલ્પ હોય તો આત્માને ધર્મ થાય. એ તારે કહેવું છેને? તો એ તો છે, એ તો સાંભળ્યું છે અને એ તો લોકો કરે છે. હવે એ કાંઈ નવું છે કે નહિ કાંઈક કરવાનું કલ્યાણનું? સમજાણું કાંઈ?

અરે..! પરથી ઉદાસ વીતરાગ ભગવાન આત્મા છે. એને એકાંતદૃષ્ટિનો જે આગ્રહ હતો કે આ વિકલ્પ હોય તો આમ થાય, રાગ હોય તો કાંઈક આમ થાય, આ શુભભાવ હોય તો કાંઈક લાભ થાય એવી જે એકાંતદૃષ્ટિ જે હતી, એ અનેકાંતદૃષ્ટિ વડે તે એકાંતદૃષ્ટિનો નાશ કર્યો છે. એમ કહે છે. સમજાણું કાંઈ? આ શુભભાવ હોય એની હયાતી, જ્ઞેયનો અધિકાર છેને, શુભભાવ હોય તો શુદ્ધ થાય, શુભ હોય તો શુદ્ધ થાય એ એકાંતદૃષ્ટિ છે કહે છે. ધીરૂભાઈ! આહા..હા..! આ શરીરને ન જો પ્રભુ! આ તો માટી છે. આ તો કો'ક દ્રવ્ય

પર છે, વાણી પર છે, આ વિકલ્પ ઊઠે ઈ પર છે. પોતાનો ભગવાન ચૈતન્યનો પિંડલો અનાકુળ આનંદનો રસકંદ છે એને જોને. એને જોને. અને એમાં ઠરતા આનાથી આમ થાશે, આનાથી આમ થાશે, મનુષ્યની અનુકૂળતા શરીરની હોય, સુખી શરીર હોય, બહારના સુખના સાધન હોય, શ્વાસ-બ્વાસ ઠીક ચાલતો હોય, નિરોગતા હોય તો લાભ થાય, આ શુભ રાગ હોય તો લાભ થાય. એ એકાંતદૃષ્ટિ અનેકાંતદૃષ્ટિ વડે છૂટી જશે તારી. સમજાણું કાંઈ? તને ખાતરી થશે કે ઓહો..! આવો આત્મસ્વભાવનો આશ્રય કરતાં આ પ્રગટે છે, પરને કારણે પ્રગટતું નથી. સમજાણું કાંઈ? ઓહો..!

**'શરીરોમાં અહંકાર-મમકાર નહિ કરતાં...'** આ ગતિ છે તે ઠીક છે કે જેથી મને સાધન થયું, આ શરીર ઠીક છે તો મને સાધન થયું. એવો જે અહંકાર-મમકાર જ્ઞાનીઓ નહિ કરતાં. માણસને તો એમ થાયને કે ભાઈ શ્વાસ લેવાની કાંઈક ગતિ ઠીક હોય. હવે અહીં ઉધરસના પાર નહિ, શ્વાસની ગતિ ચાલતી હોય આકરી, હવે એમાં કહે કે ધર્મ કરો... ધર્મ કરો.

મુમુક્ષુ :- એ તો બધી બહારની વાત છે.

ઉત્તર :- એ બહારની, પણ એને લઈને એ ધર્મ ક્યાં હતો, સાંભળને. જેમાં ભરેલો ભગવાન આત્મા છે એને આશ્રયે થાય. એ તો જોડે પડ્યું રહ્યું, જોડે રહે છે એ ચીજ. આહા..હા..! કહો.

સુખી હોય તો (ધર્મ) કરવાને વખત મળે તો ધર્મ કરી શકે. દુઃખીવાળા બિચારા બીડીયું વાળતા હોય, આવા હોય. રોટલા માટે આખો દિ' (રળવા જતા હોય). રૂપિયો અત્યારે મોંઘો થઈ પડ્યો. નહિતર પહેલા બે આના જોતા હતા, છ પૈસા જોતા હતા દિવસના. હવે રૂપિયો જોવે. રૂપિયા માટે રળવું પડે. હવે એને ક્યારે ... થાક્યા-પાક્યા હોય રળીને. હવે એને કહે તમે ધર્મ કરો. એ સૂવે કે ધર્મ કરે? મૂઢ છો કહે છે. થાકે કોણ ને પાકે કોણ? તારો સ્વભાવ તો તે ક્ષણે પળે ત્રિકાળ આનંદકંદ જ પડ્યો છે. તારી નજરને આળસે તું પરમાં પ્રમાદ કરે છો. આહા..હા..! સમજાણું કાંઈ? ગરીબને ધર્મ થાતો હશે કે નહિ આમાં? અમુલખભાઈ! ગરીબ કહેવો કોને? ગરીબ માને છો એ મૂઢ છો. આત્મા ગરીબ કેવો? શાહુકાર ને ગરીબ કેવો? મૂર્ખ ને મૂઢ એ કેવો એમાં? સમજાણું કાંઈ?

ભગવાન જ્ઞાન ને આનંદનથી ભરેલો પદાર્થ એમાં સ્થિત કરવાથી શરીરમાં અહંકાર (નહિ રહે). અહીં (ચૈતન્યસ્વભાવમાં) જ્યારે અહંપણાનું સ્થિર થયું, તો આમ શરીરના અહંકાર-મમકાર નહિ કરતા **'અનેક ઓરડાઓમાં સંચારિત રત્નદીપકની માફક...'** લ્યો! રત્નનો દીવો હોય, અનેક ઓરડામાં ચાલ્યો જાય તો દીવો તો દીવો જ રહે છે. કોઈ ઓરડા ને મકાન જેવો થઈ જાય છે? દીવો છે એ ત્યાં અંધારાનો ભાગ હોય એ રૂપે દીવો થઈ જાય છે? દીવો તો ચમકતો દીવો રતન લઈને આમ ચાલ્યો જાય અનેક ઓરડે એમને એમ.

એમ અનેક ગતિ અને શરીરોમાં રત્ન ચૈતન્ય-હીરો આમ ગતિ કરતો ક્ષેત્રાંતર ચાલ્યો જાય છે. એ કાંઈ પરરૂપે થતો નથી.

'**અનેક ઓરડાઓમાં સંચારિત રત્નદીપકની માફક...**' '**સંચારિત=લઈ જવામાં આવતા. (જેમ જુદા જુદા ઓરડામાં લઈ જવામાં આવતો રત્નદીપક એકરૂપ જ છે,...**' એ તો એકરૂપ રહે છેને? કે ઓરડારૂપ થઈ જાય છે ક્યાંય? '**તે બિલકુલ ઓરડારૂપ થતો નથી...**' ઓરડાની ક્રિયા કરતો નથી. ઓરડાની ક્રિયા કરતો હશે ભીંતની સરખી આ ગાદલા-બાદલા ગોઠવવાની એવી બધી? '**તેમ જુદાં જુદાં શરીરોમાં પ્રવેશતો આત્મા એકરૂપ જ છે, તે બિલકુલ શરીરરૂપ નથી...**' બિલકુલ શરીરરૂપ નથી '**અને શરીરની ક્રિયા કરતો નથી—આમ જ્ઞાની જાણે છે.)**' આહા..હા..! ઓલા રાડ નાખે અરર..ર..! શરીરની ક્રિયા કાંઈ પણ ધર્મનું કારણ નહિ? આ તો કહે છે કે વિકલ્પ ઊઠે શુભ એ કારણ નહિ, અને કારણ માન તો એકાંતદૃષ્ટિ છે એમ કહે છે અહીં તો. આહા..હા..! અનેકાંતની વ્યાખ્યા જ આ છે. સમજાણું કાંઈ?

આત્માને '**રત્નદીપકની માફક એકરૂપ જ આત્માને ઉપલબ્ધ કરતા થકા...**' ચાહે તો મનુષ્યગતિ હોય, ચાહે તો દેવગતિ હોય, પણ એમાં ચૈતન્યમૂર્તિ પોતાના સ્વભાવનો આશ્રય છે એ એકરૂપે જ પ્રગટ ત્યાં થાતો જાય છે. ગતિમાં ભંગ પડીને ત્યાં ભેદ પડતો નથી. '**એકરૂપ જ આત્માને ઉપલબ્ધ કરતા થકા (-અનુભવતા થકા) અવિચલિત-ચેતનાવિલાસમાત્ર આત્મવ્યવહારને...**' દેખો! અવિચલિત—ચળતો નથી એવો ચેતનાવિલાસમાત્ર વ્યવહાર. સ્થિર... સ્થિર... સ્થિર... શાંતિ. શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ એવી સ્થિર દશા એ અવિચલિતચેતનાનો વિલાસ, એ આત્મવ્યવહાર, એ આત્માનું વર્તન, એ આત્માનું કાર્ય, એ આત્માની પર્યાય. આહા..હા..! વ્યવહાર વિકલ્પ આદિ તો આત્માની પર્યાય પણ નથી એમ કહે છે અહીં તો. વ્યવહારરત્નત્રયનો શુભયોગ એ આત્માનું વર્તન નહિ, આત્માની પર્યાય નહિ, આત્માનો વ્યવહાર નહિ, આત્માનું કાર્ય નહિ. ભારે! લોકોને સત્યને સાંભળવું અને પહોંચી વળવું એને મહાપ્રયત્નથી પમાય છે. આ કાંઈ એમને એમ મળી જાય એવું નથી. રીત જ સાંભળવા મળે નહિ એ રીતનો પ્રયોગ કે દિ' કરે? શ્રદ્ધામાં જ એમ હોય કે આનાથી થાશે, આનાથી થાશે એ શ્રદ્ધા અંતરમાં વળે શી રીતે? જેની શ્રદ્ધામાં, રાગ મંદ હોય તો લાભ થશે, નિમિત્ત અનુકૂળ હોય તો લાભ થશે (એમ છે) તો એ રુચિ ત્યાં ગઈ છે. શ્રદ્ધામાં જ રુચિ ત્યાં વળેલી છે, હવે એ શ્રદ્ધા અંતર કેમ વળે?

મુમુક્ષુ :- ....

ઉત્તર :- ધૂળેય નથી કાન. સાંભળે છે ક્યાં આત્મા? આત્મા તો જાણે છે. કહો.

મુમુક્ષુ :- કાન હોય તો સંભળાય.

ઉત્તર :- જ્ઞાન થાય. એ શેઠી બોલતા નથી. બોલેને. એકવાર બોલી ગયા હતા બધું.

સુને-સાંભળે તો જ્ઞાન થાય. અહીં ના પાડે છે. જેમાંથી જ્ઞાન હોય એમાંથી જ્ઞાન થાય. શબ્દોમાં જ્ઞાન નથી, કાનમાં જ્ઞાન નથી, વિકલ્પમાં જ્ઞાન નથી. આહા..હા..! ચૈતન્યમૂર્તિ કાંઈ વિકલ્પમાં છે? કાનમાં છે? શબ્દમાં છે? એ તો છે ત્યાં છે. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અપને સે જાગૃત હોતી હૈ. વિકલ્પ સે, શબ્દ સે, કાન સે નહીં.

મુમુક્ષુ :- ગુરુ કે ઉપદેશસે.

ઉત્તર :- ઉસસે નહીં ઐસા કહતે હૈં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહીં. ઉસકો સુનકર સન્મુખ નહીં હોતા. સ્વભાવ કે આશ્રય સે સન્મુખ હોતા હૈ તબ પરકો નિમિત્ત કહને મેં આતા હૈ. નિમિત્ત કા આશ્રય લેના વહ મિથ્યાત્વભાવ હૈ ઐસા કહતે હૈં યહાં તો.

સ્વનો આશ્રય કરે ત્યારે અનેકાંતદષ્ટિ ખીલે એમ કહેવું છે અહીં તો. આહા..હા..! જુઓને ત્યારે એકાંતદષ્ટિનો નાશ થાય, નહિતર ઓલી એકાંતદષ્ટિ છે. આનાથી થાશે... આનાથી થાશે... જેમાં નથી એમાંથી થાશે? જેમાં આત્મા નથી એમાંથી આત્મા થાશે? કહો, કાંતિભાઈ! આવો માર્ગ હશે? તો પછી આ બધાને આવું લાગુ પડતો હશે? સમાજને લાગુ પડે? એક વ્યક્તિને લાગુ પડે. એક જણો કહેતો હતો તે દિ' ત્યાં લલિતપુર. લલિતપુરમાં કહેતો હતો કે આ તમારો માર્ગ છે એ એકાદ વ્યક્તિને લાભ થાય. જે માર્ગે એકને થાય એ માર્ગે બધાને થાય. એમ જાણે કે આ સમાજનું કાંઈક કરી દેવું છે બધાને મોટા ભેગા થઈને. લાખો માણસ ભેગા થઈને એનું કાંઈક કરું. ધૂળેય કરતો નથી, સાંભળને હવે. એક એક શરીરના પરમાણુની પર્યાય સ્વતંત્ર થાય એને કર શું તું? આહા..હા..! મારી નિરોગતા હોય, શ્વાસની ક્રિયા ઠીક ચાલતી હોય, કાંઈક ખાવા-પીવાનું પચતું હોય, એ વખતે એને સૂઝે નહિ કે આ ક્રિયા પરની છે, મારી નથી. આપણે બોલીએ જોરદારથી બોલીએ જોરદારથી બોલાય, હળવેથી બોલો તો હળવેથી બોલાય. આપણે શરીરને ઉપાડવું હોય જોરથી તો એકદમ પગ ઉપાડીએ. ધીમેથી કરવું હોય તો ધીમેથી લઈએ. વાત તારી તદ્દન ખોટી છે એમ કહે છે. ભગવાનજીભાઈ! હળવેથી પગ મૂકવો હોય તો હળવેથી મૂકીએ, ઉતાવળ કરો.. લ્યો આ જુઓ! ન્યાલભાઈ છે. જ્યારે ઓલું થઈ જાય છે આમ. શું ભાષા તમે કરો છો એની? ઓલું થઈ જાય ત્યારે આમ. નબળું પડી જાયને શરીર? ત્યારે કાંઈ કરી શકતા નથી શરીરનું. પછી એક કલાક દોડો ચાલે ત્યારે. તો એ કરી શકે છેને સારું થાય ત્યારે? કાંઈ કરતો નથી કહે છે. એ રજકણો એની મેળાએ ચાલે અને એની મેળાએ ઠરે, આત્માને કાંઈ છે નહિ. આહા..હા..! હળવે બોલજો હોં. કારણ કે બીજા સાંભળી ન જાય. તો હળવે બોલીએ, લ્યો હળવે બોલાય છે. તારાથી બોલાય છે?

મુમુક્ષુ :- તો શેનાથી બોલાય છે?

ઉત્તર :- જડથી. ખાનગી કામ હોય તો હળવેથી બોલે છે કે નહિ? તો એના ધાર્યા પ્રમાણે બોલાય છે કે નહિ? હળવેથી બોલવું હોય તો હળવેથી બોલાય લ્યો. ઝવેરાતના ધંધા એવા હોય તો ખાનગી કો'ક આવ્યું હોય લેવા તો ખાનગી વાત કરે એના છોકરા ને બે માણસ. જો આનું આમ છે ને આનું આમ છે. ઘરાક એવો આવ્યો હોય તો એને કહે, આનું ધ્યાન રાખજે. આને બહુ ખુલ્લું ન મૂકાય. તો હળવે બોલવું હોય તો હળવે બોલાય છે કે નહિ? મૂઢ છો કહે છે. બોલે કોણ? સાંભળને. એ અહંકાર-મમકાર તારો છે. હળવે બોલું અને તાણીને બોલું, હળવે ચાલું અને ઉતાવળો ચાલવું, મંદ રીતે. મંદ ગતિએ ચાલવું. સમજાણું? થડક ન લાગવી જોઈએ અહીં ડુંટીને. હળવે-હળવે. એક માણસ હતો ૮૦ વર્ષનો. મેં કીધું, આ હળવે-હળવે કેમ ચાલે છે? ઘણાં વર્ષની વાત છે. કહે કે હળવે હળવે ચાલે તો થડક ન લાગે ને તો આયુષ્ય વધે, નિરોગતા રહે. ઓય! કીધું, આ લાગે છે કાંઈક લાકડા. વિઠ્ઠલભાઈ હતા. ત્રિભુવન વિઠ્ઠલ. વિઠ્ઠલ. શેઠ વિઠ્ઠલશેઠ નહિ? ત્રિભુવન નહિ? કીધું, આ શું? ઘણા વખતની વાત છે આ તો. હળવે-હળવે આમ પગ મૂકે. શરીર નિરોગી. ખાસડા સારા પહેરે. પગના ખાસડા કહેવાયને ઈ? પગરખા લ્યો પગરખા, સારી ભાષાએ. પણ ખાસડા (સારા પહેરે). હળવે હળવે ચાલે. બહુ અહીં ડુંટીએ થડક ન લાગવી જોઈએ. થડક લાગી જાય તો આયુષ્ય ઓછું થઈ જાય. ઓલું નિરોગથી જીવાય. ધૂળેય નથી, સાંભળને. હળવે ચાલવું કે ઉતાવળે ચાલવું એ અહંકાર-મમકાર જડનો છે. એ જ્ઞાની એનો અહંકાર મમકાર કરતા નથી એમ કહે છે.

મુમુક્ષુ :- જ્ઞાની ચાલે તો છે.

ઉત્તર :- કોઈ ચાલતું નથી. જડ ચાલે છે. ચાલે કોણ? આહા..હા..! એ.. ન્યાલભાઈ!

મુમુક્ષુ :- ભગવાન પોતે વિહાર કરે છે.

ઉત્તર :- કોઈ વિહાર કરતું નથી. ભગવાન તો જાણે છે કે આ થાય છે જડમાં. ભગવાન વિહાર કરતા હશે? ખામણામાં આવે કે હજારો ગાઉનો વિહાર કરે. આવે છેને ખામણામાં? પાંચમા ખામણામાં આવતા. વિહાર કોણ કરે? લ્યો! એક રાત્રિમાં વિહાર કર્યો. એમ કે પાવાપુરીમાં કેવળજ્ઞાન થયું. ... એક રાત્રિમાં વિહાર ત્યાં કર્યો અને દેશના ખાલી ગઈ એમ લખે છે એનો અર્થ એમ સમજવો કે ત્યાં ખેડુત લોકો હોયને? ખેડુ ભેગા થયા હોય. નાગરિક લોકો ન થયા હોય એટલે એ અપેક્ષાએ દેશના ખાલી ગઈ એમ હું તર્કથી સમજાવું છું. અમરવાણી આવે છેને, અમરભારતી. આહા..હા..! એમ કે દેશના ખાલી ગઈ એનો અર્થ? કે ખેતરમાં કેવળજ્ઞાન થયું ભગવાનને. ઓલા .. આવે છેને. હવે ત્યાં ખેડુ ભેગા થયા હોય અને એ કાંઈ બહુ સમજે નહિ એટલે એને ઉતરે નહિ એટલે નિષ્ફળ ગઈ એવો અર્થ કહેવાય. પણ દેશના જ ન હોય, સાંભળને. તત્ત્વની ખબર નથી. સર્વજ્ઞ થયા અને દેશના હોય અને ધર્મ

પામનાર ન હોય એમ બને નહિ. વસ્તુની સ્થિતિ... એ વસ્તુની સ્થિતિ એવી છે. વ્યવહાર ક્યાં આવ્યો? એને પોતાને કારણે પામવાની જ્યાં યોગ્યતા હોય છે ત્યારે આવું નિમિત્ત હોય જ છે. નિમિત્ત આવું હોય ને ધર્મ પામનારની યોગ્યતા ન હોય એને કારણે—એમ બને નહિ. સમજાણું કાંઈ? ભગવાનની દેશના નિષ્ફળ જાય નહિ. એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. છતાં નિમિત્તથી થયું નથી. ભારે વાત! બધું શાસ્ત્રમાં હોયને એને મેળવે છે. ગોઠવી દે સરખું. જુઓ! ગૌતમસ્વામીને ભગવાને છેલ્લે મોકલ્યા સૌમીલને ઓલું કરવા કે જાવ ભાઈ તમે ત્યાં યજ્ઞ છે, બહુ યજ્ઞનું તો બંધ કર્યું છે આપણે, પણ હવે એ યજ્ઞ પાછું જીવીત કરવા માગે છે. ત્યાં જાવ સમજાવવા. ભગવાને બધાને યજ્ઞ કરતા બંધ કરાવ્યા. બધી વાતું ગપે ગપ છે. એ તો યજ્ઞની ક્રિયાઓ પરની થવાની હતી ત્યારે વિકલ્પવાળો અજ્ઞાની આત્મા ત્યાં હોય છે. એ કાંઈ કરી શકે અને ભગવાનની વાણી આવી એટલે ત્યાં અટકી જાય છે એને કારણે? ભારે કામ આકરું ભાઈ! આહા..હા..! એ તો તે કાળે તેના એવા ભાવ જીવોના થાય અને થવાની ક્રિયા હોય નહિ. ભગવાનના ઉપદેશથી અટકાવ્યું આ યજ્ઞ, એ તો બધા વ્યવહારના કથનો છે. યથાર્થવાદના કથન નથી એ.

મુમુક્ષુ :- વ્યવહારવાદના છે.

ઉત્તર :- વ્યવહારવાદના કથન છે ઈ.

અહીં તો કહે છે '**અવિચલિતચેતનાવિલાસમાત્ર આત્મવ્યવહાર...**' એને આત્મવર્તન કહીએ. આહા..હા..! આત્માનું કાર્ય કહીએ અને આત્માનો વેપાર આ કહેવાય. આ ધંધા-ફંધાના વેપાર તો ક્યાંય ગયા, આ એના અશુભ પરિણામનો વેપાર પણ ક્યાંય ગયો અને આ શુભ પરિણામનો વેપાર પણ ક્યાંય ગયો પરમાં. સમજાય છે કાંઈ? અખંડાનંદ પ્રભુ ચિદાનંદ મૂર્તિ છે એનો આશ્રય કરીને જે દશા પ્રગટી તે આત્માનો વ્યવહાર. કહો, નવરંગભાઈ! ઓલો વ્યવહાર-અસદ્ભુત વ્યવહાર વિકલ્પ તો યાદ કરીને પરદ્રવ્યમાં નાખી દીધું, પરજ્ઞેયમાં નાખી દીધું. આ તો શુદ્ધ પોતે દ્રવ્ય છે, શુદ્ધ ગુણ છે. તો શુદ્ધ પરિણતિ નિર્મળ વીતરાગ પરિણતિ થઈ એ સ્વજ્ઞેય છે વ્યવહારે. નિશ્ચય તો દ્રવ્ય. સમજાણું કાંઈ? આ કાંઈ...

મુમુક્ષુ :- પર્યાય એટલે વ્યવહાર..

ઉત્તર :- વ્યવહાર જ છેને. પર્યાય છેને, ભેદ છેને.

અહીં તો '**અવિચલિતચેતનાવિલાસમાત્ર આત્મવ્યવહારને અંગીકાર કરીને,...** ' જુઓ! આને અંગીકાર કરીને. રાગાદિને છોડી દઈને, આને અંગીકાર કરીને. આહા..હા..! અંગીકાર છે તો પર્યાય અહીં, પણ એ દ્રવ્યને અંગીકાર કર્યો એટલે પર્યાય નિર્મળ એવી થઈ એટલે એને અંગીકાર કરીને એમ કહેવામાં આવ્યું. '**જેમાં સમસ્ત ક્રિયાકલાપને ભેટવામાં આવે છે એવા મનુષ્યવ્યવહારનો આશ્રય નહિ કરતા થકા,...**' ત્યાં એકલો મનુષ્ય લીધો જુઓ! ઓલામાં સમજ્યાને? મનુષ્યાદિ ગતિઓમાં હતું, ગતિઓના શરીરોમાં હતું. અહીં એકલો

મનુષ્યવ્યવહારનો આશ્રય નહિ કરતા થકા. ક્રિયાકલાપ—એ શુભ ક્રિયાનો સમૂહ, વિકલ્પ શુભ એની સાથે એકત્વ નહિ કરતા, એની સાથે ભેટો નહિ કરતા. બેને એક નહિ અનુભવતા.

**'ક્રિયાકલાપને ભેટવામાં આવે છે એવા મનુષ્યવ્યવહારનો...'** એમ કહે છે. જોયું! ક્રિયાકલાપને ભેટ્યો એ બધો મનુષ્યનો વ્યવહાર એમ. એને **'નહિ કરતા થકા...'** એટલે વિકલ્પને નહિ કરતા થકા, મનુષ્યનો વ્યવહાર એવો વિકલ્પ શુભરાગને નહિ કરતા થકા. આહા..હા..! **'રાગદ્વેષના ઉન્મેષ અટકી ગયા હોવાને લીધે...'** રાગદ્વેષનું પ્રગટ થવું તે. સ્ફુરણ-સ્ફુરણ. ત્યાં શુદ્ધતાનો આશ્રય લઈને શુદ્ધતા જ્યાં વીતરાગી પર્યાય પ્રગટી એ આત્માનો વ્યવહાર. ત્યાં રાગનું પ્રગટવું અટકી ગયું, રાગદ્વેષનું સ્ફુરણ થતું નથી. વ્યવહાર ઉત્પન્ન થતો જ નથી, અસદ્‌ભૂત વ્યવહાર એ છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! આ તો જેને ભવના અંત લેવા હોય એની વાતું છે. અને ભવના અંતની યોગ્યતા હોય એને આ અનુભવમાં આવે એવું છે. આહા..હા..!

**'જેમાં સમસ્ત ક્રિયાકલાપ...'** દેખો! સમસ્ત એટલે વ્યવહારના જેટલા ચરણાનુયોગના વિકલ્પ કીધા છે શાસ્ત્રે, એ બધાનો-મનુષ્યવ્યવહારનો આશ્રય નહિ કરતા. એ પોતે વ્યવહારનો આશ્રય કરતા નથી એમ કહે છે અહીં તો. આહા..હા..! ભગવાને જે વ્યવહાર કહ્યો, વ્યવહાર કહ્યો, પંચ મહાવ્રતાદિના વિકલ્પો ને આગળ મોટું આવે છેને બંધ અધિકારમાં, એનો આશ્રય નહિ કરતા થકા. કહો, ધીરૂભાઈ! ભારે! **'સમસ્ત ક્રિયાકલાપને ભેટવામાં આવે છે એવા મનુષ્યવ્યવહારનો આશ્રય નહિ કરતા થકા, રાગદ્વેષના ઉન્મેષ અટકી ગયા હોવાને લીધે...'** રાગદ્વેષ ઉત્પન્ન થતા નથી. **'પરમ ઉદાસીનતાને અવલંબતા થકા,...'** દેખો! પરમ ઉદાસીનતાને અવલંબતા. અવલંબન તો દ્રવ્યનું છે, પણ એ પર્યાય પ્રગટી તેનું અવલંબન છે એમ કહેવામાં આવે છે. રાગનું અવલંબન નથી એમ કહેવું છે. પરમ ઉદાસીનતા જ્ઞાતા-દ્રષ્ટા એવો ધર્મી જીવ, એને ધર્મ થયો કહેવાય કે જે રાગને પણ નહિ પકડતા પોતાના સ્વભાવથી ઉદાસીન દૃષ્ટિ ને સ્થિરતામાં રહે.

**'અવલંબતા થકા,...'** **'પરમ ઉદાસીનતાને...'** પાછું એકલું ઉદાસીન નહિ. આહા..હા..! **'સમસ્ત પરદ્રવ્યની સંગતિ દૂર કરી હોવાને લીધે...'** એ વિકલ્પનો મેળાપ જ છૂટી ગયો છે જેને. શુભ વિકલ્પની સંગતિ નામ જોડાણ છૂટી ગયું છે. ભગવાન આત્મા સાથે જેનું જોડાણ છે તેને ધર્મી અને આત્મા કહેવામાં આવે છે. રતિભાઈ! આવી વસ્તુ છે. ઓલા કહે, કરો અપવાસ, કરો પોષા અને કરો પડિક્કમણા અને કંદમૂળ છોડો. ધર્મ (થઈ જશે). એ ગ્રહણ-ત્યાગનો વિકલ્પ જ મિથ્યાત્વ છે કહે છે અહીં તો. નાખશે આમાં. ભાવાર્થમાં છેને. એ નાખશે પોતે. સમજાણું? ધનાદિક છેને એમાં છે. **'હું કરું છું, સ્ત્રી-પુત્ર-ધનાદિકના ગ્રહણત્યાગનો સ્વામી છું...'** એ જ મિથ્યાત્વભાવ છે. ગ્રહણત્યાગ છેને? ભાવાર્થમાં છે. બીજી લીટી. **'ગ્રહણત્યાગનો સ્વામી છું...'** હું કરી શકું છું ગ્રહણત્યાગ, પરને છોડી શકું,

પરને ગ્રહી શકું એ જ મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? આવો માર્ગ ભાઈ વીતરાગનો. કોઈ કહે, આવો હોય? આહા..હા..! આવાને તો ભાઈ કો'ક પહોંચી શકે. કો'ક પહોંચી શકે શું, બધા પહોંચી શકે. કારણ કે બધી જાતમાં ભગવાન જ ભર્યા છે અંદરમાં. આત્મામાં ભગવાન પરમાત્મા પોતે જ પડ્યો છે. જે કોઈ પરમાત્મસ્વભાવે હોય એ પહોંચી શકે. જડ ન પહોંચી શકે. કહો, જડમાં શોધવાની ક્રિયા છે? આ તો જ્ઞાન શોધવાની ક્રિયા છે અંદર. આ.. આ.. શોધવાની ક્રિયા છે આમાં. તો શોધવાની ક્રિયા શોધે આત્માને. જડમાં શોધવાની ક્રિયા છે તો શોધે? રાગમાં શોધવાની ક્રિયા છે તો રાગ આત્માને શોધે? સમજાણું કાંઈ? અલૌકિક વાત છે. લોકોત્તર પરમ સત્ય વાત. વીતરાગના માર્ગની રીત આ છે. એ સિવાય ઊંધુ માને એ વીતરાગને માનતા નથી. પરમેશ્વરને માનતા નથી એટલે પોતાનો પરમેશ્વર આવો છે એને માનતા નથી.

**'સમસ્ત પરદ્રવ્યની સંગતિ દૂર કરી હોવાને લીધે...'** છેને? ત્યાં સંગતિનો અર્થ હતો ઓલામાં. સંગતપણાને લીધે. પરદ્રવ્યકર્મ સાથે જોડાતા હોવાને લીધે. કૌંસમાં છેને. સંગતપણાને લીધે એટલે પરદ્રવ્ય સાથે જોડાતા. અહીં જોડાતો નથી એમ એટલું. **'પરદ્રવ્યની સંગતિ દૂર કરી હોવાને લીધે કેવળ સ્વદ્રવ્ય સાથે સંગતપણું હોવાથી...'** આહા..હા..! એકલો જ્ઞાયક ભગવાન શુદ્ધ ધ્રુવ ચૈતન્યપ્રભુ એની સાથે પર્યાયનો મેળાપ, સંગત, સ્વભાવનું એકપણું હોવાથી **'ખરેખર સ્વસમય થાય છે...'** ખરેખર તે આત્મા થાય છે. ખરેખર તે સ્વસમય એ આત્માપણે પરિણમે છે. લ્યો, એને ધર્મી અને ધર્માત્મા કહેવામાં આવે છે. **'ખરેખર સ્વસમય થાય છે...'**

**'માટે સ્વસમય જ આત્માનું તત્ત્વ છે.'** જુઓ! સમજાણું કાંઈ? છેને? સંસ્કૃતમાં છે. **'अतः स्वसमय एवात्मनस्तत्त्वम्'** દેખો! ભગવાન પૂર્ણ શુદ્ધ પરમાત્મા પોતે અંતરમાં દૃષ્ટિ શોધીને શુદ્ધરૂપે પરિણમે એ સ્વસમય અને એ આત્માનું તત્ત્વ છે. એ આત્માનું જ્ઞેય, આત્મજ્ઞેય એ છે. રાગાદિ એ આત્માનું તત્ત્વ અને જ્ઞેય નથી. ભાવાર્થ કરશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર વદ ૧, ગુરુવાર, તા. ૦૫.૧૨.૧૯૬૮**
**ગાથા-૯૪-૯૫, પ્રવચન-૮૬**

આ પ્રવચનસાર, જ્ઞેયતત્ત્વ અધિકાર. એનો ભાવાર્થ છે ૯૪નો. ૯૪ ગાથા પૂરી થઈ ગઈ. કહે છે કે '**હું મનુષ્ય છું,...**' મનુષ્ય. આ ગતિ છેને ગતિ? મનુષ્યગતિ તે હું છું. ખરેખર તો એ જ્ઞેય છે. આત્મા જ્ઞાયક જાણનાર એનું એ જ્ઞેય છે પર. છતાં એ એમ માને છે કે હું મનુષ્ય છું, મનુષ્યગતિમાં છું. '**શરીરાદિની સમસ્ત ક્રિયાઓ હું કરું છું,...**' શરીર આદિ એટલે વાણી આદિની અવસ્થાઓ, હાલવું, ચાલવું, બોલવું એ હું કરું છું એમ માનનાર મિથ્યાદૃષ્ટિ પરસમય અનાત્માને આત્મા માને છે. કહો, સમજાય છે કાંઈ? છે? પહેલું મનુષ્ય હતું સવળામાં. સવળામાં મનુષ્યાદિ ગતિ શરીરાદિ એમ હતું સંસ્કૃતમાં. મનુષ્ય આદિ ગતિ પાછું એમ. અને શરીરાદિ. અને ઓલામાં એકલું મનુષ્ય જ હતું અવળામાં. '**હું મનુષ્ય છું,...**' અહીં વર્તમાન છેને એમ કહ્યું. એમાં મનુષ્ય છું. આ ગતિમાં હું મનુષ્ય છું અને આ શરીર, વાણીની ક્રિયા જડ છે એ હું કરું છું, મારાથી થાય છે, એમ માનનાર પરજ્ઞેયને પોતાનું સ્વરૂપ માને છે. સમજાણું કાંઈ?

'**શરારાદિની સમસ્ત ક્રિયાઓ...**' ચાલવું, બોલવું, ખાવું, પીવું, હાલવું, આમ પડખું ફરવું, આમ બેસવું એ બધી ક્રિયાઓ મારાથી થાય છે. શરીરની જે ક્રિયાઓ છે અવસ્થાઓ એ મારાથી થાય છે. અને એમ માનનાર અજ્ઞાની છે એમ કહે છે. અધર્મ છે ત્યાં, પરસમયપણું છે. '**સ્ત્રી-પુત્ર-ધનાદિકના ગ્રહણત્યાગનો હું સ્વામી છું.**' સ્ત્રીને મેં ગ્રહણ કરી છે અને સ્ત્રીને હું છોડી શકું છું, પરપદાર્થને ગ્રહણ કરી શકું છું કે પરનો ત્યાગી થઈ શકું છું. એ પણ મિથ્યાત્વભાવ, અજ્ઞાનભાવ છે. કહો, શેઠી! શું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ક્યાં છોડી દેવું? કોણ છોડે? પરને છોડવું ક્યાં હતું? પોતાના સ્વરૂપમાં ઠરતાં રાગ છૂટતા એ છૂટી જાય છે. છૂટી જાય એ કહેવું અસદ્ભૂતવ્યવહાર, એ છૂટેલું જ પડ્યું છે. સંબંધ છૂટે છે. આ તો કહે છોડું. સ્ત્રીને મેં ગ્રહી છે, મેં સ્ત્રીને ગ્રહી છે માટે છોડું.

મુમુક્ષુ :- પાણીગ્રહણ તો થાય છે.

ઉત્તર :- એ પાણીગ્રહણ મિથ્યાત્વ છે. પાણીગ્રહણ કે દિ' કર્યું હતું? હાથ કે દિ' ગ્રહ્યો હતો એણે? હાથ તો જડ છે. આત્મા હાથને ગ્રહે? આત્મા હાથનું કરે?

'**સ્ત્રી-પુત્ર...**' આ છોકરાઓને મેં ઉત્પન્ન કર્યા, છોકરાઓને મેં ગ્રહણ કર્યા, છોકરાઓને મેં પાળ્યા પોષ્યા અને હવે એ છોકરાઓને હું છોડું છું. એ બધો મિથ્યાત્વભાવ અજ્ઞાનભાવ છે. ...ભાઈ! એ તો પરદ્રવ્ય છે. આ જ્ઞેય અધિકાર છેને. પરદ્રવ્યને ગ્રહું છું, છોડું છું એ

ભાવ જ તદ્દન વિપરીત માન્યતાનું અજ્ઞાન છે. ... આ લક્ષ્મીને મેં મેળવી છે, લક્ષ્મીને મેં પેદા કરી છે. મિથ્યાદૃષ્ટિ એમ માને છે. અને લક્ષ્મીને હું આપું છું, હું છોડું છું, આ દાનમાં પૈસા આપું છું. એવું જે લક્ષ્મીનું ગ્રહણ અને ત્યાગનો સ્વામી થાય એ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? ધન એટલે અનાજ આદિ. ધન એટલે લક્ષ્મી આદિ, અનાજ આદિ, કપડા આદિ લ્યોને! કપડા અને અનાજ મારી પાસે છે એ હું એને આપું છું. કપડા અને અનાજ મારી પાસે છે એ માન્યતા મિથ્યાત્વ છે અને આને આપું છું એ માન્યતા (મિથ્યાત્વ છે). કારણ કે એ આપી શકતો નથી. શું છે શેઠી?

મુમુક્ષુ :- મિથ્યાત્વ...

ઉત્તર :- બડા મિથ્યાત્વ બાદશાહ હૈ.

મુમુક્ષુ :- મનુષ્યવ્યવહાર હૈ.

ઉત્તર :- મનુષ્યવ્યવહાર હૈ. મનુષ્યવ્યવહારકા અર્થ હી મિથ્યાત્વ હૈ ઔર મિથ્યાત્વકા અર્થ હી ચાર ગતિમેં રખડનેવાલા ભાવ હૈ. એમ કહતે હૈ. ગતિમેં રખડનેવાલા ભાવ એમ કહતે હૈં.

મુમુક્ષુ :- આ મનુષ્યવ્યવહાર કેવો?

ઉત્તર :- હળવો લાગે છે.

'**સ્ત્રી-પુત્ર-ધનાદિક...**' છેને? એમાં અનાજ આવ્યું. આ અનાજ હું ખાઈ શકું છું, અનાજ હું છોડી શકું છું, અનાજ ત્યાગી શકું છું, અનાજ બીજાને દઈ શકું છું, અનાજ રાખી શકું છું, સંગ્રહ કરી શકું છું. એ બધો પરનો સ્વામી થાય છે તો મિથ્યાત્વ અજ્ઞાનભાવ છે. એમ કહે છે. કહો, સમજાણું આમાં? એ આઠમને દિ' આહાર મેં છોડ્યો. દરરોજ હું કરતો અને આજે નથી કરતો હવે હું. દરરોજ હું કરતો અને આજે નથી કરતો. એ ગ્રહણ કરતો અને છોડું છું બેય અજ્ઞાનભાવ છે. કારણ કે પરદ્રવ્યને એ ગ્રહતો નથી અને પરદ્રવ્ય એ છોડી શકતો નથી. કહો, કપુરભાઈ! આ ઝીણી વાત છે, ઝવેરચંદભાઈ! સમજવી પડશે હોં સુખી થવું હોય તો. રખડવાના રસ્તા છે બાકી બધા. દુઃખી થવાના રસ્તા છે. આ નવલચંદભાઈ આવ્યા હતા તો ગયા હતા કે નહિ? ગયા હતા? બરાબર. કહેતા હતા લોકો કે હવે બરાબર જાય છે. બરાબર આવે છે. આ તો પરિચય લાંબો કરેને ત્યારે સમજાય. આ આખા ઊંધા સંસ્કાર અનાદિના એવા છે અને એ જાતના પોષણ મળે છે. એટલે આ વાત શું છે એ એને ગ્રાહ્ય થતી નથી. અહીં તો આ જ્ઞેય અધિકાર છેને. સવારમાં પણ જ્ઞેય આવ્યો હતો. ભાવઇન્દ્રિય અને દ્રવ્યઇન્દ્રિય અને પુણ્ય-પાપ આ પણ પરજ્ઞેયની વાત આવી છે લ્યો!

'**સ્ત્રી...**' લક્ષ્મી, અનાજ, કપડા એને રાખી શકું છું, પહેરી શકું છું, છોડી શકું છું, ખાઈ શકું છું, પચાવી શકું છું, ઓગાળું છું. હવે મારે છોડીને... ... છોડી દઉં છું, કે આ વસ્તુ છોડી દઉં. એવો પરપદાર્થ સ્વતંત્ર છે તેનો સ્વામી થઈને આ ક્રિયા મારાથી થાય એમ

માને છે એ અજ્ઞાનભાવ છે. 'વગેરે...' એટલે શું સમજાણું? એનો સ્વામી થયો વગેરે. એટલે એ ક્રિયા હું કરી શકું છું એમ. એ વગેરે એટલે હું એનો સ્વામી છું અને એ મારાથી થાય છે. મારાથી ગ્રહાય છે, મારાથી છોડાય છે, મારાથી રખાય છે, મારાથી વપરાય છે. '**વગેરે માનવું તે મનુષ્યવ્યવહાર...**' એટલે ચાર ગતિમાં રખડવાનો વ્યવહાર. '(**મનુષ્યરૂપ વર્તન**) છે;...' એ તો લૌકિક રખડવાનું વર્તન છે એમ કહે છે. એ આત્મવર્તન નથી. ધર્મવર્તન નથી, આત્માનું કાર્ય નથી, એ અધર્મનું કાર્ય, મનુષ્યનું કાર્ય, સંસારમાં રખડવાનું કાર્ય છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? હું લખી શકું છું, હું બોલી શકું છું એ બધી ક્રિયાઓ જડની છે અને એ બોલતો હવે હું બંધ થાઉં છું. એ પરનો ત્યાગ માને છે એ પણ અજ્ઞાન છે.

'**માત્ર અચલિત ચેતના તે જ હું છું.**' હવે સવળું. ન ચળે એવી ચેતના. ચેતના, જ્ઞાનચેતના, ત્રિકાળ જ્ઞાનસ્વભાવ, જ્ઞાયક ચૈતન્ય ચેતના તે હું છું. '**એમ માનવું—પરિણમવું તે આત્મવ્યવહાર (આત્માનું વર્તન)** છે.' એ આત્માનું વર્તન છે, એ આત્મવેપાર છે. કહો, સમજાણું આમાં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ તો સહેલી થઈ ગઈ છે વાત હવે તો.

'**માત્ર અચલિત ચેતના...**' માત્ર એટલે આ બધું એમ. હું એકલો ચેતનાવિલાસ જ્ઞાનસ્વરૂપ ત્રિકાળ એ હું છું એવી માન્યતાને પરિણમવું. ચેતનાવિલાસ જ્ઞાયકમાત્ર ભાવ ત્રિકાળ ચૈતન્ય હું એમ પરિણમવું એટલે માનવું એટલે કે આદરવું એટલે કે એના સન્મુખ થઈને તેનું પરિણમન કરવું એ જ એક આત્માનો વ્યવહાર છે. એ આત્મવ્યવહાર તે ધર્મ છે. કહો, સમજાણું કાંઈ? '(**આત્મારૂપ વર્તન**) છે.' અપાસરા બનાવી શકું છું, મંદિર બનાવી શકું છું, હું એનો રક્ષક છું, એનો માલિક છું, એનો વ્યવસ્થાપક છું. વ્યવસ્થાપક હોય છે કે નહિ? માને છેને? બધાનો વ્યવસ્થાપક છું. આ વ્યવસ્થા મારે હાથ છે. આ પૈસા ધર્મના આવેને ફલાણા એ મારે હાથ છે. મારી પાસે રહે છે. તારી પાસે રહે એ તારાથી જુદું ન હોય. આ તો જુદી ચીજ છે, એ તારી પાસે ક્યાંથી રહી? સમજાણું કાંઈ? જ્ઞાનાનંદ ચૈતન્યસ્વભાવ. શરીર, વાણી, મન તો નહિ, લક્ષ્મી, દાન આદિ નહિ, ધાન્ય આદિ પણ પુણ્ય-પાપ પણ નહિ. એકલો ચેતના જ્ઞાયક ચિદાનંદ ચેતન, જ્ઞાનચેતના ત્રિકાળ એ મારું એવું જ્ઞાનચેતનાનું વેદન એનું નામ આત્મવર્તન, આત્મવેપાર, આત્મગ્રહણ, એ આત્માનું કાર્ય. કહો, સમજાણું કાંઈ? '**એમ માનવું--પરિણમવું તે આત્મવ્યવહાર (આત્મારૂપ વર્તન)** છે.'

'**જેઓ મનુષ્યાદિપર્યાયમાં લીન છે,...**' ખુલાસો કરે છે એકાંત-અનેકાંતનો. ભગવાન આત્મા ચેતનાપ્રભુ જ્ઞાનસ્વરૂપી ભગવાન એને છોડીને જે મનુષ્ય આદિ... એમાં લીધું. ઓલામાં મનુષ્ય હતુંને? મનુષ્ય, દેવ, નારકી વગેરે એવા શરીરમાં લીન છે કે આ શરીર તે હું છું અને એ ક્રિયા તે મારાથી થાય છે '**તે એકાંતદષ્ટિવાળા લોકો...**' એકાંતદષ્ટિ એટલે એને

જ માનનારા. અહીં આખું ચૈતન્યતત્ત્વ ભૂલી જાય છે. '**મનુષ્યવ્યવહારનો આશ્રય કરતા હોવાથી...**' એવા મનુષ્યના શરીરનો અને ક્રિયાનો આશ્રય કરતા હોવાથી '**રાગીદ્વેષી થાય છે....**' અનંતાનુબંધી રાગ અને દ્વેષને કરે છે. અનંત સંસારનું કારણ એવો એ રાગને, દ્વેષને કરે છે. મારા માનીને રાગ કરે છે. છોડવામાં દ્વેષ કરે છે. આ મારું નહિ, છોડો.

'**અને એ રીતે પરદ્રવ્યરૂપ કર્મ સાથે...**' એ પરવસ્તુમાં કાર્ય, કર્મ એટલે કાર્ય એની સાથે '**સંબંધ કરતા હોવાથી...**' મનુષ્યની ક્રિયા, વાણીની ક્રિયા, દેહની ક્રિયા, ગતિ વગેરે. એની સાથે '**સંબંધ કરતા હોવાથી તેઓ પરસમય છે;...**' એ અનાત્મા છે, એ આત્મા નથી. સમજાણું કાંઈ? '**અને જેઓ ભગવાન આત્મસ્વભાવમાં સ્થિત છે,...**' જુઓ! ભગવાન આત્મસ્વભાવ લીધો અહીં તો. સમજાણું? ત્યાં આવ્યું હતુંને, ભગવાન આત્માના સ્વભાવનો. સવારમાં પણ આવ્યું હતું જ્ઞાન ભગવાન સ્વભાવ, ભગવાન જ્ઞાનસ્વભાવ, ભગવાન જ્ઞાનસ્વભાવ. એના પણ ટીકા કરનાર છે. ભગવાન એટલે મહિમાવંત આત્મસ્વભાવ, જાણવા સ્વભાવ, દેખવો સ્વભાવ, આનંદ સ્વભાવ મહામહિમાવંત સ્વભાવ ત્રિકાળી, એમાં જે સ્થિત છે. એ આત્મસ્વભાવી ત્રિકાળી દ્રવ્ય અને ગુણ. આત્મા તે દ્રવ્ય, સ્વભાવ તે ગુણ, એમાં સ્થિત છે એટલે પર્યાય. સમજાણું કાંઈ? દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણ થઈ ગયા. દ્રવ્ય એટલે આત્મા, એનો સ્વભાવ જ્ઞાનગુણ, એની સન્મુખ થઈને સ્થિર થયો એ પર્યાયનું પરિણમન, માનવું, આદર કરવો, સત્કાર કરવો એ પર્યાય. એ પર્યાય તે આત્મવ્યવહાર છે.

'**તે અનેકાંતદષ્ટિવાળા લોકો...**' દેખો! એટલે બે છે એને બે રાખ્યા. ઓલા બે છે ને એક કર્યા હતા. મનુષ્યાદિ અને આત્માદિ બે છે એને એક માન્યા. એ એકાંતદષ્ટિ. અનેકને અનેકપણે માન્યા. ચેતનાવિલાસ તે ભગવાન આત્મા અને રાગાદિ, શરીરાદિની ક્રિયા તે પર. એમ '**અનેકાંતદષ્ટિવાળા લોકો...**' દેખો! અનેકાંત-એકાંતનો ખુલાસો કર્યો આ. ચેતનાવિલાસમાત્ર તે હું અને રાગ, શરીર ક્રિયા, વાણી, મન તે હું નહિ. એનું નામ અનેકાંતદષ્ટિ કીધી. એમ ન કહ્યું કે આત્મા પણ હું અને શરીરની ક્રિયા પણ હું. કહો, સમજાણું કાંઈ? આજ ખૂબ આવ્યું છે એમાં જૈનગેજેટમાં. રતનચંદજી. અરે..! આ લોકો આવો ધર્મ પ્રરૂપે છે. સમ્યગ્દર્શન અને જ્ઞાન. હજી લાયકાત નથી. શાસ્ત્રમાં તો (કહ્યું છે કે) દારૂ, માંસ ખાવાનો ત્યાગ કરે, દારૂ, માંસ ત્યાગે તે હજી સાંભળવાને પાત્ર હોય છે. એ તો ઉપદેશ નથી, પાધરો સમ્યગ્દર્શનનો ઉપદેશ આપે છે. એક તો ભ્રષ્ટ છે અને લોકો ભ્રષ્ટ થતા જાય છે. શેઠી! ભારે પણ.

મુમુક્ષુ :- .. ઉપદેશ આપતા નથી.

ઉત્તર :- છે જ નહિ. નહિ. એને હજી તો એમ કે માંસ, દારૂ આદિનો ત્યાગ નથી ત્યાં સાંભળવાને પાત્ર નથી. ક્યાં હતો પણ? સાંભળને હવે. એ વાત જ ક્યાં છે અહીં? ધર્મના ઉપદેશની તો આ વાત છે. ઓલો ઉપદેશ પણ શું? એ તો વ્યવહાર છે, એ તો વાસ્તવિક કાંઈ છે નહિ ખરેખર. એ ટકશે નહિ, ટકશે નહિ તત્ત્વ. જે નિત્યાનંદ છે એમાં

રાગાદિ નથી એવો ઉપદેશ અને તેનો વાચ્યભાવ તે ટકશે. આહા..હા..! એવું બધા લખાલખ કરે છે હવે. ચારિત્ર જોઈએ... ચારિત્ર જોઈએ... દર્શનની કાંઈ કિંમત નથી, ચારિત્રની કિંમત છે. અરે..! દ્રવ્યચારિત્ર પાળે તો નવમી ગ્રૈવેયક જાય. અરે..! ભગવાન! ખૂબ લખે છે ખૂબ. જૈનગેજેટ અને જૈનદર્શન આવ્યું છે.

પાત્રતા એની હોય છે અને સાંભળે છે ત્યાં એની રાગની મંદતા એવો હોય છે ખરો વ્યવહાર. સમજાણું કાંઈ? એ તો કહ્યુંને 'ત્યાગ વૈરાગ્ય ન ચિત્તમાં થાય ન તેને જ્ઞાન.' એનો અર્થ છે કે એ વખતે એનો વિકલ્પ સમજવા માગે છે અને ત્યાં એવી જાતનો વિકલ્પ એવો જ હોય છે અને તે પ્રકારનું જ્ઞાન પણ એને કરે એવી જ જ્ઞાનની જાત હોય છે. સમજાણું કાંઈ? તે પ્રકારનું સત્યને બહુમાન કરતો જે વિકલ્પ ઉઠે છે અને એ જાતનું જ્ઞાન જ તે પ્રકારનું એને હોય છે. વ્યવહાર એ જાતનો હોય છે, પણ તેનું લક્ષ છોડીને જ્ઞાન લક્ષ કરે ત્યારે ચેતના વિલાસ પ્રગટ થાય છે. એમ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

શ્રીમદ્ પણ કહે છે કે ભક્તિ વિના જ્ઞાન ઉગશે નહિ, ભક્તિ વિના જ્ઞાન પરિણમશે નહિ. એનો અર્થ એ છે કે એ વખતે એ જાતનો વિકલ્પ બહુમાનનો જ્ઞાની પ્રત્યેનો, શાસ્ત્ર સાંભળવાનો વગેરે એને એ જાતનો વિકલ્પ હોય છે. કેમકે એ જાતનું જ્ઞાન જ ત્યાં છે. જો એ જાતનો વિકલ્પ નથી તો તે જાતનું જ્ઞાન પણ નથી તો તે નિશ્ચય તરફ ઢળતો નથી અને વ્યવહારને સાચો જાણતો નથી. સમજાણું કાંઈ? ભારે માર્ગ! અટપટો માર્ગ લાગે માણસને. આહા..હા..!

કહે છે કે અહીંયાં પરદ્રવ્યની સાથે સંબંધ કરતા. અહીંયાં તો રાગ એવો હોય છે. દેવ, ગુરુની શ્રદ્ધા વિના સમકિત ન હોય એમ તો આવે છેને? તો એ વખતે તો વિકલ્પ એવો હોય જ એને. અને એ વિકલ્પમાં બહુમાન દેવ-ગુરુનું હોય છે અને એ વિકલ્પ છે એનું જ્ઞાન પણ તે જાતનું જ્ઞાન હોય ત્યાં. એ વિકલ્પને જાણવું એવું જ્ઞાન હોય છે. તો તે જ્ઞાન વ્યવહાર તરીકે કહેવાય, નિશ્ચય થયા વિના પણ. અને એનું લક્ષ છોડીને સ્વભાવનો આશ્રય કરે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! ભારે કામ.

'**પરદ્રવ્યરૂપ કર્મ...**' એટલે કાર્ય એની '**સાથે સંબંધ કરતા હોવાથી તેઓ પરસમય છે; અને જેઓ ભગવાન આત્મસ્વભાવમાં જ સ્થિત છે, તે અનેકાંતદૃષ્ટિવાળા લોકો મનુષ્યવ્યવહારનો આશ્રય નહિ કરતાં...**' દેખો! એ વિકલ્પનો અને મનુષ્યની ક્રિયાનો, દેહ આદિની વાણીની ક્રિયાનો, છોડવા મૂકવા આદિ ક્રિયાનો '**આશ્રય નહિ કરતાં આત્મવ્યવહારનો આશ્રય કરતા હોવાથી...**' મૂળ તો આત્માના ચૈતન્યનો વિલાસ કરતા હોવાથી, આશ્રય કરતા હોવાથી પર્યાય જે પલટે છે તે આત્મવ્યવહારનો આશ્રય કહેવામાં આવે છે. કહો, સમજાણું? આત્મવ્યવહારનો આશ્રય. ઓલો મનુષ્યવ્યવહાર નહિ એટલે અહીં આત્મવ્યવહાર સામે લીધો એટલો.

'**રાગીદ્વેષી થતા નથી...**' જ્ઞાતાદૃષ્ટાનું જે સ્વરૂપ ચૈતન્ય છે એ રીતે જ્ઞાતા-દૃષ્ટા રહેતા '**રાગીદ્વેષી થતા નથી અર્થાત્ પરમ ઉદાસીન રહે છે અને એ રીતે પરદ્રવ્યરૂપ કર્મ સાથે સંબંધ નહિ કરતાં...**' પરદ્રવ્યની ક્રિયા સાથે એકત્વપણું સંબંધ નહિ માનતા '**કેવળ સ્વદ્રવ્ય સાથે સંબંધ કરતા...**' દેખો! કેવળ ભગવાન જ્ઞાયક ચેતનનો વિલાસ એની સાથે સંબંધ કરતા '**હોવાથી તેઓ સ્વસમય છે.**' એ આત્મા છે. એ આત્મા આત્મા થઈને રહ્યો છે. ઓલો અણાત્મા થઈને રહે રાગાદિ અને પરના સંબંધે એ અણાત્મા છે. જુઓ! આ સ્વસમય અને પરસમયની મોટી તકરાર અત્યારે. એકેએક. સમજાણું કાંઈ? એ ગાથા બે થઈ ગઈ. ૯૩ અને ૯૪.

'**હવે દ્રવ્યનું લક્ષણ દર્શાવે છે :—**' હવે દ્રવ્ય એટલે આત્મા અને પરમાણુ (આદિ) છ દ્રવ્ય કેવા હોય દ્રવ્ય? જ્ઞાનમાં જણાય એવું સ્વદ્રવ્ય અને પરદ્રવ્ય વસ્તુ એનું લક્ષણ દર્શાવે છે. જરી ઝીણું પડશે પણ સાંભળવું તો ખરુંને, એણે સમજવું તો પડશે કે નહિ? અરે..! ૯૫.

**अपरिच्चत्तसहावेणुप्पादव्वयधुवत्तसंबद्धं।**
**गुणवं च सपज्जायं जं तं दव्व ति वुच्चंति।।९५।।**
**છોડ્યા વિના જ સ્વભાવને ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્ત છે,**
**વળી ગુણ ને પર્યય સહિત જે, 'દ્રવ્ય' ભાખ્યું તેહને. ૯૫.**

હવે આત્મારૂપી દ્રવ્ય કોને કહેવું? પરમાણુરૂપી દ્રવ્ય કોને કહેવું? એના છ બોલ વર્ણવે છે. એક દ્રવ્યને છ બોલે કરીને એનું સ્પષ્ટીકરણ આચાર્ય કરે છે.

'**અન્વયાર્થ :- સ્વભાવને છોડ્યા વિના..**' દ્રવ્ય એવું હોય છે આત્મા કે પરમાણુ છએ દ્રવ્ય. પોતાના અસ્તિત્વ સામાન્ય સ્વભાવ તેને છોડતા નથી. હોવાપણાનો એનો જે સ્વભાવ છે તેને તે દ્રવ્ય છોડતું નથી કોઈ દિ'. આ દ્રવ્ય, ગુણ અને પર્યાયની વ્યાખ્યા આવે છે આ. સમજાણું કાંઈ? આત્મદ્રવ્ય કોને કહેવું? પરમાણુદ્રવ્ય કોને કહેવું? છ દ્રવ્ય છે—ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ અને આત્મા અને પરમાણુઓ. એ દ્રવ્ય કોને કહેવું? વસ્તુ કોને કહેવી? કે જે વસ્તુ પોતાના સ્વભાવને કોઈ દિ' છોડતી નથી. તે વસ્તુ. આત્મા પોતાના સ્વભાવને છોડતી નથી, પરમાણુ એના સ્વભાવને છોડતી નથી એવી ચીજ—દ્રવ્ય. '**સ્વભાવને છોડ્યા વિના...**' એક (વાત).

'**જે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસંયુક્ત છે...**' અને જે દ્રવ્ય છે આત્મા કે પરમાણુઓ એ ઉત્પાદ—નવી અવસ્થા ઊપજે, પુરાની જાય અને ધ્રુવપણે રહે એવી સહિત એ વસ્તુ છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવસહિત છે. એના ઉત્પાદમાં એટલે બીજાની જરૂર છે એમ છે નહિ. આ શું? આવું ઉત્પાદ, વ્યય અને ધ્રુવ. ઉત્પાદ તો આ ક્લેશ કરાવે તે ઉત્પાત્ત. માણસ એમ કહે છે. એ ઉત્પાદ હશે આ? કોઈ દિ' સાંભળ્યું પણ નહિ હોય ઉત્પાદ એટલે.

આત્મા અને પરમાણુ ભગવાને જે જોયા છ દ્રવ્ય કેવળજ્ઞાનમાં, એ દરેક વસ્તુ પોતાનો હોવાપણાનો સામાન્ય સ્વભાવ તેને છોડતી નથી. છોડે તો તે વસ્તુ રહેતી નથી. એક વાત. બીજી, ઉત્પાદ—નવી અવસ્થાથી ઊપજે, વ્યય-પૂર્વની અવસ્થાથી ટળે-ભાવ નાશ થાય, ધ્રુવ-ધ્રુવનું ધ્રુવપણું ભાવપણું કાયમ રહે. એવા સંયુક્ત હોય તેને દ્રવ્ય કહીએ. કહો, આ પરમાણુ પણ પોતાના સ્વભાવને છોડ્યા વિના દ્રવ્ય છે અને ઉત્પાદ-વ્યય-ધ્રુવસહિત છે માટે તે દ્રવ્ય છે. સમજાણું? જુઓ! આ આંગળી હલે છેને. એ આ હલે છે તે ઉત્પાદ નવી અવસ્થા. પૂર્વની વ્યય થાય અને ધ્રુવપણું ટકે છે. એને પોતાના સ્વભાવને છોડ્યા વિના ઉત્પાદ-વ્યય-ધ્રુવસહિત વસ્તુ છે. એના ઉત્પાદને આત્મા અંદર છે માટે કરે છે એમ નથી. કારણ કે ઉત્પાદ-વ્યય-ધ્રુવ સહિત છે. ઊપજવાની અવસ્થા સહિત છે, વ્યયની અવસ્થા સહિત છે, ધ્રુવ અવસ્થા સહિત છે. સમજાણું કાંઈ?

મહાસિદ્ધાંત અહીંથી ઉપાડ્યો જુઓ! **'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસંયુક્ત છે...'** એ તો સહિત જ છે. જે ઉત્પાદ પર્યાય નવી થાય તે સહિત છે એની પર્યાયને બીજો કરે સહિતપણે એમ કેમ હોય? કહો, આ નક્કી કરવા જાય તો પરની દયાનો ઉત્પાદ હું કરી શકું છું એમ નથી એમ કહે છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? એ રાડેરાડ પાડે છે બધા. અરેરે..! પરની દયાનો ધર્મ! પરદયાનો ધર્મ. અહીં તો કહે છે, પણ પરની દયા એટલે પરની પર્યાયનો ઉત્પાદ એનાથી થાય. એનો આત્મા એના ઉત્પાદસહિત છે. એનો આત્મા એના જીવવાની ઉત્પાદની પર્યાયસહિત છે. સમજાય છે? અને પૂર્વની અવસ્થાના ભાવરૂપે સહિત એ આત્મા છે અને ધ્રુવપણે સહિત આત્મા છે. એને તું ઉત્પાદ એનો કર કે એનો બદલાવી દે, મારી દે અને જીવાડી દે એમ છે નહિ. સમજાણું કાંઈ?

જેણે આ વાત સાંભળેલી હોય એને એમ લાગે કે આપણને આવડે છે. તો એને આવડતી નથી એમ સમજવું. કેમ? ન્યાય આપું છું કે નવી પર્યાય એની જે કહેનારની છે એ પર્યાય જે ચાલે છે ... અને સાંભળનારને પણ જે પર્યાય છે એ પર્યાય નવી થઈ છે. એ નવી પર્યાયમાં એને આ જાતનો ખ્યાલ નવો ન આવે અને જૂની છે તેમ રહ્યા કરે તો તેને જ્ઞાનની વૃદ્ધિ થતી નથી. જ્ઞાન વધતું નથી પણ એને એ ઠેકાણે પડ્યું છે મિથ્યાત્વમાં છે. ધ્યાન રાખજો. કોઈ એમ કહે કે આપણને આવડે છે એટલે ઉપયોગ હવે રાખીએ, ત્યાં ઉપયોગ રાખીએ તો આપણને ઠીક પડે. મિથ્યાદૃષ્ટિ છે, મિથ્યાત્વને પોષે છે. કારણ કે ઉપયોગ બીજે ન ગયો અને ત્યાં રાખ્યો તો એ જાતનો વિકલ્પ ન આવે. એમ વસ્તુ એમ નથી. કહેનારનો પર્યાય પણ જે વધેલો નિર્મળ છે તેથી નિમિત્ત થઈને જે વાણી આવે છે એનું એને તે કાળે તેની પર્યાયમાં નિર્મળતાને કારણરૂપ આ નિમિત્ત છે એવું બહુમાન પર્યાયમાં આવતું નથી, તે પર્યાયમાં આવતું નથી અને વિકલ્પ એવો જ એને હોય એ વિકલ્પનું જ્ઞાન પણ એને એ રીતે થતું નથી. ભારે વાત! ઝીણી પડશે કીધું ભાઈ! લાંબી કરવા જાય ત્યાં.

એવી વાત છે.

અહીંયા એ વાત છે કે જે જ્ઞાન છે વર્તમાન ક્ષયોપશમ દશા એમાં જણાય છેને? અને તે કાળે તેને વિકલ્પ છે. હવે તે કાળે વિકલ્પ છે અને તે કાળે તે જ વિકલ્પનું એને જ્ઞાન હોય છે ત્યાં સહેજે. હવે નવું જ્ઞાન એને ન લાગે તો એની પર્યાયમાં નવીનતાની વૃદ્ધિ છે એમ નથી જાણતો ઈ. પણ મારી જે પર્યાય છે તેમ તેમ છે. એટલે એ તો અનાદિની છે એ સ્થિતિ છે. નવરંગભાઈ! આવી વાત આકરી પડે. વસ્તુ એવી છે. વસ્તુનું સ્વરૂપ એવું છે. ઉત્પાદ-વ્યય આવ્યુંને એટલે કહ્યું. નવા નવા ઉત્પાદસહિત છેને વસ્તુ? નવા-નવા ઉત્પાદસહિત છે કે નહિ? ત્યારે નવી પર્યાય ઉત્પાદસહિત છે કહેનારની અને સાંભળનારની. તો સાંભળનારને નવી ઉત્પાદનો વિકલ્પ જે જાતનો છે અને એ જાતના વિકલ્પનું જ એ જ્ઞાન ત્યાં થાય છે અને એ વિકલ્પમાં એને કાંઈ પણ પહેલાથી વિશેષતા વિકલ્પમાં ન હોય અને એના વિકલ્પની જ્ઞાનમાં વિશેષતા ન હોય તો તેણે સાંભળ્યું જ નથી. એના જ્ઞાનમાં નિશ્ચયતા પણ નથી અને એના જ્ઞાનમાં વ્યવહાર પણ નથી. ભારે વાત ભાઈ! એઈ..!

પર્યાય ઉત્પાદ નવી નવી છે કે નહિ? એમ કહે છે. અહીં જુઓને આ શું કહે છે આ? દ્રવ્યનો સ્વભાવ જ ઉત્પાદસહિત છે. આહા..હા..! તે તે સમયે તે જ્ઞાનનો ઉત્પાદ નવા સહિત છે એને ખ્યાલમાં નવું જ્ઞાન અથવા તે તે પ્રકારનું જ્ઞાન, તે પ્રકારના વિકલ્પનું જ્ઞાન ત્યાં હોય છે. તો એવો જે વિકલ્પ એને બહુમાનનો નથી તેને તે પ્રકારનું જ્ઞાન પણ નથી. તે પ્રકારનું જ્ઞાન નથી એટલે નવું કાંઈ એનામાં છે એમ થાતું નથી. શેઠી! એ વાત તો ભાઈ એવી વાત છે જરી. .. એવા ઝીણા છે એના. એ શલ્ય છે મિથ્યાત્વનું મોટું. સમજાણું કાંઈ? આમ તો અગિયાર અંગ ભણી ગયો, નવ પૂર્વ ભણી ગયો છે. ભણ્યો છે ક્યાં? આહા..હા..! શું કહે છે પણ જુઓ!

આ બે ગાથામાં સ્વસમય-પરસમયની વાત કરીને પછી ભાઈ ઉપાડે છે આ વાત. સમજાણું કાંઈ? ધીરેથી જાણવાની વાત છે આ તો ભાઈ! આ કોઈ પક્ષની વસ્તુસ્થિતિ નથી. વસ્તુ વસ્તુસ્થિતિ એવી છે. આમ શ્રીમદ્ કહે છેને કે ભક્તિ વિના જ્ઞાન નહિ પરિણમે. તો ભક્તિ તો પરની છે. પણ પરનો વિકલ્પ એ જાતનો આવે. એ જ્ઞાન પણ તે જ વિકલ્પનું જ્ઞાન કરે. તે કાળે નવું. છે ભલે પરલક્ષી. સમજાય છે? પણ એ પરલક્ષી એ જાતની જાત ત્યાં નથી અને બીજી જાત માની લે ત્યાં, તો તત્ત્વથી વિરુદ્ધ વાત છે. આહા..હા..! શું કહ્યું સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પોતાના સ્વભાવને છોડ્યા વિના તત્ત્વ છે અને એ તત્ત્વ નવી નવી અવસ્થાના ઉત્પાદસહિત છે. પૂર્વની અવસ્થાવાળું ત્યાં ત્યાં છે એમ નથી. આહા..હા..! અનંતા ગુણો છે. એ અનંત ગુણની સમયે સમયે નવી અવસ્થા થાય છે. એ નવી અવસ્થાસહિત જ તે સમયે તે દ્રવ્ય છે અને તે સમયે તે દ્રવ્ય પૂર્વની અવસ્થામાં જે હતું તેના અભાવસહિત

તે દ્રવ્ય છે. એના એ ભાવવાળું અને એનો એ ભાવ અત્યારે છે એમ કહે તો તેને ઉત્પાદ-વ્યયની ખબર નથી. સમજાણું કાંઈ? ભગવાનજીભાઈ! ભાઈ! એવો માર્ગ વીતરાગનો એવો માર્ગ છે કોઈ. આહા..હા..! 'એવો માર્ગ વીતરાગનો ભાખ્યો શ્રી ભગવાન.'

મુમુક્ષુ :- બીજે એવો ધર્મ...

ઉત્તર :- બીજો કોઈ ત્રણ કાળમાં હોઈ શકે નહિ. સર્વજ્ઞ પરમેશ્વર સિવાય આ રીત જ, આ વાણીનો પ્રકાર ક્યાંય હોઈ શકે નહિ ત્રણ કાળમાં. અહીં તો સમય સમયની એને સ્થિતિ સંભળાવે છે, સમય સમયની. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે... હવે આ ઉત્પાદમાં આવ્યું ઝીણું. સવારમાં પ્રશ્ન થઈ ગયો હતો રસ્તામાં જંગલ જતા. સમજાણું? કે આ શ્રીમદ્ તો આમ કહે છે. ભક્તિ વિના જ્ઞાન પરિણમે નહિ. એ બરાબર છે એક ન્યાયે. કારણ કે એ વખતે એનો નવો જે ઉત્પાદ વિકલ્પનો બહુમાન છે અને એની પાસે એ જાતનું જ્ઞાન થવું જોઈએ. એવું જ્યાં નથી, તે એનો અભાવ કરીને લક્ષ આની કોરમાં જઈ શકે એવી એની યોગ્યતા નથી. ભારે વાત!

મુમુક્ષુ :- સમય સમયની.

ઉત્તર :- સમય સમયની વાત છે. વાત એવી સમય સમયની વાત છે કે નહિ? આહા..હા..! તત્ત્વ જ એવું છે કોઈ. એમાં કોઈને કારણે ક્યાં છે આ? જ્ઞાનનો ઉત્પાદ સમયે સમયે, દર્શનનો ઉત્પાદ સમયે સમયે, ચારિત્રનો ઉત્પાદ સમયે સમયે, શુભભાવનો ઉત્પાદ પણ તે વખતે ચારિત્રગુણનો તે પ્રકારનો છે કે નહિ? સમજાણું કાંઈ? સમજાણું? એથી કોઈ એમ કહે કે જુઓ, ગણધર પણ સાંભળતા હતા માટે વ્યવહારથી કાંઈ લાભ છે. એમ પ્રશ્ન અહીં નથી. આ તો ત્યાં એવી સ્થિતિ હોય છે ત્યારે સામે સ્થિતિ બીજી હોય છે. આને લઈને હોય છે એમ નહિ. પણ આવી સ્થિતિ ત્યાં હોય છે. આહા..હા..! ભારે વાતું ભાઈ! સમજાણું કાંઈ?

ભગવાને ચાર જ્ઞાનને તો પ્રગટ કર્યા છે ગણધરે. ચૌદ પૂર્વને તો રચ્યા છે જેણે અંતર્મુહૂર્તમાં. છતાં સાંભળે છેને. એનો અર્થ છે કે એ જાતનો ઉત્પાદ નવો નવો વિકલ્પનો છે અને એ જાતનો બહુમાનનો વિકલ્પ છે અને એ જ વિકલ્પનું જ્ઞાન સ્વતંત્ર જ્ઞાન જ્ઞાનપણે સ્વપરપ્રકાશ જ્ઞાન એવું જ કરે છે ત્યાં. સમજાણું કાંઈ? એ જાતનો ભાવ ત્યાં હોય છે. છતાં એ હોય છે માટે નિશ્ચય છે એમ નહિ. ભારે વાતું ભાઈ! સમજાણું કાંઈ? કપુરભાઈ! ભાઈ આ તો વાતું એવી છે. મૂળ વાત છે, બાપા! આહા..હા..! સ્વસમય પરસમય કરીને ઉપાડ્યું લ્યો હવે. ઓલો ત્યાં પૂરો કર્યો એમ કહે છે.

એને કામ તો પર્યાયે પર્યાયે કરવાનું છે કે એકસાથે બધું ભેગું કરીને કરી લીધું માટે હવે નવું કરવાનું નથી એમ છે? દ્રવ્ય ક્યાં રહ્યું ઈ? સમજાણું કાંઈ? કહો, સમજાય છે કે નહિ? બાબુભાઈ! ત્યાં ઝીણું ન હોય. ત્યાં ઝવેરાતમાં મોટી જાડી જાડી વાતું હોય એમાં

આ ઝીણી પાછી. આહા..હા..!

સ્વભાવને છોડ્યા વિના આત્મા કે પરમાણુઓ જે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસંયુક્ત છે. ભગવાન આત્મા અનંતા ગુણોની તે સમયની નવી પર્યાયથી ઉત્પાદથી સહિત છે. જૂની પર્યાયને લઈને સહિત છે એમ નહિ. જૂની પર્યાયના અભાવસહિત છે, નવી પર્યાયના ભાવસહિત છે. સમજાણું કાંઈ? ઉત્પાદ-વ્યય. જુઓ! શબ્દ પહેલા ઉત્પાદવ્યયધ્રુવ એમ નાખ્યો છે. આ તો મહાસિદ્ધાંત છે. આ તો સર્વજ્ઞથી સિદ્ધ થયેલા વસ્તુનું સ્વરૂપ છે. આ કાંઈ કોઈ કચરડી-મચરડીને ભેગું કરવું એવું નથી આ. અને તેને નિશ્ચય-વ્યવહાર છે તેને તેમ સમજવા એ તો મહા અલૌકિક પુરુષાર્થ છે. સમજાય છે? એ કાંઈ સાધારણ વાત નથી.

કહે છે કે આ પરમાણુઓમાં તો પરમાણુની પર્યાયના ઉત્પાદસહિત છે. જૂની પર્યાયરહિત છે. જૂની પર્યાયના અભાવસહિત છે એ. નવી પર્યાયસહિત છે અને ધ્રુવસહિત છે. એ એનું રહ્યું. આત્મા વસ્તુ છે તેનો અસ્તિત્વ સામાન્ય સ્વભાવ છોડ્યા વિના એ વસ્તુ છે. વસ્તુ અને વસ્તુનો સ્વભાવ. એટલે વસ્તુ સ્વભાવને છોડ્યા વિના વસ્તુ છે એમ કહે છે. વસ્તુ તેના સ્વભાવને છોડ્યા વિના અસ્તિત્વ સામાન્યપણું છે એનું. હવે એના વિશેષના પ્રકારો ભેદ પડ્યા તો કહે છે, એ વસ્તુ ઉત્પાદસહિત છે. સમયે સમયે જે પર્યાય જ્ઞાનનો, દર્શનનો, આનંદનો, વીર્યનો, ચારિત્રનો જે વિકલ્પ કે જે હોય તે, કે સ્થિરતાનો, એ પર્યાયસહિત છે, એ પર્યાયસહિત છે. પૂર્વની પર્યાયથી તો રહિત છે. આહા..હા..! અને પૂર્વની પર્યાયમાં હતું માટે આ પર્યાયમાં આવ્યું એમ પણ નથી. આહા..હા..! શું કીધું સમજાણું? કે ભાઈ પૂર્વ પર્યાયમાં એણે ધારી રાખ્યું હતુંને, આમ હોય ને આવું હોય ને આવું હોય, એની એ ધારણામાં એ બીજી પર્યાય એમને એમ ચાલી આવે છે. એ ખોટી વાત છે. તને વસ્તુની ખબર નથી. આહા..હા..! ભારે! સમજાણું કાંઈ? એણે લક્ષમાં રાખી (કે) વાત આવી છે. એ રાખી તો એને એ બીજે સમયે ચાલી આવે છે. એમ નથી. એ પહેલા સમયે હતી એ ગઈ અને નવી થઈ એવી વસ્તુની સ્થિતિ છે. આહા..હા..! નવરંગભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અરે.. પણ રહે શી રીતે? એ સિદ્ધ કરવા માગે છે અહીં. એ ભાવ નથી હવે. અને તું એમ માનતો હોય કે એનો એ ભાવ મને અત્યારે છે, નવું કાંઈ નથી, તો એ તને ઉત્પાદની ખબર જ નથી. સમજાણું કાંઈ? કહો, વનેચંદભાઈ! ભારે ઝીણું ભાઈ! મવાળાથી પણ આ ઝીણી વાત છે. મવાળો તો અનંતા પરમાણુનો સ્કંધ છે. એક પરમાણુમાં અહીં એક અંશમાં ત્રણ ભાગ. એક વસ્તુ અંશી એના ત્રણ ભાગ. વસ્તુ એમ ન હોય તો કાર્ય થાય શી રીતે? આ ઉત્પાદ તો નવું-નવું કાર્ય છે. તો નવું-નવું કાર્ય એ પૂર્વની પર્યાય વ્યય (થાય) છે એમાંથી નવુ કાર્ય થાય છે? એને લઈને નવું કાર્ય છે? ઝીણું ભાઈ! કાંઈક મગજ ઝીણું કરવું પડશે એણે. અનાદિથી સલવાણો છે એ કાંઈક એવું શલ્ય રહી ગયું છે

ને. એવું શલ્ય મિથ્યાત્વનું હોં! એ શલ્ય આડે એને સૂઝતું નથી કાંઈ બીજું નવું. એમને એમ પકડીને બેઠો છે એક વાત. સમજાણું કાંઈ?

છ બોલ છે. કહેશે. **'જે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસંયુક્ત છે...'** જે દ્રવ્ય જ એવું છે. નવી પર્યાયથી ઉત્પન્નસહિત છે, પુરાની પર્યાયના અભાવસહિત છે. પુરાની પર્યાયના ભાવસહિત છે એમ નથી. સમજાણું કાંઈ? અને ધ્રુવસહિત છે. ધ્રુવનું ધ્રૌવ્ય એ શું કાંઈક કહેવાય છેને ભાવ, નહિ? ધ્રુવનું ધ્રૌવ્ય ભાવવાચક છે. અમે બીજી ભાષા કાંઈક લીધી છે. ધ્રુવનું ધ્રૌવ્ય **'તથા ગુણવાળું ને પર્યાયસહિત છે,...'** જુઓ! છ બોલ નાખ્યા. ભગવાન આત્મા અને એક એક પરમાણુ, જુઓ! આ તો દ્રવ્યાનુયોગનું તત્ત્વ રહસ્ય છે. એટલે એને સમજવા માટે બહુ એની સાવધાની જોશે. સમજાણું કાંઈ? એ ગુણવાળું અને પર્યાયવાળું છે. એ ગુણ અને પર્યાયવાળું છે, ત્રિકાળ ગુણ અને પર્યાયવાળું છે એમ કહે છે. **'તેને 'દ્રવ્ય' કહે છે.'** એને દ્રવ્ય એટલે વસ્તુ કહે છે. કહો, આ તમારા પૈસાને દ્રવ્ય કહે છે એને ક્યાં નાખવું?

મુમુક્ષુ :- પુદ્ગલદ્રવ્યમાં. બીજે ક્યાં નાખે?

ઉત્તર :- એ તો સ્કંધ છે આખો. મૂળ દ્રવ્ય નથી. એનો એક એક પરમાણુ તે દ્રવ્ય છે. આહા..હા..! તે તે દ્રવ્ય તે તે કાળે નવી પર્યાયથી સહિત છે, જૂની પર્યાયથી રહિત છે, ધ્રુવપણેથી સદૃશ કાયમ છે. અને ગુણ નામ સ્વભાવ ત્રિકાળી અને ઉત્પાદ-વ્યયને પર્યાયમાં નાખી દીધા. ધ્રુવને ગુણમાં નાખ્યા. ગુણ ને પર્યાયસહિત છે. સ્વભાવ છોડ્યા વિના ઉત્પાદ-વ્યય-ધ્રુવસહિત છે, ગુણપર્યાયવાળું છે તેને દ્રવ્ય કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? **'सपज्जायं'** છેને? ગુણ અને પર્યાયસહિત છે એમ છે એમાં. ઓલો 'સ' છેને 'સ'? **'गुणवं च सपज्जायं'** એમ. ઓલામાં સમય હતો. **'अपरिच्चत्तसहावेणुप्पादव्वयधुवत्तसंबद्धं। गुणवं च सपज्जायं जं'** ગુણવાળું અને પર્યાયસહિત એમ. ગુણવાળું અને પર્યાયસહિત એમ જુઓ! ભાષા જુઓ! ઓહો..હો..! તે તે દ્રવ્ય... ધીમે ધીમે (સમજવું). આમાં કાંઈ વાર્તા કરતા નથી કે ઝટ દઈને સમજાય જાય. છે તો વાર્તા આત્માની પણ હવે ઈ વાર્તા... આહા..હા..!

ત્રિપદી ભગવાને કીધી છે એમ શ્વેતાંબરમાં લોકો કહે છે. વળી પાછી ત્રિવિધ કહીને વળી પાછી વસ્તુ આમ કહેવા માંડે. આ ત્રિપદીને સમજે ક્યાં? આહા..હા..! ... ત્રિપદી રીત એવું આવે છે ને. શ્લોક આવે છે. .. ગાથાએ. એમાં તો કાંઈ ત્રિપદી નથી. ત્યાં તો બધું ઉત્પાદ... એ જુદી વાત છે. એ જુદું છે. ભગવતીનું પહેલું સૂત્ર. બીજી વાત છે આ. આહા..હા..! આ એક ગાથામાં ઘણું ઊંચું છે. કહો, હવે શું બાકી? એવી એવી કોઈ શૈલી છે. આહા..હા..! પહેલું સામાન્યપણું કહ્યું, પછી વિશેષપણું ત્રણ સહિતનું કહ્યું, પછી બે સહિતનું વિશેષપણું કહ્યું. પછી ઉત્પાદ-વ્યયને પર્યાયમાં સમાડી દીધા, ધ્રુવને ગુણમાં સમાડી દીધા. એક, ત્રણ અને બે. જો આ રીતે એના જ્ઞાનમાં યથાર્થ ન બેસે તો તેની પ્રતીતિ સાચી નથી. આ સમ્યગ્દર્શનનો અધિકાર છે. આ સમ્યગ્દર્શનનો અધિકાર છે. આવું જ્ઞાન એના

ખ્યાલમાં નવી પર્યાયથી ઉત્પાદ, જૂની પર્યાયના અભાવરૂપ, ધ્રુવ એવું જે જ્ઞાન, એનું આમ જે જ્ઞાન યથાર્થ કરે તો તેને સમ્યગ્દર્શન હોઈ શકે છે. સમજાણું કાંઈ? પહેલો જ્ઞાન અધિકાર હતો. આ સમ્યગ્દર્શન અધિકાર છે.

'**ટીકા :- અહીં (આ વિશ્વમાં)...**' અહીં શબ્દ છેને? '**इह**' શબ્દ છેને અંદર? '**इह खलु**' એમ. '**(આ વિશ્વમાં)...**' ચૌદ બ્રહ્માંડમાં, આ જગતમાં '**જે, સ્વભાવભેદ કર્યા વિના,...**' સ્વભાવની જુદાઈ કર્યા વિના એમ કહે છે. ભેદ કર્યા વિના આવ્યુંને? '**अपरिच्चत्तसहावेण**' '**अपरिच्चत्तसहावेण**' કહો, સ્વભાવને ભેદ કર્યા વિનાની વસ્તુ છે. આત્મા હો કે પરમાણુ હો કે ધર્માસ્તિ હો, એ સ્વભાવથી જુદું કર્યા વિનાની વસ્તુ છે, સ્વભાવને છોડ્યા વિનાની વસ્તુ છે, સ્વભાવનો ભેદ કર્યા વિનાની અભેદ વસ્તુ છે. સમજાણું કાંઈ? આહા..હા..! શું પણ વીતરાગનું કથન!

અને '**ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યત્રયથી...**' છે. લ્યો! નીચે છે. '**ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યત્રય= ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય—એ ત્રિપુટી (ત્રણનો સમૂહ).**' લ્યો! ત્રિપુટી છે લ્યો ત્રિપુટી. દર્શન-જ્ઞાન-ચારિત્રને ત્રિપુટી કહે છેને? કોઈ ત્રણ ભાઈબંધ હોય તો ત્રિપુટી કહે છે કે નહિ? હતાને બોટાદ. નહિ? એ બધા ત્રિપુટી. હરજીવન જગજીવન પારેખ, હરગોવિંદ અને નાગરભાઈ ત્રણ ત્રિપુટી કહેવાતા. દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રિપુટી કહેવાતા. દેરાવાસીના ત્રણ સાધુ હતા. કેમ ..જી! ત્રિપુટી કહેવાતાને ત્રિપુટી? ..જી! ઓલાને ત્રિપુટી નહોતા? દર્શનવિજય, જ્ઞાનવિજય, ચારિત્રવિજય. ત્યાં દર્શનવિજય, જ્ઞાનવિજય, ચારિત્રવિજય ત્રણ હતા.

અહીં કહે છે કે કેવું છે દ્રવ્ય એટલે વસ્તુ? '**ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યત્રયથી અને ગુણ-પર્યાયદ્વયથી લક્ષિત થાય છે, તે દ્રવ્ય છે.**' લ્યો ઠીક! એટલું વધારે નાખ્યું. ગુણ-પર્યાયદ્વયથી લક્ષિત થાય છે. પાઠમાં તો એમ કીધું '**संबद्धं**' અને ગુણવાળું અને પર્યાયવાળું. ત્યારે અહીં સિદ્ધ કર્યું એમાંથી કાઢીને. એમાંથી કાઢ્યું. ઉત્પાદ-વ્યય-ધ્રુવ. અહીં સ્વભાવ ભેદ કર્યા વિના એટલે '**अपरिच्चत्तसहावेण**'નો અર્થ કર્યો. '**अपरिच्चत्तसहावेण**' છોડ્યો નથી અને સ્વભાવનો ભેદ કર્યો નથી. વસ્તુ છે તે સ્વભાવસહિત છે, સ્વભાવનો ભેદ એમાં નથી. આત્મા અસ્તિત્વ સામાન્ય સ્વભાવ ત્રિકાળ... ત્રિકાળ... ત્રિકાળ જ્ઞાન-દર્શન આદિ જે એનો સ્વભાવ છે તેને છોડ્યા વિના એટલે તેને મૂક્યા વિના દ્રવ્ય છે.

'**ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યત્રયથી ગુણ-પર્યાયદ્વયથી લક્ષિત થાય છે,...**' જુઓ! નીચે છે. '**ગુણ-પર્યાયદ્વય=ગુણ ને પર્યાય—એ યુગલ (બેનો સમૂહ).**' હવે લક્ષિત થાય છે એની વ્યાખ્યા. '**લક્ષ્યરૂપ થાય છે;...**' એ દ્રવ્ય લક્ષરૂપ થાય છે. એટલે કે દ્રવ્ય '**ઓળખાય છે.**' એટલે કે ઉત્પાદ-વ્યય-ધ્રુવ અને ગુણપર્યાય તે લક્ષણો છે અને દ્રવ્ય તે લક્ષ છે. આહા..હા..! હવે તો અહીં ૩૪ વર્ષ થયા છે અહીં તો, હવે ઘણું અહીં બધું ચાલ્યું છે. પછી એને ઝીણું ક્યાં સુધી પડશે એને? કેમ ..ભાઈ! પ્રયાસ કરવો પડશે બાપુ! આ જન્મ-મરણ એને

માથે .. ચોર્યાસીના અવતાર. આહા..હા..! એ મિથ્યાત્વના શલ્યથી ચોર્યાસીના અવતાર ફૂટે છે.

આવું વાસ્તવિક જેવું એનું સ્વરૂપ, તે તે સમયનું જેવું સ્વરૂપ છે તે તે સ્વરૂપના આવા લક્ષણ છે એ લક્ષ્ય છે. ઉત્પાદ, વ્યય અને ધ્રુવ એ લક્ષણ છે. કોને જણાવનારા? કે લક્ષ્યને. લક્ષ્ય એટલે કે દ્રવ્યને. તે તે સમયનો ઉત્પાદ, તે તે સમયનો વ્યય, તે તે સમયનો ધ્રુવ દ્રવ્યને જણાવે છે. અને તે તે સમયના ગુણો અને તે તે સમયની પર્યાય લક્ષણથી તે લક્ષ્ય દ્રવ્યને જણાવે છે. સમજાણું કાંઈ? ઓહો..હો..! તે તે સમયનો ઉત્પાદ અને તે સમયનો પર્યાય, ગુણ અને ધ્રુવ તો ભલે ત્રિકાળ છે, તે તે સમયનો ઉત્પાદ-વ્યય અને તે તે સમયનો જે પર્યાય બે થઈને એ લક્ષણ લક્ષ્યને જણાવે છે-દ્રવ્યને જણાવે (છે કે) આવું દ્રવ્ય છે. સમજાણું કાંઈ? જૂની પર્યાયવાળું દ્રવ્ય છે વર્તમાન, એમ નહિ. અને પર્યાય વિનાનું દ્રવ્ય છે એમ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

નવી ઉત્પાદ પર્યાય, જૂનીના અભાવરૂપ અને ધ્રુવ એવા લક્ષણવાળું તે દ્રવ્ય છે. ઘણી ગંભીરતા ભરી છે. પૂર્વની પર્યાય છે એ લક્ષણ છે અને એ અભાવ લક્ષણ છે. એના એ લક્ષણવાળી વર્તમાન પર્યાય એને લઈને એવીને એવી છે. તો એને ઉત્પાદ-વ્યયના સ્વરૂપનું જ્ઞાન નથી, તો તેનું લક્ષ્ય જે દ્રવ્ય એનું પણ એને જ્ઞાન નથી. સમજાણું કાંઈ? પુસ્તક સામે હોય તો ઠીક પડે. આ શબ્દનો આ અર્થ ચાલે છે એમ ખબર પડે. ઉપરથી જરી આકરું લાગે, ઝીણું લાગે.

આત્મા છે એ પોતાનો સ્વભાવ છોડ્યા વિનાની ચીજ છે. હવે ઉત્પાદ નવી અવસ્થા થાય, જૂની જાય એમાં તો મહા ગંભીરતા ભરી છે. એ જૂની અવસ્થા અભાવવાળા લક્ષણવાળી છે, નવી અવસ્થા ભાવલક્ષણવાળી છે. એ અભાવ અને ભાવલક્ષણથી લક્ષિત દ્રવ્ય થાય છે. સમજાણું કાંઈ? અને ગુણ ને પર્યાયથી લક્ષિત છે. ત્રિકાળી જ્ઞાનાદિ ગુણો અને તેની ઉત્પાદ-વ્યય બે પર્યાય એક સમયની, એવા લક્ષણથી તે દ્રવ્ય લક્ષમાં આવે છે. સમય સમયની સ્થિતિ આવી છે એમ કહે છે. સમજાણું કાંઈ આમાં? સમય સમયની સ્થિતિ તેની ઉત્પાદસહિત, વ્યયસહિત, ધ્રુવસહિત, પર્યાયસહિત, ગુણસહિત એ સમય સમયની આ સ્થિતિથી આવું દ્રવ્ય લક્ષમાં આવે છે. છ બોલ થઈ ગયા?

‘**તેમાં (-સ્વભાવ, ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય, ગુણ ને પર્યાય એ છ શબ્દો કહ્યા તેમાં),...**’ છ વાચક શબ્દો કહ્યા. એના છ પ્રકારના વાચ્ય સ્વભાવ છે એમ કહે છે. સમજાણું? તેમાં ‘**દ્રવ્યનો સ્વભાવ તે અસ્તિત્વસામાન્યરૂપ અન્વય.**’ અસ્તિત્વસામાન્યરૂપ અન્વય. છે... છે... છે... છે... છે... છે... છે... છે... એવો એકરૂપ ભાવ દ્રવ્યનો સ્વભાવ છે. એકરૂપ ભાવ દ્રવ્યનો સ્વભાવ છે. છે... છે... છે... છે... છે... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... આનંદ... આનંદ... આનંદ... આનંદ... વગેરે બધું. છે... છે... છે... એવો એકરૂપ ભાવ તે દ્રવ્યનો સ્વભાવ છે. અન્વય, અન્વય એટલે અનુસરીને રહેનારા. એકરૂપતા સદશભાવ

તેને અસ્તિત્વ સામાન્ય કહેવામાં આવે છે. ભાષા! કહો, આ પુસ્તકમાં પણ તમારે આવતું નહિ હોય. કપુરભાઈ! ચોપડામાં આવતું હશે ઝવેરભાઈની સાથે વાતું કરતા? નહિ? કલકત્તામાં મોટો વેપાર તો લાખો રૂપિયાનો ચાલેને. ક્યાંય અસ્તિત્વસામાન્ય ને. આ તો નિશાળ બીજી જાતની છેને. આહા..હા..!

અસ્તિત્વસામાન્ય એટલે? દ્રવ્યનો સ્વભાવ. એટલે કે અસ્તિત્વસામાન્યરૂપ અન્વય, બસ એટલું. સમજાણું કાંઈ? અને એ '**અસ્તિત્વ બે પ્રકારનું કહેશે :...**' એવું હોવાપણે બે પ્રકારનું કહેશે. વસ્તુનો સ્વભાવ છોડ્યા વિનાનું દ્રવ્ય. એક વાત થઈ. સ્વભાવનો ભેદ પાડ્યા વિનાનું દ્રવ્ય એવું જે અસ્તિત્વસામાન્ય દ્રવ્ય એમ. અહીં પહેલા બોલની વ્યાખ્યા ચાલે છેને અહીં તો.

મુમુક્ષુ :- દ્રવ્યનો સ્વભાવ.

ઉત્તર :- દ્રવ્યનો સ્વભાવ. અસ્તિત્વ હોવાપણારૂપ સામાન્યરૂપ અન્વય. છે... છે... છે... છે... છે... એ અસ્તિત્વ બે પ્રકારનું કહેશે.

'**(૧) સ્વરૂપ-અસ્તિત્વ...**' એક એક પરમાણુ, એક એક આત્મા એ પોતે જુદું તે સ્વરૂપ અસ્તિત્વ. એક એક આત્મા અને એક એક પરમાણુ ભિન્ન-ભિન્ન તેનું સ્વરૂપે હોવાપણું એ પણ દ્રવ્યનો સ્વભાવ છોડ્યા વિનાનો એ સ્વભાવ અને '**(૨) સાદૃશ્ય-અસ્તિત્વ.**' સાદૃશ્ય અસ્તિત્વ કહેશે. બે ગાથા જુદી પાડશે. સમજાણું? સાદૃશ્ય એટલે જેમ એક સાથે ઝાડ હોય ને એટલે ઘણાં ઝાડને વન કહેવામાં આવે. સાદૃશ્ય અસ્તિત્વ છે.. છે... છે.. બધું. આમ બધા થઈને ભેગા. એમ બધા થઈને આત્મા ને મહાસત્તાથી છે. પરમાણુ છે. દ્રવ્ય તરીકે કહે બધાને તો સાદષ્ય અસ્તિત્વ બધું દ્રવ્ય બધું. આત્મા, પરમાણુ છે... છે... છે.. એ સાદૃશ્ય અસ્તિત્વ. સદૃશરૂપે રહેનારા દ્રવ્ય તેને સાદૃશ્ય અસ્તિત્વ (કહેવાય) સમૂહરૂપે. અને ભિન્ન-ભિન્ન રહેનારાની અપેક્ષાએ સ્વરૂપ અસ્તિત્વ. ધીમે ધીમે તો આવે છે પણ હવે.

આમાં કેમ આ બે પ્રકાર કહ્યા છે? એક સ્વરૂપ અસ્તિત્વ છે અને એક જાતના ઘણાં સંયોગે હોય છે ને એથી પણ એને સ્કંધરૂપે કે આ બધા સમૂહના આત્મા છે.. છે.. આત્મા એ રીતે કહેવામાં આવે છે. કારણ કે આત્મા છે અને બીજો આત્મા નથી એમ કાંઈ છે? છે... છે... છે... આત્મા છે તો છે... છે... એ અપેક્ષાએ છએ દ્રવ્ય સાદૃશ્ય અસ્તિત્વમાં આવી જાય છે. અને એક એક અસ્તિત્વ એનું જુદું છે એ સ્વરૂપ અસ્તિત્વ. હવે ઉત્પાદ-વ્યયની વ્યાખ્યા કરશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર વદ ૮, શુક્રવાર, તા. ૦૬.૧૨.૧૯૬૮**
**ગાથા-૯૫, પ્રવચન-૮૭**

જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન. જ્ઞેય એટલે જ્ઞાનમાં જણાવાયોગ્ય પદાર્થ એનું શું સ્વરૂપ. એના છ સ્વભાવ વર્ણવ્યા, છ પ્રકાર. પહેલું તો એ કહ્યું કે '**સ્વભાવભેદ કર્યા વિના,...**' એટલે મૂળ તો ત્રણ લક્ષણ વર્ણવ્યા છે. સત્ દ્રવ્ય લક્ષણં, ઉત્પાદવ્યયધ્રૌવ્યયુક્તં સત્, ગુણપર્યાયવત દ્રવ્યં. જે તત્ત્વાર્થસૂત્રના બોલો છે એનું વર્ણન છે આ. પહેલો બોલ એ છે કે સત્ દ્રવ્ય લક્ષણં. જે વસ્તુ હોય તે એના હોવાપણે હોય. હોવાપણે હોય. અકસ્માત હોય વસ્તુ એમ હોઈ શકે નહિ. શું કહ્યું? કોઈપણ પદાર્થ હોય તે હોવાપણે અસ્તિત્વથી-સત્તાથી હોય છે. એની સત્તાથી તે દ્રવ્ય હોય છે. અકસ્માત નવું દ્રવ્ય થઈ જાય એવું વસ્તુનું સ્વરૂપ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

એટલે અહીં કહ્યું પહેલું '**સ્વભાવભેદ કર્યા વિના,...**' એટલે હોવાપણાની સત્તાનો ભેદ કર્યા વિના દ્રવ્ય ત્રિકાળ સત્ છે. ચાહે તો આત્મા હો, ચાહે તો પરમાણુ હો. એનો સ્વભાવ અસ્તિત્વ છે. અસ્તિત્વ એટલે હોવાપણું, સત્તાપણું. એ સત્તાપણું અને સત્ દ્રવ્ય બેનો ભેદ નથી. સમજાય છે કાંઈ? એ અસ્તિત્વ સત્તા તે લક્ષણ છે, જણાય છે સત્ દ્રવ્ય. એ દ્રવ્ય. કોઈપણ વસ્તુ એના હોવાપણાના લક્ષણે તે સત્ લક્ષણ હોય. ન હોવાપણાના લક્ષણે લક્ષમાં આવે? ન હોવાવાળી વસ્તુ હોય? એથી પહેલું લીધું.

આ પંચાસ્તિકાયમાં આવે છેને ભાઈ! ૧૦મી ગાથા. ત્યાં બીજી વાત ચોખ્ખા લક્ષણ વર્ણવ્યા છે. ત્યાં સત્દ્રવ્યલક્ષણ એમ ચોખ્ખું વર્ણવ્યું છે. સીધું સત્ દ્રવ્ય લક્ષણં, ઉત્પાદવ્યયધ્રુવ, ગુણપર્યાયવત્ દ્રવ્યં. ત્યાં એમ કહ્યું. .. એમ આવે છે. અહીં '**जं तं दव्व ति वुच्चंति**' કહ્યું હતુંને આપણે? જેમ હોય તે દ્રવ્યને આ રીતે ભગવાન સર્વજ્ઞ કહ્યું છે. પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવે દ્રવ્યને સત્ કહ્યું છે, વસ્તુને હોવાપણાના ગુણવાળી વસ્તુ છે તે હોવાપણે ત્રિકાળ છે, એનું નવું થવું કે નાશ થવું એવો એનો સ્વભાવ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? છએ દ્રવ્યની વ્યાખ્યા છે આ. જ્ઞેય છેને. એટલે આ આત્મા સત્ લક્ષણે લક્ષિત દ્રવ્ય છે. હોવાપણાના લક્ષણે લક્ષિત, જણાય એવું એ દ્રવ્ય છે. હોવાપણાના લક્ષણે જણાય એવું દ્રવ્ય છે. ભારે આ ભાઈ!

મુમુક્ષુ :- હોવાપણાના...

ઉત્તર :- ત્યાં એનો લક્ષણ.. લક્ષણ નાખ્યું અને લક્ષ્ય નાખ્યું.

મુમુક્ષુ :- બીજું એનું લક્ષણ બતાવોને.

ઉત્તર :- બીજું શું લક્ષણ હોય તેનું? સત્ દ્રવ્ય લક્ષણં. સત્તા તે લક્ષણ છે એનું

અને સત્ હોવાપણું તે એનું લક્ષ્ય છે. દ્રવ્યપણું તે લક્ષ્ય છે. આ ભાષા ત્યાં સાંભળી હોય? કપુરભાઈ! ઝવેરચંદભાઈ તો આટલા વર્ષમાં બહારનું સાંભળીને.. હવે હોય અમે પૈસા છે, વાપરીએ, કરીએ એમાં આ હોવાપણું પામવુ! આ જ વસ્તુમાં પ્રયત્ન છે.

આ આત્મા... છે? સ્વભાવને છોડ્યા વિના એવો શબ્દ છે મૂળ પાઠમાં. એનો અર્થ એ કે સત્પણાના લઈને તે ચીજ હોવાપણે ટકી રહી છે. એને કોઈ બનાવનાર નથી, અકસ્માતે તત્ત્વ ઊભું થઈ જાય એમ નથી. અને ઊભું થયેલું તત્ત્વ, હોય એવું તત્ત્વ અભાવ થઈ જાય કોઈ દિ' એવું એ નથી. એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? એટલે શાસ્ત્રકાર પહેલી મૂળ વાત આવે છે ષટ્ખંડાગમ. ષટ્ પદ પ્રરૂપણા એ શૈલીથી વાત લીધી છે. સત્ છે તેની પછી વ્યાખ્યા થાય. હોય એની વ્યાખ્યા થાય ને. હોય આ છે. પછી ક્યા ગુણે, કઈ અવસ્થાએ, ક્યા સ્વભાવે એ પછી. પણ છે એની વ્યાખ્યા હોય કે ન હોય એની વ્યાખ્યા હોય? છોકરો છે તો પછી કે ભાઈ આ કાળો છે, ડાહ્યો છે, ગાંડો છે, મૂર્ખો છે, ભલો છે એની પછી વ્યાખ્યા થાય. પણ હોયા વિના (વ્યાખ્યા થાય)? ભગવાનજીભાઈ!

એમ આ જગતની અંદર ચૌદ બ્રહ્માંડની અંદર જે કાંઈ વસ્તુ છે તે સત્પણે છે, હોવાપણે છે. હોવાપણે તે એનું લક્ષણ છે અને છે એ ચીજ છે તે તેનું લક્ષ્ય છે. હોવાપણાના લક્ષણે તે છે એમ લક્ષ થઈ શકે, જણાઈ શકાય. કોઈ દ્રવ્ય ન હોવાપણાના લક્ષણે જણાય? આ બધું સમજવું ભારે ઝીણું. નવરંગભાઈ! પણ તારે ધર્મ કરવો છે કે નહિ? તો પછી હોનારો ધર્મ કરે કે નહિ હોનારો ધર્મ કરે?

એ રીતે અહીં ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવ (કહે છે), **'जं तं दव्व ति वुच्चंति'** જે તે છે તેને અમે દ્રવ્ય કહીએ છીએ. પહેલું એક લક્ષણ. સત્ દ્રવ્યલક્ષણં. હોવાવાળું એ દ્રવ્યનું લક્ષણ એને ભગવાન દ્રવ્ય કહે છે. સમજાય છે કાંઈ? કેટલા લક્ષણો!

પછી કહ્યું કે '**દ્રવ્યનો સ્વભાવ છે તે અસ્તિત્વસામાન્યરૂપ અન્વય.**' અસ્તિત્વ બે પ્રકારના. છે એના પછી બે પ્રકાર. '(૧) **સ્વરૂપ-અસ્તિત્વ...**' એક એક વસ્તુ એ પોતે હોવાપણે અને તે સંયોગે બધી ચીજો છે, પણ એમાં હોવાપણું સદશપણે કરીને બધું હોવાપણું કહેવું, આત્મા છે, પરમાણુ છે, ધર્માસ્તિ એમ બધું થઈને હોવાપણું કહેવું એ સદશ હોવાપણે અને એક એકનું હોવાપણું તે પોતાના સ્વરૂપને લઈને હોવાપણું છે. સ્વરૂપ અસ્તિત્વ—સ્વરૂપને લઈને હોવાપણું તેનું નામ સ્વરૂપ અસ્તિત્વ. પરને લઈને નહિ. પરને બધાને લઈને એમ કહેવું હોય તો સાદશ્ય અસ્તિત્વ. છે... છે... છે... છે... છે... આત્માઓ છે, પરમાણુ છે, ધર્માસ્તિ છે એમ બધું સદશ તરીકે આ પણ છે, આ પણ છે. આ સદશ તરીકે.

એ રીતે '(૨) **સાદશ્ય-અસ્તિત્વ.**' સમૂહ અસ્તિત્વ, સમૂહ અસ્તિત્વ. અને એક એક પ્રત્યેકનું ભિન્ન અસ્તિત્વ. સમૂહ અસ્તિત્વ. આ માણસ છે બધા એ સમૂહ અસ્તિત્વ. એમાં મીઠાલાલજી જુદા એ સ્વરૂપ-અસ્તિત્વ. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! કો'ક સદશ અસ્તિત્વ

કહે, સમૂહ અસ્તિત્વ બધું છે. છ દ્રવ્ય છે આખી દુનિયામાં. એમાંથી કહે છે અસ્તિત્વનું સ્વરૂપ એટલે દરેક પદાર્થ પોતાના સ્વરૂપે છે. ભિન્ન છે. બીજાને કારણે કાંઈ ભિન્ન છે નહિ. બીજાને કારણે ... સાદશ્ય અસ્તિત્વ એ કીધું.

પછી હવે આ '**(અર્થાત્ પ્રગટ થવું, ઉત્પન્ન થવું)**;...' પ્રત્યેક દ્રવ્યમાં નવી અવસ્થા ઉત્પન્ન થવી તે તેનું લક્ષણ છે અને દ્રવ્ય તેનું લક્ષ્ય છે. ભારે વાત ભાઈ! શું કહે છે? ઊપજે છે નવી અવસ્થા, જેમ આત્મામાં જ્ઞાનની અવસ્થા ઊપજે, દર્શનની ઊપજે, એ ઊપજે તે લક્ષણ છે અને લક્ષ્ય કરાવે છે દ્રવ્યને. એ ઉત્પાદ દ્રવ્યને જણાવે છે કે આ દ્રવ્યનો એ ઉત્પાદ છે. ઝીણી વાત છે ભાઈ! આ તો મૂળ તત્ત્વનું દ્રવ્યાનુયોગ એટલું ઝીણું છે કે એનો પાર પામીને જ્યારે આગળ થાય ત્યારે શુક્લધ્યાનનું એ રહસ્ય છે. આહા..હા..! છેને, શ્રીમદ્‌માં આવે છેને. એ વાત એવી છે. મૂળ વસ્તુ એના ખ્યાલમાં આવવી જોઈએ. એમને એમ પકડે અને એમને એમ ધારે તો એ નહિ એમ કહે છે. જેવી રીતે સ્વરૂપ અસ્તિત્વ-પોતાનું હોવાપણું પોતાની સત્તાથી છે એમ એને ભિન્ન ભાસે ત્યારે સ્વરૂપ અસ્તિત્વની દૃષ્ટિ થઈ અને હોવાપણાના લક્ષણે સત્‌ને-દ્રવ્યને પકડ્યું. પછી ઉત્પાદને લક્ષણે દ્રવ્યને જાણ્યું. કહો, સમજાણું કાંઈ? આપો એક પુસ્તક. છેને? ઘણી ગંભીર અવસ્થા છે દ્રવ્યાનુયોગની.

કહે છે કે '**ઉત્પાદ તે પ્રાદુર્ભાવ**...' ઉત્પન્ન થાય છે એ પ્રાદુર્ભાવ થાય ખરો, પણ શેનો? દ્રવ્યનો નહિ, પર્યાયનો. પ્રાદુર્ભાવ એટલે પ્રગટ થવું. પ્રગટ થવું લ્યોને. ભાષા છેને અંદર જુઓ. છેને જુઓ! '**(અર્થાત્ પ્રગટ થવું, ઉત્પન્ન થવું)**;...' વસ્તુ જે છે આત્મા. આપણે અત્યારે એક જ આત્મા ઉપર ઉતારીએ. આ તો બધામાં છે હોં! આત્મા છે એ અસ્તિત્વ લક્ષણે કરીને લક્ષ્ય જણાય. આ આત્મા હોવાપણે કરીને લક્ષ એનું જાય, દ્રવ્ય જણાય. એક વાત. ઉત્પાદ લક્ષણે તે દ્રવ્ય છે એમ જણાય. નવી નવી અનંત ગુણની અવસ્થા સમયે સમયે ઉત્પાદ લક્ષણે તે લક્ષિત થાય. ઉત્પાદભાવરૂપ છે, પ્રગટ છેને આમ? ઉત્પન્નરૂપ છેને. વર્તમાન અનંત ગુણની જે અવસ્થા, તે અવસ્થાના હોવાપણાથી આ લક્ષ જાય. વર્તમાન અવસ્થાના પ્રગટપણાથી આ લક્ષ્ય દ્રવ્યમાં જાય. દ્રવ્ય એનાથી જણાય. આમાં મહેનત પડે એવું છે જરી. એને અભ્યાસ નહિને અભ્યાસ.

વસ્તુ છે, આ આત્મા છે, તો કહે છે કે એના ઉત્પાદ ત્યાં લક્ષણ જ્ઞાનનો પર્યાય ઉત્પન્ન થયો. ઉત્પન્ન પ્રગટ થાય છે. પ્રગટ થાય છેને? કાંઈ દ્રવ્ય પ્રગટ થાય છે? વ્યય પ્રગટ થાય છે? વ્યય તો જાય છે. વ્યય તો જાય છે. આ પ્રગટ થાય છે અને એક જાય છે. તો કહે છે કે પ્રગટ થાય છે તેથી ઉત્પાદ લક્ષણે તો લક્ષિત દ્રવ્ય છે. ઉત્પાદ લક્ષણે લક્ષિત વ્યય નથી. સમજાણું કાંઈ? ઉત્પાદ લક્ષણે લક્ષિત પોતે ઉત્પાદ નથી. ગૂઢ છે વાત ભાઈ! આ તો મહાસિદ્ધાંતો છે. જેને તત્ત્વાર્થસૂત્રમાં ત્રણ બોલ છે. સત્ દ્રવ્ય લક્ષણં, ઉત્પાદવ્યયધ્રૌવ્યયુક્તં સત્, ગુણપર્યયવત્ દ્રવ્ય. ત્રણ એકસાથે નથી પણ ફેરફારે છે, આઘાપાછા

છે. બે એકસાથે છે, પહેલા બે એકસાથે છે. સમજાણું કાંઈ? આ તો શાંતિથી ભગવાનનો દરબાર શું છે એ જાણવાની વાત છે ભાઈ! કહો, ભગવાનજીભાઈ! પ્લાસ્ટિક-ફ્લાસ્ટિકનો દરબાર એનો નથી. ત્યાં તો નામ આપતા હશે. ભગવાનજીભાઈનું મોટું પ્લાસ્ટિકનું કારખાનું. ધૂળનુંય નથી કારખાનું. એ તો પરમાણુનું કારખાનું છે. એ પરમાણુ એની વર્તમાન પર્યાયના ઉત્પાદથી આ પરમાણુ છે એમ લક્ષ્ય થાય છે. એનાથી ભગવાનજીભાઈએ આ કર્યું એમ લક્ષ નથી થાતું એમ કહે છે અહીં. કહો, સમજાય છે કે નહિ? એ.. બાબુભાઈ! નવા આવે ન્યાં ઝવેરાતના ધંધામાંથી. આ બધું ઝીણું ઝીણું આવું ભાઈ! ઝીણું નથી ભાઈ! તારા ઘરની જ ઉકેલની વાત છે. તારા ઘરના ઉકેલની વાત છે. આહા..હા..! અંદર જે છે તે રીતે જાણવાનો પ્રયત્ન કર્યો નથી. ધારી લીધું છે અનંત વાર. અગિયાર અંગમાં, નવ પૂર્વમાં ધાર્યું છે હોં! આવડ્યું છે એમ માન્યું હતું. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે જે વસ્તુ છે, આ આત્મા ઉપર જ આપણે અત્યારે તો લેવું છે, એનો જે પર્યાય ઉત્પન્ન થાય છે એનાથી દ્રવ્ય લક્ષમાં આવે છે. પૂર્વની પર્યાય છે એ છે ત્યારે તેના લક્ષણથી તે લક્ષમાં આવે છે. પણ એ પર્યાય ગઈ તો એ પર્યાયના લક્ષણે લક્ષમાં આવે છે એમ નહિ. સમજાણું કાંઈ? આત્મા એનો જે પર્યાય પ્રગટ થાય છે, ઉત્પન્ન થાય છે, પ્રગટ થાય છે એટલે ઉત્પન્ન થાય છે, પહેલો નહોતો, એ પર્યાય પહેલા નહોતી એટલે પ્રગટ થઈ. પર્યાય પ્રગટ થાય, કાંઈ દ્રવ્ય પ્રગટ થાય? વસ્તુ પ્રગટ થાય? એ તો પહેલા કહી દીધું. હોવાપણે સત્ દ્રવ્ય ત્રિકાળ છે. એટલે એમાં પ્રગટ કે અભાવ એ વાત એમાં હોઈ શકે નહિ.

હવે એને બીજે દરક્કે ઉત્પાદવ્યયધ્રૌવ્યયુક્તં. જુઓ! ધ્યાન રાખજો. ધ્રુવ ઉપર લક્ષણ લઈને દ્રવ્ય લક્ષ્ય કહેશે. પણ એમાં પણ ખાસ તો વજન આ રીતે છે. અનંત ગુણની એક સમયની જે પર્યાય, આ જ્ઞાનનો પર્યાય લ્યો જ્ઞાનનો, એ પર્યાય ઉત્પન્ન થાય છે એ થયો. એ ઉત્પન્ન લક્ષણે દ્રવ્ય લક્ષમાં આવે છે. એનું લક્ષ જો ત્યાં જાય તો એને લક્ષણે લક્ષ્યને પકડ્યું. પણ ઉત્પાદના લક્ષણમાં પૂર્વની પર્યાય ઉપર એનું લક્ષ જાય કે એને લઈને મને આ ઉત્પન્ન થયું, તો દૃષ્ટિ મિથ્યા છે. સમજાણું કાંઈ? શું કહ્યું? શેઠી! આ નથી ખ્યાલ આવતો કે એક વર્તમાન અવસ્થા જે ઉત્પન્ન થઈ, એ ઉત્પન્ન થઈ એ જણાવે છે કોને? દ્રવ્યને. એ જણાવે છે વ્યયને નહિ, એ જણાવે છે પોતાને નહિ. એ જણાવે છે લક્ષ્યને. ચંદુભાઈ! ભારે! ભાઈ! આ તો સિદ્ધાંત સર્વજ્ઞથી કહેલા છે. આ કાંઈ સાધારણ આલીદુઆલીના નથી કે એને ઝટ દઈને પકડી લે અને સમજી જાય. આહા..હા..! સર્વજ્ઞના મુખમાંથી નીકળેલા છે. જેને એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકનું જ્ઞાન. ત્રણ જ્ઞાન અને ચાર જ્ઞાનના ધણી મુનિઓ અને ત્રણ જ્ઞાનના ધણી ઈન્દ્રો, એના સમક્ષમાં ધ્વનિમાં આ આવ્યું છે. એ શું સાધારણ વાત હશે? એમ એણે નહોતું ધાર્યું ઘણી વાર? અગિયાર અંગ નહોતો ભણ્યો?

ભણ્યો હતો, ગણ્યો નહોતો. એને ગણતરીમાં લક્ષણ દ્વારા લક્ષ્યને પકડવું એ કર્યું નહોતું. સમજાણું કાંઈ? આહા..હા..! સાધારણ વાત નથી આ.

નવી નવી અવસ્થાના ઉત્પન્નના લક્ષણે આ દ્રવ્ય છે એમ એનું લક્ષ ત્યાં જાય. ત્યારે કહે આ તો જ્ઞાનવાળાને લક્ષ જાય. પણ આ વ્યાખ્યા તો છએ દ્રવ્યની છે. ભાઈ! કોઈક એમ કહે કે તમે જ્ઞાનમાં ઉતાર્યું કે આનંદમાં, દર્શનમાં. પણ જડમાં ક્યાં છે જ્ઞાન? એમ કહે છે કે જડની પણ ઉત્પાદ વસ્તુ-દ્રવ્યમાંથી આવે છે. એમ એનામાં સહજ થઈ જાય છે. તારે દ્રવ્યને સિદ્ધ કરવું હોય તો તેના ઉત્પાદ વડે કરીને એ દ્રવ્ય છે એમ તારા જ્ઞાનમાં એનું અસ્તિત્વ નક્કી કર. સમજાણું કાંઈ? ભાઈ! આ તો તત્ત્વ છે એને તે રીતે, કઈ રીતે છે એને તે રીતે (પકડવું જોઈએ). આ સમ્યગ્દર્શનનો વિષય છે, આ અધિકાર સમ્યગ્દર્શનનો છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ચારિત્ર કહેવું કોને પણ? અરે..! ભગવાન! ચારિત્ર એટલે ચરવું-રમવું. કઈ ચીજ છે? અને કઈ ચીજમાંથી તે રમવાની દશા આવે છે? અને ક્યારે તે કાળે કઈ સ્થિતિમાં એને આવે દશા? એને જાણ્યા વિના ચારિત્ર આવી જાય અંદરથી? સમ્યગ્દર્શનનો અધિકાર પછી ચરણાનુયોગનો અધિકાર લેશે. એને અંતરમાં પ્રતીતમાં આવે કે સમય સમયની જે અવસ્થા છે, પછીની નહિ, પહેલાની નહિ, એ અવસ્થા જે ઉત્પન્ન થાય છે એ વ્યયને બતાવતું નથી, એને પોતાને બતાવતું નથી એમ કહે છે, એ તો આ દ્રવ્ય છે એમ બતાવે છે. સમજાણું કાંઈ?

'**ઉત્પાદ તે પ્રાદુર્ભાવ...**' સંસ્કૃતમાં છેને એ. '**(અર્થાત્ પ્રગટ થવું, ઉત્પન્ન થવું);...**' એ રીતે લક્ષણ છે દ્રવ્યનું. પણ એ લક્ષણ દ્રવ્યનું, ઉત્પાદનું લક્ષણ આ જણાવે છે. એનું લક્ષ ત્યાં જાય તો તે ઉત્પાદ લક્ષણે દ્રવ્યને જાણ્યું અને ઉત્પાદના પર્યાયમાં લક્ષ રહે તો તેણે લક્ષણ દ્વારા લક્ષ્યને જાણ્યું નથી. કહો, ન્યાલભાઈ! આ તો બધું એવું આવ્યું આમાં. આહા..હા..! શું કહેવું ક્યાં ગયા હતા એ શું કહેવાય?

મુમુક્ષુ :- પોંડિચેરી.

ઉત્તર :- પોંડિચેરીમાં તો આ કાંઈ સાંભળવાનું મળે નહિ આ. પણ શું વિચારવું? હજી વાત જ ન બેઠી હોય એને વિચારવું શું? અને વાંચવું શું? વાંચે તો કાઢે શું એમાંથી? જે એની દૃષ્ટિમાં જે જાતનો ભાવ ભાસ્યો છે, ધાર્યો છે એ રીતે એ વાંચશે. ..ભાઈ!

કહે છે કે ભાઈ! તું આત્મા છો, તો તેનો જે પર્યાય ઉત્પન્ન થાય સમ્યગ્દર્શન-જ્ઞાન આદિ એ ગુણનો પર્યાય, તો એ પર્યાયનું લક્ષ તો ત્યાં દ્રવ્યને જણાવે છે. એ લક્ષણ દ્રવ્યને જણાવે છે કે આ દ્રવ્યનો આ ઉત્પાદ છે. એ ઉત્પાદ બીજા દ્રવ્યનો છે અને બીજા દ્રવ્યને જણાવે છે એમ નથી. ઉત્પન્ન થયું અહીંયા સમ્યગ્દર્શન તો એ સમ્યગ્દર્શન ઉત્પન્ન દ્રવ્યને જણાવે છે. એ સમ્યગ્દર્શન ઉત્પન્ન ત્યાં કર્મ મંદ પડ્યું છે અને કર્મનો અભાવ થયો છે એમ

જણાવે છે, એમ નથી. આહા..હા..! ધીરૂભાઈ! બહુ ઝીણી વાતું છે આ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... ૪૨ વર્ષમાં નવરાશ મળી નથીને, લીધી નથી. આહા..હા..!

ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર એમ કહે છે, જુઓ! '**जं तं दव्व ति वुच्चंति**' એમ કીધું ને? એને સર્વજ્ઞ ભગવાને દ્રવ્ય કીધું છે એમ છે જુઓ! એમાં છે અંદર જુઓ! '**तद्द्रव्यमिति ब्रुवन्ति सर्वज्ञाः।।**' જુઓ! તેને દ્રવ્ય કહે છે. જયસેનાચાર્યની ટીકામાં છે. '**तद्द्रव्यमिति ब्रुवन्ति सर्वज्ञाः।।**' સર્વજ્ઞ એને દ્રવ્ય કહે છે. સમજાણું? પંચાસ્તિકાય છેને, એની ૧૦મી ગાથા છે. ગાથા-૧૦ લખેલું છે. લખ્યું છે. મેં જોયું ને જોયું તો એમાં નીકળ્યું તો ૧૦મી ગાથા છે. પંચાસ્તિકાયની ૧૦મી ગાથા અને આ બે એક જ છે. શબ્દફેર થોડો છે. ત્યાં .. ચોખ્ખો શબ્દ આવશે. '**दव्वं सल्लक्खणियं**' વસ્તુ છે તે સત્ લક્ષણવાળી એવો મૂળ પાઠ છે. અહીં '**अपरिच्चत्तसहावेण**' એમ શબ્દ કર્યો છે. વસ્તુ એકને એક છે. અસ્તિ હોવાવાળા સ્વભાવને છોડ્યા વિનાનું દ્રવ્ય છે એમ કીધું. અહીં '**दव्वं सल्लक्खणियं**' દ્રવ્યનું હોવાપણું લક્ષણ છે. '**उप्पादव्वयधुवत्तसंजुत्तं**' અહીં '**संबद्धं**' છે. '**गुणपज्जयासयं वा जं तं भण्णंति सव्वण्हू।।**' પંચાસ્તિકાયમાં '**जं तं भण्णंति सव्वण्हू।**' એ શબ્દ અહીં છે. '**जं तं दव्व ति वुच्चंति**' સમજાણું કાંઈ? જાધવજીભાઈ! હવે આ ધર્મકથા કેવી ભાઈ! અમે તો ધર્મ સાંભળવા આવ્યા છીએ. ઈ ધર્મ, કહે છે કે તારે ધર્મ કરવો છે તો ધર્મ એટલે શું? વીતરાગી પર્યાય. તો વીતરાગી પર્યાય ક્યાંથી ઉત્પન્ન થાય? પૂર્વના પર્યાયમાંથી ઉત્પન્ન થાય? કે રાગના નિમિત્તમાંથી થાય? સંયોગથી થાય? દેવ-ગુરુ-શાસ્ત્રથી થાય? આ પાનામાંથી થાય? આ આનું જ્ઞાન થયું એમાંથી થાય? સમજાણું કાંઈ? આહા..હા..! શેઠી!

સર્વજ્ઞનું શાસન ઘણું ગંભીર અને સર્વજ્ઞપદને પ્રાપ્ત કરાવનારું છે. આહા..હા..! કહે છે સર્વજ્ઞ. એમ કહીને એમ કહે છે ભાઈ! આવા નિજપદને જો સંભાળ તો સર્વજ્ઞપદ પ્રગટ થયા વિના તને રહે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? દ્રવ્ય જે છે એ સર્વજ્ઞસ્વભાવી છે. તે જ્ઞાનનો પર્યાય જે પ્રગટ થયો એ પર્યાય દ્વારા સર્વજ્ઞ એવું દ્રવ્ય છે તે લક્ષમાં આવવું જોઈએ. તો તેના ઉત્પાદ લક્ષણે દ્રવ્યના સર્વજ્ઞસ્વભાવરૂપી દ્રવ્યને લક્ષમાં લીધું. સમજાણું કાંઈ? આહા..હા..! આ તો સિદ્ધાંતો છે. પછી એના દૃષ્ટાંતો અને દાખલાઓ તો લાખો હજારો ઉતારો એટલા ઉતરે. ચાર પૈસે શેર તો મણના અઢી. પછી સાડા સત્તરનું કેટલું? સાડી સત્તરસોનું કેટલું? એ બધામાં ન્યાય આવી ગયા. આ તો એકલા સિદ્ધાંત તત્ત્વ છે એકલા.

કહે છે કે ભાઈ! એમ પરમાણુને તારે.. જ્ઞાન તારું, પણ જ્ઞાનમાં જ્ઞેય તરીકે પરવસ્તુ છે એમ જો જાણવી હોય તો પણ તેના ઉત્પાદ લક્ષણે તે દ્રવ્ય છે એનો ઉત્પાદ છે તેને (લક્ષણે) લક્ષ્ય જઈને, એનું લક્ષણ છે એનાથી લક્ષ્ય દ્રવ્ય છે એમ તેનું તું જ્ઞાન કર. સમજાણું

કાંઈ? એક બોલ થયો આ ત્રણમાંથી. આ બીજો બોલ, છ બોલમાંથી બીજો બોલ. છ બોલમાંથી બીજો બોલ. છ બોલ કોણ? નહિ.. નહિ.. છ બોલમાં કોણ? પહેલો બોલ રહી ગયો આખો. આ ઝીણી વાત આવી ગઈ પહેલી. સત્ દ્રવ્યલક્ષણં. સ્વભાવને છોડ્યા વિના એટલે અસ્તિત્વને, સ્વભાવ એટલે અસ્તિત્વ તેને છોડ્યા વિનાનું દ્રવ્ય તે એનું લક્ષણ છે. અસ્તિત્વ લક્ષણથી દ્રવ્ય લક્ષ આવે છે. એ એક બોલ. બીજો બોલ આ. આહા..હા..! છ દ્રવ્યને વહેંચી નાખ્યા આખા. દરેક દ્રવ્ય અનંત જેટલા ભગવાને ભાળ્યા, જોયા એવા બધા દ્રવ્યનો એક સમયનો, તે સમયનો જે ઉત્પાદ છે તે સમયના લક્ષણે લક્ષિત દ્રવ્ય થાય છે. પૂર્વના સમયની હયાતીએ, પૂર્વની સમયની હયાતી હતી ત્યારે તેના લક્ષણે લક્ષિત (દ્રવ્ય હતું). પણ પૂર્વની સમયની હયાતી અત્યારે નથી તો (એ) હયાતીના લક્ષણે લક્ષ્ય(માં) આવે, એની વર્તમાનમાં હયાતી નથી તો એને લક્ષણે લક્ષ્યમાં આવે એમ નથી. સમજાણું કાંઈ?

બે બોલ થયા. **'વ્યય તે પ્રચ્યુતિ (અર્થાત્ ભ્રષ્ટ થવું, નષ્ટ થવું);...'** જુઓ! ભારે! આત્માની પૂર્વ અવસ્થા છે તે ભ્રષ્ટ થાય છે, વ્યય થાય છે. વ્યય એટલે અભાવ-ભ્રષ્ટ થયેલા લક્ષણે લક્ષિત થાય. એ હયાતીના લક્ષણે લક્ષિત થાય એમ નહિ. સમજાણું કાંઈ? આ તો ઝીણું છે. કપુરભાઈ! થોડો અભ્યાસ કરવો જોઈએ. વીતરાગ સર્વજ્ઞનો માર્ગ કેવળી પણ્ણંતો ધમ્મો અલૌકિક વાત છે. જેનાથી જન્મ-મરણ ગળી અને સર્વજ્ઞ થાય, આહા..હા..! એ તે કંઈ વાત છે! એનો વીતરાગ પ્રત્યેનો વિનય કેટલો હોય, એની વાણી પ્રત્યેનો વિનય કેટલો હોય. સમજાય છે? જેને હજી પર પ્રત્યેના વિનયના ઠેકાણા નથી એને સ્વનો વિનય પ્રગટે (એમ) ત્રણ કાળમાં ન થાય. સમજાણું કાંઈ? આહા..હા..! શેઠી!

પ્રચ્યુતિ—ભ્રષ્ટ. પૂર્વની પર્યાય ભ્રષ્ટ છે, નથી. નથી એના લક્ષણે લક્ષિત આત્મા થાય. એય..! શું કીધું? કોણે કીધું? પૂર્વની પર્યાય અભાવ છે એનાથી વર્તમાન પર્યાય તે ઉત્પાદથી ન જણાય એમ. એ ઉત્પાદ ક્યાં છે અત્યારે? કહો, સમજાણું કાંઈ? પૂર્વની પર્યાયનો વ્યય, વ્યયના લક્ષણે લક્ષિત દ્રવ્ય છે. પૂર્વની ... છે તો સમય વર્તમાન. પણ ઉત્પાદલક્ષણે લક્ષિત, એ જ સમયે વ્યયલક્ષણે લક્ષિત. દ્રવ્ય લક્ષિત થાય છે. ઉત્પાદલક્ષણે વ્યય લક્ષિત થાય છે એમ કોણે કીધું? ઉત્પાદલક્ષણે લક્ષિત વ્યય છે અથવા વ્યયલક્ષણે લક્ષિત ઉત્પાદ છે એમ નથી. એટલે કે પૂર્વમાં જે પર્યાય હતી માટે હવે આ નવી પર્યાય થઈ એમ ક્યાં છે વસ્તુમાં? સમજાણું કાંઈ? પૂર્વમાં હતી માટે આ થઈ. તો તો એનું લક્ષણ આ અને લક્ષ્ય આ થઈ જાય. એમ છે જ નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વસ્તુ જ ન રહે એ રીતે. પૂર્વનો પર્યાય છે એનો અભાવ થયો. સમય તો એક છે કે નહિ? એકનો ઉત્પાદથી લક્ષિત એ ને એ કાળે બીજી પર્યાયના અભાવથી લક્ષિત. એના ને એના ભાવથી લક્ષિત છે. ઘણી વસ્તુ અલૌકિક મૂકી છે! સમજાણું કાંઈ?

સમજવું નથી અને સમજ્યા વિના શ્રદ્ધા થાય નહિ અને શ્રદ્ધા વિના ચારિત્ર-ફારિત્ર બધા એકડા વિનાના મીંડા હોય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળમાં .. જાય. માખી ઘણી ઊંચી જાય લાકડા .. માખી ઊંચી જાય, અહીંથી ઊડીને ઊંચે એટલે ત્યાં ઊંચી થઈ ગઈ? ઊંચી એને કહેવાય? ઊંચી તો રાગની પર્યાયથી ભિન્ન પડીને જ્ઞાયકભાવને અનુભવે તે ઊંચો ગયો એમ કહેવામાં આવે. આહા..હા..! ઊંચો ક્યાં? હેઠોને હેઠો છે ત્યાં. ક્ષેત્રે ઊંચો ગયો એટલે શું? અને શરીર બદલાણું કો'કનું નરકનું, કો'કનું માણસનું, કો'કનું દેવનું. એટલે શું પણ? એટલે શું? એ તો જડની પર્યાય છે. એની પર્યાયમાં બદલો ક્યાં થયો? સમજાણું કાંઈ? એ વ્રત ને તપને કરી કરીને મરી જાય, પણ આ વસ્તુની શ્રદ્ધાની દૃષ્ટિ વિના એકડા વિનાના મીંડા છે. ચાર ગતિમાં નરક ને નિગોદમાં જાશે એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**વ્યય તે પ્રચ્યુતિ (અર્થાત્ ભ્રષ્ટ થવું, નષ્ટ થવું)**;...' વ્યય તે પણ એક દ્રવ્યનું લક્ષણ, દ્રવ્ય લક્ષ્યનું લક્ષણ છે. નષ્ટ થયેલો ભાવ તે લક્ષણ છે અને આ લક્ષ્ય છે. ઉત્પન્ન થયેલો ભાવ તે લક્ષણ છે અને ઓલું લક્ષ્ય છે. બે વિશેષ વાત હતી તે રસ્તામાં આજે કરી હતી. ધ્રુવની નહોતી કરી. ખ્યાલ છે? રસ્તામાં આજે થઈ હતી. ધ્રુવનું અત્યારે નથી કહેવું. બે કહેવું છે. સમજાય છે કાંઈ? હવે ત્રીજું આવે છે. આહા..હા..!

'**ધ્રૌવ્ય તે અવસ્થિતિ**...' દરેકમાં પાછો અર્થ બીજો કર્યો છે જોયું! '**ધ્રૌવ્ય તે અવસ્થિતિ (અર્થાત્ ટકવું)**.' એ ટકવું તે દ્રવ્યનું લક્ષણ છે. ટકવું તે લક્ષણ છે, દ્રવ્ય તે લક્ષ્ય છે. ટકવું ધ્રુવપણું તે લક્ષણ છે અને દ્રવ્ય તે લક્ષ્ય છે. ટકવાના લક્ષણે દ્રવ્ય લક્ષિત જાણવામાં આવે છે. આ તો અલૌકિક વાત છે શેઠી! દર વખતે સાંભળતા હોય એટલે બીજી વાતું આવી હોય અને અત્યારે ઝીણી એટલે એકદમ જાણે... લ્યો, એ ત્રણના અર્થ થયા.

ધ્રુવ ટકતું-ટકતું ટકે છેને? સદશતા છેને સદશતા. એ સદશતા લક્ષણ છે અને લક્ષ્ય દ્રવ્ય છે એમ કહેવું છે. એના વિના એ ન હોય, પણ એનું આખુંપણું જણાવું, ધ્રુવ લક્ષણ છે અને દ્રવ્ય લક્ષ્ય છે. આ ત્રણ લક્ષણે લક્ષિત દ્રવ્ય છે. તે જેના લક્ષણ છે તેનાથી લક્ષ્ય તેનું દ્રવ્ય. બીજાના લક્ષણથી બીજાનું લક્ષ્ય દ્રવ્ય આવે એમ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

હવે રહ્યા બે બોલ. એક સત્ લક્ષણં દ્રવ્ય કીધું. પછી ઉત્પાદવ્યયધ્રૌવ્યયુક્તં સત્ લક્ષણ કહ્યું. હવે ગુણપર્યાય. '**गुणवं च सपज्जायं**' એમ શબ્દ છે. ગુણવાળું અને પર્યાયસહિત એમ શબ્દ પડ્યો છે પાઠમાં. '**ગુણો તે વિસ્તારવિશેષો**.' શું કીધું? ગુણ એને કહીએ કે પદાર્થમાં પહોળાપણે-વિસ્તારપણે રહ્યા હોય. ભારે વાત ભાઈ આ. પહોળા.

મુમુક્ષુ :- .. આ ગુણ થયો.

ઉત્તર :- ધૂળમાંય ગુણ નથી ત્યાં. ગુણ શું થાય?

અહીં તો કહે છે, હવે એ જે ધ્રુવ છેને એ ગુણ છે ખરેખર અને ઉત્પાદવ્યય છે એ પર્યાય છે. એટલે એને આ બેમાં સમાડી દે છે હવે. એક લક્ષણ કહ્યું સત્ એના કર્યા ત્રણ, એના કર્યા પાછા બે. ગુણ એને કહીએ કે વસ્તુમાં એકસાથે પડ્યા પાથર્યા પહોળા ચોડા એક સાથે હોય. જેમ આ વસ્તુ લ્યો. તો આમાં સુગંધ, સુંવાળપ એવી શક્તિઓ આમ રહેલી છે, આમ વિસ્તાર-વિસ્તાર. આમ નહિ. આમ વિસ્તારપણે-પહોળાઈપણે-ચોડાઈપણે પથરાયેલી રહેલી છે. આત્મામાં અસંખ્ય પ્રદેશ છે એમાં જ્ઞાન-દર્શન ગુણો એ અસંખ્ય પ્રદેશમાં આમ પથરાયેલા, વિસ્તાર, પહોળાઈ, ચોડાઈ થઈને એક સમયે અનંતા ગુણો ભેગા રહ્યા છે. સમજાણું કાંઈ? આ નિશાળ કેવી હશે આવી નિશાળ! ઓલું તો દયા પાળો, વ્રત કરો, અપવાસ કરો, ચોવિહાર કરો, શરીરે બ્રહ્મચર્ય પાળો. એ બધો વિકલ્પ છે, રાગ છે, એ ધર્મ નથી લે. એ વિકલ્પથી લક્ષ દ્રવ્યનું જાય એમ છે નહિ. ઓળખાય ખરી સાધારણ કે આ વિકલ્પ કોનો એમ. કે આ દ્રવ્યનો. પણ એ દ્રવ્યનું લક્ષ વિકલ્પથી ભિન્ન પડીને જાય ત્યારે એને દ્રવ્યનું લક્ષ આવે. સમજાણું કાંઈ? એ તો વિકલ્પને લક્ષણ બનાવ્યું છે. ગુણપર્યાય. વિકલ્પની હયાતી આ કોની? કે આ દ્રવ્યની. એમ દ્રવ્યની હયાતી વિકલ્પથી હયાતી જણાય. સમજાણું કાંઈ?

અહીં તો '**ગુણો તે વિસ્તારવિશેષો.**' વિસ્તારવિશેષો. વિસ્તારવિશેષ. દ્રવ્ય છે તે સામાન્ય છે, વસ્તુ આત્મા તે સામાન્ય છે અને ગુણો તે વિસ્તારવિશેષ છે, આમ વિસ્તારવિશેષ છે. પર્યાય આયતવિશેષ છે. આમ ક્રમે ક્રમે થતી વિશેષ છે. વિશેષ પ્રકારો-ભેદો. આમ વિસ્તારવિશેષ છે. ભગવાન આત્મામાં એક સેકન્ડના અસંખ્ય ભાગમાં, અસંખ્ય પ્રદેશમાં અનંત ગુણો એક સાથે પહોળા-પહોળાઈમાં, એક પ્રદેશમાં જેવા અનંત ગુણ છે એવા બીજામાં, એવા ત્રીજામાં, એમ બધામાં અનંત ગુણો એક સાથે પથરાયેલા છે. ભારે ભાઈ! સમજાણું કાંઈ? આ તો તત્ત્વજ્ઞાનના એકડા છે આ. એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ, સાત, આઠ, નવ, દસ. પછી જેટલી સંખ્યા ભાગાકાર, ગુણાકાર ને બાદબાકી હોય એ દસ આંકડા સિવાય અગિયારમો આંકડો ન હોય ક્યાંય. અગિયારમો આંકડો હશે ક્યાંય? લાખ આંકડામાં પણ બધા એક, બે, ત્રણ, ચાર પછી આમ મૂકો ને આમ મૂકો ને આમ મૂકો પણ બધા દસ આંકડા હોય. એમ આ એના સિદ્ધાંતો તત્ત્વના મુખ્ય છે. એને પછી ગોઠવવા માટે અનેક પ્રકારની રચના હોય. સમજાણું કાંઈ?

'**ગુણો તે વિસ્તારવિશેષો. તેઓ સામાન્ય-વિશેષાત્મક હોવાથી બે પ્રકારના છે.**' વિસ્તારવિશેષ પણ બે પ્રકારના. સમજાણું કાંઈ? પાઠમાં ... આ પાંચમો બોલ છે. પહેલો સત્ લક્ષણં, પછી ઉત્પાદવ્યયધ્રૌવ્યલક્ષણં, પછી ગુણપર્યાય એમાં ગુણની વ્યાખ્યા છે આ. વસ્તુ આત્મામાં, વસ્તુ છે એમાં અસંખ્ય પ્રદેશમાં અનંત ગુણો પાથરેલા છે આમ વિસ્તારથી. એમાં પરમાણુ એક પરમાણુ, એક પરમાણુ. પોઈન્ટ હોં આ તો ઘણા પિંડ છે. એથી એને

સાદશ્ય અસ્તિત્વમાં નાખ્યું. સમજાય છેને? અનેક પરમાણુ નાખ્યું છેને. અનેક પરમાણુનો સમાનજાતીય પર્યાય છે આ. પણ એક એક પરમાણુ અને આ ઘણા પરમાણુઓ, એ એક એકમાં એક પ્રદેશમાં અનંત ગુણ એક સાથે આમ વિસ્તાર પથરાયેલા છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ પરમાણુ નહિ. .. એક પ્રદેશની અને ગુણો અનંતા પથરાયેલા વિસ્તાર પહોળા પામેલા અનંતા. કહો, સમજાણું કાંઈ? એક, બે, ત્રણ, ચાર, દશનો આંકડો શીખે નહિ અને પછી બાદબાકી ને ગુણાકાર ને ભાગાકાર કરવા જાય.

મુમુક્ષુ :- ભૂલ જ થાય.

ઉત્તર :- પણ ભૂલ જ ખોટું દશ મૂળ આંકડા શીખ્યો નથી. એમ મૂળ વસ્તુ જે છે એનું હોવાપણું શું? એના ગુણપર્યાય શું? એનો ઉત્પાદવ્યયધ્રુવ શું? એની તો ખબર નથી, પછી ક્યાંકનું ક્યાંક ખતવી મારે. આની પર્યાય હું કરું અને એ મારી કરે. મારામાં ગુણો છે કે નહિ એની ખબર ન મળે. ક્યાંકથી પર્યાય આવતી હશે. ગુણો મારામાં અનંતા પડ્યા પાથર્યા છે એમાંથી પર્યાય આવે છે. ભારે! પડ્યો-પાથર્યો તો માલ કહેવાય. તો કેટલો માલ છે તમારે ત્યાં? ભાઈ! એક આત્મા, આ તો માટી છે, એનો એક એક પરમાણુ છે. પરમાણુ પોઈન્ટ છેલ્લો ટૂકડો. એનો પ્રદેશ એક, પણ અનંત ગુણ એક પ્રદેશમાં વિસ્તાર રહેલા, આમ રહેલા છે. એની પર્યાય કાળી-રાતી થાય એ તો ક્રમે થાય, પણ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ (આદિ) એક પરમાણુમાં અનંતા, જેટલા ગુણો આત્માના છે એટલા ગુણો એક પરમાણુના છે. આત્મામાં જ્ઞાન, આનંદ આદિ છે, આ પરમાણુમાં જ્ઞાન, આનંદ નથી. પણ એના અચેતન અનંત ગુણ એક પરમાણુમાં એક સમયમાં પડ્યા પાથર્યા વિસ્તાર છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ ગુણના બે પ્રકાર. '**સામાન્ય...**' એટલે બધામાં રહે તે. બધામાં એને એ ગુણો એમ નહિ. પણ એવો એમાં, એવો બીજામાં, એવો ત્રીજામાં. એકથી વધારેમાં એમ. પાછું સામાન્ય એટલે ઓલાની નથી વ્યાખ્યા કરવી. ચેતનપણું પણ સામાન્ય લેશે અને પાછું ચેતનપણું વિશેષ લેશે. બે પ્રકાર લેશે. એ વાત થઈ ગઈ છે બધી. સમજાણું કાંઈ? આ તો વધારે સ્પષ્ટ કેમ આવે છે એ તો... કહે છે, '**સામાન્ય-વિશેષાત્મક હોવાથી...**' શું સામાન્ય-વિશેષ? એ ગુણો. એટલે વસ્તુની શક્તિ, વસ્તુનું સત્ત્વ, વસ્તુ સત્ એનું સત્ત્વ. તત્ત્વ સાથે છે પણ એ સત્ત્વ અનંત પ્રકારે છે. એ અનંત પ્રકારે સત્‌નો વિસ્તાર આમ અનંત ગુણોથી ભરેલો છે. એ અનંત ગુણોના પ્રકાર બે—એક સામાન્યગુણ, એક વિશેષગુણ. સામાન્યગુણ એટલે? એક દ્રવ્ય સિવાય બીજા દ્રવ્યોમાં પણ એ હોય તેને સામાન્યગુણ કહીએ. અને એકમાં જ હોય અને બીજામાં ન હોય તેને વિશેષ(ગુણ) કહીએ. સમજાણું કાંઈ?

જુઓ! '**સામાન્ય-વિશેષાત્મક હોવાથી બે પ્રકારના છે.**' જુઓ! આ મુનિઓ જંગલમાં

રહીને.. આહા..હા..! છઠ્ઠા ગુણસ્થાનમાં ઝૂલતા વીતરાગ પર્યાયમાં ઝૂલતા હતા. કરુણાની બુદ્ધિનો વિકલ્પ આવ્યો (અને) આ શાસ્ત્ર રચાઈ ગયા. નહિતર એને તો કાંઈ પડી નહોતી. કે .. સમજે તો મને લાભ થાય એમ છે કાંઈ ત્યાં? એ વિકલ્પ આવ્યો છે માટે મને લાભ છે એમ છે ત્યાં?

**'તેઓ સામાન્ય-વિશેષાત્મક હોવાથી બે પ્રકારના છે. તેમાં, અસ્તિત્વ,...'** લ્યો! પહેલો ગુણ લીધો. હોવાપણાનો અસ્તિત્વ ગુણ એ બધા દ્રવ્યોમાં છે. આત્મામાં છે, પરમાણુમાં છે, કાળાણુમાં છે, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ છએ દ્રવ્યમાં છે. માટે તેને સામાન્યગુણ કહેવામાં આવે છે. અસ્તિત્વ-હોવાપણાનો ગુણ. હોવાપણાનો ગુણ ક્યા દ્રવ્યમાં ન હોય? નહિતર દ્રવ્ય જ ન હોય. હોવાપણાનો ગુણ ન હોય તો દ્રવ્ય જ ન હોય. અસ્તિત્વગુણ. **'નાસ્તિત્વ,...'** પરથી નહિ થવું, પરરૂપે નહિ થવું એ નાસ્તિત્વ. એ કેમાં ન હોય? દરેક પોતાપણે રહે છે અને પરપણે થતો નથી. એવો દરેકનો ગુણ, દરેક અનંત પદાર્થનો ગુણ છે. જેટલા અનંત આત્માઓ... એક પ્રદેશ, એક પ્રદેશ આકાશનો છે એમાં અનંતા પરમાણુ ભેગા રહે છે. છતાં એક પરમાણુમાં પોતાનો અસ્તિત્વગુણ છે અને એક પરમાણુમાં બીજા પરમાણુપણે ન થવું એવો નાસ્તિત્વગુણ પોતાનો પોતામાં છે. બીજા પરમાણુપણે ન થવું એવો નાસ્તિત્વગુણ પરમાણુમાં છે.

એમ એક અંગુલના અસંખ્ય ભાગમાં અનંતા જીવો નિગોદમાં રહ્યા છે. અહીં પણ અનંતા છે સૂક્ષ્મ. અંગુલના અસંખ્ય ભાગમાં અહીં ભાગ છેને, એમાં અનંત આત્મા છે અંગુલના અસંખ્ય ભાગમાં. પણ કહે છે કે એ અનંત આત્માઓ પોતાનો એક એક આત્મા જે છે એમાં અસ્તિત્વ છે અને બીજા આત્માના નાસ્તિત્વપણે છે. બીજા આત્મા પણ અસ્તિપણે હોય તો બે એક થઈ જાય. પોતાનું અસ્તિત્વ ન રહે તો પોતાનો અભાવ થઈ જાય. સમજાણું કાંઈ? કહો, ન્યાલભાઈ! આ કરતાં તો અપવાસ કરી નાખવા સહેલા અને કાં સમ્મેદશિખર અને શેત્રુંજય જઈને ભક્તિ કરી લેવી, કાં ભગવાન પાસે જઈને... આવું આ તે હવે.. પણ આ સમજ્યા વિના તારો આરો ત્રણ કાળમાં આવે એમ નથી લે કહે. એ ભક્તિ કરવા જા, સમ્મેદશિખર જા અને ભગવાનના સમવસરણમાં જા. પણ એ બધી ભક્તિ-બક્તિ બધો વિકલ્પ અને શુભરાગ છે. એનાથી ધર્મ ત્રણ કાળમાં નથી.

મુમુક્ષુ :- આ સમજે તો એ ખબર પડે.

ઉત્તર :- હા, આ તો વિકલ્પ છે .. સમજાય છે? પણ એ વિકલ્પ છે એ ધર્મ છે એમ છે નહિ. એવી વાત છે. સમજાણું કાંઈ? બહારથી માનેલાઓને ભારે આકરું પડે આ. એવું લાગે કે આ બધું ઉથાપાઈ જાય છે. આ નાસ્તિત્વ કહેવામાં શું કહે છે જુઓને.

એક એક આત્મામાં બીજા આત્માનું નહિ હોવાપણું છે. એક એક પરમાણુમાં બીજા આત્માનું નહિ હોવાપણું અને બીજા પરમાણુનું નહિ હોવાપણું છે. એવો નાસ્તિત્વ નામનો

એક સામાન્યગુણ છે તે દરેક દ્રવ્યમાં હોય છે. આહા..હા..! હવે આ તો સમજાય એવું સાધારણ છે. છોકરાઓને આ તો સમજાવે છે. જૈનસિદ્ધાંત શું કહેવાય? પ્રવેશિકા. (તત્ત્વમાં) પ્રવેશ કરવા માટે સમજે અને પછી આત્મામાં પ્રવેશ કરવા માટે સમજે તો એ કામનું છે. આહા..હા..!

કહે છે, '**નાસ્તિત્વ,...**' એ પણ એક સામાન્યગુણ છે. દરેક આત્મામાં, દરેક પરમાણુમાં, છએ દ્રવ્યમાં સામાન્યગુણ છે. '**એકત્વ,...**' એકપણું રહેવું એવો પણ અનંત પદાર્થમાં એક ગુણ છે. દરેકમાં એકત્વ (ગુણ છે). પરરૂપે અનેકપણે ન થવું, એકપણે રહેવું એવો એનો દરેક પદાર્થનો ગુણ છે. એ એકલો જ રહ્યો છે પોતે ત્રણે કાળે. આહા..હા..! પરમાણુ એકલો રહ્યો, આત્મા એકલો રહ્યો, બેકલો કોઈ દિ' થયો નથી. કહો, ઝવેરચંદભાઈ!

મુમુક્ષુ :- મરવા ટાણેની વાત છે?

ઉત્તર :- અરે..! ત્રણે કાળ. મરવા ટાણે કે દિ'? મરે કોણ? મરે છે કોણ? આત્મા મરે? શરીર મરે? મરે કોણ? અવસ્થા બદલાય. એ તો દરેક અવસ્થા પરમાણુની બદલાય એ તો વાત થઈ ગઈ. વ્યય તો એનું લક્ષણ છે. એ દ્વારા તો એ દ્રવ્ય છે એ લક્ષમાં આવે છે, એમાં વ્યય થયો એમાં મરી કોણ ગયું? સમજાણું કાંઈ? વર્તમાન અવસ્થા મરી ગઈ, નવી અવસ્થા જીવી એ બેય લક્ષણે લક્ષિત તો આત્મા છે અથવા તે દ્રવ્ય છે. મરી કોણ જાય?

'**એકત્વ,...**' અનંત પદાર્થનો સામાન્યગુણ એટલે દરેકમાં છે. '**અન્યત્વ,...**' જુઓ! નાસ્તિથી બીજો લીધો. અન્યત્વ. એક પદાર્થ નાસ્તિ સામાન્ય છે, આ પણ સામાન્ય બીજી જાતનું. એકથી અનેરો, બીજાથી અનેરો, ત્રીજાથી અનેરો, અનંતથી અનેરો એક અન્યત્વ નામનો એક ગુણ છે. આહા..હા..! અનંતા સિદ્ધ ભગવાન બિરાજે છે ત્યાં. છતાં એક સિદ્ધ છે એમાં અન્યત્વ ગુણ છે. અનેરાપણે ન થવું એવો ગુણ છે એનામાં. અન્યત્વ. એક સિદ્ધપણું, બીજા સિદ્ધપણે ન થાય, ત્રીજા સિદ્ધ, એવા અનંતા સિદ્ધપણે એ સિદ્ધપણું ન થાય.

મુમુક્ષુ :- જુદા જુદા ..

ઉત્તર :- ન્યાં ચોકા જુદા. એ જરીક અન્યત્વ આ લીધું. નાસ્તિ પરથી નથી એટલું. હવે આમાં તો એક, બીજો, ત્રણ, એવા અનંતથી નાસ્તિપણે એમ. અનંતથી અન્યત્વપણું. અન્યત્વમાં અનંતથી અન્યત્વપણું. એમાં એક સામાન્ય બસ. બધાથી નથી એટલું. કહો, સમજાણું આમાં?

અન્યત્વ. સિદ્ધના એક એક દ્રવ્યમાં અન્યત્વ નામનો ગુણ છે. આ નિગોદના એક શરીરમાં અનંતા જીવમાં એક એક જીવમાં અન્યત્વ નામનો ગુણ છે. પણ અનંત અનંતને પોષે. ઓલામાં નાખ્યું છે. જૈનસિદ્ધાંત દર્પણ. ભાઈનું છેને, ગોપાલદાસનું. આ અન્યત્વને અનંત નાખ્યું છે. નાસ્તિ... જૈનસિદ્ધાંત દર્પણ છે. છેને? વાત કરી હતી, ઘણા વર્ષની વાત છે. ઘણાં

વર્ષો પહેલા વાંચ્યું હતું. અન્યત્વનું આમ નાખ્યું છે. એકથી અનેરો, બીજાથી અનેરો, ત્રીજાથી, એવા અનંત અન્યત્વ. એક એક દ્રવ્યમાં અનંત અન્યત્વ નામનો ગુણ છે. સમજાણું કાંઈ? અન્યત્વ શબ્દ પડ્યો છેને? અન્યપણું, અન્યપણું, એકપણું, નાસ્તિપણું, અસ્તિપણું એમ બધું છે. પણું પણ ગુણ છેને એનો?

'દ્રવ્યત્વ,...' દ્રવ્યપણું-દ્રવ્યપણું. અનંત પદાર્થમાં દ્રવ્યપણું એનો ગુણ છે. એ દ્રવ્યપણું પોતાનો ગુણ છે. એવો ગુણ દરેકમાં છે. ઈ નહિ પણ એવો, એ નહિ પણ એવો. એનો એ ગુણ જો હોય તો તો બધા એક થઈ જાય. પણ અહીં છે એવો ત્યાં છે, એવો ત્યાં છે એ જાતનો તે સરખો. એ અપેક્ષાએ એને દ્રવ્યત્વગુણને સામાન્ય કહેવામાં આવે છે.

'પર્યાયત્વ...' મહાગુણ જુઓ એનો. દરેક દ્રવ્યમાં પર્યાયપણું થવું એવો એનો ગુણ છે કહે છે. એ પર્યાયપણું થવું એ પરને લઈને નહિ. એના ગુણને લઈને પર્યાયપણે થવું એ અનંતા આત્માઓ અને અનંતા પરમાણુઓ કે કાળાણુઓ એનો પર્યાયપણાનો ગુણ છે કે જેને લઈને પર્યાયપણે તે થાય. પર્યાયત્વ નામનો ગુણ છે જેને લઈને પર્યાયપણે થાય. આહા..હા..! ઓલા રાડ પાડે છે કે પર્યાયપણે થાય તો... બે નાખશે હમણા આગળ કહેશે. એક બીજી ચીજ હોય તે કહેશે. પણ એમાં કર્તા, કરણ સાધન પરમાં નહિ નાખે ભાઈ. કર્તા, કરણ અંતરંગ સાધનમાં કર્તા કરણ સાધન નાખશે, બહારમાં ..નો ..ભાવ, નજીકનો સ્વભાવ એટલી ભાષા નાખશે. વ્યાખ્યા તો એવી છે જુઓ. પાછળ છેને આવશે. ... એટલું. અંતરંગ સાધનમાં  સ્વરૂપ કર્તા-કરવારૂપ સામર્થ્યરૂપ ત્યાં. કર્તા, કરણ અને સાધન અંતરંગ સાધન છે. એમ કહેશે. એ આવશે ત્યારે વાત.

નિમિત્તની ઉપસ્થિતિ-હાજરી બતાવવી છે. એ કાંઈ કર્તા અને કરણ ખરેખર દ્રવ્યના નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ વસ્તુને આ રીતે પરથી અસત્ પોતાનું અસ્તિત્વ જાણે તો તેનું કાર્ય પોતાથી થાય છે, પરનું કાર્ય તેનાથી થાય છે. એટલે એની દૃષ્ટિ પર ઉપરથી ઉઠી જાય. એમ આ શરીરનું કરી દઉં, વાણીનું કરી દઉં, ધંધા કરી દઉં, છોકરાનું કરી દઉં, પૈસાનું કરી દઉં, આને રાખી દઉં. ત્રણ કાળમાં કોઈ પદાર્થની પર્યાય (બીજાથી થાય નહિ). એની પર્યાયનો પર્યાયધર્મ તો એનામાં છે.

મુમુક્ષુ :- એકબીજા મદદ કરે.

ઉત્તર :- કોણ મદદ કરે? મદદ કરેની વ્યાખ્યા શું? આહા..! બે ભાઈઓ તો મદદ કરે કે નહિ?

મુમુક્ષુ :- બે હાથ ભેગા થાય તો એકબીજાને મદદ કરે.

ઉત્તર :- ધૂળેય નથી હાથ ભેગા થતા. પરમાણુએ પરમાણુ જુદો રહે છે. આ આમ છે તે બે એક થઈ ગયા? આ પરમાણુ ભેગા થયા છે જ કે દિ'? બે બે(પણે) રહ્યા છે કે બે એક થયા છે?

મુમુક્ષુ :- તોપણ ભેગા છે.

ઉત્તર :- ભેગા એટલે શું પણ? ભેગા એટલે બે. ભેગામાં બે આવે કે ભેગામાં એક આવે? બેપણે... બેપણે... બેપણે રહીને ભેગા છે એમ કહેવામાં આવે છે. એટલે કે એક જગ્યાએ છે, બાકી છે બેપણે બે. એ બેના એક થયા નથી. આહા..હા..! આ દુકાનમાં ભાગીદાર-બાગીદાર બધા એક થતા હશે કે નહિ? આહા..હા..!

કહે છે, બહુ મૂળ અધિકાર છે આ. મૂળ તત્ત્વનું કથન-પ્રજ્ઞાપન કહેવું અથવા તેનું જ્ઞાન કરવું. સમજાણું? કે જ્ઞેય જગતના જ્ઞાનમાં જણાય તે, દરેક પદાર્થમાં પર્યાયિત્વ નામનો એક ગુણ છે એથી તે પદાર્થમાં પર્યાયપણે પરિણમવું તે તેના ગુણને લઈને થાય છે. કોઈપણ સમયમાં એનો વિરહ ન હોય. પર્યાયિત્વગુણનો, પર્યાયિત્વગુણનો કોઈ દ્રવ્યમાં એક સમયે વિરહ ન હોય. એટલે વિસ્તારવિશેષ કીધા છે. પર્યાયિત્વ નામનો ગુણ એ આત્મામાં અને પરમાં આમ વિસ્તારવિશેષ છે. આ પર્યાય નથી કાંઈ આ. આ તો ગુણની વ્યાખ્યા ચાલે છે. આવી વીતરાગનું દર્શન હશે અને આવો માર્ગ હશે.. છ કાયના જીવ જાવ. ઇચ્છામી પડિક્કમણા ઈરિયા છે એ ઝવેરચંદભાઈ! આવે છેને ઇચ્છામી પડિક્કમણું? એમાં તસ્સઉતરી કરણેણં મિચ્છામી દુક્કડમ જાવ. પણ કોને મિચ્છામી દુક્કડમ કોણ બોલે છે? ભાષા કોની છે? વિકલ્પ શું છે? તું કોણ છો? ભાન વિના આવ્યું ક્યાંથી તારું મિચ્છામી દુક્કડમ?

મુમુક્ષુ :- ભગવાને કીધું છે.

ઉત્તર :- શું ભગવાને કીધું? ભગવાને કીધું એની ક્યાં ખબર છે એને? ભગવાને તો આ કીધું છે કે દરેક દ્રવ્ય પોતાની પર્યાયપણે પરિણમે એવો એનામાં ગુણ છે. કહો, સમજાણું કાંઈ? તાવકાયં ઠાણેણં નથી કરતા તસ્સઉતરીમાં? તાવકાયં ઠાણેણં. .. કાયોત્સર્ગ કરો. આ હાથ છે એ પર્યાય આત્માએ કરી છે? એમ કહે છે અહીં.

મુમુક્ષુ :- તો મડદું કરે?

ઉત્તર :- મડદા જ છે પરમાણુ તો. પરમાણુ જ આમ આ પર્યાયપણે (થયા છે). કારણ કે એનામાં પર્યાયિત્વ નામનો ગુણ છે. એ પરમાણુ પર્યાયિત્વ નામના ગુણને લઈને આ પર્યાય થઈ છે. આત્માને લઈને નહિ, આત્માની ઇચ્છાને લઈને નહિ. ઇચ્છાને લઈને આની પર્યાય થાય તો આના પર્યાયિત્વગુણનું પર્યાયપણું ક્યાં ગયું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળેય કરતો નથી, મૂઢ માને છે. જીવને જોયો છે કે શું થાય છે એનામાં? જીવના અસ્તિત્વની શક્તિ એટલે દ્રવ્ય, એનો ગુણ અને એ પર્યાયમાં શું છે ત્રણમાં? ત્રણમાં શું છે એ જોયું છે? અને પરપણું ... ત્રણ દ્રવ્ય, ગુણ અને પર્યાય એમાં આણે શું કર્યું જોયું કોઈ દિ'? સમજાણું કાંઈ?

પર્યાયિત્વ નામનો એક ગુણ છે કે જે ગુણ દરેક દ્રવ્યમાં, પરમાણુઓમાં, આત્મામાં નિગોદના

જીવમાં, સિદ્ધમાં દરેક ગુણ એ ગુણને લઈને પર્યાય થાય છે. આ તો ગુણ એનામાં પડ્યો પાથર્યો વિસ્તારરૂપે છે. એવા ગુણથી આત્મા લક્ષમાં આવે છે એમ કહે છે. આવા ગુણથી દરેક દ્રવ્ય લક્ષમાં આવે છે. આવા પર્યાયત્વ ગુણના કારણે બીજું લક્ષમાં આવે છે એમ નહિ. આહા..હા..! પર્યાયત્વગુણને કારણે દ્રવ્ય લક્ષમાં આવે છે. પર્યાયત્વગુણને કારણે પર્યાય લક્ષમાં આવે છે એમ પણ નહિ અહીં તો. વિસ્તાર આવશે વિશેષ...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર વદ ૨, શનિવાર, તા. ૦૭.૧૨.૧૯૬૮**
**ગાથા-૯૫, પ્રવચન-૮૮**

પ્રવચનસાર. જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન. એટલે અહીં શું કહે છે? કે દ્રવ્ય તે જ્ઞેય છે, ગુણ તે જ્ઞેય છે અને પર્યાય તે જ્ઞેય છે. એ અધિકાર ચાલે છે. તો દ્રવ્ય તે ગુણ છે એની વ્યાખ્યા આવી ગઈ પહેલી. અસ્તિત્વ સત્ લક્ષણે દ્રવ્ય. ત્રણ લક્ષણ વર્ણવ્યાને, ત્રણ લક્ષણ વર્ણવ્યા. સત્ લક્ષણં દ્રવ્ય. હવે સત્‌ના પાછા લક્ષણો ઉત્પાદ, વ્યય અને ધ્રુવ. અને ગુણ અને પર્યાય એનું લક્ષણ. હવે ગુણનું સ્વરૂપ શું છે? ગુણ કેટલા પ્રકારના એનું વર્ણન છે. અહીં સુધી આવ્યું જુઓ!

દરેક દ્રવ્યમાં આવા સામાન્ય ગુણો હોય છે. '**અસ્તિત્વ, નાસ્તિત્વ, એકત્વ, અન્યત્વ, દ્રવ્યત્વ, પર્યાયત્વ,...**' ત્યાં સુધી આવ્યું છે. '**સર્વગતત્વ,...**' અહીં બધા છએમાં સર્વગતત્વપણું નથી. પણ એકથી અનેકમાં હોય એને અહીંયા સામાન્યપણું ગણવામાં આવ્યું છે. એથી ત્રણમાં સર્વગતત્વપણું છે. ધર્માસ્તિ, અધર્માસ્તિ અને આકાશ. એ સર્વગત છે. એકથી વધારેમાં છે માટે તેને સામાન્યગુણ કહેવામાં આવ્યો છે. સમજાણું કાંઈ?

અને '**અસર્વગતત્વ,...**' એ ત્રણમાં અસર્વગતત્વ છે. કાળાણુ, પરમાણુ અને જીવ. એ સર્વગતત્વ નથી. ત્રણમાં સર્વગતપણાનો ગુણ છે અને ત્રણમાં અસર્વગતપણાનો ગુણ છે. એકથી ઝાઝા થઈ ગયા માટે તેને સામાન્યગુણ કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં? આ ગુણ દ્વારા આત્માને ભિન્ન પાડીને આત્માનો અનુભવ કરવો એમ કહેવા માગે છે. એનામાં જે ગુણ છે,... આવે છેને ઓલું લિંગી? કાંઈક નહિ? લિંગી લિંગેકૃતે.. ગુણ. આ પણ ગુણ છે એ ગુણ એનામાં છે એ ગુણ દ્વારા આ આત્મા છે એમ એની દૃષ્ટિ કરીને, લક્ષ

કરીને અનુભવ કરવો એ માટે આ કહેવામાં આવે છે.

'**સપ્રદેશત્વ,...**' એક કાળાણુ સિવાય બધા સપ્રદેશત્વ કહેવામાં આવે છે. પરમાણુ છે એ અપ્રદેશત્વ છે, પણ વ્યવહારનયથી ઘણા ભેગા થાય .. એને સપ્રદેશત્વ અપેક્ષાથી કહેવાય છે. સપ્રદેશત્વ—પ્રદેશપણું જેનામાં (હોય). એક કાળાણુમાં નથી. બાકી ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, પુદ્ગલ અને જીવ એ બધા સપ્રદેશત્વ છે—પ્રદેશવાળા છે. આકાશમાં અનંત પ્રદેશ છે તો પ્રદેશવાળું થયું. ધર્માસ્તિ અસંખ્યપ્રદેશવાળું. અધર્માસ્તિ (અસંખ્ય પ્રદેશવાળું), જીવ અસંખ્ય પ્રદેશવાળો છે. એને અસંખ્ય દેશ છે જીવમાં. એ અસંખ્ય દેશનો સ્વામી છે અને એક એક દેશમાં અનંતા ગુણ છે. કહો, સમજાણું કાંઈ?

'**અપ્રદેશત્વ,...**' એક પરમાણુ કે કાળાણુ એ અપ્રદેશ છે, એમાં કાંઈ બીજો પ્રદેશ નથી. વ્યવહાર પરમાણુમાં સપ્રદેશ આવે છે. '**મૂર્તત્વ,...**' પુદ્ગલોમાં સામાન્યગુણ મૂર્ત. ખરેખર તો એક દ્રવ્યમાં જ છે એ. મૂર્તપણું એક પુદ્ગલમાં જ છે. પણ ઘણાં ભેગા થઈને છે, ઘણાં છેને માટે એને સામાન્યગુણ કહેવામાં આવ્યો છે. શું છે શેઠી? આ શું ફરમાવો છો? મૂર્તત્વ ગુણ એ અનંત પરમાણુ અને અનંત પુદ્ગલમાં છે એ અપેક્ષાએ એકથી ઘણામાં છે માટે તેને સામાન્યગુણ કહેવામાં આવે છે. પાંચમાં નથી માટે એ અપેક્ષાએ વિશેષ, પણ એમાં ઘણામાં છે માટે એને સામાન્ય કહેવામાં આવે છે.

આ તો છ દ્રવ્યની સ્થિતિ શું છે? જ્ઞેય છે અને એ બધું જ્ઞેય જ્ઞાનનો વિષય છે. જ્ઞાનમાં જણાવાલાયક છે. જ્ઞાનમાં તે વસ્તુ થવાલાયક નથી, તેમ જ્ઞાનમાં તે વસ્તુ બીજી રહેવાલાયક નથી, તેમ જ્ઞાનસ્વરૂપ આત્મા પરરૂપે થવાલાયક કે પરને રહેવાલાયક નથી. સમજાણું કાંઈ? જ્ઞાનમાં એ અનંત પદાર્થો છે જ્ઞેય એટલે જણાવાલાયક છે. એ જાણવું એ આત્માનો સ્વભાવ છે અને જણાવું એનો સ્વભાવ છે. એવા જ્ઞેયોમાં પોતાના સ્વતંત્ર ગુણો કેટલા છે એનું આ વર્ણન છે.

'**મૂર્તત્વ, અમૂર્તત્વ,...**' લ્યો! પાઠમાં છેને? હવે સામાન્યગુણ થયો. મૂર્તપણું નથી, જેમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ નથી. '**સક્રિયત્વ,...**' જીવ અને પુદ્ગલ બે સક્રિય છે. પણ ઘણાં છે માટે તેને સામાન્યગુણ, ઘણામાં છે માટે સામાન્યગુણ કહેવામાં આવે છે. '**સક્રિયત્વ,...**' આ ગુણ છે સક્રિય—આમ ક્ષેત્રાંતર થવું એ. ઘણાં સક્રિયના ભેદ છે. આ ગુણ છે. સમાજણું કાંઈ? આત્મામાં રાગનું થવું એ સક્રિયપણું છે, રાગનું નહિ થવું, નિર્મળ થવું એ અક્રિયપણું છે. ત્રિકાળ ધ્રુવની અપેક્ષાએ પર્યાયનું પરિણમવું તે સક્રિયપણું છે. એ અહીં ન લેવું. સમજાણું કાંઈ? ભાઈ! આ તો વસ્તુની વહેંચણી...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ ક્ષેત્રાંતર થાય ઈ. એ તો પહેલું કહ્યું નહિ? સાંભળ્યું કે નહિ શેઠી? એ ઠીક છે. પહેલું કહ્યું જીવ અને પુદ્ગલ ક્ષેત્રાંતર થાય છે. બીજા ક્ષેત્રાંતર એટલે એક ક્ષેત્રથી

અનેરે ક્ષેત્રે... ક્ષેત્રાંતર, ક્ષેત્રાંતર એટલે એક જગ્યાએથી બીજી જગ્યાએ બે જાય છે. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ જતા નથી. માટે ક્ષેત્રાંતર એટલે, ક્ષેત્ર-અંતર, અનેરું ક્ષેત્ર જે છે એમાંથી અનેરે જાય તેને ક્ષેત્રાંતરની સક્રિયદશા કહેવામાં આવે છે. એ અહીં લેવાની છે. કહો, સમજાણું આમાં?

મુમુક્ષુ :- પર્યાય...

ઉત્તર :- એ અહીં વાત નથી અત્યારે. એ તો પહેલું કહ્યું. બીજા સક્રિયના તો ઘણાં ભેદ છે. આત્મામાં રાગ થાય એ સક્રિય છે, રાગ ન થાય અને નિર્મળ પર્યાય થાય એ અક્રિય છે. વળી એ પોતે ધ્રુવ છે એ અપેક્ષાએ ધ્રુવ અક્રિય છે. અને પર્યાયની અપેક્ષાએ સક્રિય છે. આમ અપેક્ષા છે ત્યાં. એ અહીં ન લેવું.

મુમુક્ષુ :- પર્યાય અપેક્ષા સભી દ્રવ્ય સક્રિય હૈં.

ઉત્તર :- સભી દ્રવ્ય સક્રિય હૈં. હો. પરંતુ વહ યહાં નહીં લેના. અહીં તો ક્ષેત્રાંતર થાય તે ગુણ જીવ અને પુદ્ગલ બેમાં જ છે. આહા..હા..! એ એનો ગુણ છે માટે થાય છે એમ કહે છે. બીજો કહે કે અમે લાકડાને આમ હલાવી દઈએ, આત્માને આમ હડસેલી દઈએ.

મુમુક્ષુ :- કોને લઈને ગયું?

ઉત્તર :- એનું સક્રિયપણું છે માટે આઘું ગયું છે એમ કહે છે. આકાશમાં એ સક્રિયપણું નથી ક્ષેત્રાંતર થવું. તો આકાશના પ્રદેશ કાંઈ એક જગ્યાએ છે. જ્યાં જ્યાં પ્રદેશ... અનેરે સ્થાને જતું નથી. કારણ કે એનો એ ગુણ છે. અને આનો તો ગુણ છે લાકડાનો અથવા આત્માનો, આમ થવું જુઓ. એ એના ગુણને લઈને એ ક્ષેત્રાંતર થાય છે. એનું ક્ષેત્રાંતર સક્રિયપણું એનો ગુણ છે. બીજો કહે કે હું આ લાકડાને હલાવી દઉં. ફલાણું લ્યો આમ પડી હોયને ચીજ જુઓ! આમ જ્યાં થઈ ત્યાં કેટલી આઘી ચાલી ગઈ. અડ્યો એટલામાં પણ ઘણા આમ થયું તો બધા હલી ગયા.

મુમુક્ષુ :- થોડાકને અડ્યા અને ઝાઝા હલ્યા.

ઉત્તર :- બધા ઝાઝા હલ્યા. અમારે દામોદર શેઠ કહેતા કે જુઓ એટલું જોર છે કે નિમિત્ત અહીં અડે તો બધામાં કામ થાય. શું દેખાય છે? ભગવાનજીભાઈ! આ આંગળી છે એ આમ થાય છે એનામાં સક્રિય પરમાણુનો ગુણ છે માટે (આમ થાય છે). આત્માની ઈચ્છા છે કે આમ ચાલે, માટે નહિ. શું છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ અંગુલી હિલતી હૈ ન અંગુલી દેખો! ક્ષેત્રાંતર થવાની સક્રિયત્વ નામનો તે પરમાણુમાં ગુણ છે માટે ગુણથી થાય છે, આત્માને લઈને આંગળી ચાલે છે એમ નહિ.

મુમુક્ષુ :- .. નિમિત્ત

ઉત્તર :- પણ નિમિત્ત કા અર્થ ક્યા હુઆ? નિમિત્ત કા અર્થ કોઈ કાર્ય કરતે હૈ ઐસા હુઆ?

મુમુક્ષુ :- નિમિત્ત કાર્ય ન કરે તો નિમિત્તનું કામ શું છે?

ઉત્તર :- પણ નિમિત્ત વસ્તુ બીજી છે. એ તો હમણા કહેશે. સુનિધિ. એક બીજી ચીજ છે. પણ કર્તા, કરણ નહિ. કર્તા, કરણ નાખશે અભ્યંતરના સાધનમાં. વાત એવી છે કે વસ્તુનું સ્વરૂપ સર્વજ્ઞે જોયું અને એવું છે. પરમેશ્વરે જોયું. આમ માનવું કે છ દ્રવ્ય છે, જીવ, અજીવ છે-એમ નહિ. એમાં જે ગુણ છે, એની જે પર્યાય છે, એનું જે સ્વરૂપ છે એ રીતે જાણવું. ત્યારે તે દ્રવ્યને યથાર્થ જાણ્યા કહેવાય. સમજાણું કાંઈ?

'સક્રિયત્વ,...' લ્યો, શું કીધું સક્રિયત્વ એટલે? આ એક ક્ષેત્રથી બીજે ક્ષેત્રે જવું. બસ થઈ રહ્યું. જીવનો સ્વભાવ છે. જ્યાં સુધી સંસાર છે ત્યાં સુધી સક્રિયપણું આમ થાય ક્ષેત્રાંતર. એમ એ પર્યાયનો એ જાતનો ગુણધર્મ પણ પર્યાય (ક્ષેત્રાંતર) થાય ત્યાં સુધી. પછી સક્રિયપણું સદાય રહે એમ નહિ. તો ગુણ તો સક્રિય સદાય છે, પણ એનું પરિણમન પછી સ્થિર થઈ જાય છે. સમજાણું કાંઈ? એમાં કોઈ કહે કે સક્રિયગુણ છે તો ગુણ સદાય રહે ક્ષેત્રાંતર થવું. એમ નથી. એ જ્યાં સુધી વિકાસ છે ત્યાં સુધી ક્ષેત્રાંતર થાય છે. આ ક્ષેત્રાંતર જે છે એ સિદ્ધ અહીંથી આમ જાય છે એ અપેક્ષાથી પણ આ નથી. આ તો ક્ષેત્રાંતર વિભાવરૂપે થાય તે. અને જીવ આમ જાય છે તો સક્રિયપણું છે, પણ સ્વભાવિક એક સમયમાં જાય છે આમ. અને પરમાણુઓ એક સમયમાં એક સમયમાં નીચેથી ઉપર જાય, પોતાને કારણે એના સક્રિયત્વગુણને કારણે. પરમાણુ. કહો, સમજાણું?

મુમુક્ષુ :- ... શક્તિ તો વધી ગઈ.

ઉત્તર :- શક્તિ વધી ક્યાં? વધી તો આની વધી છે. આત્મા(ને) જાણવામાં બધું આવું છે, એને જાણે છે એની કેટલી શક્તિ? એ તો જ્ઞેયમાં આમ થાય છે એવો એનો સ્વભાવ છે. આ તો જાણનાર બધાને જાણે એક સમયમાં. કહો, સમજાણું કાંઈ? શક્તિ તો આત્માની છે. જુઓ! કહેતા હતા અમારે એક. આ કાંટો છે કાંટો લોઢાનો. આમ પચ્ચીસ રૂપિયાભાર (તોલ), હવે પચ્ચીસ રૂપિયાભાર અહીં ખજૂર હોય તો બરાબર આમ કાંટો તોળી દે છે. લ્યો! આમ બરાબર તોળી દે. જીવમાં શક્તિ છે એવી? જડમાં કેવી શક્તિ છે. અરે..! આ શું કહો છો તમે? એવા કુતર્ક કરેને. પણ એ તો એનો પર્યાયધર્મ સક્રિય છે ત્યાં સુધી આમ આમ થાય છે અને એને પોતાને લઈને થાય છે. એમ કે આ તોલ સવા પચ્ચીસ શેર ખજૂર છે તો સવા પચ્ચીસ રૂપિયાભાર. એ કહે કે આમ આંખથી આત્મા કરી દેશે? માટે એની શક્તિ ઘણી છે. મેં કીધું કે શક્તિ ઘણી, આ રીતે શક્તિ ઘણી. ધૂળેય નથી એ શક્તિ ઘણી. એ તો એનો પર્યાયમાં એ જાતનો ક્ષેત્રાંતર થઈને બરાબર આમ આવે. તે ઓલા બે છે માટે આવે છે એમ પણ નથી. અહીં પોણો શેર ખજૂર અને પોણો શેર તોલું (છે) માટે

આમ સરખું આવે છે એમ પણ નથી. કહો, કપુરભાઈ! શું આ તોલું-તોલું હોય છેને? એક કોર મણ મૂક્યું હોય અને એક કોર મણ ચોખા (મૂક્યા હોય). કાંટો આમ સરખો આવ્યો. કહે છે કે આ બેને લઈને સરખો આવ્યો એમ નથી. અને અહીં હોય મણીકું અને અહીં ૩૯ શેર ચોખા હોય તો જરીક કાંટો આમ રહે થોડો. એ આને લઈને નથી. એના પરમાણુના સક્રિયગુણને કારણે એમ છે એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. જાય તો એને કારણે જાય છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :— જેમ તોલું ઓછું હોય એ ઊંચું જાય, તોલું ઝાઝું હોય એ નીચું જાય. મણીકું નીચું જાય. ૩૯ શેર અહીં છે તો જરી ઊંચું જાય. ઓછું હોય એ ઊંચું જાય અને વધારે હોય એ હેઠે જાય. વળી ઈ કેવું? પણ એ તો પરમાણુનું સક્રિયપણું એનો ક્ષેત્રાંતર થવાનો સ્વભાવ (છે) માટે એમ થાય છે. એક એક પરમાણુમાં એ સક્રિયપણું એવો સ્વભાવ છે માટે થાય છે. તોળનારને માટે નહિ, તોલાને માટે નહિ, ચોખા પડ્યા માટે નહિ. તોળવું પડતું હશે કે નહિ? તમારે શું હશે હીરા ને માણેક કાંઈક તોળે. ચણોઠી તોળે. બહુ ઓલું હોય એને. એ કાંઈ ચોખાના જેવા ન હોય આમથી આમ થાય એ. એ તો જરીક આમ ઊંચુ ચાલે એટલું કરે, બસ થઈ રહ્યું. જરીક નીચે ગોળ હોયને જરી બે બાજુ. એ ગોળમાં બેસી જાય. કાં ઊંચું, જરીક ઊંચુ હોય એટલો તોલ હોય. નહિતર ઘસાય જાઈ તો પાછું, દશ-દશ હજાર રૂપિયાનો એક રતિ હોય, હીરો હોય ત્યાં ક્યાં પાલવે. એ તોલા પણ એવા હોય, પણ એ કહે છે કે એવા હોય એ પોતાને કારણે ઊંચું-નીચું થાય છે. કહો, શેઠીને કારણે નહિ. આહા..હા..! એવો જ એનો ગુણ છે. આકાશને કેમ કોઈ ફેરવી શકતું નથી? આમ ચોસલું આઘું ખસેડી શકે? અહીં અસંખ્ય પ્રદેશ છે, લ્યો. અસંખ્ય પ્રદેશ પડ્યા છે લ્યો. અનાદિ-અનંત એ જ સ્થાન, અનાદિ-અનંત. આહા..હા..! જે આકાશ પ્રદેશ અહીં છે અસંખ્ય એ અનાદિ-અનંત એમને એમ ત્યાંને ત્યાં છે. એક પ્રદેશ આમ નહિ અને એક પ્રદેશ આમ નહિ. કારણ કે એનો અક્રિયગુણ છે. સમજાણું કાંઈ?

આમ જાણે તો બધાનું અભિમાન ટળી જાય કે મેં આનું કર્યું અને એનાથી મારામાં થયું. મિથ્યાશ્રદ્ધા. સમ્યગ્દર્શનનો અધિકાર છેને. મિથ્યાદષ્ટિ. પરમાણુની સક્રિય શક્તિથી પરમાણુ ગતિ કરે છે. ઊંચા-નીચા થાય, ક્ષેત્રાંતર થાય. આ કહે કે મારે લઈને થાય છે એ શ્રદ્ધા મિથ્યાશ્રદ્ધા છે એમ કહે છે. જ્ઞેયનો જેવો સ્વભાવ છે તે તેને કારણે થાય, એને ઠેકાણે બીજો કહે કે મારે કારણે થાય. કહો, કેમ હશે? ચંદુભાઈ! ઈંજેક્શન-ફિંજેક્શન તમારું હોયને. બરાબર રગ પકડીને જ્યાં પાછું એક રગે વળી સરખું ન આવે તો વળી બીજી રગ લે. ઓલાને બે વાર હેરાન કરે. આ સરખું ન આવ્યું એમ કહે, સરખું ન આવ્યું. કહો, એ

કરી શકે છે? એમ કહે છે. ન્યાલભાઈ! ભારે વાત!

મુમુક્ષુ :- યે ક્યા ફરમાયા?

ઉત્તર :- ક્યા ફરમાયા? આ ઇંજેક્શન જ્યારે આપે ત્યારે આમ નથી દાબતા? આ રગ દાબે છે કે નહિ? એ રગ દાબતે હૈ ઐસા નહીં એમ કહતે હૈં. અંગુલી સે રગ દબાતી હૈ ઐસા નહીં. એ રગનો એક એક પરમાણુ પોતાને કારણે ઊંચેથી નીચે જાય છે. રતિભાઈ!

મુમુક્ષુ :- ... ભૂલ હૈ.

ઉત્તર :- પગલે પગલે ભૂલ છે. કદમ-કદમ, પગલે-પગલે. નવરંગભાઈ! શું હશે તમારે પણ કરતા હશો કે નહિ આમ? હથિયાર ધોળા, રૂપાળા ઓલા આવે છેને, ટાઈલ્સના. ટાઈલ શું કહેવાય? સ્ટીલ સ્ટીલના. ટાઈલ્સ તો આ પથરા કહેવાય. ફર્યા હતાને એક ફેરી જોયા છે. ખબર ન પડે. કહે છે કે એ હથિયાર આમ થાય છે એ પરમાણુમાં સક્રિય ગુણ છે એને માટે આમ થાય છે. અને ત્યાંથી કટકો જુદો પડે છે એ પરમાણુમાં ત્યાં સક્રિયપણું છે એ ક્ષેત્રાંતર (થઈને) આમ પહોળા થઈ જાય. એ ક્ષેત્રાંતર થાય એ પરમાણુનો પોતાનો ગુણ છે. ભગવાનજીભાઈ! આહા..હા..! કહો, અમુલખભાઈ! આ તમારા લાકડા ઊંચા થાય છેને. નીચે લાંબા રાખે તો જગ્યો રોકે કેટલી. અને બતાવવું શી રીતે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. એક એક રજકણ, દરેક રજકણમાં સક્રિય નામનો ગુણ છે, આત્મામાં પણ સક્રિય નામનો ગુણ છે. ચારમાં નથી તો ચાર એક ક્ષેત્રથી બીજે ક્ષેત્રે જતા નથી. કહો, બરાબર છે? જુઓ! આ માથું આમ આમ થાય છે એ પરમાણુનો ગુણ સક્રિય છે માટે (થાય છે) એમ કહે છે. આમ માથું થાય છેને જુઓ!

મુમુક્ષુ :- એ તો દર્દ થયું માટે થાય છે.

ઉત્તર :- દર્દ દર્દનો અર્થ શું?

મુમુક્ષુ :- તો બીજાનું કેમ નથી થાતું?

ઉત્તર :- એ જાતનું અંદર થાય છે. નથી થાતું આમ આમ રગ? લોહીનું આમ ફટ ફટ. થાય છે બધું. લોહી અંદર જાય છે. શું કહેવાય? કાળુ થાય છે. એ..! તમને ખબર. આપણને શી ખબર પડે ઈ? લાલનું કાળુ થાય કે નહિ કાંઈક અંદરથી? આ બધી કાળી દેખાય પછી કાંઈક લીલી થઈ જાય. એ રજકણે રજકણમાં એક સમય સમયમાં ક્ષેત્રાંતર થાય એ રજકણનો સક્રિય નામના ગુણને લઈને છે, બીજાને લઈને નથી. કહો, ઝવેરચંદભાઈ! આ બધા વેપાર-બેપારના, કહે છે, આ ઝવેરચંદભાઈના આત્માએ કર્યા નથી એમ કહે છે. એય..! કપુરભાઈ! ભાઈ તમે બધા છ ભાઈઓ ભેગા થઈને કરતા હશો કે નહિ મોટા? મોટી કંપની છે, વાતું બહુ મોટી ચાલે છે. એમાં મોટા આ. નામ પાછું બાલુભાઈ બ્રધર્સ. છ ભાઈઓ મોટા યોદ્ધા જેવા. ... ગુજરી ગયા હમણાં. પૈસા-બૈસા ભેગા છના રાખે.

ઓહો..હો..! મોટી કંપની.

અહીં તો કહે છે કે એક પરમાણુના રજકણને પણ એક પ્રદેશથી બીજે પ્રદેશે જવું તે તેને કારણે, તેના ગુણને કારણે તે થાય છે. એવા ગુણથી તે દ્રવ્ય બીજા દ્રવ્યથી જુદું પડે છે. ઓલું લિંગીકૃત આવ્યું. ... આવ્યું વળી. કહો, સમજાણું કાંઈ? એમને એમ આત્મા-આત્મા છે અને એમને એમ પરમાણુ છે એમ નહિ, એમ કહે છે. એના જે ગુણો છે તેનાથી તેને ઓળખવો. એ કહે છે કે નહિ? આ સક્રિયગુણ છે તે ગુણ લક્ષણ છે અને દ્રવ્ય લક્ષ્ય છે. એ આવી ગયું છેને પહેલું? આ ગુણ લક્ષણ છે અને દ્રવ્ય લક્ષ્ય છે. એટલે ગુણના લક્ષણે તે લક્ષ્ય ઓળખાય છે. બીજાના ગુણના લક્ષણે તે લક્ષ્ય ઓળખાય છે એમ છે નહિ. કહો, સમજાણું આમાં?

અક્રિયત્વ. લ્યો! આકાશ, ધર્માસ્તિ, અધર્માસ્તિ ને કાળ અક્રિય છે. એક ક્ષેત્રે છે તે ઠેકાણે જ છે. ચાર દ્રવ્યના પ્રદેશો તો જે સ્થાને અનાદિ-અનંત, અનાદિ-અનંત એક પ્રદેશ કાંઈ આઘો-પાછો (થાય નહિ). કાળાણુ અહીંયા અસંખ્ય છે એટલામાં તો જે આ એક પ્રદેશે છે તે અહીં ન જાય, અહીં છે તો અહીં ન થાય. એવો ચાર દ્રવ્યમાં અક્રિય નામનો ગુણ છે અને એ ગુણ લક્ષણ છે અને એ લક્ષણથી દ્રવ્યનું લક્ષ જાણી શકાય છે. એ લક્ષણથી જ એ દ્રવ્ય જાણી શકાય છે. ગતિ કરી એના લક્ષણથી તે દ્રવ્ય જાણી શકાય છે. બીજાએ કરાવી એવું ત્યાં લક્ષણ એમાં છે જ નહિ એમ કહે છે. સમજાણું કાંઈ? લ્યો આ તો ચાલે તે જીવ. કહે છે કે નહિ? એ ચાલે તો આ શરીરને ચલાવે તે જીવ એમ કહે છે. વાત જ ખોટી છે. હાલે-ચાલે તે જીવ, બોલે તે જીવ, સ્થિર રહે તે સ્થાવર. એમ નથી, એ બધી વ્યાખ્યા જૂઠી છે. સમજાણું કાંઈ? આવા ગુણ વડે કરીને દરેક પદાર્થને જીવ અને પુદ્ગલ સક્રિય છે અને સિદ્ધ અક્રિય પણ છે. સમજાય છે? પણ આ જે આ સંસાર છે ત્યાં સુધી સક્રિયપણું એનો ગુણ છે, ચારનું અક્રિયપણું અનાદિ-અનંત છે.

**'ચેતનત્વ,...'** ચેતનપણું એ સામાન્યગુણ છે. દેખો! વળી બીજે ઠેકાણે વિશેષ આવે છે. આવશેને આગળ. પણ ઘણાં જીવોમાં છે માટે તેને ચેતનપણું-ચેતનપણું, ચેતનનું ચેતનપણું હોં! આ ચેતન નહિ. ચેતન એટલે આત્માનું ચેતનત્વ. દ્રવ્યનું ચેતનત્વ, ચેતનનું ચેતનત્વ એ ઘણામાં એ ગુણ છે. એ ગુણ બધે છે એમ નહિ, એક ગુણ બધે છે એમ નહિ, પણ એવો ને એવો ગુણ બીજામાં પણ છે માટે ચેતનત્વગુણને સામાન્ય ગુણ કહેવામાં આવે છે. અને એ ગુણ વડે ગુણી એટલે દ્રવ્ય જાણવામાં આવે છે. એના ગુણ દ્વારા એનો ગુણી જાણવામાં આવે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ વિશેષ થયાને. અનંત જીવ થયાને અનંત. અનંત છે એ અપેક્ષાએ સામાન્ય છે, એક એકની અપેક્ષાએ વિશેષ પણ કહેશે. પાંચમાં નથી એની અપેક્ષાએ વિશેષ કહેશે,

ઘણાંમાં છે માટે તેને ને તેને સામાન્ય કહ્યો છે.

આ તો સત્ લક્ષણં દ્રવ્ય, ઉત્પાદવ્યયધ્રૌવ્યયુક્તં સત્ અને ગુણ પર્યાયવાળું દ્રવ્ય. ગુણપર્યાય લક્ષણ, ગુણપર્યાય લક્ષણ, દ્રવ્ય લક્ષ્ય એમ સિદ્ધ કરે છે. એના આવા ગુણ અને આવી પર્યાય દ્વારા તે દ્રવ્યને પીછાણવું, લક્ષ્યમાં લેવું (કે) એ દ્રવ્ય આવું છે. એવું જ્ઞાનમાં જાણવું. એમ જ્ઞાનમાં એના ગુણ વડે આમ થાય છે તે તે દ્રવ્યને લક્ષમાં લેવું. આ ક્રિયા પરને લઈને થાય એ માટે તે ચાલે છે એમ લક્ષમાં લેવું નહિ. એ મિથ્યા શ્રદ્ધા છે. મિથ્યા બધે ઠેકાણે દોષ-દોષ આવે છેને. સવારે વીરચંદભાઈ કહેતા હતા કે નહિ? પર્યાયમાં દોષ ન હોય તો તો વીતરાગતા થઈ જાય અને આ શ્રદ્ધાનો દોષ ન હોય તો એને સમ્યગ્દર્શન થાય. સમજાણું કાંઈ? આહા..હા..! જેવો તત્ત્વનો જ્ઞેયનો જે રીતે દ્રવ્ય, ગુણ અને પર્યાયનો સ્વભાવ તેનો તેનામાં છે, તે રીતે તે ન જાણતા ઊલટી રીતે જાણે તો એની મિથ્યાશ્રદ્ધાનો દોષ એને આવે છે કે જે અનંત સંસારનું કારણ છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! કેટલી વાત સ્પષ્ટ કરી છે! તોપણ અત્યારે એવી તકરારું કર્યા કરે. શરીર જીવ હોય તો ચાલે, નહિતર કેમ ચાલતું નથી? ધર્મ થાય. અરેરે..! હમણાં જ આવ્યું હતું. .. લોકો કહે છે સોનગઢ કે આ શરીરથી ધર્મ ન થાય, ફલાણાથી ન થાય. અરે..! ભગવાન! ન થાય શું? લાખ વાર, અનંત વાર ન થાય, સાંભળને હવે. તને ન બેસે એટલે કાંઈ વસ્તુ ફરી જાય એવી છે? દયા પળે જીવથી, પૈસા દેવાય જીવથી. હાથ હોય તો આપે. હાથ ન હોય એ શી રીતે પૈસા આપી શકે બીજાને? તો કાંઈક પુણ્ય-બુણ્ય થાય કે નહિ શરીર દ્વારા? ન થાય? ભગવાનજીભાઈ! પૈસા દ્વારા પુણ્ય ન થાય પુણ્ય? શરીર દ્વારા પુણ્ય ન થાય?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ નહિ. અજીવ દ્વારા પુણ્ય ન થાય? કારણ જુદી વાત છે.

મુમુક્ષુ :- દ્વારા તો થાયને.

ઉત્તર :- દ્વારા થાયને એમ કીધું. આમ પૈસા આપ્યા એક નોટ. પાંચ હજાર આપતા હતા લ્યો પ્રભુભાઈના હાથમાં. ખબર છેને છેલ્લે? આમ વળી પાસે બોલાવીને ત્યાં જાગૃત થઈ ગયા. શું થઈ ગયું પા કલાક? ખબર છેને. ૩૬ કલાકથી તો બંધ હતું. આને વળી શું સૂઝ્યું એકદમ? બોલ્યા ને એકદમ પણ આવી ગયું કોણ જાણે હોં! પ્રભુભાઈ ઊભા થઈ ગયા એ વખતે. કોણ જાણે શું અંદરથી સૂઝી ગયું? પ્રભુભાઈ! ગુરુદેવ સોનગઢથી આવ્યા છે, પગે લાગો. એકદમ હાથ ઊંચો કર્યો. આંખમાંથી આંસુ વયા ગયા. આ હાથ તો ખલાસ થઈ ગયો, પક્ષઘાત.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- કોને લઈને થયું? એ તો એ પરમાણુની અવસ્થા તે કાળે પોતાને કારણે થવાની હતી તે થઈ. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? નહિતર મોટો ડોક્ટર આવ્યો હતો ૧૫

રૂપિયાના દનિયાવાળો. આમાં હવે કાંઈ નથી. અસાધ્ય. વળી જાણે કેમ પા કલાક થઈ ગયું, લ્યો પા કલાક બરાબર હોં! બે હાથ જોડાય નહિ તો એક હાથે પગે લાગ્યા અને આંખમાંથી આંસુ. ઓલી આંખે તો દેખાતું નહોતું. પક્ષઘાત થયો હતો. ખ્યાલ બધો આવી ગયો. એ રજકણે રજકણ સક્રિય થવાનો ગુણ છે માટે તે ક્ષેત્રાંતર થયો, એની અંદર ઈચ્છા આવી અને ખ્યાલ આવ્યો માટે હાથ આમ હલ્યો એમ નથી એમ કહે છે. આહા..હા..! એવી વાત છે, ભાઈ! આહા..હા..!

એક સક્રિયપણાના ગુણ દ્વારા એને પરમાણુને ઓળખવો એમ કહે છે. એ સક્રિય આમ હાથ હલ્યો માટે એને આત્મા અંદર હતો એમ ઓળખવો કે આ આત્મા અંદર ચૈતન્ય છે માટે હલ્યો, એ તું કો'કના લક્ષણને કો'કના લક્ષ સાથે જોડી દે છે. એમ કહે છે. આહા..હા..! ઘણી ગૂઢ ગંભીરતા. વીતરાગનો દ્રવ્યાનુયોગનો વિષય ઘણો સૂક્ષ્મ. સમય સમયનો ભેદ બતાવે છે. આ ભેદજ્ઞાન કરાવ્યું છે. કહો.

**'ચેતનત્વ,...'** બધા જ અનંત આત્મામાં ચેતન છે. એક નિગોદનો જીવ હો કે સિદ્ધનો, ચેતનત્વ તો બધામાં છે એ અપેક્ષાએ તેને સામાન્યગુણ કહ્યો. એ ચેતનત્વથી એનું ચેતન ઓળખાય છે, એના ચેતનત્વથી એનું ચેતન જણાય છે. એના ચેતનત્વથી બીજાનું ચેતન જણાય છે એમ નહિ.

**'અચેતનત્વ,...'** લ્યો! આત્મા સિવાય પાંચ દ્રવ્ય છે એ અચેતનત્વ છે. એ બધો સામાન્યગુણ છે દરેકનો. અચેત પરમાણુ, અચેતનત્વ છે. રજકણો આદિ ધર્માસ્તિ વગેરે. **'કર્તૃત્વ,...'** લ્યો! છએ દ્રવ્યમાં છે. એ કર્તૃત્વગુણ છએ દ્રવ્યમાં છે. કોઈ કહે કે કર્તા તો ચેતન જ હોય, જડ ન હોય, એમ નહિ. છએ દ્રવ્યમાં કર્તા નામનો ગુણ છે. તેથી કર્તા થઈને પોતે પર્યાય કરે છે. સમજાણું કાંઈ? આત્મા કર્તૃત્વ થઈને, કર્તાપણે થઈને પોતાની સમ્યગ્દર્શન-જ્ઞાન પર્યાયને કરે છે. એનો કર્તા કોઈ નિમિત્ત કે કર્મનો અભાવ કે એ કોઈ કર્તા નથી. કારણ કે કર્તા તો એનો ગુણ છે. સમજાણું કાંઈ? અજ્ઞાનપણે પણ કર્તા થઈને વિકારને કરે છે. કર્તા થઈને વિકારને કરે છે, કોઈ કર્મ વિકાર કરાવે છે એમ છે નહિ. કહો, રતિભાઈ! સમજાય છે કે નહિ? કે વિકાર કર્મ નથી કરાવતું એમ કહે છે. એ.. વીરચંદભાઈ! દોષ કર્મ નથી કરાવતું એમ કહે છે. રતિભાઈના ભાઈ છે આ. વકીલાત... એ રસ લે છે. એ તો સમજતા સમજતા એમ જ ચાલે. એ તો કાંઈ પહેલું ઝટ દઈને સમજાઈ જાય એમ નથી. કહો, સમજાણું આમાં?

શું કીધું? એ આત્મામાં વિકાર થાય છે તેનો કર્તા અજ્ઞાની આત્મા પોતે છે. બરાબર હશે? અને આમ પાણી ગળાય છે પાણી લૂગડામાં, એનો એક એક પરમાણુ એ ગળાવાની ક્રિયાનો પોતે કર્તા છે. આંગળી એનો કર્તા નથી, એનો આત્મા, બીજાનો આત્મા એ પાણી ગળવાની પર્યાયનો કર્તા નથી એમ કહે છે. આ રહ્યા નવરંગભાઈ એને પૂછોને. એનો પ્રશ્ન

હતો ઈ. વીતી તો અનંતકાળ ગયો ભલે. ચંદુભાઈ! પ્રશ્ન હતો કે નહિ? કે પાણી ગળવું કે નહિ? કહે લ્યો! ૨૦૦૫ની સાલમાં પૂછતા હતા. નાનાલાલભાઈના મકાનમાં પહેલા. પાણી ગળવું, આ કરવું આ ક્યાં ક્રિયા વઈ ગઈ બધી? પહેલું તો શરૂઆતમાં પાણી ગળીને પીવું આ બધી ક્રિયા કરવી કે નહિ? એઈ..! કોણ ગળે? ભગવાન! આહા..હા..! એને વિકલ્પ આવે, પણ એ વિકલ્પનું કર્તાપણું તો એનું પોતાનું છે, પરિણમન છે એટલે એનું છે. પણ એને લઈને ત્યાં પાણી ગળાય અને લૂગડું આમ પહોળું થાય અને એમાં પાણી નીચે પડે, પછી આમ ઊંચું કરીને બાકી રહે એ ગોળામાં નાખે. શું કહેવાય એને? સંખારો. કહે છે કે એ ક્રિયાનો કર્તા આત્મા નથી.

મુમુક્ષુ :- યત્ન તો કરતે હૈં. ...

ઉત્તર :- કોણ કરતે હૈ? યત્ન અપની પર્યાયમેં યા પરમેં? યહ બાત હૈ. બાત વહ કહતે હૈ. પરની યતનાની પર્યાય પોતે કરી શકે છે તે શ્રદ્ધા મિથ્યા છે. આ જ્ઞેયનો એવો સ્વભાવ નથી. છતાં માને છે તે મિથ્યા (છે). જ્ઞેય અધિકાર સમ્યગ્દર્શનની પ્રધાનતાથી વર્ણવ્યો છે. નવરંગભાઈ! સમ્યગ્દર્શનનો અધિકાર છેને. ઓલો જ્ઞાન અધિકાર અને આ દર્શન અધિકાર. બહુ સૂક્ષ્મ ભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, બધા જ્ઞેય બધા. દર્શનનો અભેદ વિષય છે, પણ એમાં જે જ્ઞાન થાય એ બધું આને આવી રીતે જ જાણે છે. છેને અમારે પંડિતજીને? દર્શનમાં અભેદ ધ્રુવ કહેવું અને વળી આ જ્ઞાન. એ જ્ઞાનપ્રધાન શ્રદ્ધામાં આમ આવે છે. છેને? દર્શનનો વિષય તો ધ્રુવ ત્રિકાળ અખંડ છે પણ એની સાથે થતું જ્ઞાન, આવું જ્ઞાન એનું કામ કરે છે. જો એ રીતે કામ ન કરે તો જ્ઞાન ખોટું છે તો શ્રદ્ધા પણ ખોટી થઈ જાય છે. સમજાણું કાંઈ? આહા..હા..!

આ તો ઓલા સમજ્યાને? અર્જુનમાં આવે છેને, મત્સ્યવેધ. ઉપર ઓલા માછલા ફરતા હતા અને એક માછલાની આંખ નહોતી. એને આમ હેઠે રાખી અને તેલમાં ઓલું દેખાય ફરતું. તેલમાં આમ દેખે અને એમાંથી હેઠેથી બરાબર ત્યાં આવે તો મારવું. મત્સ્યવેધ સાંભળ્યું છે મત્સ્યવેધ? શેઠી! નામ પણ સાંભળ્યું નથી? અમે તો નાની ઉંમરમાં ઘણું સાંભળ્યું. અમારે માણભટ્ટ આવતો હતો માણભટ્ટ. નાની ઉંમરમાં મોટો માણભટ્ટ. લાડવા દરરોજ ખાય અને .. માણભટ્ટ. માણ હોય ને આવડી મોટી? પછી આમ આમ વગાડે. .. એની પેરે બોલ્યા. સુણ જન્મે જયરાય. પછી આવતું એ. ... બોલ્યા, સુણ જન્મે જયરાય. એમ આવતું લ્યો. એ તો ઘણા વર્ષની વાત છે. સમજાય છેને. ૭૦ વર્ષ પહેલાની વાત છે. કન્યાશાળા છેને. ત્યાં ચાલતું હતું. સાંભળેલું. રાતે સાંભળવા જઈએ કલાક, બે કલાક. કહો, ઓણું માણભટ્ટ વગાડે અંદરથી. સમજાણું? કહો, એ શું કરી શકે કે નહિ ઈ? માણને આમ વગાડી શકે

કે નહિ? એ તો એને કારણે સ્વતંત્ર થઈને માણ આવી છે તો (વાગે છે). આ કર્તાની વ્યાખ્યા ચાલે છેને. એ કર્તા મત્સ્યવેધનો કર્તા આત્મા માનવો એ ખોટું છે કહે છે. છતાં એવી ઝીણી વાત છે આ મત્સ્યવેધ જેવી. એમ કહે છે. આહા..હા..!

નીચે તેલ, ઓલી માછલી ફરતી હોય અને જે માછલીની આંખ ફૂટી હોય ને ત્યાં નીચે આમ બરાબર ત્યાં આવે ફરતી-ફરતી તેલમાં દેખાય. તેલમાં પાછી હોં! પાણીમાં હોય તો ઠીક હજી. જ્યાં મારવું હોય ત્યાં જાય. પણ એ ક્રિયામાં સૂક્ષ્મતા ઘણી છે એથી આ સૂક્ષ્મતા અનંતગણી છે. છતાં એ ક્રિયાનો કર્તા એ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! એક એક અક્ષર જે આ લખાય છે, કહે છે, એ રજકણોનું ક્રિયાંતર થવું ને આમ આમ ફટ ફટ પર્યાય પડવી એ પરમાણુની સક્રિય શક્તિ (છે) માટે થાય છે અને એનો કર્તા પરમાણુ છે માટે. એ પરમાણુ આ પર્યાય થાય છેને કાળી, અક્ષર થયોને? એ અક્ષરની પર્યાયનો કર્તા એ પરમાણુ છે, આત્મા નહિ. કહો, આ પુસ્તક-બુસ્તક તો બહુ કરે છે. હમણા નથી. હિંમતલાલભાઈ તો ગયાને. આ કરે છે હવે મગનભાઈ. છે કે નથી આવ્યા? સવારે આવે ઈ મગનલાલજી. આવી ગયા. કહો! કહે છે કે એ ચોપડીનું પાનાનું પુસ્તકનું છાપવું એ એનો કર્તા આત્મા નહિ. એ પરમાણુમાં એક એક કર્તા ગુણને લઈને તે પર્યાય સમયે સમયે કર્તાથી થઈ રહી છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોણ રાખે? બીજા દ્રવ્યને રાખી શકે છે? બીજા દ્રવ્યને રાખવાનો આત્માનો ગુણ છે? બીજા દ્રવ્યમાં થાય એને જાણવાનો ગુણ છે. શેઠી! શું છે? પગલે પગલે આ તો કદમે કદમે ખોટો છે. ખોટી શ્રદ્ધા કરે છે એને જણાવે છે. એમ તું માને છે એમ નથી.

'કર્તૃત્વ,...' ગુણ લ્યો! છએ દ્રવ્યમાં કર્તૃત્વ ગુણ છે. પરમાણુમાં, આકાશમાં, કાળમાં. સમજાણું? 'અકર્તૃત્વ,...' ગુણ છએ દ્રવ્યમાં છે. કહો, પરનું ન કરવું એવો અકર્તૃત્વ ગુણ પણ છએમાં છે. આત્મા પરનું ન કરે, પરમાણુ આત્માનું ન કરે, આકાશ આત્માનું ન કરે, આત્મા આકાશનું ન કરે એવો અકર્તૃત્વ ગુણ છએ દ્રવ્યમાં છે.

મુમુક્ષુ :- સિદ્ધમાં પણ છે?

ઉત્તર :- સિદ્ધમાં પણ છે. અરે..! છએ દ્રવ્યની વાત ચાલે છે. (એકલા) સિદ્ધની ક્યાં વાત છે આ? છએ દ્રવ્ય શુદ્ધ કે અશુદ્ધપણે પરિણમો તોપણ પોતે પરનું કરવાનો એનામાં ગુણ નથી. કહો, આ બાયડી-છોકરાનું કરવું, વેપાર કરવાનો ગુણ આત્મામાં નથી એમ કહે છે.

મુમુક્ષુ :- સિદ્ધમાં...

ઉત્તર :- સિદ્ધમાં નહિ, આ તો ત્રણે કાળની વાત છે. કહો, કપુરભાઈ! અકર્તૃત્વગુણ

છે. પરમાણુઓમાં પણ પરનું ન કરવું એવો ગુણ છે અને આત્મામાં પરનું ન કરવું એવો આનો અકર્તૃત્વ ગુણ છે. કર્મનો ઉદય રાગને કરાવે એવો પરમાણુના ઉદયમાં ગુણ નથી એમ કહે છે. કર્મનો ઉદય એ પરમાણુની પર્યાય છે સ્કંધની, એમાં રાગનું કરાવવું એવો એમાં ગુણ નથી, એ તો અકર્તૃત્વ એમાં છે. પરનું કાંઈ ન કરે એવો એનામાં ગુણ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- લે વળી. ન કરે, ન કરાવે. કરાવે ક્યાંથી? ધૂળ કરાવે કોણ? જુઓ! અહીં તો વાત ત્યાં લઈ ગયા. કર્મનો ઉદય છે, સત્તામાં પડ્યા એ કર્મના પરમાણુની પર્યાય સત્તામાંથી ઉદયરૂપે થઈ, તે ઉદયનો કર્તા એ પરમાણુ છે. એક પરમાણુ કર્તા એ રાગનો અકર્તા છે. પોતાની પર્યાયનો કર્તાગુણ છે અને પરની ક્રિયાનો અકર્તા ગુણ એનામાં છે. છતાં કહે કે કર્મનો ઉદય રાગને કરાવે તો એ દૃષ્ટિ જ્ઞેયની ખોટી છે એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? એ જ્ઞાનાવરણીય કર્મ જ્ઞાનની પર્યાયને રોકે એ વાત ખોટી છે એમ કહે છે. જ્ઞાનાવરણીય પરમાણુની પર્યાય છે તે તેના પરમાણુની પર્યાયને કરે, પણ આત્માની જ્ઞાનની હીણી દશાને કરે એવો એનામાં ગુણ નથી. આહા..હા..! આ કર્મનું તો મોટું પોટલું ચાલ્યું છેને જૈનમાં. કર્મ કરાવે... કર્મ કરાવે. વ્યાખ્યાન પહેલા પણ બોલે. ત્યાં આ બધા બેઠા હોય સાંભળે. 'કર્મે રાજા, કર્મે રંક, કર્મે વાળ્યો આડો અંક.' એ પણ નિમિત્તથી વાત છે. કર્મે રાજા-રંક કાંઈ કર્યો નથી. કર્મનો પર્યાય કર્મમાં છે. કર્મ કાંઈ પરની ક્રિયાને કરે? રાજાપણાની ક્રિયાને કરે? એનો અકર્તા છે કર્મ. એઈ..!

પુણ્યના પરમાણુ પોતાની પર્યાયને કરે, પણ પૈસા લાવવાની ક્રિયાને અકર્તા છે ઈ. પુણ્યને લઈને પૈસા મળે એમ બોલાય છે. પુરુષાર્થને લઈને મળે એ તો વળી ખોટું છે. બહુ વિચિક્ષણતા આપણે રાખીએ માટે પૈસા મળે એ તો તદ્દન ખોટું. કારણ કે વિચિક્ષણતાની પર્યાય પરનું કરી શકે એવું એનામાં છે નહિ. પોતાની પર્યાયને કરે એવો એનો ગુણ છે, પણ પરની પર્યાય કરે એવો એનામાં ગુણ નથી. પણ કહે છે કે પૂર્વના પુણ્યને લઈને પૈસા મળ્યા એ પણ ખોટી વાત છે એમ કહે છે. આવ્યા, મળ્યા એટલે લ્યોને. કારણ કે પુણ્યની જે સત્તા પડેલી છે એ પરમાણુની સત્તા એ પર્યાયરૂપે પરિણમે છે એનો એ કર્તા, પણ પૈસા લાવવાની પર્યાયનો એ પરમાણુ કર્તા નથી. જાદવજીભાઈ! ભારે ફેર પણ. આહા..હા..!

મુમુક્ષુ :- .. ગળી જાય એવું છે.

ઉત્તર :- ગળી જાય? છોકરાને ઠેકાણે પાડી દઈએ. એક મોટો જુદો પડ્યો પણ નાનાને સરખાઈમાં રાખીએ એ બધું ખોટું છે એમ કહે છે. સાચી વાત હશે ધીરૂભાઈ? કારણ કે જુદો રહ્યો પણ છતાં વીર્યવાળો છે તો ભલે કરે જા. નાનાને હું રાખીશ. એઈ..! ચીમનભાઈ! શું બોલતા નથી આ શું છે આ બધું જુઓને. આ તો બધું કહે છે ભૂંસાડીયો વળી જશે. કોઈનું કરાય નહિ. કરાય નહીં તે બેસી રહેવું? પણ બેસવું એટલે શું? તું તારી પર્યાયમાં

તારી પર્યાયનો કર્તા અને પરનો કર્તા નહિ એવો તારામાં ગુણ છે. પરનું ન કરી શકે એવો તો તારામાં ગુણ છે. એ ગુણ વડે તારા દ્રવ્યને જો એમ કહે છે. આ તો લાંબુ લાંબુ રહે એમાં એ છેને બધું. ગુણ લક્ષણ છે અને દ્રવ્ય લક્ષ્ય છે. તો અકર્તૃત્વ લક્ષણ દ્વારા તારું દ્રવ્ય છે આ એમ જો. કર્તૃત્વગુણ દ્વારા તારું દ્રવ્ય છે એમ જો. કર્તૃત્વ ગુણ દ્વારા પરનો કર્તા છો એમ ન જો. એમ છે જ નહિ એમાં. આહા..હા..! ભારે વ્યાખ્યા ભાઈ! બહુ ટૂંકી પણ ઘણો વિસ્તાર. કેમ હશે આમાં? એ.. રતિભાઈ! આ બધું ધ્યાન રાખે... તમારે તો એકલા, કાંઈ છોકરા-છોકરી નથી તો ધ્યાન રાખે તો રહેવું જોઈએ, નહિતર રહે? કહો, પૈસા-બૈસાનું શું કરવું? ઓલો વૃદ્ધ માણસ કહેતો હતો લ્યો! દાનો મોતી. મોટી ઉંમરે દરરોજ નીકળે ઉઘરાણીએ જવા. પછી કહે અરે..! બાપા! ડોસા તમે ઉઘરાણીએ? પણ બાપા અમારે કાંઈ દીકરા છે? એય..! ઝવેરભાઈ!

મુમુક્ષુ :- દીકરા હોય તો જાય.

ઉત્તર :- દીકરા હોય તો જાય, (નથી) તો અમારે જાવું પડે. પણ હવે તારે અહીં શું તૂટો છે? આઠ હજાર રૂપિયા તે દિ' (આવતા). પચાસ વર્ષની વાત છે હોં! દાનો મોતી હતા દશાશ્રીમાળી. તમે બે જણા છો, આઠ હજાર રોકડા રૂપિયા રોકડા પડેલા હોં નગદ. ૭૦-૭૫ વર્ષ થઈ ગયા. ૭૫ વર્ષ. વધારે હશે. ચાલતા હતા ઠસડાઈને. પછી કહે, અરે..! દામાભાઈ! તમે આ? ઢેઢવાડે જાય ઉઘરાણી માટે. પણ તમારે આ શું? પણ બાપુ અમારે કાંઈ દીકરા છે? તમારે દીકરા જાય એમ. તારે દીકરા નથી પણ તારે જરૂર ક્યાં છે આમાં હવે? કહો, એવો ઉત્તર આપે. એય..! ઝવેરભાઈ! દીકરા હોય તો દીકરા કરે, પણ મારે શું કરવું? અમે દીકરા વિનાના છીએ. હવે દીકરાવાળા એમ કહે કે અમારે દીકરા ઝાઝા છે તો એકલું અમારે કરીએ તો દીકરાને કેમ સરખું પડે? દીકરા હોય ઈ એમ કહે, પણ અમારે ઝાઝા દીકરા બાપુ! .. ગોવળ ઘણી છે તો બહુ ધ્યાન રાખીએ તો બધુ સરખું રહે, નહિતર સરખું રહે નહિ. દીકરા વિનાના એમ કહે, પણ દીકરા નથી તો અમે ન કરીએ તો કોણ કરે? અમારે દીકરા તો છે નહિ. બેય જણા સલવાણા છે આમ ઊંધે. ધીરૂભાઈ! આહા..હા..!

અકર્તૃત્વ ગુણથી તો તે દ્રવ્યને ઓળખવું એમ કહે છે. પરનો કર્તા નથી એવો એક દ્રવ્યનો ગુણ છે. પરમાણુનો અને તારો. અકર્તૃત્વ ગુણ દ્વારા તારું લક્ષ કર કે આ દ્રવ્ય છે અકર્તૃત્વ ગુણવાળું. અકર્તૃત્વ ગુણને લઈને પરમાં કરી શકે છે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો લક્ષણો બાંધ્યા છેને. બધા લક્ષણસહિત છે. એ લક્ષણથી લક્ષિત થાય છે, એમ દ્રવ્ય લક્ષિત થાય છે. આહા..હા..! ભારે વીતરાગમાર્ગ પણ. આવો માર્ગ સર્વજ્ઞ સિવાય (ક્યાંય નથી).

સર્વ-જ્ઞ છેને? સર્વને જાણવું છેને? સર્વને જાણવું છે તો સર્વ થઈ ગયું એટલે અનંત થઈ ગયું. અનંત પદાર્થોને જાણવાનું કામ કરે, એ પણ પોતાને જાણતા એ જણાઈ જાય

છે. પણ પરના કામની કોઈ પર્યાય, અનંતુ વીર્ય પ્રગટ્યું ભગવાનને તો પરનું કાંઈ કરી દે, તારી દે કે ઉગારી દે એવું એનામાં છે નહિ. ભગવાન આત્મામાં સર્વજ્ઞમાં પણ પરનું ન કરવું એવો અકર્તૃત્વ ગુણ છે. બીજાને તારી દે એવો ગુણ સર્વજ્ઞમાં નથી, આત્મામાં નથી. તો આમ બોલાય તિન્નાણં તારયાણં. લ્યો! આવે છે કે નહિ? ભગવાનજીભાઈ આવડે છે? નહિ કર્યું હોય નમોત્થુણં. સામાયિક નહિ કરી હોય. આવડે છે. પહેલા કર્યા હતા પણ યાદ રહે તોને. રતિભાઈ! નમોત્થુણંમાં આવે છેને? તિન્નાણં તારયાણં બુદ્ધાણં બોહિયાણં મુત્તાણં મોહિયાણં એય..! ન્યાલભાઈ! આણે તો બહુ પાથરણા ફાડ્યા છે ત્યાં. એમાં આવે છે કે નહિ? ઘણું કર્યું છે કે નહિ ત્યાં? ત્યાં તો શેઠિયા છે. કહે છે કે તિન્નાણં તારયાણં એ તો નિમિત્તના કથન છે. ભગવાનમાં બીજાને તારે એવો ગુણ નથી એમ કહે છે. જાધવજીભાઈ! નમોત્થુણંમાં આવે છે કે નહિ? નમોત્થુણં, અરિહંતાણં, ભગવંતાણં, આઈગરાણં.. અહીં કહે છે, ભગવાનના આત્મામાં એ પોતાનું કરવું એવો ગુણ છે અને પરનું ન કરવું એવો ગુણ છે. આહા..હા..! ભારે વાત ભાઈ! આહા..હા..! આ બધી તકરારું છે મોટી ખાણિયાની ચર્ચા. મફતના... હજી આની સામે પડવાની.. ...બનાવવાના છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોણ બનાવે છે? પરમાણુની પર્યાય થવાની એને કરે કોણ? સોનગઢ સિદ્ધાંત સામે પુસ્તકો લખો, નહિતર તો આ એકલું આમ થઈ જાય છે, તેમ થઈ જાય છે. અરે..! ભગવાન સાંભળ પ્રભુ! બાપુ! તું લુંટાઈ જાય છો. તું કરવું-કરવું માને છે એમાં લુંટાઈ જાય છો ભાઈ! તારામાં ગુણ નથી અને તેને તું માન તો દૃષ્ટિ તદ્દન વિપરીત છે. આહા..હા..! અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંત આનંદને પ્રાપ્ત પરમાત્મા એમ કહે છે કે મારામાં પરનું કરવું એવો ગુણ જ નથી. આહા..હા..! ઓલા કર્તા થઈને ઈશ્વર, કહે છેને, કર્તા અનંતના, અનંતના.

મુમુક્ષુ :- પરનો કર્તા ન માને તો દિંગબર જૈન નહિ.

ઉત્તર :- એ વળી દિગંબર જૈન નથી લ્યો! ભગવાનનું વળી એ નીકળ્યું. ત્યાં ઇંદોરમાં. પરનું ન કરે એમ માનવું તે દિગંબર જૈન નથી. એમ એક પંડિત બોલ્યા. અરે..! ભગવાન! શું તું કરે છે? ભાઈ!

અહીં તો અકર્તા નામનો ગુણ અનંતા દ્રવ્યમાં પોતાને કારણે છે તે અકર્તા ગુણ દ્વારા લક્ષ્ય તો તારા દ્રવ્યનું કરવું છે. એ અકર્તાગુણવાળો પરનું કરે એ તો ગુણ નથી ને તું ગુણ માન. આહા..હા..! આ શરીર બધા હાલે છે, આમ થાય છે. એ બધા વખતે જે તને કરવાનું છે એ તો તારા ભાવમાં કરવાનું છે. કારણ કે તેનો તું કર્તા છો. શ્વાસને રોકવો એ તારું કામ છે? શરીરનું પડખું ભાઈ સરખું ફેરવું. પણ એ ફેરવે કોણ? જીવતા જીવમાં એ ગુણ નથી કે પરનું ફેરવે, એમ કહે છે અહીં તો. જાધવજીભાઈ! ભારે વાતું ભાઈ! કલકત્તામાં તો આવું ક્યાં મળે? લ્યો, હવે તો વાતું થાય છે આપણી. ચર્ચા તો થાયને. હવે તો ચાલે

છે. નવલચંદભાઈ હમણાં ઘણું કરી આવ્યા કે નહિ ત્યાં? વાંચતા હતા ને ત્યાં. ઝવેરભાઈ જાતા હતા ને. કહેતા હતા. ઝવેરભાઈ જાતા હતા. પૂછ્યું કોકને હોં ઝવેરભાઈ (આવતા હતા)? હા, ઝવેરભાઈ બરાબર જાતા. એય..! કપુરભાઈ!

આ જો ભાઈ! આ તો વસ્તુ અંતર પોતાનું કરવાનું છે આમાં. આમાં કાંઈ પરને માટે આ વાત નથી. જેને પોતાનું હિત કરવું હોય એણે આ નિર્ણય કરવો પડશે કે મારામાં પરનું કરવું એવો ગુણ જ નથી. પછી કોને કરું, કોને તારું, કોને ડુબાડું ને કોને મારું ને કોની રક્ષા કરું? આહા..હા..! સમજાણું કાંઈ? સંપ્રદાયવાળાને ભારે કઠણ પડે. કહે છે કે પરની દયાનું કરવું તારામાં છે જ નહિ એમ કહે છે. પરની રક્ષા કરવાનો ભાવ તને થાય વિકલ્પ, પણ પરની રક્ષા થાય એવો તારામાં ગુણ જ નથી. તારામાં ગુણ નથી એવો. ગુણ નથી ને તું કર, શી રીતે થશે? સમજાણું કાંઈ?

કર્તૃત્વગુણ વડે તો આખા ચૌદ બ્રહ્માંડના તત્ત્વોને ભિન્ન કરી નાખ્યા છે. આહા..હા..! એક પરમાણુ જે છે એ બીજા પરમાણુને કરે એવો પરમાણુમાં ગુણ નથી એમ કહે છે લ્યો! પરમાણુમાં ગુણ નથી. સમજાણું કાંઈ? વીંછીનો ડંખ જીવને દુઃખ ઊપજાવે એવું વીંછીના પરમાણુની પર્યાયમાં પરનું કરે એવું નથી, પણ પરનું ન કરવું (એવો) એનામાં ગુણ છે. આહા..હા..! ભારે કામ! એય..! વીંછી કરડ્યા પહેલા કેમ રાડ નહોતો પાડતો? ભગવાન! એ વીંછીના પરમાણુ છેને એક એક, એ પોતાની પર્યાયનો કર્તા છે. આને દુઃખનો કર્તા એ પરમાણુ નથી. અને શરીરના પરમાણુમાં એ પરમાણુ આવ્યા માટે આ પરમાણુમાં ફેરફાર થયો એવો પરમાણુમાં અકર્તા ગુણ છે માટે એને લઈને થયું નથી. અને એમાં આવું થયું માટે અહીં દુઃખ થાય છે એવું એનામાં કર્તાપણું નથી, પણ આવાને દુઃખનું અકર્તાપણું એનામાં ગુણ છે પરમાણુની પર્યાયમાં. આહા..હા..! કહો, ભગવાનજીભાઈ! એય..! ભગવાનભાઈ! લ્યો આ બધા પોષા કરી કરીને સૂકાઈ ગયા. આહા..હા..! હવે એ સોંઘુ કે આ સોંઘું? ઓલું સોંઘુ કરી નાખ્યું, પણ મોંઘુ તો આ છે. દુર્લભ ચીજ તો આ છે. સાચી શ્રદ્ધા અને સાચું જ્ઞાન એ દુર્લભ છે. ઓલું તો કરી નાખ્યું, આ તો થયું નહિ. સમજ્યો તો નહિ કાંઈ સાચું. જાધવજીભાઈ!

કર્તૃત્વ ગુણ છે. આહા..હા..! આ લોચ હું કરું છું. ભાઈ! .. આહા..હા..! લોચ કરે, પરિષહ કેટલા સહન કરે. ફડાક ઉઠાડે. આહા..હા..! લોકો પણ દેખીને કે આહા..હા..! આશ્ચર્ય લાગી જાય. સુંવાળા શરીર, આમ ફડાક ફડાક થયા કરે. તને જોતા નથી આવડતું બાપુ! એ પરમાણુની પર્યાયનો એ પરમાણુ કર્તા છે. એ આંગળી પણ એ લોચની પર્યાયનો કર્તા નથી અને આત્માની ઇચ્છા થઈ માટે એ ઇચ્છા દ્વારા એ લોચનું કાર્ય થાય છે એવો ઇચ્છામાં અને આત્મામાં ગુણ નથી. આત્મામાં તો રાગને કારણે પરનું થાય એવો ગુણ નથી એમ કહે છે. આહા..હા..! અને નિર્મળ વીતરાગી પર્યાય થાય તોપણ પરનું ન કરવું એવો એનામાં

ગુણ છે. કોઈ કહે કે ભગવાન તો અનંત વીર્યવાળા છે. તો બીજાના કર્મ ટાળી દે કે નહિ? તો ભગવાન અનંત શક્તિવાળા કહેવાય. આ તો લ્યો અનંત જાણવું-જાણવું અને ભગવાન અનંત શક્તિવાળા. શક્તિવાળા તો કહેવાય એને કે બીજાના કર્મ ટાળી દે. અરે..! પણ ગુણ એવો નથી, સાંભળ તો ખરો. બીજાના કર્મ ટાળે અને બીજાનો રાગ ટાળે અને બીજાને તારે એવો આત્મામાં ગુણ નથી. કહો, ધીરૂભાઈ! આ તો પરના અભિમાન ટાળી દે એવું છે. જ્યાં ત્યાં મિથ્યાભ્રમ કરીને બેઠો છેને. રોકાઈ ગયો છે. ખોટી વાત છે તારી માન્યતામાં ફેર છે કહે છે. આહા..હા..! ભારે ભાઈ! કર્તૃત્વગુણ તો ઠીક પણ અકર્તૃત્વગુણ. પરનું ન કરે એવો ગુણ છે. ઓલો કહે પરનું ન કરે તો દિગંબર જૈન નહિ. અરે..! ભગવાન! તેં શું વાંચ્યું બાપુ! આ તો બધી મહેનત કરી. શાસ્ત્રના પોથા ઉપાડી ઉપાડીને ભ્રમણા કાઢી ભ્રમણા. આહા..હા..! આ તો નિશ્ચયનું કથન છે. હવે એમ કહેતા હશે આ. પણ વ્યવહારનું એટલે શું? બોલાય છે કે આણે આ કર્યું. એટલે એમ છે નહિ. કરી શકાતું નથી. કેમ હશે? દેવશીભાઈ! આ બધા મકાન-બકાન કર્યાને તમે? એમાંથી પૈસા તારવ્યા, થોડા થોડા કરીને મકાન કર્યું લ્યો! પૈસા તારવ્યા એટલે વધાર્યા. ભેગા કરીને ક્યાં પૈસા ત્યાંથી લઈને આવ્યા નહોતા કાંઈ. એ કરી શકતો હશે કે નહિ આત્મા? નહિ?

બાયુંનો આત્મા હુશિયાર હોય એ દૂધપાક સારા કરે, પુડલા સારા કરે. એ કાંઈ એવી ફુહડને બેસાડતા હશે પુડલો કરવા? પુડલો કોણ કરે ખબર છે તમને? પુડલો હોય આમ ઘઉંનો એ પાછળ સરખો થાય, બહુ દાઝી ન જાય, ચારે કોર સરખો થાય લ્યો. હુશિયાર માણસનું કામ નહિ? લ્યો આ ખાખરા બહુ પાતળા હોય. એ પાતળા હોય અને સરખી અગ્નિ રહે તો તો સરખો થાય, નહિતર ક્યાંય દાઝીને ઓલો થઈ જાય પાતળો તો કાણુ પડી જાય. ખાખરા થાયને ઘઉંના. પાતળા બહુ પાતળા. એ પછી સરખું નાખી એ સરખું અગ્નિ પડી તો ફટ ઉપાડવો જોઈએ, ફટ પાછો આમ નાખે તો સરખો શેકાય. રોટલીથી વધારે શેક એને આવે. એમ એણે ધ્યાન રાખવું પડે કે નહિ? એય..! ન્યાલભાઈ! આ તો બાયડીયુંની કળા પણ ખોટી નીકળી. પુડલો સારો નાખીને... ઝીણું પોતું નાખે તો જાણે અંદર જાય ને બહાર જાય ને સરખું થાય. કહે છે કે પરનું કાંઈ કરવું એ તારામાં ગુણ નથી. મિથ્યાદષ્ટિ તું માનીને બેઠો છો એમ કહે છે. આહા..હા..! પછી આ ભોક્તૃત્વનો બોલ વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર વદ ૩, રવિવાર, તા. ૦૮.૧૨.૧૯૬૮**
**ગાથા-૯૫, પ્રવચન-૮૯**

અકર્તૃત્વ તક આયા હૈ દેખો. ક્યા કહતે હૈં? બહુત સૂક્ષ્મ વિષય હૈ. યહ આત્મા હૈ આત્મા, સર્વજ્ઞ પરમેશ્વરને જો છહ દ્રવ્ય દેખે હૈં છહ દ્રવ્ય. અનંત આત્મા, અનંત પરમાણુ, અસંખ્ય કાળાણુ ઔર એક ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ. તો કહતે હૈં કિ પ્રત્યેક દ્રવ્ય મેં વિસ્તાર-ચૌડાઈ મેં રહનેવાલે અનંત ગુણ હૈં ઔર અનંત લંબાઈ મેં ક્રમસર હોનેવાલી પર્યાય હૈ. ગુણ ઔર પર્યાય સે વહ દ્રવ્ય પહચાના જાતા હૈ. અપના અપના ગુણ ઔર અપની પર્યાય સે વહ દ્રવ્ય પહચાના જાતા હૈ, લક્ષ મેં આતા હૈ. ગુણ ઔર પર્યાય વહ લક્ષણ હૈ ઔર દ્રવ્ય જો પહચાના જાતા હૈ વહ લક્ષ્ય હૈ. કહો, સેઠી! ભારે વાત ભાઈ આ. સમજ મેં આયા? સૂક્ષ્મ બાત હૈ. તત્ત્વ કી બાત હૈ તો કહતે હૈં, દેખો યહાં આયા હૈ.

**'કર્તૃત્વ, અકર્તૃત્વ,...'** પ્રત્યેક પદાર્થ મેં વિસ્તારપને-ચૌડાઈપને રહનેવાલા એક કર્તૃત્વ નામકા ગુણ હૈ કિ જો ગુણલક્ષણ સે, જો ગુણલક્ષણ સે દ્રવ્ય લક્ષ મેં આતા હૈ. પ્રત્યેક પદાર્થ અપની પર્યાય કા કર્તા હૈ ઐસા ઉસમેં કર્તૃત્વ નામ કા ગુણ હૈ. પર કા કર્તા નહીં ઔર પર સે અપને મેં હોતા નહીં. સમજ મેં આયા? સૂક્ષ્મ વિષય હૈ. જૈન તત્ત્વ પ્રતીતમેં યથાર્થપને (આના ચાહિયે). જ્ઞેય હૈ, યહ જ્ઞેય કા અધિકાર હૈ. તો જ્ઞેય નામ પ્રત્યેક પદાર્થ જ્ઞાન મેં જ્ઞાન મેં જાનને લાયક હૈ. તો જાનને લાયક પદાર્થ હૈ તો ઉસ પદાર્થ કા લક્ષણ ક્યા? સમજમેં આયા? કલ બહુત ગુણ આયે. યહાં કર્તૃત્વ, અકર્તૃત્વ આખિર મેં આયે હૈં. પ્રત્યેક આત્મા અપને મેં કર્તૃત્વ ગુણ રખતા હૈ. ઉસ કર્તૃત્વગુણ કે લક્ષણ સે, ચિહ્ન સે, લિંગ સે, લિંગ કહો ચિહ્ન કહો, ગુણ કહો, લક્ષણ કહો, ઉસસે આત્મા યહ હૈ, યહ આત્મા હૈ ઐસા લક્ષ મેં-પહિચાનને મેં આતા હૈ. કહો, સમજમેં આયા? પર કા ગુણ ઔર પર કી પર્યાય સે પરદ્રવ્ય પહિચાનને મેં આતા નહીં.

અકર્તૃત્વ ગુણ. અપને આત્મા મેં ઐસા એક અકર્તૃત્વ ગુણ હૈ કિ શરીર આદિ પરદ્રવ્ય કી કુછ ભી ક્રિયા આત્મા કર સકતા નહીં. ઔર પરમાણુ મેં ભી ઐસા એક અકર્તૃત્વ ગુણ હૈ ઈસ રજકણ મેં ચૌડા-ચૌડા સદા અવિનાશી રહનેવાલા ઐસા અકર્તૃત્વ ગુણ હૈ, કિ (જિસસે) એક પરમાણુ દૂસરે પરમાણુ કી અવસ્થા કા કર્તા બન સકતા નહીં ઔર એક પરમાણુ કી પર્યાય અપની આત્મા કી વિકારી-અવિકારી પર્યાય કો કર સકતા નહીં.

મુમુક્ષુ :- ઝાઝા થઈને કરે.

ઉત્તર :- ઝાઝા થઈને કરે નહિ, એકેય થઈને કરે નહીં.

કલ દૃષ્ટાંત દિયા થા. કર્મ કા ઉદય હૈ, કર્મ કા ઉદય વહ જડ હૈ. બહુત પરમાણુ કી

વહ પર્યાય હૈ ઉદય વિપાક. તો વિપાક કર્મ કા વિપાક હૈ વહ પર્યાય પુદ્ગલ કી હૈ. ઉસ પુદ્ગલ મેં અકર્તૃત્વ નામ કા ગુણ રહા હૈ, તો વહ પર્યાય વિપાક હુઆ તો વહ આત્મા કો વિકાર કરાવે (ઐસા હોતા નહીં), ઐસા પરમાણુ મેં અકર્તૃત્વ ગુણ હૈ તો કરા સકે ઐસા ગુણ નહીં. સમજ મેં આયા? બહુત સૂક્ષ્મ.

આ પરની દયા પાળી શકે એવો આત્મામાં ગુણ નથી એમ કહે છે. ક્યોંકિ પર કર કા સકતા નહીં ઐસા અકર્તૃત્વ નામકા આત્મા મેં ગુણ હૈ. ભગવાન પરમેશ્વર તીર્થંકરદેવ કેવલજ્ઞાની પરમાત્મા ને પ્રત્યેક વસ્તુ મેં સામાન્યગુણ વિસ્તાર સે રહે હુએ, ચૌડાઈ મેં પ્રસરકર રહે હુએ ઉસમેં અનંતગુણ સામાન્ય હૈ. તો કિતનોં કા નામ લિયા હૈ. તો ઐસા એક અકર્તૃત્વ નામકા આત્મા મેં ગુણ હૈ કિ પર કી દયા કા પાલના વહ અકર્તૃત્વ ગુણ કે કારણ કર સકતા નહીં ઐસા કહતે હૈં. કહો, શેઠી! યે પૈસે કમાને કી પર્યાય આત્મા કર સકતા નહીં ઐસા અકર્તૃત્વ ગુણ હૈ ઐસા કહતે હૈં.

મુમુક્ષુ :- સિદ્ધ કી...

ઉત્તર :- સિદ્ધ કી... સબ આત્મા ઐસા હૈ. કહો, મલૂકચંદભાઈ! અકર્તૃત્વ. પૈસા કમાના, પૈસા આના ઉસકા આત્મા કર સકે ઐસા આત્મા મેં ગુણ હૈ નહીં.

મુમુક્ષુ :- ખાતરી થઈ ગઈ.

ઉત્તર :- એ તો બીજી રીતે ખાતરી થઈ હતી. કહો, સમજ મેં આયા? એ તો એ વખતે નહોતું થવાનું તો ન થયું, થવાનું હોય તો થાય, એ તો એમણે ક્યાં..? એ તો કર્તા નથી એ તો સિદ્ધ થાય છે. આહા..હા..!

આત્મા મેં અકર્તૃત્વ નામ કા એક ગુણ ચૌડાઈ સે, વિસ્તાર સે આત્મા કે સાથ અવિનાશીપને કાયમ રહતા હૈ. તો વહ અકર્તૃત્વગુણ પર કોઈ ભી આત્મા કી, અથવા કોઈ રજકણ કી પર્યાય કો, પર કા કાર્ય કરે ઐસા આત્મા મેં ગુણ હૈ નહીં. ઔર પરમાણુ મેં ભી ઐસા ગુણ નહીં કિ જો આત્મા કા કાર્ય કરે. કિતના સ્પષ્ટ હૈ! ઉસકી તકરાર નિશ્ચય, વ્યવહાર, યહ ઔર વહ. સમજ મેં આયા? ઝવેરચંદભાઈ! આ આવું ઝીણું છે આ.

મુમુક્ષુ :- કઠણ પડે.

ઉત્તર :- કઠણ પડે. અભ્યાસ કે દિ' કર્યો છે કોઈ દિ'? ઓલા ધૂળના ધંધા આડે નવરાશ કે દિ' લીધી છે આ? એ..! કપુરભાઈ! વાત તો સાચી છે કે નહિ?

મુમુક્ષુ :- ધૂળનો ધંધો કહેવાય?

ઉત્તર :- ધૂળનો નથી તો શું છે? ધૂળનો કર્યો નથી, રાગ કા ધંધા કિયા હૈ. રાગ કા ધંધા કિયા તો રાગ કા રાગ કિયા તો પર કા પૈસા કમાના હુઆ યા વ્યવસ્થા હુઈ ઐસા હૈ નહીં ઐસા કહતે હૈં. કપુરભાઈ! ઇસલિયે હમ દુકાન કી ગદ્દી પર બૈઠકર બરાબર ધ્યાન રખે તો ઉસસે પરપદાર્થ કી વ્યવસ્થા હો જાતી હૈ. તો આત્મામેં ઐસા હૈ નહીં ઐસા

કહતે હૈ.

મુમુક્ષુ :- દેખને મેં તો આતા હૈ.

ઉત્તર :- કૌન દેખને મેં આતા હૈ? ઉસકે કારણ સે પર્યાય આતી હૈ, ઉસકે કારણ સે જાતી હૈ. ઉસકા કર્તા-હર્તા તો વહ દ્રવ્ય હૈ. કોઈ પરદ્રવ્ય ઉસકા કર્તા-હર્તા હૈ નહીં. કેમ હશે? એય..! પોપટભાઈ! યહ આપ કે સાલે સુન સકે? વહ તો ઉસકા સાલા હૈ ન, ઉસકે પાસ ૪૦ કરોડ રૂપયે હૈ. પોપટભાઈ હૈ ન, પોપટભાઈ હૈ ન ઉસકા સાલા હૈ ન, શાંતિલાલ ખુશાલ, ગોવા. ૪૦ કરોડ. યહ ઉસકા બહનોઈ હૈ. ઔર ૮૦ કરોડ કા અભી... ક્યા કહતે હૈં? એલ્યુમિનિયમ નિકલા. ૪૦ કરોડ તો હૈ ઔર ૮૦ કરોડકા એલ્યુમિનિયમ ખાન મેં સે નિકલા. ક્યા ધૂલ હૈ કિ ઉસને બનાયા હૈ? કુછ નહીં હૈ. ઉસકા કુછ કર સકતા નહીં ઐસા કહતે હૈં. વહ રાગ કર સકતા હૈ. રાગ કા કરના ઉસમેં ધર્મ હૈ. ઔર પર કા નહીં કરના ઐસા ઉસમેં ગુણ હૈ. કઠિન બાત બહુત. યે લડકે કો અભ્યાસ કરવાયે, ધ્યાન દે. રામજીભાઈ ને સુમનભાઈ કો કિતના પઢાયા કિ નહીં? આઠ હજાર કા પગાર હુઆ વહ પઢાયા ઈસલિયે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કિસકા અધિકારી? જડ કા? કરોડપતિ કહના વહ જૂઠ હૈ ઐસા યહાં તો કહતે હૈં. અપની પર્યાય કા પતિ હૈ. અજ્ઞાની માનતે હૈ પર કી પર્યાયકા પતિ તો મિથ્યાદર્શન (હૈ). યહ સમ્યગ્દર્શન કી વ્યાખ્યા હૈ. યહ અધિકાર સમ્યગ્દર્શન કા અધિકાર હૈ. ભગવાન કુંદકુંદાચાર્ય મહારાજ દિગંબર મહા મુનિ થે. સંવત્ ૪૯, જંગલ મેં રહતે થે ઔર ભગવાન કે પાસ, સીમંધર પરમાત્મા કે પાસ ગયે થે. આઠ દિન રહે થે. વહાં સે આકર યહ બનાયા હૈ. ભગવાન પરમેશ્વર કા માર્ગ યહ હૈ કિ એક દ્રવ્ય મેં અકર્તા નામ કા ગુણ હૈ તો દૂસરા દ્રવ્ય કા કિંચિત્ ફેરફાર-હેરફેર કર સકતે નહીં. રતિભાઈ! રતિભાઈ સુનતે તો હૈ બરાબર. સુન સકતે હૈ. કાન મેં બહુત ઐસા નહીં. કહો, સમજ મેં આયા કુછ? કહો, ભગવાનજીભાઈ! આ જુઓને, શરીરનું સળેખમ થાય તો કરી શકે છે કાંઈ?

મુમુક્ષુ :- રાત્રે તો નહોતા કરી શક્યા.

ઉત્તર :- રાત નહોતા આવ્યા. પૂછ્યું હતું એના છોકરાને, તો કહે સળેખમ છે. એક પરમાણુ, એક પોઈન્ટ રજકણ જો પુદ્‌ગલ હૈ ઉસકે અંદર મેં ભી એક પરમાણુ મેં અકર્તા નામકા ગુણ વિસ્તાર ચોડાઈ મેં પડા હૈ તો દૂસરે પરમાણુ કી પર્યાય કર સકે ઐસા ગુણ હી નહીં હૈ. ઉસ ગુણ સે તો પરમાણુ લક્ષ મેં આતા હૈ, ઉસ ગુણ સે તો પરમાણુ પહચાનને મેં આતા હૈ. દૂસરે ગુણ સે દૂસરે કા દ્રવ્ય પહચાનને મેં આતા હૈ ઐસા તીન કાલમેં હોતા નહીં. કહો, કેમ હશે? રતિભાઈ! કર્તા કાંઈ નહિ? આટલા આટલા બધા સંચા ચાલે છેને? કેટલું દુકાને છે, સંચા ચાલે છે. સંચા ચાલતા નથી? ચાલે છે એની કોણે ના પાડી? ચાલે

છે એમ કીધું. પણ આને લઈને ચાલે છે એમ ક્યાં આવ્યું એમાં? ચાલે છે એમ કીધુંને. સંચા ચાલે છે, દુકાનું ચાલે છે, તો એ તો એના પર્યાયને કારણે ચાલે છે. સક્રિય કીધું હતુંને? આહા..હા..! કહો, અમુલખભાઈ! એક લકડી આત્મા ઊંચી કર સકતા હૈ ઐસી તીન કાલમેં શક્તિ નહીં ઐસા કહતે હૈં.

મુમુક્ષુ :- સેઠ નહીં કરે, મજદૂર કરે.

ઉત્તર :- મજદૂર ભી કરે નહિ, સેઠ ભી કરે નહિ. સેઠ અભિમાન કરે કિ મૈંને કિયા. નોકર ઐસા અભિમાન કરે કિ મૈંને સેઠ કો અનુકૂલ લગાને કો કામ કિયા. અભિમાન કરે, દૂસરા કુછ કર સકતા નહીં. આહા..હા..! કઠિન બાત ભાઈ! સમજ મેં આયા કુછ? તબ ઐસા માનના કિ હમ પર કા કુછ કર સકતે નહીં તો કિસી કો મારકર કહના કિ હમ કુછ કરતે નહીં. એક લડકા બાત કરતા થા કિ મહારાજ ના કહતે હૈં કિ કુછ કરતા નહીં. દેખો મૈને કુછ કિયા નહીં. મૈં તો અકર્તા હૂં. પણ મુઠ્ઠી મારવાનો વિકલ્પ થયો અને તેથી મુઠ્ઠી વાગી એવું તેં માન્યું ક્યાંથી પણ પહેલું? એ છોકરા એમ શીખ્યા હતા કેટલાક. મહારાજ કહે છે, આપણે કાંઈ કરતા નથી. જુઓ આ પથરો મારું છું એ હું કરતો નથી હોં! એ પથરો મારાથી નથી જાતો. પણ મારવાનો વિકલ્પનો કર્તા ક્યાંથી થયો કે હું પરનું આ કરી શકું છું? એ પરની ક્રિયા કરી શકતો નથી. પરકી ક્રિયા કર સકતે હી નહીં તીન કાલ મેં. વહ કહતે હૈં દેખો!

અકર્તૃત્વ ગુણ હૈ. દેખો! ઓહો..હો..! અનંત આત્માઓ, અનંત પરમાણુ મેં પ્રત્યેક મેં ભગવાનને ઐસા દેખા હૈ કિ કિસી ભી પદાર્થ કિસી કી કુછ ક્રિયા કર સકે ઐસા કિસી દ્રવ્ય મેં ગુણ હમને દેખા નહીં. ન કર સકે ઐસા ગુણ હમને દેખા હૈ. કહો, સમજ મેં આયા? દૂસરે કા દોષ, એક પદાર્થ દૂસરે પદાર્થકા ન કર સકે ઐસા ગુણ હમને દેખા હૈં. ભગવાન કહતે હૈં. પરંતુ દૂસરે દ્રવ્ય કા દૂસરા દ્રવ્ય કરે ઐસા ગુણ તો હમને દેખા નહીં તો આપ ઐસા કહાં સે માનતે હો? કહો સેઠી! '**ભોક્તૃત્વ,...**' અકર્તૃત્વ. ક્યા કહા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કિસને હિલાયા? કિસી ને હિલાયા નહીં. હિલાયા વહ બાત ભી જૂઠ હૈ. યહ જૂઠ બાત હૈ. મેરુ કોઈ હિલા સકે નહીં. ઇન્દ્ર ઐસી પરીક્ષા નહીં કરતે. ઇન્દ્ર કો માલૂમ નહીં કિ ભગવાન કે શરીર કી શક્તિ કિતની હૈ?

મુમુક્ષુ :- મેરુ કભી હિલ સકતા હૈ?

ઉત્તર :- વહ સબ બાતેં ગપ હૈ. આતા હૈ માલૂમ હૈ ન. આદિપુરાણમેં આતા હૈ. કુછ હિલતા નહીં. ઇન્દ્ર ઐસી પરીક્ષા કરતે હોંગે? ઉસકા બલ આત્મા કા બલ આત્મા મેં, શરીર કા બલ શરીર મેં. શરીર કે બલ સે પર મેં કુછ હોતા હૈ ઐસા કુછ હૈ નહીં. ઐસા માને વહ અજ્ઞાની જૈન નહીં, વહ જૈન નહીં. સમજ મેં આયા? જો કોઈ એક દ્રવ્ય કી

ચીજ દૂસરે દ્રવ્ય કા કુછ કરે ઐસા માને વહ જૈન નહીં. અન્યમતિ હૈ, મિથ્યાદષ્ટિ હૈ ઐસા કહતે હૈં. વહ કહતા હૈ કિ ન કરે ઐસા માને વહ જૈન નહીં. અરે..! ભગવાન! બહુ ઊંધું. અરે..! તુજે માલુમ નહીં? યે પ્રત્યેક રજકણ શ્વાસ કે ચલતે હૈં તો ઉસકે કર્તૃત્વ ગુણ કે કારણ સે પરિણમન હોતા હૈ, કર્તૃત્વ ગુણ સે હોતા હૈ ઔર પર કા તો અકર્તા હૈ વહ. આત્મા કી અંદર પર્યાય હૈ ઉસકા વહ પર્યાય અકર્તા હૈ, ઔર આત્મા ઉસ શ્વાસ કી પર્યાય કા અકર્તા હૈ. આત્મા અપને અકર્તૃત્વ ગુણ કે કારણ શ્વાસ ચલતા હૈ ઉસકા અકર્તા હૈ. શ્વાસ આત્મા કે કારણ સે ઐસા ચલતા હૈ ઐસા તીન કાલમેં નહીં. કહો, જાધવજીભાઈ! શ્વાસ ભી આત્મા ચલાતા નહીં તો ફિર બાહર કા કામ કૌન કર સકતા હૈ? મૂઢ માનતે હૈં ઐસા કહતે હૈ. કહો, ઝવેરચંદભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ક્યાં કરી શકે? પણ કોણ કરી શકે? પહેલું કહ્યું કે પોતાના પર્યાય પરિણામને આત્મા કરી શકે એવો ગુણ એનામાં છે. રાગ કરે, અજ્ઞાન કરે, આનંદ કરે, જ્ઞાન કરે, શાંતિ કરે ઐસા કરને કા આત્મા મેં ગુણ હૈ, પરંતુ પર કા કરને કા ગુણ આત્મા મેં હૈ નહીં. કહો, સમજમેં આયા? દેશ કા કર દે, નાત કા કર દે, ગાંવ કા કર દે, કોઈ આત્મા બહુત હોંશિયાર હો યે નેતા-બેતા, નેતા કહતે હૈં હમ સબકા કરતે હૈ. સબ જૂઠ હૈ ઐસા કહતે હૈં. એક દ્રવ્ય કી અવસ્થા દૂસરા કોઈ કર સકે ઐસા કોઈ દ્રવ્ય મેં ગુણ હી હૈ નહીં. અકર્તૃત્વ ગુણ હૈ, અપની પર્યાય અપને સે હૈ ઐસા કર્તૃત્વ હૈ, ઔર પર કી પર્યાય અપને સે નહીં હો ઐસા અકર્તૃત્વ ગુણ હૈ. કહો, યહ હોંશિયાર વ્યાપાર-ધંધા કરતે હૈ? હમ ગયે થે વિલાયત. લંડન ઔર અમેરિકા પઢકર આયે હૈં. ઔર બડા પગાર વિશેષ. એક જન કહતા થા, કિ વહાં તીન-તીન હજાર કા પગાર મિલતા હૈ, હમેં તો યહાં પાંચસો-આઠસો કા પગાર મિલે તો ભી હમ રહ જાયે. યહાં તો મિલતા નહીં તો હમ અમેરિકા જાતે હૈ. સેઠી! ઓલા ભણી આવે ને ત્યાં ત્રણ-ત્રણ હજારના પગાર મળે. ત્યાં તો ખર્ચ ઘણો હોય તો કાંઈ ગણે નહિ. ખર્ચ એમાં ડૂલી જતું હોય એમાં બધું. પણ અહીં તો કહે પણ પાંચસોનો, સાતસોનો પગાર મળશે. હવે મળવું, ન મળવું એ તો વર્તમાન આવવાની ક્રિયા પૈસા આવવાના હોય એ આવશે. શું તારી કલ્પનાથી આવશે? તારી કલ્પના કે કારણ વહ આયેગા? કહો, સમજ મેં આયા?

અબ '**ભોક્તૃત્વ,...**' ગુણ. સબ પદાર્થ મેં ભોક્તા નામ કા ગુણ હૈ. આત્મા અપની પર્યાય કો ભોગે ઐસા ગુણ હૈ, પરંતુ આત્મા આહાર ખા સકે, પાની પી સકે, મોસંબી ખા સકે ઐસા આત્મા મેં ગુણ હૈ નહીં. ભારે વાત ભાઈ!

મુમુક્ષુ :- ખાવાનું નથી પણ પીવાનું તો છેને.

ઉત્તર :- પણ પીવાનું, ખાવાનું એક જ થઈ ગયું. પાની પીના હૈ વહ ભી ભોગતા

હૈ ન? પાની આત્મા પી સકતા હૈ, આહાર ખા સકતા હૈ ઐસા આત્મા મેં હૈ નહીં. આત્મા અપની પર્યાય કા ભોક્તા હૈ. સમજ મેં આયા? પર કી પર્યાય આત્મા ભોગ સકતા નહીં. ઓહો..હો..! લડ્ડુ, દાલ, ભાત, શાક, સ્ત્રી કા વિષય ભોગાદિ, કહતે હૈં કિ ઉસ પર્યાય કા આત્મા ભોક્તા હૈ નહીં, ભગવાન! તુજે માલૂમ નહીં હૈ, ભાઈ! તેરી અવસ્થા મેં જો રાગાદિ હોતા હૈ ઉસકા તુમ ભોક્તા હૈ. પરકી અવસ્થા કા ભોક્તા હૈ નહીં. મૂઢ અજ્ઞાની માનતે હૈં. કહો, સમજ મેં આયા? આહા..હા..! દાલ, ચાવલ, રોટી, શરીર, મકાન, જેવર ઉસકા આત્મા ભોક્તા નહીં ઐસા કહતે હૈં. આત્મા મેં ઐસા ગુણ નહીં. અપના ભોક્તા હૈ અપની ગુણ કી પર્યાય કા. કહો, ધીરૂભાઈ! સારું શરીર હોય તો સારું ખાઈ શકે કે નહિ? અચ્છા શરીર હો લો. આહા..હા..! ભોક્તૃત્વ ગુણ આત્મા મેં હૈ. ઐસા પરમાણુ મેં ભી હૈ, છહોં દ્રવ્ય મેં હૈ (ઐસા) યહાં કહના હૈ. દૂસરી જગહ કહતે હૈ કિ ભોક્તાગુણ આત્મા મેં હૈ. પરંતુ વહ સુખ, આનંદ (ભોગે). યહ તો છહોં દ્રવ્ય મેં ભોક્તાગુણ હૈ. પરમાણુ મેં ભોક્તાગુણ હૈ, યહ રજકણ જડ મેં. તો વહ પર્યાય અંદર વ્યય હો જાતી હૈ તો ઉસકા ભોક્તા પરમાણુ હૈ, આત્મા ઉસકા ભોક્તા નહીં ઔર આત્મા અપની પર્યાય ભોગતા હૈ તો પરમાણુ ઉસકો ભુગતાતા ઐસા ભી નહીં. દાલ, ચાવલ, રોટી આત્મા કો ભોક્તા બનાતે હૈ ઐસા નહીં ઔર આત્મા ઉસકો ભોગતા હૈ ઐસા ભી નહીં. ભાઈ! પૈસા મિલા, ખાના પીના અચ્છા મિલા તો ઉસકો ભોગો. કહો, ભગવાન ને દિયા હૈ તો ભોગો. મૂઢ હૈ. ભગવાન ક્યા દે? વહ તો જડ સંયોગી ચીજ હૈ. તો આત્મા ઉસકા ભોક્તા હો સકતા હૈ? સમજ મેં આયા? ઓહો..હો..!

ભગવાન આત્મા ઉસમેં ઐસા ગુણ હૈ કિ અપની અવસ્થા નિર્મલ આદિ કા યા મલિન આદિ કા ભોક્તા હો, પરંતુ પર કા ભોક્તા તો અજ્ઞાન મેં ભી, અજ્ઞાન મેં ભી, મિથ્યાત્વભાવ મેં ભી પર કા ભોક્તા તો હૈ નહીં. ઓહો..હો..! જિસકા ગુણ જૈસા હૈ ઐસા જ્ઞેય કા ન માને તો વહ જ્ઞેય કી ઉસકો સચ્ચી પ્રતીતિ નહીં હૈ. તો શ્રદ્ધા ભી સચ્ચી નહીં હૈ. સચ્ચી શ્રદ્ધા નહીં હૈ વહાં સબ જ્ઞાન ઔર ચારિત્ર સબ જૂઠા હૈ. ઐસી સચ્ચી શ્રદ્ધા કિયે બિના એકદમ સંયમ-બંયમ લે લેતા હૈ યા ક્રિયા કરતા હૈ, વહ તો સબ મિથ્યા હૈ. ઉસમેં કોઈ સંયમ-ફંયમ હૈ નહીં. દેખો!

**'ભોક્તૃત્વ,...'** ભોક્તૃત્વ હૈ ન? ભોક્તાપના. **'અભોક્તૃત્વ,...'** એક પદાર્થ દૂસરે કા અભોક્તા હૈ, ઐસા અભોક્તા નામ કા ગુણ હૈ. દાલ, ચાવલ કા આત્મા અભોક્તા હૈ ઐસા કહતે હૈં. મકાન કા ભોક્તા, ભાઈ! મકાન અચ્છા બનાઓ, હમેં રહને કો કામ આયેગા. રહેવાને ઓટલો હોય, ખાવાને રોટલો હોય. એમ કહે છે કે નહિ? એઈ..! એમ વાતું કરે છે, આપણે તો સાંભળીએ.

મુમુક્ષુ :- મુંબઈમાં ખાવાને રોટલા મળે, પણ ઓટલો ન મળે.

ઉત્તર :- હા, ઓટલો ન મળે એમ કહે છે. ખાવાને રોટલો મળે પણ ઓટલો ન મળે, તો ઘરનો ઓટલો હોય તો પડ્યા પાથર્યા રહે. નાગા ભૂખ્યા પડ્યા રહે એમ કહે. મૂર્ખાઈનો પણ પાર છે કાંઈ? ગાડે ગાડા ભર્યા છે મૂર્ખાઈના. શેના ઓટલા અને શેના રોટલા? તારા ક્યાં હતા ઓટલા અને રોટલા? તું તો પરનો અભોક્તા છો. તારું પરનું ભોક્તા એ તારામાં નથી. આહા..હા..! સારા ઘર બનાવે તો ભોગવી શકે એમ છે નહિ. આવો વીતરાગનો માર્ગ હશે? માર્ગ નહિ, વસ્તુનું સ્વરૂપ જ આવું છે. ઐસા વસ્તુ કા સ્વભાવ હૈ. સ્વભાવ હૈ ઐસા ન માને ઔર ઉસકો ધર્મ હો જાયે. મિથ્યાદૃષ્ટિ હૈ. ધર્મ કહાં સે હોગા? સમજ મેં આયા?

લો! યહાં તો કહતે હૈં કિ પૂર્વકા પુણ્ય હૈ (ઉસકા) ભોક્તા આત્મા નહીં ઐસા કહતે હૈં. યહ પાપ કા ફલ આત્મા ભોગતા હૈ, સંયોગ નહીં ઐસા નહીં હૈ, ઐસા કહતે હૈં. પાપ કિયા નરક આદિ મિલા સંયોગ ઉસકા આત્મા ભોક્તા નહીં ઐસા કહતે હૈ. અપની વિકારી પર્યાય કા ભોક્તા હૈ. પર કા ભોક્તા નહીં. કહો, સમજ મેં આયા? યહ આત્મા મેં ગુણ હૈ ઔર પરમાણુ મેં સબ મેં. ઈસ ગુણ દ્વારા લક્ષણ ગુણ હૈ ઉસકે દ્વારા લક્ષ આત્મા કા (કરના) હૈ. પર કા અભોક્તા હૈ ઐસે ગુણ સે આત્મા જાનને મેં આતા હૈ.

**'અગુરુલઘુત્વ...'** આત્મા ઔર છહોં દ્રવ્ય મેં એક અગુરુલઘુ નામ કા ગુણ હૈ. સમજ મેં આયા? ઉસકે કારણ ઉસકા દ્રવ્ય-ગુણ-પર્યાય ભિન્ન હોતે નહીં, બિખરતે નહીં, ભિન્ન નહીં હો જાતે, અપને મેં સબ રહતે હૈં. ઐસા સબ દ્રવ્ય—અનંત આત્મા, અનંત પરમાણુ, અગુરુલઘુત્વ કે કારણ અપને ગુણ ઔર પર્યાય સે ભિન્ન પડતે નહીં ઔર અપની સ્થિતિ મેં રહતે હૈં, ઐસા અગુરુલઘુ નામ કા સબ પદાર્થ મેં ગુણ હૈ. 'ઈત્યાદિક...' હૈ. ઈત્યાદિ મેં વસ્તુત્વગુણ હૈ, એક પ્રમેયત્વગુણ હૈ. દો રહ ગયે હૈં ખાસ. વસ્તુત્વગુણ, વસ્તુત્વગુણ હૈ એક. ઈસમેં નહીં લિયા હૈ. વસ્તુત્વ. પ્રત્યેક પદાર્થ મેં વસ્તુત્વગુણ હૈ. વસ્તુત્વગુણ કા અર્થ અપના પદાર્થ અપને પ્રયોજન કી સિદ્ધિ કરતા હૈ. પર કે પ્રયોજન કી સિદ્ધિ કોઈ પદાર્થ કર સકતા નહીં. કહો, આ છોકરાઓની પ્રયોજન સિદ્ધિ કરે કે નહિ? આ દવાખાનામાં પૈસા ભેગા કરીને રાખે એના માટે. એકનો એક છોકરો છે, રાખો. કોના માટે રાખે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ એક છોકરો હોય તો શું કરે? હજી તો મોટો થાય, ભણે, ડોક્ટર થાય ત્યારે ખરું. તો એના માટે... બીજાનું પ્રયોજન સિદ્ધ આત્મા કરે કે નહિ?

કહતે હૈ કિ પ્રત્યેક પદાર્થ મેં-અનંત આત્મા મેં, અનંત પરમાણુ મેં, અસંખ્ય કાળાણુ મેં, એક ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ ભગવાન ને છઃ દ્રવ્ય દેખા હૈ. સંખ્યા સે અનંત, જાતિ સે છ. તો પ્રત્યેક પદાર્થ મેં અપના પ્રયોજન સિદ્ધ કરના ઐસા અપને મેં ગુણ હૈ, પર કા પ્રયોજન સિદ્ધ કર સકે ઐસા ગુણ હૈ નહીં. આહા..હા..! સમજ મેં આયા? વસ્તુત્વ.

વસ્તુ કા વસ્તુત્વ ગુણ. ઓહો..હો...! કુછ તત્ત્વકી ખબર નહીં, આત્મા ક્યા હૈ, રજકણ ક્યા હૈ. અંધે અંધા ચલે જાયે, ફિર કહે કે મુજે ધર્મ હોતા હૈ. ક્યા ધૂલ મેં ધર્મ હોતા હૈ? ધર્મ કી તો ખબર નહીં. વસ્તુત્વ. પ્રત્યેક આત્મા અપને પ્રયોજન કી સિદ્ધિ કર સકે. શરીર કે પ્રયોજનકી, સ્ત્રી કે પ્રયોજન કી, કુટુંબ કે પ્રયોજન કી, દેશકે પ્રયોજન કી, નાતકે પ્રયોજન કી સિદ્ધિ કર સકે ઐસા આત્મા મેં ગુણ હૈ નહીં ઔર પરમાણુ મેં ભી ઐસા ગુણ હૈ નહીં. સમજ મેં આયા? વસ્તુત્વ. યહ તો ઇત્યાદિ શબ્દ હૈ ન, ઇસલિયે એક-દો અધિક લેને ચાહિયે ન?

પ્રમેયત્વગુણ એક હૈ. છહોં દ્રવ્ય મેં એક પ્રમેયત્વ નામ કા ગુણ હૈ. તો કિસી ભી જ્ઞાન મેં જનાયે બિના વહ રહે નહીં. અનાદિ સે પ્રમેયત્વ ગુણ હૈ ઔર જાનનેવાલા પ્રમાણ જ્ઞાન ભી અનાદિ સે હૈ. સમજ મેં આયા? આત્મા મેં પ્રમેયત્વ ગુણ હૈ તો અપને જ્ઞાન મેં પ્રમેયત્વ નામ જનાયે ઐસા ઉસમેં ગુણ હૈ. કોઈ કહે કિ અપના આત્મા અપને કો જાનને મેં આતા હૈ? હાં, પ્રમેયત્વ ગુણ હૈ ઉસમેં. પ્રમેયત્વ નામ મેયત્વ નામ જ્ઞાન મેં માપ આનેવાલા. તો અપની જ્ઞાનકી પર્યાય મેં અપના આત્મા જાનને મેં આતા હૈ ઐસા પ્રમેયત્વ નામકી શક્તિ-ગુણ આત્મા મેં વિસ્તારરૂપ-ચોડાઈરૂપ સે રહી હૈ. યહ પ્રમેયત્વગુણ કે લક્ષણ સે આત્મા હૈ ઐસા પહચાના જાતા હૈ. કહો સેઠી! કોઈ કહતા હૈ કિ આત્મા જાનને મેં આયે? આત્મા મેં પ્રમેયત્વ ગુણ હૈ. ન જનાયે તો પ્રમેયત્વગુણ કા નાશ હોતા હૈ. સમજ મેં આયા?

પર જાનને મેં આયા. પર જાનને મેં આયા તો ઉસમેં પ્રમેયત્વગુણ હૈ તો તેરે જ્ઞાન મેં આતા હૈ, ઉસકા જ્ઞાન હાં ઉસ સંબંધી. પ્રમેયત્વ ઉસ મેં ભી હૈ, પ્રમેયત્વ તેરે મેં ભી હૈ. પર સબ પદાર્થ મેં પ્રમેયત્વ નામ કા ગુણ હૈ, તો ઉસ કારણ સે જ્ઞાન કા વિષય જ્ઞાન મેં આતા હૈ ઐસા અપના ગુણ હૈ. આત્મા અપને જ્ઞાન મેં આતા હૈ ઐસા અપને મેં ગુણ હૈ. વહ કહે કે આત્મા ન જાનને મેં નહીં આતા, તો મૂઢ પ્રમેયત્વગુણ કો ઔર આત્મા કો માનતા નહીં. સમજમેં આયા? સૂક્ષ્મ વિષય ચલતા હૈ યહ.

જ્ઞેય હૈ ન? તો પદાર્થ મેં પ્રમેય નામ કા જ્ઞેય મેં ગુણ હૈ. તો જ્ઞેય જ્ઞાન મેં ન જાનને મેં આયે ઐસા હોતા હી નહીં ઐસા કહતે હૈં. આહા..હા..! જિતને જ્ઞેય હૈં સબ કા જ્ઞાન-જ્ઞેય કા જ્ઞાન આયે બિના રહતા નહીં. ઐસી જ્ઞેય કી પ્રમેયત્વ નામ કી શક્તિ (હૈ). આત્મા મેં જ્ઞાન નામ કી શક્તિ ઔર ઉસકી પ્રમેયત્વ નામ કી ભી શક્તિ. અપને જ્ઞાન દ્વારા અપને કો પ્રમેય કરકે જાનતા હૈ ઐસા આત્મા મેં અપને મેં ગુણ હૈ. સમજ મેં આયા? ઇત્યાદિ સામાન્યગુણ હૈ. છહોં દ્રવ્ય મેં સામાન્ય ગુણ હૈ. ભગવાન ને છઃ દ્રવ્ય દેખે હૈં, ઉસ ગુણ દ્વારા આત્મા જાનને મેં આતા હૈ. ઉસ ગુણ દ્વારા વહ દ્રવ્ય લક્ષ મેં આતા હૈં, બસ ઇતના કહના હૈ. ઉસ ગુણ દ્વારા દૂસરા દ્રવ્ય લક્ષ મેં આતા હૈ ઐસા વસ્તુ મેં હૈ નહીં.

**'અવગાહહેતુત્વ,...'** એક એક ગુણ લિયા હૈ. દૂસરા લિયા થા પહલે. યહ તો વિશેષ

લેના હૈ. અવગાહ. આકાશ નામ કે પદાર્થ મેં વિશેષગુણ અવગાહહેતુત્વ હૈ. અવગાહ. યે જડ-ચૈતન્ય કો અવગાહ દેના ઐસા ગુણ આકાશ મેં હૈ. સમજ મેં આયા? યહ અવગાહહેતુ ગુણ સે વહ આકાશ જાનને મેં આતા હૈ. વીતરાગમાર્ગ કે સિવા ઐસી બાત તીન કાલ મેં કહીં હોતી નહીં. સર્વજ્ઞ પરમેશ્વર, એક-એક ગુણ સે, એક-એક વિશેષગુણ સે વહ પહચાનને મેં આતા હૈ ઐસા યહાં ફરમાતે હૈ. તો આકાશ હૈ, (ઉસકા) લક્ષ્ય કૈસે આતા હૈ? કિ અવગાહ ગુણ કે કારણ સે લક્ષ મેં આતા હૈ. અવગાહ ગુણ લક્ષણ હૈ ઔર દ્રવ્ય લક્ષ્ય હૈ. યહ વિશેષગુણ કહા. સામાન્ય તો આતે હૈં. કર્તૃત્વ, અકર્તૃત્વ સબ ગુણ સામાન્ય તો હૈ હી આકાશ મેં. કર્તૃત્વ, અકર્તૃત્વ, ભોક્તૃત્વ, અભોક્તૃત્વ ઉપર કહા ન? અગુરુલઘુત્વ આદિ સબ ગુણ ઉસમેં હૈ. ચેતનત્વ આદિ નહીં. અચેતનત્વ આદિ હૈ.

'**ગતિનિમિત્તતા,...**' ધર્માસ્તિ નામ કા એક પદાર્થ હૈ. ભગવાન કેવલજ્ઞાનીને ચૌદ બ્રહ્માંડ મેં એક ધર્માસ્તિ દ્રવ્ય દેખા હૈ. ઉસમેં ગતિ (નિમિત્તતા), દૂસરા ગતિ કરે તો ઉસમેં નિમિત્તતા હો ઐસા ઉસમેં ગુણ હૈ. દૂસરા પદાર્થ ગતિ કરે તો ધર્માસ્તિ મેં નિમિત્તતા હોને કી શક્તિ હૈ. ગતિ નિમિત્તસે વહ ધર્માસ્તિ લક્ષ મેં આતા હૈ. ગતિ નિમિત્ત સે દૂસરા પદાર્થ ગતિ કરતા હૈ વહ લક્ષ મેં નહીં આતા હૈ. સમજ મેં આયા? દેખો! યહ લકડી ગતિ કરતી હૈ ન. વહ તો ઉસમેં એક ગતિ નામ કા ગુણ હૈ, વહ ક્રિયા સક્રિયગુણ હૈ. તો સક્રિયગુણ સે વહ ગુણ સે લક્ષ મેં આતા હૈ. ગતિ કરતે હૈ ઉસમેં નિમિત્તતા એક ધર્માસ્તિ પદાર્થ કી હૈ. ધર્માસ્તિ અરૂપી પદાર્થ હૈ. તો વહ ગતિ પર મેં હોતી હૈ તો ગતિ નિમિત્ત ઉસકા ગુણ હૈ, તો ગતિનિમિત્ત કે ગુણ સે ધર્માસ્તિ હૈ ઐસા લક્ષ મેં આતા હૈ. ધર્માસ્તિ પહચાનને મેં આતા હૈ. ગતિ નિમિત્ત સે વહ ચલતા હૈ ઐસા લક્ષમેં નહીં આતા. સમજ મેં આયા?

ગતિનિમિત્તતા અર્થાત્ દૂસરા પદાર્થ ચલને મેં ઉસકા ગતિ જો ગુણ હૈ ધર્માસ્તિ વહ નિમિત્ત હોતા હૈ. તો વહ ગતિનિમિત્તતા સે લક્ષ મેં તો ધર્માસ્તિ આતા હૈ. વહ નિમિત્ત જિસકા હુઆ તો ઉસકે કારણ સે યહાં ગતિનિમિત્તતા લક્ષ મેં આયે ઐસા હૈ નહીં. (ઐસા હો તો) વહ ચલા વહ લક્ષણ ઔર ગતિનિમિત્ત લક્ષ હુઆ. ઐસા હૈ નહીં. કઠિન બાત. સમજ મેં આયા? ભાઈ! યહ ગતિ ધર્માસ્તિકાય હૈ તો ગતિ હુયી. ના. વહ તો ઉસમેં ગતિ નિમિત્તતા તો હૈ. ઔર ગતિ નિમિત્તતા કે લક્ષણ સે તો ધર્માસ્તિ લક્ષ મેં આતા હૈ. ઉસ નિમિત્તતા કે લક્ષ્ય સે યહ ગતિ કી વહ લક્ષ મેં નહીં આતા. સમજમેં આયા? ઉસમેં સક્રિયગુણ હૈ તો સક્રિયગુણ કે કારણ સે ગતિ હુયી. ઈસ લક્ષણ સે તો પરમાણુ લક્ષ મેં આયા હૈ. ઈસ લક્ષણ સે ધર્માસ્તિ લક્ષ મેં આયા ઐસા નહીં. ધર્માસ્તિ અક્રિય હૈ, યહ સક્રિય હૈ. ગતિ મેં નિમિત્ત હૈ ફિર ભી અક્રિય હૈ. ગતિ કરનેવાલા સક્રિય હૈ, તો સક્રિય જો ગતિ કરતે હૈ ઉસમેં નિમિત્ત હૈ ધર્માસ્તિ. પરંતુ વહ ધર્માસ્તિ ગતિનિમિત્ત સે અક્રિય ધર્માસ્તિ હૈ ઐસા લક્ષ મેં આતા હૈ. સક્રિય ગતિ કરતે હૈ ઐસા લક્ષ મેં આતા નહીં.

યહ તો ભેદજ્ઞાન હૈ. આહા..હા..! પ્રયોજનભૂત જ્ઞેય કી બાત કરતે હૈં. જ્ઞાન મેં ઐસા હી જ્ઞાન (હોના ચાહિયે), જૈસા જ્ઞેય હૈ ઐસા જ્ઞાન મેં ચાહિયે. ઈસસે વિપરીત આયે તો જ્ઞાન જૂઠા હૈ. તો શ્રદ્ધા ભી જૂઠી હો જાતી હૈ. હિંમતભાઈએ કીધું કે એક શ્રદ્ધા કા વિષય તો દ્રવ્ય અખંડ ધ્રુવ હૈ. પરંતુ ધ્રુવ કે આશ્રય સે જો જ્ઞાન હોતા હૈ વહ ઐસા યથાર્થ જ્ઞાન હોતા હૈ. જ્ઞાન યથાર્થ હોતા હૈ યા અયથાર્થ હોતા હૈ? સમજ મેં આયા? દૃષ્ટિ કા વિષય તો ધ્રુવ અભેદ નિર્વિકલ્પ હૈ. પરંતુ જહાં જ્ઞાન કી પ્રધાનતા કહતે હૈં, જ્ઞાન અને જ્ઞેય ઉસકા જ્ઞાન, ઉસકી પ્રતીતિ. આવે છેને આગળ નહિ? આગળ આવે છેને ભાઈ! પ્રવચનસારમાં આવે છે. જ્ઞાન અને જ્ઞેયની યથાર્થ પ્રતીતિ તે સમ્યગ્દર્શન છે. એ આવે છે આગળ. આવે છેને. છેને, જ્ઞાનપ્રધાનતાથી કથન કરવું હોય તો એના જ્ઞાનમાં યથાર્થતા (હોય). જૈસા પદાર્થ હૈ ઐસા જ્ઞાન હોના ચાહિયે. પદાર્થમેં કુછ હૈ ઔર વિશેષ વિપરીત માને તો જ્ઞાન જૂઠા હૈ, જૂઠા હૈ તો શ્રદ્ધા ભી જૂઠી હો ગઈ. આહા..હા..! ભારે! થોડામાં સમાડી દે છે. કહો, સમજાણું કાંઈ?

‘**સ્થિતિકારણત્વ,...**’ જોયું! ભાષા ફેર કરે છે. ઓલામાં અવગાહહેતુત્વ, ઓલામાં ગતિનિમિત્તતા, અહીં પણ નિમિત્તતા છે, પણ સ્થિતિકારણત્વ (કહ્યું છે). અધર્માસ્તિ નામ કા એક પદાર્થ હૈ. ભગવાન ને દેખા હૈ. તો ગતિ કરકે પદાર્થ સ્થિર હોતે હૈં પદાર્થ, તો ઉસમેં સ્થિતિકારણતા ઐસા જિસમેં ગુણ હૈ ઉસકો અધર્માસ્તિ કહતે હૈ. સ્થિતિકારણતા સે પદાર્થ કી સ્થિતિ હુયી વહ લક્ષ મેં નહીં આતા. ક્યોંકિ યહ તો ગુણ હૈ ન? તો ગુણ તો લક્ષણ હૈ, લક્ષ્ય તો દ્રવ્ય હૈ. બહુત સૂક્ષ્મ. આહા..હા..! સ્થિતિકારણતા વહ અધર્માસ્તિકાય કા ગુણ હૈ. તો અધર્માસ્તિ કા ગુણ સ્થિતિકારણતા, કારણતા હાં પર, મેં, તો ઉસસે લક્ષમેં આતા હૈ કિ યહ અધર્માસ્તિ પદાર્થ હૈ. પણ સ્થિત પદાર્થ હુઆ ઉસ લક્ષણ સે યહ લક્ષ મેં આતા હૈ તો વહ દ્રવ્ય હો જાતા હૈ ઔર વહ ગુણ હો જાતા હૈ. ઐસા હૈ નહીં. બરાબર હૈ કિ નહીં?

મુમુક્ષુ :- ના પડાય એવું નથી.

ઉત્તર :- ના પડાય શું પણ સત્ય હોય એમાં ના કોણ પાડે? સમજ મેં આયા? યહ લકડી ગતિ કરતી હૈ. દેખો સ્થિર હો ગઈ. સ્થિર હુઈ ઉસમેં સ્થિરતા કા નિમિત્ત હૈ તો ઉસકે કારણ સે તો યહાં અધર્માસ્તિ લક્ષ મેં આતા હૈ, પરંતુ ઉસકે કારણ સે યહ લક્ષ મેં આતા હૈ, યહ તો સ્થિર હુઆ ઉસ કારણ સે અધર્માસ્તિકાય લક્ષ મેં આતા હૈ ઐસા નહીં. યહ સ્થિર હુઆ તો અધર્માસ્તિ લક્ષ મેં આતા હૈ ઐસા નહીં.

મુમુક્ષુ :- એના ગુણ...

ઉત્તર :- એનો ગુણ તો એનો ગુણ તો સ્થિતિકારણતા ઉસમેં હૈ. ઉસકા ગુણ ઈસમેં હૈ? ઈસકા ગુણ ઉસમેં હૈ? અસ્થિરતા કી તો અસ્થિરતા કે કારણ સે યહાં સ્થિતિ હુઈ?

યહ સ્થિરતા ગુણ યહાં હૈ તો ઉસસે સ્થિરતા હુઈ? ઔર સ્થિતિ હુઈ તો સ્થિરતા ગુણ ઉસકે કારણ સે આ ગયા? થોડા-થોડા ફર્ક હૈ ઉસમેં મહા ફર્ક હૈ, સાધારાણ બાત નહીં હૈ. સમજ મેં આયા? અભ્યાસ-દરકાર કરતે નહીં. બાહર મેં કમાના, ખાના, પીના ઔર મરના. ફિર કહીં પર જન્મ લેના. ફિર કહીં પર જન્મ લેના. ફિર ખાના, પીના, મરના, ફિર જન્મ લેના. ક્યા ચીજ હૈ? ક્યા હોતા હૈ? ક્યા સ્વરૂપ હૈ યહ જાનને કી ઉસને દરકાર નહીં કી. યથાર્થ સમજે તો ઉસકો જન્મ-મરણ કભી રહતા નહીં. સચ્ચા જ્ઞાન હો (ઔર) પરિભ્રમણ હો, દોનોં બાત વિપરીત હૈ. સમજ મેં આયા? યહાં યહ કહતે હૈં. યથાર્થ પદાર્થ કા જ્ઞાન હો તો અપને પદાર્થ મેં ક્રિયા કરતે હૈ. પર કી ક્રિયા કા ભિન્ન હો જાના, ભિન્ન હૈ ઐસા જાનતે હૈં. તો અપને સ્વરૂપ મેં દૃષ્ટિ કરકે સ્થિર હોતા હૈ તો ઉસકા જન્મ-મરણ મિટ જાતા હૈ. સમજ મેં આયા? લ્યો સ્થિતિકારણત્વ.

'**વર્તનાયતનત્વ,...**' દેખા! વર્તને કા સ્થાન. આયતન છેને? વર્તનાનું સ્થાન, વર્તવાનું સ્થાન. વર્તનાનું સ્થાન તો એ કાળ છે. વર્તનાનું સ્થાન, કોઈ પરમાણુ વર્તનાનું સ્થાન છે એમ છે નહિ. કાળ નામનો પદાર્થ છે કે જે વર્તનાનું સ્થાન છે. બીજા વર્તે તેમાં વર્તના એનું નિમિત્ત થાય એ વર્તનાનું ઘર એ છે. વર્તનાનું ઘર ગુણ એ કાળાણુનો છે. આહા..હા..! એક કોર કાળાણુ, વળી એનો વર્તવું ગુણ, એ વર્તે એટલે બીજાને વર્તવામાં નિમિત્ત થાય એને કારણે આ વર્તના ગુણ નથી, વર્તના ગુણ તો પોતાને કારણે છે. '**વર્તનાયતનત્વ,...**'

'**રૂપાદિમત્ત્વ,...**' પરમાણુ. એ આ પુદ્ગલનું રૂપાદિપણું એ એનો ગુણ છે. દેખો! વિશેષ. આ શરીરનું રૂપ, રંગ, રસ, સ્પર્શ આ તો પર્યાય છે. એનો ગુણ વિશેષ—ખાસ (ગુણ) રૂપ, રસ, ગંધ, સ્પર્શ છે. એ રૂપ, રસ, ગંધ, સ્પર્શથી તો પરમાણુ જણાય છે, પરમાણુ લક્ષ મેં આતા હૈ. રૂપ ગુણ સે આત્મા લક્ષ મેં આતા હૈ ઐસા નહીં. સમજ મેં આયા? અથવા પુદ્ગલ કા રૂપ, રસ, ગંધ આદિ જો ગુણ હૈ ઉસકા યહાં જ્ઞાન હુઆ. તો જ્ઞાન લક્ષણ સે તો આત્મા લક્ષ મેં આતા હૈ, પરંતુ જ્ઞાન લક્ષણ સે રૂપાદિ લક્ષ મેં આતા હૈ ઐસા નહીં. સમજ મેં આયા? જ્ઞાન ઐસા જાનતા હૈ કિ રંગ, ગંધ, રસ, સ્પર્શ જો ગુણ હૈ ઉસસે લક્ષ મેં આનેવાલા પરમાણુ હૈ. ઐસા જ્ઞાન, જ્ઞાન કરતા હૈ. પરંતુ રૂપ, રસ, ગંધ હૈ તો હમારે મેં જ્ઞાન હુઆ ઐસા નહીં. સમજ મેં આયા? રૂપ, રસ, ગંધ હૈ તો જ્ઞાન હુઆ તો જ્ઞાન હુઆ લક્ષ્ય ઔર વહ હુઆ લક્ષણ. ઐસા હૈ નહીં. પરંતુ જ્ઞેય કા જ્ઞાન હુઆ વહ જ્ઞાન અપને ગુણ કી પર્યાય લક્ષણ હૈ, લક્ષ મેં આત્મા આતા હૈ. ઔર પરમાણુ મેં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ હૈ વહ લક્ષણ હૈ, લક્ષમેં આતા હૈ જડ. વહ પરદ્રવ્ય લક્ષ મેં આતા હૈ. ઉસસે જાનનેવાલા ઉસકે લક્ષ મેં આતા હૈ ઐસા નહીં. બહુત બાત અંદર સ્પષ્ટ કી હૈ. બહુત સૂક્ષ્મ હૈ. સમજ મેં આયા?

'**ચેતનત્વ,...**' લો, પહલે સામાન્ય મેં આયા થા, અબ વિશેષ મેં આયા. આત્મા કા

ચેતનત્વ ગુણ હૈ. ક્યા કહતે હૈં દેખો! પરપદાર્થ કા ઔર અપને કો જાનના વહ અપના લક્ષણ ઔર ગુણ હૈ. ઉસ ગુણ દ્વારા આત્મા જાનને મેં આતા હૈ. ઈસ લક્ષણ દ્વારા આત્મા જાનને મેં આતા હૈ. ચેતનત્વ મેં સ્વપર જાનને કી તાકાત હૈ. પરંતુ સ્વપર જાનને કે લક્ષણ ચેતનત્વ સે ચેતન જાનને મેં આતા હૈ. સ્વપર જાનને સે પર લક્ષ મેં આતા હૈ ઐસા નહીં. સમજ મેં આયા? આહા..હા..! કિતના ભેદ કિયા હૈ. ટૂંકા શબ્દોમાં ઘણી વહેંચણી કરી નાખી છે. ચેતનત્વ અપના ગુણ હૈ. જાનના-દેખના ઐસા અપના ગુણ હૈ. ગુણકા ગુણ જાનના-દેખના. જાનને-દેખને સે લક્ષ્ય દ્રવ્ય હોતા હૈ કિ યહ આત્મા જાનને-દેખનેવાલા હૈ. જાનને-દેખને સે (પર) વસ્તુ લક્ષ મેં આતી હૈ ઐસા નહીં. ક્યા કહતે હૈં સમજ મેં આયા? પરંતુ સ્વપરપ્રકાશક કહા ન? સ્વપરપ્રકાશક. તો સ્વપરપ્રકાશ સે, સ્વપરપ્રકાશક જ્ઞાનલક્ષણ સે લક્ષ્ય તો આત્મા હૈ, પરંતુ સ્વપરપ્રકાશ સે પર લક્ષ મેં આતા હૈ ઐસા નહીં. ભાઈ! ક્યા કહા સમજ મેં આયા? બહુ આવે છે પણ થોડું થોડું અંદર...

આત્મા મેં સ્વપરપ્રકાશ નામ કા ચેતનત્વ ગુણ હૈ. તો યહ ગુણ સ્વપરપ્રકાશક હૈ તો પર હૈ ઐસા સિદ્ધ કરતા હૈ ઐસા નહીં. આહા..હા..! ચેતનત્વ સ્વપરપ્રકાશક ચેતનત્વગુણ હૈ યહ ગુણ ચેતન કો લક્ષ્ય કરતા હૈ, ચેતન કો જનાતા હૈ કિ યહ ગુણ ઉસકા હૈ. ગુણ લક્ષણ હૈ, દ્રવ્ય લક્ષ્ય હૈ. ચેતન મેં સ્વપરપ્રકાશક ગુણ હૈ તો પરપના સિદ્ધ કરતા હૈ ઐસા નહીં. આહા..હા..! સમજ મેં આયા?

પરને જાણે છે. એ પરને જાણે છે નહિ, એ તો પોતાને જાણવાનો સ્વભાવ સ્વપરનો છે એ ગુણ તો દ્રવ્યને જણાવે છે કે દ્રવ્ય આવું છે. એમ કહે છે. સમજાણું કાંઈ? આ તો ઝાઝા સાધારણ માણસ.. આમાં ઘણી ઝીણવટ ભરી છે થોડી થોડી હોં! અંદર આવે છે. થોડું થોડું આવે છે, પણ અંદર રહી જાય છે ઘણું એવું લાગે છે. એવું લાગે છે. એકદમ ધારા એની મેળાએ ચાલતી હોય તો. આ તો બધા સમજવામાં બહુ સૂક્ષ્મ ઘણી વાત છે. ઓહો..હો..! આચાર્યે તો કાંઈ કામ કર્યું છેને! થોડામાં-ગાગરમાં સાગર ભરી દીધી છે. એટલી એમાં (ગંભીરતા ભરી છે). એટલી શક્તિ જોઈએને પાછી. એ આવવું જોઈએને પાછું. પણ ગંભીરતા ઘણી છે એમાં.

ચેતનત્વ આત્મા કા ગુણ હૈ તો ઈસ લક્ષણ સે લક્ષ્ય આત્મા આતા હૈ. ઉસમેં જાનને મેં આતા હૈ સ્વપર, પર જાનને મેં આતા હૈ વહ તો અપના સ્વભાવ હી જાનને મેં આતા હૈ. સ્વપર(પ્રકાશક મેં) તો અપના સ્વભાવ હી જાનને મેં આતા હૈ. સ્વપર(પ્રકાશત્વ) તો અપના ગુણ હૈ. વહ પરકે કારણ સે ગુણ નહીં હૈ. પર હૈ ઔર જાનતા હૈ ઈસલિયે યહ ગુણ હૈ ઐસા નહીં. સર્વજ્ઞ પરમાત્મા લોકાલોક જાનતે હૈં તો સર્વજ્ઞપના હૈ ઐસા નહીં. અપના ચૈતન્ય ગુણ કા સ્વપરપ્રકાશક ગુણ હૈ, ઉસસે ચેતન હૈ ઐસા જાનને મેં આતા હૈ. પર કે ગુણ સે તો વહ દ્રવ્ય લક્ષ મેં આતા હૈ. જ્ઞાન ઐસા જાનતા હૈ. ઐસા ગુણ સે

વહ જાનને મેં આતા હૈ ઐસા જ્ઞાન જાનતા હૈ. પરંતુ વહ યહાં જ્ઞાન મેં આયા તો ઈસ લક્ષણ સે વહ લક્ષ્ય સિદ્ધ હોતા હૈ ઐસા નહીં. ઔર વહ હૈ વહાં તો જ્ઞાનલક્ષણ સિદ્ધ હુઆ, વહ હૈ જાનને કી ચીજ અનંત તો જ્ઞાનલક્ષણ સિદ્ધ હુઆ ઐસા નહીં. આહા..હા..! ચંદુભાઈ! આવું છે ઝીણું ભાઈ! આહા..હા..! વાહ! કુંદકુંદાચાર્યે તો કેવી રીતે સમાડી દીધી છે વાત. લ્યો! એમાં અમૃતચંદ્રાચાર્ય (ટીકા કરે છે).

કહે છે, એ બધા... સમજ્યા? '**ચેતનત્વ, ઈત્યાદિક...**' વિશેષગુણ લીધાને અંદર. આત્મા મેં આનંદગુણ હૈ વહ ભી વિશેષ (ગુણ) હૈ. સમજ મેં આયા? ચેતનત્વ હૈ ઐસે આનંદગુણ આત્મા મેં હૈ. દૂસરે મેં (ગુણ) નહીં હૈ. આનંદગુણ અનંત આત્મા મેં હૈ, પરંતુ આનંદગુણ જડ મેં, દૂસરેમેં હૈ નહીં. ઈસ અપેક્ષા સે સામાન્યગુણ ભી કહને મેં આતા હૈ. ઔર એક આત્મા મેં આનંદગુણ અપના હી હૈ, વહ આનંદગુણ લક્ષણ સે તો આત્મા જાનને મેં-લક્ષ મેં આતા હૈ. આનંદગુણ લક્ષણ સે બાહર કી ચીજ જો હૈ, સુખસુવિધા હુઈ, ફલાના હુઆ, વહ ખ્યાલ મેં આતા હૈ ઐસી ચીજ હૈ નહીં. આહા..હા..! સમજ મેં આયા? આહા..હા..! પ્રવિણભાઈ! આનંદગુણ આત્મા મેં હૈ. આનંદગુણ હૈ વસ્તુ મેં ચૌડા. તો ઈસ ગુણ કે લક્ષણ દ્વારા ભગવાન આત્મા લક્ષ મેં આતા હૈ કિ યહ આત્મા, યહ આત્મા. તો આનંદગુણ હૈ તો યહ જગત કી ચીજ અનુકૂલ હુઈ તો આનંદ આયા તો તો વહ ચીજ હુઈ લક્ષણ ઔર યહાં હુઆ લક્ષ્ય. અથવા આનંદ હુઆ લક્ષણ ઔર વહ હુઆ લક્ષ્ય. સમજ મેં આયા? ઐસા હૈ નહીં. ભારે ભાઈ! શશીભાઈ!

આ તો એક-એક વાત ગાથામાં કંઈ મફત સાધારણ વાત છે આ? મુનિ વીતરાગભાવ મેં લીન હૈં, વિકલ્પ આયા ઔર રચના હો ગઈ. ઓહો..હો..! ઉસ વક્ત કી પર્યાય મેં કિતની ગંભીરતા ભરી હૈ ઉસમેં. શબ્દ કી પર્યાય તો શબ્દ સે હોતી હૈ, પરંતુ નિમિત્તરૂપ સે જો ક્ષયોપશમ જ્ઞાન હૈ (ઉસમેં) કિતની ગૂઢતા, ગંભીરતા પડી હૈ. સમજ મેં આયા? ચેતનત્વ. ઐસે આનંદત્વ, સુખપના, સુખપના, આનંદપના યહ અપના ગુણ હૈ. યહ આનંદપના અપના ગુણ હૈ. આનંદપના કોઈ સ્ત્રીકો લેકર, પૈસે કો લેકર, ધૂલકો લેકર, આબરૂ કો લેકર મિલા ઐસા આત્મા મેં હૈ નહીં ઐસા કહતે હૈં. આનંદ તો અપને મેં હૈ. યહ આનંદગુણ સે તો આત્મા જાનને મેં આતા હૈ. આનંદગુણ સે સુખ કી સુવિધા મિલી વહ જાનને મેં આતી હૈ? સમજ મેં આયા?

ભાઈ! ગતિનિમિત્તતા. ગતિનિમિત્તતા સે ગતિ કરતે હૈં ક્યા વહ લક્ષ મેં આતા હૈ? ગતિનિમિત્તતા ગુણ સે તો ધર્માસ્તિ લક્ષ મેં આતા હૈ. ઐસે આનંદ, આનંદ મેં જો નિમિત્ત હૈ, નિમિત્ત હૈ વહ ચીજ, ક્યા વહ લક્ષ મેં આતી હૈ? ઉસકા આનંદ હૈ? ઉસકા આનંદ હૈ? આનંદ તો આત્મા કા હૈ. સમજ મેં આયા? જ્ઞેય ઐસા આત્મા ઉસકા આનંદ અપના ગુણ હૈ, જ્ઞેય ઐસા આત્મા ઉસકા આનંદગુણ હૈ, તો ઉસ ગુણ સે જ્ઞેય અપના આત્મા

જાનને મેં આતા હૈ કિ યહ આત્મા કા આનંદ (હૈ). ઔર ઉસ આનંદ મેં પર મેરા આનંદ કા કારણ હૈ ઐસા માને (તો) વહ ગુણ કો અપના માનતા નહીં ઔર અપને ઉપર લક્ષ જાતા નહીં. સમજ મેં આયા? જબતક પર મેં આનંદ માને, પર મેં સુખ માને તબતક આનંદગુણ સે લક્ષિત હોનેવાલા આત્મા ઉસ ગુણ કો, દ્રવ્ય કો ઉસને જાના હી નહીં. હિંમતભાઈ!

આનંદગુણ અપને મેં હૈ વહ વિશેષ હૈ, ઉસસે આત્મા જાનને મેં આતા હૈ. ઉસસે કોઈ ઐસા માને કે મુઝે આનંદ આયા તો વહ ગુણ કહાં સે આયા? દેખો! યહ ચીજ હૈ ન તો ઉસમેં સે આનંદ આયા. આનંદ તો દ્રવ્યમેં સે આયા હૈ. દ્રવ્ય લક્ષ્ય હૈ ઉસમેં સે આયા હૈ. ઉસમેં સે આનંદ આયા હૈ? મિથ્યાદષ્ટિ સ્વસ્વરૂપ કો ઔર પરસ્વરૂપ કો વાસ્તવિક માનતે નહીં ઉસકા નામ મિથ્યાદષ્ટિપના હૈ. સમજ મેં આયા? અરે..! શુભરાગ હૈ શુભરાગ. તો આનંદ કે લક્ષણ સે તો દ્રવ્ય લક્ષ મેં આતા હૈ. ક્યા રાગ કે લક્ષણ સે આનંદ લક્ષ મેં આતા હૈ? સમજ મેં આયા? ઔર રાગ સે ફિર આત્મા લક્ષ મેં આતા હૈ વહ એક અલગ બાત હૈ. સમજ મેં આયા? રાગ ઉત્પાદ હોતા હૈ તો ઉત્પાદ સે લક્ષ્ય આતા હૈ, દ્રવ્ય આતા હૈ ઐસા હૈ. પરંતુ રાગ સે આનંદ લક્ષ મેં આતા હૈ ઐસા નહીં. ક્યોંકિ આનંદલક્ષણ મેં આત્મલક્ષ્ય હૈ. રાગ લક્ષણ ઔર આત્મા લક્ષ્ય હૈ. પરંતુ રાગ લક્ષણ ઔર આનંદ લક્ષ્ય હૈ ઐસા નહીં. સમજ મેં આયા? જ્ઞેયનું આવું સ્વરૂપ છે એમ કહે છે. આહા..હા..!

ઉસકા અર્થ યહ હુઆ કિ જો રાગાદિ હૈ તો આનંદ આયા હૈ ઐસા નહીં. પરવસ્તુ હૈ તો આનંદ આયા ઐસા નહીં. આનંદ તો આત્મા મેં વિસ્તારરૂપ સે ગુણ પડા હી હૈ. સમજ મેં આયા? ઉસકા પરિણમન હોકર આનંદ આતા હૈ ઔર આનંદ તો આત્મા કો જનાતા હૈ કિ યહ આત્મા આનંદમય હૈ. સમજ મેં આયા? વહ આનંદ ઐસા નહીં જનાતા હૈ કિ યહ આનંદ રાગમય હૈ. આનંદ રાગ કો નહીં જનાતા હૈ, આનંદ પર કો નહીં જનાતા હૈ. ક્યોંકિ પર ઉસકે આનંદ કા લક્ષ્ય હૈ નહીં. આનંદ કા લક્ષ્ય પર હૈ હી નહીં. સમજ મેં આયા? લક્ષ્ય-લક્ષણકી વ્યાખ્યા હૈ ન યહ. થોડી સૂક્ષ્મ હૈ પરંતુ સમજને જૈસી હૈ હાં. થોડી સૂક્ષ્મ છે તો એમ ન લગે, કંટાળો ન લાગવો જોઈએ. ધર્મ તો આવી ચીજ હૈ. આહા..હા..!

ભગવાન આત્મા આનંદગુણ સે ભરા વિસ્તાર સે-ઐસે ચૌડાઈ મેં પડા હૈ, અતીન્દ્રિય આનંદસે પડા હી હૈ. તો આનંદ તો ગુણ હૈ ઔર આત્મા ગુણી લક્ષ્ય હૈ. ગુણ વહ લક્ષણ હૈ, ગુણી વહ લક્ષ્ય હૈ. ગુણ સે આત્મા લક્ષ મેં આતા હૈ કિ યહ આનંદરૂપ હૈ. પરંતુ ઈસ ગુણ સે રાગ લક્ષ મેં આતા હૈ કિ રાગ સે, રાગ લક્ષણ ઔર આનંદ લક્ષ્ય મેં આતા હૈ, ઔર પરવસ્તુ લક્ષ્ય ઔર આનંદ લક્ષણ હૈ ઔર પરવસ્તુ લક્ષણ ઔર આનંદ લક્ષ્ય હૈ ઐસા વસ્તુ મેં હૈ નહીં. નવરંગભાઈ! અચ્છા લડકા હુઆ, પૈસા, મકાન હુઆ તો ઉસસે લક્ષ મેં આતા હૈ કિ નહીં? યહ સુખ હુઆ ઉસકા કારણ યહ હૈ. કહતે હૈં કિ તુઝે ભાન નહીં હૈ. તેરા વિકલ્પ આયા ઉસકા લક્ષ દ્રવ્ય ઉપર જાના ચાહિયે. ઉસકા લક્ષ્ય યહાં સે

વિકલ્પ હુઆ ઐસા ભી નહીં. ઔર આનંદ આયા વહ આનંદ જો અંતર મેં હુઆ તો યહ આનંદ ઉસસે હુઆ ઐસા નહીં. વહ દ્રવ્ય સે હુઆ હૈ. ક્યોંકિ ઉસકા લક્ષ્ય દ્રવ્ય હૈ, આનંદ લક્ષણ હૈ, દ્રવ્ય ઉસકા લક્ષ્ય હૈ. ભારે વાતું ભાઈ! ઝીણી વાતું પડે માણસને હોં. ઓલી દયા પાળી, વ્રત પાળો, અપવાસ કરો એ ઝટ સહેલું છે. એય..! ઝવેરચંદભાઈ! કેમ જયંતિભાઈ! સંથારો કરી નાખો, એક મહિનો આહાર ન ખાવા. હવે ખાય છે કે દિ' આત્મા? હું ખાઉં છું અને છોડું છું એ જ મિથ્યાત્વભાવ છે. આમાં આવ્યું કે નહિ? પરના રોટલાનો ભોક્તા આત્મા છે નહિ. તો મેં છોડ્યા એમ માનના વહ મિથ્યાત્વભાવ હૈ. સમજ મેં આયા? ગ્રહણ-ત્યાગ... અપને કહીં પર આયા થા ન? ગ્રહણ-ત્યાગ આયા થા. ઈસમેં આયા થા ન, ઈસમેં હી આયા થા ન? કહાં?

ના. ના. યહ ભાવાર્થ ભાવાર્થ મેં આયા થા. વહી આયા દેખો. '**પુત્ર ધનાદિક કા ગ્રહણ-ત્યાગકા સ્વામી મૈં હૂં ઈત્યાદિ માનના મનુષ્ય વ્યવહાર હૈ.** ' દેખો, ૯૪ કે ભાવાર્થ મેં. વહ આયા હૈ. ૯૪ મેં ભાવાર્થ હૈ ન? '**મૈં મનુષ્ય હૂં, શરીરાદિકી સમસ્ત ક્રિયાઓં કો મૈં કરતા હૂં, સ્ત્રી-પુત્ર-ધનાદિક કા ગ્રહણત્યાગ કા મૈં સ્વામી હૂં...**' અથવા મૈં ગ્રહણ-ત્યાગ કર સકતા હૂં ઐસા લેના ઈત્યાદિમેં. યહ મનુષ્યવ્યવહાર વહ મિથ્યાદષ્ટિ હૈ. મનુષ્ય કા વ્યવહાર હૈ, રખડને કા વ્યવહાર હૈ, ચાર ગતિ મેં રુલને કા વ્યવહાર હૈ. આત્મવ્યવહાર નહીં. ૯૪માં આવ્યું છેને ઈ? આહા..હા..! લક્ષ્મી કો રખતા હૂં, લક્ષ્મી કો છોડતા હૂં, પુત્ર કો પૈદા કરતા હૂં, પુત્ર કી સંભાલ કરતા હૂં, પુત્ર કા સ્વામી હૂં, મૈં ઉસકા પિતા હૂં, વહ મેરા પુત્ર હૈ ઐસી માન્યતા મિથ્યાદષ્ટિ કી મનુષ્યવ્યવહારકી હૈ. આત્મવ્યવહાર ઉસસે દૂસરા હૈ. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યવિલાસ, આનંદ ઔર જ્ઞાન. આનંદ આયા ન? આનંદ ઉપર સે યહ ખયાલ આયા. અપના આનંદસ્વભાવ અતીન્દ્રિય આનંદકા વિલાસ કરે વહ આત્મા કા વ્યવહાર હૈ. સમજ મેં આયા? અપના સ્વરૂપ આનંદમય હૈ. અતીન્દ્રિય આનંદમય અપના સ્વરૂપ હૈ. ઉસકા-આનંદ કી પર્યાય કા અનુભવ કરના વહી આત્મા કા વ્યવહાર હૈ, વહ આત્મા કી પર્યાય હૈ, વહ આત્મા કા વર્તન હૈ, વહ આત્મા કા કાર્ય હૈ.

મુમુક્ષુ :- ઉસસે આત્મા પહિચાના જાતા હૈ.

ઉત્તર :- ઉસસે પહિચાના જાતા હૈ. કહો, સમજ મેં આયા? રવિન્દ્ર! સમજાય છે કે નહિ આ? આ પકડાય છેને? જુઓ આ વસ્તુ તો. આત્મા વસ્તુ હૈ તો આનંદ ઉસમેં ચૌડા-પહોળા પડા હૈ આનંદ. અતીન્દ્રિય આનંદ હાં! વહ અતીન્દ્રિય આનંદ સ્વલક્ષ સે હુઆ. ઔર ઉસ લક્ષણ કા લક્ષ્ય વહાં હૈ. વહ લક્ષણકા લક્ષ્ય પર નહીં. અર્થાત્ પર કા લક્ષ્ય કરે ઔર આનંદ આવે ઐસા હૈ નહીં. ઐસા કહતે હૈં.

એક તો વિચાર એવો આવ્યો હતો થોડો, ઓલો વિકલ્પ ઉઠતે હૈ ન ભગવાન કી ભક્તિ

કા, વિકલ્પ અજીવ હૈ. યહ તો યહ અજીવ હૈ ઐસા કહતે હૈં, પર. પર વહ અજીવ ક્યોં? કિ અજીવ કે લક્ષ સે અજીવ હી ઉત્પન્ન હોતા હૈ. ક્યા જીવ કે લક્ષ સે અજીવ ઉત્પન્ન હોતા હૈ? જીવ તો આનંદમય હૈ, શુદ્ધ ચિદાનંદ હૈ. ઉસકે લક્ષ સે ક્યા વિકલ્પ ઉત્પન્ન હોતા હૈ? જીવ કે લક્ષ સે તો જીવ ઉત્પન્ન હોતા હૈ. ઔર જીવસ્વભાવ જિસમેં નહીં ઉસકે લક્ષ સે અજીવ ઉત્પન્ન હોતા હૈ, વિકલ્પ ઉત્પન્ન હોતા હૈ. સમજ મેં આયા? અલૌકિક માર્ગ હૈ ભાઈ!

કહતે હૈં, વહ ચેતનત્વ ઇત્યાદિ વિશેષગુણ હૈ. પ્રત્યેક પદાર્થ કા વિશેષ. ઐસે આનંદ આદિ અપના વિશેષ ગુણ હૈ. '**પર્યાય તે આયતવિશેષો.**' વહ ગુણ કી વ્યાખ્યા કી. પર્યાય લંબા વિશેષ. પર્યાય દ્રવ્ય મેં એક કે બાદ એક હોતી હૈ. ઐસી વ્યાખ્યા પૂર્વ મેં આ ગયી હૈ. '**તેઓ પૂર્વે જ (૯૩મી ગાથાની ટીકામાં) કહેલા ચાર પ્રકારના છે.**' પર્યાય ચાર પ્રકારકી આ ગઈ. સ્વભાવિક પર્યાય, દ્રવ્ય કી સમાનજાતિ, અસમાનજાતીય ઔર રૂપાદિ કી વિભાવિક પર્યાય પરમાણુ કી પરમાણુ મેં ઔર આત્મા મેં મતિજ્ઞાન આદિ કી વિભાવપર્યાય ઔર અગુરુલઘુ કી સ્વભાવપર્યાય સબ મેં (હૈ) ઐસી બાત આ ગયી હૈ. દ્રવ્ય ઔર ગુણ ઔર પર્યાય દ્રવ્ય કો જનાતા હૈ, ઉસકા લક્ષ વહાં જાતા હૈ. યહ દ્રવ્ય હૈ. ઉસકા ધ્યેય વહાં હૈ. વસ્તુ યહ લક્ષણ હૈ, ઉસકા ધ્યેય હૈ.

અબ ઉસ પ્રત્યેક કા '**દ્રવ્યને તે ઉત્પાદાદિક સાથે અથવા ગુણપર્યાયો સાથે લક્ષ્ય-લક્ષણભેદ હોવા છતાં સ્વરૂપભેદ નથી,...**' ભગવાન આત્મા ઔર પરમાણુ દ્રવ્ય ઉસકે સાથ ઉત્પાદ, વ્યય અને ધ્રુવ અને ગુણ અને પર્યાય એની સાથે લક્ષ્ય, દ્રવ્ય લક્ષ્ય, ગુણપર્યાય અને ઉત્પાદ આદિ લક્ષણ (હૈ). આત્મા મેં નયી પર્યાય જો ઉત્પન્ન હોતી હૈ ઉત્પાદ, તો ઉત્પાદ લક્ષણ હૈ ઔર આત્મા લક્ષ્ય હૈ. પરમાણુ મેં ભી નયી પર્યાય ઉત્પન્ન હુઈ વહ લક્ષણ હૈ ઔર પરમાણુ લક્ષ્ય હૈ. લક્ષણ-લક્ષ્યકા ભેદ હોનેપર ભી ઉત્પાદ મેં ઔર દ્રવ્ય મેં પ્રદેશભેદ, સ્વરૂપભેદ હૈ નહીં. યહ બાત વિશેષ કહેંગે લો.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર વદ ૪, સોમવાર, તા. ૦૯.૧૨.૧૯૬૮**
**ગાથા-૯૫, પ્રવચન-૯૦**

આ પ્રવચનસાર, જ્ઞેયતત્ત્વ અધિકાર, ૯૫મી ગાથા. આ ગાથામાં દ્રવ્યના પ્રકાર છ વર્ણવ્યા છે. વસ્તુ જે છે તે સત્ દ્રવ્ય છે, સત્સ્વરૂપે છે. એટલે એ સ્વભાવ વર્ણવ્યો. 'સત્ દ્રવ્ય લક્ષણં,' સત્ દ્રવ્ય લક્ષણં. સત્ લક્ષણ છે અને દ્રવ્ય લક્ષ્ય છે એમ વર્ણવ્યું. દરેક વસ્તુ, દરેક આત્મા, દરેક પરમાણુ, ધર્માસ્તિ વગેરે. અને ઉત્પાદ-વ્યય-ધ્રુવ લક્ષણથી લક્ષિત છે. ઝીણો વિષય આખો છે. આ એકદમ લુખ્ખો લાગે એવો છે. લુખ્ખો એટલે વીતરાગી એમ. તદ્દન આત્મા અને પરમાણુઓ જેટલા દ્રવ્ય અનંત છે, એ પ્રત્યેક પોતાના ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યથી જ લક્ષિત થાય છે. એ પોતાના ઉત્પાદથી, વ્યયથી અને ધ્રૌવ્યથી તે જાણવા યોગ્ય છે, જણાવા યોગ્ય છે. અને એના ગુણ અને પર્યાયથી, એટલે ધ્રુવને ગુણ અને ઉત્પાદ-વ્યયને પર્યાય કહી, ગુણ અને પર્યાયથી જણાવાલાયક છે. પરથી એ વસ્તુ તદ્દન ભિન્ન છે. અહીં સુધી આવ્યું છે આપણે જુઓ!

હવે '**દ્રવ્યને...**' ૧૭૨ પાને કાલે આવ્યું છે. આત્મા કે પરમાણુ કે ધર્માસ્તિ, એક અધર્માસ્તિ, એક આકાશ અને એક કાળાણુ. એ '**દ્રવ્યને તે ઉત્પાદાદિક સાથે...**' નવી અવસ્થા ઊપજે, પુરાની-જૂની વ્યય થાય, ધ્રુવ (કાયમ રહે). એ ત્રણ સાથે '**અથવા ગુણપર્યાયો સાથે...**' ધ્રુવ અને પર્યાય ઉત્પાદ-વ્યય એની સાથે '**લક્ષ્ય-લક્ષણભેદ હોવા છતાં...**' દ્રવ્ય તે લક્ષ્ય છે અને ગુણ, પર્યાય ને ઉત્પાદ, વ્યય અને ધ્રુવ. અહીં પહેલા ઉત્પાદ-વ્યય-ધ્રુવ લીધા છે. પછી ઓલામાં ગુણ-પર્યાય લેશે આગળ પહેલા. પહેલા ગુણ-પર્યાય અને પછી ઉત્પાદ-વ્યય-ધ્રુવ લેશે પછીમાં. સમજાણું કાંઈ?

વસ્તુ છે આત્મા કે પરમાણુ, અહીં હવે આત્મા આપણે લઈએ મુખ્યપણે, કે આત્મા જે વસ્તુ છે એના ઉત્પાદ એટલે નવી અવસ્થાના લક્ષણે લક્ષિત છે, પૂર્વની અવસ્થાના વ્યયે નષ્ટથી લક્ષિત-જાણવાલાયક છે અને ધ્રુવથી લક્ષિત-જાણવા લાયક છે અને ગુણથી લક્ષિત થાય છે. ગુણથી લક્ષિત થાય છે એમાં છે તો પર્યાય લક્ષ કરનાર, પણ આ જ્ઞાન તે લક્ષણ અને આત્મા તે લક્ષ્ય એમ ગુણથી લક્ષિત થાય છે. એમ પર્યાયથી પણ લક્ષિત થાય છે. એમ '**લક્ષ્ય-લક્ષણભેદ હોવા છતાં...**' વસ્તુમાં લક્ષણ અને લક્ષ્ય એમ ભેદ-પ્રકાર-જુદાઈ હોવા છતાં '**સ્વરૂપભેદ નથી,...**' ઉત્પાદના પ્રદેશો બીજા અને દ્રવ્યના બીજા એવી સ્વરૂપજુદાઈ નથી. સમજાય છે કાંઈ? બહુ ઝીણી વાત. આ તો નવ તત્ત્વો વાસ્તવિક ભિન્ન-ભિન્ન જ્ઞેયે કેમ છે એ વાત છે. લોકોને અભ્યાસ નહિ એટલે એવું લાગે.

આ પરમાણુઓ છે એ એક-એક પરમાણુ તેના ઉત્પન્ન નવી અવસ્થાથી ઉત્પન્ન, પુરાનીથી

વ્યય અને ધ્રુવ, તેનાથી તે લક્ષમાં જ્ઞાનમાં આવવા યોગ્ય છે. જ્ઞાનમાં તે જ્ઞેય તેના ઉત્પાદ, વ્યય અને ધ્રુવથી લક્ષિત થાય, જાણે જ્ઞાન. ઈ ક્યાં જાણે છે? આ એની અવસ્થા બદલી, ઉત્પન્ન થઈ અને ધ્રુવ (રહ્યું) એના દ્વારા એ પરમાણુ લક્ષમાં અથવા જ્ઞાનમાં જણાય છે. એ દ્વારા આત્માએ આમાં કાંઈ કર્યું એમ જણાતું નથી. સમજાણું કાંઈ? '**સ્વરૂપથી જ દ્રવ્ય તેવું છે—**' ભગવાન આત્મા અને એક એક પરમાણુ. ઉત્પાદ-વ્યય અને ધ્રુવ એક સમયમાં અને ગુણપર્યાય પણ એક જ સમયમાં, એવું લક્ષણ અને લક્ષ્યથી જુદાઈ કહેવામાં આવતા છતાં સ્વરૂપે તે જુદું નથી. '**વસ્ત્રની જેમ.**' દાખલો આપીને હવે સમજાવે છે. '**વસ્ત્રની જેમ.**'

'**જેવી રીતે જેણે મલિન અવસ્થા પ્રાપ્ત કરેલી છે એવું વસ્ત્ર,...**' જુઓ! પહેલું એમ લીધું. ઉત્પાદ બતાવવો છેને? વસ્ત્ર છે એ મલિન અવસ્થા ધારણ કરી હોય, અવસ્થા ધારણ કરી હોય એણે. મેલું. '**એવું વસ્ત્ર, ધોવામાં આવતા, નિર્મળ અવસ્થાથી ઊપજતું...**' એનો ખુલાસો કરવો પડ્યો. '**(-નિર્મળ અવસ્થારૂપે, નિર્મળ અવસ્થાની અપેક્ષાએ) ઊપજતું...**' એમ. દ્રવ્યથી ઊપજતું એમ નહિ. એમ. સમજાણું કાંઈ? વસ્ત્ર નિર્મળ અવસ્થાથી ઊપજતું, વસ્ત્ર '**નિર્મળ અવસ્થાથી ઊપજતું...**' એટલે ખુલાસો કરવો પડ્યો કે નિર્મળ અવસ્થાથી એટલે નિર્મળ અવસ્થારૂપે અને નિર્મળ અવસ્થાની અપેક્ષાએ ઊપજતું વસ્ત્ર. દૃષ્ટાંત છે આ. આ તો દાખલો. દાખલો મોંઘો.. કહેતા હતાને ભાઈ, પ્રેમચંદભાઈ તો કહેતા હતા. આ તો દાખલો સહેલો છે, આ તો સાધારણ માણસ (સમજી શકે એમ છે).

જે વસ્ત્ર છે, મેલું છે મેલું એને ધોવામાં આવતા એ વસ્ત્ર નિર્મળ અવસ્થારૂપે, નિર્મળ અવસ્થારૂપે (ઊપજે છે). વસ્તુ તો વસ્તુ છે, પણ નિર્મળ અવસ્થારૂપે થાય છે. એ વસ્ત્ર નિર્મળ અવસ્થારૂપને ધારણ કરે છે. સમજાણું કાંઈ? એ વસ્ત્ર પોતે નિર્મળ અવસ્થારૂપને ધારણ કરે છે. એટલે નિર્મળ અવસ્થાનું ઊપજવું અને વસ્ત્રનું રહેવું એ ઉત્પાદ તે લક્ષણ અને વસ્ત્ર તે લક્ષ્ય એમ ભેદ હોવા છતાં વસ્ત્ર જ નિર્મળ અવસ્થારૂપે-નિર્મળ અવસ્થાપણે થાય છે. સમજાણું કાંઈ?

એનો અર્થ એ થયો કે વસ્ત્ર પોતે મલિન અવસ્થારૂપે છે એ નિર્મળ અવસ્થારૂપે ધોવામાં આવતા એ શબ્દ છે. એટલે એમ કહે છે કે ધોકો માથે પડ્યો માટે વસ્ત્ર નિર્મળ અવસ્થારૂપે પરિણમે છે એમ નહિ. એમ. '**ધોવામાં આવતાં,...**' એ તો નિમિત્તની વાત કરી. સમજાણું? વસ્ત્ર ધોવામાં આવતા એ નિમિત્તપણું બતાવ્યું. પણ '**નિર્મળ અવસ્થા...**'ની અપેક્ષાએ ઊપજે છે વસ્ત્ર. એ કાંઈ ધોકો કે સાબુ એ અવસ્થાપણે ઊપજતું નથી. કહો, શેઠી! બરાબર છે?

મુમુક્ષુ :- સ્વભાવ હી ઈસકા ઐસા હૈ.

ઉત્તર :- સ્વભાવ ઐસા હૈ વહ કહતે હૈં, વહી કહતે હૈ. વસ્ત્ર પૂર્વની (મલિન) અવસ્થાથી વ્યય થતું એ પછી સિદ્ધ કરશે, પણ (મલિન) અવસ્થારૂપ હતું એને ધોવામાં આવતા, ધોવાનું

નિમિત્ત થયું, પણ વસ્ત્ર જ પોતે નિર્મળ અવસ્થારૂપે, નિર્મળ અવસ્થાને ધારણ કરે છે. એ નિર્મળ અવસ્થાને વસ્ત્ર ધારણ કરે છે. બીજી ચીજને લઈને નિર્મળ અવસ્થા ધારણ કરે છે એમ નથી. આહા..! સમજાણું કાંઈ?

તેને ઉત્પાદ સાથે **'ઊપજતું થકું...'** નિર્મળ અવસ્થારૂપે અથવા નિર્મળ અવસ્થાની અપેક્ષાએ, એમ. નહિતર વસ્ત્ર કાંઈ ઊપજે છે? વસ્ત્ર નિર્મળ અવસ્થાની અપેક્ષાએ ઊપજે છે, એમ. વસ્ત્ર ઊપજે છે એમ નહિ. સમજાણું કાંઈ? વીતરાગનું તત્ત્વ આ જ્ઞેયતત્ત્વ છે. જ્ઞેયમાં તો આખી દુનિયા જ્ઞેય છે. અનંત આત્માઓ, અનંત બધા. એ જ્ઞેયનો આવો સ્વભાવ છે. એ એવો સ્વભાવ છે એવો જ્ઞાન જાણે ત્યારે જ્ઞાન યથાર્થપણે થયું કહેવામાં આવે. એ વસ્ત્ર નિર્મળપણે થાય એમ ન જાણતા પરના ધોકાને અને પરને લઈને નિર્મળપણું થયું તો એ વસ્ત્રના જ્ઞેયપણાનું વાસ્તવિક જ્ઞાન એને નથી. જ્ઞાન એનું ખોટું થયું.

મુમુક્ષુ :- અપને આપ હી ઉજ્જ્વલ હો ગયા.

ઉત્તર :- અપને આપ ઉજ્જ્વલ હો ગયા. વાત ઈ છે. શેઠી!

'ઉત્પાદવ્યયધ્રૌવ્યયુક્તં સત્' અને 'સત્ દ્રવ્યલક્ષણં.' તો સત્ જે વસ્તુ છે એ લક્ષણ છે દ્રવ્યનું, વસ્ત્ર લ્યો અત્યારે. હવે એ સત્ ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યવાળું છે. તો ઊપજવાની અપેક્ષાએ એ પોતે સત્ છે એ પોતે વસ્ત્ર પોતે નિર્મળ અવસ્થાપણે ઊપજે છે કે બીજી ચીજને લઈને ઊપજે છે? કે બીજી ચીજમાં એ ઊપજે છે? કે બીજી ચીજરૂપે કે બીજી ચીજની અવસ્થારૂપે થાય છે? કે વસ્ત્રની ઊપજવાની અવસ્થારૂપે થાય છે વસ્ત્ર?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- તો ખલાસ હો ગયા.

મુમુક્ષુ :- ખલાસ ક્યા હુઆ?

ઉત્તર :- પર સે હોતા નહીં ઐસા ખલાસ હો ગયા.

અવસ્થાથી, વસ્ત્ર અવસ્થાથી ઊપજ્યું એમ પાછો ખુલાસો કરવો પડ્યો છેને. વસ્ત્ર ઊપજ્યું નથી કાંઈ. સમજાય છે કાંઈ? વસ્ત્ર નિર્મળ અવસ્થારૂપે અથવા અવસ્થાની અપેક્ષાએ ઊપજતું થકું **'તે ઉત્પાદ વડે લક્ષિત થાય છે;...'** ઉત્પાદ વડે શું કહે છે જુઓ! એ નિર્મળ અવસ્થા ઊપજી તે દ્વારા વસ્ત્ર જાણવામાં આવે છે, તે દ્વારા ધોકો જોડે (છે કે), સાબુ અને પાણી જાણવામાં આવતું નથી. કહો, નવરંગભાઈ! એવું સ્વતંત્ર જ્ઞેયનું સ્વરૂપ છે એમ યથાર્થ જ્ઞાનમાં આવે તો એને સમ્યગ્જ્ઞાન થાય અને મિથ્યાજ્ઞાન મટી જાય. દુઃખની દશા ટળે અને સુખની દશા થાય એવી વાત છે. સમજાણું કાંઈ? એ સુખની દશાપણે... એ પણ પછી કહેશે. આ તો દૃષ્ટાંત છેને પહેલો.

**'તે ઉત્પાદ વડે લક્ષિત થાય છે;...'** કોણ? વસ્ત્ર. વસ્ત્ર નિર્મળ અવસ્થાથી ઊપજતું, નિર્મળ અવસ્થાની અપેક્ષાએ ઊપજતું એ ઉત્પાદ વડે વસ્ત્ર લક્ષિત થાય છે. નિર્મળ અવસ્થા

દ્વારા વસ્ત્ર લક્ષિત થાય છે. નિર્મળ અવસ્થા ધારણ કરી વસ્ત્રે અને એ દ્વારા વસ્ત્ર લક્ષમાં આવે છે. એ દ્વારા બીજી ચીજ હતી એમ લક્ષમાં આવે છે એમ નથી. ભારે વાત ભાઈ! કહો, ન્યાલભાઈ! આ નવરા ક્યાં આવું બધું સમજવા માટે. એ કરતા.. ન્યાલભાઈ કહેતા કે ભક્તિ કરી નાખે ભગવાનની. કાંઈ ચિંતા બીજી? હે ભગવાન! મને તારી દેજો લ્યો! એ તો એમ કહેતા ભગવાનની ભક્તિ, બીજાની ભક્તિ... ખ્યાલ છે ન્યાલભાઈ? આ બીજા બધા કરે છેને એટલે. એમ કે કાંઈ સમજવું નહિ. હે ભગવાન તારી દેજો! ભગવાન કહે છે, હે ભગવાન! તારી દેજે. એટલે કોણ? તું.

મુમુક્ષુ :- .. પુરુષાર્થ નહીં હુઆ.

ઉત્તર :- પરકા પુરુષાર્થ હૈ હી નહીં. પુરુષાર્થ તો અપને મેં વહ પુરુષાર્થ યથાર્થ હૈ.

મુમુક્ષુ :- એ કહે છે ધોવામાં પુરુષાર્થ નથી કર્યો?

ઉત્તર :- ના. ના. ધોવામાં આવતું એ તો સમજાવ્યું. પણ વસ્ત્રએ નિર્મળ અવસ્થાને ધારણ કરી છે. વસ્ત્ર એ નિર્મળ અવસ્થાપણે, નિર્મળ અવસ્થાપણે વસ્ત્ર ઊપજ્યું છે અને ઊપજ્યાથી તે વસ્ત્ર લક્ષમાં આવે છે. નિર્મળ અવસ્થા દ્વારા લક્ષિત થઈને વસ્ત્ર લક્ષમાં આવે છે. આહા..હા..! જુઓને દ્રવ્યની સ્વતંત્રતા દાખલો આપીને સમજાવે છે. વસ્ત્ર નિર્મળ અવસ્થાપણે ઊપજ્યું કે બીજી ચીજ ઊપજી? એમાં કોણ ઊપજ્યું? તો ઊપજ્યાના લક્ષણે લક્ષિત થાય છે, ઊપજ્યાના લક્ષણે એ લક્ષિત થાય છે. કપુરભાઈ! ઝીણું છે આ. આ તો પડાવ નાખીને થોડો વખત સમજે તો સમજાય એવું છે. એ વીતરાગ માર્ગ એવો છે.

સમય સમયની અવસ્થાથી ઊપજતું દ્રવ્ય, એ દ્રવ્ય એટલે અવસ્થાથી ઊપજતું, તે તે અવસ્થાના લક્ષણે તે દ્રવ્ય લક્ષમાં આવે છે. એવી ચીજ પોતાના લક્ષણે પોતે લક્ષ્ય, બીજાના લક્ષણે તે લક્ષ્ય થાય એવું જ્ઞાન એને જાણે. જ્ઞાન એમ ન જાણે કે આ ઉત્પન્ન થયું તે બીજાને કારણે થયું, તો બીજાનું કારણ લક્ષણ અને આ લક્ષ્ય ઉત્પાદ એમ નથી. ઉત્પાદ પોતાનું લક્ષણ ઊપજ્યું એ લક્ષણ દ્વારા આ ઊપજ્યું. કોણ? કે વસ્ત્ર. એનું લક્ષ ત્યાં જાય છે. સમજાણું કાંઈ? નિર્મળપણાપણે ઊપજેલું વસ્ત્ર નિર્મળ અવસ્થારૂપે (ઊપજતું). એમાં ધોકો ને પાણી ને સાબુને કારણે ઊપજતું નિર્મળ થતું એમ લક્ષમાં આવતું નથી. એનું લક્ષણ જ એમ લક્ષમાં નથી આવતું એમ કહે છે અને એ લક્ષણ દ્વારા તો વસ્ત્ર લક્ષમાં આવે છે. આહા..હા..!

મુમુક્ષુ :- શિષ્યને સમજાય એવો દાખલો દેને. શિષ્ય તો એમ માને છે કે ધોવાનો પુરુષાર્થ કરીને (વસ્ત્ર નિર્મળ થયું).

ઉત્તર :- એ જ કહે છે એને, શિષ્યે કામ કર્યું છે એને સમજાવે છે. આમ કરે છેને, વસ્ત્ર ધોયા ને આમ કર્યા... કહે છે, સાંભળને. જે વસ્ત્ર છે એ તો નિર્મળપણે થયું છે કે બીજી ચીજ નિર્મળપણે થઈ છે? થઈ છે કઈ ચીજ?

મુમુક્ષુ :- એ તો વસ્ત્ર જ થાયને.

ઉત્તર :- તો થઈ રહ્યું. તો વસ્ત્ર જ નિર્મળપણે થઈ તે અવસ્થા તેના લક્ષ્યને બતાવે છે, આ દ્રવ્ય વસ્ત્ર છે એમ બતાવે છે. બીજી ચીજ બતાવે છે અને બીજી ચીજને કારણે અવસ્થા નિર્મળરૂપે થઈ એમ છે નહિ. કહો, શેઠી! ધોવામાં આવતું કીધું. પણ સમજાવવું છેને એટલે. એટલે લીધું છે ધોવામાં આવતું. દૃષ્ટાંત સમજાવવો છેને, એટલે ધોવામાં આવતું કીધું છે.

**'પરંતુ તેને તે ઉત્પાદ સાથે સ્વરૂપભેદ નથી,...'** નિર્મળ અવસ્થાપણે-નિર્મળ અવસ્થારૂપે વસ્ત્ર થયું, તે અવસ્થાને અને વસ્ત્રને સ્વરૂપભેદ નથી. આના પ્રદેશ જુદા અને આના પ્રદેશ જુદા, એનું ક્ષેત્ર જુદું અને આનું ક્ષેત્ર જુદું એમ સ્વરૂપભેદ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! ભેદજ્ઞાન છે આ ભેદજ્ઞાન. **'સ્વરૂપથી જ તેવું છે...'** શું? એ ઉત્પાદ લક્ષણે વસ્ત્ર નિર્મળ અવસ્થારૂપે થયું તે સ્વરૂપે જ તે તેવું છે. એ ઉત્પાદપણે થયું તે સ્વરૂપે જ તે એવું વસ્ત્ર છે, બીજા સ્વરૂપે એ છે નહિ. પછી ખુલાસો થોડો કરવો પડ્યો અહીં પર્યાય છે માટે. **'(અર્થાત્ ઉત્પાદસ્વરૂપે જ પોતે પરિણત છે);...'** ઉત્પાદસ્વરૂપે નિર્મળપણે વસ્ત્ર પરિણમ્યું છે. નિર્મળપણે વસ્ત્ર પરિણમ્યું છે કે નિર્મળપણે ધોકો પરિણમ્યો છે? કહો, સમજાણું કાંઈ? હવે આવું તો ક્યાંય સાંભળવામાં મળે નહિ કલકત્તા-બલકત્તામાં. ઝવેરચંદભાઈ! વીતરાગમાર્ગ તો આ છે ભાઈ!

નવ તત્ત્વો છે, છ દ્રવ્ય છે, એ પ્રત્યેક સ્વતંત્ર છે અને સ્વતંત્ર (છે) તો એક એક અવસ્થા સ્વતંત્ર છે. અહીં તો હજી ભેદસ્વરૂપ નથી, પછી તો ઉત્પાદનું સ્વરૂપ જુદું, વ્યયનું જુદું, ધ્રુવનું જુદું એમ પછી કહેશે. અને ઓલામાં તો એમ પણ આવે કે ધ્રુવ છે તે પર્યાયરૂપ થયું જ નથી. એમ કીધું. ધ્રુવ તે ધ્રુવ છે. એ પર્યાયરૂપ કોઈ દિ' થયું જ નથી. પર્યાય પર્યાયરૂપે છે અને ધ્રુવ ધ્રુવરૂપે છે. એ અભેદદૃષ્ટિની અપેક્ષાએ કથન છે. અહીં જ્ઞાનપ્રધાન કથન છે તો એનું દ્રવ્ય આખું વર્ણવવું છે પોતે. ઉત્પાદવ્યયધ્રુવવાળું આખું દ્રવ્ય તે ઉત્પાદના લક્ષે લક્ષિત થાય છે અને તે ઉત્પાદસ્વરૂપથી પરિણમે છે એ. વસ્ત્ર ઉત્પાદસ્વરૂપથી થાય છે એ. બીજું એના ઠેકાણે થાય છે એમ છે? આહા..હા..! કહેશે જુઓ!

**'ઉત્પાદ સાથે સ્વરૂપભેદ નથી, સ્વરૂપથી જ તેવું છે (અર્થાત્ત્ ઉત્પાદસ્વરૂપે જ પોતે પરિણત છે); તેવી રીતે...'** આ તો દૃષ્ટાંત થયો, આ તો દાખલો થયો. **'જેણે પૂર્વ અવસ્થા પ્રાપ્ત કરેલી છે...'** છેને? ઓલામાં હતીને (કે) મલિન અવસ્થા પ્રાપ્ત કરેલી છે, પ્રાપ્ત કરેલી છે. એમ જેણે પૂર્વ અવસ્થા આત્મામાં (પ્રાપ્ત કરેલી છે). પૂર્વ અવસ્થા પ્રાપ્ત **'એવું દ્રવ્ય પણ...'** ઓલો વસ્ત્રનો દાખલો છેને એટલે દ્રવ્ય પણ (કહ્યું). **'કે જે ઉચિત બહિરંગ સાધનોની સંનિધિના...'** જુઓ! ઓલું ધોવામાં આવતું હતુંને? ધોવામાં આવતું હતું એ નિમિત્તથી વાત હતી. ભાઈ! એટલે આ વાત લીધી. આહા..હા..!

ધોવામાં પરિણમ્યું છે વસ્ત્ર, પણ ધોવામાં ધોકો ને એ નિમિત્ત હોય છે, ઉપસ્થિતિ હોય છે, હાજરી હોય છે. પણ હાજરીથી ધોળારૂપે પરિણમ્યું ઉજળારૂપે એમ નથી. શું કીધું?

મુમુક્ષુ :- ક્રમબદ્ધ છે.

ઉત્તર :- એ તો ક્રમબદ્ધ જ છે, એનો પ્રશ્ન અત્યારે અહીં નથી. અહીં તો સમય સમયનું પરિણમન જે પરિણમે છે તે પોતે તે રૂપે ધારણ પર્યાયથી થાય છે, બસ થઈ રહ્યું. બીજા સમયે બીજું, ત્રીજે સમયે ત્રીજું એ પછી પ્રશ્ન, અત્યારે નહિ. વર્તમાન આમ થાય છે. ઉત્પાદ, વ્યય અને ધ્રુવ તે લક્ષણ વર્તમાન દ્રવ્યના છે. સમજાણું કાંઈ?

**'તેવી રીતે જેણે પૂર્વ અવસ્થા પ્રાપ્ત કરેલી છે એવું દ્રવ્ય...'** છ દ્રવ્યમાંથી કોઈપણ દ્રવ્ય આત્મા, પરમાણુ (આદિ). આ વસ્ત્રનો દાખલો છે **'કે જે ઉચિત બહિરંગ સાધનોની...'** એટલું. એને યોગ્ય જે બહિરંગ સાધન, એને યોગ્ય જે બહિરંગ સાધન—બાહ્ય સાધન બાહ્ય. **'સાધનોની સંનિધિના...'** હાજરી. જુઓ નીચે છે. **'હાજરી;...'** હાજરી-હાજરી શું કરો છો? ઓલા કહે. સંનિધિનો અર્થ શું ત્યારે કરે? બીજો કોઈ કરે એ ન કરે તો. સંનિધિ એટલે છે જોડે. જોડે છે. બસ. નિકટતા કહો, હાજરી કહો, ઉપસ્થિત કહો. એમાં વાંધો શું પણ એને? પણ એની નિકટતા અને ઉપસ્થિતિની હાજરીમાં પણ... છેને? **'સંનિધિના સદ્‌ભાવમાં...'** એમ કીધું છેને? સમીપતાની સદ્‌ભાવમાં. હો એનો સદ્‌ભાવ, સદ્‌ભાવ નિમિત્તનો છે એમાં **'અનેક પ્રકારની ઘણી અવસ્થાઓ કરે છે...'** આત્મા પોતાની પર્યાયમાં નિમિત્તની અનેક પ્રકારની હાજરી. જેમકે દર્શનમોહ આદિનો અભાવ અને એવી પરિણતિ દર્શનમોહમાં એવા નિમિત્તની હાજરી, અને આત્મા પોતાની અનેક પ્રકારની ઘણી અવસ્થા (કરે). સમ્યગ્દર્શનના પરિણામપણે, સમ્યગ્જ્ઞાનના પરિણામપણે, સ્વરૂપની સ્થિરતાના પરિણામપણે, આનંદના પરિણામપણે. સમજાણું કાંઈ? આત્મા પહેલી અવસ્થા ધારણ કરી ... બીજી.

હવે કહે છે કે એ અવસ્થાના કાળમાં જ્યારે આનો વ્યય થઈને બીજી અવસ્થા થાય છે ત્યારે શું થાય છે? કે **'ઉચિત બહિરંગ સાધન...'** છે. એટલી નિમિત્તની વ્યાખ્યા છે. એને યોગ્ય જોઈએ નિમિત્ત. પણ યોગ્ય હોય જ એમ કહે છે. યોગ્ય નિમિત્ત હોય તો અહીં થાય અને ન હોય તો ન થાય એ અહીં પ્રશ્ન છે જ નહિ. અહીં તો જ્યારે નિર્મળ અવસ્થા અથવા કોઈપણ નવી અવસ્થા ધારણ કરે ત્યારે ઉચિત બહિરંગ સાધનની હાજરીના હયાતીમાં, હાજરીની હયાતી, નિકટતાની હયાતી, નિકટતાના સમીપની હયાતી. એમાં અનેક પ્રકારની ઘણી અવસ્થાઓ દ્રવ્ય કરે છે. અનેકપણાની ઘણી અવસ્થાઓ દ્રવ્ય કરે છે. શું કીધું? કે સંનિધિનું નિમિત્ત જે છે એ કરે છે?

મુમુક્ષુ :- બે ભેગા થઈને (કરે છે).

ઉત્તર :- ભેગા થઈને પ્રશ્ન ક્યાં?

અનેક પ્રકારની સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, શાંતિ, આનંદ એવું જે પર્યાયપણે થવું એ પણે

અહીં તો શુદ્ધિથી લઈએ. બાકી અશુદ્ધમાં પણ એમ છે. **'અનેક પ્રકારની ઘણી અવસ્થાઓ કરે...'** અનંત ગુણની અવસ્થા છેને? દરેક દ્રવ્યમાં અનંત ગુણ છે અને અનંત ગુણની એક સમયે અનેક અવસ્થા અનંત થાય છે. તે, અવસ્થા દ્રવ્ય કરે છે તે. જોયું! દ્રવ્ય એટલે વસ્તુ અનેક પ્રકારની અવસ્થા કરે છે તે. **'અંતરંગસાધનભૂત સ્વરૂપકર્તા...' 'દ્રવ્યમાં પોતાનામાં જ સ્વરૂપકર્તા અને સ્વરૂપકરણ થવાનું સામર્થ્ય છે.'** લ્યો દેખો! એ દ્રવ્ય એટલે વસ્તુ જ પોતાના સ્વરૂપપર્યાયનો કર્તા અને સ્વરૂપ કર્તાનું કરણ સાધન. કર્તા ને કરણ સાધન આત્મામાં જ પોતામાં છે. દ્રવ્ય પરમાણુમાં પણ એના પરિણામનો કર્તા અને કરણ સાધન અંતરંગમાં એ દ્રવ્યમાં જ સાધન છે. બાહ્ય સાધન તો નિમિત્તરૂપ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? કેટલા સિદ્ધાંત સિદ્ધ કરે છે!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હોય જ એમ કીધું છે. એમ કે એ તો હોય જ છે, કે દિ' નથી? પણ હોય છે એટલે? એ કારણે આત્મા અથવા દ્રવ્ય અનેક અવસ્થાને ધારણ કરે છે એમ નથી. સમજાણું કાંઈ?

નિકટતા કર્મ આદિના નિમિત્તની હોવા છતાં, કર્મના અભાવનું નિમિત્ત હોવા છતાં આત્મા જ પોતાની અનેક અવસ્થાને ધારણ કરે છે. સમજમેં આયા? એમ આ પરમાણુઓ. જુઓ આ એક પરમાણુ છે. આત્માનું નિમિત્ત છે એમાં. જ્ઞાનનું નિમિત્ત છે. એ હાજરી હોવા છતાં, એ પરમાણુ પોતે સ્વરૂપકર્તા અને સ્વરૂપકારણનું સાધન પરમાણુના અંતરંગમાં છે તેથી એ પરમાણુ પોતાના પરિણામને ધારણ કરે છે. જ્ઞાન છે માટે, આ જ્ઞાન છે જોડે કે આ શરીર આમ થાય. જ્ઞાન હાજર છે માટે આમ થાય છે એમ નહિ. સમજાણું કાંઈ? જ્ઞાનમાં આવ્યું કે આ પાનું આમ થાય. એમ જ્ઞાન હાજર છે માટે આ પરમાણુઓ એવા સ્વરૂપને આમ ધારણ કરે છે એમ નહિ. પરમાણુમાં અંતરંગ સાધન સ્વરૂપકર્તા અને સ્વરૂપકરણનું છે તેથી તે એ જાતની પર્યાયને ધારણ કરે છે.

જુઓ! આ કાગળ જે છે એ ઊંચો થાય છે ઊંચો જુઓ! છેને? આમ ઊંચો થયો. કહે છે કે એ એના પરમાણુમાં, આ સ્કંધ છે એમ એક એક પરમાણુમાં અંતરંગ સાધન આ રૂપે પર્યાય થવામાં, પહેલી અવસ્થા આમ હતી પછી આમ થઈ, એમાં એ પરમાણુમાં અંતરંગ સાધન સ્વરૂપકર્તા અને સ્વરૂપકરણ એ વડે તે પર્યાય ધારણ કરે છે. આંગળીનું સંનિધિ-નિકટ છે એટલું. આંગળી આમ થઈ એ નિકટ સાધન છે. પણ એ સાધન નહિ, પણ એનું અંતરંગ સાધન પરમાણુમાં છે કે જેથી સ્વરૂપકર્તા અને સ્વરૂપકરણ થઈને ઊંચું થાય છે. કહો, સમજાણું કાંઈ? એથી વધારે...

જુઓને, આ તો દૃષ્ટાંત આ તો નજીક પડ્યું છે એટલે. એમ આત્મા. કીધુંને આંગળી. આ જીભ લ્યો જીભ જુઓ! આ હોઠ હલે છેને હોઠ. તો આ રજકણ છે તો એ રજકણને

જ્ઞાન નિમિત્ત છે. જ્ઞાન નિમિત્ત કહેવાય. કારણ કે જ્ઞાનમાં એમ આવે છે કે આમ ભાષા થાય એટલું. થાય હોં! જ્ઞાન નિમિત્ત છે. પણ જ્ઞાન નિમિત્ત બહિરંગ સાધન, બહિરંગ સાધનની નિકટતા છે એટલું. છતાં આ હોઠ અને જીભના પરમાણુમાં પરમાણુમાં-અંતરંગ પરમાણુની શક્તિમાં એ પર્યાય થવાના સ્વરૂપનું કર્તાપણું અને પર્યાયનું સાધન એ પરમાણુમાં છે માટે તે પર્યાય ધારણ કરે છે. કહો, સમજાણું આમાં? ભારે ધર્મ ભાઈ! આવો ધર્મ શું? બીજી રીતે કાંઈ વ્રત પાળો, અપવાસ કરી નાખો, સંથારા કરી નાખો લ્યો! મરી જાને સંથારો કરીને. પણ તું કોણ છો અને કેમ થાય છે એના ભાન વિના તને સમ્યગ્જ્ઞાન ક્યાંથી થશે? અને જ્ઞાન વિના ઠરવું ક્યાં છે એ ચારિત્ર પણ ક્યાંથી થાશે? સમજાણું કાંઈ?

એક અનાજ છે. કોઈ માણસ એમ કહે કે આઠમ છે માટે મારે અપવાસ છે. માટે મારે આહાર કરવો નથી. દાખલો. તો આહારના પરમાણુઓ ત્યાં નહિ આવવાના એવું જે એનું પરિણમન એ પરમાણુના સ્વરૂપકર્તા, કરણ અને સાધનને કારણે છે. આને વિકલ્પ ઊઠ્યો માટે ત્યાં નથી આવ્યા એમ છે નહિ. કહો, ચંદુભાઈ! આહા..હા..! ઓલો એમ માને છે કે આ વિકલ્પ ઉઠ્યો મેં નથી ખાધું માટે આહાર ન આવ્યો. મિથ્યાદૃષ્ટિ છે. જ્ઞેયનું એવું સ્વરૂપ છે નહિ. મિથ્યા દૃષ્ટિનું પાપ મોટું હોય છે. રોટલા ન ખાધા, અપવાસ કર્યો, છતાં ત્યાં આ માન્યતા છે તો મિથ્યાત્વ માન્યતા, પાખંડ માન્યતા, મિથ્યાત્વની માન્યતા છે. પાપ દુઃખરૂપી દૃષ્ટિ એની છે એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ આ ન્યાયમાં સમજાય એવું છે કે નહિ? આહા..હા..!

એટલું કહ્યું કે ઉચિત યોગ્ય સાધન હોય છે નિકટ. નિકટનો અર્થ? એ નિકટનો અર્થ કાંઈ એમ નથી કે સિદ્ધને યાદ કર્યા તો નિકટ અહીં આવી જાય છે. એમ નથી. પણ નિકટ સાધન જ એને કહેવામાં આવે. સમજાય છે? સિદ્ધને નિમિત્ત કહેવાય. અહીં જ્ઞાન થયું પોતાથી ત્યારે તેને નિમિત્ત કહેવાય. આવા સિદ્ધ હતા અક્રિયબિંબ શાંત વીતરાગી છે લક્ષમાં આવ્યું અને અહીં જ્ઞાન થયું પોતામાં. સમજાય છે? ત્યારે તેને સિદ્ધને નિમિત્ત કહેવાય. પણ એ તો ઉચિત બહિરંગ સાધન નિમિત્ત છે. એથી અહીંયા જ્ઞાનરૂપે પરિણમન ધારણ કર્યું છે એ આત્માએ પોતે ધારણ કર્યું છે. સમજાણું કાંઈ? હું જ્ઞાનસ્વભાવી જ્ઞાતાદૃષ્ટા, હું શુદ્ધ ચૈતન્ય એવા જે શ્રદ્ધારૂપી પરિણામને ધારણ (કરનાર) આત્મામાં અંતરંગ સ્વરૂપકર્તા અને સ્વરૂપના સાધનનો ગુણ છે તેથી તે તે પરિણામને ધારણ કરે છે. તે પરિણામપણે ઊપજે છે અહીં લીધું છે અર્થમાં પહેલું. તે પરિણામપણે ઊપજે છે અથવા તે પરિણામને ધારણ કરે છે એમ લેવું પડશે. ધ્રુવમાં ધારણ કરે એમ લેવું પડશેને? સમજાણું કાંઈ? ધીમેથી આ તો સમજવા જેવું છે, આ તો વિચારમાં લઈને. આ તો અલૌકિક વાત છે. સર્વજ્ઞે કહેલી ધર્મકથા ઈન્દ્રોની સમક્ષમાં ચાર ચાર જ્ઞાનના ધરનાર ગણધર અને ત્રણ જ્ઞાનના ધણી ઈન્દ્રો અસંખ્ય અબજ

દેવના સ્વામી, છતાં (અંદર એમ માને છે કે) હું કોઈનો સ્વામી નથી. હું તો મારું પરિણમન થાય તેનો સ્વામી છું. આહા..હા..! સમજાય છે કાંઈ?

કહે છે, વસ્તુ કોઈપણ આત્મા હો કે પરમાણુ. કેમકે એમાં અનંત ગુણ છેને દરેકમાં. તો સમયે સમયે અનંત ગુણની અવસ્થારૂપે, ઘણી અવસ્થારૂપે, ઘણી શબ્દે ત્યાં અનંત અવસ્થાઓ થઈ બધી, એને કરે છે. તે આત્મા હો કે પરમાણુ (હો), અંતરંગ સાધન છે. જુઓ! ઓલા બહિરંગ હતું, (આ) અંતરંગ. ઓલામાં ઉચિત હતું એટલે યોગ્ય હતું એટલું. અહીં આ તો સ્વરૂપ જ એવું આનું છે એમ કહે છે. અંતરંગ સાધનરૂપ સ્વરૂપકર્તા. ભગવાન આત્મા પોતાની નિર્મળ સમ્યગ્દર્શન પર્યાયરૂપ પરિણમે એ પરિણામના સ્વરૂપનો કર્તા અંતરંગ સાધન આત્મામાં છે. માટે તે રૂપે થાય છે. બહિરંગ સાધન ઉચિત નિમિત્ત તરીકે હાજર છે, સદ્ભાવ છે. સમજાણું કાંઈ?

માટીમાંથી ઘડો થવાની પર્યાય (થઈ). તો માટીમાં અંતરંગ સ્વરૂપકર્તા અને સ્વરૂપકરણનું સાધન છે માટીમાં એથી ઘડારૂપે માટી ઊપજે છે અથવા ઘડાની અવસ્થા ધારણ કરે છે. ત્યારે ઉચિત સાધન કુંભાર, ચાકડો આદિ ઉચિત સાધન હોય છે. ઉચિત સાધન કુંભાર અને ચાકડો હોવા છતાં સ્વરૂપસાધનનો કર્તા અને કરણ તો પોતાના દ્રવ્યમાં-માટીમાં પડ્યું એથી એ પરિણામે ઘડાપણે પરિણમે છે. ઉચિત સાધન વડે પરિણમે છે એમ છે નહિ. આ 'વડે' કીધુંને જુઓને. **'સ્વરૂપકર્તાના અને સ્વરૂપકરણના સામર્થ્યરૂપ સ્વભાવ વડે...'** જુઓ એમ શબ્દ છે. **'અંતરંગસાધનભૂત સ્વરૂપકર્તાના અને સ્વરૂપકરણના...'** ત્યાં એમ લેવું. અંતરંગસાધનભૂત સ્વરૂપકરણ એવું સામર્થ્યરૂપ સ્વભાવ વડે **'અનુગૃહીત થતાં,...'** એવા સ્વભાવ વડે એ પદાર્થ તે પ્રકારે પરિણમવાને લાયક થતાં પરિણમે છે. આહા..હા..! જુઓને આચાર્યે કેટલું સ્પષ્ટીકરણ કર્યું છે! ઉપાદાનના નિમિત્તના ઝઘડા મોટા છેને અત્યારે. આજે લેખ આવ્યો છે સ્યાદ્વાદનો. એ પહેલો આવ્યો હતો ઓલામાં. આ લોકોને એમ કે આપણે વિદ્વત પરિષદ વચ્ચે ચર્ચા .. પણ સ્યાદ્વાદથી હવે સિદ્ધ કરી નાખો. અરે..! ભાઈ! એમ પણ હોય અને આમ હોય. આ સિદ્ધ કરી નાખો. એ વખતે નિમિત્ત પ્રધાનતાથી પણ થાય તો.. એ ઉપાદાન ત્યાં ક્યાં આવ્યું?

આ તો અહીં તો એ કહે છે કે કોઈપણ આત્માના પોતાના પરિણામ થવા કાળે. એટલે કોઈપણ પરમાણુમાં પરિણામ થવા કાળે બહિરંગ સાધન, બહિરંગ ઉચિત યોગ્ય સાધન હોવા છતાં પોતે સ્વરૂપકર્તા અને સ્વરૂપકરણના સ્વભાવના સામર્થ્ય વડે તે પરિણામને તે દ્રવ્ય પ્રાપ્ત થાય છે. આ સિદ્ધાંત છે આવો ચોખ્ખો. સમજાણું કાંઈ? પન્નાલાલ. પન્નાલાલ છેને એ તો? પહેલાં આવ્યું હતું. આજે પણ આવ્યું છે. આમ કરો ને આમ કરો. શું કરું ભગવાન? આ એક જ ટૂકડો લેને. તારા ઉપાદાન-નિમિત્તનો બધો ઝઘડો પાર કરી નાખે એવો છે. આ તો અનંતા દ્રવ્યોમાંથી કોઈપણ દ્રવ્ય જે છે તેની નવી અવસ્થા થવાના કાળમાં તેને

બહિરંગ ઉચિત સાધનની હાજરી હોવા છતાં એ દ્રવ્ય પોતે સ્વરૂપકર્તાના સ્વભાવ વડે અને સ્વરૂપકરણના સ્વભાવ વડે સામર્થ્ય હોવાથી તે પર્યાયને ધારણ કરે છે. સમજાણું કાંઈ? મોટા મોટા ચર્ચા, હજારો રૂપિયાના ખર્ચ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પહેલા તો કીધું હતું કે અમે આપશું ત્રણ હજાર રૂપિયા. પછી એને થઈ ગયું કે આ બહાર પડે આપણને સારું નહિ, આમાં લાભ નથી કાંઈ. અમારે નથી આપવા. કાંઈ નહિ. ફૂલચંદજી કહે આપણે છપાવીએ. ઉચિત બહિરંગ સાધન હોય એ હોય ને. પરમાણુનું પરિણમન તો એને કાળે તે અંતરંગ સાધન કર્તાસ્વરૂપ અને કરણ દ્વારા થયા છે. પુસ્તક છે? સમજાણું કાંઈ?

આત્મામાં મિથ્યાત્વનો ભાવ થાય, એ કહે છે કે મિથ્યાત્વભાવ એણે ધારણ કરેલો છે એટલી વાત પહેલી. જેમ મલિન વસ્તુએ ધારણ કર્યું છે મલિનપણું. એમ મિથ્યાત્વભાવ ધારણ કરેલો છે એવો આત્મા. હવે એ આત્માને ઉચિત સાધન નિમિત્ત ગુરુનો ઉપદેશ ભલે હો. સમજાય છે? કે ત્યાં વિકલ્પ અંદર નિમિત્ત હો, છતાં તેના વખતે આત્મા જ પોતે અંતરંગ સ્વરૂપકર્તાના સાધનના સ્વભાવ દ્વારા અને અંતર સ્વરૂપના કરણ—કારણ સ્વભાવ દ્વારા અનુગ્રહિત થતાં એ પર્યાય ધારણ કરે છે.

'**ઉત્તર અવસ્થાથી ઊપજતું થકું...**' જુઓ! '**સામર્થ્યરૂપ સ્વભાવ વડે અનુગૃહીત થતાં,...**' અનુગૃહીત તો જડ, ચૈતન્ય બધાને લાગુ પડે છે. અહીં છ દ્રવ્યને છેને? એ દ્રવ્ય જ અનુગ્રહ થાય છે એ રીતે. એ દ્રવ્યની એ જાતની કૃપા થાય છે એમ કહે છે. આહા..હા..! છએ દ્રવ્યની વાત છે આ. જીવની એકલાની વાત નથી. આહા..હા..! મીઠી મહેરામણ જેવી વીતરાગી વાતું છે આ. આ નિમિત્તને... શું કહે છે? તાકવું પડે. એમ કીધું શું? તાકવું પડે.

મુમુક્ષુ :- ઉપાદાન અને નિમિત્તપણું તાકવું પડે.

ઉત્તર :- એમ ના પાડે છે અહીં. દ્રવ્યમાં પર્યાય થવી હોય તો નિમિત્તને તાકે ત્યારે આવે ત્યારે અહીં કાર્ય થાય. ભગવાન શું કહે છે તું? ભાઈ! સમયે સમયે પર્યાય થાય છે એની તો અહીં વાત ચાલે છે.

જે સમયે દ્રવ્યમાં મલિન અવસ્થા છે, એમાંથી નિર્મળ અવસ્થા ધારણ કરે ત્યારે ઉચિત સાધન હોવા છતાં તેને કર્તા-કરણ ન લાગુ પાડ્યું એને. કર્યું છે? બહિરંગ સાધન... આ બધા અનંતા દ્રવ્યોની અનંતી પર્યાય ક્ષણે થાય, જ્ઞાનની, દર્શનની, આનંદની, પરમાણુમાં વર્ણની, ગંધની, રસની, સ્પર્શની. સમજાણું કાંઈ? ઘણો સિદ્ધાંત છે મોટો.

કહે છે, '**સંનિધિના સદ્‌ભાવમાં...**' એમ કીધું. ત્યાં કર્તા, કરણ ત્યાં ન નાખ્યું. સમજાણું કાંઈ? બહિરંગ સાધનમાં કર્તા, કરણ ન નાખ્યું અને અંતરંગ સાધન તે સમયે કામ કરે તેમાં

કર્તા-કરણના સ્વભાવ વડે થાય છે એમ સાધન નાખ્યું લ્યો! માનવું, ન માનવું તો એની દૃષ્ટિમાં ન બેસે ત્યાં સુધી એ શું કરે? સમજાણું?

જુઓ આ લાકડી છેને લાકડી? જુઓ! આ લાકડી આમ છે લ્યો. હવે કહે છે કે આ એનું બહિરંગ સાધન છે આ આંગળી, ઉચિત-યોગ્ય. આ પરમાણુઓમાં અંતરંગ સ્વરૂપકર્તા એ પર્યાયનો આમ ઊંચું થવું અને અંતરંગ કરણ કારણ સાધન એના સામર્થ્ય દ્વારા સ્વભાવ વડે આ ઊંચી પર્યાયનું પરિણમન પરમાણુમાં થયું છે. આંગળીને લઈને નહિ. (કારણ) કે આંગળીના કર્તા, કરણ આના નથી. એના કર્તા, કરણ એનામાં છે. એના કર્તા, કરણ આમાં નથી માટે કર્તા, કરણ નિમિત્તમાં નાખ્યા નથી. સમજાણું કાંઈ? આહા..હા..! જુઓને, આ ક્યાં આ સોનગઢની ટીકા છે? આ શાસ્ત્ર સોનગઢનું છે? સંસ્કૃત છે માથે અમૃતચંદ્રાચાર્યનું સંસ્કૃત છે, કુંદકુંદાચાર્યના શ્લોક છે, એની ટીકાનો આ અર્થ ગુજરાતી ચાલે છે. સમજાણું કાંઈ?

મરતા દેહને છૂટવાના કાળમાં, કહે છે કે કોઈ સંભળાવનાર નિમિત્ત ભલે હો, કે ભગવાનના સામે દર્શન હો, ઉચિત નિમિત્ત સાધન, પણ એ કાંઈ તારા પરિણામના કર્તા અને કરણ-સાધન એ નથી. તારા પરિણામનું તે વખતે સ્વરૂપનું કર્તાપણું અને સ્વરૂપની પર્યાયનું સાધનરૂપી કારણ અને કરણ તો તારામાં પડેલું જ છે. એ દ્વારા અનુગૃહીત થઈને સ્વભાવ દ્વારા પોતાની સમ્યક્‌જ્ઞાન-દર્શન, શાંતિની પર્યાયરૂપે આત્મા થાય છે. સમજાણું કાંઈ? આ મન નિમિત્ત સાધન છે, આ સાંભળવાનું નિમિત્ત છે માટે આમ થાય? ના, મન ઉચિત નિમિત્ત હોવા છતાં તે કર્તા-કરણ સાધન અંતરંગને કામ કરતા નથી. કારણ કે એના પરમાણુના કર્તા, કરણ સાધન એનામાં છે અને આના કર્તા, કરણ સાધન, પોતામાં છે. એટલે કે બહિરંગના સાધનના કર્તા, કરણ આના એમ ન કહેતા એકલું બહિરંગ સાધન છે એમ કહ્યું છે. સમજાણું કાંઈ? આહા..હા..! વિચારે, ખ્યાલમાં લે તો એને સમજાય એવું છે હોં. ન સમજાય એવું નથી આ કાંઈ.

વસ્તુ અનેક છેને? અનંત છેને? તો અનંતમાં એક એકમાં અનંત ગુણ છે. એક એકમાં અનંત ગુણનું જ્યારે પરિણમન ઉત્પાદનું થાય છે તે કાળે નિમિત્ત ઉચિત એને યોગ્ય હો, પણ એ નિમિત્ત છે તે આ સ્વરૂપના પરિણામના કર્તા ને સાધન-કારણ-કરણ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ નિમિત્તકર્તાનો અર્થ જ નથી અહીં કીધું. 'કર્તા' શબ્દ જ નથી લીધો. એ તો પછી અહીં કર્તા અને કરણથી થાય એનો આરોપ નાખીને કહો. વાસ્તવિક કર્તા-કરણ આના કર્તા-કરણ ત્યાં રહેતા નથી એમ સિદ્ધ કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ! શરીર ઠીક હોય, મન ઠીક હોય જડ તો આત્માના ધર્મ પરિણામ થાય. કહે છે કે એમ નથી. એમ કહે છે. સમજાણું કાંઈ? જુઓને ઓલા કહે છેને, પણ ભૂખ્યા તે કાંઈ

ધર્મ થાતા હશે? ઓલા રજનીશ હવે કહે છે. રોટલા-બોટલા ઉદ્યોગને બતાવો અને રોટલા મળે તો ધર્મ (કરશે). આખો દિ' શ્રમ કરવાને થાકે તો સૂઈ જશે, ધર્મ કે દિ' કરશે? અરે..! ભગવાન.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મહા હેરાન છે અમેરિકા તો. દુઃખી... દુઃખી... દુઃખી.. દુઃખી... બિચારા. જુઓને, મીઠાની કાલે વાત સાંભળી હતી. મીઠાના ધંધા. એ ..થી પાણી દરિયાના લાવે ઓલામાં ..માં. ચીમનભાઈ! ગયા હતા કે નહિ જોવા? ક્યાં? પોરબંદર. એ કાલે વાત થઈ હતી તમારી. શાંતિભાઈ કહે ચીમનભાઈ જોવા ગયા હતા ત્યાં. તો એકલા માછલા બહુ. આહા..હા..! ઓલો પંખો હલેને પાણી લાવવા. માછલાના કટકા થઈ થઈને ઊડી જાય બહાર, પાણી આમ આવે. એ ઓલા કાગડા ખાય માછલા. આહા..હા..! જુઓ, આ ધંધાના ભાવ.

એમ જ અહીં કહે છે કે દરેક પર્યાયમાં પોતાના સાધનમાં કર્તા, કરણ પોતે છે, એને બીજા સાધનથી કર્તા માનવું એ પોતાની હિંસા થાય છે. પોતાનું જીવતરનું જીવનનો ઉત્પાદ પોતાથી જીવોને થયો છે, ટક્યો છે એમ ન માનતા આનાથી ટક્યો છે એ જીવની હિંસા છે. અથવા એ દ્રવ્ય જેવું છે સામું જડ એવું જે ટકતું એવું છે એને એમ ન માનતા આનાથી ટકવું છે (એમ માનતા) એ દ્રવ્યને અન્યાય અપાય છે. એ દ્રવ્યને અન્યાય અપાય છે અને અન્યાય આપનાર તારા પરિણામ અન્યાયમય છે. કહો, નવરંગભાઈ! શું પ્રરૂપણામાં ત્યારે આ દવાથી રોગ મટે એમ ન બોલવું? પૈસા આપે કોણ નહિતર? લ્યો! આ બેય ડોક્ટર રહ્યા લ્યો! એ.. ધીરૂભાઈ!

મુમુક્ષુ :- ... મટી જાય.

ઉત્તર :- પણ એ મટી ગયેલી વસ્તુ જ એવી છે કહે છે. પણ તને લક્ષમાં આવતી નથી. તને લક્ષમાં (છે કે) અહીં કાર્ય થાય તો હું અહીં છું, મારામાં કાર્ય થાય તો આ અહીં છે. આમથી આમ જાય છે. પરમાં કાર્ય થાય છે તો હું છું. મારામાં કાર્ય છે તો આ છે. પણ તારામાં કાર્ય છે તો તું છો, એનામાં કાર્ય છે તો એ છે. સમજાણું કાંઈ? મગનભાઈ! કેમ હશે આ? હુશિયારી-બુશિયારી નહિ કામ આવતી હોય? આ ભીમરડી, શું? ભીમરડી. એ આના છોકરાઓ કામ કરે છે બધા મોટા ખજૂરના લાખો રૂપિયાના. અહીં ના પાડે છે. કહે છે નથી કરી શકતો એમ કહે છે. આ તમારા છોકરાઓ નથી કરતા? ભત્રીજાના દીકરાઓ કેટલા મોટા વેપાર લાખો ખજૂરના ઉતારે છે. અહીં ના પાડે છે કે એ કરી શકતા નથી. ધંધો છોડે કોણ અને મૂકે કોણ?

દરેક પદાર્થ આત્મા હો કે રજકણ એક એક પોઈન્ટ હો, તો ભગવાનના જ્ઞાનમાં તેનું દ્રવ્યસ્વરૂપ ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળું જોયું. તો તે પ્રત્યેક પદાર્થમાં નવી અવસ્થાના ઉત્પાદ કાળના કર્તા, કરણ-સાધન તો તેના દ્રવ્યમાં છે. ત્યારે નિમિત્ત છે તેને કર્તા, કરણ લાગુ પડતું નથી

એમ કીધું ત્યાં તો. પછી આરોપથી કહે એ જુદી વાત છે. પણ કર્તા, કરણ ખરેખર આના કર્તા, કરણ ત્યાં નથી. આહા..હા..! ઘડાની પર્યાયમાં માટીમાં કર્તા-કર્મ-કરણ સાધન પડ્યું છે, પણ કુંભારમાં આના કર્તા, કરણનું સાધન કુંભારના દ્રવ્યમાં અને એની પર્યાયમાં પડ્યું નથી.

મુમુક્ષુ :- એના કર્તા, કરણ નથી.

ઉત્તર :- ત્યાં ક્યાંથી હોય પણ? એ તો વાત સિદ્ધ કરે છે આ. આહા..હા..! અરે..! ઝઘડા શેના ભાઈ?

મુમુક્ષુ :- કુંભાર...

ઉત્તર :- એ તો કહે કે ઉપાદાન તો જોવે, પણ નિમિત્ત વિના થાય નહિ. પાછું બેય નાખે છે. ... ન થાય માટે ઉપાદાન જોઈએ અને કુંભાર વિના ન થાય માટે નિમિત્ત જોઈએ. આ તો બધા ભણેલા છે કે નહિ? કહો, ભગવાનજીભાઈ! આ બધા વાંચ્યા છે કે નહિ? વાંચ્યું છે બધુંય? એની દૃષ્ટિએ કહ્યુંને, આ કાઢે તો અહીંથી નાખે લ્યો. ઉચિત બહિરંગ સાધનની હયાતી. ઉચિત બહિરંગ સાધન ન હોય તો ન થાય. પણ ન થાયનો અહીં પ્રશ્ન જ નથી. થાય ત્યારે ઉચિત બહિરંગ સાધન હોય છે. છતાં થાય તેના સ્વરૂપ કર્તા ને કરણનું સાધન એના દ્રવ્યમાં પડ્યું છે એમ કહે છે. એ કહે છેને કર્મને લઈને થાય. દેખો! કર્મ દર્શનમોહને લઈને મિથ્યાત્વ થાય, ચારિત્રમોહને લઈને રાગ થાય. અરે..! ભગવાન! સાંભળને ભાઈ! આ બીજી વાત કહેવી છે. વિકાર એનો સ્વભાવ નથી તો નિમિત્તના આશ્રયથી થાય છે, સ્વભાવથી થતાં નથી. અરે..! ભગવાન! ક્યાંનુ ક્યાં લગાવે છે. શું કરે? બહુ તકરાર! અરે..! ભગવાન! આ તકરાર મટવાના કાળ એમાં આ તકરાર ક્યાંથી ઊભી કરી? સમજાણું કાંઈ?

એટલે આ કહે છે કે ધર્મના પરિણામપણે આત્મા ઊપજે તો એના સ્વરૂપના કર્તા ને કરણ આત્મામાં છે તેથી ધર્મ પરિણામપણે ઊપજે છે. કહો, આ રાગ છે કે શરીર અનુકૂળ છે કે અનુકૂળ વાણી સાંભળવા મળે છે માટે ત્યાં ધર્મ પરિણામે પરિણમે છે, એ વાણી અને વિકલ્પ તેના કર્તા, સાધન છે એમ નથી. કહો, છગનભાઈ! આ બધા કાર્યકર્તા બધા કરતા હતાને તમે બધું વાંકાનેરમાં? રામજીભાઈ તો બહુ કરતા હતા ત્યાં. સલાહ દેવા આવતા હતા નહિ? સલાહ દીધી તો નાખ કેદમાં ઓલું. ૧૯૯૫માં. ભારે વાંધા ભાઈ જગતને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોણ બને અને કોણ બનાવે? આહા..હા..! આ બે લીટીમાં આખી દુનિયાના ઉપાદાન-નિમિત્તનો ફેંસલો છે. આચાર્યના રીઝર્વ થયેલા આ બધા શબ્દો. આહા..હા..! ભાઈ! તું ઉપાદાન છોને. તારામાં તારી વર્તમાન અવસ્થા થવાની તાકાત તારામાં કર્તા, કરણ-સાધન તારામાં છે. આ 'વડે' કહેવુંને? 'વડે' જોઈએને? સાધન જોઈએને? સાધન છેને તારામાં? એથી કહ્યું જુઓ!

'**સ્વરૂપકરણના સામર્થ્યરૂપ સ્વભાવ વડે અનુગૃહીત થતાં, ઉત્તર અવસ્થાએ ઊપજતું થકું...**' નવી અવસ્થાએ ઊપજતું થકું, પૂર્વ અવસ્થા પ્રાપ્ત કરેલી છે તે. એમ પાછી. એમ આવ્યું હતુંને પહેલું? પૂર્વ અવસ્થા પ્રાપ્ત કરેલી છે તે. '**ઉત્તર અવસ્થાએ ઊપજતું થકું...**' તે દ્રવ્ય નવી અવસ્થાએ ઊપજતું થકું '**તે ઉત્પાદ વડે લક્ષિત થાય છે;...**' એ ઉત્પાદ વડે લક્ષિત થાય છે. સમ્યગ્દર્શન થયું એ લક્ષણ છે, દ્રવ્ય લક્ષ્ય છે. તો એ લક્ષણ દ્વારા આત્મા લક્ષિત થાય છે કે આ આત્માએ આ પર્યાય કરી. સમજાણું કાંઈ? આહા..હા..!

આ લાકડું. ઘડો-ઘડો થાય લ્યો! ઘડો તો કુંભારથી થાય. કપડું વણાય કપડું-કપડું. તો કહે છે કે કપડામાં ઉચિત સાધન ભલે વણકર આદિ નિમિત્ત હો, પણ કપડાના પરમાણુઓમાં તે કાળે તે અવસ્થા થવાની ઊપજે છે, કપડું ઊપજે એનું કરણ-સાધન અને કર્તાપણે પરિણમનારો એવો એનામાં ગુણ છે એના વડે પરમાણુઓ કપડાના કપડાપણે પરિણમે છે. તંતુવાયવાળો જોડે છે માટે એમ થાતું નથી. તંતુવાયમાં એના સ્વરૂપ કર્તાના કરણ સાધનવાળો એના પરિણામ એનાથી થાય છે, ત્યારે આને નિમિત્ત કહો. સમજાણું કાંઈ? કુંભારનું નામ પડવામાં ઘડો નિમિત્ત કહો, ઘડો થવામાં નિમિત્ત કુંભાર કહો. આ બહિરંગ નિમિત્ત છે. કહો, કુંભારને નિમિત્તપણું થયું એ પણ ઘડો થયો ઉપાદાનપણે ત્યારે એનામાં નિમિત્ત કહેવાણું કે કુંભાર છે, આ કુંભાર છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પરસ્વરૂપ નિમિત્ત છે. સૌના સ્વરૂપના કર્તા સૌ છે અને પરસ્વરૂપ નિમિત્ત કહેવાય છે. સમજાણું કાંઈ? કેમ કાંતિભાઈ! શું છે આ? બે લીટીમાં તો બધું ભરી દીધું.

'**તે ઉત્પાદ વડે લક્ષિત થાય છે;...**' તે તે પદાર્થ તે તે સમયની અવસ્થાપણે પૂર્વની પ્રાપ્ત અવસ્થાના કાળમાં-તેના વ્યયકાળમાં, અવસ્થા તો થઈ હવે, હવે તેના અભાવકાળમાં ઉત્પાદ વડે લક્ષિત થાય છે, '**પરંતુ તેને તે ઉત્પાદની સાથે સ્વરૂપભેદ નથી,...**' ઘડાની પર્યાય માટીના કર્તા, કરણ વડે થઈ એ માટી ઘડાની પર્યાયપણે ઊપજી તે ઉત્પાદનું લક્ષણ, તે માટી લક્ષ્ય છે. એના લક્ષણથી માટી ઓળખાય છે. અને તે માટી અને તેના ઉત્પાદને સ્વરૂપભેદ નથી. બીજો જોડે નિમિત્ત છે એ તો સ્વરૂપભેદ છે. સમજાણું કાંઈ? જોડે જે નિમિત્ત છે એ તો સ્વરૂપભેદ છે. આનાથી સ્વરૂપ એનું ભેદ છે એમ કહે છે. બીજું સ્વરૂપ છે એનું. કહો, આ રોટલી થાય છેને રોટલી? કહે છે કે આટો રોટલીપણે ઊપજે છે એ આટાના સ્વરૂપકર્તા અને સ્વરૂપકરણના સાધન વડે થઈને ઉનું ગ્રહે છે ને રોટલી થાય છે. ઉચિત નિમિત્ત હો તાવડી અને અગ્નિ, એ તો ઉચિત નિમિત્ત છે. પણ ઉચિત નિમિત્તમાં કર્તા, કરણ સાધન આ રોટલી થવાનું એમાં નથી. આના કર્તા-કરણ સાધન એનામાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**સ્વરૂપથી જ તેવું છે.**' છેને? '**સ્વરૂપથી જ તેવું છે.**' એટલે ત્યાં વ્યય ઉત્પાદસ્વરૂપે

જ પરિણિત છે. ઓલા દાખલામાં નાખ્યું છેને. દાખલામાં 'તે રૂપે પરિણિત' નાખ્યું છેને કૌંસમાં? એમ સ્વરૂપથી જ તેવું છે. એટલે કે પ્રત્યેક પદાર્થ પ્રત્યેક સમયમાં પોતાની અવસ્થાથી ઊપજતું થકું લક્ષણથી લક્ષ્ય દ્રવ્ય છે અને તે તે સ્વરૂપે પોતે જ ઊપજેલું છે. એ પર્યાયપણે તે જ દ્રવ્ય પરિણમેલું છે. દ્રવ્ય તે પણે પરિણમેલું છે તે તેનાથી થયેલું છે. જે રીતે પરિણમ્યું છે તેનો કર્તા અને કરણ તે દ્રવ્ય છે. દ્રવ્ય એ રીતે ઊપજ્યું છે. બીજી ચીજ એ રીતે ઊપજી છે એમ નથી. આ બધા લાકડાના ધંધા ને આ બધા ધંધા હીરા-માણેકના. હીરા-માણેકનું આ શું કર્યું શેઠીએ અત્યાર સુધી? કર્યા હતાને? કહો, શેઠી! હીરા-માણેકનું કાંઈ નથી કર્યું એમ કહે છે. પોતાના પરિણામનો કર્તા હતો. એ પરિણામપણે ઊપજતા હતા અને આને ઉપજાવવું છે એમ માનતા હતા. ગલત માનતા હતા. એ ગલત માન્યતા છે. કેમકે જ્ઞેયનું એવું સ્વરૂપ છે જ નહિ. જ્ઞેયનું એવું સ્વરૂપ નથી. પરને કારણે એમાં પર્યાય ઊપજે એવું જ્ઞેયનું સ્વરૂપ છે જ નહિ. મહાસિદ્ધાંત. વસ્તુનો સિદ્ધાંત છે. તે ઉત્પાદની એક વાત થઈ. હવે વ્યયની વાત આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર વદ ૫, મંગળવાર, તા. ૧૦.૧૨.૧૯૬૮**
**ગાથા-૯૫-૯૬, પ્રવચન-૯૧**

પ્રવચનસાર, જ્ઞેયતત્ત્વ અધિકાર. દ્રવ્યનું સ્વરૂપ એટલે લક્ષણ. આ જગતમાં છ દ્રવ્યો છે તેનું લક્ષણ શું છે એ વર્ણવે છે. એમાં ઉત્પાદની વાત થઈ ઉત્પાદ. પ્રત્યેક દ્રવ્ય વર્તમાનમાં પર્યાયે ઊપજતું થકું... દાખલો આપ્યો વસ્ત્રનો. મલિન વસ્ત્રને પ્રાપ્ત, મલિન અવસ્થાને પ્રાપ્ત વસ્ત્ર એ ધોવામાં આવતા એને ઉત્પન્ન જે અવસ્થા થાય છે એ લક્ષણે લક્ષિત તો વસ્ત્ર છે. ધોવામાં આવતા એ તો નિમિત્ત છે. વસ્ત્ર જ પોતે ઉત્પાદ અવસ્થાએ ઊપજે છે. ઉત્પાદ અવસ્થારૂપે ઊપજે છે એમ. એના ઊપજવામાં બીજું કોઈ કારણ નથી. ઉત્પાદ તે લક્ષણ છે અને વસ્તુ તે લક્ષ્ય છે. આનાથી ઉત્પન્ન થયેલું લક્ષણ આનું છે, એ દ્રવ્યનું લક્ષણ છે. પરમાણુઓ કે આત્માઓ.

હવે વ્યયની વાત આવે છે. ત્રીજી લીટી છે. '**વળી જેવી રીતે તે જ વસ્ત્ર નિર્મળ અવસ્થાથી ઊપજતું...**' પહેલા એમ કહ્યું હતું, તે વસ્ત્ર પૂર્વ અવસ્થાને પ્રાપ્ત કરેલી છે એવું દ્રવ્ય. એમ હતું ત્યાં ઉત્પાદ કહ્યો હતો એમાં. અહીં કહે છે, '**તે જ વસ્ત્ર નિર્મળ અવસ્થાથી**

**ઊપજતું અને મલિન અવસ્થાથી વ્યય પામતું થકું...'** એ સિદ્ધ અહીં કરવું છે. નવી નિર્મળ અવસ્થાએ ઊપજે અને મલિન અવસ્થાથી નાશ થાય. **'તે વ્યય વડે લક્ષિત થાય છે;...'** એ વસ્ત્ર વ્યય વડે લક્ષિત થાય છે. વ્યય તે લક્ષણ છે અને વસ્તુ તે લક્ષ્ય છે. લક્ષણ તે લક્ષ્યને બતાવે છે. વ્યય તે આ દ્રવ્યનો થાય છે એમ બતાવે છે. સમજાણું કાંઈ? બીજા દ્રવ્યની સાથે કાંઈ સંબંધ નથી.

મિથ્યાત્વનો વ્યય થયો કે રાગનો વ્યય થયો આત્મામાં એ લક્ષણ છે, દ્રવ્ય લક્ષ્ય છે. એ લક્ષણથી આ લક્ષ્ય દ્રવ્ય એની આ અવસ્થા વ્યય થઈ છે. પરને લઈને વ્યય થાય છે એવું આનું લક્ષણ નથી. કહો, સમજાણું કાંઈ? કર્મનો નાશ થાય તો વિકારનો નાશ થાય, એમ નથી. કર્મનો નાશ થાય તો એ વ્યયપણું કર્મની અવસ્થા હતી તે અકર્મપણે થઈ એ વ્યય એ પુદ્‌ગલના લક્ષ્યને બતાવે છે. પુદ્‌ગલનું લક્ષ્ય અને આ લક્ષણ છે. એને લઈને વિકાર વ્યય થયો એમ એને સંબંધ નથી. લક્ષણ-લક્ષ્ય સંબંધ એની સાથે છે જ નહિ. કહો, સમજાણું કાંઈ?

કહે છે ને કે ભાઈ! કેવળજ્ઞાનાવરણીય નાશ થાય તો કેવળજ્ઞાનની ઉત્પત્તિ થઈ અને અપૂર્ણ જ્ઞાનનો નાશ થાય. કેવળજ્ઞાનનો જે અભાવ છે એનો નાશ થાય અને કેવળજ્ઞાનાવરણીયનો નાશ થાય તો અહીં નાશ થાય તો કેવળજ્ઞાન ઊપજે. શેઠી! બરાબર છે કે નહિ? એ શાસ્ત્રમાં આવે છે એ તો નિમિત્ત કોણ હતું એનું જ્ઞાન કરાવવા. ખરેખર લક્ષ્ય-લક્ષણ સંબંધ પરની સાથે કાંઈ સંબંધ નથી.

કહે છે કે તમે એમ કહો કે મોહનીયનો નાશ થાય તો અહીંયાં રાગનો નાશ થાય એમ કહો. અહીં તો એમ પણ નથી. રાગનો નાશ થાય એ લક્ષણ દ્રવ્યના લક્ષ્યને બતાવે છે. કર્મનો નાશ થયો એ આ લક્ષણ ત્યાં બતાવતું નથી. સમજાણું કાંઈ? અને કર્મપણે જે પર્યાય હતી... એ કીધુંને જુઓને.

**'નિર્મળ અવસ્થાથી ઊપજતું...'** એટલે કર્મ અકર્મપણે ઊપજતું. અહીં તો વસ્ત્રની વાત છે. **'તેને તે વ્યયની સાથે સ્વરૂપભેદ નથી,...'** પછી દ્રવ્યમાં લઈએ. **'સ્વરૂપથી જ તેવું છે; તેવી રીતે તે જ દ્રવ્ય પણ ઉત્તર અવસ્થાથી ઊપજતું...'** જેમકે કર્મ પરમાણુઓ કર્મરૂપ અવસ્થા છે એ અકર્મ અવસ્થારૂપ જ્યારે ઉત્પન્ન થાય છે **'અને પૂર્વ અવસ્થાથી વ્યય પામતું થકું...'** કર્મની અવસ્થા કર્મરૂપે હતી તેનો નાશ થાય છે, અકર્મપણે ઊપજે છે. એ વ્યય લક્ષણ કર્મના રજકણને લક્ષ કરીને બતાવે છે. એ આત્માએ અહીંયા રાગ નાશ કર્યો માટે ત્યાં નાશ થયો એમ સંબંધ છે નહિ. સમજાણું કાંઈ? ઝીણી વાત છે ભાઈ આ. દ્રવ્યનું લક્ષણ છેને. તદ્દન એક એક દ્રવ્યનું સ્વતંત્ર લક્ષણ છે. સમજાણું કાંઈ?

જુઓ, આ લાકડી છે એ આમ ભાંગે છે. લાકડીપણે ઉત્પાદ છે અને ભંગપણે એનો વ્યય છે. તો વ્યયપણું એ લાકડીના પરમાણુનું લક્ષણ બતાવે છે. આ આંગળી હતી તો

ત્યાં આમ થયું એમ એને બતાવતું નથી એમ કહે છે. શેઠી! લાડવો છે આખો, એ લાડવાપણે ઊપજેલો છે. એનું બટકું થાય છે એ વ્યય થયો. એ વ્યય થયો એ એના પરમાણુનું એ લક્ષણ છે અને પરમાણુ લક્ષ્ય એમ બતાવે છે. જોડે આંગળીવાળું હતું. આંગળીએ ભીંસ કરી માટે તૂટ્યું, વ્યય થયો એમ બતાવતું નથી એમ કહે છે. બીજી ચીજને એ બતાવતું નથી, એ એની ચીજને બતાવે છે એમ કહે છે અહીં. આહા..હા..! સમજાણું કાંઈ? કાંઈ આંગળીના દાબ્યા વિના કાંઈ લાડવો તૂટે? રોટલીનું બટકું આંગળીને અડ્યા વિના કટકો થાય? ન થાય. અને મોઢામાં મૂકો લ્યો, એની મેળાએ દાંતની ભીંસ થયા વિના બટકું થાય? કહે છે કે એ ભૂકો થયો, વ્યય થયો, પૂર્વ અવસ્થા જે આખી હતી એનો વ્યય થયો તે એના પરમાણુનું લક્ષણ છે વ્યય. એ કાંઈ દાંતની ભીંસ પડી એને બતાવતું નથી કે અહીં જોડે બીજી ચીજ છે માટે અહીં થયું. એમ નથી. એ દ્રવ્ય છે એને કારણે ત્યાં પૂર્વની અવસ્થાનો વ્યય થયો છે. કહો, આવો સિદ્ધાંત છે. શેઠી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ સહેલું તો બતાવે છે. દાખલો કરીને સહેલું બતાવે છે.

'**દ્રવ્ય પણ ઉત્તર અવસ્થાથી ઊપજતું...**' એટલે કટકાપણે ઊપજતું, ભૂકો થયો. '**અને પૂર્વ અવસ્થાથી વ્યય પામતું...**' ઓલી પૂર્વ અવસ્થા જે હતી પહેલી આખી એનાથી ઊપજતું હતું, એનાથી આ વ્યય પામ્યું, નાશ થયો. '**તે વ્યય વડે લક્ષિત થાય છે;...**' એ દ્રવ્ય તે વ્યય વડે લક્ષિત થાય છે. વ્યય વડે જણાય છે. વ્યય લક્ષણ છે અને ઓલું લક્ષ્ય છે. વ્યયમાં નિમિત્ત હતું બીજી ચીજ માટે ત્યાં થયું એટલે આનું અહીં લક્ષ જાય છે માટે આ થાય છે એમ નથી. નાશ થવાના લક્ષમાં લક્ષણ બીજી ચીજ હતી એને કારણે આ લક્ષણ આવું થયું છે એમ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, વ્યય દ્રવ્યને બતાવે છે. વ્યય લક્ષણ એ દ્રવ્યને બતાવે છે લક્ષ્યને. વ્યય એ જોડે ચીજ હતી માટે વ્યય થયો એમ બતાવતું જ નથી એમ કહે છે અહીં તો. કહો, બરાબર હશે આ? ઝવેરભાઈ ગયા? કહો, સમજાય છે કાંઈ? ભારે ઝીણું!

આવું ભાઈ અમે ધર્મ સમજવા આવ્યા એમાં આ શું? વ્યય ભલે એને ઠેકાણે થાતો હોય અને ઊપજે, અમારે ધર્મ (કરવો છે). પણ કહે છે કે તારે ધર્મ કરવો હોય તો ધર્મનું ઊપજવું લક્ષણ દ્રવ્યના લક્ષે થાય છે અને ત્યારે અધર્મનો નાશ થાય એ બતાવે છે કે દ્રવ્યને લક્ષ્યે ત્યાં બતાવે છે. લક્ષ્ય ત્યાં છે એટલે લક્ષણનું આ લક્ષ્ય છે. વ્યય થયો એ આમાંથી થયો. એ દ્રવ્યમાંથી વ્યય થયો. દ્રવ્યે વ્યય અવસ્થા ધારણ કરી છે. સમજાણું કાંઈ? એ જોડે ચીજ હતી એણે વ્યય કરાવ્યું છે, એમ દ્રવ્યમાં પર્યાયના નાશમાં એમ નથી. જુઓ વસ્તુની સ્થિતિ! આવું ક્યાં વિચારે? મનન કરે? કેમ શેઠી!

ઓલા કહેતા હતાને ભાઈ ગોદિકા. કે આવડી હોય નિલ-નિલ. શું કહેવાય એ? નિલમ આમ ઘસે. ઘસવું હોય થોડું ને વધારે ઘસાઈ જાય તો લાખનું હોય એ પચ્ચીસ હજારનું થઈ જાય. એ તો મહેન્દ્રભાઈ હતા જોડે, આ વાત કરી ત્યારે. મહેન્દ્રભાઈ હતા જ્યારે કરી ત્યારે. સરખું થઈ જાય તો પચ્ચીસ હજારનું લાખ થઈ જાય. નિશાન કર્યું હોય. ત્યારે એમ કહે છે કે આને થઈને ત્યાં વ્યય નથી થતું એમ કહે છે. સમજાણું? એ ભાઈ કહેતા હતા. મહેન્દ્રભાઈ ઊભા હતા તે દિ' એના મકાનમાં કહેતા હતા ત્યારે. એ જરીક આમ થાય. માણસને આપણે કહીએ કે જુઓ આ કરવું છે. મુસલમાન છે એક માણસ એનો. ત્રણ હજાર રૂપિયા મહિને મળે છે એને, આપે છે આ. ઘસવાના ત્રણ હજાર. એને કહીએ કે જો આ ઠેકાણેથી આટલું કાઢવાનું છે. એ આમ કાઢવા જાય તો એનો વળ હોય ને વળ, એનો વળ. વળ શબ્દને શું કહે છે? એનું દળ હોયને દળનું વળ. એ જે વળ હોય એ ફટ નીકળી જાય. ફટ નીકળી જાય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પરને કારણે ત્યાં વ્યય થતો જ નથી એમ કહે છે. કહો, સમજાણું આમાં? એ વ્યય વડે લક્ષિત દ્રવ્ય થાય છે. વ્યય વડે લક્ષિત જોડે નિમિત્ત હતું તે લક્ષમાં આવે છે કે જે કાંઈ નિમિત્ત હતું, એમ નહિ. આહા..હા..!

'**પરંતુ તેને તે વ્યયની સાથે સ્વરૂપભેદ નથી,...**' એ વ્યય થયો જે દ્રવ્યમાં પૂર્વ અવસ્થાનો, એ વ્યય થયો (ને) નવી અવસ્થા ઊપજી. વ્યય સાથે તે દ્રવ્યને જુદાઈ નથી, પ્રદેશભેદ નથી. વસ્તુ એની એ છે, પૂર્વની અવસ્થાએ વ્યય થઈ, નવી અવસ્થાએ ઊપજી. કહો એ વ્યયની વ્યાખ્યા થઈ. સ્વરૂપથી તેવું છે. સ્વરૂપથી જ વ્યય થવું તેવું છે. એ વ્યય થવું એ દ્રવ્યનું સ્વરૂપથી જ એવું છે. એ વ્યયનો કર્તા ને કરણ એ દ્રવ્ય છે. એનો કર્તા, કરણ કોઈ બીજી ચીજ નથી. આહા..હા..! ભારે! ઓલા આપે છેને અષ્ટસહસ્રીનો દાખલો. એક ઘડાને આમ ફોડે ત્યાં ઘણું થાય. એવું કાંઈક આવે છે, નહિ? ઉત્પાદ-વ્યય બે એક.. થાય. છેને, આવ્યું છે. ઊપજ્યું અને વ્યય થયું. એ બેય એક જ કારણ છે એમ લખ્યું છે એમાં. આવ્યું છે ઓલામાં નાખ્યું છે. અહીં કહે કે ના. શેઠી! એ તો નિમિત્તની વ્યાખ્યા હતી કે નિમિત્ત એનું એ છે ત્યાં ઊપજે છે અમુક અવસ્થાએ અને અમુક અવસ્થાએ વ્યય થાય છે એ તો એ વ્યય અને ઉત્પાદ એના લક્ષ્યને બતાવે છે. આને નહિ. નિમિત્ત હો ત્યાં, પણ નિમિત્ત તેનો વ્યયના કર્તા અને વ્યયનું કારણ અને કરણ (છે) માટે વ્યય થાય છે એમ છે નહિ. સમજાણું કાંઈ?

આત્માએ પુરુષાર્થથી કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું અને એ પહેલાની દશાનો નાશ કર્યો, થયો. તો એ વ્યય આત્માને લક્ષ્ય બતાવે છે. વ્યય થયો એ કર્મનો નાશ બતાવે છે એમ નથી. કર્મનો નાશ થયો માટે વ્યય થયો એમ બતાવતું નથી. એ મોટા વાંધા કાઢવા. સમજાણું

કાંઈ? એ વ્યયની વ્યાખ્યા થઈ.

'**વળી જેવી રીતે તે જ વસ્ત્ર એકીવખતે નિર્મળ અવસ્થાથી ઊપજતું, મલિન અવસ્થાથી વ્યય પામતું અને ટકતી એવી વસ્ત્રત્વ-અવસ્થા...**' વસ્ત્રત્વ-અવસ્થા. ધ્રુવપણું લેવું છેને. દ્રવ્ય છે તેનું ધ્રુવપણું, વસ્ત્ર છે તેનું વસ્ત્રપણું. '**વસ્ત્રત્વ-અવસ્થાથી...**' વસ્તુથી નહિ પણ વસ્ત્રત્વ-અવસ્થાથી '**ધ્રુવ રહેતું થકું ધ્રૌવ્ય...**' છે. એ વસ્ત્ર વસ્ત્રત્વ રહેવાથી ધ્રુવ છે. વસ્ત્રત્વ અવસ્થાથી ધ્રુવ રહેતું થકું ધ્રૌવ્ય છે. કોઈને કારણે ધ્રુવ છે એમ છે નહિ. અને તે '**ધ્રુવ રહેતું થકું ધ્રૌવ્ય વડે લક્ષિત થાય છે;...**' એ ધ્રુવ વડે વસ્ત્ર લક્ષમાં આવે છે. આ ટકતું એવું વસ્ત્રત્વનું ધ્રુવપણું એ દ્રવ્યને બતાવે છે. એ દ્રવ્યને બતાવે છે કે આ દ્રવ્ય ટકી રહ્યું છે, આ વસ્ત્ર ટકી રહ્યું છે. કહો, સમજાણું કાંઈ? આવી વ્યાખ્યા કરતા...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ બધા કહે. કર્તા એટલે સિદ્ધ કરવું છે, સિદ્ધ કરવું છે. વસ્તુ પોતે જ કર્તાથી ધ્રુવ સિદ્ધ છે, વસ્ત્ર પોતે જ કરણથી ધ્રુવ સિદ્ધ છે. સિદ્ધ છે. છે તો ભેદ એટલો. અહીં લક્ષ્ય-લક્ષણ ભેદ તો છેને? ધ્રુવત્વ લક્ષણ છે અને વસ્તુ લક્ષ્ય છે, આ વસ્ત્ર. એવી રીતે... જુઓ આગળ આવશે.

'**પરંતુ તેને તે ધ્રૌવ્યની સાથે સ્વરૂપભેદ નથી,...**' સ્વરૂપ... લેવું. હવે દ્રવ્યમાં. '**તેવી જ રીતે તે જ દ્રવ્ય પણ...**' દ્રવ્ય તો તેનું તે ઊપજતું હતું અને વ્યય થતું હતું તે. '**એકીવખતે ઉત્તર અવસ્થાથી ઊપજતું, પૂર્વ અવસ્થાથી વ્યય પામતું અને ટકતી એવી દ્રવ્યત્વ-અવસ્થાથી...**' દ્રવ્યત્વ-અવસ્થા. દ્રવ્યની દ્રવ્યત્વ-અવસ્થા એક અંશ ધ્રુવ. '**અવસ્થાથી ધ્રુવ રહેતું થકું ધ્રૌવ્ય વડે લક્ષિત થાય છે;...**' દ્રવ્યનું ધ્રુવપણું દ્રવ્યને કારણે રહ્યું છે. દ્રવ્યનું ધ્રુવપણું દ્રવ્યને કારણે રહ્યું છે, બીજા કોઈને કારણે ધ્રુવપણું રહ્યું નથી. કહો, સમજાણું આમાં? ઓહો..હો..! કેટલી વાત કરે છે એક એક વાતમાં તો! '**પરંતુ તેને તે ધ્રૌવ્યની સાથે સ્વરૂપભેદ નથી, સ્વરૂપથી જ તેવું છે.**' એ ઉત્પાદ, વ્યય અને ધ્રુવ કહ્યું. હવે બે બોલ રહી ગયા ગુણ અને પર્યાય. છ બોલ હતાને છ. સત્ દ્રવ્ય લક્ષણ અસ્તિત્વ એ સ્વભાવ છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવ તે એનું લક્ષણ છે. ગુણ અને પર્યાય તે... હવે ગુણ પર્યાયની વાત કરે છે.

'**વળી જેવી રીતે તે જ વસ્ત્ર વિસ્તારવિશેષોસ્વરૂપ...**' લ્યો! વસ્તુના વિશેષ પહોળા-ચોડા એવા '**(શુક્લત્વાદિ) ગુણો વડે લક્ષિત થાય છે;...**' એ વિસ્તાર વિશેષો વડે વસ્ત્રના ધોળા ગુણ વડે વસ્ત્ર લક્ષિત થાય. વસ્ત્રના ધોળા ગુણ આદિથી વસ્ત્ર લક્ષિત થાય છે. '**પરંતુ તેને તે ગુણોની સાથે સ્વરૂપભેદ નથી,...**' ગુણની સાથે દ્રવ્યને પ્રદેશભેદ કે સ્વરૂપભેદ નથી. '**સ્વરૂપથી જ તેવું છે; તેવી જ રીતે તે જ દ્રવ્ય પણ...**' હવે દ્રવ્ય લીધું, ઓલું વસ્ત્ર હતું. '**વિસ્તારવિશેષોસ્વરૂપ ગુણો વડે લક્ષિત થાય છે;...**'

ભગવાન આત્મા એના જ્ઞાન, દર્શન આદિ વિસ્તારવિશેષ લક્ષણથી તે લક્ષ થાય છે. એના લક્ષણથી આ દ્રવ્ય છે એમ લક્ષિત થાય છે. એમ પરમાણુમાં રંગ, ગંધ, રસ, સ્પર્શ આદિ ગુણો એ વિસ્તારથી, ચોડાઈથી, પહોળાઈથી પરમાણુમાં એકસાથે પડ્યા છે એ વિસ્તારવિશેષ ગુણો વડે પરમાણુ લક્ષમાં આવે છે. સમજાણું કાંઈ? બહુ ઝીણું. આવું કોઈ દિ' વ્યાખ્યાનમાં ત્યાં તો સાધારણમાં ચાલે નહિ. અમથું કાંઈ મુંબઈ કે રાજકોટ જઈએ તો આવી કાંઈ માંડે તો ચાલે? લ્યો, આ પણ ના પાડે છે. રાજકોટમાં તમારે ન ચાલે? આ ઝાઝી સભા હજારો માણસ હોય, આ માંડી.. આ માંડી.. લ્યો! આથી આ થાય અને આનાથી આ થાય. શેઠી! ન્યાય એના આવી જાય પણ આવી એક જ વાત પાધરી માંડે તો ઓલા કહે, શું માંડી છે આમાં કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એય ઝીણું પડ્યું હતું. એ તો બહુ સ્પષ્ટ વાત અને થોડામાં ઘણું ભર્યું હતું એમાં તો. ઝીણી પડે છે, સમજવામાં આવતી નથી એમ વાતું આવતી પાછળથી, ત્યાં તમારે રાજકોટમાં હોં! મહારાજ! ઝીણું પડે છે. ઝીણું પણ જરી સમજવું તો પડશે કે નહિ? ઝીણું તો તમે સમજીને બેઠા એ સમજાવવું? એ તો સમજીને બેઠા છે. જે નથી અનંત કાળથી સમજ્યો ભેદ પાડીને... ભેદ પાડીને, પરદ્રવ્યથી ભેદ પાડીને સ્વદ્રવ્યનું, સ્વદ્રવ્યથી ભેદ પાડીને પરદ્રવ્યનું. સમજાણું કાંઈ? ભેદ પાડીને સમજ્યો જ નથી કોઈ દિ'. આ ભેદજ્ઞાનની વાત છે. ખીચડો કરીને સમજ્યો છે. એ તો મિથ્યાત્વભાવ છે. ભિન્ન છે એ બે એક માન્યા એ તો મિથ્યાત્વ છે. વસ્તુ એવી છે જ નહિ, વસ્તુ એવી છે નહિ. નથી એવી માની છે એ તો અનાદિથી સમજ્યો છે. એમાં શું માનવું હતું?

દરેક પદાર્થનું વર્તમાન વિસ્તાર એનો ગુણ જે છે તે ગુણ છે લક્ષણ અને વસ્તુ તે લક્ષ્ય. એ લક્ષણથી લક્ષ્ય સિદ્ધ થાય છે. એના ગુણવિસ્તારથી. કહો, સમજાણું? 'ગુણો **વડે લક્ષિત થાય છે; પરંતુ તેને તે ગુણોની સાથે સ્વરૂપભેદ નથી, સ્વરૂપથી જ તેવું છે.**' એ તો વસ્ત્રની વાત થઈ. '**તેવી જ રીતે તે જ દ્રવ્ય પણ વિસ્તારવિશેષોસ્વરૂપ...**' જ્ઞાન, દર્શન, આનંદ '**ગુણો વડે આત્મા લક્ષિત થાય છે;...**' રજકણ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ ગુણ વડે પરમાણુ લક્ષિત નામ જ્ઞાનમાં જણાય છે. એના ગુણ વડે આ પરમાણુ જણાય છે. કહો, સમજાણું કાંઈ? '**પરંતુ તેને તે ગુણોની સાથે સ્વરૂપભેદ નથી, સ્વરૂપથી જ તેવું છે.**' એ ગુણની વ્યાખ્યા થઈ. પર્યાયની હવે.

'**વળી જેવી રીતે તે જ વસ્ત્ર આયતવિશેષસ્વરૂપ પર્યાયવર્તી (-પર્યાય તરીકે વર્તતા, પર્યાયસ્થાનીય) તંતુઓ...**' તંતુ હોયને લુગડાના-કપડાના તંતુઓ એ પર્યાય છે. ભેદ-ભેદ. તાર તમારા. લક્ષિત થાય છે. '**તુતંઓ વડે લક્ષિત થાય છે;...**' દ્રવ્ય પણ '**તેવી રીતે...**' એ તંતુ લક્ષિત થાય છે '**પરંતુ તેને તે તંતુઓની સાથે સ્વરૂપભેદ નથી,...**'

તાણાવાણા અને વસ્ત્ર કાંઈ જુદા છે એમ નથી. એમ દરેક દ્રવ્યના પર્યાયો અને દ્રવ્ય જુદાં છે એમ નથી. તેના પર્યાય દ્વારા—અવસ્થા દ્વારા તે દ્રવ્ય લક્ષમાં આવે છે. હવે ઓલામાં તો એમ કહે કે ભાઈ આ છોડને હમણાં બાયડી-છોકરા, આ તને સંસારમાં દુઃખદાયી છે લ્યો! એ કહે છે કે તને છોડ એ પરની સાથે છોડવાનો સંબંધ તેં કેમ માન્યો? એ છૂટે, એ છૂટ્યા એ એનું આઘું થયું એનું લક્ષ નથી તો એનું લક્ષ દ્રવ્ય બતાવે છે. એમાં તેં છોડ્યું એ એમાં ક્યાં આવ્યું? તારામાં તો રાગનો, વિકારનો નાશ થાય તે વડે તારું દ્રવ્ય લક્ષમાં આવે. ઓલું છૂટ્યું છે માટે તેં છોડ્યું એવું લક્ષમાં આ ક્યાં આવે છે? સમજાણું કાંઈ? અહીં તો હવે ઘણાં વર્ષ થઈ ગયા. ૩૪ થયા એટલે હવે હળવે હળવે પડશે કે નહિ એને શું કહેવાય? પાણી-પાણી પચેને હળવે હળવે. કોઠે (પડે).

'**તેવી જ રીતે તે જ દ્રવ્ય પણ આયતવિશેષોસ્વરૂપ પર્યાયો વડે લક્ષિત થાય છે,...**' દેખો! બેય પર્યાયથી, ઉત્પાદ-વ્યય સાથે. ઉત્પાદ-વ્યયની પર્યાય દ્વારા તે દ્રવ્ય લક્ષિત થાય છે. આ ઉત્પાદ-વ્યય દ્વારા પરદ્રવ્ય લક્ષિત થાય છે એનું આ લક્ષણ છે એમ નથી. દરેક દ્રવ્યનું પરમાણુ અને આત્માનું જે પર્યાય ફરે છે ઉત્પાદ-વ્યય તે પર્યાયથી લક્ષિત દ્રવ્ય થાય છે. પર્યાય તે લક્ષણ છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! કહો, આ ઓપરેશન કરે છેને? આ જુઓ આમ તૂટે છે ને ફટકે છે, લ્યો! એમાં જે ઓલી પર્યાય થઈ એ પર્યાય થઈ એ દ્રવ્યને લક્ષ્ય બતાવે છે, એ દ્રવ્યનું લક્ષણ છે. અહીં આ પર્યાય જે આમ થઈ એ આનાથી થઈ એમ બતાવતું નથી એમ કહે છે. કરતા હશે ને કાપ-બાપ કરે છેને લોઢાના. આંગળી નહિ. એની તૂટેલી જે અવસ્થા છે એ અવસ્થાનો પર્યાય એના પરમાણુનું લક્ષ્ય બતાવે છે. ઓલો હથિયાર છે માટે આ થયું એમ બતાવે છે નહિ. હથિયાર છેને તમારા નહિ ઓલા? એક ફેરી જોયા હતો ઓલા. આની કોર બહાર. કહો, સમજાણું? લોઢાના આવે છેને શું કહેવાય? સ્ટીલના ઊંચા. કહો એનાથી આમ ખબર ન પડે, ફટ થઈ જાય.

કહે છે કે અહીં જે પર્યાય ઉત્પન્ન થઈ એ લક્ષણ, એ ઉત્પન્ન તે લક્ષણ અને દ્રવ્ય લક્ષ્ય છે એનું. એ ઉત્પન્ન થયું એ આ હથિયાર દ્વારા હથિયાર જોડે છે એમ બતાવે છે એમ છે નહિ. એટલે પાછું એમ કહેવાય છે કે નિમિત્ત નૈમિત્તિકને પ્રસિદ્ધ કરે છે એમ આવે છેને ભાઈ! એ જુદી વાત થઈ. એ તો નિમિત્ત નૈમિત્તિકને પ્રસિદ્ધ કરે છે એટલે ત્યાં કોઈ નૈમિત્તિક વસ્તુ છે એટલું. પણ આને લઈને છે એમ નહિ. સમજાણું કાંઈ? પછી ત્યાં કોઈ કહેતું હતું કે નિમિત્ત નૈમિત્તિકને પ્રસિદ્ધ કરે છે. જ્યારે કુંભાર આમ આમ કરતો હોય ત્યારે એને પ્રસિદ્ધ શું થાય છે? કે એક ઘડો થાય છે માટીમાંથી. માટીમાંથી ઘડો થાય એમ પ્રસિદ્ધ થાય છે. ચાકડો ફરતો હોય અને આમ આમ થાતું હોય ત્યારે એ નિમિત્ત શું પ્રસિદ્ધ કરે છે? ત્યાં એક માટીમાંથી ઘડો થાય છે એમ પ્રસિદ્ધ કરે છે. પણ ઘડો થાય છે એ માટીમાંથી થાય છે એ લક્ષણથી માટીનું લક્ષ થાય છે. આ છે માટે આ ઘડો થાય છે એમ નથી.

સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! એક કોર કહે, નિમિત્તને પ્રસિદ્ધ કરે.

મુમુક્ષુ :- નિમિત્તથી થાય એમ...

ઉત્તર :- થાય એમ ક્યાં આવ્યું? એ તો પ્રસિદ્ધ છે એટલે જોડે શું છે એવું નૈમિત્તિકપણાનું પરિણમન છે, એ પરિણમન દ્રવ્યે કર્યું છે એમ જાણવામાં આવે છે. આણે કર્યું છે એમ જાણવામાં આવતું નથી. ડોક્ટરોને બહુ આવે એ તો. ડંફાસ ઘણા હોય ત્યાં. તમારે મટી જશે, તમારે આમ થઈ જશે. બીજું શું બોલવું? ઈ સિવાય શેનું ઓલો આપે.

મુમુક્ષુ :- દર્દીને એમ કહેવાય કે નહિ લાગુ પડે?

ઉત્તર :- નહિ લાગુ પડે. કેમ તપસી? તપસી પાસે એક ઓલો રાવ રહેતો, રાવ-રાવ. એ સવારે સુકાઈ જશે. ઈ તો તરત કહે. રાવ-રાવ હોય છેને. એડિયામાં કરેલી એ સૌને આપે. ગુમડુ હોય, ફલાણું હોય, ઢીંકણું હોય, તૂટ્યું હોય, ફૂટ્યું હોય બધાને ઈ આપે. રાવ-રાવ એમ કરીને એક રાખે. પાછું આપે તો એવું બોલે કે સવારે ઢીંમડુ લઈને એ ઉખડી જશે.

અહીં તો કહે છે કે દરેક પરમાણુની જે સમયે પર્યાય થાય છે એ આયત નામ લાંબી ક્રમસર એ પર્યાય તેના દ્રવ્યને બતાવે છે. જોડે ચીજને તે બતાવતું એનું એ લક્ષણ નથી. આ દ્રવ્ય પરમાણુનું લક્ષણ એ પર્યાયનું છે. એ પર્યાયનું લક્ષણ બીજાનું છે અને એનાથી થયું એમ છે નહિ. ભારે વાત પણ. આવી સિદ્ધ કરી છે વસ્તુને તોપણ તકરાર એવી કરે છે. કોણ જાણે શું કરે છે? પ્રત્યક્ષ વસ્તુ આમ છે, આમ સિદ્ધ થાય છે. એક દાઢ પાડવી હતી તો બે દાઢ નીકળી ગઈ ઓલા ડોક્ટરને. આવ્યો હતો નહિ? એક ભેગી બે. સારી દાઢ પણ કાઢી નાખી ભેગી. પકડ્યા પછી ન મૂકે તો તો ઓલી સરખું ન આવે, બે જોઈન્ટ હતું કાંઈક અંદર, બેય નીકળી ગઈ. એ ઉત્પન્ન થવાના પરમાણુમાં તે પ્રકારની ત્યાં પર્યાયને ઉત્પન્ન થવાનું અને પૂર્વની અવસ્થાના વ્યયનું લક્ષણ એ પરમાણુને બતાવે છે. જોડે આવું હતું માટે આમ થયું એમ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! કહો, ધીરૂભાઈ! આમ સમાધાન કરવું પડશે કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, બસ ઈ વાત છે. એની પર્યાય એની છે એમ નથી જોતો. જેનામાં થઈ એ એનું લક્ષ્ય છે અને લક્ષણ ઈ છે. જેનાથી થઈ, જેનાથી થઈ એમ માને છે. પણ થઈ છે દ્રવ્યથી. જેનાથી શું વળી? ઓલા કહે જેનાથી એટલે આનાથી એમ. બે થઈને કાર્યના કારણ છે. વાંધા ઉઠાવે છેને મોટા? બે થઈને કાર્યના કારણ છે. એ તો એક ઉપચારિક જ્ઞાન કરાવવા વાત કરી છે. ખરેખર તો એક જ લક્ષણ તે તેનું પર્યાયનું તે લક્ષ્ય દ્રવ્યને જ બતાવે છે. એક જ સિદ્ધાંત. એ કાર્ય, પર્યાયનું કાર્ય દ્રવ્ય એક જ કારણ છે. દ્રવ્ય જ કર્તા એક જ છે અને દ્રવ્ય જ કરણ નામ સાધન એક જ લક્ષ એનું છે. પર્યાયનું બીજું

કોઈ કારણ છે નહિ. આહા..હા..! કહો, હવે ઓલા અષ્ટસહસ્રીમાં આવે છે. વાંધા ઉઠાવે છે. ભાઈ! ત્યાં તો એક નિમિત્તથી (વાત કરી છે). એ તો આવી ગયું આપણે નહિ? અહીં આવી ગયું ને ઉચિત બહિરંગ સાધન અને સંનિધિ. હોય છે તે. હોય છે તો શું છે? કે એના કાળમાં થાય છે કે બીજે કાળે થાય છે? ઉચિત નિમિત્તના કાળે આ કાર્ય થાય છે, એ આવ્યું ત્યારે થાય છે અને અહીં થવાનું નહોતું ને આવ્યું છે અને આવ્યું પછી થયું એમ પછી પછી એમાં કાંઈ છે? ઉચિત બહિરંગ સાધન હો, બસ એટલી અસ્તિ. પણ પોતે જે પર્યાયનો ઉત્પાદ અને વ્યય થાય છે તે લક્ષણ દ્રવ્યનું છે. દ્રવ્યને બતાવે છે, પરને બતાવતું નથી.

'**પરંતુ તેને તે પર્યાયોની સાથે સ્વરૂપભેદ નથી, સ્વરૂપથી જ તેવું છે.**' લ્યો, ૯૫ થઈ. હવે ૯૬.

'**હવે અનુક્રમે અસ્તિત્વ બે પ્રકારનું કહે છે :...**' અસ્તિત્વના બે પ્રકાર—એક '**સ્વરૂપ-અસ્તિત્વ...**' દરેક વસ્તુ પોતાથી છે તે અને એક '**સાદશ્ય અસ્તિત્વ.**' ઘણાં ભેગા થઈને આ છે એમ. ઘણાં લીંબડા હોય તો કહે આ લીંબડાનું વન છે. અંદર બીજા પણ હોય કોઈ તોપણ લીંબડાનું વન કહેવાય, આંબાનું વન કહેવાય. એમ આ બધા માણસ હોય તો માણસ કહેવાય. એ સાદશ્ય અસ્તિત્વ કહેવાય અને એક એક માણસનું અસ્તિત્વ તે સ્વરૂપ અસ્તિત્વ કહેવાય. એક એક દ્રવ્યનું હોવાપણું તે સ્વરૂપ હોવાપણું છે અને બધા દ્રવ્યો છે એક સાથે 'આ છે' એમ કહેવું તે સાદશ્ય અસ્તિત્વ. સરખું દેખી છે... છે... છે... છે... કોઈ નથી એમ છે? એટલે છે... છે.. દેખીને બધાને સાદશ્ય અસ્તિત્વ કહેવામાં આવે છે. '**હવે અનુક્રમે અસ્તિત્વ...**' એટલે હોવાપણા '**બે પ્રકારનું કહે છે : સ્વરૂપ-અસ્તિત્વ...**' પોતાના દ્રવ્યથી ભિન્ન-ભિન્ન પોતાનું અસ્તિત્વ અને સાદશ્ય એટલે સરખું દેખીને હોવાપણું '**તેમાં આ સ્વરૂપ અસ્તિત્વનું કથન છે :—**' ૯૬.

**सब्भावो हि सहावो गुणेहिं सगपज्जएहिं चित्तेहिं।**
**दव्वस्स सव्वकालं उप्पादव्वयधुवत्तेहिं।।९६।।**

**ઉત્પાદ-ધ્રૌવ્ય-વિનાશથી, ગુણ ને વિવિધ પર્યાયથી**
**અસ્તિત્વ દ્રવ્યનું સર્વદા જે, તેહ દ્રવ્યસ્વભાવ છે. ૯૬.**

અહીં અસ્તિત્વ દ્રવ્યનો સ્વભાવ વર્ણવવો છે હોં. અહીં વિભાવ આમાં નથી વર્ણવવો. સમજાણું કાંઈ? અસ્તિત્વ વર્ણવ્યું હતું ને છ બોલમાં પહેલો. એનું વર્ણન છે. સત્તાપણે છે, અસ્તિત્વપણે છે એનું વર્ણન છે.

'**અન્વયાર્થ :- સર્વ કાળે ગુણો તથા...**' '**चित्रैः स्वकपर्ययैः**' '**અનેક પ્રકારના પોતાના પર્યાયો વડે...**' દરેક દ્રવ્ય સર્વ કાળે પોતાના ગુણો અને અનેક પ્રકારના પર્યાયો વડે '**તેમ જ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય વડે...**' સમજાણું? ઓલામાં પહેલું ઉત્પાદ, વ્યય અને

ધ્રુવ લીધું હતું અને પછી ગુણપર્યાય લીધી હતી. આમાં અસ્તિત્વનું બતાવતા પહેલા ગુણપર્યાય લે છે અને પછી ઉત્પાદ-વ્યય-ધ્રુવ લે છે. સમજાણું આમાં? જુઓને આવ્યુંને. **'સર્વ કાળે ગુણો તથા...' 'ચિત્રૈઃ' 'અનેક પ્રકારના પોતાના પર્યાયો વડે...'** પોતાના પર્યાય વડે. દરેક આત્મા, દરેક પરમાણુ. **'તેમ જ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય વડે દ્રવ્યનું જે અસ્તિત્વ,...'** વસ્તુનું હોવાપણું **'તે ખરેખર...'** તે તે દ્રવ્યનો સ્વભાવ છે. તે તે તે દ્રવ્યનો સ્વભાવ (છે). ઓલો પહેલો બોલ હતો એનું વર્ણન છે. સમજાણું કાંઈ? પણ આ ગુણપર્યાયની સાથે મેળવીને (વાત કરે છે).

**'ટીકા :- અસ્તિત્વ ખરેખર દ્રવ્યનો સ્વભાવ છે.'** દરેક આત્માનો, દરેક પરમાણુનો હોવાપણું એનો સ્વભાવ છે. હોવાપણે એ હોય કે ન હોવાપણે એ વસ્તુ હોય? સમજાણું? છોકરાઓને શીખવે છેને અસ્તિત્વનું શું? કે કોઈ કાળે તેની ઉત્પત્તિ થાય નહિ અને કોઈ કાળે તેનો નાશ થાય નહિ એ અસ્તિત્વગુણ છે. આવે છે કે નહિ એમાં? અસ્તિત્વ ગુણ કોને કહેવો? એમ કહે છે. કે દ્રવ્ય કોઈ કાળે નવું થાય નહિ અને એનો કોઈ દિ' કાળે અભાવ થાય નહિ. એવો એનો હોવાપણાનો સ્વભાવ છે. ત્રિકાળ છે. પરમાણુ પરમાણુપણે, આત્મા આત્માપણે દરેક સ્વરૂપનું ભિન્ન-ભિન્નપણેની વ્યાખ્યા છે.

**'અસ્તિત્વ ખરેખર દ્રવ્યનો સ્વભાવ છે. અને તે (અસ્તિત્વ) અન્ય સાધનથી નિરપેક્ષ હોવાને લીધે...'** એ હોવાપણામાં નિમિત્તની અપેક્ષા નથી આમાં એમ કહે છે. જેમ વિભાવમાં કર્મના નિમિત્તની અપેક્ષા છે, એવી હોવાપણામાં પરની અપેક્ષા નથી. જુઓ! આમાં પણ વાંધો કાઢે છે મોટો. શી રીતે? જુઓ! **'(અસ્તિત્વ) અન્ય સાધનથી નિરપેક્ષ હોવાને લીધે...'** અસ્તિત્વ અન્ય સાધનની અપેક્ષા વિનાનું સ્વયંસિદ્ધ અને અનાદિ-અનંત. અન્ય સાધન નિરપેક્ષ છે, અનાદિ-અનંત છે. હોવાપણું તે અનાદિ-અનંત છે અને હોવાપણું તે અહેતુક છે. એનો કોઈ હેતુ નથી. **'એકરૂપ વૃત્તિએ...'** હોવાપણું એકધારાએ વહે છે. એમાંથી કાઢે છે લોકો. હોવાપણું છે એક વૃત્તિએ છે, વિભાવ એકવૃત્તિએ ન હોય. વિભાવ જેવું નિમિત્ત હોય તેવો (થાય). અહીં એક વૃત્તિનો અર્થ એવો છે કે હોવાપણું... હોવાપણું... એકધારાએ હોવાપણું છે. વિભાવમાં એવું એકધારાએ (હોતું નથી). ક્રમબદ્ધ છે એ જુદી વાત છે, પણ સરખો જ વિભાવ હોય એમ હોતું નથી. સમજાણું કાંઈ? માટે એ કહે છે કે અહેતુક એકરૂપ વૃત્તિએ હોય, સહેતુક ભિન્ન-ભિન્ન વૃત્તિએ હોય. પણ સહેતુક એનો... ભિન્ન-ભિન્ન હોય એનું કારણ કે એ વિભાવ છે એટલે ભિન્ન-ભિન્ન અવસ્થા હોય. અવસ્થા ભિન્ન-ભિન્ન હોય તો ધારા તો એક જ ધારા છે. અસ્તિત્વની ધારા જેમ એકરૂપ છે એમ વિભાવની ધારા ક્રમબદ્ધ એક છે. પણ અસ્તિત્વમાં એકરૂપ છે... છે... છે... એ સરખું હોય, વિભાવમાં એવો જ રાગ... એવો જ રાગ... એવો જ રાગ... કે એવો જ ક્રોધ એવું સરખું હોય નહિ. એક પોતાના પર્યાયનો એ ધર્મ છે એથી એ સરખું નથી. સમજાણું કાંઈ? આમાંથી

કહે છે આ. બધા દાખલા આપે છે. આપ્યા છે, પત્રમાં પણ આવ્યું છે.

સત્તા છે તે અસ્તિત્વ નિરપેક્ષ છે, પણ વિભાવ છે એ તો સાપેક્ષ છે. થયું એક. વિભાવ છે તે અનાદિ-અનંત નથી, એક સમયનો છે, અને વિભાવ છે તે સહેતુક છે અને વિભાવ છે તે એકરૂપ વૃત્તિએ ન હોય, ભિન્ન-ભિન્ન હોય. કેમકે નિમિત્ત ભિન્ન-ભિન્ન છે માટે. એમ નથી. શું કહ્યું શેઠી? શું કહ્યું આમાં? ભગવાનજીભાઈ! શું કહ્યું? કહો. આમાં કહ્યુંને, બે ન્યાય આપ્યાને. અસ્તિત્વ જે છે દરેક દ્રવ્યનું હોવાપણું, એ હોવાપણામાં તો એકરૂપતા હોય. છે... છે... છે... હેતુ વિનાની હોય, નિમિત્ત વિનાની હોય, અપેક્ષા વિનાની હોય, એકધારાએ હોય. આટલી વાત.

'**સાધનથી નિરપેક્ષ...**' પરના સાધનથી અન્ય સાધનથી નિરપેક્ષ. એક. અને અનાદિ-અનંત છે... છે... છે... અનાદિ-અનંત છે અને અહેતુક ... જુઓ નીચે છેને '**અકારણ; જેનું કોઈ કારણ નથી એવી.**' અને એકરૂપ વૃત્તિએ, વૃત્તિએ છેને? વર્તન, વર્તવું તે, પરિણતિ '(**અકારણિક એકરૂપ પરિણતિએ સદાકાળ પરિણમતું હોવાથી અસ્તિત્વ વિભાવધર્મથી જુદા લક્ષણવાળું છે.**)' વિભાવધર્મનો એવો સ્વભાવ નથી. વિભાવધર્મ તો વિકાર જેવો જેવો નિમિત્તનો ઉદય આવે તે તે પ્રકારે વિભાવ થાય. તેમાં એકરૂપતા ન હોય. શેઠી! નહિ ને? હા પાડી દીધી એ ભૂલ કરી તમે.

મુમુક્ષુ :- જેવું જેવું નિમિત્ત હોય...

ઉત્તર :- નિમિત્ત હોય માટે વિભાવમાં ફેર નથી. વિભાવનો સ્વભાવ એવો છે કે એકરૂપ વિભાવ ન હોય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વિભાવભાવનો એવો સ્વભાવ છે કે અસ્તિત્વ જેમ એક ધારાએ છે.. છે... છે... સરખું ચાલ્યું આવે છે, એમ વિભાવ એકધારાએ સરખું ન હોય. ધારા ક્રમ હોય, પણ સરખું ન હોય. કોઈ વખતે મંદ કષાય, કોઈ વખતે તીવ્ર કષાય, એના ઘણા ભંગ છે એમ હોય. એથી તેને એક વૃત્તિએ સદાય પ્રવર્તતુ હોવાથી અસ્તિત્વને વિભાવધર્મથી વિલક્ષણ કહ્યું છે. ભારે વાત.

વિભાવધર્મ એટલે આત્મામાં જે વિકાર થાય એનાથી અસ્તિત્વના ધર્મનો સ્વભાવ વિલક્ષણ-વિપરીત લક્ષણવાળો છે. વિભાવનો સ્વભાવ આવો નથી. એટલે? કે એને સાધન જ ન હોય એમ નહિ, નિમિત્ત હોય છે. સાધનની અપેક્ષા હોય છે અને એ અનાદિ-અનંત હોતું નથી. એ હેતુક છે, નિમિત્ત હોય છે. એકરૂપ વૃત્તિએ છે એ એકરૂપે એટલે સરખો જ વિકાર થાય એમ નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :— ટળી શકે છે.

ઉત્તર :— ટળી શકે છે એ બીજી વાત છે. અહીંયા તો હોવાપણું છે એ હોવાપણામાં

ઓછા-વત્તું શું? હોવાપણામાં ઓછા-વત્તું શું? છે... છે... છે... છે... છે... છે... એકધારાએ ક્રમ અને એકસરખું હોવાપણું. એકધારાએ ક્રમ, એકસરખું હોવાપણું. એમાં હોવાપણામાં ઓછું-વત્તું નહિ. ઓછું-વત્તું એટલે શું પણ? સમજાણું કાંઈ? વિભાવમાં ઓછા-વત્તાપણું હોય. પણ ઓછા-વત્તાપણું છે માટે નિમિત્તને કારણે ઓછા-વત્તાપણું છે એમ નથી. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! કેટલી સમાડી છે વાત જુઓને! ઓલામાં કહ્યું હતું, .. એ કહે, ના, અહીં તો વિભાવ ધર્મથી અસ્તિત્વ ધર્મનો સ્વભાવ જ જુદી જાતનો છે. નિરપેક્ષ છે. જેને નિમિત્તની અપેક્ષા નથી. અનાદિ-અનંત હોવાપણે વસ્તુ દ્રવ્ય... દ્રવ્ય... દ્રવ્ય... દ્રવ્ય... દ્રવ્ય... એની પર્યાય પણ છે... છે... છે... છે... છે... એમ ચાલ્યું જાય. પરમાણુ હો કે આત્મા હો.

'એકરૂપ વૃત્તિએ સદાય પ્રવર્તતું હોવાને લીધે...' આને કારણે '**વિભાવધર્મથી વિલક્ષણ હોવાથી,...**' એમાંથી ઊંધું કાઢે છે લોકો. તમે એમ કહો કે વિકાર ક્રમબદ્ધ છે તો ક્રમબદ્ધ સરખું એમ ન હોય. ક્રમબદ્ધ જ ન હોય. એક વૃત્તિએ તો હોવાપણાનો અસ્તિત્વગુણ હોય, વિભાવ એકરૂપ ન હોય. એકરૂપ ન હોય એનો અર્થ? વિવિધતા વિભાવમાં હોય એ બરાબર છે. વિભાવમાં વિવિધતા હોય એ બરાબર છે. પણ વિભાવમાં વિવિધતા છે માટે નિમિત્તના કારણે વિવિધતા આવી છે એમ નથી. અને વિવિધતા છે માટે વિભાવધર્મમાં કોઈની અપેક્ષાને લઈને વિભાવ થયો છે એમ નથી. અપેક્ષા છે ખરી ભલે, પણ એને લઈને વિવિધતા થઈ છે એમ નથી. વિભાવધર્મનો સ્વભાવ એવો (કે) વિવિધતા થવું, એકધારાએ રહે છતાં વિવિધ થવું એ વિભાવધર્મનો સ્વભાવ છે. સમજાણું કાંઈ?

'**(અસ્તિત્વ) અન્ય સાધનથી નિરપેક્ષ હોવાને લીધે અનાદિ-અનંત હોવાથી...**' બે. હોવાને લીધે કહો કે કારણ કહો. તો '**અહેતુક એકરૂપ વૃત્તિએ સદાય પ્રવર્તતું હોવાને લીધે...**' છે... છે... છે... એમાં શું? સ્વરૂપ અસ્તિત્વ દરેક પરમાણુ અને દરેક આત્માનું સ્વરૂપે હોવાપણું. હોવાપણું. હોવાપણામાં આ ઓછે હોવાપણે છે અને આ વધારે હોવાપણે છે એવું એમાં હોવાપણામાં શું હોય? ત્યારે કહે છે કે એમાં અસ્તિત્વ ગુણમાં તો ક્રમબદ્ધ હોય. કારણ કે હોવાપણામાં ફેરફાર નથી માટે. પણ વિભાવધર્મમાં એનું હોવાપણું એકરૂપ નથી માટે વિવિધતા છે. માટે વિવિધતા છે માટે એકરૂપ ક્રમસર થાય એમ નથી. એમ કહે છે. કેમ? માવજીભાઈ! સમજાણું આમાં કાંઈ? અહીં તો ભઈ મોવાળા, મોવાળા ચીરાથી પણ ઝીણી વાત છે. ક્યાં ફેર છે બેમાં અને ક્યાં ફેર નથી એવું એણે જાણવું જોઈએ. વિભાવપણે ક્રમસર થાય છે અને અસ્તિત્વ પણ ક્રમસર થાય છે. એમાં કાંઈ ફેર નથી. પણ હોવાપણામાં એકધારાપણે હોવાપણું હોય છે. વિભાવમાં એકધારાપણું નથી. એકધારાપણું નથી માટે ક્રમસર નથી એમ નથી. એકધારે રહે તે જ ક્રમબદ્ધ હોય અને વિભાવ એકધારાએ નથી માટે ક્રમબદ્ધ નથી એમ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- છે ક્રમબદ્ધ જ તે. એનો વિભાવનો સ્વભાવ એવો છે. સમજાણું કાંઈ? નિમિત્તને વશે જેટલી એની યોગ્યતા છે તે પ્રમાણે એનો વિભાવ થાય છે. એક જ સરખો વિભાવ થાય એમ હોઈ શકે નહિ. હોવાપણું છે તે એકસરખું છે. ચાહે તો જીવનું હોવાપણું અને ચાહે તો સિદ્ધનું હોવાપણું, ચાહે તો બે પરમાણુના સંયોગનું હોવાપણું કે એક પરમાણુનું હોવાપણું, હોવાપણાની ધારામાં એમાં વિવિધતા હોઈ શકે નહિ. હોવાપણે ધારા પણ ક્રમબદ્ધ અને વિવિધતા વિનાનું હોવાપણું... હોવાપણું... હોવાપણું. વિભાવમાં હોવાપણાનું ક્રમબદ્ધપણું બરાબર છે, પણ હોવાપણામાં એવોને એવો વિભાવ થાય એવું ત્યાં નથી. એવું નથી માટે ક્રમબદ્ધ નથી એમ નથી. અને એવું નથી માટે નિમિત્તને આધીન થયેલું માટે જેવું નિમિત્ત છે તે પ્રકારે વિવિધતા આવે છે એમ નથી. સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ! આચાર્યોએ કેટલી જંગલમાં રહીને વસ્તુની કેવી સ્થિતિ સિદ્ધ કરી છે. ભાઈ! એ મહામુનિ, વીતરાગી મુનિ હતા. એને આવી ટીકાઓ ને આ કરવામાં વિકલ્પ થયો. આને સમજવા માટે દરકાર કરવી નથી. કહો! એને સમજાવવા માટે તો આ વાતનો વિકલ્પ ઊઠ્યો હતો. સમજાણું કાંઈ? એના એ જ્ઞાતા છે.

કહે છે, '**વિભાવધર્મથી વિલક્ષણ હોવાથી...**' વિપરીત લક્ષણ છે. વિપરીત લક્ષણ છે એટલે? વિભાવમાં તો જેવું નિમિત્ત આવે તેવું થાય અને સ્વભાવમાં અસ્તિત્વમાં વિપરીત લક્ષણ છે. એ પોતાને કારણે એને નિમિત્ત વિના એમાં થયા કરે. એવો અર્થ નથી. ભગવાનજીભાઈ! આ મોટા મોટામાં ફેર છે. એટલા એક એક શબ્દમાં મોટો ફેર છે. જુદી જુદી રીતે વિભાવ થતાં તેનું ક્રમસરપણું નથી એમ નહિ. અસ્તિત્વનું જેવું ક્રમસર છે એવું જ વિભાવનું ક્રમસર છે. પણ અસ્તિત્વનું એકસરખું હોવાપણું-હોવાપણું છે, એવું વિભાવમાં એકસરખું વિભાવપણું નથી. એટલું વિભાવલક્ષણ અસ્તિત્વના લક્ષણથી આ લક્ષણ ભિન્ન છે અને વિભાવલક્ષણથી અસ્તિત્વનું લક્ષણ ભિન્ન છે. આહા..હા..! ક્રમ તો બેય છે. કહો, સમજાણું કાંઈ? ભારે તકરાર. કેમ છે એને સમજવામાં વાંધા ઊઠે. સમજવામાં વાંધા ઊઠે તો ઓલી માનેલી વાત રહેતી નથી. તેથી કહે, નિમિત્ત કેવું આવશે, માટે વિકાર કેવો થશે એનો ક્રમ હોઈ શકે નહિ. ભગવાને જોયું છે કે નહિ? આ સમયે આ વિભાવ અને આ સમયે આ નિમિત્ત. બેમાં ફેર જોયો છે ભગવાને ક્યાંય? પણ થાય છે તે પહેલેથી જોયું નથી? કેવળજ્ઞાનમાં પહેલે સમયે જાણ્યું છે જે સમયે થયું ત્યાં. આ જીવને આ નિમિત્ત અને આ વિભાવ. એ સમયમાં આ વિભાવ અને આ નિમિત્ત. બેય નિશ્ચિત થયેલા કેવળજ્ઞાનમાં જણાય છે. અનિશ્ચિતપણે જણાય છે? અનિશ્ચિત જ્ઞાન હોય? જે અનિશ્ચિત છે એનું અહીં જ્ઞાન હોય? હોય એનું જ્ઞાન હોય કે અનિશ્ચિત હોય એનું જ્ઞાન હોય?

મુમુક્ષુ :- અનિશ્ચિતનું અનિશ્ચિતપણે.

ઉત્તર :- પણ અનિશ્ચિત એટલે શું? અનિશ્ચિતનું જ્ઞાન જ હોય નહિ. અનિશ્ચિત જ

વસ્તુ ન હોય અને એનું જ્ઞાન પણ શી રીતે? આનું આમ થાશે તો આમ થશે, આમ થાશે તો આમ થાશે. એ તો અનિશ્ચિત થયું. કાંઈ જ્ઞાન બરાબર આવ્યું નહિ ત્યાં.

મુમુક્ષુ :- જેવું નિમિત્ત આવશે એવું થાશે, એવું નિશ્ચિત.

ઉત્તર :- એ નિશ્ચિત ક્યાંથી પણ એ આવ્યું? નિમિત્ત કેવું છે એ નિશ્ચિત તો આવ્યું નહિ ત્યાં. નિમિત્ત કેવું છે એ સમયમાં એ તો નિશ્ચિત આવ્યું નહિ. તો નિમિત્ત વિનાનું આ નિશ્ચિત્ત... આ નિમિત્ત આવું આવશે, આવું આવશે, નહિ આવે તો નહિ થાય. એ ક્યાં પણ બેઠું એમાં? વાતમાં ક્યાંય બેસવી જોઈએને વાત.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બધું નિશ્ચિત જ છે. જ્ઞાનમાં અનિશ્ચિત શું હોય? બધું નિશ્ચિત છે. ભગવાનના જ્ઞાનમાં શું અનિશ્ચિત છે? અનિશ્ચિતનું જ્ઞાન થાય છે કે છે? એ પ્રકારે ત્રણ કાળ જેવા છે એવું જ્ઞાન એક સમયમાં આવી જાય છે. કે આમ છે નહિ, આમ હોય, તેમ હોય એવું જ્ઞાન અહીં થાય છે? ઠીક આ ચાલે છે હવે એમને એમ. કોઈનું મટાડ્યું મટે એવું છે? વસ્તુની સ્થિતિ જ આવી છે.

આમાંથી એ કહે છે જુઓ! વિભાવધર્મના લક્ષણથી અસ્તિત્વનું લક્ષણ બીજું છે. માટે અસ્તિત્વ જે છે એ એક ધારાએ હો, પણ વિભાવ એકધારાએ નહિ. એકધારાએ નહિ એનું કારણ કે કેવું નિમિત્ત આવશે અને કેવો વિકાર થશે, એની ત્યાં એકરૂપતા નથી. માટે તેને વિભાવલક્ષણથી અસ્તિત્વને જુદું કહ્યું અને અસ્તિત્વલક્ષણથી વિભાવલક્ષણવાળો ધર્મ બીજી જાતનો કહ્યો છે. છગનભાઈ! આ તો વાત એવી છે. આ તો ભગવાનનો દરબાર છે. ભગવાને આ વસ્તુની સ્થિતિ એવી જોઈ છે અને એમ પ્રસિદ્ધ કરી છે. અને એ પ્રસિદ્ધ દ્રવ્ય પોતે એ રીતે કરે છે એમ કહે છે અહીં તો. મેં કરી માટે ત્યાં પ્રસિદ્ધ એમ થાય (એમ નહિ), એ તો દ્રવ્ય એ રીતે પ્રસિદ્ધ કરે છે. આહા..હા..!

મુમુક્ષુ :- આ તો જ્ઞેય છે.

ઉત્તર :- અહીં જ્ઞેયનો સ્વભાવ એમ કીધું છેને. સ્વરૂપ જ તેવું છે. આહા..હા..! શાંતિથી, ધીમેથી, ધીરજ રાખીને શું છે એને ખ્યાલમાં લેવું જોઈએ ભાઈ! આહા..હા..! આમ કરી નાખું, આમ કરી નાખું. વિભાવ છેને. વિભાવ છે તે આડોઅવળો થાય. કેમકે એને નિમિત્તની સાપેક્ષતા છે. કેમકે વિભાવધર્મના લક્ષણથી હોવાપણાનું લક્ષણ જુદું છે. તો હોવાપણાનો ભાવ એકરૂપ હોય છે. વિભાવધર્મનો એકરૂપ ન હોય. એ બરાબર છે. પણ એકરૂપ ન હોય માટે ધારાવાહી ક્રમબદ્ધ ન હોય એમ એમાં ક્યાંથી આવ્યું?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આ ક્રમબદ્ધ આવ્યુંને. જે સમયે ત્યાં થાય છે અસ્તિત્વનું હોવાપણું, તે સમયે રાગનું હોવાપણું (અને) તે સમયે જ્ઞાન એવું જ જાણે એને. જેવો રાગ છે તેવું જ્ઞાન જાણે.

જ્ઞાનનું હોવાપણું એવું જ આવે છે કે નહિ? જ્ઞાનનું હોવાપણું એવું જ આવે છે કે નહિ? કે આ જેવો રાગ છે એવું જ જ્ઞાનનું હોવાપણું આવે છે. બીજે સમયે જેવો રાગ છે તેવું જ જ્ઞાનનું હોવાપણું જાણે. જ્ઞાનની ધારાનું હોવાપણું એક જ છે. રાગનું હોવાપણું ભિન્ન-ભિન્ન છે. તો ભિન્નપણે જ્ઞાન ભિન્ન-ભિન્ન રીતે જ્ઞાનનું હોવાપણું જાણે છે. જ્ઞાન-જ્ઞેય સ્વભાવમાં નાખ્યું છે આપણે, નહિ? ભાઈ! આ તો વસ્તુની સ્થિતિ જ આવી છે. સમજાણું કાંઈ? ઈ કાંઈ કોઈને લઈને, કોઈને લઈને છે આ કાંઈ? વસ્તુ જ એવી છે. અહીં તો અસ્તિત્વ સિદ્ધ કરવું છે એટલે અસ્તિત્વમાં વિવિધતા ન હોય. ઓછા-વત્તાપણું. ઓછા-વત્તાપણું હોવામાં ઓછા-વત્તાપણું શું? ઓછું હોવું સત્ત્વનું-દ્રવ્યનું એમ? વિશેષ હોવું એટલે શું?

કહે છે... ઓલામાં બે લીટી ઓલી હતી નિમિત્ત-ઉપાદાનની. આમાં બે લીટીમાં આ સમાઈ જાય છે આખું. એક એક ગાથાએ ભિન્ન-ભિન્નતા કરીને વસ્તુની એવી સિદ્ધિ કરે છે. આહા..હા..! કહો, '**વિભાવધર્મથી વિલક્ષણ...**' વિકારી ધર્મથી અસ્તિત્વના હોવાપણાનો ધર્મ વિપરીત લક્ષણવાળો છે. એટલે કે હોવાપણાનો ધર્મ એકધારાએ હોવું... હોવું... સરખું ચાલ્યું આવે છે. વિભાવનો ધર્મ એકપણે, વિભાવ વિભાવ એકપણે વિભાવ સરખો એમ નથી. તેથી તેના લક્ષણથી હોવાપણાનું લક્ષણ ભિન્ન દેખવામાં આવે છે. બહુ ઝીણું. કપુરભાઈ! ઘરે વાંચો તો કાંઈ હાથ ન આવે આમાં. બાબુભાઈ એમ હશે કે નહિ? હાથ તો આવે ઘરે બેસીને. ઘરે બેસીને એટલે આત્મામાં લક્ષ રાખીને એમ. સમજાણું કાંઈ? કારણ કે વસ્તુનું સત્ જ એવું છે અને સત્‌ને જાણવું એ જ્ઞાનનો સ્વભાવ છે. એનો સ્વભાવ એવો છે કે જે રીતે છે તે જાણવું. જે રીતે છે એમ ન જાણે તો જ્ઞાન જ સાચું નથી, એ તો ખોટું જ્ઞાન છે.

જુઓ! અહીં શું કહે છે? જ્ઞેયતત્ત્વનું સ્વરૂપ જ આવું છે. '**ભાવ અને ભાવવાનપણાને લીધે અનેકપણું હોવા છતાં...**' હવે કહે છે. શું કહે છે? હોવાપણું એ ભાવ છે અને દ્રવ્ય છે તે ભાવવાન છે. સાકરનું ગળપણ તે ભાવ છે અને સાકર તે ભાવવાન છે. એમ વસ્તુ આત્મા અને પરમાણુમાં હોવાપણાનો ગુણ તે ભાવ છે અને પરમાણુ ને આત્મા તે ભાવવાન છે. ભાવ કહો, સ્વભાવ કહો, ભાવવાન કહો, સ્વભાવવાન કહો. સ્વભાવની વાત ચાલે છેને આ. સમજાણું કાંઈ? આ વાત થઈ હતી, નહિ હમણાં? સુમનભાઈ આવ્યા ત્યારે થઈ હતી ભાવ અને ભાવવાનની. થઈ હતીને એકવાર. પ્રશ્ન થઈ ગયો હતો. ભાવ, નીચે છે જુઓ. ભાવ, અસ્તિત્વ તે દ્રવ્યનો ભાવ છે અને દ્રવ્ય તે ભાવવાન, ભાવવાળું છે. આત્મા એ ભાવવાળો છે અને સત્તા તે ભાવ છે. સત્તાવાન તે ભાવવાન છે. સત્તાવાન એટલે ભાવવાન એ ભાવવાળી વસ્તુ છે અને સત્તા તે ભાવ છે. ભાવ ભાવવાનનું અનેકપણું હોવા છતાં પ્રદેશભેદ નહિ હોવાને કારણે... છતાં સત્તાના પ્રદેશો એટલે અંશો જુદા છે અને હોવાવાન દ્રવ્યોના ભાવવાનના પ્રદેશો જુદા છે એમ નથી. સાકર અને સાકરનું ગળપણ એ

ગળપણ તે ભાવ છે, એ ગુણ છે, સાકર ભાવવાન છે, ગુણી છે. એવા નામભેદ હોવા છતાં સાકરના ગળપણ અને સાકરના અંશો, ક્ષેત્ર, પ્રદેશભેદ નથી. કે ગળપણના પ્રદેશ જુદા અને સાકરના પ્રદેશ જુદા. આહા..હા..! આચાર્યોએ જુઓને જંગલમાં રહીને ટીકા કરી છેને ટીકા, સંસ્કૃત ટીકા લ્યો.

વાસ્તવિક જ્ઞેયનું આવું સ્વરૂપ છે એ રીતે જણાવવા માગે છે. આથી ક્યાંય પણ જો વિપરીત એક અંશ કરે તો તેનું જ્ઞાન મિથ્યા છે. ભગવાનના જ્ઞાન સાથે એના જ્ઞાનનો મેળ ખાતો નથી. ઓલો ભગવાનના જ્ઞાન સાથે જ્ઞાનનો મેળ થયો. ભગવાને જેવું કહ્યું અને જોયું એવું એ જાણે ત્યારે એનો જ્ઞાન સાથે મેળ થયો, બરાબર જાણ્યું. ક્યાંય પણ એમ માને (કે) આ મારું હોવાપણું આને લઈને, એનું હોવાપણું મારે લઈને, બિલકુલ જૂઠી વાત છે. એમ કહે છે. સ્વરૂપ અસ્તિત્વ જુદું કહ્યું છેને. ભઈ, અમારે લઈને આ ટકે છે. માણસ નથી કહેતા? અમે ઘણાં હજારો માણસને નભાવીએ છીએ લ્યો! પોપટભાઈને પૂછીએને, એના સાળાએ એને જવાબ આપ્યો હતો. સાત હજાર માણસને નભાવીએ છીએ.

મુમુક્ષુ :— એના માટે કરે છે.

ઉત્તર :— કોણ કરે? કોના માટે કોણ કરે? કોણ કોને લઈને ટકે? સૌ સૌના સ્વરૂપ-અસ્તિત્વથી ટકી રહ્યા છે. બરાબર હશે કે નહિ? મલૂકચંદભાઈ! અમુલખભાઈ! માણસ પણ નભેને લાતી લઈને કેટલા નભતા હોય માણસ, લ્યો. લાકડા વિના મકાન થાય નહિ, મકાન વિના રહેવાનું થાય નહિ, રહ્યા વિના ખાવું ક્યાં? એય..! કાંતિભાઈ! શું હશે આ? હોવાપણે દરેક ભિન્ન ભિન્ન છે. તો બીજાના હોવાપણે બીજાનું હોવાપણું ન સિદ્ધ થાય? આહા..હા..! મીલના માલિક હોય ઈ એમ કહે, અમારે લઈને કેટલા માણસો નભે છે! સમજાય છેને. પાપ થાય પણ એમાં પાછી દયા કેટલી રહે છે. એના માટે તું આ કરતો હઈશ?

મુમુક્ષુ :- મજૂર શેઠિયાને પૂરી દે ત્યારે શું કહે?

ઉત્તર :- પૂરી દે ત્યારે કહે, અરે..! મહારાજ! આ કાંઈ અમને ઠીક ન કર્યું. આઠ દિ' સુધી પૂર્યા હતા ઓલામાં, કિશનગઢ. કિશનગઢમાં મીલ હતુંને, નેમચંદભાઈ પાટણીનું. આઠ દિ' સુધી મજૂરોએ બહાર નીકળવા નહોતા દીધા. આઠ દિ'. સમજ્યાને? શાક પણ ત્યાં. જે હતું તે શાક કરો, બહાર નહિ, બહાર નહિ. નેમિચંદભાઈ કહેતા હતા. અમે આઠ દિ' રહ્યા હતા રાત ને દિ' એક જ મકાનમાં. બહાર મોઢું કરીએ તો કાંઈક વળી મારે, કાંઈક ધૂળ ઉડાડે તો? બારણા-બારણા બંધ કરીને આઠ દિ' રહ્યા હતા. કહો, મોહનભાઈ! એ મજૂરોને લઈને શેઠ હશે? શેઠને લઈને મજૂર હશે? આહા..હા..!

એ '**દ્રવ્યની સાથે એકપણું ધરતું, દ્રવ્યનો સ્વભાવ જ કેમ ન હોય?**' હોવાપણું તે અને હોવાવાન, હોવાપણું ગુણ અને હોવાવાન એવા ભાવભેદ, નામભેદ હોવા છતાં, લક્ષણ અને પ્રયોજનભેદ હોવા છતાં એના પ્રદેશભેદનો અભાવ છે. પ્રદેશભેદનો અભાવ છે.

પ્રદેશભેદ એમાં નથી. અભાવ કીધો ખરોને? પ્રદેશભેદનો અભાવ છે. પ્રદેશમાં જુદા નથી. '**પ્રદેશભેદ નહિ હોવાને કારણે દ્રવ્યની સાથે એકપણું ધરતું,...**' હોવાપણું તે પદાર્થ સાથે એકપણે અભેદપણું ધરતું '**દ્રવ્યનો સ્વભાવ જ કેમ ન હોય? (જરૂર હોય.)**' સમજાય છે? એની વિશેષ વાત કરશે લ્યો...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર વદ ૬, બુધવાર, તા. ૧૧.૧૨.૧૯૬૮**
**ગાથા-૯૬, પ્રવચન-૯૨**

૯૬ ગાથા. પ્રવચનસાર, જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન અધિકાર. શું કહે છે? જુઓ. અહીં સુધી આવ્યું છે. '**ભાવ અને ભાવવાનપણાને લીધે અનેકપણું હોવા છતાં...**' શું કહે છે? પ્રત્યેક પદાર્થ આત્મા, પરમાણુ આદિ છ દ્રવ્ય. જુઓ! આ વસ્તુની સ્થિતિ વાસ્તવિક જ્ઞેયસ્વરૂપ શું છે (તેનું વર્ણન છે). અને જેવું છે તેવું જ્ઞેયનું સ્વરૂપ જ્ઞાનમાં આવે તો તે જ્ઞાન યથાર્થ કહેવામાં આવે. જ્ઞેયની વિપરીતતા, જ્ઞેયમાં જેવું છે એવું ન જણાતા વિપરીત જણાય જ્ઞાનમાં, એ જ્ઞાન ઊંધું છે, ઉલ્ટું છે. જ્ઞાનની દૃષ્ટિમાં સવળાઈ આવી નથી. એથી જ્ઞેયનું સ્વરૂપ જેવું એનું પોતાનું છે તેવું જ્ઞાનમાં આવવું જોઈએ. કહે છે કે જ્ઞેયનો સ્વભાવ દ્રવ્ય એ ભાવવાન છે અને સત્તા અસ્તિત્વગુણ એ ભાવ છે. સમજાણું? આ બધાની પરીક્ષા લેવાતી હોયને બે-ચાર મહિને તો યાદ રાખે. કહો, સમજાણું આમાં?

મુમુક્ષુ :- આદિક..

ઉત્તર :- આદિ ક્યાં છે? અહીંયા તો એકલી સત્તા છે. એકલી સત્તાની વાત ચાલે છે અત્યારે તો. છ બોલમાં અસ્તિત્વ સ્વભાવની વાત ચાલે છે. સત્ દ્રવ્ય લક્ષણં એની વ્યાખ્યા ચાલે છે. સમજાય છે કાંઈ? સત્ દ્રવ્ય લક્ષણં. સત્ તે ગુણ છે, ભાવ છે અને દ્રવ્ય તે ગુણી છે, ભાવવાન છે. જેમ ભગવાન આત્મા અસ્તિ, વસ્તુ ભાવવાન છે અને અસ્તિપણું એનો સત્તા નામનો ગુણ છે. તો ગુણ તે ભાવ છે અને વસ્તુ તે ભાવવાન છે. તેમ બે ભાવ અને ભાવવાનના અનેકપણું-પ્રકાર ભાવ હોવા છતાં પ્રદેશભેદ નથી. ભાવના પ્રદેશ એટલે ક્ષેત્ર એટલે અંશો જુદા અને દ્રવ્યના અંશો જુદા એમ બે વચ્ચે આંતરો નથી. સમજાણું કાંઈ? પરમાણુમાં પણ પરમાણુ પોતે ભાવવાન છે અને પરમાણુના રંગ, ગંધ,

રસ, સ્પર્શમાં અહીં સત્તા જે છે એકલી સત્તા, એ સત્તા તે ભાવ છે અને પરમાણુ ભાવવાન છે. એમ ભાવ અને ભાવવાનમાં નામભેદ, સંખ્યાભેદ આદિ હોવા છતાં, લક્ષણભેદ હોવા છતાં વસ્તુભેદ નથી, પ્રદેશભેદ નથી. તે પરમાણુ તો જે પ્રદેશ છે તે જ તેના સત્તાના પ્રદેશ, સત્તાનો પ્રદેશ છે. સત્તાનો જે અંશ છે તે જ દ્રવ્યનો અંશ છે. અંશભેદ છે નહિ. શું શેઠી! એમ આત્મામાં આત્મા સત્તાવાન છે, સત્તાવાન અને સત્તા એનો ગુણ છે, ભાવ છે. આત્મા ભાવવાન છે. એમ નામભેદ, સંજ્ઞા, સંખ્યાભેદ આદિ છે. દ્રવ્ય એક છે, આ તો ગુણ અનંત છે. અહીં તો એક જ અર્થ કર્યો છે. એમ નામભેદ હોવા છતાં વસ્તુમાં પ્રદેશભેદ નથી કે સત્તા નામના ગુણના અંશો જુદા અને સત્તાવાનના અંશો જુદા.

તેને '**કારણે દ્રવ્યની સાથે એકપણું ધરતું,...**' વસ્તુની સાથે સત્તા નામનો ગુણ, અસ્તિત્વ નામની શક્તિ, અસ્તિત્વ નામનો એનો સ્વભાવ તે સ્વભાવવાન સાથે... તે '**દ્રવ્યનો સ્વભાવ જ કેમ ન હોય?**' તે દ્રવ્યનો સ્વભાવ કેમ ન હોય? દ્રવ્યનો સ્વભાવ જ એ છે. '**(જરૂર હોય.) તે અસ્તિત્વ—જેમ ભિન્ન ભિન્ન દ્રવ્યોને વિષે પ્રત્યેકમાં સમાપ્ત થઈ જાય છે...**' શું કહે છે? એ સત્તા નામનો અસ્તિત્વ ગુણ પ્રત્યેક પદાર્થમાં ત્યાં પૂરો થઈ જાય છે એટલે સમાપ્ત (થઈ જાય છે). '**ભિન્ન ભિન્ન દ્રવ્યોને વિષે પ્રત્યેકમાં સમાપ્ત...**' એક એક દ્રવ્યની સત્તા એમાં દ્રવ્યમાં જ હોય છે. એ સત્તા કાંઈ બીજામાં હોતી નથી. સમજાણું કાંઈ? એક દ્રવ્યની સત્તા દ્રવ્યમાં જ સમાપ્ત થાય છે. એ સત્તા બીજા દ્રવ્યમાં જાય છે એમ નથી.

'**તેમ—દ્રવ્ય-ગુણ-પર્યાયને વિષે પ્રત્યેકમાં સમાપ્ત થઈ જતું નથી,...**' સમજાણું કાંઈ? સત્તા નામનો ગુણ, ગુણી જે છે એમાં જ એ સમાપ્ત થાય છે. એક સત્તા કાંઈ બીજા દ્રવ્યમાં આવતી નથી. એમ એક સત્તા નામનો ગુણ એક દ્રવ્યમાં જુદો, ગુણમાં જુદો અને પર્યાયમાં (જુદો) એમ છે નહિ. એક સત્તાગુણ ત્રણેમાં વ્યાપેલો છે. સમજાણું કાંઈ? '**તેમ—દ્રવ્ય-ગુણ-પર્યાયને વિષે પ્રત્યેકમાં...**' એટલે દ્રવ્યમાં આખી સત્તા એકલી સમાઈ જાય, ગુણમાં જુદી સમાય અને પર્યાયમાં જુદી સમાય એમ '**સમાપ્ત થઈ જતું નથી,...**' સત્તા નામનો ગુણ દ્રવ્યમાં જુદો, ગુણમાં જુદો અને પર્યાયમાં જુદો (એમ) એક એકમાં સમાપ્ત થાય એમ નથી. સમજાણું કાંઈ?

'**કારણ કે...**' આ શબ્દ સિદ્ધાંત છે અહીં મોટો. '**તેમની સિદ્ધિ પરસ્પર થતી હોવાથી...**' વસ્તુ દ્રવ્ય, એનો ગુણ અને એની પર્યાય એ ત્રણમાં પરસ્પર એકબીજાની સિદ્ધિ થવાથી... પર્યાય વિના દ્રવ્યની સિદ્ધિ નહિ, દ્રવ્ય વિના પર્યાયની સિદ્ધિ નહિ, ગુણ વિના દ્રવ્યની સિદ્ધિ નહિ, દ્રવ્ય વિના ગુણની સિદ્ધિ નહિ. '**તેમની સિદ્ધિ પરસ્પર થતી હોવાથી...**' આના બધા સિદ્ધાંતો આવશે હવે. '**(અર્થાત્ દ્રવ્ય, ગુણ અને પર્યાય એકબીજાથી પરસ્પર સિદ્ધ થતાં હોવાથી...**' એકબીજા પરસ્પર સાબિત થતાં હોવાથી,

અને સિદ્ધ થતા હોવાથી. અહીં વજન છે. એક ન હોય તો બીજા બે પણ સિદ્ધ નહિ થતા હોવાથી. ત્રણમાં દ્રવ્ય ન હોય તો ગુણ, પર્યાય સિદ્ધ ન થાય. ગુણ હોય અને દ્રવ્ય પર્યાય ન હોય તો સિદ્ધ ન થાય. દ્રવ્ય-ગુણ હોય અને પર્યાય ન હોય તોપણ સિદ્ધ થાય નહિ.

**'એક ન હોય તો બીજાં બે પણ સિદ્ધ નહિ થતાં હોવાથી) તેમનું અસ્તિત્વ એક જ છે;—'** દરેક પદાર્થ એક એક પરમાણુ, એક એક આત્મા... કેટલી સત્તાની સ્પષ્ટતા કરી છે! બધા થઈને એક જ આત્મા છે અને બધા થઈને એક જ વસ્તુ છે એમ નથી એમ સિદ્ધ (કરે છે). ... માટે સિદ્ધ કરે છે. જુઓ! **'સુવર્ણની જેમ.'** સોનાની જેમ. **'જેમ દ્રવ્યે,...'** વસ્તુથી, **'ક્ષેત્ર,...'** પહોળાઈથી, **'કાળે...'** અવસ્થાથી **'કે ભાવે...'** ગુણથી. **'દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે સુવર્ણથી...'** એટલે સોનાથી **'જેઓ=પીળાશ આદિ ગુણો અને કુંડળાદિ પર્યાયો...'** સોનાથી એના પીળાશ આદિ ગુણો અને કુંડળ આદિ પર્યાય સોનાથી જુદા જોવામાં આવતા નથી. સુવર્ણથી, સુવર્ણના પીળાશ આદિ ગુણ અને કુંડળ આદિ અવસ્થા સુવર્ણથી જુદાં જોવામાં આવતા નથી.

**'કર્તા-કરણ-અધિકરણરૂપે પીળાશ આદિ ગુણોના અને કુંડળાદિ પર્યાયોના સ્વરૂપને ધારણ કરીને પ્રવર્તતા સુવર્ણના અસ્તિત્વ વડે જેમની નિષ્પત્તિ થાય છે,—એવા પીળાશ આદિ ગુણો અને કુંડળાદિ પર્યાયો વડે જે સુવર્ણનું અસ્તિત્વ છે,...'** શું કહે છે હવે જુઓ! કર્તા. સુવર્ણ કર્તા અને પીળાશ આદિ એનું કાર્ય. સુવર્ણ કર્તા, સુવર્ણ કરણ, અધિકરણ. પીળાશ આદિ ગુણ અને કુંડળ આદિ પર્યાય એનું કર્તા સુવર્ણ, એનું સાધન સુવર્ણ, એ પીળાશ આદિ અને કુંડળની પર્યાયનો આધાર સુવર્ણ. એ કુંડળનો કર્તા સુવર્ણ, કુંડળની પર્યાયનો કર્તા સોની નહિ એમ કહે છે. કહો, સમજાણું આમાં? દેખાય છે તો શું સામું દેખાય છે?

મુમુક્ષુ :- ... તાદાત્મ્ય સંબંધ નથી, નિમિત્ત સંબંધી છે.

ઉત્તર :- નિમિત્ત સંબંધનો અર્થ શું? શું કહ્યું જુઓ!

સોનું એના પીળાશ ગુણનું સોનું કર્તા છે. એની કુંડળ અવસ્થા જે છે તેનું સોનું કર્તા છે. એ સોનાનું કર્તાપણું ગુણ અને પર્યાયપણાનું કર્તા એ છે. માટે સુવર્ણની સિદ્ધિ ગુણ પર્યાય વડે થાય છે. અથવા **'જેઓ પૃથક્ જોવામાં આવતા નથી,...'** છેને? એથી **'કર્તા-કરણ-અધિકરણરૂપે પીળાશ આદિ ગુણોના અને કુંડળાદિ પર્યાયોના સ્વરૂપને ધારણ કરીને પ્રવર્તતા...'** જુઓ! પાછું સોનાના ગુણનો કર્તા, એની પર્યાયનો કર્તા, પીળાશ ગુણનું કરણ અને કુંડળાદિ પર્યાયનું સાધન એ સોનું છે. સમજાણું? એમ પીળાશ આદિ ગુણ અને કુંડળ આદિ પર્યાયનો આધાર, આધાર સોનું છે. સમજાણું કાંઈ? ઘડામાં ઘડાની પર્યાયનો કર્તા એ માટી છે એમ કહે છે. અને ઘડાની પર્યાયનું કરણ માટી છે અને ઘડાની પર્યાયનો

આધાર માટી છે. જ્યાં નીચે ઘડાય છે એ આધાર નહિ, કુંભાર એનો કર્તા નહિ, ચાકડો એનું કરણ—સાધન નહિ. કેમ હશે દેવશીભાઈ? શું આ બધું પણ મકાન કર્યા હતાને બધા કેટલાય. આ ડૉક્ટર બધા રહ્યા. કહો, સમજાણું કાંઈ?

કહે છે, સોનું તે કર્તા છે, એના ગુણનું. સોનું તે કર્તા છે તેની વર્તમાન થતી પર્યાયનું. કુંડળ, કડું આદિ થાય એનો કર્તા સોનું છે. અને સોનું પીળાશગુણનું કરણ છે, પીળાશગુણનું કારણ છે અને કુંડળની પર્યાયનું સોનું કારણ છે, સોનું કરણ છે—સોનું સાધન છે. અને પીળાશ આદિ ગુણનું સોનું આધાર છે, પીળાશ આદિ ગુણનું સોનું આધાર છે, એમ એની પર્યાય કુંડળનો આધાર સોનું છે. કહો, હેઠે હોય છેને, ઘડે. હેઠે (હોય એને) શું કહેવાય? એરણ. એ કુંડળની પર્યાયનો આધાર એરણ નથી, કુંડળની પર્યાયનો કર્તા સોની નથી.

મુમુક્ષુ :- હથોડો.

ઉત્તર :- એ આવી ગયુંને, એના બધા હથોડો-બથોડો બધું. ઘડાની પર્યાયનો કર્તા માટી છે, ઘડાની પર્યાયનો કર્તા કુંભાર નથી. ઘડાની પર્યાયનું સાધન ચાકડો આદિ નથી. સાધન એક પોતે માટી છે. ઘડાની પર્યાયનો આધાર માટી છે. નીચે આધાર છે કોઈ ચાકડો-બાકડો, એમ નથી.

મુમુક્ષુ :- દેખાય છે.

ઉત્તર :- શું દેખાય છે? ભિન્ન ભિન્ન છે એમ દેખાય છે. આ, આ એમ દેખાય છે કે આ બધું થઈને દેખાય છે એક? કહો, સમજાણું આમાં?

'**કર્તા-કરણ-અધિકરણરૂપે...**' જુઓ! એક શબ્દ વધારે નાખ્યો. પહેલા બે બોલ આવ્યા હતા પહેલામાં. કર્તા-કરણના બે બોલ આવ્યા હતા. સ્વરૂપકર્તા અને સ્વરૂપકરણ એમ આવ્યું હતું. હવે અહીં આગળ વધે છે કે સ્વરૂપ જે છે સોનાનું એ સોનામાં જે પીળાશ આદિ ગુણો છે અને કુંડળ, કડા, વીંટી આદિ પર્યાય થાય છે એનો કર્તા સોનું, એનું કરણ સોનું, એનો આધાર સોનું. એવા '**સ્વરૂપને ધારણ કરીને...**' કોના? ગુણ અને પર્યાયના. પીળાશ આદિ ગુણ અને કુંડળ આદિ અવસ્થાના સ્વરૂપને ધારણ કરીને પ્રવર્તતું. સુવર્ણના અસ્તિત્વ વડે, સોનાના હોવાપણા વડે '**જેમની નિષ્પત્તિ થાય છે,...**' એટલે કે પીળાશ ગુણ અને કુંડળ આદિ પર્યાયનું સુવર્ણ વડે તેની નિષ્પત્તિ નામ પ્રાપ્તિ દેખાય છે, સિદ્ધિ થાય છે. કહો, સમજાણું આમાં? આહા..હા..! સમય સમયમાં જે કંઈ દ્રવ્યની અવસ્થા થાય... એ હવે દ્રવ્ય પછી લેશે લ્યો!

'**એવા પીળાશ આદિ ગુણો અને કુંડળાદિ પર્યાયો વડે જે સુવર્ણનું અસ્તિત્વ છે,...**' ગુણો અને કુંડળ આદિ પર્યાય વડે જે સુવર્ણનું અસ્તિત્વ છે '**તે (સુવર્ણનો) સ્વભાવ છે;...**' લ્યો! '**એવા પીળાશ આદિ ગુણો અને કુંડળાદિ પર્યાયો વડે જે સુવર્ણનું અસ્તિત્વ છે,...**' એમ. સમજાણું કાંઈ? કર્તા-કરણ-અધિકરણ એના ગુણ ને પર્યાયનું હોવાથી

ગુણ અને પર્યાયનું અસ્તિત્વ સોનું એ વડે છે. ગુણ અને પર્યાય વડે એનું અસ્તિત્વ આખું છે. '**તે (સુવર્ણનો) સ્વભાવ છે;....**' સોનાનો. આ તો સોનાનો દાખલો આપ્યો. એમ કોઈપણ ચીજ. રોટલી, કપડું. સમજાય છે? એ દરેકમાં દરેક પરમાણુના પોતાના કર્તા પોતાની પર્યાયના, ગુણના, કરણ પોતાના ગુણ-પર્યાયના અને આધાર પોતાના ગુણ-પર્યાયના એ કારણે નિષ્પત્તિ થાય છે એવા, એમ. જોયું! આવી '**જેમની નિષ્પત્તિ થાય છે,—એવા પીળાશ આદિ ગુણો અને કુંડળાદિ પર્યાયો વડે જે સુવર્ણનું અસ્તિત્વ છે, તે (સુવર્ણનો) સ્વભાવ છે;...**' અસ્તિત્વ કહેવું છેને.

'**તેમ...**' એ દૃષ્ટાંત થયો. હવે સિદ્ધાંત. '**દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે દ્રવ્યથી જેઓ પૃથક્ જોવામાં આવતા નથી,...**' કોણ? દ્રવ્યના ગુણ અને પર્યાય. આત્માના સત્તા નામનો ગુણ અને એની પર્યાય. સમજાય છે? તેના અનંત ગુણો આદિ. '**દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે દ્રવ્યથી જેઓ પૃથક્ જોવામાં આવતા નથી,...**' કોણ? કહે છે જુઓ! '**કર્તા-કરણ-અધિકરણરૂપે ગુણોના અને પર્યાયોના સ્વરૂપને ધારણ કરીને પ્રવર્તતા દ્રવ્ય...**' એ આત્મા એના જ્ઞાન, દર્શન અને ચારિત્રના જે ગુણો છે તેનો કર્તા આત્મા છે. જ્ઞાન-દર્શન-ચારિત્ર ગુણો છે તેનું કરણ આત્મા છે. જ્ઞાન-દર્શન-ચારિત્ર ગુણો છે તેનો આધાર આત્મા છે. કહો, સમજાણું કાંઈ? અને એ જ્ઞાન-દર્શનની પર્યાય જે છે, પર્યાય જે છે, અવસ્થા જે છે એનો કર્તા આત્મા છે. આ સાંભળવાના શબ્દોથી જ્ઞાનની પર્યાયનો કર્તા આ છે સાંભળવું, એ છે નહિ એમ કહે છે. એમ કહ્યું કે આ સંભળાય છે વાણી તે કર્તા અને જ્ઞાનની પર્યાય તે એનું કાર્ય એમ નથી. એ જ્ઞાનની પર્યાયનો કર્તા એનો આત્મા છે. જ્ઞાનની પર્યાયનું કરણ એનો આત્મા છે. આ વાણી આદિ સાધન છે માટે જ્ઞાનની પર્યાય થાય છે એમ નથી. અને એ જ્ઞાનની પર્યાયનો આધાર એનો આત્મા છે. જ્ઞાનની પર્યાયનો આધાર બીજી ચીજ નથી.

મુમુક્ષુ :- કાન પણ ન થયો.

ઉત્તર :- કાન પણ ન થયા, વાણી પણ ન થઈ.

મુમુક્ષુ :- કાન ક્યાં ચાલ્યા ગયા?

ઉત્તર :- કાન ક્યાં ગયા? કાન કાનમાં છે. એની સત્તા એનામાં છે. કહ્યુંને પહેલા, દ્રવ્ય-ગુણ-પર્યાયમાં એક સત્તા એક એકમાં સમાઈ જાય છે એમ નહિ, ત્રણમાં આખી સત્તા સમાઈ જાય છે. આહા..હા..! કેટલું સ્પષ્ટ કર્યું છેને મુનિએ જંગલમાં. સમજાણું કાંઈ?

સમ્યગ્દર્શનની પર્યાય અને શ્રદ્ધાગુણ, એ શ્રદ્ધાગુણ ને સમ્યગ્દર્શનની પર્યાયનો કર્તા આત્મા, સમ્યગ્દર્શનની પર્યાય અને શ્રદ્ધાગુણનું કરણ આત્મા, શ્રદ્ધા-ગુણ અને સમ્યગ્દર્શનની પર્યાયનો આધાર આત્મા. બરાબર છે? આ નિમિત્તથી થાય એમ આવે છે—અધિગમાત, નિસર્ગાત આધાર છે એવું આવે છે તત્ત્વાર્થસૂત્રમાં. જીવનો અજીવ આધાર છે અને અજીવનો જીવ

આધાર છે. એકબીજાનો ઉપકાર છે નથી આવતું?

મુમુક્ષુ :- છ છ બોલ આવે છે.

ઉત્તર :- છ બોલ છે. ઉપકાર છે, આ છે, તે છે આવે છે. એ તો નિમિત્ત કોણ છે એનું જ્ઞાન કરાવ્યું. ત્રણ કાળમાં કોઈની અવસ્થા અને તેના ગુણનો આધાર બીજો હોઈ શકે નહિ. તેના તે ગુણ અને પર્યાયનો કર્તા બીજું દ્રવ્ય હોઈ શકે નહિ અને એ દ્રવ્યના ગુણપર્યાયનું કરણ નામ સાધન પણ બીજું દ્રવ્ય હોઈ શકે નહિ. લ્યો આ સાધનના વાંધા. જુઓ! અહીં સાધન નાખ્યું છે.

દ્રવ્યથી-વસ્તુથી, ક્ષેત્રથી એની ચોડાઈ-પહોળાઈથી, કાળથી-અવસ્થાથી અને ગુણથી. તે જેઓ. કોણ? કે ગુણ અને પર્યાયો '**પૃથક્ જોવામાં આવતા નથી,...**' આત્માથી તેના ગુણ-પર્યાયો દ્રવ્યથી જુદા, ક્ષેત્રથી જુદા, કાળથી જુદા અને ભાવથી જુદા એમ જોવામાં આવતા નથી. કેટલું સ્પષ્ટ કર્યું છે! ઓહો..હો..! સમજાણું કાંઈ? '**તેમ દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે દ્રવ્યથી જેઓ...**' એટલે ગુણ અને પર્યાય '**પૃથક્ જોવામાં આવતા નથી,...**' એવા ગુણ-પર્યાયનો '**કર્તા-કરણ-અધિકરણરૂપે ગુણોના અને પર્યાયોના સ્વરૂપને ધારણ કરીને...**' દ્રવ્ય... '**પ્રવર્તતા દ્રવ્યના અસ્તિત્વ વડે જેમની નિષ્પત્તિ થાય છે,...**' આત્માના દ્રવ્યને કારણે જેની પ્રાપ્તિ ગુણ અને પર્યાયની છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં તો જુઓ એમ પણ આવ્યું કે વ્યવહાર સમકિત છેને વિકલ્પ, ભાઈ! અને ચારિત્રનો મહાવ્રતનો વિકલ્પ છે. એને ત્યાં નિર્મળ ચારિત્ર પર્યાય છે અને એક વિકલ્પ છે. એ પર્યાયની પ્રાપ્તિ દ્રવ્યથી છે. એ પર્યાય અને વિકલ્પનો કર્તા દ્રવ્ય છે. એટલે કે એ વિકલ્પ છે મહાવ્રતનો અને અહીં પર્યાય ચારિત્રની, એ મહાવ્રતનો વિકલ્પ કર્તા અને ચારિત્ર તે તેની પ્રાપ્તિ એનાથી એમ નથી એમ કહે છે. શું કીધું સમજાણું? પંચ મહાવ્રતના પરિણામ વિકલ્પ જેને સાધન (કહે છે), અહીં તો સાધન પક્ષ ઊભો થયો છેને, દ્રવ્યસંગ્રહમાં બહુ આવે છેને સાધન... સાધન... સાધન... તો અહીં એ સિદ્ધ કરે છે કે પંચ મહાવ્રતનો વિકલ્પ અને તે વખતની ચારિત્રની પર્યાય અને તે વખતનો ગુણ, એ ગુણ અને એ પર્યાયનો કર્તા દ્રવ્ય છે. એ ગુણ અને પર્યાયનું કરણ દ્રવ્ય છે, એ ગુણ અને પર્યાયનો આધાર દ્રવ્ય છે. એ વિકલ્પ પંચ મહાવ્રતનો છે એ કર્તા છે અને ચારિત્રની પર્યાય છે એ એનું કાર્ય એમ ન થયું આમાં. વાત સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :— સમજાયું નહિ.

ઉત્તર :— ન સમજ્યા, એ ઠીક કહ્યું.

એમ કહ્યું કે આત્મા છેને આત્મા? એ તો વસ્તુ છે. એમાં જ્ઞાન-દર્શન-ચારિત્ર એ ત્રિકાળી ગુણ છે. હવે એની અવસ્થામાં વર્તમાન ચારિત્રની સમ્યગ્દર્શન સહિતની પર્યાય પ્રગટ થઈ. હવે પર્યાય પ્રગટ થઈ તે કાળે હજી પંચ મહાવ્રતનો વિકલ્પ પણ છે. બેય પર્યાય છે. હવે

કહે છે કે એ પર્યાયનો કર્તા દ્રવ્ય છે. એ વિકલ્પનો કર્તા ચારિત્ર પર્યાય અથવા વિકલ્પ કર્તા અને ચારિત્ર પર્યાય તેનું કાર્ય એમ નથી. એ વિકલ્પની પર્યાય અને ચારિત્રની પર્યાયનો કર્તા દ્રવ્ય છે. આ આમ નથી એકબીજા. સમજાણું કાંઈ? પર્યાય કર્તા ચારિત્રની અને વિકલ્પ કાર્ય એમ નથી. તેમ વિકલ્પ કર્તા અને ચારિત્રપર્યાય (કાર્ય) એમ નથી. સમજાણું કાંઈ?

દ્રવ્ય પોતે વસ્તુ આત્મા ભગવાન, એના જ્ઞાન-દર્શન આદિ ગુણો અને એની થતી નિર્મળ અવસ્થા કે વિકલ્પ અવસ્થા. હવે એ અવસ્થા અને ગુણનો કર્તા દ્રવ્ય છે. એ વિકલ્પનો કર્તા ચારિત્રપર્યાય નહિ અને એ ચારિત્રપર્યાય વિકલ્પની કર્તા નહિ અને વિકલ્પ છે તો ચારિત્રની હયાતી છે એમ નહિ એમ કહે છે. આત્મા છે તો આ હયાતી છે. કહો, શેઠી! આવી વાત કદી સાંભળી નથી. દાંત કાઢે છે, મીઠાલાલજી છેને.

આ આત્મા છેને આત્મા એ તો વસ્તુ છે. હવે એ આત્માના લક્ષે ઉત્પન્ન થતી સમ્યગ્દર્શનની પર્યાય. શ્રદ્ધાગુણ તો છે પર્યાય અને ત્યાં ચારિત્રની નિર્મળ પર્યાય અને તે વખતનો વિકલ્પ, એનું અસ્તિત્વ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં સમાપ્ત થાય છે. એનું અસ્તિત્વ એકલા દ્રવ્યમાં સમાપ્ત થાય, ગુણમાં સમાપ્ત થાય અને પર્યાયમાં સમાપ્ત થાતું નથી. એટલે એનું અસ્તિત્વ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણમાં વ્યાપે છે. હવે, ધ્યાન રાખો સમજાય એવી વાત છે, એ એવી કાંઈ ઝીણી નથી બહુ. બહુ ઝીણી નથી એમ કહ્યું.

મુમુક્ષુ :- ધ્યાન રાખે તો સમજાય એવી છે.

ઉત્તર :- ધ્યાન રાખે તો સમજાય, બરાબર સમજાય. ન સમજાય એવી વસ્તુ હોય? આ તો એક એક પર્યાયની વહેંચણી કરે છેને.

ભગવાન આત્મા.. જેમ સુવર્ણ કર્તા, કરણ અને આધાર પર્યાયનો છે, ગુણનો છે. એમ ભગવાન આત્મા એના ગુણો અને એની પર્યાયો, એનો કર્તા દ્રવ્ય છે. એ ચારિત્રપર્યાય કર્તા અને વિકલ્પ તેનું કાર્ય કે એને લઈને અહીં સિદ્ધિ છે એમ નથી. એઇ..! ઓલું આવે છેને પ્રવચનસારમાં ત્રીજા ચરણાનુયોગમાં. આને આધારે આ. દ્રવ્યાનુસારી ચરણં. આવે છે કે નહિ? વિકલ્પનો કર્તા દ્રવ્ય છે, ચારિત્રની પર્યાયનો કર્તા દ્રવ્ય છે. વિકલ્પનો કર્તા ચારિત્રપર્યાય નહિ અને ચારિત્રપર્યાય વિકલ્પનો કર્તા નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

ત્યાં તો એમ કહે કે આ ચરણાનુયોગથી આવું છે, પ્રસિદ્ધિ આમ પામે કે આવી દશા એની હોય છે. આવી દશા હોય ત્યાં આવો વિકલ્પ હોય છે એમ સિદ્ધિ કરે છે. એટલી (વાત). અહીં તો આ સિદ્ધિ કરે છે અહીં. ત્યાં (શ્લોક) છેને ભાઈ, ત્યાં નહિ? ચરણાનુયોગની શરૂઆતમાં. દ્રવ્યાનુસારી ચરણ અને ચરણાનુસારી દ્રવ્ય. દ્રવ્યને આશ્રયે ચરણ. એ તો એક ત્યાં વસ્તુ છે એનો જે અનુભવ અને સ્થિરતા થઈ છે એની પ્રસિદ્ધિ ત્યાં એના પ્રકારનો એવો આવો જે વિકલ્પ હોય એમ પ્રસિદ્ધિ કરે છે અને એ વિકલ્પ એવી જાતનો હોય ત્યાં એને નિર્મળની પર્યાય આમ હોય એને પ્રસિદ્ધ કરે છે, જણાવે છે. પણ સિદ્ધ થાય

છે એ નિર્મળ પર્યાય અને વિકલ્પની સિદ્ધિ એનો આધાર દ્રવ્ય છે. ભારે વાત ભાઈ! ઓહો..હો..! શું કામ કર્યું છેને આચાર્યોએ જંગલમાં રહીને!!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ચારિત્રગુણની બે પર્યાય છે કે નહિ? એક મલિન અને (એક) નિર્મળ.

મુમુક્ષુ :- વ્યવહારચારિત્ર કેમ ન લીધું?

ઉત્તર :- ત્યાં કીધુંને, વિકલ્પ એ વ્યવહારચારિત્ર, તેથી વિકલ્પ નાખ્યો. આ તો વ્યવહાર સાધન અને નિશ્ચય સાધ્ય એમ સિદ્ધ કરે છે એ આમાં સિદ્ધ થતું નથી. માટે તો આ વાત કાઢી છે. સમજાણું કાંઈ? ધીમેથી આ તો સમજવાની વાત છે. આ કાંઈ વાર્તા નથી. આ તો આત્માના ઘરની ભગવતી કથા છે. સમજાણું કાંઈ? આહા..હા..! એને અંદરમાં ઘડ બેસાડવી જોઈએ.

કહે છે... શું કીધું? કે '**તેમ...**' એટલે સોનાને દાખલે. દ્રવ્યથી એટલે વસ્તુથી, ક્ષેત્રથી કાળની અવસ્થાથી અને ભાવથી જેઓ પૃથક્ ગુણ અને પર્યાય જુદા જોવામાં આવતા નથી. અહીં તો આપણે દાખલો લીધો. બાકી પરમાણુમાં પણ એમ. આત્મામાં દાખલો લેવામાં ઓલા વાંધા બહુ કરે છેને એને માટે જરી આધાર લઈએ છીએ. આત્માના ગુણો અને એની પર્યાય એના આત્માના દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી એ ગુણો અને પર્યાય જુદા જોવામાં આવતા નથી. હવે એ આત્માના, આત્મા દ્રવ્ય છે, એના ગુણો અવિનાશી કાયમ છે અને પર્યાય નવી છે. એ પર્યાય અને ગુણનો કર્તા આત્મા છે, એ ગુણ અને પર્યાયનું સાધન-કરણ આત્મા છે, ગુણ અને પર્યાયનો આધાર આત્મા છે. વિકલ્પનો આધાર ચારિત્રની પર્યાય છે અને ચારિત્રની પર્યાયનો આધાર વિકલ્પ છે એમ નથી. દ્રવ્ય છે. આહા..હા..! ભગવાનજીભાઈ! આ તો અલૌકિક વાતું છે આ. આ વાર્તા નથી. અલૌકિક વાત છે ભાઈ! એમાં અલૌકિક વાતને સિદ્ધ કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

વ્યવહાર સમકિતનો વિકલ્પ છે અને નિશ્ચય સમકિત છે. એકસાથે જ હોય છે. તો કહે છે કે નિશ્ચય સમકિતની પર્યાય એનો આધાર આત્મા છે. એનો આધાર વ્યવહાર સમકિત... આવે છે ભાઈ દ્રવ્યસંગ્રહમાં જોયું! વ્યવહારના બળે આમ છે, વ્યવહારના બળે આમ છે.

મુમુક્ષુ :- એમાં દ્રવ્ય ઉત્પન્ન...

ઉત્તર :- ઉત્પન્ન થાય છે એમ ભાષા છે દ્રવ્ય સંગ્રહમાં. એય..! દેવાનુપ્રિયા!

મુમુક્ષુ :- બધા બોલોમાં.

ઉત્તર :- હા, ખબર છેને. પણ એક ઠેકાણે સહકારી બે-ચાર ઠેકાણે નાખ્યું એમ સમજી લેવું. બાહ્ય-અભ્યંતર રત્નત્રય કીધા. બાહ્ય અને અભ્યંતર રત્ન, પણ એ બાહ્ય રત્નત્રય સહકારી છે, સાથે છે. છતાં સાથે છે, આ નિશ્ચયરત્નત્રય છે. હવે એ નિશ્ચયરત્નત્રય અને બાહ્ય રત્નત્રય એનો કર્તા આત્મા છે, એનું કરણ આત્મા છે, એનું સાધન આત્મા છે, આધાર

આત્મા છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ સાધન બરાબર લખ્યું છે. આવો જ વ્યવહાર ત્યાં હોય છે એવું એને જ્ઞાન કરાવ્યું છે. સાથે નિશ્ચયસમ્યગ્દર્શનમાં જ્યાં સુધી પૂર્ણ નિશ્ચય સ્થિરતા આવી નથી ત્યાં સુધી દેવ-ગુરુ-શાસ્ત્રના વિકલ્પની શ્રદ્ધાનો રાગ હોય છે. પણ એ રાગ હોય છે માટે અહીં નિશ્ચયસમકિત છે એને કારણે અને નિશ્ચયસમકિત છે માટે વ્યવહારસમકિત ઊભું થાય છે એમ નથી.

મુમુક્ષુ :- એમાં અનાથી ઉત્પન્ન થાય (એમ કહ્યું).

ઉત્તર :- એ કીધુંને, ઉત્પન્ન થાય એ વ્યવહારથી વાત કરી છે. ઉત્પન્ન થતું નથી અહીંથી સિદ્ધ કરવું છે નિશ્ચયથી. વ્યવહારથી વાત કરી કે ફક્ત તે કાળે ત્યાં હતું એથી એનાથી ઉત્પન્ન થયું એમ કહ્યું છે. એમ છે નહિ. ... વક્તા છે. સત્ય જ કીધું છેને. આ કહ્યું છે કે વ્યવહારથી ઉત્પન્ન થાય. એટલે યથાર્થપણે એમ નથી. એય..! દેવાનુપ્રિયા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ બીજી વાત છે. એ બીજી વસ્તુ જ જુદી છે, ઈ અહીં નથી. એ તો ત્યાં વિકાર અચેતન છે અને ભગવાન ચેતન છે એમ સિદ્ધ ત્યાં તો કરે છે. એ બીજી વાત છે. ત્યાં વળી એમ લીધું, એ તો આપણે કહ્યું હતું કે શુદ્ધ ઉપયોગનું પરિણમન તે આધાર છે અને દ્રવ્ય તે આધેય છે એમ ત્યાં કહ્યું છે લ્યો! ઠીક! એઈ..! ઉપયોગમાં ઉપયોગ છે. શુદ્ધ ઉપયોગમાં આત્મા છે, શુદ્ધ ઉપયોગમાં આત્મા છે. એ તો એમાં જાણ્યુંને ત્યારે એને ખ્યાલ આવ્યો કે ઓહો..! આત્મા! એમ. અહીં કહે છે કે શુદ્ધ ઉપયોગનો આધાર કર્તા, કરણ—સાધન અને આધાર આત્મા છે. કરો ભાઈ નક્કી. આ કાંઈ સાધારણ વાત નથી. મહાસિદ્ધાંતો છે આ.

મુમુક્ષુ :- જુદા જુદા શાસ્ત્રોમાં જુદા જુદા...

ઉત્તર :- ના ના. જુદા શાસ્ત્રોમાં કાંઈ જુદું હોય નહિ.

મુમુક્ષુ :- બધાયને સાચા માનવા.

ઉત્તર :- બધાય પણ શું અપેક્ષા છે એમ જાણવું જોઈએને? કઈ અપેક્ષાથી ત્યાં છે, કઈ અપેક્ષાથી આ છે એ જાણવું જોઈએ. (એકબીજાથી) વિરુદ્ધ હોય કાંઈ? અહીં કહ્યું એનાથી ત્યાં વિરુદ્ધ કહે? તો વસ્તુ ક્યાં આવી?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ કીધુંને દ્રવ્યનું સ્વતંત્રનું. જ્ઞાનપ્રધાન છેને. પોતે અહીં પરિણમન એનું છે કે નહિ એમ બતાવવું છે. ઓલું વળી દ્રવ્ય ન પરિણમે એ વળી બીજી વાત. આ વળી સાધન કહે છે એ બીજી વાત. ભાઈ! અહીં તો....

મુમુક્ષુ :- એની એ વાતો કરવી.

ઉત્તર :- એની એ વાતો છે એમાં. કરવી નહિ, એનામાં સ્વરૂપ એમ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? એ સ્વરૂપ ત્યાં જુદી જુદી અપેક્ષાએ વસ્તુનું સ્વરૂપ એ રીતે સિદ્ધ કરે છે.

મુમુક્ષુ :- નિર્ણય નથી કરાવ્યો.

ઉત્તર :- નિર્ણય કરે છે એ રીતે. નિર્ણય કરાવવા માટે વાત છે. લે, મૂંઝાઈ ગયા. સમજાય છે કાંઈ? કરો નક્કી કરો આ.

આ જ્ઞેય અધિકાર છે અને જ્ઞેયમાં એક સત્તા ત્રણેમાં વ્યાપેલી છે. દ્રવ્યમાં જુદી સત્તા, ગુણમાં જુદી, પર્યાયમાં (જુદી) એમ નથી. એટલે ત્રણની સળંગ એક સત્તા વ્યાપેલી છે. હવે આત્મા અહીં તો આપણે લીધો છે, પરમાણુની વાત પછી. આત્મા જે છે ભગવાન આત્મા એ દ્રવ્ય છે. એનું (અસ્તિત્વ) એના ગુણો અને પર્યાયથી, દ્રવ્યથી, ક્ષેત્રથી, અવસ્થાથી, ગુણથી કાંઈ જુદું નથી, એનું સ્વરૂપ કોઈ જુદું નથી. પણ એ દ્રવ્ય જે વસ્તુ છે એના ગુણો જે છે આત્માના, એનો કર્તા દ્રવ્ય છે. એ ગુણો જે શક્તિરૂપ સત્ત્વ ધ્રુવ છે એનું કારણ દ્રવ્ય છે અને ગુણોનું સત્ છે એનો આધાર દ્રવ્ય છે. સમજાણું કાંઈ?

હવે એની પર્યાય. ધર્મની પર્યાયના કાળમાં એક વિકલ્પરૂપી પર્યાય અને એક નિર્વિકલ્પ શુદ્ધરૂપી પર્યાય (હોય છે). તો એ પર્યાયનું કર્તા દ્રવ્ય છે.

મુમુક્ષુ :- બન્ને પર્યાય છે.

ઉત્તર :- બન્ને પર્યાય, એક સમયના બે ભાગ. અંશ છેને. પર્યાય બે નથી, પર્યાય એક છે, એકના બે ભાગ. સમજાય છે કાંઈ? પર્યાય બે ભાગ હોય? પ્રશ્ન કર્યો હતોને ત્યાં. સુરેન્દ્રનાથ, સુરેન્દ્રનાથ કેવા? સુરેન્દ્રનાથ. ઈસરી. ભગવાન! એક પર્યાયના બે ભાગ. પર્યાય એક જ છે. એક મલિન અંશ છે, એક નિર્મળ અંશ છે અને બેયનો કર્તા દ્રવ્ય છે, બેયનું કરણ દ્રવ્ય છે અને બેયનો આધાર દ્રવ્ય છે. અશુદ્ધતાનો આત્મા આધાર નહિ, અશુદ્ધતા તો કર્મથી થાય. કર્મ તેનું વ્યાપ્ય-વ્યાપક છે. ભાઈ! ઈ કઈ રીતે? એ બીજી વાત છે. ત્યાં તો એકલું શુદ્ધપણું દ્રવ્યનો સ્વભાવ (એવું) ભાન થયું છેને. ત્યાં પરિણમીને શુદ્ધ એટલું એનું લીધું છે. અશુદ્ધપણું એ પરનું. અહીં તો એની સત્તા એમાં જ સમાય છે પરની સાથે નથી એમ સિદ્ધ કરીને તેના ગુણ અને પર્યાયના, પર્યાયના બે ભાગ હોવા છતાં, એક પર્યાયના બે અંશ હોવા છતાં, બેય અંશમાં એક અંશ કર્તા અને બીજો અંશ કર્મ એમ છે નહિ. સમજાણું કાંઈ? અને એ વિકલ્પના અંશને લઈને નિર્વિકલ્પની અવસ્થાની સિદ્ધિ થાય છે એમ નહિ. આ દ્રવ્ય-ગુણ-પર્યાયની પરસ્પર (સિદ્ધિ) છે. પણ એ પર્યાયના બે ભાગથી સિદ્ધિ એમ નહિ.

મુમુક્ષુ :- પર્યાયમાં જાતિ ભેદ છે.

ઉત્તર :- હા, ભેદ છે પણ છે તો એની સત્તામાં ને? એના અસ્તિત્વમાં છે કે પરનું અસ્તિત્વ છે એ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, ત્યાગે છે, પણ ત્યાગે છે એ પરિણમન પોતાના અસ્તિત્વમાં છે. એના અસ્તિત્વમાં આ બાજુ ઠર્યો એટલે ઓલો છૂટી જાય છે અહીં અસ્તિત્વ એનામાં છે એમ સિદ્ધ કરવું છે. કરો (નક્કી) ભાઈ જુઓ! અહીં તો ધીમેથી વાત ચાલે એવી છે આ. તત્ત્વની વાત છે આ. ચર્ચા લોકો શાંતિથી, ધીરેથી કરવી જોઈએને વાત. કેટલા પડખાં શાસ્ત્રમાં હોય પણ એનું મૂળ સત્‌નું મૂળપણું સાધન કરવું જોઈએ કે નહિ? આગળ કહેશે. મૂળ સાધનપણે, ભાઈ! આવે છેને?

મુમુક્ષુ :- એમાં જ આવે છે.

ઉત્તર :- હા, એમાં જ આવશે. હમણા એમાં જ કહે છે આગળ. મૂળ સાધનપણે. જુઓ, આવે છેને બેય ઠેકાણે આવશે. છે અંદર, મૂળ સાધનપણે જુઓ! ૧૭૬માં આ બાજુ છે છેલ્લેથી બીજી લીટી અને આ બાજુથી પહેલીથી બીજી લીટી. આવશે ત્યારે વાત. અહીં તો અત્યારે આ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ?

આત્મા છે એ વસ્તુ. એના અંતર વસ્તુ થઈ તો એનો સ્વભાવ હોય. એ સ્વભાવવાન, ભાવવાન. તેનો ભાવ જ્ઞાન, દર્શન, આનંદ ભાવ. હવે એ ગુણ છે તો એની પર્યાય હોય. એની અવસ્થા વર્તમાન કાંઈક હોય કે નહિ એ પર્યાય—અવસ્થા? હવે એ ગુણ અને પર્યાય એનો કર્તા આત્મા છે, ગુણ અને પર્યાય એનું કરણ સાધન આત્મા છે, ગુણ અને પર્યાય તેનો આધાર આત્મા છે. પર્યાયનો આધાર પર્યાય છે અને પર્યાયનો આધાર ગુણ છે એમ નહિ. આહા..હા..! ન્યાય સમજાય છે કાંઈ? કહો, બલુભાઈ! સમજાય છે કે નહિ આ? ભારે! આ તો અહીં ધીમે ધીમે ચર્ચાય, ત્યાં કાંઈ રાજકોટમાં એવું માંડે હજારો માણસમાં તો કહે, આ શું માંડે છે? કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- .. વાંચ્યું હતું.

ઉત્તર :- વાંચ્યું હતું પણ એ બીજી રીતે વાંચ્યું હતું. એ તો થોડું થોડું લઈને એકદમ. આમ કાંઈ હળવે હળવે બધું કરવા જાય ન્યાં? પ્રવચનસાર વાંચ્યું હતું ૧૯૯૯માં. આહા..હા..! .. કહો, સમજાય છે કાંઈ? ઓહો...! ક્રમે ક્રમે સ્વરૂપ કરણ અને કર્તા અને સ્વરૂપ કારણ સમજ્યાને? કરણ નાખ્યું હતું, અહીં પછી સ્વરૂપમાં નાખ્યું કર્તા, કરણ અને આધાર. વધતા જાય.

ભાઈ! એક પરમાણુ છે એ પરમાણુનો એ ગુણ છે એ ગુણનો આધાર પરમાણુ છે અને એની પીળી, રાતી અવસ્થા થાય છે એનો આધાર એ દ્રવ્ય છે. એ નિમિત્તને... પાણીમાં જેવું.. કહે છેને? પાણીમાં જેવો રંગ નાખીએ એવું પાણી થાય. એમ નથી. એ પાણીના પરમાણુઓ જે છે એ પહેલા જે કાંઈ ધોળા રંગે હતા એનો કર્તા, કરણ અને આધાર પરમાણુ એના હતા. ફરીને અવસ્થા થઈ એની લીલી થઈ પાણીની અવસ્થા રંગની, તો લીલી અવસ્થાનો

કર્તા તો પરમાણુ છે, લીલી અવસ્થાનો કર્તા ઓલો રંગ નાખ્યો માટે લીલી થઈ છે એમ નથી. સમજાણું કાંઈ? અહીં તો લીલી અવસ્થા દેખાય છે. ગળી અવસ્થા થઈ લ્યો પહેલી. એ પાણીની મોળી અવસ્થા હતી એનો પણ આધાર પાણી હતું અને ગળી થઈ એ સાકરને લઈને ગળી થઈ એમ નથી. એ પર્યાય ગળી થઈ એનો કર્તા પાણી છે, ગળીનું કરણ-સાધન પાણી છે, ગળીનો આધાર પાણી છે. એ સાકર આવી માટે ગળી થઈ એમ છે નહિ. ભારે વાત!

'**કર્તા, કરણ અને અધિકરણરૂપે...**' ગુણોના અને પર્યાયના '**સ્વરૂપને ધારણ કરીને પ્રવર્તતા...**' કોણ? દ્રવ્યના અસ્તિત્વ વડે, આત્માના હોવાપણા વડે, આત્માના હોવાપણા વડે. બીજા આત્માના હોવાપણા વડે કે બીજાના રજકણના હોવાપણા વડે ગુણપર્યાયની નિષ્પત્તિ છે એમ છે નહિ. બાબુભાઈ! સમજાય છે આમાં? બહુ ઝીણું, બહુ ઊંચુ પરમ સત્ય. આહા..હા..! કેટલું આચાર્યે જંગલમાં (રહીને સ્પષ્ટ કર્યું છે)! આહા..હા..!

મુમુક્ષુ :- ... અભેદ છે.

ઉત્તર :- અભેદ છે તો પ્રદેશે અભેદ છે. પ્રદેશ અભેદ છે પણ એકનું દ્રવ્યસ્વરૂપ છે, એકનું ગુણસ્વરૂપ છે અને એકનું પર્યાયસ્વરૂપ છે. એમ છેને. અંશ તે કાંઈ આખો ગુણ થઈ જાય છે? ગુણ તે આખું દ્રવ્ય થઈ જાય છે? ત્રણની સિદ્ધિ એકબીજાના આશ્રયે છે. ત્રણમાંથી એક ન હોય તો કોઈ સિદ્ધ થતું નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અભેદ એ વળી જુદું. અભેદનો અર્થ સત્તા એક છે. પણ એ ગુણ અને પર્યાય નવી નવી થાય છે અને ગુણો જે છે એનો કર્તા કોણ એમ અત્યારે સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? આત્મામાં મિથ્યાત્વ ટળીને સમકિત અવસ્થા થઈ તે સમકિત અવસ્થાનો કર્તા કોણ? શું દર્શનમોહનો નાશ થયો માટે આ પર્યાય થઈ? એ સમકિતની પર્યાયનો કર્તા દ્રવ્ય છે, સમકિતનું કરણ દ્રવ્ય છે, સમકિતની પર્યાયનો આધાર એ આત્મા છે.

મુમુક્ષુ :- શ્રદ્ધાગુણ..

ઉત્તર :- શ્રદ્ધાગુણ નહિ. સમકિતની પર્યાયનો ગુણ આધાર છે, કર્તા છે એમ નહિ.

મુમુક્ષુ :- દ્રવ્ય છે.

ઉત્તર :- હા, એમ છે. કહો, પહેલી વાત થઈ હતી કે પર્યાય લક્ષણ અને ગુણ લક્ષ્ય છે કે નહિ? ના. ગુણ, પર્યાય લક્ષણ અને દ્રવ્ય લક્ષ્ય છે. આહા..હા..! અને દ્રવ્ય લક્ષણ અને ગુણ, પર્યાય લક્ષ્ય એમ છે નહિ. અહીં જે સિદ્ધ કરવું છે એ તો એકબીજાની અપેક્ષાએ સત્તા-હોવાપણું સિદ્ધ કરવું છે એ બીજી વાત છે. ઓલું લક્ષ્ય-લક્ષણનું ... છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અવિનાભાવ.

ઉત્તર :- આ તો અવિનાભાવ સંબંધ છે, એમાં ને એમાં. પરની સાથે કાંઈ નથી એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? કહે છે...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પર્યાય લક્ષણ, દ્રવ્ય લક્ષ્ય એમ ગુણ લક્ષ્ય નહિ. કારણ કે એકસાથે દ્રવ્ય પરિણમે છે. ગુણ ભિન્નરૂપ છે નહિ. એ આગળ આવશે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શું? એ તો કહ્યુંને. એક પર્યાયમાં બે ભાગ તો પહેલા કહ્યું. પણ બે ભાગનો કર્તા દ્રવ્ય છે, કરણ દ્રવ્ય છે અને આધાર પણ દ્રવ્ય છે. એ વિકલ્પનો આધાર નિર્મળ પર્યાય નથી, નિર્મળ પર્યાય વિકલ્પને આધારે થઈ નથી. એમ થયું કે નહિ? આ તકરાર કરે, (પણ) એક બોલ સમજે તો બધું તૂટી જાય એવું છે બધું. આહા..હા..! નિમિત્ત પણ ઊડી જાય છે અને વ્યવહારથી નિશ્ચય થાય એ પણ ઊડી જાય છે અને ક્રમબદ્ધ થાય છે એમ ના પાડે (એ પણ ઊડી જાય છે). ના પણ એનો સમય તે પ્રકારનો તે સમયે થાય તે ક્રમબદ્ધ એમ જ છે. આહા..હા..! જે સમયે જે પર્યાય થઈ તે સમયનો એ પર્યાયનો કર્તા દ્રવ્ય છે. આગળ-પાછળના સમયનો નહિ. એટલે એ તો તે સમયનો જે ક્રમમાં પર્યાય આવ્યો એનો કર્તા દ્રવ્ય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બેયનો એક સમયમાં. કર્તાનો અર્થ-પરિણમન એનું છેને. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે!

'**કર્તા-કરણ-અધિકરણરૂપે...**' ગુણોના અને પર્યાયોના સ્વરૂપને. કોણ? ઓલું દ્રવ્ય. ગુણોના અને પર્યાયના સ્વરૂપને ઓલું દ્રવ્ય ધારણ કરીને પ્રવર્તતા દ્રવ્યના અસ્તિત્વ વડે. પાછું આમ લીધું. એવા દ્રવ્યના હોવાપણે વડે '**જેમની નિષ્પત્તિ થાય છે,...**' કોની? એવા ગુણો અને પર્યાયો વડે જે દ્રવ્યનું અસ્તિત્વ છે. એવા ગુણો અને પર્યાય વડે દ્રવ્યનું અસ્તિત્વ છે. આવા અંશો અને ગુણ સિદ્ધ થાય ત્યારે દ્રવ્ય સિદ્ધ થાય છે અને દ્રવ્ય સિદ્ધ થાય તો આ ગુણો, પર્યાયની સિદ્ધિ થાય છે. કપુરભાઈ! આ તો માણસને ભાઈ મગજ ઓલા બહુ હોયને એને તો આ ગરવું મુશ્કેલ પડશે. શું કહે છે આ? ગૂંચાઈ ગયા હોયને, વેપાર ને ધંધામાં.

આ તો એક એક સમયનો પર્યાય, તે સમયનો પર્યાય તે તે દ્રવ્યનો, તે તે કર્તા તેનું દ્રવ્ય, બીજો નહિ. આહા..હા..! એ પર્યાયનો કર્તા ગુણ નહિ. એ પર્યાય, પર્યાય... સમજાણું કાંઈ? એનો એ પર્યાય એક પર્યાયનો કર્તા બીજી પર્યાય નહિ. બીજી એટલે? ઓલો ભાગ. એકની એક પર્યાય, એક ગુણની પર્યાય સમ્યક્‌ની પર્યાય (છે) એ વખતે ચારિત્રની પર્યાય (પણ છે). તો સમ્યક્‌ની પર્યાય કર્તા અને ચારિત્રની પર્યાય કર્મ એમ નહિ. વળી ત્યાં (એમ)

આવે (કે) નિશ્ચય સમ્યગ્દર્શન કારણ અને ચારિત્ર કાર્ય. આવે છે કે નહિ બંધ અધિકારમાં? કારણ કે ત્યાં તો બીજું સિદ્ધ કરવું છે. એ સમ્યગ્દર્શન અને જ્ઞાન નથી ત્યાં ચારિત્ર ક્યાંથી હોય? પણ કાંઈ સમ્યગ્દર્શન અને જ્ઞાનને લઈને ચારિત્રની પર્યાય છે એમ નથી. આહા..હા..! સમ્યગ્દર્શન-જ્ઞાનની પર્યાયને લઈને ચારિત્રની પર્યાય એમ નથી. દ્રવ્યને લઈને ચારિત્રની પર્યાય છે. કારણ કે દ્રવ્ય એનો કર્તા, કરણ અને આધાર છે. સમજાણું કાંઈ?

આ પદાર્થ-પાઠ છે-પદાર્થ વિજ્ઞાન. સર્વજ્ઞનો વિજ્ઞાન-પાઠ આવું છે. લોકોને ખબર નથી કાંઈ. દ્રવ્ય-ગુણ-પર્યાયની ખબર ન મળે ને આનું આને થાય, આનું આને થાય. પ્રત્યક્ષ દેખાય છેને. એક પંડિત એમ કહેતા હતા કે અગ્નિ આવી તો આ પાણી ઊનું (થયું) દેખાય છેને? પ્રત્યક્ષનો વિરોધ આવે છે. કહો, એક ફેરી એમ હતું. ... કર્યું તે દિ'. બધા ત્યાં ગયા અને અહીં એ આવેલા. રાતે ચર્ચા (કરી). આમ છેને? પ્રત્યક્ષ કોને કહો છો તમે? આ અગ્નિ આવી તો પાણી ઊનું થયું. પાણી પોતે પલટ્યું છે એ અગ્નિએ પલટાવ્યું એમ તમે જોયું? પલટ્યું છે તો પાણીના પરમાણુઓ. ઠંડાના ઊના થયા એ તો પાણીના પરમાણુઓ કર્તા થઈને ઊના થયા છે. અગ્નિ કર્તા છે એના ઊનાપણાનો? અને અગ્નિ સાધન તો ખરું ને ઊના પાણીનું? ના. એ ઊના પાણીની અવસ્થાનો કર્તા પરમાણુ, એનું કારણ પરમાણુ કરણ અને આધાર ઊના પાણીનો દ્રવ્ય આધાર. અગ્નિ-બગ્નિ નહિ. કહો, સમજાણું કાંઈ? ભાઈ! આ ઉપદેશ મળ્યો ત્યારે એને સમકિત થયું છે એમ છે? એમ કહે છે અહીં. આવે છે માટે...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આવ્યું હતુંને. કરે એ તો એનો પર્યાય ઈ કરે અને આ કહે છે એનો પર્યાય વાણી કરે. વાણીની પર્યાય જે કરે છે એ વાણીની પર્યાયનો કર્તા પરમાણુ છે.

મુમુક્ષુ :- વાણી તો ગુરુ કરે.

ઉત્તર :- ગુરુ કરે એ નિમિત્તથી કથન. ભાષા તો શું બોલવી? ગુરુની પર્યાયનો કર્તા એનો દ્રવ્ય છે. ભાષાની પર્યાયનો કર્તા એના પરમાણુ છે, આમાં શ્રોતાની પર્યાયનો કર્તા તેનું દ્રવ્ય છે. એનો વાણી કર્તા છે અને વાણી સાધન છે એમ આવ્યું ક્યાં એમાં? આહા..હા..!

મુમુક્ષુ :- માટે તો નિમિત્તકારણ કીધું.

ઉત્તર :- તેથી તો નિમિત્ત, એટલે એ કાંઈ છે જ નહિ, ખરું કારણ જ નથી એમ. આહા..હા..! ન્યાલભાઈ! ભારે વાતું આ બધી.

મુમુક્ષુ :- એવો યોગ બાજે એનો કર્તા કોણ?

ઉત્તર :- યોગ બાજે એ તો સૌને કાળે સૌની પર્યાયમાં. યોગ બાજવો એટલે શું?

મુમુક્ષુ :- બેયનો સંયોગ બાજ્યોને?

ઉત્તર :- ના, ના. ભિન્નતા રહી. બેયની ભિન્નતા રહી એને સંયોગસંબંધ કહેવામાં આવે

છે. બે કહ્યા ત્યાં બે બેપણે રહ્યા. બે એક થયા છે? એવી વાત છે. આહા..હા..!

લગાવો ધૂન ભગવાનની, કહે છે. ભગવાન તે ક્યાં હતો? બહાર છે ભગવાન કે અહીં છે? એય..! ભગવાન આત્મા અનંત ગુણ અને પર્યાયનો પિંડ છે. કહે છે કે એની ધૂન જ્યાં લગાવી દીધી દ્રવ્ય ઉપર, તો જે પર્યાય થઈ છે તેનો કર્તા એ દ્રવ્ય છે. સમજાણું કાંઈ? પહેલો વિકલ્પ હતો શુભનો માટે તે સમ્યગ્દર્શનની પર્યાયનો કર્તા થાય છે એમ નથી. સમજાય છે કાંઈ? કેટલી વાત નાખી છે! એક એક દ્રવ્યમાં આ વાત છે બધી હોં! આ તો એક આત્મામાં વાત કરી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હવે એ તો એને નથી કરવો એટલે નિર્ણય નથી કરતા. એ પણ પર્યાયના એ કર્તા છેને. કહો, એ કાંઈ આ કરાવી દે પાનું? પાનાની પર્યાયનો કર્તા એ પાનું છે, એની પર્યાયનો કર્તા એનું દ્રવ્ય છે. કહો, નવરંગભાઈ!

અહીં તો એ પર્યાયનો કર્તા, કરણ અને આધાર દ્રવ્ય જ છે. સમજાણું કાંઈ? પછી વાત કરશે આગળ બીજી. તે સ્વભાવ છે એમ કહ્યું લ્યો! જે ગુણો અને પર્યાય વડે દ્રવ્યનું હોવાપણું અને દ્રવ્યના કારણે કર્તા થઈને ગુણ, પર્યાય છે એ બેનું અસ્તિત્વ એક જ છે. તે સ્વભાવ છે, એનો એ સ્વભાવ જ છે. કહો, સમજાણું? જુઓ! અહીં તો ગુણો પાછા ઘણા લીધા ભેગા ભાઈ! અસ્તિત્વને સિદ્ધ કરે છે પણ અહીં જુઓને લીધા ને. અધિકરણરૂપે ગુણોના એમ અસ્તિત્વને... સિદ્ધ કરે છે ઓલું અસ્તિત્વ એક, સ્વરૂપ અસ્તિત્વ. સમજાણું? પણ ગુણો પાછા બધા ભેગા લીધા.

હવે કૌંસમાં. '**દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે સુવર્ણથી જુદાં નહિ જોવામાં આવતા પીળાશાદિક અને કુંડળાદિકનું અસ્તિત્વ તે સુવર્ણનું જ અસ્તિત્વ છે,...**' તે સોનાનું જ હોવાપણું છે. '**પીળાશાદિક અને કુંડળાદિકનું અસ્તિત્વ તે સુવર્ણનું જ અસ્તિત્વ છે, કારણ કે પીળાશાદિકના અને કુંડળાદિકના સ્વરૂપને સુવર્ણ જ ધારણ કરતું હોવાથી સુવર્ણના અસ્તિત્વથી જ પીળાશાદિકની અને કુંડળાદિકની નિષ્પત્તિ—સિદ્ધિ--થાય છે, સુવર્ણ ન હોય તો પીળાશાદિક અને કુંડળાદિક પણ ન હોય; તેવી રીતે દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે દ્રવ્યથી જુદા નહિ જોવામાં આવતા...**' પ્રત્યેક પરમાણુ અને પ્રત્યેક આત્મા એનાથી '**જુદા નહિ જોવામાં આવતા ગુણો અને પર્યાયોનું અસ્તિત્વ તે દ્રવ્યનું જ અસ્તિત્વ છે,...**' કારણ કે ગુણો અને પર્યાયોનું અસ્તિત્વ તે વસ્તુનું જ હોવાપણું છે, '**કારણ કે ગુણો અને પર્યાયોના સ્વરૂપને...**' ગુણ અને પર્યાયના સ્વરૂપને '**દ્રવ્ય જ ધારણ કરતું હોવાથી દ્રવ્યના અસ્તિત્વથી જ ગુણો અને પર્યાયોની નિષ્પત્તિ થાય છે, દ્રવ્ય ન હોય તો ગુણો અને પર્યાયો પણ ન હોય. આવું અસ્તિત્વ તે દ્રવ્યનો સ્વભાવ છે.)**' લ્યો! કહો, સમજાણું કાંઈ?

હવે વાત ગુલાંટ ખાય છે આમ. ગુણ પર્યાય કર્તા અને દ્રવ્ય કરણ, ગુણ પર્યાય કર્તા અને કરણ ને (આધાર) એનું. દ્રવ્યની સિદ્ધિ કરવામાં ગુણ-પર્યાય કર્તા, ગુણ-પર્યાય કરણ અને ગુણ-પર્યાય આધાર. દ્રવ્યનો આધાર આ. સમજાણું કાંઈ? આ તો અંતરની લીલાની વાતું છે. એક એક દ્રવ્ય એમાં રમી રહ્યું છે, બીજાને અડતું પણ નથી.

હવે '**જેમ દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે પીળાશ આદિ ગુણોથી અને કુંડળાદિ પર્યાયોથી જે પૃથક્ જોવામાં આવતું નથી,...**' સોનું. સમજાણું કાંઈ? '**પીળાશ આદિ ગુણો અને કુંડળાદિ પર્યાયો વડે જેની નિષ્પત્તિ થાય છે,...**' '**કર્તા-કરણ-અધિકરણરૂપે સુવર્ણના સ્વરૂપને ધારણ કરીને...**' દેખો! એ સોનાના કર્તા એના ગુણ અને પર્યાય, સોનાનું કરણ એના ગુણ અને પર્યાય, સોનાનો આધાર એના ગુણ અને પર્યાય.

મુમુક્ષુ :- પરસ્પર સિદ્ધિ કરે છે.

ઉત્તર :- પરસ્પર સિદ્ધિ કરે છેને.

મુમુક્ષુ :- પર્યાય દ્રવ્ય .. દ્રવ્ય પર્યાય, કરણ ગુણને...

ઉત્તર :- કરણ ગુણનું શું? અહીં સિદ્ધિ કરવી છે સાધન. પર્યાય સાધન છે તો દ્રવ્ય સિદ્ધ થાય છે.

મુમુક્ષુ :- પર્યાયને મદદ કરે દ્રવ્ય..

ઉત્તર :- મદદ કરવું છે ક્યાં? એ વળી કરવાનું ક્યાં? અહીં તો પર્યાય સાધન થઈને દ્રવ્યને સિદ્ધ કરે છે, બસ એટલું. ગુણ સાધન થઈને દ્રવ્યને સિદ્ધિ કરે છે. પર્યાય સાધન થઈને ગુણ સિદ્ધ કરે છે એમ નહિ. સમજાણું કાંઈ? પર્યાય સાધન થઈને ગુણ સિદ્ધ કરે છે એમ નહિ. પર્યાય અને ગુણ સાધન થઈને, કર્તા થઈને દ્રવ્યને સિદ્ધ કરે છે, ગુણ અને પર્યાય કરણ થઈને દ્રવ્ય સિદ્ધ કરે છે, ગુણ પર્યાય આધાર થઈને દ્રવ્ય સિદ્ધ કરે છે.

મુમુક્ષુ :- ગુણની પર્યાય...

ઉત્તર :- એ ગુણની પર્યાય બેય આમાં આવી ગઈ. કહો, સમજાણું આમાં?

મુમુક્ષુ :- ગુણ-પર્યાય દ્રવ્યનો

ઉત્તર :- હા. ગુણ પર્યાય દ્રવ્યનો કર્તા અને ગુણ-પર્યાય દ્રવ્યનું કરણ અને ગુણ-પર્યાય દ્રવ્યનો આધાર. એય..! શેઠી! સાંભળ્યું નહિ કોઈ દિ' કહે છે.

મુમુક્ષુ :- ગુણ-પર્યાય...

ઉત્તર :- દ્રવ્યનો આધાર અને ગુણ-પર્યાય દ્રવ્યનો કર્તા. ગુણ-પર્યાય છે તો દ્રવ્ય સિદ્ધ થાય છે માટે એનો કર્તા. (ગુણ-પર્યાય) કરણ એ સાધન છે તો સિદ્ધ થાય છે. અને આધાર એ વસ્તુ છે તો દ્રવ્ય સાબિત થાય છે. ગુણ-પર્યાય આધાર, દ્રવ્ય આધેય. પરસ્પર. એ તો પહેલી લીટી આવી હતી નહિ? ઉપરથી આવી હતી નહિ? '**તેમની સિદ્ધિ પરસ્પર થતી હોવાથી...**' પહેલા પેરેગ્રાફમાં હતું. ઓલી કોર શરૂ કર્યું ત્યાં. સમજાણું કાંઈ? આ

તો અલૌકિક અમૃતની વાતું છે. આહા..હા..!

કહે છે કે સમ્યગ્દર્શનની પર્યાયનો આધાર દ્રવ્ય, પણ અહીં તો સમ્યક્પર્યાય દ્રવ્યનો આધાર. સમ્યગ્દર્શનની પર્યાયનો દ્રવ્ય (આધાર), પર્યાયનો દ્રવ્ય છે આધાર એ તો જુદું આવી ગયું. હવે સમ્યગ્દર્શનની પર્યાય આધાર અને દ્રવ્ય સિદ્ધ થાય છે આધેય. આ અંશ કોનો છે? કે આનો. એમ આધાર ત્યાંથી સિદ્ધ થાય છે. સમજાણું કાંઈ? ભાઈ! આ તો મુનિઓએ જંગલમાં રહીને આ ટીકા થઈ છે. એ વીતરાગી મુનિ હતા. પરમેશ્વરપદમાં ભળેલા. સમજાય છે? એ વસ્તુને (સિદ્ધ કરવા) કાંઈ નવરા નહોતા. આવી વસ્તુની સ્થિતિ છે એમ વિકલ્પ આવ્યો તો રચના બની ગઈ છે. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે સોનાના પીળાશ-ચીકાશ આદિ ગુણો અને એની પર્યાયો '**વડે જેની નિષ્પત્તિ થાય છે,...**' એનાથી નિષ્પત્તિ કોની? સોનાની. પહેલી સોનાથી ગુણ પર્યાયની નિષ્પત્તિ (સિદ્ધ કરી) અને (હવે) ગુણ-પર્યાયથી સોનાની નિષ્પત્તિ (સિદ્ધ કરે છે). એ '**મૂળ સાધનપણે તેમનાથી નિષ્પન્ન થતું,...**' જુઓ! ગુણ-પર્યાય મૂળ સાધન કીધા. કારણ કે આમ નક્કી અહીંથી થાય છેને એટલે. નહિતર તો ઓલું સાધન તો કીધું હતું. પણ આ ગુણ-પર્યાય આમ છેને. ઓલું દ્રવ્ય ક્યાં સિદ્ધ કરવા માગે છે? પછી ગુણ-પર્યાય અહીં સિદ્ધ કરે છે. કાર્ય તો અહીંથી સિદ્ધ થાય છેને. આ ગુણ-પર્યાયને તો મૂળ સાધન કીધું. દ્રવ્યથી પણ નક્કી કરનારો તો ગુણ પર્યાય છે ને. શું કીધું? દ્રવ્ય છે તે ગુણ પર્યાયનું કારણ છે એ કરતા, અહીં વળી (એમ કહે છે) ગુણ-પર્યાય તે દ્રવ્યનું કારણ છે. કારણ કે ગુણ-પર્યાય દ્વારા લક્ષ સાધ્ય કરી શકાય છેને? એકલા દ્રવ્યથી ક્યાં કરી શકાય છે? એટલે ગુણ-પર્યાય દ્રવ્યનો આધાર છે, ગુણ-પર્યાય દ્રવ્યનો કર્તા છે, ગુણ-પર્યાય દ્રવ્યનું કરણ છે. કારણ કે ગુણ-પર્યાય દ્વારા આમ કામ લેવું છે એટલે મૂળ સાધન કહેવામાં આવે છે. વિશેષ કહેશે લ્યો.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર વદ ૭, ગુરુવાર, તા. ૧૨.૧૨.૧૯૬૮**
**ગાથા-૯૬, પ્રવચન-૯૩**

૯૬ ગાથા. જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન, પ્રવચનસાર. જુઓ અહીં આવ્યું છે. '**જેમ દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે પીળાશ આદિ ગુણોથી અને કુંડળાદિ પર્યાયોથી જે પૃથક્ જોવામાં આવતું નથી, કર્તા-કરણ-અધિકરણરૂપે સુવર્ણના સ્વરૂપને ધારણ કરીને પ્રવર્તતા પીળાશ આદિ ગુણો અને કુંડળાદિ પર્યાયો વડે જેની નિષ્પત્તિ થાય છે,—એવા સુવર્ણનું, મૂળ સાધનપણે તેમનાથી નિષ્પન્ન થતું, જે અસ્તિત્વ છે, તે સ્વભાવ છે;...**' ત્યાં સુધી આવ્યું છે. શેઠીને ખબર નહિ પડે, કાઢી બતાવો જરી.

મુમુક્ષુ :- ભૂલી ગયા?

ઉત્તર :- એ ભૂલી જાય. એને ક્યાં.. મગનભાઈ આવ્યા, મગનભાઈ આવ્યા છે. ક્યાં બતાવ્યું બરાબર?

'**તેમ દ્રવ્યે, ક્ષેત્રે કાળે કે ભાવે...**' ત્યાં આગળ ઉતાર્યું છે હવે. શું કહે છે? કે '**તેમ દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે ગુણોથી અને પર્યાયોથી જે પૃથક્ જોવામાં આવતું નથી,...**' શું? દ્રવ્ય. એ '**કર્તા-કરણ-અધિકરણરૂપે દ્રવ્યના સ્વરૂપને ધારણ કરીને પ્રવર્તતા ગુણો અને પર્યાયો...**' લ્યો! ગુણો, પર્યાયો દ્રવ્યના કર્તા. અહીં તો અસ્તિત્વ સિદ્ધ કરવું છે.

મુમુક્ષુ :- કર્તાને શું કરે એનું?

ઉત્તર :- કરે એટલે એનાથી સિદ્ધ થાય છે. ગુણ પર્યાયોથી, ગુણ પર્યાયો દ્રવ્યના કર્તા. એટલે ગુણ પર્યાય છે તો દ્રવ્ય છે એમ.

દરેક દ્રવ્યનું અસ્તિત્વ, સ્વરૂપ અસ્તિત્વ સિદ્ધ કરવું છેને? એટલે પરને લઈને નથી એમ સિદ્ધ કરવું છે. કોઈપણ દ્રવ્યનું સ્વરૂપ-અસ્તિત્વ પોતાના દ્રવ્યને લઈને તેના ગુણ-પર્યાયનું અસ્તિત્વ છે અને એના ગુણ પર્યાયને લઈને તેના દ્રવ્યનું અસ્તિત્વ છે. કોઈ પરને લઈને એમાં પર્યાયનું અસ્તિત્વ છે એમ નહિ. એમાંથી આપણે કાઢ્યું છે અને એમ છે. સમજાણું કાંઈ? શું કીધું?

જેમ આત્મા છે એ દ્રવ્ય છે અને એના ગુણો જ્ઞાન, દર્શન આદિ એની પર્યાય અવસ્થા. એ દ્રવ્ય છે તો ગુણો અને પર્યાય તેનો આધાર છે. દ્રવ્યનો આધાર આ છે. દ્રવ્યના કર્તા ગુણ અને પર્યાય છે. ગુણ-પર્યાય છે તો દ્રવ્ય છે, ગુણ-પર્યાય સાધન છે તો દ્રવ્ય છે, ગુણ-પર્યાય આધાર છે તો દ્રવ્ય છે. પરની પર્યાય છે તો (સ્વની) પર્યાય છે એમ નથી. સમજાણું કાંઈ? સ્વરૂપ-અસ્તિત્વ સિદ્ધ કરવું છેને. દરેક વસ્તુનું સ્વરૂપપણે હોવાપણું, સ્વરૂપે હોવાપણું (છે). તો દ્રવ્ય છે તો ગુણ-પર્યાય છે. એટલે ખરેખર ગુણ-પર્યાયના કર્તા, કરણ

અને સાધન દ્રવ્ય છે. અને ગુણ-પર્યાય હવે દ્રવ્યના કર્તા, કરણ અને આધાર (છે). કર્તા, કરણ અને આધાર. એ ગુણ-પર્યાય કર્તા, કરણ-સાધન અને આધાર. કોના? દ્રવ્યના.

મુમુક્ષુ :- દ્રવ્યને આધાર જોઈએ?

ઉત્તર :- આધારનો અર્થ કે એ છે તો આ છે. એમ. પર કોઈ પર્યાય છે તો આ છે એમ નહિ. સમજાણું કાંઈ?

એક એક દ્રવ્યનું પોતાનું સ્વરૂપે હોવાપણું સ્વયંસિદ્ધ છે. પોતાનું દ્રવ્ય જે છે એ દ્રવ્ય કર્તા એટલે ગુણ પર્યાયને સિદ્ધ કરે છે, દ્રવ્ય કરણ નામ સાધન તે ગુણ પર્યાયને સાધન દ્વારા સિદ્ધ કરે છે અને દ્રવ્ય આધાર. એને લઈને એના ગુણ પર્યાયના આધારને સિદ્ધ કરે છે. હવે એનું આમ ગુલાંટ (ખાઈને વાત છે). ગુણ પર્યાય કર્તા એ જ કર્તા દ્વારા દ્રવ્ય સિદ્ધ થાય છે કે ગુણ પર્યાય છે તો એ કર્તા (છે), એ દ્રવ્યનો એ કર્તા છે. દ્રવ્ય પર્યાય કરણ સાધન છે તો દ્રવ્ય સિદ્ધ થાય છે. (ગુણ) પર્યાય આધાર છે તો દ્રવ્ય સિદ્ધ થાય. પર છે તો સિદ્ધ થાય, પર કર્તા છે તો સિદ્ધ થાય, પર સાધન છે તો સિદ્ધ થાય અને પર આધાર છે તો સિદ્ધ થાય છે-એમ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ગુણ અને પર્યાયે દ્રવ્યને કર્યું ક્યાંથી?

ઉત્તર :- કર્યું એટલે છે, એમ. એના ગુણ છે. ગુણ ને પર્યાય દ્વારા દ્રવ્ય છે. એ દ્રવ્ય આમ છે એટલે એનો કર્તા થયો એનો અર્થ. એને કર્તા એટલે આ કાર્ય, કર્તા કરનાર અને દ્રવ્ય એનું કાર્ય. કાર્ય નામ કર્મ. કર્મ એટલે આ છે. ગુણ-પર્યાય કર્તા અને દ્રવ્ય કર્મ. મગનભાઈ! અરે.. અરે.. ભારે! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કઠણ પડે એવું છે.

ઉત્તર :- એનો અર્થ કે અસ્તિત્વ એનું.. પહેલેથી એમ કીધું હતું ને કે દરેક દ્રવ્યનું અસ્તિત્વ તેનામાં સમાપ્ત થાય છે. એમ આ આત્માનું અસ્તિત્વ એના દ્રવ્યમાં પૂરું, ગુણમાં પૂરું અને પર્યાયમાં પૂરું એમ સમાપ્ત પામતું નથી. પણ ત્રણેમાં થઈને તેનું અસ્તિત્વ સમાપ્ત પામે છે. કહો, સમજાણું કાંઈ? વસ્તુનું હોવાપણું તેના દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં વ્યાપી જાય છે. ત્રણ થઈને એક અસ્તિત્વ છે. એક અસ્તિત્વ જેમ દરેકમાં પોતપોતામાં વ્યાપી રહ્યું છે, એમ એક અસ્તિત્વ દ્રવ્યમાં પૂરું વ્યાપે, ગુણમાં પૂરું વ્યાપે અને પર્યાયમાં પૂરું વ્યાપે એમ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! જેવી રીતે વાત લીધી છે એમ સમજવી જોઈએને એને.

દરેક વસ્તુ પરમાણુ હો કે આત્મા હો, તેના ગુણ પર્યાયના કર્તા કરનારો અથવા સાધન અથવા આધાર એ ગુણ પર્યાયનું તેનું દ્રવ્ય સ્વરૂપ તેને ધારણ કરે છે. હવે એ ગુણ-પર્યાયના સ્વરૂપને દ્રવ્ય ધારણ કરે છે અને દ્રવ્યના સ્વરૂપને ગુણ-પર્યાય ધારણ કરે છે. સમજાણું કાંઈ? પહેલું એ લીધું હતું કે દ્રવ્યના સ્વરૂપને દ્રવ્ય, ગુણ-પર્યાયના સ્વરૂપને ધારણ કરે છે, હવે ગુણ પર્યાય દ્રવ્યના સ્વરૂપને ધારણ કરે છે. એમ અહીં છે અત્યારે.

મુમુક્ષુ :- સામ સામી લેવડદેવડ

ઉત્તર :- લેવડ-દેવડ નહિ.

અહીં તો કહે છે, જે આત્મા છે તો તેના ગુણ-પર્યાયો છે એ કર્તા અને આત્મા સાધન છે તો તેના ગુણ-પર્યાયો છે, આત્મા આધાર છે તો તેના ગુણ-પર્યાયો છે. એ વાત પહેલી કીધી. હવે બીજી વાત. ગુણ-પર્યાયો કર્તા છે તો દ્રવ્ય સ્વરૂપ ધારણ કરે છે, ગુણ-પર્યાયો સાધન છે તો દ્રવ્ય સ્વરૂપ ધારણ કરે છે, ગુણ-પર્યાયો આધાર છે તો દ્રવ્ય સ્વરૂપ ધારણ કરે. ગુણ-પર્યાયો દ્રવ્યના સ્વરૂપને ધારણ કરે છે. દ્રવ્ય ગુણ-પર્યાયના સ્વરૂપને ધારણ કરે છે. એટલે પરને લઈને નહિ એમ સિદ્ધ કરવું છે.

મુમુક્ષુ :- ... પરને લઈને નહિ અને આને લઈને...

ઉત્તર :- પણ પરને લઈને.. એ તો કહ્યું છે આમાં. આમાં નાખ્યું છે. આમાં પરને લઈને નહિ. એમાં આણે તો વધારે નાખ્યું છે. આ છેને. આમાં નાખ્યો છે શબ્દ એક. છેને, કેટલામું છે આ? ચોથી છે ને. આ ચોથી ગાથા છેને. જુઓ!

'..કભી નહીં મિલતા ઈસીકો સ્વરૂપ-અસ્તિત્વ કહતે હૈં.' અન્ય દ્રવ્યને કારણે આ કાંઈ મેળ ખાતો નથી. પોતાના ગુણ પર્યાયથી દ્રવ્ય અને દ્રવ્યથી ગુણ પર્યાય એમ આણે લીધું છે, એમને. આણે વધારે લીધું છે. પછી એમ અર્થ કર્યો ને. પછી નાખ્યું ખરું ને. ચોથું એટલે ૯૬. ૯૬ આ ભાઈએ. જુઓ! 'પરદ્રવ્યનીકે ગુણ .. મીલતો નાહીં, નિજસ્વભાવ સત્તા વિષે પરિણમન સદા કરાઈ.' એ જ અહીં તો સિદ્ધ કર્યું છે કે પોતાનો ગુણ-પર્યાય પોતાના દ્રવ્યથી છે અને ગુણ-પર્યાયને લઈને એનું દ્રવ્ય છે. એમાં પરને લઈને છે એ આવતું નથી. એ માટે તો વાત (છે). સમજાય છે? ભલે વાત અસ્તિત્વ ગુણની કરી પણ બધા ગુણોને એમ સમજવું. બધા ગુણો અને બધાની પર્યાયનું હોવાપણું એમ સમજવું. સમજાણું? જુઓ!

**'કર્તા-કરણ-અધિકરણરૂપે દ્રવ્યના સ્વરૂપને ધારણ કરીને...'** કોણ? **'પ્રવર્તતા ગુણો અને પર્યાયો...'** આત્માના જ્ઞાન-દર્શન ગુણો અને એની મતિજ્ઞાન આદિ અવસ્થા એ **'વડે જેની નિષ્પત્તિ થાય છે,...'** એ વડે આત્માની પ્રાપ્તિ છે, આત્માની હયાતી સિદ્ધ થાય છે. ગુણ અને પર્યાય દ્વારા આત્મા દ્રવ્યની સિદ્ધિ થાય છે. ગુણ અને પર્યાય કર્તા છે, દ્રવ્ય કર્મ છે. એ (ગુણ-પર્યાય) સાધન છે, આ (દ્રવ્ય) સાધ્ય છે. આ (ગુણ-પર્યાય) આધાર છે, આ (દ્રવ્ય) આધેય છે. સમજાણું કાંઈ? એવી વાત છે ભાઈ. સત્ દ્રવ્ય લક્ષણં અને સત્ તે અસ્તિત્વ. અને અસ્તિત્વની વ્યાખ્યા છે આ બધી. સ્વરૂપ અસ્તિત્વ એ પોતામાં સમાઈ જાય છે. એના અસ્તિત્વનું પર્યાયનું અસ્તિત્વ દ્રવ્યને લઈને છે. પર્યાયના અસ્તિત્વને લઈને દ્રવ્ય છે. પણ પરના અસ્તિત્વને લઈને આ પર્યાય છે, આ પર્યાયને લઈને એનું અસ્તિત્વ છે એમ છે નહિ. જેમ છે એમ ભેદજ્ઞાન કરાવ્યું છે. સમજાણું કાંઈ?

**'એવા દ્રવ્યનું મૂળ સાધનપણે તેમનાથી નિષ્પન્ન થતું,...'** દ્રવ્યનું મૂળ સાધનપણે. દ્રવ્ય છે તે કર્તા, સાધન અને આધાર ગુણ પર્યાયના હતા, ત્યાં એને મૂળસાધન શબ્દ નહોતો વાપર્યો. પંડિતજી! દ્રવ્ય જે છે એ મૂળસાધન ગુણ-પર્યાયનું એમ નહોતું વાપર્યું. ત્યાં તો દ્રવ્ય ગુણ-પર્યાયનો કર્તા, સાધન, આધાર (એટલું હતું). અહીં તો હવે ગુણ-પર્યાય કર્તા, સાધન, આધાર (કહ્યું) છતાં (કહે છે કે) મૂળ સાધન દ્રવ્યને સિદ્ધ કરવાનું એ છે. ચંદુભાઈ! ત્યાં કેમ આવ્યું ઈ? ઓલી કોર આવ્યું. એ સોનાનું છે. આ તો આપણે ચાલે છે હવે ઓલું. મૂળ સાધન બેયમાં છે. દ્રવ્યનું ચાલે છે. એ તો વાંચી લીધું એકદમ. ના એ કાલે ચાલ્યું હતું આપણે. એ પૂરું થઈ ગયું હતું. નિષ્પન્ન થતું અસ્તિત્વ છે તે સ્વભાવ. ત્યાં સુધી આવી ગયું છે. કહો, સમજાણું કાંઈ? આ તો વીતરાગ માર્ગમાં એટલે વીતરાગે કહેલું તત્ત્વ પોતાના સ્વરૂપમાં પોતાથી છે, તેનો ગુણ-પર્યાય પોતાથી છે અને ગુણ-પર્યાયથી તે દ્રવ્ય છે. કોઈના ગુણ-પર્યાયથી તે દ્રવ્ય છે અને કોઈના દ્રવ્યથી તેના ગુણ-પર્યાય છે એમ નથી. સમજાણું કાંઈ? મગનભાઈ! આ ઝીણો અધિકાર છે. પ્રવચનસાર ચાલે છે. ૯૬ ગાથા.

**'જે અસ્તિત્વ છે, તે સ્વભાવ છે.'** લ્યો! **'એવા દ્રવ્યનું મૂળ સાધનપણે તેમનાથી નિષ્પન્ન થતું,...'** ગુણ પર્યાયે નિષ્પન્ન થતું દ્રવ્યનું અસ્તિત્વ તે સ્વભાવ છે. લ્યો!

મુમુક્ષુ :- મૂળ સાધન...

ઉત્તર :- મૂળ સાધનનો અર્થ ગુણ-પર્યાય તે સાધન છે એમ. ઓલું દ્રવ્ય મૂળ સાધન નથી. દ્રવ્ય વડે આ જણાય. આ તો ગુણ પર્યાય ભિન્ન-ભિન્ન પર્યાયનું ભિન્ન-ભિન્ન કાર્ય એનાથી ઓલું સિદ્ધ થાય છે. એમ. દ્રવ્ય તો સામાન્ય છે એના વડે આ દ્રવ્ય-ગુણ-પર્યાયને સિદ્ધ કર્યું એ તો છે એટલું. આ પર્યાય આની છે, આ ગુણ આનો છે, એ દ્વારા મૂળસાધનથી સિદ્ધ થાય છે. એમ. બીજું સાધન એની અહીં વાત નથી. સમજાણું કાંઈ? દ્રવ્યને સાધન કીધું ખરું. પણ મૂળ સાધન (ગુણ-પર્યાય છે). કારણ કે ગુણ-પર્યાય પ્રગટ છેને બહાર. એના દ્વારા આ દ્રવ્ય સિદ્ધ થાય છે એટલે એને મૂળ સાધન કીધું. દ્રવ્ય છે એ તો વસ્તુ છે હવે એના દ્વારા સિદ્ધ કર્યું કે દ્રવ્ય છે એ કર્તા કર્મ છે આના. પણ મૂળ સાધન એને સિદ્ધ કરવાનું નહિ. ગુણ-પર્યાયને સિદ્ધ કરવાનું દ્રવ્ય સાધન છે. ગુણ-પર્યાય દ્વારા દ્રવ્ય સિદ્ધ થાય એટલે ગુણ-પર્યાય મૂળ સાધન છે. દ્રવ્ય મૂળ સાધન નહિ કહેતા, ગુણપર્યાય મૂળ સાધન છે એમ કીધું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અહીંથી થાય છેને. લક્ષ્ય અહીંથી ઉપડે છેને. એનાથી સિદ્ધ થાય છેને વસ્તુ. અનિત્યથી નિત્યની સિદ્ધિ છે. નિત્યથી અનિત્યની સિદ્ધિ નથી. નિત્યથી અનિત્ય છે એમ સાબિત થાય, પણ નક્કી કરવાનું સાધન તો અનિત્ય તે નિત્યનું સાધન છે. ભારે ભાઈ વાતું! સમજાણું કાંઈ?

કૌંસમાં એને સાદી ભાષામાં નાખ્યું છે. '(**પીળાશાદિકથી અને કુંડળાદિકથી ભિન્ન નહિ જોવામાં આવતા સુવર્ણનું અસ્તિત્વ છે તે પીળાશાદિક અને કુંડળાદિકનું જ અસ્તિત્વ છે,...**' લ્યો! જે સુવર્ણનું અસ્તિત્વ છે તે જ ગુણ અને પર્યાયનું અસ્તિત્વ છે. '**કારણ કે સુવર્ણના સ્વરૂપને પીળાશાદિક અને કુંડળાદિક જ ધારણ કરતા હોવાથી પીળાશાદિકના અને કુંડળાદિના અસ્તિત્વથી જ સુવર્ણની નિષ્પત્તિ થાય છે, પીળાશાદિક અને કુંડળાદિક ન હોય તો સુવર્ણ પણ ન હોય;...**' પર ન હોય તો આ ન હોય એમ નહિ. પીળાશાદિક અને કુંડળાદિક અસ્તિત્વ '**ન હોય તો સુવર્ણ પણ ન હોય; તેવી રીતે ગુણોથી અને પર્યાયોથી ભિન્ન નહિ જોવામાં આવતા દ્રવ્યનું અસ્તિત્વ તે ગુણો અને પર્યાયોનું જ અસ્તિત્વ છે, કારણ કે દ્રવ્યના સ્વરૂપને ગુણો અને પર્યાયો જ ધારણ કરતા હોવાથી ગુણો અને પર્યાયોના અસ્તિત્વથી જ દ્રવ્યની નિષ્પત્તિ થાય છે, ગુણો અને પર્યાયો ન હોય તો દ્રવ્ય પણ ન હોય. આવું અસ્તિત્વ તે દ્રવ્યનો-સ્વરૂપ અસ્તિત્વનો સ્વભાવ છે.)**' ભારે લૂખું. ઓલું તો એમ કહે કે દયા પાળવી, વ્રત પાળવા એમાં સૂઝ પડે કાંઈક. અહીં કહે છે કે પરની દયા પાળી શકતો નથી એમ કહે છે. તારા અસ્તિત્વને લઈને એનું અસ્તિત્વ છે એમ છે નહિ. એનું જીવવાપણું રહ્યું એ તારા અસ્તિત્વને લઈને ત્યાં અસ્તિત્વ છે એમ નથી. એના ગુણ-પર્યાયને લઈને એનું દ્રવ્યનું અસ્તિત્વ છે અને એના દ્રવ્યને લઈને એના ગુણ-પર્યાયનું અસ્તિત્વ છે. સમજાણું કાંઈ? ત્રિકાળી તો દ્રવ્ય સિદ્ધ કર્યું, પણ હવે વર્તમાન ગુણ-પર્યાયની સિદ્ધિ પણ દ્રવ્યથી જ સિદ્ધિ થાય છે અને દ્રવ્યની સિદ્ધિ ગુણ-પર્યાયથી થાય છે. મગનભાઈ! બહુ ઝીણું આવું. ઓલું તો ઈશ્વર કર્તા એક માની લે કાં એક આત્મા સર્વવ્યાપક. થઈ રહ્યું, કાંઈ ભાંજગડ નહિ. ભાંજગડ ઊભી થઈ, આવ્યું હતુંને. લેખ કર્યો હતો, લખ્યો છે. આમાં જ છે નહિ? આમા જ છે જુઓ! એ ભાંજગડનો લેખ સાંભળ્યો હતોને એક ફેરી નહિ? ભાંજગડનો નથી સાંભળ્યું? ભાંજગડનો લેખ આવ્યો હતો, ૫૧ની સાલમાં. આમાં જ છે લ્યો! ૫૧ની સાલમાં એક સાકરચંદભાઈ કરીને સુરતના હતા. ભાઈ વાંચ્યું હતું, સાંભળ્યું હતું તમે?

મુમુક્ષુ :- થોડીક વાત કરી છે.

ઉત્તર :- થોડીક વાત કરી છે? આ વાંચ્યું નહોતું તમે? લઈ ગયા હતાને. નથી વાંચ્યું ઠીક. ઊભી થતી ભાંજગડ. આ લેખ છે—મુંબઈ સમાચાર, મંગળવાર, તા.૨૮-૮-૫૧ જૈન જગત. સ્થાનકવાસી જૈનોનું એકમ એમ કરીને પછી નીચે લખ્યું છે. સાકરચંદભાઈ કો'ક શાસ્ત્રનો ભણનાર હતો. આખું વાંચ્યું નહોતું? નવરંગભાઈ! તમે નહોતા? મોડા આવ્યા હતા, ઠીક!

જુઓ! આમાં ઉતરશે. ઓલામાં ઉતર્યું હતું અને આમાં ઉતરશે. કાલે કહેતા હતા ને ભાઈ ભગવાનજીભાઈ કે આ ઉતરી ગયું ઓલું મહાજનનું. એ તો ભાઈ ઉતરવાનું (હોય

ઈ ઉતરે). આ લેખ છે સાકરચંદભાઈનો ૫૧ની સાલનો. કેટલા વર્ષ થયા? ૧૭ વર્ષ થયા. દેરાવાસીના એક શાસ્ત્રના ભણનાર સુરતના હતા. ગુજરી ગયા. 'હમણા દેરાવાસી જૈનોમાં દ્રવ્ય, ગુણ અને પર્યાયની ભાંજગડ ઊભી થતી આવે છે. એનું કારણ, એનું કારણ સોનગઢના સંત કાનજીસ્વામી છે. એમણે દિગંબર જૈનોના પંચાસ્તિકાય વગેરે આગમો અને સમયસાર વગેરે પરમાગમો વાંચવા શરૂ કર્યા. એ દિગંબર જૈન આગમો અને પરમાગમોમાં મોટા ભાગે દ્રવ્ય, ગુણ અને પર્યાયની જ વિચારણા છે. શ્વેતાંબર જૈનોના ૩૨ કે ૪૫ આગમોમાં દ્રવ્ય, ગુણ અને પર્યાયને બહુ સ્પષ્ટતાથી પ્રત્યક્ષ રીતે સમજાવેલ નથી.' કહો, સમજ્યાને?

'શ્વેતાંબર જૈનોમાં આજથી ૩૦૦ વર્ષ ઉપર થઈ ગયેલા યશોવિજયજી ઉપાધ્યાયજીએ દ્રવ્ય, ગુણ અને પર્યાયનું સવિગત વર્ણન કર્યું. આવું સ્પષ્ટ વર્ણન એમની અગાઉના કોઈ આચાર્યોએ કર્યું નથી. પૂર્વે એક સિદ્ધસેન દિવાકર, સન્મતિ તર્કમાં વર્ણન કર્યું છે, પણ એના ઉપર તો દિગંબરોનો પણ દાવો છે.' એટલે આપણામાં બહુ થોડું, ત્યાં બધું છે એમ. 'દિગંબરો કહે છે કે દ્રવ્યના અને ગુણોના પર્યાયો જુદા જુદા પણ છે. શ્વેતાંબરો ગુણના જુદા પર્યાયો નહિ સ્વીકારતા દ્રવ્ય અને ગુણનો અભેદ ગણીને માત્ર દ્રવ્યના જ પર્યાય સ્વીકારે છે. આ બાબતમાં સોનગઢના કાનજીસ્વામીનું પ્રચારકામ ઘણું જોરદાર હોવાથી હમણાં શ્વેતાંબર જૈનોમાં કોઈ કોઈ પંડિત મુનિવરો પણ દ્રવ્યના પર્યાયની પેઠે, ગુણના પર્યાય જુદા પર્યાય હોય છે એવું માનવા લાગ્યા છે. શ્વેતાંબરના ૪૫ મૂળ સૂત્રોમાં આ વસ્તુનું બહુ સ્પષ્ટીકરણ નહિ હોવાથી, તેમજ ટીકાઓમાં પણ નહિ હોવાથી આ નવી ભાંજગડ ઊભી થઈ આવે છે. ઊભી થતી આવે છે. આ બાબતમાં સ્થાનવાસી જૈનો પાસે કોઈ સ્વતંત્ર ગ્રંથ છે જ નહિ.'

મુમુક્ષુ :- શ્વેતાંબર ગ્રંથ તો માનતા જ નથીને.

ઉત્તર :- 'દેરાવાસી જૈનો પાસે ત્રણ-ચાર ગ્રંથો છે. તેરાપંથ આદિમાંથી જરી કર્યું છે. ગુણ-પર્યાયના થોકડા બનાવ્યા છે. એક એક દ્રવ્યમાં અનંત ગુણો છે અને એક એક ગુણની અનંતી પર્યાય કીધી. શ્વેતાંબર દેરાવાસી જૈન મુનિવરોએ હાલમાં આ વસ્તુનો અભ્યાસ શરૂ કર્યો છે.' ૧૭ વર્ષે શરૂ કર્યો એટલે હમણા આ નીકળ્યા પછી.

'દ્રવ્ય, ગુણ અને પર્યાયનું યથાર્થ જ્ઞાન ન થાય ત્યાં સુધી સમકિત ઊગે નહિ આવું તો યશોવિજયજી ઉપાધ્યાય દ્રવ્યાનુયોગ તર્કણા રચનાર ભોગવિજયજી મહારાજ વગેરે કહે છે. શ્વેતાંબરોના મૂળ સૂત્રોમાં ઘણી હકીકતો છે એમાં આ વસ્તુ ઉપર વધુ ભાર મૂક્યો જણાતો નથી.' મગનભાઈ!

મુમુક્ષુ :- એ વિના સમકિત થાય નહિ એમ તો કહ્યું.

ઉત્તર :- થાય નહિ, સમકિત થાય નહિ. બહાર મૂકાતું નથી એમ કહે છે. આ તો તે દિ'નું વાંચ્યું હતું. પછી આમાં કર્યું છે. આ પ્રવચનસારમાં છેને દ્રવ્ય-ગુણ-પર્યાયની વાત. કહો, સમજાણું કાંઈ?

અહીં તો એ સિદ્ધ કરવું છે. સ્વરૂપ અસ્તિત્વ સિદ્ધ કરવું છે. એક સાદશ્ય અસ્તિત્વ પછી આવશે. સ્વરૂપનું હોવાપણું એટલે કે દ્રવ્ય અને ગુણ-પર્યાયોમાં ગુણ-પર્યાયનું હોવાપણું દ્રવ્યને લઈને છે માટે દ્રવ્ય કર્તા, સાધન અને આધાર કહેવામાં આવે છે અને દ્રવ્યનું હોવાપણું ગુણ-પર્યાયને કારણે છે. માટે ગુણ-પર્યાયને કર્તા, સાધન અને આધાર દ્રવ્યના કહેવામાં આવે છે. પરસ્પર બેથી પોતાના સ્વરૂપનું હોવાપણું સિદ્ધ અને સાબિત થાય છે. પરદ્રવ્યના હોવાપણાને લઈને આ દ્રવ્ય-ગુણ-પર્યાય સિદ્ધ થાય છે એમ છે નહિ. એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? કહો, અહીં ૧૭ વર્ષે લખે છે કે આપણામાં નથી. આ બધું વાંચવાનું શરૂ કર્યું પંચાસ્તિકાય અને આ બધું આપણામાં ભાંજગડ ઊભી થઈ છે હવે. આ ભાંજગડ નથી, આ તો વાસ્તવિકતા છે. સ્વરૂપ ભિન્ન-ભિન્ન છે. એક દ્રવ્યનો પર્યાય તેનો આધાર દ્રવ્ય છે અથવા તે પર્યાયને સિદ્ધ દ્રવ્ય કરે છે અને એ દ્રવ્યને એ પર્યાય સિદ્ધ કરે છે. એ પર્યાય, બીજું કાંઈક હતું બીજું જોડે, માટે અહીં પર્યાયની સિદ્ધિ થાય છે એમ નથી. સમજાણું કાંઈ? શેઠી તો હતા, તે દિ' વાંચ્યું ત્યારે હતા કે નહિ એક ફેરી?

મુમુક્ષુ :- રાતે...

ઉત્તર :- રાતે નહિ દિવસે વાંચ્યું હતું. વ્યાખ્યાનમાં વાંચ્યું હતું. આમાં ઉતરી ગયું છે બે વાર. આજ ઉતર્યું અને તે દિ' ઉતર્યું હતું. આ ફાટી જાય જૂનું તો આમાં તો રહેશે એમ. કારણ કે આ જીર્ણ થઈ ગયું છે. કહો, સમજાણું કાંઈ?

એક એક પરમાણુ, એક રજકણ એ દ્રવ્ય. વર્ણ-ગંધ ગુણ અને લીલી-રાતી પર્યાય. કહે છે કે એ દ્રવ્ય, એ ગુણ-પર્યાયના કર્તા છે. એ દ્રવ્ય, ગુણ-પર્યાયના સાધન છે સિદ્ધ કરવાને. એ દ્રવ્ય, ગુણ-પર્યાયનો આધાર છે. આ રીતે દ્રવ્યના સ્વરૂપથી ગુણનું સ્વરૂપ છે એમ અસ્તિત્વ સિદ્ધ થાય છે. આમ ગુલાંટ ખાઈએ તો ગુણ-પર્યાયના કર્તાથી દ્રવ્યનું સિદ્ધપણું થાય છે. માટે ગુણપર્યાય સાધન છે, કર્તા છે એનાથી દ્રવ્ય, કર્મ અને સાધ્ય સિદ્ધ થાય છે. ગુણ-પર્યાય આધાર છે અને એને લઈને દ્રવ્ય સિદ્ધ થાય છે માટે દ્રવ્યને સિદ્ધ કરવા માટે ગુણ-પર્યાય આધાર છે. પરનો આધાર છે માટે સ્વરૂપનું અસ્તિત્વ સિદ્ધ થાય છે એમ છે નહિ. એમ અહીં સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ?

એમ આત્મામાં આત્મા વસ્તુ છે, એના જ્ઞાન-દર્શન અનંત ગુણ છે અને એની પર્યાય છે. હવે અહીં ખૂબી શું કરી છે? કે પર્યાય આધાર અને ગુણ આધેય એમ નથી લીધું. ગુણ-પર્યાય આધાર અને દ્રવ્ય આધેય અને કાં દ્રવ્ય આધાર અને ગુણ-પર્યાય આધેય. કાં દ્રવ્ય કર્તા અને ગુણ-પર્યાય કર્મ કાં ગુણ-પર્યાય કર્તા અને દ્રવ્ય કર્મ. પર્યાય કર્તા અને ગુણ કર્મ એમ નથી લીધું. ગુણ કર્તા અને દ્રવ્ય કર્મ એમ આવે એમાં ગુણ-પર્યાયને લઈને. સમજાણું કાંઈ? જરી ઝીણું પડે પણ. પર્યાય કર્તા અને ગુણ કર્મ એમ નથી લીધું. ગુણ કર્તા અને પર્યાય કર્મ એમ નથી લીધું. સમજાણું કાંઈ? ગુણ-પર્યાય આખો લઈને ગુણ-પર્યાય કર્તા

અને દ્રવ્ય કર્મ, દ્રવ્ય કર્તા અને ગુણ-પર્યાય કર્મ એમ લીધું છે. એટલે એનો કોઈપણ દ્રવ્યનો પર્યાય એનો કર્તા, કરણ અને આધાર તે દ્રવ્ય જ છે. સમજાણું કાંઈ? આવું કર્તા! ઝીણી વાત પડે ને. અમારે ન્યાલભાઈ કહે છેને, ભક્તિ-બક્તિ કરી નાખે ત્યાં જઈને એક ઠેકાણે. થઈ રહ્યું જાવ. છૂટ્યા. આ ભાંજગડ હશેને? ઓલામાં લખીને ભાંજગડ.

આમાં તો કહે છે કે ભાઈ! તું છો કે નહિ? તું તારાથી છે કે બીજાથી છો? બસ એ સિદ્ધ કરે છે. તારા ગુણ-પર્યાય તારા દ્રવ્યને લઈને છે કે તારા ગુણ-પર્યાય પરને લઈને છે? આ વાત છે. અને પરના ગુણ-પર્યાય તેના દ્રવ્યને લઈને છે કે તારા પર્યાયને લઈને તેના ગુણ-પર્યાયો છે? સમજાણું કાંઈ? વાત છે નાની પણ ભાવ છે એમાં મોટા. મુદ્દાની વાત છે ભાઈ! એમ કંઈ આ સાધારણ (વાત નથી).

અમૃતચંદ્રાચાર્ય વીતરાગી મુનિ જંગલમાં રહીને આ સંસ્કૃત આદિ ટીકા થઈ ગઈ. એમાં નિમિત્ત છેને એટલા. ભાવમાં એનું જ્ઞાન એ વખતે કેટલું કામ કરે છે! સમજાય છે? અમારા પર્યાય અને ગુણ એનો આધાર અને કર્તા તો આ દ્રવ્ય છે. અને શબ્દની જે આ પર્યાય થાય છે, શબ્દની આ પર્યાય થાય છે એ પર્યાય વર્ણ ગુણ એના ગુણો અને પર્યાયનો આધાર તે દ્રવ્ય છે, એ ગુણ-પર્યાયનો કર્તા તે પરમાણુ છે, એ ગુણ-પર્યાયનું અસ્તિત્વ તેના દ્રવ્યને લઈને છે. એ ભાષાની પર્યાયનું અસ્તિત્વ મારે લઈને છે એમ નથી. આહા..હા..! સમજાય છે? અને શાસન ટકશે જગતમાં ધર્મની પર્યાયનું એ અમારે લઈને ટકશે એમ નથી. એના દ્રવ્યને લઈને ટકશે એમ છે.

મુમુક્ષુ :- પ્રભાવના ન થાય.

ઉત્તર :- પ્રભાવનાની વ્યાખ્યા શું? પોતાની નિર્મળ પર્યાય થાય એ પ્ર-વિશેષ ભાવની એકાગ્રતા-શુદ્ધતા. એનો કર્તા કરણ, કર્તા સાધન તો દ્રવ્ય છે. સમજાણું કાંઈ? અને શુભ વિકલ્પ થાય એ તો રાગ છે. રાગ છે એ વ્યવહાર પ્રભાવના કહેવામાં આવે છે. ખરેખર એ પ્રભાવના નથી. વાત એવી છે. વીતરાગ માર્ગ એવો ઝીણો છે કે લોકોને સમજવા માટે ઘણો પ્રયત્ન જોઈએ ભાઈ! અનંત કાળનું મૂળિયું ઉખેડી નાખવું છે મિથ્યાત્વનું એવી વાત છે.

એટલે અહીંયા કહે છે જુઓ! '**(જેવી રીતે દ્રવ્યનું અને ગુણ-પર્યાયનું એક જ અસ્તિત્વ છે એમ સુવર્ણના દૃષ્ટાંતપૂર્વક સમજાવ્યું, તેવી રીતે હવે દ્રવ્યનું અને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યનું પણ એક જ અસ્તિત્વ છે એમ સુવર્ણના દૃષ્ટાંતપૂર્વક સમજાવવામાં આવે છે.)**' પહેલી ગાથામાં પહેલા ઉત્પાદ, વ્યય અને ધ્રુવ લીધા હતા અને પછી ગુણ પર્યાય લીધા હતા. અહીં પહેલા ગુણ પર્યાય લીધા છે અને પછી ઉત્પાદ, વ્યય અને ધ્રુવ લીધા છે. એટલે શું? હવે જુઓ. '**જેમ દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે સુવર્ણથી જેઓ પૃથક્ જોવામાં આવતા નથી,...**' '**જેઓ=જે કુંડળ આદિ ઉત્પાદો, બાજુબંધ આદિ વ્યયો અને પીળાશ આદિ ધ્રૌવ્યો.**'

'કર્તા-કરણ-અધિકરણરૂપે કુંડળાદિ-ઉત્પાદોના,...' દેખો! એ સોનામાંથી કુંડળની પર્યાય જે ઉત્પન્ન થાય એનો કર્તા સોનું છે. એ કુંડળાદિ પર્યાય સોનામાંથી થાય એનો કર્તા સુવર્ણ છે, સોની નહિ. સોનીનું અસ્તિત્વ જુદું છે. એના અસ્તિત્વથી અહીં ઉત્પાદનું અસ્તિત્વ થતું નથી. ઓહો..હો..! સમજાણું કાંઈ? 'કર્તા-કરણ-અધિકરણરૂપે...' છે ને ત્રગડો? '**સુવર્ણ જ** કુંડળાદિ-ઉત્પાદો,...' કુંડળની પર્યાયનો ઉત્પાદ '**બાજુબંધાદિ વ્યયો અને પીળાશ આદિ ધ્રૌવ્યોનું કર્તા...**' એ પોતે સુવર્ણ જ કર્તા છે, સોનું તેનો કર્તા છે. '**કરણ તથા અધિકરણ છે; તેથી સુવર્ણ જ તેમનું** સ્વરૂપ ધારણ કરે છે (સુવર્ણ જ કુંડળાદિરૂપે ઊપજે છે,...' જુઓ! સોનું જ કુંડળ આદિપણે ઊપજે છે, બાજુબંધપણે નષ્ટ થાય છે અને સોનું પીળાશ આદિ પણે ટકી રહે છે. કહો, સમજાણું કાંઈ? હવે પછી આત્મામાં ઉતારીએ. '**ધ્રૌવ્યના સ્વરૂપને ધારણ કરીને પ્રવર્તતા સુવર્ણના અસ્તિત્વ વડે જેમની નિષ્પત્તિ થાય છે,—એવા કુંડળાદિ-ઉત્પાદો, બાજુબંધ આદિ વ્યયો અને પીળાશ આદિ ધ્રૌવ્યો વડે જે સુવર્ણનું અસ્તિત્વ છે, તે (સુવર્ણનો) સ્વભાવ છે; તેમ...**'

હવે આત્મા. આત્મામાં જે જ્ઞાન-દર્શન ગુણો છે ત્રિકાળી અને એની વર્તમાન જ્ઞાન-દર્શન-આનંદની જે અવસ્થા છે તે ગુણની અવસ્થાનો કર્તા આત્મા છે. સમજાણું કાંઈ? છે? '**દ્રવ્યથી જેઓ પૃથક્ જોવામાં આવતાં નથી,** કર્તા-કરણ-અધિકરણરૂપે ઉત્પાદ-વ્યય-**ધ્રૌવ્યના સ્વરૂપને ધારણ કરીને પ્રવર્તતા દ્રવ્યના અસ્તિત્વ વડે જેમની નિષ્પત્તિ થાય છે,...**' ભગવાન આત્મા વસ્તુ છે ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે જોયેલી. એવો જે આ આત્મા એના અસ્તિત્વમાં જ્ઞાન, દર્શન આદિ ગુણો છે અને એની વર્તમાન અવસ્થા (છે). ગુણ છે ત્રિકાળી અવસ્થા વર્તમાન. એ ગુણ-પર્યાયનો કર્તા તે દ્રવ્ય છે, એ ગુણ-પર્યાયનું સાધન તે દ્રવ્ય છે અને ગુણ-પર્યાયનું કારણ પણ દ્રવ્ય છે અને ગુણ-પર્યાયનો આધાર પણ દ્રવ્ય છે. બીજી ચીજ એના કર્તા, કર્મ અને સાધનમાં છે નહિ. આહા..હા..! એને શું થાય? આવી વસ્તુ જેની દૃષ્ટિમાં આવે નહિ અને એને ધર્મ થાય? સ્વરૂપ અસ્તિત્વથી દરેક ગુણો ભિન્ન, પર્યાય ભિન્ન-ભિન્ન. દ્રવ્યને લઈને એનું અસ્તિત્વ છે. આત્માનું જ્ઞાન અને એની સમ્યગ્દર્શન પર્યાય—જ્ઞાન-દર્શનની પર્યાય, કહે છે કે આત્મા દ્રવ્ય છે તે કર્તા અને તેનું એ કાર્ય છે અથવા તેને લઈને પર્યાયની સિદ્ધિ થાય છે. ધર્મરૂપી પર્યાય જે આત્મામાં વીતરાગી દશા થાય તેનો કર્તા આત્મા છે, ધર્મપર્યાય વીતરાગી થાય તેનું સાધન આત્મા છે, ધર્મપર્યાય વીતરાગી થાય તેનો આધાર આત્મા છે. બાહ્ય ચીજ એનો આધાર, કર્તા, સાધન નથી. ભારે વાતું ભાઈ! વીતરાગ માર્ગ લોકોને સાંભળવા મળતો નથી. આહા..હા..! આવું તત્ત્વ છે. કહે છે... જોયું!

'**દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે દ્રવ્યથી જેઓ પૃથક્ જોવામાં આવતાં નથી,...**' કોણ? કે ઉત્પાદ, વ્યય અને ધ્રુવ. એ '**કર્તા-કરણ-અધિકરણરૂપે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યોના સ્વરૂપને ધારણ કરીને પ્રવર્તતા દ્રવ્યના અસ્તિત્વ વડે જેમની નિષ્પત્તિ થાય છે,...**'

આહા..હા..! એક પરમાણુમાં... આ ભાષા થાય છે જુઓ ભાષા. એ ભાષાની પર્યાયનો કર્તા એના પરમાણુ છે. એ ભાષાની પર્યાય દ્રવ્યથી સિદ્ધ છે, એના દ્રવ્યથી સિદ્ધિ છે. એ ભાષાની પર્યાયની સિદ્ધિ એના દ્રવ્યથી સાબિત થાય છે. જોડે આત્મા હતો માટે ભાષાની પર્યાય સિદ્ધ થાય છે એમ નથી. બહુ ઝીણું. તત્ત્વદૃષ્ટિ... સમજાણું કાંઈ?

પહેલું તો ત્યાં સુધી કહ્યું હતુંને કે કર્મનું અસ્તિત્વ છે, કર્મની પર્યાયનું, એ પર્યાયનું અસ્તિત્વ છે તે કર્મના રજકણો છે તેને લઈને એનું અસ્તિત્વ છે અને એનું અસ્તિત્વ છે માટે અહીં વિકારનું અસ્તિત્વ છે એમ નથી. આહા..હા..! ગુણ અને પર્યાયનું જે વિકાર આદિ કે નિર્વિકારી હોવાપણાનું અસ્તિત્વ, તેનું હોવાપણું દ્રવ્યને કારણે છે. દ્રવ્ય તેનો કર્તા, દ્રવ્ય તેનું સાધન અને દ્રવ્ય તેનો આધાર. ધર્મપર્યાય કે વિકારીપર્યાયનો કર્તા, સાધન અને આધાર દ્રવ્ય વસ્તુ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એનાથી નિષ્પત્તિ થાય છે—દ્રવ્યથી તેની પ્રાપ્તિ છે એટલે દ્રવ્યથી તેની સિદ્ધિ છે એટલે વસ્તુથી તેનું સિદ્ધપણું થાય છે. બીજી વસ્તુ છે માટે ગુણ-પર્યાય સિદ્ધ થાય છે, ઉત્પાદ-વ્યય-ધ્રુવ સિદ્ધ થાય છે એમ નથી.

મુમુક્ષુ :- એમાંથી સાર શું થાય છે?

ઉત્તર :- સાર એ કીધોને કે એ પરથી ભિન્ન તારું અસ્તિત્વ તારાથી છે. તારા દ્રવ્ય-ગુણ-પર્યાયનું અસ્તિત્વ તારાથી છે. તારા દ્રવ્યનું અસ્તિત્વ પણ તારા ગુણ-પર્યાયથી છે. પરની સાથે કાંઈ સંબંધ નથી એમ સાર છે. આહા..હા..! ભારે.

ભગવાન તીર્થંકર સમવસરણમાં બિરાજે છે તો એના અસ્તિત્વને લઈને સામા દ્રવ્યની ગુણ પર્યાયનો આધાર એ છે એમ નથી એમ કહે છે. એનું હોવાપણું એના ગુણ-પર્યાયને લઈને દ્રવ્યનું હોવાપણું (છે) અને ગુણ-પર્યાયનું હોવાપણું એના દ્રવ્યને લઈને અને ગુણ-પર્યાયના હોવાપણાને લઈને દ્રવ્યનું હોવાપણું (છે). દ્રવ્યના હોવાપણાને લઈને એમના ગુણ-પર્યાયનું, કેવળજ્ઞાનની પર્યાયનું હોવાપણું એના દ્રવ્યને લઈને અને કેવળજ્ઞાનની પર્યાયને લઈને દ્રવ્યની સિદ્ધિ. પણ કેવળજ્ઞાનની પર્યાયને લઈને સામાના જ્ઞાનની પર્યાયની સિદ્ધિ થાય છે સાંભળનારની, એમ નથી. સામાને જ્ઞાનની પર્યાયની સિદ્ધિ તેના દ્રવ્યથી થાય છે અને એ પર્યાય દ્રવ્યને સિદ્ધ કરે છે કે આ પર્યાય આની છે. એમ સિદ્ધ કરે છે. એ પર્યાય ભગવાનની છે અને ભગવાનથી સિદ્ધ થઈ છે એમ છે નહિ. આહા..હા..! ભગવાનજીભાઈ! કહો, સમજાય છે? મલૂકચંદભાઈ! ભારે! દુનિયામાં આ વાત સાંભળવા મળે નહિ જૈનમાં રહેલાને. જૈનનું સત્ છે એ સાંભળવા મળે નહિ અને બહારથી થઈ જાય ધર્મ. ધૂળમાંય ધર્મ નથી. સમજાણું કાંઈ?

એનો સ્વભાવ ગુણ-પર્યાયનો તે દ્રવ્યથી સિદ્ધિ છે અને દ્રવ્યના સ્વભાવની સિદ્ધિ ગુણ-પર્યાયથી સિદ્ધિ છે. આહા..હા..! આ એક સિદ્ધાંત સમજે તો આખો ભેદ પડી જાય પરથી. પરને લઈને મને પર્યાય થઈ, મારી પર્યાયને લઈને પરમાં પર્યાય થઈ, ત્રણ કાળમાં છે નહિ.

આહા..હા..! કાંતિભાઈ!

મુમુક્ષુ :- આમાં ભેદવિજ્ઞાન...

ઉત્તર :- આ બધી ભેદવિજ્ઞાનની જ ગાથાઓ છે. 'ભેદજ્ઞાન તે જ્ઞાન છે, બાકી બુરો અજ્ઞાન. હેમરાજ...' સમજાય છે? 'ધર્મદાસ ક્ષુલ્લક કહે હેમરાજ તું માન.' આવે છેને? આહા..હા..! ભલે થોડે કાળે સમજાય થોડું, પણ તે વસ્તુ તો આ છે એમ એને સમજવું જોઈએ. સમજાય છે કાંઈ?

કહે છે કે '**દ્રવ્યે, ક્ષેત્રે, કાળે, કે ભાવે દ્રવ્યથી...**' એટલે વસ્તુથી જુદા જોવામાં આવતા નથી. કોણ? ઉત્પાદ, વ્યય અને ધ્રુવ. આત્માનો ગુણ-પર્યાયનો જે ઉત્પાદ તે આ દ્રવ્યથી જુદા જોવામાં આવતો નથી. તેથી તે ગુણ-પર્યાય, સમ્યગ્દર્શન-જ્ઞાનાદિ પર્યાય કે કેવળજ્ઞાનાદિ પર્યાય કે મિથ્યાદર્શન આદિ પર્યાય એનો કર્તા દ્રવ્ય આત્મા છે. એ પર્યાયનું અસ્તિત્વ દ્રવ્યને લઈને છે. એ પર્યાયનું અસ્તિત્વ કર્મના ઉદયને લઈને નથી. કહો, સમજાણું કાંઈ? એમાં વાંચ્યું કે નહિ તમે? શું બધું વાંચ્યું આખું? હજી વાંચ્યું નથી. ઠીક! એમાં કર્મનું નાખ્યું છે કાંઈક. કર્મનું નાખ્યું છેને. પહેલું આવ્યું છે કે નહિ? કર્મના ઉદયને લઈને એમ કરીને નાખ્યું છે. બેના સરખાપણું નાખશે. ધૂળેય નથી સાંભળને. એમ કે ઓલાનો આશ્રય છે. ધર્માસ્તિનો આશ્રય છે તો અહીં ગતિ થાય છે. એમ કર્મનો આશ્રય છે તો અહીં વિકાર થાય છે. ધૂળેય નથી આશ્રય-ફાશ્રય. અરે..! જગત ક્યાં ભ્રમણામાં ભમી રહ્યું છે. તારા ગુણ-પર્યાયનું હોવાપણું તારા દ્રવ્યને લઈને છે અને તારા દ્રવ્યનું હોવાપણાનું અસ્તિત્વ તારા ગુણ-પર્યાયને લઈને છે. આ સિવાય કોઈ વસ્તુ છે નહિ. મહાસિદ્ધાંત છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- થઈ રહ્યું. સ્વરૂપ અસ્તિત્વ છે અહીં તો.

કહે છે કે ભાઈ! તારે ભૂલ થાય છે તારી દશામાં એ ભૂલનું કારણ તો તારું દ્રવ્ય છે. એ હોવાપણું અસ્તિત્વ જે છે એ તારા દ્રવ્યના અસ્તિત્વને લઈને છે. કર્મના અસ્તિત્વને લઈને ભૂલનું અસ્તિત્વ છે એમ નથી. આહા..હા..! ભારે વાતું! સમજાણું કાંઈ? અને કર્મના અભાવનું અસ્તિત્વ ત્યાં થયું માટે અહીં ગુણની પર્યાયનું અસ્તિત્વ-સત્ સિદ્ધ થાય છે એમ નથી. એ ગુણ-પર્યાયનું અસ્તિત્વ દ્રવ્યને લઈને સિદ્ધ થાય છે. આ દ્રવ્ય છે તો આ ગુણ પર્યાય છે, આ ગુણ-પર્યાય છે તો આ દ્રવ્ય છે. આ ફલાણું છે બીજું તો આ છે એમ નથી. એમ સ્વરૂપ અસ્તિત્વ ભિન્ન બતાવે છે. આહા..હા..! કહો, સમજાણું આમાં? વાહ!

'**કર્તા-કરણ-અધિકરણરૂપે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યના સ્વરૂપને ધારણ કરીને પ્રવર્તતા દ્રવ્યના અસ્તિત્વ વડે જેમની નિષ્પત્તિ થાય છે,—એવાં...**' કોણ? '**ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યો વડે જે દ્રવ્યનું અસ્તિત્વ છે, તે સ્વભાવ છે.**' એનો. આહા..હા..! કેટલી સિદ્ધિ કરી છે! પહેલા ગુણ-પર્યાયથી સિદ્ધિ દ્રવ્યની અને દ્રવ્યથી ગુણ-પર્યાયની સિદ્ધિ. હવે અહીં

દ્રવ્યથી એટલે વસ્તુથી પોતાના ઉત્પાદ-વ્યય ધ્રુવની સિદ્ધિ (કરે છે). 'ઉત્પાદવ્યયધ્રૌવ્યયુક્તં સત્,' 'સત્ દ્રવ્ય લક્ષણં' એ ભગવાનનું મહાવાક્ય તત્ત્વાર્થસૂત્રનું. 'ઉત્પાદવ્યયધ્રૌવ્યયુક્તં સત્,' 'સત્ દ્રવ્ય લક્ષણં.' તો જે દ્રવ્યમાં નવી અવસ્થાનો ઉત્પાદ થાય, જૂની અવસ્થા વ્યય થાય અને ધ્રુવ રહે તેનો આધાર, કર્તા ને સાધન તે દ્રવ્ય છે, બીજું નિમિત્ત છે એમ નહિ. બીજું નિમિત્ત એનો કર્તા, સાધન અને આધાર છે એમ છે નહિ. ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ?

ભગવાનના દર્શનમાં જે શુભ પરિણામ થયા, કહે છે કે એ શુભ પરિણામની ઉત્પત્તિનો આધાર દ્રવ્ય છે, એ (ભગવાનની પ્રતિમા) નહિ એમ કહે છે.

મુમુક્ષુ :- ભગવાનની પ્રતિમા નહિ?

ઉત્તર :- નહિ. ઝીણો સિદ્ધાંત છે. આહા..હા..! ત્યારે એને નિમિત્ત કહેવામાં આવે છે. એ છે તો અહીં શુભ પરિણામ થયા એમ નહિ. દ્રવ્ય છે તો શુભ પરિણામ થયા એમ છે. આહા..હા..! અને શુભ પરિણામ દ્રવ્યને સિદ્ધ કરે છે કે આ દ્રવ્યના આ પરિણામ એમ સિદ્ધ કરે છે. શુભ પરિણામ સામે ભગવાન છે એમ સિદ્ધ કરતું નથી. આહા..હા..! મોહનભાઈ! ઓલા દાખલા તો... સમજ્યા? ભાઈ કહેતા હતા અમારે પ્રેમચંદભાઈ (કે) દાખલા ઝીણા પડે. આ સમજાય ખરા દાખલા પણ પડે ઝીણા. સિદ્ધાંત તો વળી વધારે ઝીણો. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન ત્રણ લોકના નાથ પરમાત્મા એની વાણી, કહે છે, સાંભળનારને જે જ્ઞાનનો પર્યાય ત્યાં થાય છે એ પર્યાય તેના દ્રવ્યને સિદ્ધ કરે છે. એ પર્યાય ત્યાં વાણી છે એમ સાબિત કરતું નથી. અને એ પર્યાયનું કર્તા તેનું દ્રવ્ય છે. એ જ્ઞાનપર્યાયનો કર્તા તેનું દ્રવ્ય છે, એની પર્યાયનો કર્તા ઓલી વાણી છે નહિ. આહા..હા..! આવું ભગવાનનું કથન એને માને અને સમજે નહિ એને ધર્મ થાય, ત્રણ કાળમાં ધર્મ હોઈ શકે નહિ. કહો, ભગવાનભાઈ! હવે આવા દ્રવ્ય-ગુણ-પર્યાયની વાતેય સાંભળી હતી ભાવનગરમાં?

મુમુક્ષુ :- દ્રવ્ય એટલે પૈસા.

ઉત્તર :- પૈસા. આહા..હા..!

**'એવાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યો વડે જે દ્રવ્યનું અસ્તિત્વ છે, તે સ્વભાવ છે. (દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે દ્રવ્યથી જુદાં નહિ જોવામાં આવતાં...'** જુદું બીજું દ્રવ્ય નથી એ તો એનું ને એનું છે એમ કહે છે. **'ઉત્પાદો, વ્યયો અને ધ્રૌવ્યોનું અસ્તિત્વ તે જ દ્રવ્યનું અસ્તિત્વ છે; કારણ કે ઉત્પાદો, વ્યયો અને ધ્રૌવ્યોના સ્વરૂપને દ્રવ્ય જ ધારણ કરતું હોવાથી દ્રવ્યના અસ્તિત્વથી...'** દ્રવ્યના, વસ્તુના હોવાથી તેનો ઉત્પાદ વ્યય અને ધ્રુવની પ્રાપ્તિ નામ હોય છે, સિદ્ધ કરે છે. દ્રવ્ય ન હોય તો ઉત્પાદ વ્યય અને ધ્રુવ પણ ન હોય. બીજો ન હોય તો આ ઉત્પાદ-વ્યય-ધ્રુવ ન હોય એમ નહિ. આ આત્માનો

ઉત્પાદ, વ્યય અને ધ્રુવ. નવી અવસ્થા ઊપજે, વ્યય અને ધ્રુવ એ આત્મા ન હોય તો ન હોય, પણ બીજા ન હોય તો ન હોય એમ એને સંબંધ છે નહિ. સમજાણું કાંઈ? **'આવું અસ્તિત્વ તે દ્રવ્યનો સ્વભાવ છે.'** લ્યો!

**'અથવા, જેમ દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે કુંડળાદિ-ઉત્પાદોથી,...'** કુંડળ આદિ ઉત્પાદથી **'બાજુબંધ આદિ વ્યયોથી અને પીળાશ આદિ ધ્રૌવ્યોથી જે પૃથક્ જોવામાં આવતું નથી, કર્તા-કરણ-અધિકરણરૂપે સુવર્ણના સ્વરૂપને ધારણ કરીને પ્રવર્તતાં કુંડળાદિ-ઉત્પાદિ, બાજુબંધ આદિ વ્યયો અને પીળાશ આદિ ધ્રૌવ્યો વડે જેની નિષ્પત્તિ થાય છે,—એવા સુવર્ણનું, મૂળ સાધનપણે તેમનાથી નિષ્પન્ન થતું, જે અસ્તિત્વ છે, તે સ્વભાવ છે;...'** એ સોનાની વાત થઈ.

**'તેમ દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યથી જે પૃથક્ જોવામાં આવતું નથી, કર્તા-કરણ-અધિકરરૂપે દ્રવ્યના...'** હવે ઉત્પાદ-વ્યય-ધ્રુવ દ્રવ્યના કર્તા. આહા..હા..! ઉત્પાદ, વ્યય અને ધ્રુવ તે દ્રવ્યના કર્તા એટલે દ્રવ્ય એના વડે સિદ્ધ થાય છે. દ્રવ્યના કર્તા, દ્રવ્યનું કરણ અને દ્રવ્યનો આધાર. તેથી ઉત્પાદ-વ્યય-ધ્રુવ દ્રવ્યના સ્વરૂપને ધારણ કરે છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવ છે તો દ્રવ્ય છે. દ્રવ્ય છે તો ઉત્પાદ-વ્યય-ધ્રુવ છે. સમજાણું કાંઈ? આવી વ્યાખ્યા કેવી આ તે? આવો ધર્મનો ઉપદેશ હશે? ખેતશીભાઈ!

એકબીજાને સાથે એમ કે મેળ નથી. મળતા નથી. એકબીજાના ઉત્પાદ-વ્યય-ધ્રુવ બીજાની સાથે મેળ ખાતા નથી. એના ઉત્પાદ, વ્યય અને ધ્રુવ એના દ્રવ્ય સાથે મેળ ખાય છે અને એનું દ્રવ્ય એના ઉત્પાદ-વ્યય સાથે મેળ ખાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! આમાં તકરાર અને વાદવિવાદને સ્થાન પણ નથી. પણ લોકો સમજતા નથી. વીતરાગ શું કહેવાય છે. વીતરાગ શું દ્રવ્યને (કહે છે એ સમજતા નથી).

છ દ્રવ્ય છે ભગવાને કહેલા. છ દ્રવ્યની સંખ્યા અનંત છે. તો એક એક અંશ સ્વરૂપ અસ્તિત્વ પોતાના ઉત્પાદ, વ્યય અને ધ્રુવથી (છે). દ્રવ્ય છે તો એ ઉત્પાદ-વ્યય-ધ્રુવ તે દ્રવ્યના કર્તા, કરણ અને સાધન છે. આહા..હા..! પહેલા દ્રવ્ય કીધું હતું ઉત્પાદ-વ્યય-ધ્રુવનું કર્તા, કરણ, સાધન. હવે ઉત્પાદ-વ્યય અને ધ્રુવ જ આ દ્રવ્યનું સાધન છે, કર્તા છે અને કરણ છે. કરણ છે કરણ છે દ્રવ્ય. સમજાણું કાંઈ?

શું ફેર પાડ્યો પાછો? પહેલું તો એમ કહ્યું હતું કે દ્રવ્ય તેનું કર્તા, કરણ અને સાધન છે ઉત્પાદ-વ્યય-ધ્રુવનું. અહીં ઉત્પાદ-વ્યય-ધ્રુવ તે કર્તા, કરણ અને આધાર છે દ્રવ્યનો. પરસ્પર કીધું હતુંને. અસ્તિત્વ તો બધું એક જ છેને, એમ કહે છે. એક સત્તા બીજાનું અસ્તિત્વ જેમ એમાં સમાય છે, એમ આ એક દ્રવ્યનું અસ્તિત્વ એક જ દ્રવ્યમાં સમાય છે, ગુણમાં જુદું એમ નથી. એ અસ્તિત્વ ત્રણેમાં થઈને સમાપ્તિ થાય છે. હોવાપણું ત્રણે થઈને સમાપ્તિ છે. એટલે ગુણ પર્યાયથી દ્રવ્યનું અસ્તિત્વ અને દ્રવ્યથી ગુણનું અસ્તિત્વ એ એક જ અસ્તિત્વ

છે. સમજાણું કાંઈ? એટલે કે કોઈ બીજાને લઈને ધર્મ પમાય એમ આત્મામાં નથી એમ કહે છે. દ્રવ્યને લઈને ધર્મ પમાય એવું વસ્તુનું સ્વરૂપ છે. પોતાનું જે દ્રવ્ય છે એને લઈને ધર્મપર્યાય પમાય એવું એનું સ્વરૂપ છે. અને પર્યાયને લઈને એનું લક્ષ ત્યાં જાય છે કે આ દ્રવ્ય છે. બીજાને લઈને લક્ષ જાય છે કે આ દ્રવ્ય છે એમ છે નહિ. તેથી તેને મૂળ સાધન કહ્યું જુઓ!

**'કર્તા-કરણ-અધિકરણરૂપે દ્રવ્યના સ્વરૂપને ધારણ કરીને પ્રવર્તતાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યો વડે જેની નિષ્પત્તિ થાય છે,...'** કોની? દ્રવ્યની હોં! ઉત્પાદ-વ્યય-ધ્રુવથી તો દ્રવ્યની પ્રાપ્તિ, દ્રવ્યની હયાતીની સિદ્ધિ છે એમ કહે છે.

મુમુક્ષુ :- એ મૂળ સાધન છે.

ઉત્તર :- હા, મૂળ સાધન છે કે અહીંથી સિદ્ધ (થાય છે). ભિન્ન.. ભિન્ન... ભિન્ન... ઉત્પાદ-વ્યય એના વડે આ દ્રવ્ય સિદ્ધ થાય છે એમ.

**'મૂળ સાધનપણે તેમનાથી નિષ્પન્ન થતું, જે અસ્તિત્વ છે, તે સ્વભાવ છે.'** કહો, સમજાણું આમાં? **'(ઉત્પાદોથી, વ્યયોથી અને ધ્રૌવ્યોથી ભિન્ન નહિ જોવામાં આવતા...'** એક જ ઉત્પાદ નથી લીધું. બહુવચન લીધું છે. એટલે બધા ગુણોના ઉત્પાદો-વ્યયો. એટલે એક અસ્તિત્વગુણ જ નહિ પણ બધા ગુણોની સાથે. ભાઈ સમજાણું ને. એમ કે સિદ્ધ કરે છે ઓલો દ્રવ્યસ્વભાવ અસ્તિત્વ. પહેલો બોલ થયો. એની સાથે આ બધા ઉત્પાદ-વ્યય અને ધ્રુવો બધા ગુણોના ઉત્પાદો એકસાથે છે, બધા ગુણોનો વ્યય એકસાથે છે, બધા ગુણો ધ્રુવપણે એકસાથે છે. સમજાણું કાંઈ? આત્મામાં અનંત ગુણો છે એની પર્યાય, એનો ઉત્પાદ અનંતો એક સમયે છે. તે ઉત્પાદ-વ્યય તે કર્તા, દ્રવ્ય તે એનું કર્મ નામ સિદ્ધ થવાનું કાર્ય. એ ઉત્પાદ તે સાધન અને એ અનંત ગુણનો ઉત્પાદ પર્યાયનો તે સાધન, આત્મા તેમાં સિદ્ધ થાય છે કે આ આત્માના ઈ છે. એ ઉત્પાદ, વ્યય અને ધ્રુવ ધ્રુવયુક્ત એ ગુણ કે જે ધ્રુવનો અંશ છે તે સાધન છે, કર્તા છે, દ્રવ્ય સાધ્ય છે. એનાથી દ્રવ્યની સિદ્ધિ થાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ... અંશ છેને?

ઉત્તર :- હા, દ્રવ્ય અંશ છેને. દ્રવ્ય છેને, એ ધ્રૌવ્ય એક ભાવ થયોને? ભાવવાનનો છેને એ? ભાવવાનનો છેને? ધ્રૌવ્ય ભાવ છે, દ્રવ્ય ભાવવાન છે. સમજાણું કાંઈ?

**'(ઉત્પાદો, વ્યયો અને ધ્રૌવ્યથી ભિન્ન નહિ જોવામાં આવતા દ્રવ્યનું અસ્તિત્વ તે ઉત્પાદો, વ્યયો અને ધ્રૌવ્યનું જ અસ્તિત્વ છે;...'** દ્રવ્યનું હોવાપણું કે ઊપજવું તે ધ્રુવનું જ હોવાપણું છે. **'કારણ કે દ્રવ્યના સ્વરૂપને ઉત્પાદો, વ્યયો અને ધ્રૌવ્યો જ ધારણ કરતા હોવાથી ઉત્પાદો, વ્યયો અને ધ્રૌવ્યોના અસ્તિત્વથી જ દ્રવ્યની નિષ્પત્તિ થાય છે,...'** દ્રવ્યની સાબિતી ઉત્પાદ-વ્યય-ધ્રુવ વડે જ થાય છે. **'ઉત્પાદો,**

**વ્યયો, ધ્રૌવ્યો ન હોય તો દ્રવ્ય પણ ન હોય,...'** પોતામાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ ન હોય તો વસ્તુ પણ ન હોય. વસ્તુ હોય તો ઉત્પાદ-વ્યય-ધ્રુવ પણ હોય. **'આવું અસ્તિત્વ તે દ્રવ્યસ્વભાવ છે.)'** પરને લઈને આત્માના પર્યાયનું હોવાપણું સિદ્ધ થતું નથી. પોતાના દ્રવ્યને લઈને ઉત્પાદ-વ્યય અને ગુણ-પર્યાયનું હોવાપણું સિદ્ધ થાય છે અને પોતાના ગુણ-પર્યાય અને ઉત્પાદ-વ્યય-ધ્રુવને લઈને પરનું હોવાપણું સિદ્ધ થતું નથી. પોતાના ગુણ-પર્યાય અને ઉત્પાદ-વ્યય-ધ્રુવને લઈને આત્માનું અથવા તે દ્રવ્યની સિદ્ધિ થાય છે. આ એનો સાર આટલા શબ્દમાં છે. આહા..હા..!

દ્રવ્ય-ગુણ-પર્યાયનો અભ્યાસ જ ન મળે લોકોને. જે ચીજ છે મૂળ વીતરાગ માર્ગની એનો અભ્યાસ ન મળે. અભ્યાસ ન હોય એટલે તકરાર, વાંધા (કાઢે). આનો આશ્રય આ છે, આને આશ્રયે આ થાય છે. એમાં એ લખ્યું છે કર્મને આશ્રયે આ થાય છે. સિદ્ધ એ કરવું છે વિકાર. ધર્માસ્તિ ગતિનો આશ્રય છે. ભલે હેતુકર્તા નથી પણ આશ્રય છે. આશ્રય એટલે શું? હવે સાંભળને. આ ગુણ-પર્યાયનો આશ્રય તો આત્મા છે લ્યો!

મુમુક્ષુ :- ધર્માસ્તિકાયવત્ બધાને લીધું છે.

ઉત્તર :- એ કહે, નહિ, દૃષ્ટાંત આ પાસ છે ને એવું બધું લખ્યું છે. અરે..! ભગવાન! આવી તકરાર શું કરવા? તારું હોવાપણું તારાથી અને એનું હોવાપણું એનાથી એમ નક્કી કરને. તારા હોવાપણાની અવસ્થા પરના હોવાપણાને લઈને છે, એનું હોવાપણુંનો પર્યાય છે તે એને લઈને છે. ધર્માસ્તિકાયની ગતિરૂપી નિમિત્તતા જે પરમાં છે એની પર્યાય એનું હોવાપણું તો દ્રવ્યને લઈને છે. એના હોવાપણાને લઈને અહીં ગતિનું પરિણમન જીવમાં છે? ગતિનું પરિણમન પર્યાય તેના—આત્માના દ્રવ્યને લઈને છે. આહા..હા..! એમાં કહ્યું છેને. તરત બીજી ગાથામાં આવ્યું છેને. ૮૮ પછી ૮૯માં તરત આવ્યું છે. જુઓ! આ તમે લખ્યું છે અંદર. સ્વયં ગતિ પરિણમતો હોય એને આ આત્માને નિમિત્ત થાય છે પરને, સ્વયં ગતિ પરિણમતાને. ન કરે તો શું નિમિત્ત થાય છે? એ તો પોતાનો પર્યાય પોતાથી થાય છે, પરથી થાય છે? ૮૯માં છે. સમજાણું કાંઈ?

**'ભાવાર્થ :- અસ્તિત્વને અને દ્રવ્યને પ્રદેશભેદ નથી;...'** હવે આખો ખુલાસો કરે છે. ભાવ અને ભાવવાનના પ્રદેશ જુદા નથી. **'વળી તે અસ્તિત્વ અનાદિ-અનંત છે...'** ભગવાન આત્માનું હોવાપણું અને પરમાણુનું હોવાપણું એવું સત્ અનાદિ-અનંત છે. **'તથા અહેતુક એકરૂપ પરિણતિએ સદાય પરિણમતું હોવાને લીધે વિભાવધર્મથી પણ ભિન્ન પ્રકારનું છે;...'** પહેલાની વ્યાખ્યા કરી. **'આમ હોવાથી અસ્તિત્વ દ્રવ્યનો સ્વભાવ જ છે.'**

**'ગુણ-પર્યાયોનું અને દ્રવ્યનું અસ્તિત્વ ભિન્ન નથી, એક જ છે; કારણ કે ગુણ-પર્યાયો દ્રવ્યથી જ નિષ્પન્ન થાય છે,...'** ગુણ-પર્યાયો દ્રવ્યથી જ પ્રાપ્ત થાય છે એટલે

દ્રવ્યને સિદ્ધ કરે છે. દ્રવ્યથી પ્રાપ્ત એમાં હોય છે. **'દ્રવ્ય ગુણ-પર્યાયોથી જ નિષ્પન્ન થાય છે.'** અને દ્રવ્યની ગુણ-પર્યાયથી પ્રાપ્તિ થાય છે. **'વળી એવી જ રીતે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યનું અને દ્રવ્યનું અસ્તિત્વ પણ એક જ છે;** કારણ કે તે ઉત્પાદ-વ્યય-**ધ્રૌવ્યો દ્રવ્યથી જ નીપજે છે,...'** ઉત્પાદ-વ્યય-ધ્રુવ દ્રવ્યથી જ નીપજે છે, બીજાથી નહિ. **'અને દ્રવ્ય ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યથી જ નીપજે છે.'**

**'આ પ્રમાણે સ્વરૂપ-અસ્તિત્વનું નિરૂપણ થયું.'** લ્યો!

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

# પાઠકોની નોંધ માટે

# પાઠકોની નોંધ માટે



: પ્રકાશક :
**શ્રી કુંદકુંદ–કહાન પારમાર્થિક ટ્રસ્ટ**
વિલે પાર્લા, મુંબઈ.
www.vitragvani.com